મહાકવિ શ્રીસોમદેવભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર

ભાગ ૧ લો

રૂ. ૬-૦-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

કોટ, મુંબઈ

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda.
Call No. 7 PK
1936
·S25
·S6K2-1·2
G-2592

UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA.
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK
COLLECTION
UNIVERSITY LIBRARY

THE

# KATHÁ SARIT SÁGAR

OR

## OCEAN OF THE STREAMS OF STORY

OF

MAHAKAVI SOMDEV BHATT.

### VOLUME I—BOOK I to 9.

TRANSLATED FROM THE ORIGINAL SANSKRIT WITH THE ASSISTANCE OF ENGLISH TRANSLATION

BY

SAMJI V. VALJI SHASTRI

AND

ITCHARAM SURYARAM DESAI.

ગુજરાતી પ્રિ. પ્રે.
રૂ. ૬-૦-૦

Bombay:

A. D. 1909. Samvat 1965.

PRICE Rs. 4.

**SECOND EDITION.**

( ALL RIGHTS RESERVED BY THE PUBLISHER )

BOMBAY :

PRINTED AT THE "GUJARATI" PRINTING PRESS.

શ્રી

મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિતઃ

# કથાસરિત્સાગર.

ગ્રંથ ૧ લો–લંબક ૧ થી ૯ સુધી.

મૂળ સંસ્કૃતમાંથી ભાષાંતર કર્તા

શાસ્ત્રી શ્યામજી વિ. વાલજી

અને

ઈચ્છારામ સૂર્યરામ દેશાઈ.

મુંબઈ.

ઈ. સ. ૧૯૦૯ સંવત્ ૧૯૬૫

કિ. રૂ. ૪.

ગુજરાતી પ્રિં. પ્રેસ.
રૂ. ૬-૦-૦

P88m
15-3-55
Rs 6/-
G-2592
7PK
1936
.525
.56K2-1.2

દ્વિતીયાવૃત્તિ.

( આ ગ્રંથને પુનર્મુદ્રાંકિત કરવાનો સર્વ હક્ક પ્રગટ કરનારે રાખ્યો છે. )

મુંબઈ:
"ગૂજરાતી" મુદ્રાયંત્રમાં મુદ્રિત કર્યું.

# પ્રસ્તાવના.

કલ્યાણ, કીર્તિ, વ્યવહારજ્ઞાન, ઉપદેશ અને પરમાનંદ આપનાર કાવ્ય કથા છે. શાલિવાહનના સમયમાં ઉત્પન્ન થયેલા ગુણાઢ્ય કવિએ રચેલી બૃહત્કથા, પ્રાચીન અને અર્વાચીન અનેક કવિઓના કથા સંદર્ભ રત્નોની મોટી ખાણ છે. બૃહત્કથામંજરી અને કથાસરિત્સાગર ગ્રંથો, બૃહત્કથાની છાયા છે. કોઈ પણ અપશ્રિમ પંડિત બૃહત્કથાના અસ્તિત્વમાં નિષ્કારણ ભ્રાંત થશે નહિ. નરવાહનદત્ત નાયકની શૃંગારપ્રધાનકથા એ આ બૃહત્કથાનું શરીર છે. સત્યાસત્ય વસ્તુ રચનાથી રસ, ચમત્કાર અને ઉપદેશ સહેલથી અપાય છે, માટે કેવળ ઇતિહાસ પર લક્ષ ન રાખતાં કવિતાને છાજતી છૂટ કવિએ લીધી છે. શબ્દ પ્રધાન અને અર્થ પ્રધાન એવાં બે પ્રકારનાં ભાષાંતર હોય છે: શબ્દ પ્રધાનમાં શબ્દશઃ ભાષાંતર હોવું જોઇએ અને અર્થ પ્રધાનમાં અર્થ સાચવી ભાષાંતર હોય છે. સંપત્તિ વિપત્તિ, ઉદય અસ્ત, ચઢતી પડતી, વિપત્તિ સંપત્તિ, અસ્ત ઉદય, પડતી ચઢતી, કાળક્રમથી સર્વ પ્રાણીને ભોગવવાં પડે છે.

**संपत्ति विपत्ति, उदय अस्त, चढती पडती, विपत्ति संपात्ति, अस्त उदय, पडती चढती, कालक्रमथी सर्व प्राणीने भोगववां पडे छे.** આ બ્રહ્મદેવના બાંધેલા નિયમ, જેને કોઈ નિયતિ, કોઈ દૈવ અને કોઈ પ્રારબ્ધ કહે છે તે નિયમાનુસાર, પ્રતાપી પાંડવોનો સાતમો વંશજ, નરવાહનદત્ત પણ વિધાતાના ઉદય અસ્તના દડા તરીકે રમાડાયો અને પરિણામમાં યાવચ્ચંદ્રદિવાકર વિદ્યાધરોનું ચક્રવર્તી પદ ભોગવે છે. નીચેના સંદર્ભપરથી સ્પષ્ટ જણાશે કે, વત્સરાજકુમાર બાળપણમાં જ ભયમાં આવી પડ્યો, તેનું હરણ થયું, ત્યાં પરણ્યો, વળી પટ્ટરાણી હરાઈ, વિરહવેદના વેઠવાથી સંતપ્ત થયો, ત્યાંથી પોતે હરાયો, પટ્ટરાણીને મળ્યો, ગુપ્ત રહ્યો, કેદમાં ગયો, ન્યાય છણાયો, બચ્યો, મલયગિરિએ વસ્યો, તપ કરવા ધસ્યો, સપ્ત રત્ન પ્રાપ્ત કરી યુદ્ધે ચઢ્યો, વિજયી થઈ દીપ્યો, ચક્રવર્તી પદે અભિષેકાયો અને ત્યાં કલ્પપર્યંત તે પદ ભોગવી સત્કર્મ યોગે, કામદેવનો અવતાર છતાં શિવના અનુગ્રહને પામશે અને નિર્વાણ પદમાં વિરામશે. રંગીલો રાજકુમાર રંગમાં રમતાં, રણમાં ઘૂમતાં, વિલાસમાં મગ્ન હોવાથી શિવે આપેલા પ્રસાદ છતાં લડથડ્યો, અને સુખદુઃખનો સમર્થ સાથી થયો છે. એણે સ્ત્રીવિલાસ અને રણવિલાસ સાથે આશ્ચર્યકારક દુઃખનો પણ જાણે વિલાસ ભોગવ્યો છે, એ પુરુષાર્થ જય દિવ્ય દીપે છે.

આવી સુંદર સુરસ કથાઓ વાચકવૃંદને આનંદ આપનારી છે. એ અત્યાનંદ આપનારી કથાઓનો સંદર્ભ આ પ્રમાણે છેઃ–

**૧ લો લંબક. કથાપીઠ.** પ્રથમ લંબક, કે જે આ કથાઓની સર્વ પ્રકારે ભૂમિકા છે, તેમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે, પાર્વતીના આનંદાર્થે શંકરે આ કથા કહી; જે કથા પુષ્પદંતે ગુપ્તપણાથી સાંભળી, પોતાની પ્યારીને કહી. પ્યારીએ પુનઃ તે કથા પાર્વતીને કહી, અને પાર્વતીએ કોપિત થઈ, ગુપ્તપણે આ કથા સાંભળવા માટે પુષ્પદંતને તથા તેના મિત્ર માલ્યવાનને શાપ દીધો. પુષ્પદંત વરરુચિ નામ ધારીને કૌશાંબીમાં જન્મ્યો અને માલ્યવાન્ ગુણાઢ્ય નામ ધારી પ્રતિષ્ઠાનપુરમાં જન્મ્યો. વરરુચિને નંદનો કારભાર મળ્યો હતો, પણ તેમાં નંદ સાથે ઉદાસ થવાથી તે દેશત્યાગ કરીને વિંધ્યવનમાં વસતા કાણભૂતિ નામના એક પિશાચને મળ્યો અને તેને ઈત્થંભૂત વૃત્તાંત કહી, આ સપ્તલક્ષશ્લોકની બૃહત્કથા સંભળાવી તથા ત્યાર પછી કૈવલ્યે ગયો. કાણભૂતિની પાસે ઘણે કાળે શાલિવાહનનો રાજકવિ ગુણાઢ્ય, પ્રસંગવશાત્ ત્રણ ભાષાનો ત્યાગ કરી, મૌન ધરી આવ્યો. તે ગુણાઢ્યને કાણભૂતિએ આ બૃહત્કથા કહી. તેણે તે કથામાંથી શેષ રહેલી લક્ષશ્લોકની આ કથા શ્રી શાતવાહનને પિશાચ ભાષામાં, પોતાના રક્તથી શુષ્ક પાંદડાંપર લખેલી આપી. આ આખો લંબક અતિહાસિક છે.

**૨ જો લંબક. કથામુખ.** કથાનું આમુખ.–અત્રેથી બૃહત્કાથાનો પ્રારંભ થાયછે. પાંડવોના વંશમાં જનમેજય થયો, તેનો પુત્ર શતાનીક, તેનો સહસ્રાનીક અને તેનો વત્સરાજ થયો. વત્સરાજ ચંડમહાસેન રાજાની કુંવરી વાસવદત્તા સાથે પરણ્યો.

**૩ જો લંબક. લાવાણક.** વત્સરાજ વાસવદત્તા સાથે શૃંગારરસમાં એવો તો લુબ્ધ થઈ ગયો કે, એના મંત્રીઓને ચિંતા થઈ કે રાજા સ્વકર્તવ્ય ભૂલવાથી વીરત્વહીન થઈ જશે, તેથી તેને ઉત્સાહ જાગૃત કરવાને વિજય યાત્રાએ નિકળે તો ઠીક, એવો તેઓએ મન્ત્ર કીધો. પણ આ વિજયમાં પ્રતિબન્ધ કરનાર મગધદેશનો રાજા હોવાથી, તેની કન્યા પદ્માવતી સાથે વત્સરાજનાં લગ્ન થાય તેવી યુક્તિ રચી. સર્વે લાવાણક અરણ્યમાં ગયા. રાણી વાસદત્તા બળી મુવાની લોકવાયકા ચલાવી. જેથી રાણી રહિત થયેલા વત્સરાજે પદ્માવતી સાથે લગ્ન કીધું અને પછી વાસવદત્તાનો પણ મેળાપ થયો. પછી મોટા ઠાઠમાઠ સાથે તે કૌશામ્બી નગરીમાં ગયો: મંત્રીઓએ દિગ્વિજયે નિકળવાનું કહેવાથી વત્સરાજ દિગ્વિજયે નિકળ્યો ને વિજયી થયો.

**૪ થો લંબક. નરવાહનદત્તજન્મ.** ગૃહસંસારમાં વાસવદત્તા સન્તાન વિના ચિન્તા કરે છે. પછી શિવજીનું આરાધન કરવાથી તેને ગર્ભ રહે છે. વત્સરાજના મંત્રીમંડળને ત્યાં પણ સન્તાન થાય છે. વત્સરાજને ત્યાં નરવાહનદત્તનો જન્મ થાય છે એ વેળાએ આકાશવાણી થાય છે કે, એ કામદેવનો અવતાર છે અને વિદ્યાધરનો ચક્રવર્તી થશે.

**૫ મો લંબક. ચતુર્દારિકા.** કોઈએક દિવસે શક્તિવેગ નામનો વિદ્યાધરનો એક રાજા, નરવાહનદત્તનાં દર્શન કરવા તથા પ્રણામ કરવાને વત્સરાજ પાસે આવે છે: તે પોતાને વિદ્યાધરનું રાજ્ય કેમ પ્રાપ્ત થયું, તેની સર્વ કથા વત્સરાજને કહે છે.



**૬ ઠો લંબક. મદનમંજુકા.** ત્યાર પછી વત્સરાજની કાંતિથી મોહ પામીને કલિંગસેના નામની એક વિદ્યાધરી તેને પરણવા આવી. રાજા તેને જોઈને ગાંડો ઘેલો થઈ ગયો તથા લગ્ન કરવા તત્પર થયો. મંત્રી મન્ડળ ગભરાયું કે પદ્માવતી સાથે લગ્ન કરતી વેળાએ વાસવદત્તાને વચન આપ્યું છે કે, વત્સરાજ હવે બીજી રાણી કરશે નહિ અને હવે આમ કરે તો ખોટું થાય. એટલે તેઓએ પ્રપંચ રચવા ધારચો. પણ તેવામાં મદનવેગ નામનો વિદ્યાધર કલિંગસેનાના સૌંદર્યથી મોહવશ થઈ, વત્સરાજનો વેશ ધારણ કરીને તેની પાસે ગયો અને તેના સંગમથી કલિંગસેનાને ગર્ભ રહ્યો. એથી મદનમંજુકાનો જન્મ થયો. ત્યારે આકાશવાણી થઈ કે, 'એ ભાવી વિદ્યાધરના ચક્રવર્તીની પટ્ટરાણી થશે ને એ સાક્ષાત્ રતિનો* અવતાર છે.' વત્સરાજ આદિ આવા પ્રસંગથી પ્રસન્ન થયાં. પછી મદનમંજુકા સાથે નરવાહનદત્તનાં લગ્ન કીધાં.

**૭ મો લંબક. રત્નપ્રભા.** એક દિવસે નરવાહનદત્ત ઉદ્યાનમાં ફરતો હતો, તેવામાં હેમપ્રભ વિદ્યાધરની કન્યા રત્નપ્રભા આવી. તેણે પોતાનું ચરિત્ર કહી નરવાહનદત્તને પરણવાની ઈચ્છા દર્શાવી. નરવાહનદત્ત તેના હાવભાવ અને સૌંદર્યથી મોહિત થઈ તેને નગરે ગયો. ત્યાં જઈ લગ્ન કરી સર્વ વૈભવસુખ માણવા લાગ્યો. એક સમયે નરવાહનદત્ત મૃગયા રમવા ગયો, તેવામાં અકસ્માત્ કોઈ ઋષિને ગોફણ વાગવાથી મર્મમાં તેણે કર્પૂરિકા પરણવાની લેહે લગાડી. તેથી રાજપુત્ર કર્પૂર સંભવ નગરમાં ગયો ને રાજકન્યા કર્પૂરિકાને પરણ્યો.

**૮ મો લંબક. સૂર્યપ્રભ.** આ પ્રમાણે ત્રણ પ્રેમદાને પરણી, કૌશામ્બી નગરીમાં રહી આનંદમાં દિવસો કાઢે છે, તેવામાં એક સમયે વજ્રપ્રભ વિદ્યાધરે, મયદાનવના વંશમાં જન્મેલો સૂર્યપ્રભ નામનો રાજકુમાર, કેવા પ્રકારે વિદ્યાધરનો ચક્રવર્તી થયો તેની કથા કહી છે. તેમાં પાતાળનું ને દૈત્ય દાનવોની રીતિનું વર્ણન કરવામાં આવ્યું છે. એ કથા કહીને વિદ્યાધરે કહ્યું–કે સૂર્યપ્રભ તો વિદ્યાધરની અર્ધવેદીનો ચક્રવર્તી હતો, પણ નરવાહનદત્ત તો પૂર્ણવેદીનો ચક્રવર્તી થશે.

**૯ મો લંબક. અલંકારવતી.** એક સમયે નરવાહનદત્ત મૃગયા ખેલવા ગયો, ત્યારે અલંકારશીલ વિદ્યાધરની રાણી કાંચનપ્રભા, પોતાની કન્યા અલંકારવતીને લઈને ઉદ્યાનમાં આવી. તેણે નરવાહનત્તને પોતાની કન્યા વરવાનું માગું કીધું. પણ લગ્નમાં સમયનો અંતરાય આવવાથી નરવાહનદત્ત વિરહવ્યાકુળ થયો. ત્યારે તેના મંત્રીઓએ તેને નવલ કથાઓ કહી રંજન કર્યો. પછી નરવાહનદત્તનાં લગ્ન થયાં. તે અલંકારશીલને ઘેર ગયો, ત્યાં પણ નવલકથાઓ સાંભળીને આનંદ માણતો હતો. ત્યાંથી તે કૌશામ્બીમાં આવ્યો. ત્યાં પણ વાર્તા વિનોદથી પ્યારીઓ સાથે વિલાસ ભોગવતો રંગે રમતો હતો.

---

* નરવાહનદત્ત એ કામદેવનો અવતાર છે, અને તેની સ્ત્રી રતિનો અવતાર તે મદન મંજુકા છે. કામ વિના રતિ રહી શકતી નથી.

**૧૦ મો લંબક. શક્તિયશા.** કૌશાંબીમાં રહી આમ **નરવાહનદત્ત** વાર્તાવિનોદમાં કાળ નિર્ગમન કરે છે તેવામાં એક સમયે આકાશમાંથી **શ**ક્તિયશા નામની વિદ્યાધરી ઉતરી આવી. તેણે કહ્યું કે, **પા**ર્વતીના આદેશથી હું આપને વરવા આવી છું: પણ લગ્ન એક માસ પછી થશે. આમ કહીને તે પોતાના દેશમાં ચાલી ગઈ. રાજપુત્ર અહિયાં વિરહ વેદનાથી પીડાવા લાગ્યો, ત્યારે **ગો**મુખ– તેનો મંત્રી, રાજપુત્રને નવી નવી વાર્તાઓ સંભળાવી રંજન કરવા લાગ્યો. જ્યારે એક માસ થયો ત્યારે **શ**ક્તિયશાના પિતા **સ્ફ**ટિકયશાએ પોતાની કન્યાનું દાન **નરવાહનદત્ત**ને દીધું.

**૧૧ મો લંબક. વેલા.** એક સમયે રાજપુત્ર ઉપવનમાં ફરવા નિકળ્યો હતો, તેવામાં **ચંદ્રસાર** ને **વેલા** નામનાં દંપતી શાપથી વિરહવેદના વેઠતાં હતાં, તેઓનું પરસ્પર મળવાનું કારણ થયો. પછી પોતે **જ**યેન્દ્રસેના નામની રાજકન્યાને વર્યો.

**૧૨ મો લંબક. શશાંકવતી.** એક રાત્રિના **નરવાહનદત્ત**નું **લ**લિતલોચના વિદ્યાધરી હરણ કરી ગઈ. તેને **મલયાચળ**પર લઈ જઈ તેની સાથે પરણી. અહીં **મલયાચળ**પર તે રંગે રમે છે તેવામાં **લ**લિતલોચના અદૃશ્ય થઈ ગઈ ને એ એકલવાયો થઈ રહ્યો. ત્યાં ફરતાં ફરતાં **પિ**શંગજટ મુનિ મળ્યા. તેમણે તેને ધૈર્ય આપીને **મૃ**ગાંકદત્ત ને **શ**શાંકવતીની અદ્‌ભુતાશ્ચર્યવાળી કથા કહી. **મૃ**ગાંકદત્ત એ **અ**યોધ્યાપતિનો રાજપુત્ર હતો. તેને તેના પિતાએ દેશવટો દેવાથી પોતાના દશ કુમાર મિત્રોને સાથે લઈ **શ**શાંકવતીને પરણવા નિકળ્યો. માર્ગમાં એક નાગના શાપથી સર્વે મિત્રો વિખૂટા પડી ગયા, પણ પાછા મળ્યા ત્યારે સર્વેએ પોત-પોતાનું વિચિત્ર ચરિત્ર કહ્યું. તેમાં સમગ્ર દશકુમાર ચરિત્ર (દણ્ડીકૃત) વાર્તા આવી જાય છે. છેલ્લે મહાઘોર યુદ્ધ કીધા પછી ઉજ્જયિનીના રાજાને હરાવીને **શ**શાંકવતીને તે પરણે છે. આ કથા સાંભળી **નરવાહનદત્ત** ધૈર્ય ધરી **મદનમંજુકા**ના વિરહથી પીડાતો ને **લ**લિતલોચનાને શોધતો શોધતો તથા વિલપંતો **મલયાચળ**પર ઘૂમે છે.

**૧૩ મો લંબક. મદિરાવતી.** રાજપુત્ર **નરવાહનદત્ત** વ્યાકુળ થયેલો આમ તેમ રખડે છે. તે ફરતો ફરતો ગંગાતટપર જઈ ચઢ્યો. ત્યાં તેને બે બ્રાહ્મણ કુમાર મળે છે. તેઓ **મદીરાવતી**ને પરણવા જતાં કેવા વિપત્તિમાં પડે છે ને અંતે કેમ કાર્ય સફળ કરે છે તે ચરિત્ર કહી સંભળાવે છે. તેટલામાં કુમારના મંત્રી આદિ તેને શોધતા શોધતા ત્યાં આવી ચઢે છે અને પછી તે પિતાને નગરે જાય છે.

**૧૪ મો લંબક. પંચ.** **કૌશામ્બી**માં રહી **નરવાહનદત્ત** નવી નવી લીલા કરે છે. તેવામાં વિદ્યાધરનો ચક્રવર્તી, **માનસવેગ** **મદનમંજુકા**નું હરણ કરી જાય છે. **નરવાહનદત્ત** **મદનમંજુકા** વિના આકળો ને બાવરો બની રહે છે. તેવામાં **વે**ગવતી નામની વિદ્યાધરી, **મદનમંજુકા**ના વેશમાં આવીને તેને છળે છે; પણ કપટ સ્પષ્ટ થતાં તે પોતાના પતિ રાજકુમારને **ગાંધર્વ** નગરમાં તેડી જાય છે. ત્યાં તે **પ્ર**ભાવતી વિદ્યાધરીને વરે છે, ને તે તેને ત્યાંથી **વિદ્યાધરનગરી**માં લઈ જાય છે. અહિંયાં **મદનમંજુકા**નો મેળાપ થાય છે પણ ત્યાં તે છતો પડવાથી કેદ પકડાય છે. વિદ્યાધર ન્યાયમંડળ તેનો ન્યાય કરી નિર્મુક્ત કરે છે. તેટલામાં તો



**પ્ર**ભાવતી વિદ્યાધરી **ભૈ**રવનાથનું રૂપ લઈ આવીને તેને **ઋ**ષ્યમૂક પર્વત પર મૂકે છે. પાછો તે વિદ્યાધર લોકમાં જાય છે ને અનેક રાણીઓ સાથે લગ્ન કરે છે. પછી તે તપશ્ચર્યા કરી વરદાન પામે છે. ત્યાં તો તેને તેના સર્વ મંત્રી આદિ વરદાન પામી આવી મળે છે. પછી વિદ્યાધરના ચક્રવર્તી **માનસવેગ**પર ચઢાઈ લઈ જવામાં આવે છે.

**૧૫ મો લંબક. મહાભિષેક.** વિદ્યાધરોપરની ચઢાઇમાં રણસંગ્રામ જામે તે પહેલાં **નરવાહનદત્ત** વિદ્યાધરના ચક્રવર્તીની સર્વ સિદ્ધિ સંપાદન કરે છે; પછી મોટું યુદ્ધ કરીને મહાજય મેળવી વિદ્યાધરના ચક્રવર્તી પદને પામે છે.

**૧૬ મો લંબક. સુરતમંજરી.** **ઋ**ષભાચળપર **નરવાહનદત્ત** રાજ્ય કરે છે ને સુંદર વૈભવ ભોગવે છે; તેવામાં સ્વપ્નદ્વારા જ્ઞાન પામે છે કે તેનાં માતાપિતા દેવલોક થયાં. આ વાર્તા જાણતાં તે મહાશોક કરતો પોતાનાં મામા **ગો**પાલક, જે ઉદાસીન થઈ **કા**લંજરગિરિપર જઈ વસ્યો છે તેને મળવા ગયો. ત્યાં પોતાના સાળા **ઇ**ત્યકે **સુ**રતમંજરી સ્ત્રીનું હરણ કરી અન્યાય આદર્યો, તેનો ન્યાય કરી ઋષિમંડળથી પ્રતિષ્ઠા પામે છે. તે ન્યાયથી પ્રસન્ન થઈ મુનિ કશ્યપ **તા**રાવલોક વિદ્યાધરનું ચરિત્ર કહી તેને પ્રસન્ન કરે છે.

**૧૭ મો લંબક પદ્માવતી.** **કા**લંજરગિરિપર વિદ્યાધરનો ચક્રવર્તી રહ્યો છે, તેને વાતના પ્રસંગમાં કહ્યું કે, **મદનમંજુકા**નો મને વિરહ થયો ત્યારે કાળ ગાળવાને **ગો**મુખે મને **પદ્માવતી**નું આખ્યાન કહી સંભળાવ્યું. **વિ**દ્યુત્પ્રભ નામનો દૈત્યરાજ હતો, જે દેવતાને બહુ દમતો હતો; તેનો નાશ કરવા માટે **વિ**ષ્ણુના તેજથી **મુ**ક્તાફળકેતુ જન્મ્યો. સંગ્રામમાં જતાં **મુ**ક્તાફળકેતુ, **પ**દ્મશેખર વિદ્યાધરની પુત્રી **પ**દ્માવતીપર પ્રેમ મોહિત થયો. અન્યોન્ય વિરહવેદનાથી તપેલાં છે, તેમાં પ્રથમ મેળાપ સમય **ત**પોધનમુનિના શિષ્યે શાપ આપવાથી તે મનુષ્ય અવતારમાં **મુ**ક્તાફળધ્વજ નામે અવતર્યો. ત્યાં કેટલોક કાળ રહી, દેવોનું કાર્ય કરી, અસુરોનો નાશ કરીને **પ**દ્માવતીનાં દર્શનની ઈચ્છાથી પીડિત થતો, પુનઃ વિદ્યાધરલોકમાં ગયો. તે ત્યાં **પ**દ્માવતીનો સમાગમ કરી યથેચ્છ સુખવૈભવ માણવા લાગ્યો.

**૧૮ મો લંબક. વિષમશીલ.** **વિ**ક્રમાદિત્ય રાજાનું ચરિત્ર. **મદનમંજુકા** રાણીના વિરહથી પીડિત થયલો **નરવાહનદત્ત** અરણ્યમાં ભટકતો હતો, ત્યારે કણ્વમુનિએ તેના મનને શાંત કરવા માટે **વિ**ક્રમાદિત્યની કથા કહી હતી. એ **વિ**ક્રમાદિત્ય ઉજ્જયિનીના **મ**હેન્દ્રાદિત્યનો કુંવર હતો. તે શત્રુઓને ઘણો વિષમ હોવાથી તેનું નામ **વિ**ષમશીલ પાડયું હતું. દિગ્વિજય કરવા માટે તેની સેના ચો દિશામાં ફરી વળી હતી. તે જિતમાં દ્રવ્ય તથા કન્યારત્નો લાવવામાં આવતાં તે **વિ**ક્રમાદિત્ય સ્વીકારતો હતો. એમાં **વિ**ક્રમાદિત્યને વીરવેતાલ કેમ વશ થયો તેની કથા છે; ને **મ**લયવતી તથા કુલિંગસેના સાથે લગ્ન કેમ થયાં, તેમ જ રાજકાજમાં પ્રવર્તતો રાજેન્દ્ર **વિ**ક્રમાદિત્ય નવી નવી કથાઓ સાંભળતો કેવા પ્રકારે કાળ નિર્ગમન કરતો હતો ઈત્યાદિ કથાઓ છે. આ કથા સાંભળ્યા પછી **નરવાહનદત્ત** વિદ્યાધરના **ઋ**ષભાચળપર ગયો, ને ત્યાં અદ્યાપિ રાજ્ય કરે છે.

મનુષ્ય જન્મમાં અવતરેલો પણ પરાક્રમે કરીને વિદ્યાધરના ચક્રવર્તી પદપર અભિષિક્ત થયલો શ્રીમાન્ મહાપુરુષ નરવાહનદત્ત, તેના ચરિત્રની આ કથા છે. કથાવિષય સર્વોત્તમ રસાલંકાર ભરિત અને જનમનોરંજક સાથે બોધક છે.

**शब्दप्रधान अने अर्थप्रधान एवां बे प्रकारनां भाषांतर होय छे. शब्दप्रधानमां शब्दशः भाषांतर होवुं जोइयेः अने अर्थप्रधानमां अर्थ संभाळी भाषांतर होय छे.** શબ્દપ્રધાન ભાષાંતરમાં શબ્દને વળગી રહી, તેમાંથી જેવો ધ્વનિ થતો હોય તેવો નહિ, પરંતુ તેનો જેવો અર્થ વ્યાકરણાદિ વિષયાનુસાર થતો હોય તેવો કરવો; અને અર્થપ્રધાનમાં શબ્દનો નહિ, પણ આખા વાક્યનો ભાવ તદ્રૂપ સમજાતો હોય તેવો અર્થ કરવો જોઇએ. વેદ તથા સ્મૃત્યાદિ ધર્મવિષયક ગ્રંથો શબ્દ પ્રધાન છે; જેમકે "રાજાની આજ્ઞા." "સંધ્યાદિકર્મ કરવાં, સોમ યાગ કરવો," એવી ધર્મની આજ્ઞા વેદ સ્મૃત્યાદિ ગ્રંથોમાં છે; તેનો અર્થ જેમ શબ્દાનુસાર થતો હોય તેમ જ કરવો જોઇએ. તેમાં મનસ્વી અર્થ—શબ્દના અર્થને વેગળો મૂકી, ભાવ—મર્મ—રહસ્ય—વ્યંગ્યને વળગીને અર્થ થઈ શકે નહિ. ઇતિહાસ, પુરાણાદિ ગ્રંથો અર્થપ્રધાન છે. તેમાં શબ્દને વળગી રહીને ભાષાંતર કરવામાં આવે તો તે રસિક થાય નહિ; તેમ મૂળ કર્તાનો જે ભાવ, તે પણ યથાર્થ સમજાય નહિ. જેમ રામાયણમાં—પુત્રે પિતાની આજ્ઞા પાળવી, પરપ્રમદા પરહરવી, સ્ત્રી રક્ષા માટે પ્રાણાંત કષ્ટ વેઠવાં, ભ્રાતાપરના પ્રેમને લીધે રાજ્યાસન તુચ્છ ગણવું, અનીતિએ વર્તતા બાંધવોનો પણ પરિત્યાગ કરવો, ઇત્યાદિ બોધ અર્થપ્રધાન છે; તેથી કેટલીકવેળા માત્ર શબ્દને વળગી ભાષાંતર કરવામાં આવે તો કર્તાનો અભિપ્રાય કળી શકાય નહીં.

કાવ્યગ્રન્થો તો શબ્દ અને અર્થ પ્રધાન હોતા નથી; પણ વ્યંગ્યાદિથી રસપ્રધાન હોય છે. રસને પોષણ કરનાર શબ્દ અને અર્થથી તે ગ્રન્થો રચાયલા છે. કથાસરિત્સાગર એ કાવ્યગ્રન્થ છે. એમાં શબ્દ અને અર્થ એકે પ્રધાનપણું ભોગવતા નથીઃ એમાં તો રસ પ્રધાન છે. અમે રસ જાળવીને જ યોગ્ય શબ્દમાં ભાષાંતર કીધું છે. ધર્મશાસ્ત્રના ગ્રન્થોનાં ભાષાંતર અક્ષરશઃ હોવાં જોઇએ, ઇતિહાસ પુરાણ ગ્રન્થોનાં અર્થશઃ ભાષાંતર થવાં જોઇએ; અને કાવ્યગ્રન્થોનાં ભાષાંતર કવિએ બાંધેલા રસને જાળવીને કરવાં જોઇએ; તન્નિયમાનુસાર કથા સંદર્ભને જાળવી આ ભાષાંતર થયું છે.

આ કાવ્યગ્રન્થ છે. કાવ્યનો પરાર્થ એ ઉપદેશ છે. ઉપદેશમાં દૃષ્ટાંત—ઉદાહરણની આવશ્યકતા છે. તેને રોચક સાહિત્ય કહે છે. બહુ અંશે ઐતિહાસિક ગ્રન્થોમાં અને ધર્મશાસ્ત્રના ગ્રન્થોમાં પણ રોચક કથાઓ આવે છે. પણ અસત્ય મિશ્રણ વિના સત્ય રોચક થઈ શકતું નથી. તેમ જ કેવળ અસત્ય—એટલે કવિકાલ્પનિક સૃષ્ટિ પણ વિશેષ આનંદ ઉપજાવતી નથી. કદાચિત્



ભવભૂતિ, દંડી અને બાણાદિ મહાકવિઓએ કવિસૃષ્ટિને અવકાશ આપ્યો છે; તથાપિ તેઓનાં કાવ્ય, આ બૃહત્કથા મહાકાવ્યની છાયા છે; જે આ ભાષાંતરમાં સ્થળે સ્થળે ટીપ આપીને દર્શાવ્યું છે. કદાચ કોઈ કવિ સ્વતંત્ર કલ્પના પણ કરે, તદપિ વાચકવૃંદને સત્ય પ્રતીતિ વિના ઉપદેશ થઈ શકતો નથી—આસ્થા ચોંટતી નથી, અને તેથી જ સત્ય સાથે અસત્ય અને અસત્ય સાથે સત્યના મિશ્રણની આવશ્યકતા પ્રત્યક્ષ જણાય છે. જો કે કેટલાક સાધુ* પુરુષોએ અસત્યના મિશ્રણથી કવિતાનો પરમાર્થમાં ઉપયોગ માન્યો નથી, તથાપિ અસત્ય વગર સત્યની પ્રતીતિ થતી નથી. સર્વને જો આપણે માયિક કહીએ તો બ્રહ્મા પર્યંત સર્વ પ્રપંચ જ અસત્ય છે. પછી આ લોકમાં સત્ય એકલાનો વાસ કયાં રહે ?

સ્થૂલમાનથી મૂળ બૃહત્કથા ( અને આ કથાસરિત્સાગર ) માં પાંડવ વંશના શતાનીકથી તે નરવાહનદત્ત સુધીનો સંક્ષિપ્ત ઇતિહાસ છે. વાસ્તવિક રીતે મહાભારતમાં આવી ગયેલા ઇતિહાસનો પરિશિષ્ટ ભાગ ગણીને કવિએ તે બીજા લંબકમાં લીધો છે. પ્રથમ લંબકમાં નંદ અને શાલિવાહનના સમયનો સંક્ષિપ્ત ઇતિહાસ છે; જે મૂળ બૃહત્કથાના કર્તા ગુણાઢ્ય કવિએ નહીં પણ તે ગુણાઢ્યના શિષ્યોની સહાયતાથી શાલિવાહન રાજાએ લખેલો અથવા ગુણાઢ્યના શિષ્યોમાંથી જ કોઇએ પિશાચ ભાષામાં લખેલો જણાય છે. પ્રાચીન મહા ગ્રંથોના સંબંધમાં આજ સુધી એમ બોલાતું આવ્યું છે કે—મહાભારત એક કોટિ શ્લોકનો ગ્રંથ હતો, એમ ભારતમાં જ છે; અને રામાયણ શતકોટિ શ્લોકનું હતું, એમ આનંદ રામાયણમાં જણાવેલું છે. એ બન્નો ગ્રંથો હાલમાં અનુપલબ્ધ થઈ પડેલા છે. તેમ જ આ ગ્રન્થને માટે કથાપીઠમાં વર્ણવેલું છે કે, બૃહત્કથા એક લક્ષ શ્લોકવાળી હતી. પાંડવ કૌરવનું ચરિત્ર એ સામ્પ્રત ઉપલબ્ધ મહાભારતમાં એક લક્ષ શ્લોકમાં સમાવેલું છે અને વાલ્મીકિ રામાયણમાં રામચરિત્ર ચોવીસ હજાર શ્લોકમાં સમાપ્ત કીધું છે તો એવો વિચાર, શંકાથી દૂર નથી કે અનુપલબ્ધ મોટા ગ્રન્થોમાં સત્યાસત્ય મિશ્રિત ભાગ કેમ ન હોય? કોટિ અને શત કોટિના ગ્રન્થમાં ઐતિહાસિક સત્ય જ એવું શું ભર્યું હશે, કે જે આ લક્ષ અને ચોવીસ હજાર શ્લોકવાળા ગ્રન્થોમાં નહિ હોય? વળી કેટલાએક લેખકો એમ જણાવે છે કે, 'આ ( બૃહત્કથા ગ્રન્થમાં શૃંખલાબદ્ધ ઇતિહાસ છે; અને પ્રાચીન ઇતિહાસો જાણવાને રામાયણ મહાભારતાદિ ગ્રન્થો છે, તેમ આ બૃહત્કથા ( કથાસરિત્સાગર ) પણ છે.' પરંતુ આખો ગ્રન્થ પરિપૂર્ણ વાંચ્યા પછી વાચકવર્ગને સ્પષ્ટ જણાશે કે, આ ગ્રન્થમાં ઇતિહાસનો ભાગ ઘણો જ થોડો છે; અને જે છે તે સત્યાસત્યના મિશ્રણ વિનાનો નથી. કાવ્યગ્રન્થોમાં સંદર્ભ સત્યનો હોય, પણ કેવળ સત્ય મનમોહક ન થાય. તેથી જ પ્રાચીન સર્વ કવિઓના કાવ્યગ્રન્થો માત્ર ઇતિહાસના સત્યથી ભરેલા

* काव्यस्यासच्छास्त्र त्वान्नोपयोगः कथंचन ॥ श्री मद्वल्लभाचार्य.

નથી, પણ અસત્ય મિશ્રિત સત્યવાળા છે. બૃહત્કથાના પાંડુકુળદીપકોનું જે ચરિત્ર સમાવ્યું છે, તેમાં સત્ય જેવું ઘણું થોડું છે અને આ આખા કાવ્યમાં તો સત્ય અતિશયોક્તિથી ભરપૂર જ છે! નિરુક્તાલોચનમાં સત્યવ્રત સામશ્રમી પંડિત, બૃહત્કથામાં કેટલું ઐતિહાસિક સત્ય સમાયલું છે, તે માટે લખે છે કેઃ–

ગુણાઢ્યનો રચેલો ભૂતભાષા નામનો બૃહત્કથા ગ્રંથ સપ્તલક્ષ શ્લોકનો હતો એમ સાંભળ્યું જ છે, પણ હજી (ગ્રંથ) જોયો નથી, તો ન દીઠેલી કથાના વિચાર કરવાથી શું? અનન્તરાજની પત્ની સૂર્યવતીના ચિત્તવિનોદ માટે, સોમદેવ ભટ્ટે જે કથાસરિત્સાગર સંપાદિત કીધો છે તે સ્ત્રી જાતિના ચિત્તવિનોદ માટે બહુ છે; પણ ઐતિહાસિક સત્ય શોધનાર સજ્જનોને સન્તોષકારક નથી. એટલું જ નહીં, પણ કથાસરિત્સાગરની કથાથી ઐતિહાસિક સત્ય શોધનારના વિમળ માનસસરોવરમાં પણ સેવાલજાળ જ ઉત્પન્ન થાય છે. અંતમાં તે ગ્રંથ જોતાં, એટલુંજ જણાય છે કે સોમદેવે ગમે તે રીતે સૂર્યવતીના ચિતવિનોદનેજ ઉદ્દેશીને આ ગ્રંથ રચ્યો છે–ન કે ઐતિહાસિક સત્ય દેખાડવાને. જો સત્ય હોય (સત્ય ઐતિહાસિક ગ્રંથ હોય) તો પાણિનિ પછી એક હજાર વર્ષ પછી થયેલા કાત્યાયનને પાણિનિના સહપાઠી કહેવાને કેમ શક્તિમાન્ થાય? કયો ઐતિહાસિક વાયુથી વિક્ષિપ્ત* ન થયેલો સ્વસ્થ, વ્યાકરણના સૂત્રકાર પાણિનિનો સમય અને કાળાંતરના કારણથી ભાષા વ્યવહાર વધવાથી બોહળા થયેલા શબ્દ સંસ્કાર કરનાર કાત્યાયન ઋષિનો સમય એક માને? (કોઇપણ નહિ.)"

આ પરથી સ્પષ્ટ જણાય છે કે આ બૃહત્કથા નથી ઐતિહાસિક કે નથી સત્યતાવાળો; પણ સત્યમિશ્રિત દિવ્યાદ્ભૂત કથાથી ભરપૂર રસવાળો કાવ્યગ્રંથ છે. તેમાં કવિયે ખૂબ ખૂબી ખિલાવી છે. કાવ્યના નાયકોમાં કેવળ દિવ્ય ગુણ હોય તો કવિ લૌકિક પદાર્થ વર્ણન કરી શકતો નથી. જો અદિવ્ય હોય તો દિવ્યપદાર્થ દર્શન કરાવી શકતો નથી. પણ દિવ્યાદિવ્ય નાયક હોય તો લૌકિક ને દિવ્ય સર્વ પદાર્થ દર્શાવી શકે છે. પૂર્વ કાળમાં સ્વર્ગગમન, વિમાનારોહણ, યક્ષરાક્ષસ મિલન–દર્શન, પાતાલગમન, વિદ્યાધર લોક દર્શન, દિવ્ય હસ્તી દર્શન, હસ્તીનું આકાશગમન, હસ્તી જેના મસ્તકપર કળશ ઢોળે તે રાજ્યપાટને યોગ્ય થાય તેવી પશુ–હસ્તીની બુદ્ધિ, મનુષ્યમાંથી વાનર થવું, વાનરમાંથી મનુષ્ય થવું, મંત્રયોગે મૃતસંજીવન કરવું, તપશ્ચર્યાથી દિવ્ય વરપ્રાપ્તિ થવી, આદિ વૃત્તાંતો બનતા હતા. પણ આજકાલમાં તે સર્વ બનાવો, મનુષ્ય પ્રાણી સાથે સાક્ષાત્ સંબંધ ન ધરાવતા હોવાથી આપણને તે અસત્ય લાગે છે. પરંતુ કેટલીક કળાઓ, જે તે કાળમાં કવિએ વર્ણવેલી, અને જેને આપણે કાલ્પનિક કહીએ છીએ, તે આજે સત્ય દેખાય છે;† તેથી

* ગાંડો. † કાલિદાસ કવિ રથની ગતિ શાકુન્તલામાં દર્શાવે છે ને જે વર્ણન કરે છે, તે સામ્પ્રત અભિરથને યથાયોગ્ય લાગુ પડે છે. વિમાનની ગતિ માટે આજે પાશ્ચાત્ય પ્રજા સંશયી છે, પણ કાળે કરી સુધારો થતાં તે સત્ય પ[illegible]નો વિશેષ સંભવ જણાય છે. [૧૯૦૯ માં વાયુતરંગીણિની શોધ થઈ અને ફ્રેન્ચ શોધક બ્લેરિયટ, બ્રિટિશ ખાડી જુલૈમાં તરી ગયો છે.]



આટલું તો નિઃસંશય સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી જ, કે સત્યાસત્ય મિશ્રણ વિના વાગ્વ્યવહાર ચાલતો નથી ને રસ વહેતો નથી.

ડા૦ બ્યુલર, પંડિત મહેશચંદ્ર ન્યાયરત્ન અને સંપાદક ડા૦ બ્રોકાસ, એઓ બૃહત્કથામાં ઐતિહાસિક ભાગ આ પ્રમાણે બતાવે છેઃ ચન્દ્રવંશી પાંડુનો અર્જુન, તેનો અભિમન્યુ, તેનો પરીક્ષિત, તેનો જનમેજય, તેનો શતાનીક,* તેનો સહસ્રાનીક અને તેનો વત્સરાજ. નરવાહનદત્તનો આ કાવ્યગ્રન્થમાં ઇતિહાસ નથી, એમ પંડિત મહેશચંદ્રનું કહેવું છે. જનમેજય સુધીનો ઇતિહાસ મહાભારતમાં સારી રીતે સમાવ્યો છે. પણ ગુણાઢ્યે લખેલી બૃહત્કથામાં શતાનીક, સહસ્રાનીક અને વત્સરાજનો ઇતિહાસ, ઇતિહાસરૂપે જ લખાયો છે. તે જાણવાનાં યથાર્થ સાધન આપણી પાસે હયાત નથી. વાસ્તવિક તપાસ કરતાં તેઓનો ઇતિહાસ યથાર્થ મેળવવાનાં સાધનો પણ દુર્લભ થઈ પડયાં છે. બૃહત્કથા લખ્યા પછી મૂળ ગ્રન્થકાર ગુણાઢ્યના કહેવાપરથી, સાતવાહન કિંવા ગુણાઢ્યના શિષ્યોએ લખેલા કથાપીઠ લંબકમાંથી, વરરુચિ, પાણિનિ, યોગનંદ, નંદ, ચાણાક્ય, ચન્દ્રગુપ્ત અને ગુણાઢ્યનો ઇતિહાસ–જો તેને ઇતિહાસ કહીએ તો–મળે છે; પણ તેમાં કાળ નિર્ણય સંબંધી વિચાર કરીએ, અને બીજા ગ્રંથોના પ્રમાણો ભણી લક્ષ દઇએ તો ઘણો ગુંચવાડો ઉત્પન્ન થાય છે. વ્યાકરણાચાર્ય પાણિનિનો ઇતિહાસ આ ગ્રંથના પ્રથમ લંબકમાં આપ્યો છે તે સઘળો સપ્રમાણ નથી, એ તો સ્પષ્ટજ છે.

આ જ પ્રમાણે વરરુચિ–કાત્યાયનનું પણ ઇતિવૃત્ત નહિ માનવા જેવું છે. એ પરથી સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે, કવિએ આખા (સત્ય) ઇતિવૃત્તનો પ્રવેશ કરાવવાની ઇચ્છા ધારી નથી. (યોગ) નંદના સમકાલીન વ્યાડી ને વરરુચિનું ઇતિવૃત્ત તથા કાળ નિર્ણય દઢીભૂત થાય, એ આ દેશના ઇતિહાસમાં બહુ અગત્યની વાત છે. કારણ કે વ્યાડી,† વરરુચિ અને ઇન્દ્રદત્ત એ ત્રણેનો દઢ મૈત્રીભાવ હતો, એ તો આ ગ્રંથના કથાપીઠ લંબકમાંથી સ્પષ્ટ દર્શાય છે, પણ ગુણાઢ્ય કે સોમદેવ કોઈ પણ આ કાળ નિર્ણય સંબંધે વિશેષલક્ષ દેતા જણાતા નથી. વરરુચિ એ મહાસમર્થ વિદ્વાન્ અને વ્યાકરણ તથા કોશ વિષયમાં બહુ ઉપયોગી ગ્રંથકાર થઈ ગયો છે. તેના ગ્રંથો પ્રામાણિક ગણાય છે. છતાં સચકિત જોઈએ છીએ કે, કાળનિર્ણય વિષયમાં તો આપણે પણ પ્રથમ લમ્બકના ઇતિહાસથી વિશેષ શંકાશીલ રહ્યા છીએ–થયા છીએ. સોમદેવ કવિ લખે છે કે, "પાણિનિ ને વરરુચિ

* શતાનીક અને સહસ્રાનીકનાં નામો પાંડવોનો વંશ વર્ણવતાં વિષ્ણુપુરાણમાં દર્શાવેલાં છે.

† વ્યાડીએ એક લાખ શ્લોકનો સંગ્રહ નામનો ગ્રંથ રચ્યો છે, જેનો વિષય વ્યાકરણ છે. મહાભાષ્યમાં પતંજલી, સંગ્રહનું સ્મરણ કરે છે.

એક ગુરુના શિષ્ય હતા.” પણ ઉપર જણાવી ગયા તેમ પાણિનિનો કાળ કેવળ નિરાળો જણાય છે* અને વરરુચિ ચન્દ્રગુપ્તના સમયમાં હતો, એમ તેના આ ગ્રંથના ઇતિવૃત્ત પરથી જણાય છે, તો આજ સત્ય છે કે, આ ગ્રંથમાંનો વરરુચિ અને પાણિનિ સંબંધી ઉલ્લેખ તર્કથી બહાર છે.

વળી વરરુચિ અને યોગનંદનો ઐતિહાસિક ભાગ બહુધા નવો છે. યોગનંદનું નામ ઇતિહાસના કોઈ પણ ગ્રન્થમાં જણાતું નથી–જો કે, “નવનંદને ચાણાક્ય નામનો ચતુર ધીર પુરુષ રાજ્યાસનથી ભ્રષ્ટ કરીને ચંદ્રગુપ્તને સાર્વભૌમપદે અભિષિક્ત કરશે,” એવાં પ્રમાણો, શ્રીભાગવત, વિષ્ણુપુરાણાદિક ગ્રન્થોમાંથી મળે છે. ઇન્દ્રદત્તને પરકાયાપ્રવેશવિદ્યાની પ્રાપ્તિ થવી, અને તેથી મૃત નંદના અંગમાં પ્રવેશ કરી યોગનંદ નામ ધરાવી ગુરુઋણમાંથી મુક્ત થવાનો પ્રસંગ, જો કે સયુક્તિક છે, તથાપિ સપ્રમાણ નથી જ. એ વસ્તુ નાટકાચાર્યને રમણીયોજ્જવલ છતે, વિશાખદત્ત જેવાએ પણ તેનો ત્યાગ કીધો છે, એ વિસ્મયકારી છે. ધારીએ છીએ કે, વિશાખદત્તે મંત્ર કરતાં તંત્રપર વિશેષ લક્ષ દીધું હશે. પરંતુ યોગનંદનું ઇતિવૃત્ત કે સંક્ષિપ્તવૃત્ત જાણવાનું જો કંઈ સાધન હોય તો તે માત્ર આ કથાપીઠજ છે. ચાણાક્યનો વૃત્તાંત બીજા ગ્રન્થોમાંથી મળે છે, તેને આ કાવ્યમાં પુષ્ટિ આપી છે. નંદકુલનિકંદનના ઐતિહાસિક વૃત્તાંત સાથ, ચંદ્રગુપ્તનો ઇતિહાસ તો બહુ અંશે લોકપ્રસિદ્ધજ છે; પરંતુ આ કાવ્યગ્રન્થનો એ ભાગ પણ સપ્રમાણ ગણાય તેમ નથી જ. અર્વાચીન ને મધ્યકાલીન કવિઓ પેરે, અપ્રશસ્ત ગપોડા, ઇતિહાસ સાથે એવા સયુક્તિક ગોઠવાયલા છે કે, એ વૃત્તાંતને ભાગ્યે જ પ્રમાણ ગણી શકીશું. આથી સિદ્ધ થાય છે કે, **सत्यासत्य वस्तु रचनाथी रस, चमत्कार अने उपदेश सहेल्थी अपाय छे, माटे केवळ इतिहासपर लक्ष न राखतां, कविताने छाजती छूट कविये लीधी छे;** અને કવિ પ્રતિભાનો પ્રકાશ પ્રકટ દર્શાવી, યુક્તિપરંપરાએ સત્યને અસત્ય સાથે સજ્જડ જોડી દઈ, ઐતિહાસિક વિભાગ સત્ય છે, એમ મનાવવા સચોટ રચના રચી છે.

આ અપૂર્વ રમણીયોજ્જવલ કલ્પનાશક્તિ દર્શાવનારી **नरवाहनदत्त नायकनी शृंगार प्रधान कथा ए आ बृहत्कथानुं शरीर छे.** આદિ મહાકવિ વાલ્મીકિ વિરચિત રામાયણ મહાકાવ્યમાં કવિએ કરુણારસ આલેખ્યો છે; સંસ્કૃતવિદ્વાન્ પંડિતોમાં જો કે ભિન્નભિન્ન મત છે, તથાપિ પંડિતોએ માન્ય કરેલો શાંતરસ, વેદ વ્યાસ વિરચિત મહાભારતમાં સ્થળે સ્થળે દર્શન દઈ રહ્યો છે. (મહાભારતનો મોટો ભાગ તો વીરરસથી ભરપૂર છે. કેવળ શાન્ત રસતો શ્રી ભાગવતમાં છે.) રામાયણ મહાભારતની તુલનાના આ બૃહત્કથા કાવ્યગ્રન્થમાં, ગુણાઢ્ય કવિએ બહુ ચાતુરીથી શૃંગારરસને ખિલાવ્યો છે. સંપૂર્ણ સંદર્ભપર દૃષ્ટિ દેતાં આપણે જોઈ

* પાણિનિ ઈ. સ. પૂ. ૧૬૦૦ વર્ષપર થઈ ગયો છે. કાત્યાયન ઇ. સ. પૂ. ૪૦૦–૫૦૦ માં થયો છે.



શકીએ છીએ કે, નવરસમાં પ્રધાન અને પ્રાણીમાત્રની પ્રકૃતિને વિશેષ અનુકૂલ સ્વભાવથી જ હોય છે. જે શૃંગાર, તેજ અંગીરસ છે; અને તેને પોષતાં–રસવર્ધન કરતાં, હાસ્યાદિ રસો અંગભૂત છે. શૃંગારના બે મુખ્ય ભેદ છેઃ વિપ્રલંભ અને સંયોગ. પ્રસંગે પ્રસંગે કવિએ એ બંને દલની ઘટના અતિ અદ્‌ભુત રીતે કીધી છે. નરવાહનદત્ત એ કામદેવનો અવતાર છે. કામદેવ શૃંગારનો રાજા છે. તેમાં (રાજ્યમાં) તે રમે છે, ગમત ઉડાવે છે, હસે છે, હસાવે છે અને વળી સમયે તેમાં કરુણવિપ્રલંભ ઉત્પન્ન થાય તેવા અવનવા અદ્‌ભુતોજ્જવલ વૃત્તો બને છે. કાવ્યના સંવિધાનમાં આ સર્વનું ઐક્ય ચતુરાઈથી ચીતર્યું છે. વાચકવૃંદને તેમાં સમયે સમયે તલ્લીન કરવામાં આવે છે. શૃંગારરસ યોજવામાં કવિએ બુદ્ધિકૌશલ્ય અચ્છું લડાવ્યું છે; કેમકે કરુણથી દ્રવ, શાંતથી તલ્લીનતા, પણ શૃંગારથી રમણીયોજ્જવલ માનસોલ્લાસ થાય છે. આરંભથી–ફલાગમ મૂખસંધિથી તે નિર્વાણસંધિ પર્યંત–નરવાહનદત્ત જન્મથી તે વિષમશીલ પર્યંત–સ્થળે સ્થળે એવી તો ચતુરાઈથી કવિએ શૃંગારને રમાડ્યો–ખીલવ્યો છે કે, તેવું ઐક્ય કોઈ પણ કવિએ સંસ્કૃત વાણીદ્વારા દર્શાવ્યું હોય, એવું અદ્યાપિપર્યંત જાણવા શક્તિમાન્ થયા નથી.

સ્વદેશોન્નતિ દર્શાવવા અને “અમારુંજ સર્વ શ્રેષ્ઠ” એમ મનાવવાની લેહેમાં વળેલા યુરોપીયન પંડિતોની આ તો પરાંપરાની (કુ) ટેવ પડી ગયલી આપણે વારંવાર જોઈએ છીએ કે, ભરતખંડની કોઈ પણ વસ્તુ, કોઈ પણ કાર્ય, કે કોઈ પણ ગ્રંથનું પ્રાચીનપણું સિદ્ધ કરતાં અનેક પ્રકારના વઢ્વા તદ્દ્વાના લેખો ચિતરી જાય છે. તેઓ ઠોકયા જાય છે કે ‘આ તો માનવા યોગ્યજ નથી,’ ‘આ તો ક્ષેપક છે,’ ‘આ તો સાવ નિર્મૂળ છે.’ આ રીતે પાશ્ચાત્ય પંડિતો આર્યોના લેખ સંબંધી ઘણાં જ મોળા–ઘણા જ દ્વેષીલા જણાય છે! પાશ્ચાત્ય પંડિતો પોતાનું પ્રતાપિપણું, પ્રમાણ પુરસ્સર મનાવવા માટે, અને પોતાના કલ્પિત તરંગોને સત્ય કહેવરાવવાને આર્યોના પ્રાચીન ગ્રન્થોને અપ્રમાણ ગણી, સયુક્તિક કહેવાને મંડી પડેલાજ છે કે આ હાલની પૃથ્વીને થયાને માત્ર પાંચ હજાર વર્ષ થયાં છે! એટલે અનાદિ કાળના વેદોનાં અસ્તિત્વને તો એનાથી પૂર્વના કેમ જ માને? પાણિનિને થયાને ત્રેવીશ સો, ચોવીસ સો, રામાયણ થયાને ત્રણ હજાર, ભારત થયાને પચીશ સો, મનુસ્મૃતિ થયાને તેત્રીશ સો, અને વેદને થયાને પાંચ હજાર વર્ષ કહે છે!! તેજ પ્રમાણે ગુણાઢ્ય કવિને થયાને એક હજાર વર્ષ કહે છે. જો એટલેથીજ પતતું હોય તે તો ઠીક જ, પણ પાશ્ચાત્ય પંડિતો એટલે સુધી કહેવાને છેક તણાઈ ગયા છે કે, બૃહત્કથાનું અસ્તિત્વજ નહોતું. તેનું અસ્તિત્વ હતું તે માનવાનું પ્રમાણ સોમદેવના ગ્રંથમાં લખ્યા વિના બીજું કંઈજ તેઓને મળ્યું નથી. કથાસરિત્સાગરના સંપાદક પંડિત દુર્ગાપ્રસાદ, આ વિષયમાં રુડું વિવેચન કરીને, પાશ્ચાત્ય પંડિતોના આ ભૂલભુલામણી ભરેલા વિચારો–મોહ–અચ્છી રીતે બતાવેછે. વેબર પંડિત પોતાના ‘હિસ્ટરી ઑફ

ઇંડિયન્ સંસ્કૃત લિટરેચર' નામક ગ્રંથમાં જણાવે છે કે, ગુણાઢ્ય કવિ ખ્રિસ્તી સનેના આઠમા સૈકામાં થયો છે ! અહિંયાં વળી આશ્ચર્ય આ જોવાય છે કે, દંડી કવિને છઠ્ઠા સૈકામાં માનવામાં આવ્યો છે ! જ્યારે કવિરત્ન દંડી પોતાના 'કાવ્યાદર્શ' માં બૃહત્કથાના અસ્તિત્વનો સ્વીકાર કરે છે ! કથાસરિત્સાગર લોકોમાં કેવળ અપ્રસિદ્ધ ગ્રંથ હતો; જેને પ્રસિદ્ધિમાં મૂકવાનું માન પ્રોફેસર વિલ્સનને ઘટે છે; પણ તે પોતાના 'કલેક્ટેડ વર્ક્સ' માં જણાવે છે કે, સોમદેવ કવિએ પ્રાચીન બૃહત્કથાપરથી કથાસરિત્સાગર રચ્યો છે કે કેમ, તેને માટે મને મોટી શંકા છે. સંપાદક બ્રોકોસ પણ એમ માને છે કે, સોમદેવે આ ગ્રંથ જૂદા જૂદા કથા ગ્રંથોને સંગ્રહીને રચ્યો છે; અર્થાત્ બૃહત્કથાના અસ્તિત્વનો તે પણ અસ્વીકાર કરે છે. તેને વળી ફ્રેન્ચ પ્રોફેસર લેસન-બૃહત્કથા મંજરીના સંપાદક સંમતિ આપે છે! આ સર્વ પંડિતો, કથાપીઠમાં આપેલી વસ્તુના સત્યપણાનો અસ્વીકાર કરે તે કોઈ કારણવશાત્ કરતા હોય તો ઠીક, પણ તેઓને બૃહત્કથા નહિ મળી એટલે બૃહત્કથા હતી જ નહિ એમ માની બેઠા. કોઈ વસ્તુ નહિ મળી, અથવા ગ્રંથો પ્રમાણે કોઈ પદાર્થ સુમિલ યથાર્થ નહિ થઈ શક્યો, એટલે તે નથી જ, એવું બુદ્ધિકૌશલ્ય પ્રકટ કરવામાં પાશ્ચાત્ય વિદ્વાનો એટલા બધા ધીટ અને નિડર હોય છે, કે આપણાથી તેમના બુદ્ધિપ્રવાહ માટે શોચ કરયા વિના રહેવાય નહિ. જો કે તેઓ શોધકનો દાવો ધરાવે છે, તથાપિ બહુધા ભૂલોથી ભરેલા છે.

વિદેશી પંડિતો જેમ ભૂલોથી ભરેલા છે અને નિઃશંક બનીને ગમે તેવા નિર્ણયપર આવી બેસતાં વિલંબ કરતા નથી. તેમ તેઓ એવા પણ છે કે, સત્ય વસ્તુ જડી કે ભૂલ સુધારવામાંએ પાછા હઠતા નથી. ૧૮૭૦-૭૧ માં પંડિત બ્યુલર, જયપુર, કાશ્મીર આદિસ્થળે પ્રાચીન ગ્રંથોના શોધ માટે ગયા હતા. ત્યાં તેઓને કાશ્મીરવાસી ક્ષેમેન્દ્રકૃત બૃહત્કથા મંજરીનો દુર્લભગ્રંથ હાથ આવ્યો. આ ગ્રંથ અને કથાસરિત્સાગરનો વિષય એક હોવાથી તેમણે બન્નો ગ્રંથની સરખામણી કીધી. તુરત 'ઇંડિયન્ એન્ટિકવરી' માં બૃહત્કથાનું અસ્તિત્વ સિદ્ધ કીધું તથા નિવેદન કીધું કે, જ્યાં સુધી પાશ્ચાત સંસ્કૃતજ્ઞાતાઓના હાથમાં આવા વિષયો સિદ્ધ કરવાનાં સાધનો દશ વીશ વર્ષપર નહોતાં, ત્યારે આવી ભૂલો સ્વાભાવિક હતી; પણ જ્યારે તેવાં સબળ સાધનો સન્મુખ હોય ત્યારે આવી ભૂલો બહુ ભારી થઈ પડે છે. પંડિત બ્યુલરે ઘણી સારી શોધ કરી છે અને તેઓએ નિઃસંશય નિવેદન કીધું છે કે, કથાસરિત્સાગર અને બૃહત્કથા મંજરી એ પ્રાચીન ભૂતભાષામયી બૃહત્કથાનો સાર છે; અને આ ગ્રંથના કથાપીઠના પ્રારંભમાં અને ગ્રંથની સમાપ્તિમાં જે વૃત્ત જણાવ્યું છે, તે યથાર્થ હોય એમ તેઓ માને છે. જો બૃહત્કથા-મંજરીની સત્તા જણાઈ ન હોત તો માનવાને સબળ કારણ મળે છે કે, પાશ્ચિમાત્ય પંડિતો અદ્યપિપર્યંત બૃહત્કથાનું અસ્તિત્વ સ્વીકારત જ નહિ.



પશ્ચિમ પંડિતો આર્યોના અદ્ભૂતાશ્ચર્યમય કોઈપણ ગ્રંથોની પ્રાચીનતા સિદ્ધ ન ગણી અર્વાચીનપણું સિદ્ધ કરવા મથન કરે, એ તો તેમની પ્રકૃતિ પડી ગઈ છે, એટલે તેમના આવા વિચારોથી આશ્ચર્ય પામવાનું કંઈ પણ કારણ નથી. દેશી પંડિતો તો આજ સેંકડો વર્ષો થયાં બૃહત્કથાની કીર્તિથી મોહિત થઈ તેના કર્ત્તાને પ્રેમપૂર્વક વંદના કરતા અને તેની સ્તુતિ કરતા આવ્યા છે. તેઓને બૃહત્કથાના અસ્તિત્વ માટે શંકા હતી નહિ ને હોવાનાં કારણો પણ હોય નહિ. ધારીએ છીએ કે તેઓએ (કદાચ) બૃહત્કથા જોઈ પણ હશે. સંપાદક પંડિત દુર્ગાપ્રસાદ, કથાસરિત્સાગરની પ્રસ્તાવનામાં ગુણાઢ્યનો વૃત્તાંત સંક્ષિપ્તમાં નિવેદન કરતાં, દેશી પંડિતોમાં બૃહત્કથાનો પ્રચાર હતો, તેનાં ઉત્તમ પ્રમાણો આપે છે. વાસવદત્તાકાર સુબંધુ કવિ બૃહત્કથાની સત્તાનો સ્વીકાર કરીને પોતાના ગ્રંથમાં કુસુમપુરનું વર્ણન કરતાં જણાવે છે કે, * "બૃહત્કથા પેરે શાલભંજિકા વાળી;" કાવ્યાદર્શકાર દણ્ડી લખે છે કે, † "અદ્ભૂત અર્થવાળી ભૂતભાષામયી બૃહત્કથા કહે છે;" શ્રીહર્ષચરિત્રમાં કવિરત્ન બાણ પ્રારંભમાં જ લખે છે કે, ‡ "જેમ શિવજીની અતિ અદ્ભૂત ક્રીડા સર્વ જગતને આશ્ચર્ય આપે છે, તેમ આ બૃહત્કથા પણ આપે છે. (કવિએ બૃહત્કથા અને શિવજીની ક્રીડાનું શ્લેષથી વર્ણન કર્યું છે.) શિવક્રીડા કામદેવને બાળનાર છે અને બૃહત્કથા કામદેવનો ઉદ્દીપન કરનારી છે. શિવજીની ક્રીડા પાર્વતીને શૃંગારનારી છે અને આ બૃહત્કથા પાર્વતીનું મનોરંજન કરનારી છે." કાદમ્બરીમાં એજ કવિ ઉજ્જયિની નગરીનું વર્ણન કરતાં લખે છે કે, § "બૃહત્કથામાં કુશળ;" દશરૂપનો કર્ત્તા ધનંજય લખે છે કે, ‖ "રામાયણાદિ (ઇતિહાસ ગ્રંથો) અને બૃહત્કથા (કાવ્ય ગ્રંથ) જોઈ;" કુવલયાનંદના પરિકર પ્રકરણમાં અપ્પયદીક્ષિત ઉદાહરણનો શ્લોક ટાંકે છે કે, ¶ "વિચિત્ર અર્થમય બૃહત્કથા મેં કહી નથી;" આર્યા સપ્તશતીકાર ગોવર્ધન કવિ લખે છે કે, $ "રામાયણ, મહાભારત અને બૃહત્કથાના કવિઓને અમે નમસ્કાર કરીએ છીએ." આ વિના બે મુખ્ય કવિ, જેઓએ ભૂતભાષામયી બૃહત્કથાપરથી સંક્ષિપ્તમાં કથાસરિત્સાગર અને બૃહત્કથામંજરી ગ્રન્થોનો સંસ્કૃત વાણીમાં અનુવાદ કર્યો છે, તેઓ પણ પોતાના ગ્રન્થોમાં બૃહત્કથાના અસ્તિત્વ માટે સ્પષ્ટપણે લખે છે. શ્રી સોમદેવ ભટ્ટ લખે છે કે, ** "સર્વ પદાર્થોને પ્રકાશ કરવામાં દીપિકા સરખાં સરસ્વતીને પ્રણામ કરી બૃહત્કથાસારનો સંગ્રહ (કથાસરિત્સાગર) કરું છું. જેમ મૂળ-

---

* "बृहत्कथारम्भैरिव शालभंजिकोपेतैः ॥"

† "भूतभाषामयीं प्राहुरद्भुतार्थां बृहत्कथाम् ॥"

‡ "समुद्दीपितकंदर्पा, कृतगौरीप्रसाधना ।
हरलीलेव नो कस्य, विस्मयाय बृहत्कथा ॥"

§ "बृहत्कथाकुशलेन ॥"

‖ "रामायणादि च विभाव्य बृहत्कथां च ॥"

¶ "चित्रार्थां न बृहत्कथामचकथं ॥"

$ "श्रीरामायणभारतबृहत्कथानां कवीन्नमस्कुर्मः ॥

** "बृहत्कथायाः सारस्य संग्रहं रचयाम्यहम् ॥
यथा मूलं तथैवैतन्न मनागप्यतिक्रमः ।
ग्रन्थविस्तरसंक्षेपमात्रं भाषा च भिद्यते ॥"

ગ્રન્થ (બૃહત્કથા) માં છે, તેમ જ આ (કથાસરિત્સાગર) માં છે. આની અંદર જરા પણ તે (બૃહત્કથા)-નો ભાગ જવા દીધો નથી. માત્ર ગ્રન્થ (બૃહત્કથા) ના વિસ્તારનો સંક્ષેપ કર્યો છે, અને ભાષા (પિશાચ્યને બદલે સંસ્કૃત) જૂદી પાડી છે." એમ જ ક્ષેમેન્દ્ર પણ ગ્રન્થારમ્ભમાં લખે છે કે, *"જેમ આકાશમાં રહેલી ગંગાને સપાટ ભૂમિમાં ઉતારવામાં આવી છે, તેમ હર (શંકર) ના મુખમાંથી નિકળેલી (અને) અનુગ્રહ કરનારી, પિશાચ્ય વાણીમાં પડેલી આ કથા વિઘ્નરૂપ થઈ; તેથી, સુખથી સેવવા માટે સંસ્કૃત ભાષામાં ઉતારી છે." આ પ્રમાણે દેશી અનેક પંડિતોએ બૃહત્કથાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે, તેથી અમે કહેવા સહજ શક્તિમાન્ થયા છિએ કે, **कोइपण अपश्रिम पंडित बृहत्कथाना अस्तित्वमां निष्कारण भ्रान्त थशे नहीं.**

પ્રકરણ અને સંગતિ તપાસતાં આ માનવાને તો સબળ કારણ છે કે, **बृहत्कथामंजरी-अने कथासरित्सागर ग्रंथो बृहत्कथानी छाया छे.** પંડિત બ્યૂલરે, અપૂર્વ ગ્રન્થ બૃહત્કથામાંથી ક્ષેમેન્દ્રે અને સોમદેવભટ્ટે કેવા કેવા પ્રકારે સારસંગ્રહ કીધો હશે, તેની તુલના 'ઇંડિયન એન્ટિક્વેરી'માં બહુ સારી સૂક્ષ્મરીતિએ કીધી છે અને તેપરથી સિદ્ધ થાય છે કે, બૃહત્કથા હતી, અને તેનાપરથીજ કાશ્મીરનિવાસી ઉક્ત બંને કવિઓએ સંક્ષિપ્તમાં અનુવાદ કર્યો છે. એક જ કાળના, એકજ દેશના, એકજ રાજાના આશ્રિત, બળમાં શ્રેષ્ઠ, બે કવિઓને એક જ વિષયના કાવ્યની સરખી કલ્પનાનો આવિર્ભાવ થાય, એ સભાવના તો સાક્ષરવર્ગથી વેગળી જ છે. રાજતરંગિણીમાં ગણાવેલા અનંતરાજના આ બંનો કવિ આશ્રિત હતા. માનવું જ જોઇએ કે, તે સમયમાં બૃહત્કથા અસ્તિત્વમાં હતી ને તેમાંની અતિ અદ્દ્ભુતાશ્ચર્યવાળી કથાઓ રાજા રાણીને ભૂતભાષામાં જ વાંચી સંભળાવવામાં આવી હશે અને તેથી રાજા રાણી અતિ પ્રસન્ન થયાં હશે. દંતકથા એમ ચાલે છે કે, રાજાએ આ ગ્રન્થનો સંક્ષેપ સંસ્કૃત વાણીમાં કરવાની આજ્ઞા ક્ષેમેન્દ્રને આપી. ક્ષેમેન્દ્ર, તેના કાવ્યોની રચનાપરથી જણાય છે તેમ, ઘણો ઉતાવળીઓ હોવો જોઇએ. તેણે એક લાખ શ્લોકમાં રચાયલી બૃહત્કથાનો આશરે આઠ હજાર શ્લોકમાં સાર કાઢી આટોપી દીધી. અથવા તો રાજાજ્ઞા એમ પણ હોય કે, કવિરાજે એ કાર્ય સત્વર પૂર્ણ કરવું. આવા કંઇક કારણવશાત્ ડા૦ બ્યુલર જણાવે છે તેમ, 'મંજરી'માં ક્ષેમેન્દ્રે એટલું તો સંક્ષિપ્ત લખાણ કીધું છે કે, બૃહત્કથાના ઘણા રસિક ભાગો છોડી દીધા છે અને ઘણા જ ટુંકામાં પતાવી દીધા છે. તેમ જ તેની ભાષા કર્કશ ને અરસિક પણ છે. કદાચ રાજાને આ ગ્રન્થ (મંજરી)

---

*"सेयं हरमुखोद्गीर्णा कथानुग्रहकारिणी । पिशाचवाचि पतिता संजाता विघ्नदायिनी ।
अतः सुखनिषेव्यासौ कृता संस्कृतया गिरा । समां भुवमिवानीता, गंगा श्वभ्रावलंबिनी ॥"



ગમ્યો પણ હોય, તથાપિ રાણીને તો તે ગમેલો જણાતો નથી. રાણીના મનોરંજનાર્થે તો આ કથાસરિત્સાગર રચાયલો આપણે જોઇએ છીએ. પહેલો ક્ષેમેન્દ્રનો ગ્રન્થ રાણીને પસંદ ન પડવાથી, સોમદેવભટ્ટે સ્ત્રીના ચિત્તવિનોદ માટે, ગ્રન્થનો સાર ખેંચવામાં સારી બુદ્ધિ વાપરી છે ને તેમ કરતાં જે સંક્ષિપ્ત આઠ હજારમાં થયો, તેને બદલે ભટ્ટે તેથી ત્રમણુમાં, એટલે ચોવીસ હજારમાં બૃહત્કથામાંનો સાર ખેંચ્યો છે. સોમદેવનો રચેલો ગ્રન્થ, અનંગદેવ રાજાની રાણી સુર્યવતીને ગમે તેવો જ છે. એ વિષયમાં કવિએ છેલ્લી પ્રશસ્તિમાં સારી રીતે રાણી તથા રાજાની સ્તુતિ કરી છે. કવિએ રાણી સૂર્યવતીની સ્તુતિ કરવામાં તો કશી પણ મણા રાખી નથી.

પરંતુ સાર ખેંચવામાં કવિઓએ ગમે તેમ કીધું હોય, તથાપિ રચનાના ક્રમમાં આ બંનો કવિ કેટલેક અંશે જૂદા પડ્યા છે, જે બહુ બહુ વિચાર ઉત્પન્ન કરનારું છે. સોમદેવ કવિએ જે ઘટના કીધી છે, તે દેખીતી જ ઉત્તમ છે. તેણે મૂળ ભૂતભાષામયી કથામાં જેમ લંબક હશે, તેમ સંસ્કૃત કથાસરિત્સાગરમાં પણ લંબક રાખ્યા છેઃ પણ તરંગ હશે, તેમ તરંગ રાખ્યા છે કે નવીન પદ્ધતિએ ભાગ પાડ્યા છે તેનો નિશ્ચય થવો મુશ્કેલ છે. સાગરને લંબક સાથે અને તરંગને કથા સાથે કશો સંબંધ નથી. ભૂતભાષામાં 'લંભક' એવો શબ્દ છે; જેનો અર્થ વિભાગ થાય છે. કથાનો જે એક ભાગ હોય તેને 'લંબક ઠરાવ્યો છે; પણ સોમદેવે સાગરમાં લંબક અડાવ્યો. તેનું કારણ સપ્રમાણ કલ્પી શકાતું નથી. સાગરમાં તરંગ યોગ્ય જ છે; પણ તેવા તરંગ કથામાં હોય તેમ માનવાને વાસ્તવિક કારણ નથી અને ક્ષેમેન્દ્રે લંબક કાયમ રાખીને તરંગ યોજ્યા નથી. એ પરથી એમ માનવું સયુક્તિક છે કે, મૂળ કથામાં તરંગ નહિ હોય, પણ 'લંબક'જ હશે; અને તેથી ક્ષેમન્દ્રે તરંગ દાખલ કીધા નથી કે લંબકમાં વિભાગ પાડ્યા નથી તે મૂળ પ્રમાણે ધારીએ છીએ પણ લંબકના ક્રમમાં જે ફેર છે, તે ઘણો વિસ્મય પમાડનારો છે. સરિત્સાગર અને મંજરીમાં લંબકનો ક્રમ આ પ્રમાણે જૂદો જૂદો છેઃ-

| ક્ષેમેન્દ્ર કૃત<br>લંબકનો ક્રમ. | સોમદેવભટ્ટ કૃત<br>લંબકનો ક્રમ. |
|---|---|
| ૧ કથાપીઠ | કથાપીઠ |
| ૨ કથામુખ | કથામુખ |
| ૩ લાવાણક | લાવાણક |
| ૪ નરવાહનદત્ત જન્મ | નરવાહનદત્ત જન્મ |
| ૫ ચતુર્દારિકા | ચતુર્દારિકા |

| | |
|---|---|
| ૬ સૂર્યપ્રભ | મદનમંજુકા |
| ૭ મદનમંજુકા | રત્નપ્રભા |
| ૮ વેલા | સૂર્યપ્રભ |
| ૯ શશાંકવતી | અલંકારવતી |
| ૧૦ વિષમશીલ | શક્તિયશા |
| ૧૧ મદિરાવતી | વેલા |
| ૧૨ પદ્માવતી | શશાંકવતી |
| ૧૩ પંચ | મદિરાવતી |
| ૧૪ રત્નપ્રભા | પંચ |
| ૧૫ અલંકારવતી | મહાભિષેક |
| ૧૬ શક્તિયશા | સુરતમંજરી |
| ૧૭ મહાભિષેક | પદ્માવતી |
| ૧૮ સુરતમંજરી | વિષમશીલ |

અહિયાં ગુંચવાડો વધી પડે છે. એક જ ગ્રન્થને આધારે જૂદા જૂદા બે કવિઓ તાત્પર્ય લખે, તેમાં સંકલનામાં સુઘટિત વૃત્ત ક્રમથી બહાર જવામાં આવે, એ બહુ વિચાર ઉત્પન્ન કરનારું છે. આશયમાં ભિન્નત્વ સ્વાભાવિક છે, પણ વૃત્તક્રમનું ભિન્નત્વ મોટો સંશય ઉત્પન્ન કરે છે. ક્ષેમેન્દ્રે ભૂતભાષાના જે ગ્રન્થપરથી મંજરીની ઘટના કીધી છે, તે જ ગ્રન્થપરથી સોમદેવ ભટ્ટે સાગરની રચના કીધી છે, એમાં જો સંશય ઉત્પન્ન કરીએ તો જ આ વિષયનું સ્પષ્ટીકરણ થઈ શકે કે પ્રાચીન ભુતભાષામયી બૃહત્કથાની નિરનિરાળી પ્રતોમાં લંબકોની રચના, લેખક પ્રમાદથી ઉલટપુલટ થઈ ગઈ હોય ને તેથી લંબકક્રમમાં ફેર થયો હોય. તથાપિ બહુ પ્રચલિત બૃહત્કથા સંબંધે સર્વથા એમ જ થયું હોય તે માટે, કોણે મૂળ પાઠ જાળવી રાખ્યો છે તેની દુષ્ટતા તથા ઇષ્ટતા માટે, મૂળ પાઠ નહિ મળે ત્યાં સૂધી સહૃદય જનો સાશંક જ રહેશે.

ક્ષેમેન્દ્ર અને સોમદેવ ભટ્ટના કાળ નિર્ણય માટે ઘણી શંકા નથી. કહ્લણકવિકૃત રાજતરંગિણી ઇતિહાસ વિષયમાં સપ્રમાણ છે, એમ દેશી વિદેશી પંડિતજનો એકે મતે સ્વીકારી ચૂક્યા છે. કાશ્મીર રાજ્યનું ઇતિવૃત્ત તેમાંથી યથાર્થ મળે છે. સોમદેવ કવિએ પ્રશસ્તિમાં વર્ણવેલો અનંતદેવ રાજ એ કાશ્મીરના રાજ્યાસનપર ગોનન્દથી ૧૩૫ મો રાજા થયો છે; અને તેના સમયમાં સોમદેવ તથા ક્ષેમેન્દ્ર કવિઓ વિદ્યમાન હતા. વિક્રમાંક ચરિત્ર કર્ત્તા બિહ્લણ એમ લખે છે કે, સોમદેવે બૃહત્કથા સાર, ઉત્કર્ષ અને હર્ષના સમયમાં રચ્યો છે. પણ કવિ, પ્રશસ્તિમાં સ્પષ્ટ-



પણે વર્ણન કરે છે કે, અનંતદેવ, જેનો પિતા સંગ્રામદેવ છે, જેનો પુત્ર કલશ છે ને જેની રાણી પરમવિદુષી સૂર્યવતી છે, તેની આજ્ઞાથી આ કથાસાર રચ્યો છે; એટલે બિહ્લણ જે ઉત્કર્ષ અને હર્ષના સમયમાં સાગરરચના થઈ જણાવે છે, તે સપ્રમાણ ભાસતું નથી. અનંતદેવનો રાજ્યસમય કનિંગહામ ઈ૦ સ૦ ૧૦૨૮ જણાવે છે; વિલ્સન ૧૦૩૨ જણાવે છે. એના પિતા સંગ્રામદેવના સમય માટે ટ્રાયર ૧૦૦૬ કહે છે; કનિંગહામ ૧૦૦૩ અને વિલ્સન ૧૦૨૪ લખે છે. કહ્લણ, સંગ્રામદેવનો રાજ્યકાળ ૨૪ વર્ષનો જણાવે છે. જો ટ્રાયરનો અને કનિંગહામનો સમય સ્વીકારીએ તો ૧૦૨૮ ને ૩૨ જે જણાવવામાં આવે છે, તે અનંતદેવના રાજ્યાસને બેસવાના સમયનો બહુ અંશે યથાર્થ નિર્ણય કરે છે. એ અનંતદેવને એક બાંધવ હતો; તેણે માત્ર ૨૨ દિવસ રાજ્ય કીધું હતું. અનંતદેવે ૫૨ વર્ષ, ૪ માસ અને ૭ દિવસ રાજ્ય કીધેલું તરંગિણીકાર કહે છે. કનિંગહામ લખે છે કે ૧૦૮૦ માં કલશદેવ રાજ્યાસને બેઠો હતો, પણ વિલ્સન જણાવે છે કે ૧૦૫૪ માં કલશદેવ સિંહાસનારૂઢ થયો હતો. અનંતદેવને સિંહાસનારૂઢ થયાના વર્ષનિર્ણયમાં આ બે પંડિતોનો જેટલો મતભેદ હોય, તેનાથી મોટો મતભેદ તેના રાજ્યના ભોગવટાના સમયમાં છે: એક ૫૨ વર્ષ લખે છે, બીજો ૨૨. આ અનંતદેવના સમયમાં કાશ્મીરનું રાજ્ય પૂર્ણ પ્રતિષ્ઠામાં હતું ને પ્રજા સુખી હતી, એમ માનવાનું પ્રબળ પ્રમાણ કહ્લણ આપે છે. એક સમયે અનંતદેવે પોતાની સેનાના મનુષ્યોને કાશ્મીરી બાણું કરોડ રૂપિયા પારિતોષિકમાં વહેંચ્યા હતા. અનંતદેવના રાજ્ય સમયમાં ક્ષેમેન્દ્ર અને સોમદેવ ભટ્ટ થયા છે, એટલે આ કવિઓને થયાને આજે લગભગ સાડીઆઠસો વર્ષ થયાં છે.*

---

* અનંતદેવના રાજ્યસમય પ્રમાણે આ બંનો કવિઓ પણ ઇ૦ સ૦ ૧૦૨૮ થી ૮૦ લગણમાં હયાત ધારી શકીએ. ક્ષેમેન્દ્ર (નામાંતર વ્યાસદાસ) એ રાજકવિ હતો, એમ ડા૦ બ્યૂલર જણાવે છે. માનવાનું કારણ આ છે કે, તેણે ઘણા ગ્રંથો લખ્યા છે: જે આશ્રય વિના લખાયા નહીં હોય. એની મંજરીનો કેટલોક ભાગ ૧૮૮૬ માં ફ્રાન્સ દેશની રાજનગરી પારીસમાં પંડિત લેવીયે છાપ્યો છે; પણ તે ઘણો અશુદ્ધ છે. કથાસરિત્સાગર કર્ત્તા સોમદેવભટ્ટનો આ શિવાય બીજો કોઈ પણ ગ્રન્થ અધાપિ પર્યંત તો દુર્લભ થઈ પડયો છે; તથાપિ કોઇ ગ્રંથ હશે એમ ધારવામાં આવે છે. સોમદેવભટ્ટના પિતાનું નામ રામભટ્ટ હતું. કથાસરિત્સાગરની રચના રાજાની પટ્ટરાણી સૂર્યવતીની આજ્ઞાથી કીધી છે એવું ગ્રંથના છેવટમાં આપેલી પ્રશસ્તિપરથી જણાય છે. 'સાગર' પ્રથમ જર્મનીમાં બ્રોકાસે છાપ્યો હતો; જેના પાંચ લંબક દેવનાગરી લીપીમાં અને તેર લંબક રોમન લીપીમાં છાપ્યા છે. તે પછી જીવાનંદે કલકત્તામાં આ ગ્રન્થની ચૂર્ણિકા છાપી છે, જેમાં સાગરના રત્નોનો બહુ અંશે નાશ થયો છે. વળી ૧૮૮૦ માં કલકત્તામાં આ ગ્રંથનો શશાંકવતી લંબક એકલો જ છપાયો છે. ૧૮૮૯ માં સંપાદક પંડિત દુર્ગાપ્રસાદે અને કાશીનાથ પરબે આ ગ્રન્થ નિર્ણયસાગર પ્રેસમાંથી પ્રકટ કીધો છે—જે શુદ્ધાવૃત્તિ છે.

સાહિત્યની અદ્ભુત કથા, રસ પ્રકાશક, અલંકારભરી, સ્વાભાવિક શબ્દવૃત્તિથી સહજ શણગારાયલી, પ્રૌઢ અને સરલ ભાષામાં રચાયલી હોય ને જોકે તે વિદ્વદ્વર્ગને અમાન્ય એવી ભૂતભાષામાં રચાયલી હોય, તદપિ કુતૂહલથી ભરપૂર અને મોહક હોય તો તેને સર્વ વિદ્વાનો પ્રેમથી પૂજે છે. તે જ પ્રમાણે **शालिवाहनना समयमां उत्पन्न थयेला गुणाढ्य कवियें रचेली बृहत्कथा, प्राचीन अने अर्वाचीन अनेक कवियोना कथा संदर्भ रत्नोनी मोटी खाण छे.** ચિત્તાકર્ષક, પ્રિય અને હૃદયોલ્લાસવાળી આ અપૂર્વ, અસામાન્ય કથાથી ભરતખંડના અનેક વિદ્વાનો પરમાનંદને પામેલા જણાય છે: તેઓ એમાં ડુબી ગયા છે. ગુણાઢ્ય એ મહાકવિ હતો; તેણે મોહજનક રચેલી આ કથા એકવાર આર્યાવર્તના પ્રત્યેક જનના ચિત્ત વિનોદનું સાધન થઈ પડી હશે, ને તેથી જ એ ગ્રન્થમાંથી વસ્તુ લઈને નિરનિરાળી રીતે અનેક ગ્રન્થો રચાયા છે.

ગુણાઢ્યનું ઇતિવૃત્ત, યથાર્થ-ઇંગ્રેજ મહાકવિઓના ઇતિવૃત્ત જેમ આપણને સત્યતાથી ભરપૂર મળી આવે છે તેવું મળવું તો દુર્લભ જ છે. પ્રાચીન કાળના પુરુષોનાં ઐતિહાસિક ચરિત્રોના અભાવે જે કંઈ તુટક અને જુજ જાજ વૃત્તાંતો આપણને મળે છે, તેપર જ સઘળો આધાર રાખવા જેવું છે. બહુધા આર્યાવર્તના મહાપુરુષોનાં જીવન વૃત્તાંતો-જન્મકાળ, અવસ્થા, જ્ઞાન સંપાદનાર્થ શ્રમ ને સ્થિતિ, નિર્વાહનાં સાહિત્યો-પદાર્થો, આદિના ચરિત્રો મળવાં દુર્લભ થઈ પડ્યાં છે. આમ છતાં **બૃહત્કથા**ના કર્ત્તા ગુણાઢ્યના સંબંધમાં કંઈક નિરાળી વાર્તા છે. તેનું જીવન વૃત્તાંત આ ગ્રન્થના કથાપીઠ લંબકમાં કેટલેક અંશે સારી રીતે આપ્યું છે ને તે અપ્રમાણ ગણવાનાં કારણો સાધાર મળ્યાં નથી. ગુણાઢ્યના જન્મનો હેતુ, જન્મ પછીનું જીવન, તેનું જ્ઞાન, રાજ્યાશ્રય, **શાલિવાહન** સાથેનો વાદ, પિશાચ ભાષામાં ગ્રન્થ લખવાનું કારણ, ગ્રન્થનો અનાદર નેં સાદર, ઇત્યાદિ વિષયનું કથન કથાપીઠમાં યોગ્ય રીતે કરવામાં આવ્યું છે. જો કે ગુણાઢ્યની ત્રણ ભાષાના ત્યાગની પ્રતિજ્ઞા ને **શાલિવાહન**ના સમયમાં તેના ઉદય અસ્તની વાર્તા નિ:સંશય છે, તથાપિ વિદેશી વિદ્વદ્વર્ગમાં એવી શંકા ઉત્પન્ન થયેલી આપણે જોઈએ છીએ કે, ગુણાઢ્ય, **સાતવાહન** રાજાના સમયમાં નહોતો, પણ તે પછીના સમયમાં થયો છે. પૂર્વે નિવેદન કીધું છે કે, પંડિત **વેબર**ના જણાવ્યા પ્રમાણે છઠ્ઠા સકામાં **બૃહત્કથા** રચાયલી છે; પણ ડા૦ **પિટર્સન**નો મત તો તેથી કેવળ વિપરીત જણાય છે. તેઓ તો કલ્પે છે કે, **બાણ** ને ગુણાઢ્ય સમકાલીન હતા; અર્થાત **બાણ**નો સમય સાતમા શતકમાં ગણવામાં આવે છે, અને તે કાળે ગુણાઢ્યનો પણ ગણ્યું છે. પરંતુ **વાસવદત્તા**નો સંપાદક પંડિત **ફ્રિટ્સ હૉલ** લખે છે કે, **બૃહત્કથા** ઇ૦ સ૦ ના પહેલા કે બીજા શતકમાં રચાયલી છે ને તેને પંડિત **બ્યુલર** સંમત થાય છે એટલે, કથાપીઠમાં ગુણાઢ્યના શિષ્યે જે ચરિત્ર નિરૂપણ કીધું છે તે સત્ય ઠરે છે. દેશી કવિજનોમાં **ક્ષેમેન્દ્ર** અને **સોમદેવભટ્ટ** વિના પણ બીજા પ્રાચીન કવિઓ ગુણાઢ્યનું અસ્તિત્વ ઘણા પ્રાચીનકાળમાં સ્વીકારે છે. **નળચંપૂ**માં ત્રિવિક્રમ કવિ લખે છે કે, *"બાણસહિત ધનુષ્ય સરખા નમદાકાર ગુણાઢ્યે† સર્વ લોકોનાં મન નિરંતર રંજન કરી જિતી (વશ કરી) લીધાં છે;" **આર્યાસપ્તશતીકાર ગોવર્ધને** લખ્યું છે કે, ‡"અતિ લાંબા **આયુષ્ય**ના દોષથી **વ્યાસે** પોતાનોયશ ગુમાવ્યો; જો તેમ ન હોત તો ગુણાઢ્ય એ **વ્યાસ**નો બીજો અવતાર થયો છે, એમ કોણ ન કહેત ?" આ રીતે પ્રાચીન કવિઓ **બૃહત્કથા** અને તેના રચનાર ગુણાઢ્યનું અસ્તિત્વ અને **બૃહત્કથા**નું મહત્કાર્ય તેણે જ કીધું છે, એ વાતનો સ્વીકાર કરતા જ આવ્યા છે, અને આ **બૃહત્કથા** ગુણાઢ્યની કલ્પનાથી રચાયલી નથી, પરંતુ **પાર્વતી** પ્રાણનાથ **શિવજી**એ કહેલી કથાને પિશાચ ભાષામાં તેણે જ ઉતારી છે, એમ માનતા આવ્યા છે. ગુણાઢ્યે સાત લાખ શ્લોકના પૂરવાળી **બૃહત્કથા** પિશાચ ભાષામાં લખી હતી, પણ ઐશ્વર્યમત્ત **સાતવાહન** રાજાથી આ અપૂર્વ રસચમત્કૃતિથી ભરપૂર કાવ્ય ગ્રન્થનો અનાદર થવાથી તે અત્યંત ખિન્ન થયો; અને ખિન્ન હૃદયે તેણે છ લાખ શ્લોકની કથા-જેમાં છ વિદ્યાધરોનું ચરિત્ર હતું તે-અગ્નિકુંડમાં હોમી દીધી ! ખરેખર તે બનાવ, ભારતવર્ષના ઉજ્જવલ કીર્તિચંદ્રને **રાહુ** સમાન છે. તે અપૂર્વ કથા અસ્તિત્વ ભોગવતી હોત તો આ શેષ કથાથી જે ચમત્કૃતિ લાગે છે, તેથી વિશેષ લાગત, એ સંભાવના સાહજિક છે.



શકકાર **શાલિવાહન**ના સમય માટે તો શંકા જેવું કંઈ જ નથી. કલિયુગનો આ ત્રીજો શક પ્રવર્તક ઇ૦ સ૦ ના પ્રથમ શતકમાં થયો છે. પંડિત ગટ્ટુલાલજીએ 'બૃહત્કથા સાર' નામના પોતાનાં ગ્રન્થમાં **સાતવાહન** સંબંધી બહુ વિદ્વત્તા ભર્યું વિવેચન કર્યું છે.

"આ (**સાતવાહન**) રાજાનું નામ હેમચંદ્રકૃત "અભિધાનચિંતામણિ" ના ત્રીજાકાંડમાં ક્ષત્રીયવર્ગના ૩૭૬ મા શ્લોકમાં हालः स्यात्सातवाहनः । એમ લખ્યું છે. એની રાજધાની **પ્રતિષ્ઠાન** એટલે પેઠણ હતી. રાજશેખરકૃત "**પ્રબંધકોશ**" માં લખે છે કે, अधुना तु दक्षिणदेशस्थितं प्रतिष्ठानपुरं क्षुल्लकग्रामतुल्यं वर्तते । 'હમણા તો દક્ષિણ દેશમાં આવેલું **પ્રતિષ્ઠાનપુર** એક નાના ગામડા જેવું છે.' આથી **રાજશેખર**ના સમ-

---

* "शश्वद् बाणद्वितीयेन नमदाकारधारिणा । धनुषेव गुणाढ्येन निःशेषो रंजितो जनः ॥"

† ધનુષ, ગુણ એટલે દોરી સહિત હોય છે અને તે ખેંચતાં નમે છે, અથવા ખેંચનારને સર્વે નમે છે. (ગુણ એટલે દોરી અને ગુણ એટલે સદ્ગુણ.) ધનુષને જો દોરી હોય તો જ તેવડે સૌ જિતાય છે ને પુરુષમાં સદ્ગુણ હોય તો તેથી સર્વે જિતાય-વશ થાય છે. તેમ ગુણાઢ્ય સદ્ગુણવડે જનમન વશ કરી શકતો હોવાથી તેને ધનુષની ઉપમા આપીને કવિ લખે છે કે, તેને એટલે તેના કાવ્યથી સર્વ વશ થાય છે, અર્થાત્ તેનાપર પ્રેમ કરે છે.

‡ "अतिदीर्घजीविदोषाद्व्यासेन यशोऽपहारितं हन्त । कैर्नोच्यते गुणाढ्यः स एव जन्मान्तरापन्नः ॥"

યમાં તે ગામની સ્થિતિ મંદ હતી એમ જણાય છે. અમારા સ્નેહી ડાક્તર **પીટર્સન્** બુંદીથી રાજા રામસિંહજીના પુસ્તક સંગ્રહમાંથી "ગાથા સપ્તશતી" નું એક પુસ્તક લાવ્યા હતા;* જે કે **સાત**વાહનકૃત પ્રસિદ્ધ છે. તેની ઇતિશ્રીમાં લખ્યું છે કેઃ-

"राएण विरइआए कुन्तलजणव अइणेण हालेण । सत्तसई अ समत्तं सत्तमवज्झासअं एअम्" ॥

"इति सप्तमं शतकम् । इति श्रीमत्कुन्तलजनपदेश्वर-प्रतिष्ठानपत्तनाधीश-शतकर्णोपनामक-दीपकर्णात्मज-मलयवतीप्राणप्रिय-कालापप्रवर्तक शर्ववर्मधीसख-मलयवत्युपदेश पंडितीभूत-त्यक्तभाषात्रय-स्वीकृतपैशाचिकपंडितराजगुणाढ्यनिर्मित भस्मीभवद्बृहत्कथावशिष्ट सप्तमांशावलोकन प्राकृतादिवाक्पञ्चक प्रीत-कविवत्सल हालाद्युपनामक श्रीसातवाहननरेन्द्रनिर्मिता विविधान्योक्तिमयप्राकृतगीर्गुम्फिता शुचिरसप्रधाना काव्योत्तमा सप्तशत्यवसानमागात् ॥"

**અર્થ**—"કુંતલ દેશના રાજા **હાલ**વિરચિત "**સ**પ્તશતી" નું આ સાતમું ગ્રન્થારાતક સમાપ્ત થયું. શ્રીમાન્ કુંતલદેશાધિપતિ **પ્ર**તિષ્ઠાનપુરપતિ **શ**તકર્ણ એ ઉપનામવાળો, †દીપકર્ણનો પુત્ર, ‡ **મ**લયવતી રાણીનો પ્રાણપ્રિય, "**કાલાપ**" વ્યાકરણ કરનાર **શ**ર્વવર્માની બુદ્ધિસાથે સખ્ય ધરાવનાર અર્થાત્ તેની બુદ્ધિથી રાજકાજ ચલાવનાર, **મ**લયવતીના ઉપદેશથી પંડિત થએલો, જેણે ત્રણ§ ભાષા છોડી દીધી હતી અને એકલી પૈશાચી સ્વીકારી હતી એવા પંડિતરાજ **ગુણાઢ્ય** મહાકવિએ નિર્માણ કરેલી અને ભસ્મ થએલી **બૃ**હત્કથાના બાકી રહેલા સાતમા અંશનું અવલોકન કરનાર, પ્રાકૃત વગેરે પાંચ ‖ વાણીપર વધારે પ્યાર ધરાવનાર, કવિઓપર વાત્સલ્ય વાપરનાર, **હાલ** વગેરે બીજાં નામોવાળો, જે **શ્રીસા**તવાહન નરેંદ્ર તેણે નિર્માણ કરેલી, વિવિધ અન્યોક્તિરૂપ, પ્રાકૃતમય વાણીથી ગૂંથાયલી, જેમાં શૃંગાર રસ પ્રધાન છે એવી કાવ્યોમાં ઉત્તમ "સપ્તશતી" સમાપ્તિ પામી."

* * * * * * * * *

"**સા**તવાહનનાં નામ **હાલ**, **શાલ**, **શાલ**વાહન, **સા**તવાહન અને **શા**લિવાહન એ છે. તેના **શાલ** અને **હાલ** એ બંને નામ "હેમકોષના" અનેકાર્થ ભાગોમાં કહ્યાં છે. "હેમનામમાળા," ત્રિકાંડશેષ વગેરે કોષોમાં પણ તેનાં નામ છે. દેશીનામમાળાના આઠમા વર્ગના ૬૬ મા શ્લોકમાં કહ્યું છે કેઃ "शालाहणम्मिहालो"–**શા**લાહણનું નામ "**હાલ**" પણ છે."

આ શૃંખલાબદ્ધ વૃત્તાંતપરથી અચ્છી રીતે જણાય છે કે, **સા**તવાહનના સમયમાં ગુણાઢ્ય હતો. તેણે ત્રણ ભાષાનો ત્યાગ કીધો હતો. તેણે જ પૈશાચ ભાષામાં બૃહત્કથા પણ રચેલી હતી અને તે પાછળથી **સા**તવાહને આદરથી સ્વીકારી પણ હતી.

ગીર્વાણ વાણીમાં ગ્રથિત રસાલંકારમય અનુપમ સાહિત્ય રત્નોની ખાણ **રામાયણ** અને **મ**હાભારત છે; તેમ જ પ્રાચીન અને અર્વાચીન સમર્થ કવિઓનાં રચેલાં અત્યુત્તમ કાવ્ય રત્નોની

* જુઓ ડાક્તર પીટર્સનના ત્રીજા રીપોર્ટનું પૃષ્ઠ ૩૪૯. † "સાગરમાં" "દીપકર્ણી" અને ગાથા "સપ્તશતી" ની બીજી પ્રતમાં "દ્વીપ કર્ણ" નામ મળે છે. ‡ મલય ગુપ્તની છોકરી. § સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ. ‖ પ્રાકૃત, શૌરસેની, માગધી, પશાચી અને અપભ્રંશ.



ખાણ પૈશાચ ભાષાની બૃહત્કથા અને સંસ્કૃત કથાસરિત્સાગર પણ એક છે. બહુધા સંસ્કૃત કવિઓએ પુરાણ ગ્રન્થની કોઈ કથાને આશ્રયી ઉતમ નાયકને આલંબી કાવ્યો રચ્યાં છે. બૃહત્કથામાંથી વસ્તુ લઈ ઘણા કથાકોવિદોએ શૃંગારવીરાદિ રસોમાં ઘણાં કાવ્યો રચ્યાં છે, જે આ પ્રમાણે અત્યાર સુધીમાં જણાયાં છે.

| | |
|---|---|
| **૧ મુદ્રારાક્ષસ.** | **૭ માલતીમાધવ.** |
| **૨ મૃગાવતી.** | **૮ પંચતંત્ર.** |
| **૩ નાગાનંદ.** | **૯ હિતોપદેશ.** |
| **૪ રત્નાવલી.** | **૧૦ દશકુમાર ચરિત.** |
| **૫ પ્રિયદર્શિકા.** | **૧૧ વૈતાલપંચવિંશી.** |
| **૬ કાદમ્બરી.** | **૧૨ વિક્રમચરિત્ર ઈત્યાદિ.** |

આ વિના બીજી અનેક કથાઓનું મૂળ બૃહત્કથા–હવે તો કહો કે કથાસરિત્સાગર–છે. આપણા દેશમાં ચાલતી અનેક કથાઓનું મૂળ આ ગ્રન્થમાં સ્થળે સ્થળે દર્શન દે છેઃ કહિંક સાક્ષાત્, કહિંક પરંપરાથી, સરકારના પુસ્તકસંગ્રહમાં અહુણાં જ આવેલા 'કથારત્નાકર'માં પણ બૃહત્કથામાંની ઘણી કથાઓ છાયારૂપે દૃષ્ટિગોચર થાય છે. વિદેશવિખ્યાત 'અરેબિયન નાઈટસમાં પણ 'સાગર,' કથાઓ નૂતન નૂતન સ્વરૂપે આવી રહી છે. ચતુર્દારિકાનો આખો લંબક ગુજરાતીમાં ઘણી જૂની ભાષામાં લખાયો છે.* તામિલ ભાષામાં રચાયલા કર્પૂરિકાનું મૂળ આ જ ગ્રન્થ છે; અને અદ્યાપિ નહિ જણાયલા એવા કેટલા ગ્રન્થો હશે, કે જે રત્નો આ 'સાગરમાંથી પ્રાપ્ત થયાં હશે.

**વિશાખદત્ત** વિરચિત મુદ્રારાક્ષસ, જે રાજપ્રપંચમાં અપૂર્વ નાટક છે, તેનું મૂળ આ ગ્રન્થના કથાપીઠ લમ્બકમાં છે (જૂઓ પૃષ્ઠ ૩૬). મુદ્રારાક્ષસના સંપાદક અને અનુવાદકોમાં આ માટે મત ભેદ છે; અને એમ જણાવવામાં આવે છે કે, આ અપૂર્વ નાટકની રચનાનું વસ્તુ કોઈ પ્રસિદ્ધ ગ્રન્થમાંથી લીધેલું જણાતું નથી. પણ વરરુચિ, રુચિ સહિત નન્દના પુરોહિતને મુખે જે વૃત્તાંત, નંદવંશનિકંદન માટે સાંભળે છે ને તેમાં રાજ્યવ્યવસ્થાનું તથા કૌટિલ્ય નીતિનું જે કંઈક વર્ણન આવે છે, તેપરથી એમ કહેવું યથાર્થ નથી કે, મુદ્રારાક્ષસનું વસ્તુ આ 'સાગર'માં નથી. અને આ કહેવું તો કેવળ અપ્રમાણ જ છે કે, બૃહત્કથામાં તેવું કંઈ જ નહીં હોય. આપણી પાસે બૃહત્કથા છે જ નહિ, તો પછી વિશાખદત્તે બૃહત્કથામાંથી વસ્તુ ઉતાર્યું નથી જ, એ કહેવું પ્રામાણિક નથી. દશરૂપકની

* જૂઓ નર્મકોશના ગૂજરાતી ભાષાના નિબંધનું પૃષ્ઠ ૬.

ટીકામાં ધનિક સ્પષ્ટ લખે છે કે, **મુદ્રારાક્ષસ**નો સંદર્ભ **બૃહત્કથા**ને આધારે છે. **ચાણાક્યની**
કૌટિલ્યનીતિનું ચિત્ર એક લાખ શ્લોકવાળી **બૃહત્કથા**માં વિશેષ હોય ને તેનો **વિશાખદત્તે**
આધાર લીધો હોય એ કલ્પના સાહજિક છે. સંપાદક તથા અનુવાદક **વિશાખદત્ત**નું બુદ્ધિ-
કૌશલ્ય વિશેષ દર્શાવવા **બૃહત્કથા**નો કદાચ અનાદર કરે, પણ તે માનનીય ગણાય તેવું નથી.

**મૃગાવતી** ખંભાતના ગોરજીએ શૃંગારરસથી લદબદ થયલી રચેલી છે* (જૂઓ પૃષ્ટ ૬૪).
આ કાવ્ય પ્રસિદ્ધિમાં આવ્યું નથી; પણ સરકારના સરસ્વતી મંદીરના ભંડારમાં નિરાંતે પડેલું
છે. એ ઓગણીશ સો શ્લોકના આશરાનો ગ્રન્થ છે. **નાગાનંદ** નાટક માટે તો કંઈ વાદ જ
નથી કે તેનું મૂળ આ કથાગ્રન્થમાં નથી. ( જૂઓ પૃષ્ટ ૨૧૨ તથા ૧૧૩૫ ). **સાગરમાં**
તેનું વસ્તુ બે સ્થળે ઝળહળી રહ્યું છે. **શ્રીહર્ષ** રચિત **રત્નાવલી** ( જૂઓ પૃષ્ટ ૧૩૩ ) અને
**પ્રિયદર્શિકા** નાટિકાનું વસ્તુ આ ગ્રન્થના ત્રીજા લંબકમાં સમાયલું છે. **પદ્માવતી** રાણીને પર-
ણાવવા માટે **યૌગંધરાયણાદિ** મંત્રીઓએ જે પ્રપંચ રચના કીધી છે, તેને **શ્રીહર્ષ** કવિએ
એવી તો સુરસ વાણીમાં વર્ણી છે કે, રત્નાવલી નાટિકાનાં ભારે વખાણ થાય છે. **બાણ-**
ભટ્ટની **'કાદમ્બરી'**ના વસ્તુ માટે પણ વિવાદ નથી ( જૂઓ પૃષ્ટ ૭૫૦ ). પણ **સાગરમાં** જે
કથા છે તેને **'કાદમ્બરી'** સંપાદક અને અનુવાદક બન્નો કેવળ અસંબદ્ધ કહે છે; અને તે જો
કે કંઈક અંશે યથાર્થ છે, તથાપિ **ગુણાઢ્યે** જે વૃત્તાંત લખી કાઢ્યો છે તે ચમત્કૃતિમાં ન્યૂન
નથી. **માલતીમાધવ**ના વસ્તુનો પાયો 'સાગર'ના તેરમા લંબકપરથી લીધેલો સ્પષ્ટ જણાય છે
( જૂઓ પૃષ્ટ ૧૨૯૪ ). એ માટે પ્રો૦ **હોરેસ હેમન વિલ્સન** લખે છે કે, "આ આખ્યા-
નની ઘટના ચમત્કૃતિવાળી ને વિનોદક છે અને એમાં જે યુક્તિ પ્રાણેશ્વરીને પ્રાપ્ત કરવાને
ખેલી છે તે જ **માલતીમાધવ**માં પણ છે." **પંચતંત્ર** અને **હિતોપદેશ**નો મૂળ પાયો **સાગર**નો
દશમો લંબક છે, ( જૂઓ પૃષ્ટ ૭૫૨) **દણ્ડીકૃત દશકુમારચરિત** અને **મૃગાંકદત્ત**ના દશ મંત્રી
મિત્રોનું ચરિત્ર તાદશ ( જૂઓ લંબક ૧૨ મો ) છે. ફેર એટલો જ કે, **ગુણાઢ્યે** જે ચરિત્ર
ચિતર્યું છે તેમાં અને દંડીના દશકુમાર ચરિતમાં કહીં કહીં ફેર પાડ્યો છે; બાકી વસ્તુ તો એક જ.
'**સાગર**'માંની **વૈતાલપંચવીંશી** અને સંસ્કૃત તથા દેશી ભાષામાં રચાયલી **વૈતાલપંચવીંશી** ઘણું
કરી સરખી જ છે. ( જૂઓ પૃષ્ટ ૧૦૩૧ ).*

**વિક્રમાદિત્ય**ના ચરિત્ર માટે આ ગ્રન્થના વસ્તુનો આધાર લઈને કોઈ સ્વતંત્ર ગ્રન્થ
રચાયલો જાણ્યામાં નથી; પણ આમાં સમાવેલા વસ્તુનો નિરનિરાળે સ્થળે ફેરફારથી બહુ ઉપયોગ
થયેલો છે, જે કલ્પના અને **અનુમાન**થી બહાર નથી.† એ પ્રકારે ગંભીર ગિરામાં ગુંથાયલી,

* આ પૃષ્ઠાંક પ્રથમાવૃત્તિના છે. † જુવો મરેઠી વિક્રમચરિત્ર.



શૃંગાર પ્રધાન આ કથાએ ક્યિા ક્યિા કવિઓને રંગમાં નચાવ્યા નથી ? કોઈને સ્વાર્થસુખસંપ-
જ્ઞકૌટિલ્યનીતિમાં,* કોઇને શૃંગારમાં,† કોઇને સાહસમાં,‡ કોઈને અદ્ભુતમાં,§ કોઈને શાંત
નીતિમાં,‖ કોઇને કરુણામાં,¶ કોઈને વીરમાં$ અને કોઇને વ્યાવહારિકયુક્તિપ્રયુક્તિમાં**
ઉતારી, કીર્તિ, સ્નેહ અને આનંદનાં પાત્ર બનાવી રમાડી નચાવ્યા છે. એ આ અપૂર્વ કથાની
વિલક્ષણ કૃતિ ચમત્કૃતિથી લદબદ થયેલી રસરસિક વાણી પ્રદર્શનની બલિહારી છે. કવિએ માધુર્ય-
યુક્ત ગાંભીર્ય, ચમત્કૃતિયુક્ત નવરસ, નીતિયુક્ત વિનોદ અને વિનોદયુક્ત પુરુષાર્થજ્ય દર્શાવવામાં
કશી કચાસ રાખી નથી. કવિ દિવ્યાદિવ્ય રસ અને ચમત્કૃતિને સ્થળે સ્થળે નચાવે છે, રમાડે છે,
હુલાવે છે, ઝુલાવે છે—તે નિઃશંક તેની કીર્તિને ચિરંજીવ રાખવાને તથા **વ્યાસ**ને આસને બેસવાને
પાત્ર ઠરાવે છે.

પ્રેક્ષવાનોની પ્રવૃત્તિ પ્રયોજનને ઉદ્દેશીને હોય છે. **અર્થ**સંભાવના પ્રવૃત્તિનું અંગ છે અને
**અનર્થ**સંભાવના નિવૃત્તિનું નિમિત્ત છે. આ લોકસિદ્ધ નિયમને અનુસરી નિબંધકારો પ્રયોજન કથે
છે. પ્રયોજન એ અનુબંધ ચતુષ્ટયમાંનું અંગ છે. તેથી અમે પ્રસ્તાવનાના પ્રારંભમાં કહીએ
છઈએ કે, **कल्याण, कीर्ति, व्यवहारज्ञान, उपदेश अने परमानन्द आपनार काव्यकथा छे.**
પ્રથમ આપણે કાવ્યસ્વરૂપ થોડું તપાસી પ્રયોજન પેખીએ. ઉત્તમ કાવ્યકલા ભારત
ભૂમિમાં જન્મી અને વૃદ્ધિને પામી છે. કાવ્યપર જેટલા વિચારો આર્યોમાં થયા છે, થાય છે ને
કાળપરત્વે થશે, તેટલા પરભૂમિમાં થયા નથી ને થશે એ સંભાવના હાલ તો દષ્ટિથી દૂર છે.
અમે એમ કહેવા માગતા નથી કે આર્યસ્થાનમાંજ કાવ્યકલા છે, બીજે કેથે નથી; પરંતુ
એટલું કહીશું કે પ્રાચીન સમયથી ભારતમાં કાવ્યચર્ચા ચાલે છે—જેનો સમયનિર્ણય કરવાનાં સાધન
પણ જોઇએ તેવાં નથી. વેદના પ્રગટ થવા પછીનો કાળ કાવ્યકલાના જન્મનો આપવા ધારીએ
તો અપાય છે. આદિકાવ્ય એ આપણું **રામાયણ** છે અને તે **રામાવતાર** પહેલાં બન્યું છે.
**ભારત** એ ભગવાન્ બાદરાયણની કૃતિ છે અને તે કલિયુગના પ્રારંભમાં થયું છે. સ્મૃતિકાળમાં
પણ કાવ્યકલા હતી અને પુરાણમાં તો પ્રસિદ્ધજ છે. હવે આપણે ઋષિમુનિના વિષયમાં મૂગા
રહી જો સાક્ષરવર્ગ સામું જોઈ બોલીશું તોપણ કહી શકાશે કે, કાવ્યકલા ખીલવવા આપણા
કવિજનો પછાત પડ્યા નથી. આજ દિવસ સુધી અનેક સાહિત્યાચાર્ય થયા અને સૌએ પોત-
પોતાની બુદ્ધિ પ્રમાણે કાવ્યનો લક્ષ્યલક્ષણ સંગ્રહ કર્યો છે. હાલ આટલા સાહિત્યાચાર્યોનાં તો

* મુદ્રારાક્ષસ. †મૃગાવતી, રત્નાવલી, પ્રિયદર્શિકા. ‡ દશકુમાર. § કાદંબરી, વૈતાલપંચવીશી
‖ પંચતંત્ર અને હિતોપદેશ. ¶ નાગાનંદ. $ વિક્રમચરિત્ર. ** માલતી માધવ.

# કથાસરિત્સાગરનું પહેલા ભાગનું સાંકળિયું.

## કથાપીઠ લંબક.

### તરંગ ૧ લો.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પ્રસ્તાવના... ... ... ... ... ... | ૧ | પુષ્પદંત અને માલ્યવાનને મળેલો શાપ. ... | ૪ |
| શંકર અને પાર્વતીનો સંવાદ.... ... ... | ૨ | | |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| **વરરુચી રૂપે થયેલા પુષ્પદંતની કથા** ... | ૬ | વ્યાડિની કથા.... ... ... ... | ૮ |
| વરરુચિની ઉત્પત્તિની કથા. ... ... | ૭ | વર્ષ ચરિત્ર. ... ... ... ... ... | ૮ |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| પાટલીપુત્ર ( પટના ) નિર્માણની કથા. ... | ૧૦ | મહારાજ બ્રહ્મદત્તની કથા. ... ... | ૧૨ |


### તરંગ ૪ થો.


| | | | |
|---|---|---|---|
| ઉપકોશાની કથા. ... ... ... ... | ૧૫ | ઉપકોશા અને તેના પ્રીતમની વાર્ત્તા. ... | ૧૬ |
| પાણિનિની કથા. ... ... ... ... | ૧૬ | | |


### તરંગ ૫ મો.


| | | | |
|---|---|---|---|
| વરરુચિની કથા જારી–તેનું વૈરાગ્યને પામવું. | ૨૧ | ચાણુક્યની કથા. ... ... ... ... | ૨૭ |
| યોગનન્દનું અંતઃપુર.... ... ... ... | ૨૨ | શાકાશી મુનિની કથા.... ... ... ... | ૨૮ |
| આદિત્યવર્મા રાજા અને શિવવર્મા મંત્રીની કથા. | ૨૪ | | |


### તરંગ ૬ ઠો.


| | | | |
|---|---|---|---|
| **ગુણાઢ્યની કથા.** ... ... ... | ૨૯ | દેવીકૃતિઉદ્યાનની કથા... ... ... ... | ૩૨ |
| ઉંદરથી શ્રીમાન્ થયેલાની વાર્ત્તા.... ... | ૩૦ | સાતવાહન રાજાની કથા. ... ... ... | ૩૩ |
| સામવેદ ભણનારા બ્રાહ્મણની કથા.... ... | ૩૧ | | |


### તરંગ ૭ મો.


| | | | |
|---|---|---|---|
| કાતંત્ર કાલાપક વ્યાકરણની ઉત્પત્તિ. ... | ૩૭ | શિબિ રાજાની કથા... ... ... ... | ૪૧ |
| પુષ્પદંતની કથા. ... ... ... ... | ૩૯ | માલ્યવાનની કથા. ... ... ... ... | ૪૨ |


### તરંગ ૮ મો.


| | | | |
|---|---|---|---|
| ગુણાઢ્યની કથા (ચાલુ)... ... ... | ૪૩ | બૃહત્કથા... ... ... ... ... ... | ૪૫ |

## કથામુખ લંબક.

### તરંગ ૧ લો.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| સહસ્રાનીકની કથા.... ... ... ... | ૪૬ | **વત્સરાજ-ઉદયનની ઉત્પત્તિની કથા** | ૪૯ |
| મૃગાવતીનો વિવાહ. ... ... ... | ૪૮ | | |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| શ્રીદત્ત અને મૃગાંકવતીની વાર્તા.... ... | પર | | |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| ઉદયન રાજાની કથા (ચાલુ) ... ... | ૬૧ | ચંડમહાસેનની કથા. ... ... ... | ૬૩ |


### તરંગ ૪ થો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજની કથા (ચાલુ)...... ... ... | ૬૫ | લોહજંઘની કથા... ... ... ... ... | ૬૯ |


### તરંગ ૫ મો.


| | | | |
|---|---|---|---|
| ઉદયનની કથા (ચાલુ)—વાસવદત્તા હરણ. | ૭૪ | સિદ્ધિકરીની વાર્તા. ... ... ... ... | ૭૮ |
| દેવસ્મિતાની વાર્તા. ... ... ... | ૭૬ | શક્તિમતીની કથા ... ... ... ... | ૮૨ |


### તરંગ ૬ ઠો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજની કથા (ચાલુ) ... ... ... | ૮૩ | રુરુ અને પ્રમદ્વરાની કથા... ... ... | ૮૭ |
| બાળવિનષ્ટકની કથા. ... ... ... | ૮૫ | | |


## લાવાણક લંબક.

### તરંગ ૧ લો.


| | | | |
|---|---|---|---|
| ઉદયન રાજાની કથા (ચાલુ.) ... ... | ૮૮ | યઈલ્લકની કથા... ... ... ... ... | ૯૪ |
| નિપુણ વૈદરાજની વાર્તા... ... ... | ૮૯ | પુણ્યસેનની વાર્તા ... ... ... ... | ૯૫ |
| ધૂર્ત સાધુની વાર્તા. ... ... ... | ૯૦ | સુંદોપસુંદની કથા. ... ... ... ... | ૯૭ |
| દેવસેન અને ઉન્માદિનીની કથા ... ... | ૯૩ | | |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| ઉદયન રાજાનો પદ્માવતીની સાથે વિવાહ | | વાસવદત્તા અને પદ્માવતીની કથા... ... | ૯૯ |
| થવાની કથા ... ... ... ... | ૯૮ | દુર્વાસામુનિ અને કુંતીની કથા. ... ... | ૯૯ |
| વાસવદત્તાના બળવાની અફવા.... ... | ૯૮ | પદ્માવતી સાથે વત્સરાજના વિવાહની કથા. | ૧૦૧ |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજની કથા (ચાલુ). ... ... | ૧૦૪ | સોમપ્રભા અને ગુહચંદ્રની કથા.... ... | ૧૦૭ |
| પુરૂરવા અને ઉર્વશીની કથા. ... ... | ૧૦૪ | અહલ્યા અને ઈન્દ્રની વાર્તા ... ... | ૧૧૦ |
| વિહિતસેન અને તેજોવતીની કથા. ... | ૧૦૫ | | |




### તરંગ ૪ થો.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| વત્સરાજની કોશાંબીમાં પધરા- | | સિંહાસનની પ્રાપ્તિ ... ... ... ... | ૧૧૪ |
| મણી. ... ... ... ... ... | ૧૧૨ | વત્સરાજનો દિગ્વિજય માટે વિચાર.... ... | ૧૧૫ |
| ગોપાલક (ગોવાળિયા) ની કથા ... ... | ૧૧૪ | | |
| વત્સરાજને ખજાના અને રત્ન- | | વિદૂષકની કથા. ... ... ... ... ... | ૧૧૬ |


### તરંગ ૫ મો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજે કરેલું શિવનું આરાધન. ... | ૧૩૦ | વત્સરાજના દિગ્વિજયની કથા. ... ... | ૧૩૩ |
| દેવદાસ વાણીયાની કથા. ... ... | ૧૩૧ | | |


### તરંગ ૬ ઠો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજની કથા (ચાલુ) ... ... | ૧૩૭ | ગણપતિની કથા... ... ... ... ... | ૧૪૦ |
| ફલભૂતિની કથા ... ... ... ... | ૧૩૭ | કાળરાત્રીની કથા... ... ... ... ... | ૧૪૨ |
| કુવલયાવલીએ કહેલી વાર્તા ... ... | ૧૩૯ | | |


## નરવાહનદત્ત જન્મ લંબક.

### તરંગ ૧ લો.


| | | | |
|---|---|---|---|
| ઉદયન રાજાની કથા (ચાલુ) ... ... | ૧૪૮ | દરિદ્ર બ્રાહ્મણની કથા... ... ... ... | ૧૫૦ |
| વત્સરાજની મૃગયાની કથા ... ... | ૧૪૯ | દેવદત્ત નામના રાજપુત્રની કથા ... ... | ૧૫૧ |
| નારદજીએ વત્સરાજને દીધેલો ઉપદેશ ... | ૧૪૯ | પિંગલિકાની વાર્તા ... ... ... ... | ૧૫૩ |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| ઉદયન રાજાની કથા (ચાલુ) ... ... | ૧૫૫ | જીમૂતવાહનના પૂર્વ જન્મની કથા (ચાલુ). | ૧૬૧ |
| જીમૂતવાહનની કથા ... ... ... | ૧૫૬ | જીમૂતવાહનનો મલયવતી સાથે વિવાહ ... | ૧૬૨ |
| જીમૂતવાહનના પૂર્વજન્મની કથા. ... | ૧૫૮ | જીમૂતવાહનના સ્વાત્માર્પણની કથા... ... | ૧૬૩ |
| ચિત્રાંગદની કથા. ... ... ... | ૧૬૧ | | |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| વાસવદત્તાના સ્વપ્નની કથા. ... ... | ૧૬૭ | યૌગંધરાયણ વગેરે મંત્રી મંડળને (ત્યાં) પુત્રો | |
| કુંભારણની કથા.... ... ... ... | ૧૬૭ | થવાની કથા. ... ... ... ... ... | ૧૬૯ |
| કલહકારિણી ( કંકાસણી ) અને | | નરવાહનદત્તનો જન્મ.... ... ... ... | ૧૬૯ |
| સિંહપરાક્રમની વાર્તા.... ... ... | ૧૬૮ | | |

## ચતુર્દારિકા લંબક.

### તરંગ ૧ લો.


| વિષય | પૃષ્ઠ. | વિષય | પૃષ્ઠ. |
|---|---|---|---|
| વત્સરાજની સભામાં શક્તિવેગના આવવાની કથા. ... ... ... ... | ૧૭૨ | શિવ અને માધવ નામના બે ઠગની કથા. | ૧૭૬ |
| **કનકપુરી અને શાક્તદેવની કથા.** | ૧૭૩ | હરસ્વામીની કથા. ... ... ... ... | ૧૮૨ |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| શક્તિદેવનું કનકપુરી દર્શન માટે જવું. | ૧૮૩ | અશોકદત્ત અને કપાલસ્ફોટની કથા... ... | ૧૮૭ |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| શક્તિદેવની કનકપુરી માટે મુસાફરી ... | ૧૯૬ | જાળપાદવ્રતીની કથા ... ... ... ... | ૨૦૪ |
| કનકપુરીની પ્રાપ્તિ.... ... ... ... | ૧૯૮ | શક્તિદેવને વિદ્યાધરપણું મળવાની કથા... | ૨૦૭ |
| શક્તિદેવનું ફરી વર્ધમાનપુરમાં આવવું. | ૨૦૦ | શક્તિદેવનો વિદ્યાધરી સાથે થયેલો વિવાહ... | ૨૦૭ |
| કનકપુરીની ફરી જાત્રા... ... ... | ૨૦૧ | | |


## મદનમંચુકા લંબક.

### તરંગ ૧ લો.


| | | | |
|---|---|---|---|
| **નરવાહનદત્તની તરુણાવસ્થાની કથા** ... ... ... ... ... | ૨૦૯ | ધર્મદત્ત રાજાની કથા... ... ... ... | ૨૧૪ |
| કલિંગદત્ત રાજાની કથા.... ... ... | ૨૧૦ | સાત બ્રાહ્મણની કથા .... ... ... | ૨૧૫ |
| સુરભિદત્તા અપ્સરાની કથા. ... ... | ૨૧૩ | એક બ્રાહ્મણ અને ચંડાળની કથા... ... | ૨૧૬ |
| | | વિક્રમસિંહ રાજા અને બે બ્રાહ્મણની કથા. | ૨૧૭ |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| **કલિંગસેનાના[જન્મની કથા** ... | ૨૨૧ | સુષેણ અને સુલોચનાની કથા ... ... | ૨૨૫ |
| સાત રાજકુમારિકાની કથા... ... ... | ૨૨૨ | કલિંગસેના પાસે સોમપ્રભાનું આવવું. ... | ૨૨૭ |
| એક વિરક્ત રાજકુમારની કથા.... ... | ૨૨૩ | રાજપુત્ર અને વણિક્પુત્રની કથા... ... | ૨૨૮ |
| તપસ્વિની અને રાજાની કથા ... ... | ૨૨૩ | પિશાચની અને બ્રાહ્મણની કથા. ... ... | ૨૩૦ |


### તરંગ ૩ જો.


| | | | |
|---|---|---|---|
| કલિંગસેનાનું વૃત્તાંત (ચાલુ) ... ... | ૨૩૨ | કીર્તિસેનાની કથા. ... ... ... ... | ૨૩૬ |
| સોમપ્રભાનું વૃત્તાંત ... ... ... | ૨૩૩ | | |




### તરંગ ૪ થો.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| મદનવેગની કથા.... ... ... !... | ૨૪૨ | તેજસ્વતીની કથા. .. ... ... ... | ૨૪૬ |
| કલિંગસેનાના વિવાહની ચર્ચા... ... | ૨૪૩ | હરિશર્મા બ્રાહ્મણની કથા. ... ... ... | ૨૪૭ |
| વત્સરાજની કથા.... ... ... ... | ૨૪૪ | | |


### તરંગ ૫ મો.


| | | | |
|---|---|---|---|
| કલિંગસેના અને સોમપ્રભાની કથા (ચાલુ) | ૨૫૦ | કલિંગસેનાનું કોશાંબીમાં જવું ... ... | ૨૫ |
| બાણાસુરની પુત્રી ઓખાની કથા. ... | ૨૫૦ | યૌગંધરાયણનો રાજપ્રપંચ ... ... ... | ૨૫૩ |


### તરંગ ૬ ઠ્ઠો.


| | | | |
|---|---|---|---|
| કલિંગસેનાની કથા (ચાલુ) ... ... | ૨૫૫ | કદલીગર્ભાની કથા.... ... ... ... | ૨૬૦ |
| વિષ્ણુદત્ત અને સાત બ્રાહ્મણોની કથા... | ૨૫૭ | હજામ અને રાજાની કથા... ... ... | ૨૬૨ |


### તરંગ ૭ મો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજ આદિની કથા (ચાલુ). ... | ૨૬૫ | ઉન્માદિની અને દેવસેન રાજાની કથા.... | ૨૬૮ |
| શ્રુતસેન અને વિદ્યુદ્દ્યોતાની કથા ... | ૨૬૬ | નોળીયો, ઉંદર, બીલાડો અને ઘુવડની કથા. | ૨૭૦ |
| ખેડુતની કથા ... ... ... ... | ૨૬૬ | બ્રાહ્મણની હજાર સોના મહોરની કથા ... | ૨૭૨ |
| ત્રણ બ્રાહ્મણ બાંધવની કથા ... ... | ૨૬૭ | કલિંગસેનાની કથા (ચાલુ) ... ... ... | ૨૭૩ |
| વિદ્યુદ્દ્યોતા અને શ્રુતસેનની કથા. ... | ૨૬૭ | | |


### તરંગ ૮ મો.


| | | | |
|---|---|---|---|
| વત્સરાજની કથા... ... ... ... | ૨૭૬ | શત્રુઘ્ન અને તેની સ્ત્રીની કથા. ... ... | ૨૮૫ |
| એક વાણિયાની કથા. ... ... ... | ૨૭૭ | નીતિનું વર્ણન... ... ... ... ... | ૨૮૬ |
| **મદનમંચુકા** ... ... ... ... | ૨૭૮ | શૂરસેન અને તેના મંત્રીઓની કથા. ... | ૨૮૭ |
| વિરૂપાક્ષ યક્ષની કથા... ... ... | ૨૭૯ | નરવાહનદત્ત અને મદનમંચુકાના વિવાહનું વર્ણન ... ... ... ... ... ... | ૨૮૯ |
| કામ અને રતિ—સુઘડ પ્રેમમૂર્ત્ત. ... | ૨૮૧ | | |


## રત્નપ્રભા લંબક.

### તરંગ ૧ લો.


| | | | |
|---|---|---|---|
| **રત્નપ્રભાની કથા** ... ... ... | ૨૯૧ | વિક્રમતુંગ રાજાની કથા. ... ... ... | ૨૯૪ |
| સત્વશીલની કથા... ... ... ... | ૨૯૩ | નરવાહનદત્ત અને રત્નપ્રભાનો વિવાહ ... | ૨૯૯ |


### તરંગ ૨ જો.


| | | | |
|---|---|---|---|
| રત્નપ્રભાની કથા (ચાલુ) ... ... | ૩૦૦ | શ્વેત રશ્મિ હાથીના પૂર્વ જન્મની કથા. ... | ૩૦૫ |
| રત્નાધિપતિ રાજાની કથા.... ... ... | ૩૦૦ | | |

### તરંગ ૩ જો.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| નિશ્ચયદત્ત અને અનુપરાગની કથા. | ૩૦૭ | ભવશર્માએ કહેલી કથા. ... ... ... | ૩૧૪ |
| વાનર થયલા સોમસ્વામીની કથા ... | ૩૧૧ | નિશ્ચયદત્તની કથા (ચાલુ) ... ... ... | ૩૧૬ |

### તરંગ ૪ થો.

| | | | |
|---|---|---|---|
| વિક્રમાદિત્યની અને મદનમાલા નામની વેશ્યાની કથા.... ... ... ... | ૩૧૯ | પ્રપંચબુદ્ધિ નામના ગોરજીની કથા... ... | ૩૨૨ |

### તરંગ ૫ મો.

| | | | |
|---|---|---|---|
| શૃંગભુજ અને રૂપશિખાની કથા. ... | ૩૨૮ | | |

### તરંગ ૬ ઠ્ઠો.

| | | | |
|---|---|---|---|
| મરુભૂતિ અને ગોમુખ વચ્ચે ઉક્તિ પ્રત્યુક્તિ. | ૩૪૧ | વિરૂપશર્માની કથા. ... ... ... | ૩૪૩ |
| તપોદત્તની કથા ... ... ... ... | ૩૪૨ | તરુણચંદ્ર વૈદ્ય અને અજર રાજાની કથા. | ૩૪૪ |

### તરંગ ૭ મો.

| | | | |
|---|---|---|---|
| નરવાહનદત્તની કથા (ચાલુ) ... ... | ૩૪૯ | નાગાર્જુનની કથા.... ... ... ... | ૩૫૦ |

### તરંગ ૮ મો.

| | | | |
|---|---|---|---|
| કર્પૂરિકાનું વૃત્તાન્ત ... ... ... ... | ૩૫૩ | ઇંદીવરસેન અને અનિચ્છાસેનની કથા. | ૩૫૬ |

### તરંગ ૯ મો.

| | | | |
|---|---|---|---|
| નરવાહનદત્તનું સાહસ. ... ... ... | ૩૬૬ | કર્પૂરસંભવ નગરમાં નરવાહનદત્ત ગયો ... | ૩૭૪ |
| રાજ્યધર સુતારની કથા ... ... ... | ૩૬૭ | કર્પૂરિકાની કથા. ... ... ... ... | ૩૭૪ |
| માનપરા અને સુખધન શેઠની કથા ... | ૩૭૦ | | |

## સૂર્યપ્રભ લંબક.

### તરંગ ૧ લો.

| | | | |
|---|---|---|---|
| વત્સરાજ અને નરવાહનદત્તની કથા (ચાલુ). | ૩૮૩ | સૂર્યપ્રભે કરેલું કન્યાઓનું હરણ. ... ... | ૩૮૫ |
| વજ્રપ્રભે કહેલું સ્વાત્મ વૃત્તાન્ત. ... | ૩૮૩ | નવ નારી સાથે સૂર્યપ્રભનાં થયેલાં લગ્ન... | ૩૮૬ |
| સૂર્યપ્રભનું વૃત્તાન્ત... ... ... | ૩૮૪ | | |

### તરંગ ૨ જો.

| | | | |
|---|---|---|---|
| સૂર્યપ્રભની કથા (ચાલુ). મય અને નારદનું પધારવું. ... ... ... | ૩૯૪ | સુનીથનો પુનર્જન્મ... ... ... ... | ૪૦૧ |
| ચન્દ્રપ્રભ દાનવ કેમ થયો તેની કથા... | ૩૯૬ | કળાવતીની કથા.... ... ... ... | ૪૦૪ |
| કાળ બ્રાહ્મણની કથા. ... ... ... | ૩૯૮ | મહલ્લિકાનો પ્રેમ. ... ... ... ... | ૪૦૭ |
| ચન્દ્રપ્રભ દાનવની કથા... ... ... | ૪૦૦ | બહુવલ્લભનો ફજેતો... ... ... ... | ૪૦૯ |



| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| મહલ્લિકાસાથે લગ્ન ... ... ... | ૪૧૧ | કાશ્યપ આશ્રમના મિલાવડાની કથા. ... | ૪૧૪ |
| બહુવલ્લભ.... ... ... ... ... | ૪૧૨ | | |

### તરંગ ૩ જો.

| | | | |
|---|---|---|---|
| સૂર્યપ્રભનો ઉદ્યોગ... ... ... ... | ૪૧૮ | યુદ્ધયાત્રા ... ... ... ... ... | ૪૧૭ |
| દિવ્ય ધનુષબાણની પ્રાપ્તિ... ... ... | ૪૨૦ | ઉદારચિત્ત નમુચિ દાનવની કથા. ... | ૪૨૯ |
| પ્રહસ્ત વિષ્ટિ. ... ... ... ... | ૪૨૪ | | |

### તરંગ ૪ થો.

| | | | |
|---|---|---|---|
| રણસંગ્રામ.... ... ... ... ... | ૪૩૧ | સ્ત્રીઓએ કરેલી યુદ્ધ ચર્ચા ... ... | ૪૩૫ |

### તરંગ ૫ મો.

| | | | |
|---|---|---|---|
| સૂર્યપ્રભનું વૃત્તાંન્ત... ... ... ... | ૪૩૭ | શરભાનના યોગનીના પરાક્રમની કથા... | ૪૪૩ |
| પ્રભાસનું પરાક્રમ. ... ... ... | ૪૩૮ | | |

### તરંગ ૬ ઠ્ઠો.

| | | | |
|---|---|---|---|
| ગુણશર્માની કથા ... ... ... | ૪૪૫ | ગુણશર્માના પિતા આદિત્યશર્માની કથા... | ૪૫૪ |

### તરંગ ૭ મો.

| | | | |
|---|---|---|---|
| સૂર્યપ્રભનું વૃત્તાંત ... ... ... | ૪૫૯ | સુર્યપ્રભને વિદ્યાધરપદ પ્રાપ્ત થયું ... ... | ૪૬૭ |
| કામચૂડામણી સાથે થયેલાં લગ્ન ... | ૪૬૫ | | |

## અલંકારવતીલંબક.

### તરંગ ૧ લો.

| | | | |
|---|---|---|---|
| નરવાહનદત્તની કથા... ... ... | ૪૭૧ | પૃથ્વીરૂપરાજા અને રૂપલતા રાણીનું વૃત્તાંત... ... ... ... ... | ૪૭૭ |
| અલંકારવતીનું ચરિત્ર... ... | ૪૭૨ | | |
| રામ સીતાની કથા... .. ... | ૪૭૪ | નરવાહનદત્ત અને અલંકારવતીનાં લગ્ન... | ૪૮૧ |

### તરંગ ૨ જો.

| | | | |
|---|---|---|---|
| નરવાહનદત્તનું અલંકારશીલને ઘેર જવું. | ૪૮૩ | અનંગપ્રભાની કથા ... ... ... ... | ૪૯૨ |
| અશોકમાળાની કથા.... ... ... | ૪૮૪ | અનંગરતિની કથા (ચાલુ) ... ... ... | ૪૯૩ |
| સ્થૂલભુજની કથા ... ... ... | ૪૮૭ | જીવદત્તના શોકની કથા ... ... ... ... | ૪૯૪ |
| અનંગરતિની કથા ... ... ... | ૪૮૮ | અનંગપ્રભાએ નવનવા પ્રિયતમો કીધા તે કથા. | ૪૯૭ |

### તરંગ ૩ જો.

| | | | |
|---|---|---|---|
| કાર્પટિકની કથા. ... ... ... | ૫૦૫ | કાર્પટિકની કથા. ... ... ... ... | ૫૦૫ |
| લક્ષદત્ત રાજાની અને લબ્ધદત્ત વીરવરની કથા.... ... ... ... ... | ૫૦૯ | | |

## તરંગ ૪ થો.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| નરવાહનદત્તની મૃગયાનું વર્ણન ... | ૫૧૫ | રાજા ચમરવાલની કથા. ... ... ... | ૫૨૩ |
| રૂદ્રદત્ત વાણીઆની કથા. ... ... | ૫૨૦ | યશોવર્માની કથા. ... ... ... ... | ૫૨૪ |
| સમુદ્રશૂરની કથા. ... ... ... | ૫૨૧ | | |


## તરંગ ૫ મો.


| | | | |
|---|---|---|---|
| મરૂભૂતિની કથા. ... ... ... | ૫૨૮ | કનકવર્ષ અને મદનસુન્દરીની કથા. ... ... | ૫૩૦ |
| ચિરદાતા રાજાની કથા. ... ... | ૫૨૯ | | |


## તરંગ ૬ ઠ્ઠો.


| | | | |
|---|---|---|---|
| નરવાહનદત્તની કથા... ... ... | ૫૪૨ | મહીપાળ અને ચન્દ્રસ્વામીની કથા (ચાલુ) ... | ૫૫૨ |
| મહીપાલ નામના બ્રાહ્મણકુમારની કથા | ૫૪૨ | એક પાશુપતની કથા. ... ... ... ... | ૫૫૩ |
| વણિક્પુત્ર ચક્રની કથા ... ... | ૫૪૯ | નળદમયંતીની કથા. ... ... ... ... | ૫૫૫ |
| પતિવ્રતા સ્ત્રીની અને ધર્મવ્યાધની કથા | ૫૫૧ | | |

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ–વિરચિત

# કથાસરિત્સાગર.

( ભાષાંતર. )

प्रथमलम्बक–कथापीठ.

## તરંગ ૧ લો–પ્રસ્તાવના.

દોહરો—વંદુ શ્રીવાગીશની, પદ પંકજ રજ આજ;
દેવરાજ શિર તાજપર, છાજે કરતી રાજ.

ગીતિ—વિષ્ણુ બ્રહ્મા શંકર, જેના ઇન્દ્રાદિ દેવ તાબામાં;
અટકાવે જે પકડી, છટકંતી પ્રીતિ દેવતા બાંમાં.
શમ્બરના આડમ્બર તણી, ઘમંડી ઘણી ખરી ખંડી;
જેણે તે જનતાનું, કરજો કલ્યાણ કુસુમકોદંડી.

श्रियं दिशतु वः शम्भोः श्यामः कण्ठो मनोभुवः ।
अंकस्थपार्वतीदृष्टिपाशैरिव विवेष्टितः ॥ १ ॥
संध्यानृत्तोत्सवे ताराः करेणोद्धूय विघ्नजित् ।
शीत्कारसीकरैरन्याः कल्पयन्निव पातु वः ॥ २ ॥

કામદેવે* ખોળામાં બિરાજેલાં પાર્વતીની દૃષ્ટિરૂપ પાશોથી જાણે વીંટેલો હોયની શું, એવો
શંકરનો શ્યામ કંઠ તમારો અભ્યુદય કરો. સાયંસમયના નૃત્તોત્સવમાં† શુંડાદંડથી તારાઓને ઉંચા
તારવી, ચીત્કાર ( હાથીના શબ્દ )ની વખતે ઉછળતા જળના છાંટાઓથી બીજા તારાઓને
બનાવતા, વિઘ્નજિત્‡ ( ગણુપતિ ) તમારી રક્ષા કરો.

કવિ કહે છે–સર્વ પદાર્થોના પ્રકાશ કરવામાં દીપિકા સરખાં સરસ્વતીને પ્રણામ કરી, બૃહ-
ત્કથાના સારના સંગ્રહરૂપે ( કથાસરિત્સાગર ) હું રચુ છું.

આ ગ્રંથમાં નીચે પ્રમાણે અઢાર લંબકો છે.

| | | |
|---|---|---|
| ૧ કથાપીઠ. | ૨ કથામુખ. | ૩ લાવાનક. |
| ૪ નરવાહનદત્તજનન. | ૫ ચતુર્દારિકા. | ૬ મદનમચુકા. |
| ૭ રત્નપ્રભા. | ૮ સૂર્યપ્રભા. | ૯ અલંકારવતી. |
| ૧૦ શક્તિયશા. | ૧૧ વેલા. | ૧૨ શશાંકવતી. |
| ૧૩ મદિરાવતી. | ૧૪ પંચ. | ૧૫ મહાભિષેક. |
| ૧૬ સુરતમંજરી. | ૧૭ પદ્માવતી. | ૧૮ વિષમશીલ. |

જેમ મૂળ ગ્રન્થ ( બૃહત્કથા ) છે, તેમ જ આ ( કથાસરિત્સાગર ) છે. એની અંદર જરા
પણ તે (બૃહત્કથા) નો ભાગ જવા દીધો નથી. માત્ર ગ્રંથ (બૃહત્કથા) ના વિસ્તારનો સંક્ષેપ
કર્યો છે અને ભાષા (પિશાચને બદલે સંસ્કૃત ) જૂદી પાડી છે.

મારી યથાશક્તિ, કથાની યોગ્યતા તથા અન્વયની મેળવણી કરવામાં આવી છે, અને
જેવી રીતે કથારસ જતો ન રહે, તેવી રીતે કાવ્યાંશની યોજના કરી છે. મારો આ ઉદ્યમ પંડિતા-
ઇની ખ્યાતિ મેળવવાને નથી, પણ અનેક પ્રકારની કથાજાળની યાદીની સ્હેલાઈ માટે છે.

## શંકર અને પાર્વતીનો સંવાદ.

કિન્નર, ગંધર્વ અને વિદ્યાધરોથી નિરંતર સેવાયેલો, પર્વતોમાં ચક્રવર્તી હિમાલય એવા નામથી
પ્રસિદ્ધ એક પર્વત છે. સર્વ પર્વતોમાં એની મોટાઈ એટલે તો ઉંચે દરજ્જે પહોંચી છે કે, જેથી
જગજ્જનની ભવાની (પાર્વતી) એ એને ત્યાં અવતાર લીધો. આનું ઉત્તર શિખર કૈલાસ નામનો
મોટો પહાડ, હજારો યોજનના અવકાશને રોકી રહ્યો છે.§ "ક્ષીર સાગરનું મથન કર્યાં છતાં પણ

* આરંભમાં જ કવિ 'કામદેવનો જય વર્ણવે છે. આનું તાત્પર્ય એ છે કે, આ શૃંગારપ્રધાન કથાનો ગ્રંથ છે–આમાં જે મુખ્ય નાયક છે તે કામનો અવતાર છે. † નૃત્તં તાललयाश्रयम् । તાલ અને લય ( લે ) ની જ જેમાં જરૂર હોય અને અંગવિક્ષેપ હોય પણ અભિનય રહિત હોય, તે નૃત્ત કહેવાય. આ લક્ષણ દશરૂપક નામના ગ્રંથમાં કહ્યું છે. ‡ આ બીજા મંગળાચરણનું તાત્પર્ય એ છે કે, ગણુપતિ નૃત્તની વખતે જૂના તારાઓને દૂર કરી નવા તારા કલ્પે છે, તેમ જૂના ગુણાઢ્યના ગ્રંથની જગોપર આ કથાસરિત્સાગર સોમદેવ ભટ્ટ રચે છે. § અર્થાત્ હજારો યોજન વિસ્તારવાળો છે.



મંદર* સુધાથી શ્વેત ન થયો અને હું તો વગર યત્ને શ્વેત છું," એવી રીતે આ કૈલાસ, ખાસ કાંતિને
લીધે જાણે હાસ્ય કરતો હોયની શું (તેવો દેખાય છે). આના વિષે પ્રમથાદિગણો, વિદ્યાધરો અને સિદ્ધોથી
સેવાતા સ્થાવર જંગમના ગુરુ **મહેશ્વર પાર્વતી** સાથે વિલાસ કરતા વસે છે. જે **મહાદેવના** પિંગળા
ઉંચા જટા જૂટમાં રહેલો નવો ચંદ્રમા, સંધ્યાથી પીળા પૂર્વ પર્વતના શિખરના સંગનું સુખ
સેવે છે. ફક્ત અંધક નામના દૈત્યરાજના કલેજામાં ત્રિશૂલ ભોંકતાં **શંકરે** આ ત્રિજગતનાં
હૃદયથી શૂળ કાઢ્યું, એ આશ્ચર્ય છે ! જે **શંકરનાં** ચરણુમાં પ્રણામ કરતી વખતે નખના
આમની છબી, સુરાસુરના તાજના મણિઓમાં પડવાથી, તેઓ, **મહાદેવજીની** બક્ષીસથી મળેલા
અર્ધ **ચંદ્ર**વાળા દેખાય છે. ત્યાં એકાંતમાં, એક સમયે પ્રેમાળ પ્રિય **પાર્વતીએ** પતિ **શંકરની**
પ્રશંસા કરી તેમને પ્રસન્ન કીધા, જેથી ખુશી થયેલા **શંકરે** તેમને ખોળામાં બેસાડી કહ્યું કે,
" હું તારૂં શું પ્રિય કરૂં ?"

**પાર્વતીજીએ** કહ્યું કે, "સર્વમાં સમર્થ એવા આપ જો મારી ઉપર ખુશી થયા હો તો
કોઈ સરસ નવલકથા (કહાણી) મને કહો."

ત્યારે **શંકરે** તેને કહ્યું–"હે પ્યારી, આ જગતમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં એવું
શું છે, કે જે તું જાણુતી ન હોય ?"

એ પ્રમાણે **મહાદેવનાં** વચનામૃતો સાંભળી, **પાર્વતીએ** હઠ લીધી. કહ્યું છે કેઃ—

**અનુષ્ટુપ્**—હઠીલી હરિણાક્ષીનું, પ્રેમના માવરા થકી;
હઠીલું મન લીધેલો, ન છોડે હઠ તે નકી.

પછી **શિવજી પાર્વતીને** સારુ લગાડવાની ઇચ્છાથી તેના જ પ્રભાવવાળી એક સ્વલ્પ
કથા કહેવા લાગ્યાઃ—

"એક સમયે **બ્રહ્મા** અને **વિષ્ણુ** મને મળવાને પૃથ્વીપર ફરતા ફરતા હિમાલય પર્વતની તળેટી-
માં આવી પહોંચ્યા. ત્યાં મ્હોટું જ્વાલાલિંગ જોયું. તેનો છેડો લેવા **બ્રહ્મા** ઉપર ચઢ્યા અને **વિષ્ણુ**
નીચે ઉતર્યા, પણ તેમને તેનો છેડો મળ્યો નહિ, ત્યારે તેઓએ તપશ્ચર્યા કરી મારી કૃપા સંપાદન
કીધી; તેથી મેં તેમને દર્શન આપી કહ્યું કે, 'કાંઈ વર માગો.' તે સાંભળીને **બ્રહ્માએ** કહ્યું કે,
'તમો મારા પુત્ર થાઓ,' એવી રીતે વર માગવાથી અને ઉપર ચઢવાથી **બ્રહ્મા** નિંદિત અને
અપૂજ્ય થયા છે. તે પછી **વિષ્ણુએ** વર માગ્યો કે, 'હે ભગવન્, હું આપની સેવામાં તત્પર
રહું, તેવો વર આપો.' તેથી તમે તે રૂપે મારાં શરીરી ( **વિષ્ણુ** ) થયાં છો. શક્તિમાન્ જે હું, તેની
જે **નારાયણ** તે તું શક્તિ છે. વળી તું પૂર્વ જન્મ વિશે મારી સ્ત્રી છે." જ્યારે **શિવજીએ** આમ
કહ્યું ત્યારે **પાર્વતીએ** પૂછ્યું –હું પૂર્વ જન્મવિશે તમારી સ્ત્રી કેવી રીતે હતી?

**શંકરે** કહ્યું;–"હે દેવી ! પૂર્વે દક્ષ પ્રજાપતિને તું તથા બીજી ઘણી પુત્રીઓ હતી. તેણે તને
મને આપી અને બીજી તારી બેનો ધર્માદિકને આપી. એક દિવસ તેણે યજ્ઞમાં જમાઈઓને

* મંદરાચળ–એ પર્વતને દેવ અસુરોએ સમુદ્રમંથન વેળાએ વલોણાની જગ્યાએ રાખ્યો હતો.

બોલાવ્યા, પણ ફક્ત મને ન બોલાવ્યો. ત્યારે તેં તારા પિતાને પૂછ્યું કે; 'પિતાજી, તમે મારા ભર્તાને કેમ બોલાવ્યા નથી, તેનું કારણ કહો.'

ત્યારે દક્ષ બોલ્યો; 'તારો ભર્તા માણસના કપાલની રુંડમાલા ધારણ કરે છે, માટે તેને યજ્ઞમાં કેવી રીતે બોલાવાય?' એમ તે તારા કાનમાં ઝેરી સોય ભોંકવા સરખી વાણી બોલ્યો ત્યારે, 'આ પાપી છે; અને આથી ઉત્પન્ન થયેલા દેહનું મારે શું પ્રયોજન છે?' એમ કોપ કરી, હે પ્યારી! તેં તે શરીરનો પરિત્યાગ કર્યો. તે જ ક્રોધથી મેં દક્ષના યજ્ઞનો ભંગ કર્યો. તે પછી સમુદ્રમાંથી જેમ ચંદ્રકલા ઉત્પન્ન થઈ છે, તેમ તું હિમાલય પર્વતથી થઈ (જન્મી) છે. હવે યાદ કર કે, જ્યારે હું હિમાલયમાં તપ કરવા આવ્યો હતો, ત્યાં મને અતિથિ થયેલો જોઈ, મારી સેવામાં તારા પિતાએ તને રાખી. આ સમયે તારકાસુરનો નાશ કરે એવો મને પુત્ર થાય, એવા અભિપ્રાયથી દેવતાઓએ મોકલેલો કામદેવ, તક મેળવી મને મોહ પમાડવા માટે મથન કરવા લાગ્યો; તેથી મેં તેને બાળી ભસ્મ કર્યો. પછી તીવ્ર તપે કરી ધારણાવાળી તું પ્યારીએ મને વશ કરી મૂક્યો. હે પ્યારી! તેની રક્ષા માટે તે મેં સહન કર્યું. એ પ્રકારે પૂર્વ જન્મની તું પત્ની છે. હવે બીજી શી કહાણી કહું?"

એમ કહી શંકર અબોલ થયા, ત્યારે દેવી ક્રોધના જુસ્સાથી બોલ્યાં કે, "તમે ધૂર્ત છો. માગણી કર્યાં છતાં પણ કોઈ સુંદર કહાણી કહેતા નથી. જટાજૂટમાં ગંગાને વહન કરતા અને સંધ્યાને નમન કરતા એવા તમોને હું ક્યાં નથી જાણતી?"

એ પ્રમાણે પોતાની પ્રાણપ્રિયા પાર્વતીનાં વચનામૃતો સાંભળી, તેનું મન મનાવી, અલૌકીક કથા કહેવાની કબૂલાત આપી, ત્યારે પાર્વતીની રીસ ઉતરી. પછી દ્વારપાલ નંદીને* પોતે આજ્ઞા કરી કે, 'કોઇને અંદર આવવા દઇશ નહિ.' આ આજ્ઞા પરથી આનંદી નંદિએ દ્વારપર પહેરો ભરવા માંડ્યો.

## પુષ્પદંત અને માલ્યવાનને મળેલો શાપ.

તે પછી શંકરે નીચે પ્રમાણે કથા કહેવાનો આરંભ કર્યો

શંકર કહે છેઃ—દેવ નિરંતર સુખિયા દુખિયા, જનજગ વિશે દિશે ભારી;
માટે દેવ નરોની સરસ સરળ, શુભ કથા કહું પ્યારી.

તેથી તારી પાસે વિદ્યાધરોનાં ચરિત વર્ણવું છું, એમ દેવીને તેમણે કહ્યું. આમ વાત ચાલે છે, એટલામાં પાર્વતીપતિનો પ્રસાદપાત્ર પુષ્પદંત નામનો મુખ્ય ગણ, દ્વારપર આવી ચઢ્યો. ત્યારે ચોકીપર બેઠેલા નંદિકેશ્વરે અંદર જવાની મના કરી. 'આજે મને પણ વિના કારણ મના કરે છે,' એવા કુતુહલથી [illegible] સાધી, યોગશક્તિથી અલક્ષિત થઈ પુષ્પદંતે અંદર પ્રવેશ કરી શંકર પાર્વતીને જે (કહાણી) કહેતા હતા, તે સાત વિદ્યાધરોનું અપૂર્વ અને ચમત્કારિક સઘળું ચરિત્ર સાંભળ્યું. પછી તેણે પોતાની પ્રિયા જયા પાસે જઈ શંકરે કહેલી કથા કહી. કહ્યું છે કેઃ—

* નંદી એ શિવજીનો મુખ્ય પ્રીય કિંકર છે.



વનિતાતણા વિલાસમાં, મોહિત કોણ સમર્થ;
ગુપ્ત રાખવા સ્ત્રી કને, ગુપ્ત વાત કે ગર્થ.

પછી (તે કથા સાંભળી) વિસ્મયને વશ થયેલી જયા પ્રતિહારીએ, પાર્વતી પાસે જઈ તે કથા કહી. કહ્યું છે કેઃ—

કહા તીઆકી જાતમેં, હોત જુબાન લગામ?

તે સાંભળતાં જ પાર્વતીએ શંકરને ક્રોધથી કહ્યું કે, 'તમે મને નવલ કથા તો કહી નથી; એ તો જયા પણ જાણે છે!' તે વખતે શંકરે ધ્યાન ધરી એ વાત જાણી કહ્યું કે, 'પુષ્પદંતે યોગે કરી અહિં પ્રવેશ કરી, એ કથા સાંભળીને જયાને કહી છે. હે પ્યારી! તે વિના બીજો કોણ જાણે?' તે સાંભળી દેવીએ કોપ કરી, પોતા પાસે પુષ્પદંતને બોલાવી મંગાવ્યો અને વ્યાકુળ થએલા તે પુષ્પદંતને કહ્યું કે, 'હે અવિનીત! તું મનુષ્ય થા!' એ રીતે પાર્વતીએ શાપ આપ્યો, તે વખતે માલ્યવાન્ નામના ગણે અને જયાએ પર્વતપુત્રી પાસે પોતાના પ્રિય પુષ્પદંતના શાપ નિવારણાર્થે પગમાં પડી, પ્રણામપુરઃસર પ્રાર્થના કરી. ત્યારે પાર્વતીજી બોલ્યાં કે, 'વિંધ્યાટવીમાં કૂબેર ભંડારીના શાપથી સુપ્રતીક નામનો યક્ષ કાણભૂતિ નામે પિશાચપણું પામી વસે છે. હે પુષ્પદંત! તેને જોઈ જાતિને સંભારી, જ્યારે તેને તું આ (વિદ્યાધરોની) કથા કહીશ, ત્યારે (તું) શાપથી મુક્ત થઇશ અને જ્યારે કાણભૂતિ પિશાચથી માલ્યવાન્ તે કથા સાંભળશે ત્યારે, કાણભૂતિ પિશાચપણાથી મુક્ત થશે. તે પછી ગુણાઢ્ય થયેલો માલ્યવાન, લોકોમાં તે કથા પ્રસિદ્ધ કરશે ત્યારે તે પણ શાપથી મુક્ત થશે. એમ કહી પર્વતપુત્રી બોલતાં બોલતાં બંધ પડ્યાં. તે ક્ષણે તે બેઉ ગણ પણ વ્યોમાંગણમાં* ચમકતી ચંચલાના† ચમકારા માફક દ્રષ્ટનષ્ટ‡ થઈ ગયા.

હવે કેટલાક દિવસ વીત્યા પછી દયાળુ ગૌરીએ શંકરને પૂછ્યું કે, 'હે દેવ! મેં જે આપના બેઉ સેવકોને શાપ આપી પૃથ્વીપર પાડ્યા છે, તે હાલ ક્યાં ઉત્પન્ન થયા છે?' ત્યારે ચંદ્રચૂડ બોલ્યા કે, 'હે પ્રિયે! કૌશાંબી§ નામની જે મહાનગરી છે, તેમાં તે પુષ્પદંત, વરરુચિ નામે અવતર્યા છે અને માલ્યવાન્ પણ સુપ્રતિષ્ઠિત નામના સુંદર નગરમાં ગુણાઢ્ય નામે જન્મ્યો છે.' આ રીતે બન્નેની હકીકત છે.

એમ તે શંકર, નિરંતર અનુસરતા નોકરોને અપમાન પહોંચાડવાના પસ્તાવાના વિચારવાળી

* આકાશમાં. † વીજળી. ‡ જોતજોતામાં અદૃશ્ય. § હસ્તિનાપુર ભરતખંડનું રાજનગર મટ્યા પછી કૌશાંબી એ ભરતખંડના સાર્વભૌમ રાજાઓની રાજધાની હતી. તેનું સ્થળ નક્કી નથી. કોઇ ગંગા યમુના વચ્ચે જેને દુઆબ કહેછે ત્યાં આવેલી એક નગરીને કૌશાંબી જણાવે છે, તો કોઈ યમુનાના પશ્ચિમ તટપર મગધ અને વિંધ્યાની ટેકરીઓ નજીક આવેલી તે નગરીને ધારે છે. અલાહાબાદથી ૧૪ મૈલ પશ્ચિમના માર્ગપર આવેલાં કરાલીનાં ખંડીયેરોને કૈશાંબી તરીકે ગણવામાં આવે છે. આટલું તો ખરું છે કે, આ ખંડીયેરો કોઈ પ્રાચીન મહાનગરનાં છે, ને ત્યાંથી કોઈ કોઈ લેખો મળે છે તે પરથી જણાય છે કે 'કાતા' તે કૌશાંબીનું નાશવંત નામ હશે.

પ્રિયા પાર્વતીને ઉપરની વાત કહી, કૈલાસ શૈલની તળેટીમાં રોપેલી કલ્પલતાઓથી કલ્પેલા કુંજોમાં પ્રેમાળ પાર્વતીને રમાડતા વસતા હતા.

**ઈતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠલંબકને વિષે પહેલો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૨ જો.

### વરરુચિરૂપે થયેલ પુષ્પદંતની કથા.

તે પછી પુષ્પદંત મનુષ્યના શરીરથી વરરુચિ* અથવા કાત્યાયન, એ નામે વિખ્યાત થયો. તે વિદ્યાનો પાર પામી નંદનો કારભાર કરી, ખિન્ન થવાથી, એક દિવસ વિંધ્યવાસિનીનાં† દર્શન કરવા ગયો. ત્યાં તપસ્યા કરી તેણે દેવીનું આરાધન કર્યું. ત્યારે સ્વપ્નમાં દેવીએ કાણભૂતિને મળવા વિંધ્યના જંગલમાં જવાની આજ્ઞા કરી. તેથી તે વાઘ અને વાંદરાઓથી સંકીર્ણ અને જળરહિત કઠોર વૃક્ષવાળા વનમાં ફરવા લાગ્યો. ત્યાં એક ઊંચું વડવૃક્ષ દીઠું. તેના સમીપમાં સેંકડો પિશાચોથી વિંટલાએલા, સાલવૃક્ષ સરખા ઉંચા શરીરવાળા કાણભૂતિ પિશાચને તેણે જોયો. કાણભૂતિની નજર પડવાથી તે તેને પગે પડ્યો. પછી ક્ષણ માત્ર બેસી કાત્યાયને તેને કહ્યું કે, ‘ તું સદાચારવાળો થઈ, આવી ગતિ કેમ પામ્યો છે ? ’ તે સાંભળી કાણભૂતિએ મિત્રાઈ ધરાવતા કાત્યાયનને ઉત્તર આપ્યો કે, ‘ મને પોતાને તેની ખબર નથી, પણ મહાદેવજી પાસેથી ઉજ્જયિનીના સ્મશાનમાં જે સાંભળેલું છે, તે (વાત) હું તને કહું છું, તે સાંભળઃ—

એક દિવસ પાર્વતીએ શંકરને પૂછ્યું કે, ‘ હે દેવ! કપાલ (ખોપરીઓ) અને સ્મશાનમાં તમને કેમ પ્રીતિ છે ?’ એવું પૂછવાથી શંકરે ઉત્તર આપ્યો કે, ‘પૂર્વે, કલ્પનો ક્ષય થયો હતો ત્યારે આખું જગત્ જળમય થઈ ગયું હતું. ત્યારે મેં સાથળ ભેદી લોહીનું ટીપું જળમાં નાંખ્યું. તેમાંથી ઈંડું થયું. તેના બે કડકા કરતાં તેમાંથી પુરુષ નિકળ્યો. તે પછી સૃષ્ટિને માટે મેં પ્રકૃતિને ઉત્પન્ન કરી. તે બન્નેએ મળી બીજા પ્રજાપતિ અને પ્રજા ઉત્પન્ન કરી. હે પ્રિયે! એ કારણથી તે પુરુષ જગતમાં બ્રહ્મા કહેવાય છે. એવી રીતે ચરાચર જગતને ઉત્પન્ન કરી, તે પુરુષ ગર્વમાં આવી ગયો, તેથી મેં એનું માથું કાપી લીધું. તે પછી તેના પસ્તાવાથી મેં મહાવ્રત ગ્રહણ કર્યું ને

* વરરુચિ, કાત્યાયન અને એકશ્રુતધર એ ત્રણે નામ પુષ્પદંતનાં જ છે; અને એ મોટો ગ્રંથકાર છે ગ્રંથમાં ઘણી જગોપર તે પોતાનું નામ વરરુચિ લખે છે. † વિંધ્યવાસિની દેવી, એ વિંધ્યાચળની અધિષ્ઠાતા દેવી છે, તેનું મંદિર હાલમાં મીરઝાપુરમાં છે.



એથી હાથમાં કપાલ રાખું છું અને સ્મશાન મને પ્રિય છે. હે દેવી! આ કપાળરૂપ જગત્ મારા હાથમાં રહ્યું છે, જેથી* પ્રથમ કહેલાં બે કપાળરૂપ આકાશ અને પૃથ્વી છે–’ એવું ત્યાં શંભુએ કહ્યું તે મેં સાંભળ્યું. વળી પણ જે કાંઈ તેઓ કહેશે તે હું સાંભળીશ, એવા કૌતુકથી હું ઊભો હતો ત્યારે પાર્વતીએ ફરી પોતાના પ્રિયને પૂછ્યું કે, ‘તે પુષ્પદંત કેટલી મુદત પછી આપણને આવી મળશે?’ તે સાંભળી મારા ઉદ્દેશે શંકરે દેવીને કહ્યું કે, ‘ જે આ પિશાચ દેખાય છે તે કુબેરનો ચાકર યક્ષ હતો. તેને સ્થૂળશિરા નામે રાક્ષસ સાથે મિત્રાઈ થઈ. તે પાપીની સંગતિ જોઈ કુબેર ભંડારીએ તેને શાપ આપ્યો કે, તું વિંધ્યાટવીમાં પિશાચ થા. ત્યારે તેના ભાઈ દીર્ઘજંઘે કુબેરજીના પગમાં પડી, શાપના નિવારણાર્થે પ્રાર્થના કરી, એટલે કુબેરે કહ્યું કે, ‘શાપથી મુક્ત થયેલા પુષ્પદંતથી મહાકથા સાંભળી, તે કથા, શાપથી મનુષ્યપણું પ્રાપ્ત થએલા માલ્યવાનને કહીને, તે બે ગણસહિત, આ શાપથી એ મુક્ત થશે.’ એવી રીતે કુબેરે તેના શાપનો અંત કહ્યો. હે પ્રિયે! તેં પુષ્પદંતને તે જ શાપનો અંત કહ્યો છે તે સંભાર. ’ આવાં શંભુનાં વચન સાંભળી હું હર્ષસહિત અહીં આવ્યો છું. એવી રીતે પુષ્પદંતના આવવા સુધી આ શાપનો દોષ ભોગવું છું.” એવું કહી કાણભૂતિ રહી ગયો કે, તુરત વરરુચિ, જાતિનું સ્મરણ આવવાથી, જાણે નદ્રામાંથી ઊઠ્યો હોય તેમ બોલ્યો કે, ‘તે જ પુષ્પદંત હું પોતે જ છું. મારી પાસેથી તે કથા સાંભળ. એમ કહી કાત્યાયને સાત લાખ શ્લોકની સાત કથા કહી. ત્યારે કાણભૂતિ બોલ્યો કે, ‘હે દેવ! તું રુદ્રનો અવતાર છે, બીજો કોણ આ કથા જાણે? તારી કૃપાથી તે શાપ મારા શરીરમાંથી ઘણો ખરો નિકળી ગયો; માટે હે પ્રભો! જન્મથી માંડી તારી હકીકત કહે. જો મારા સરખાથી ગુપ્ત રાખવાનું ન હોય તો ફરીથી પણ મને પવિત્ર કર.’ ત્યારે વરરુચિએ નમ્રતાવાળા કાણભૂતિના આગ્રહ ઉપરથી, જન્મપર્યંતનું વિસ્તારથી સર્વ વૃત્તાંત આ પ્રમાણે કહી સંભળાવ્યુંઃ—

### વરરુચિની ઉત્પત્તિની કથા.

વરરુચિ કહે છેઃ–કૌશાંબી નગરીમાં સોમદત્ત નામનો એક બ્રાહ્મણ હતો. તેનું બીજું નામ અગ્નિશિખ હતું. તેને વસુદત્તા નામની સ્ત્રી હતી. તે મુનિકન્યા હતી, પણ શાપ થવાને લીધે તે સ્ત્રીજાતિમાં અવતરી હતી. તેને વિષે તે બ્રાહ્મણથી, શાપના યોગે આ હું અવતર્યો છું. મારી બાળક અવસ્થામાં મારો પિતા ગુજરી ગયો, ત્યારે મોટી મુસીબતે મહેનત મજુરી કરી મારી માએ મને મોટો કર્યો. એક દિવસે દૂર પલ્લેથી આવવાથી ભુખાળવા બે બ્રાહ્મણ એક રાત્રિ રહેવા સારુ અમારે ઘેર આવ્યા. તે બન્ને અમારે ઘેર રહ્યા તેવામાં મુરજનો † શબ્દ થયો. તેથી પતિનું સ્મરણ કરી ગદ્દગદ કંઠે મારી માએ મને કહ્યું કે; ‘હે પુત્ર! આ તારા પિતાનો મિત્ર નંદ નટ નાચે છે.’ ત્યારે મેં માને કહ્યું કે; ‘હું તે જોવા જાઉં છું; અને (જોઈ આવી) તને પણ પાઠ સહિત તે સઘળું ભજવી બતાવીશ.’ એ મારુ વચન સાંભળી

* બ્રહ્માંડ ગોળ છે, તેનો ઉપર તથા નીચેનો અર્ધ ભાગ તેને પણ કપાલ કહે છે. † પખવાજનો.

તે બેઉ બ્રાહ્મણો વિસ્મય થઈ ગયા. ત્યારે તે બન્નેને મારી માએ કહ્યું કે, ‘એમાં સંશય નથી. એકવાર સાંભળેલું સઘળું આ બાળક હૃદયમાં ધારી શકે છે’ આ વાતની જિજ્ઞાસાથી મારી પાસે તેઓએ પ્રાતિશાખ્યનો* પાઠ કહી સંભળાવ્યો. તત્ક્ષણે તે સાંભળે તેવી રીતે હું પાછું તેને કહી ગયો. તે પછી તેઓની સાથે જઈ નાટક જોઈ ઘેર આવી, તે બન્નો બ્રાહ્મણ જુએ તેમ, તેવી જ રીતથી માની પાસે સઘળાનો પાઠ કરી ગયો, તેથી આ જ એકશ્રુતધર† છે, એવો નિશ્ચય કરી, તેમાંના એક વ્યાડિ નામના બ્રાહ્મણે, મારી મા પાસે નીચે પ્રમાણે કથા કહી.

## વ્યાડિની કથા.

હે મા! વેતસ નામના પુરમાં, દેવસ્વામી અને કરંભક નામના બ્રાહ્મણ જાતિમાં, પરસ્પર અતિપ્રીતિવાળા બે ભાઈઓ હતા. તેમાં એકનો પુત્ર આ ઇંદ્રદત્ત અને બીજાનો‡ હું વ્યાડિ નામે પુત્ર ઉત્પન્ન થયો છું.

ત્યાર પછી મારો પિતા દેવલોક પામ્યો. તેના શોકથી ઇન્દ્રદત્તનો પિતા મહામાર્ગમાં ગયો.§ તેથી અમારી બન્ને માતાઓનું હૃદય શોકથી ગભરાઈ ફાટી ગયું, અને અમે અનાથ થઈ રહ્યા. ધન છતાં પણ વિદ્યાની ઇચ્છાથી તપશ્ચર્યા કરી, ‖ સ્વામીકુમારની પ્રાર્થના કરવા ગયા. અમે તપ કરતા હતા ત્યાં પ્રભુએ અમને બન્નેને આજ્ઞા કરી કે, નંદ રાજાનું પાટલિક નામનું શહેર છે, ત્યાં વર્ષ નામનો વિપ્ર વસે છે, તેનાથી સર્વ વિદ્યાપ્રાપ્તિ થશે, માટે ત્યાં તમો બન્ને જાઓ. આવી આજ્ઞા ઉપરથી અમે ત્યાં જઈ તપાસ કરી તો નાગરીકોએ કહ્યું કે, ‘અહીં વર્ષ નામનો મૂરખો વસે છે ખરો.’ તે ક્ષણે ચળવિચળ થતા ચિત્તથી, તેને ઘેર જઈ, અમે દુઃખિત સ્થિતિવાળું વર્ષનું ઘર જોયું. ઉંદરોના દરવાળા, ફાટ પડેલી દીવાલોથી ને છાપરું ન છાયલું હોવાથી જાણે છાયા વગરનાં, ને આપત્તિની જન્મભૂમિ સરખા ઘરની અંદર ધ્યાન કરતા વર્ષને જોઈ, પરોણાગત કરનારી તેની સ્ત્રી પાસે અમે ગયા. ભુખાળવી, દુર્બળ અંગવાળી, ફાટાં તૂટાં વસ્ત્રવાળી, ગુણના પ્રેમથી આવેલી તેની રૂપવાળી દુર્ગતિ હોય તેવી સ્ત્રીને જોઈ, પ્રણામ કરી અમે અમારું વૃત્તાંત કહ્યું અને તેના ધણીની મૂર્ખાઇની વાત જે સાંભળવામાં આવી હતી, તે પણ સાથે સાથે કહી. ત્યારે તેણે કહ્યું કે, ‘તમે મારે પુત્ર સમાન છો; તો શી શરમ ધરવી? હું તમને કહું છું તે સાંભળો.’ એમ કહી તે સાધ્વી સ્ત્રીએ નીચે પ્રમાણે કથા વર્ણવી.

## વર્ષ ચરિત્ર.

‘આ નગરમાં શકર સ્વામી નામનો એક ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો. તેના આ બે પુત્ર છે; એક વર્ષ અને બીજો ઉપવર્ષ. તેમાંથી આ મોટો (વર્ષ) મૂર્ખ અને દરિદ્રી છે અને જે

---

* વ્યાકરણનો એક ગ્રંથ—જેમાં એક જુદા જ પ્રકારના વેદના ઉચ્ચાર થાય છે તે. † એકશ્રુતધર એટલે એક વાર જે સાંભળે તે યાદ રાખી લે. આ ધારણા શક્તિનું કામ છે અને જેની ધારણા ઘણી ઉત્તમ થઈ હોય તેનાથી બની શકે છે. અવધાનનું પણ બીજ આ જ છે. કુલશેખર, ભોજરાજ વગેરે વિદ્વાનૂ રાજાઓની સભામાં આવા વિદ્વાન્ રહેતા હતા. ‡ કરંભકનો. § મરણ પામ્યો. ‖ કાર્તિકેયની.



નાનો ભાઈ છે તે એથી વિપરીત ગુણવાળો છે. તેણે આના ઘરના પોષણમાં પોતાની સ્ત્રીને* ભલામણ કરી. એક દિવસ પ્રાવૃટ્‌ઋતુ† આવી. આ ઋતુમાં સ્ત્રીઓ ગોળ મેળવી લોટનું બનાવેલું નિંદિત ગુહ્યનું રૂપ કરી, મૂર્ખ બ્રાહ્મણને આપે છે, કારણ કે તેમ કરવાથી શિયાળામાં અને ઉનાળામાં સ્નાનનો ક્લેશ અને પસીનો થતો નથી. એવા ખરાબ આચારને લીધે તે મારી દેરાણીએ મારા પતિને દક્ષિણા સહિત તેનું દાન આપ્યું. તે લઈ મારા પતિ ઘેર આવ્યા; તેથી મેં તેનો ઘણો તિરસ્કાર કર્યો, ત્યારે તેણે મૂર્ખતાથી થએલા અંતર ક્રોધથી તપી, કાર્તિકેયનાં‡ ચરણ પાસે જઇ તપ કર્યું. એથી પ્રસન્ન થઇ કાર્તિકેયે સર્વ વિદ્યા તેને દર્શાવી અને કહ્યું કે, જ્યારે એક-શ્રુતધર બ્રાહ્મણ તને મળે ત્યારે આ વિદ્યાઓનો પ્રકાશ કરજે. એવી તેની આજ્ઞા ઉપરથી હર્ષિત થઈ આ વર્ષ અહીં આવ્યો, અને અહીં આવી સર્વ વૃત્તાંત મારી પાસે કહી બતાવ્યો; અને ત્યારથી એ નિરંતર જપ અને ધ્યાનમાં રહે છે. જો કોઈ એકશ્રુતધરને તમે ખોળી લાવો તો તેથી તમોને સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થશે, એમાં શક નહીં. એવું વર્ષની સ્ત્રી પાસેથી સાંભળી, તરત તેનું દારિદ્ર્ય ટાળવા સો સોના મહોર તેને આપી, અમો તે નગરથી ચાલતા થયા. પછી આખી પૃથ્વીમાં ફરી વળ્યા, પણ અમોને ક્યાંઈ શ્રુતધર મળ્યો નહિ, તેથી થાકી જઈ આ જ તારે ઘેર આવેલા છીએ. તો અત્રે એકશ્રુતધર આ બાળક તારો પુત્ર મળ્યો, તો આને અમારે સ્વાધીન કર, જેથી અમે વિદ્યા અને ધનની સિદ્ધિ અર્થે જઇએ. આવાં વ્યાડિનાં વચન સાંભળી, મારી મા આદરપૂર્વક બોલી કે, ‘બધી વાત મળતી આવે છે; આ વાતમાં મને (પૂર્ણ) ભરોસો છે. પ્રથમ મને આ એક પુત્ર ઉત્પન્ન થયો ત્યારે સ્પષ્ટ આકાશવાણી થઇ હતી કે, “આ શ્રુતધર જન્મ્યો, તે વર્ષથી વિદ્યા પામશે અને વ્યાકરણ પણ આનાથી જ લોકમાં પ્રતિષ્ઠા પામશે; જે જે વર એટલે શ્રેષ્ઠ વસ્તુ હશે, તેની ઉપર જ આની રુચિ થશે, તેથી આનું નામ વરરુચિ§ પડશે;” એવું કહી આકાશવાણી બંધ પડી. એટલા કારણથી જ આ બાળક મોટો થયો ત્યારે હું રાત્રિ દિવસ વિચાર કરું છું કે, તે વર્ષ ઉપાધ્યાય ક્યાં હશે. આજ તમારા મ્હોંથી સાંભળી મને ઘણો સંતોષ ઉપજ્યો છે. હવે તો એને તમે સંગે લઈ જાઓ; આ તમારો ભાઈ છે, શું હરકત છે?’ એવાં મારી માનાં વચન સાંભળી, હર્ષિત થએલા વ્યાડિ અને ઇંદ્રદત્તની તે રાત્રિ ક્ષણ સરખી વ્યતીત થઈ. પછી અંબાજીના ઉત્સવ સારુ, તરત પોતાનું ધન દઈ, મને વેદ ભણવા લાયક જાણી, વ્યાડિએ મને ઉપવીત ધારણ કરાવ્યું. તે પછી માંડ માંડ આંસુ રોકી (મારી) માએ મને જવાની આજ્ઞા આપી, ત્યારે મારા ઉત્સાહથી, માની સર્વ પીડાને શાંત કરનારા મને પુષ્પિત થયેલા કાર્તિકેયના અનુગ્રહરૂપ માની લઈ, વ્યાડિ અને ઇન્દ્રદત્ત તરત તે નગરીમાંથી વિદાય થયા. તે પછી અમો ક્રમે કરી ગુરુરાજ વર્ષને ઘેર આવ્યા. તેણે પણ મને દેહધારી કાર્તિકેયનો પ્રસાદ માન્યો. બીજે દિવસે અમને આગળ બેસાડી, પવિત્ર ભૂમિમાં, વર્ષ ઉપાધ્યાય પણ બેઠા અને દિવ્ય વાણીએ ૐકારનો

---

* કહેનાર આ સ્ત્રી વર્ષની છે. † વર્ષાની મોસમ. ‡ સ્વામીકુમાર. § વર–શ્રેષ્ઠ અને રુચિ–ઇચ્છા–શ્રેષ્ઠ ઇચ્છા કરનાર તે વરરુચિ.

ઉચ્ચાર કર્યો. તે પછી તરત જ તેને અંગો* સહિત વેદો† ઉપસ્થિત થયા, ( તેથી ) તે અમોને ભણાવવા લાગ્યો. ત્યાં ગુરુના મુખથી ( તે સર્વે ) એક વાર સાંભળી, મેં યાદ રાખી લીધું. વ્યાડિએ બે વખત સાંભળવાથી ધારી લીધું અને ઇન્દ્રદત્તને ત્રણ વખત કહેવાથી આવડી ગયું. તે અપૂર્વ દિવ્ય શબ્દ સાંભળી, બ્રાહ્મણોનો વર્ગ મનમાં વિસ્મય પામી ગયો અને ‘ આશ્ચર્ય આશ્ચર્ય ’ એમ ચોમેરથી આવી સ્તુતિથી વાચાળ મુખવાળો તે વર્ગ, પ્રણામવડે વર્ષની પૂજા કરવા લાગ્યો. કાંઈ પણ વિચિત્ર જોઈ, ત્યાં સાનંદાશ્ચર્ય પામેલો માત્ર ઉપવર્ષ જ નહીં, પણ પાટલિપુત્રના‡ સઘળા લોક, મોટો ઉત્સવ કરવા લાગ્યા; અને સમૃદ્ધિમાન્ નંદ રાજાએ પણ તે મહાદેવજીના પુત્ર કાર્તિકેયના વરદાન પ્રભાવને જોઈ, સંતોષ પામી આદરથી વર્ષનું ઘર તે જ વખત પૈસાથી પૂર્ણ કરી દીધું.§

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠલમ્બકને વિષે બીજો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૩ જો.

## પાટલિપુત્ર ( પટના ) નિર્માણની કથા.

કાણભૂતિ એકાગ્રચિત્તથી આ કથા શ્રવણ કરતો હતો, ત્યારે વરરુચિ તે જંગલમાં પોતાની વાત આ પ્રમાણે અગાડી કહેવા લાગ્યો.

એમ બન્યું કે, એક સમયે વર્ષ ઉપાધ્યાય પોતાનું નિત્યકર્મ કરી બેઠા હતા, તેની પાસેથી વેદનો પાઠ લઈ અમોએ પૂછ્યું કે, ‘હે ગુરુજી ! આ નગર સરસ્વતી ને લક્ષ્મીનું નિવાસસ્થાન કેમ થયું, તેની સવિસ્તર હકીકત અમને કહો.’ તે સાંભળી, અમને સંભળાવતા તેઓએ પટનાના નિર્માણની કથા આ પ્રમાણે કહી.

* અંગ છ છેઃ- ૧ શિક્ષા, ૨ કલ્પ, ૩ વ્યાકરણ, ૪ નિરુક્ત, ૫ છંદ, ૬ જ્યોતિષ. † ચાર વેદ—ઋગ્, યજુઃ, સામ, ને અથર્વ વેદ. ‡ હાલમાં પાટલિપુત્ર શહેરને પટના કહેવામાં આવે છે. § વિલ્સન સાહેબ પોતાના સંસ્કૃત નિબંધના પહેલાં પુસ્તકના ૧૬૫ મા પૃષ્ઠમાં લખે છે કે, નંદના સમકાલીન વરરુચિ ને વ્યાડિ સંબંધી ઇતિહાસ તે હિંદુસ્થાનની વિદ્યાના સંબંધમાં ઘણી અપૂર્વ કથા દર્શાવનારો છે, કેમકે વ્યાડિ ને વરરુચિ એ બંનેએ શબ્દ વ્યુત્પત્તિ શાસ્ત્રપર ટીકા રચી છે. વરરુચિ, જેને કાત્યાયન પણ કહેવામાં આવે છે તેણે પાણિનીના વ્યાકરણપર પણ ટીકા રચી છે. નંદ તે ચંદ્રગુપ્તનો પૂર્વાધિરાજ હતો, ને તેપરથી જણાય છે કે, વ્યાકરણ શાસ્ત્રની રચના ઈ. સ. પૂ. ચોથા સૈકામાં થયેલી હશે. અત્રે સોમદેવ કવિએ નક્કી સમય આપવાની ઇચ્છા દર્શાવી નથી, પણ આટલું તો સત્ય છે કે, આ પુરાણીક વાતો ને પ્રાચીન કથાપર જરાપણ આધાર રખાતો નથી.



ગંગાદ્વારમાં એક કનખલ* નામનું પવિત્ર તીર્થ છે. જ્યાં કાંચનપાત દેવદંતીએ ઉશીનર પર્વતના શિખર ઉપરથી ગંગાજી ઉતારેલાં છે ત્યાં, સ્ત્રી સહિત એક દક્ષણી બ્રાહ્મણ તપશ્ચર્યા કરતો હતો. તેને ત્યાં ત્રણ પુત્રો જન્મ્યા હતા. કાળે કરી સ્ત્રી સહિત તે બ્રાહ્મણ સ્વર્ગવાસી થયો, ત્યારે તેના પુત્રો વિદ્યા મેળવવાની ઇચ્છાથી રાજગૃહ નામના સ્થાનમાં ગયા. ત્યાં વિદ્યા ભણ્યા પછી અનાથપણાંના દુઃખથી કાર્ત્તિકેયનાં દર્શન કરવા તેઓ દક્ષિણ દેશમાં ગયા. ત્યાં સમુદ્રકાંઠે ચિંચિની નગરીમાં, ભોજિક નામના બ્રાહ્મણને ઘેર જઈ રહ્યા. તે ભોજિક બ્રાહ્મણે પોતાની ત્રણે કન્યા અને ધન તેને આપી, પોતાને બીજું સંતાન ન હોવાનેલીધે, તે તપ કરવા, ગંગાજી ગયો. તે ત્રણે બંધુઓ સસરાને ઘેર રહેતા હતા. ત્યાં વરસાદ નહીં પડવાને લીધે દુકાળ પડ્યો; તેથી તે ત્રણે, પોતાની સતી સ્ત્રીઓને તજી જતા રહ્યા.

બંધુપણાની બુદ્ધિ, અટકે ન ક્રૂરનાં કલેજામાં;
જે જે કુકર્મ ધારે, તે કરશે સહજ મોજલેજામાં.

તે ટાંણે વચેટ સ્ત્રી સગર્ભા હતી, તેથી તેઓ પિતાના મિત્ર યજ્ઞદત્તના ઘરનો આશ્રય લઈ, ત્યાં દુઃખી હાલતમાં પોતાના પતિઓનુ ધ્યાન ધરતી રહી.†

આપદામાં ફસાયલી, જે જાતે કુલકામિની;
સતીની ચાલ શું છાંડે, તે કદી ગજગામિની ?

કાળે કરી તે વચલી સ્ત્રીને પુત્ર આવ્યો, ત્યારે તે પુત્રને વિષે તેઓનો એક બીજાથી અધિક સ્નેહ વધવા લાગ્યો.

એક દિવસ આકાશ માર્ગે મહાદેવજી જતા હતા, તેના ખોળામાં બેઠેલાં દયાળુ પાર્વતીએ કહ્યું કે, ‘હે દેવ ! આ બાળક ઉપર આ ત્રણે સ્ત્રીઓ સ્નેહ રાખી આશા બાંધે છે કે, આ અમારું પાલણ પોષણ કરશે. માટે આપે એમ કરવું યોગ્ય છે કે, એ બાળક તેઓનું પોષણ કરે.’ આવાં પ્રિયાનાં વચન સાંભળી, વરદાન દેવાવાળા શંકરે કહ્યું કે, ‘આની ઉપર અનુગ્રહ કરું છું, કારણ કે આણે પૂર્વ જન્મમાં સ્ત્રી સહિત મારું આરાધન કરેલું છે, તેથી આ પૃથ્વીમાં ભોગ ભોગવવા એને ઉત્પન્ન કરેલો છે. એની સ્ત્રી પાટલી એવે નામે મહેન્દ્રવર્મ રાજાની પુત્રી થઈ છે, તે એની જ સ્ત્રી થશે.’ એવું કહી શંકરે સ્વપ્નમાં તે ત્રણે સતી સ્ત્રીઓને કહ્યું કે, ‘ તમારો આ બાળક પુત્ર પુત્રક એવા નામથી પ્રસિદ્ધ થશે. આ પુત્રક નિદ્રામાંથી જાગૃત થશે, એટલે તરત તેના ઓશીકા આગળ દરરોજ લાખ સોના મહોરનો ઢગલો થશે અને એ રાજા થશે.’ તે પછી બાળક નિદ્રા ત્યજી ઉઠ્યો ત્યારે સોનું મળવાથી ફલિત વ્રતવાળી યજ્ઞદત્તની રુડી પુત્રીઓ રાજી થઈ. હવે તે સુવર્ણથી થોડા વખતમાં તેનો ખજાનો વધી ગયો અને તે પુત્રક રાજા થયો. કહ્યું છે કેઃ—

સંપ સંપદા જાણવી, તપને તાબેદાર.

*હરદ્વાર—તેને ગંગાજીનું દ્વાર ગણે છે. † દુઃખ દારિદ્ર્યમાં પણ કુલિનકાંતા પોતાના પતિનું ધ્યાન ચૂકતી નથી.

એક દિવસ એકાંતમાં યજ્ઞદત્તે પુત્રકને કહ્યું કે, 'હે રાજા! દુકાળના દોષથી તારા પિતાઓ ક્યાંઈ જતા રહ્યા છે, તો તું સદા બ્રાહ્મણોને દાન દે, કે જેથી તે સાંભળી તેઓ ઘેર આવે.' આ પ્રસંગમાં બ્રહ્મદત્તની કથા કહું છું તે સાંભળ.

## મહારાજ બ્રહ્મદત્તની કથા.

કાશીમાં પૂર્વે બ્રહ્મદત્ત નામનો એક રાજા હતો. તેણે રાત્રિમાં આકાશમાં ઉડી જતું હંસનું જોડું જોયું. સ્ફુરાયમાન સોનાની કાંતિવાળું, સેંકડો રાજહંસોથી વિંટલાયલું, શરદકાળના ધોળાં વાદળાંઓના વળથી વિંટાયેલા વિજળીના ઢગલા સરખાં તે જોડાંને જોઈ, ફરીથી તે રાજાની તે જોવાની ઇચ્છા થઈ. એથી કરી તે રાજાને સુખમાં પણ ચ્હેન ન પડ્યું, ત્યારે કારભારીઓની સલાહ લઈ પોતાની ઇચ્છા પ્રમાણે એક સુંદર તળાવ ખોદાવ્યું અને પ્રાણીઓને અભય આપ્યું. તે પછી કેટલેએક દહાડે તે બે હંસનું જોડું આવ્યું, જેને રાજાએ જોયું. વિશ્વાસ આવેલાં તે જોડાંને સોનાના શરીરનું કારણ પૂછ્યું, ત્યારે સ્પષ્ટ વાણીથી તે હંસનાં જોડાંએ રાજાને કહ્યું કે, 'હે રાજન્! પૂર્વ જન્માંતરમાં અમે કાગડાની જાતિમાં હતાં. ત્યાં પુણ્યકારી ઉજ્જડ શિવાલયમાં બળીને* માટે તે ઠેકાણે લડવા લાગ્યાં. આખરે ત્યાં લડતે લડતે હોજમાં પડી મરી ગયાં. તે પછી પૂર્વ જન્મ જેને યાદ રહ્યો છે, તેવાં સુવર્ણમય અમે બે હંસ થયાં છીએ.' તે સાંભળી તેને યથેચ્છ જોતો રાજા સંતોષ પામ્યો.

(યજ્ઞદત્ત પુત્રકને કહે છે) તું અસાધારણ દાન દેવાથી પિતાઓને† મેળવી શકીશ. એવું યજ્ઞદત્તનું વચન સાંભળી, પુત્રકે તેમ કરવા માંડ્યું. દાન દેવાની વાત સાંભળી, તે ઇચ્છિત બ્રાહ્મણો ત્યાં આવ્યા. ત્યાં પરસ્પર ઓળખાણ થવાથી ઘણી લક્ષ્મી અને (પોતાની) સ્ત્રીઓ પણ તેઓને મળી.

પોતાની આપત્તિ નાશ પામેલી જોયા છતાં, પણ અવિવેકથી અંધ બુદ્ધિવાળા દુષ્ટ લોકોનો સ્વભાવ જતો નથી, એ મોટા આશ્ચર્યની વાત છે! કાળે કરી રાજગાદીના ભોગ ભોગવવાની મતલબથી, પુત્રકને મારવાની ઇચ્છાથી તે બ્રાહ્મણો વિંધ્યવાસિનીનાં દર્શનનો મિષ કરી, ત્યાં તેને તેડી ગયા. દેવીના ગર્ભગૃહની અંદર વધ કરનારાઓને છૂપા રાખી તેઓએ પુત્રકને કહ્યું કે, 'પહેલાં તું એકલો દેવીનાં દર્શન કરવા અંદર પ્રવેશ કર;' ત્યારે તે વિશ્વાસથી અંદર પેઠો. (પણ) ત્યાં ખૂન કરવા તૈયાર થએલા પુરુષોને જોઈ પુત્રકે પૂછ્યું કે, 'મને શા માટે મારો છો?' ત્યારે તેઓએ ઉત્તર આપ્યો કે, 'તારા પિતાઓની પ્રેરણાથી, સોનાથી લોભાઈ આ કામ કરીએ છીએ.' તે પછી દેવીએ મોહ પમાડેલા તે પુરુષોને જોઈ, બુદ્ધિમાન્ પુત્રકે કહ્યું કે, 'આ તમને અમૂલ્ય મારા રત્નના દાગીના આપું અને તમે મને છોડી દ્યો. આ વાત હું જાહેર નહીં કરું, પણ દૂર જતો રહીશ.' 'ભલે ત્યારે એમ કરીએ,' એવું કહી તેની પાસેથી અલંકાર લઈ, તે પ્રાણહારકો ગયા અને તેના

* 'બળી' પ્રત્યેક ઘરમાં કાઢવામાં આવે છે. આ 'બળી' કાગડાને માટે જ હોય છે, જેથી તે પક્ષીને 'બળીભાગ' કહેછે. † પિતાને તથા કાકાને.



પિતા (કાકા) ઓને કહ્યું કે 'પુત્રકને ઠાર કર્યો છે' એવું ખોટું બોલ્યા. તે પછી રાજ્યની ઇચ્છાથી તે બ્રાહ્મણો પાછા વળ્યા. તેને (એકલા) જોઈ કારભારીઓએ જાણ્યું કે, આ રાજદ્રોહી છે, એવું સમજી તેને મરાવી નાંખ્યા.

### કાવતરાં કરનારનું, ક્યાંથી સારું થાય ?

એવામાં તે સત્ય પ્રતિજ્ઞાવાળો પુત્રક પૃથ્વીપતિ, પોતાના બંધુઓને વિષે વિરક્ત થઈ વિંધ્યના વનમાં પેઠો. ત્યાં ભટકતાં, મલ્લયુદ્ધ કરતા બે પુરુષોને તેણે જોયા. તેઓને પૂછ્યું કે, તમે બે કોણ છો? તેના ઉત્તરમાં તેમણે કહ્યું કે, 'અમો મયાસુરના પુત્ર છીએ, અને તેનું અમારી પાસે ધન છે. આ વાસણ, આ લાકડી અને આ પાદુકા (ચાંખડી)ના કારણે (અમ વચ્ચે) યુદ્ધ થાય છે. જે બળવાન્ નિવડશે તે આ સઘળું લેશે.' એવું તેનુ વચન સાંભળી, પુત્રક હસતાં હસતાં કહેવા લાગ્યો કે, 'આ કેટલું (વારસાનું) ધન છે?' ત્યારે તેમણે કહ્યું કે, 'આ પાદુકા પહેરવાથી આકાશમાં ઉડી શકાય છે, આ લાકડીથી જે કાંઈ આળેખ્યું (ચિતર્યું) હોય તે સાચું નિવડે છે, અને આ વાસણમાં જે જે આહારનું ચિંતન કરીએ તે તે તૈયાર થઈ જાય છે.' તે સાંભળી પુત્રકે કહ્યું કે, 'યુદ્ધ કરવાનું શું કામ છે, હું કહું તે સરત કરો. દોડવામાં જે પહેલો આવી પહોંચે તેની આ મિલકત ગણાય.'* એ સાંભળી 'ભલે એમ કરીએ' એમ કહી તે બંનો મૂઢ દોડ્યા,† કે તુરત પુત્રક પાદુકા ઉપર ચડી, વાસણ લઈ આકાશમાં ઉડ્યો. તે, ક્ષણ માત્રમાં દૂર જઈ સુંદર આકર્ષિકા નામની નગરી જોઈ, તે નગરીમાં આકાશથી ઉતર્યો. "વેસ્યા ઠગારી હોય છે, બ્રાહ્મણો મારા પિતા જેવા હોય છે, અને વાણીઆઓ પૈસાના લાલચુ હોય છે, તો મારે કોને ઘેર રહેવું?" એવો વિચાર કરતો તે રાજા નિર્જન અને જીર્ણ એક ઘરમાં આવ્યો. તેમાં એક વૃદ્ધ સ્ત્રીને દીઠી. તે વૃદ્ધ ડોસીને કંઈ આપી રાજી કરી, તેના આદરથી, તૂટેલા ઘરમાં તે પુત્રક ગુપ્ત રીતે રહ્યો. એક દિવસ પ્રેમાનંદમાં આવી તે ડોસી પુત્રકને કહેવા લાગી કે, 'હે પુત્ર! તારે યોગ્ય ક્યાંઈ સ્ત્રી નથી, એ મને ચિંતા થાય છે. અહીં રાજાની પાટલી નામની કન્યા છે, તે રત્ન સરખી છે, એમ ધારી તેને ઉપરના અંતઃપુરમાં રાખી છે. એવું ડોસીનુ વચન લક્ષ દઈ સાંભળ્યું ત્યારે તે જ માર્ગે અવકાશ મળવાથી તેના હૃદયમાં કામદેવે પ્રવેશ કીધો, ને તે કુંવરીને મારે આજે જ જોવી, એવો નિશ્ચય કરી તે સ્થળે રાત્રિએ તે પાદુકાના પ્રભાવથી ગયો. તે પર્વતના શિખર સરખા ઉંચા ઝરુખામાંથી પેસી, તેણે અતઃપુરમાં એકાંત જગોએ સુતેલી તે પાટલીનાં દર્શન કર્યાં. જે અંગના સંગમાં મંગલ માનતી કુમુદિનીકાંતની‡ કાંતિથી નિરંતર સેવાતી, આ જગત્ જિતી થાકી ગયલી કામદેવની દેહધારી શક્તિ સરખી તેને જોઈ 'આને કેમ જગાડું?' એમ જ્યાં વિચાર કરે છે, તેવામાં બહાર પહેરેગીર પુરુષે અકસ્માત્ કહ્યું કે—'આલિંગન કરી મધુર હુંકારથી આળસ સહિત નેત્ર ઉઘાડતી

* અરેબીઅન નાઇટ્સમાંની રાજપુત્ર મહમદ ને પરીબાનુની વાર્તામાં પણ આવો પ્રસંગ છે. ત્રણે રાજપુત્ર આવી જ ત્રણ વસ્તુ નૂરનિહારને પરણવા માટે લાવ્યા હતા. તેમનો નિર્ણય કરવા માટે તીરો ફેંકાવ્યાં હતાં. † આ પ્રમાણેની વાત દશકુમાર ચરિત, બહારે દાનેશ, ગ્રીમ્સ ફેરી ટેલ્સ ને બુકેશીયો ડીકેમરનમાં પણ છે. અલબતાં કંઇક પાઠાંતર તો ખરું જ, પણ મુદ્દો એકનો એક છે. ‡ ચંદ્ર.

સુતેલી કાંતાને એકાંતમાં જે જગાડે છે, તે જુવાનોને જન્મમાં તે જ ફળ મળે છે!' આ ઉત્તેજક ઉપોદ્ઘાત સાંભળી, કંપથી વિકલવ અંગોથી તેણે તેનું આલિંગન કર્યું, તેથી તે જાગી ઉઠી. તે રાજાને જોવાથી, અંદર જતી આવતી તેની દૃષ્ટિમાં, લાજ અને કૌતુકનું પરસ્પર યુદ્ધ થયું. પછી બોલચાલ થયા પછી ગંધર્વવિવાહ થયો. તે પછી દંપતીની પ્રીતિ પરસ્પર વધી, પણ રાત્રિ વધી નહીં. હવે ઉત્કંઠિત સ્ત્રી પાસેથી રજા લઈ તેમાં રહેલા ચિત્તથી રાત્રિને પાછલે પહોરે પુત્રક, તે ડોસીના ઘરમાં આવ્યો. એવી રીતે દર રાત્રિએ પુત્રકે જાઆવ કરવા માંડી ત્યારે એક દિવસે અંતઃપુરના ચોકીદારે **પાટલી**નું સંભોગનું ચિહ્ન જોયું, તેથી તેઓએ તેના પિતાને ચેતાવ્યો. તેથી તેણે છૂપી રીતે રાત્રિમાં તપાસ કરવા એક સ્ત્રીની, દૂતિ તરિકે યોજના કરી. તેણીએ **પુત્રક** આવ્યો ત્યારે તેની પાકી ઓળખ રહેવા સારુ નિદ્રાવશ થયેલા **પુત્રક**ના વસ્ત્રપર અલતો છાંટ્યો. પ્રભાતના રાજા પાસે વિનતિ કરી ત્યારે વિચારશીળ રાજાએ ચાર ચાર* મોકલ્યા. તેઓ નિશાનીપરથી ઓળખી ઘરમાંથી **પુત્રક**ને રાજા પાસે લાવ્યા. ત્યાં તે રાજાને ગુસ્સે થયેલો જોઈ, પાદુકાથી આકાશમાં ઉડી **પાટલી**ના ઘરમાં ગયો અને કહ્યું કે, 'આપણે જાહેરમાં આવ્યાં છીએ, માટે ઊઠ, પાદુકાના સાધનથી નાશી જઇએ'; એવું કહી **પાટલી**ને ખોળામાં બેસારી તે આકાશ માર્ગે ચાલ્યો ગયો. તે પછી ગંગાતટ નિકટ ઉતરી, થાકેલી પ્રિયાને અક્ષયપાત્રના પ્રભાવથી ઉત્પન્ન થયેલા આહારોથી તે ખુશ કરવા લાગ્યો. **પુત્રક**નો પ્રભાવ જોઈ **પાટલી**એ માંગણી કરી, એટલે લાકડીથી ચતુરંગિણી સેનાવાળુ એક પુર તેણે આળેખ્યું. ત્યાં તે ખરેખર મહાપ્રભાવ રાજા થઈ, પોતાના સસરાને નમાવી સમુદ્ર સૂધી પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. તે આ વસ્તી સહિત માયાએ રચેલું દિવ્ય નગર છે ને એ જ કારણથી એ **પાટલિપુત્ર**† નામે લક્ષ્મી અને સરસ્વતીનું નિવાસસ્થાન થયું છે.

હે કાણભૂતિ ! એવી રીતે **વર્ષ**ના મુખથી અપૂર્વ અને વિચિત્ર કથા સાંભળી, અમે વિલાસ પામતા વિષ્મયથી આનંદિત ચિત્તવાળા ઘણીવાર સૂધી થયા.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠ લમ્બકને વિષે ત્રીજો તરંગ સંપૂર્ણ.**

* છુપી પોલીસના સિપાઈ. † **પાટલિપુત્ર** કે **પુષ્પપુર** અથવા **કુસુમપુર**, જે મૌર્યવંશની તથા તે પૂર્વે નંદવંશની રાજ્યાનીનું નગર હતું. તે શહેર **ગંગા** અને **શોણ** નદીના સંગમ સ્થળ ઉપર, પણ તે નદીઓની દક્ષિણ દિશાએ આવેલું હતું. હાલમાં જેને **પટણા** કહે છે તે નગર તે જ છે એમ કેટલાકો સિદ્ધ કરે છે, પણ તેમ કહેવું અર્થાપન્ન નથી. **પાટલિપુત્ર** એ તેની પડોસમાં હતું; ને એ નગર ઈ. સ. ૭૫૬ માં જળથી ઘસડાઇ ગયું ધારવામાં આવે છે. પાંચમા સતકમાં એ નગર હયાત હતું, એમ ચિનાઇ પ્રવાસીઓ, જેઓ આ દેશમાં આવ્યા હતા તેમના વૃત્તાંત ઉપરથી જણાય છે. ફહ્યન પાંચમા સતકમાં તેને આબાદ કહે છે, નેત્સંગ પાયમાલ થતું કહે છે. એક પાશ્ચાત્ય શોધકને મત્વનલિનેના કહેવા પ્રમાણે ઔઠમા સતકની અધવચે તેનો વિનાશ થયો હશે, તે પછી પટના વસ્યું છે.



# તરંગ ૪ થો.

## ઉપકોશાની કથા.

વિંધ્યની અંદર કાણભૂતિને વચમાં એ કથા કહી, ફરીથી વરરુચિએ પ્રકૃત વાત વર્ણવવા માંડી.

એ પ્રમાણે ત્યાં **વ્યાડી** અને **ઇંદ્રદત્ત**ની સાથે વસતો હું, ક્રમે કરી ઉમર લાયક થયો અને સર્વ વિદ્યાઓના પારને પામ્યો. એક દિવસે અમે ઇંદ્રનો* ઉત્સવ જોવા નિકળ્યા. ત્યાં કામદેવનાં બાણ વિનાના અસ્ત્ર સરખી એક કન્યા જોવામાં આવી. આ કોણ હશે, એવું મેં ઇંન્દ્રદત્તને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, 'આ ઉપવર્ષની પુત્રી ઉપકોશા છે.' તે સખી મારફતે મને ઓળખી, પ્રીતિ ગુણથી સુંદર અને સરળ દૃષ્ટિથી મારા મનને મોહ કરતી મોટી મુસીબતે પોતાને ઘેર ગઈ. પૂર્ણ ચંદ્રસમાન મુખવાળી, નીલ નીરજ† સરખાં ઉત્તમ નેત્રવાળી, કમળ નાળ સરખા સુંદર હાથવાળી, સ્થૂલ અને પીનપયોધરથી શોભાયમાન, શંખ સરખા ગોળ કંઠવાળી અને પરવાળા સરખા હોઠથી શોભનારી, કામદેવરૂપ રાજાના સૌંદર્ય ઘરમાં બીજી લક્ષ્મી હોયની શું, તેવી ઉપકોશાને જોઈ, કામદેવનાં બાણો વાગવાથી વીંધાએલા મારા હૃદયમાં, તે રાત્રિમાં તેનાં અધરામૃત પાનની ઇચ્છાથી, નિદ્રા આવી નહિ—માંડ માંડ નિદ્રા આવી ત્યારે મેં પાછલી રાત્રિના પોષાક પહેરનારી દિવ્ય નારીને નિરખી. તેણે મને કહ્યું કે, ' ગુણ જાણનારી તારી પૂર્વ જન્મની સ્ત્રી ઉપકોશા છે, તેથી તે બીજા કોઈ પતિની ઇચ્છા કરતી નથી. હે પુત્ર ! તારે કાંઈ ચિંતા કરવી નહિ, હું સદા તારા શરીરમાં વસનારી સરસ્વતી છું; તેથી તારુ દુઃખ જોવાનો ઉત્સાહ ધરાવતી નથી.' એમ કહી તે દિવ્ય નારી અદૃશ્ય થઈ ગઈ. તે પછી હું જાગ્યો અને સરસ સરસ્વતીના બોલવાપર આસ્થા ઉપજવાથી, ધીમે ધીમે, સુંદરીના મંદિર પાસે ઉગેલા માકંદના‡ ઝાડની નીચે જઈ ઉભો રહ્યો. હવે ત્યાં તેની (ઉપકોશાની) એક સખી આવી અને મને કહેવા લાગી કે, ' ઉપકોશાની તમારીપર અત્યંત આસક્તિ છે અને તેને નવીન કામદેવ સતાવે છે.'

તેથી મને બમણો સંતાપ થવાથી મેં તેને કહ્યું કે, 'માતા પિતાએ નહીં આપેલી ઉપકોશાને હું સ્વતંત્ર રીતે કેમ ભોગવું ? માણસને મૃત્યુ સારુ, પણ અપકીર્તિ સારી નહીં, તો તારી સખી ઉપકોશાનો અભિપ્રાય તેના માતાપિતાના જાણવામાં આવે તો કદાચ સારું થવાનો સંભવ છે. માટે હે ભદ્રે ! તું એટલું કરી તે તારી સખીનું અને મારું જીવન જાળવ.' તે સાંભળી પેલી સખી ગઈ અને ઉપકોશાની માતાને મારી સઘળી હકીકત કહી સંભળાવી. તેણે પોતાના સ્વામી ઉપવર્ષને તરત જ ખબર કહી અને તેણે પોતાના ભાઈ **વર્ષ**ને કહી, ત્યારે તેણે એ વાતમાં સંમતિ આપી. વિવાહનો નિશ્ચય થવાથી **વ્યાડિ**, **વર્ષાચાર્ય**ના કહેવાથી, **કૌશાંબી**માંથી મારી માતાને તેડી લાવ્યો. બાદ શાસ્ત્ર વિધિ પ્રમાણે તેના પિતાએ મને ઉપકોશા પરણાવી. તે પછી હું, માતા અને પ્રમદાની સાથે, ત્યાં જ સુખે વસ્યો.

* પૂર્વ દેશમાં હજી પણ એ ઉત્સવ કરવાનો રીવાજ છે અને તેનો મેળો ભરાય છે. † શ્યામ કમળ. ‡ આંબાના.

## પાણિનિની કથા.

હવે કાળે કરી વર્ષના શિષ્યો ઘણા વધવા લાગ્યા. તેઓમાં એક પાણિનિ નામનો શિષ્ય, અતિશય જડ બુદ્ધિનો હતો. તે સેવા કરતો કંટાળી ગયો ત્યારે વર્ષની સ્ત્રીએ તેને તપ કરવા મોકલ્યો, તેથી તે ખિન્ન થઈ વિદ્યાની ઇચ્છા રાખનાર પાણિનિ હિમાલયમાં તપ કરવા ગયો. ત્યાં તીવ્ર તપ કરી શંકરને પ્રસન્ન કર્યા, તેથી સર્વ વિદ્યાના મુખરૂપ નવું વ્યાકરણ તેને મળ્યું. * ત્યાંથી આવી શાસ્ત્રમાં વાદયુદ્ધ કરવા માટે મને બોલાવ્યો. અમારો વાદ ચાલ્યો, તેને સાત દિવસ નિકળી ગયા. આઠમે દિવસે હું તેને જિત્યો, ત્યારે તરત આકાશમાં ઉભેલા શંભુએ હુંકાર કર્યો, તેથી કરી અમારું ઐંદ્રવ્યાકરણ જગતમાં નષ્ટ થઈ ગયું. તેથી અમે સર્વને પાણિનિએ જિતી લીધા, ત્યારે ફરીથી અમો મૂર્ખ બની ગયા.

## ઉપકોશા અને તેના પ્રીતમની વાર્તા.†

હવે વૈરાગ્ય ઉપજવાથી મારું ધન, મારા ઘરની સંભાળ માટે હિરણ્યગુપ્ત નામના વાણી-આના હાથમાં સોંપી, તે વાત ઉપકોશાને કહી, નિરાહાર રહી, શંકરનું તપથી આરાધન કરવા, હું હિમાલયમાં ગયો. ઉપકોશા, મારા કલ્યાણને ઇચ્છતી, નિયમપૂર્વક વ્રત કરનારી, દરરોજ ગંગામાં સ્નાન કરતી, મારા ઘરમાં રહી હતી. એક દિવસ વસંતઋતુમાં દુર્બળ અને સફેતાઈથી સુંદર મનુષ્યોનાં નેત્રોને હરનારી, બીજના ચદ્રની રેખા સરખી મારી સ્ત્રી ઉપકોશા, ગંગાજીમાં સ્નાન કરવા જતી હતી, ત્યાં તેને રાજાના પુરોહિતે, કોટવાળે અને કુમારના કારભારીઓએ જોઈ; અને તે ક્ષણમાં તે સર્વે કામદેવનાં બાણનાં નિશાન થયાં. તેણે પણ કોઈ કારણથી તે દિવસે સ્નાન કરતાં વાર લગાડી. પાછી આવતી તેને જોઈ હઠથી કુમારના કારભારીએ તેને રોકી, ત્યારે ચતુર ચતુરાએ કહ્યું કે, ' હે ભદ્ર ! જેમ આ વાતમાં તારી ઇચ્છા છે તેમ મારી પણ ઇચ્છા છે, પણ હું કુલિન ઘરની કન્યા છું, અને મારો પતિ પરદેશમાં છે, તો આવી રીતે કેમ વર્તું ? કદાચિત્ કોઈ મને જુએ તો તમારી સાથે મારું પણ ભુંડું થાય. માટે વસંતોત્સવની ધામ-ધૂમમાં સર્વ લોક લાગી જાય ત્યારે રાત્રિને પહેલે પહોરે તમારે મારે ઘેર આવવું; એવું કહી કોલ આપ્યો, તેથી તેણે તેને દૈવયોગે મૂકી દીધી. તે જરા આગળ ચાલે છે તેટલામાં રાજગોરે ગલીમાં રોકી. તેની સાથે પણ તે જ દિવસે, પૂર્વની પેઠે રાત્રિમાં બીજે પહોરે આવવાનો સંકેત કર્યો.

* પાણિનિનો ઇતિહાસ અમે આપી શકતા નથી, કારણ કે તેમાં સમય નિર્ણયની ઘણીએક તકરાર છે, પરંતુ આટલી તો વાત નિર્વિવાદ છે કે ૧ अष्टाध्यायी સૂત્રપાઠ, ૨ गणपाठ, ૩ धातुपाठ ૪ लिङ्गानुशासन અને ૫ शिक्षा એ વ્યાકરણ શાસ્ત્રના પાંચે ગ્રંથ પાણિનિના જ રચેલા છે, અને કાવ્યમાં जाम्बूवतीजय નામનો ગ્રંથ પણ તેનો જ રચેલો છે. † આ વાર્તાને જ મળતી વાર્તા મી. બર્ટનની એરેબીયન નાઇટ્સમાં "મીશરી સ્ત્રી ને તેના ચાર રુચુપચારશીલની વાર્તા" છે. મી૦ ડેમનટ અને મીસીસ સ્ટોકસ નામની સ્ત્રીએ ઇંડિયન એન્ટીકિવરી નામના ચોપાન્યામાં પણ પરિયાઓની વાર્તામાં આવી જ વાર્તા લખી છે. ગુજરાતીમાં પણ 'ગુલાબ છકડી,' 'હુલકજાનવર' ને નામે એ વાર્તા પ્રસિદ્ધ છે.



ત્યારે તેણે માંડ માંડ છોડી દીધી. થોડે છેટે જાય છે તો વિહ્વળ થયેલી ઉપકોશાને ત્રીજા કોટવાળે અટકાવી. હવે તેને પણ તે જ દિવસે રાત્રિના ત્રીજા પહોરનો સંકેત કર્યો. ત્યારે દૈવયોગથી તેમાંથી પણ તે છૂટી, ધ્રુજતી ધ્રુજતી ઘેર આવી અને પોતાના કર્ત્તવ્યની સલાહ ચતુર દાસીઓ સાથે કરી. પતિ પ્રવાસમાં હોય ત્યારે કુલીન કામિનીને મરવું બહેતર છે, પણ રૂપમાં આશક થતા લોકનાં નેત્રે પડવાનું પાત્ર થવું, એ સારું નથી. (એટલે વારંવાર રૂપપર ફિદા થતા કામી જનોની આંખે ચડવું, એ સારું નહીં. ) એવો વિચાર કરતી અને મારું સ્મરણ કરતી તથા પોતાના શરીરનો શોક કરતી તે સતી સ્ત્રીએ, કાંઈ આહાર વિહાર વિનાની જ તે રાત્રિ વિતાડી. પ્રભાતે બ્રાહ્મણોની પૂજા કરવા વાસ્તે તેણે હિરણ્યગુપ્તની પાસે થોડું ધન માંગવા દાસીને મોકલી. તે વાણીઓ પણ (ઘરે) આવી, એકાંતમાં તેને કહેવા લાગ્યો કે, 'જો તું મને ભજે તો તારા ધણીએ રાખેલું ધન તને આપું,' આ સાંભળી પોતાના પતિના પૈસાની સ્થિતિ, સાક્ષી રહિત માની, તથા વાણીઆની મતિ પાપમાં પડેલી જોઈ, ખેદ અને ક્રોધથી દુઃખિત થયેલી ઉપકોશાએ તે જ રાત્રિમાં તેને પણ રાત્રિના પાછલા પહોરમાં આવવાનો વાયદો કીધો, જેથી તે વાણીઓ ચાલી નિકળ્યો.

તે પછી તેણે પોતાની દાસીઓ પાસે એક કુંડામાં તેલ ભરી, તેમાં કસ્તૂરી સહિત કાજળ નંખાવ્યું, અને તેમાં ચાર કપડાંના કડકા ભીંજવ્યા. ત્યાર પછી એક મોટી પેટી, બહારથી આગળિયો દેવાય તેવી કરાવી. વસંતોત્સવને દિવસે, રાત્રિમાં, સારો પોશાક પહેરી બનીઠનીને પહેલે પહોરે કુમારનો કાર્યભારી છૂપી રીતે આવ્યો. તેને ઉપકોશાએ કહ્યું કે, 'વગર નહાયે તમારો સ્પર્શ નહિ કરું, માટે અંદર જઈ સ્નાન કરી લો.' મધુર વચનોથી મોહને વશ થઈ તે કાર્યભારીએ તે વાત સ્વીકારી, કે તેની દાસીઓ ગુપ્ત અંધારા ઘરમાં તેને લઈ ગઈ. ત્યાં તેનાં વસ્ત્ર અને આભરણ લઈ અંતર્વાસને માટે તેને એક તેલીઆં લુગડાંનો લંગોટો આપી, માથાથી તે પગ લગી તે પાપીના, ન દેખતાં તેઓએ અભ્યંગની રીતે તેલવાળા કાજળનું અછી રીતે મર્દન કીધું. દરેક અંગમાં તેઓ મર્દન કરતી હતી, તેવામાં પહેલો પહોર વીતી જવાથી બીજે પહોરે રાજગોર પધાર્યા. ' અરે આ શું ? વરરુચિના મિત્ર રાજગોર ક્યાંથી આવ્યા ! અહીં આવો, અહીં આવો,' એમ કહી, તે દાસી-ઓએ તેવી જ નગ્ન અવસ્થામાં સભ્રમ સહિત, કુમારના કાર્યભારીને પેટીમાં પૂરી, બહારથી સાંકળ-નો બંદોબસ્ત કર્યો. રાજગોરને પણ પહેલાની માફક સ્નાન કરવાનો મિષ બતાવી, અંદર અંધકાર-માં લઈ જઈ, વસ્ત્રો ઉતરાવી, તેમ જ કપડાનો કડકો પહેરાવી, કાજળવાળા તેલના મર્દનથી દાસી-ઓએ મોહિત કર્યો. તેટલામાં ત્રીજે પહોરે કોટવાળ પધાર્યો. તેના આવવાથી દાસીઓએ ગભરાટ ઉત્પન્ન કરી મૂક્યો ભયથી તુરત ગોર મહારાજને પણ પહેલાની પેઠે પેટીમાં પૂરીને આડો આગળો મારી દીધો. હવે કોટવાળને પણ તેઓએ સ્નાનના મિષથી ત્યાં જ કાજળના મર્દનથી બીજાની પેઠે ઠગ્યો અને એક કપડાંનો ફાટેલો કટકો પહેરવા આપ્યો. એટલામાં છેલ્લે પહોરે તે (હિરણ્યગુપ્ત) વાણીઓ ત્યાં આવ્યો. 'આ વાણીઓ જાણશે તો મોટી હાનિ થશે,' એવો ભય દેખાડી તે કોટવાળને પણ પેટીમાં પૂરી, દાસીઓએ બહારથી સજજડ બંદોબસ્ત કર્યો. તે ત્રણે પુરુષો અંધતામિસ્ર નરકના વાસમાં જવા તૈયાર થયા હોય તેવા પેટીમાં પડેલાઓનો પરસ્પર સ્પર્શ થાયે, પણ ભયથી કાંઈ પણ બોલી શક્યું નહીં. પછીથી તે ઘરમાં દીવો કરી તે વાણીઆને આવતાંજ દ્રઢ

ઉપકોશાએ કહ્યું કે, ' મારા ભરતારે તમારી પાસે જે ધન મૂક્યું છે તે આપો.' તે સાંભળી આ
ઘરમાં બીજું કોઈ નથી, એવું જોઈ તે લુચ્ચાએ કહ્યું કે, ' મેં તને કહ્યું જ છે કે, તારા પતિએ
જે ધન રાખ્યું છે તે આપીશ.' ત્યારે ઉપકોશા પણ પેટીને સંભળાવતી બોલી કે, ' હે દેવતાઓ !
આ હિરણ્યગુપ્તનાં વચન સાંભળો.' એમ કહી દીવો ઓલવી, સ્નાનના મિષથી દાસીઓએ ખૂબ
કાજળથી તેને લેપ કર્યો અને રાત્રિને અંતે તેને કહ્યું કે; ' હવે કેકુના કરો, રાત ગઈ સવાર
થયું છે;' એમ કહી તેની ઇચ્છા નહીં છતાં તેની ગરદન પકડી બહાર હાંકી કાઢ્યો. એક
ફૂટેલું તૂટેલું કપડું પહેરી, કાજળથી ઘણોજ મર્દિત થયેલો, લજવાતો લજવાતો તે ચાલતો થયો.
રસ્તામાં પગલે પગલે તેને કુતરાં કરડવા ધસ્યાં અને ભસ્યાં, તેથી માંડ માંડ નીચી મુંડીએ તે
દોડીને ઘેર પહોંચ્યો. ત્યાં અતિશય ધોતાં છતાં પોતાના નોકરોની સામે પણ લજ્જાથી તે ઉભો રહી
શકતો કે જોઈ શકતો ન હતો. અવિનયનું પગલું સર્વદા કષ્ટકારી હોય છે.
ત્યાર બાદ તરત ઉપકોશા પણ સવારમાં પોતાના વડીલોને કહ્યા સિવાય, દાસીઓને સાથે
લઈ, **નંદ** રાજાના દરબારમાં ગઈ અને ફરિયાદ કરી કે, 'મારા પતિએ થાપણ રાખેલું ધન
હિરણ્યગુપ્ત વાણીઓ ઓળવવા ઇચ્છે છે.' આ પ્રમાણેની વિનતિ કરવા ઉપરથી, રાજાએ સર્વ
હકીકત જાણવા તે વાણીઆને ત્યાં જ બોલાવ્યો અને તેની જુબાની લીધી.
હિરણ્યગુપ્તે કહ્યું–**નંદ** મહારાજ ! મારા હાથમાં ઉપકોશાનું કશુંએ નથી.
ઉપકોશા–હે દેવ, મારા ઘરના દેવતાઓ આ વાતના સાક્ષી છે. મારા સ્વામીનાથ એ
દેવતાઓને પેટીમાં રાખી ગયા છે. તેઓની પાસે આ હિરણ્યગુપ્તે પોતાના વચનથી જ મારી
થાપણની કબૂલાત આપી છે. તે પેટી અહીં મંગાવી, આપ એ દેવતાઓને પૂછો.
તે સાંભળી વિસ્મય પામી રાજાએ તે પેટી લાવવાનો હુકમ આપ્યો ત્યારે, તરત ઘણાં
માણસો તે પેટી ઉંચકી લાવ્યાં.
હવે ઉપકોશાએ પેટી તરફ જોઈ, હાથ જોડી કહ્યું કે, ' હે દેવતાઓ ! જે આ વાણી-
આએ કહ્યું હોય તે સાચું બોલી તમે તમારે ઘેર જજો. જો તમો ખુલ્લી રીતે સાચું બોલશો
નહિ તો હું તમને સભામાં ખુલ્લા કરી રાજાને સ્વાધીન કરીશ.' એ સાંભળી ભયભીત થઈ
પેટીમાંથી તેઓએ કહ્યું કે, ' ખરી વાત છે કે, અમારી સમક્ષ હિરણ્યગુપ્તે થાપણની કબૂલાત
આપી છે.' તે સાંભળી વાણીઓ નિરુત્તર થઈ ગયો અને તે વાત કબૂલ કરી. પછી ઉપકો-
શાના અભ્યર્થના કરી, રાજાએ અતિ કુતૂહલથી તાળું તોડી, પેટીને ભર સભામાં ઉઘાડી ત્યારે,
અંધકારના પિંડ સરખા એ ત્રણે પુરુષ નિકળ્યા. તેઓને કાર્યભારીઓએ તથા રાજાએ મોટી
મુશ્કેલીથી ઓળખ્યા. તેમને જોઈ સર્વ મનુષ્યો હસવા લાગ્યાં, ત્યારે કૌતુકથી રાજાએ પૂછ્યું
કે, ' આ તે શું ! ' ત્યારે ઉપકોશાએ (વિતક) બધી વાત કહી સંભળાવી.

શીળ રક્ષક કુળવંતીનું, ચરિત્ર અચિંત્ય હોય;

શીળનું રક્ષણ કરનારી કુલિન કામિનીઓનું ચરિત્ર અચિંત્ય હોય છે. પછી (સભામાં) સર્વે
સભાસદો ઉપકોશાને સાબાશી આપવા લાગ્યા. તે પછી પરસ્ત્રીની ઇચ્છા રાખનારા તે સર્વેની
તમામ મિલકત લૂટી લઈ, રાજાએ તેઓને દેશનિકાલની શિક્ષા કરી.



ખરાબ ચાલથી જગતમાં, કલ્યાણ કોણુ જ જોય.

ખરાબ ચાલથી શું કોઈનું પણ કલ્યાણ થાય છે? પછી રાજાએ ઉપકોશાને કહ્યું કે, 'તું મારી બહેન છે.' એમ કહી પ્રીતિથી ઘણું ધન દઈ, રાજાએ ઉપકોશાને ઘેર મોકલી દીધી. **વર્ષ** અને ઉપવર્ષના જાણ્યામાં એ વાત આવવાથી તે સતીનાં વખાણ કરવા લાગ્યા. તે શહેરમાં સર્વ માણસો ઉપકોશાની શીલ સાચવવાની ચતુરાઈ અને સમયપર આવી પડેલી વિપત્તિથી ન ગભરાતાં તેને દૂર કરવામાં સાવધપણું જોઈ, સાનંદાશ્ચર્યને પામ્યાં.

આજ અરસામાં મહા મહિમાવાળા હિમવાન્પર્વતવિશે તીવ્ર તપ કરી મનોરથ પૂરનાર દેવ **પા**ર્વતીપતિનું મેં આરાધન કર્યું, ત્યારે **શિવજી**એ તે જ **પાણિ**નીય શાસ્ત્ર મને દર્શાવ્યું, અને મેં પણ **શંક**રની ઇચ્છા અને અનુગ્રહથી તે શાસ્ત્ર પૂરું જાણી લીધું. તે પછી **ચંદ્ર**શેખર **શંક**રની કૃપારૂપ અમૃતથી સિંચાએલો હું ઘેર આવ્યો. રસ્તામાં મને થાકની ખબર પડી નહીં. ઘેર આવી માતા અને ગુરુનાં ચરણમાં નમસ્કાર કરી બેઠો, ત્યારે મેં મહદદ્ભુત ઉપકોશાનો વૃત્તાંત સાંભળ્યો. તેથી મારા આત્મા વિશે અત્યંત આનંદ અને વિસ્મય થયો અને તે ઉપકોશા ઉપર મારો સ્નેહ અને માન વધ્યાં.

હવે **વર્ષે** મારા મુખથી નવું વ્યાકરણ સાંભળવાની ઇચ્છા દર્શાવી, પણ તેને તો તે વ્યાકરણનો પ્રકાશ **કાર્તિકેય સ્વામી**એ જ કર્યો હતો.

ત્યારબાદ **વ્યાડિ** અને **ઈન્દ્રદત્તે** ગુરુને કહ્યું કે; 'અમારી પાસેથી દક્ષિણા માંગી લ્યો.' ત્યારે **વર્ષ** ગુરુએ કહ્યું કે; 'કરોડ સોના મહોર આપો.' ગુરુનાં વાક્યનો અંગીકાર કરી તે બન્નેએ મને કહ્યું કે, 'હે મિત્ર ! ચાલ, **નંદ** રાજા પાસેથી ગુરુ સારુ દક્ષિણા માગી લાવીએ- બીજા કોઈ રાજા પાસેથી એટલી સોના મોહોર નહિ મળે. તે રાજાનો નવાણું કરોડ સોના મહોરનો ખજાનો છે અને તેણે પ્રથમ ઉપકોશાને વચનથી બહેન કરી છે, તો એ તારો સાળો થાય, તેથી તારા ગુણ જોઈ કાંઈ જરૂર આપશે.' એવો નિશ્ચય કરી અમે ત્રણે સહાધ્યાયીઓ **અયોધ્યા**માં રહેલા **નંદ** રાજાના કટક પાસે ગયા. ત્યાં અમે પહોંચ્યા તો રાજા મરી ગયો છે તથા દેશમાં ઘણો શોર મચી રહ્યો છે, એમ જાણી અમારી દિલગીરીનો પાર રહ્યો નહિ. તે ક્ષણે યોગસિદ્ધિવાળા **ઈન્દ્રદત્તે** કહ્યું કે, 'પ્રાણ રહિત આ રાજાના શરીરમાં હું પેસું* અને **વરરુચિ** મારી પાસે આવી માગે, એટલે હું તેને સોના મોહોર આપીશ–પાછો હું જ્યાં લગી આવું નહિ ત્યાંસુધી **વ્યાડિ** મારા શરીરની રક્ષા કરે. એમ સલાહ કરી **ઈન્દ્રદત્ત નંદ** રાજાના મૃતશરીરમાં પેઠો. રાજા જીવતો થયો, તેથી દેશમાં ઉત્સવ થઈ રહ્યો. એક શૂન્ય દેવમંદિરમાં ઈન્દ્રદત્તના શરીરની રક્ષા કરવા **વ્યાડિ** રહ્યો, ને હું રાજદરબારમાં ગયો; ત્યાં સ્વસ્તિ કહી **યોગનંદ**† પાસે કરોડ સોનામહોરની, ગુરુ દક્ષિણા માગી. ત્યારે **સત્યનંદ**ના **શકટાલ** નામના કાર્યભારીને કહ્યું કે, 'આને કરોડ સોના મહોર

---

* પરકાયપ્રવેશનવિદ્યાના યોગથી, પરાયા શરીરમાં પ્રવેશ કરી શકાય છે. આ વિદ્યા શ્રી શંકરાચાર્ય તથા વિક્રમાદિત્ય જાણતા હતા. † યોગના જોગથી નંદ થયો હતો, પણ ખરો નંદ નહિ હોવાથી, એનું નામ યોગનંદ ઇતિહાસ પ્રસિદ્ધ છે. પૂર્વનંદનું નામ સત્યનંદ હતું.

દાનમાં આપો.' ત્યારે મૃતરાજાનું જીવિત અને તુરત યાચકની પ્રાપ્તિ જોઈ, તે મંત્રીએ તે વખતે એ વાતમાં કંઈક ભેદ જાણ્યો.

બુદ્ધિમાનોને ન જણાય તેવું શું છે ? પછી **શકટાલ** બોલ્યો કે, 'રાજાજી, આપું છું,' એમ કહી તે વિચાર કરવા લાગ્યો કે, '**નંદ** પુત્ર નંદન છે અને રાજ્યના દુશ્મન ઘણા છે. માટે હાલ તેનો એવો આવિષ્ટ દેહ છે છતાં કેટલોક કાળ તેની રક્ષા કરું !' એમ નિશ્ચય કરી (નગરનાં) સર્વ શબને બળાવી નાખ્યાં; પછી વિચારવંત ચાર મારફત શોધ ચલાવતાં દેવમંદિરમાંથી **ઈન્દ્રદત્તનું** શબ મળી આવ્યું. ત્યાં તેની રક્ષા કરતા **વ્યાડિને** દૂર હડસેલી તેને પણ બલાત્કારથી બળાવી નાંખ્યું. એવા વખતમાં કરોડ સોના મોહોર અપાવવામાં ઉતાવળ કરતા રાજાનો ભાવ જાણી **શકટાલે** કહ્યું કે, 'સર્વ પરિજનનાં ચિત્ત ઉત્સવમાં પડ્યાં છે. એ બ્રાહ્મણ જરા રાહ જુએ તો હું આપું છું.' તેટલામાં **વ્યાડિ**, **યોગનંદ** પાસે આવી પોકાર પાડવા લાગ્યો કે, 'તમારા રાજ્યમાં બહુ ભુંડું થયું. યોગ સ્થિતિમાં જીવતા બ્રાહ્મણને અનાથ શબ જાણી (પ્રધાને) બાળી નંખાવ્યો' તે સાંભળી **યોગનંદની** શોકથી અનિવાર્ય દશા થઈ ગઈ. દેહના દહનથી તે જીવ જ્યારે **નંદવિશે** સ્થિર થયો ત્યારે ત્યાંથી* પાછા ફરી મહામતિ **શકટાલે** મને કરોડ સોના મોહોર આપી.

હવે એકાંતમાં **યોગનંદે વ્યાડિને** કહ્યું કે, 'હું બ્રાહ્મણ છતાં શૂદ્ર થઈ ગયો છું, તો મને લક્ષ્મી સ્થિર રહે તો પણ શા કામની ?' તે સાંભળી તેની આશ્વાસના કરી, **વ્યાડિ** બોલ્યો કે, "**શકટાલના** જાણવામાં આ વાત આવી છે, તો હવે તેનો વિચાર રાખવો. તમે ઇચ્છા પ્રમાણે વર્ત્તશો, તેથી તે મહામંત્રી તરત તમારો નાશ કરી, પ્રથમના **નંદના** નંદન **ચંદ્રગુપ્તને** રાજ્ય આપશે—માટે **વરરુચિને** મુખ્ય મંત્રી કરો, જેથી દિવ્ય પ્રતાપવાળી તેની બુદ્ધિથી તમારું રાજ્ય સ્થિર રહે." એમ કહી **વ્યાડિ** ગુરુદક્ષિણા આપવા ગયો. તે વખતે જ **યોગનંદે** મને બોલાવી મંત્રીપણું સોંપ્યું. ત્યારે મેં રાજાને કહ્યું કે, 'બ્રાહ્મણપણું જવાથી પણ જ્યાંસુધી **શકટાલ** નજીક છે ત્યાંસુધી તમારું રાજ્ય હું સ્થિર માનતો નથી. માટે યુક્તિ કરી તેને મારી નાંખો.' એમ મેં સલાહ આપી ત્યારે **યોગનંદે**, જીવતો બ્રાહ્મણ આ **શકટાલે** બાળી નંખાવ્યો એવો આરોપ મૂકી, તે **શકટાલને** અંધારા કૂવામાં કેદ કરાવ્યો ને તેના સો પુત્રને પણ તે જ કૂવામાં નંખાવ્યા; અને દરરોજ સાતવાનું એક સરાવળું અને એક સરાવળું પાણીનું ભરી પુત્ર સહિત **શકટાલને** આપવાનો બંદોબસ્ત કર્યો. ત્યારે તેણે પુત્રોને કહ્યું, કે, 'આ એક સરાવળાથી એક જીવે તોપણ સારી વાત, ત્યારે ઘણાની વાત તો શું કરવી ? માટે **યોગનંદનું** વેર વાળવાને જે સમર્થ હોય તે એક જણ જળસહિત આ સાતવો રોજ ખાય.' ત્યારે તે પુત્રોએ કહ્યું કે, 'એ કામ કરવાને તમે જ સમર્થ છો, માટે તમે જ ખાઓ.'

ધીર પુરુષોને શત્રુઓનું વેર વાળવું, એ પ્રાણથી પણ પ્રિય હોય છે. તેથી તે સાતવા અને

* નંદના શરીરમાંથી, અંગ્રેજી ભાષાંતરમાં આ પ્રમાણે છે:–' નંદના શરીરમાં તે હોવાથી, તેના શરીરને બાળી નંખાવવાથી, તેનો નાશી જવાનો ભય ન રહ્યો ત્યારે શકટાલે મને એક કરોડ સુવર્ણ મોહોર આપી.'



પાણીથી એકલો પોતે જ પોતાનો ગુજારો કરવા લાગ્યો. આ પણ કષ્ટકારી વાત છે કે, જિતવાની ઇચ્છા રાખનારા પુરુષો ક્રૂર હોય છે.

પોતાની ચડતી ચાહનાર ચતુર પુરુષોએ મનુષ્યનું મન જાણ્યા સિવાય અને પોતાની ખરી ખાતરી સમજ્યા વગર પોતાની ઇચ્છા પ્રમાણે વ્યવહાર કરવો નહીં.

ભૂખ અને તરસથી પીડાતા પોતાના પ્રિય પુત્રોના પ્રાણ જવાની પીડા જોતો, અંધાર-કૂવામાં પડેલો તે **શકટાલ**, આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. પછી તેના જોત જોતાં તે સો પુત્રો મરી ગયા. તેઓની ખોપરીઓથી વિંટલાએલો કેવળ તે જ જીવતો રહ્યો. થોડા સમયમાં **યોગનંદના** રાજ્યની સારી જમાવટ થઈ ગઈ. તેટલામાં ગુરુને દક્ષિણા દઈ **વ્યાડિએ** પાછા આવીને કહ્યું કે, 'હે મિત્ર ! તારું રાજ્ય ચિરકાળ રહો. હવે હું તારી પાસેથી કોઈ પણ વનમાં તપ કરવા જવાની રજા માગું છું.' તે સાંભળી **યોગનંદની** આંખમાં આંસુ આવી ગયાં અને કહ્યું કે, ' મારા રાજ્યમાં તું ભોગ ભોગવ અને મને મૂકી જા મા.' ત્યારે **વ્યાડિએ** કહ્યું કે, 'હે લોકાનંદ **યોગનંદ** ! આવા અસાર સંસારના પદાર્થોમાં, વળી ક્ષણમાત્રમાં નાશ પામનારાં શરીરમાં, ક્યો બુદ્ધિમાન્ આસક્ત થાય ? ઝાંઝવાનાં જળ સરખી લક્ષ્મી વિદ્વાન્ મનુષ્યને મોહ ઉપજાવતી નથી.' આ રીતે વૈરાગ્ય દર્શાવી તરત જ તે મુકરર કીધેલા સ્થાનકે તપ કરવા ગયો.

પછી, હે **કાણભૂતિ** ! ભોગ ભોગવવા વાસ્તે સર્વ સૈન્ય સહિત મારી સાથે પોતાની રાજધાની **પાટલિપુત્રમાં યોગનંદ** આવ્યો. હું પણ તેની સાથે **પાટલિપુત્રમાં** આવ્યો અને ત્યાં જ રહ્યો. ત્યાં પ્રાણથી પણ પ્યારી **ઉપકોશા** મને આનંદ આપતી હતી. તમામ મંત્રીનું કામ હિંમતથી હું જ કરતો હતો. વળી માયાળુ માતા તથા પરમોપકારી ગુરુજનની સેવા કરતો ને અનેક પ્રકારના વૈભવ ભોગવતો, લાંબા સમય સૂધી તે **પટનામાં** જ હું વસ્યો. ત્યાં, તપથી પ્રસન્ન થએલી સ્વર્ગની નદી **ગંગાજી** દિવસે દિવસે ઘણું સોનું આપતાં હતાં અને શરીરધારી સાક્ષાત સરસ્વતી હમેશાં મને રાજકાજની નેકસલાહ આપતી હતી.

**ઈતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમા 'કથાપીઠ લંબક'ને વિષે ચોથો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૫ મો.

## વરરુચિની કથા જારી–તેનું વૈરાગ્યને પામવું.

એ પ્રમાણે કહી ફરીથી **વરરુચિએ** આ પ્રમાણે પોતાની મૂળ વાતનું વર્ણન જારી કીધું.

હવે કાળે કરી **યોગનંદ** કામાદિકને વશ થયો. તે ગજેંદ્રની પેઠે મત્ત થઈ કોઈ વાતની અપેક્ષા રાખવા ન લાગ્યો.

અચાનક મળેલી લક્ષ્મી કોને મોહ નથી ઉપજાવતી ? તે પછી મેં વિચાર કર્યો કે, રાજા અમર્યાદ થઈ ગયો છે; તેના કાર્યની ચિંતાથી દબાએલો મારો સ્વધર્મ પીડાય છે; તેથી મદદ

માટે મંત્રી **શકટાલ**ને બહાર કહાડું. જો વિરુદ્ધ થશે તો મારા બેઠાં તે શું કરવાનો છે ! એવો નિશ્ચય કરી રાજાની પ્રાર્થના કરી, **શકટાલ**ને અંધારા કૂવામાંથી બહાર કહાડ્યો.

બ્રાહ્મણો કોમળ સ્વભાવના હોય છે. **શકટાલે** તે પછી વિચાર્યું કે, આ **વરરુચિ** જ્યાં સુધી છે ત્યાં સુધી **યોગનંદ** જિતાય તેમ નથી. વખતની રાહ જોતો **હું** નદીના* વેગમાં ઉગેલી નેતર સરખી વૃત્તિનો આશ્રય કરું. એવો વિચાર કરી તે બુદ્ધિમાન્ **શકટાલ**, મારી ઇચ્છાથી ફરીથી કારભાર મેળવી રાજ્યનાં કાર્યો કરવા મંડ્યો. એક દિવસ **યોગનંદ** નગરથી બહાર નિકળ્યો. ત્યાં તેણે ગંગાજીના પ્રવાહમાં ઉંચી પાંચ આંગળીવાળો એક પંજો જોયો. મને તે ક્ષણે બોલાવી તેણે પૂછ્યું કે 'આ શું ?' ત્યારે તે દિશામાં મેં બે આંગળી દેખાડી. તેથી તે પંજો અદૃશ્ય થઈ ગયો. એટલે તરત જ કૌતુકથી રાજાએ મને ફરીથી પણ પૂછ્યું કે ' આ શું ?' મેં કહ્યું કે, 'પાંચ માણસ જો મળે તો એવું જગતમાં કયું કાર્ય છે કે જે સિદ્ધ ન થાય,' એવું તે પંજાએ પાંચ આંગળી એકઠી કરી બતાવ્યું; ત્યારે, હે રાજન્ ! આ બે આંગળી મેં દેખાડી કહ્યું કે 'ફક્ત બે જણનું જ એકચિત્ત હોય તો શું અસાધ્ય છે ?' એવી રીતે ગૂઢ જ્ઞાન કહેવાથી રાજા પ્રસન્ન થયો. પણ મારી બુદ્ધિ દુર્જય જોઈ **શકટાલ** ખિન્ન થયો.

## યોગનંદનું અંતઃપુર–મૃતમત્સ્યનું હાસ્ય !

એક દિવસે **યોગનંદે**, ઝરુખામાં બેઠાં બેઠાં કોઈ આગંતુક બ્રાહ્મણને તાકી તાકીને જોતાં, પોતાની પટ્ટરાણીને જોઈ. તેમ બ્રાહ્મણ પણ ઉંચી નજરે જરા જરા તાકીને જોતો જાય છે એમ પણ જોયું. કામીજનની અદેખાઇ ટેવમાં હોય છે, અને તે અદેખાઇથી, વિવેક બાર ગાઉ દૂર વસે છે. તેથી, એટલાથી જ ગુસ્સે થઈ, તે રાજાએ બ્રાહ્મણનો વધ કરવાની આજ્ઞા કરી.

ઇર્ષા એ વિવેકની સાથે શત્રુતા રાખે છે. હવે ફાંસીની જગોએ બ્રાહ્મણને લઈ જવામાં આવતો હતો, ત્યારે બજારમાં મચ્છીમારની ટોપલીમાં પડેલું એક મરેલું માછલું હસ્યું. તે વાત જાણી રાજાએ તેનો વધ કરવાની મનાઈ કરી; અને માછલાના હસવાનું કારણ જાણવા મને પૂછ્યું. ત્યારે મેં કહ્યું કે 'મહારાજ, ખરી વાતની તપાસ કરી કહીશ.' એમ કહી હું ત્યાંથી નિકળી (ઘેર) આવ્યો અને સરસ્વતીનું ચિંતન કર્યું. સરસ્વતીએ દર્શન દઈ એકાંતમાં કહ્યું કે, 'આ તાડના ઝાડ ઉપર રાત્રીમાં છૂપો રહે. ત્યાં મત્સ્યના હસવાનું કારણ તારા સાંભળવામાં આવશે.' તે સાંભળી, રાતનાં હું તાડના ઝાડ ઉપર ચ્હડી બેઠો. ત્યાં રાત્રિના નાનાં નાનાં છોકરાંઓની સાથે એક ઘોર રાક્ષસી આવી, જેને મેં જોઈ. છોકરાંઓએ ખાવાનું માગ્યું ત્યારે રાક્ષસીએ કહ્યું કે, 'ધીરાં થાઓ, કાલ સવારે તમને બ્રાહ્મણનું માંસ ખાવા આપીશ—આજ તેને મારી નાંખ્યો નથી.' છોકરાંઓએ પૂછ્યું કે, 'આજ તેને કેમ ન માર્યો ?'

* જ્યારે નદીનું પૂર બહુ જોસ્થી આવે ત્યારે નેતર વેગમાં નમી જાય, જેથી તેને ઉખડી જવાને વખત નહિ આવે-પાછી તે પાછી જેવીને તેવી રહે તેવો ગુણ ધરાવવો. જો નમીને નહિ રહે તો સમૂળો નાશ થવાનો વખત આવે.



**રાક્ષસી**–"અહીં રાજાના સઘળા અંતઃપુરમાં સર્વ સ્ત્રિયોનું શીલભંગ થયું છે. અંતઃપુરમાં બધા, સ્ત્રીનો વેષ ધારણ કરી પુરુષો રહ્યા છે, અને આ નિરપરાધી બ્રાહ્મણ માર્યો જાય છે, એવું જોઈ એક મૃત માછલું હસ્યું તેથી.'

'રાજાની અત્યંત વિવેક રહિત મશ્કરી કરનારા સર્વ અંતઃપુરમાં ફરનારા મનુષ્યોની ઘણી ખરી એવી વિક્રિયા હોય છે જ,' એમ તે રાક્ષસીનું વચન સાંભળી, ત્યાંથી હું નિકળી ઘેર આવ્યો, અને સવારે મત્સ્યના હસવાનું કારણ રાજાને કહી સંભળાવ્યું. તે પછી અંતઃપુરમાંથી સ્ત્રી વેશધારી* પુરુષો મળી આવવાથી, રાજાએ મને ઘણું માન આપ્યું અને તે બ્રાહ્મણનો વધ ન કરતાં, તેને છોડી દીધો. પણ રાજાના આવા અમર્યાદ આચરણો જોઈ હું દિલગીર થઈ ગયો. તેવામાં વળી એક દિવસ એક નવો ચિતારો આવ્યો. તેણે કપડામાં રાજા અને પટ્ટરાણીનું ચિત્ર પાડ્યું હતું. તે ચિત્ર, વાણી અને ચેષ્ટાથી રહિત, જીવતું હોય તેવું આબેહુબ જણાતું હતું. એથી રાજા, તે ચિતારા ઉપર પ્રસન્ન થયો અને તેને ઇનામ દાખલ ઘણું ધન આપી તેનો મનોરથ પૂર્ણ કર્યો; અને વિલાસભુવનમાં તે ચિત્રપટને ભીંત ઉપર લટકાવ્યું. એક દિવસ વિલાસભુવનમાં હું પેઠો; ત્યાં જોતાં, તે ચિત્રમાં રાણી સંપૂર્ણ લક્ષણવાળી જણાઈ. મેં મારી બુદ્ધિથી વિચાર કર્યો કે, 'બીજા લક્ષણોના સંબંધથી આને કટીમેખલાની જગોએ તલ હોવો જોઇએ,' એમ ધારી તે ચિત્રમાં તલની નિશાની કરી. એવી રીતે તેને સંપૂર્ણ લક્ષણવાળી કરી, હું ત્યાંથી ચાલી નિકળ્યો. પાછળથી **યોગનંદ** (ત્યાં) આવ્યો. તેણે તે તિલનું ચિહ્ન જોયું ત્યારે તેણે શયન પરિચારિકાને પૂછ્યું કે, ' આ ચિત્રમાં તલ કોણે કીધો ?' ત્યારે તેઓએ તલ કરનારા તરીકે મારું નામ દીધું 'રાણીના ગુપ્ત ભાગ ઉપર આ તલને મારા વિના બીજો કોઈ જાણે નહીં, તેમ છતાં વરરુચિને એ કેમ ખબર પડી ? માટે જરૂર છૂપી રીતે તેણે મારા અંતઃપુરમાં બગાડ કર્યો હશે, ને એ પ્રસંગથી જ સ્ત્રીરૂપ પુરુષોને તેણે અંતઃપુરમાં જોયા હશે;' એવી રીતે શંકા થવાથી ક્રોધથી બળતો **યોગનંદ** ધુંધવાવા લાગ્યો. †

અફસોસ છે કે, મૂઢ પુરુષોને સંવાદ પણ તેવા જ થાય છે, (અર્થાત્ મૂર્ખ મનુષ્ય સદા જે આવી શંકા કરી નઠારા છેડાપર આવે છે ). તે પછી **શકટાલ**ને બોલાવી રાજાએ કહ્યું કે, '**વરરુચિ**એ રાણીને બગાડી છે, માટે તેને તારે મારી નાંખવો.' 'જેવી મહારાજની આજ્ઞા,' એમ કહી **શકટાલ** ભુવન બહાર ગયો, અને વિચાર કર્યો કે, '**વરરુચિ**ને મારવાની મારા વિશે શક્તિ નથી. એ દિવ્ય બુદ્ધિના પ્રભાવવાળો છે, અને વળી મને આપત્તિમાંથી છોડાવનાર છે તથા બ્રાહ્મણ છે. એ સારો સહાયભૂત થઈ પડે એમ છે, માટે હાલ તેને છૂપો રાખું.' એવો નિશ્ચય કરી મારી પાસે આવી, 'નિષ્કારણ રાજાનો ક્રોધ તારો વધ કરવા સૂધી થયો છે,' એમ કહી કહ્યું કે, 'તારે બદલે બીજા કોઇને મારી રાજાને કહીશ કે **વરરુચિ**ને માર્યો છે; અને તું મારા ઘરમાં છૂપો રહે. કારણ કે રાજા

* એરેબિયન નાઇટ્સમાં શેહેરીયારના અંતઃપુરમાં રાણી સાથે વિલાસ ભોગવવાને આ જ પ્રમાણે સ્ત્રીવેષધારી પુરુષો પડેલા હતા. † શેક્ષપિયરના 'સિમ્બેલાઇન'ના નાટકમાં પણ આવી જ શંકા ઉત્પન્ન થયેલી આપણે જોઇયે છિયે.

ઘણો ક્રોધી છે અને રહસ્ય ભેદ થાય તો હું વચમાં માર્યો જાઉં, માટે મારા બચાવ ખાતર તેટલું તું કબૂલ કર.' એ પ્રમાણે તેના કહેવાપરથી તેને ઘેર હું ગુપ્ત રીતે રહ્યો; અને મારો વધ પ્રસિદ્ધ કરવા તેણે રાત્રિમાં બીજા કોઇને મારી નાંખ્યો. એવી રીતે નીતિની યોજના કરનાર **શકટાલ**ને મેં પ્રીતિથી કહ્યું કે, 'એક તું મિત્ર છે કે, જેણે મને મારવાની મતિ ન કરી. તેમ જ મારો મિત્ર એક રાક્ષસ છે, તેથી હું હણાંઇ જાઉં તેમ પણ નથી. જરા યાદ કરું કે તે આવી ઉભો રહે, અને મારી ઇચ્છાથી તે જગતને પણ ગળી જાય. પરંતુ અહીં ઇન્દ્રદત્ત રાજા મારો મિત્ર થાય છે, તેથી તે વધ કરવા યોગ્ય નથી.'

### ખૂબ સુરત કોણ ?

એ સાંભળી **શકટાલે** કહ્યું કે,'રાક્ષસ મને દેખાડ'. ત્યારે મેં રાક્ષસને યાદ કર્યો કે તે તરત આવ્યો, અને તેને મેં **શકટાલ**ને દેખાડ્યો. તેનાં દર્શનથી તે ત્રાસ પામી વિસ્મિત થઈ ગયો. પછી રાક્ષસ જ્યારે અદૃશ્ય થઈગયો, ત્યારે **શકટાલે** મને પૂછ્યું કે, 'તારો મિત્ર એ રાક્ષસ કેમ થયો ?' ત્યારે મેં કહ્યું કે," પહેલાં હું નગરના બંદોબસ્ત માટે ફરતો હતો. દર રાત્રિએ એક કોટવાળ નાશ પામતો હતો. એવું સાંભળી **યોગનંદે**, મને કોટવાળી સોંપી. હું રાત્રિમાં શહેરની અંદર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એ રાક્ષસને જોયો. તેણે મનેકહ્યું કે, બોલ 'આ નગરમાં ખૂબસુરત સ્ત્રી કોણ છે ?' તે સાંભળી હસીને મેં જવાબ દીધો કે,

"જે જેના મનને ગમે, તે રૂપાળી નાર;
મન લાગ્યાવિણ ઉવર્શી, રાચે નહીં લગાર."

"અરે મૂર્ખ ! જે જેના મનમાં ગમે તે તેને ખૂબસુરત લાગે." એ સાંભળી તેણે કહ્યું કે, "આટલા દિવસમાં તેં મને જિતી લીધો; અને વળી આ પ્રશ્નનો ઉત્તર મળ્યો, તેથી હું પ્રસન્ન છું; કેમકે હું મરણથી મુક્ત થયો." તેણે ફરીથી મને કહ્યું કે, "તારી ઉપર હું પ્રસન્ન થયો છું; હવેથી તું મારો મિત્ર છે—તું જ્યારે યાદ કરીશ ત્યારે હું આવી ઉભો રહીશ." એવું કહી તે અદૃશ્ય થઈ ગયો. પછી હું જેમ ગયો હતો તેમ પાછો આવ્યો. એવી રીતે આપત્તિમાં સહાયતા કરનાર આ રાક્ષસ મારો મિત્ર થયો છે.

**શકટાલ**ની ફરી બીજી માગણી ઉપરથી, ધ્યાન ધરવાથી પધારેલાં દેહધારી ગંગા તેને મેં દેખાડ્યાં. મેં તેને સ્તુતિથી પ્રસન્ન કર્યાં ત્યારે તે અદૃશ્ય થઈ ગયાં. **શકટાલ** પણ મને નમી મારો સહાયકાર થયો. એક દિવસે ગુપ્ત જગાએ હું રહ્યો હતો ત્યાં મને દિલગીર જોઈ **શકટાલે** કહ્યું કે, 'તું સર્વજ્ઞ છતાં ખેદ કેમ કરે છે ?'

"સાહસ કુકર્મ કરવા પ્રવીણ, બુદ્ધિ ખરેજ રાજાની,
પછી પસ્તાવે શુદ્ધિ આવે થઇજ નાદાની;
આદિત્યરાજા મંત્રીશિવવર્માની કહુ કથા આજ,
તમ પાસે મંત્રીવર જાણો છો રાજનાં કાજ."

### આદિત્યવર્મા રાજા અને શિવવર્મામંત્રીની કથા.

પૂર્વે **આદિત્યવર્મા** એ નામનો એક રાજા હતો. તેનો મહામતિવાળો **શિવવર્મા** નામે મંત્રી હતો. રાજાને ખબર થઈ કે, રાણીને ગર્ભ રહ્યો છે. તેની તપાસ કરવાને અંતઃપુરની ક્ષાર



કરનારાઓને રાજાએ પૂછ્યું કે, 'આ અંતઃપુરમાં ગયાંને મને બે વર્ષ થયાં, તો આ ગર્ભ રાણીને કેમ રહ્યો, તેની ખરી હકીકત મને કહો.' ત્યારે તેઓએ જવાબ દીધો કે, 'અહીં બીજા કોઈ પુરુષનો પ્રવેશ નથી, પણ તમારો મંત્રી **શિવવર્મા** વગર હરકતે આવે જાય છે.' તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે, નક્કી તે મારો દ્રોહી છે. તેને જાહેર રીતે મારવાથી મને લોકાપવાદ ચોંટે, એમ વિચારી યુક્તિ કરી, રાજાએ **શિવવર્મા**ને પોતાના મિત્ર **ભોગવર્મા** સામંત પાસે મોકલ્યો ને તેની પુઠે છૂપી રીતે એક લેખમાં તેનો વધ કરવાનું લખી, રાજાએ એક કાસદ મોકલ્યો. કાર્યભારી ગયા પછી સાતમે દિવસે ભયથી તેની રાણી સ્ત્રીનો વેષ ધારણ કરનારા પુરુષને સાથે લઈ જેવી નાસતી હતી, તેવી જ તેના રક્ષકોને હાથે પકડાઈ ગઈ. તે સાંભળી **આદિત્યવર્મા** રાજા પસ્તાવામાં પડી ગયો કે, ઉત્તમ બુદ્ધિમાન્ ને રાજભક્ત, વળી નીતિમાં પ્રીતિવાળા મંત્રીનો મેં નિષ્કારણ નાશ કરાવ્યો ! એટલામાં **શિવવર્મા** **ભોગવર્મા**ની પાસે ગયો અને તે લેખ લઈ જનારો કાસદ પણ ત્યાં જઈ પહોંચ્યો. દૈવને લીધે તે વધની આજ્ઞા **ભોગવર્મા**એ એકાંતમાં **શિવવર્મા**ને તે લેખ વંચાવી કહી. ઉત્તમમંત્રી **શિવવર્મા**એ પણ તે સામંતને કહ્યું કે, 'તું મને મારી નાંખ, નહિતર હું આત્મઘાત કરી મરીશ.' તે સાંભળી વિસ્મય પામી **ભોગવર્મા**એ તેને કહ્યું કે, 'હે વિપ્ર, આ તે શું ? કહે, નહિ કહે તો તને સોગંદ છે.' હવે તે મંત્રીએ તેને કહ્યું કે, 'હે રાજા **ભોગવર્મા** ! જ્યાં મારો વધ થાય ત્યાં બાર વર્ષ લગી વરસાદ વરસતો નથી.' તે સાંભળી કાર્યભારીઓની સાથે **ભોગવર્મા**એ વિચાર કર્યો કે, 'તે દુષ્ટ રાજા આપણા દેશનો નાશ કરવા ઇચ્છે છે ? શું ત્યાં છૂપા વધ કરનાર નથી ? માટે આ મંત્રીને મારવો જ નહીં અને કામ પડે તો કલ્યાણ અર્થે આત્મહત્યાથી પણ તેનો બચાવ કરવો.' એવો વિચાર કરી **ભોગવર્મા**એ રક્ષક આપી, તુર્તાતુર્ત **શિવવર્મા**ને તે દેશમાંથી રવાના કીધો. એવી રીતે તે મંત્રી પોતાની બુદ્ધિથી જીવતો આવ્યો, અને બીજાથી તેની શુદ્ધિ થઈ.

ધર્મનું કાંઈ વિપરીત ફળ થતું નથી. એવી રીતે તારી પણ જ્યાં સુધી શુદ્ધિ થશે, ત્યાં સુધી મારે ઘેર રહે. હે **કાત્યાયન** ! એ રાજાને પણ પસ્તાવો થશે. **શકટાલ**ના કહેવા ઉપરથી તેનાં ઘરમાં જ વખતની રાહ જોતો છૂપી રીતે હું દિવસો ગાળવા લાગ્યો.

### મિત્રદ્રોહનું ફળ !

હે **કાણભૂતિ** ! તે **યોગનંદ**નો પુત્ર **હિરણ્યગુપ્ત** એક દિવસે મૃગયા કરવા વનમાં ગયો હતો. ત્યાં ઘોડાના વેગથી એકલો છેટે નિકળી ગયો. અને તે સમયે દિવસ પણ આથમી ગયો. ત્યાં તે રાત ગાળવા એક વૃક્ષ ઉપર ચડ્યો. તે વખતે સિંહથી બીધેલો એક રીંછ પણ તું ઝાડ ઉપર ચ્હડી આવ્યો. તેણે પોતાથી બ્હીતા રાજપુત્રને જોઈ, મનુષ્યની ભાષાથી કહ્યું કે, તે, મારો મિત્ર છે, માટે ડર નહીં' ! એવું કહી અભયનો કોલ આપ્યો. રીંછના વચનપર વિશ્વાસ રાખી રાજપુત્ર સુઈ ગયો, અને રીંછ તો જાગતો જ બેઠો. તેટલામાં ચારા વાસ્તે નિચેથી સિંહે કહ્યું કે, 'હે રીંછ ! આ મનુષ્યને મારે માટે નીચો પટકી દે, એટલે હું જતો રહું.' ત્યારે રીંછે કહ્યું કે, 'અયે ચાંડાળ ! હું કદી પણ મિત્રનો ઘાત કરનાર નથી.' તેથી નિરાશ થઈ સિંહ પાછો ગયો. જ્યારે રીંછને સુવાનો અને રાજપુત્રને જાગવાનો વારો આવ્યો ત્યારે, ફરીથી સિંહે કહ્યું કે, "હે મનુષ્ય ! આ રીંછને નીચે નાંખ. જો તું મને (આહાર માટે) નહિ આપે તો તને મારી

નાંખીશ.' તે સાંભળી પોતાના બચાવ માટે સિંહને રાજી કરવા, મિત્રના વિશ્વાસથી સુખે સૂતેલા રીંછને તેણે હડસેલો માર્યો ! પણ તે પોતાના આયુષ્યના શેષથી અથવા તો પ્રારબ્ધના જોરથી તરત જ ચોંકી ઉઠ્યો, અને હાથમાં ઝાડની ડાળ પકડી લટકી રહ્યો, પણ સિંહનો શિકાર થયો નહીં. પછી રીંછે શાપ આપ્યો કે, ‘હે મિત્રદ્રોહી ! તું ગાંડો બની જા.' ! એમ **હિરણ્યગુપ્ત**ને રીંછે શાપ આપ્યો અને તેનો અવધિ કરી રહ્યું કે, ‘જ્યાં સૂધી આ વાત પ્રસિદ્ધ થશે નહિ ત્યાં સૂધી તું ગાંડો રહીશ.' પ્રભાતના તે રાજપુત્ર ઘેર આવી ગાંડો થઈ ગયો.* તે જોઈ એકદમ **યોગનંદ**ને ખેદ થયો, અને બોલ્યો કે, ‘જો આ વખતે **વરરુચિ** જીવતો હોત તો આમ થવાનું સઘળું કારણ તે જરૂર જાણતે. અરેરે ! તેનો વધ કરાવવાની મારી ચપળતાને ધિક્કાર છે ! ' એવું રાજાનું વચન સાંભળી, **શકટાલે** વિચાર કર્યો કે, **કાત્યાયન**ને જાહેર કરવાની આ સંધિ ઠીક મળી છે, તે જવા ન દેવી જોઇએ. હવે અભિમાની **વરરુચિ** એની નોકરીમાં અહીં રહેશે નહીં, અને રાજા મારો વિશ્વાસ કરશે. એવું વિચારી રાજા પાસેથી અભયવચન લઈ કહ્યું કે, ‘હે રાજન્ ! તમે ખેદ કરવો મૂકી દ્યો. **વરરુચિ** જીવતો છે.' ‘ત્યારે **યોગનંદે** કહ્યું કે, ‘તરત તેને હ્યાં લાવ.' પછી **શકટાલ** હઠ કરી **યોગનંદ** પાસે મને લઈ ગયો. ત્યાં તેવી સ્થિતિના રાજપુત્રને જોઇ મેં કહ્યું કે, ‘હે રાજા ! આ **હિરણ્યગુપ્તે** મિત્રદ્રોહ કરેલો છે.' એમ મેં સરસ્વતીની કૃપાથી કહ્યું. પછી શાપથી મુક્ત થયેલા તે રાજપુત્રે મારી સ્તુતિ કરીઃ અને રાજાએ પછી પૂછ્યું કે, ‘એ વાત તેં કેમ જાણી ?'

લક્ષણથી અનુમાથી પ્રતિભાથી પંડિતો તણી સમજો,
જોઇ શકે છે, જેથી દેવીનું તિલકચિહ્ન હું સમજ્યો.

ત્યારે મેં રાજાને કહ્યું કે, ‘હે રાજા ! પંડિતોની બુદ્ધિઓ, લક્ષણોથી, અનુમાથી અને પ્રતિભાથી સઘળું જોઈ શકે છે.' જેમ દેવીનો તલ જાણ્યો તેમ મેં આ સઘળું જાણ્યું છે. એવાં મારાં વચનથી તે મહારાજને લાજ ઉપજી અને પસ્તાવો પેદા થયો. પછી સત્કારનો આદર નહીં કરી, આળ ઉતરવાથી જ લાભ થયલો માનતો હું મારે ઘેર ગયો.

શીળ છે, તે જ વિદ્વાનોને ધન છે.

હું ઘેર ગયો કે તરત ઘરનાં માણસો મારી પાસે આક્રંદ કરવા લાગ્યાં. હું તે જોઈ બેબાકળો બની ગયો. તેટલામાં **ઉપવર્ષે** મારી પાસે આવી કહ્યું કે, ‘તને રાજાએ દેહાંત શિક્ષા દીધી છે એવું સાંભળી, પરમ પવિત્ર;–ચરિતવાળી પતિવ્રતા **ઉપકોશા** સતી થઈ બળી મુઈ અને તારી માયાળુ માતાનું હૃદય શોકથી ફાટી ગયું.' તે સાંભળી પવનના સપાટાથી ઉલમૂલ ઉખડી પડેલા વૃક્ષની માફક, નવીન ઉત્પન્ન થયેલા પ્રિયા અને જનની શોકના વેગથી ચેતના વિનાનો થયેલો હું, તરત જમીનપર પડી ગયો—ક્ષણમાત્રમાં વિલાપનો રસ ચાખનાર હું બન્યો.

‘પ્રિય બંધુઓના વિનાશથી ઉત્પન્ન થયેલો શોકરૂપી અગ્નિ કોને ન તપાવે ? જ્યાં સૂધી સંસાર છે ત્યાં સૂધી આ જગતમાં એક અનિત્યતા નિત્ય છે, તો એ ઇશ્વરની માયાને જાણતાં

* પંચતંત્રનુ ભાષાંતર કર્ત્તા મી૦ બેનફી કહે છે કે, આ વાર્તાનુ મૂળ બુદ્ધિષ્ટ લોકોની વાર્ત્તા છે.



છતાં કેમ મોહ પામે છે ! ઇત્યાદિક વચનોથી. **વર્ષે** મને યથાયોગ્ય બોધ આપ્યો ત્યારે મહાકઠાવતીએ મને ધીરજ આવી, પણ હૃદયમાં વૈરાગ્ય આવવાથી સર્વ બંધનનો ત્યાગ કરી, શાંતિની સહાયતા લઈ તપોવનનો મેં આશ્રય કર્યો. કેટલાએક દિવસો ગયા પછી તે તપોવનમાં એક દિવસ **અયોધ્યા**થી એક બ્રાહ્મણ આવ્યો. તેને મેં **યોગનંદ**ના રાજ્યની ખબર પૂછી ત્યારે તેણે મને ઓળખી દિલગીરીની સાથે કહ્યું કે, **નંદ**નો વૃત્તાંત સાંભળઃ—

## ચાણક્યની કથા.

તે **નંદ**ની પાસેથી તારુ જવું થતાં, ઘણે કાળે, તે **શકટાલ**ને અવકાશ મળ્યો તેથી યુક્તિ કરી, **યોગનંદ**ના વધનો ઉપાય વિચારવા લાગ્યો. તેવામાં તેણે રસ્તે જમીન ખોદતા **ચાણક્ય** નામના બ્રાહ્મણને જોયો. ત્યાં જઈ તેણે પૂછ્યું કે, ‘તું જમીન કેમ ખોદે છે ?' તે બ્રાહ્મણે જવાબ આપ્યો કે, ‘આ ઠેકાણેથી દર્ભનું મૂળ હું કહાડું છું, કારણ કે તેણે મારા પગમાં ક્ષત કર્યો છે.' તે સાંભળી મંત્રી **શકટાલ**ના મનમાં આવ્યું કે, ‘આ બ્રાહ્મણ ઘણો ક્રોધી અને ક્રૂર નિશ્ચયવાળો છે–તે **યોગનંદ**નો વધ કરવામાં કામ લાગશે.' પછી તેનું નામ પૂછી કહ્યું કે, ‘હે બ્રહ્મતેજ ! **નંદ** રાજાને ત્યાં આજે ત્રયોદશાહનું શ્રાદ્ધ છે—હું તમને તેમાં નિમંત્રણ કરું છું. જો તમો આવશો તો એક લક્ષ સુવર્ણમુદ્રા મળશે અને તમે બીજા બધાની આગળ બેસી જમશો, માટે મારે ત્યાં ચાલો.' એવું કહી **શકટાલ** **ચાણક્ય**ને પોતાને ઘેર તેડી ગયો. શ્રાદ્ધને દિવસે રાજાને તે બ્રાહ્મણ દેખાડવામાં આવ્યો ત્યારે રાજાએ તેને કબુલ રાખ્યો. તે પછી તે **ચાણક્ય** રાજાને ઘેર જઈ શ્રાદ્ધમાં ઉચ્ચ આસને બેઠો, અને **સુબંધુ** નામનો બ્રાહ્મણ હતો, તેણે પણ પોતાને ઉચ્ચ આસને બેસવાની ઇચ્છા કરી. તે વાતની **શકટાલે** **નંદ** રાજા પાસે જઈ વિનતિ કરી. ત્યારે રાજાએ કહ્યું કે, ‘ઉચ્ચાસને બેસવાને બીજો કોઈ યોગ્ય નથી, **સુબંધુ**ને જ મુખ્યાસને બેસાડવો જોઇયે.' ત્યારે **ચાણક્ય** પાસે આવી ભયથી નમ્ર થઇ **શકટાલે** કહ્યું કે, ‘**સુબંધુ**ને અગ્રાસને બેસાડવાની રાજાએ આજ્ઞા કરી છે, તેમાં મારો કશો અપરાધ નથી.' એવું સાંભળી **ચાણક્ય** ચોમેર ક્રોધાગ્નિથી બળતો હોય, તેમ પોતાની શિખા છૂટી કરી તે જ સ્થળે એવી પ્રતિજ્ઞા લીધી કે, ‘મારે સાત દિવસની અંદર અવશ્ય **નંદ**નું નિકંદન કરવું, ત્યાર પછી ક્રોધ રહિત થઈ શિખા બાંધવી !' એવું કહેવાથી **યોગનંદ** કોપાયમાન થયો. તેવામાં **ચાણક્ય** નાસી ગયો. તેને **શકટાલે** છૂપી રીતે પોતાને ઘેર રાખ્યો. ત્યાં તે જ મંત્રીએ, ગુપ્ત રીતે સઘળી સામગ્રી આપી, તેથી **ચાણક્યે** કોઈ એક સ્થળે જઈ, કૃત્યા સાધી. તેને લીધે **યોગનંદ**ને દાહજ્વર આવ્યો અને સાતમો દિવસ આવ્યો કે, તે મરણ પામ્યો. તેના પુત્ર **હિરણ્યગુપ્ત**ને પણ મારી, પૂર્વ **નંદ**ના નંદન ( અનૌરસ ) **ચંદ્રગુપ્ત**ને **શકટાલે** રાજ્યલક્ષ્મી સ્વાધીન કરી, તેનું મંત્રીપણું કરવાને પ્રાર્થના કરી, બુદ્ધિથી બૃહસ્પતિ સરખા **ચાણક્ય**ને સ્થાપી, તે મંત્રી કૃતાર્થ થયો. **યોગનંદ**ના વૈરની પ્રતિક્રિયા માનતા **શકટાલે** પુત્રના શોકથી વૈરાગ્ય પામી, મોટા વનવિશે પ્રવેશ કર્યો.*

* વિશાખદત્ત રચિત મુદ્રારાક્ષસ નાટકમાં આથી તદન જૂદા જ પ્રકારની વાર્ત્તા છે. પણ આટલું તો નક્કી છે કે, મુદ્રારાક્ષસ નાટકની રચના આ જ કથાપરથી થયલી મનાય છે.

હે કાણભૂતિ ! એવું તે બ્રાહ્મણના મુખથી સાંભળી, 'આ સર્વ ચંચળ છે' એવું વિચારી હું અતિશય ખેદને પામ્યો છું અને તે ખેદથી હું આ વિંધ્યવાસિનીનાં દર્શન કરવા આવ્યો છું.

હે મિત્ર ! તે દેવીની કૃપા વડે તને જોઈ મને મારી જાતિ યાદ આવી ને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું. મેં તને મારી કથા પણ કહી, અને હવે મારા શાપનો ક્ષય થઈ ગયો છે. દેહત્યાગ કરવાનો હું યત્ન કરીશ; અને તું તો હાલ જ્યાં સૂધી ત્રણ ભાષાનો ત્યાગ કરનાર શિષ્યયુક્ત ગુણાઢ્ય નામનો બ્રાહ્મણ આવે ત્યાં સૂધી, અહીં જ રહે. તેને પણ મારી પેઠે દેવીએ શાપ આપેલો છે. **માલ્યવાન્** નામનો મારો પક્ષપાતી જે ઉત્તમ ગણ હતો, તે મનુષ્યપણું પામેલો છે. તેને **મહેશ્વરે** કહેલી આ મહાકથા તારે કહેવી, તેથી તારા તથા તેના શાપનો છૂટકો થશે. એવી રીતે **કાણભૂતિને** કહી, **વરરુચિ** દેહત્યાગ કરવા, પુણ્યકારી **બદરિકાશ્રમ** વિશે જવા નિકળ્યો.

## શાકાશી મુનિની કથા.

હવે રસ્તામાં ચાલતાં ચાલતાં ગંગામાં શાક ખાનારા એક મુનિને તેણે જોયા. તેની સમક્ષ, તે ઋષિના હાથમાં દર્ભનો ઘા લાગ્યો ત્યારે, તેના નિકળતા લોહીને, તે **વરરુચિએ** અહંકારની પરીક્ષાને માટે, કૌતુકથી, પોતાના પ્રભાવવડે, શાકના રસરૂપ કર્યું. તે જોઈ હું સિદ્ધ છું, એવો ગર્વ મુનિ પામી ગયા. તે પછી સ્મિતહાસ્યથી **વરરુચિએ** તેને કહ્યું કે, 'જાણવાની ઇચ્છાથી તમારું લોહી મેં શાકના રસરૂપ કર્યું, તો પણ હજી સૂધી, હે મુનિ, તમે અહંકાર તજ્યો નહી. જ્ઞાનમાર્ગ વિશે અહંકાર એ અતિક્રમ ન થઈ શકે એવો અવરોધ છે, અને જ્ઞાન વિના સેંકડો વ્રતથી પણ મોક્ષ થતો નથી જ; અને ક્ષય પામનારું સ્વર્ગ મુમુક્ષુના ચિત્તને લોભાવતું પણ નથી. માટે અહંકારનો ત્યાગ કરી, હે મુનિ, જ્ઞાન સંપાદન કરવા યત્ન કરો.' એવી રીતે મુનિને ઉપદેશ દઈ નમ્ર થયેલા તે મુનિએ સ્તુતિ કરાયેલ **વરરુચિ**; શાંત મનવડે, **બદરીકાશ્રમ** વિશે ગયો. ઘણી ભક્તિથી મનુષ્યભાવને છોડવાની ઇચ્છા કરતો **વરરુચિ**, શરણે જવા યોગ્ય દેવીને શરણે ગયો, ત્યારે દેવીએ પણ પોતાની મૂર્ત્તિ પ્રકટ કરી, દેહત્યાગને માટે અગ્નિને ઉત્પન્ન કરનારી ધારણા તેને કહી.

ત્યાર પછી તે ધારણાથી શરીર બાળી, **વરરુચિ** પોતાની દિવ્ય ગતિને પામ્યો અને **વિંધ્યાટવીમાં**, **કાણભૂતિએ ગુણાઢ્યના** સમાગમમાં ઉત્કંઠિત થઈ, ત્યાં જ કેટલોક સમય વ્યતીત કર્યો.

**ઇતિ શ્રી મહાકવિ સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠ લંબકને વિષે પાંચમો તરંગ સંપૂર્ણ.**

---

* સંસ્કૃત, પ્રાકૃત ને તેની પોતાની દેશી ભાષા. ગુણાઢ્ય આ ત્રણ ભાષા જાણતો હતો, તે ત્રણમાંથી એકે ન બોલે એટલે મુંગા રહેવું–ને એમ ઘણો કાળ મુંગા રહેવાથી મનુષ્ય મરણ પામ્યા વિના રહે નહી.



# તરંગ ૬ ઠ્ઠો.

## ગુણાઢ્યની કથા.

તે પછી મનુષ્યના શરીરે વનમાં ફરતો **માલ્યવાન્** ગણ, કે જેનું **ગુણાઢ્ય** એવું નામ છે, તે **સાતવાહન** રાજાનું સેવન કરી, તેની પાસે પ્રતિજ્ઞા કરવાથી સંસ્કૃત વગેરે ત્રણ ભાષાઓનો ત્યાગ કરી દિલગીર થઈ, **વિંધ્યવાસિનીનાં** દર્શન કરવા આવ્યો; અને દેવીની આજ્ઞાથી, **કાણભૂતિને** તે જઈ મળ્યો. ત્યાર પછી પોતાની જાતિનું સ્મરણ થવાથી તુરત તે જ્ઞાનવાન્ થયો. ત્રણે ભાષાથી વિલક્ષણ **પિશાચ** ભાષાનો આશ્રય કરી, **કાણભૂતિને** પોતાનું નામ કહી તે બોલ્યો કે; 'હે મિત્ર ! **પુષ્પદંત***પાસેથી સાંભળેલી દિવ્ય કથા સત્વર તું મને કહે, કે જેથી તું અને હું–આપણ બન્ને–શાપથી મુક્ત થઈએ.' તે સાંભળી રાજી થઈ નમન કરી **કાણભૂતિ** તેને કહેવા લાગ્યો કે, 'હે પ્રભુ ! કથા તો કહું છું; પણ મને એક મોટું આશ્ચર્ય થાય છે, (કે તમે ત્રણ ભાષાનો કેમ ત્યાગ કર્યો) માટે તમારા પૂર્વ જન્મનું ચરિત્ર મને કૃપા કરી કહો.' આ પ્રાર્થનાપરથી **ગુણાઢ્યે** કથા કહેવાનો આરંભ કર્યો.

**પ્રાતષ્ઠાન†** દેશમાં **સુપ્રતિષ્ઠિત** નામે નગર છે. ત્યાં **સોમશર્મા** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને **વત્સ** અને **ગુલ્મક** નામના બે કુમારો અને **શ્રુતાર્થા** નામની એક કુમારિકા હતી. કાળે કરી તેનાં માતપિતા ગુજરી ગયાં ત્યારે **શ્રુતાર્થાનું** પાલન તેના ભાઈઓએ કર્યું. અકસ્માત્ તે કન્યા સગર્ભા થઈ. તે જોઈ બીજા પુરુષના અભાવથી, **વત્સ** અને **ગુલ્મને** અન્યોન્ય શંકા થઈ. 'ત્યારે **શ્રુતાર્થા** તે ભાઈઓનાં મનની વાત જાણી ગઈ અને કહ્યું કે, તમારે મારા સંબંધી ખોટી શંકા લાવવી નહિ. સાંભળો, હું તમને આ માટે ખરી હકીકત કહી સંભળાવું છું:—

'એક સમયે હું સ્નાન કરવા ગઈ હતી, ત્યાં નાગરાજ **વાસુકિનો** ભત્રીજો **કીર્તિસેન** નામનો કુમાર છે તેણે મને દીઠી, જે કામદેવના બાણથી દબાઈ ગયો. તેણે પોતાનો વંશ અને નામ કહી ગાંધર્વ વિધિથી મારી સાથે લગ્ન કીધું. માટે આ ગર્ભ બ્રાહ્મણ જાતિનો છે.' એવાં બહેનનાં વચન સાંભળી **વત્સ** અને **ગુલ્મે** કહ્યું કે, 'એની શું ખાતરી ?' ત્યારે

---

*પાર્વતીના શાપથી પુષ્પદંત જ વરરુચિ—કાત્યાયન થયો હતો, માટે તે જ નામથી ઓળખાવે છે કાણભૂતિ પણ કુબેરનો સુપ્રતિક નામના કિંકરનો અવતાર છે. આ બાબત જુવો પ્રથમ તરંગ.

† પ્રતિષ્ઠાન, એ વિલ્સન સાહેબના લખવા પ્રમાણે શાલિવાહન રાજાની રાજધાની છે. એ ગોદાવરીના કીનારાપર આવેલું પૈઠણ–પેટાલીત્રાકે પેઠણ, શીરીપોલેમીશની રાજધાની કહેવાય છે તે ગણાવવામાં આવે છે. સાતવાહન તેને જ સાલિવાહન વિલ્સન કહે છે. પણ ડા. રેસ્ટ લખે છે કે, અન્દ્રહારવંશના શ્રી પુલીમાન રાજા એ પ્રતિષ્ઠાનપુરમાં શાલિવાહન વંશના પડી ભાગવા પછી—૧૩૦૯ ઈ. સ. સૂધી રાજ કરતો હતો, તે વંશમાં સાતવાહન હતો.

એકાંતમાં શ્રુતાર્થાએ તે નાગકુમાર કીર્તિસેનનું સ્મરણ કીધું, એટલે તરત તે આવ્યો અને વત્સ તથા ગુલ્મને કહ્યું કે, 'આ તમારી બહેન, શાપથી પૃથ્વીપર આવેલી ઉત્તમ અપ્સરા છે. તે મારી પત્ની થાય છે. અને તમે પણ શાપથી જ પૃથ્વીમાં અવતર્યા છો. તમારી બહેનને નિશ્ચે પુત્ર થશે, ત્યાર બાદ આ અને તમે બન્ને શાપથી મુક્ત થશો.' એવું કહી તે (નાગરાજ) અદૃશ્ય થઈ ગયો. તે પછી થોડા જ દિવસોમાં શ્રુતાર્થાને પુત્ર આવ્યો. હે મિત્ર કાણભૂતિ ! તે જ હું છું એમ જાણ. મારા જન્મ વખતે 'આ ગુણાઢ્ય* નામનો બ્રાહ્મણ, ગણનો અવતાર છે, એવી આકાશવાણી થઈ હતી. તે પછી મારી મા તથા મામા શાપથી મુક્ત થયાં, અને કાળે કરી પરલોકવાસી થયાં, ને હું નિરાધાર થઈ ગયો. હવે શોક કરવો છોડી મારી બાલ્યાવસ્થા છતાં, સ્વાશ્રયથી વિદ્યા મેળવવા હું દક્ષિણ દેશ વિશે ગયો. ત્યાં કાળે કરી સર્વ વિદ્યા ભણ્યો અને પ્રસિદ્ધ થઈ સ્વગુણ દેખાડવા, હું સ્વદેશમાં આવ્યો. ઘણે દિવસે સુપ્રતિષ્ઠિત નગરમાં હું શિષ્ય સહિત પ્રવેશ કરતો હતો, ત્યાં મેં એક અપૂર્વ શોભા જોઈ.

ત્યાં કોઈ સ્થળે વેદીઆ બ્રાહ્મણો વિધિ પ્રમાણે સામવેદનું ગાન કરતા હતા અને કોઈ સ્થળે વેદના નિર્ણયમાં બ્રાહ્મણોનો વિવાદ ચાલતો હતો. કોઈ એક જગાએ વળી જુગારીઓ જુગારની સ્તુતિ કરતા કરતા કહેતા હતા કે, 'જે જુગારની કળા જાણે છે, તેના હાથમાં ભંડાર છે.' વળી એક જગોપર પરસ્પર વેપારની કળામાં નિપુણતા બતાવનારા વણિકોમાં એક વણિકે કહ્યું કે, 'સંયમવાળો પુરુષ પૈસાથી પૈસો પેદા કરે છે એમાં શું આશ્ચર્ય ? પણ મેં પહેલાં પૈસા વિના જ લક્ષ્મી એકઠી કરી હતી.'

## ઉંદરથી શ્રીમાન્ થયેલાની વાર્તા.

પ્રથમ હું મારી માના પેટમાં હતો ત્યારે જ મારો પિતા પરલોકવાસી થયો. તે સમયે પાપી પિત્રાઈઓએ મારી માની સઘળી મિલકત હરી લીધી, તેથી તે તેઓના ભયથી માર પિતાના મિત્ર કુમારદત્તને ઘેર, ગર્ભનું રક્ષણ કરવા સારુ, જઈ રહી. તે સાધ્વીની નિવૃત્તિનું કારણ હું ત્યાં જન્મ્યો. તે પછી કષ્ટે કરી મારી માતાએ મને મોટો કર્યો. પાસે કાંઈ નહિ હોવાથી, ગરીબ સ્થિતિની મારી માતાએ ઉપાધ્યાયની પ્રાર્થના કરી, ક્રમે કરી મને લીપી અને ગણિત જ્ઞાન અપાવ્યું. એક વેળા મારી માએ કહ્યું કે, 'હે પુત્ર ! તું વાણીઆનો દીકરો છે તો હવે વેપાર કર. આપણા નગરમાં વિશાખિલ નામનો નગરશેઠ છે તે કુલીન દરિદ્ર માણસોને માલ રાખી દ્રવ્ય આપે છે. તો તું તેની પાસે જા, ને વેપાર કરવાને કંઈ માગ.' આ રીતનાં માતુશ્રીનાં વચન સાંભળી, તે નગરશેઠની પાસે હું ગયો. તે પણ તે ક્ષણે કોઈ વાણીઆના છોકરા ઉપર ક્રોધ કરી કહેતો હતો કે, 'આ જમીન ઉપર મુવેલો ઉંદર પડ્યો છે, ! એનું વેચાણ કરીને પણ હુશિયાર માણસ પૈસા પ્રાપ્ત કરે છે; અને હે દુષ્ટ ! તને તો મેં ઘણી મોહોરો આપી હતી, તેની વૃદ્ધિ કરવી એ તો એક તરફ રહી, પણ તું તો મૂળ મુડી ગુમાવી બેઠો.' તે સાંભળી

* ગુણાઢ્ય એટલે સદ્‌ગુણમાં શ્રીમંત અને ઉત્તમ ગુણવાન.



તરત જ તે વિશાખિલને મેં કહ્યું કે, 'તમારી પાસેથી ભાડે હું આ ઉંદર લઈ જાઉં છું. એવું કહી એ ઉંદરને હાથમાં લઇ તેને ડાબડામાં ઘાલ્યો અને તે શેઠને એક ખત લખી આપ્યું, ને તે પછી મેં રસ્તો પકડ્યો. તે વાણીઓ પણ હસવા લાગ્યો. મેં બે ખોબા ચણાના મૂલ્યથી એક વાણીઆને બિલાડાના ખોરાક સારુ તે ઉંદર વેચ્યો. પછી તે ચણાના દાળીઆ કરી, એક પાણીનો ઘડો ભરી, શહેરની બહાર મેદાનમાં છાયા જોઈ બેઠો. ત્યાં થાકી આવેલા કઠિયારાઓને વિનય સહિત તે શીતળ જળ અને પેલા સેકેલા ચણા આપવા લાગ્યો. ત્યારે અકેક કઠિયારે પ્રીતિથી બબે લાકડાં મને આપ્યાં. બજારમાં કંદોઇની દુકાને એ લાકડાં લઈ જઈ મેં વેચ્યાં. તે પછી વળી થોડા પૈસાના દાળિયા લઈ, તેમ જ બીજે દિવસે પણ, કઠિયારાઓને આપી લાકડાં લઈ આવ્યો. એવી રીતે દરરોજ કરી ધીમે ધીમે ઘણું મૂલ્ય મેળવી કઠિયારાઓ પાસેથી ત્રણ દિવસ સૂધી સઘળાં લાકડાંની ખરીદી કીધી. હવે વરસાદ વધારે પડવાથી લાકડાંનો ઉચ્છેદ થઈ ગયો, તેથી તે એકદમ મોંઘાં થઈ ગયાં ત્યારે, તે થોડી કિમતમાં લીધેલાં લાકડાંના સેંકડો પૈસા મેં ઉપજાવ્યા. તેની ઉપજના પૈસાવડે મારી પોતાની કુશળતાથી એક બજાર બાંધ્યું અને વેપાર કરતાં કરતાં મોટો થયો છું. પછી સોનાનો ઉંદર બનાવી મેં તે શ્રીમંત વિશાખિલને સોંપ્યો. તેથી ( રાજી થઈ ) તેણે પણ પોતાની કન્યા મને ( લગ્નમાં ) આપી. એ ઉપરથી જ લોકમાં હું મૂષક એ નામથી પ્રસિદ્ધિને પામ્યો છું. એવી રીતે નિર્ધન છતાં મેં પૈસો મેળવ્યો છે. તે સાંભળી ત્યાં (બેઠેલા) બીજા વાણિયાઓ સાનંદાશ્ચર્ય પામી ગયા.

॥ धीर्न चित्रीयते कस्मादभित्तौ चित्रकर्मणा ॥

ચિત્ર વિચિત્ર કાર્યથી બુદ્ધિનો ચિતાર ભિંત વિના પણ કેમ ન પડે ?

## સામવેદ ભણનારા બ્રાહ્મણની કથા.

કોઈ એક બીજે સ્થળે એક સામવેદી બ્રાહ્મણને દાનમાં છ* માસા સોનું મળ્યું હતું. તેને કોઈ લુચ્ચા માણસે પડખે ચડી કહ્યું કે, 'તારો બ્રાહ્મણનો અવતાર છે તો તને ભોજન તો છે જ, પણ આ સોનાથી નિપુણ થવા માટે લોકવ્યવહાર તારે શિખવો જોઇએ.' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, 'મને કોણ શિખવે ?' તે માણસે ઉત્તર આપ્યો કે, 'એક ચતુરિકા નામની વેશ્યા છે તેને ઘેર જા.' 'ત્યાં જઈ હું શું કરુ ?' એવું બ્રાહ્મણે કહ્યું, ત્યારે વિટ્ બોલ્યો કે, 'સોનું આપી તેને રાજી કરવા સામનો † પ્રયોગ કરજે.' એવું સાંભળી વેદ ગાનાર બ્રાહ્મણ, તરત ચતુરિકાને ઘેર ગયો. તે વેશ્યા સામી આવી આદર સત્કાર કરી તેને અંદર લઈ ગઈ; અને તે બ્રાહ્મણ અંદર જઇને બેઠો. 'મને આજે આ સોનું લઈ લોકવ્યવહાર શિખવ,' એવું કહી તે બ્રાહ્મણે તેને સોનું

* અંગ્રેજીમાં આઠ માસા છે. † મધુર વચનથી વિનય કરી તે વેશ્યાને રીઝવજે, એવો અર્થ પણ નીકળે છે, અને બીજો અર્થ એવો નીકળે છે કે, સામવેદનો પ્રયોગ કરજે—એટલે સામવેદના મંત્રો સારી રીતે ગાઈ સંભળાવજે. આ વાક્છલ કહેવાય છે.

આપ્યું. (એ જોઈ) ત્યાં બેઠેલા માણસો ખડખડાટ હસી પડ્યાં. તેટલામાં જરા વિચાર કરી ગાયના
કાન સરખા હાથ કરીને, જડબુદ્ધિ બ્રાહ્મણ, મોટેથી સામવેદનું ગાન કરવા લાગ્યો, એથી ત્યાં તમાસો
જોવા ઇચ્છતા લફંગાની મંડળી ભેગી થઈ ગઈ. સઘળાઓએ કહ્યું કે, ‘અહીં આજ કોઈ શિયાળ
આવ્યો છે, નહિતર આવો સ્વર ક્યાંથી હોય ? માટે આના ગળામાં તરત અર્ધચંદ્ર* આપો.’
ત્યારે અર્ધચંદ્ર એ બાણ છે એવું માની, તરત શિરચ્છેદના ભયથી, ‘લોક વ્યવહાર શિખી લીધો’
એમ પોકારતો તે બ્રાહ્મણ વેશ્યાના ઘરમાંથી નાઠો, અને જેણે તેને વેશ્યાને ઘેર મોકલ્યો હતો
તેની પાસે ગયો; અને પછી બધી હકીકત કહી સંભળાવી. ત્યારે તે વિટ બોલ્યો કે, ‘સામ એટલે
પ્રેમનાં વચન બોલવાનું મેં તને કહ્યું હતું, ત્યાં વેદનું શું કામ હતું.’

॥ किंवा धाराधिरूढं हि जाड्यं वेदजडे जने ॥

‘બેશક વેદીઆ માણસોમાં જડપણું પરંપરાથી ચાલ્યું આવતું જણાય છે કે શું ? વેદિયાં ઢોર
કહેવાય છે તે ખરું છે!’ એ રીતે હસી તે વિટ વેશ્યા પાસે ગયો અને તેને કહ્યું કે, ‘તે દ્વિપદ પશુનું
સુવર્ણરૂપ ઘાસ છોડી દે.’ ત્યારે હસતાં હસતાં તે વેશ્યાએ તેનું સોનું પાછું આપ્યું. તે લઈ તે
બ્રાહ્મણ પોતે નવે અવતાર આવ્યો, એમ માનતો ઘેર ગયો.

એવાં કૌતુકો ડગલે ડગલે જોતો જોતો હું ઇંદ્રના મણિમંદિર સરખા રાજમહેલમાં આવી
પહોંચ્યો. તે પછી શિષ્યોએ પ્રથમ મારી આવવાની ખબર રાજાને આપી. પછી હું આદર સત્કાર
સાથે રાજમંદિરમાં પેઠો. ત્યાં **શર્વવર્મા** વગેરે કારભારીઓથી વિંટલાયેલા દરબારમાં, દેવોથી
વિંટલાએલા ઇંદ્ર સરખા રત્ન જડિત સિંહાસન ઉપર આરૂઢ થયેલા **સાતવાહન** નામના રાજાને મેં
જોયો. ત્યાં રાજાને અને કારભારીઓને આશીર્વાદ આપી, હું આસને બેઠો, એટલે રાજાએ મારો
આદર સત્કાર કર્યો. પછી **શર્વવર્મા** વગેરે પણ મારી પ્રશંસા કરવા લાગ્યા કે, ‘હે રાજન્ ! આપ,
પૃથ્વીમાં સર્વ વિદ્યાઓમાં નિપુણ તથા પ્રસિદ્ધ છો, એથી જ આપનું ગુણાઢ્ય એવું નામ યથાર્થ છે,’
ઇત્યાદિ મંત્રીઓના મુખથી સ્તુતિ સાંભળી પ્રસન્ન થએલા રાજાએ મને પહેરામણી આપી, અને
તરત મને કાર્યભારીની પદવી સોંપી.

હવે હું રાજકાર્ય ચિંતવતો સુખેથી રહેવા લાગ્યો. ત્યાં મેં ઉત્તમ કુલીન કાંતાનું પાણિગ્રહણ
કર્યું અને પછી શિષ્યોને ભણાવવા લાગ્યો. એક દિવસે યથેચ્છ કૌતુક જોતો ગોદાવરીને તટે હું
ફરતો હતો, ત્યાં એક મેં દેવીકૃતિ એવા નામથી પ્રસિદ્ધ ઉદ્યાન જોયું. જમીન ઉપર રહેલા નંદન-
વન સરખા અતિ રમણીય તે બગીચાને જોઈ, ત્યાંના માળીને મેં તેની ઉત્પત્તિનું કારણ પૂછ્યું.
તેણે મને કહ્યું કે, ‘જે વૃદ્ધો પાસેથી સાંભળવામાં આવ્યું છે, તે કારણ હું તમને કહું છું.’

## દેવીકૃતિ ઉદ્યાનની કથા.

પૂર્વે નિરાહાર તથા મૌની એવો એક બ્રાહ્મણ આવ્યો હતો. તેણે આ દિવ્ય બાગ અને તેની

* હિંદુસ્તાનમાં એને–‘દે–ગર્દનિયા’ કહે છે. અંગુઠો ને તર્જની આંગળી બે પહોળાં કરી વીર્છાં જેવી આકૃતિ
કરવી તે; અર્થાત ગર્દનપર હાથ મૂકી ધક્કો મારી હાંકી મૂકવો.



અંદર એક દેવમંદિર બનાવ્યું છે. તે પછી અહીં કૌતુકથી સર્વે બ્રાહ્મણો મળ્યા હતા. તે સઘળા-
ઓએ આગ્રહ કરી તે બ્રાહ્મણને પોતાનો વૃત્તાંત પૂછ્યો ત્યા તેણે કહ્યું કે:–

નર્મદા નદીના કિનારાપર **ભરુકચ્છ*** નામનો દેશ છે, તેમાં હું જન્મ્યો છું. ત્યાં હું ઘણો
દરિદ્રી અને પ્રમાદી હતો, તેથી મને કોઈ ભિક્ષા પણ આપતું હતું નહિ. પછી ખેદથી ઘર ત્યજી
જીવવામાં પણ વિરક્ત થઈ, તીર્થભ્રમણ કરી, વિંધ્યવાસિનીનાં દર્શન કરવા હું ગયો. ત્યાં તે દેવીનાં
દર્શન કરી મેં એવો વિચાર કર્યો કે, લોકો પશુનું બલિદાન કરી વરદાન દેનારી આ દેવીને પ્રસન્ન
કરે છે તો હું આ પશુ સરખા મૂર્ખ આત્માને હણું અને દેવીને ઉપહાર કરું. એવો નિશ્ચય કરી
માથું કાપવા મેં શસ્ત્ર ગ્રહણ કર્યું. તે ક્ષણે પ્રસન્ન થઈ દેવીએ પોતે મને કહ્યું કે ‘હે પુત્ર ! તું
સિદ્ધ છે. આત્મહત્યા નહિ કર, મારી પાસે રહે.’ એવું દેવીનું વરદાન મળવાથી હું દિવ્ય થયો. તે
દિવસથી મારી ક્ષુધા તથા તૃષા નાશ પામી ગઈ છે. હવે હું ત્યાં હતો, તેવામાં એક સમયે દેવીએ
આજ્ઞા કરી કે, ‘હે પુત્ર ! તું પ્રતિષ્ઠાન નગરમાં જઈ ઉત્તમ બાગની રચના કર.’ એવું કહી
તેણે જ મને દિવ્ય બીજ આપ્યું, તેથી હું અહીં આવ્યો છું અને તેના પ્રતાપથી આ મનોહર
બગીચો બનાવ્યો છે. તમારે એની રક્ષા કરવી, એવું કહી તે અદૃશ્ય થઈ ગયો.

એવી રીતે હે પ્રભુ ! પૂર્વે દેવીએ આ બાગ બનાવેલો છે.

એમ તે માળી પાસેથી તે ભૂભાગ ઉપર દેવીનો અનુગ્રહ સાંભળી, વિસ્મય સહિત
હું ઘેર ગયો.

એવાં ગુણાઢ્યનાં વચન સાંભળી **કાણભૂતિ** બોલ્યો કે;–‘એ રાજાનું **સાતવાહન** એવું
નામ કેમ પડયું હશે’? ત્યારે ગુણાઢ્યે કહ્યું કે;–‘એ સબંધી વાર્તા હું તને કહું છું તે તું ધ્યાન
પૂર્વક સાંભળ.’

## સાતવાહન રાજાની કથા.

મોટા પરાક્રમવાળો **દીપકર્ણી** નામે એક રાજા હતો. તેને પ્રાણથી પણ અધિક
**શક્તિમતી** નામની રાણી હતી. એક દિવસ રતિના અંતમાં શ્રાંત થઈ જવાથી તે બાગમાં
જ સૂતી હતી ત્યાં તેને સર્પે ડસી, તેથી તે મરણ પામી. ત્યારે તેમાં જ જેનું ચિત્ત
રહેલું છે, એવા રાજાએ પોતાને પુત્ર નહીં છતાં બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું તે પછી એક
દિવસ રાજ્યને લાયક પુત્ર નહીં હોવાને લીધે દુઃખી થયેલા રાજાને સ્વપ્નમાં **શંકરે** આજ્ઞા
કરી કે, ‘જંગલમાં સિંહ ઉપર બેઠેલા કુમારને તું જુવે, એટલે તેને લઈ તું ઘેર જજે. તે તારો
પુત્ર થશે.’ તુરત તે રાજા જાગ્યો અને સ્વપ્નને યાદ કરી પ્રસન્ન થયો. એક દિવસે તે મૃગ-
યાના શોખથી જંગલમાં દૂર નીકળી ગયો. ત્યાં તે રાજાએ બપોર વખતે પદ્મ સરોવરને
કિનારે સૂર્ય સરખા તેજસ્વી સિંહ ઉપર બેઠેલા કુમારને નિહાળ્યો. હવે રાજાએ સ્વપ્નની
વાતને યાદ કરી, બાળકને ઉતારી જળ પીવાની ઇચ્છાવાળા તે સિંહને એક બાણથી માર્યો

* ભરુચ નામથી જે શહેર ઓળખાય છે તે. આસપાસનો પ્રદેશ ભરુકચ્છ અથવા ભૃગુકચ્છ પહેલાં
કહેવાતો હતો.

ત્યારે તે સિંહ પોતાનું શરીર ત્યાગ કરી તરત પુરુષ બની ગયો. ‘અરે આ તે શું કહેવાય!’
એમ રાજાએ પૂછ્યું ત્યારે તે (સિંહ–નર) બોલ્યો કેઃ–

હે રાજન્! હું કુબેરનો મિત્ર **સાત** નામે યક્ષ છું. મેં પ્રથમ ગંગામાં સ્નાન કરતી
એક ઋષિકન્યાને જોઈ–તે મને જોઈ કામદેવથી વ્યાકુળ થઈ અને હું પણ વ્યાકુળ થયો.
પછી ગાંધર્વવિવાહના વિધિથી તેની સાથે મેં લગ્ન કીધું. તે વાત તેના સગાં સંબંધીના જાણ-
વામાં આવી, તેથી તેને અને મને ક્રોધથી શાપ દીધો કે, ‘તમે બન્ને પાપી સ્વેચ્છાચાર
કરનારાં સિંહ સિહણ થજો.’ મુનિઓએ પુત્રજન્મપર્યંત તે મુનિકન્યાના શાપનો અવધિ
કર્યો હતો; અને મને તમારું બાણ વાગવાસૂધી શાપનો અવધિ હતો. ને પછી કાળે
કરી અમે બેઉ સિંહનું જોડું થયાં. તે સિંહણ ગર્ભિણી થઈ. તેને બચ્ચું અવતરતાં તે
મરણ પામી, જ્યારે આ બાળકને મેં બીજી સિંહણનું દૂધ પાઈ ઉછેર્યો છે અને આજ
તમારા બાણના પ્રહારથી હું શાપમુક્ત થયો છું. હવે મહાબળવાન્ આ પુત્ર તમને આપું
છું તે તમો લ્યો. આ વાત પૂર્વે તે જ મુનિઓએ કહી છે, એવું કહી તે **સાત** નામનો
યક્ષ અદૃશ્ય થઈ ગયો. ત્યારે તે રાજા તે બાળકને લઈ ઘેર આવ્યો. જે કારણથી તેને
**સાતે** ઉપાડ્યો, તેથી તેનું **સાત**વાહન નામ પાડ્યું. વખત જતાં તેને રાજ્યાભિષેક કર્યો.
તે પછી તે **દ્વીપ**કર્ણી રાજા વૈરાગ્યથી વનમાં ગયો, ત્યારબાદ તે **સાત**વાહન રાજા ચ-
ક્રવર્તી થયો.

એવી રીતે **કાણભૂતિ**ના પૂછવા ઉપરથી વચમાં (આડ) કથા કહી, ચાલતા પ્રસંગનું
સ્મરણ કરી **ગુણાઢ્ય** ફરીથી બોલ્યો કે, એક દિવસ વસંત સમયના ઉત્સવમાં તે **સાત**-
વાહન રાજા દેવીએ બનાવેલા બાગમાં બેઠો હતો. ત્યાં ઇન્દ્ર જેમ નંદનવનમાં વિહાર કરે છે તેમ
વિહાર કરતો રાજા, રાણીઓ સહિત જળક્રીડા કરવા સારુ વાવનાં પાણીમાં ઉતર્યો. જ્યાં
હાથ વડે પાણીની છાલકો મારી રાણીઓને તે ભીંજવવા લાગ્યો, ત્યારે હાથણીઓ
જેમ હાથી ઉપર પાણી છાંટે તેમ રાણીઓ પણ રાજાપર પાણી છાંટવા લાગી. આંખ-
માંનું અંજન ધોવાઈ જવાથી રક્ત નેત્રવાળી અને ચોંટી ગયેલાં વસ્ત્રોથી જેનાં અંગો ખુલ્લાં
દેખાય છે એવી અંગનાઓને જોઈ રાજાનું મન વિહ્વળ થઈ ગયું. જેમ વાયુ વનમાં રહેલી
લતાઓને પત્ર પુષ્પ વિનાની કરી મૂકે તેમ તે રાજાએ જળમાં રહેલી પ્રિયાઓને તિલક તથા
આભરણ રહિત કરી દીધી. સ્તનના ભારથી કાયર થયેલી શિરીષના પુષ્પ સરખા કોમળ
અંગવાળી રમતી રાણી ગભરાઇ ગઈ. ત્યારે પાણી છાંટતા રાજાને તેણે કહ્યું કે, ‘હે નાથ! મને મોદકે*
કરીને પ્રહાર કરો.’ તે સાંભળી રાજાએ તરત ઘણા મોદક મંગાવ્યા. ત્યારે હસી પડી રાણીઓએ

* ‘મોદકે કરી પ્રહાર કરો,’ એ વાક્યમાં વાક્છળ છે; કારણ મા ઉદકની શબ્દસંધિ મોદક એમ થાય છે. તેમ જ મા એટલે નહિ અને ઉદક એટલે પાણી, પાણીથી મને પ્રહાર કરો નહીં એવું રાણીનું બોલવું ન સમજી મોદક એટલે લાડુઓથી મને પ્રહાર કરો, એટલે દડાની માફક લાડુથી રમીએ, એમ રાજાએ સમજ-વાથી મંત્રી વગેરેને કહી લાડુ મંગાવ્યા.



ફરીથી તેને કહ્યું, ‘હે નાથજી! જરા વિચાર કરો. આ જળના મધ્યમાં મોદકનો શો ખપ છે? તમો મને ઉદક (પાણી)થી છાંટો નહીં, એવું મેં તમને કહ્યું છે; પણ તમો તો મા, શબ્દ અને ઉદક શબ્દની સંધિ માત્ર પણ જાણતા નથી; તેમ પ્રકરણ પણ જાણતા નથી. વારુ, તમો આવા મૂર્ખ કેમ છો?’ એવી રીતે શબ્દશાસ્ત્ર જાણનારી રાણીએ રાજાની હાંસી કરી. તે સાંભળી સઘળો પરિવાર હસવા લાગ્યો. રાજા ઘણો જ લાજથી શરમાઈ ગયો. તે ક્ષણે જળક્રીડાનો ત્યાગ કરી ગર્વ રહિત થઈ અપમાન પામેલો શરમીંદો થઈ, રાજા પો-તાના મહેલમાં આવ્યો. પછી ચિંતાપરાયણ થઈ આહારાદિકનો તેણે ત્યાગ કર્યો અને ચિત્રમાં આળેખેલા પૂતળાની માફક પૂછ્યા છતાં મૂકઅવસ્થા ગ્રહણ કરી. ‘કાંતો પંડિતાઈ આવે નહિ તો મરણ થાય તે સારું, એવો વિચાર કરતો તે પથારીમાં પડેલો સંતાપ પામવા લાગ્યો. એકાએક રાજાની એવી અવસ્થા જોઈ આ તે શું, એમ સર્વ પરિજન સંભ્રાંત થઈ ગયો. તે પછી મેં તથા **શર્વવર્મા**એ ક્રમે કરી તે બાબત જાણી, એટલામાં તે દિવસ પૂરો થયો. આ વ-ખતે રાજા સ્વસ્થ નથી, એવું વિચારી તે ક્ષણે અમે બેઉએ **રાજહંસ** નામના રાજાના ચેટને બોલાવ્યો. રાજાના શરીરની ખબર પૂછવા ઉપરથી તેણે કહ્યું કે, ‘આવી રીતે પહેલાં કોઈ દિવસ રાજાને ઉદાસીન મેં જોયેલો નથી. બીજી રાણીઓ ક્રોધથી કહે છે કે **વિષ્ણુશક્તિ** રાજાની પુત્રીએ (અર્થાત્ રાણીએ) ખોટી પંડિતાઇથી રાજાનો દર્પભંગ કરેલો છે.’ એવું રાજાના ચેટ પાસેથી સાંભળી સંશયથી **શર્વવર્મા**ની સાથે હું કચવાતે મને વિચારવા લાગ્યો કે, રાજાને જો વ્યાધિ હોય તો વૈદ્યોને બોલાવીએ અને જો આધિ હોય તો તેનું કારણ દેખાતું નથી. આ નિષ્કંટક રાજ્યમાં એનો કોઈ શત્રુ પણ નથી અને પ્રજા પણ સઘળી રાજાપર પ્રસન્ન છે; તેમ કાંઈ નુકશાન પણ થયું હોય એમ જણાતું નથી. તેમ છતાં રાજાને એકાએક આવો ખેદ થવાનું શું કારણ હશે? એમ હું વિચારવા લાગ્યો ત્યારે બુદ્ધિમાન્ **શર્વવર્મા** બોલ્યો કે, “હું એમ જાણું છું કે, આ રાજાનો ક્રોધ મૂર્ખપણાના અનુતાપથી છે. ‘હું મૂર્ખ છું, તથા હમેશાં એવી ઇચ્છા કરે છે કે હું પંડિત થાઉં તો સારું’ આ તેનો અભિપ્રાય મેં પહેલાંથી જ જાણેલો છે અને રાણીએ તેનો દર્પભંગ આ પ્રમાણે કર્યો છે, એવું મેં તેનું કારણ પણ સાંભળ્યું છે.” એમ પરસ્પર વિચાર કરી તે રાત્રિ વીત્યા પછી બીજે દિવસ પ્રભાતે અમે રાજાના અંતર્ગૃહ વિષે કોઇને સાથે રાખ્યાવિના ગયા. પ્રથમ હું ઘણી મહેનતથી ગયો અને મારી પાછળ ધીમે ધીમે **શર્વવર્મા** પણ આવ્યો. નજીક બેસી મેં રાજાને વિનતિ કરી કે, ‘હે રાજન્! નિષ્કારણ આપ દિલગીર કેમ થાઓ છો?’ તે સાંભળ્યા છતાં પણ **સાતવાહન** કાંઈ બોલ્યો નહીં. ત્યારે **શર્વવર્મા**એ અદ્ભુત વાક્ય કહ્યું કે, ‘હે મહા-રાજ! આપે મને પ્રથમ કહ્યું હતું અને મેં ક્યાંઈ સાંભળ્યું પણ છે, તેથી આજે રાત્રે મેં સ્વપ્નમાણવક કર્યો. તે પછી સ્વપ્નમાં આકાશમાંથી પડેલું કમળ દીઠું. તેને કોઈ દિવ્ય કુમારે ખીલવ્યું. તેમાંથી શ્વેતવસ્ત્રવાળી કોઈ દિવ્ય સ્ત્રી નિકળી. મહારાજ! તે તરત જ તમારા મુખમાં પેસી ગઈ. એટલું જોયા પછી હું જાગી ઉઠ્યો, અને હું એમ માનું છું કે, એ સ્ત્રી તે સાક્ષાત્ સરસ્વતી આપના મુખમાં પેઠી હશે, એમાં સંદેહ નહિ.

એવી રીતે **શર્વવર્માએ** સ્વપ્નની વાત કહી કે, તરત મૌન્યનો ત્યાગ કરી **સાતવાહને**
મને કહ્યું કે, 'પુષ્કળ પ્રયત્ને પુરુષ સંસ્કૃત શીખે તો કેટલા વખતમાં તે પંડિત થાય, એ
મને કહે. પડિતાઈ વિના આ લક્ષ્મી મને ગમતી નથી. લાકડાંની પુતળીને અલંકાર
પહેરાવ્યા હોય તે જેમ શોભતા નથી તેમ મૂર્ખને વૈભવનું શું પ્રયોજન છે?' ત્યારે
મેં ઉત્તર આપ્યો કે, 'હે રાજન્! મનુષ્યો બાર વર્ષ શ્રમ કરવાથી સર્વ વિદ્યાના મુખ-
રૂપ વ્યાકરણને જાણી શકે છે. પરંતુ હે રાજન્! તે વ્યાકરણ હું તમને છ વર્ષમાં શીખ-
વીશ' એ સાંભળી **શર્વવર્મા** ઇર્ષ્યાથી બોલ્યો કે, 'સ્નેહી માણસ એટલા બધા દિવસ
સૂધી ક્લેશ કેમ ભોગવે? નહિ નહિ મહારાજ! હું આપને એ છ માસમાં શીખવીશ.'
એ અસંભવિત વાત સાંભળી ક્રોધથી મેં તેને કહ્યું કે, 'જો તું છ માસની અંદર રાજાને
વ્યાકરણ શીખવી શકે તો સંસ્કૃત, પ્રાકૃત અને દેશી ભાષા એ ત્રણ ભાષા, જે મનુષ્યોમાં
બોલાય છે, તેનો હું ત્યાગ કરું.*' ત્યારે **શર્વવર્મા** બોલ્યો કે, 'જો હું છ માસની અંદર શીખ-
વી નહીં શકું તો બાર વર્ષ સુધી તારી પાદુકા માથા ઉપર ઉપાડું,' એવું બોલી તે ત્યાંથી
ચાલ્યો ગયો. ત્યાર પછી હું પણ ઘેર ગયો. રાજાએ બેઉ પ્રકારે સિદ્ધિ માન્ય કરી.
મન વિષે ધારણા રાખી તથા આ પ્રતિજ્ઞા પાર પાડવી મુશ્કેલ છે, એવું ધારી પસ્તાવાથી વ્યાકુળ
થએલા **શર્વવર્માએ** તે સઘળું પોતાની સ્ત્રીને કહ્યું. ત્યારે દુઃખિત થએલી તેની સ્ત્રીએ કહ્યું
કે, 'હે નાથ! આ તમારા સંકટમાં કાર્તિકેય સ્વામી વિના અન્ય કોઈ આવા સંકટમાં
સહાય કરે એમ નથી, માટે તેની પાસે જાઓ.' પોતાની સ્ત્રીની આ રીતની વાત સાંભળી
એમ જ કરવું, એવો નિશ્ચય કરી, રાત્રિના પાછલા પહોરમાં, આહાર છોડી દઈ, **શર્વવર્મા**
તે દેવની ઉપાસના માટે સિધાવ્યો. એ વાત ચારના† મ્હોંથી સાંભળી સવારે મેં રાજાને
કહ્યું, ને રાજા પણ હવે શું થશે, એનો વિચાર કરવા લાગ્યો. એટલામાં તેનો હિતકારી
**સિંહગુપ્ત** નામનો રાજપુત્ર બોલ્યો કે, 'મહારાજ! જ્યારે આપ વિદ્યા બાબત દિલગીર થયા
હતા ત્યારે મને ઘણો વૈરાગ્ય આવ્યો હતો, તેથી તમારું કલ્યાણ કરવા નિમિત્તે આ નગ-
રથી બાહેર જઈ **ચંડિકાની** પાસે મારું માથું કાપવા તૈયાર થયો. તત્સમે, 'એમ નહીં કર,
રાજાની ઇચ્છા પૂરી પડશે,' એવી રીતે આકાશ વાણીએ મને મના કરી છે. તેથી હું એમ
માનું છું કે, આપનાં કાર્યની સિદ્ધિ થશે.' એવું કહી તરત રાજાની રજા લઈ **શર્વવર્માની**
પાછળ **સિંહગુપ્તે** બે પ્રણિધિ મોકલ્યા. **શર્વવર્મા** કેવળ વાયુનું ભક્ષણ કરતો, મૌન રાખી
નિશ્ચયપૂર્વક **કાર્તિકેયના** દેવળ પાસે આવી પહોંચ્યો હતો. ત્યાં શરીરની સ્પૃહા રાખ્યા
સિવાય તપ કરવાથી પ્રસન્ન થએલા **કાર્તિકેય** સ્વામીએ મનવાંછિત કૃપા કરી. ત્યારે રાજા
પાસે **સિંહગુપ્તના** મોકલેલા બે પ્રણિધિએ આવી **શર્વવર્માનો** ઉદય થયો એવું કહ્યું, ત્યારે
વરસાદને જોઈ જેમ હંસને ખેદ થાય તથા ચાતકને હર્ષ થાય, તેમ એ વર્તમાન સાંભળી

* એ પરથી જ ગુણાઢ્યે પિશાચ ભાષા શીખી હતી. † ગુપ્ત હલકારો; પ્રણિધિ.



મને ખેદ થયો અને રાજાને આનંદ થયો. હવે **કાર્તિકેય** સ્વામી પાસેથી સિદ્ધિ પામેલા **શર્વવર્માએ** તપ કરવાથી પ્રાપ્ત થએલી સર્વ વિદ્યા રાજાને આપી, અને તે વિદ્યાઓ **સાતવાહન** રાજાને તુરત આવડી ગઈ.

**દોહરો.**

પ્રભુ તણી કરુણા કહો, શું ન કરે તત્કાલ ?
મૂરખ ને પંડિત વળી, ગરીબ ને ભૂપાળ.

હવે રાજાને સર્વ વિદ્યાઓનો લાભ થયો, એવું સાંભળી ખુશી થયેલા આખા દેશમાં પરમાનંદ વ્યાપ્યો. આ સમયે દરેક ઘેર ચડાવેલી પતાકાઓ પવનથી ઉડવાને લીધે નૃત્ય કરતી હોયની શું તેવી જણાઈ. આ ગુરુરાજ છે, એમ માની **સાતવાહન** રાજાએ **શર્વવર્માનો** રાજાને યોગ્ય રત્નોના સમૂહથી સત્કાર કર્યો અને **નર્મદા** નદીના નિકટ તટપર વસેલા **ભરુકચ્છ** નામના દેશનો સ્વામી કર્યો.

જેણે પ્રથમ પ્રણિધિના મ્હોંથી **કાર્તિકેયના** વરદાનની પ્રાપ્તિ સાંભળી હતી, તે **સિંહગુ-પ્તને** રાજાએ લક્ષ્મીથી સંતોષી પોતા સરખો કર્યો, અને વિદ્યાની પ્રાપ્તિના કારણરૂપ **વિષ્ણુશક્તિની** પુત્રી,–રાણીને પોતે હઠથી અભિષેક કરી, સર્વ રાણીઓની ઉપર પ્રીતિથી પટ્ટરાણીનું પદ આપ્યું.

**ઇતિ શ્રી મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં**
**કથાપીઠ લમ્બકને વિષે છઠ્ઠો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૭ મો.

## કાતંત્ર કાલાપક વ્યાકરણની ઉત્પત્તિ.

( ગુણાઢ્ય બોલ્યો કે ) તે પછી મૌન રાખી હું રાજા પાસે આવ્યો; ત્યાં એક બ્રાહ્મણે સ્વરચિત શ્લોક કહ્યો. તે શ્લોક રાજાએ સારી રીતે સંસ્કૃત વાણીથી પાછો કહી સંભળાવ્યો. તે જોઈ ત્યાં બેઠેલાં સઘળાં માણસો પ્રસન્ન થયાં. તે પછી વિનય સહિત રાજાએ **શર્વવર્માને** કહ્યું કે, 'તું પોતે કહે કે તારી ઉપર કાર્તિકેયે કેમ કૃપા કરી ?' તે સાંભળી **શર્વવર્મા** બોલ્યો કેઃ—

અહીંથી હું આહાર તજી મૌન ધારણ કરી ચાલ્યો. તે પછી માર્ગ થોડો બાકી રહ્યો, તેટલામાં થાકી તીવ્ર તપથી દુર્બળ થએલો હું બેભાન થઈ જમીનપર પડી ગયો. એટલે 'હે પુત્ર ! ઉઠ, સઘળું તને પ્રાપ્ત થશે,' એવી રીતે હાથમાં સાંગ લીધેલા એક પુરુષે તે વખતે

મને કહ્યું, એમ હું જાણું છું. એથી હું અમૃતની વૃષ્ટિથી સિંચાએલો હોઉં, તેમ તે ક્ષણે જાગૃત થયો, અને ભૂખ તરસ રહિત થઈ સ્વસ્થ સરખો બન્યો. પછી જ્યારે અતિભક્તિથી દેવની પાસે આવી ન્હાઈ ઉત્સુક મનથી તેના ગર્ભગૃહમાં પેઠો, ત્યારે અંદર કાર્તિકેયે મને દર્શન આપ્યાં, તેથી મારા મુખમાં રૂપવતી સરસ્વતી પેઠી. એ વખતે સાક્ષાત્ કાર્તિકેયે ૭ મુખોથી **सिद्धो वर्णः समाम्नायः*** એવું સૂત્ર કહ્યું. તે સાંભળીને જ મનુષ્ય જાતિની સુલભ ચપળતાથી તે પછીનાં સૂત્રનો તર્ક કરી મેં પોતે જ ગોઠવી કહ્યાં; ત્યારે દેવે મને કહ્યું કે 'જો તેં પોતે કહ્યું ન હતે તો આ શાસ્ત્ર **પાણિનીય** વ્યાકરણ શાસ્ત્રને હઠાવે તેવું થતે. હવે તો સ્વલ્પતંત્રપણાંથી આનું નામ કાતંત્ર એવું પડશે, તથા મારા વાહનના કલાપના† નામથી કાલાપક એવું પણ નામ થશે,' એવું કહી તે નવીન લઘુ શબ્દશાસ્ત્રનો પ્રકાશ કરી, શાક્ષાત્ તે દેવે ફરીથી મને કહ્યું કે, 'તારો તે રાજા પણ પૂર્વ જન્મમાં **ભરદ્વાજ** મુનિનો શિષ્ય કૃષ્ણ એવે નામે મહા તપસ્વી ઋષિ હતો. સમાન ઇચ્છાવાળી એક મુનિકન્યાને જોઈને તે એકદમ કામદેવના બાણના પ્રહારવડે રસિકપણાને આધીન થયો. એથી મુનિઓએ તેને શાપ દીધો, અને તેથી એ અહીં જન્મેલો છે, અને તે મુનિની કન્યા પણ અવતરીને તેની જ રાણી થઈ છે. એવી રીતે એ **સાત**વાહન રાજા ઋષિનો અવતાર છે. તે જ્યારે તને જોશે ત્યારે તારી ઇચ્છાથી સર્વ વિદ્યા ભણી જશે. કેમકે જન્માંતરથી મેળવેલા, મોટા સંસ્કારોથી સિદ્ધિઓને ગ્રહણ કરનારા ઉત્તમ અર્થો મહાત્માઓને ક્લેશ વિના જ પ્રાપ્ત થાય છે,' એવું કહી તે દેવ અદૃશ્ય થઈ ગયા. પછી હું દેવમંદિરમાંથી બાહેર નિકળ્યો. ત્યાં પૂજારી પંડ્યાઓએ મને ચોખા આપ્યા. તે પછી હું અહીં આવ્યો છું. હે રાજા! રસ્તામાં એ ચોખા હું દરરોજ ખાતો ખાતો આવતો હતો, તો પણ આશ્ચર્ય છે કે, તે તેટલા ને તેટલા જ રહ્યા છે. એવો પોતાનો વૃત્તાંત કહી **શર્વવર્મા** અબોલ રહ્યો. ત્યારે **સાત**વાહન રાજા પ્રસન્ન થઈ સ્નાન માટે ઉઠ્યો.

તે પછી મૌન ધારણ કરવાથી વ્યવહારથી બાતલ થયેલો હું, રાજા પાસેથી પ્રણામ કરીને પરાણે રજા લઈ બે શિષ્યની સાથે તે નગરની બહાર નિકળી તપ કરવાના નિશ્ચયથી **વિંધ્યવાસિની**નાં દર્શન કરવા આવ્યો. તે પછી તે જ દેવીએ સ્વપ્નમાં મને આજ્ઞા કરવાથી તને મળવા આ ભયંકર વિંધ્યાટવીમાં આવ્યો છું. ભિલ્લનાં વચનથી દૈવયોગે કોઈ સથવારો મળ્યો ત્યારે અહીં આવ્યો હતો. ત્યાં આ ઘણા પિશાચો જોયા. એઓનું પરસ્પર બોલવું દૂરથી સાંભળી, મૌન છોડવાના કારણરૂપ આ પિશાચ ભાષા હું શીખ્યો છું. એ ભાષા શીખી, તને ઉજ્જ-

* આ વ્યાકરણ પૂર્વ બંગાલમાં હમણાં ચાલે છે. શર્વવર્માને કાર્તિકેયે જે સૂત્રો કહ્યાં છે તે તેમાં મૂળ તરીકે દાખલ કીધાં છે. એનાપર વૃત્તિ દુર્ગાસિંહે રચી છે ને વિશેષ ટીકા તિલોચંદદાસ કવિરાજે કીધી છે. વરરુચિએ એપર પ્રસિદ્ધ ગણ લખ્યા છે ને શ્રીપતિવર્માએ ટિપ્પણી કીધી છે. વળી ગોપીનાથ, કુલચંદ્ર ને વિશ્વેશ્વરે પણ ટીકા કીધી છે.

† કલાપ એવું નામ મયૂરની પુંછડીનું છે અને મયૂર એ સ્વામી કાર્તિકેયનું વાહન છે.



યિનીમાં ગયેલો સાંભળી, તું આવ્યો ત્યાં સુધી મેં તારી રાહ જોઈ. તને જોઈ ચોથી* ભૂત ભાષાથી સ્વાગત† કરી, મને જાતિ યાદ આવી. આ મારા જન્મનો વૃત્તાંત છે.

ગુણાઢ્યે એવું કહ્યા પછી **કાણભૂતિ** બોલ્યો કે, આજ રાત્રે તારા આવવાની ખબર મને કેમ થઈ, તે સાંભળઃ–

**ભૂતિવર્મા** નામનો દિવ્ય દૃષ્ટિવાળો રાક્ષસ મારો મિત્ર છે. ઉજ્જયિનીના બાગમાં તેને ઘેર હું ગયો હતો, ત્યાં મેં તેના શાપનો અંત પૂછવાથી તેણે કહ્યું કે, દિવસમાં અમારો પ્રતાપ હોતો નથી, પણ રાત્રિમાં તને તે વાત કહીશ, ત્યારે તે કહેવું સ્વીકારી હું ત્યાં રહ્યો. રાત્રિ પડી, ત્યારે ચેષ્ટા કરતા તથા રાજી થતા ભૂતોના હર્ષનું કારણ મેં તેને પૂછ્યું. 'પૂર્વે બ્રહ્માના પૂછવાથી **શંકરે** જે મને કહ્યું છે, તે હું કહું છું, તે તું સાંભળ,' એમ કહી **ભૂતિવર્માએ** મને કથા કહી કેઃ—

સૂર્યના તેજથી ઝાંખા પડેલા આ યક્ષ, રાક્ષસ અને પિશાચોનો પ્રભાવ દિવસવિશે હોતો નથી, તેથી તેઓ રાત્રિમાં રાજી રહે છે. જ્યાં દેવતાઓની તથા બ્રાહ્મણોની વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવતી નથી તથા જ્યાં વિધિ પ્રમાણે ભોજન થતું નથી ત્યાં તેઓ પોતાનો પ્રભાવ બતાવી શકે છે. જ્યાં માંસ ખાનાર ન હોય અથવા જ્યાં પતિવ્રતા સ્ત્રી રહેતી હોય ત્યાં એઓ જઈ શકતા નથી. પવિત્ર, શૂરવીર અને જ્ઞાનીઓને કોઈ દિવસ દબાવતા નથી, એવું કહી મને તરત જ **ભૂતિવર્માએ** કહ્યું કે; જા, તારા શાપ મોક્ષનું કારણ ગુણાઢ્ય આવ્યો છે. એ સાંભળી તરત હું અહીં આવ્યો. ત્યાં મેં તને જોયો. હવે તે **પુષ્પદંતે** મને જે કહેલી કથા કહી છે, તે હું તને કહું છું. પણ મને એક કૌતુક થાય છે તે એ કે, કિયા કારણથી તે **પુષ્પદંત** એવા નામથી પ્રસિદ્ધ થયો અને તું **માલ્યવાન્** એવા નામથી ખ્યાતિને પામ્યો. **કાણભૂતિ**નાં આવાં વચન સાંભળી ગુણાઢ્યે તેને નીચે પ્રમાણે કહ્યુંઃ—

## પુષ્પદંતની કથા.

શ્રી **ગંગાજી**ને કીનારે **બહુસુવર્ણક** નામનું એક બ્રાહ્મણોનું પસાયતું ગામ છે. ત્યાં **ગોવિંદદત્ત** નામનો એક **બહુશ્રુત‡** બ્રાહ્મણ રહેતો હતો; તેને **અગ્નિદત્તા** નામની પતિવ્રતા સ્ત્રી હતી. વખત જતાં તેને પાંચ પુત્ર આવ્યા. આ પુત્રો મૂર્ખ, ખૂબસુરત અને અભિમાની હતા. હવે **ગોવિંદદત્ત**ને ઘેર **વૈશ્વાનર§** સરખો તેજસ્વી **વૈશ્વાનર** નામનો એક અતિથિ આવ્યો. તે વખતે **ગોવિંદદત્ત** ઘેરથી બાહેર ગયો હતો, એટલે તેણે આવી તેના પુત્રોને નમસ્કાર કર્યાં. એ જોઈ હસીને જ‖ તેઓએ પણ સામા નમસ્કાર કર્યાં. એ જોઈ તે બ્રાહ્મણ ક્રોધ કરી તેના ઘરમાંથી નિકળવા તૈયાર થયો. એવામાં **ગોવિંદદત્ત** આવી પહોંચ્યો. તેણે ક્રોધ પામેલા તે

* સંસ્કૃત, પ્રાકૃત અને દેશી એ ભાષા છોડી દીધી છે, માટે ચોથી ભાષા એ ભૂત પિશાચ ભાષા.
† આવકાર–આગતાસ્વાગતા કરી. ‡ ઘણી બાબતથી વાકેફગાર. § અગ્નિ. ‖ મુર્ખો હતા, માટે પ્રત્યભિવાદન–સામા નમસ્કાર કરતાં આવડતા ન હતા, તેથી હસવા લાગ્યા.

બ્રાહ્મણની ખબર અંતર પૂછી મનાવ્યો, ત્યારે તે ઉત્તમ બ્રાહ્મણે કહ્યું કે, તારા પુત્રો પતિત અને મૂર્ખ છે, તેના સંબંધથી તુ પણ તેવો છે, માટે તારે ઘેર ભોજન નહીં કરે. જો કરુ તો મારે પ્રાયશ્ચિત્ત કરવું પડે. આ સમયે ગોવિદદત્તે સોગન લઈ કહ્યું કે, કોઈ દિવસ એ દુષ્ટ પુત્રોને હું સ્પર્શ પણ નથી કરતો. તેમ જ જેને પ ાણા પ્રિય છે, એવી તેનીપરમ પવિત્ર ચરિત્રવાળી પતિવ્રતા પ્રમદાએ પણ આવીને તેમ જ કહ્યું. ત્યારે મહાશ્રમે વૈશ્વાનરે પરોણા તરીકે રહેવું સ્વીકાર્યું. આ પ્રસંગે ગોવિંદદત્તનો દેવદત્ત નામે એક પુત્ર સ્વપિતાના નિર્દયપણાથી ઘણો અનુતાપ પામવા લાગ્યો. માતાપિતાએ દૂષિત કરેલું જીવતર બળ્યું છે, એવું ધારી વૈરાગ્ય ધરી તે તપ કરવા સારુ બદરિકાશ્રમમાં ગયો. ત્યાં પ્રથમ વૃક્ષપાનનો આહાર કરી રહેવા લાગ્યો. પછી ધૂમ્રપાન કરી પાર્વતીપતિને પ્રસન્ન કરવા ઘણો વખત તપ કરવા લાગ્યો. એવા તીવ્ર તપથી પ્રસન્ન થયેલા **શંકરે** દર્શન દીધાં, એટલે તેણે તેમની પાસે પોતાનું અનુચરપણું જ માગ્યું. આથી મહાદેવે કહ્યું કે 'પ્રથમ તું વિદ્યા પ્રાપ્ત કર, પૃથ્વીમા ભોગ ભોગવ, ત્યાર બાદ તારી સર્વ મનઃકામના પૂર્ણ થશે.' તે પછી તે વિદ્યાર્થી પાટલિપુત્ર નગરમાં જઈ વેદકુંભ નામના ઉપાધ્યાયને વિધિ પ્રમાણે સેવવા લાગ્યો. ત્યાં તે રહેતો હતો, તેવામાં ઉપાધ્યાયની સ્ત્રી એક દિવસ કામાતુર થઈ, તેથી હઠ કરી તેના સંગની તેણે માગણી કરી.

॥ बत स्त्रीणां चञ्चलाश्चित्तवृत्तयः ॥

અફસોસ છે કે, સ્ત્રીઓની ચિત્તવૃત્તિ ચંચળ હોય છે. એ કારણથી એ દેશ છોડી દઈ અધર્મનો અંગીકાર નહીં કરી, સાવધાન એવો તે દેવદત્ત પ્રતિષ્ઠાન પુરમાં આવ્યો. ત્યાં વૃદ્ધસ્ત્રીવાળા વૃદ્ધ **મંત્રસ્વામી** નામના ઉપાધ્યાયની પ્રાર્થના કરી સારી પેઠે વિદ્યા ભણ્યો. ત્યાં શ્રી* જેમ વિષ્ણુને જુએ તેમ **સુશર્મા** રાજાની **શ્રી** નામની કન્યાએ તે ભાગ્યવાન્ વિદ્વાન્ બ્રાહ્મણને જોયો. તેમ જ દેવદત્તે પણ વિમાનમાં બેસી વિહાર કરતી ચંદ્રની અધિદેવતા સરખી ઝરુખામાં બેઠેલી તે કન્યાને જોઈ. તે વખતે કામદેવની સાંકળ સરખી દૃષ્ટિથી અન્યોન્ય બંધાએલાં હોય, તેવાં તે બેઉ જરા પણ સરકી શક્યાં નહીં,–પણ એકમેક સામું ટગર ટગર જોતાં જોતાં સ્થિર થઈ ગયાં. પણ હવે દેહધારી કામદેવની આજ્ઞા હોય, તેવી એક આંગળીથી† અહીં આવ, એવો રાજપુત્રીએ ઈસારો કર્યો. તેથી દેવદત્ત તેની પાસે ગયો. ત્યારે તેણે પુષ્પ લઈ દંતવતી તેની ઉપર ફેંક્યું. રાજપુત્રીએ સૂચવેલી ગૂઢ સંજ્ઞાને નહિ જાણવાથી કર્ત્તવ્ય વિશે મૂઢ એવો તે પોતાના ઉપાધ્યાયને ઘેર પાછો ફર્યો. ત્યાં જમીન પર આળોટવા લાગ્યો, પણ કાંઈ કહી શક્યો નહીં. અંદર તાપથી બળતો, જેમ મૂંગો માણસ લૂટાઈ ગયો હોય તેવો તે થઈ ગયો હતો. એ જોઈ બુદ્ધિમાન્ ઉપાધ્યાયે કામદેવના ચિહ્નોથી તર્ક કરી યુક્તિથી પૂછવા માંડતાં અતિશ્રમે જેમ બન્યું હતુ તેમ તેણે કહ્યું. તે જાણી ચતુર ઉપાધ્યાયે કહ્યું

* લક્ષ્મીજી. † અંકુશ મુદ્રા કરી, તેથી એવી મતલબ નીકળે છે કે, અહીં આવ. કામશાસ્ત્રના સંકેત પ્રકરણમાં એવી સંજ્ઞા પ્રસિદ્ધ છે.



કે, દાંતથી પુષ્પનો ઘા કરતી તે રાજપુત્રીએ તને સંજ્ઞા કરી કે, 'જે આ પુષ્પદંત નામનું પુષ્પોથી યુક્ત દેવમંદિર છે, ત્યાં આવી મારી રાહ જોજે. પણ હમણાં તો તું જા.' આ રીતે સંજ્ઞાનો અર્થ જાણી તે યુવાને શોક કરવો મૂકી દીધો, અને તે દેવમંદિરની અંદર જઈ ઉભો. તે રાજપુત્રી પણ અષ્ટમીનો* ઉદ્દેશ કરી ત્યાં ગઈ, અને દેવનાં દર્શન કરવા એકલી જ ગર્ભગૃહમાં પેઠી. ત્યાં કમાડની પાછળ તેણે પોતાના પ્રિયને જોયો. દેવદત્તે ધસી આવી તે પ્રિયાનું તરત આલિંગન કર્યું. ત્યારે તે રાજકન્યા બોલી કે 'આશ્ચર્ય છે, કે મારી તે સાનમાં તમે કેમ સમજ્યા?' એવું તેણે પૂછ્યું ત્યારે તે બોલ્યો કે, 'તે સાનનો અર્થ મને ઉપાધ્યાએ કહ્યો. હું તો સમજ્યો ન હોતો.' 'મને છોડી દે, તું મૂર્ખો છે,' એવું કહી તત્ક્ષણે ક્રોધ કરી મંત્રભેદના ભયથી તે રાજકન્યા ત્યાંથી જતી રહી. એ પ્રમાણે એકાંતમાં આવી દેખાવ દઈ તરત તરછોડી ચાલી ગયેલી પ્રિયાનું સ્મરણ કરતો દેવદત્ત, વિયોગના અગ્નિથી જતા જીવતરવાળો થઈ રહ્યો. તેને એવી અવસ્થામાં જોઈ, પૂર્વે પ્રસન્ન થયેલા શંભુએ તેની વાંછિત સિદ્ધિને માટે **પંચશિખ** નામના ગણને આજ્ઞા કરી, તેથી તે આવ્યો, અને દેવદત્તને સ્ત્રીનો વેષ પહેરાવી પોતે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને તેની સાથે તે કન્યાના પિતા **સુશર્મા** રાજા પાસે જઈ તે ઉત્તમ ગણ **પંચશિખે** કહ્યું કે, 'મારા પુત્રને મેં કોઈ સ્થળે મોકલ્યો છે, તેનો શોધ કરવા હું જાઉં છું તો હે રાજન્! આ મારી થાપણરૂપ પુત્રવધૂને સાચવજો!' તે સાંભળી શાપથી ડરતા **સુશર્મા** રાજાએ તેને લઈ પોતાની કન્યાના ગુપ્ત અંતઃપુરમાં તે સ્ત્રી વેષધારી તરુણને રાખ્યો. ત્યાંથી **પંચશિખ**ના ગયા પછી પોતાની પ્રિયાના અંતઃપુરમાં વસતો સ્ત્રીનો વેષ ધરનારો તે બ્રાહ્મણ વિશ્વાસનું પાત્ર થયો. એક દિવસ રાજપુત્રી ઉત્સુક થઈ ત્યારે તેણે પોતાનો પ્રકાશ કરી ગુપ્ત રીતે ગાંધર્વ વિધિથી રાજપુત્રીને પરણ્યો. પછી તેનાથી તેને ગર્ભ રહ્યો, ત્યારે સ્મરણ કરવા માત્રથી આવી, તે **પંચશિખ** ગણ છૂપી રીતે દેવદત્તને ઉપાડી ગયો. તે પછી તે તરુણને સ્ત્રીનો વેષ તરત તજાવી પંચશિખે સવારમાં પૂર્વ પેરે બ્રાહ્મણનો વેષ ધારણ કર્યો, અને તેની સાથે જઈ **સુશર્મા** રાજાને કહ્યું કે, 'મહારાજ, આજ મને પુત્ર મળ્યો છે, માટે હવે અમારી વહુને અમારી સાથે મોકલો.' તપાસ કરતાં, 'તે કયાંઈ રાત્રિની નાસી ગઈ છે,' એવું જાણી તેના શાપના ભયથી સંભ્રાંત થએલા રાજાએ કારભારીઓને કહ્યું કે, આ બ્રાહ્મણ નથી, પણ કોઈ દેવ મારી ઠગાઈ કરવા આવેલ છે, કારણ કે એવા વૃત્તાંતો હમેશાં બને છે.

## શિબિ રાજાની કથા.

પૂર્વે તપસ્વી, દયાળુ, દાતા, ધીર અને સર્વ પ્રાણીઓને અભય આપનાર **શિબિ** નામે એક રાજા હતો. આ રાજાની પરીક્ષા લેવા સારુ ઇંદ્રે બાજનું રૂપ લીધું અને ધર્મે માયાથી કપોતનું રૂપ ધારણ કર્યું. કપોતની પાછળ બાજ દોડ્યો, ત્યારે ભયથી ભાગી તે કપોત

* આજ અષ્ટમી છે, માટે પુષ્પદંત દેવમંદિરમાં મારે દર્શન કરવા જવું છે, એવું નિમિત્ત વડીલોને જણાવીને તે ત્યાં સંકેત પ્રમાણે ગઈ.

શિબિ રાજાના ખોળામાં આવી બેઠો. હવે મનુષ્યની વાણીથી તે બાજે રાજાને કહ્યું; 'હે રાજન્ ! હું ભુખ્યો છું, મારો ખોરાક મને આપ, નહિતર હું મરીશ તો તને ધર્મ શું થવાનો છે ?' ત્યારે શિબિએ કહ્યું કે, 'આ કપોત મારે શરણે આવેલો છે, માટે તે આપી શકાય તેમ નથી. તેના બદલામાં એટલું તને બીજું માંસ આપું.' ત્યારે બાજે કહ્યું કે; 'જો એમ મરજી હોય તો તારું માંસ મને આપ.' તે સાંભળી પ્રસન્ન થઈ રાજાએ તે વાત સ્વીકારી અને પોતાનું માંસ કહાડી ત્રાજવામાં તોળવા માંડ્યું. જેમ જેમ કાપી કાપી ત્રાજવામાં મૂકતો આવે છે તેમ તેમ તે કપોત ભારે થતો ગયો. છેવટે રાજાએ પોતાનું આખું શરીર કાંટા ઉપર ચડાવ્યું. એ વખતે ધન્ય ધન્ય એવી આકાશવાણી થઈ અને તે વખતે ઇંદ્રે અને ધર્મે બાજનું અને કપોતનું રૂપ તજી દીધું તથા પ્રસન્ન થઈ રાજાને પાછો પૂર્વ જેવા શરીર-વાળો કર્યો અને તેને બીજાં વરદાન દઈ તે બન્ને દેવો ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. એવી રીતે મારી પાસે પણ પરીક્ષા લેવા સારુ આ કોઈ દેવ આવેલા હશે.

આ રીતે કારભારીઓને કહી ભયથી નમ્ર થયેલો સુશર્મા રાજા બ્રાહ્મણનું રૂપ ધરનારા ઉત્તમ ગણને કહેવા લાગ્યો કે, 'હે દેવ ! મને અભય દાન દ્યો ! આજે જ રાત્રિમાં તમારા પુત્રની વહૂને અમે ગુમાવી બેઠા છીએ. રાત દહાડો તેની ચોકી થતી હતી, પણ માયાએ કરીને જ તે ક્યાંઈ જતી રહી છે.' કષ્ટથી દયા કરી હોય તેમ તે બ્રાહ્મણનું રૂપ ધરનાર ગણ બોલ્યો કે, 'હે રાજન્ ! જો એમ છે તો તેને બદલે મારા પુત્રને તારી કુંવરી આપ. તે સાંભળી શાપથી ડરી રાજાએ પોતાની કુંવરી દેવદત્તને આપી અને પંચશિખ ત્યાંથી ચાલ્યો ગયો દેવદત્ત પણ તે પ્રિયાને ખુલ્લી રીતે પામી જેને પેટ બીજો પુત્ર નથી, એવા સસરાની સમૃદ્ધિમાં આનંદ પામવા લાગ્યો. વખત જતાં તે દેવદત્તને પુત્ર આવ્યો અને તે મહીધર નામના દોહિત્રાને રાજાએ અભિષેક કર્યો અને સુશર્મા રાજા વૈરાગ્યથી વનમાં ગયો. તે પછી પુત્રનું ઐશ્વર્ય જોઈ કૃતાર્થ થયેલો દેવદત્ત તે રાજપુત્રીની સાથે તપોવનમાં તપ કરવા ગયો. ત્યાં શંભુનું આરાધન કરી, મનુષ્યદેહનો ત્યાગ કરી તેની કૃપાથી તેનો જ ગણ થયો. પ્રિયાએ પુષ્પને દાંતથી ફેંક્યું, તે સંજ્ઞા ( પણ ) તેણે ન જાણી, તે છતાં પણ તે ગણ સભામાં પુષ્પદંત નામનો થયો અને તેની સ્ત્રી જયા નામની પાર્વતીની પ્રતિહારી થઈ. એ પ્રમાણે પુષ્પદંતની વાત છે. હવે મારા નામનું કારણ સાંભળઃ—

### માલ્યવાનની કથા.

જે ગોવિંદદત્ત નામનો બ્રાહ્મણ દેવદત્તનો પિતા હતો, તેનો જ હું પૂર્વે સોમદત્ત નામનો પુત્ર હતો, અને હું પણ આવી જ રીતના ક્રોધને લીધે હિમાલય પર્વત વિશે તપ કરવા ગયો હતો. ત્યાં ઘણાં પુષ્પોથી શંકરની પૂજા કરી ત્યારે પૂર્વવત્ પ્રસન્ન થએલા શંકર પાસેથી બીજા વૈભવની તૃષ્ણાનો ત્યાગ કરી તેમના જ ગણ થવાનું મેં માગ્યું. ત્યારે પાર્વતી-પતિએ મને કહ્યું કે, 'વિકટ ભૂમિમાં ઉગેલાં માલ્ય ( પુષ્પો ) તેં લાવીને મારી પૂજા કીધી



છે, તેથી તું માલ્યવાન્ નામનો મારો ગણ થઈ રહીશ.' પછી હું મનુષ્યદેહનો ત્યાગ કરી તત્કાળ તેનો ગણ થયો હતો. એ પ્રમાણે શંકરે કૃપા કરી માલ્યવાન્ એવું મારું નામ પાડ્યું છે.

તે હું ફરીથી આજ અહીં હિમાલયની પુત્રી પાર્વતીના શાપથી મનુષ્યપણાંને પામ્યો છું, તો હે કાણભૂતિ ! હમણાં તું મને શંકરે કહેલી કથા કહે, કે જેથી આપણે બન્નેની શાપની દશાની શાંતિ થાય.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠ લંબકને વિષે સાતમો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૮ મો.

### ગુણાઢ્યની કથા ( ચાલુ ).

એવી રીતે ગુણાઢ્યના કહેવાથી કાણભૂતિએ સાત વિદ્યાધરોની દિવ્ય કથા પોતાની ભાષામાં કહી, અને ગુણાઢ્ય કવિએ સાત વર્ષની મુદતમાં સાત લાખ શ્લોકમય તેની તે સાત કથાની રચના પિશાચ ભાષામાં કરી. વિદ્યાધરો તેને ઉચાપત ન કરી જાય, એવા હેતુથી તે મહાકવિએ જંગલમાં શાહી ન હોવાને લીધે પોતાના લોહીથી તે કથાઓ લખી અને આ કથા સાંભળવા આવેલા સિદ્ધ અને વિદ્યાધરોથી અવકાશ વગરનું આકાશ ચંદરવો બાંધેલો હોય તેવું થઈ ગયું. જ્યારે ગુણાઢ્યે ગુંથેલી આ મહાકથાને પૂરી રીતે સંભળાવી ત્યારે કાણભૂતિ શાપથી મુક્ત થયો અને પોતાની ગતિને પામ્યો, અને ત્યાં જે બીજા પણ તેના સહચારી પિશાચો હતા તેઓ પણ એ દિવ્યકથા સાંભળી, સ્વર્ગની ગતિને પામ્યા. આ મોટી કથા* પૃથ્વીમાં મારે સ્થિર કરવી, આ બાબત પણ મને શાપના અંત વખતે પાર્વતીએ ફરમાવેલી છે, તો આને હું કેમ અને કોને સોંપું, એવી રીતે તે મહાકવિ ગુણાઢ્યે ત્યાં વિચાર કર્યો. હવે તેની પાસે રહેવાવાળા ગુણદેવ અને નંદિદેવ નામના બે શિષ્યોએ તે ઉપાધ્યાયને કહ્યું કે, 'તે કાવ્ય અર્પણ કરવા યોગ્ય એક શ્રી સાતવાહન રાજા છે. પવન જેમ પુષ્પનો સુગંધ ધારણ કરે છે તેમ તે રસિક હોય તેવી રીતે કાવ્યનો મર્મ યાદ રાખે છે.' 'ભલે ત્યારે એમ કરો,' એવું કહી તે ગુણવાન્ શિષ્યોને ગુણાઢ્યે પુસ્તક આપી, તે રાજાની પાસે મોકલ્યા; અને પોતે જઈ પ્રતિષ્ઠાન પુરની બાહેર દેવીએ રચેલા બાગમાં ઠરાવ કરી રહ્યો. તેના શિષ્યોએ સાતવાહન રાજાની પાસે જઈ, તેને આ ગુણાઢ્યની કૃતિ છે, એવું

*બૃહત્કથા.

કહી તે કાવ્યનું પુસ્તક દેખાડયું. તે પિશાચ ભાષા સાંભળી અને તેઓને પણ ( પિશાચ જેવા જ) તેવા જ જોઈ, વિદ્યાના મદથી ઇર્ષ્યા સહિત રાજાએ કહ્યું કે “ સાત લાખ પ્રમાણનું પિશાચ ભાષાનું નીરસ વચન અને વળી રુધિરથી અક્ષરો લખ્યા છે, તે આ પિશાચની કથાને ધિક્કાર છે. એ સાંભળી તે પુસ્તક લઈ, તે બન્ને શિષ્યો જેમ આવ્યા હતા, તેમ પાછા ગયા અને ગુણાઢ્યને સઘળી હકીકત કહી સંભળાવી. ગુણાઢ્ય પણ તે સાંભળી તરત ખિન્ન થયો

માર્મિક જનના માનથી, ઉપજે હર્ષ અમાપ;
તેમ થાય અપમાનથી, અંતરમાં સંતાપ.

તત્વજ્ઞે કરેલા અપમાનથી કોણ અંતઃકરણમાં દિલગીર ન થાય ? પછી ગુણાઢ્યે શિષ્ય સહિત એક નજીકના પર્વત ઉપર જઈ, એકાંત સ્થળે પરમ રમણીય પૃથ્વીના પ્રદેશમાં એક અગ્નિનો કુંડ કર્યો. જે શિષ્યો આંસુ સહિત ત્યાં જોતા હતા તેમની સમક્ષ ગુણાઢ્યે, એકેકું પત્ર વાંચી મૃગ અને પક્ષીઓને સંભળાવી તે અગ્નિના કુંડમાં હોમી દીધું. તેમાંથી શિષ્યોને ગમતી એક લાખ શ્લોકની નરવાહનદત્ત રાજાની કથાનો ભાગ રાખી, બાકીની તે દિવ્ય કથાનો પાઠ કરી બાળતો હતો. તે સમે ઘાસ ચરવું પડતું મેલી, આંખોમાં અશ્રુ ભરેલાં વનનાં મૃગ, મહિષ, વાઘ, વરાહ વગેરે પશુઓ મંડળ બાંધી નિશ્ચળ થઈ બેઠાં સાંભળતાં હતાં. તેટલામાં કર્મ સજોગે સાતવાહન રાજાની શરીર પ્રકૃતિ બગડી, ત્યારે વૈદ્યોને બોલાવી પૂછતાં તેઓએ સુકું માંસ ખાવાથી આ રોગ થયો છે એમ કહ્યું. તેપરથી રસોઈઆઓને ધમકી દઈ પૂછ્યું ત્યારે તેમણે જવાબ વાળ્યો કે ‘અમોને પારાધિઓ તરફથી સુકું જ માંસ મળે છે.’ ત્યારે પારાધિઓને તેડાવી પૂછતાં તેઓએ કહ્યું કે ‘અહીંથી થોડે છેટે પર્વત ઉપર કોઈએક બ્રાહ્મણ કાંઈક વાંચી વાંચી એકેકું પાનું અગ્નિમાં હોમે છે. ત્યાં એકઠાં મળી આહાર વિહારનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓ તે કથા સાંભળે છે અને બીજી જગોએ ચારો કરવા જતાં નથી. તેને લીધે ભૂખથી તેઓનું માંસ ચીમડાઈ ગયું છે. અમારે હાલમાં શિકાર કરવા દૂર જવું પડતું નથી અને કાંઈ મહેનત કરવી પડતી નથી. પણ જેટલાં જોઈએ તેટલાં પશુ પક્ષીઓને અમે પકડી લઈએ છીએ,’ એવું પારાધિઓનું બોલવું સાંભળી તેઓને જ આગળ કરી, કૌતુકથી તે રાજા પોતે ગુણાઢ્યની પાસે ગયો. ત્યાં વનવાસથી શાંત થઈ બાકી રહેલા શાપના અગ્નિના ધુમાડાની શિખાઓથી ચોમેર વ્યાપ્ત થયો હોય એવો જટાથી ભરપૂર ગુણાઢ્યને જોયો. જેઓની આંખોમાં આંસુની ધારા પડે છે, એવાં એકચિત્તે સાંભળતાં મૃગોની મધ્યમાં બેઠેલા ગુણાઢ્યને ઓળખી, નમસ્કાર કરી રાજાએ તેને વૃત્તાંત પૂછ્યું. તેથી તેણે પુષ્પદત્તને શાપ થયો હતો વગેરે પોતાનાં ચરિત્રની કથા તે રાજાને પિશાચ ભાષાથી કહી સંભળાવી. તે પછી તેને ગણનો અવતાર માની રાજા પગે પડ્યો; અને તેની પાસેથી તે શંકરના મુખથી નિકળેલી દિવ્ય કથા માંગી. એ સાંભળી સાતવાહન રાજાને ગુણાઢ્યે કહ્યું કે “ હે રાજા ! છ લાખ શ્લોકની છ કથાનો ગ્રંથ મેં બાળી દીધો છે, પણ બાકી આ એક લાખ શ્લોકની કથા હવે બાકી રહી છે તે ભલે લ્યો. આ કથાનું વ્યાખ્યાન મારા શિષ્યો કરશે.



**બૃહત્કથા.**

એવું કહી રાજા પાસેથી રજા લઈ, યોગે કરી તે શરીરનો ત્યાગ કરી, શાપથી મુક્ત થએલો ગુણાઢ્ય, પોતાના પૂર્વના દિવ્ય પદને પામ્યો. પછી તે ગુણાઢ્યે આપેલી બૃહત્કથા નામની નરવાહનદત્તના ચરિત્રમય કથાને લઈ, રાજા પોતાના નગરમાં આવ્યો. ત્યાં તે રાજાએ તે કથા કર્તા કવિના શિષ્ય ગુણદેવ અને નંદીદેવનું જમીન, સુવર્ણ, વસ્ત્ર, વાહન, ઘર અને ધન દાનથી સારી રીતે સન્માન કર્યું. તેઓની પાસેથી તે કથા સાંભળી સાતવાહન રાજાએ તે ભાષાથી જ આ પ્રથમ કથાપીઠ ( કથાનો આરંભ ) રચ્યો છે, અને એ જ કારણથી આ કથાની ઉત્પતિ પિશાચ ભાષાવિશે રચાયલી છે.

કૌતુકથી દેવતાઓની કથાને ભૂલાવે એવી વિચિત્ર પ્રકારના રસોથી ભરપૂર એ કથા તે નગરમાં નિરંતર વિખ્યાતિ પામી, આ ત્રણે ભુવનમાં વિખ્યાત થઈ છે.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથાપીઠલમ્બકને વિષે આઠમો તરંગ સંપૂર્ણ.**

**કથાપીઠ લંબક સંપૂર્ણ.**

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ-વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર.)

## द्वितीयलम्बक–कथामुख.

इदं गुरुगिरीन्द्रजाप्रणयमन्दरान्दोलनात्पुरा किल कथामृतं हरमुखाम्बुधेरुद्गतम् ।
प्रसह्य रसयन्ति ये विगतविघ्नलब्धर्द्धयो धुरं दधति वैबुधीं भुवि भवप्रसादेन ते ॥

સ્રગ્ધરા વૃત્ત.

આ ગાઢા પ્રેમમંથાચળ વલનવડે, પાર્વતીએ મથીને,
કાઢેલું શંભુના જે, મુખદધિથી, કથા સાર પીયૂષ તેને;
પીએ જે સજ્જનો તે, વિઘ્ન વગરની, રિદ્ધિઓ મેળવે છે,
આગેવાની કરે છે, અહિ વિબુધતણી, શંભુની મ્હેર લ્હેરે.

## તરંગ ૧ લો.

—— :o: ——

### સહસ્રાનીકની કથા.

गौरीनवपरिष्वङ्गे विभोः स्वेदाम्बु पातु वः ।
नेत्राग्निभीत्या कामेन वारुणास्त्रमिवाहितम् ॥



શંકરનાં ત્રીજાં નેત્રના ભયથી કામદેવે જાણે વારુણાસ્ત્ર કેમ ધારણ કર્યું હોય, એવું પાર્વતીના નવા સમાગમ વખતે ઉત્પન્ન થએલું પ્રસ્વેદનું પાણી તમારી રક્ષા કરો.*

કૈલાસ પર્વતમાં શંકરના શ્રીમુખથી ઉત્તમ ગણ પુષ્પદંત પાસે જે વિદ્યાધરની અદ્ભુત કથા આવી, તે પૃથ્વીમાં વરરુચિથી કાણભૂતિને મળી, કાણભૂતિથી ગુણાઢ્યને તથા તેથી સાતવાહનને પ્રાપ્ત થઈ, તે કથા સાંભળો.†

આ પૃથ્વીમાં સ્વર્ગનો ગર્વ ઉતારવા તેનો પ્રતિપક્ષી વિધાતાએ રચેલો વત્સ એવે નામે વિખ્યાત દેશ છે. તેના મધ્ય ભાગમાં પૃથ્વીરૂપ કમળની પાંખડી સરખી અને લક્ષ્મીના વિલાસના સ્થાનરૂપે, કૌશાંબી નામની એક મોટી નગરી છે. તે નગરીમાં પાંડવના વંશ કે જેના કુળનો આદિ પુરુષ અર્જુન છે તથા જેણે શંકરની ભુજાને પોતાનું પરાક્રમ દેખાડેલું છે તે માંહેલા અભિમન્યુનો પ્રપૌત્ર, પરીક્ષિતનો પૌત્ર અને જનમેજયનો પુત્ર, શતાનીક નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને પૃથ્વી‡ અને વિષ્ણુમતી એવા નામની બે રાણી હતી, જેમાંની એક એટલે પૃથ્વી રત્નો આપતી હતી, અને બીજી વિષ્ણુમતીને કશું સંતાન હતું નહીં. એક દિવસ મૃગયાના પ્રસંગથી રાજા વનમાં ફરતો હતો, તેવામાં તેને શાંડિલ્ય મુનિ સાથે પરિચય થયો. વાતચિત થતાં રાજાની પુત્ર વિષયની કામના જાણી, શાંડિલ્ય મુનિ કૌશાંબીમાં આવ્યા અને એક મંત્રેલો ચોખાનો ચરુ§ રાણીને ખવાડ્યો. આ ચરુના પ્રતાપથી રાણીને પુત્ર પ્રાપ્ત થયો, જેનું નામ સહસ્રાનીક પાડ્યું. વિનયથી જેમ ગુણ શોભે તેમ તેનો પિતા તે કુમારથી શોભવા લાગ્યો. તેના પિતાએ અવસ્થા લાયક થતાં તેને યુવરાજની પદવી આપી અને શતાનીક પોતે રાજ્ય સંબંધી વિચાર કરવો છોડી દઈ, સાંસારિક વિષયસુખ ભોગવવા લાગ્યો.

એક દિવસ ઇંદ્રને અસુરોની સાથ યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે પોતાના સારથિ માતલિને શતાનીકની મદદ માગવા મોકલ્યો. ઈન્દ્રની સહાયતાને માટે માતલિ આવ્યો જાણી, રાજા શતાનીક, યુગંધર મંત્રીના હાથમાં રાજ્યની લગામ સોંપી, સુપ્રતીકને મુખ્ય સેનાધિપતિ ઠરાવી, રાજ્યનો સંપૂર્ણ રીતે બંદોબસ્ત કરી, માતલિની સાથે, અસુરોનો અંત આણવા ઇંદ્રની પાસે આવ્યો. ત્યાં ઇંદ્રની સાંનિધ્યમાં યમદંષ્ટ્ર આદિ ઘણા અસુરોને મારી પોતે, પણ મરણ પામ્યો, ત્યારે તેનું શબ માતલિ તેની રાણી પાસે ઉંચકી લાવ્યો. તે જોતાં જ વિષ્ણુમતી રાણી તેની પછવાડે સતી થઈ બળી મુઈ અને રાજલક્ષ્મી તેના પુત્ર સહસ્રાનીક પાસે આવી. આ વાર્તા

* શંકરના ત્રીજા નેત્રના અગ્નિથી કામદેવ બળી મુવો છે, એ કથા પુરાણપ્રસિદ્ધ છે. ફરીથી શંકરનો સંગ કરતી વખતે બળવાનો ભય નિવૃત્ત કરવા વારુણાસ્ત્ર રાખવું જોઈએ, કારણ કે વારુણાસ્ત્ર જળમય છે. નવીન પ્રમદાના પ્રસંગમાં પસીનાનાં પાણીની પ્રવૃત્તિ પ્રાયઃ પ્રબળ હોય છે. †હરએક વાત જો શિષ્ટ પરંપરાથી ચાલી આવતી હોય તો તે સજ્જનોને આદરણીય થાય છે, તો આ વિદ્યાધરની કથા પણ મહાત્માની પરંપરાથી આવેલી છે, એવું સૂચવવા તેની પ્રથમની પરંપરા કહી બતાવી છે. ‡ કવિ લોકો પૃથ્વીનું રાજપત્ની તરીકે વર્ણન કરે છે. § એમાં ચોખા, દૂધ, સાકર ને સુગંધી પદાર્થ હોય છે.

આશ્ચર્ય ભરેલી કે, છે સહસ્રાનીક રાજ્યગાદી ઉપર બેસવાથી તે ગાદી તો તેના ભારથી નમી, પણ બીજા સઘળા રાજાઓનાં મસ્તક પણ (વગરભારે) નમ્યાં.

ઇંદ્રના પક્ષનો જય થવાથી એક દિવસ ઇન્દ્રે મિજલસ કરવી ઠરાવી. તેમાં પોતાના મિત્રના પુત્ર સહસ્રાનીકને માતલિ તેડી લાવ્યો. નંદનવનમાં વિલાસીની સાથે વિલાસ કરતા દેવોને જોઇ સહસ્રાનીકના મનમાં ઉત્કંઠા ઉત્પન્ન થઈ કે, મને પણ મારે લાયક સ્ત્રી મળી હોય તો કેવું સારું ! આ અભિપ્રાય જાણી લઈ ઇંદ્રે તેને કહ્યું કે, 'રાજન્! તમે દિલગીર ન થાઓ. તમારી જે ઇચ્છા છે તે પૂર્ણ થશે. તમારે માટે આ વાતની પ્રથમથી જ ગોઠવણ થઈ ગયલી છે. પૃથ્વીમાં તમારી સ્ત્રી ઉત્પન્ન થએલી છે. આ બાબતનું વૃત્તાંત તમને કહું છું, તે સાંભળો:—

એક દિવસ બ્રહ્માને મળવા હું તેની સભામાં ગયો હતો. પાછળથી વિધૂમ નામનો મારો એક વસુ ત્યાં આવ્યો. અમે સઘળા ત્યાં બેઠા હતા. તેવામાં અલંબુષા નામની એક અપ્સરા મુજરો કરવા ત્યાં આવી. નૃત્ય કરતાં તેની સાડીનો છેડો છાતીપરથી વાયુને લીધે ખસી ગયો. અપ્સરાને આવી સ્થિતિમાં જોઈ તે વસુ કામને વશ થઈ ગયો અને તે અપ્સરા પણ તેના રૂપમાં મોહિત થઈ ગઈ આ કૌતક જોઈ બ્રહ્માએ મારી સામું જોયું બ્રહ્માનો અભિપ્રાય જાણી લઈ, ક્રોધ કરી મેં તે બન્નેને શાપ આપ્યો, કે તમોએ આ સભામાં ઘણો અવિનય કર્યો, તેથી મનુષ્ય લોકમાં તમારો અવતાર થાઓ, અને ત્યાં પણ તમે સ્ત્રી પુરુષ થઇને રહેશો ! હે સહસ્રાનીક ! ચંદ્રના કુળમાં ભૂષણરૂપ શતાનીકનો પુત્ર તું ઉત્પન્ન થયો છે, કે જે પ્રથમભવમાં વસુ હતો, અને તે અપ્સરા અયોધ્યાનગરીમાં કૃતવર્મા રાજાની મૃગાવતી એવે નામે કુંવરી થઈ અવતરી છે, જે સંસારસાગરની તારનારી તારી પત્નીરૂપે થશે.

## મૃગાવતીનો વિવાહ.

આ પ્રમાણે ઇંદ્રનાં વાક્યો સાંભળી, સૌંદર્યરૂપી પવનથી સહસ્રાનીકના સ્નેહાળ મનમાં મદનાનળ એકદમ સળગી ઉઠ્યો. પણ ઇંદ્રે તેની યોગ્ય આસનાવાસના કરી બેસાડી, પોતાના સારથિ માતલિ સાથે તેની નગરી તરફ તેને વિદાય કર્યો. ચાલતી વખતે તિલોત્તમા નામની અપ્સરા તેને સામી મળી, અને પ્રીતિથી કહેવા લાગી કે, " હે રાજા ! જરા થોભો ! હું કાંઈ તમને કહેવાની છું." રાજા પોતે મૃગાવતીના ધ્યાનમાં તલ્લીન હોવાથી તેનું બોલવું નહીં સાંભળતાં ત્યાંથી ચાલ્યો જ ગયો; ત્યારે તિલોત્તમાને* ઘણી શરમ આવી, તેથી ગુસ્સે થઈ, તેને શાપ દીધો કે, "હે રાજા ! તારા મનમાં જેને વિશે લગની લાગી રહેલી છે, તું જેથી એકતાન થઈ ગયો છે, તથા તેથી તું મારું બોલવું સાંભળતો પણ નથી, તો તે જ પ્યારી પ્રમદાનો તને ચૌદ વર્ષ લગી વિયોગ રહેશે." રાજાનું મન તો પ્રિયાના મનોરથમાં ગુલતાન હતું, તેથી એ વાત સાંભળી પણ નહીં, પણ માતલિએ સાંભળી. રથમાં બેસી સહસ્રાનીક તરત કૌશાંબીમાં આવી પહોંચ્યો અને તેનું મન અયોધ્યામાં જઈ રહ્યું. નગરમાં આવી યુગંધર વગેરે મંત્રીઓની પાસે ઉત્સુક બુદ્ધિથી જે કાંઈ પોતે ઇંદ્રની પાસેથી

* એના અંગમાં સર્વ સ્થળે તલતલ જેટલાં રત્નો હતાં, તેથી એનું નામ તિલોત્તમા હતું.



સાંભળ્યું હતું, તે સર્વ વર્ણવી બતાવ્યું, અને કાળક્ષેપ સહન ન થવાને લીધે લાગલો જ કૃતવર્માની પાસે તેની કુંવરીનું માગું કરવા દૂત મોકલ્યો. તે દૂત પાસેથી પોતાની કુંવરીનાં લગ્ન સહસ્રાનીક વેરે કરવાની વાત સાંભળી, તે રાજા ઘણો હર્ષભેર કળાવતી રાણી પાસે ગયો, અને તેને આ વૃત્તાંતથી જાણ કરી. રાણીએ એ વાત સાંભળતાં જ કહ્યું કે, "મહારાજ, અવશ્ય એ કામ આપણે કરવું જોઇએ. આ વાત સ્વપ્નમાં પણ મને એક બ્રાહ્મણે કહેલી યાદ આવે છે." પછી રાજાએ રાજી થઇને નૃત્ય ગીત વગેરેમાં મૃગાક્ષી મૃગાવતીની કુશળતા અને અપ્રતિમ રૂપ દૂતને દેખાડ્યું અને સર્વ સુંદર કળાનું રહેવાનું સ્થાન ચંદ્રની મૂર્ત્તિ સરખી પુત્રીનું તે જ સમયે વાગ્દાન કર્યું. શાસ્ત્ર અને બુદ્ધિનો મિલાપ એકમેકનાં ગુણગ્રહણ કરવા સારુ થયો હોય, તેમ મૃગાવતી અને સહસ્રાનીકનો વિવાહસંબંધ થયો.

## વત્સરાજ–ઉદયનની ઉત્પત્તિની કથા.

સહસ્રાનીક રાજાના કાર્યભારીઓને ઘેર પણ પુત્રની વધાઇમાં મંગળ ગીતો ગવાયાં. યુગંધરને યૌગંધરાયણ નામનો પુત્ર જન્મ્યો, સુપ્રતીકને રુમણ્વાન્ નામનો અને જે એનો મસ્કરો હતો, તેને વસંતક નામનો પુત્ર થયો. કેટલાએક દિવસો વીત્યાબાદ સહસ્રાનીકની રાણીને પણ ઓધાન રહ્યું. ક્રમે કરી તેનો ચહેરો ફીક્કો પડવા લાગ્યો, અને તરેહ તરેહના મનોરથ થવા લાગ્યા. રાણીને રુધિરથી ભરપૂર વાવમાં નહાવાનું દોહદ ઉત્પન્ન થયું.* રાણીની આ ઇચ્છા પૂર્ણ કરવા રાજાએ અળતાના પતંગ વગેરેના રસથી વાવ ભરાવી, કારણ કે તે ઘણો ધાર્મિક હતો. લોહી સરખા પતંગના પાણીવાળી વાવમાં રાણી સ્નાનાર્થે પડી, તેથી તેનું આખું શરીર પતંગ રંગથી લાલ થઈ ગયું. તેને જોઈ ગરુડ † વંશના એક પક્ષીએ માંસનો પિંડ જાણી એકદમ ઝડપ મારી, તે રાણીને ત્યાંથી ઉપાડી લીધી. પોતાની પ્રિયાને પક્ષિરાજ ઉચાપત કરી ગયો, તે જોતાં જ રાજા ભ્રાંતચિત્તવત્ થઈ ગયો ને પોતાના સેવકોને રાણીની ખોળ કરવા માટે આજ્ઞા કીધી. પ્રિયાના પ્રેમમાં રાજાનું ચિત્ત એટલું બધું નિમગ્ન હતું, કે જેવી તે પક્ષીએ રાણીને હરી લીધી તેવો જ તે રાજા બેશુદ્ધ થઈ જમીન ઉપર પડી ગયો. તે પાછો તરત જ શુદ્ધિમાં આવ્યો. આ વાત પોતાના પ્રભાવથી જાણી આકાશ માર્ગે ઉતરી માતલિ ત્યાં આવ્યો, અને રાજાને દિલાસો દઈ કહ્યું કે, "આપણે બન્ને સ્વર્ગથી આવતા હતા, તે વખતે તિલોત્તમાએ તમને કાંઈ વિનવી કહેવા માંડ્યું, પણ તમે મૃગાવતીમાં ગુલતાન હતા, તેથી સાંભળ્યું નહીં; માટે ચૌદ વર્ષ અવધિવાળો તેનો શાપ થયો છે અને તેથી જ આ વાત બની છે–એમ કહી તે રસ્તે પડ્યો" પાછળથી, 'હે પ્રિયે! તે પાપીણી તિલોત્તમાનો મનોરથ પૂર્ણ થયો' ઇત્યાદિ બોલતો રાજા

* સામળ ભટ્ટની બરાસકસ્તૂરીની વાર્તામાં પણ બરાસની માતાને આવી જ ઈચ્છા થઈ જણાય છે; ને બીજે પણ કેટલોક પ્રસંગ આવો જ છે. † "અરેબિયન નાઈટસ" માં રોક નામનું પક્ષી સીનબાદની એક જળયાત્રામાં દેખા દે છે. ઘણીખરી પ્રજા આ પ્રમાણે કલ્પિત પક્ષીઓ માને છે, પણ તે હૈયાતિમાં છે કે નહિ, તેની કશી સાબીતી નથી.

વિલાપ કરવા લાગ્યો. રાજાએ શાપની હકીકત જાણ્યા છતાં રજ પણ ધીરજ ન રહેવાને લીધે તેના કાર્યભારીઓએ બોધ દઈ ધીરજ આપી ત્યારે ફરી મળવાની આશાથી કઠાવતિએ જીવિત ધારણ કરી રહ્યો.

મૃગાવતી રાણીને માંસ જાણીને સહેજ વારમાં તે લઈ ગયો, પણ પાછળથી આ જીવતું માણસ છે, એમ માલમ પડવાથી રાણીને તેણે ઉદયાચળ પર્વતપર મૂકી દીધી. પક્ષી ગયા પછી તે રાણીને શોક અને ભય થયો, અને તેણે જોયું કે, તે નિરાધાર વેરાન પર્વતની તળેટીમાં આવી પડેલી છે. અંગ ઉપર નહાવાની ફક્ત એક જ સાડી પહેરેલી છે, એવી તે એકલી વલવલે છે. તેવામાં એક મોટો અજગર તેને ગળવા તૈયાર થયો. આ સ્ત્રીના ભાગ્યનો ઉદય થવાનો હતો, તેથી ત્યાં એક દિવ્ય પુરુષ નિકળી આવ્યો; તેણે અજગરને મારી રાણીને મૂકાવી અને તે તત્કાળ અદૃશ્ય થઈ ગયો. 'આવી વિપત્તિ ભોગવવા કરતાં મરવું, એ હજાર દરજ્જે સારું છે', એમ ધારી રાણી જંગલી હાથીની સામે ધાઈ. ત્યાં પણ તે હાથીએ પોતાના સપાટામાં આવ્યા છતાં રક્ષા કરીને તેને બચાવી લીધી. આ વાત અદ્‌ભુત છે, પણ ઈશ્વરેચ્છાથી શું નથી થતું? ગર્ભિણી તે રાણી પોતાના ભર્તારને યાદ કરી ખુલ્લે સાદે રડવા લાગી. તેનું રુદન સાંભળી એક મુનિનો પુત્ર ફળ અને મૂળ લેવા નિકળ્યો હતો, તે ત્યાં આવ્યો, અને દેહધારી શોક મૂર્ત્તિ સરખી તે રાણીને જોઈ તેના વૃત્તાંતથી જ્ઞાત થઈ, આશ્વાસના કરી મનમાં દયા લાવી, જમદગ્નિ ઋષિના આશ્રમમાં તેને લઈ ગયો. ત્યાં તે રાણીએ દેહધારી આભાસ કે જેના તેજથી ઉદયાચળમાં બાળ સૂર્યની સ્થિરતા માલૂમ પડે છે, તે સરખા મુનિને જોયા. વિયોગના દુઃખથી દુઃખિત થયેલી પગમાં પડેલી તે રાણીને જોઈ, આશ્રિત જનોપર પ્રીતિમાન્ અને દિવ્ય દૃષ્ટિવાળા તે મુનિ કહે છે કે, 'હે પુત્રિ! અહિં તને પોતાના પિતાના વંશને ચલાવનારો પુત્ર અવતરશે, અને ફરીથી તને તારા પ્રાણનાથ સાથે મેળાપ થશે. તું શોક મા કર.' આવી રીતનાં મુનિનાં વચનોપરથી તે રાણી પ્રાણવલ્લભના ફરી સમાગમની આશાથી ત્યાં જ રહી. કેટલાએક દિવસો વીત્યા પછી સત્સગતિ જેમ સદાચારને ઉત્પન્ન કરે, તેમ તે રાણીએ રત્નસરખા પુત્રને જન્મ આપ્યો. તે વખતે મૃગાવતીના ચિત્તમાંથી ભૂલાઈ ગયલા આનંદને જાગૃત કરનાર આકાશવાણી થઈ કે 'આ મહાયશસ્વી શ્રીમાન્ ઉદયન નામનો રાજા જન્મ્યો છે, અને એનો પુત્ર સર્વ વિદ્યાધરોનો અધિપતિ થશે.'

ક્રમે કરી તે બાળક ઉદયન, તપોવનમાં પોતાના મિત્રોની સાથે જેમ વય ને શૌર્યથી વધે તેમ સદ્‌ગુણોની સાથે વૃદ્ધિ પામ્યો, ત્યારે જમદગ્નિએ ક્ષત્રિયને લાયક સર્વ સંસ્કાર કર્યા, તેમ જ બીજી વિદ્યાઓ અને ધનુર્વેદ તેને ભણાવ્યો. તેની માતાએ સ્નેહને લીધે સહસ્રાનીકની મુદ્રાવાળું એક કડું પોતાના હાથમાંથી કાઢી, કુંવરના હાથમાં પહેરાવ્યું. એક દિવસ ઉદયન સિંહનો શિકાર કરવા ગયો, જ્યાં તેણે કોઈએક શેવરાએ* હઠથી પકડેલો સર્પ તેણે જોયો. તે

*શેવરા એક પહાડી જાત છે. સંસ્કૃત ગ્રંથોમાં આ નામ ઘણે સ્થળે જોવામાંઆવે છે. એ જાત સર્પાદિક જાનવર કાચાંને કાચાં ખાઈ જાય છે.



સુંદર સર્પને જોઈ તેને દયા આવી, તેથી પેલા શેવરાને કહ્યું કે, 'મારા હુકમથી તું આ સર્પને છોડી દે.' ઉદયનનાં આવાં વચન સાંભળી તે પારધિ બોલ્યો, 'હે પ્રભુ! આ મારી આજીવિકાનું સાધન છે. હું એક ગરીબ સ્થિતિનું માણસ છું, તેથી સર્પને પકડી લોકો સમક્ષ રમાડી હું મારું પેટ ભરું છું. મંત્ર અને ઔષધિના બળથી પ્રથમ પાળેલો સર્પ જ્યારે મરી ગયો, ત્યારે આ મોટા જંગલમાં શોધતાં ઘણા શ્રમથી મને આ સર્પ મળી આવ્યો છે, જેને મેં મંત્ર અને ઔષધથી બાંધ્યો છે.' આ વાત સાંભળી ઉદાર ઉદયને પોતાની માતાએ આપેલું પેલું કડું પારધિને આપી સર્પને છોડાવ્યો. પારધિ કડું લઈ ચાલતો થયો, કે તુરત પાસે આવી નમસ્કાર કરી પ્રસન્ન થયેલો સર્પ ઉદયન કુંવરને કહેવા લાગ્યો કે, 'હું વસુનેમિ નામે વાસુકીનો મોટો ભાઈ છું. તેં મારી રક્ષા કરી, તેથી તને તંત્રીના શબ્દોથી રમણીય અને શ્રુતિના વિભાગવાળી આ વીણા આપું છું.' અને તેની સાથે જેનાં પુષ્પો કરમાય નહીં એવી માળા અને તિલકની યુક્તિ સાથે તાંબૂલી આપું છું,' એમ કહી તે નાગે તેને જમદગ્નિના આશ્રમમાં મૂક્યો, આ જોઈ મૃગાવતી ઘણી રાજી થઈ.*

હવે પેલો શેવરો જંગલમાં ભટકી ફરતો ફરતો ગામમાં આવ્યો. ત્યાં દૈવયોગથી રાજાના નામની મુદ્રાવાળું કડું, જે ઉદયન પાસેથી મળ્યું હતું તે વેચવા એક દુકાનપર ગયો. તેવામાં રાજાના સિપાઈઓએ તેને જોયો. તુરત જ તેને પકડી દરબારમાં તેડી ગયા. ત્યાં રાજાના જોવામાં તે કડું આવ્યું, ત્યારે શોકથી પૂછ્યું કે, 'તને આ કડું ક્યાંથી મળ્યું?' ત્યારે તે શેવરાએ ઉદયાચળમાં સર્પ પકડ્યો હતો તે અને કડું કેમ પ્રાપ્ત થયું, તે સંબંધી સર્વ વૃત્તાંત ઇત્યંભૂત કહી સંભાળવ્યો. તે વાત સાંભળી, અને એ મારી પ્યારીનું કડું છે, એમ જાણી સહસ્રાનીક રાજા મોટા વિચારમાં પડ્યો. તેવામાં ઉષ્ણ કાળથી પીડાએલા મોરને જેમ વર્ષા ખુશી કરે છે તેમ રાજાના અંતઃકરણને આનંદ દેનારી આકાશવાણી થઈ કે, 'હે રાજા! તારા શાપનો અંત આવ્યો છે, અને પુત્રસહિત તારી સ્ત્રી ઉદયાચળ પર્વતની તળેટીમાં જમદગ્નિ મુનિના આશ્રમમાં રહે છે.' આ આકાશવાણી ' સાંભળી, રાજાના મનમાં રાણીને મળવાની ઉત્કંઠા વધી, તેથી તેને તે દિવસ ઘણો લાંબો થઈ પડ્યો. બીજે દિવસે તે રાજા સહસ્રાનીક ઘણી ઉતાવળથી પ્રિયાને મળવાને સૈન્યની સાથ તે શેવરાને ભોમિયો કરી, ઉદયાચળ વિશે તે મુનિના આશ્રમ પ્રત્યે રવાના થયો.

**ઈતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં**
**કથામુખ લમ્બકને વિષે પહેલો તરંગ સંપૂર્ણ.**

*અંગ્રેજીમાં આ સ્થળે આવું વાક્ય છે;"ઉદયનને આ સવે વસ્તુ આપી તે નાગ ત્યાંથી ગયો,ને તે પોતાનો માતાના અમૃતપેરે નૈણાં ઠારતો જમદગ્નિના આશ્રમમાં આવ્યો."

## તરંગ ૨ જો.

સહસ્રાનીક રાજાએ કેટલેએક દૂર જઈ, તે દિવસે જંગલમાં એક તળાવને કિનારે ઉતારો
કર્યો. રાજાને થાક લાગેલો હોવાથી શય્યામાં સૂતો હતો, તે વખતે સાંજે સેવા કરવા આવેલા
સંગતક નામના એક કથા કરનારને કહ્યું કે, 'હું મૃગાવતીનાં દર્શનના આનંદની ઇચ્છા રાખું
છું, તેથી મારા હૃદયને વિનોદ આપે એવી કોઈક નવલ કથા કહે,' એમ રાજાના કહેવાપરથી
સંગતક બોલ્યો કે, હે દેવ ! વૃથા સંતાપ કેમ કરો છો ? તમારી રાણીનો સમાગમ થવામાં હવે
કાંઈ વિલંબ નથી. કારણ કે શાપનો અવધિ પૂરો થઈ રહ્યો છે. મનુષ્યોને ઘણા સંયોગ અને
વિયોગ થયા કરે છે. હે પ્રભુ ! આ વિષયમાં એક કથા હું તમને કહું છું, તે સાંભળોઃ—

### શ્રીદત્ત અને મૃગાંકવતીની વાર્ત્તા.

પૂર્વે માળવામાં યજ્ઞસોમ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે સાધુ તથા લોકપ્રિય બ્રાહ્મ-
ણને બે પુત્રો હતા–તેમાંના એકનું નામ કાલનેમિ તથા બીજાનું નામ વિગતભય હતું. નાન-
પણમાં જ તેમનો પિતા ગુજરી જવાથી તેનાથી કાંઈ વિદ્યાભ્યાસ થયો નહોતો. તેથી જ્યારે
તે ઉમર લાયક થયા ત્યારે પટનામાં વિદ્યા મેળવવા સારુ રવાને થયા. ત્યાં જઈ દેવશર્મા પંડિત
પાસે સારી રીતે વિદ્યાભ્યાસ કર્યો. વિદ્યાર્થીને વિદ્વાન્ થયેલ જોઈ દેવશર્માએ પોતાની મૂર્તિમતી બીજી
વિદ્યા સરખી બે પુત્રી તે બન્ને શિષ્યોને આપી. પછી બીજા ગૃહસ્થોને ધનાઢ્ય જોઈ, કાલનેમિએ
ઈર્ષ્યાથી લક્ષ્મી હોમ કર્યો; આથી પ્રસન્ન થઈને મૂર્ત્તિમાન્ લક્ષ્મીજી બોલ્યાં કે, ' હે કાલનેમિ !
તને ઘણું ધન પ્રાપ્ત થશે અને તારો પુત્ર પૃથ્વીપતિ થશે. પણ અંતે તું ચોરની માફક મરીશ; કારણ
કે તેં પરાઈ ઈર્ષ્યા કરી મારો અગ્નિમાં હોમ કર્યો છે.' આવું કરી લક્ષ્મીજી અદૃશ્ય થઈ ગયાં.
ક્રમે કરી કાલનેમિ સમૃદ્ધિવાન્ થયો તથા તેને ઘેર પુત્રનો જન્મ પણ થયો. શ્રી ( લક્ષ્મી ) ના
વરદાનથી પુત્ર પેદા થયો, તેથી તેના પિતાએ તેનું નામ શ્રીદત્ત* પાડ્યું. જેમ જેમ શુકલપક્ષ
વિશે દરરોજ ચંદ્રકળા વૃદ્ધિ પામે છે તેમ શ્રીદત્ત જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ જો કે
તે બ્રાહ્મણ હતો છતાં પણ અસ્ત્રવિદ્યા અને બાહુયુદ્ધમાં અપ્રતિમ શક્તિ ધરાવનારો તે થયો.

કાલનેમિના નહાના ભાઈ વિગતભયની સ્ત્રીને સર્પ કરડવાથી તે મરી ગઈ. આથી વિગ-
તભય ખિન્ન થઈ કોઈ અન્ય દેશ વિષે ચાલી ગયો.

ગુણજ્ઞ વલ્લભશક્તિ રાજાએ શ્રીદત્તને પોતાના પુત્ર વિક્રમશક્તિનો મિત્ર બનાવ્યો.
બાળપણમાં ભીમને જેમ વેગવાન્ દુર્યોધન સાથે સહવાસ હતો, તેમ આ શ્રીદત્તને અભિમાની
રાજપુત્રની સાથે સહવાસ થયો. અવંતી દેશના બે ક્ષત્રિયો બાહુશાલી અને વજ્રમુષ્ટિ શ્રીદ-
ત્તના પરમ મિત્ર થયા. મલ્લયુદ્ધમાં જય મેળવવાથી તેના ગુણમાં ખેંચાઈ બીજા પણ ગુણને ચાહ-

* અર્થાત્ લક્ષ્મીએ આપેલો.'



નારા દાક્ષિણાત્ય મંત્રિપુત્રો તેનો આશ્રય લેવા લાગ્યા. મહાબળ, વ્યાઘ્રભટ્ટ, ઉપેંદ્રબળ અને
નિષ્ઠુરકે પણ શ્રીદત્તની સાથે મૈત્રી કીધી.

એક દિવસ વર્ષાઋતુના દહાડામાં શ્રીદત્ત, રાજપુત્ર તથા પોતાના સઘળા મિત્રોને સાથે લઈ,
ગંગા નદીને કીનારે વિહાર કરવા ગયો. અહીં રાજપુત્ર વિક્રમશક્તિના માણસોએ તે વિક્રમશક્તિને
રાજા બનાવ્યો, ત્યારે શ્રીદત્તને પણ તેના મિત્રોએ રાજા કર્યો. આમ થવાથી રાજપુત્રના મનમાં રોષ
ઉત્પન્ન થયો અને લડાઈ કરવા શ્રીદત્તને બોલાવ્યો. પરસ્પર મલ્લયુદ્ધ ચાલ્યું, તેમાં રાજપુત્ર હાર્યો.
એથી તેના મનમાં ઘણું માઠું લાગ્યું. તેણે વિચાર કર્યો કે, 'આ બ્રાહ્મણનો છોકરો રજપૂત બચ્ચાને
જિતી જાય, એ તો મારી ઉપર મોટું કલંક આવ્યું. હવે એને વધવા દેવો જોઈએ નહીં. ગમે તેવાં
કાવતરાં કરીને પણ તેનો ઘાટ ઘડીનાંખવો.' આ તેની દુષ્ટ ભાવના શ્રીદત્તના જાણવામાં આવવાથી
પોતાના મિત્રોની સાથે શ્રીદત્ત ત્યાંથી સટકી ગયો. માર્ગમાં ચાલતાં ચાલતાં તેણે સાગરમાં રહેલી
લક્ષ્મીની પેઠે જળના પ્રવાહથી તણાઈ જતી ગંગાના મધ્યમાં, એક સ્ત્રી દીઠી. તુરત તેણે પાણી-
માંથી બાહેર કાઢવા બાહુશાલી વગેરે છ મિત્રોને કિનારે રાખી, શ્રીદત્ત ગંગામાં ઉતર્યો, અને તેના
કેસ પકડ્યા, પણ તેટલામાં તો તે પાણીમાં ઘણી ઉંડી ઉતરી ગઈ. તેને પકડવાને આ વીરે પણ
ત્યાં જ ડુબકી મારી. ડુબકી મારી જુએ છે તો ક્ષણમાત્રમાં મહાદેવજીનું દિવ્ય મંદિર જોયું, પણ
પાણી કે પ્રમદામાંનું કશુંએ તેના જોવામાં ન આવ્યું. એ મોટું આશ્ચર્ય જોઈ, શંકરને નમસ્કાર
કરી, પોતે થાકેલો હોવાથી તે રાત્રિ ત્યાં જ સુંદર બગીચામાં ગાળી પ્રભાતમાં સદાશિવનું પૂજન
કરવા આવેલી ત્યાં તે પ્રમદાને શ્રીદત્તે જોઈ. ચંદ્રમુખી તે સ્ત્રી શંકરનું પૂજન કરી, ઘરભણી વળી,
ત્યારે શ્રીદત્ત પણ તેની પાછળ પાછળ ચાલ્યો. ત્યાં દેવતાના પુર સરખા ઘરમાં પરપુરુષનાં દર્શનથી
સંભ્રાંત થયેલી તે માનિની પેઠી; અને વગર બોલી અંદરના ઓરડામાં જઈ પલંગપર જઈ બેઠી.
હજાર સ્ત્રી તો તેની સેવામાં હાજર હતી. શ્રીદત્ત પણ તેની પાસે બેઠો કે, તુરત એકાએક તે સ્ત્રી
રડવા મંડી પડી. તેનાં આંસુનાં બિંદુઓ તેના સ્તન ઉપર પડ્યાં. તે જોઈ તત્કાળ શ્રીદત્તના હૃદયમાં
દયા આવી, તેથી તે પૂછવા લાગ્યો કે, 'તું કોણ છે ? અને તારે શું દુઃખ છે ? હે સુંદરી ! તું મને કહે,
હું, તે નિવારણ કરવા સમર્થ છું.' ત્યારે તેણી શોકાગ્રસ્ત થતાં બોલી કે, 'અમે દૈત્યપતિ બળિની
હજાર પૌત્રી છીએ. તેમાં મોટી વિદ્યુત્પ્રભા નામની તે હું છું. અમારા દાદાને વિષ્ણુએ દીર્ઘ-
બંધન કરેલું છે, અને અમારા પિતાનો બાહુયુદ્ધમાં નાશ કર્યો છે. એવી રીતે અમારા કુળનો
ક્ષય કરી અમને અમારા નગરથી બાહેર કહાડી મૂક્યાં છે, અને અમે પાછાં નગરમાં દાખલ
ન થઈ શકીએ, તેટલા સારુ એક સિંહને ચોકીપર રાખ્યો છે. એ પ્રમાણે તે સ્થાન સિંહે
દબાવેલું છે અને અમારું હૃદય દુઃખે દબાયલું છે.તે ( સિંહ ) કુબેરના શાપથી યક્ષ મટી સિંહ
થયો છે. અમે જ્યારે પુરમાં પ્રવેશ કરવા વિષે વિષ્ણુ પાસે વિનતિ કરી ત્યારે તેણે કહ્યું કે,
'આ સિંહનો મનુષ્યને હાથે પરાજય થશે, ત્યારે તેનો શાપ છૂટશે' ને અમે પુરમાં પ્રવેશ કરી
શકીશું, માટે એ અમારા શત્રુ કેસરીનો તમે પરાજય કરો. હે વીર ! એટલા સારુ જ મેં
આપને અત્રે આણેલા છે. એનો પરાભવ થવાથી તમને તેની પાસેથી મૃગાંકક નામનું ખડ્ગ
મળશે, કે જેના પ્રભાવથી તમે પૃથ્વીને જિતી રાજા થશો.' આ વાત સાંભળી શ્રીદત્ત તે

દિવસે તો ત્યાં જ રહ્યો અને બીજે દિવસે તે અસુરકન્યાને આગળ કરી, તેના નગરમાં ગયો. ત્યાં ઉદ્ધત થએલા સિંહને બાહુયુદ્ધથી જિત્યો, ત્યારે તે શાપમુક્ત થઈ પુરુષાકૃતિ થઈ રહ્યો. શાપના અંત આણનાર **શ્રીદત્ત** ઉપર પ્રસન્ન થઈ, તેણે **મૃગાંકક** ખડ્ગ આપ્યું, અને અસુરોની સ્ત્રીના દુઃખની સાથે જ તે સિંહ પણ અદૃશ્ય થઈ ગયો. ત્યાર પછી અસુરકન્યાની સર્વ બહેનો સહિત **શ્રીદત્ત** તે ઉત્તમ પુરમાં આવ્યો, અને પછી તે અસુરકન્યાએ ઝેર ઉતારનારી એક વીંટી તેને આપી. તે પછી **શ્રીદત્ત**ની કામવાસના તે અસુરકન્યા ઉપર ચોંટી ને ત્યાં રહ્યો; ત્યારે તે કન્યાએ કપટયુક્તિથી કહ્યું કે, 'આ વાવમાં ઝુડના ભયને ટાળનાર આ ખડ્ગને લઈ, સ્નાન કરી આવો.' આ વાત સ્વીકારી તે વાવમાં પડ્યો, કે તરત જે ગંગાના કિનારાથી તે ઉતર્યો હતો તે જ કિનારે તે પાછો આવી ચડ્યો. પાતાળમાંથી નિકળી ખડ્ગ અને વીંટી સામું જોતાં તે ખેદ અને વિસ્મય પામ્યો, કે રે રે! તે અસુર કન્યાએ તો મને પૂરેપૂરો છેતર્યો.

પછી **શ્રીદત્ત** મિત્રોને શોધવા પોતાના ઘર ભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં તેને **નિષ્ઠુરક** નામનો મિત્ર મળ્યો. તે નજીક આવી પ્રણામ કરી તરત તેને એકાંતમાં લઈ ગયો અને સંબંધીઓની હકીકત પૂછવા ઉપરથી આ પ્રમાણે બોલ્યોઃ—

હે મિત્ર! તું ગંગાની અંદર ડુબી ગયો ત્યારે ઘણા દિવસ ત્યાં રહી અમે તારી ખોળ કરી, પણ ક્યાંઈ તારો પત્તો મળ્યો નહીં, તેથી અમો શોકથી શિરચ્છેદ કરી મરી જવા તૈયાર થયા; તેવામાં આકાશ વાણી થઈ કે "હે પુત્રો! તમારે સાહસ ન કરવું; તમારો મિત્ર જીવતો આવશે." ત્યાર પછી અમો તમારા પિતા પાસે જવા નિકળ્યા. માર્ગમાં એક પુરુષ ઉતાવળો ઉતાવળો અમને મળ્યો, અને કહેવા લાગ્યો કે, 'હમણાં તમારે નગરમાં પેસવું નહીં, કારણ કે અહીંનો રાજા વલ્લભશક્તિ મરણ પામ્યો છે અને મંત્રીઓએ મળી રાજ્યગાદીપર **વિક્રમશક્તિ**ને બેસાડ્યો છે. રાજ્ય મળ્યું તેને વળતે દિવસે તે કાલનેમિને ઘેર ગયો અને ક્રોધથી પૂછવા લાગ્યો કે, 'તારો પુત્ર **શ્રીદત્ત** ક્યાં છે?' ત્યારે તેણે ઉત્તર દીધો કે, 'હું જાણતો નથી.' આવો જવાબ સાંભળી તેનો ગુસ્સો ઉશ્કેરાયો અને જાણ્યું કે આણે જ પોતાના પુત્રને છૂપો રાખેલો છે, એવું માની તે કાલનેમિને ચોર છે એવું કહી શૂળીએ ચઢાવ્યો. તે જોઈ તેની સ્ત્રીનું હૃદય પોતાની મેળે જ ફાટી ગયું. ક્રૂર મનુષ્યોનું પાપ બીજા સાધારણ પાપોના કરતાં ઘણું ક્રૂર હોય છે; અને તે જ પ્રમાણે **વિક્રમશક્તિ** **શ્રીદત્ત** અને તેના મિત્રની શોધમાં છે, માટે તમો તેના મિત્ર છો તેથી અહીંથી જતા રહો, નહીં તો માર્યા જશો.' એવું કહેવા ઉપરથી **બાહુશાલી** વગેરે પાંચ મિત્રો દિલગીર થઈ સ્વનગર **ઉજ્જયિની**માં ગયા છે. હે મિત્ર! તારે માટે તેમણે મને ગુપ્ત રીતે અત્રે રાખેલો છે. માટે હે મિત્ર! તું ત્યાં ચાલ, આપણે મિત્રો પાસે જઈએ. આવું **નિષ્ઠુરક** પાસેથી નિષ્ઠુર વચન સાંભળી, માબાપનો શોક કરી **શ્રીદત્ત** વારંવાર ખડ્ગ સામી નજર કરી વખતની વાટ જોતો, તે વીર **નિષ્ઠુરક**ની સાથે મિત્રોને મળવા **ઉજ્જયિની** ભણી ચાલ્યો. રસ્તામાં ગંગા નદીમાં ડુબકી મારવાનું વૃત્તાંત મિત્ર પાસે વર્ણવતો જાય છે, તેવામાં માર્ગમાં રડતી એક અબળાને જોઈ. તે સ્ત્રીએ કહ્યું કે, 'હું **માળવે** જાઉં છું, પણ રસ્તામાં ભૂલી પડી ગઈ છું,' એવું



કહેવા ઉપરથી દયા લાવી તેને પ્રયાણમાં સાથે લીધી. દયાની લાગણીને લીધે **નિષ્ઠુરક** અને તે સ્ત્રીની સાથે કોઈ ઉજ્જડ ગામમાં તે દિવસ તેણે નિવાસ કર્યો. ત્યાં રાત્રિમાં એકદમ **શ્રીદત્ત**ની આંખ ઉઘડી ગઈ, અને જુવે છે તો તે સ્ત્રી હર્ષથી **નિષ્ઠુરક**નું માંસ ખાય છે. આ જોઈ તે તરત બેઠો થયો અને **મૃગાંકક** ખડ્ગ હાથમાં લીધું. તેવામાં તે સ્ત્રી ઘોર રાક્ષસી સરખું રૂપ ધરી રહી. તે રાક્ષસીને મારવા **શ્રીદત્તે** તેના કેશ પકડ્યા, તેવામાં તેણી દિવ્ય રૂપને ધારણ કરનારી સુંદરી થઈ ગઈ, અને **શ્રીદત્ત**ને કહેવા લાગી કે, ' હે ભદ્ર! મને માર મા, મૂકી દે. હું રાક્ષસી નથી, મને આ પ્રકારનો **કૌશિક** મુનિનો શાપ થયો હતો'.

'એક દિવસ કુબેરનું પદ લેવાની ઇચ્છાથી **કૌશિક** મુનિ તપશ્ચર્યા કરતા હતા. તેને ક્ષોભ ઉપજાવવા સારુ કુબેરે મને મોકલી. હું સુંદર રૂપ ધારણ કરી ત્યાં ગઈ, પણ મુનિનું મન ચલિત ન થયું, તેથી હું લજાઈ ગઈ અને તેમને ભય ઉપજાવવા ભયંકર રૂપ ધારણ કર્યું. તે જોઈ તે મુનિએ મને યોગ્ય શાપ આપ્યો કે ' હે પાપિણિ ! તું મનુષ્યોને હણનારી રાક્ષસી થા.' અને કહ્યું કે, '**શ્રીદત્ત** તારા કેશ જ્યારે પકડશે ત્યારે તારા શાપનો છેડો આવશે'. આવી રીતે હું મહાકષ્ટે કરી રાક્ષસીનો અવતાર પામી છું. આ નગર મેં જ થોડી મુદતમાં ઉજ્જડ કર્યું છે, અને તે શાપનો અંત તમારાથી થયો, માટે તમે મારી પાસેથી કંઈ વરદાન માગી લો.'

એવું તેનું વચન સાંભળી ઘણા આદરપૂર્વક **શ્રીદત્તે** કહ્યું કે, ' માતાજી, મારે બીજા વરનું કશું. કામ નથી. આ મારો મિત્ર જીવે એટલું જ પ્રયોજન છે.' 'તથાસ્તુ' એમ કહી તે અપ્સરા અદૃશ્ય થઈ ગઈ અને તે નિષ્ઠુરક સર્વ અંગ સહિત જીવતો થયો; તેની સાથે જ તે સવારમાં વિસ્મય પામતો રાજી થતો **શ્રીદત્ત** ચાલ્યો. તે **ઉજ્જયિની**માં આવી પહોંચ્યો; અને મયૂરને જેમ મેઘ દર્શન દઈ રાજી કરે છે તેમ માર્ગ સામે ઉંચી નજર રાખી બેઠેલા પોતાના મિત્રોને મળી **શ્રીદત્તે** આનંદ ઉપજાવ્યો. તે વખતે **બાહુશાળી** તેને પોતાને ઘેર લઈ ગયો, અને યોગ્ય રીતે પરોણાગત કરી. પછી ત્યાં પોતા ઉપર વીતેલી બધી કથા **શ્રીદત્તે** કહી સંભળાવી. **બાહુશાળી**નાં માબાપ પણ **શ્રીદત્ત**ની ઘણી આગતા સ્વાગતા કરવા લાગ્યાં, તેથી તે જેમ પોતાના ઘરમાં રહેતો હોય તેમ ત્યાં રહેવા લાગ્યો.

એક દિવસ ચૈત્રમાસનો મહોત્સવ આવતાં તે **શ્રીદત્ત** મિત્રોની સાથ બાગમાં ભરાએલી યાત્રા જોવા ગયો. ત્યાં મૂર્તિમાન્ સાક્ષાત્ ચૈત્ર માસની લક્ષ્મી આવેલી હોય એવી **શ્રીબિંબકી** નામના રાજાની કન્યાને નિરખી. તેનું રૂપ જોતાં રાજાની આંખ ફાટી, અને જાણે તે વખતે હૃદયમાં પ્રવેશ કરવા સારુ રસ્તો આપ્યો હોય તેમ **મૃગાંકવતી** નામની રાજકન્યા તેના ચિત્તમાં ચોંટી રહી. તે કન્યાની પ્રથમ પ્રેમને સૂચવનારી સ્નિગ્ધ દૃષ્ટિ પણ દૂતીની પેઠે રાજપુત્ર પાસે ખબર અંતર સારુ આવજાવ કરવા લાગી. થોડી વાર પછી ઝાડની ઘટામાં પેસવાથી **શ્રીદત્ત** તેને જોઈ ન શક્યો ત્યારે તે શૂન્યહૃદય થઈ ગયો, અને દિન દિશાનું ભાન પણ ભૂલી ગયો. 'હે મિત્ર! તારું હૃદય મેં જાણી લીધું, હવે વાત છૂપાવ નહીં. ચાલ ત્યારે આપણે ત્યાં જઈએ કે **જ્યાં** રાજપુત્રી ગઈ છે,' એવી રીતે ચેષ્ટા જાણનાર મિત્ર **બાહુશાળી**ના કહેવા ઉપરથી તે વાત સ્વી-

કારી, તે મિત્ર સાથે તેની સમીપ ગયો. તે ક્ષણુમાં **શ્રી**દત્તના હૃદયને સંતાપ ઉપજાવનારી ત્યાં બૂમ પડી કે, 'હાય હાય રે!! રાજકન્યાને સર્પ કરડ્યો.' આ બૂમ સાંભળી **બા**હુશાળીએ કંચુકી પાસે જઇને કહ્યું કે, ' મારા મિત્ર પાસે ઝેર ઉતારનારી વીંટી અને વિદ્યા છે.' આ વાત સાંભળી કંચુકી તરત ચરણુમાં આવી પડયો, અને જલદી **શ્રી**દત્તને રાજકન્યા નજીક લઈ ગયો. **શ્રી**દત્તે તરત પેલી વીંટી તેની આંગળીમાં પહેરાવીને વિદ્યાનો જપ કર્યો, તેથી તે જીવતી થઈ. અને તે જોતાં જ સર્વ મનુષ્યો આનંદને પામ્યાં, અને **શ્રી**દત્તનાં વખાણુ કરવા લાગ્યાં. આ ખબર **બિં**બકિ રાજાને થવાથી તે પણુ ત્યાં આવ્યો, પણુ તેટલામાં તે વીંટી લીધા વિના મિત્રોની સાથે **શ્રી**દત્ત **બા**હુશાળીને ઘેર ચાલ્યો આવ્યો; ત્યાં તે રાજાએ પ્રસન્ન થઇને સુવર્ણુ વગેરે મોકલાવ્યું, જે સર્વ **શ્રી**દત્તે **બા**હુશાળીના પિતાને આપ્યું.

પછી **શ્રી**દત્ત તો તે જ રાજકન્યાનું ચિંતન કરવાથી એવો તો વિરહાગ્નિથી બળવા લાગ્યો કે, તેના મિત્રોને શું કરવું ને શું ન કરવું, તેનો વિચાર થઈ પડયો. ત્યાર પછી **ભા**વનિકા નામની રાજપુત્રીની પ્રિય સખી વીંટી પાછી સોંપવાનું મિષ કરી, **શ્રી**દત્ત પાસે આવીને કહેવા લાગી કે, 'હે સુભગ ! અમારી સખીના પ્રાણુને બચાવનારો અને હરનારો હાલ તો તું જ છે.'* (તે દૂતીનું) આવું વચન સાંભળી **શ્રી**દત્ત, **ભા**વનિકા અને **બા**હુશાળી એ સઘળાં મળીને વિચાર કરવા લાગ્યાં કે, ' ગુપચુપ આપણે યુક્તિથી આ રાજપુત્રીનું હરણ કરી જઇએ, અને અહીંથી ગુપ્ત રીતે **મ**થુરામાં રહેવા જઇએ.' આવી રીતનો વિચાર સિદ્ધ થયા પછી **ભા**વનિકા ત્યાંથી ચાલી નિકળી. બીજે દિવસે ત્રણ મિત્રોને સાથે લઈ, વ્યાંપારનો મિષ કરી, **બા**હુશાળી મથુરામાં ગયો. રસ્તામાં તેણે ચાલતાં ટપાની વ્યવસ્થા પણુ કરી, અને રાજપુત્રીને ઉપાડી આવવા સારુ ગૂઢ અને ચતુર વાહનો રાખ્યાં. **શ્રી**દત્તે એક છોકરીવાળી સ્ત્રીને સુરાપાન કરાવી સાંજ સમયે રાજકન્યાના નિવાસમાં મોકલી; અને તરત રાજકુંવરીને હસ્તગત કરી, તેની સાથે પોતાના બે મિત્ર અને પાછળ **ભા**વનિકાને પૂર્વથી રવાના થયેલા **બા**હુશાળી પાસે મોકલી; અને તેનું ઘર પેલી સ્ત્રી અને તેની છોકરી સાથે બાળી દીધું. એથી લોકના ધારવામાં આવ્યું કે, આ ઘર બળવાથી સખી સાથે રાજકન્યા પણુ બળી મુઈ. પ્રભાતમાં આગળ પ્રમાણે જ લોકોએ તો **શ્રી**દત્તને જોયો; પણુ બીજી રાત્રિમાં પોતાનું **મૃ**ગાંકક ખડ્ગ લઈ પ્રથમ પસાર થયેલી પ્રિયાની પછવાડે તે પરવર્યો. ઉત્સાહમાંને ઉત્સાહમાં તેણે રાત્રિમાં ઘણો રસ્તો કાપી નાંખ્યો, અને પહોર દિવસ ચડતાં સવારમાં તે વિંધ્યાટવીમાં આવી પહોંચ્યો. ત્યાં મંગળાચરણુ અપશુકન થયા અને પાછળથી **ભા**વનિકા સાથે સર્વ મિત્રોને પ્રહાર પડેલા જોયા. તે સર્વે સંભ્રાંત થઈ, આવી પહોંચેલા **શ્રી**દત્તને કહેવા લાગ્યા કે, 'આજે એક મોટી ઘોડેસ્વારની ટોળી અમારાપર તૂટી પડી; અને તેણે અમને લૂંટી લીધા. અમે આવી અવસ્થામાં પડ્યા છીએ, તેવામાં એક ઘોડેસ્વાર ભયભીત થયેલી રાજપુત્રીને ઘોડાપર બેસાડી લઇ ગયો છે. હજુ તે દૂર નહીં લઈ ગયો હોય, માટે તમે તરત આ દિશાએ તેની વારે ધાઓ. અમારી પાસે ઉભા ન રહો, કારણુ કે તે સર્વથી આધક છે.'

* અંગ્રેજીમાં આ વાક્ય આ પ્રમાણે સ્પષ્ટ છેઃ—"મહારાજ, મારી તે સખીએ પોતાના મનમાં નિશ્ચય કીધો છે કે, તેના પતિ થઈ તેના પ્રાણુ બચાવો, નહિ તો તે સ્મશાનવાસ કરશે."



એ પ્રમાણે તેના મિત્રોએ કહીને મોકલ્યો. તે **શ્રી**દત્ત, બહુ ધારી ધારીને જોવા લાગ્યો અને સપાટાથી તે રાજકન્યાને હરનારની પાછળ પડયો. ઘણે છેટે જતાં ઘોડેસ્વારની એક ટોળીને જોઈ અને તેમાં એક ક્ષત્રિય જુવાનને જોયો, તેમ જ તેણે ઘોડાપર જબરીથી બેસાડેલી તે રાજકન્યાને ક્ષત્રિયની પાસે બેઠેલી જોઈ. એ જોઈ **શ્રી**દત્તે સામ વચને કહ્યું કે, 'તું આ રાજકન્યા **મૃ**ગાંકવતીને મૂકી દે.' પણુ તેણે માન્યું નહીં, તેથી **શ્રી**દત્તે તે ક્ષત્રિયનો પગ પકડી પથરાપર પછાડયો. આવી રીતે તેને મારી તે જ ઘોડાપર સ્વાર થઈ, બીજા ક્રોધ પામેલા દોડી આવતા ઘોડેસ્વારોને માર્યા. મરવામાંથી બચી ગયેલા બાકીના ઘોડેસ્વારો તે વીરનું તેવું અલૌકિક પરાક્રમ જોઈ, ભયના માર્યા ભાગી ગયા. પછી **શ્રી**દત્ત પણુ તે રાજપુત્રી **મૃ**ગાંકવતી સાથે ઘોડેસ્વાર થઇને તે મિત્રો તરફ પાછો ફર્યો. થોડે રસ્તે ગયો ત્યાં લડાઇમાં જખમી થવાને લીધે, તેનો ઘોડો મરણુ પામ્યો; અને તે જ વખતે તેની **મૃ**ગાંકવતી પ્રિયાને ત્રાસ અને શ્રમ પડવાને લીધે, પાણીની તરસ લાગી. તેને ત્યાં રાખી જળ શોધવાને દૂર ગયો, ને આણી મેર પેલી મેર જળ શોધતાં સૂર્ય અસ્ત પામી ગયો. તે પછી પાણી પ્રાપ્ત થયું, પણુ રસ્તો ભૂલી જવાને લીધે, ચક્રવાક પક્ષીની પેઠે તરફડતાં પ્રિયા પ્રિયા પોકારતાં તે રાત્રિ તેણે તે વનમાં જ કાઢી. સવારમાં ઘોડાના મુડદાની નિશાની જોઈ, તે પૂર્વસ્થાનમાં આવ્યો; પણુ ત્યાં તેણે રાજપુત્રીને ન દીઠી. ભૂલથી **મૃ**ગાંકક ખડ્ગ ભૂતળપર મૂકી, તેને ચોમેર જોવા ઝાડની ઉંચી ડાળપર ચડયો. તે વખતે તે જ માર્ગે કોઈ પારધિનો સેનાધિપતિ આવ્યો, તેણે આવતાં જ ઝાડના મૂળ પાસે પડેલું **મૃ**ગાંકક ખડ્ગ લઈ લીધું. તેને જોઈ **શ્રી**દત્ત ઝાડ ઉપરથી ઉતર્યો અને પૂછ્યું કે, 'મારી **મૃ**ગાંકવતીની ખબરઅંતર તું કાંઈ જાણે છે?' ત્યારે પારધિએ કહ્યું કે, 'તું અહીંથી અમારે ગામ જા. હું એમ જાણું છું કે, તે તારી પત્ની ત્યાં ગઈ છે. હું પણુ ત્યાં આવીશ, અને આ તારું ખડ્ગ તને પાછું આપીશ.' એવું કહીને, તે પારધિએ તેને ગામ ભણી મોકલ્યો. પછી **શ્રી**દત્ત ઉત્સાહથી તેના માણસો સાથે તેના ગામમાં ગયો. ત્યાં તેના માણસોએ કહ્યું કે, 'થાક ઉતારો, ત્યારે **શ્રી**દત્ત ગામના ધણીને ઘેર જઈ નિદ્રા કરવા લાગ્યો, અને જ્યારે નિદ્રાથી જાગ્યો ત્યારે, પોતાના બંને પગ બેડીથી બંધાયેલા જોયા. જાણે સ્ત્રીની પ્રાપ્તિના ઉપાયમાં ઉદ્યમવંત હોય ને તેના રસ્તાની ખબર ન મળવાથી સ્થિર થયા હોય તેવા તેના બે પગ થઈ રહ્યા. ક્ષણુ માત્ર સુખ દેનારી અને ક્ષણુ માત્રમાં દુઃખ દેનારી, દૈવની ગતિની પેઠે તે પ્રિયાને શોચવા લાગ્યો.

એક દિવસે **મો**ચનિકા નામની એક દાસી ત્યાં આવી અને તેને કહેવા લાગી, 'હે ભાગ્યશાળી અહીં મૃત્યુમુખમાં ક્યાંથી આવી પડયો છે ? તે પારધિનો પતિ કાર્યસિદ્ધિ કરવા બહાર ગયો છે, પણુ તે અત્રે પાછો આવી **ચં**ડિકાને તારું બળિદાન દેશે. આટલા સારુ જ વિંધ્યાટવીથી યુક્તિ પ્રયુક્તિથી તને અહીં મોકલી હાલમાં બાંધી લીધો છે. દેવીના બળિદાન માટે તારો વિચાર છે, એથી જ તે સદા વસ્ત્ર અને ભોજનથી તારી આશ્વાસના કરે છે. જો તું માને તો તને છૂટવાનો એક ઉપાય છે. આ ગામના ધણીની **સું**દરી એવે નામે પુત્રી છે, તે તને જોઈ ઘણી કામાતુર થઈ છે. મારી જો તે સાહેલીને તું પરણે તો તારું કલ્યાણુ થશે.' કેદમાંથી છૂટવાની ઇચ્છાવાળા **શ્રી**દત્તે તે વાત માન્ય રાખી, અને ગાંધર્વવિધિથી ત **સું**દરીને ગુપ્ત રીતે પરણ્યો. દરરોજ તે **સું**દરી રાતના આવતી, અને **શ્રી**દત્તનું બંધન છોડતી હતી, અને પછી તેની જોડે મન માનતી મોજમજા ઉડાવતી હતી.

કેટલાક દિવસે સુંદરી સગર્ભા થઈ. આ હકીકત મોચનિકાના મુખથી તેની માતાના સાંભળવામાં આવી, ત્યારે જમાઇના સ્નેહથી સાસુ પોતાની મેળે શ્રીદત્તની પાસે જઈ કહેવા લાગી કે, 'હે પુત્ર! શ્રીચંડ નામનો અતિ ક્રોધી સુંદરીનો પિતા છે, તે તને જીવતો રહેવા નહિ દે, તેથી તું અહીંથી છપાંચ ગણી જા. પણ સુંદરીને ભૂલીશ નહીં,' એવું કહી સાસુએ જમાઇને છોડી મૂક્યો. જતીવખતે સુંદરીને કહ્યું કે, 'મારું ખડ્ગ શ્રીચંડના હાથમાં છે તે સંભાળજે,' એટલું કહી ત્યાંથી તે નિકળી ગયો. શ્રીદત્ત ચિંતાતુર થઇને મૃગાંકવતીનો માર્ગ શોધવાને તે જ અટવીમાં પાછો આવ્યો. શુભ શકુન જોઈ તે જ જગોએ આવ્યો કે જ્યાં પોતાનો ઘોડો મરી ગયો હતો, અને જ્યાં પોતાની પ્રાણપ્યારીને ગુમાવી બેઠો હતો, તેટલામાં ત્યાં જ સામેથી આવતો એક પારધિ મળ્યો. તેને જોઈ શ્રીદત્ત મૃગાક્ષી મૃગાંકવતીના સમાચાર તેને પૂછવા લાગ્યો. ત્યારે તે પારધિએ પૂછ્યું કે 'કેમ શ્રીદત્ત તું કે ?' નિસાસો મૂકતાં શ્રીદત્તે જવાબ વાળ્યો કે, 'તે જ હું મંદભાગ્ય છું.' ત્યારે પારધિ બોલ્યો કે, 'હે મિત્ર, હું કહું તે સાંભળઃ—તારી પ્યારીને મેં જોઈ છે. તે વિલપંતી ને આમ તેમ ફરતી તારી ખોળમાં હતી; તેને જોઈ મને દયા આવી, તેથી તેનું વૃત્તાંત પૂછી લઈ ધીરજ આપી. આ અરણ્યમાંથી તે બાપડીને હું મારા ગામમાં લઈ ગયો છું. ત્યાં પણ યુવાન્ યુવાન્ ભિલ્લોને જોઈ મને બીક લાગી, તેથી મથુરા પાસેના નાગસ્થળ ગામમાં હું લઈ જઈ, વિશ્વદત્ત નામના વૃદ્ધ બ્રાહ્મણને ઘેર, ઘણી મોટી મોટી વાત કરી, તારી પ્રિયાને રાખેલી છે. તે પછી તેના જ કહેવા ઉપરથી તારું નામ જાણી લઈ, હું અહીં આવ્યો છું, માટે હવે તેની શોધ માટે તું નાગસ્થળમાં તરત જા.'

આવું પારધિનું વચન સાંભળી શ્રીદત્તે ત્યાંથી ચાલવા માંડ્યું, અને બીજે દહાડે સાંજે નાગસ્થળમાં આવી પહોંચ્યો. વિશ્વદત્તને ઘેર જઈ ત્યાં તેને મળી કહ્યું કે, 'પારધિએ મારી સ્ત્રી તારે ઘેર રાખી છે તે તું મને સ્વાધીન કર.' આ સાંભળી વિશ્વદત્તે શ્રીદત્તને કહ્યું કે, 'મથુરામાં ગુણિજનોનો પ્રીતિપાત્ર એક બ્રાહ્મણ મારો મિત્ર છે, જે સૂરસેન રાજાનો ઉપાધ્યાય અને કારભારી છે, તેને ઘેર તારી પત્ની મેં સોંપેલી છે. આ ગામમાં પૂરી વસ્તી પણ નથી, તેથી તેનો બચાવ થઈ શકે નહીં, માટે હવે તું સવારે ત્યાં જજે, અને આજ તો અહીં થાક ઉતાર.' વિશ્વદત્તના આમ કહેવા ઉપરથી તે રાત્રિ તેણે ત્યાં જ ગાળી, અને બીજે દહાડે પ્રભાતમાં શ્રીદત્ત મથુરામાં આવ્યો. લાંબા રસ્તામાં મુસાફરી કરવાથી મલિન થઈ ગએલો અને થાકેલો શ્રીદત્ત નગરી બહાર જ નિમળ વાવના જળમાં નહાયો. તે વાવના જળના મધ્યમાંથી કોઈ ચોરે મૂકેલું અને છેડે હાર બાંધેલું એક પોટલું મળ્યું, જે તેણે લઈ લીધું. પણ અંદરના હારનું તો તેને લક્ષ જ ન હતું. પ્રિયાને જોવાની ઇચ્છાથી શ્રીદત્ત મથુરામાં આવ્યો. ત્યાં પોલીસના માણસોએ તે વસ્ત્ર ઓળખી કાઢ્યું, ને તે જોતાં તેમાંથી હાર મળ્યો. આ સાબીતી ઉપરથી 'આ ચોર છે' એવું માની શ્રીદત્તને પકડ્યો અને તેવી જ રીતે લઈ જઈ કોટવાળ આગળ ખડો કર્યો. કોટવાળે રાજાને કહ્યું, ત્યારે રાજાએ તેને ફાંસીનો હુકમ કર્યો. આ હુકમ ઉપરથી પાછળ ઢોલ વાગતે શ્રીદત્તને ફાંસીની જગાએ લઈ જવામાં આવતો હતો, ત્યાં પાછળથી મૃગાંકવતીએ તેને જોયો; એટલે 'અરે આ તો મારો પ્રાણપ્રિય પતિ છે ને તેને વધ કરવા લઈ જાય છે,' એમ ગભરાતી ગભરાતી તે મુખ્ય મંત્રીને કરગરીને કહેવા લાગી—



જેના ઘરમાં પોતે રહેતી હતી. પછી મુખ્ય મંત્રી રાજા પાસે ગયો, ને વિનતિ કરી. જલ્લાદોને મારતાં અટકાવી શ્રીદત્તને મોતથી છોડાવ્યો, ને પછી પોતાને ઘેર લાવ્યો. 'અરે આ તો પૂર્વે દેશાંતરમાં જઈ વસેલા મારા કાકા વિગતભય જ અહીં કાર્યભારીની પદવી પામ્યા છે, આવી રીતે તેને ઘેર આવેલા શ્રીદત્તે તે મંત્રીને પૂછપરછ કરી ઓળખી કાઢ્યા, અને તેના ચરણમાં જઇને પડ્યો. તે મંત્રી વિસ્મય પામી ગયો અને આ મારા ભાઇનો પુત્ર છે, એવું જાણી પ્રેમથી આલિંગન કરી છાતી સરસો ચાંપ્યો, અને સર્વ હકીકત પૂછી; ત્યારે શ્રીદત્તે પોતાના પિતાના વધથી માંડી સર્વ હકીકત કાકાને કહી સંભળાવી. આક્રંદ કરતાં કાકો તુરત ભત્રીજાને એકાંતમાં તેડી ગયો. અને કહ્યું કે, 'હે પુત્ર ! કોઈ વાતે તું મુઝાઇશ મા, મને યક્ષિણી પ્રસન્ન થયેલી છે. મારે પેટે કશું સંતાન નથી, યક્ષિણીએ મને પાંચ હજાર ઘોડા અને સાત કરોડ સોના મહોર આપેલી છે, તે સઘળું ધન તારું જ છે.' એવું કહી શ્રીદત્તને તેની પ્રિયા સોંપી, અને તુરત જ વૈભવવાળો હોવાથી શ્રીદત્ત મૃગાંકવતીને પરણ્યો. જેમ ચંદ્રની ચાંદનીવાળી રાત્રિના સમાગમથી કુમુદાકર—કુમુદોવાળું તળાવ ખીલે છે, તેમ તે મૃગાંકવતી સાથે મળવાથી તેને આનંદ થયો, અને તે ત્યાં જ રહ્યો, પણ તે પૂર્ણ સમૃદ્ધિમાન્ થયો ત્યારે ચંદ્રમાં રહેલી કલંક રેખાની પેઠે મનને મલિન કરનારી બાહુશાળી વગેરે મિત્રોની ફીકર કરવા લાગ્યો.

એક દિવસ વિગતભય શ્રીદત્તને એકાંતમાં લઈ જઈ કહેવા લાગ્યો કે, 'હે પુત્ર! આ સુરસેન રાજાને એક જ કન્યા છે, અને એ કન્યા રાજાના હુકમ ઉપરથી અવંતી દેશમાં પરણવાં સારુ લઈ જવાની છે, માટે તે જ નિમિત્તથી હરી લઇ તને જ તે કન્યા પરણાવું. તે પછી તેનું સૈન્ય આવશે તો આપણે જિતી લઇશું, એટલે લક્ષ્મીજીએ જે તને રાજ્ય મળવાનું કહ્યું છે તે સફળ થશે.' આ વાતનો નિશ્ચય કરી તે કન્યા લઈ સૈન્ય અને મોટા ખટલા સહિત શ્રીદત્ત અને તેનો કાકો ચાલ્યા. તેઓ વિંધ્યાટવીમાં આવી પહોંચ્યાં, ત્યાં એકદમ બાણનો વરસાદ વરસાવનારી ચોરની ટોળીએ તેઓને ઘેરી લીધા. સિપાઇઓ ભાગી ગયા, અને શ્રીદત્ત પ્રહારથી મૂર્છા પામી ગયો. તેનું સઘળું ધન કબજે કરી ચોર લોકો તેને પોતાના ગામમાં લઈ ગયા, અને ભયંકર ચંડીના દેવળમાં બળિ આપવા સારુ મોકલી દીધો. ઘંટાના નાદે કરી જાણે મૃત્યુએ જ બોલાવેલો હોય તેવી સ્થિતિમાં આવી પડેલા તે શ્રીદત્તને, એક નાના બાળકને સાથે લઈ, દેવીનાં દર્શન કરવા આવેલી ગામના અધિપતિની પુત્રી સુંદરી (શ્રીદત્તની સ્ત્રી) એ દીઠો. આનંદથી ઉભરાયેલે મને વચમાં ઉભેલા ચોરોને સુંદરીએ દૂર કર્યા. પછી શ્રીદત્ત સુંદરીની સાથે રાજમહેલમાં ગયો. એ વખતમાં સુંદરીનો બાપ મરી ગયો હતો, મરતી વખતે તેને પેટે છોકરો નહીં હોવાને લીધે પોતાનું રાજ્ય જે સુંદરીને આપી ગયો હતો, તે રાજ્યનો માલેક શ્રીદત્ત થયો, ત્યારે તેણે પોતાના કાકાને છોડાવ્યો અને પોતાનો સરસામાન, સ્ત્રી તથા મૃગાંકક ખડ્ગ એ સઘળું હસ્તગત કર્યું અને સૂરસેનની કુંવરીને ત્યાં જ પરણ્યો.

એવી રીતે તે નગરમાં શ્રીદત્ત મોટો રાજા થઈ પડ્યો, અને સાસરીયાના દૂતોને મારી નાંખ્યા. પોતાની કન્યાઓનો સંબંધ શ્રીદત્તની સાથે થયો જાણી દીકરી ઉપર પ્રેમ હોવાને લીધે

મોટી સેના લઈ બિંબકિ અને સૂરસેન રાજા તેને મળવા સારુ આવ્યા. તેટલામાં છૂટા પડેલા બાહુશાળી વગેરે મિત્રોના પણ ઘા રુઝાઈ ગયા હતા. તેઓ શ્રીદત્તને તખ્તનશીન થવાના સમાચાર સાંભળી ત્યાં પાછા આવ્યા. આમ થયા પછી સસરાની સાથે બાપનું વૈર લેવા વિક્રમશક્તિને મારવા શ્રીદત્ત ચાલ્યો. અને તેને પોતાના ક્રોધાગ્નિની આહુતિ કર્યો. વિયોગના દુઃખથી મુક્ત થયેલો શ્રીદત્ત મૃગાંકવતીની સાથે, જેને ચોતરફ ફરતો સમુદ્ર છે એવી પૃથ્વીનું રાજ્ય આનંદથી ભોગવવા લાગ્યો. હે સહસ્રાનીક રાજા ! ધીર પ્રકૃતિનાં માણસો લાંબા વિયોગના કષ્ટરૂપ સમુદ્રને તરે છે અને કલ્યાણ પામે છે.

આ પ્રમાણે સંગતકે કહેલી કથા સાંભળી સ્ત્રીના ઉત્સાહમાં સહસ્રાનીક રાજાએ તે રાત્રી રસ્તામાં જ ગાળી. ત્યાર પછી મનોરથના તરંગોમાં જેનું મન આગળ ચાલ્યું જાય છે, એવો સહસ્રાનીક રાજા પોતાની પ્રિયા તરફ સવારમાં પ્રયાણ કરવા લાગ્યો. કેટલેક દિવસે મૃગોએ પણ જ્યાં ચંચળતા મૂકી દીધી છે, એવા જમદગ્નિના આશ્રમમાં આવી પહોંચ્યો. ત્યાં પરોણાગત થયા પછી પવિત્ર આકારના તપની મૂર્તિનાં દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યાં; ત્યારે તે મુનિએ આનંદ સહિત સુખ સરખી સપુત્ર મૃગાવતીને તે રાજાને સ્વાધીન કરી. શાપનો છૂટકારો થવા પછી એકનું દર્શન થતાં આનંદનાં અશ્રુથી પૂરાયેલી દૃષ્ટિમાં અમૃત વર્ષવા લાગ્યું. અપૂર્વ છે દર્શન જેનું એવા ઉદયન પુત્રનું આલિંગન કરી, રાજા કષ્ટથી રોમાંચે કરીને ખીલી લીધેલા પુત્રને જોતો હતો. પછી એ શાંત આશ્રમથી સહસ્રાનીક રાજા, જમદગ્નિ મુનિ પાસેથી રજા લઈ ઉદયન કુંવર સહિત મૃગાવતી રાણીને લઈ પોતાની નગરી તરફ રવાના થયો, ત્યારે તેની ઉપર સ્નેહ હોવાથી તપોવનનાં મૃગો અશ્રુ પાડતાં વળાવવા આવ્યાં. માર્ગમાં પ્રિયાની વિરહાવસ્થાનાં સંકટો પોતે સાંભળે છે, અને પોતાની કથા પણ કહી દેખાડે છે, એવી રીતે ક્રમથી જેમાં ધજા પતાકા ફરકે છે એવી કૌશાંબી નગરીમાં સાનંદાશ્ચર્યથી આવ્યો. ખુલ્લાં નેત્રવાળાં નગરનાં મનુષ્યોથી તે જાણે પીવાતો હોયની શું, તેમ પત્ની અને પુત્રની સાથે રાજાએ નગરીમાં પ્રવેશ કર્યો. ઉદયનના ગુણોથી ઉશ્કેરાઈ, તરતજ તેને યુવરાજ પદવીનો અભિષેક કર્યો અને સલાહ વાસ્તે પોતાના મંત્રીના પુત્ર વસંતક, રુમણ્વાન્ અને યૌગંધરાયણને તેને સપુરત કીધા. આ ઉત્તમ કારભારીઓથી આ રાજા આખી પૃથ્વીનું રાજ્ય મેળવશે, એવી રીતે ત્યાં પુષ્પવૃષ્ટિની સાથે આકાશવાણી થઇ. તે પછી રાજા સઘળો રાજ્યકારભાર પુત્રને સોંપી ઘણા કાળથી ઇચ્છેલું જીવલોકનું સુખ મૃગાવતી રાણીની સાથે ભોગવવા લાગ્યો.

**આર્યા.**

તે* રાજાને કાને, પ્રશાંતિદૂતિ જરા જરા લાગી;
તે જોઈ વિષય તૃષ્ણા, કોપ કરીને તુરત ભાગી.

* તે રાજાને કાન પાસે શાંતિરૂપી નાયિકાની દૂતી જે જરા–વૃદ્ધાવસ્થા આવી, એટલે પહેલાં કાન પાસે ધોળા મોવાળા—પળિયાં આવે છે. વિષય–ભોગની તૃષ્ણા–ઈચ્છા તે બીજી નાયિકા સમજવી, તે રીસાઈ ગઈ. પહેલે પળિ કાનપર આવે છે એ લોકસિદ્ધ છે અને જરાને મૃત્યુની દૂતીના રૂપકથી અથવા શાંતિની દૂતી તરીકે વર્ણન કરવું, એ કવિસંપ્રદાય છે.



**ગીતિ.**

માનવતી જો બીજી, પ્રમદાપર પ્રેમિ જોય માશુકને;
માનવતી* રીસાઈ, પ્રિયતમની તો ન જાય આશુ†કને‡.

**શિખરિણી.**

પછી તે તે રાજાએ, પ્રકૃતિ અનુરાગી શુભમતિ,
પ્રજા સંતોષાવા, ઉદયન કર્યો ત્યાં નરપતિ;
મહાયાત્રા§ માટે, સચિવ‖ મહિષી સાથ લઇને,
સધાવ્યો તે હોંસે, હિમગિરિ ભણી રાજ્ય તજીને¶.

**ઈતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથામુખ લમ્બકને વિષે બીજો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૩ જો.

## ઉદયન રાજાની કથા.

સહસ્રાનીક મહારાજે સોંપેલું વત્સ દેશનું રાજ્ય પામી કૌશાંબી નગરીમાં રહેલો ઉદયન રાજા, પ્રજાનું સારી રીતે લાલનપાલન કરવા લાગ્યો. પણ પછીથી ઘણા જલદી યૌગંધરાયણ વગેરે મંત્રીઓને રાજ્ય કાર્યભાર સોંપી દઈ, રાજા મનમાનતી મોજ મજા ઉડાવવામાં તત્પર થયો. તે હમેશાં મૃગયા કરવા લાગ્યો, અને પ્રથમ વાસુકિથી$ મળેલી વીણા રાત દિવસ વગાડવા લાગ્યો. તે વીણાના સુંદર શબ્દથી વશ થએલા ઉન્મત્ત વનના હાથીઓને બાંધી દરબારમાં રાખવા માંડ્યા. તેણે વેશ્યાઓના મુખચંદ્રના પ્રતિબિંબથી સુશોભિત થયેલી મદિરા અને મંત્રીઓના મુખની કાંતિને સાથે જ પીધી. "મારા કુળ અને રૂપને લાયક કોઈ સ્ત્રી ક્યાંઈ નથી, એક વાસવદત્તા નામની કન્યા સાંભળવામાં આવે છે. પણ તે કેમ મળે?" એવી ચિંતામાં તે ગરકાવ થયેલો વિચારતો હતો. એ જ વખતમાં તે વાસવદત્તાનો પિતા ચંડમહાસેન પણ ઉજ્જયિનીમાં વિચાર કરવા લાગ્યો કે, 'મારી પુત્રીને લાયક ભર્તા આ જગતમાં નથી, અને એક ઉદયન રાજા છે તો તે સદા મારો દુશ્મન, એટલે તે કેમ મારે તાબે થઈ, જમાઈ થાય ! પણ એક ઉપાય છે, કારણ

* માન વડે. માન શૃંગારરસમાં પ્રસિદ્ધ છે. †જલદી. ‡પાસે. §મોટી મુસાફરી એટલે ફરી જન્મ મરણ ટળે. ‖દિવાન અને પટરાણી,

¶ કાલીદાસ વગેરે પ્રૌઢ કવિઓ આ પ્રમાણે વર્ણન કરે છે. જેમ કે રઘુવંશ સર્ગ ૩ જો શ્લોક ૭૦.

$ એ વીણા વસુનેમિએ આપી છે એમ અગાડી વર્ણન કર્યું છે, અને અહીં વાસુકિએ આપી છે, એમ મૂળ પુસ્તકમાં છે, તે ખોટું છે.

કે તે જંગલમાં હમેશ એકલો ભટકે છે, અને હાથીઓને બાંધે છે, એ અવકાશમાં યુક્તિ કરી તેને અહીં બાંધી મંગાવું. એ સંગીતવિદ્યા બહુ સારી રીતે જાણે છે તો, મારી પુત્રીને તેની શિષ્યા કરું. એમ કરવાથી જરૂર તેની દૃષ્ટિ મારી કુંવરી ઉપર પ્રેમાળ થશે અને તેમ કરવાથી જરૂર તે મારો જમાઈ થશે, અને તાબે થશે. તેને તાબે કરવાનો બીજો કોઈ ઉપાય હાલ મારી પાસે નથી કે જેથી તે તાબે થાય.' આવો વિચાર કરી, તે વિચાર પાર પાડવા તે **ચંડિકા** દેવીના મંદિરમાં ગયો. **ચંડિકાની** પૂજા કરી બળિદાન આપ્યું અને સ્તુતિ કરી ત્યારે દેવી પ્રસન્ન થયાં, અને આકાશવાણી થઈ કે, 'હે રાજા! તારી ઇચ્છા થોડા રોજમાં પૂરી પડશે,' આ વર સાંભળી મનમાં ઘણો રાજી થતો તે ઘેર આવ્યો અને **બુદ્ધદત્ત** મંત્રી સાથે **ચંડમ**હાસેન રાજા તે સંબંધમાં જ વિચાર કરવા લાગ્યો. મંત્રીએ કહ્યું કેઃ—" **ઉદયન** રાજા ઘણો અભિમાની, નિર્લોભી અને મહા બળવાન્ છે, તેમ તેના નોકર ચાકર પણ તેની ઉપર પ્રસન્ન છે, તેથી સામાદિક ઉપાયોથી જો કે તે વશ થવો અસાધ્ય છે, તોપણ પ્રથમ સામથી જ સમજાવી જોવો."

ઉપર પ્રમાણે વિચાર કરી એક દૂતને આજ્ઞા કરી કે, 'હે દૂત! તું અહીંથી **વત્સરાજ*** પાસે જા અને મારી આજ્ઞા પ્રમાણે તેને આ પ્રમાણે વચન કહે કે, "મારી પુત્રી સંગીત કળામાં તમારી શિષ્યા થવાને ઇચ્છે છે. માટે અમારી ઉપર તમારો જો સ્નેહ હોય તો તેને અહીં આવી તે કળા શીખવો." આવો સંદેશો કહીને તે દૂતને ઉદયન પાસે મોકલ્યો. ત્યારે દૂતે પણ **કૌશાંબી**માં જઈ તે જ પ્રમાણે સંદેશો કહ્યો. **વત્સ** દેશનો રાજા **ઉદયન** પણ આવો અનુચિત સંદેશો સાંભળી **યૌગંધરાયણ** મંત્રીને એકાંતમાં બોલાવી કહેવા લાગ્યો કે, 'અરે! એ રાજાએ અભિમાનના બોલ શું કાઢ્યા છે? આવો સંદેશો મોકલતાં તે દુરાત્માનો શો અભિપ્રાય હશે!' આવી રીતે **વત્સરાજ**ના પૂછવા ઉપરથી **યૌગંધરાયણ** મહામંત્રી બોલ્યો કે, 'મહારાજ, લતાની પેઠે તમારા શિકારના વ્યસનની પ્રખ્યાતિ આ જગતમાં ફેલાઈ ગઈ છે, તેનું આ કષાય અને તીક્ષ્ણ ફળ છે. તે **ચંડ**મહાસેન તમને રાગી માની, કન્યારત્નથી લોભાવી, પોતાના દેશમાં લઈ જઈ બાંધી પોતાને કબજે કરવા ઇચ્છે છે; માટે આપ વ્યસન છોડી દો. વ્યસનમાં લપટાએલા રાજાઓને શત્રુરાજાઓ ખાડમાં નાંખી, જેમ જંગલી હાથીને તાબે કરે છે તેમ પોતાને વશ કરે છે.†'

ઉપર મુજબ મંત્રીના કહેવા ઉપરથી **વત્સરાજે** **ચંડ**મહાસેન રાજા પાસે સામો દૂત મોકલ્યો, અને સંદેશો કહેવરાવ્યો કે,' જો તમારી પુત્રીને મારી શિષ્યા કરવાની ઇચ્છા હોય, તો તેને તમે અહિં મોકલો.' આવી રીતે સંદેશો કહેવરાવી, પછી **વત્સરાજે** મંત્રીઓને કહ્યું કે, 'ત્યાં હું જઇ

* ઉદયન ને વત્સરાજ તે એક જ નામ છે.

† રાજામાં આ અપલક્ષણ કહ્યાં છેઃ—મૃગયા, જુગાર, દિવસે નિદ્રા, પિશુન વચન, સ્ત્રીમાં રક્ત, દારુ પીવો, નૃત્ય, ગાન, વાદ્ય વગાડવું ને આળસમાં ભટકવું, એ આનંદનાં વ્યસન કહ્યાં છે. ક્રોધથી ઉત્પન્ન થતાં અપલક્ષણો આ છે;—પૈશુન્ય, બળાત્કાર, છળથી છેતરવુ, ઈર્ષ્યા, નાશ, પરાયી મીલકત પર તરાપ, કટુવચન ને મારામારી.



**ચંડ**મહાસેનને બાંધી અહીં પકડી લાવું.' આવું સાંભળી **યૌગંધરાયણ** નામના મોટા મંત્રીએ રાજાને કહ્યું કે, હે રાજન્! આ વાત બહુ મુસ્કેલ છે, અને એમ કરવું ઘટે પણ નહીં. તે રાજા પ્રભાવવાળો છે અને મૈત્રી કરવા યોગ્ય છે. તેની સાબીતીમાં તેની સઘળી વાત હું તમને કહી સંભળાવું છું.

## ચંડમહાસેનની કથા.

આ લોકમાં પૃથ્વીનું ભૂષણ **ઉજ્જયિની** નામની નગરી છે, જે ચૂનાથી ધોળા થયેલા મહેલોથી **અમરાવતીને*** હસતી હોય તેવી દેખાય છે. જે નગરીમાં કૈલાસ પર્વતમાં રહેવાનું છોડી દઈ **મહાકાલેશ્વર** મહાદેવ વસે છે.† તે નગરીમાં બધા રાજાઓમાં શ્રેષ્ઠ **મહેંદ્રવર્મા** નામનો એક રાજા હતો, તેનો પુત્ર **જયસેન** નામનો હતો, જે પણ તેના જેવો જ હતો. **જયસેનનો** પુત્ર રાજાઓમાં હસ્તી સરખો અને અપ્રતિમ બળવાળો **મહાસેન** નામનો થયો. તે રાજા પોતાનું રાજ્ય કરતી વખતે વિચાર કરવા લાગ્યો કે 'મને મારે લાયક ખડ્ગ નથી, અને કુલીન કાન્તા પણ નથી.' આવું વિચારી **મહાસેન** **ચંડીના** મંદિરમાં આવ્યો. ત્યાં દેવીનું આરાધન કરતો ઘણો કાળ નિરાહાર રહ્યો અને પોતાનું માંસ કાપી કાપી હોમ કરવા લાગ્યો. તેથી તેનાપર **ચંડિકા** દેવી પ્રસન્ન થયાં, અને સાક્ષાત્ મૂર્તિમાન્ કહેવા લાગ્યાં કે, 'હે પુત્ર! તારી ઉપર હું પ્રસન્ન થઈ છું. આ મારું ઉત્તમ ખડ્ગ લે અને આ ખડ્ગના પ્રતાપથી તું શત્રુઓથી જિતાઇશ નહી. વળી **અંગારક** અસુરની ત્રૈલોક્યમાં સુંદર **અંગારવતી** નામની કન્યા પણ તું પામીશ; અને હવે પછી તેં આ કર્મ અતિ ભયંકર કર્યું, તેથી **ચંડ**મહાસેન એવું તારું નામ પડશે,' એમ કહી દેવી અદૃશ્ય થઈ ગયાં. રાજાના સંકલ્પની સંપત્તિ થઈ, તેથી અત્યંત ખુશી ઉપજી; અને જેમ ઇન્દ્ર પાસે વજ્ર તથા **ઐરાવત** હાથી છે, તેમ દેવીએ આપેલું તે ખડ્ગ અને **નડાગિરિ** નામનો હાથી, એવી રીતે બે રત્નો તેની પાસે થયાં. તેના પ્રભાવથી સુખી થયેલો તે **ચંડ**મહાસેન રાજા એક દિવસ મૃગયા કરવા મોટા જંગલમાં નીકળી ગયો. ત્યાં દિવસે પિંડાકાર થયેલો રાત્રિના અંધકાર સરખો, મોટા કદનો એક ભયંકર વરાહ જોયો. આ રાજાનાં તીક્ષ્ણ બાણોથી પણ જેને ઘા નથી લાગ્યો, એવો તે વરાહ રાજાના રથને ચોટ કરી નાસી ગુફામાં ભરાઈ ગયો. રાજા પણ રથ છોડી દઈ ક્રોધ કરી, તેની પછવાડે પડ્યો. ત્યાં તેની સાથે ધનુષ સિવાય બીજું કાંઈ નથી, એવી રીતે રાજા પણ ગુફામાં પેઠો. દૂર ગયો ત્યાં એક સુંદર મોટું નગર દીઠું. તેથી વિસ્મય પામી, તેની અંદરની વાવડીના તટપર બેઠો. ત્યાં ધૈર્યને ભેદનારી, કામદેવનાં બાણ સરખી સો સહચરી સહિત ફરતી એક સુંદરી દીઠી. તે પણ પ્રેમરસ વરસાવનાર નેત્રથી રાજાને વારંવાર નિરખતી, હળવે હળવે પાસે આવી બોલી; 'હે મહાભાગ! તમે કોણ છો? અને અહીં શા માટે બેઠા છો? એમ પૂછવા ઉપરથી રાજાએ ખરેખરી વાત કહી સંભળાવી.' તે સાંભળી તે કન્યાનાં રાતાં બે નેત્રોથી આંસુની ધાર વહી અને હૃદયથી ધીરજ પણ વછૂટી. 'પછી તું કોણ છે? અને કેમ રડે છે?' એમ રાજાએ પૂછ્યું, ત્યારે કામદેવની

* દેવતાની નગરીનું નામ અમરાવતી છે.

† અર્થાત્ કૈલાસ કરતાં ઉજ્જયિની વધારે શ્રેષ્ઠ છે.

આજ્ઞાને અનુસરનારી તે બાળા બોલી કે, 'મહારાજ, અહીં જે વરાહ પેઠો તે **અંગારક** નામનો દૈત્ય છે, અને હું તેની **અંગારવતી** નામની કન્યા છું. એ મારો પિતા વજ્ર સરખા અંગવાળો છે, તેથી તેણે રાજાઓના ઘરથી આ સો રાજપુત્રીઓ લાવી મારો પરિવાર બનાવ્યો છે, અને આ મહાસુર શાપના દોષથી રાક્ષસ થયો છે. ઘણી તૃષ્ણા અને શ્રમથી આતુર હોવાને લીધે આજ તમને મળ્યા છતાં પણ છોડી દીધા છે. હાલમાં વરાહનું રૂપ છોડી દઈ, તે આરામ લે છે. જ્યારે સુઈ ઉઠશે, ત્યારે જરૂર કાંઈ તમારું વિપરીત કરશે. તમારું કલ્યાણ હું જોતી નથી, તેથી આ મારા સતાપથી ઊભરાએલા પ્રાણની પેઠે અ ુજળનાં બિંદુઓ વહી જાય છે.'

આવી રીતે **અંગારવતી**નાં સ્નેહાર્દ્ર વચન સાંભળી રાજા બોલ્યો કે, 'જો મારા ઉપર તારો સ્નેહ હોય તો આ મારું વચન માન. તારો પિતા જાગે ત્યારે તેની પાસે જઈ તારે રડવું. ખચ્ચીત તે તારા ઉદ્વેગનું કારણ પૂછશે, ત્યારે તારે કહેવું કે, 'હે પિતાજી! તમારા પ્રતાપથી હું સર્વાંશે સુખી છું, પણ કદાચિત્ કોઈ તમારો નાશ કરે તો મારી શી વલે થાય? આ મને મોટી ફીકર છે, તેથી રડું છું, એમ તારે તારા પિતાને કહેવું.' આમ કરવાથી આપણા બન્નેનું કલ્યાણ છે.' આવું રાજાનું વચન સાંભળી **અંગારવતી**એ તે વાત સ્વીકારી, અને રાજાનું અનિષ્ટ થવાની શંકાથી તેને ગુપ્ત રાખી, તે અસુરકન્યા સુતેલા પિતા પાસે ગઈ; જ્યારે તે દૈત્ય જાગ્યો, કે તે કન્યા રોવા લાગી. ત્યારે દૈત્ય બોલ્યો કે, 'હે પુત્રી! તું કેમ રડે છે?' પછી તે કન્યા બોલી કે; 'પિતાજી, તમને કોઈ મારી નાંખે તો મારી શી ગતિ થાય?' એવું કરગરીને કહ્યું ત્યારે દૈત્ય હસીને બોલ્યો કે, 'હે પુત્રી! મને કોણ મારનાર છે? મારું સર્વ અંગ વજ્રમય છે. ફક્ત મારા ડાબા હાથમાં છિદ્ર છે, (જેમાં મારું મૃત્યુ છે) તે તો હું ધનુષથી ઢાંકી રાખું છું.' આવી રીતે તે દૈત્યે પોતાની પુત્રીનું આશ્વાસન કર્યું. આ બધી વાત રાજા જ્યાં ગુપ્ત રહ્યો છે ત્યાં તેણે સાંભળી. પછી તરત દૈત્યે ઉઠી, સ્નાન કર્યું, અને મૌન રાખી મહાદેવની પૂજા કરવા માંડી. તે અરસામાં **ચંડમહાસેન** રાજા છૂપાઈ રહ્યો હતો, તે જાહેર થયો, અને એકદમ આવી ધનુષમાં બાણ ખેંચ્યું, અને દૈત્યને યુદ્ધ કરવા બોલાવ્યો. ત્યારે દૈત્યે ડાબો હાથ ઉંચો કરી તે રાજાને સાન કરી, કે જરાવાર થોભ. રાજાનું હસ્તલાઘવ ઘણું સારું હતું, તેથી તે જ ક્ષણમાં તે જ મર્મસ્થળમાં બાણ માર્યું. મર્મસ્થાનમાં પ્રહાર વાગવાથી તે મહાસુર **અંગારક** ભયંકર અવાજ કરી પૃથ્વી ઉપર પડી ગયો, અને જીવ નિકળતાં કહ્યું કે 'હું તરસ્યો છતાં જેણે મને માર્યો છે, તે જો દર વરસે મારું પાણીથી તર્પણ નહીં કરે તો તેના પાંચ મંત્રીઓ મરશે,' એમ કહી તે મરણ પામ્યો.

હવે તે **ચંડમહાસેન** રાજા તે દૈત્યની **અંગારવતી** કન્યાને લઈ ઉજ્જયિનીમાં આવ્યો, અને ત્યાં તેની સાથે લગ્ન કર્યું. એ રાજાને બે પુત્ર અવતર્યા છે. જેમાં એકનું નામ ગોપાલક અને બીજાનું નામ **પાલક** છે. એ પુત્ર જન્મ્યા ત્યારે રાજાએ ઈંદ્રોત્સવ કર્યો, તેથી ઈંદ્ર પ્રસન્ન થયો અને સ્વપ્નમાં રાજાને કહ્યું કે, 'મારી કૃપાથી તને એક અતિ લાવણ્યવતી પુત્રી જન્મશે.' તે પછી સમય આવ્યે રાજાને બીજી ચંદ્રની મૂર્ત્તિ સરખી વિધાતાએ ઘડેલી કન્યા અવતરી. ત્યારે આકાશવાણી થઈ કે, 'આ કન્યાનો પુત્ર કામદેવનો અવતાર અને વિદ્યાધરોનો અધિપતિ



થશે.' રાજાએ વિચાર્યું કે, આ કન્યા મને **વાસવે** (ઈંદ્રે) પ્રસન્ન થઈ આપી છે, તેથી આનું નામ તેને જ લગતું પાડવું જોઈએ; એવું ધારી **વાસવદત્તા*** નામ પાડ્યું. જેમ મથન કરવાની પહેલાં સમુદ્રના મધ્યવિષે લક્ષ્મીજી રહ્યાં હતાં, તેમ તે કન્યા હાલ પિતાને ઘેર રહી છે, અને તે કોઈ યોગ્ય વરને આપવાની છે.

મંત્રી રાજાને કહે છે, "હે દેવ! **ચંડમહાસેન** રાજાનો એવો પ્રતાપ છે. તેથી જેમ કિલ્લામાં રહેતો હોય તે જેમ ન જિતાય, તેમ આ પણ જિતી શકાય તેવો નથી. મહારાજ! એ કન્યા હમેશાં તમને અર્પણ કરવાને તે ઇચ્છે છે, પણ તે અભિમાની રાજા પોતાના પક્ષનો ઉદય જોવાને ઇચ્છે છે, (તેથી નમણું દર્શાવતો નથી) અને હું એમ માનું છું કે, એ **વાસવદત્તા**નું તમારે જ જરૂર પાણિગ્રહણ કરવું.' આવાં મંત્રીનાં વચનો સાંભળી, તરત **વાસવદત્તા**થી ચોરાયલા ચિત્તવાળો તે ઉદયન રાજા થઈ પડ્યો.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથામુખ લંબકને વિષે ત્રીજો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ચોથો.

## વત્સરાજની કથા. (ચલુ)

આ સમયે વત્સરાજના તે દૂતે **ચંડમહાસેન** રાજા પાસે જઈને પોતાના સ્વામીનો તેવી રીતે જ પ્રત્યુત્તર કહ્યો. તે રાજા દૂતનું વચન સાંભળી વિચારમાં પડ્યો કે, તે વત્સેશ્વર અભિમાની છે, અહીં તો નહીં આવે? કન્યાને પણ ત્યાં મોકલાય એમ નથી, કારણ તેમ કરવાથી હલકાઈ ગણાય, માટે તેને યુક્તિથી બંદી કરી હું જ અહીં લાવું. આવો વિચાર કરી મંત્રીઓની સલાહ લઈ પોતાના **નડાગિરિ** હાથી સરખો મોટો કૃત્રિમ હાથી કરાવ્યો, અને તેની અંદર વીર પુરુષોને બેસારી, તે યંત્રમય હાથી વિંધ્ય પર્વતની અટવીમાં મૂક્યો. હાથી બાંધવાના રસમાં આસક્ત થયેલા **વત્સરાજ**ના જે નોકરો, હાથીના શિકારની ભાળ માટે જંગલમાં ફરતા હતા, તેમણે છેટેથી આ હાથી જોયો,† કે તરત રાજા પાસે આવી વિનતિ કરી કે, "મહારાજ, વિંધ્યના વનમાં ફરતો

* અર્થાત્ ઈન્દ્રે આપેલી.

† આ નોકરો તે હાથી સમીપ ગયા નહીં, એટલા માટે કે તે પ્રાણી ખીજવાઈ જાય. જંગલી હાથીઓ મસ્ત હોય છે એથી ઈલીયડની સમાપ્તિ પછી ટ્રોજન વોરમાં આવા જ કૃત્રિમ અશ્વો બતાવ્યા ને પ્રાયમ ને તેના અનુચરો છેતરાયા, તેમાં જેટલો સંભવ હોય તેના કરતાં આમાં વધારે છે.

એક હાથી અમોએ જોયો છે. તેના જેવો ભૂલોકમાં બીજે કોઈ ઠેકાણે જોયો નથી. એનું શરીર આકાશમાં એવું તો વ્યાપી રહ્યું છે, કે જાણે જંગમ વિંધ્ય પર્વત ચાલ્યો આવતો હોય, તેવો તે દેખાય છે." આવી રીતનાં પ્રણિધિ પુરુષોનાં વચન સાંભળી રાજા રાજી થયો અને એ વધાઈ સાંભળવાથી ભાળ લાવનારાઓને લાખ સોના મહોરનું ઇનામ આપ્યું. નડાગિરિથી પણ શ્રેષ્ઠ તે હાથી જો હાથમાં આવે તો નક્કી ચંડમહાસેન રાજા મારે વશ્ય થાય, અને પોતાની મેળે જ આવી, મને વાસવદત્તા આપશે, આવી રીતે વિચારમાં ને વિચારમાં તેણે રાત્રિ ગાળી.

પહો ફાટતાં જ હાથી મેળવવાની મોટી ઉત્કંઠા હોવાથી પોતાના કારભારીઓએ ના કહ્યા છતાં, તે નહીં માનતાં, હાથીની ભાળ લાવનારા જ માણસોને આગળ કરી, વિંધ્યાટવીમાં તે ચાલ્યો. 'આ પ્રસ્થાનનું લગ્ન એવું આવ્યું છે, કે કન્યાનો લાભ થશે, પણ તેમાં બંધન થશે' એવું જોષીઓએ આગળથી જ કહ્યું હતું, પણ તે રાજાએ તે અવસરે કાંઈ વિચાર્યું નહીં, અને વિંધ્યાટવીમાં આવ્યો. એ હાથી ક્ષોભ પામી જાય, તો ક્યાંઈ આડો અવળો નાશી જાય, એવું ધારી વત્સરાજે પોતાની સેનાને છેટેથી જ ત્યાં આવવાની મના કરી દીધી. દૂતો જ જેને સહાય છે એવા વત્સરાજે મધુરી વીણા જ ફક્ત હાથમાં લીધી, અને પોતાના વ્યસન સરખી વિસ્તીર્ણ એવી તે અટવીમાં પેઠો. વિંધ્યના દક્ષિણ ભાગમાં પ્રણિધિ પુરુષોએ દૂરથી તે સાચા હાથી સરખો કૃત્રિમ હાથી દેખાડ્યો. તેને રાજાએ જોયો ત્યારે રાજા એકલો વીણા વગાડતો, અને તેને બાંધવાના ઉપાયોનો વિચાર કરતો, મધુર અવાજે ગાતો ગાતો નજીક ચાલ્યો. ગાયન ગાવામાં તેનું ચિત્ત હતું અને સંધ્યાકાળ થઈ જવાથી જલવજલ અંધારું પણ થઈ ગયું હતું; તેથી તે વનનો હાથી કપટનો બનેલો છે, એમ જાણવામાં ન આવ્યું. તે હાથી પણ જાણે ગાયનમાં રસ પડતો હોય તેમ ઉંચા નીચા કાન કરી પાસે આવી આવી છેટે જાય છે, એમ કરવા લાગ્યો. એવી રીતે રાજાને દૂર લઈ જઈ અકસ્માત્ તે કૃત્રિમ હાથીમાંથી શસ્ત્ર સજેલા વીરો નિકળ્યા અને વત્સરાજાને ઘેરી લીધો. તે જોઈ રાજાને ક્રોધ ચડ્યો, તેથી એકદમ છરી કાઢી સામેના યોધાઓ સાથે લડવા લાગ્યો. તેવામાં પાછળથી બીજાઓએ આવી તેને પકડી લીધો. તે વીરોએ બીજા પણ કેટલાએક સિપાઇઓ સાથે સંકેત કરી રાખ્યો હતો, તેથી તે પણ ત્યાં આવી પહોંચ્યા અને તે વત્સેશ્વરને ચંડમહાસેન પાસે લઈ ગયા. ચંડમહાસેન પોતાના દરબારમાંથી નિકળી સામો આવી તે વત્સરાજની સાથે ઉજ્જયિની નગરીમાં પેઠો. નવીન આવેલા વત્સરાજને, નેત્રને આનંદ આપનાર ચંદ્રની પેઠે ગામનાં માણસોએ અપમાનથી કલંકિત થયેલો જોયો. પછી આ વત્સરાજના ગુણોમાં સ્નેહ થવાને લીધે શહેરની વસ્તીને શંકા ઉપજી કે, જરૂર આને ચંડમહાસેન મારી નાંખશે. આવું લોકોનું બોલવું સાંભળી ચંડમહાસેને પ્રજાને કહ્યું કે, 'તમે શાને વિચાર કરો છો? હું કાંઇ વત્સરાજને મારવાનો નથી. પણ આ વત્સેશ્વરની સાથે સંધિ કરવાનો છું.' ત્યાર પછી રાજાએ સંગીત વિદ્યા શિખવવા સારુ પોતાની પુત્રી વાસવદત્તાને વત્સરાજને સ્વાધીન કીધી; અને કહ્યું કે, 'હે રાજકુળદીપક, ! તમે અહીં રહીને આ બાળાને સંગીત શિખવો; આમ કરવાથી તમારું ભલું થશે. કશો ખેદ કરો મા.' તે કન્યાને જોઈ વત્સરાજનું મન એવું તો



સ્નેહથી લદબદ થઈ ગયું કે, જેથી તેના મનમાં ક્રોધ ભરાયો નહિ. તે કન્યાનાં પણ નેત્ર અને મન વત્સરાજ ઉપર, સાથે જ ચોંટી ગયાં, પણ શરમ આવવાને લીધે આંખ તો પાછી વળી, પણ મન પાછું વળ્યું નહીં. હવે વત્સરાજ વાસવદત્તાને ગવરાવતો સંગીતશાળામાં તે સામી જ નજર રાખી રહ્યો. તેના ખોળામાં વીણા, કંઠમાં રાગ અને સામે વાસવદત્તા બેઠેલી છે, તેથી તેને મનમાં ઘણો વિનોદ થયો. તે (સાંકળથી) બંધાએલો છે, છતાં અખંડિત લક્ષ્મી જેમ તેની સેવા કરે, તેમ તેમાં જ એક ચિત્ત રાખી વાસવદત્તા તેની તાબેદારી કરવા લાગી.

એવામાં વત્સરાજનાં માણસો કૌશાંબીમાં પહોંચી ગયાં અને રાજાના પકડાયાની ખબર આપી, તેથી આખા દેશમાં ખળભળાટ થઈ રહ્યો. સર્વેએ ઉજ્જયિનીને ઘેરો ઘાલવાની તૈયારી કરી. વત્સેશ્વર ઉપર સ્નેહ હોવાને લીધે ક્રોધ પામેલી વસ્તીને રુમણ્વાન મંત્રીએ શાંત કરી કહ્યું કે, 'ચંડમહાસેન મોટો રાજા છે, તે આમ બળ કરવાથી નહીં જિતાય, અને આમ કરવાથી વત્સરાજના શરીરને વખતે નુકશાન પહોંચશે, માટે એકદમ ઘેરો ઘાલવો વાજબી નથી. આ કામ તો બુદ્ધિથી સિદ્ધ કરવાનું છે.' રાજા તરફ સારુ વલણ ધરાવનારી સ્નેહાળ પ્રજાને જોઈ, ધૈર્યવાન્ યૌગંધરાયણ મંત્રી રુમણ્વાન આદિ મંત્રીઓને કહેવા લાગ્યો, 'તમારે સઘળાએ પૂરતી તૈયારીમાં અહીં જ રહી, દેશની રક્ષા કરવી, અને વખત આવ્યે પરાક્રમ દેખાડવું. હું વસંતકને સાથે લઈ ત્યાં જાઉં છું. મારી બુદ્ધિથી વત્સરાજને છોડાવી અહીં લાવીશ, એમાં સંશય. કરતા નહિ.

'જળનો આઘાત થવાથી વિજળીના અગ્નિની કાંતિ જેમ વધે છે, તેમ જેની બુદ્ધિ આપત્કાળમાં ઉદય પામે છે, તે જ ધીર પુરુષ જાણવો. કિલ્લો તોડવાના ઉપાયો, બેડી ભાંગવાના પ્રકારો અને અદર્શનના પ્રયોગો પણ જે જે ઉપયોગી છે, તે હું સારી રીતે જાણું છું,' એમ કહી પ્રજાને રુમણ્વાનના હાથમાં સોંપી, યૌગંધરાયણ વસંતકને સાથે લઈ કૌશાંબીથી નિકળી પડ્યો. સત્વથી* યુક્ત પોતાની બુદ્ધિમાં જેમ પ્રવેશ કરે અને દુર્ગમ† નીતિમાં જેમ પેસે તેમ વિંધ્યાટવીમાં તે પેઠો. પછી વિંધ્ય પાસે રહેનાર વત્સરાજનો મિત્ર પુલિંદક નામે ભિલ્લનો રાજા હતો, તેને ઘેર તેઓ ગયા, અને તેને કહ્યું કે, 'આ રસ્તે જો વસત્રાજ આવે તો તેની મદદ વાસ્તે તારે ઘણા લશ્કરની સાથે સજ્જ થઈ રહેવું પડશે.' એમ તૈયાર રહેવા તેને કહી વસંતકની સાથે યૌગંધરાયણ આગળ ચાલ્યો. પછી અંતે તે ઉજ્જયિનીમાં માંસના ગંધ સરખા ગંધાતા, અત્યંત કાળા ચિતાના ધૂમાડા સરખા તથા વૈતાળોથી વિટાએલા મહાકાલેશ્વરના સ્મશાનમાં તે આવી પહોંચ્યો. ત્યાં યૌગંધરાયણનાં દર્શનથી પ્રસન્ન થયેલો યોગેશ્વર નામનો એક બ્રહ્મરાક્ષસ મિત્રતા કરવા સારુ ત્યાં આવ્યો; અને તેણે રૂપ પરાવર્તનની યુક્તિ બતાવી. તે પ્રમાણે યૌગંધરાયણે તરત પોતાનું રૂપાંતર કર્યું. જલદીથી તે કુબડો, વિકૃતિવાળો, વૃદ્ધ, ઉન્મત્ત સરખા વેષવાળો,

* સત્વ એટલે ધીરજથી યુક્ત બુદ્ધિ અને અટવીના પક્ષમાં સત્વ એટલે પ્રાણી.

† દુર્ગમ એટલે જેમાં પ્રવેશ કરવો મુશ્કેલ થઈ પડે એવી. બન્ને પક્ષમાં આ અર્થ ઘટે છે.

ટાળવાળો અને હાસ્ય ઉપજાવે એવા શરીરવાળો થઈ રહ્યો. તે જ યુક્તિથી તેણે વિકૃતાકાર મોઢું, વિકરાળ દાંત અને જેમાં નસોડાં દેખાય છે એવા મોટા પેટવાળું વસંતકનું રૂપ પણ કર્યું. તે પછી પ્રથમ વસંતકને રાજભવનના દ્વારમાં મોકલ્યો; અને તેવે જ રૂપે યૌગંધરાયણ ઉજ્જયિનીમાં પેઠો. ગામમાં નાચતો, ગાતો અને ગામનાં છોકરાંઓથી ઘેરાએલો સર્વ માણસોએ તેને જોયો. આવા બેડોળ રૂપથી તે દરબારમાં પેઠો અને રાજાના અંતઃપુરના જનોમાં કૌતુક કરવા લાગ્યો. પછી ધીમે ધીમે વાસવદત્તાને કાને એ વાત આવી, એટલે તેણે તરત દાસીને મોકલી આ કુબડાને સગીતશાળામાં બોલાવ્યો. આ તો નક્કી છે કે, ચડતી યુવાનીમાં ઠઠ્ઠા મશ્કરી ઉપર મનુષ્યને ઘણો પ્યાર હોય છે. પછી યૌગંધરાયણ ગાંડા માણસના જેવો પોશાક પહેરી આંખોમાંથી ખરતે આંસુએ ત્યાં ગયો. ત્યાં તેણે વત્સરાજને બેડીથી બંધાયેલો જોયો. 'હું આવ્યો છું' એવું સૂચવવા તેણે વત્સરાજને સાન કરી, ત્યારે રાજાએ છાને વેષે આવેલો તેને ઓળખી કાઢ્યો. તે પછી વાસવદત્તા અને તેની દાસીઓ પોતાને ન જોઈ શકે તેવી સ્થિતિમાં યુક્તિથી યૌગંધરાયણ ત્યાં રહ્યો. ફક્ત રાજા જ તેને જોઈ શકતો હતો. પછી તે સર્વ સ્ત્રીઓ વિસ્મય પામી કે, અકસ્માત્ આ ગાંડો માણસ ક્યાં ગયો? એમ અન્યોઅન્ય પૂછવા લાગી. વત્સરાજે આ વાત સાંભળી અને યૌગંધરાયણને તો પોતાની પાસે જ ઉભેલો જોયો ત્યારે વિચાર્યું કે યોગબળે કરીને આવી રીતે એ રહી શકે છે. પછી યુક્તિથી વાસવદત્તાને વત્સરાજે કહ્યું કે 'હે વાસવદત્તા! તું અહીંથી જઈ સરસ્વતીની પૂજાનો ઉપચાર લઈ આવ.' આવું સાંભળી વાસવદત્તા સાહેલીઓ સમેત ત્યાંથી નિકળી ગઈ. એ સમયમાં જેમ મળવું ઘટે તે પ્રમાણે નજીક આવી યૌગંધરાયણે વત્સેશ્વરને બેડી તોડવાના પ્રયોગો બતાવ્યા, અને બીજા પણ વીણાની તંત્રીમાં જોડેલા વશીકરણના પ્રયોગો રાજાને શીખવ્યા. તે પછી વિનતિ કરી કહ્યું કે, 'મહારાજ, વસંતક પણ અહીં આવ્યો છે. તે રૂપાંતર ધરી બારણે ઉભો છે, માટે તે બ્રાહ્મણને નજીક બોલાવો. જ્યારે આ વાસવદત્તા તમારો વિશ્વાસ કરે, ત્યારે હું કહું તેમ કરજો; હાલ ખામોશી ધરી રહો.' એવું કહી યૌગંધરાયણ ત્યાંથી તરત નિકળી ગયો. એટલામાં વાસવદત્તા પણ પૂજાનો સરસામાન લઈ ત્યાં આવી પહોંચી. ત્યારે વત્સરાજે કહ્યું કે, 'બારણા બહાર એક બ્રાહ્મણ ઉભો છે, તેને અહીં બોલાવો, કારણ કે આપણે સરસ્વતીનું પૂજન કરી તેને દક્ષિણા આપીશું.' તે વાત સ્વીકારી વાસવદત્તાએ બહારથી તે કદરૂપા આકારવાળા વસંતકને તેડાવી મંગાવ્યો. જ્યારે તે આવ્યો ત્યારે વત્સેશ્વર સામું જોઈ શોકથી રડવા લાગ્યો. પછી પ્રતિભેદ ન થવા (પોગળ ન વર્તાવા) સારુ રાજાએ તેને કહ્યું કે, 'હે બ્રાહ્મણ, આ સર્વ તારું રોગથી થએલું વિરૂપપણું હું નિવારણ કરીશ, તું ડર મા, ને અહીં મારી પાસે રહે.' ત્યારે, 'મહારાજ, મોટી કૃપા!' એમ કહી વસતક ત્યાં રહ્યો. તેનું કુબડું ગાત્ર જોઈ રાજાને જરા હસવું આવ્યું. તે જોઈ રાજાનો અભિપ્રાય જાણી લઈ તે વસંતક પણ અધિક વિરૂપ રૂપ કરી હસવા લાગ્યો. રમકડાં સરખા હસતા તે બ્રાહ્મણને જોઈ વાસવદત્તા પણ હસવા લાગી, અને સંતોષ પામી ત્યારે તે હાંસીમાં વસંતકને પૂછવા લાગી કે, 'ભટજી મહારાજ! તમે કંઈ વિદ્યા ભણ્યા છો? ભણ્યા હો તો તે કહી બતાવો.' 'રાજબાળા!' તે બ્રાહ્મણ બોલ્યો; 'હું વાર્તા કહી જાણું છું.'



ત્યારે વાસવદત્તાએ કહ્યું 'ચલાવ ત્યારે એકાદી વાર્તા!' પછી તે રાજપુત્રીને રાજી કરતો વસંતક હાસ્ય અને વિચિત્ર રસવાળી નીચેની કથા કહેવા લાગ્યો:–

## લોહજંઘની કથા.

શ્રીકૃષ્ણના જન્મનું સ્થાન મથુરા નામની નગરીમાં રૂપણિકા નામની એક વેશ્યા રહેતી હતી. તેની મકરદંષ્ટ્રા નામે વૃદ્ધ, કુટ્ટિનીનું કર્મ કરનારી મા હતી. રૂપણિકાના ગુણોથી ખેંચાતા તરુણ પુરુષોની દૃષ્ટિમાં ઝેર સમાન તે મકરદંષ્ટ્રા હતી. કોઈ દિવસે પૂજાને સમયે પોતાના નિયોગને માટે રૂપણિકા દેવ મંદિરે ગઈ. ત્યાં દૂરથી એક પુરુષને તેણે જોયો. તે ભાગ્યશાળી પુરુષને જોતાંવાર તેના હૃદયમાં ચટકો લાગ્યો, જેથી તેની માતાએ કરેલા ઉપદેશો તેના હૃદયમાંથી નિકળી ગયા. તેથી મોહવશ થયેલી રૂપણિકાએ દાસીને કહ્યું, 'મારું માની એ પુરુષ પાસે તું જા; અને કહે કે અમારે ઘેર તમે આજે પધારજો.' આ સાંભળી તે દાસીએ તે પુરુષ પાસે જઈ તે સંદેશો કહ્યો. તે સાંભળી તે પુરુષ કાંઇક વિચારમાં પડ્યો, અને તે દાસીને કહેવા લાગ્યો, 'હું લોહજંઘ નામનો બ્રાહ્મણ છું, મારી પાસે કાંઈ ધન નથી; તો પૈસાદાર લોકોથી જ જવાય એવા રૂપણિકાના ઘરમાં હું કોણ?' ત્યારે તે દાસી બોલી; 'મારી શેઠાણીને તમારી પાસેથી કાંઈ ધન લેવાની ઇચ્છા નથી.' એમ કહેવા ઉપરથી લોહજંઘે તે વાત માન્ય રાખી. પછી દાસીના મોઢાંની હકીકત સાંભળી મોટા ઉત્સાહથી રૂપણિકા પોતાને ઘેર ગઈ, અને તે બ્રાહ્મણના આવવાની ઉત્કંઠિત હૃદયે વાટ જોતી બેઠી. લોહજંઘ પણ તરત તેને ઘેર આવ્યો. 'આ દરિદ્ર તે ક્યાંથી આવ્યો,' એવી રીતે કુટ્ટિની મકરદંષ્ટ્રાએ કહ્યું, પણ તે વચનને કોઇએ ગણકાર્યું નહીં. રૂપણિકા તેને જોઈ ઘણા પ્રેમાનંદથી ઉભી થઈ, પછી તેના કંઠમાં કોમળ હસ્ત નાંખી, તેને પોતાના વિલાસભુવનમાં લઈ ગઈ. ત્યાં લોહજંઘના સૌભાગ્યની સંપત્તિથી વશ થયેલી રૂપણિકાએ તેના પ્રેમ શિવાય પોતાના જન્મનું બીજું કાંઈ સાફલ્ય માન્યું નહીં. તે એવી તો તેનામાં આસક્ત થઈ હતી કે, બીજા પુરુષોને આવવાની તદ્દન ના કહી, તેથી તે બ્રાહ્મણ ઘણી ખુશીની સાથ તેના ઘરમાં રહ્યો. સર્વ વેશ્યાઓને શિખવનારી મકરદંષ્ટ્રા લોહજંઘને જોઈ દિલગીર થઈ અને રૂપણિકાને એકાંતમાં બોલાવી કહેવા લાગી કે, 'રે છોકરી! આ નિર્ધન જુવાનનું સેવન તું કેમ કરે છે? સજ્જનો શબનો સ્પર્શ કરે છે, પણ ગણિકા નિર્ધનનો સ્પર્શ કરતી નથી. રે છોકરી! પ્રેમ તે ક્યાં અને વેશ્યાપણું તે ક્યાં? એ તું કેમ ભૂલી ગઈ. વેશ્યા તો સંધ્યાની પેઠે ક્ષણમાત્ર રાગવાળી * હોય છે, પણ ઘણો રાગ રાખે તે શોભે નહીં. પૈસા વાસ્તે ગણિકાએ નટીની પેઠે કૃત્રિમ પ્રેમ દેખાડવો જોઇએ. માટે આ નિર્ધનને છોડી દે ને તું તારા સ્વાર્થનો નાશ કર મા.' આ રીતનાં માતાનાં વચન સાંભળી ગુસ્સે થઈ રૂપણિકા બોલી; 'હે મા! તું એમ મા બોલ. એ મને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે. મારે ધન ઘણુંએ છે, બીજા વધારે ધનનું શું કામ છે? માટે ફરીથી હવે તારે મારી પાસે આ વાત કાઢવી નહીં.' આ સાંભળી ક્રોધથી ભરાઇ ગયેલી મકરદંષ્ટ્રા તે લોહજંઘને કેમ કાઢવો, તેનો વિચાર કરવા લાગી.

* રાગ એટલે પ્રેમ ને રાગ એટલે રંગ.

એક દિવસ માર્ગમાં મકરદંષ્ટ્રાએ ક્ષીણ થએલા ખજાનાવાળો અને શસ્ત્રબંધ સિપાઈઓથી વિંટાએલો એક રજપૂત જોયો. તેની પાસે જઈ તેને એકાંતમાં તેડી તે કહેવા લાગી કે, 'એક નિર્ધન કામુકે મારું ઘર ઘાલ્યું છે, માટે તું મારી સાથે ચાલ અને એવો ઉપાય કર કે, તે મારા ઘરમાંથી નિકળી નાસે. પછી તું મારી પુત્રી રૂપણિકાને સુખ આપજે.' એ વાત સ્વીકારી તે રજપૂત તેના ઘરમાં આવ્યો. એ વખતે રૂપણિકા દેવદર્શને ગઈ હતી, અને લોહજંઘ પણ તે વખતે ક્યાંઈ બાહેર ગયો હતો. થોડી વાર પછી લોહજંઘ ત્યાં બેધડક ચાલ્યો આવ્યો. તત્ક્ષણે રજપૂતના માણસોએ એકદમ દોડી લાત અને મૂઠીથી તેનાં સર્વ અંગ દોદરાં કરી નાંખ્યાં અને પછી ઉકરડાના ખાડામાં તેને ફેંકી દીધો; જ્યાંથી માંડ માંડ લોહજંઘ નાસી છૂટ્યો. પછી રૂપણિકા ઘેર આવી ને તેના જાણવામાં આ વાત આવ્યાથી તે ઘણા શોકમાં નિમગ્ન થઈ ગઈ. તેને એવી દશામાં જોઈ રજપૂતભાઈ જેમ આવ્યા હતા તેજ રીતે ચાલી નિકળ્યા.

કુટ્ટિનીએ જોરાવરીથી બાહેર કાઢેલો લોહજંઘ, રૂપણિકાના વિયોગના દુઃખથી પ્રાણ તજવાને તીર્થયાત્રા જવા નિકળ્યો. જગલમાં જતાં, હૃદયમાં કુટ્ટિની ઉપર ક્રોધથી અને બાહેર ચામડી ઉપર ગ્રીષ્મ ઋતુના ઉગ્ર તડકાથી તપી, છાયાની ઇચ્છા કરતો આમતેમ રખડ્યો, પણ તેણે ક્યાંઈ ઝાડ જોયું નહીં. ફરતાં ફરતાં એક હાથીનું, મડદું અંદરનું માંસ ખાઈ જઈ શિયાળિયાંઓએ ખોખુ કરી મૂક્યું હતું, તે તેના જોવામાં આવ્યું, એટલે તે તેમાં નીચેના દ્વારથી પેઠો. એ ચાંમડું પવન આવવાથી થંડુ થઈ ગયું હતું, તેથી તેમાં પેસી તે નિદ્રા લેવા મડ્યો. એવામાં એકાએક ચોમેર વરસાદ વરસવા લાગ્યો. મેઘની ઘણી ધારા પડવાથી તે હાથીનાં ચાંમડાનું ખોખું ભીંજાઈ બીડાઈ ગયું. પુષ્કળ વરસાદ વરસવાથી તે જ માર્ગે થોડી વારમાં જળનો મોટો પ્રવાહ વહેવા લાગ્યો. તે પ્રવાહમાં પેલું હાથીનું ખોખું તણાઈ ગંગામાં પડ્યું, અને ગંગાના વેગથી તે સમુદ્રમાં ધસડાઈ ગયું. કર્મસંજોગે ગરુડના વંશના કોઈ પક્ષીએ તે દીઠું, 'અને આ માંસ છે,' એવું જાણી તેને ઉપાડી સમુદ્રને પેલે પાર લઈ જઈ મૂક્યું.* જ્યારે ચાંચવતી તે ચર્મ તોડી તે ગરુડે જોયું તો જણાયું કે, આ તો હાથીનું ચામડું છે અને તેમાં એક માણસ રહેલું છે. એ જોઈ પક્ષી તરત ઉડી ગયું. પક્ષીના સંચારવથી નિદ્રામાંથી જાગૃત થએલો લોહજંઘ, જ્યાં પક્ષીએ ચાંચે કરી ચામડું ચીરી રસ્તો કર્યો હતો ત્યાંથી તે બાહેર નિકળ્યો. સમુદ્રને કાંઠે તે પોતે પડ્યો છે, એવું જોઈ તે વિસ્મય પામ્યો અને આ તો નિદ્રા વિના સ્વપ્નું આવ્યું કે શું, એમ તે માનવા લાગ્યો.

આ રીતે જ્યારે લોહજંઘ ભયાકુળ થયો હતો, તેવામાં ત્યાં તેણે બે રાક્ષસો દીઠા. તે બેઉ રાક્ષસ પણ તેને છેટેથી જોઈ ચકિત થઈ ગયા. રામથી પોતાના કુળનો પરાભવ થયો હતો, તે વાત તે રાક્ષસોને તુરત યાદ આવી, અને આ માણસ પણ સમુદ્ર ઉલ્લંઘી અહીં આવેલો છે, એવું વિચારી તેઓ દિલમાં ડરી ગયા. વિચાર કરી તે બેમાંથી એક, વિભીષણ રાજા પાસે ગયો અને

* એરેબીયન નાઈટ્સમાં સીનબાદ ખલાસીની વાર્તામાં તથા ત્રણ ફકીર ને બગદાદની તરુણીઓની વાર્તામાં ત્રીજા ફકીરે આને મળતી જ હકીકત કહી છે. તેમાં રોક પક્ષી જણાવેલું છે.



જે પ્રમાણે પોતે જોયું હતું, તે પ્રમાણે કહી સંભળાવ્યું. વિભીષણે રામનો પ્રતાપ જોયો હતો, માટે તે પણ મનુષ્યના આવવા ઉપરથી ડરી ગયો, અને તે રાક્ષસને કહેવા લાગ્યો કે, 'હે ભદ્ર! તું મારી આજ્ઞાથી જા, અને તે માણસને સ્નેહભાવે કહે કે, અમારે ઘેર પધારવા કૃપા કરો.' આ સાંભળી રાક્ષસ સમુદ્ર તટે બ્રાહ્મણ પાસે આવી, પ્રાર્થના વચન બોલ્યો કે, 'આપ અમારે ઘેર પધારવા કૃપા કરો.' શાંતબુદ્ધિવાળો લોહજંઘ તે વચન સ્વીકારી તે જ રાક્ષસની સાથે લંકામાં આવ્યો. ત્યાંના સોનાના મહેલ જોઈ વિસ્મય પામેલો તે રાજદરબારમાં આવ્યો અને પછી વિભીષણને જોઈ આશીર્વાદ દીધો. વિભીષણે પણ યોગ્ય આદરાતિથ્ય કીધું અને પૂછ્યું, 'હે દ્વિજ! આ જગોએ આપ કેમ પધાર્યા છો' ? તે વિદગ્ધ લોહજંઘે વિભીષણને ઉત્તર દીધો કે, 'હું મથુરાનો રહીશ લોહજંઘ નામનો બ્રાહ્મણ છું. મારા ઘરમાં દરિદ્ર દોડાદોડ કરતું હોવાને લીધે મેં દેવ મંદિરમાં જઈ નિરાહાર રહી, નારાયણની ઉપાસના કીધી. ત્યારે સ્વપ્નમાં ભગવાને આવી મને કહ્યું કે, 'તું વિભીષણ પાસે જા; તે મારો ભક્ત તને પુષ્કળ ધન આપશે.' ત્યારે મેં કહ્યું કે 'હું ક્યાં ? અને વિભીષણ ક્યાં ?' આવું કહેવા ઉપરથી તે પ્રભુએ કહ્યું કે 'જા આજેજ તું વિભીષણને મળીશ.' એવાં હરિનાં વચન પછી હું જાગી ઉઠ્યો, તેવામાં આ સમુદ્રને પાર આવી પડેલો છું. બીજું તો હું કશુંએ જાણતો નથી.'

આ પ્રમાણેનાં લોહજંઘનાં વચન સાંભળી, વિભીષણે વિચાર્યું કે, આ લંકામાં બીજા કોઇ કાચાપોચાથી આવી શકાય તેમ નથી, માટે જરૂર આ દિવ્ય પ્રભાવનો પુરુષ છે.. પછી તે બ્રાહ્મણને કહ્યું, 'ઉભા રહો, હું તમને ધન આપું છું,' એમ કહી, મનુષ્યોનો નાશ કરવાળા રાક્ષસોથી આ ભક્ષણ થઈજાય એમ નથી, એમ જાણી તેને ત્યાં રાખ્યો. પછી સુવર્ણમૂળ નામના પર્વતમાંથી રાક્ષસોને મોકલી, ગરુડના વંશમાં જન્મેલું એક પક્ષીનું બચ્ચું મંગાવ્યું અને મથુરામાં જવાની ઇચ્છાવાળા બ્રાહ્મણને તે સોંપ્યું લોહજંઘ પણ લંકામાં તે પક્ષી ઉપર બેસી સેહેલ કરવા લાગ્યો. વિભીષણનાં સન્માનથી કેટલોએક વખત તે ત્યાં રહ્યો. એક દિવસ કૌતુક થવાથી રાક્ષસોના રાજા વિભીષણને લોહજંઘે પૂછ્યું કે, 'આ લંકામાં બધી પૃથ્વી કાષ્ઠની કેમ દેખાય છે ?' તે સાંભળી વિભીષણ બોલ્યો કે, 'હે બ્રાહ્મણ ! જો આ વાત જાણવાની તને ઇચ્છા હોય તો તે તને હું કહું છું તે સાંભળઃ–

'પૂર્વે કશ્યપના પુત્ર ગરુડ પાસે પ્રતિજ્ઞા પ્રમાણે પ્રાપ્ત થયેલી નાગની માતાને દેવ પાસે વેચી, તેના બદલામાં અમૃત લેવા ગરુડ તૈયાર થયો. બળ વધારવા માટે ભક્ષ્યની ઇચ્છા થવાથી તે ગરુડ પોતાના પિતાની પાસે ગયો. ત્યાં આગળ ભોજન પદાર્થ માગવા ઉપરથી તેના પિતા કશ્યપે કહ્યું, 'હે પુત્ર! શાપથી પડેલો મોટો હાથી, અને કાચબો સમુદ્રમાં પડ્યા છે, તે લઈને તું ખા.' તે ઉપરથી ગરુડ ત્યાં જઈ બન્નેને લઈ એક મોટા કલ્પવૃક્ષની શાખા ઉપર બેઠો. ત્યારે તેના ભારથી તે ડાળ તૂટી પડી. તેની નીચે તપશ્ચર્યા કરવા બેઠેલા વાલખિલ્ય મુનિ ચંપાઈ જવાના કારણથી તે ડાળી ગરુડે પોતાની ચાંચમાં પકડી લીધી. પિતાએ કહ્યું કે, 'આ ડાળ જ્યાં ત્યાં નાંખવાની નથી, કારણ કે તેના ભારથી દબાઈ લોકો મરી જશે, માટે આને તું જળમય જગ્યા જોઈ મૂકજે.'

આમ કહેવા ઉપરથી ગરુડે તે શાખા અહીં આવી નિર્જન પ્રદેશમાં મૂકી, અને તેની ટોચ ઉપર **લંકા** વસાવી છે, અને તેથી આ પૃથ્વી કાષ્ઠમય દેખાય છે.'

**વિભીષણ** પાસેથી આ રીતની આખ્યાયિકા સાંભળી, **લોહજંઘ** પ્રસન્ન થયો. પછી **વિભીષણે** તે બ્રાહ્મણને અમૂલ્ય રત્નો આપ્યાં, અને **મથુરેશજી** પ્રભુને માટે ભક્તિ દર્શાવવા સોનાનાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ આપ્યાં. એ સઘળું લઈ, **વિભીષણે** સોંપેલા લાખ યોજન ચાલનારા પક્ષી ઉપર સ્વાર થઈ **લોહજંઘ** આકાશ માર્ગે ઉડી **લંકાનો** સમુદ્ર ઓળંગી સુખરૂપ **મથુરામાં** આવ્યો. ત્યાં આવી બહારની ઉજ્જડ વાડીમાં આકાશમાંથી ઉતરી તે રત્નનો ઢગલો એક ઠેકાણે રાખ્યો અને તે પક્ષીને બાંધી રાખ્યું. તે પછી બજારમાં જઈ ઝવેરીની દુકાને જઈ પોતાની પાસેના રત્નમાંથી એક રત્ન વેચ્યું અને તે દ્રવ્યમાંથી વસ્ત્ર, ભોજન અને અંગરાગ વગેરે ખરીદ કર્યાં. પછી તે વાડીમાં પાછો આવી ત્યાં જ પોતે ભોજન કીધું ને તે **ગરુડ** પક્ષીને પણ ખવરાવ્યું. પછી પોતે વસ્ત્ર, અગરાગ અને પુષ્પના શણગાર સજ્યા. રાત્રિના તે પક્ષી ઉપર બેસી, **રૂપણિકાના** ઘર ઉપર શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરી તે આવ્યો. તે વેશ્યાના વિલાસસ્થાનને પોતે સારી રીતે જાણતો હતો, તેથી ઘર ઉપર ઉભો રહી એકાંતમાં રહેલી રૂપણિકાને સંભળાવવા તેણે ગંભીર શબ્દ કર્યો. એ શબ્દ સાંભળી રૂપણિકા બાહેર આવી અને જુવે છે તો નારાયણના સરખાં આભૂષણ ધારણ કરનાર, રત્નોથી શોભાયમાન થયેલા, દિવ્ય દેહીને દીઠા. પછી **લોહજંઘ** બોલ્યો 'હું હરિ છું ને તારા કલ્યાણ માટે આવેલો છું.' એ પ્રમાણે કહેવાથી રૂપણિકા દંડવત્ કરીને બોલી 'હે દેવ! કૃપા કરી પધારો.' લોહજંઘ તુરત આકાશમાંથી ઉતર્યો, અને તે પક્ષીને બાંધ્યું. પછી રૂપણિકા સાથે તેના ઘરમાં ગયો. ત્યાં અનેક પ્રકારની મોજમજા કરી પાછલી રાત્રિના ત્યાંથી નિકળી તે પક્ષી ઉપર બેસી આકાશ માર્ગે ચાલતો થયો.*

આ બનાવ બનવાથી રૂપણિકાના મનમાં આવ્યું કે, હું વિષ્ણુની સ્ત્રી દેવી છું, માટે હવે મારે મનુષ્યોની સાથે બોલચાલ રાખવાની જરૂર નથી,- એવું માની પ્રભાત પડતાં મૌન ધરી રહી. ત્યારે તેની માતા **મકરદંષ્ટ્રાએ** પૂછ્યું, 'હે પુત્રિ! આજ આમ તું કેમ વર્તે છે? જેવું હોય તેવું કહે.' માતાના ઘણા આગ્રહથી તેની વચમાં લુગડાનો પડદો ધરી મૌન ધરવાના કારણમાં રાત્રિનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. જ્યારે એ કુટ્ટિનીએ તેનું કહેવું સાંભળ્યું ત્યારે તેને શંકા ઉપજી; પણ પછી બીજી રાત્રિએ ધ્યાન રાખી પોતે જોયું, ત્યારે પક્ષી ઉપર બેઠેલા દેવને દીકરીના કહ્યા પ્રમાણે જ નિરખ્યા, ત્યારે ખાતરી થઈ. પ્રભાત થતાં પડદામાંથી બાહેર આવી એકાંતમાં રૂપણિકાને **મકરદંષ્ટ્રાએ** કહ્યું, 'હે પુત્રિ! દેવના અનુગ્રહથી તું અહીં દેવીપણું પામી છો, પણ હું તારી મા છું, તો દીકરી તરફથી મને પણ કાંઈ પણ ફળ મળવું જોઇએ. હું વૃદ્ધ થઈ છું, તેથી હવે આ જ દેહે સ્વર્ગમાં જાઉં, તેમ તું તારા પતિ દેવને વિનતિ કર અને મારી ઉપર કૃપા કરાવ.' આ વાત સ્વીકારી રાત્રિને સમયે દેવ પાસે રૂપણિકાએ વિનતિ કરી. ત્યારે વિષ્ણુનો વેષ ધારણ કરનાર તે **લોહજંઘ** બોલ્યો, 'હે પ્રિયા! તારી માતા મહા પાપિણી છે, તેથી જાહેર રીતે તો તેને સ્વર્ગમાં

* પંચોપાખ્યાનમાં સાલવી ને રાજકન્યાની કથા આ કથાને મળતી જ છે.



નહીં લઈ જવાય. પણ એકાદશીને દિને સ્વર્ગનાં બારણાં ઉઘડે છે ત્યારે પ્રથમ શંભુના ઘણા ગણ તેમાં દાખલ થાય છે તેમાં, તેના જેવો જ વેષ તારી માતા જો કરશે, તો હું તેને દાખલ કરી દઇશ. પ્રથમ તું તેનું માથું મુંડાવી માત્ર પાંચ શિખા રખાવજે, મોઢાનો ભાગ કાજળથી કાળો અને અરધો સિંદૂરથી લીંપેલો કરજે. ગળામાં મુંડમાળા પહેરાવજે અને નગ્ન બેસારજે. એવી રીતે મહાદેવના ગણ સરખા આકારવાળી તારી માતાને સુખેથી હું સ્વર્ગે લઈ જઇશ.* એમ કહી ક્ષણ માત્ર રોકાઈ **લોહજંઘ** ત્યાંથી ચાલતો થયો. પ્રભાતના પહોરમાં રૂપણિકાએ વિષ્ણુના કહેવા પ્રમાણે પોતાની માતાનો વેષ કરાવ્યો. તેણે પણ તેમ જ કર્યું અને સ્વર્ગે જવાને ઉત્કંઠિત હૃદયની થઈ રહી. પછી એકાદશીની સાંજ પડતાં **લોહજંઘ** ત્યાં આવ્યો ત્યારે તે **રૂપણિકાએ** તેને પોતાની માતા સોંપી દીધી. તે નગ્ન અને કદરૂપી કુટ્ટિનીને લઈ, **લોહજંઘ** પક્ષી ઉપર સ્વાર થયો અને વેગથી આકાશ ભણી ઉડ્યો. આકાશમાં ઉભા રહી તેણે ચોમેર નિહાળી કુટ્ટિનીની સેવા કરવાનો વિચાર કીધો. પછી નજર કરતાં એક દેવાલયની ધ્વજાનો ઉંચો દંડ દીઠો, તેની ઉપર એક ચક્ર હતું, તે ચક્રની એક બાજુને આધારે પોતાના અપમાનના ઉપાયની પતાકા સરખી તે કુટ્ટિનીને મૂકી; અને કહ્યું, અહીં તું રહે, થોડીવારમાં હું પૃથ્વી ઉપર જઈ સાંનિધ્યનો અનુગ્રહ કરું,' એવું કહી તેની નજર આગળથી તે અલોપ થઈ ગયો. તે પછી તે જ દેવમંદિરમાં રાત્રિનું જાગરણ કરવા આવેલાં મનુષ્યોને આકાશમાંથી મોટે સ્વરે **લોહજંઘે** કહ્યું, 'સાંભળો, સાંભળો, અરે લોકો, આજે આકાશમાંથી તમારી ઉપર સર્વનો સંહાર કરનારી મહામારી પડશે, માટે ભગવાનને શરણે જાઓ.' આવી આકાશવાણી સાંભળી ત્યારે તે સર્વ મનુષ્યો ભયભીત થઈ ગયાં, અને **મથુરેશજીનો** આશ્રય માંગી, સ્વસ્તિવાચન કરવા લાગ્યાં. પછી તુરત **લોહ**-જંઘ પણ દેવનો વેષ ઉતારી આકાશમાંથી ઉતરી, લોકોના જોવામાં ન આવે તેવી રીતે એ તમાસો જોવાને ટોળામાં ભેળાઈ ગયો. પેલી ધ્વજાની પાટલી ઉપર રહેલી કુટ્ટિની વિચાર કરવા લાગી કે, 'રેરે હજુ સૂધી દેવ ન આવ્યા જો! અને હું સ્વર્ગમાં પણ પહોંચી નહીં!!' ઘણી-વાર થવાથી તે ચક્રપર નહીં થોભી શકાયાને લીધે નીચે ઉભેલા મનુષ્યોને સંભળાવવા સારુ, 'હાય હાયરે! હું પડું છું, હું પડું છું,' એવી રીતે ભય પામી તે બૂમો પાડવા માંડી. તે સાંભળી આ મહામારી આપણા ઉપર પડે છે, એવી આશંકાથી આકુળ થએલા, દેવ પાસે ઉભેલા લોકો બોલ્યા કે, 'હે દેવી! પડ મા, પડ મા.' તે પછી તે **મથુરાના** વાસી બાળકથી માંડી વૃદ્ધપર્યંત સર્વે જણાઓ મહામારી પડવાના ભયથી તે રાત્રિ દુઃખથી મહા કથાવટીએ કાઢી. પ્રભાતમાં અદ્ધર લટકતી દશામાં રહેલી તે કુટ્ટિનીને જોઈ રાજા આદિ ગામનાં સર્વ મનુષ્યે તેને ઓળખી કાઢી ત્યારે સર્વનો ભય મટી ગયો અને સૌ હસવા લાગ્યાં. આ વૃત્તાંત સાંભળી રૂપણિકા પણ ત્યાં આવી પહોંચી, અને તેણે ઘણા આશ્ચર્યની સાથે પોતાની માતા **મકરદંષ્ટ્રા** સામું જોયું. પછી રૂપણિકાએ ત્યાં ઉભેલાં મનુષ્યો મારફત તેને ઉતરાવી, તે સમયે ત્યાં ઉભેલાં સર્વ મનુષ્યોમાં કુતૂહલ વ્યાપ્યું અને સર્વે પૂછવા લાગ્યાં કે, 'આ વાત કેમ બની?' ત્યારે રૂપણિકાએ જેમ બન્યું હતું તેમ

*અર્થાત્ આ સ્વરૂપ તે અર્ધનારીશ્વરા જેવું કરવાનું હતું–અડધું નરનું ને અડધું નારીનું.

સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે પછી આ કોઈ સિદ્ધ વગેરેનું ચરિત્ર છે એમ માની રાજા, બ્રાહ્મણ અને વાણીઆ સર્વે કહેવા લાગ્યા કે, અનેક કામુકજનને ઠગનારી આ કુટ્ટિનીને ઠગી, જેણે મૂર્ખ બનાવી હોય તે માણસ પ્રગટ થાય તો તેને શિરપાવ આપવામાં આવશે. આ વાત સાંભળી તુરત **લોહજંઘ** છતો થયો; અને પૂછવા ઉપરથી ઇત્થંભૂત સર્વ વાત કહી સંભળાવી. પછી **મથુરેશજીને** શંખ, ચક્ર, ગદા ને પદ્મ વગેરે જે ભેટ **વિભીષણે** આપી હતી, તે સર્વ **લોહજંઘે** આપી દીધી.

આ વૃત્તાંત સાંભળી સર્વે મથુરાવાસીઓ પ્રસન્ન થયા ને તરત શિરપાવ આપી રાજાના હુકમથી રૂપણિકા તેને સ્વાધીન કરી. તે પછી ત્યાં પ્રિયાની સાથે લંકાથી આણેલાં ઘણાં રત્નોની સમૃદ્ધિવાળો **લોહજંઘ**, કુટ્ટિનીના કૃત્યનો બદલો વાળી, સુખેથી કાળ ગાળવા લાગ્યો.

આ રીતે રૂપાંતર ધારણ કરેલા **વસંતકના** મુખથી, બંધન પામેલા **વત્સરાજની** સમીપ થતી કથા સાંભળી, **વાસવદત્તાના** મનમાં ઘણો જ સંતોષાનંદ ઉત્પન્ન થયો.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથામુખ લંબકને વિષે ચોથો તરંગ સંપૂર્ણ.**

---

## તરંગ ૫ મો.

## ઉદયનની કથા.—વાસવદત્તા હરણ.

જેમ વખત વીતતો ગયો, તેમ **વાસવદત્તા** પોતાના પક્ષથી પરાઙ્મુખ થઈ, અને **વત્સેશ્વર** ઉપર પ્યાર બાંધ્યો. તે પછી ફરીથી **યૌગંધરાયણ**, બીજા મનુષ્યો ન દેખે તેમ **વત્સેશ્વર** પાસે ગયો. એકાંતમાં માત્ર **વસંતકની** સમક્ષ જ તેણે વિનતિ કરી કે, 'મહારાજ, **ચંડમહાસેને** તમને કપટ કરી બંદી કીધેલા છે. તે તમોને કન્યાદાન આપી સત્કાર કરી તમને છોડી મૂકવા ઇચ્છે છે, તો પણ આપણે પોતે જ તેની કન્યા હરી જઇએ, એમ કરવાથી તે ગર્વિષ્ઠ રાજાપર વૈર લીધેલું કહેવાશે. તેમ જ કાંઈ પુરુષાર્થ ન કર્યું, એવી રીતે લોકોમાં આપણી હલકાઈ પણ ન જણાય. રાજાએ પોતાની પુત્રી **વાસવદત્તાને** એક હાથણી આપી છે ,જેનું નામ **ભદ્રવતી** છે. વેગમાં એ હાથણીની પછવાડે કોઈ પહોંચી શકે તેમ નથી; એક ફક્ત **નડાગિરિ** પહોંચી વળે તેમ છે. પણ તે હાથી **ભદ્રવતીને** જોઈ લડતો જ નથી. **ભદ્રવતી** હસ્તિનીનો **આષાઢક** નામનો મહાવત છે, તેને ઘણું ધન દઇને ફોડ્યો છે; તેથી જ્યારે આપણે કામ પડે ત્યારે તે હાજર છે. તમારે **વાસવદત્તાની** સાથે હાથણી ઉપર બેસી રાત્રે ગુપ્ત રીતે હથિયારબંધ જવું જોઈએ. અહીંનો મહાવત હાથીઓની ચેષ્ટા જાણનારો છે, તેને તો કામને વખતે ખૂબ મદ્ય પાઈ ઉન્મત્ત કરી દઈશું કે તે ઘેનમાંથી જાગવા જ ન પામે. હું રસ્તામાં બંદોબસ્ત રાખવા આપના મિત્ર **પુલિંદકની** પાસે પ્રથમથી જાઉં છું.'

એમ કહી **યૌગંધરાગણ** ત્યાંથી નિકળ્યો અને **વત્સરાજે** પણ જે કાંઈ કરવાનું છે, તેનો પૂરતો વિચાર કરી લીધો.



એટલામાં **વાસવદત્તા** તેની પાસે આવી. રાજાએ તેની સાથે વિશ્વાસયુક્ત થઈ, જૂદી જૂદી વાતો કરતાં કરતાં **યૌગંધરાયણે** કહેલી વાત કહી સંભળાવી. તેણે તે વાત કબૂલ રાખી. પછી ફરવા જવા માટે **આષાઢકને** તૈયાર કરી બોલાવી, તેને મહાવત કર્યો. દેવપૂજાનો મિષ કરી સર્વ મહાવતો સહિત મોટા મહાવતને પણ ઘણું કેફી મદ્ય પાઈ, મેઘ શબ્દ જેમાં થાય છે એવા પ્રદોષ કાળમાં તે **આષાઢક**, તે હાથણીને તૈયાર કરી લાવ્યો. સજ્જ થતી વખતે તે હાથણીએ શબ્દ કર્યો ત્યારે હાથીના શબ્દો જાણનારા મોટા મહાવતે તે શબ્દ સાંભળ્યો અને તે મદ્ય પીધેલો મોટો મહાવત બોલ્યો કે, આ હાથણી આજે કહે છે કે 'હું ૬૩ ત્રેસઠ યોજન જઇશ.' આવી રીતે ઘણા ઘેનમાં પડેલો તે મોટો મહાવત ગડબડ અક્ષરે બોલ્યો ખરો, પણ મોટા મહાવતનું કેફથી કાળજું ફટકતું હતું, તેથી તે વાક્યપર બીજા મહાવતોએ લક્ષ્ય આપ્યું નહિ. સર્વ મહાવતો મદિરાના મદથી ડામાડોલ હતા. પછી **વત્સરાજ**, પોતાની વીણા લઈ **યૌગંધરાયણ** પાસેથી મળેલા ઉપાયોથી બેડીનાં બંધનો કાપી તે હાથણી ઉપર **વસંતની** સાથે બેઠો. પાછળથી **વાસદત્તાએ** હથિયાર લાવી આપ્યાં અને પોતે પણ એકાંતની સખી **કંચન માળાને** સાથે લઈ હાથણી ઉપર બેઠી. એવી રીતે માવત સાથ પાંચ માણસ અને મત્ત માતંગ સાથે ભાંગેલા કિલ્લાને માર્ગે **ઉજ્જયિનીમાંથી** નિકળ્યો. ત્યાં ગઢની ચોકી રાખનારા **વીરબાહુ** અને **તાલભટ** એ બે રાજપુત્ર સામે થયા. તેને **વત્સરાજે** ત્યાં જ પૂરા કર્યા, અને પ્રિયાની સાથે **આષાઢકે** પકડેલા અંકુશવાળી હાથણી ઉપર બેસી ઘણા વેગથી રસ્તો કાપવા માંડ્યો.

રાત્રિમાં શહેરમાં કિલ્લાનો બચાવ કરનારા બે કુમાર માર્યા ગયા જાણી, શહેરના ચોકીદારોએ ક્ષોભ પામી તે ખબર **ચંડમહાસેન** રાજાને પહોંચાડી. રાજાએ એ વાતનો શોધ કરવા માંડ્યો, તો ખબર મળી કે, **વાસવદત્તાને** લઈ **વત્સરાજ** નાસી ગયો છે. આ વાત સાંભળી **પાલક** નામનો **ચંડમહાસેનનો** પુત્ર **નડાગિરિ** હાથી ઉપર સ્વાર થઈ **વત્સરાજની** પાછળ પડ્યો. રસ્તામાં તેને આવતો જોઈ, **વત્સેશ્વરે** બાણો ફેંકી રોકી લીધો અને **નડાગિરિ** હાથીએ પણ તે હાથણીને જોઈ મહોરો કર્યો, પણ ટક્કર ન મારી. ત્યાર પછી પિતાના કાર્યને અનુસરનાર **ગોપાલકે** પાછળથી આવી ભાઈ **પાલકને** લડવાની મના કરી; એટલે **વત્સરાજ** બેધડક રીતે ચાલ્યો ગયો. ધીમે ધીમે ચાલતાં રાત ખૂટી પણ વાટ ન ખૂટી. બપોરવખતે વિંધ્યાટવીમાં આવી પહોચ્યાં ત્યારે હાથણી ૬૩ યોજન ચાલવાથી તરસી થઈ. **વાસવદત્તા** સહિત રાજા હાથણી ઉપરથી ઉતર્યો. તૃષાવાળી હાથણીએ પહાડ ઉપરનું પાણી પીધું; પણ પાણીના દોષથી થોડી વારમાં તે હાથણી મરી ગઈ. એ જોઈ **વાસવદત્તાની** સાથે **વત્સરાજ** પણ ઘણો કચવાયો. તત્ક્ષણે આકાશવાણી થઈ કે, 'હે રાજેન્દ્ર! હું **માયાવતી** નામની વિદ્યાધરની સ્ત્રી છું. આટલા વખત સૂધી શાપના દોષથી હાથણીના અવતારમાં હતી. હે **વત્સરાજ**! આજ મેં તારાપર ઉપકાર કર્યો છે, ને વળી તને પુત્ર થશે, તેને પણ ઉપકાર કરીશ. આ **વાસવદત્તા** નામની તારી રાણી મનુષ્ય નથી પણ દેવી છે, અને કોઈ કારણવશાત્ એ પૃથ્વીમાં અવતરેલી છે.' આવી વાણી સાંભળી રાજા રાજી થયો, અને **વસંતકને** વિંધ્યના શિખર ઉપર પોતાના મિત્ર **પુલિંદકને** પોતે આવ્યાની ખબર

આપવા મોકલ્યો, અને પોતે સ્ત્રીની સાથે પગ પાળો જ ચાલ્યો. તેણે ઉઠીને ચાલવા માંડ્યું, તેવામાં કેટલાએક ચોર લોકોએ આવી ઘેરી લીધો, ત્યારે **વાસવદત્તા**ના દેખતાં કેવળ ધનુષની જ સહાયતાથી **વત્સરાજે** એકસો ને પાંચ ચોરને ઠાર કર્યાં. એટલામાં **વસંતક**ને આગળ કરી **યૌગંધરાયણ**ની સાથે રાજાનો મિત્ર **પુલિંદક** આવી પહોંચ્યો. તે **પુલિંદકે** બીજા કેટલાએક ચોરને લડતા વાર્યા, અને તે **વત્સરાજ**ને પ્રણામ કરી સ્ત્રીસહિત તેને પોતાના ગામમાં પધરાવી લાવ્યો. ત્યાં જંગલના દર્ભથી જેના પગની ચામડી ચીરાઈ ગઈ છે, એવી **વાસવદત્તા**ની સાથે તે રાજાએ તે રાત્રિએ ત્યાં જ વિશ્રામ કીધો. **યૌગંધરાયણે** દૂત મોકલી પ્રથમથી જ કહેવરાવી મોકલ્યું હતું, તે ઉપરથી સવારમાં સેનાધિપતિ **રુમણ્વાન** પણ ત્યાં આવીને હાજર થયો; અને સર્વ દિશામાં વ્યાપેલું રાજાનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું કે, જેથી વિંધ્યાટવીમાં પુષ્કળ ભીડ થઈ રહી. તે સૈન્ય વિંધ્યાટવીમાં પેઠું ત્યાર પછી **વત્સેશ્વર ઉજ્જયિની**ની ખબર જાણવા ત્યાં જ રહ્યો. એટલામાં ઉજ્જયિનીથી **યૌગંધરાયણ**નો મિત્ર એક વાણીઓ આવ્યો, તેણે કહ્યું કે, '**મહારાજ ચંડમહાસેન**, આપ જેવા રુડા જમાઈ મળ્યા તેથી ઘણો ખુશી થયો છે; અને તમારી આગળ એક છડીદાર મોકલ્યો છે. તે છડીદાર પાછળ પડી ગયો છે, અને હું તેનાથી પહેલાં છાનો આપને આ ખબર નિવેદન કરવા નિકળી આવ્યો છું.' આ વાત સાંભળી **વત્સરાજ** રાજી થયો અને તે સર્વ વૃત્તાંત **વાસવદત્તા**ને કહી સંભળાવ્યું. આ શુભ સમાચાર સાંભળી તે પણ ઘણો હર્ષ પામી. પણ બંધુઓનો ત્યાગ કરી વિવાહના વિધિમાં ઉતાવળી થયેલી **વસવદત્તા** સલજ્જ અને ઉત્સુક થઈ; અને પોતાના મનનો વિનોદ કરવા પાસે બેઠેલા **વસંતક**ને કહ્યું કે, ' તું કોઈ નવલ કથા મને કહી સંભળાવ.' ત્યારે **વસંતક** તે મૃગનયનીને પતિની ભકિત વધારનારી વાર્તા નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

## દેવસ્મિતાની વાર્તા.

**તામ્રલિપ્તિ** નામે એક નગરી હતી, તેમાં **ધનદત્ત** નામનો મોટો પૈસાદાર શેઠ રહેતો હતો. તેને ઘેર પુત્રની ખોટ હતી. એક દિવસ ગામના બધા બ્રાહ્મણોને એકઠા કર્યા, અને સર્વને શેઠે નમસ્કાર કરી કહ્યું કે, 'હે બ્રહ્મદેવો! મને થોડી મુદતમાં પુત્ર પ્રાપ્ત થાય તેવો કંઈ ઉપાય કરો.' ત્યારે તે બ્રાહ્મણોએ તે વાણીઆને કહ્યું કે, 'આ વાત કાંઇ મુશ્કેલ નથી. બ્રાહ્મણો વેદમંત્રોથી સર્વ વાત સિદ્ધ કરી શકે છે. પૂર્વ કાળમાં એક રાજા હતો, તેને એકસો ને પાંચ રાણીઓ હતી. પણ એકેને પુત્ર નહોતો ત્યારે પુત્રીયેષ્ટિ કરાવી, જેના યોગથી **જંતુ** નામનો એક પુત્ર અવતર્યો. તે તેની રાણીઓની દૃષ્ટિને નવીન ચંદ્રની પેઠે આનંદ આપનાર થઈ પડ્યો હતો. કોઈક દિવસ તે ગુંઠણમંડીથી ચાલતો હતો, તેવામાં તેના સાથળમાં એક કીડી કરડી, જેથી તેણે ચીસ નાંખી રડવા માંડ્યું; તેટલામાં તો જનાનામાં મોટો કોલાહલ થઈ રહ્યો. રાજા પણ 'હે પુત્ર, હે પુત્ર!' એવી રીતે સાધારણ માણસની પેઠે શોકના શબ્દો ઉચ્ચારવા લાગ્યો. થોડી વારમાં ચટકો લેનારી કીડીને સાથળમાંથી કહાડી નાંખી એટલે બાળક શાંત થયો. એકનો એક જ પુત્ર છે એ મહાદુ:ખનું કારણ છે, એમ જાણી રાજા પોતાની અવજ્ઞા કરવા લાગ્યો, અને તે પરિતાપથી બ્રાહ્મણોને બોલાવી પૂછવા લાગ્યો કે, એવો કોઈ ઉપાય છે કે, જેથી મને ઘણા પુત્રો થાય? ત્યારે બ્રાહ્મણોએ ઉત્તર આપ્યો કે,



હા, એક ઉપાય છે ને તે એ કે, તારા આ પુત્રને મારી તેનું માંસ અગ્નિમાં હોમવું. તે માંસના ગંધથી તારી સર્વ રાણીઓને પુત્રોની પ્રાપ્તિ થશે. આ વાત સાંભળી રાજાએ યથાવિધિ તે પ્રમાણે કરાવ્યું, ત્યારે જેટલી પોતાની રાણી હતી, તેટલા જ પુત્રો જન્મ્યા. માટે હે શેઠજી! તમને પણ હોમ કરાવી પુત્રની પ્રાપ્તિ થાય તેમ કરીશું.' આવું કહી **ધનદત્ત** પાસેથી દક્ષિણા લઈ તે બ્રાહ્મણોએ હોમ કર્યો, તેથી તે વાણીઆને ઘેર પુત્ર અવતર્યો. તેનું **ગુહસેન** એવું નામ પાડ્યું. પુત્રની ઉમર મોટી થતાં તેનો પિતા **ધનદત્ત** સ્ત્રી શોધવા લાગ્યો. એક દિવસ વ્યાપાર કરવાના ઉદ્દેશથી **ધનદત્ત** તેને માટે પુત્રને સાથે લઈ દ્વીપાંતરે ગયો. ત્યાં **ધર્મગુપ્ત** નામે એક વાણીઆની **દેવસ્મિતા** નામની એક કન્યાનું પોતાના પુત્ર **ગુહસેન** વેરે માગું કર્યું. **ધર્મગુપ્ત**ને તે કન્યા ઘણી પ્રિય હતી, તેથી વિચાર્યું કે, **તામ્રલિપ્તિ** નગરી ઘણી દૂર છે, એટલે જો કન્યા આપું તો પાછું દીકરીનું મોઢું જોવા વારો આવે નહિ, એમ ધારી તેનું માગું પાછું વાળ્યું. પણ **ગુહસેન**ને જોઈ **દેવસ્મિતા** આશક થઈ; તેના ગુણો જોઈ પોતાના બંધુઓને છોડી ભાગી જવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાની સખી મારફત તેની સાથે સંકેત કર્યો અને સ્વનગરથી સસરા અને પતિની સાથે રાત્રિની નિકળી ગઇ. પછી **તામ્રલિપ્તિ** નગરીમાં આવ્યા અને ત્યાં વિધિપૂર્વક લગ્ન કર્યાં; ત્યારે સ્ત્રીપુરુષનાં મનમાં પ્રેમની સુદૃઢ ગાંઠ બંધાઇ.

આવી રીતે કેટલાએક દિવસો વીતી ગયા બાદ, થોડે કાળે તેનો પિતા ગુજરી ગયો ત્યારે **ગુહસેન**ને તેના બંધુઓ કહેવા લાગ્યા કે, 'તું **કટાહ*** દ્વીપમાં વ્યાપાર અર્થે જા.' પણ આ વાત તેની સ્ત્રીને રુચિ નહીં. કારણ **દેવસ્મિતા**ના મનમાં એવી આશંકા આવી કે, પતિ પરદેશ જાય અને કદાચિત્ પરસ્ત્રીના છંદમાં પડે તો! આમ સ્ત્રીને પરદેશ જવાની વાત ગમતી નથી, અને બંધુઓ વારંવાર પ્રેરણા કર્યા કરે છે, ત્યારે **ગુહસેન**, શું કરવું અને શું ન કરવું, એવા વિચારમાં પડી ગયો. કાંઈ ન સૂજ્યું ત્યારે દેવમંદિરમાં જઈ નિરાહાર રહી વ્રત કરવા લાગ્યો, અને દેવને પ્રશ્ન કીધો કે હવે મારે શું કરવું, 'પરદેશ જવું કે અહીં રહેવું? આ બાબતમાં યોગ્ય હોય તે આપ કહો.' પતિને આવી રીતે વ્રત કરતો જોઈ, તેની સ્ત્રી **દેવસ્મિતા** પણ વ્રત કરવા લાગી. ત્યારે તે સ્ત્રીપુરુષને સ્વપ્નમાં **શંકરે** દર્શન દીધું; અને બે રાતાં કમળ તેમને આપી **શંકર** બોલ્યા કે, 'તમે બન્ને જણ, આ અકકેકું કમળ હાથમાં રાખો, પછી પરદેશ જવામાં કશી હરકત નથી. દૂર દેશાવરમાં કોઇ પણ શિયળ તોડે તો બીજાના હાથનું કમળ કરમાઇ જવાથી, તેની ખબર તેને પડશે; અને જો બેમાંથી કોઈ શિયળનું ખંડન ન કરે તો બન્નેની પાસે રહેલાં કમળ જેમનાં તેમ ખીલેલાં જ રહેશે.' આ વાત બેઉના ધ્યાનમાં ઉતરી અને એક બીજાના હૃદયની માફક તે રક્ત કમળને જોવા લાગ્યાં. ત્યાર પછી હાથમાં કમળ રાખી, **ગુહસેન** મુસાફરીએ નિકળ્યો અને **દેવસ્મિતા** કમળ સામી દૃષ્ટિ રાખી પતિના જ નગરમાં રહી. **ગુહસેન** તરત કટાહ દ્વીપમાં આવ્યો; અને ત્યાં રત્નોની લેવડદેવડ કરવા માંડી. તેના હાથમાં હમેશાં પ્રફુલ્લ કમળ જોઈ, **કટાહ** દ્વીપના કોઇ ચાર વાણીઆના છોકરા વિચારથી વિસ્મય પામી ગયા. તેઓ યુક્તિથી તેને ઘેર તેડી જઈ ખૂબ મદિરાપાન કરાવી, કમળની હકીકત

* Cathay કાથે એ નામ હશે.

પૂછવા લાગ્યા. મદિરાની ધૂનમાં ગુહસેન ઉન્મત્ત દશામાં આવી ગયો હતો, તેથી તેણે જેવું હતું તેવી વાત કહી દીધી.પછી તે વાણીઆના ચારે છોકરાઓએ વિચાર કર્યો કે, આ ગુહસેન ઝવેરા- તના વેચાણ સાટાણમાંથી તરત પરવારી ઘેર જાય તેમ નથી. તેથી તે સર્વેએ પાપ બુદ્ધિથી સંકેત કર્યો કે, એની સ્ત્રીને શિયળભંગ કરવી. આમ નક્કી કરી ખબર ન પડે એવી રીતે તે પાપાત્મા એકદમ તામ્રલિપ્તિ નગરી ભણી ચાલ્યા. કેટલેએક દહાડે ત્યાં આવી, ગુહસેનની સ્ત્રીને મેળવવા- નો વિચાર કરતા કરતા બૌદ્ધના મંદિરમાં રહેલી યોગકરંડિકા નામની એક તાપસી પાસે ગયા અને સ્નેહપૂર્વક કહેવા લાગ્યા કે, 'હે ભગવતિ! જો તું અમારી ઇચ્છા પૂરી પાડે તો તને ઘણું દ્રવ્ય આપીએ.' ત્યારે તે તપસ્વી બાઇ બોલી કે, 'તરુણ પુરુષોને તો ઘણું કરી કોઈ સ્ત્રીની ઇચ્છા હોય છે, માટે જેવું હોય તેવું ખરું કહો, હું તમારો અર્થ સાધી આપીશ; મને કાંઇ દ્રવ્યની લાલસા નથી. મારી સિદ્ધિકરી નામે બુદ્ધિમતિ શિષ્યા છે, તેની યુક્તિથી મને અપાર દ્રવ્ય મળ્યું છે.' ત્યારે તે પાપાત્મા વાણીઆના છોકરાઓએ કહ્યું કે, 'તમને શિષ્યાની કૃપાથી ધન કેમ મળ્યું?' આવું પ્રશ્ન કરવાથી તે તપસ્વિની કહેવા લાગી કે, 'હે પુત્રો! જો તમને આ વાત સાંભળવાનું કૌતુક હોય તો સાંભળો, કહું છું:—

## સિદ્ધિકરીની વાર્તા.

ઘણા વખતપર ઉત્તર દિશામાંથી અહીં કોઈ વાણીઆનો છોકરો આવ્યો હતો. મારી શિષ્ય પોતાનું રૂપ ફેરવી યુક્તિએ કરી તેને ઘેર કામકાજ કરવા સારુ રહી. કેટલાકએક દિવસ રહી, તે વણિક્ પુત્રનો તેણે પૂર્ણ વિશ્વાસ મેળવ્યો, અને પછી ગુપ્ત રીતે તેનું સર્વ ધન ચોરી લઈ પરોઢીયામાં ઘેર બહાર નિકળી ગઈ. તે ઉતાવળી ઉતાવળી શહેરથી બહાર જતી હતી, તેને જોઈ મૃદંગને બજા- વનારા કોઇ ડોંબને* શંકા આવી, તેથી તે પણ તરત તેની પછવાડે તેને લુંટવા ચાલ્યો. તે સિદ્ધિ- કરી વગડામાં એક વડનું ઝાડ હતું તેની તળે જઈ બેઠી, અને જુવે છે તો પોતાની પાછળ જ ડોંબ આવી પહોંચ્યો છે, ત્યારે ગરીબાઇથી સિદ્ધિકરી તેને કહેવા લાગી કે, 'આજ હું મારા ધણીની સાથે કજીઓ કરી નિકળી છું, હવે મારે ધણીને મોઢું બતાવવું નથી. તેથી મારે માટે એક ફાંસી તૈયાર કરી આપ, કે જેમાં હું ગળે ટુંપો ખાઇ મરું.' આ વાત સાંભળી ડોંબના મનમાં વિચાર થયો કે, આ સ્ત્રીને મારે શા માટે મારવી જોઇએ? એ પોતાની મેળે જ ફાંસો ખાઈ મરતી હોય તો ભલે મરે. આવું માની તે જ વૃક્ષમાં ડોંબે પાશ બાંધી ફાંસી તયાર કરી; ત્યારે સિદ્ધિકરી અજાણ થઈ, તેને પૂછવા લાગી કે 'આમાં શી રીતે લટકી મરવું, એ જરા કૃપા કરી દેખાડો તો ઠીક.' ત્યારે તે મૂર્ખાએ મૃદંગ પગ નીચે મૂકી એ યમપાશ પોતાના ગળામાં નાંખ્યો, કે તુરત સમયસૂચકતા વાપરી તે સિદ્ધિકરીએ એક પગની લાત મારી, તેની નીચેના મૃદં- ગને દૂર ફેંકી દીધો, તેથી તે ડોંબ ફાંસીએ લટકી મરણ પામ્યો. એ અરસામાં પેલો વાણીઓ

* એ એક નીચ જાત છે, ને ચાંડાળનું કર્મ કરે છે, એને ડોંબ કહે છે.



શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો, અને ત્યાં છેટેથી ખજાનો લૂટનારી સિદ્ધિકરીને જોઈ. તેમ જ સિદ્ધિકરીએ પણ તેને આવતો જોયો એટલે તરત ન દેખાય તેવી રીતે તે ઝાડની ડાળીઓની ઘટ્ટ ઘટામાં ચડી ગઇ કે જ્યાં પાંદડાંઓથી તેનું શરીર ઢંકાઈ ગયું. તે વાણીઓ પોતાના ચાકરની સાથે જ્યાં વડ પાસે આવ્યો ત્યાં તો પાશમાં લટકતા ડોંબને જોયો. પણ સિદ્ધિકરી જોવામાં ન આવી. તે વખતમાં એક તેના નોકરને વિચાર ઉત્પન્ન થયો કે, કદાચિત્ તે સિદ્ધિકરી આ ઝાડ ઉપર ચડી ગઈ હોય તો ત્યાં પણ શોધવી જોઇએ. એવું વિચારી તે ઝાડ ઉપર ચડ્યો ત્યારે તેને જોઈ સિદ્ધિકરીએ એક યુક્તિ વિચારી તરત તેને કહ્યું કે, "હે તરુણ! હમેશાં તારા ઉપર જ મારું મન આશક રહે છે; અને આ ઝાડ ઉપર પણ તું જ ચડ્યો, આ યોગ બહુ સારો આવ્યો છે. માટે હવે આ ધન તારું છે અને હું પણ તારી જ છું, સુખેથી મોજ કર,' એમ કહી આલિંગન કરી તેના મુખનું ચુંબન કરતાં કરતાં દાંતથી તેની જીભ કરડી ખાધી, ત્યારે પીડાથી અકળાએલો મોઢામાંથી, લોહી ઓકતો લલલલ લલ અલલલ એવો અસ્ફુટ શબ્દ કરતો, તે નોકર ઝાડપરથી નીચે પડ્યો. એ જોઈ તે વાણીઓ અત્યંત ભય પામ્યો અને આ વડમાં કોઈ ભૂત રહે છે એવું ધારી, બીજા પોતાના નોકરો સાથે ત્યાંથી નાસી તુરત ઘેર આવ્યો. પછી વડની ડાળ ઉપરથી તે શિષ્યા નીચે ઉતરી, અને સઘળું ધનં લઈ ઘેર આવી હતી. એવી મારી શિષ્યા બહાદૂર છે, તથા તેના પ્રતાપથી મને આ ધન પ્રાપ્ત થયું છે.

એમ કહી તે વખતે બાહેર આંટો દઈ આવેલી શિષ્યા તે વાણીઆના છોકરાઓને બતાવી કહેવા લાગી કે, 'હે પુત્રો! જેવું હોય તેવું ખરું કહો, કે તમે કેઇ સ્ત્રીની ઇચ્છા કરો છો? જલ- દીથી એ તમારું કામ હું પાર પાડું.' આવું સાંભળી, તે વાણીઆના છોકરાઓએ કહ્યું કે, 'અહીં ગુહસેન વાણીઆની સ્ત્રી દેવસ્મિતા નામની છે, તેની સાથે અમારો સમાગમ કરાવી દે.' એ સાંભળી તે વૃદ્ધાએ પ્રતિજ્ઞા કરી કે, 'અવશ્ય એ કાર્ય હું સિદ્ધ કરી આપીશ.' આવું કહી તેઓને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. પછી યુકિત પ્રયુકિતથી ગુહસેનના ઘરનાં માણસોને ખાવા પીવાનું આપી તેના ઘરમાં શિષ્યાની સાથે તે પેઠી. દેવસ્મિતાને ઘેર આંગણામાં એક કુતરી બાંધી હતી, તે અજાણ્યું માણસ આવતું દેખી ભસી તેને રોકતી હતી. તેણે નિયમ પ્રમાણે આ તાપસીને પણ રોકી. તુરત દેવસ્મિતાએ તેણીને દીઠી, ત્યારે 'આ કેમ આવી હશે,' એવું ધારી દાસી મોકલી તેને ઘરમાં બોલાવી. ત્યાં સાધ્વી દેવસ્મિતાએ કેટલોએક ઉપર ઉપરથી આદર દેખાડી બેસાડી. પછી આશીર્વાદ દઈને તે પાપાત્મા તાપસી બોલી કે, 'હે સાધ્વી બાઈ! હમેશાં તને જોવાને મારી ઉત્કંઠા રહેછે. આજે મેં તને સ્વપ્નામાં જોઈ હતી, તેથી હું ઉત્કંઠિત હૃદયે આવી છું. તારો પતિ પરદેશમાં હોવાથી તને વિયોગિની જોઈ મારું દિલ દીલગીર થાય છે. કારણ કે,

**દોહરો.**

પ્રમદા કેરાં રૂપ રંગ, જોબન ને શૃંગાર;
પ્રિય મિલન વિના બધું, ફોકટ છે નિરધાર.

ઇત્યાદિ વચનોથી દેવસ્મિતાનું ઘણું આશ્વાસન કરી, તેનો વિશ્વાસ સંપાદન કરી, તેની રજા લઈ, તે દુષ્ટ તાપસી પોતાને ઘેર આવી. બીજે દિવસે મરચાંનો ભૂકો ખાંડી માંસના ટુક-

ડામાં ભરી, તે લઈ તે તાપસી દેવસ્મિતાને ઘેર આવી. ત્યાં તે માંસનો કટકો આંગણામાં બાંધેલી કુતરીને આપ્યો, જે તે કુતરી તરત ખાઈ ગઈ. તે પછી મરચાંના પ્રતાપે કરી, તે કુતરીની આંખોમાંથી ઘણું પાણી ઝરવા લાગ્યું અને નાક પણ ગળવા માંડયું. અને તેટલામાં તે પાપાત્મા તાપસી દેવસ્મિતાની પાસે ગઈ, ત્યાં આદરસત્કાર મળ્યો કે તરત તે રોવા લાગી. ત્યારે દેવસ્મિતાએ પૂછ્યું કે શું છે? ત્યારે તેણે કષ્ટથી ઉત્તર આપ્યો કે, 'હે પુત્રિ! હમણાં તું જો, બાહેર કુતરી કેવી રડે છે. હું પુનર્જન્મમાં તેને મળી હતી, તેથી તેણે આજ મને ઓળખી કાઢી અને તે કલ્પાંત કરે છે, તેથી મને પણ આંસુ આવ્યાં છે.' આ વાત સાંભળી બાહેર જઈ તે જુવે છે તો કુતરીને રોતી હોય તેવી જોઈ. આ તે શું આશ્ચર્ય છે? એવી રીતે દેવસ્મિતા ક્ષણ માત્ર વિચારના વમળમાં પડી ગઈ. પછી તે તાપસી બોલી કે, 'હે પુત્રિ! પૂર્વ જન્મમાં હું અને આ કુતરી એક બ્રાહ્મણની સ્ત્રી હતાં. અમે બેઉ શોકયોનો પતિ દૂર દેશાંતરમાં ગયો; અને હમેશ એવી રીતે રાજાની આજ્ઞાથી તે પરગામ જતો હતો. જ્યારે જ્યારે તે પ્રવાસે જાય, ત્યારે ત્યારે ઇચ્છા પ્રમાણે હું પરપુરુષનો સંગ કરતી. મેં મારી ઇંદ્રિયોને કોઈ દિવસ ભુખી રાખી નથી. ઇંદ્રિયોને તૃપ્ત રાખવી એ પરમ ધર્મ છે. આ ધર્મના પ્રતાપથી જ મને જાતિસ્મરણ જ્ઞાન રહ્યું છે; અને આ કુતરીએ અજ્ઞાનથી શીળની રક્ષા કરી, તેથી આ ભવ તેને કુતરીનો અવતાર આવ્યો છે; પણ તેને પૂર્વ જન્મ સાંભરે છે તેથી રડે છે. "અરે આ તે કેવો ધર્મ? જરૂર આ દુષ્ટાએ ધૂર્ત્ત રચના કરી છે, ઠીક ઠીક તેનું ફળ એને આપીશ." એવું ડહાપણથી વિચારી દેવસ્મિતાએ કહ્યું કે, 'હે ભગવતિ! આટલા બધા દિવસ મેં આ ધર્મ જાણ્યો નહોતો; આજ જાણવામાં આવ્યો, તો હવે તે પ્રમાણે ચાલીશ. તું કોઈ છેલ પુરુષ સાથે મારું ચોગઠું બેસારી આપ.' ત્યારે તે તાપસી બોલી કે, 'કોઈ દ્વીપાંતરથી આવેલા વાણીઆના છોકરા મારે ઘેર ઉતર્યા છે, તેને અહીં બોલાવી લાવું છું.' એવું કહી હરખાતી હરખાતી તે તાપસી ઘેર ગઈ. પાછળથી દેવસ્મિતાએ પોતાની દાસીઓને કહ્યું કે, 'જરૂર મારા પતિના હાથમાં હમેશાં ખીલેલું કમળ જોઈ, તેણે દારુનો નિશો કર્યો હશે, તે વખતે કૌતુકથી બધી હકીકત પૂછી લઈ, કોઈ મારી ખરાબી કરવા તે દ્વીપથી અહીં આવેલો હશે. તે લુચ્ચા વાણીઆના છોકરાએ આ તાપસીને અહીં મોકલી છે એમાં સંશય નથી. તો હવે ધંતુરાના ઝેરવાળી મદિરા તમે અહીં લાવો, અને લુવારની કોડે જઈ, એક લોઢાનો કુતરાનો પગ કરાવી લાવો.' આવાં દેવસ્મિતાનાં વચનો સાંભળી તેની દાસીઓએ તત્કાળ તેમ જ કર્યું, અને તેના કહેવાથી, એક દાસીએ દેવસ્મિતાના સરખો વેષ ધારણ કર્યો. તે વાણીઆના છોકરાઓએ તે તાપસીને ત્યાં જ "હું પહેલો જાઉં," "હું પહેલો જાઉં," એમ પરસ્પર તકરાર કરવા લાગ્યા. પછી તે ચારમાંથી એકને લઈ, તે તાપસી ત્યાં આવી. પોતાની શિષ્યા **સિદ્ધિકરી**નો વેષ પહેરાવી એક વણિક પુત્રને દેવસ્મિતાના ઘરમાં સાંજ વખતે ઘાલ્યો, અને પોતે ગુપચુપ ત્યાંથી ચાલી ગઈ. પછી દેવસ્મિતાનો વેષ પહેરનારી દાસીએ તે વાણીઆના પુત્રને પેલું તૈયાર કરાવી રાખેલું ધંતુરાવાળું મદ્ય ઘણા આદરમાનથી પાયું. અવિનયથી જેમ ચેતના જાય તેમ તે, મદ્યથી ચેતના રહિત થઈ ગયો,



ત્યારે તેનાં વસ્ત્રો ઉતારી લઈ, નગ્ન કરી મૂકયો અને જે કુતરાનો પગ તૈયાર કરાવી રાખ્યો હતો તે ધગધગાવી તે દાસીઓએ તેના કપાળમાં ચાંપી દીધો અને પછી તેને ઉંચકી, રાત્રિમાં જ ઉકરડાના ખાડામાં ફેંકી દીધો. છેલ્લે પહોરે જ્યારે તેની શુધ બુધ ઠેકાણે આવી, ત્યારે તે જુવે છે તો ત્યાં પોતાના પાપે પ્રાપ્ત કરેલા અવાચિ નરક સમાન ખાડામાં તે પડયો જણાયો. ત્યાંથી ઝટપટ ઉઠી તે બાહેર આવી સ્નાન કરી કપાળ ઉપર હાથ ફેરવતો, નાગો ને નાગો, તે તાપસીને ઘેર આવ્યો. ત્યાં તેણે વિચાર્યું, કે હું આવી રીતે બેહાલ થઈ ગયો તેની ખરી હકીકત જો કહીશ, તો મારી એકની જ હાંસી થશે. એવું વિચારી બીજા મિત્રોને કહ્યું કે, 'હું ત્યાંથી આવતો હતો, ત્યાં માર્ગમાં ચોર મળ્યા, તેણે મને લૂંટી લીધો છે.' પછી પ્રભાતમાં કહ્યું કે, 'રાત્રિમાં મેં બહુ મદ્યપાન કરેલું છે, અને આખી રાતનો ઉજાગરો થયો છે, તેથી આ વખતે માથું દુઃખી આવ્યું છે,' એમ કહી પેલો કુતરાના પગનો ડાંમ ઢાંકવા માથા ઉપર લુગડાનો પાટો બાંધ્યો. પૂર્વપેરે જ બીજે દિવસે સાંજે બીજા વાણીઆના છોકરાનો વારો આવ્યો. તે પણ તેવી રીતે ત્યાં ગયો, અને તેના પણ તેના જેવા જ બુરા હાલ થયા. તેણે પણ આવી એમ જ કહ્યું કે, 'હું ચોરની બીકથી દાગીના ત્યાં જ રાખી આવ્યો છું; તોપણ મને રસ્તામા ચોરોએ લૂંટી લીધો છે.' પ્રભાતમાં તેણે પણ પેલાની પેઠે માથાપર પટકો બાંધી માથું દુઃખવાનો ઢોંગ કરી કપાળની નિશાની લુગડાથી ઢાંકી મૂકી. આ પ્રમાણે તે ચારે વાણીઆના છોકરાઓને થયું, પણ તેમાંથી કોઇએ એ વાત પ્રકાશ કરી નહીં. ક્રમેથી બધાને ડાંમ દેવાયા, ધનનો નાશ થયો અને હેરાન થયા, તેથી સર્વ લજવાઈ ગયા, અને વિચાર્યું કે, આ તાપસી પણ ભલે આવો લહાવો લે, એવું ધારી તેની પાસે તેમાંના કોઇએ કાંઈ પણ વાત કરી નહીં; અને ગુપચુપ રવાના થયા. પછી બીજે દિવસે તે તાપસી હરખભેર પોતાની શિષ્યાને સાથે લઇ દેવસ્મિતાને ઘેર ગઈ. ત્યાં દેવસ્મિતાએ ઘણા આદરમાનથી ધંતુરાવાળું મદ્ય શિષ્યા સહિત તાપસીને પાયું, તેથી તે તાપસી ને ચેલી બન્ને તેથી મત્ત થઈ ગયાં, ત્યારે તેઓનાં નાક કાન કાપી, તેઓને પેલા જ અપવિત્ર ખાડામાં ફેંકી દીધાં.*

આ પ્રમાણે વૃત્તાંત બન્યા પછી દેવસ્મિતાના મનમાં વિચાર આવ્યો કે, એ વાણીઆના છોકરાઓ રીસના બળ્યા મારા પતિને કાંઈ વિઘ્ન કરે તો મહા કુડું થાય. તેથી આકુળ વ્યાકુળ થવાથી પોતાની સાસુ પાસે ગઈ અને આ બધી વાર્તા કહી. એ વાત સાંભળી સાસુએ કહ્યું કે, 'વહુજી, તમે એ કામ બહુ રુડું કર્યું, પરંતુ એમાંથી મારા પુત્રનું કદાચિત્ અણુહિત થાય તો મોટો અનર્થ થશે.' ત્યારે દેવસ્મિતાએ કહ્યું કે 'શક્તિમતીએ જેમ પતિની રક્ષા કરી હતી તેમ બુદ્ધિના યોગથી હું પણ તેઓની રક્ષા કરીશ.' ત્યારે સાસુએ પૂછ્યું કે, 'શક્તિમતીએ પતિની રક્ષા કેમ કરી હતી?' આમ પૂછવા ઉપરથી દેવસ્મિતાએ કહ્યું કેઃ–

———:o:———

* શેક્સિપયરના સીમ્બેલાઈનમાં આને જ મળતો પ્રસંગ છે; પણ તેમાં પાઠાંતર વધારે છે.

## શક્તિમતીની કથા.

**સાસુજી**, અમારા દેશમાં ગામની અંદર **મણિભદ્ર** નામના એક પ્રતાપી યક્ષનું પૂર્વજોએ સ્થાપેલું મંદિર છે. તે યક્ષની માનતા ઘણી ચાલતી હતી. ત્યાંનાં માણસો તેને મનવાંછિત સિદ્ધિ થવા સારુ બળિદાન દેતાં હતાં. જે નર ત્યાં પરસ્ત્રી સાથે જાય તેને તે યક્ષના મંદિરના અંદરના ઓરડામાં રાખવામાં આવતો હતો. સવારમાં તે જ સ્ત્રીની સાથે રાજાની કચેરીમાં લઈ જઈ, તેની વર્તણુક પ્રગટ કરી દંડ દેવામાં આવતો હતો. એક દિવસ રાત્રિમાં **સમુદ્રદત્ત** નામનો વાણીઓ પરસ્ત્રી સાથે ત્યાં આવ્યો, અને તે વાતની કોટવાળને ખબર પડી; એટલે તેને પકડી પરસ્ત્રી સાથે **મણિભદ્રના** મંદિરમાં પૂરી મૂક્યો, અને ભોગળ દઈ બારણાનો બંદોબસ્ત કર્યો. તે વખતે તે વાણીઆની સ્ત્રી મહા બુદ્ધિશાળી અને પતિવ્રતા **શક્તિમતી** નામની હતી. તેના જાણવામાં તે હકીકત આવી. ત્યારે ધીરજ રાખી બીજું રૂપ લઈ તે **મણિભદ્રના** મંદિરમાં રાત્રિ વખતે પૂજા લઈ સખીની સાથે તે સ્થાનમાં ગઈ. દક્ષિણાને લોભે તેનો પૂજારી આવ્યો, અને તેણે કોટવાળની રજા લઇને તે બાઇને અંદર દાખલ થવા દીધી. તે પેસીને જુવે છે, તો પરસ્ત્રીની સાથે પોતાનો પતિ ઉદાસ થએલો બેઠો છે. તેને જોઈ તેણીએ પેલી સ્ત્રીને પોતાનો વેષ પહેરાવીને કહ્યું કે; 'તું અહીંથી ચાલી જા.' ત્યારે તે સ્ત્રી પણ **શક્તિમતીના** વેષમાં જ દાસી સાથે ચાલી ગઈ. તેથી કોઇએ તેનું નામ પણ ન લીધું. **શક્તિમતી** પોતાના ભરથાર સાથે રાત્રિના ત્યાં રહી. પ્રભાત થતાં રાજાના અધિકારી જ્યાં આવી જુવે છે તો પોતાની સ્ત્રીની સાથે વાણીઓ ત્યાં બેઠો છે. આ વાત જાણી મૃત્યુના મુખ સરખા યક્ષના ઘરમાંથી તે વાણીઆને છોડાવ્યો અને કોટવાળને દંડ કર્યો. આ પ્રમાણે **શક્તિમતીએ** પોતાના પતિની રક્ષા કરી હતી. હું પણ તેમ જ યુક્તિ પ્રયુક્તિ કરી, પતિની રક્ષા કરીશ. એવી રીતે એકાંતમાં તપસ્વિની દેવસ્મિતાએ સાસુને કહ્યું. સાસુએ જ્યારે તે વાત માન્ય રાખી ત્યારે પોતાની દાસીઓની સાથ વાણીઆનો વેષ ધારણ કર્યો અને વેપારનું મિષ કરી તે વહાણુમાં બેસી, જ્યાં પોતાનો પતિ છે, તે **કટાહ** દ્વીપમાં જઈ પહોંચી. ત્યાં જઇ જુવે છે તો મૂર્તિ ધારણ કરનાર સમાશ્વાસ સરખા પતિ ગુહસેનને વાણીઆઓની વચમાં જોયો. તેણે પણ પોતાની જાતનો પોતાની સ્ત્રી સરખો આ વાણીઓ કોણ છે, એમ છેટેથી જ જોઇ, જાણે પાન કરતો હોય તેમ એકી નજરે જોવા માંડયું. પછી દેવસ્મિતાએ ત્યાં રાજા પાસે જઇ ફરીયાદ માંડી, અને કહ્યું કે, હું અરજ ગુજારું છું કે, 'સર્વ પ્રજાને એકઠી કરો.' આ વાત સાંભળી રાજાને કૌતુક થયું અને સર્વ પ્રજા એકઠી કરી. પછી રાજાએ પૂછ્યું કે 'શું તારી અરજ છે? જે હોય તે કહે.' ત્યારે દેવસ્મિતા બોલી કે, 'આ પ્રજાની વચમાં મારા ચાર ગુલામ નાસી આવ્યા છે. તેઓને આપ મારે સ્વાધીન કરો.' ત્યારે રાજાએ તેને કહ્યું કે, 'આ સર્વે ગામની વસ્તી તારી સમક્ષ ઉભી છે, તે સર્વમાંથી તારા ગુલામને તું ઓળખી કાઢ, અને લઇ જા.' આવો રાજાને હુકમ થતાં જ **શક્તિમતીએ** પેલા ચાર વાણીઆના છોકરા કે જેને પોતાને ઘેરથી બેહાલ કરી કાઢ્યા હતા, અને જેના માથા ઉપરનો પાટો હજુ ખસ્યો નહોતો, તેને પકડી લીધા. ત્યારે ત્યાં મળી ઉભેલા મહાજને કહ્યું કે, 'આ તો શેઠીઆના છોકરા છે, આ તે તારા ગુલામ કયાં થવા આવી ગયો,



એવી રીતે ક્રોધે ભરાઇને કહ્યું. ત્યારે તેણીએ જવાબ આપ્યો કે, 'જે વાત હું કહું છું તે પર તમને ભરોંસો ન હોય તો એઓનાં કપાળ જુઓ, તેની ઉપર મેં કુતરાના પગની નિશાની પાડેલી છે.' આ કહેવું સર્વેએ કબૂલ રાખ્યું અને એ ચારેના માથા ઉપરના પાટા છોડયા, ત્યારે તેઓના કપાળમાં કુતરાના પગનો ડામ સર્વ મનુષ્યોના જોવામાં આવ્યો. આ જોઈ આખું વાણીઆનું મહાજન લજ્જા પામ્યું, અને તે જોઈ રાજાના મનમાં કૌતુક થયું અને તે દેવસ્મિતાને પોતે પૂછવા લાગ્યો કે, 'આ તે શું થયું છે' તે કહે. ત્યારે તેણે જેવી હતી તેવી સઘળી વાત કહી દેખાડી. તે સાંભળી સઘળાં માણસો હસવા લાગ્યાં. રાજાએ કહ્યું કે 'ખરેખર એ તારા ગુલામ છે, જા લઈ જા.' આ હુકમ ઉપરથી તે શહેરનું મહાજન ભેગું થયું, અને તેને છોડાવવાનો વિચાર કરી, તે સતી સ્ત્રીને ઘણું ધન આપ્યું અને રાજાને દંડ આપી ગુલામગીરીમાંથી તેઓને મુક્ત કીધા. સર્વજનોએ સત્કાર કરેલી દેવસ્મિતા તે ધન લઇ, પોતાના પતિને પામી, પોતાની પુરી **તામ્રલિપ્તીમાં** પાછી આવી અને ત્યાર પછી તેને પતિની સાથે વિયોગ ન થયો.

### વંશસ્થ.

પતિવ્રતાઓ નિજ કંથને ભજે,
અનન્ય ભાવે, વળિ શીલ ના તજે;
સતી સ્ત્રિયોએ પતિ દેવ માનવા,
વસંતકે આ કથિયું વિચારવા.

જ્યારે **વાસવદત્તાએ** પિતાનું ઘર છોડયું છે, એવા વખતમાં રસ્તામાં **વસંતકના** મુખથી આ ફક્કડ વાર્તા સાંભળી, એટલે તુરત જ તેણીએ લજ્જાનું ઘર કરી **વત્સરાજમાં** પ્રથમથી ગાઢા પ્રેમવડે મન બધાયું તો હતુંજ, પણ હવે પછી તે તેની ભક્તિમાં એક રસ થઇ રહી.

**ઇતિશ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં કથામુખ લમ્બકને વિષે પાંચમો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૬ ઠ્ઠો.

## વત્સરાજની કથા (ચાલુ.)

હવે **વત્સરાજ** વિંધ્યાટવીમાં છે, ત્યાં તેની પાસે **ચંડમહાસેન** રાજાનો પ્રતિહારી આવ્યો. તેણે આવી રાજાને પ્રણામ કરી કહ્યું કે, '**ચંડમહાસેને** આપને સંદેશો કહેવરાવ્યો છે, કે તમે **વાસવદત્તા** હરી ગયા, એ બહુ સારું કર્યું. કારણ કે એ જ મતલબથી તમને અમો અહીં લાવ્યા હતા. તમે જ્યારે બંધનમાં હતા, ત્યારે ચાહી ચલાવી મેં જાતે તમને એ કન્યા ન આપી. તેનું કારણ કે, તેમ કરવાથી અમારીપર તમારી પ્રીતિ બરાબર જોડાશે નહીં. એવી શંકાવાળુ મારું હૃદય હતું. માટે હે રાજા! હવે મારી પુત્રીનો વિવાહ વિધિસહિત થાય, તે સારુ જરા ધીરજ રાખજો ગોપા-

લક નામનો મારો પુત્ર થોડી વારમાં તમારી પાસે આવશે. તે આ તેની બ્હેનનાં લગ્ન કરશે.” આવી રીતે પ્રતિહારે વત્સરાજને સંદેશો કહી, તે તે વાતો પછી વાસવદત્તાને પણ કહી સંભળાવી. તે પછી આનંદ પામેલી વાસવદત્તાની સાથે રાજી થયેલા વત્સેશ્વરે કૌશાંબી નગરીમાં જવા ધાર્યું અને સસરા તરફથી આવેલા પ્રતિહાર અને પોતાના મિત્ર પુલિંદકને વત્સેશ્વરે કહ્યું કે, ‘તમે બે જણાએ અહીં જ્યાં સૂધી ગોપાલક આવે ત્યાં સૂધી રોકાવું, અને પછી તેની જ સાથે કૌશાંબીમાં આવવું.’ આમ કહી તે રાજાએ તેને ત્યાં જ રાખ્યા, અને પોતે સ્નેહથી જાણે વિંધ્યના જંગમ શિખરો આવ્યાં હોય, તેવા, મદના ઝરાને શ્રવતા હાથીઓ સહિત ચાલ્યો. તે વખતે ઘોડાની ખરીઓના આઘાતથી શબ્દાયમાન થયેલી પૃથ્વી જાણે બંદીજનની પેઠે સ્તુતિ કરતી હોયની શું એવું જણાયું. વત્સરાજની સેનાના ઘસારાથી પૃથ્વીની રજ ઉડી આકાશનું ઉલ્લંઘન કરવા લાગી. તેથી ઈંદ્રને પણ પોતાનો દુશ્મન કોઈ રાજા જાગ્યો હોય, તેવી શંકા થવાનો અવકાશ આવ્યો. આવી રીતે બીજે દહાડે સવારમાં જ વાસવદત્તા રાણી સાથે કૌશાંબી ભણી કુચ કરી, બે ત્રણ દિવસમાં વત્સદેશની હદમાં આવી પહોંચ્યા. રસ્તામાં રુમણ્વાન્ મંત્રીનું ઘર આવવાથી ત્યાં એક રાત્રિ નિવાસ કર્યો. ઘણે દહાડે જેને મહોત્સવ પ્રાપ્ત થયો છે એવો વત્સરાજ, પ્રિયાની સાથે માર્ગમાં ઉત્સુક અને ઉંચાં મુખ કરી જોતી પ્રજાને આનંદ પમાડતો કૌશાંબી નગરીમાં આવ્યો. તે નગરીમાં સ્ત્રીઓ મંગળ કરે છે, નહાય છે અને સુંદર વસ્ત્ર પહેરી શણગાર કરે છે, તેથી તે નગરી ઘણે દહાડે પતિને પરદેશથી આવેલા જોઈ શણગાર કરતી હોય તેવી શોભવા લાગી. વિજળી સહિત મેઘને જોઈ મયૂર* જેમ શોકરહિત થાય, તેમ રાણી સહિત રાજાને જોઈ નગરનાં મનુષ્યો શોક વગરનાં થયાં. આકાશગંગામાં ખીલેલાં કમળ સરખાં શહેરના મહેલ ઉપર ઉભેલી સ્ત્રીઓનાં મુખથી આકાશ છવાઈ ગયું. બીજી રાજ્યલક્ષ્મી સરખી વાસવદત્તાની સાથે વત્સરાજે પોતાના રાજભવનમાં પ્રવેશ કીધો. તે વખતે કેટલાએક રાજાઓ તેની સેવા કરવા આવેલા હતા અને ભાટ ચારણો મંગળ ગીત ગાઈ રહ્યા હતા, તેથી તે રાજાનો મહેલ નિદ્રા લઈ જાગેલો હોય તેવો જણાતો હતો.

થોડા વખતમાં વાસવદત્તાનો ભાઈ ગોપાલક, પ્રતિહાર અને પુલિંદકને સાથે લઈ, ત્યાં આવ્યો, કે તુરત રાજાએ સામૈયું કરી તેને બોલાવ્યો. બીજા આનંદને જેમ પામે તેમ હર્ષથી વિકસિત નેત્રવાળી વાસવદત્તા તેને ભેટી. આ ભાઈને જોવાથી વાસવદત્તાને શરમ ન આવે એવું ધારી, તેનાં નેત્રોને આનંદનાં અશ્રુએ રોકી લીધાં. પિતાના સંદેશાનાં વાક્યોથી ઉત્સાહ પામેલી વાસવદત્તાએ સંબંધીના મળવાથી પોતાના આત્માને કૃતાર્થ થયેલો માન્યો. બીજે દિવસે વિવાહના મહોત્સવમાં ગોપાલક, બ્હેન તથા બનેવી સાથે બરોબર વર્તવા લાગ્યો. રતિરૂપ લતામાંથી નવા ફૂટેલા પલ્લવની માફક વાસવદત્તાના હાથને વત્સરાજે ઝાલ્યો અને વાસવદત્તા પણ પતિના હાથનો સ્પર્શ થવાથી કામદેવના સંમોહન અસ્ત્રથી વિંધાયાની માફક અગાઢ આનંદમાં મોહિત થઈ રહી, ને કામનું વાયવ્યાસ્ત્ર લાગ્યાની પેઠે કંપવા

* મેઘ આવે છે ત્યારે મોર પ્રફુલ્લિત હૃદયનો થાય છે.



લાગી, અને વારુણાસ્ત્ર વાગ્યાની પેઠે* તેનું શરીર રોમાંચિત થઈ ગયું. મદિરાએ મદની મધુરતાનો સૂત્રપાત કર્યો હોય, તેમ તેની દૃષ્ટિ અગ્નિની પ્રદક્ષિણા કરતી વખતે ધુમાડાથી રાતી થઈ ગઈ. ગોપાલકે આપેલાં રત્નો અને રાજાની ભેટોથી વત્સરાજની તીજોરી તર થઈ, તેથી રાજાઓનો પણ રાજા એવો શબ્દ તેને ખરી રીતે લાગુ પડ્યો. લગ્ન કર્યાં પછી રાજા અને રાણી પ્રથમ લોકોની દૃષ્ટિમાં પ્રવેશ કર્યાં પછી પોતાના ઘરમાં પેઠાં. પોતાનાં લગ્નના ઉત્સવમાં વત્સરાજે ગોપાલક અને પુલિંદકને શિરપાવ વગેરેથી ઘણું સન્માન આપ્યું. બીજા રાજાઓ ત્યાં આવેલા હતા તેનું તથા પ્રજાના મુખ્ય મુખ્ય માણસોનું ઘટિત સન્માન કરવા સારુ યૌગંધરાયણ અને રુમણ્વાનને ભલામણ કરવાથી યૌગંધરાયણ, રુમણ્વાનને કહેવા લાગ્યો કે, રાજાએ આપણને વિકટ કામ સોંપ્યું છે, કારણ કે માણસના સ્વભાવ વિચિત્ર પ્રકારના હોય છે, બાળકને પણ રાજી ન કરીએ, તો અવશ્ય દોષ ઉત્પન્ન થાય. આ સંબંધમાં હે મિત્ર! બાળવિનષ્ટકની કથા સાંભળઃ–

## બાળવિનષ્ટકની કથા.

રુદ્રશર્મા નામે કોઈ બ્રાહ્મણ ગૃહસ્થ હતો. તેને બે સ્ત્રીઓ હતી, તેમાંની એક પુત્ર જણી મરણ પામી, ત્યારે તેના પુત્રને તેના બાપે બીજી સ્ત્રીને સોંપ્યો. તે કાંઇક મોટો થયો ત્યારે તેને લુખુ લુખું ખાવાનું આપ્યું, તેથી તે બાળકનું પેટ વધ્યું અને અંગ પણ પાંડુ રંગનું થયું. તેને જોઈ રુદ્રશર્માએ પોતાની સ્ત્રીને ઠપકો આપ્યો કે, ‘આની મા મરી ગઈ છે, તેથી તેની સંભાળ લેવાનું કામ મેં તને સોંપ્યું છે અને તેં આની કેમ બરદાસ ન કરી ?’ ત્યારે તે સ્ત્રી પતિને કહેવા લાગી કે, ‘હું તો સ્નેહથી ઘણીએ એની સંભાળ કરું છું, પણ એ, તો એવો ને એવો જ છે. હવે તે આનું હું શું કરું?’ આવું પ્રપંચી બોલવાથી તેના પતિએ માન્યું કે, ‘આ છોકરાની કુદરતી જ અવસ્થા એવી છે.’ કામિનીનું કપટકળાથી સુંદર, હડહડતું જૂઠું વચન કોણ અસત્ય માને ? આ બાળ વિનષ્ટ એટલે હેરાન થયો, એ ઉપરથી તેના પિતાને ‘ઘેર બાળવિનષ્ટક એવે નામે ઓળખાવા લાગ્યો. એક દિવસ તે બાળવિનષ્ટકે વિચાર કર્યો કે, આ ઓરમાન માતા મને હમેશાં હેરાન કરે છે, માટે એનો ઉપાય મારે કરવો જોઇયે.’ પોતાને ઉમરમાં ફક્ત પાંચ વર્ષ વીતેલાં છે, પણ બુદ્ધિમાન્ હોવાથી તેણે આવો વિચાર કર્યો. જ્યારે પોતાનો પિતા રાજદરબારમાંથી નોકરી કરી આવ્યો ત્યારે તેણે એકાંતમાં જઈ અસ્પષ્ટ વાણીથી કહ્યું ‘હે બાપાજી ! મારે બે બાપ છે.’ આવી રીતે તે બાળકે રોજ કહેવા માંડ્યું, તેથી તેના પિતાએ માન્યું કે, ‘આ સ્ત્રીનો રાખેલો બીજો કોઇ જારપુરુષ હશે.’ એમ ધારી તેનો સ્પર્શ કરવો પણ છોડી દીધો. ત્યારે તે સ્ત્રીએ પણ વિચાર્યું કે ‘મારો કાંઇ દોષ ન હોવા છતાં, પતિને આટલો ક્રોધ કેમ આવ્યો છે. અરે આ શું બાળવિનષ્ટકે કર્યું હશે ?’ આવું વિચારી તેણે પોતાની આંખ ફેરવી. પહેલે જ દિવસે બાળવિનષ્ટકને ઘણા આદરથી નહવરાવ્યો, ઘેબરીઓ પ્રસાદ આપ્યો અને ખોળામાં બેસારી, તેની ઓરમાન માતા પૂછવા

* આવાં અસ્ત્રો આ દેશમાં જાણીતાં છે. મહાભારત, રામાયણ ને ઉત્તર રામચરિતના છઠ્ઠા અંકમાં આ અસ્ત્રનું નામ મળે છે.

લાગી કે, 'હે પુત્ર, તારા બાપને મારી ઊપર તેં કેમ ચીડાવ્યો છે ?' આ સાંભળી બાળક બોલ્યો કે, ' જો આટલાથી વિચાર કરશે નહીં તો હજુ તને વધારે નુકસાન કરીશ. તું તારા પુત્રનું પોષણ કરે છે, અને મને તો હમેશાં દુઃખ દે છે.' આ વાત સાંભળી તે અપરમાતા નમી અને સોગન ખાઈ કહ્યું કે, 'ફરીથી એમ નહીં કરું, તું હવે મારા પતિનો રોષ ટાળી દે ' ત્યારે તે બાળકે કહ્યું કે, " આજ મારો પિતા બાહેરથી આવે ત્યારે તારી દાસીને આરસી લઈને મારા પિતાનો ચહેરો જોવા તારે મોકલવી. તે પછી શું કરવું, એ કાંઇ તારે જાણવાની જરૂર નથી એમ હું જાણું છું." આ વાત સ્વીકારી તેણીએ પોતાની એક દાસીને ચેતાવી મૂક્યું કે, આજ બાહેરથી નાથ આવે ત્યારે તારે તેને આરસી દેખાડવી. જ્યારે **રુદ્રશર્મા** આવ્યો ત્યારે પ્રથમ શિખાવ્યા પ્રમાણે દાસીએ કર્યું. **બાળવિનષ્ટક** તે વખતે હાજર હતો, તેથી એ અરીસામાં પડેલા પ્રતિબિંબ સામું જોઇ બાપાને તે દેખાડયું કે, ' જુઓ, જુઓ, આ મારો બીજો બાપો, ' એમ તે બોલી ઉઠ્યો. આ સાંભળી તેના બાપની બધી શંકા મટી ગઇ, અને કારણ વિના દૂષિત ઠરાવેલી પોતાની પ્રિય પ્રમદાપર પ્રસન્ન થયો ને સઘળી રીસ ઉતરી ગઈ.

**યૌગંધરાયણ** કહે છે કે, એવી રીતે બાળક હોય તે પણ દોષ ઉપજાવે છે. માટે બધા પરિજનોને આપણે યોગ્ય રીતે રાજી કરવા. એમ કરી **રુમણ્વાન**ને સાથે લઈ સર્વ જનોનું સન્માન કર્યું. **વત્સરાજ**ના લગ્નના ઉત્વસમાં રાજાઓને પણ રાજી કર્યાં કે, જેથી સર્વ માણસોના જાણવામાં આવ્યું કે, આ **યૌગંધરાયણ** અને **રુમણ્વાન** તો અમારી ઉપર ખૂબ સ્નેહભાવ રાખે છે. તે બે કારભારીઓ અને **વસંતક**ને પણ રાજાએ સ્વહસ્તે વસ્ત્ર તથા આભૂષણ આપ્યાં. અને ગામનો ગરાસ પણ કરી આપ્યો. લગ્ન થયા પછી **વાસવદત્તા**થી યુક્ત થયેલા રાજાએ એમ માન્યું કે, આજે આપણો મનોરથ સિદ્ધ થયો છે. સવારમાં વિયોગથી દુઃખ પામેલાં ચક્રવાક પક્ષીની રીતિની પેઠે હૃદયને પસદ પડનારી તે દંપતીની પ્રીતિ ક્રમથી વધારે વિકસિત થઈ. જેમ જેમ દંપતીનો પરિચય જામતો ગયો તેમ તેમ તે બન્નેનો પ્રેમ નવોનવો બાઝતો ગયો, એટલામાં વિવાહ કરનાર પિતાના સંદેશાથી **ગોપાલક** વિદાય થયો.

ચપળ મનવાળો **વત્સરાજ**, પ્રથમની સ્નેહાળ, અંતઃપુરનું કામ કરનારી **વિરચિતા** નામની દાસી હતી, તેને ગુપ્ત રીતે સેવવા લાગ્યો. એક પ્રસગે **વત્સરાજે** ગફલતથી રાણીને સંબોધીને તે દાસીનું નામ દેવાઇ ગયું, તેથી રાણીને રીસ ચડી. આથી પોતે તેના પગમાં પડી માફી માગી; એવી રીતે તેના આંસુઓથી અભિષેક કરાયલો રાજા ભાગ્યશાળીઓમાં ચક્રવર્તીપણું ભોગવવા લાગ્યો. **ગોપાલકે** પોતાના બાહુબળથી મેળવેલી અને તેણે જ મોકલેલી **બંધુમતી** નામની રાજપુત્રી રાણીને ભેટ કરી. લાવણ્યના સમુદ્રમાંથી નિકળેલી, લક્ષ્મી સરખી તે રાજપુત્રીનું **મંજુલિકા** એવું નામ પાડી બગીચાના લતામડપમાં ગુપ્ત રાખી હતી, તેને **વસતક**ની મદદ લઈ, રાજા ગાંધર્વવિધિથી ગુપ્ત રીતે પરણ્યો. આ સઘળું કૃત્ય **વાસવદત્તા**એ ગુપ્ત રીતે જોયું; તેથી વસતક ઉપર ક્રોધ કરી, બાંધી **વાસવદત્તા** તેને લઈ ગઈ. આવું જોઇ **વત્સરાજે**, **વાસવદત્તા**ની સખી **સાંકૃત્યાયની** નામની તાપસી, જે તેના પિયેરથી આવેલી હતી, તેની મદદ માગી, ત્યારે તેણે રાણીને



રાજી કરી, તેની જ આજ્ઞાથી **બંધુમતી** રાજાને આપી. કારણ કે સતીનું મન સરલ હોય છે. પછી **વસતક**ને પણ બંધનથી મુક્ત કર્યો. ત્યારે તે રાણી પાસે હસતો હસતો આવી કહેવા લાગ્યો કે, 'રાણીજી ! તમારો અપરાધ તો **બધુમતી**એ કર્યો છે, પણ તેમાં મેં તમારું શું બગાડયું હતું ? સર્પાપર ગુસ્સે થઇ તમે ડેંડુઓ ( જળ સાપ ) ને મારો છો.' ત્યારે રાણી બોલી કે, " **વસતક**! આ દ્દષ્ટાંત તું ખુલાશાથી કહે. " રાણીના આમ પૂછવા ઉપરથી ફરીથી એ કથા **વસંતકે** કહીઃ—

## રુરુ અને પ્રમદ્વરાની કથા.

પૂર્વે કોઇ **રુરુ** નામે મુનિનો પુત્ર હતો, તેણે ફરતાં કોઇ અદ્દભુત રૂપવાળી કન્યા જોઈ. એ કન્યા **મેનકા** અપ્સરાને વિદ્યાધરથી ઉત્પન્ન થઇ હતી, અને તેને **સ્થૂલકેશ** મુનિએ પોતાના આશ્રમમાં ઉછેરી મોટી કરી હતી. તે **પ્રમદ્વરા**ને જોઈ મુનિપુત્ર **રુરુ**નું ચિત્ત ચળી ગયું. તેથી તેણે **સ્થૂલકેશ** મુનિ પાસે જઇ તેણીનું માગું કર્યું. **સ્થૂલકેશે** એ વાત સ્વીકારી. જ્યાં લગ્નનો પ્રસંગ નજીક આવ્યો ત્યાં અકસ્માત્ તે કન્યાને એક સર્પ ડસ્યો; તેથી **રુરુ**ના મનમાં ઘણો સંતાપ થયો અને વિલાપ કરવા લાગ્યો; તત્ક્ષણે આકાશવાણી થઈ કે, 'હે મુનિ ! તારું અડધું આયુષ્ય આપી, તેને જીવાડ. આવું સાંભળી **રુરુ**એ અર્ધ આયુષ્ય આપ્યું, તેથી **પ્રમદ્વરા** જીવતી થઇ, અને **રુરુ** તેને પરણ્યો. ત્યારથી ક્રોધ કરી જે જે સર્પો **રુરુ**ની નજરે પડ્યા તેને,'આ મારી સ્ત્રીને કરડયો હતો,' એવું કહી મારવા લાગ્યો. ત્યાં એક ડેંડુ તેની નજરે પડ્યું, તેને પણ તે મારવા તૈયાર થયો, ત્યારે ડેંડુએ મનુષ્યવાણીથી કહ્યું કે, 'હે મુનિ! તમારો અપરાધ સર્પે કર્યો છે, અને તમે ડેંડુને કેમ મારો છો? સર્પ તમારી સ્ત્રીને કરડયો હતો. સર્પ અને ડેંડુ એ બે જાત જૂદી જૂદી થાય છે. अहयः सविषाः सर्वे निर्विषा डुण्डभा इति, સર્પો સર્વે ઝેરી થાય છે, અને ડેંડુ ઝેર વિનાના હોય છે.' આવું સાભળી **રુરુ** બોલ્યો 'કે તું કોણ છે?' ત્યારે ડેંડુ બોલ્યો કે ' હું મુનિ છુ, શાપથી મારી આ દશા થઈ હતી. એ શાપનો અવધિ તમારા સંવાદ સુધીનો હતો એમ કહી તે અદૃસ્ય થઈ ગયો.' ત્યારથી **રુરુ**એ ડેંડુ મારવા મૂક્યા. તેમ રાણીજી! એ દ્દષ્ટાંત મેં તમારી ઉપર કહ્યું કે, સર્પપર ગુસ્સે થઇ તમે ડેંડુઓને મારો છો કાં ? એવી રીતે હાસ્ય-યુક્ત વચન કહી **વસંતક** રહી ગયો. ત્યારે પતિને પડખે બેઠેલી **વાસવદત્તા** પણ તેની ઉપર પ્રસન્ન થઇ. એ પ્રમાણે રાણી રીસાય છે, અને રાજા હમેશાં તેના પગમાં પડી મનાવે છે; કામી રાજા રાણી પાસે **વસંતક**ની કુશળતા દર્શાવે છે.

તે સુખીઆ રાજાની રસના, મદિરાના રસમાં સદા આસકત થઈ, કાન સુંદર વીણાના શબ્દમાં પ્રેમાળા થયા અને દૃષ્ટિ પ્રિયાના મુખમાં નિશ્ચળ થઇ રહી.

**ઈતિશ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં**
**કથામુખ લંબકને વિષે છઠ્ઠો તરગ સંપૂર્ણ.**

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ–વિરચિત

# કથાસરિત્સાગર.

( ભાષાંતર )

## तृतीयलम्बक–लावाणक.

इदं गुरुगिरीन्द्रजाप्रणयमन्दरान्दोलना-
त्पुरा किल कथामृतं हरमुखाम्बुधेरुद्गतम् ।
प्रसह्य रसयन्ति ये विगतविघ्नलब्धर्द्धयो
धुरं दधति वैबुधीं भुवि भवप्रसादेन ते ॥

**સ્રગ્ધરા વૃત્ત.**

આ ગાઢા પ્રેમમંથાચળ વલન વડે, પાર્વતીએ મથીને,
કાઢેલું શંભુના જે મુખદધિથી કથા, સાર પીયૂષ તેને;
પીયે જે સજ્જનો તે વિઘ્ન વગરની, રિદ્ધિઓ મેળવે છે,
આગેવાની કરે છે અહિં વિબુધતણી, શંભુની મ્હેર લ્હેરે.

## તરંગ ૧ લો.

### ઉદયન રાજાની કથા ચાલુ.

निर्विघ्नविश्वनिर्माणसिद्धये यदनुग्रहम् ।
मन्ये स वव्रे धातापि तस्मै विघ्नजिते नमः ॥

* હુ એમ ધારુ છું, કે નિર્વિઘ્ને જગત્ રચનાની સિદ્ધિ સારુ, બ્રહ્માએ પણ જેનો અનુગ્રહ માગ્યો છે એવા વિઘ્નહર્તા ગણપતિને હું નમસ્કાર કરુ છું. પ્રિયા પાર્વતીએ આલિંગન કરતા, એવા શંકર પણ જેની આજ્ઞાએ કરી થર થર કંપે છે, તે કામદેવ જગતને જિતે છે.

* આ મંગળાચરણનું તાત્પર્ય એવું સમજાય છે કે, સૃષ્ટિરચના કરવામાં જે વિઘ્નો નડે તેનો નાશ કરનાર ગણપતિ છે, માટે બ્રહ્મદેવે પણ એની કૃપા સંપાદન કરવી જોઈએ; જે વિઘ્નેશની સહાયતાથી બ્રહ્માએ સૃષ્ટિ રચીછે તે મારા ગ્રંથમાં પણ વિઘ્ન આવે તેનો નાશ કરે માટે હું પણ તે ગણપતિને કાય–વચ–મનથી નમસ્કાર કરું છુ. આ તો શિષ્ટાચાર છે કે ગ્રંથના આરંભમાં અને દરેક ભાગમાં પણ પ્રારંભમાં મંગલાચરણ કરવું,



એવી રીતે વત્સરાજને **વાસવદત્તા** મળવાથી ધીમે ધીમે તે તેના રંગ ભોગની મજામાં અત્યંત મશગુલ થયો. રાત દહાડો તેનો મહામંત્રી **યૌગંધરાયણ** અને સેનાપતિ **રુમણ્વાન્** રાજ્ય કારભાર ચલાવવા લાગ્યા. એક દિવસ મંત્રી **યૌગંધરાયણ**ના મનમાં ચિંતા થઈ, તેથી રાત્રે **રુમણ્વાન**ને ઘેર બોલાવી કહેવા લાગ્યો કે, ‘સેનાધિપતિ **રુમણ્વાન**, આપણો આ રાજા ઉદયન પાંડવના વંશમાં ઉત્પન્ન થએલો છે, તે જોતાં આ સઘળી પૃથ્વીપર તેની રાજસત્તા કુળપરંપરાથી ચાલતી આવી છે; અને હસ્તિનાપુર નગર પણ પરંપરાથી મળ્યું છે. પણ આ આપણો રાજા યુદ્ધવીર નથી અને ઉત્સાહી પણ નથી ને તે સઘળું મેળવેલું ગુમાવી બેઠો છે, અને અહીં એક જ દેશમાં તેનું રાજ્ય રહ્યું છે. સ્ત્રી, મદ્ય અને મૃગયામાં આસક્ત થઈ, આ રાજા નિશ્ચિત રહે છે, અને સર્વ પ્રકારની રાજ્ય કારોબારની ચિંતા તો આ રાજાએ આપણને સોંપી દીધી છે. હવે આપણે પોતાની બુદ્ધિથી તેમ કરવું જોઇએ કે, જેથી આ રાજાને કુળક્રમથી આવેલું સમગ્ર પૃથ્વીનું રાજ્ય પાછું મળે. ‘આ રાજા ચક્રવર્તી થાય,’ જો આટલું આપણે કરી શકીએ, તો જ રાજાની ખરી નોકરી કરી સમજાય અને ખરો કારભાર કર્યો ગણાય. તું મનમાં એમ નહીં ધારતો કે એ અસાધ્ય છે. બુદ્ધિમાનો પોતાની બુદ્ધિના પ્રભાવથી સઘળું સિદ્ધ કરી શકે છે. આ બાબતમાં એક કથા કહું છું તે સાંભળઃ–

### નિપુણ વૈદરાજની વાર્તા.

પૂર્વકાળમાં કોઈ **મહાસેન** નામનો રાજા હતો. તેની ઉપર કોઈ દિવસ બીજા બળિયા રાજાએ ચડાઈ કરી હતી. તે વખતે કેવળ પોતાનો સ્વાર્થ સાધનારા મંત્રીઓએ મળી રાજાને સમજાવ્યું કે, “ આ વખત આપણે લડાઈ કરવાનો નથી, માટે આપણે થોડી ઘણી જે કાંઈ ખંડણી આપવી પડે તે આપી તેનો છૂટકો કરવો જોઇએ. ” આ વાત રાજાને ગળે ઉતારી **મહાસેન** પાસેથી દુશ્મનને દંડ દેવરાવ્યો. આ રાજા ખરુ રજપૂતનું બી હોવાથી ઘણું માન ધરાવતો હતો તેથી એ દંડ દેવાની વાત થતાં તો થઈ, પણ પાછળથી એ બાબતનો ઘણો પસ્તાવો કરવા લાગ્યો કે, “ અરે મેં શત્રુને નમણું કેમ દીધું; રે રે મારી લોકમાં અપકીર્તિ થઈ, ” એવું વિચારવા લાગ્યો. આવા વિચારમાંને વિચારમાં તેને અતિ શોકથી પેટમાં ગુલ્મ* થઈ. જ્યારે ગુલ્મના વ્યાધિથી પીડાએલો રાજા મરણ પથારી ઉપર પડ્યો, ત્યારે એક બુદ્ધિમાન્ વૈદરાજ આવ્યા. તેણે એ ગુલ્મના વ્યાધિનું બરોબર નિદાન જોયું, અને રાજાને જૂઠું કહ્યું કે, “ મહારાજ! તમારી રાણી ગુજરી ગયાં. ” આ શોકજનક વાત સાંભળતાં જ રાજા પૃથ્વી ઉપર પડી ગયો અને ઘણો શોક સંતાપ થવાથી તે ગુલ્મ પોતાની મેળે ફૂટી ગઈ; અને રાજા નીરોગી થયો.

* ગુલ્મ એ એક જાતની ગાંઠ થાય છે. તે ઘણું કરી પાંચ ઠેકાણે જોવામાં આવે છે. બે બાજુના પડખાની પાંસળી નીચે, કાળજામાં, નાભિમાં અને પેડુમાં. તે ગુલ્મ પાંચ પ્રકારની છે. તેમાં જે શોકના જુસ્સાથી થાય છે તે વાત ગુલ્મ કહેવાય છે. માધવનિદાનમાં એનું આ પ્રમાણે લક્ષણ છેઃ—

रूक्षान्नपानं विषमातिमात्रं विचेष्टनं वेगविनिग्रहश्च ।
शोकाभिघातोतिमलक्षयश्च निरन्नताचानिलगुल्महेतुः ॥

આ છ, વાત ગુલ્મનાં કારણ છે. તેમાં શોકનો અંતઃકરણમાં ધક્કો લાગે, એ પણ એક કારણ છે.

વૈદ્યની અપૂર્વ ચતુરાઈ જોઈ, તેને શિરપાવ આપ્યો અને પોતે રાણીની સાથે ઇચ્છિત ભોગ ભોગવવા લાગ્યો અને ફરીથી શત્રુને પણ જિતી પોતાને તાબે કીધા.*

**યૌ**ગંધરાયણ, **રુ**મણ્વાનને કહે છે કે, તે વૈદ્યે પોતાની અક્કલ દોડાવી, જેમ રાજાનું હિત કર્યું, તેમ આપણે પણ આપણા રાજાનું હિત કરીએ અને આખી પૃથ્વી તેને કબજે કરી આપીએ.

આ આપણા મનોરથની સિદ્ધિમાં આડો આવનાર દુશ્મન એક જ મગધ દેશનો રાજા **પ્ર**દ્યોત છે. તે હમેશાં પ્રાર્થિગ્રાહ થઇને, પાછળથી આપણી ઉપર કોપ કરે છે. એની **પદ્માવતી** નામે કુંવરી છે. તે કન્યાઓમાં રત્ન સરખી છે. તેનું માગું આપણે **વત્સરાજ** વેરે કરીએ. **વાસવ**દત્તાને આપણી બુદ્ધિથી છૂપી રાખી, તેના રહેવાના ઘરમાં આગ લગાડીએ અને ચોમેર એવી અફવા ફેલાવીએ કે **વાસવદત્તા** બળી ગઈ છે. જો આ ઉપાય કામે નહીં લગાડીએ, તો **પ્ર**દ્યોત પોતાની પુત્રી કદી પણ આપવાનો નથી. આ કામ સારુ જ મેં પ્રથમ **પ્ર**દ્યોત પાસે પ્રાર્થના કરી હતી કે, તારી પુત્રી અમારા રાજાને આપ. તેના જવાબમાં તેણે કહ્યું કે, “ આ કન્યા મને મારા આત્માથી પણ અધિક વહાલી છે, તે હું **વત્સરાજ**ને આપવાનો નથી. કારણ કે તેનું મન **વાસવદત્તા**માં જ ખૂબ લાગેલું છે.” વળી એમ પણ છે કે, **વાસવદત્તા** હયાત છતાં આપણો રાજા બીજી પરણશે પણ નહીં; અને **વાસવદત્તા** બળી મુઇ, એવી વાત ફેલાયાથી બધું આપણું ધારેલું કામ પાર પડશે. **પદ્માવતી** મળવાથી એ **મગધ**દેશનો રાજા **પ્ર**દ્યોત આપણો સંબંધી થશે, એટલે એ કાંઇ શત્રુતા નહીં દર્શાવે, પણ ઉલટી મદદ આપશે. પછી પૂર્વ દિશા જિતવા જાવું અને ક્રમે કરી બીજી દિશાઓ પણ જિતવી. એવી રીતે આખી પૃથ્વી **વત્સરા**જના કબજામાં કરવી. આપણે ઉદ્યોગ કરશું તો આ રાજા આખી પૃથ્વીનું રાજ પામશે. પ્રથમ આકાશવાણીએ પણ કહેલું છે કે, આ રાજા પૃથ્વીપર ચક્રવર્તી થશે.

મંત્રીઓમાં પહેલે દરજ્જે ગણવાયોગ્ય **યૌ**ગંધરાયણનો આવો વિચાર સાંભળી, આ સાહસ કામ છે, એવું ધારી **રુ**મણ્વાન્ તેને કહે છે કે, **પદ્માવતી** સારુ આવો છળ પ્રપંચ કરશું અને કદાચિત્ તેમાં આપણો જ દોષ ગણાશે તો મોટો અનર્થ થશે. આગળ આવી એક વાત બની હતી, તે હું તમને કહું.

## ધૂર્ત સાધુની વાર્તા.

ગંગાજીના કિનારા ઉપર **મા**કંદિકા નામની નગરીમાં **મૌ**નવ્રત નામનો કોઇ સંન્યાસી અનેક સંન્યાસીઓના પરિવારથી દેવમંદિરની અંદરના મઠમાં રહેતો હતો. તે ગામમાં ભિક્ષા કરી લાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તે સાધુરામ કોઈ વાણીઆને ઘેર ભિક્ષા માગવા ગયો, એટલે તે વાણીઆની છોકરી ભિક્ષા લઇને આવી. અદ્‌ભુત રૂપવાળી તે શુભ લક્ષણવાળી કન્યાને

* યૌગંધરાયણે જે પ્રકાર ગુલ્મના સંબંધમાં કહ્યો તે અસંભવિત નથી, તેમ કૃત્રિમે નથી. ભાવનગરના હાલના ઠાકોરના પિતામહને ગુલ્મ થઈ હતી, ને તે રોગનો નાશ પણ આવા જ પ્રકારથી થયો હતો.



જોઈ, આ શઠ સંન્યાસીની બૂરી નજર તેના પર થઈ, તેથી તે વાણીઓ સાંભળે એવી રીતે તે બોલ્યો કે “ અરે અફસોસ ! અફસોસ !” એટલું કહી પછી ભિક્ષા લઈ તે મઠ તરફ ચાલતો થયો; પણ આ વાણીઆના મનમાં ખટકો રહી ગયો કે, એ સંન્યાસી **મૌ**નવ્રત છે, એટલે કોઈ દિવસ બોલતો નથી, તે છતાં આજ મારી કન્યાને જોઈ “અરે અફસોસ અફસોસ” એમ કેમ બોલ્યો હશે ? આવો વિચાર કરી તે વાણીઓ તે સંન્યાસીના મઠમાં ગયો, અને એકાંતમાં સંન્યાસીને તેડી જઈ વિસ્મયથી પૂછવા લાગ્યો કે, “સ્વામીજી ! તમે આજ અકસ્માત્ **મૌ**નવ્રત છોડી દઈ, એકદમ એવું વચન કેમ બોલ્યા ?” આવું સાંભળી સ્વામીજી બોલ્યા કે, “શેઠજી ! આ વાત મારી પાસે કહેવરાવો નહિ, કહેવામાં સાર નથી, અને હું કહીશ તે તમારા માન્યામાં પણ નહીં આવે.” આવી રીતે સ્વામીજીએ તો વાતમાં મોણ નાંખ્યું, તેમ તેમ વાણીઓ ગરજાઉ થયો, અને ઘણો આગ્રહ કરી પૂછવા લાગ્યો કે, “ ના ના સ્વામીજી ! મને કહો. મને આપનાં વચન ઉપર વિશ્વાસ છે, તમારો હું કાંઇ દુશ્મન નથી, કે મને ખોટો રસ્તો બતાવશો. જે કહેશો તે મારા ફાયદાને માટે જ. તમારું હિત વચન કદી મને કડવું લાગવાનું નથી, માટે બેધડક કહી દ્યો. હું જરૂર તે પ્રમાણે કરીશ.” આવો વાણીઆનો અત્યાગ્રહ જોઈ સ્વામીજી બોલ્યા કે, “ શેઠજી ! એ તારી કન્યા તરફ મેં જોયું તો તેનાં સામુદ્રિક લક્ષણો સારાં નથી. જ્યારે તેનો વિવાહ થશે ત્યારે બાયડી છોકરાં સહિત તારો વિનાશ થશે; તેથી એને જોઇ મારા મનમાં દુઃખ થયું; માટે એવા શબ્દો મારા મોઢામાંથી નિકળી ગયા. તું મારો સેવક છે, તેથી કરી મૌન પણ છૂટી ગયું.” આવું સાંભળી વાણીઆના મનમાં શોક થયો અને વિનતિ કરી પૂછવા લાગ્યો કે, “સ્વામીજી ! હવે તેનો કાંઈ ઉપાય બતાવો. કોઇ જપ, તપ, મંત્ર અને યંત્ર એમાંનું જે કહો તે કરું, પણ એ દોષ નિવારણ થવો જોઇએ.” ત્યારે સ્વામીજીએ કહ્યું કે, “ કોઈ દાન, પુણ્ય કે જપ તપ વિગેરે કોઇ ઉપાય લાગુ થાય એમ નથી, મેં તારે માટે ઘણોએ વિચાર કર્યો, પણ એનો ત્યાગ કર્યા સિવાય બીજો કશો ઉપાય મારા ધ્યાનમાં આવતો નથી. ઉપાય આ જ છે કે, તારે એક લાકડાની પેટી ઘડાવી, તેની અંદર કન્યાને નાંખી, ઉપર દીવો કરી ગંગાજીના પ્રવાહમાં તેને તરતી મૂકી દેવી. પછી તેના નસીબમાં જેમ હશે તેમ થશે.” તે વાણીઓ તો ભયનો માર્યો તે વાત કબૂલ રાખી તરત ઘેર ગયો અને તુરત પેટી તૈયાર કરાવી અને રાત ક્યારે પડે એવી રાહ જોતો બેઠો. રાત પડી કે લાગલો જ તેણે કન્યાને પેટીમાં પૂરી પ્રવાહમાં વહેતી મૂકી દીધી. કહ્યું છે કે–

બીકણ માણસને જુવો, જરા ન ધીરજ હોય;
તેજ હોય જો તે કને, કહિએ ધીરજ સોય.

હવે પેલા સંન્યાસીએ તરત પોતાનાં માણસોને કહ્યું કે, ‘તમે ગંગાકિનારે જાઓ. પ્રવાહમાં વહેતી પેટી દેખો તેને કે તુરત ગુપ્ત રીતે અહીં ઉપાડી લાવો. તે પેટી ઉપર દીવો બળતો હશે, એ તમને હું નિશાની આપું છું. એ પેટીની અંદર કાંઈ શબ્દ તમે સાંભળો, તોપણ એ તમારે ઉઘાડવી નહીં.’ આ વાત સાંભળી તે ચેલાઓએ કહ્યું, ‘જેવી ગુરુજીની આજ્ઞા.’! એમ કહી તેઓ ચાલ્યા. પણ હજુ ગંગાજી નજીક ચેલાઓ આવી પહોંચ્યા નથી, તેટલામાં કોઈ રાજપુત્ર ગંગાજી ઉતરતો

હતો, તેણે પેલે વાણીએ નાંખેલી પેટી દીવાના પ્રકાશથી જોઈ અને કૌતુક થયું, તેથી નોકરોને હુકમ કર્યો કે, આ તરતી પેટી અહીં ખેંચી લાવો, જોઇએ તો ખરા તેમાં શું છે ? આવો રાજપુત્રનો હુકમ થતાં તરત તેના નોકરો પેટી ખેંચી લાવ્યા. પછી રાજપુત્રે તે ઉઘડાવી અને જોયું, તો તેમાં દિલ ચમન ફુટડી સુલક્ષણી બાળા જોઇ. ત્યારે તે તે જ વખત ગાંધર્વવિધિથી તેની સાથે પરણ્યો અને તે પેટીમાં એક ભયંકર વાંદરાને પૂરી પહેલાં માફક માથે દીવો મૂકી તે પેટીને પુનઃ ગંગામાં વહેતી મૂકી દીધી. રાજપુત્ર તો કન્યારત્નનો લાભ થવાથી ઘણો પ્રસન્ન થઇ ત્યાંથી રવાના થયો. ત્યાર બાદ સ્વામીજીના શિષ્યો પેટીને ગંગામાં શોધતા શોધતા આવ્યા, તો પેલી તરતી પેટી તરત તેમની નજરે ચડી. ગુરુના હુકમથી એકદમ ગંગાજીમાં પડી પેટીને ઘસેડી બહાર કાઢી ઉંચકીને પોતાના ગુરુજી પાસે લઇ ગયા. તેને જોઇ ગુરુજી મનમાં બહુ પ્રસન્ન થયા; અને શિષ્યોને કહેવા લાગ્યા કે, 'માલ ઉપર આ પેટી લઇ જઇ એકાંતમાં બેસી હું યંત્રસાધના કરીશ અને આજની રાત તમારે આ મકાનની નીચે સૂઇ રહેવું;' એમ કહી તે પેટી મઠની મેડી ઉપર ચડાવી. પછી વાણીયાની કન્યાની અભિલાષાથી સ્વામીજીએ તે પેટી ખોલી તો તેમાંથી તો કન્યાને બદલે પોતે રચેલાં મૂર્તિમાન્ કાવતરાં સરીખો ભયંકર આકારનો, ખીજવાએલો વાંદરો ઝડપથી કુદકો મારી નિકળ્યો અને સ્વામીને જ ખાવા ધાયો. તે વાંદરે, રાજાની માફક પોતે સજા કરી જાણતો હોય તે રીતે દાંતથી તેનું નાક કરડી ખાધું અને નખથી કાન ઉખેડી નાંખ્યા. આ ભયંકર શિક્ષાથી નાક કાન વિનાનો થઇ ગયેલો સંન્યાસી બૂમો પાડતો ઉપરથી નીચે ઊતર્યો. તેને જોઇ શિષ્યોને ઘણું હસવું આવ્યું; પણ સ્વામીને દુઃખ લાગે, તેથી ઘણી મુશકેલીથી હસવું રોકી રાખ્યું. સવારમાં લોકોમાં આ હકીકત ફેલાઇ કે વાણીઆની કન્યાને તો કુલીન રાજકુમાર પરણ્યો અને સ્વામીજીને પોતાનાં કાવતરાંનું ફળ મળ્યું છે અને એ વાત સાંભળી સઘળાં માણસો દમ બાંધી હસવા લાગ્યાં અને તે વાણિયો પણ ખુશી થયો, તેમ તે વાણીઆની છોકરી પણ સ્વામીજીની દુર્દશા સાંભળી ઘણી જ ખુશી થઈ.

રુમણ્વાન્ **યૌગંધરાયણ**ને કહે છે કે, એવી રીતે કપટ પ્રયોગ સિદ્ધ ન થવાથી એ સંન્યાસીની જગતમાં જેમ હાંસી થઇ, તેમ આપણી ન થાય તો ઠીક. કારણ કે **વાસવદત્તા**ની સાથે રાજાને વિરહ થવાથી અનેક અડચણો આવી ઉભી રહેશે.

તે સાંભળી **યૌગંધરાયણે** કહ્યું કે–'રાજા વ્યસની હોવાથી આ ઉપાય વિના બીજે કોઈ પ્રકારે ઉદ્યોગ કરવાથી અથવા ઉદ્યોગ છોડી દેવાથી નક્કી આ બધું રાજનું કારખાનું ભાગી પડવાનું છે જ. આપણી કારભારીના દરજ્જાની વિખ્યાતિ થઇ છે, તે પણ કમી પડશે, અને રાજાના તરફથી મળતા માનમાં પણ ઘટાડો થવાનો સંભવ છે. જે રાજાની સિદ્ધિ પોતાને સ્વાધીન છે. તેનું સાધન ફકત બુદ્ધિ છે. તેની કાર્યસિદ્ધિમાં અથવા અડચણ કરવામાં કારભારી કોણ હિસાબે, છે ? અને જે રાજાના કાર્યની સિદ્ધિ કારભારીઓની બુદ્ધિને આધીન છે, તેમાં તો કારભારીયાને બુદ્ધિ જ કાર્યસિદ્ધ કરવાવાળી છે. તેવા રાજાના કારભારીઓ જો ઉત્સાહ વિનાના હોય ગરના રાજાની સમૃદ્ધિ ઘણો કાળ ટકવાની નહીં. હવે એક તરફનો વિચાર બાકી રહે છે તે એ કે,



વદત્તાનો પિતા **ચંડમહાસેન** આ કામમાં આડા આવે એમ જો તને શંકા હોય તો તે ફોકટ છે. કારણ કે **વાસવદત્તા** તથા **ચંડમહાસેન**, તેનો પુત્ર અને તેની રાણી મારાં વચનનાં બંધાયલાં છે.

ધીર પુરુષોમાં અગ્રણી **યૌગંધરાયણે** એવું કહ્યા બાદ **રુમણ્વાનના** મનમાં આવ્યું કે, આ પ્રપંચમાં ભૂલ થાપ થઈ જાય તો મોટો તોટો વેઠવો પડશે, એમ ધારી ફરીથી બોલ્યો કેઃ–

વહાલી વનિતાના વિરહવહ્નિથી વિચારવંત વિવેકી વિહ્વલ થઇ વિપત્તિ વેઠે છે; તો વામામાં વ્યસની **વત્સરાજને** વિપત્તિ વેઠવી પડે, તેમાં શું કહેવાનું ! એ પ્રસંગ ઉપર એક વાત કહું તે સાંભળોઃ–

## દેવસેન અને ઉન્માદિનીની કથા.

કોઈ એક દેવસેન નામનો મહાબુદ્ધિમાન્ રાજા હતો. તેની રાજધાનીનું નામ **શ્રાવસ્તી** નગરી હતું. તે નગરીમાં એક ધનવાન્ વાણીઓ રહેતો હતો. તેને એક પુત્રી થઈ. તેનું રૂપ અસાધારણ હતું. તે જોઇ સર્વ મનુષ્યને ઉન્માદ થતો હતો, તેથી તે કન્યાનું નામ પણ લોકમાં ઉન્માદિની એવી રીતે પ્રસિદ્ધ થયું. એક દિવસ તેના પિતાએ વિચાર કર્યો કે. "દેવસેનને આ કન્યા બતાવ્યા સિવાય મારે કોઈ રાજાને આપવી નહીં. કારણ કે એમ કરવાથી દેવસેન જરૂર ગુસ્સે થશે." આવું ધારી તેણે રાજા પાસે જઈ વિનતિ કરી કે, 'હે રાજન્! મારે ઘેર એક રત્ન સરખી કન્યા છે, તે જો તમારા ઉપયોગની હોય તો આપ લો.' આવું સાંભળી રાજાએ પોતાના વિશ્વાસુ બ્રાહ્મણોને* તે કન્યાનાં રૂપ, ગુણ અને લક્ષણની પરીક્ષા કરવા મોકલ્યા. તે બ્રાહ્મણો ત્યાં જઇ ઉન્માદિનીને જોવાથી જ ક્ષોભ પામી ગયા. તરત કામદેવનાં બાણોનાં નિશાન થયાં ત્યારે બ્રાહ્મણોએ વિચાર કર્યો કે, "આપણો દેવસેન રાજા જો આ કન્યા પરણશે તો પછી આને ઘડીભર પણ વીલી મૂકશે નહીં, તેથી સર્વ રાજ્યનું કામ રખડી જશે, તો પછી આનું શું કામ છે ?" આવો વિચાર કરી પ્રથમ કારભારી મંડળ પાસે જઇ તેઓની સલાહ લઈ રાજા પાસે જઇ કહ્યું કે, 'એ કન્યા તો કુલક્ષણા છે'. પછી તે રાજાએ તે વાણીઆને ના પાડી. આ રીતે નાના સમાચાર સાંભળી કન્યાના મનમાં પણ દિલગીરી પ્રાપ્ત થઈ. પછી તે વાણીઆએ રાજાના સેનાપતિને તે કન્યા આપી. કન્યા સાસરે ગઈ. તે કન્યાએ વિચાર્યું કે, આ રસ્તો રાજાને નિકળવાનો છે, એટલે તે રસ્તે રાજા નિકળ્યો ત્યારે મહેલની અગાસી ઉપર ચડી તેણીએ રાજાને પોતાનું રૂપ દેખાડયું. કામદેવે જાણે જગતને મોહ કરવાની ઔષધિ મોકલી હોય, તેવી ઉન્માદિનીને જોઇ રાજા ઉન્માદગ્રસ્ત થઇ ગયો, ને માંડ માંડ ત્યાંથી પોતાને ઘેર ગયો, અને તે કન્યા કોની છે ? હાલમાં કોની સ્ત્રી છે ? એ વગેરે તપાસ કરી; ત્યારે તેણે જાણ્યું કે, 'આપણને પ્રથમ જેને માટે સામું માગું આવ્યું હતું, અને આપણા તરફથી જેનો અનાદર થયો હતો તે જ આ કન્યા તરૂ' આવું જાણતાં જ તે રાજાનું મન ઉચક થઈ ગયું અને તેને કામજ્વરની અતિશય પીડા થઈ. નહીં.વાત સેનાપતિના જાણવામાં આવવાથી સેનાપતિએ રાજાને કહ્યું કે; "તે તો આપની કાંઈ પણ

* અંગ્રેજીમાં વિશ્વાસપાત્ર બ્રાહ્મણ મંત્રીઓને કન્યાની તપાસ કરવા મોકલ્યા તેમ છે.

દાસી છે, પરસ્ત્રી નથી, આપ સુખેથી સ્વીકારો અથવા કોઇ* દેવ મદિરમાં મૂકી દઉં. પછી આપ ત્યાંથી દ્રવ્ય દઇ લઇ લેજો." આવી રીતે સેનાપતિએ પ્રાર્થના કરી, તે ઉપર રાજા બોલ્યો કે, 'હું પરસ્ત્રી કદી પણ લેવાનો નહીં અને કદાચિત્ તું તેનો ત્યાગ કરીશ તો તારો ધર્મ જશે અને મારી તરફથી સજા પણ પામીશ." તે સાંભળી બીજા મંત્રીઓ પણ ચૂપ થઇ ગયા અને તે રાજા તે જ કામજ્વરથી પીડાઈ અંતે યમપુરીને પહોંચી ગયો.

આ પ્રમાણે તે દેવસેન રાજા ધીર પ્રકૃતિવાળો હતો, તે છતાં ઉન્માદિની વિના વિનાશને પામ્યો, ત્યારે **વાસવદત્તા** વિના **વત્સરાજ**ની શી વલે થશે ? આવાં **રુમણ્વાન**નાં વચનો સાંભળી યૌગંધરાયણ ફરીથી બોલ્યો કે, 'કાર્ય જોનારા રાજાઓ કલેશ સહન કરેછે. રાવણનો નાશ કરાવવા દેવતાઓએ યુક્તિ કરી રામને સીતાજી સાથે વિયોગ પડાવ્યો, તે વિરહની પીડા રામે શું સહન ન કરી ?' આ સાંભળી **રુમણ્વાને** કહ્યું કે 'તે રામ વગેરે તો દેવ હતા, તેથી તેનું મન સર્વ પ્રકારનાં દુઃખ સહન કરવા સમર્થ હતું: કારણ કે દેવતાઓના મનમાં એકદમ દુઃખ અસર કરી શકતું નથી. વળી તે ધીર પ્રકૃતિના અને સહનશીલ હોય છે. મનુષ્યનું મન તો દુઃખ સહન કરી શકતું નથી. તે પર એક દૃષ્ટાંત કહું તે સાંભળોઃ–

## યદ્દલ્લકની કથા.

ઘણાં રત્નોથી યુક્ત મથુરા નામની નગરીમાં કોઇ વાણીઆનો છોકરો **યદ્દલ્લક** નામનો હતો. તેની સ્ત્રી તેને ઘણી પ્રિય હતી, અને સ્ત્રીનું મન પણ હમેશાં પતિમાં જ ચોંટેલું રહેતું હતું. તે પ્રિયાની સાથે વસતાં વસતાં એક દિવસ કંઇ અગત્યનું કામ આવી પડયું, તેથી તે વાણીઆના છોકરાએ બીજા દ્વીપમાં જવાની તૈયારી કરી ત્યારે તેની સ્ત્રીએ પણ તેની સાથે જવાની ઇચ્છા બતાવી. વાત ખરી છે કે, ભાવથી સ્નેહવાળું સ્ત્રીઓનુ મન વિરહ સહન કરી શકતું નથી. તે પછી મગ ા કરી વણિક્પુત્ર વિદેશ સિધાવ્યો, પણ કપડાં વગેરે બાંધી સીંધી તૈયાર થઇ બેઠેલી સ્ત્રીને સાથે ન લઇ ગયો. એટલે પોતાના પ્રાણપ્રિય પતિ જે દિશે ગયા તે દિશા ભણી ટગર ટગર જોતી જોતી ખરતે આંસુએ આંગણાનાં કમાડનો ખૂણો ઝાલી તે ઉભી રહી. પતિ નજરથી દૂર ગયો, ત્યારે તેનો વિયોગ સહન ન થઇ શકવાને લીધે પોતે મુગ્ધાવસ્થા હોવાથી બાહેર ન નિકળી શકી, પણ તેના પ્રાણ તો તુરત બહાર નિકળી ગયા. આ વાતની ખબર પડવાથી તે વાણીઆનો છોકરો તરત પાછો વળ્યો અને જીવન વિનાની વિહ્વળ સ્ત્રીને જોઇ સુંદર અને ફીકી કાંતિવાળી, ચંચળ કેશ જેના ફરકે છે એવી આકાશમાંથી પૃથ્વીપર નિદ્રામાં સૂતેલી, પડી ગયેલી ચંદ્રની કાંતિ સરખી પ્રિયાને જોઇ, ખોળામાં લઇ વિલાપ કરવા માંડયો, એટલે શોકરૂપ અગ્નિને

---

* આ કઢંગી ચાલ આપણા લોકોમાં ઘણા વખતથી પેઠેલી છે; અને હાલમાં પણ દક્ષિણમાં ખંડોબાના દેવળમાં તથા જગન્નાથ ક્ષેત્રમાં આ ચાલ ચાલે છે કે, કન્યાને દેવને ભેટ કરી દે છે. જેમ કન્યાની ભેટ થાય છે તેમ પુત્રની પણ ભેટ થાયછે. તેમાં કેટલાક અનર્થ નીપજે છે. પ્રસિદ્ધ કવિ જયદેવની પદ્માવતી પણ આજ પ્રકારને પહોંચેલી હતી. દક્ષિણમાં ને મુંબઇમાં મુરલીઓ કહેવાય છે, તે આવી દેવાર્પણ કરેલી કન્યાઓ છે. ગુજરાતમાં બૈચરાજી તથા કાળકાને અર્પણ કરે છે.



લીધે બળી ગએલા દેહથી ડરેલા તેના પ્રાણ નિકળી ગયા. એવી રીતે એક બીજાના વિયોગથી તે બંને સ્રીપુરુષ મરણ પામી ગયાં. માટે આ રાજા **વત્સરાજ** અને **વાસવદત્તા**નો પરસ્પરનો વિયોગ ન થાય, તેમ આપણે કરવું જોઇએ.

હું જે તમારા મતને મળતો નથી આવતો, તેમાં મને આ ઉપર દર્શાવ્યા પ્રમાણે મોટી દેહશત રહે છે, એમ કહી **રુમણ્વાન્** ચૂપ થઇ ગયો. ત્યારે ધૈર્યના સમુદ્ર સરખો **યૌગંધરાયણ** તેને કહે છે, કે મેં આ બધી વાતનો નિશ્ચય કરી રાખ્યો છે. રાજાઓનાં કાર્યો ઘણું કરી એવાંજ હોય છે. એ ઉપર એક કથા સાંભળઃ—

## પુણ્યસેનની વાર્તા.

પૂર્વે ઉજ્જયિની નગરીમાં પુણ્યસેન નામનો એક રાજા હતો. તેની ઉપર એક વખતે એક બળિયા રાજાએ ચઢાઇ કરી; ત્યારે તેના ધીર મત્રીઓએ તે શત્રુ જિતવો મુસ્કેલ છે, એમ ધારી એક ખોટી અફવા ફેલાવી કે રાજા મરી ગયો છે; પણ પુણ્યસેન રાજાને છૂપો રાખ્યો, અને બીજું કોઇ માણસ મરી ગયું હતું તેનું મુડદુ ઉંચકી રાજાને જે ક્રિયા કરવી ઘટે તેવી ક્રિયાથી બાળ્યું, અને તે કારભારીઓએ તે દુશ્મન રાજાને દૂતદ્વારા કહેવરાવી મોકલ્યું કે, હાલ અમે રાજા વિનાના થઇ બેઠા છીએ, માટે અમારા રાજા તમે જ થાઓ. આવું સાંભળી તે રાજા રાજી થયો અને ગજ્ય કરવા લાગ્યો. હવે તે કારભારીઓએ સૈન્ય સહિત તેની સાથે મળી જઈ ક્રમે કરી તેની ફોજને ફોડી. ફોજ ફૂટ્યા પછી પોતાના પુણ્યસેન રાજાને જાહેર કર્યો અને બળવાળા થયેલા તે કારભારીઓએ દુશ્મનને દફે કર્યો.

રાજકાજમાં તો આવાં કાવતરાં કરવાં પડે છે. માટે રાણી બળી મુવાની અફવા ફેલાવી ધીરજ રાખી કાર્ય સાધીએ. આવી રીતે **યૌગંધરાયણ**નો નિશ્ચયાત્મક વિચાર સાંભળી **રુમણ્વાને** કહ્યું કે, 'જો આ તમારો નિશ્ચય જ હોય, તો રાણીના ભાઇ ગોપાલકને બોલાવી તેની સાથે સારી રીતે સર્વ વિચાર કરો.' ત્યારે **યૌગંધરાયણે** કહ્યું કે, "ભલે એમ કરીએ." ત્યારે **યૌગંધરાયણ**ના ભરોસા ઉપરથી **રુમણ્વાને** પણ કર્તવ્યનો નિશ્ચય કર્યો. બીજે દિવસે તે બન્ને મંત્રીઓએ પોતાનો એક દૂત ગોપાલકને બોલાવવા મોકલ્યો. તે ગોપાલકને એવું કારણ જણાવ્યું કે, 'આપને મળ્યે ઘણા દિવસો થઇ ગયા છે, તેથી હવે અમારું મન ઘણું ઉત્કંઠિત થઈ રહ્યું છે.' તે દૂતે ત્યાં જઇ ગોપાલકને એ સમાચાર કહ્યા, ત્યારે તે તો પ્રથમ જે કાંઇ કામને માટે જ ત્યાં ગયો હતો, તે કામ તો ત્યાં તેણે પૂરું કરી લીધું હતું, તેથી તે દૂતના વચન ઉપરથી દેહધારી ઉત્સવની પેઠે ત્યાં તરત આવ્યો. તેને આવ્યો જાણી તે દિવસે તો **યૌગંધરાયણે** તે ગોપાલકને અને **રુમણ્વાન**ને સલાહનો સાંચો બેસારવ સારુ પોતાને ઘેર જ રાખ્યા. **રુમણ્વાન**ની સાથે પ્રથમ જેજે પોતે વિચાર કરી રાખ્યો હતો તે સઘળો ઉત્સાહથી ગોપાલકને કહી સંભળાવ્યો. જો કે ગોપાલકને પોતાની બેન બળી મુવા વિષેની અફવા ગમતી નહોતી, તોપણ પોતે રાજાનો હિતૈષી હતો, તેથી તે વાત કબૂલ રાખી; કારણ કે સત્પુરુષોનું વચન પાળવું જોઇએ, એ નીતિછે.

વળી રૂમણ્વાન્ બોલ્યો કે, ‘આ બધી વાત તો ઠીક છે, પણ રાણીના બળી મુવાના સમા-ચાર સાંભળી વત્સરાજ પ્રાણ તજશે, તો તેની રક્ષા શી રીતે કરવી, એ પ્રથમ વિચારો. સારા ઉપાયોની સામગ્રીનો સંભવ હોય, તોપણ આવેલી આપત્તિથી કેમ બચવું, એ મંત્રનું મુખ્ય અંગ છે.’ આવાં રૂમણ્વાનનાં વચનો સાંભળી, સમગ્ર કાર્યનો જેણે વિચાર કરેલો છે, એવો યૌગંધરાયણ બોલ્યો કે, ‘આ બાબતમાં ચિંતા કરશો નહિ, કારણ કે રાણી છે તે ગોપાલકની નાની બહેન છે, તે તેને પ્રાણ કરતાં પણ પ્રિય છે. અને આને શોક થોડો જ છે એમ જોતાં રાજા, રાણી કદા-ચિત્ જીવતી હોય એવું માની ધીરજ ધરશે. આપણા રાજાની ધીરજ ઘણી વખાણવા લાયક છે; અને એને આપણે તરત પરણાવશું, તેથી તેને વાસવદત્તાના વિયોગનો સંતાપ મટશે.’ આવો નિશ્ચય કરી યૌગંધરાયણ, ગોપાલક અને રૂમણ્વાને બીજો તેને લગતો વિચાર કીધો કે, એક યુક્તિ કરી લાવાણક દેશમાં રાજા અને રાણીને તેડી જઈએ. તે દેશ આપણા દેશની સીમામાં છે; અને મગધ દેશની પાસે જ આવેલો છે. ત્યાં શિકાર કરવાનું જંગલ વિસ્તીર્ણ છે, તેથી રાજા કાંઈ આખો દહાડો જનાનામાં બેસી નહીં રહે. શિકાર કરવા સારુ દૂર જશે, એટલે જનાનખાનું સળગાવી વિચાર પાર પાડીશું, અને રાણીને ત્યાંથી યુક્તિથી પદ્માવતીને ઘેર મોકલાવી દઈશું, કે જેથી તે જ છૂપી રહેલી વાસવદત્તાના શિયળની સાક્ષી રહે. એ પ્રમાણે રાત્રિમાં મનસૂબો કરી બીજે દિવસે તે યૌગંધરાયણ વગેરે ત્રણે જણ રાજદરબારમાં ગયા; ત્યાં રૂમણ્વાને રાજા પાસે વિનતિ કરી કે, ‘હે રાજન્! આપણે અહીંથી લાવાણક જઈએ તો ઠીક મઝા પડે. તે દેશ ઘણો રમણીય છે. ત્યાં શિકાર કરવાનાં જંગલો પણ સારાં છે, અને વાળો તથા ઘાસ પણ પુષ્કળ છે. આપણો એ દેશ નજીક આવવાથી મગધ દેશનો રાજા તેને ઘણી હરકત પહોંચાડે છે. માટે તે દેશનો બંદોબસ્ત કરવા અને વિનોદ કરવા સારુ પધારો તો ઠીક પડે.’

કારભારીની વાત સાંભળી તે વત્સરાજે, વાસવદત્તાની સાથે ક્રીડા કરવાની હોવાથી લાવાણક જવાનો વિચાર કર્યો. બીજે દિવસે જવાનો નિશ્ચય કરી, અમુક લગ્નમાં જવું, એવું ઠરાવ્યું; ત્યાં અકસ્માત્ કાંતિથી દિશાઓને શોભાવનાર અને જોનારના નેત્રોને આનંદ આપનાર નારદ મુનિ, જેમ પોતાના કુળ ઉપર પ્રીતિ કરી ચંદ્ર* આવે તેમ આકાશમાર્ગથી ઉતર્યા. ત્યાં આતિથ્ય સત્કાર ગ્રહણ કર્યો અને નમ્ર રાજાને પારિજાતવૃક્ષના ફૂલોની માળા આપી અને ઘણી પ્રીતિથી વાસવદત્તાને પણ આશીર્વાદ આપ્યો કે તું કામદેવનો અંશ પુત્ર પામીશ, ને તે વિદ્યાધરોનો પણ અધિપતિ થશે. તે પછી યૌગંધરાયણના સાંભળતાં વત્સરાજને કહ્યું કે, ‘હે રાજન્! તારી વાસવદત્તા રાણીને જોઇ મને સાંભરી આવ્યું કે, તારા પ્રપિતામહ યુધિષ્ઠિર વગેરે રાજાઓ હતા, ને એ પાંચ ભાઈઓ વચ્ચે દ્રૌપદી નામની એક સ્ત્રી હતી, તે વાસવદત્તા જેવી જ અપ્ર-તિમ રૂપવાળી હતી. તો આ ખૂબસુરત સ્ત્રીમાંથી આ ભાઈઓ કોઈ દિવસ લડી મરશે, એવું ધારી તેઓને મેં ભલામણ કરી હતી કે સ્ત્રી સંબંધી વૈરથી તમારે દૂર રહેવું. કારણ કે તે સર્વ પ્રકારની આપદાનું મૂળ છે. આ સંબંધમાં હું તને એક કથા કહું છું તે સાંભળ.

* વત્સરાજ ચંદ્રકુળનો છે; પાંડવના કુટુંબમાં તે જન્મેલો છે, એ અગાડી જણાવ્યું છે.



## સુંદોપસુંદની* કથા.

પોતાના પરાક્રમથી ત્રણે ભુવનોને દબાવનારા અને હારે નહીં તેવા અસુર જાતિના સુંદ અને ઉપસુંદ નામના બે ભાઈઓ હતા. તેનો વિનાશ કરવાની ઇચ્છાથી બ્રહ્માએ વિશ્વકર્માને આજ્ઞા આપી ને તિલોત્તમા નામની એક અપ્સરા બનાવી, જેનું રૂપ જોવાને બ્રહ્માએ ચાર દિશામાં ચાર મ્હો કર્યાં; અને તે શિવજીની પ્રદક્ષિણા દેતી હતી ત્યારે મહાદેવે પણ ચાર મુખ કરી તેને જોઈ. કૈલાસના બગીચામાં રહેનાર સુંદ અને ઉપસુંદને લલચાવવા બ્રહ્માએ તેને આજ્ઞા કરી, તેથી તે ત્યાં ગઈ. નજીક આવેલી તે નારીને જોઈ કામમોહિત થઈ ગયેલા તે બન્ને ભાઈઓએ તિલોત્તમાનો એકેકો હાથ ઝાલ્યો. તે ક્ષણમાં એક બીજાનો વિરોધ કરી, તેની ખેંચાખેંચ માંડી અને પરસ્પર સખત મારો ચલાવ્યો, તેથી બન્ને યમધામમાં પહોંચી ગયા.

એવી રીતે સ્ત્રી નામનો વિષય કેની આપત્તિનું કારણ નથી? તો તમોને આ દ્રૌપદી બહુ પ્યારી છે; તે નિમિત્તનો ઝગડો તમારે અરસ્પરસ થવા ન દેવો. મારા કહેવા ઉપરથી હમેશ તમે આવો ઠરાવ રાખો કે, જ્યારે મોટા ભાઈ પાસે હોય ત્યારે નહાના ભાઈએ માતા સમાન ગણવી અને જ્યારે નહાના ભાઈના કબજામાં હોય ત્યારે મોટા ભાઈએ પુત્રવધૂ સમાન લેખવી. હે રાજા! આવું મારું વચન તારા બાપદાદાઓએ કલ્યાણકારી બુદ્ધિ હોવાથી કબૂલ રાખ્યું હતું. તે મારા મિત્ર થતા હતા, અને તેની જ પ્રીતિ ઉપરથી હું અત્રે આવેલો છું. માટે હે વત્સરાજ! મારું એક વચન સાંભળ. જેમ એ મારું વાક્ય તેમણે માન્ય કર્યું, તેમ તું પણ તારા મત્રીઓનું માનજે. એમ કરવાથી તું થોડા વખતમાં મોટો વિજયી થઈશ; કેટલોએક વખત તને દુઃખ રહેશે, પણ તેમાં તારે ગભરાઈ જવું નહિ, કારણ કે તેમાંથી સુખનું પરિણામ આવશે.’ રાજાએ એ વાત માન્ય કરી. વત્સરાજના ભાવી ઉદયની સૂચના કરવામાં કુશળ એવા નારદમુનિ એવું કહી ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.

તે શ્રેષ્ઠ મુનિ નારદના કહેવા ઉપરથી યૌગંધરાયણ વગેરે મંત્રીઓ, હવે ધારેલી ધારણા પાર પડશે એમ માની, તે બાબતમાં ખંતથી પ્રયત્ન કરવા લાગ્યા.

**ઇતિ શ્રીમહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં**
**લાવાણક લંબકને વિષે પહેલો તરંગ સંપૂર્ણ.**

* મહાભારતના આદિપર્વમાં આ કથા છે.

## તરંગ ૨ જો.

### ઉદયન રાજાનો ૫ માવતી સાથે વિવાહ થવાની કથા.

તે પછી પ્રથમ કહેલી યુક્તિથી **યૌગંધરાયણ** વગેરે મંત્રીઓ, રાણીસહિત રાજાને **લાવાણક** દેશમાં લઈ ગયા. સેનાના ગાજતે વાજતે અવાજે કરી મંત્રીઓના ઇચ્છિતની સિદ્ધિ કહેતો હોય, એવી રીતે તે દેશમાં રાજા આવી પહોંચ્યો. ત્યાં પરિવારસહિત **વત્સરાજ** આવેલો છે, એવું સાંભળી ઘેરો ઘાલવાના ભયથી **મગધરાજ** કંપવા લાગ્યો. તેથી સદ્બુદ્ધિમાન્ તે રાજાએ **યૌગંધ**-રાયણ પાસે દૂત મોકલ્યો. ત્યારે કાર્યને જાણનારા **યૌગંધરાયણે** તેનું અભિનંદન કર્યું. **વત્સરાજ** પણ તે દેશમાં દિવસે દિવસે છેટેની અટવીમાં શિકાર કરવા જવા લાગ્યો. એક દિવસે તે રાજા શિકાર કરવા ગયો હતો, ત્યારે **ગોપાલક**ની સાથે કર્ત્તવ્યની સલાહ કરી, બુદ્ધિમાન્ **યૌગંધરાયણ**, **રુમણ્વાન્** અને **વસંતક**ને સાથે લઈ, નિર્જનસ્થાનમાં **વાસવદત્તા** રાણી પાસે ગયો. ત્યાં તેને ભાઈ **ગોપાલકે** પ્રથમથી સમજાવી તો મૂકી જ હતી, તો પણ રાજાના કાર્યની મદદ માટે તેને યુક્તિથી વિનતિ કરી. જો કે તેને જાતે વિરહનું દુઃખ આપનારી એ વાત હતી, તે છતાં પણ તેણે કબૂલ કીધી.

> જે સ્વામિના ઉદયને હૃદયે વહે છે;
> તે કામિની જન બહુ દુઃખડાં સહે છે.

ત્યારે નિપુણ **યૌગંધરાયણે** રૂપપરાવર્ત્તનનો યોગ આપી, તેણીને બ્રાહ્મણીનું રૂપ ધરાવ્યું; અને **વસંતક**ને કાણો બટુક બનાવ્યો, અને પોતે વૃદ્ધ બ્રાહ્મણના રૂપને ધારણ કર્યું. બ્રાહ્મણીનું રૂપ ધારણ કરનારી તે રાણીને લઈ **વસંતક**ની સાથે મહાબુદ્ધિમાન્ તે **યૌગંધરાયણ** ચાલ્યો. પોતાના ઘરમાંથી નિકળેલી **વાસવદત્તા** ચિત્તથી પોતાના ભર્ત્તા પાસે ગઈ અને શરીરે કરી રસ્તે પડી.

### વાસવદત્તાના બળવાની અફવા.

ત્યાર પછી **રુમણ્વાને** તે ઘર સળગાવી પોકાર કર્યો કે, 'હાય! હાય! **વસંતક**ની સાથે રાણીજી બળી મુવાં." ત્યારે અગ્નિ અને બૂમ એ બન્ને સાથે ઉઠયાં. ધીમે ધીમે અગ્નિ શાંત થયો, પણ બૂમરાણ શાંત ન થઇ. **યૌગંધરાયણ**, **વાસવદત્તા** અને **વસંતક**ની સાથે મગધ રાજાના પુરમાં આવ્યો. ત્યાં રાજપુત્રી **પદ્માવતી** બગીચામાં હતી, તે જોઇ ચોકીવાળઓએ મના કર્યા છતાં પણ ત્યાં તે બેઉની સાથે પેઠો. બ્રાહ્મણીનું રૂપ ધારણ કરનાર **વાસવદત્તા**ને જોઈ તેની ઉપર **પદ્માવતી**ની પ્રેમાળ દૃષ્ટિ પડી; તેથી ચોકી કરવાવાળાને અટકાવવાની ના કહી, બ્રાહ્મણની આકૃતિ ધારણ કરનારા **યૌગંધરાયણ**ને પણ રાજકન્યાએ બોલાવ્યો અને પૂછવા લાગી;



### વાસવદત્તા અને પદ્માવતીની કથા.

'હે મહાબ્રહ્મન્ મુનિ! આ સ્ત્રી તારી શું થાય છે અને અહીં તું કેમ આવેલો છે ?' આવા પ્રશ્ન સાંભળી, **યૌગંધરાયણ** બોલ્યો કે, 'હે* રાજપુત્રી! આ **આવંતિકા** નામની મારી પુત્રી છે, આનો પતિ વ્યસની છે, તેથી આને છોડી ક્યાંઇ જતો રહ્યો છે, માટે હે યશસ્વિની! આપના હાથમાં આને સોંપું છું કે, જેટલામાં હું જઈ તેના પતિને ખોળી લાવું. આ ભાઈ કાણબટુક અહીં જ આની પાસે રહેશે, કે જેથી આને એકલું રહેવાનું દુઃખ ન પડે.' એવી રીતે રાજપુત્રીને કહેવા ઉપરથી તે વાત તેણે કબૂલ રાખી. ત્યારે તે મંત્રી, તેની પાસેથી રજા લઈ, તરત **લાવાણ**-કમાં ગયો. તે પછી **આવંતિકા** નામથી પ્રસિદ્ધ થઇ રહેલી **વાસવદત્તા** અને કાણબટુકનું રૂપ ધારણ કરવાવાળા **વસંતક** એ બેઉને લઇને સ્નેહશાળી **પદ્માવતી** ઘણા કૌતુકવાળા પોતાના ઘરમાં પેઠી. ભીંત ઉપરના ચિત્રમાં **રામચરિત્ર** બધું આળેખેલું છે, તેમાં **સીતા**ને જોઇ વિરહની પીડા **વાસવદત્તાએ** સહન કરી. આકૃતિથી, સુકુમારતાથી, શયન અને આસનની ચતુરાઇથી અને નીલકમળ સરખા સુગંધી શરીરના વાસથી પોતાના સરખાં બધાં અમૂલ્ય આચરણથી તે ઉત્તમ સ્ત્રી છે, એવો નિશ્ચય કરી, **પદ્માવતી**, તેની મરજી પ્રમાણે તજવીજ રાખવા લાગી અને વિચાર્યું કે આ કોઈ મોટા ઘરની સ્ત્રી છે, તે અહીં છૂપી રહી છે. વિરાટના નગરમાં **દ્રૌપદી** કેમ છૂપી નહોતી રહી ?'

હવે કેટલોએક પ્રસંગ થવાને લીધે જે પોતે પ્રથમ **વત્સરાજ** પાસેથી શીખેલી છે, તે ન સુકાઇ જાય તેવી માળા અને તિલક **પદ્માવતી**ને કર્યાં. **પદ્માવતી**ને શણગારેલી જોઇ તેની માએ એકાંતમાં જઈ પૂછયું, કે 'આ માળા કોણે પહેરાવી અને આ તિલક કોણે કર્યું ?' ત્યારે **પદ્મા**-વતીએ કહ્યું કે, 'મારે ઘેર કોઈ **આવંતિકા** નામની બ્રાહ્મણી આવેલી છે, તેણે આ કર્યું છે.' તે સાંભળી તેની માએ કહ્યું કે, 'હે પુત્રિ! ત્યારે તે મનુષ્યની સ્ત્રી નથી, તે કોઇ દેવી છે, કે જેનું આવું જ્ઞાન છે. દેવતા અને મુનિઓ પણ સત્પુરુષોના ઘરમાં છેતરવાને માટે રહે છે. આ પ્રસંગમાં હે પુત્રિ! એક કથા સાંભળઃ—

### દુર્વાસામુનિ અને કુંતીની કથા.

**કુંતિભોજ** નામનો એક રાજા હતો. તેને ઘેર **દુર્વાસા** મુનિ આવ્યા, ત્યારે તેની સેવા કરવા વાસ્તે રાજાએ પોતાની પુત્રી **કુંતી**ને મોકલી અને તે **કુંતી** પણ પૂર્ણભાવથી મુનની સેવા કરવા

---

* **યૌગંધરાયણ** અત્યંત બુદ્ધિમાન્ મંત્રી છે; એ તો આ સઘળી કથા ઉપરથી આપણે જાણી શકીએ છીએ. એનું બોલવું ઘણું જ ચતુરાઈ ભરેલું **પદ્માવતી**ની વાતમાં જણાય છે. તેણે કહ્યું કેઃ—એ અવંતિ દેશની છે, માટે **આવંતિકા** નામ આપ્યું છે. વળી કહે છે કે, એ મારી પુત્રી છે. કારણ કે બ્રાહ્મણીનો વેષ યોગબળેથી તેણે જ બનાવી આપ્યો છે, તેથી તેનો પિતા તે જ કહેવાય. અથવા નિર્દોષ બુદ્ધિવાળા સત્પુરુષો સ્વામિની સ્ત્રીને પુત્રીની દૃષ્ટિથી જુવે છે, તેથી પણ તે પુત્રી જ કહેવાય. વળી કહે છે કે, આનો પતિ વ્યસની છે. કારણ કે મૃગયાનું **વત્સરાજ**ને વ્યસન છે અને સ્ત્રીનું પણ વ્યસન છે. નીતિશાસ્ત્રમાં **સપ્ત** વ્યસન વર્ણવેલાં છે. તેમાં એ પણ છે. વળી કહે છે કે, એનો પતિ આને છોડીને ક્યાંઈ ગયો છે; કારણ કે શિકાર કરવા રાણીને છોડીને જ તે ગયો હતો અને ક્યા જંગલમાં ગયો છે, તે પણ ક્યાં ખબર છે ? એમ વ્યંગ્યાર્થે સત્ય વચન કહ્યું.

લાગી. એક દિવસ તે મુનિ, કુંતીનું મન જાણવાની ઇચ્છાથી બોલ્યા કે, 'દૂધપાક તરત રાંધ, કે જેટલામાં હું નહાઈ આવું.' એમ કહી તરત નાહી તે મુનિ આવ્યા, ત્યારે કુંતીએ એક દૂધપાકથી ભરેલું વાસણ તેની પાસે મૂક્યું. એ વાસણ ઉના ઉના દૂધપાકથી અતીશે ગરમ થઈ ગયું હતું, તેથી તે હાથમાં પકડી શકાય તેમ ન હોવાથી તે મુનિએ કુંતીની પીઠ તરફ નજર કરી. કુંતી પણ મુનિનો અભિપ્રાય જાણી ગઇ, તેથી તે દૂધપાકની થાળી પીઠ ઉપર રાખી, એટલે તે ખુશીથી ખાવા લાગ્યા. પણ આમ કરવાથી કુંતીની પીઠ બળી ગઈ. પોતાની પીઠ બળતી હતી, તોપણ જરાએ હીલચાલ કર્યાં સિવાય તે ઉભી રહી. આવી ભકિત જોઇ મુનિ પ્રસન્ન થયા અને મોટું વરદાન આપ્યું હતું. તેથી હે પુત્રિ! ત્યાં જેમ મુનિ રહ્યા હતા, તેમ આ આવંતિકા પણ અહીં રહેલી છે, માટે તું એનું આરાધન કરજે.' આવી રીતે માના મ્હોથી પદ્માવતીએ સાંભળ્યું, તેથી બીજું રૂપ ધારણ કરનારી વાસવદત્તાને દેવીરૂપે પૂજવા લાગી. રાણી વાસવદત્તા વિયોગિની હોવાથી મધ્યરાત્રિમાં પદ્મિનીની પેઠે દુઃખીઆરી અને કાંતિ વિનાની ત્યાં રહી. પણ બાળક અવસ્થાને છાજતા વસંતકના વિનોદ આપતા વિકારોવડે વિયોગિની વાસવદત્તાના મુખપર હાસ્ય રમતું હતું.

આ સમયમાં અતિ દૂર મૃગયાની ભૂમિમાં ભમી, સાંજ પડયા પછી વત્સરાજ લાવાણકમાં આવ્યો. ત્યાં જનાનખાનું અગ્નિથી બળી ગયેલું જોયું અને વસંતકની સાથે રાણી પણ બળી મરી ગઈ, એવું કારભારીઓના મ્હોંથી સાંભળ્યું. આ વાત સાંભળી બેભાન થઈ તે જમીન ઉપર ઢળી પડયો. તે વખતે તે જાણે દુઃખના અનુભવનો ક્લેશ ટાળવા ઇચ્છતી હોય, એવી મૂર્ચ્છા તેને આવી. થોડીવાર પછી શુદ્ધિ આવી ત્યારે ત્યાં થયેલા રાણીના દાહ દર્શન રૂપ અગ્નિથી આવિષ્ટ હોય, તેમ હ્રદયશોકથી તે બળવા લાગ્યો. વિલપંતા ને દુઃખી અવસ્થામાં દેહ ત્યાગ કરવાને ઇચ્છતા તે રાજાને થોડી વાર પછી યાદ આવ્યું, તેથી વિચાર કરવા લાગ્યો કે;– રે! વાસવદત્તાનો પુત્ર વિદ્યાધરોનો અધિપતિ થશે, એવી રીતે નારદ મને કહી ગયા છે, તે કેમ મિથ્યા થાય? અને તે જ મુનિએ થોડા વખતનું મને દુઃખ થશે, એવું પણ કહ્યું છે. આ ગોપાલકને પણ ઝાઝો શોક જણાતો નથી. યૌગંધરાયણ વગેરેને પણ અતિ દિલગીરી હોય, એવું કાંઈ દેખાતું નથી. આ સઘળાં કારણો ઉપરથી મારા જાણવામાં આવે છે કે, કદાચિત પ્રિય વાસવદત્તા જીવતી હશે! મને તો ભાસે છે કે, કારભારીઓએ મળી આ એક રાજનીતિ કરી હશે! કોઈ દિવસે પણ રાણી સાથે સમાગમ થવાની આશાના ભણકારા વાગે છે. હવે આ વાતનું પરિણામ જે આવે તે ખરું. એવું ધારી તે રાજાએ તુરત ધીરજ ધરી. તે ક્ષણે ગોપાલકે, સાચી ખબર આપી ધીરજ ધરે તે સારુ, એક છૂપો દૂત મોકલ્યો. તે વખતે મગધરાજના દૂત જે લાવાણકમાં ફરતા હતા, તેઓએ જઈ આ વાસવદત્તાના મરણ વિગેરેના સમાચાર પોતાના રાજાને કહ્યા. તે સમાચાર સાંભળી વખત વિચારનારા મગધરાજે, પ્રથમ વત્સરાજના કારભારીઓએ માગણી કરેલી પદ્માવતી વત્સરાજને આપવાની ઇચ્છા કરી, અને તે પછી દૂતદ્વારા આ વાત વત્સરાજને તથા યૌગંધરાયણને પણ કહેવરાવી, ત્યારે યૌગંધરાયણના કહેવાથી એ કહેણ માન્ય રાખ્યું. એ વખતે રાજાના મનમાં એવો વિચાર આવ્યો કે, કદાચિત્ આ



કામ સારુ જ વાસવદત્તાને છૂપાવી રાખી હશે. તે પછી લગ્નનો નિશ્ચય કરી તરત યૌગંધરાયણે મગધરાજ પાસે દૂત મોકલ્યો, અને કહેવરાવ્યું કે, તમારી મરજીનો અમે સ્વીકાર કર્યો છે, માટે આજથી સાતમે દિવસે પદ્માવતી સાથે વિવાહ કરવા સારુ વત્સરાજ આવશે અને આમ થવાથી રાજા તરત વાસવદત્તાને ભૂલી જશે, એવું મગધરાજને કહાવ્યું. પેલો દૂત મગધદેશમાં ગયો અને જેમ સંદેશો આપ્યો હતો તેવી જ રીતે મગધરાજને કહી સંભળાવ્યો, ત્યારે મગધરાજે તેનું અભિનંદન કર્યું.

## પદ્માવતી સાથે વત્સરાજના વિવાહની કથા.

ત્યારપછી મગધરાજે, કુંવરીના સ્નેહને, પોતાની ઉમેદને અને વૈભવને ઘટતી, વિવાહના ઉત્સવની સામગ્રી તૈયાર કરાવી. પોતાના ઇચ્છિત વરની પ્રાપ્તિ થવાની વાત કાને આવવાથી પદ્માવતી પુષ્કળ ખુશી થઈ. પણ વાસવદત્તાના સાંભળવામાં આવવાથી તે તેટલી જ દિલગીર થઈ. આ વર્તમાન તેના કર્ણપર પડતાં જ તે વિવર્ણ થઈ ગઈ, ને તેથી પોતાના વિરૂપપણામાં ઘણી મદદ કરી. પણ તત્ક્ષણે વસંતકે વાસવદત્તાને કહ્યું કે, 'આવી રીતે શત્રુ મગધરાજને મિત્ર કરવાનો વિચાર કર્યો છે, પણ આથી વત્સરાજ તમારી ઉપર નાખુશ છે, એમ ન સમજવું.' આવી વસંતકની વાણી સખીની પેઠે વાસવદત્તાને ધીરજ આપનારી થઈ પડી.

હવે જ્યારે પદ્માવતીના વિવાહનો સમય નજીક આવ્યો ત્યારે તેને વાસવદત્તાએ ફરીથી ન સૂકાય તેવી માળા કરી પહેરાવી અને અખંડ રહે તેવો ચાંલ્લો કર્યો. કેમકે લગ્ન પ્રસંગ ઢુકડો આવ્યો હતો. સાતમે દિવસે સૈન્ય અને મંત્રીઓની સાથે વત્સરાજ ત્યાં પરણવા આવ્યો. તે જ વાસવદત્તાને ફરીથી હું પામીશ, એવી આશા વત્સરાજના મનમાં જો પૂર્ણ ન હોય તો પૂર્ણ વિરહાવસ્થામાં, ખરા મનથી પણ આ વિવાહનો ઉદ્યોગ કેમ કરે? પ્રજાનાં નેત્રોને આનંદ આપનારા ઉદય થયેલા ચંદ્રની સામો સમુદ્ર જેમ જાય તેમ, આનંદસહિત મગધરાજ, વત્સરાજને સામૈયે ગયો. વત્સરાજે મગધરાજના પુરમાં પ્રવેશ કર્યો અને ચોમેર શહેરના મનુષ્યોના મનમાં મહોત્સવે પણ પ્રવેશ કર્યો. વિરહવેદનાથી દુર્બળ શરીરવાળા અને મનને મોહ ઉપજાવનારા તે રાજાને રતિ રહિત કામદેવની માફક નગરની સુંદરીઓએ જોયો. પછી મગધરાજના ઘરમાં આવી સૌભાગ્યવતી સ્ત્રીઓથી યુક્ત *કૌતુકાગારમાં વત્સરાજ આવ્યો. ત્યાં પૂર્ણ મુખચંદ્રથી જેણે પૂર્ણચંદ્રને જિતેલો છે, એવી કૌતકવાળી પદ્માવતીને નિરખી, ત્યારે તેના કંઠમાં દિવ્યમાળા અને ભાલમાં તિલક જોઈ, આ આને ક્યાંથી? એવી રીતે રાજા વિચારમાં પડયો. તે પછી વેદી ઉપર બેસી તેના કરનું† ગ્રહણ કર્યું, તે જ મગધરાજની પૃથ્વીના કરગ્રહણના આરંભરૂપ થયું. આ રાજાને વાસવદત્તા પ્રિય છે, તેથી આ

* જેમાં વિવાહ થવાનો હોય તે મંડપનું નામ કૌતુકાગાર કહે છે. તેને માયરુ પણ કહેવાનો ચાલ છે અને એ ચાલ ઘણું કરી કચ્છી ભાટીઆ વગેરેમાં વિશેષે કરી જોવામાં આવે છે. શાસ્ત્રમાં પણ આ વાતનું મળ છે.

† કર શબ્દ શ્લિષ્ટ છે. કર એટલે હાથ અને કર એટલે ટાકસ–વેરો વગેરે.

ઢાઠ નજરે જોઈ શકશે નહીં, એવું અગ્નિને ધૂમાડે આંસુએ કરી તેની આંખો ઢાંકી દીધી. જાણે પતિના મનનો અભિપ્રાય જાણી લીધો હોય, તેમ અગ્નિની પ્રદક્ષિણા દેતી વખતે **પદ્માવતીનું** મુખ લાલ થઈ ગયું. વિવાહનું કર્મ સમાપ્ત થઇ રહ્યા પછી **વત્સરાજે પદ્માવતીનો** હાથ મૂકી દીધો ખરો, પણ ક્ષણ માત્ર **વાસવદત્તાને** હૃદયમાંથી મૂકી દીધી નહિ. પૃથ્વીમાંથી જાણે બધાં રત્નો દોહી લીધાં હોય, એવી રીતે **મગધરાજે** તેને અપાર રત્નો આપ્યાં. તે વખતે **યૌગંધરાયણે** અગ્નિની સાક્ષી સમક્ષ **મગધરાજને, વત્સરાજ** સાથે દોસ્તીની ગાંઠ બંધાવી. વસ્ત્ર અને આભરણો જ્યાં અપાય છે, ભાટ ચારણો સ્તુતિના પાઠ બોલી રહ્યા છે અને નાયકાઓ જ્યાં થનથન નાચે છે એવો વિવાહનો મહોત્સવ ફેલાઈ રહ્યો છે ત્યારે પતિના ઉદયને ઇચ્છનારી, સૂતેલીની પેઠે ન દીઠામાં આવે તેમ રહેલી **વાસવદત્તા** દિવસના ચંદ્રની કાંતિની પેઠે થઈ રહી. તે પછી **વત્સરાજને** અંતઃપુરમાં આવવાનો દહાડો હતો ત્યારે **યૌગંધરાયણના** મનમાં શંકા આવી કે, રાજા **વાસવદત્તાને** જોશે તો ગુપ્ત વાત ફૂટી જશે, એવું ધારી **મગધરાજાને** કહ્યું કે; 'આજે જ **વત્સરાજને** તમારા ઘેરથી જવાનો વિચાર છે.' એમ કહ્યાથી એ વાતની **મગધરાજે** હા પાડી, ત્યારે તરત તે વાત **વત્સરાજને** મંત્રીએ સૂચવી. તેણે પણ તે માન્ય રાખી અને પરિવાર જમી રમી રહ્યા પછી મંત્રીઓ અને **પદ્માવતીને** સાથે લઈ **વત્સરાજ** ત્યાંથી કુચ કરી ગયા. ત્યારે **વાસવદત્તા** સારુ એક સારું વાહન પોતાના મહેતાઓ સાથે **પદ્માવતીએ** મોકલ્યું. તેથી રૂપ ફેરવેલા **વસંતકને** આગળ લઈ, **વાસવદત્તાએ** સૈન્યની પાછળ પાછળ ચાલવા માંડ્યું. ક્રમે કરી **વત્સરાજ** પોતાના દેશ **લાવાણકની** માંહે સ્ત્રી સહિત પેઠો અને **વાસવદત્તાના** ચિત્તમાં તો એકલો જ પેઠો. **વાસવદત્તા** પણ **કૌશાંબી** નગરીમાં આવી. તે મધ્યરાત્રે કંચુકીઓને બાહેર રાખી **ગોપાલકને** ઘેર ગઈ. ત્યાં તેના ભાઇએ ઘણો આદર સત્કાર દીધો અને હર્ષથી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, ત્યારે **વાસવદત્તા** પણ રોવા લાગી. તે ક્ષણે જેની સલાહ સિદ્ધ થઇ છે, એવો **યૌગંધરાયણ, રુમણ્વાનની** સાથે ત્યાં આવ્યો. તેનો **વાસવદત્તાએ** સત્કાર કર્યો અને જેટલામાં તેઓ **વાસવદત્તાના** વિયોગનું દુઃખ ટાળવાનું કરે છે, તેટલામાં તે કંચુકીઓ **પદ્માવતી** પાસે ગયા અને કહ્યું કે, 'રાજ્ઞી, **આવંતિકા** આહિં તો આવી, પણ અમને બાહેર છોડી તે રાજપુત્ર **ગોપાલકના** ઘરમાં ગઈ છે.' એવી રીતે **વત્સરાજ** પાસે બેઠેલી **પદ્માવતી** પાસે જઈ કંચુકીઓએ વિજ્ઞપ્તિ કરી ત્યારે તે વિષે શક આવવાથી **પદ્માવતીએ** કંચુકીઓને જવાબ આપ્યો કે "જાઓ, **આવંતિકાને** કહો કે, તું મારી થાપણ છે તો અહીં રહેવાનું શું કામ છે ? જ્યાં હું છું ત્યાં આવ." આવું સાંભળી તે કંચુકીઓના ગયા પછી એકાંતમાં રાજાએ **પદ્માવતીને** પૂછ્યું કે " આ માળા અને તિલક તને કોણે કરી આપ્યાં ?" **પદ્માવતીએ** જવાબ આપ્યો કે, "મારે ઘેર કોઇ બ્રાહ્મણે **આવંતિકા** નામની સ્ત્રી રાખી છે, તેણે આ કરેલાં છે" "આવું સાંભળી **વત્સરાજ**, જરૂર અહીં **વાસવદત્તા** હશે, એવું વિચારતો તરત **ગોપાલકને** ઘેર આવ્યો. ત્યાં દ્વારમાં કંચુકી ઉભા છે અને અંદર **વાસવદત્તા, ગોપાલક**, બે મંત્રી અને **વસંતક** છે, તેમાં પ્રોષિત થઈ આવેલી ગ્રહણથી મુક્ત થએલી ચંદ્રની મૂર્તિ સમાન **વાસવદત્તાને** રાજાએ જોઇ. તેથી તે શોકરૂપી વિષથી વિહ્વલ થઇ જમીન ઉપ પડી ગયો. **વાસવદત્તાના** હૃદયમાં પણ કંપ થવા લાગ્યો અને વિરહથી ફીકાં થઇ ગયેલાં ગાત્રોથી



તે પણ જમીન પર પડી. પોતાના તે આચરણને વખોડતી તે વિલાપ કરવા લાગી. રાજા અને રાણી શોકમાં ગરકાવ થઇને રોવા લાગ્યાં કે, જેથી કરી **યૌગંધરાયણનું** મ્હોં પણ આંસુઓથી ધોવાઈ ગયું. વખત વિનાનો અકસ્માત્ કોલાહલ સાંભળી, **પદ્માવતી** પણ વ્યાકુળ થઈ ત્યાં આવી. ધીમે ધીમે એ વાતની ખબર થતાં **પદ્માવતી** પણ રાજા અને **વાસવદત્તાની** સમાન સ્થિતિની થઈ રહી.

નીતિ વચન છે કે, સારી સ્ત્રીઓ સ્નેહાળ અને મુગ્ધ હોય છે. પતિને દુઃખ આપનાર જીવતરનું મારે શું કામ છે ? એવી રીતે રોતાં રોતાં **વાસવદત્તા** વારંવાર કહેવા લાગી, ત્યારે ધીરજ ધરી **યૌગંધરાયણે** કહ્યું કે, " **મગધરાજની** પુત્રીની પ્રાપ્તિથી તમારા સામ્રાજ્યની ઇચ્છા રાખી આ કામ મેં કર્યું, તેમાં બા સાહેબનો દોષ નથી; અને પ્રવાસમાં તેના શિયળની સાક્ષી આ **પદ્માવતી** છે." **પદ્માવતીએ** પણ મત્સરનો ત્યાગ કરી કહ્યું કે 'આની શુદ્ધિનો પ્રકાશ કરવા હું અગ્નિમાં પડું.' રાજાએ પણ કહ્યું કે, 'આમાં હું જ અપરાધી છું, કારણ કે મારે વાસ્તે રાણીએ મોટું દુઃખ સહન કર્યું.' રાજાના હૃદયમાં ખાતરી કરાવવા સારુ મારે અગ્નિમાં પ્રવેશ કરવો, એવો નિશ્ચય **વાસવદત્તાએ** બતાવ્યો; ત્યારે બુદ્ધિમાન્ અને વિદ્વાન **યૌગંધરાયણ**, આચમન લઈ પૂર્વ દિશા તરફ મુખ રાખી શુદ્ધ થઈ બોલ્યો કે, 'જો હું રાજાનું હિત કરનાર હોઉં અને રાણી પણ શુદ્ધ હોય તો, હે લોકપાલો ! તમે સાચે સાચુ કહો, નહીં તો હું દેહ તજું છું.' એમ કહીને તે અબોલ રહ્યો. ત્યારે આકાશવાણી થઈ કે, 'હે રાજા ! તને ધન્ય છે, કે જેનો મત્રી **યૌગંધરાયણ** છે અને પૂર્વજન્મમાં દેવતારૂપ **વાસવદત્તા** જેની રાણી છે, તેને યત્કિંચિત્ પણ લાંછન લાગ્યું નથી.' એવું કહી આકાશવાણી બંધ પડી. સર્વ દિશાઓને શબ્દાયમાન કરનાર અને ગંભીર નવા વરસતા વરસાદની ગર્જના સરખું આકાશવાણીનું કહેવું સાંભળી ઊંચી ગરદનવાળા અને તાપ રહિત થઈ ગયેલા સર્વે, સ્પષ્ટ રીતે મયૂર સમાન દેખાવા લાગ્યા. રાજા **ગોપાલકની** સાથે છે તોપણ **યૌગંધરાયણના** આચરણની સ્તુતિ કરે છે, અને પૃથ્વી તો પોતાના હાથમાં જ છે, એમ માનવા લાગ્યો.

મૂર્તિધારી સુખ અને રતિ સરખી, પાસે રહેલી અને દરરોજના સહવાસથી સ્નેહવાળી બે પ્યારીને ધારણ કરનાર તે રાજાને મોટો આનંદ થઈ રહ્યો.

**ઈતિશ્રી મહાકવિ શ્રીસોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં**
**લાવાણક લંબકને વિષે બીજો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૩ જો.

## વત્સરાજની કથા ચાલુ.

તે પછી બીજે દિવસે એકાંતમાં વાસવદત્તા અને પદ્માવતી સાથે મદ્યપાનની લીલામાં લાગેલા વત્સરાજે, યૌગંધરાયણ, ગોપાલક, રુમણ્વાન્ અને વસંતકને બોલાવી, આનંદની કથા કરવા માંડી. તેમાં પોતાના વિરહની વાત નીકળતાં સર્વના સાંભળતાં રાજાએ નીચે પ્રમાણે કથા કહી બતાવી:—

### પુરૂરવા અને ઉર્વશીની કથા.

પુરૂરવા નામે એક પરમવૈષ્ણવ રાજા હતો, જેની ગતિ પૃથ્વીમાં તેમ જ સ્વર્ગમાં પણ અ-કુંઠિત હતી. એક દિવસ તે રાજા નંદન* વનમાં ફરતો હતો. ત્યાં કામદેવના સંમોહનાસ્ત્ર સરખી ઉર્વશી અપ્સરાએ તે પુરૂરવાને જોયો. તેને જોવાથી જ અપ્સરાની તો ચેતના હરાઈ ગઈ કે જેથી સભય થયેલી રંભા વગેરે અપ્સરાઓનાં મનને કંપાવવા લાગી. તે સૌંદર્યરસના ઝરાને જોઈ તૃષાથી પીડાએલા રાજાને તેનું આલિંગન ન મળ્યું, તેથી તે મૂર્છિત થયો. ક્ષીરસાગરમાં રહેલા સર્વજ્ઞ હરિએ આ વાત જાણી, દર્શને આવેલા મુનિવર નારદજીને આજ્ઞા કરી કે, 'હે દેવર્ષિ! નંદન વનમાં પુરૂરવા રાજાનું ચિત્ત ઉર્વશીએ હરી લીધું છે, અને તે ઉર્વશીનો વિરહ સહન નથી કરી શકતો, માટે તમે મારું માની ઇંદ્ર પાસે જઈ તેને આ વાત સમજાવી, તરત રાજાને ઉર્વશી અપાવો.' હરિની એવી આજ્ઞા ઉપરથી તે વાત કબુલ રાખી, નારદજી નંદન વનમાં આવ્યા. ત્યાં બેશુદ્ધ અવસ્થામાં પડેલા પુરૂરવાને ઉઠાડી કહ્યું કે, 'હે રાજા! ઉઠ, તારે માટે વિષ્ણુએ મને અહીં મોકલ્યો છે.

स हि निर्व्याजभक्तानां नैवापदमुपेक्षते ।

તે પ્રભુ નિષ્કપટ ભક્ત ઉપર આવેલી આપત્તિની ઉપેક્ષા નથી કરતા.' એવું કહી ધીરજ આપી તેની સાથે નારદમુનિ ઇંદ્રની પાસે ગયા. તેને જોઈ ઇંદ્રે પ્રણામ કરી, આસન નાંખી આપ્યું, તથા બેસાર્યા અને કુશળ ક્ષેમના વર્તમાન પૂછ્યા, અને પછી આવવાનું કારણ પૂછ્યું. ત્યારે નારદજીએ કહ્યું કે, 'હરિની આજ્ઞા છે કે, તારે ઉર્વશી અપ્સરા આ પુરૂરવા રાજાને સોંપવી.' આવું સાંભળી ઇંદ્રે પુરૂરવાને ઉર્વશી સોંપી દીધી. આવી રીતે ઉર્વશીને પુરૂરવાને અપાવી, નારદજી ત્યાંથી ચાલી નિકળ્યા. આ ઉર્વશીનું પુરૂરવા પાસે જવું સ્વર્ગને નિર્જીવ કરનારું થયું, પણ ઉર્વશીને તો તે મૃતસંજીવન ઔષધ સમાન સુખ દેનારું થઈ પડ્યું.

હવે પુરૂરવા રાજા સ્વર્ગથી ઉર્વશી લઈ પૃથ્વી ઉપર આવ્યો. ત્યાં મનુષ્યોનાં નેત્રને સ્વર્ગની સ્ત્રી જોવાનું અદ્ભુતાશ્ચર્ય થયું. દીર્ઘાયુષ્ય ઉર્વશી અને પુરૂરવા એક બીજાની દૃષ્ટિરૂપ પાશથી બંધાયલાં હોય તેમ ગાઢ સ્નેહમોહમાં ગરક થઈ રહ્યાં હતાં. એક દિવસ ઇંદ્રે દાનવો સાથે યુદ્ધ કરવાના વખતમાં મદદ લેવા પુરૂરવાને બોલાવ્યો. તેથી તે ત્યાં ગયો. ત્યાં ઇંદ્રનો શત્રુ જે માયાધર



નામનો અસુર હતો, તેને ઠાર કરવાથી બાકીના તો એની મેળે જ નાશી ગયા, એટલે ઇંદ્રનો જય થયો. આ ખુશાલીમાં ઇંદ્રે અપ્સરાઓને બોલાવી નૃત્ય કરાવ્યું. તેમાં રંભા અપ્સરા નૃત્ય કરતી હતી અને તેને તાલીમ દેનારો તુંબુરૂ પણ પાસે જ હતો, તેવામાં તે અભિનય* કરવામાં ચૂકી ગઈ. તેને જોઈ પુરૂરવા રાજા હસ્યો. એ પ્રમાણે જોતાં જ રંભા ક્રોધ ધરી બોલી કે, 'તું માણસ જાત અમારા દેવતાઇ નાચને શું જાણે?' આવી રીતે ઈર્ષ્યાથી રંભાએ કહ્યું તે, સાંભળી પુરૂરવાએ કહ્યું કે, 'જે સર્વ હું ઉર્વશીના સંગથી જાણું છું તે તારો ઉસ્તાદ તુંબુરુ પણ નથી જાણતો.' આવાં વચન સાંભળી તુંબુરુએ પુરુરવાને શાપ દીધો કે, શ્રીકૃષ્ણનું આરાધન તું જ્યાંસૂધી નહીં કરે ત્યાંસૂધી તને ઉર્વશીનો વિયોગ રહેશે!! આવો તે શાપ સાંભળી, પુરૂરવા તરત ઉર્વશી પાસે ગયો અને અકાળે વજ્રપાત થયા સરખી પોતાની હકીકત તેને કહી સંભળાવી. તે પછી અકસ્માત્ તે રાજા ન દેખે તેમ ગંધર્વો એકદમ આકાશમાંથી ઉતરી ઉર્વશીને હરી ગયા. આ શાપનો દોષ છે, એવું જાણી પુરૂરવા બદરિકાશ્રમમાં ગયો અને ત્યાં શ્રીકૃષ્ણનું આરાધન કરવા લાગ્યો.

હવે આ તરફ ગંધર્વના દેશમાં પુરૂરવાના વિયોગથી ઉર્વશીની દશમી અવસ્થા આવી પહોંચી હતી. તે જાણે મરવા પડી હોય, અથવા સૂતી હોય, અથવા ચિત્રમાં ચિતરી મૂકી હોય તેવી ચૈતન્ય વગરની શૂન્યકાર થઈ ગઈ. પણ આશ્ચર્ય એ છે કે. શાપના અંતની આશાના અવલંબવડે વિયોગથી લાંબી રાત્રિઓમાં ચક્રવાકીની પેઠે તે પ્રાણ રહિત ન થઈ ગઈ.

હવે પુરૂરવા રાજાએ તપ કરી કૃષ્ણની કૃપા મેળવી. ત્યારે ગંધર્વોએ ઉર્વશીને મૂકી દીધી. શાપનો અંત આવવાથી ફરીથી પણ તે અપ્સરાની સાથે પુરૂરવા રાજાએ ભૂતળમાં વર્તતાં છતાં દિવ્ય ભોગ ભોગવ્યા.

આવી રીતે રાજાના મુખથી પોતાના વિયોગની તુલના ઉર્વશીના વિયોગની સાથે રાજાએ કરી. તે સાંભળતાં વાસવદત્તા શરમાઈ ગઈ. ત્યારે યુક્તિથી ઠપકો દેવાયલી રાણીને જોઈ, રાજાને ખુશ કરવા યૌગંધરાયણ બોલ્યો;—હે રાજન્! તમે જો આ વાત ન સાંભળી હોય તો સાંભળો:—

### વિહિતસેન અને તેજોવતીની કથા.

તિમિરા નામની સમૃદ્ધિવાળી નગરીમાં વિહિતસેન નામનો રાજા રાજ કરતો હતો. પૃથ્વીમાં અપ્સરા સરખી તેજોવતી નામની તેને રાણી હતી. આ રાણીના આલિંગનમાં ને સ્પર્શમાં રાજા

---

* भवेदभिनयोवस्थानुकारः स चतुर्विधः ।
आङ्गिको वाचिकश्चैवमाहार्यः सात्त्विकस्तथा ॥ सा. द.

Acting is the imitation and condition; It is of four kinds:—(1) Gestural, conveyed by bodily actions; (2) Vocal, conveyed by words; (3) Extraneous, conveyed by dress, ornaments, decoration &c.; (4) Internal, conveyed by the manifestation of internal feelings such as perspiration, hrilling &c. (V. S. APTE.)

એવો તો આસક્ત થઇ ગયો હતો કે, તેના શરીરની આડું પોતાનું બદન પણ ખમી શકતો ન હતો. એક દિવસ તે રાજાને જીર્ણજ્વરનો રોગ થયો ત્યારે વૈદ્યોએ રાણીનો સંગમ કરવાની સખત મના કરી, તેથી રાજાના કાળજામાં ઓષધોથી ન મટે એવી વ્યાધિ ઉત્પન્ન થઈ. ત્યારે વૈદ્યો એકતમાં કારભારીઓને પૂછવા લાગ્યા કે, 'ભયથી અથવા શોકના ધ્રાસકાથી કદાચિત્ રાજાનો રોગ મટે તો આરામ થાય એમ છે.' ત્યારે મંત્રીઓએ કહ્યું કે, 'આગળ રાજાની પીઠપર મોટો સર્પ પડયો હતો, તેમાં પણ તે ત્રાસ નહોતો પામ્યો, અને દુશ્મનનું સૈન્ય અંતઃપુરમાં આવવાથી પણ ક્ષોભ નહોતો થયો, તો ધીર પ્રકૃતિના આ રાજાને ભય કેમ થાય વારુ ? આ બાબતમાં અમારી તો બુદ્ધિ પહોંચતી નથી, માટે હવે કેમ કરીએ ?' પછી સવ[illegible]ળી રાણી સાથે સંકેત કરી તેને છૂપી રાખી, રાજાને કહ્યું કે, 'રાણી મરી ગઈ.' આ સાંભળી રાજાને એકદમ શોકનો આવેગ થયો. તેથી દુઃખથી પીડિત તથા વિહ્વળ થયેલા રાજાના હૃદયનો વ્યાધિ એકદમ મટી ગયો. આવી રીતે રોગની વિપત્તિ ઉતર્યા પછી બીજી સુખસંપત્તિ સરખી રાણી, રાજાને મંત્રીઓએ દેખાડી. પ્રાણ દેનારી તે રાણીની તરફ ઘણી માનની નજરે રાજા જોવા લાગ્યો, પણ પોતે બુદ્ધિમાન હોવાથી તેના છૂપાવવા ઉપર ક્રોધ ન કર્યો. જેમ બને તેમ રાજાને સુખનું કારણ બનવું, એ જ રાણીનો ધર્મ છે. ફક્ત એશઆરામથી જ કોઇ 'રાણી' શબ્દનું પાત્ર થઇ શકતું નથી. જુવો:—

स मन्त्रिता च यद्राज्यकार्यभारैकचिन्तनम् ।

चित्तानुवर्त्तनं यत्तदुपजीवकलक्षणम् ॥

રાજ્ય કારભારનું જ જે ચિંતવન કરવું, એ જ ખરું મંત્રીપણું છે, પણ માત્ર રાજાના ચિત્તને અનુસરવું, એ તો સાધારણ નોકરનું લક્ષણ છે. એ માટે પૃથ્વી જિતવા શત્રુ **મગધરાજ** સાથે સંધિ રાખવાનો આ યત્ન અમે કર્યો છે, તો તમારી ભક્તિથી રાણીને અસહ્ય વિયોગ સહન કરવો પડયો છે, તેમાં તેનો કશો અપરાધ નથી ! ! ઉલટો તેણીએ તો તમપર મોટો ઉપકાર કર્યો છે. મુખ્ય મંત્રીનું આવું યથાર્થ વચન સાંભળી, રાજાએ પોતાનો જ અપરાધ ગણ્યો અને સંતોષ પામી કહ્યું કે, હુંએ જાણું છું કે, તમારી રચેલી મૂર્તિમતી નીતિ સરખી યુક્તિને રાણી અનુસરી, જેથી મને આ પૃથ્વી પ્રાપ્ત થઈ. પરંતુ અતિ સ્નેહને લીધે આ રાણીને ઠપકાની અયોગ્ય વાત મેં કહી, કેમકે પ્રેમના અંધાર પછેડામાં જેનું મન બંધાયેલું હોય, તેને સારાસાર વિચાર કરવાની શક્તિ ક્યાંથી હોય ?' ઇત્યાદિક નમ્ર વાતોથી **વત્સરાજે** તે દિવસ રાણીની લજ્જાની ઝાંખપની સાથે જ કાઢયો.

બીજે દિવસ સર્વ હકીકત જાણમાં આવ્યાથી **મગધરાજે** દૂત મોકલ્યો. તેણે **વત્સરાજ** પાસે આવી **મગધરાજનાં** જ વચનથી આ પ્રમાણે કહ્યું, "મહારાજ, તમારા મંત્રીઓએ અમારી સાથે ઠગાઈ ચલાવી. જે થયું તે થયું, પણ હવે આ લોક હાંસી ને હસારત ન થાય તેમ કરજો." આ વાત સાંભળી સન્માન દઈ તે દૂતને પ્રતિસંદેશ લેવા સારુ રાજાએ **પદ્માવતી** પાસે મોકલ્યો. નમ્રતાવાળી **પદ્માવતી**, દૂતને **વાસવદત્તા** પાસે લઈ ગઈ. કારણકે, વિનય રાખવો, એ સતીનું વ્રત છે. ત્યાં જઈ દૂતે રાજાને સંદેશો કહ્યો કે, "પ્રિય પુત્રી, કપટ કરી રાજા તને પરણી ગયો, પણ તે તારો પતિ તો બીજીમાં આસક્ત છે. તો આવા શોકને લીધે પુત્રીને ઉત્પન્ન કરવાપણાનું ફળ મને



મળ્યું." આવી રીતે પિતાનો સંદેશો સાંભળી **પદ્માવતી** બોલી કે; "હે ભદ્ર ! શોક ધરવાનું કારણ શું ? મારી વતી તારે મારા પૂજ્ય પિતા અને માયાળુ મારી માતા પાસે જઇ નિવેદન કરવું કે, તમારે મારે વાસ્તે કશો ઉચાટ રાખવો નહીં. કારણ કે આર્યપુત્ર મારી ઉપર ઘણી મમતા રાખે છે અને **વાસવદત્તા** રાણી પણ બહેન સરખો સ્નેહ રાખે છે. પોતાના સત્યની પેઠે જો મારું જીવિત જાળવવું હોય તો તમારે આ બાબતમાં જરાએ દિલગીરી કરવી નહીં." આવી રીતે **પદ્માવતીએ** યથોચિત પ્રતિસંદેશ કહી દૂતનો સત્કાર કરી તેને વિદાય કર્યો. દૂત ગયા પછી પિતાના ઘરનું સુખ સંભારી **પદ્માવતી** ઉત્કંઠાથી ઉદાસ બેઠી હતી. ત્યારે તેને વિનોદ ઉપજાવવા **વાસવદત્તાના** કહેવા ઉપરથી **વસંતક** નજીક આવ્યો અને કથા કહેવા લાગ્યો:—

## સોમપ્રભા અને ગુહચંદ્રની કથા.

**પાટલિપુત્ર** એ નામે પૃથ્વીના ભૂષણરૂપ એક શહેર છે. તેમાં **ધર્મગુપ્ત** નામનો એક શાહુકાર રહેતો હતો. તેની **ચંદ્રપ્રભા** નામે સ્ત્રી હતી. તેને ગર્ભ રહ્યો તથા તેને પેટે પુત્રી અવતરી. સર્વ અંગો સુંદર અને કાંતિયુક્ત હોવાથી સુવાવડના ઓરડાને શોભાવતી તે કન્યા જન્મી કે તરતસ્પુટ* બોલવા લાગી, તથા એકદમ ઉઠીને બેઠી. ત્યારે સૂતિકાગૃહમાં બધી સ્ત્રીઓ વિસ્મય પામી ગઇ અને ડરવા લાગી. તેને જોઈ **ધર્મગુપ્ત** પણ ડરતો ડરતો ત્યાં આવ્યો, અને તે ક્ષણે એકાંતમાં તે કન્યાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, 'હે ભગવતિ, ! તમે મારા ઘરમાં કોણ અવતરેલાં છો ?' ત્યારે તે પુત્રી બોલી કે, 'તારે કોઈ વરની સાથે મારાં લગ્ન કરવાં નહીં. હું તમારે ઘેર રહી છું ત્યાં સુધી સર્વ સારાં વાનાં છે; બીજું તમારે પૂછવાનું શું કામ છે ?' આવું કહેવાથી તે **ધર્મગુપ્ત** બીનો અને તેને પોતાના ઘરમાં છાની રાખી, બાહેર પ્રસિદ્ધ કર્યું કે મારી પુત્રી મરી ગઈ. તે પછી **સોમપ્રભા** નામની તે કન્યા ક્રમે કરી મનુષ્ય શરીર અને દિવ્ય કાંતિથી મોટી થઈ. એક દિવસ ચૈત્ર માસનો ઉત્સવ જોવાનું તેને મન થયું, તેથી તે **સોમપ્રભા** પોતાની હવેલી ઉપર ચડી. ત્યાં તેને **ગુહચંદ્ર** નામના વાણીઆના છોકરાએ દીઠી. કામદેવના ભાલા સરખી તે કન્યા વાણીઆના છોકરાના હૃદયમાં ચોંટવાથી તેની બેભાન જેવી સ્થિતિ થઈ ગઈ, અને ઘણી મુસીબતે તે ઘરભણી આવ્યો. કામદેવની પીડાથી દુઃખી હાલતમાં તેને જોઈ તેનાં માબાપે તેમ થવાનું કારણ ઘણા આગ્રહથી પૂછ્યું, ત્યારે તેણે પોતાના મિત્રોદ્વારા થયેલી હકીકત વિદિત કરી. ત્યારે તેનો **ગુહસેન** નામનો પિતા, સ્નેહથી તે કન્યાનું માગું કરવા **ધર્મગુપ્તને** ઘેર આવ્યો. ત્યાં પુત્રવધુની ઇચ્છાથી તેણે તે કન્યાનું માગું કર્યુ. ત્યારે તેને **ધર્મગુપ્તે** કહ્યું કે, 'હે મૂઢ, મને કન્યા છે જ ક્યાં ?' એમ કરી તેને વિદાય કીધો. ત્યારે **ગુહસેને** જાણ્યું કે, કન્યા હોવા છતાં તે આપવાને ના પાડે છે. આવો વિચાર કરતો તે ઘેર આવ્યો. ત્યાં કામજ્વરથી પીડાતા પુત્રને જોઈ વિચાર કરવા લાગ્યો, કે આ વાત રાજાને કાને નાંખું, તો ઠીક. કારણ કે આગળ મેં એની ઘણી ચાકરી કરી છે, તો વખતે આવી સ્થિતિમાં આવી પડેલા મારા પુત્રને એ કન્યા અપાવે એવો સંભવ છે. એવો મનસૂબો કરી તે, રાજા પાસે ગયો અને તેને ઉત્તમ રત્નો ભેટ કરી, તે વાણિયાએ પોતાની ઇચ્છા જણાવી. રાજાએ પણ મહેરબાની કરી તેને મદદ

* પ્રાચીન કાળથી જન્મતાં બાળક બોલે, તે માનશુકન ગણાય છે.

કરવા કોટવાળને ભલામણ કરી. તે કોટવાળ સાથે આ વાણીઓ ધર્મગુપ્તને ઘેર આવ્યો. તુરત કોટવાળના સિપાઇઓથી તેનું ઘર રોકી લીધું, તેથી સર્વનો નાશ થવાની શંકાવાળો ધર્મગુપ્ત કંઠ-પ્રાણ થયો. ત્યારે સોમપ્રભાએ ધર્મગુપ્તને કહ્યું કે; 'પિતાજી, તમને મારે સારુ ઉપદ્રવ થાય છે, તો મને તેના સંગે પરણાવો, પણ તમને દુઃખ ન થાઓ. પણ મને આપતી વખતે એવો કરાર કરવો કે, પતિએ કોઈ દિવસ મને પોતાની શય્યામાં સુવારવી નહી.' આવું પુત્રીના કહેવા ઉપરથી શય્યામાં આરોપણ ન કરવાનો ઠરાવ કરી કન્યા આપવાની કબૂલાત આપી. પછી મનમાં મલ-કાતાં ગુહસેને તે વાત મંજુર રાખી, અને વિચાર કર્યો કે, પ્રથમ મારા પુત્રનો વિવાહ તો થાય. પછી જે થવાનું હશે તે થઈ રહેશે. આવું વિચારી વિવાહ કર્યો અને તે સોમપ્રભા વહુને ગુહસેન, પોતાના પુત્રની સાથે લઇને ચાલ્યો. ઘેર આવી સાંજ પડી ત્યારે પિતાએ પુત્રને કહ્યું કે, 'આ વહુને તું તારી શય્યા ઉપર સુવારજે ! પોતાની સ્ત્રી થઈ તે કેમ ન સૂવે ?' આ વાત સાભળતાં જ સોમપ્રભાએ સસરા સામું ક્રોધ દૃષ્ટિથી જોઈ યમની આજ્ઞા સરખી પોતાની તર્જની* હલાવી. પુત્રવધૂની તર્જની જોઇ તત્ક્ષણે વાણીઆના પ્રાણ નિકળી ગયા, અને તેથી કરી બીજાં બધાં સાસરીઆનાં માણસોના મનમાં બીક પેસી ગઈ. પોતાના પિતાનું મરણ થવાથી ગુહચંદ્રે પણ જાણ્યું કે, મારે ઘેર મારી† પેઠી છે. તેથી સ્ત્રી ઘેર છતાં તેને ભોગવતો નથી અને ખાંડાની ધાર સરખું વ્રત પાળવું પડે છે. તે દુઃખથી અંતરમાં ખેદ પામી, ભોગ્ય પદાર્થોની સમૃદ્ધિમાં પણ તેને વૈરાગ્ય વાપ્યો. તે હમેશ વ્રત કરી બ્રાહ્મણોને જમાડે છે. તેને જોઈ દિવ્ય રૂપ ધારણ કરનારી તેની સ્ત્રી સોમપ્રભા પણ મૌન રાખી બ્રાહ્મણોને નિત્ય દક્ષિણા આપવા લાગી. એક દિવસ ભોજન કરવા આવેલા કોઇક વૃદ્ધ બ્રાહ્મણે રૂપ સંપત્તિથી જગતને આશ્ચર્ય કરનારી તેને દીઠી ત્યારે બ્રાહ્મ-ણના મનમાં કૌતુક થયું તેથી ગુહચંદ્રને એકાંતમાં તેડી જઇ પૂછ્યું કે, 'આ તારી કોણ થાય છે તે મને કહે.' આવી રીતે આગ્રહથી પૂછ્યું ત્યારે ગુહચંદ્ર ઇત્થંભૂત સર્વ વૃત્તાંત કહ્યું. આ વાતથી તે બ્રાહ્મણના મનમાં દયા આવી. તેથી તે વણિક્પુત્રની કામના પૂર્ણ કરવા સારુ અગ્નિની આરાધના કરવાનો મંત્ર આપ્યો. પછી ગુહચંદ્રે એકાંતમાં બેસી તે મંત્રનો જપ કરવા માંડ્યો, તેથી અગ્નિના કુંડમાંથી એક પુરુષ ઉત્પન્ન થયો. તેને જોતાં તે વણિક્પુત્ર તેના પગમાં પડ્યો, ત્યારે તે પુરુષરૂપી અગ્નિએ કહ્યું કે, 'આજ હું તારે ઘેર જમીશ અને રાત્રિના પણ ત્યાં આવીશ. જે તત્ત્વ વાત હશે તે તને દેખાડી, તારી ઇચ્છા પૂર્ણ કરીશ !' એવી રીતે ગુહચંદ્રને કહી તે બ્રાહ્મણ તેના ઘરમાં ગયો. ત્યાં ગુહચંદ્રની પાસે બીજા બ્રાહ્મણોની પેઠે જમી, રાત્રે એક પહોર સૂધી સાવધાન રહી પથા-રીમાં પડ્યો રહ્યો. રાત્રિના બધાં માણસો સૂઇ ગયાં જાણી, તે ગુહચંદ્રની સ્ત્રી સોમપ્રભા પોતાના

* અંગુઠા પાસેની આંગળી તે તર્જની કહેવાય છે. તે સંજ્ઞાથી તેણે મના કરી.

† મારી અને મહામારી એ કોલેરાના દરદનું નામ છે તથા એક દેવીનું પણ નામ છે. એવું કહે-વામાં આવે છે, કે આ મારીના પ્રભાવથી એ રોગનો દેશમાં ઉપદ્રવ થાય છે. આ બાબતમાં હજુ જોઈએ તેટલી તપાસ નવા શોધકો કરી શક્યા નથી. પણ ભૂત રાક્ષસ વગેરેની બાબત જેવી વિવાદાસ્પદ થઈ રહી છે, તેવી જ આ પણ એક બાબત છે.



ઘરમાંથી બહાર નિકળી. તે જ વખતે તે બ્રાહ્મણે ગુહચંદ્રને જગાડ્યો, અને કહ્યું કે, 'ચાલ, તારી સ્ત્રીનું ચરિત્ર નિહાળ !!' પછી તે બ્રાહ્મણે યોગસાધનાથી તેનું અને પોતાનું ભ્રમર સરખું રૂપ કીધું, અને ત્યાંથી નિકળ્યા ને તુરત તેની સ્ત્રીને બહાર પડેલી દેખાડી. તે સુંદરી નગરથી બાહેર દૂર ગઈ. તે બ્રાહ્મણ પણ ગુહચંદ્રની સાથે તેની પાછળ પાછળ ચાલ્યો. ત્યાં મોટી ઘટાવાળો સુંદર શાખાઓથી સુશોભિત એક વડ જોયો. તેની નીચે વીણા અને વેણુના મધુર શબ્દ સહિત દિવ્ય સંગીતનો શબ્દ સાંભળ્યો. એ વડની ડાળ ઉપર મોટા આસનપર બેઠેલી પોતાની સ્ત્રી સરખી આકૃતિવાળી, પોતાની કાંતિથી ચંદ્રિકાને જિતનાર, ધોળા ચમ્મરથી જેને વા નંખાય છે એવી, અને ચંદ્રના સર્વ સૌંદર્યના ખજાનાની અધિદેવતા સરખી એક દિવ્ય કન્યા દીઠી. વળી વડ ઉપર ચડી, તેના અર્ધ આસન ઉપર બેઠેલી પોતાની સ્ત્રીને ગુહચંદ્રે જોઈ. તુલ્યકાંતિની તે બે દિવ્ય કન્યાને જોઈ, તેને તે વખતે ત્રણ ચંદ્રવાળી રાત જણાઈ. તે પછી કૌતુકથી ક્ષણભર વિચાર કર્યો કે, આ સ્વપ્ન છે કે ભ્રાંતિ છે ? છટ્, એ તે વળી વિચાર કેવો ? જે સન્માર્ગ રૂપી વૃક્ષની, આ વિદ્વા-નની સંગતિરૂપ મંજરી છે, અને મને યોગ્ય ફળ (મતલબ) જણાવનાર પુષ્પો (પેલો બ્રાહ્મણ) છે." એવી રીતે તે યથેચ્છ ચિંતન કરતો હતો, તેવામાં તે બે દિવ્ય કન્યાએ પોતાને લાયક ભોજન કરી દિવ્ય દારુનું પાન કર્યું. તે પછી ગુહચંદ્રની સ્ત્રીએ બીજી કન્યાને કહ્યું કે, "આજ કોઈ મહા તેજસ્વી બ્રાહ્મણ મારે ઘેર આવેલો છે, માટે બેન, મારું ચિત્ત જરા ભય ધરે છે, તેથી હું જાઉં છું." એમ કહી વડ ઉપરથી ઉતરી. તેને જોઈ ભ્રમરરૂપ ધારણ કરનાર તે બ્રાહ્મણ અને ગુહચંદ્ર તેની પહેલાં રાત્રિમાં પહેલાની માફક ઘેર આવી સૂઈ ગયા. પછી તે બ્રાહ્મણે કહ્યું કે; 'ગુહચંદ્ર ! તેં જોયું ? તારી સ્ત્રી દેવતાઈ નારી છે; એ મનુષ્ય નથી. બીજી પણ તેં તેની બહેન દીઠી. દિવ્ય સ્ત્રી મનુષ્યની સાથે સંગમની કેમ ઇચ્છા કરે ? તને એક બારણા ઉપર લખવાનો મંત્ર આપું છું. તે મંત્રને મદદ કરનારી એક બાહેરની યુક્તિ પણ બતાવું છું. નિખાલસ અગ્નિ બળતો હોય પણ તેને વંટોળિયા પવનનો યોગ થાય તો તેમાં પછી શું પૂછવાનું હોય ? એવી રીતે એકલો મંત્ર પણ સિદ્ધિ આપનારો છે, પણ તેની યુક્તિ મળે તેથી તરત કામ થાય છે.' એવું કહી તે બ્રાહ્મણે ગુહચંદ્રને મંત્ર આપ્યો અને યુક્તિ કહી સવારમાં અદૃશ્ય થઈ ગયો. પછી ગુહચંદ્રે સ્ત્રીના ઘરના બારણા ઉપર તે મંત્ર લખ્યો અને સાંજે તે યુક્તિ કામે લગાડી. પછી છેલબટાઉ બની ઘેરથી બાહેર નિકળી પોતાની સ્ત્રી જુએ, તેમ કોઈ વેશ્યાની સાથે તે વણિક્પુત્ર વાતચિત કરવા લાગ્યો. તે જોઈ મંત્રથી ઉઘડેલી વાણીએ કરી તે દિવ્ય કન્યાએ તેને બોલાવ્યો, અને ઇર્ષ્યાથી કહ્યું કે, 'આ કોણ છે ?' ત્યારે ગુહચંદ્રે જવાબ દીધો કે, આ વેશ્યા છે, મારીપર સારી પ્રીતિ રાખે છે અને હું પણ તેની ઉપર પ્રીતિ રાખુંછું. હું હાલ એને ઘેર જાઉં છું,' એ રીતે તે ખોટું બોલ્યો. ત્યારે ભ્રુકૂટી ચડાવી વાંકી દૃષ્ટિથી જોઈ, ડાબા હાથથી તેને ના પાડી, દેવકન્યા કહેવા લાગી કે "એમ કે? અહો તેથીજ આજે તમે છેલછબીલા બન્યા હશો ! ઠીક ઠીક ! પણ હવે તમે ત્યાં જશો નહીં, તેનું શું કામ છે ? મારી પાસે આવો, હું તમારી સ્ત્રી છું." રોમાંચથી થતા કંપના ક્ષોભથી આકુળ થયેલી અને તે મંત્રરૂપ દૂતથી ગ્રહણ ન થઈ શકે એવી છતાં આવેશવાળી હોય તેવી જે સોમ-પ્રભા, તેની સાથે પછી તે વણિક્પુત્ર ઘરમાં આવ્યો અને પોતે મનુષ્ય છતાં મનોરથથી પણ નહીં

પહોંચી શકાય તેવા દિવ્ય સંભોગનું સુખ અનુભવવા લાગ્યો. એવી રીતે મંત્રસિદ્ધિથી વશ કરેલી તે દેવાંગના દિવ્ય સ્થિતિનો ત્યાગ કરી રહી. આવી પ્રેમાળ પ્રિયાને પામી તેનો પતિ પ્રીતિમાન થઈ પરમ સુખ ભોગવવા લાગ્યો. આ પ્રમાણે યજ્ઞ અને દાન વગેરે સુકૃતથી શુભ કર્મ કરનારાઓના ઘરમાં શાપથી મનુષ્યલોકમાં આવેલી નારીઓ પણ ધણિયાણી થઈ રહે છે.

દેવ દ્વિજની સેવા, જે જેવા ભાવથી કરશે;
કામ દુઘાની પેરે, તેને તેવાં ફળો] તરત મળશે.

રાજનીતિમાં વર્ણવેલા સામદામ વગેરે તો આ કામદુઘાના શેષરૂપ જાણવા. વાયુ જેમ પુષ્પોને તોડી પાડે છે તેમ ઉંચાંસ્થાનમાં જન્મ લેનાર દિવ્ય મનુષ્યોને પણ દુષ્કૃત, નીચે પાડનારું થઈ પડે છે. એવું રાજપુત્રીને કહી, પછી **વસંતક** તેને કહેવા લાગ્યો કે, **અહલ્યા**નું બીજું વૃત્તાંત કહું છું તે સાંભળો.

## અહલ્યા અને ઈંદ્રની વાર્તા.

પૂવ **ગૌતમ** નામના ત્રણ કાળને જાણનારા મહામુનિ હતા. તેને **અહલ્યા** નામની એક સ્ત્રી હતી. જે પોતાના રૂપથી અપ્સરાને પણ તિરસ્કાર કરતી હતી. તેના રૂપમાં મોહ પામી એકાંતમાં આવી એક દિવસ ઈંદ્ર આવી તેના સુખની માગણી કરી; કેમકે મોટા લોકોની મતિ સમૃદ્ધિથી અંધ હોય છે, જેથી ન કરવાના કામમાં તત્પર થાય છે. મૂઢ અને કામાતુર સ્ત્રીએ ઈંદ્રની માગણી સ્વીકારી. તે વાત પોતાના પ્રભાવથી જાણી લઈ **ગૌતમ** મુનિ તરત ત્યાં આવ્યા. તે ક્ષણે ભયથી ઈંદ્રે બિલાડાનું રૂપ ધારણ કર્યું. હવે **ગૌતમે** **અહલ્યા**ને પૂછ્યું કે; ‘અહીં કોણ ઉભો છે?’ આવું પ્રશ્ન સાંભળી સત્યાનુસારી અપભ્રષ્ટ વક્રોક્તિથી **અહલ્યાએ** જવાબ આપ્યો કે एसो ठिओ **खुमज्जारो** આ માર્જાર ઉભો છે. ત્યારે મુનિએ કહ્યું કે, ‘સાચું આ તારો **જાર** છે.’ એમ કહી, તેની વાણીમાં **मज्जारो** ( મારો યાર ) એવો સત્યનો અનુસાર જોઈ, તેને અવધિવાળો શાપ આપ્યો કે ‘હે પાપિણિ ! તું ઘણો કાળ શિલા થઇ પડ. જ્યારે ફરતાં ફરતાં **રામચંદ્રજી** …નમાં પધારશે અને તુંને સ્પર્શ થશે ત્યારે આ શાપથી છૂટીશ.’ આવો પોતાની સ્ત્રીને શાચંદ્રને રૂપરૂ …ને પણ શાપ દીધો કે, ‘તું વરાંગમાં* લુબ્ધ થયો, માટે તારા શરીરમાં તે હજાર …ગુણો હશે તે જ્યારે **વિશ્વકર્મા** દિવ્ય સ્ત્રી **તિલોત્તમા**ને બનાવશે અને તું તેને જોઈશ ત્યારે તે સઘળાં વરાંગ નેત્રરૂપ થશે. આવી રીતે શાપ દઈ મુનિ તપસ્યા કરવા સારુ ચાલી નિકળ્યા અને **અહલ્યા** શિલારૂપ થઈ ગઈ. ઈંદ્રનું પણ વરાંગે કરી સર્વ અંગ ઢંકાઈ ગયું.

શીલભંગ તે જાણવું, વિપદાતણું નિદાન;
જુવો ઈંદ્રની દુર્દશા, તેથી થઇ પ્રમાણ.

એવું કહે- આવી રીતે સર્વને દુષ્કર્મ તેના આત્માને ફળ દેનારું થાય છે. જે જેવું બીજાનું …

* વરાંગ અર્થાત્ વર—ઉત્તમ અને અંગ શરીર. એટલે ઉતમ શરીર આ શબ્દ કરડાકીમ કહેલો છે. સ્ત્રીનું ગુપ્તસ્થાન.



તેને ફળ મળે છે. એટલા કારણથી મહાશય મનુષ્યો બીજાનું વિરુદ્ધ કરવા ઉત્સાહ ધરાવતા નથી. આ ઉત્તમ પ્રકૃતિના માણસોનું વિધિસિદ્ધ સદ્વ્રત છે.

તમે બે બહેનો છો. પૂર્વ જન્મમાં શાપ થવાથી દેવતારૂપ ટળી જઈ મનુષ્યાવતારમાં આવેલી છો. તો પહેલા જન્મ પ્રમાણે જ પરસ્પર તમે ચાહો છો. આવી રીતે **વસંતક**નાં વચનો સાંભળી તે **વાસવદત્તા** અને **પદ્માવતીએ** પરસ્પરમાં ઇર્ષ્યાનો લેશ પણ રાખ્યો નહિ. **વાસવદત્તા** રાણીએ પતિને સમજાવી, **પદ્માવતી**પર સરખો અને જેમ પોતાનું હિત કરે તેમ જ **પદ્માવતી**ના હિતમાં પણ પ્રવૃત્ત થઈ. તેનું એ પ્રમાણે મહાનુભાવપણું **પદ્માવતી** પાસે મોકલેલા દૂત મારફત સાંભળી **મગધરાજ** ઘણો ખુશી થયો.

હવે બીજે દિવસ **યૌગંધરાયણ** મંત્રી રાજા પાસે આવ્યો. ત્યાં રાણીઓ અને બીજાં બધાં માણસો સાંભળતાં કહ્યું કે, ‘હે રાજન્! ઉદ્યોગને માટે હવે **કૌશાંબી**માં કેમ નથી પધારતા ? **મગધરાજ**ને આપણે છેતર્યો તો હવે તેના તરફની કશી શંકા નથી. કન્યાના સંબંધરૂપ સામથી તે દબાઈ ગયો છે. વિગ્રહ કરી જીવિતથી પણ અધિક પુત્રીનો સંબંધ તે કેમ છોડે ? અને તમારે સત્ય પાળવું. તમે કાંઇ તેની સાથે ઠગાઇ નથી કરી. આ બધું મેં કર્યું છે; પણ તે કર્મથી તેને દુઃખ નથી ઉપજ્યું, એવું દૂતથી મેં જાણેલું છે. એનું મન વિકાર ન પામે તે સારુ તો આપણે આટલા બધા દિવસો અહીં ગાળ્યા.’ **યૌગંધરાયણ** એમ કહેતો હતો, તેવામાં **મગધરાજ**નો દૂત આવ્યો. પ્રતિહારની રજા લઈ તે દૂત અંદર દાખલ થયો. પ્રણામ કરી બેસીને **વત્સરાજ**ની પાસે તેણે વિનતિ કરી કે, રાણી **પદ્માવતીએ** મોકલેલા સદેશાથી રાજી થઈ, **મગધરાજે** આપને કહાવ્યું છે કે, “ઘણું શું કહેવું, મેં બધું જાણ્યું છે. તમારી ઉપર હું ખુશી થયો છું. અમે તમને નમી ચૂક્યા છીએ. જે સારુ આવડો મોટો આરંભ કર્યો, તે કામ હવે સિદ્ધ કરો ?” **યૌગંધરાયણ**ના રાજનીતિરૂપ વૃક્ષના પુષ્પ સરખું આવું સ્વચ્છ દૂતનું વચન સાંભળી, **વત્સરાજે** અભિનંદન આપ્યું. તે પછી **પદ્માવતી**ને પોતાની પાસે બોલાવી દૂતને સિરપાવ આપી વિદાય કર્યો. એટલામાં **ચંડમહાસેન**નો દૂત પણ ત્યાં આવ્યો. રીતસર ત્યાં આવી, રાજાને પ્રણામ કરી તે બોલ્યો કે, “હે રાજન્! કાર્યના તત્ત્વને જાણનાર **ચંડમહાસેન** રાજાએ આપનું વૃત્તાંત જાણી રાજી થઇ, આ પ્રમાણે કહેવરાવ્યું છે કે,” “તમારો મંત્રી **યૌગંધરાયણ** છે, એટલા ઉપરથી જ તમારું શ્રેષ્ઠપણું વર્ણવું છું, અધિક કહેવાથી શું ફળ ? **વાસવદત્તા**ને ધન્ય છે કે જેણે તમારામાં ભક્તિ હોવાથી આ કામ કર્યું; અને જેથી સત્પુરુષોમાં અમોને ઉંચું જેવાનો વખત આવ્યો. હવે **પદ્માવતી** એ કાંઈ મને **વાસવદત્તા**થી જૂદી નથી, તેના સરખી જ હું ગણું છું. તે બન્નેનું હૃદય એક જ છે, માટે હવે તમે ઉદ્યમમાં મચો.” આવાં પોતાના સસરાના દૂતનાં વચનો સાંભળી, **વત્સરાજ**ના મનમાં આનંદ ઉપજ્યો, રાણી ઉપર અપૂર્વ સ્નેહ વધ્યો અને શ્રેષ્ઠ મંત્રી **યૌગંધરાયણ** ઉપર અધિક અધિક સ્નેહ થયો.

તે પછી યોગ્ય સત્કારના વિધિથી રાણીઓએ દૂતનો સત્કાર કર્યો.। પછી પ્રફુલ્લિત અને ઉત્સાહી રાજાએ તે દૂતને **ચંડમહાસેન** પાસે મોકલ્યો. પોતાને ચડાઇ કરવાની છે, તેથી **યૌગંધ-**

રાયણ વગેરે મંત્રીઓને બોલાવી તેની સાથે મસલત કરી, અને આખર ચડાઈ કરવાનું મુકરર કર્યું તથા તરતમાં કૌશાંબી તરફ જવાનો નિશ્ચય કર્યો.

**ઇતિશ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં લાવાણક લંબકને વિષે ત્રીજો તરંગ સંપૂર્ણ.**

———:૦:———

## તરંગ ૪ થો.

## વત્સરાજની કૌશાંબીમાં પધરામણી.

તે પછી બીજે દહાડે વત્સરાજ કારભારીઓ અને રાણીઓ સહિત લાવાણકથી કૌશાંબી ભણી આવવા નિકળ્યો. સમય વિના ઉછળેલા સમુદ્રના જળ સરખાં, નાદ કરતાં અને પૃથ્વી પૂરનારાં વત્સરાજનાં સૈન્યોએ ચાલવા માંડયું. જો આપણે તે મસ્ત હાથીપર વિરાજતા રાજાને આકાશમાં ઉદયાચળ સાથે ચાલતા સૂર્યનારાયણની ઉપમા દઈએ તો દેવાય.* સફેત છત્રથી છવાયલો તે રાજા તે જાણે સૂર્યનું તેજ હરણ કરવાથી ચંદ્રમા દીપતો હોય તેવો દીપતો હતો.† સર્વોપરી સત્તાથી વર્તનાર તે રાજાની આસપાસ ફરી વળેલા સામંત ને પટાવતોથી જાણે ધ્રુવ ને ગ્રહગણો તેની કક્ષા કરતા હોયની શું, તેવો તે તેજસ્વી શોભતો હતો.‡ તે રાજાની પાછળ હાથ-ણીઓ ઉપર બેઠેલી બે રાણીઓ, સ્નેહને લીધે સાક્ષાત્ લક્ષ્મી અને પૃથ્વી પાછળ આવતી હોય, તેવી રીતે દીપતી હતી.§ અને ચાલતા ઘોડાઓના સંઘાતની ખરીઓરૂપ નખોથી ક્ષત થએલી પૃથ્વી રાજાએ ભોગવ્યા સરખી થઈ ગઇ હતી. ‖ આવી રીતે બંદીજનોની સ્તુતિ સાંભ-ળતો વત્સરાજ કેટલેએક દિવસે ઘણા ઉત્સવવાળી કૌશાંબી નગરીમાં આવી પહોંચ્યો. ¶ પતિ પ્રવાસ કરી આવ્યાથી ધ્વજાનાં રાતાં વસ્ત્રથી ઢકાએલી, જરૂખારૂપ ઉઘડેલાં નેત્રવાળી, દરવાજા ઉપર દેખાડેલા ઉંચા પૂર્ણ કુંભરૂપ સ્તનના જોડકાવાળી, મનુષ્યોના કોલાહલરૂપ આનંદનાં વચનો બોલનારી, મહેલથી હસનારી તે નગરી તે વખતે પૂર્ણ રીતે શોભવા લાગી. પછવાડે બે સ્ત્રીઓ ચાલી આવે છે; અને પોતે આગળ ચાલ્યો આવે છે. એવી રીતે તેને કૌશાંબીમાં પેસતો જોઈ શહેરની સ્ત્રિયોને તેનાં દર્શનનો અપૂર્વ ઉત્સવ થયો. રાણીના મુખરૂપ ચંદ્રથી જિતાએલા ચંદ્રનાં સેવા કરવા આવેલાં સૈન્ય સરખાં

* આ વાક્યમાં શુદ્ધ અદ્ભુતોપમા અલંકાર છે. કાવ્યાદર્શમાં ઉદાહરણ છે કે–

यदि किंचिद्भवेत्पद्मं सुभ्रु विभ्रांतलोचनम् ।
तत्ते मुखश्रियं धत्तामित्यसावद्भुतोपमा ॥ २२५ ॥

અર્થ–હે સુભ્રુ ! જો કોઈ સુંદર લોચનવાળું કમળ હોય તો તે તારા મુખની શોભાને ધારણ કરે. આ અદ્ભુતોપમા છે. આ ઉદાહરણ પ્રમાણે ઉપરનું વાક્ય મેળવી લેવું. કાવ્યપ્રકાશકાર આ અલંકારને અતિશયોક્તિના પેટામાં ગણે છે. † આ વાક્યમાં ઉત્પ્રેક્ષા છે. ‡ આ વાક્યમાં પૂર્ણોપમા છે. § આ વાક્યમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. ‖ ઉત્પેક્ષા અલંકાર. ¶ રૂપક અલંકારથી નગરીનું વર્ણન કરેલું છે.



સુંદર હવેલી ઉપર ચડેલી સ્ત્રીઓનાં સેંકડો મુખથી આકાશ છવાઈ ગયું. બીજી કેટલીએક જરૂખામાં બેસી ખુલ્લી આંખોથી જોનારી સ્ત્રીઓ, કૌતુકથી વિમાનમાં બેસી આવેલી અપ્સ-રાઓની ભ્રાંતિ ઉત્પન્ન કરતી હતી. કેટલીએક સ્ત્રીઓ ગોખના જાળીઆમાં પાપણોવાળાં નેત્રોથી કામદેવનાં લોહબાણનાં પાંજરાંઓ ઉત્પન્ન કરતી હોય, તેવી દેખાતી હતી. એક સ્ત્રીની ઉત્સુક દષ્ટિ, રાજાને જોવાથી વિકસ્વર થઈ, તેથી કાનનું પડખું ન દેખવાથી તે વાત કહેવા સારુ રાજા પાસે ગઈ હોય તેવી જોવામાં આવી. રાજાની સ્વારી દોડી આવેલી જાણી, કોઈ સ્ત્રીનાં ઉછળતાં સ્તન, રાજાને જોવાની ઇચ્છાથી કંચુકીથી બાહેર નિકળવાની ઇચ્છા કરતાં હોય તેવાં દેખાતાં હતાં. ઘણી ઉતાવળથી તૂટી ગયેલા હારના મોતીના દાણા, હૃદયનાં હર્ષનાં આંસુના* પાણીના છાંટા પડતા હોય તેવા શોભતા હતા. જો લાવાણકમાં આ રાણીનું અગ્નિએ કશું અનિષ્ટ કર્યું હતે તો પોતે પ્રકાશક થઈ જગતને અંધારામાં નાંખતે, એવી રીતે વાસવદત્તાને જોઇ ઉત્કંઠા રહિત કેટલીએક સ્ત્રીઓ તેના દાહની વાતો કરવા લાગી. સખી સરખી શોકયથી વાસવદત્તા નહીં લજવાઇ એ ઠીક થયું, એમ પદ્માવતીને જોઇ એક સ્ત્રીએ પોતાની સખી પાસે વાત કરી કે, હરિ અને હરે જરૂર આ બેઉ સ્ત્રીઓનું રૂપ જોયું નહીં હોય, નહીંતર ઘણા માનથી લક્ષ્મી અને પાર્વતીને ભજત નહીં. ખીલેલાં નેત્રરૂપ કમળોની માળા પરસ્પર નાંખતી કેટલીએક સ્ત્રીઓ રાણીઓને જોઈ ઉપર પ્રમાણે વાતો કરવા લાગી. એ પ્રમાણે મનુષ્યોના સમૂહનાં નેત્રોને ઉત્સવ કરતો વત્સરાજ રાણીઓ સહિત પોતાના મહેલમાં આવ્યો. પ્રભાત કમળશૈયાને જેમ શોભા આપે અને ચંદ્રોદયથી સમુદ્રની શોભા જેમ વધે તેમ તે વખતે રાજદરબારની અપૂર્વ શોભા થઈ રહી. થોડી વારમાં સામંત રાજાઓની જે મંગળ ભેટોથી કચે-રી આખી ભરાઈ ગઈ, તે સર્વ રાજાઓ તરફથી આવનારાં નજરાણાંને સૂચવતી હોય તેમ જણાતી હતી. ઉત્સવ કરી, સામતોનું સન્માન કરી, રાજા સર્વજનના ચિત્તમાં પેસતો હોય તેમ અંતઃપુરમાં

* હર્ષનાં આંસુનું વર્ણન કવિ જ્યાં કરે છે ત્યાં તેનો શીતળ સ્પર્શગુણ તરફ વિચાર કરે છે. શોકાશ્રુ અને હર્ષાશ્રુમાં આ મુખ્ય તફાવત કવિ સંપ્રદાયસિદ્ધ છે. અહિં મોતીની સાથે સરખાવવામાં સ્વચ્છતા, શીતસ્પર્શ અને ગોળમટોળપણું વગેરે સાધારણ ધર્મપર પણ કવિનું લક્ષ્ય દેખાય છે. ઉત્તર રામચરિતમાં ભવભૂતિ શોકાશ્રુને મોતીની જે ઉપમા આપે છે, તે કાંઈ સહૃદયને ઉદ્વેગ કરે છે.

'अयं ते बाष्पौघस्त्रुटितइव मुक्तामणिसरो
विसर्पन्धराभिर्लुठति धरणीं जर्जरकणः' ।
निरुद्धोप्यावेगः स्फुरदधरनासापुटतया
परेषामुन्नेयो भवति विरसाध्मातहृदयः ॥ उ. १–२९

આનંદાશ્રુ શીતળ અને શોકાશ્રુ ગરમ છે. એ બંને બાબત મહાકવિ કાલીદાસે જણાવી છે. જુઓઃ–

आनन्दजः शोकजमश्रु बाष्पस्तयोरशीतं शिशिरो बिभेद ।
गङ्गासरय्वोर्जलमुष्णतप्तं हिमाद्रिनिःस्यन्द इवावतीर्णः ॥
रघु. १४–३

બેઠો. તે પછી રતિ અને પ્રીતિના મધ્યમાં રહેલા કામની માફક બેઉ રાણીઓની વચમાં રહેલા રાજાએ બાકીનો દિવસ મદ્યપાનાદિકની લીલામાં કહાડ્યો.

## ગોપાલક ( ગોવાળિયા )ની કથા.

બીજે દિવસે રાજા કચેરીમાં બેઠો હતો, ત્યાં કાર્યભારીઓની નજદીક આવી કોઈ બ્રાહ્મણે પોકાર કર્યો કે, 'અફસોસ છે કે જંગલમાં દુષ્ટ ગોવાળિયાઓએ કારણ વિના મારા છોકરાનો પગ કાપી નાંખ્યો.' તે સાંભળી તરત રાજાએ બે ત્રણ ગોવાળિયાને પકડી મંગાવ્યા; અને છોકરાનો પગ કપાવા વિષેની જુબાની લીધી. ત્યારે તે ગોવાળિયાઓએ જવાબ આપ્યો કે–'હે રાજન્! અમો ગોવાળિયા થઈ નિર્જન વનમાં ક્રીડા કરીએ છીએ. તેમાં દેવસેન નામનો એક ગોવાળ છે, તે એ વનમાં એક જગોએ શિલાના આસન ઉપર બેઠો, અને કહ્યું કે 'હું તમારો રાજા છું,' એમ કહી અમારા પર હુકમ ચલાવવા માંડ્યો.' અમારામાંથી કોઈ તેના હુકમનો અનાદર કરતું નથી. હે રાજન્! આવી રીતે તે વનમાં રાજ્ય કરે છે. આજ એ બ્રાહ્મણનો છોકરો તે રસ્તે થઈ જતો હતો; ત્યારે તેણે ગોપાળરાજને સલામ કરી નહીં. રાજાના હુકમથી અમોએ કહ્યું કે, 'તું સલામ કર્યા વિના ન જા'. એમ કહેતાં છતાં અમને ન ગણકારતાં હસતો હસતો તે છોકરો આગળ ચાલ્યો ગયો. ત્યારે તે અવિનીત છોકરાનો પગ કાપી નાંખવો, એવો હુકમ અમારા રાજા તરફથી થતાં જ દોડી તેનો પગ અમે કાપી નાંખ્યો. અમારા જેવાઓ રાજાની આજ્ઞા કેમ તોડી શકે?' આવી રીતે ગોવાળિયાના કહેવા ઉપરથી તે વાત ધ્યાનમાં લઈ બુદ્ધિમાન્ યૌગંધરાયણે એકાંતમાં આવી રાજાને કહ્યું કે, 'મહારાજ, જરૂર એ સ્થાન ભંડારથી ભરપૂર હશે, કે જેના પ્રભાવથી ગોવાળિયાઓ પણ આવડી મોટી સત્તા ધરાવે છે. માટે ત્યાં ચાલો.'

## વત્સરાજને ખજાના અને રત્ન સિંહાસનની પ્રાપ્તિ.

આવું યૌગંધરાયણનું બોલવું સાંભળી, ગોવાળિયાઓને આગળ કરી સરસામાન અને સૈન્ય સહિત **વત્સરાજ** તે જંગલના સ્થાન આગળ આવ્યો. ત્યાં પૃથ્વીની પરીક્ષા કરી કારીગરોએ ખોદવા માંડ્યું તો નીચેથી પર્વત સરખા આકારવાળો એક **યક્ષ** નિકળ્યો. તેણે કહ્યું કે, 'હે રાજન્! તમારા દાદાનો દાટેલો આ ખજાનો છે, તે તપાસી લો. આજ દિવસ સૂધી મેં તેની ચોકી કરેલી છે.' એમ **વત્સરાજ**ને કહી તેના તરફથી થયેલો સત્કાર સ્વીકારી તે **યક્ષ** અદૃશ્ય થઈ ગયો; અને તે ખાડામાં મોટી તીજોરી દેખાઈ તથા તેમાંથી અમૂલ્ય રત્નોનું સિંહાસન મળ્યું.*

ઉદયકાળમાં સુખસંપત્તિ ઉપરાચાપરી ચાલી આવે છે. તે પછી એ રાજા, આખી તીજોરી લઈ, ઉત્સવ કરી, તે ગોવાળિયાઓને શિક્ષા દઈ શહેરમાં આવ્યો. ત્યાં રાતા મણિનાં કિરણોના ફેલાવાથી સર્વ દિશાઓમાં રાજાનો પ્રતાપ ફેલાવાનો છે, એમ સૂચવતું હોય તેવું, રૂપાના તારમાં

* સિંહાસન બત્રિશીની વાર્તામાં ભોજરાજાના સંબંધમાં પણ આ જ પ્રમાણે વાર્ત્તા છે, તેને એ જ પ્રમાણે સિંહાસનની પ્રાપ્તિ થઈ હતી.



પરોવેલાં મોતીઓની હારથી શોભતું તેના મંત્રીઓની મતિને વિસ્મય કરનાર, હાસ્ય સરખું ઉજ્જ્વળ તે સોનાનું સિંહાસન જોઈ, બધાં મનુષ્યો રાજી થયાં અને આનંદનાં વાજાં વગડાવ્યાં. મંત્રીઓએ પણ રાજાના જયનો નિશ્ચય કરી ઉત્સવ કર્યો.

કહેવત છે કે,–મ્હો સામું આવતું કલ્યાણ, કાર્યસિદ્ધિ કહી આપે છે. તે પછી પતાકારૂપ વિજળીથી આકાશ વ્યાપ્ત થઈ ગયું; ત્યારે રાજારૂપ મેઘ, નોકરો ઉપર સુવર્ણ વરસાવવા લાગ્યો. એ દિવસ તો એવી રીતે ઉત્સવમાં વીતી ગયો. પછી બીજે દિવસે રાજાની ચિત્તવૃત્તિ જાણવા યૌગંધરાયણે રાજાને કહ્યું કે, 'આ કુળક્રમથી પ્રાપ્ત થયેલું મહા સિંહાસન છે, તે ઉપર આપ બિરાજી તેને શોભા આપો.' તેના ઉત્તરમાં રાજાએ કહ્યું કે, 'પૃથ્વી જિતી મારા પરદાદા જેની ઉપર બિરાજતા હતા, તે ઉપર દિશાઓનો જય કર્યા વિના હું કેમ બેસું? તેમ કરવાથી મારી ખ્યાતિ કેવી થાય વારુ? સમુદ્રપર્યંત આ પૃથ્વી જિતી પછી પૂર્વજોના આ રત્નસિંહાસન ઉપર હું બેસીશ.' એમ કહીને તે સિંહાસન ઉપર બેઠો નહીં. કુલીન મનુષ્યોનું અભિમાન સ્વાભાવિક હોય છે, તે કાંઈ કોપરબરાસ જેવું બનાવટી હોતું નથી.

## વત્સરાજનો દિગ્વિજય માટે વિચાર.

તે પછી ખુશી થયેલા યૌગંધરાયણે રાજાને કહ્યું કે, 'હે રાજન્! બહુ સારું. એમ જ હોય તો પૂર્વ દિશામાં જયનો ઉદ્યમ કરો.' તે સાંભળી પ્રસંગવશાત્ રાજાએ કહ્યું કે, 'ઉત્તર દિશા વગેરે બીજી બધી દિશાઓ પડતી મેલી પહેલાંથી પૂર્વ દિશામાં જય મેળવવાનું શું કારણ છે?' આ સાંભળી ફરીથી યૌગંધરાયણે કહ્યું કે, 'હે રાજન્! ઉત્તર દિશા જો કે વિશાળ છે, પણ તેમાં મ્લેચ્છોનો નિવાસ હોવાથી તે નિંદિત ગણાય છે; અને પશ્ચિમ દિશામાં સૂર્ય વગેરે ગ્રહોનો અસ્ત થાય છે, તેથી તે પણ પૂજવા લાયક નથી. દક્ષિણ દિશામાં નજદિકમાં જ રાક્ષસો રહે છે અને યમરાજને રહેવાનું તે ઠેકાણું છે, તેથી એ દિશા પણ વર્જિત છે; પણ પૂર્વ દિશામાં સૂર્ય ઉગે છે, ઇંદ્રની દિશા પણ તે જ કહેવાય છે, ગંગાજી પણ પૂર્વમાં જ વહે છે, તેથી પૂર્વ દિશાની પ્રશંસા લોકોમાં થાય છે. *દેશોમાં પણ વિંધ્ય અને હિમાલયની અંદરનો ગંગાજીના જળથી પવિત્ર જે દેશ હોય, તે ઘણો ઉત્તમ ગણાય છે. એટલા સારુ જ મંગળની ઇચ્છા કરનારા રાજાઓ પહેલેથી પૂર્વ દિશા તરફ જાય છે અને ગંગાના પ્રદેશમાં રહે છે. આપના પૂર્વજોએ પણ પૂર્વ દિશાના ક્રમથી બધી દિશાઓ તાબે કરેલી છે; અને ગંગાની પાસે હસ્તિનાપુરમાં વાસ કરેલો છે. ચક્રવર્તીપણું એ પુરુષાર્થને આધીન છે, તો તેમાં દેશનું કાંઈ કારણ નથી, એવું ધારી કૌશાંબીની રમણીયતા જોઈ, **શતાનીક** અહિં નિવાસ કરેલો હતો,' એવું કહી યૌગંધરાયણ ચૂપ રહ્યો. પછી પુરુષાર્થના બહુ માનથી રાજા બોલ્યો કે, 'એ સત્ય છે. દેશદેશનો નિયમ રાખવો એ, સામ્રાજ્યનું કારણ નથી. સંપત્તિની ઇચ્છાવાળા ધીર પુરુષોનો પુરુષાર્થ જ હેતુરૂપ છે. એકલો હોય, આશ્રય વિનાનો હોય, પણ જો સત્યવાન્ હોય તો લક્ષ્મી મેળવી શકે છે. ધીર પુરુષની કથા તમોએ નથી સાંભળી?' ત્યારે

* મનુસ્મૃતિમાં યજ્ઞાર્હ દેશોમાં આ ઉપર કહેલો દેશ વર્ણવ્યો છે.

મંત્રીઓએ કહ્યું કે, 'ના મહારાજ, આપ કૃપા કરી કહો તો ઠીક.' એમ કહેવા ઉપરથી રાણીઓના સાંભળતાં, રાજાએ વિચિત્ર અને શુભ કથા નીચે પ્રમાણે કહી.

## વિદૂષકની કથા.

ભૂમંડળમાં વિખ્યાત જે આ ઉજ્જયિની પુરી છે, તેમાં **આદિત્યસેન** નામનો એક રાજા હતો. પોતે ચક્રવર્તી હોવાથી સૂર્યની પેઠે તે પ્રતાપી રાજાના રથની ગતિ ક્યાંઈ રોકાતી નહીં. જ્યારે બરફ સરખું શ્વેત તથા ઉંચુ તેનું છત્ર પ્રકાશતું ત્યારે ઉષ્મા* રહિત રાજાઓનાં છત્રો-નિવૃત્તિ પામતાં હતાં. જળનો ખજાનો જેમ સાગર છે, તેમ આખી પૃથ્વીની સપાટી ઉપર થયેલાં રત્નો એ રાજા પાસે હતાં. તે રાજા, એક દિવસ કોઈ એક કારણસર મુસાફરી કરવા ગયો. ત્યાં સૈન્ય સહિત ગંગાજીના કિનારા ઉપર ઉતારો કર્યો. તે દેશનો રહીશ કોઈ ગુણવર્મા નામનો ધનિક, રાજા પાસે રત્ન સરખી કન્યાનું નજરાણું લઈ આવ્યો. તે બોલ્યો; 'હે રાજન્! આ કન્યા ત્રિભુવનમાં રત્ન સરખી છે, તે મારે ઘેર ઉત્પન્ન થઈ છે; તે બીજે ઠેકાણે દેવાય તેમ નથી. એને લાયક તો આપ જ છો.' એવું **પ્ર**તિહાર મારફતે કહેવરાવી પોતે રાજા પાસે આવી પોતાની કન્યા રાજાને દેખાડી. કાંતિથી દિશાઓને શોભાવનારી, કામદેવના મંગળ ઘરના રત્નદીપની શિખા સરખી, **તે**જસ્વતી નામની તે કન્યાને જોઈ, તેની કાંતિ અને તેજે સ્પર્શ કરાયલો રાજા સ્નેહમય દૃષ્ટિથી એકી ટસે તેને જોવા લાગ્યો. કામાગ્નિથી તપેલો, પસીનો વળવાથી તે રાજા પિગળી ગયો. પટ્ટરાણીના પદને લાયક એ કન્યાનું માગું સ્વીકારી સંતોષ પામી, ગુણવર્માને† પોતાના સમાન કર્યો. તે પછી **તે**જસ્વતી સાથે લગ્ન કરી કૃતાર્થ માનનારો તે રાજા, તેની સાથે ઉજ્જયિનીમાં ગયો. ત્યાં રાજા તેના મુખ સામી ચાતકપેરે દૃષ્ટિ રાખી એવો તો તેમાં તલ્લીન થઈ ગયો કે, મોટાં મોટાં રાજ-કાર્યો પણ પડતાં મેલ્યાં. **તે**જસ્વતીના મંજુલ સુસ્વરથી તેના કાન સીવાઈ ગયા હોય, તેમ દુઃખી પ્રજાના પોકારો તેના કાનનું વલણ પોતા તરફ કરી જ શક્યા નહિ. તે રાજા ઘણી વાર લગી અંતઃપુરમાંથી નિકળ્યો નહિ, પણ શત્રુ વર્ગના હૃદયથી તેની પીડાનો જ્વર નિકળી ગયો. કાળે કરી તે રાજાની **તે**જસ્વતી રાણીને પેટે એક ઉત્તમ કન્યા જન્મી, અને તેની બુદ્ધિમાં દેશ જિતવાની પણ ઇચ્છા પ્રગટ થઈ.

હવે એક દિવસ એક સામંત ગર્વિષ્ટ થઈ ગયો હતો, તેને જિતવા **આ**દિત્યસેન રાજા ઉજ્જયિનીથી નિકળ્યો. સૈન્યની અધિદેવતા સરખી હાથણી ઉપર બેઠેલી **તે**જસ્વતી રાણીને તેણે સાથે લીધી અને રાજા ગર્વથી ઉત્પન્ન થયેલા સ્વેદનાં ઝરણાં જેને ઝરે છે એવો, શ્રીવૃક્ષ‡ સહિત સારી મેખલાવાળા, જંગમ પર્વત સરખા ઉંચા ઘોડાપર સ્વાર થયો. ગલોફાં સૂધી

---

* અર્થાત્ પ્રતાપ વગરના રાજાઓનાં છત્રો બંધ થતાં હતાં, તથા કેવળ આદિત્યસેનને જ એક છત્ર હતું. જે રાજા એકછત્ર હોય ત્યારે તે ચક્રવર્તી કહેવાય છે. બીજો અર્થ એ છે કે, જ્યારે સૂર્યનો પ્રતાપ હોય ત્યારે ચંદ્ર વગરે ગ્રહો નિસ્તેજ થઈ જાય છે. † આર્થાત્ ધન વગેરે દઈ સુખી કર્યો. ‡ પર્વતના પક્ષમાં બિલ્વ ફળ તથા અશ્વના પક્ષમાં રોમાવલિ વાળો.



ઉંચા ઉપડેલા પગથી પોતા સરખો વેગ ધારણ કરનાર ગરુડની ગતિનો અભ્યાસ કરતો હોય અને ધીર દૃષ્ટિથી ગરદન ઉંચી કરી મારા વેગ આગળ આ પૃથ્વી શું હીસાબમાં છે' એમ ધારતો હોય, એવા ઘોડા ઉપર સ્વાર થઈ તે થોડું આગળ ચાલ્યો કે સપાટ જમીન આવી. ત્યાં તેજસ્વતી રાણીને વેગ દેખાડવા ઘોડાને ચાંપ્યો. રાજાની પેનીના પ્રહારથી તે ઘોડો યંત્રમાંથી નિકળેલાં બાણની માફક મનુષ્યનાં નેત્રોથી ન જોઈ શકાય એટલા વેગથી અતિ દૂર ક્યાંઈ દોડયો ગયો. એ જોઈ સૈન્ય વિહ્વલ થઇ ગયું. તેની પુઠે હજારો ઘોડેસ્વારો દોડયા, પણ રાજાનો ઘોડો ક્યાંઇ જોવામાં આવ્યો નહીં. તે પછી સૈન્ય સહિત કાર્યભારીઓ, અનિષ્ટની આશકા કરતી રડતી રાણીને લઇ પાછા ઉજ્જયિનીમાં આવ્યા. ત્યાં દરવાજા બંધ કરી કિલ્લાનું રક્ષણ કરી, પ્રજાનું આશ્વાસન કરી, રાજાની ખબર અંતર ચોમેરથી મેળવવા લાગ્યા.

એટલા વખતમાં તે વેગવંત ઘોડો, તે રાજાને, ભયંકર સિંહોને ફરવાના વિંધ્યના જંગલમાં લઈ ગયો. ત્યાં દૈવયોગથી ઘોડો ઉભો રહ્યો. ત્યાં એક મોટું જંગલ જોઈ દિગ્મૂઢ થયલો તે રાજા વિહ્વલ અને આકુળ વ્યાકુળ થઈ ગયો. બીજી કોઈ હવે ગતિ નથી, એમ વિચારી તે ઘોડા ઉપરથી ઉતરી, ઘોડાની જાત પારખનારા રાજાએ તે ઉત્તમ ઘોડાને પ્રણામ કર્યાં, અને કહ્યું કે, 'હે અશ્વરાજ! તું દેવ છે. તારા જેવાને પોતાનાં ધણીનો દ્રોહ કરવો ઘટારત નથી, તો હવે તું જ મારું શરણ છે, હવે મને શુભ માર્ગે લઇ જા.' તે સાંભળી જાતિસ્મરણ જ્ઞાનવાળા તે ઘોડાને પસ્તાવો થયો, અને સીધે રસ્તે લઈ જવાની કબૂલાત મનથી આપી; કારણકે **दैवतं हि हयोत्तमः** ઉત્તમ ઘોડો એ દેવ છે. તે પછી રાજા તેપર પાછો સ્વાર થયો, ત્યારે રસ્તાનો શ્રમ ઉતારનારા અને સ્વચ્છ, ઠંડા જળવાળા માર્ગે ઘોડો ચાલ્યો, અને સાંજે તો સો યોજનનો પંથ કાપી, તે રાજાને ઉજ્જયિનીની પાસે પુનઃ લાવી મૂક્યો. ત્યારે તેના ઘોડાના વેગથી, પોતાના જાણે સાતે ઘોડા જિતાઈ ગયા છે એમ જોઇ લજ્જા પામી, અસ્તાચળની ગુફામાં સૂર્ય છૂપાઇ ગયો હોય તેમ અસ્ત થઈ ગયો. પછી અંધારું ફેલાયું. ઉજ્જયિનીના દરવાજા બંધ થયેલા જોઇ, તે વખતમાં ભયંકર દેખાતાં સ્મશાનમાં તે રાજાએ ઉતારો કરવાનો હેતુ ધર્યો, ત્યારે બુદ્ધિમાન્ ઘોડો, રાજાને ત્યાં લઈ ગયો. તે સ્મશાનમાં એકાંતમાં બ્રાહ્મણોને રહેવાનો એક મઠ હતો. તેમાં આજની રાત કાઢવી, એવું વિચારી **આ**દિત્યસેન રાજા તેમાં પ્રવેશ કરવા લાગ્યો. તુરત ત્યાં રહેનારા બ્રાહ્મણોએ તેને રોક્યો, ને આ સ્મશાનપાળ છે કે કોઇ ચોર છે, એવી આશંકાથી તેઓએ લડતાં લડતાં તેને બહાર કાઢયો.

વેદીઆ બ્રાહ્મણો એ, ભય, કઠોરતા અને કોપનું સાક્ષાત્ ઘર હોય છે. તેથી તે બધાએ ગડબડ મચાવી મૂકી. તેવામાં તે મઠમાંથી ધીર અને ગુણવાન્ વિદૂષક નામનો એક બ્રાહ્મણ નિકળ્યો. તે યુવાન્ અને કસરતી હતો અને તેણે તપસ્યા કરી અગ્નિનું આરાધન કરી ધ્યાન ધરવાથી તરત હાજર થાય, એવું ખડ્ગ મેળવ્યું હતું. તે બ્રાહ્મણે સુંદર આકૃતિના રાજાને જોઈ આ કોઇ છૂપો દેવ છે, એવું મનમાં ધાર્યું. તે બીજા સર્વ બ્રાહ્મણોને દૂર

કરી, નમ્રતાની સાથે રાજાને મઠમાં તેડી લાવ્યો. ત્યાં રાજાએ વિસામો લીધો અને વિદૂષકે દાસીઓને હુકમ કરી રસ્તાની ધૂળ રાજાના અંગ ઉપરથી સાફ કરાવી, રાજાને યોગ્ય હોય એવો આહાર તૈયાર કરાવ્યો, તથા રાજાને જમાડ્યો. ઘોડા ઉપરથી પણ પલાણ ઉતારી ઘાસ ચારો નાંખી તેનો શ્રમ ઓછો કર્યો. અને પછી થાકી ગયેલા રાજાને માટે શય્યા બીછાવી કહ્યું કે, 'હે પ્રભુ ! તમે સુખેથી પોઢો, અને હું ચોકી કરીશ.' જ્યારે રાજાએ શયન કર્યું ત્યારે તે બ્રાહ્મણે, અગ્નિદેવે આપેલું ખડ્ગ ધારણ કરી, આખી રાત્રિ દ્વારપાળ તરીકે, તેના સંબંધી વિચાર કરતાં ગાળી. બીજે દિવસે પ્રભાતના જ રાજાના કંઇપણ હુકમ વગર, સ્વેચ્છાથી જ વિદૂષકે ઘોડાને સજ કર્યો. રાજા પણ તેની પાસેથી રજા લઈ ઘોડા ઉપર બેસી છેટેથી હર્ષ પામેલાં માણસોએ જોયેલો ઉજ્જયિનીમાં આવ્યો. રાજાના પધારવાના ઉમંગથી મંગળ ગીત ગાતી વસ્તી તેને ઓવારણે ગઈ. પછી કાર્યભારીઓની સાથે તે રાજા મહેલમાં આવ્યો અને તેજસ્વતી રાણીના હૃદયમાંથી સંતાપ જતો રહ્યો. તે ક્ષણે પવને ઉડાડેલી ઉત્સવની પતાકાનાં વસ્ત્રોની પંક્તિથી દૂર કરેલો હોય તેમ નગરીનો શોક જતો રહ્યો. જ્યાં સૂધી સૂર્ય ને લોકો એક રંગનાં થયાં નહિ ત્યાં સૂધી–તેજસ્વતી રાણીએ આખો દહાડો મહોત્સવ કર્યો અર્થાત્ સૂર્ય આથમ્યો ત્યાં સૂધી ઉત્સવ કીધો. બીજે દિવસે રાજાએ એ સ્મશાનના મઠમાંથી બધા બ્રાહ્મણોની સાથે વિદૂષકને બોલાવ્યો અને રાત્રિની હકીકત જાહેર કરી. તેણે ઉપકારી વિદૂષક બ્રાહ્મણને હજાર ગામ પસાયતાં કરી આપ્યાં, વળી તેને છત્ર અને બેસવા સારુ વાહન આપી ગોરપદવી આપી. કૃતજ્ઞ રાજાની કૃપાથી તે વિદૂષક સામંત રાજા સરખો થઈ રહ્યો. કેમકે મોટાઓનો કરેલો ઉપકાર નિષ્ફળ કેમ થાય ? તે મહાશય વિદૂષકને રાજા તરફથી જે જે ગામ મળ્યાં તે, એ મઠવાસી બ્રાહ્મણોમાં તેણે સરખે હિસ્સે રાખ્યાં; ને પોતે રાજાની ચાકરી કરતો તેને જ આશરે રહ્યો, ને બીજા બ્રાહ્મણોની સાથે તે ગામનો ગરાસ પણ ખાવા લાગ્યો. કેટલોએક વખત ગયા પછી ધનના મદથી ઉદ્ધત થયેલા અને મુખીપણાની ઇચ્છા રાખનારા તે બ્રાહ્મણોએ વિદૂષકને ગણકાર્યો પણ નહીં. એક સ્થાનના આશ્રયવાળા, માંહોમાંહે ફૂટેલા તે સાત બ્રાહ્મણોએ દુષ્ટ ગ્રહની માફક ગામોને હરકત કરવા માંડી. જ્યારે આ બ્રાહ્મણો ઉચ્છૃંખલ* થઈ ગયા, ત્યારે વિદૂષક તેઓના ઉપર ઉદાસીન થયો; કારણ કે ધીર પુરુષોએ અલ્પ સત્તાવાળા મનુષ્યો ઉપર બેદરકારી રાખવી, એ જ સારી શોભે છે.

એક દિવસ માંહેમાંહી લડી મરતા તે બ્રાહ્મણોને જોઈ કોઇ કઠોર પ્રકૃતિનો ચક્રધર નામે બ્રાહ્મણ ત્યાં આવ્યો. પોતે કાણો છતાં બીજાના ન્યાયની છણાવટમાં તેની દૃષ્ટિ ઠીક પહોંચતી હતી. અંગમાં કુબડો હતો, પણ વાણીમાં સ્પષ્ટ બોલનારો હતો. તે ચક્રધર તેઓને કહેવા લાગ્યો કે; 'હે શઠ ! તમે ભિક્ષા માગનારા છો, અને આ તમને લક્ષ્મી પ્રાપ્ત થઇ છે. હવે એક બીજાની

* સૃષ્ટિના પ્રારંભમાં સાતે ગ્રહ એક રાશિમાં હતા અને અંતે પ્રલયના વખતે પાછા એકઠા થવાનો સંભવ છે તે શિવાય કોઈ પણ વખતે એવો જોગ આવતો નથી, એમ સિદ્ધાંતવેત્તાનો મત છે. જો સમ્યાપર વિવક્ષા નહીં હોય તો આ યોગ્ય છે. આ બાબત જ્યોતિષમાં સુપ્રસિદ્ધ છે કે પાપગ્રહ વધારે ક્એઠા થયા હોય તો અનિષ્ટ કરનાર થઈ પડે છે.



ઇર્ષ્યા રૂપ દોષથી કેમ ગામોને ખોઈ બેસવા ઇચ્છો છો ! આ વિદૂષકનો દોષ છે, કે જેણે તમારી ઉપેક્ષા કરી. હું માનું છું કે, તમે જરૂર પાછા ભીખ માગતા થઇ જશો'.

દૈવને આધીન જેની વૃદ્ધિ છે, એવું ધણીવિનાનું સ્થાન સારું, પણ જેમાં સર્વ ચીજ લુંટાય છે, એવું ઘણા નાયકવાળું સ્થાન કશાએ કામનું નથી ! મારા વચનથી જો તમારે સ્થિર લક્ષ્મીની ઇચ્છા હોય તો એક ધીર નાયક કરો. આ વાત સાંભળી બધાના મનમાં ધણી થવાની ઇચ્છા થઈ, પછી તેઓ મૂઢ છે એવું વિચારી ચક્રધરે કહ્યું કે, 'તમે વળી ટંટો વધારવાની વાત કરી. હું તમને એક ઠરાવ બાંધી આપું છું કે;–અહીં સ્મશાનમાં ત્રણ ચોર શૂળીએ ચડાવેલા છે. રાત્રિને વખતે તે ચોરોની નાસિકા જે ધીર પુરુષ કાપી લાવે, તે તમારામાં મોટો થાય, કારણ કે વીર માણસને જ ધણીપણું યોગ્ય છે.' ચક્રધરના એ પ્રમાણે કહેવા ઉપરથી પાસે ઉભેલા વિદૂષકે કહ્યું કે, 'ભલે આ વાત કબૂલ કરો, તેમાં શું હરકત છે ?' ત્યારે તે બ્રાહ્મણોએ વિદૂષકને કહ્યું કે, 'અમારાથી તો એ કામ બને તેમ નથી. જે સમર્થ હોય તે સુખે એ કામ કરે; ખુશીથી અમો તેના તાબેદાર થઈશું અને એ ઠરાવ અમારે સર્વ રીતે માન્ય છે.' ત્યારે વિદૂષકે કહ્યું કે, 'એમાં શું મુસ્કેલ છે. લો હું કરું છું.' રાત્રિમાં તે ચોરોનાં નાક કાપી સ્મશાનમાંથી લાવવાં, એ કામ અશક્ત જાણી, મૂઢ બ્રાહ્મણોએ તેને કહ્યું કે, 'જો એમ કરશો તો તમે જ અમારા સ્વામી થશો, એમાં સંશય નહીં.' એવી રીતે ઠરાવ કરી, સંમતિ લઈ રાત્રિને સમયે તે બ્રાહ્મણો પાસેથી રજા લઈ વિદૂષક સ્મશાનમાં ગયો.

તે પોતાના ભયંકર કર્મ સરખા બીહામણા સ્મશાનમાં ચિંતન કરતા પ્રાપ્ત થયેલા સાથી ખડ્ગને લઇને પેઠો. ડાકણોના નાદથી એકઠા થયેલા ગીધ અને કાગડાઓના શબ્દથી શબ્દાયમાન અને ફીઆવડી (અગ્નિ ઝરતા ડાકણો)ના મુખમાંથી નિકળેલા અગ્નિથી જેમાં ચિતાનો અગ્નિ ઝલઝલ સળગી ઉઠેલો છે, એવા સ્મશાનના મધ્યમાં શૂળી ઉપર ચડાવેલા અને નાસિકા કપાવાના ભયથી ઉંચું મ્હોં કરી રહ્યા હોય, તેવા ત્રણ પુરુષો વિદૂષકે જોયા. જ્યાં તેઓની નજદીક વિદૂષક પહોંચ્યો, ત્યાં વૈતાલોના પ્રવેશ થવાથી તે શબવત્ પુરુષો, મુક્કીઓથી તે વિદૂષકને મારવા લાગ્યા, ત્યારે વિદૂષક પણ કંપ્યા સિવાય ખડ્ગથી લડત ચલાવવા લાગ્યો. *ધીરના હૃદયમાં ભય પ્રયત્ન શિખવતો નથી. એ ખડ્ગના પ્રહારથી વૈતાલનો વિકાર ટળી ગયો ત્યારે ખડ્ગે કરી તેનાં નાક કાપીને વસ્ત્રમાં બાંધી લીધાં. વળતાં રસ્તામાં એ સ્મશાનમાં જ મુડદા ઉપર બેસી જપ કરતા એક †અઘોરીને જોયો. તેની ચેષ્ટા જોવાના કૌતુકથી તેની પાસે ગયો અને તેની પાછળ છૂપાઇ ઉભો રહ્યો. ક્ષણવારમાં અઘોરીની નીચે રહેલા શબે ફું એવો શબ્દ કર્યો ત્યારે તે મુડદાના મુખથી જ્વાળા નિકળી અને

* તે ભયથી કોઇ પ્રયત્ન કરતો નથી, એટલે ભયથી ગાભરો બની જતો નથી.

† અઘોરનો પંથ છે અને તેમાં જે લોકો હોય છે તે અઘોરી કહેવાય છે. હજુ જુજ તેવા સાધુ મળી આવે છે, તે ઘણું કરી મલિન હોય છે અને પરમહંસ જેવાં ચિહ્નો ધારણ કરે છે. એ મનુષ્યહારી કહેવાય છે.

નાભિથી સરસવ નિકળ્યા. તે સરસવ લઈ તે અઘોરી ઉઠ્યો, અને હથેલીથી શબ ઉપર પ્રહાર કર્યો, એટલે વૈતાળના સંગથી તે શબ ઉભું થયું. ત્યારે તેના ખભા ઉપર અઘોરી બેઠો અને ચાલવા માંડયું. વિદૂષક પણ છૂપો છૂપો તેની પાછળ ચાલ્યો. જ્યાં થોડે છેટે જાય છે ત્યાં એક શૂન્ય કાત્યાયની દેવીનું મંદીર દીઠું, ત્યાં તે વૈતાળના ખભા ઉપરથી ઉતરી, મંદિરના ઘુમટમાં તે અઘોરી પેઠો અને વૈતાળ જમીન ઉપર પડી રહ્યો. વિદૂષક પણ તે સર્વ યુક્તિથી જોયા કરતો હતો. અઘોરીએ દેવીની પૂજા કરી પ્રાર્થના કરી કે, 'હે દેવી ! તમે જો મારી ઉપર પ્રસન્ન થયાં હો તો મારું ઇચ્છેલું વરદાન આપો. નહીંતર મારા દેહનું બળિદાન દઈ આપને રાજી કરીશ.' તીવ્ર મંત્રના સાધનથી ગર્વ પામેલા, તે અઘોરીનાં એવાં વચનો સાંભળી એ ઘુમટમાંથી વાણી થઈ કે 'આદિત્યસેન રાજાની કુંવરીને અહીં લાવી જો તું બળિદાન આપીશ તો તારી કામના પૂરી પડશે.' આ સાંભળી તે બાહેર નિકળ્યો અને વૈતાળને હથેલી મારી એટલે ફું એમ શબ્દ કરી તે બેઠો થયો. તેના ખભા ઉપર ચડી તે અઘોરી રાજપુત્રીને લાવવા સારુ આકાશ માર્ગે ચાલ્યો.

વિદૂષકે પણ આ બધું જોયું, અને વિચાર કરવા લાગ્યો કે, મારા જીવતાં છતાં એ રાજપુત્રીને કેમ મારે છે, તે હું જોઉં તો ખરો. એ શઠ જ્યાંસૂધી અહીં આવે ત્યાંસૂધી અહીં ઉભો છું. એવું વિચારી ત્યાં જ તે છૂપી રીતે રહ્યો. પછી તે અઘોરી મહેલની બારીના રસ્તાથી અંતઃપુરમાં આવ્યો, અને રાત્રિની સૂતેલી રાજકન્યાને કાંતિથી દિશાઓને પ્રકાશ કરનારી ચંદ્રકળાને જેમ રાહુ પકડે તેમ પકડી આકાશ માર્ગે ઉડી આવ્યો. 'ઓ પિતાજી ! ઓ જીજી !' એવી રીતે બૂમો પાડતી કન્યાને ઉપાડી તે અંતરિક્ષમાંથી દેવીના મંદીરમાં આવ્યો. તે વખતે વૈતાળને મૂકી દઈ તે કન્યારત્નને લઈ દેવીના ગર્ભગૃહમાં આવી, જ્યાં તે અઘોરી રાજપુત્રીને મારવાની ઇચ્છા કરે છે કે તે જ સમયે તલવાર ખેંચી વિદૂષક ત્યાં આવી ઉભો રહ્યો. 'અરે પાપી ચંડાળ ! તું શું માલતીનું ફૂલ પથરાથી કચરી નાંખવા ઇચ્છે છે ? રે આ નાજુક પુતળી ઉપર તું શું શસ્ત્ર વાપરવા ચાહે છે ?' એમ કરી તેના કેશ પકડી તલવારથી તેનું માથું કાપી લીધું અને ભયથી બેબાકળી થયેલી તે રાજપુત્રીની આશ્વાસના કરી. તે ભયની મારી ધીમે ધીમે પાસે આવવા માંડી ત્યારે તેણે કાંઈક ઓળખીતો જોયો. વિદૂષકે વિચાર કર્યો કે આને તેના બાપના અંતઃપુરમાં શી રીતે લઈ જાઉં ! વિદૂષક આવો વિચાર કરે છે, તેવામાં આકાશવાણી થઈ કે, 'હે વિદૂષક, સાંભળ. તેં જે આ અઘોરીને માર્યો, તેના કબજામાં વીર વૈતાળ અને સરસવ હતા. તેને જોરે આ પૃથ્વીના રાજ્યની અને રાજપુત્રીઓની તૃષ્ણા હતી, તેથી એ મૂઢ આટલી ખરાબીમાં આવી પડયો છે. માટે હે વીર ! એના સરસવ તું લઇ લે કે, જેથી આજની એક રાત સૂધી તારાથી આકાશ માર્ગે ગતિ થઈ શકશે.' બેશક દેવતાઓ પણ આવા ધીરવીરની ઉપર અનુગ્રહ કરે છે. તે પછી વસ્ત્રનો છેડો છોડી તેમાંથી અઘોરીએ રાખેલા સરસવ કાઢી લીધા અને રાજપુત્રીને ખોળામાં બેસાડી તરત દેવીના મંદીર બાહેર નિકળ્યો, કે તુરત બીજી આકાશવાણી થઈ કે, 'હે મહાવીર ! તારે એક માસ પછી આ જ દેવીના



મંદિરમાં આવવું. આ વાત વિસરવી નહીં.' તે સાંભળી તે વાત માન્ય કરી તરત દેવીની કૃપાથી રાજપુત્રીને ઉપાડી આકાશ માર્ગે ઉડયો. તેણે તરત અંતઃપુરમાં જઇ રાજપુત્રીને મૂકી દીધી અને તે ધીમી પડી, ત્યારે વિદૂષકે કહ્યું કે, 'સવારે મારી ગતિ આકાશને રસ્તે જવાની રહી શકશે નહીં, અને તેથી મને નિકળતાં સર્વે જોશે, માટે હમણાં જ હું જાઉં છું.' એવું તેના કહેવા ઉપરથી ડરીને તે રાજપુત્રીએ કહ્યું કે, 'તમારા જવાથી ત્રાસ પામેલા મારા પ્રાણ જતા રહેશે. માટે હે મોટા ભાગ્યવાળા, તમે જાઓ નહીં, અને મને ફરીથી જીવન આપો. જે બાબત લીધી હોય તે પૂરી પાડવી, એ સત્પુરુષોનું સ્વાભાવિક વ્રત હોય છે.' એ સાંભળી તે વિદૂષકે વિચાર કર્યો કે, જે બનવાનું હોય તે બનો, પણ હું અહીંથી નહીં જાઉં. નહિતર આ આ રાજકન્યા ભયથી પ્રાણનો ત્યાગ કરશે. જો હું જતો રહું અને આ કન્યા જો મરી જાય તો મેં રાજાની ભક્તિ શું કરી કહેવાય ? જેટલો શ્રમ કર્યો છે, તે સઘળો વ્યર્થ જશે. એવું વિચારી એ રાત્રિ તે ત્યાં અંતઃપુરમાં જ રહ્યો. પરિશ્રમ અને ઉજાગરાથી થાકેલો હતો, તેથી ત્યાં તેને નિદ્રા આવી ગઈ. પણ રાજપુત્રીના મનમાં તો ભય પેસી ગયો હતો, તેથી તે રાત્રિ જાગતાં જ કહાડી. પ્રેમથી જેનું ચિત્ત કોમળ છે, એવી રાજપુત્રીએ વિચાર્યું કે, ભલે આ વિસામો લે, એવું ધારી સવાર થયા છતાં પણ તેને જગાડયો નહીં. તે પછી અંતઃપુરમાં ફરનારી દાસીઓએ આવી તેને જોયો. તેથી સંભ્રમ સહિત રાજા પાસે જઇને આ હકીકત વિદિત કરી. રાજાએ ખરી વાત જાણવા પ્રતિહારને મોકલ્યો. તેણે પણ અંદર જઈ જોયું તો વિદૂષક સૂતો પડયો હતો. રાજપુત્રીને પૂછવા ઉપરથી તેણે બધી વાત વર્ણવી કહી; અને તે જ પ્રમાણે પ્રતિહારે પણ રાજા પાસે જઈ કહી સંભળાવ્યું. ત્યારે વિદૂષકની ધીરતા જોઈ રાજાએ વિચાર્યું કે, આ વાત કેમ હશે ? એવી રીતે આશ્ચર્ય પામી ગયો. પછી પુત્રીના ઘરમાંથી વિદૂષકને બોલાવી મંગાવ્યો. કુંવરીના સ્નેહી અંતઃકરણે વળાવેલો તે વિદૂષક જ્યારે રાજા સમીપ આવ્યો, ત્યારે રાજાએ સઘળું વૃત્તાંત પૂછ્યું; "વિદૂષકે મૂલથી માંડી છેવટ લગી બધી વાત તેને કહી સંભળાવી; અને કપડાને છેડે બાંધેલાં ચોરોનાં નાક દેખાડ્યાં; અને પૃથ્વીને ભેદનારા અઘોરીના સરસવ પણ બતાવ્યા." ત્યારે આ વાત ખરી હશે એમ ધારી ચક્રધર સહિત બધા મઠના બ્રાહ્મણોને બોલાવી તેનું મૂળ કારણ પૂછી, રાજા સ્મશાનમાં ગયો, તો ત્યાં ત્રણ પુરુષોને નાકકટા જોયા, તેમ દેવીના મંદિરમાં અઘોરીનું કપાએલું માથું પડેલું હતું, તે પણ જોયું. આ સર્વ જોતાં રાજાને પૂર્ણ વિશ્વાસ આવ્યો અને તે રાજી થયો. પછી પુત્રીના પ્રાણનું રક્ષણ કરનાર હુશિયાર વિદૂષકને તે જ પુત્રી આપી. ઉપકારીની ઉપર પ્રસન્ન થતા ઉદાર મનુષ્યોને ન દઈ શકાય એવી કઈ ચીજ છે ?* રાજપુત્રીના હાથમાં કમળની પ્રીતિથી જરૂર લક્ષ્મી રહેતી હતી. કારણ કે રાજપુત્રીનો હાથ ઝાલવાથી વિદૂષકને લક્ષ્મી પ્રાપ્ત થઇ. તે પછી રાજાના જેવું સુખ ભોગ ભોગવતો સ્ત્રી સાથે આદિત્યસેનના મહેલમાં તે વિદૂષક રહ્યો. કેટલાએક દિવસ ગયા પછી દૈવની પ્રેરણાથી

* આ વાક્યમાં ઉત્પેક્ષા અલંકાર છે, લક્ષ્મીનો નિવાસ કમળમાં છે. રાજકન્યાનો કરકમળ એ કમળ છે, તેથી તે કમળમાં પણ લક્ષ્મી રહેતી હતી, તે હાથ વિદૂષકને મળ્યો, એટલે તે રાજકન્યાનો હાથેવાળો મળ્યો એટલે તેને પરણ્યો, તેથી રાજાએ તેને ઘણી લક્ષ્મી આપી.

રાત્રિને વિષે તે રાજપુત્રીએ વિદૂષકને કહ્યું કે, 'હે નાથ ! આ વાત તમને યાદ છે કે, રાત્રિમાં દેવીના મંદિરમાં દિવ્ય વાણીએ તમને કહ્યું હતું કે, એક માસ પછી તમારે અહીં આવવું. તો તેને આજ એક મહિનો પૂરો થાય છે, અને તે વાત આપ કેમ વિસરી ગયા ?' પ્રિયાનાં આવાં વચન સાંભળી તે વાત યાદ આવવાથી વિદૂષક રાજી થયો, તથા બોલ્યો –'ઓ પ્યારી ! તેં ઠીક સભાર્યું, હું તો ભૂલી જ ગયો હતો,' એમ કહી તેને ઇનામમાં આલિંગન આપ્યું. ત્યારબાદ રાજકન્યાના સૂઈગયા પછી રાત્રિએ અંતઃપુરમાંથી ખડ્ગ લઈ તે નિકળ્યો ને તરત દેવીના મંદિરમાં આવી પહોંચ્યો. ત્યાં બાહેર રહી તે બોલ્યો કે, 'હું વિદૂષક આવ્યો છું' તુરત અંદરથી અવાજ થયો કે 'અંદર આવ.' આ સાંભળી તે અંદર પેઠો. ત્યાં જઈ જુવે છે તો તેણે ત્યાં દેવતાઈ ઘર દીઠું. તેની અંદર દિવ્ય આભૂષણવાળી એક કોઈ દિવ્ય કન્યા જોઈ. પોતાની કાંતિથી અંધકાર દૂર કરનારી, રાત્રિમાં સળગી ઉઠેલી, મહાદેવના ક્રોધાગ્નિથી બળેલી કામદેવની સંજીવનની ઔષધિ સરખી તે કન્યાને જોઈ વિદૂષક આશ્ચર્ય પામીગયો કે આ તે શું છે ? ત્યારે રાજી થઈ તે કન્યાએ સ્નેહ અને બહુ માનથી આદર ભાવ દાખવ્યો. પ્રેમ જોવાથી વિશ્વાસુ વિદૂષક ત્યાં બેઠો; અને તે કોણ છે ? એવી રીતે તેનું સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળા વિદૂષકને તે કન્યાએ કહ્યું કે, 'હું વિદ્યાધરના કુળમાં ઉત્પન્ન થયેલી ભદ્રા નામની કન્યા છું ને યથેચ્છ ફરનારી છું; મહિનાપરના તે દિવસે હું અહીં આવી ચડીહતી, અને મેં તને તે વખતે દીઠો હતો. તારા ગુણથી મારું ચિત્ત તારામાં બહુ ખેંચાયું, તેથી તે જ વખતે તું ફરી અહીં આવે, તે સારુ અદશ્ય રહી હું જ બોલી હતી. આજ મેં વિદ્યાના પ્રયોગો જોડ્યા, તેથી તે રાજપુત્રીએ આ કાર્યની તને યાદી આપી હતી. તારે માટે હું અહીં રહી છું. હે સુંદર ! હવે આ શરીર તારે સ્વાધીન કરી દઉં છું, મારી સાથે લગ્ન કર.' એવી રીતે ભદ્રા વિદ્યાધરીએ કહ્યું, તે ઉપરથી વિદૂષકે તે વાત કબૂલ રાખી; અને ગાંધર્વવિધિથી લગ્ન કર્યાં. પોતાના પુરુષાર્થના ફળની ઋદ્ધિ સરખી, તે પ્રિયાની સાથે દિવ્ય ભોગ ભોગવતો તે ત્યાંજ રહ્યો છે, એટલામાં રાત્રિ વીતી ગઈ ત્યારે તે આદિત્યસેન રાજાની પુત્રી જાગી ઉઠી અને પતિ પોતા પાસે જોવામાં ન આવ્યો, તેથી ખેદ કરવા લાગી. વિહ્વલ થઈ પડતાં આંસુઓથી આંખોનાં પોપચાં તરંગવાળાં થઈ ગયાં છે એવી તે રાજપુત્રી પડતે આખડતે પોતાની માની પાસે ગઈ અને કહ્યું કે, 'માતા, મારો પતિ રાત્રિમાં ક્યાંઇ જતો રહ્યો છે,' એવી રીતે પોતાના અપરાધથી ભય પામેલી અને પસ્તાએલી તે કન્યાએ કહ્યું, તે ઉપરથી તેની મા પણ ગભરાઈ ગઈ. આ વાત જાણી રાજા પણ ત્યાં આવ્યો અને ઘણો આકુળ થઈ ગયો, ત્યારે પુત્રી બોલી કે 'હું એમ જાણું છું કે, સ્મશાનની બાહેર તે દેવીના મંદિરમાં ગયા હશે.' આવું પુત્રીનું વચન સાંભળી રાજા પોતે ત્યાં ગયો. ત્યાં વિદ્યાધરીની વિદ્યાના પ્રભાવથી અદશ્ય થઈ ગયેલો વિદૂષક શોધતાં છતાં પણ ન દેખાયો, ત્યારે રાજા પાછો વળ્યો. તેને જોઈ રાજપુત્રી નિરાશ થઈ ગઈ અને દેહત્યાગ કરવા તૈયાર થઈ, તેટલામાં ત્યાં એક જ્ઞાની આવ્યો. તેણે આ પ્રમાણે કહ્યું કે, 'હે રાજપુત્રિ ! તારે કાંઇ અનિષ્ટની શંકા કરવી નહિ. તારો પતિ દિવ્ય ભોગ ભોગવે છે અને



થોડા વખતમાં તને આવી મળશે.' આ વાત સાંભળી પતિ પાછો આવવાની ઇચ્છાથી રોકાએલું જીવિત રાજપુત્રીએ ધારણ કર્યું.

આણીમેર વિદૂષક ઘણાજ આનંદથી ભદ્રા સાથે રહે છે. તેટલામાં એક યોગેશ્વરી નામની ભદ્રાની સખી ત્યાં આવી પહોંચી, અને તેને એકાંતમાં તેડી જઈ કહ્યું કે, 'હે સખિ ! મનુષ્યના સંસર્ગથી આપણા વિદ્યાધરો તારી ઉપર ગુસ્સે થયા છે, અને તારું અનિષ્ટ કરવા તૈયાર થયા છે; માટે અહીંથી તારે જલદી ચાલ્યા જવું. પૂર્વસમુદ્રને પેલે પાર કાર્કોટક નામનું નગર છે, તે મૂક્યા પછી શીતોદા નામની એક નદી આવે છે, તેને પેલે કાંઠે *ઉદય નામનો મોટો પહાડ છે; ત્યાં સિદ્ધક્ષેત્રમાં કોઈ વિદ્યાધર આવી શકતા નથી. માટે હાલ તું ત્યાં જા, અને આ મનુષ્યની તારે કશી ચિંતા કરવી નહીં. આ બધી હકીકત વિદૂષકને તારે કહેવી. તે ધીરજવાન્ છે તેથી તે ત્યાં આવી પહોંચશે.' આવી રીતે તે સખીએ ભય ઉપજાવ્યો, તેથી જો કે પોતે વિદૂષક ઉપર બહુ આસક્ત છે, તે છતાં તેની વાત કબૂલ રાખી. વિદૂષકને આ વાત યુક્તિથી કહી પોતાની રત્નની વીંટી આપી, પ્રભાત થતાં પહેલાં ભદ્રા અદશ્ય થઈ ગઈ. ત્યારે વિદૂષક પાછો આગળની સ્થિતિમાં દેવીના ઉજ્જડ મંદિરમાં આવી પડ્યો. ત્યાં ભદ્રા ન દીઠી, ને પોતે એકલો જણાયો. તે વિદ્યાનો પ્રપંચ સંભારતો અને વીંટી જોતો વિદૂષક, ખેદ અને વિસ્મયથી તેનાં વચનને સ્વપ્ન સરખું સંભારતો વિચાર કરવા લાગ્યો કે, મને નિવેદન કરીને જ તે ઉદય પર્વત ઉપર ગઈ છે તો મારે પણ તે રીતની પ્રાપ્તિ સારુ ત્યાં જ જવું જોઇએ. પણ આવી રીતે જતાં બધા લોકો મને જોશે, અને તે વાતની રાજાને ખબર પડશે, તો મારાથી નહીં છૂટાય. માટે જેમ મારું કાર્ય સિદ્ધ થાય તેમ યુક્તિ કરું." એવી રીતે વિચાર કરી તે નિપુણ પુરુષે બીજું રૂપ ધારણ કર્યું અને જીર્ણ વસ્ત્ર પહેરી, અંગ ઉપર ધૂળ નાંખી, હે ભદ્રે ! હે ભદ્રે ! એમ બોલતો દેવીના મંદિરમાંથી નિકળ્યો. તે ક્ષણે તે દેશના માણસોએ તેને જોઇ ઓળખી કહાડ્યો કે, આ તો વિદૂષક છે. લોકોનો કોલાહલ સાંભળી રાજાને ખબર પડી. તેથી રાજા પણ ત્યાં આવ્યો. ત્યાં ગાંડા માણસ સરખી તેની ચેષ્ટા જોઈ, રાજાએ તેને પોતાના મહેલમાં પકડી મંગાવ્યો. ત્યાં સ્નેહને લીધે જે જે નોકર ચાકરે વાતો કહી, તે સઘળાના ઉત્તરમાં વિદૂષકે હે ભદ્રે, હે ભદ્ર, એટલું જ કહ્યું. વૈદ્યોએ બતાવેલા અભ્યંગથી તેને સ્નાન કરાવી સાફ કર્યો, પણ તરત જ તેણે ઘણી ધૂળ લઈ પોતાના શરીર ઉપર નાંખી. સ્નેહ વશ થયેલી રાજપુત્રીએ પોતાને હાથે તેને આહાર લાવી આપ્યો. તે જોતાં જ તેણે લાત મારીને તે થાળી ફેંકી દીધી. એ પ્રમાણે તે નિઃસ્પૃહીની રીતે કેટલાએક દિવસ પોતાનાં વસ્ત્ર ફાડતો ને ગાંડા મનુષ્યપેરે ચેષ્ટા કરતો ત્યાં રહ્યો. "આને સુધારવો અશક્ય છે, માટે આને આપણે હેરાન કરવો નહિ જોઇએ. જો એ કદાચિત્ પ્રાણત્યાગ કરશે તો આપણને બ્રહ્મહત્યા લાગશે. વળી આપણો જમાઈ પણ થાય છે; સ્વચ્છંદ ફરતાં ફરતાં કોઈ દિવસ આનું કુશળ કલ્યાણ થશે." એવું વિચારી આદિત્યસેને તેને જવા દીધો. તે પછી સ્વચ્છંદ ફરનારો વીર

* ઉદયાચળ પર્વત.

વિદૂષક બીજે દહાડે રત્નની વીંટી લઈ ભદ્રા મેળવવા સારુ તેને રસ્તે પડ્યો. રાત દહાડો ચાલતાં ચાલતાં તે પૂર્વ દિશાના રસ્તામાં પૌંડ્રવર્ધન નગરમાં જઈ પહોંચ્યો. ત્યાં કોઈ વૃદ્ધ બ્રાહ્મણીને ઘેર જઈ કહ્યું કે, 'હે માતાજી ! એક રાત્રિ અહીં રહેવાની રજા લઉં છું.' એવું કહેવાથી તે ડોસીએ હા પાડી અને આતિથ્ય સત્કાર કરી, ખિન્ન થઈ તેની પાસે આવી કહ્યું કે, 'હે પુત્ર, ! આ આખું ઘર હું તને જ આપું છું, માટે તે તું લે. કારણ કે હવે મારે જીવવાનું નથી.' ત્યારે વિસ્મય પામી વિદૂષક બોલ્યો કે, 'તું આમ કેમ બોલે છે ?' ત્યારે ડોસીએ કહ્યું કે, સાંભળ, તને એક વાત કહું છું. તે પછી તે ડોસી બોલી:—

પુત્ર ! આ નગરમાં દેવસેન નામનો રાજા રહે છે. તેને ત્યાં પૃથ્વીમાં રત્ન સરખી એક કન્યા અવતરેલી છે. 'મને આ દુઃખથી લબ્ધ (પ્રાપ્ત) થઈ છે,' એમ ધારી પ્રીતિમાન રાજાએ દુઃખલબ્ધિકા એવું તેનુ નામ પાડ્યું છે. કેટલેએક કાળે તે નવયૌવના થઈ, ત્યારે કચ્છપનાથ નામના રાજા સાથે તેનું લગ્ન કીધું, રાજાને પોતાને ઘેર બોલાવ્યો તથા રાજેન્દ્ર કચ્છપનાથ પોતાની પત્નીના શયનગૃહમાં પેઠો કે તરત મરણ પામ્યો, ત્યારે દિલગિર થઈ રાજાએ એ કન્યા બીજા રાજાને આપી. તે પણ એવી રીતે જ મરણ પામ્યો. આ જ ભયથી કોઇ રાજા તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા કરતો નથી. આ પ્રમાણે થવાથી રાજાએ પોતાના સેનાપતિને કહ્યું કે, 'આજથી તારે ક્રમે કરી આ દેશનો અકેકો પુરુષ બ્રાહ્મણ કે ક્ષત્રિય ગમે તે હોય તેને દરરોજ લાવવો અને મારી પુત્રીના ઘરમાં મૂકવો. આપણે જોવાનું છે કે કેટલા પુરુષો ક્યાં સૂધી મરે છે ! આ આપત્તિમાંથી જે ઉગરશે તે આનો પતિ થશે.

"અદ્ભુત શક્તિ દૈવની, ગતિ નહિ કળી શકાય;
સુખમાંથી દુખ ને પછી, દુખમાંથી સુખ થાય."

એ પ્રમાણે રાજાના હુકમ ઉપરથી સેનાપતિ દરરોજ વારા પ્રમાણે નગરની વસ્તીમાંથી એકેક પુરુષને ખેંચી જાય છે. આવી રીતે સો પુરુષ મરણ પામ્યા છે. હવે હું અભાગણીનો એક પુત્ર છે. રાજકન્યા પાસે જવાનો તેનો આજ વારો આવ્યો છે. જ્યારે પુત્ર મરી જશે ત્યારે મારે જીવી શું કરવું છે ? પ્રભાત થતાં જ મારે અગ્નિમાં પ્રવેશ કરવો છે.* આ જીવતાં છતાં જ તું ગુણવાન્ પાત્ર મારે હાથ લાગ્યો છે, તો તને ઘર આપી દઉં છું, જેથી ફરી બીજા જન્મમાં આવી દુઃખણી ન થાઉં, એવી મારી ઇચ્છા છે. એવાં ડોસીનાં વેરાગ્યનાં વચન સાંભળી વિદૂષક બોલ્યો કે, 'જો એમ હોય તો, હે મા ! તું દિલગીર ન થા. આજ તારા પુત્ર સાટે ત્યાં હું જાઉં છું. તારો એક છોકરો ભલે જીવે. હું આનો નાશ કેમ કરાવું, એવી દયા મારી ઉપર તારે લાવવી નહીં; કારણ કે સિદ્ધિના પ્રતાપથી હું ત્યાં જઇશ, તોપણ મને ભય પ્રાપ્ત થશે નહીં.' આવી રીતે વિદૂષકના કહેવાથી, ડોસી વિદૂષકને કહેવા લાગી, " ભાઈ, જો એમ છે તો તું કોઈ દેવ જ અમારા પુણ્ય પ્રતાપથી આવી મળ્યો

* એટલે આ મારી મિલકતનો વારસ કોઈ નથી, તેથી રાજા લઈ લેશે. તો તે કરતાં એ જ સારું કે હું મારે હાથે સત્પાત્રને આપીને કલ્યાણ પ્રાપ્ત કરું.



છે, એમ હું માનું છું. હે પુત્ર ! અમને પ્રાણદાન દે, અને અમારું કુશળ કર." એવી રીતે ડોસીની અનુમતિથી સાંજે સેનાપતિએ મોકલેલા સિપાઈ સાથે વિદૂષક રાજપુત્રીને ઘેર ગયો. ત્યાં ખીલેલાં પણ નહી ચૂંટેલાં પુષ્પોના ભારથી નમેલી લતા સરખી, યૌવન મદથી ઉદ્ધત થયેલી રાજપુત્રીને તેણે નિહાળી. તે પછી રાત્રિએ રાજપુત્રીના શયનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થયેલા ખડ્ગને હાથમાં લઇ તે જાગતો જ બેઠો છે; અને વિચારે છે કે જોઉં તો ખરો. અહીં પુરુષોને કોણ મારે છે ? જ્યારે આસપાસનાં બધાં મનુષ્યો સૂઈ ગયાં ત્યારે શયનગૃહનું એક દ્વાર ઉઘાડી બારણામાંથી આવતા ભયંકર રાક્ષસને તેણે જોયો. આવાસના બારણા આગળ તે રાક્ષસ ઉભો રહ્યો અને સુનાર ઉપર અકસ્માત્ યમદંડ સરખો હાથ લાંબો કર્યો, ત્યારે વિદૂષકે ક્રોધ કરી દોડી એક ખડ્ગના પ્રહારથી તે રાક્ષસનો હાથ તરત કાપી નાંખ્યો. હાથ કપાવાથી તેના બળના ઉત્કર્ષથી ડરી જઈ ફરી ન આવવાનો નિશ્ચય કરી તે રાક્ષસ ત્યાંથી તાત્કાળ નાશી ગયો. જ્યારે રાજપુત્રી જાગી ઉઠી ત્યારે ત્યાં પડેલો રાક્ષસનો હાથ જોઈ તે ડરી ગઈ અને તે સાથે ખુશી પણ થઇ, અને વિસ્મય પામી. સવારમાં પોતાની પુત્રીના ઘરના બારણામાં રાક્ષસનો કાપેલો હાથ દેવસેન રાજાએ જોયો. હવેથી અહીં કોઈ પુરુષે પેસવું નહીં, એવી રીતે વિદૂષકે લાંબી ભોગળ આડી આપી હોય એવો તે હાથ દેખાયો; ત્યારે દિવ્ય પ્રભાવના વિદૂષકને ઘણા વિનયની સાથે રાજાએ તે કન્યા પરણાવી. તે પછી વિદૂષક રૂપવાળી, સમૃદ્ધિ સરખી તે સ્ત્રી સાથે કેટલાએક દિવસ ત્યાં જ રહ્યો. પણ એક દિવસ તે રાજપુત્રીને સૂતી મૂકી ઉતાવળો ઉતાવળો ભદ્રાને ભેટવા ચાલ્યો. સવારે તેને ન જોવાથી રાજપુત્રી દુઃખિત થઇ, ત્યારે એ પાછો વળશે એવી આશા આપી તેના પિતાએ તેણીને શાંત પાડી. હવે પાણીપેર રાત દહાડો ચાલતાં તે વિદૂષક પૂર્વ મહાસાગર પાસે આવેલી તામ્રલિપ્તિકા નગરીમાં આવી પહોંચ્યો. ત્યાં એક સ્કંદદાસ નામના વ્યાપારીને પેલે પાર જવું હતું, તેનો સથવારો કરી ઘણા માલથી ભરેલાં તેના વહાણમાં બેસી વિદૂષક જળમાર્ગે ચાલ્યો. તે વહાણ ચાલતાં ચાલતાં સમુદ્રના મધ્યમાં જઈ અકસ્માત્ કોઇએ પકડી રાખ્યું હોય તેમ અટકી પડ્યું. આમ થવાને લીધે રત્નોથી સમુદ્રની પૂજા કરી, તો પણ તે ચાલ્યું નહીં. ત્યારે સ્કંદદાસ ખેદ પામી બોલ્યો કે, 'જે માણસ આ લાધી ગયેલું મારું વહાણ ચલાવી આપે, તેને મારી અરધી મિલકત અને કન્યા પણ આપું.' તે સાંભળી દઢ ચિત્તવાળા વિદૂષકે કહ્યું કે 'હું સમુદ્રમાં ઉતરી તપાસ કરી, લાધી ગએલું તારું વહાણ એક ક્ષણમાં છૂટું કરી આપીશ. આ દોરડાં બાંધીને હું અંદર પડું છું. જ્યારે તમારું વહાણ ચાલતું થાય ત્યારે આ દોરડાં ખેંચી મને તરત બહાર કહાડજો.' ત્યારે તે વાણીએ તેને શાબાશી આપી, તેનું વચન કબુલ રાખ્યું અને ખલાસીઓએ તેની કાખમાં દોરડાં બાંધ્યાં, એટલે વિદૂષક પાણીમાં ડુબકી મારી અંદર ઉતર્યો.

ધીર વીરનું પારખું, અવસર આવે થાય.

યાદ કરવાથી હાજર થયેલું ખડ્ગ હાથમાં લઈ વહાણની નીચે ધીરવીર વિદૂષક પેઠો.

ત્યાં એક મોટી કાયાવાળા પુરુષને સૂતેલો જોયો. તેની જાંઘમાં વહાણ ભરાઈ ગયું હતું. તે જોઈ તે જ ક્ષણે ખડ્ગથી તેની જાંઘ કાપી નાંખી. તુરત છૂટું થયેલું વહાણ સડસડાટ ચાલ્યું. જ્યારે આ પ્રમાણે વહાણ છૂટું થયું ત્યારે પોતે કબૂલ કરેલા પૈસા આપવા પડે તેના ભયથી પાપી સ્કંદદાસે વિદૂષકને બાંધેલાં દોરડાં કપાવી નખાવ્યાં.

જેમ વહાણ અડચણથી મુકત થયું અને આગળ ચાલવા લાગ્યું, તેમ જ વાણીઓ પણ પોતે આપેલી કબૂલાતથી મુકત થઈ છટકી જવા માંડયો; અને વિદૂષકને બાંધેલાં દોરડાં કપાવી નાંખી, વહાણને એકદમ સડસડાટ જોશથી ચલાવવા માંડયું. પોતાના લોભનો તો પાર આવવા વખત પાસે આવ્યો, પણ સમુદ્રનો પાર ન આવ્યો. વિદૂષક ડુબકીથી બાહેર આવી નજર કરે છે તો દોરડાંને કાપેલાં જોયાં ત્યારે તેને અદ્‌ભુતાશ્ચર્ય પ્રાપ્ત થયું; ને શાંત ચિત્તે વિચાર કરવા લાગ્યો કે, આ તે વાણીએ શું કર્યું ? બેશક આ બાબતમાં આ કહેતી આબાદ લાગુ પડે છે.

દ્રવ્યલોભથી આંધળાં, કુટિલ કૃતઘ્ની હોય;
કીધેલા ઉપકારને, તે તો કયાંથી જોય ?

ઠીક ઠીક, હવે આ વખત ગભરાવાનો નથી. ધીરજ છોડવાથી થોડી આપત્તિનું પણ ઉલ્લંઘન થતું નથી. તે વખતે એવો વિચાર કરી તેણે તે રાક્ષસની કાપેલી જાંઘ ઉપર સ્વારી કીધી, અને તેની સહાયતાથી જેમ હોડીમાં બેસી હાથથી હલેસાં મારે તેમ કરી સમુદ્ર તરી ગયો. કેમકે ધીર પુરુષની મદદ દૈવ જ કરે છે. તેટલામાં રામાર્થ *સમુદ્રનો પાર પામેલા હનુમાન્ સરખા બળવાન્ તે વિદૂષકને કાને આકાશવાણી સંભળાઈ કે, 'હે વિદૂષક, શાબાસ, શાબાસ, તારાથી બીજો વિશેષ કોણ ધૈર્યવાન્ છે ? આ તારું ધૈર્ય જોઈ હું ખુશી થયો છું. આ નાગોના દેશમાં તું આવી ચડયો છે. હવે અહીંથી સાતમે દહાડે તું કર્કોટક નગર જઈ શકશે. ત્યાંથી ધીરજ રાખી જઈશ તો તરત તારી ઈચ્છા સફળ થશે. હું હવ્ય અને કવ્ય ખાનારો અગ્નિ છું, તેની તેં પ્રથમ આરાધના કરેલી છે. મારા વરદાનથી તને ભૂખ અને તરસ લાગશે નહીં, માટે જા કાર્ય સિદ્ધિ કર.' એવું કહી તે દેવવાણી બંધ પડી. તે સાંભળી રાજી થઈ અગ્નિને પ્રણામ કરી વિદૂષક આગળ ચાલ્યો. તે સાતમે દહાડે કર્કોટક નગરમાં આવી પહોંચ્યો. ત્યાં જૂદા જૂદા દેશોમાંથી આવેલા, અભ્યાગતને ચાહનારા આર્યો જેમાં રહે છે એવા એક મઠમાં વિદૂષક આવ્યો. એ મઠ ત્યાંના આર્યવર્મ રાજાએ બાંધેલો હતો. તેમાં આખાં સોનાનાં પતરાંથી મઢેલ દેવમંદિરો બંધાવ્યાં હતાં. ત્યાં સર્વે બ્રાહ્મણોએ વિદૂષકની પરોણા ચાકરી કરી. તેમાંનો એક બ્રાહ્મણ, એ પરોણાને પોતાને ઘેર લઈ ગયો અને પછી સ્નાન, ભોજન અને વસ્ત્રોથી સરભરા કરી. સાંજ

* રામાર્થ આ શબ્દ શ્લિષ્ટ છે. હનુમાનના પક્ષમાં રામ–અર્થ એટલે રામને સારુ અને વિદૂષકના પક્ષમાં રામા–અર્થ એટલે સ્ત્રી સારુ.



વખતે તે વિદૂષક પાછો મઠમાં આવ્યો. ત્યારે ત્યાં તેણે ઢંઢેરો સાંભળ્યો કે–'બ્રાહ્મણ કે ક્ષત્રિય જે કોઈ રાજપુત્રીને પરણવાને ચાહતો હોય, તેણે આજ રાત્રે એ રાજકન્યાના ઘરમાં રહેવું.' જ્યારે વિદૂષકે આ ઢંઢેરો સાંભળ્યો ત્યારે એમાં કાંઈ કારણ છે, એમ ધારી પોતાને સાહસ પ્રિય હોવાથી રાજપુત્રીના મહેલમાં જવાની ઈચ્છા કરી. ત્યારે મઠના બ્રાહ્મણોએ કહ્યું કે, 'હે વિપ્ર! તુ સાહસ ન કર. તે રાજપુત્રીનું ઘર નથી, તે તો મૃત્યુનું ખુલ્લું મ્હો છે. જે તેમાં જાય છે, તે પાછો આવતો નથી. ઘણા સાહસિક પુરુષો તેમાં ક્ષય પામ્યા છે. આવું કહેવા છતાં વિદૂષકે તેઓનું વચન માન્યું નહીં અને રાજાના માણસો સાથે તેને ઘેર ગયો. ત્યાં આર્યવર્મ રાજાએ તેને જોઈ અભિનંદન આપ્યું. પછી રાત્રિના સૂર્ય જેમ અગ્નિમાં પ્રવેશ કરે છે, તેમ રાજપુત્રીના ઘરમાં તે પેઠો. ત્યાં વિદૂષકે આકૃતિથી સ્નેહ ઉપજાવનારી અને આંસુ સહિત નિરાશાના દુઃખથી શ્યામણું મુખ કરી જોતી રાજકન્યાને જોઈ. પછી પોતે હાથમાં સ્મરણ માત્રથી હાજર થયેલું અગ્નિએ આપેલું ખડ્ગ લઈ સારી રાત ત્યાં જાગતો જ રહ્યો. ત્યાં અકસ્માત્ મહાભયંકર રાક્ષસ દીઠો. તેનો જમણો હાથ તો કપાઈ ગયો હતો. તેથી તે રાક્ષસે પોતાનો ડાબો હાથ લાંબો કર્યો. તેને જોઈ વિદૂષકે વિચાર કર્યો કે જેનો હાથ પૌંડ્રવર્ધન નગરમાં મેં કાપી નાંખ્યો હતો તે જ આ રાક્ષસ છે. માટે હવે ફરીથી હાથ ઉપર ઘા નહીં કરું. જો એમ કરીશ તો આગળ પ્રમાણે જ એ નાસી જશે; માટે હવે તો એનો યોગ્ય ઘાટ ઘડવો. એવું વિચારી એકદમ ઉઠી દોડી આવી તે રાક્ષસના કેશ પકડી તેનું માથું કાપવાની વિદૂષકે તૈયારી કરી. ત્યારે બહુ ભય પામેલા રાક્ષસે કહ્યું કે, 'તું મને માર નહીં, મારી ઉપર કૃપા કર.' ત્યારે વિદૂષકે પૂછ્યું કે 'તારું નામ શું છે ? અને આ તેં શો ધંધો આદર્યો છે ?' એવી રીતે તેના કેશ છોડીને પૂછ્યું ત્યારે રાક્ષસ કહે છે કે, 'વીર પુરુષ, ! મારું નામ યમદંષ્ટ્ર છે, મારે બે પુત્રીઓ હતી. એક તો આ અને બીજી પૌંડ્રવર્ધન શહેરમાં છે. તે બન્નેને શૌર્યરહિત પુરુષોનો સંગ થવા ન દેવો, એવી રીતે મને શંકરે આજ્ઞા કરી હતી. કર્મ સંજોગે એક મારો હાથ પૌંડ્રવર્ધનમાં કાપી નાંખ્યો છે, અને આજ તમે મને હરાવ્યો છે તો મારું કામ સમાપ્ત થઈ રહ્યું છે. તે સાંભળી હસતાં હસતાં વિદૂષકે તેને કહ્યું કે " પૌંડ્રવર્ધનમાં તારો હાથ મેં જ કાપેલો છે." ત્યારે રાક્ષસ બોલ્યો કે; 'તું દેવાંશી છે, મનુષ્ય નથી. હું એમ માનું છું કે, તારે માટે જ મને શંકરની આજ્ઞાનો અનુગ્રહ થયો હશે. હવે તું મારો મિત્ર થયો છે . જ્યારે મને યાદ કરીશ ત્યારે તારા કામને માટે મદદ કરવા હરેક સંકટમાં હાજર થઈ ઉભો રહીશ.' એવી રીતે તે રાક્ષસે વિદૂષકને મૈત્રીનું વચન આપ્યું અને તે વિદૂષકે અભિનંદન કર્યું, પછી તે રાક્ષસ અદૃશ્ય થઈ ગયો. વિદૂષકે પણ રાજીખુશીથી તે રાજપુત્રીની સાથે ત્યાં તે રાત કહાડી. સવારે સર્વ હકીકત જાણી પ્રસન્ન થઈ રાજાએ શૌર્યની એક પતાકા સરખી તે કન્યા વિનયસહિત વિદૂષકને કન્યાદાનમાં આપી. એક પગલું પણ નહીં છોડતી, ગુણથી બંધાયલી લક્ષ્મી સરખી તે રાજપુત્રીની સાથે વિદૂષક કેટલીએક રાત્રિ ત્યાં જ રહ્યો. પણ એક દિવસ રાત્રિને વિષે ભદ્રામાં જેનુ ચિત્ત ચોંટેલું છે તેવો વીર પુરુષ ત્યાંથી ચાલી નિકળ્યો.

દિવ્ય રસનો સ્વાદ જેણે ચાખ્યો હોય, એવો કોણ પુરુષ બીજા રસમાં રાજી રહે વારુ? તેણે નગરથી બહાર નિકળી રાક્ષસને યાદ કર્યો, ત્યારે તે તરત આવી નમસ્કાર કરી ઉભો રહ્યો. ત્યારે **વિદૂષકે** કહ્યું કે, 'સિદ્ધક્ષેત્ર ઉદયાચળમાં **ભદ્રા** વિદ્યાધરી મેળવવા સારુ મારે જવું છે; માટે હે મિત્ર! મને ત્યાં તું લઈ જા.' ત્યારે રાક્ષસ તેમ કરવા કબૂલ થયો. પછી તે રાક્ષસના ખભા ઉપર બેસી તે જ રાત્રિમાં **વિદૂષક** સાઠ યોજન ચાલ્યો; અને સવારમાં મનુષ્યો જેનું ઉલ્લંઘન નથી કરી શકતા એવી **શી**તોદા નદી તરી જઈ સહેલથી ઉદયાચળની નજદીક જઈ પહોંચ્યો. ત્યાં રાક્ષસે કહ્યું કે, 'આ તારી સામે ઉદય નામનો પર્વત છે. આની ઉપર સિદ્ધોના ધામમાં જવાની મારી ગતિ નથી.' પછી તે રાક્ષસ તેની આજ્ઞા લઈ ત્યાંથી અદૃશ્ય થઈ ગયો અને ત્યાં એક રમણીય વાવ **વિદૂષકે** દીઠી. ભ્રમરોના શબ્દોથી આવકાર દેતી હોય એવી તે વાવડીને કાંઠે બેઠો હતો, ત્યારે આ તારી પ્રિયાના આગમનનો માર્ગ છે એમ કહેતી હોય એવી સ્ત્રીઓના પગની વિસ્તારવાળી પંકિત જોઇ. આ પર્વત ઉપર કોઇ મનુષ્ય જઈ શકતું નથી માટે અહીંજ ઉભો રહું અને જોઉં કે આ કોના પગનો કેડો છે' એવો **વિદૂષક** વિચાર કરે છે તેટલામાં ત્યાં સોનાના ઘડા લઇ ઘણી સુંદર સ્ત્રીઓ પાણી ભરવા આવી. ઘડાઓમાં પાણી ભરી લીધું ત્યારે તે સ્ત્રીઓને **વિદૂષકે** પૂછ્યુંકે, 'આ કોનું પાણી ભરી જાઓ છો?' એવી રીતે સ્નેહથી કોમળ શબ્દોથી પૂછ્યું ત્યારે તે રમણીઓએ જવાબ વાળ્યો કે, 'હે ભદ્ર! આ પર્વતમાં **ભદ્રા** નામની વિદ્યાધરી છે, તેને નહાવા સારુ આ પાણી ભરી લઇ જઇએ છીએ.'

આશ્ચર્ય છે કે સાહસ કર્મનો આરંભ કરનારા ધીર પુરુષો ઉપર પ્રસન્ન થતો હોય તેમ દૈવ જ ઉપયોગી સામગ્રી મેળવી આપે છે. કેમકે તુરત જ તે સ્ત્રીઓમાંની એક સ્ત્રીએ કહ્યું કે, 'હે મહાભાગ! મારા ખભા ઉપર ઘડો ઉંચો ચઢાવો તો, સારું તેનું એ કેહેવું માન્ય રાખી ઉભો થઈ ઘડો ઉંચે ચઢાવતી વખતે બુદ્ધિમાન્ વિદૂષકે, **ભદ્રા**એ પ્રથમ આપેલી રત્નની વીંટી જે પોતાની પાસે સાચવી રાખી હતી તે, તે ઘડામાં મૂકી દીધી. અને પછી તે **વિદૂષક** વાવડીને કિનારે બેઠો. તે સ્ત્રીઓ વાવડીનું પાણી ભરી **ભદ્રા**ને ઘેર આવી. ત્યાં **ભદ્રા**ને નહાવા સારુ પાણી આપ્યું, તેટલામાં એ ઘડામાંથી રત્નની વીંટી **ભદ્રા**ના ખોળામાં પડી. **ભદ્રા**એ તરત તે વીંટી ઓળખી અને તે સખીઓને પૂછ્યું કે, 'તમોએ આજ કોઇ અપૂર્વ પુરુષ દીઠો કે કેમ?' ત્યારે તેઓ બોલી કે, 'આજ અમે વાવડીને કિનારે એક યુવાન્ પુરુષ જોયો છે અને આ ઘડા અમને તેણે જ ઉંચકાવ્યા છે.' આ સાંભળી **ભદ્રા** બોલી કે, 'એ પુરુષને નવરાવી ધોવરાવી આભૂષણ પહેરાવી અહીં લાવો. તે મારો પ્રીતમ અહીં આવેલો છે.' **ભદ્રા**ના આ કહેવાથી તે સ્ત્રીઓ વાવડીને કિનારે પુનઃ—ગઈ, અને **ભદ્રા**ના કહેલાં વચન કહી સ્નાનાદિક મંગળ કાર્ય કરાવીને **ભદ્રા** પાસે તેને લાવી. **ભદ્રા** તો રસ્તા સામું જોઈ રહી હતી. **વિદૂષકે** પોતાના ધૈર્યરૂપ વૃક્ષપર પાકેલા ફળની શોભા હોય એવી ભદ્રાને જોઈ, તે **ભદ્રા**એ પણ **વિદૂષક**ને જોઇ હર્ષાશ્રુના પાણીથી અર્ઘ દેતી હોય તેમ તેના ગળામાં હસ્તલતાની માળા પહેરાવી. પરસ્પર આલિંગન, રંભન તથા ચુંબન થવાથી પસીનાના મિષથી અતિ દબાવાથી ઘણા કાળનો ભરેલો જાણે સ્નેહ નિકળ્યો હોય તેમ જણાયું.



એક બીજાના જોવામાં અતૃપ્ત એવાં બેઉ સો ગણી ઉત્કંઠાને ધારણ કરવા લાગ્યાં. 'હે નાથ,! અહીં સૂધી તમે કેવી રીતે આવ્યા?' એવું **ભદ્રા**ના પૂછવા ઉપરથી **વિદૂષક** બોલ્યો કે,—'તમારા સ્નેહનું આલંબન કરી, ઘણા પ્રાણસંશય ઉપર બેસી અહીં આવેલો છું. હે સુંદરિ! બીજું શું કહું?' એ સાંભળી **વિદૂષક**ની જીંદગીની બેતમા જોઈ, **ભદ્રા**એ તેને કહ્યું. 'હે આર્યપુત્ર! મને સખીઓનું કે સિદ્ધિઓનું પણ કામ નથી. ગુણથી ખરીદેલા તમે જ મારા પ્રાણપ્રિય છો. હે પ્રભુ! હું તમારી દાસી છું.' ત્યારે **વિદૂષકે** કહ્યું; 'હે પ્રિયે! જો એમ હોય તો આ દિવ્ય ભોગ છોડી દઇ મારી સાથે ઉજ્જયિનીમાં રહેવા ચાલો.' આ કહેવું સાંભળતાં જ **ભદ્રા**એ તરત તેનાં વચનને ઉપાડી લીધું! કેવળ આટલા સંકલ્પ ઉપરથી જ માયિક વિદ્યાઓ તણખલાની પેઠે તેણે તજી દીધી. તે પછી તે રાત્રિ તો તેની સાથે **વિદૂષક** ત્યાંજ થાક ઉતારવા રહ્યો. એ સમે તેની સખી **યોગેશ્વરી**એ ઘણી સરભરા કરી. બીજે દિવસે સવારે **ભદ્રા**ને સાથે લઈ, તે **ઉ**દયાચળથી ઉતરી **યમદંષ્ટ્ર** રાક્ષસને યાદ કર્યો. સ્મરણ માત્રમાં તે આવ્યો. તેને પોતાને જવાનો રસ્તો જણાવી **ભદ્રા**ને પાસે બેસાડી તેની કાંધ ઉપર ચડયો અને **ભદ્રા**એ પણ અતિ ઉગ્ર રાક્ષસના ખભા ઉપર બેસવાનું સહન કર્યું. કેમકે સ્નેહથી પરવશ થયેલી સ્ત્રીઓ શું નથી કરતી? તે પછી રાક્ષસ ઉપર પ્રિયા સહિત બેસી **વિદૂષકે** ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તે ફરીથી **કાર્કોટક** શહેરમાં આવ્યો. રાક્ષસનાં દર્શનથી બધાં મનુષ્યો ત્રાસથી થરથરી ગયાં. પછી **આર્યવર્મા** રાજાને ત્યાં જઈ **વિદૂષકે** પોતાની પ્રિયા માગી. પોતાના પરાક્રમથી મેળવેલી તે રાજપુત્રી **આર્યવર્મા** રાજાએ સ્વાધીન કરી. તેને લઈ, પૂર્વવત રાક્ષસ ઉપર ચડી તે શહેરથી **વિદૂષક** ચાલ્યો. તે સમુદ્ર કિનારે આવ્યો, તો ત્યાં પેલા કૃતઘ્ની વાણીઆને જોયો—જેણે પ્રથમ સમુદ્રમાં ઉતરેલા **વિદૂષક**નાં દોરડાં કાપી નાંખ્યાં હતાં. તે **સ્કંદદાસ** વાણીઆની સઘળી દોલત અને પ્રથમ સમુદ્રમાં અટકેલા વહાણ છોડાવવાના પણથી મેળવેલી પુત્રીનું હરણ કરી, **વિદૂષક** ત્યાંથી આગળ ચાલ્યો. તે પાપીનું ધન લુટી લેવું, એ જ એનો વધ છે, એમ **વિદૂષકે** માન્યું; કારણ કે, ઘણું કરી ધનનો સંચય એ કદર્યના બીજા પ્રાણ છે. તે પછી વાણીઆની પુત્રી લઈ, **ભદ્રા** અને રાજપુત્રીની સાથે રાક્ષસરૂપ રથ ઉપર બેસી, પોતાની સ્ત્રીઓને પોતાના પુરુષાર્થ સરખો જેમાં સત્વોનો ક્ષોભ શોભી રહેલો છે, એવા સમુદ્રને દેખાડતો **વિદૂષક** આકાશમાર્ગે સમુદ્રનો તરી ગયો. તે પાછો **પૌંડ્રવર્ધન** નગરમાં આવ્યો. ત્યાં રાક્ષસનો પરાજય કરી મેળવેલી, ઘણા દિવસોથી ઊત્કંઠિત થયેલી **દેવસેન**ની પુત્રીની સંભાવના કરી. તેના પિતા **દેવસેને** ત્યાં રહેવા ઘણું કહ્યું, પણ પોતાના દેશમાં રહેવા ઉત્સુક હોવાથી **વિદૂષક** તે સ્ત્રીને પણ લઇ ત્યાંથી ઉજ્જયિની ભણી ચાલ્યો. તે રાક્ષસના યોગથી ફરીથી પોતાનો દેશ જોવાનું સુખ તેને પ્રાપ્ત થયું. આ રીતે આનંદમાં તે **ઉ**જ્જયિનીમાં આવી પહોંચ્યો. ખભા ઉપર બેઠેલી સ્ત્રીઓનાં મંડળની કાંતિથી જેનો દેહ પ્રકાશિત થયો છે, એવા મોટા શરીરવાળા રાક્ષસની ઉપર બેઠેલ **વિદૂષક**ને, પ્રકાશમાન ઔષધિવાળા **ઉ**દયાચળનાં શિખર ઉપર ઉદય થયેલા ચંદ્રની પેઠે મનુષ્યોએ જોયો, ત્યારે મનુષ્યો વિસ્મય અને ત્રાસ પામી ગયાં. **વિદૂષક**ના આવવા વિષેની ખબર તેના સસરા **આદિત્યસેન**ને થતાં તે પણ મહેલમાંથી બાહેર નિકળી સામો આવ્યો. સસરાને આવેલો જોઈ

વિદૂષક રાક્ષસ ઉપરથી નીચે ઉતર્યો, અને પ્રણામ કરી પાસે ગયો. ત્યારે રાજાએ અભિનંદન આપ્યું. તે રાક્ષસના ખભા ઉપરથી પોતાની સઘળી સ્ત્રીઓને ઉતારી અને પછી રાક્ષસને યથેચ્છ ફરવાની વિદૂષકે રજા આપી. રાક્ષસના ગયા પછી સ્ત્રીઓ સહિત તે રાજા સાથે રાજમહેલમાં વિદૂષક આવ્યો. ત્યાં તે રાજાની પુત્રીને,–પોતાની પ્રથમની ઘણા કાળની ઉત્કંઠાથી પરવશપણાંને પામેલી પ્રિયાને આવી આલિંગન કર્યું. પછી રાજાએ પૂછ્યું કે, 'આ સ્ત્રીઓ તમને કેમ મળી, અને એ રાક્ષસ કોણ હતો?' ત્યારે તેના પૂછવા ઉપરથી તેણે સર્વ વૃત્તાંત ઇત્યંભૂત કહી સંભળાવ્યો. તે પછી તેનો પ્રભાવ જોઈ રાજા પ્રસન્ન થયો અને જમાઈરાજને રાજાએ પોતાનું અર્ધ રાજ્ય આપ્યું. તે ક્ષણે ઉંચું ધોળું છત્ર ધારણ કરનાર અને જેને બે ચામર ઢળે છે, એવો બ્રાહ્મણ વિદૂષક, જ્યારે રાજા થયો, ત્યારે મંગળનાં આતોદ્ય* વાજાંના શબ્દોથી ભરપૂર થયેલી ઉજ્જયિની પુરી હર્ષથી નાદ કરતી હોય તેવી જણાઈ. એવી રીતે રાજ્ય મળવાથી ક્રમે કરી તેણે આખી પૃથ્વી જિતી. સર્વ રાજાઓ જેનાં ચરણ પૂજે છે એવા વિદૂષકે, મત્સર ન હોવાથી સુખમાં વૃદ્ધિ કરનારી પ્રિયાઓની સાથે ઘણો કાળ રમણ કર્યું. દૈવ અનુકૂળ હોય ત્યારે ધીર પુરુષોને પોતાનું ધૈર્ય જ લક્ષ્મીને બળાત્કારથી ખેંચવામાં સિદ્ધિ પામેલા મહામોહના મંત્ર સરખું થાય છે.

એ પ્રમાણે વત્સરાજના મુખથી વિચિત્ર અને અદ્ભુત કથા સાંભળી, પાસે બેઠેલા પોતાના સર્વે કારભારીઓ અને બન્ને રાણીઓ પણ અતિશય ખુશી થયાં.

**ઇતિશ્રી મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં લાવાણક લંબકને વિષે ચોથો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૫ મો.

——:o:——

### વત્સરાજે કરેલું શિવનું આરાધન.

ત્યારબાદ ત્યાં યૌગંધરાયણે વત્સેશ્વરને કહ્યું; 'હે રાજન્! આપને દૈવ અનુકૂળ છે, તેમ જ આપમાં પુરુષાર્થ પણ છે અને અમારો પણ નીતિમાર્ગમાં કાંઇક શ્રમ છે. તો હવે આપણા વિચાર પ્રમાણે તરત દિશાઓનો જય મેળવવા તૈયારી કરો. આવું કાર્યભારીનું વચન સાંભળી વત્સરાજ બોલ્યો; "એ ખરું છે; પણઃ–

કલ્યાણ કાર્યમાં વિઘ્નો ઘણા આવી સદા નડે,
તે દૂર કરવા સેવું શંભુને તપસા વડે;
કહો ક્યાંથી મળે સિદ્ધિ શંભુની કરુણા વિના,
તે સાંભળી તપસ્યામાં થયા યત્નો સુમત્રિના."

* ચાર પ્રકારનાં વાજાં ભેળાં કરવાથી જે વાજીત્રનો ઘોષ થાય છે તેને આતોદ્ય કહે છે.



એ પ્રમાણે તપ કરી શિવજીને પ્રસન્ન કરવાનો રાજાનો વિચાર સાંભળી સેતુ બાંધવામાં તૈયાર થયેલા રામચન્દ્રને જેમ વાનરાઓએ અનુમતિ આપી હતી, તેમ તે કાર્યમાં સંમતિ આપી. તે પછી કાર્યભારીઓ અને બે રાણીની સાથે તપ કરતાં રાજાને ત્રણ ઉપવાસ થયા; ત્યારે શિવજી સ્વપ્નમાં આવ્યા અને કહ્યું કે, 'હું તારાપર પ્રસન્ન થયો છું. ઉઠ, તું નિર્વિઘ્ને જય પામીશ અને સર્વ વિદ્યાધરોનું અધિપતિપણું ભોગવનારો તને પુત્ર પ્રાપ્ત થશે. તે પછી સૂર્યનાં કિરણોથી પુષ્ટ થયેલા બીજના ચંદ્રની પેઠે શિવની કૃપાથી તપસ્યાનો ખેદ જેનો મટી ગયો છે, એવો રાજા જાગી ઉઠ્યો. સવારમાં તે સ્વપ્નની વાત કહી કાર્યભારીઓને અને પુષ્પ સરખી કોમલાંગી અને વ્રત ઉપવાસ કરવાથી દુબળી પડેલી બે રાણીઓને આનંદ પમાડી. કાનથી પીવાય એવું તે સ્વપ્નનું વર્ણન થવાથી તે બે રાણીઓને મીઠા ઔષધનો ક્રમ વૈભવને માટે જ થયો. તપ કરવાથી રાજાનો પ્રતાપ પૂર્વજોના જેવો ઝળકયો, અને તેની રાણીઓને પતિવ્રતાની કીર્તિ મળી. પછી વ્રતનું પારણું કર્યું, અને સમગ્ર પ્રજા ઉત્સવ કરવા લાગી. બીજે દિવસે યૌગંધરાયણે રાજાને કહ્યું; 'મહારાજ! તમને ધન્ય છે, કે જે તમને આવી રીતે શંકર ભગવાન્ પ્રસન્ન થયા. હવે શત્રુઓને જિતી હાથના પરાક્રમથી મેળવેલી લક્ષ્મીને ભોગવો. તે સ્વધર્મથી મેળવેલી લક્ષ્મી રાજાઓના વંશમાં સ્થિર રહે છે. પોતાના ધર્મથી મેળવેલી સંપત્તિઓનો વિનાશ નથી. અને આ જ કારણથી ઘણા કાળથી જમીનમાં રહેલો અને હાથથી ગયેલો પૂર્વજોનો ભંડાર આપને મળ્યો છે. આ પ્રસંગ માટે એક કથા કહું છું તે સાંભળોઃ–

### દેવદાસ વાણીઆની કથા.

પાટલિપુત્ર શહેરમાં પૂર્વે એક મહા ધનિકના કુળમાં ઉત્પન્ન થયેલો દેવદાસ નામને વાણીઆનો છોકરો હતો. તે પૌંડ્રવર્ધન શહેરમાંના એક શેઠીઆની કન્યાને પરણ્યો હતો. તેનો બાપ મરી ગયા પછી તે છોકરાને જુગારનું વ્યસન વળગ્યું, તેમાં તેનો બધો પૈસો જતો રહ્યો. ત્યારે તેની સ્ત્રી દુઃખ અને દરિદ્રીપણાથી હેરાન થઈ ગઈ. તે જોઈ તેનો બાપ તેને પોતાના શહેર પૌંડ્રવર્ધનમાં તેડી ગયો. ધીમે ધીમે તે વાણીઆનો છોકરો વિપત્તિથી ખેદ પામ્યો અને કોઈ ધંધો રોજગાર કરવાની ઇચ્છા કરી. ત્યારે ગાંઠમાં મુડી નહોતી, તેથી સસરા પાસેથી થોડાક પૈસા ઉધારે લેવાને ગયો. સાંજ વખતે તે પૌંડ્રવર્ધન શહેરમાં આવ્યો. એ વખતે ધૂળથી ભરાએલું અને વસ્ત્ર વગરનું પોતાનું શરીર જોઈ, તે વિચારવા લાગ્યો કે, આવે વેશે હું સસરાને ઘેર કેમ જાઉં? 'માની પુરુષનું મોત થાય તે સારું, પણ સંબંધીઓ પાસે દીનતા કરવી એ સારી નહીં,' એવું ધારી બજારની બહાર કોઈ હાટમાં જઇ જેમ કમળ રાત્રિના સંકોચાઇ રહે છે, તેમ ટુંટિયું વાળી પડી રહ્યો. ક્ષણ માત્રમાં તે દુકાનનાં કમાડ ઉઘડ્યાં ને ત્યાંથી કોઇ યુવાન્ પુરુષ બહાર આવ્યો. તેને દેવદાસે જોયો. થોડી વારમાં પગનો અવાજ ન થાય તેવી રીતે ત્યાં એક સ્ત્રી આવી અને તરત અંદર પેઠી; તે દુકાનમાં દીવો બળતો હતો, તેથી તેની ફાટમાં દેવદાસે નજર કરી, તો તે

પોતાની જ સ્ત્રી છે, એમ તેને ઓળખી કાઢી. પછી કમાડ બંધ કરી પરપુરુષ પાસે જનારી સ્વપત્નીને જોઈ, દુઃખ રૂપ વજ્રથી હણાયલો દેવદાસ વિચારવા લાગ્યો કે, ધન વગરનો માણસ દેહ પણ ગુમાવે છે; ત્યારે સ્ત્રીઓને ગુમાવે તેમાં શું વધારે છે? સ્ત્રીનું ચપળપણું વિજળીની પેઠે સ્વાભાવિક હોય છે. દુઃખદરિયામાં પડેલાઓને અનેક વિપત્તિ ભોગવવી પડે છે અને સ્વતંત્ર પિતાને ઘેર રહેનારી સ્ત્રીની આ ગતિ હોય છે. એવું વિચારતો તે બાહેર ઉભો ઉભો વિહાર થઈ રહ્યા પછી વિશ્રામ લેનારી સ્ત્રીની વિલાસની વાતો સાંભળવા લાગ્યો. તેણે બારણાં નજદીક આવી કાન માંડ્યા ત્યારે તે પાપિણી સ્ત્રીએ એકાંતમાં તે ઉપપતિને કહ્યું કે, ‘નેત્રાનંદ, સાંભળો. હું તમારાપર એટલી બધી તો ફીદાફીદા છું કે, મારી એક ખાનગી વાત તમને કહું છું. મારા પતિનો **વી**રવર્મા નામે પરદાદો હતો. તેણે પોતાના ઘરના આંગણામાં ચાર ખૂણામાં ચાર સોનામોહોરથી ભરેલા કળસ છાની રીતે દાટ્યા છે. તે વાત ફકત પોતાની સ્ત્રી પાસે તેણે કહી હતી. તે સ્ત્રીનો અંતકાળનો સમય નજીક આવ્યો ત્યારે તેણે પોતાના દીકરાની વહુને કહી. તેણે વળી મારી સાસુને કહેલું હતું; અને મારી સાસુએ તે વાત મને કહી છે. આવી રીતે મારા સાસરીઆમાં સાસુના ક્રમથી આ વાત ચાલી આવે છે. મારો પતિ દરિદ્ર થઈ ગયો છે, છતાં મેં આ વાત તેને કહી નથી. તે તો જુગારી છે, તેથી હું તેને ચહાતી નથી, અને તમે તો મને પરમ પ્રિય છો. માટે ત્યાં જઈ મારા પતિ પાસેથી તે ઘર વેચાતું લ્યો. અને પછી તે ખજાનો જમીનની અંદરથી કહાડી અહીં આવી મારી સાથે રંગવિલાસ ભોગવો.’ એવી રીતે પોતાની કુટિલ સ્ત્રીનાં વચન સાંભળી તેનો ઉપપતિ હરખાયો, અને જાણ્યું કે વગર શ્રમે ધન મળી ગયું. દેવદાસ જો કે પોતાની દુષ્ટ સ્ત્રીની વાણીથી પથ્થર જેવો સજ્જડ થયો હતો, તો પણ ધન મળવાની આશાથી મનમાં ચૈતન્ય આણી, ધનની આશા રાખી ત્યાંથી તરત **પાટલિપુત્ર**માં આવ્યો અને પોતાને ઘેર આવી ચાર ખૂણાઓમાંથી ચાર ધનના કળશ કહાડી લીધા. હવે બીજી બાજુએ તેની સ્ત્રીનો છાનો યાર ભંડારના લોભથી તે જ દેશમાં આવ્યો, અને દેવદાસ પાસેથી તેનું ઘર ખરીદી લીધું. દેવદાસે પણ તેની પાસેથી મોટી કીંમત લીધી. તે પછી દેવદાસે પોતાની મિલકતમાંથી બીજું ઘર બંધાવી પોતાને સાસરેથી પોતાની સ્ત્રીને તરત બોલાવી મંગાવી. ઘર ખરીદ્યા પછી પેલો વાણીઓ ખૂણામાં ખોદી જુવે છે તો ત્યાંથી ધૂળ નિકળી, પણ ખજાનો તો કાંઈ મળ્યો નહીં. તેથી દેવદાસ પાસે આવી બોલ્યો કે, ‘મારા રૂપીઆ પાછા આપ અને તારું ઘર લે, મારે નથી જોઈતું.’ ત્યારે દેવદાસે તેમ કરવાની ના કહી, તેથી તકરાર વધી અને એ બેઉ રાજા પાસે ગયા. ત્યાં છાતીમાં રહેલા ઝેરની પેઠે સહન ન થઈ શકે એવું પોતાની સ્ત્રીનું સઘળું વૃત્તાંત રાજા પાસે તેણે કહી સંભળાવ્યું. પછી તેની સ્ત્રીને બોલાવી ખરી વાતની તપાસ કરી તે વાણીઆ યારનું બધું ધન રાજાએ લુટાવી લીધું. દેવદાસે પણ તે દુષ્ટ સ્ત્રીનું નાક કાપી નાંખ્યું અને બીજી પરણ્યો, તથા ધન મળવાથી સુખે વૈભવ ભોગવવા લાગ્યો.



## વત્સરાજના દિગ્વિજયનો કથા.

આ પ્રમાણે ધર્મથી મેળવેલી લક્ષ્મી વંશપરંપરા જતી નથી. પણ અન્યાયથી મેળવેલી લક્ષ્મી જળ પડવાથી હિમનાં કણ જેમ નાશ પામે તેમ નાશ પામે છે. માટે ધર્મપૂર્વક ધન મેળવવા યત્ન કરવો. તેમાં વળી રાજાએ તો ઘણો યત્ન કરવો જોઇએ. કારણકે રાજ્યરૂપ ઝાડનું મૂળ ધન છે. સિદ્ધિને માટે મંત્રીઓનાં મંડળની સંભાવના કરી, હે રાજન્! દિગ્વિજય કરો અને ધર્મપૂર્વક લક્ષ્મી મેળવો. આપના બન્ને સસરાના સંબંધીઓ ઘણા છે અને પાછા તેના સંબંધીઓ, એ પણ એને મળતા જ રહે છે. માટે તેમાંનો કોઈ રાજા આપની સામો થશે જ નહીં. તેમ જ ઘણાખરા રાજાઓ તો આપને મળતા જ છે. માત્ર **બ્ર**હ્મદત્ત જે વારાણસીનો રાજા છે, તે તમારો નિત્યનો વૈરી છે, માટે તેને પ્રથમથી જિતો. તે જિતાયા પછી પૂર્વ દિશાના ક્રમથી સર્વ દિશાઓ જિતો. એવી રીતે દિગ્વિજય કરી **પાં**ડુરાજાની કીર્ત્તિ કુમુદની પેઠે ઉજ્જ્વળ કરો.

મુખ્ય મંત્રી **યૌ**ગંધરાયણનાં આવાં વચનો સાંભળી તે વાત ધ્યાનમાં લઈ વિજય કરવા તૈયાર થયેલા **વ**ત્સરાજ રાજાએ, કાર્યભારી મંડળને પ્રયાણની તૈયારી કરાવવાનો હુકમ કર્યો, અને પોતાનો સાળો **ગો**પાલક, જે અનુસરી રહેતો હતો તેને **વૈ**દેહ દેશનું રાજ્ય આપ્યું, અને **પદ્મા**વતીના ભાઈ **સિં**હવર્મા, જે સૈન્ય સહિત હાજર થયો હતો તેનો સત્કાર કરવા સારુ તેને **ચે**દી દેશ આપ્યો. વરસાદે કરી વર્ષાઋતુ જેમ ઘેરાયલી દીસે છે તેમ સૈન્યથી દિશાઓને પૂરનાર પુલિંદક નામનો ભિલ્લરાજ જે રાજાનો મિત્ર છે તેને તે વખતે રાજાએ બોલાવ્યો. તે રાજાના રાજ્યમાં આ સમયે યાત્રાનો ખળભળાટ થઈ રહ્યો હતો અને શત્રુઓના હૃદયમાં આકુળપણું વ્યાપી રહ્યું. **બ્ર**હ્મદત્ત રાજાની ચેષ્ટા જાણવા સારુ **યૌ**ગંધરાયણે આગળથી પ્રણિધિઓ કાશીમાં મોકલ્યા. તે પછી શુભ દિવસે જય સૂચવનારાં શકુન જોઈ, પૂર્વદિશામાં **વ**ત્સરાજે **બ્ર**હ્મદત્ત ઉપર ચડાઈ કરી. જેની ઉપર ઝાડ ખીલેલું હોય એવા પર્વત ઉપર દુર્મદ સિંહ જેમ ચડે છે, તેમ ઉંચા છત્ર સહિત ઉંચા જયકુંજર* ઉપર રાજા ચડ્યો. થોડા પાણીવાળી નદીઓવાળો અતિ સુગમ માર્ગ દેખાડતી હોય એવી સિદ્ધિની દૂતી સરખી પ્રાપ્ત થયેલી શરદ† ઋતુએ આનંદ પામેલો રાજા, ઘણો કોલાહલ કરતી સેનાથી પૃથ્વી તળને પૂરવાથી વખત વિનાના વર્ષાઋતુના સમયનો સંભ્રમ ઉપજાવતો હતો. તે વખતે સૈન્યના શબ્દના પડઘાથી આકુળ થયેલી દિશાઓ પરસ્પર તેના આવવાનો ભય સૂચવતી હોય એવી જણાઈ. સોનાના સાજથી શણગારેલા સૂર્યની કાંતિ સરખા તેજસ્વી ઘોડા, આરાર્તિકથી પ્રસન્ન થયેલા અગ્નિને અનુસરેલા હોય તેવા જણાતા હતા. વળી જેના કાન ઉપર ધોળાં ચામર ધારણ કરેલાં છે અને રસ્તામાં જેના મદથી ઝરતા ગંડસ્થળ ઉપર લગાવેલા સિંદૂરથી મદજળ જેનું રાતું થઈગયેલું છે એવા

* જયકુંજર—જયનો હાથી. પ્રાચીન કાળમાં જયને સૂચવનાર હાથીઓ શણગારી લશ્કરમાં રાખવામાં આવતા હતા. વળી જ્યોતિઃશાસ્ત્રનો પણ આ નિયમ છે કે, પૂર્વ દિશા પર ચડાઈ કરવી હોય તો હાથીએ બેસી પ્રસ્થાન કરવું વગેરે.

† જ્યોતિઃશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર બન્નેનો એ જ સિદ્ધાંત છે, કે વિજય યાત્રામાં શરદઋતુ પ્રધાન છે.

હાથીઓ,* શરદઋતુથી સફેદ વાદળાંના ચિહ્નવાળા, રાજાની યાત્રાની પાછળ ડરીને પર્વતોએ પોતાના પુત્રોને મોકલ્યા હોય તેવા જોવામાં આવતા હતા. આ રાજા, બીજાનું ફેલાયલું તેજ સહન નથી કરી શકતો, એવા હેતુથી તેની સેનાએ ઉડાવેલી ધૂળથી સૂર્યનું તેજ ઢંકાઈ ગયું હોય એવું જણાયું. રાજાના નીતિગુણથી ખેંચાયલી કીર્તિ અને જયશ્રી સરખી બે સખીઓ માર્ગમાં તેની પાછળ ચાલી. પવનથી નમી પાછાં ઉંચાં ઉડતાં ધજાનાં વસ્ત્રો, શત્રુઓને નમો કે નાસી જાઓ, એમ કહેતાં હોય તેવાં જોવામાં આવતાં હતાં. એવી રીતે પૃથ્વીનું મર્દન થવાના ભયથી ભડકી ગયેલા શેષનાગે ફણો ઉંચી કરેલી હોય તેવાં ખીલેલાં ધોળાં કમળવાળા દિશાના ભાગો જોતો જોતો રાજા આગળ ચાલ્યો.

એટલામાં પેલા પ્રણિધિ, જેમને પ્રથમ યૌગંધરાયણે વારાણસીમાં મોકલ્યા હતા, તેણે કાપાલિકનો વેષ ધારણ કર્યો. તેમાંના એક કુહક નામના પ્રણિધિએ જ્ઞાનીપણાંનો ડોળ દેખાડયો અને ગુરુ થયો. બાકીના તેના ચેલા થયા. ભિક્ષા માગી તેને લાવી આપે છે અને આ અમારા આચાર્ય છે, એવી રીતે તેના શિષ્યોએ ગામમાં ગુરુનો મહિમા વધારી મૂક્યો. જે કોઈ માણસ આવીને પૂછે કે, ‘ભવિષ્ય શું છે,’ તો તે કહે કે ‘અમુક દહાડે આગ લાગશે’ તો તે પ્રમાણે જ ગુપ્ત રીતે તેના શિષ્યો આગ લગાડે, તેથી લોકોનો તેના ઉપર પૂરતો ભરોસો બેસતો ગયો. ત્યાં ક્ષુદ્ર સિદ્ધિથી રાજી થનારો કોઈ રાજપુત્ર જે બ્રહ્મદત્તનો માનીતો હતો તે તેનો સેવક થયો. જ્યારે વત્સેશ્વર ચઢીને આવ્યો ત્યારે બ્રહ્મદત્તને જે કાંઈ પૂછવું હોય તો તે માનીતા મારફત પૂછાવતો હતો, તેથી તેની તમામ ખાનગી બાબતોની યૌગંધરાયણને ખબર પડી. બ્રહ્મદત્તનો કાર્યભારી યોગકરંડક એવે નામે હતો. તેણે રસ્તામાં આવતાં વત્સરાજને માટે મોટી મોટી ઘાતો રચાવી મૂકી. દરેક રસ્તે ઝાડ, ફૂલના વેલા, પાણી તથા ચારો વિષથી દૂષિત કરી મૂકાવ્યો; અને તેના સૈન્ય સારુ વેશ્યાનું કામ કરનારી વિષકન્યા† તૈયાર કરાવી; અને રાત્રિમાં દગો કરી મારનારા પુરુષો મોકલ્યા. આ બધી વાત જાણી પેલા જ્ઞાની પ્રણિધિએ પોતાના ખાનગી માણસો મારફત યૌગંધરાયણને જાણ કરાવી. તે જાણી આખા માર્ગમાં ઝેરના યોગથી દૂષિત પાણી ચારા વગેરેને તેના પ્રતિયોગથી‡ યૌગંધરાયણે શુદ્ધ કરાવ્યા; અને કોઈ નવી સ્ત્રીને આપણી શેજમાં આવવા જ દેવી નહીં, એવો સખત હૂકમ કર્યો.

---

* આ ઉત્પ્રેક્ષા અલંકાર છે. હાથી ઉપર પર્વતના પુત્રની સંભાવના કરવામાં આવે છે.

† શાસ્ત્રમાં વિષકન્યા બે પ્રકારની છે. એક તો એવી હોય છે કે ખરાબ યોગ, નક્ષત્ર ને લગ્નમાં જન્મે તે; કે જેની સાથે લગ્ન થતાં જ તુરત મરણ પામે. બીજી વિષકન્યા વૈદક રીતે થાય છે. બાળપણમાં અથવા ગર્ભમાંથી કન્યાને દૂધમાં વિષ આપવામાં આવે છે. આ કારણથી વિષકન્યા સાથે સંગ કરતાં જ તુરત અંગસંગ કરનાર મરણ પામે છે. વિષકન્યા અત્યંત કાંતિવાન્ હોય છે. મુદ્રારાક્ષસમાં ચંદ્રગુપ્તનો ઘાત કરવા માટે આવી વિષકન્યા મોકલવામાં આવી હતી. મોટા સિકંદરનો નાશ કરવા માટે પંજાબની એક રાણીએ પણ આવી વિષકન્યા મોકલી હતી; જેનું કાવયું એરીસ્ટોટલે ખુલ્લું કીધું હતું.

‡ ઉપાયથી. જે જલ વગેરે દૂષિત હતું તેને ઔષધ વગેરેથી સારું કર્યું.



અને રુમણ્વાનની સાથે જે દગો કરવા આવ્યો હતો, તેને શોધી યૌગંધરાયણે મરાવી નાંખ્યો. એવી રીતે પોતાનાં સઘળાં કાવતરાં નિષ્ફળ થયેલાં જાણી બ્રહ્મદત્તે વિચાર્યું કે, આ રાજા આપણાથી નહીં જિતાય.

આવું ધારી બ્રહ્મદત્ત કાર્યભારીઓ સાથે સલાહ કરી નજદીક આવેલા વત્સરાજ પાસે હાથ જોડી શરણે ગયો; અને નજરાણો રાજા પાસે મૂક્યો. ત્યારે વત્સરાજે તેનું રુડી રીતે સન્માન કર્યું, કારણ કે શૂરવીર માણસોને પ્રણામ વહાલો હોય છે. એવી રીતે વાયુ જેમ ઝાડને નમાવે છે તેમ તે બ્રહ્મદત્ત જિતાયા પછી પૂર્વ દિશામાં શત્રુઓને શમાવતો તથા કોમળને નમાવતો બળવાન્ રાજા, ચાલતા તરંગોથી ચચળ અને વંગદેશના પરાજયનો ત્રાસ હોવાથી કંપતો હોય એવા પૂર્વ સમુદ્ર તરફ ચાલ્યો. ત્યાં તેણે સમુદ્રને કિનારે પાતાળના અભયની માગણી કરવા આવેલા શેષ નાગ સરખો જયસ્તંભ* સ્થાપ્યો. આગળ ચાલનારા કલિંગોએ† નમીને ખંડણી આપી. તેથી તે યશસ્વી રાજાનો યશ મહેંદ્ર પર્વત ઉપર ફેલાઈ ગયો. મહેંદ્ર પર્વતનો પરાભવ થવાથી ડરીને આવેલાં વિંધ્ય પર્વતનાં શિખરો હોય તે સરખા હાથીઓથી રાજાનું જંગલ જિતી, તે વત્સરાજ દક્ષિણ દિશામાં આવ્યો. શરત્કાળ જેમ મેઘની સ્થિતિ કરે છે તે પ્રમાણે વત્સરાજે પર્વતનો આશ્રય કરી રહેલા શત્રુઓને નિઃસાર, ફીકા અને ગર્જના વિનાના કરી મૂકયા. લશ્કરના ઉતરવાથી કાવેરી અને તેની સાથે ચોળ‡ રાજાની કીર્તિ પણ મલિન થઈ ગઈ. જેમ પ્રમદાના સ્તનોની ઉન્નતિને કામી સહન ન કરતાં કરના સપાટાથી નરમ કરે છે, તેમ મુરલના¶ મસ્તકની ઉન્નતિ તે વત્સરાજે સહન ન કરતાં કરના સપાટાથી ફટકારી નાંખી. વળી વત્સરાજના હાથીઓએ સાત પ્રકારથી વહેતું ગોદાવરીનું પાણી પીધું તેથી ગંડસ્થલ, સુંડ વગેરે જૂદા જૂદા સાત સ્થાનમાં મદના મિષથી જળ મૂકતા હોય તેવા તેઓ જણાવા લાગ્યા.

હવે વત્સરાજ નર્મદા ઉતરી ઉજ્જયિની તરફ ચાલ્યો. ત્યાં ચંડમહાસેન રાજા તેની સામો આવ્યો અને ઉજ્જયિનીમાં તેડી ગયો. અત્રે વત્સરાજને કેશમાં ગુંથેલાં પુષ્પોથી બમણી શોભાવાળા માલવ દેશની સ્ત્રીનાં કટાક્ષોનું દર્શન થયું. ત્યાં સસરાના સત્કારથી તે એવો

---

* જયસ્તંભ સ્થાપવાનો ચાલ આપણા હિંદુસ્તાનમાં પ્રાચીન કાળથી છે. એમાં કાંતો પ્રશસ્તિ હોય છે અથવા તો પોતાનું શાસન હોય છે. અશોક વગેરેના તેવા લેખો આપણા નવા શોધકોને મળી આવ્યા છે. કીર્તિસ્તંભ, સ્મરણસ્તંભ વગેરે ઘણી જાત હોય છે. દીલ્લીનો લાટ, તેમ જ અલ્લાહાબાદ ને બુંદેલખંડના સ્તંભ પ્રસિદ્ધ છે.

† કલિંગ દેશ તે ઓરીસાથી દ્રાવિડ લગણના ભાગને કેટલાક કહે છે, ને કેટલાક મદ્રાસથી દક્ષિણ સુધીના ભાગને પણ કહે છે. વળી કેટલાકો બેંગાળના અખાતમાં ગંગા નદીનો સંગમ દ્વીપ છે તેને કહે છે. ઈસ્ટર્ન આર્ચીપેલેગોના લોકો તે ભાગને જ કલિંગ દેશ કહેતા હતા. એનું અસલ નામ રિજીયા કલિંગરામ છે.

‡ ચોળ એ કરનાટકનો પશ્ચિમનો ભાગ છે, જે તાંજોર સૂધી ફેલાયલો છે, ને ત્યાં પાંડાયણ રાજા રાજ કરતા હતા; હાલ મલબાર કિનારાનું કોરોમંડળ તે તે જ છે એમ કહેવાય છે.

¶ મરુલા તે હાલનું કેરુલા–મલબાર કીનારાપરનું.

તો સુખી થયો કે, જેથી પોતાના દેશના મનમાન્યા ભોગ પણ યાદ ન આવ્યા. પિતા પાસે રહેલી **વાસવદત્તા** પણ બાળકપણું સંભારતી સુખમાં પણ ઉદાસીનની પેઠે ત્યાં રહી. **ચંડમહાસેન** રાજા જેમ પોતાની પુત્રીને જોઈ ખુશી થયો હતો, તેમ તે **પદ્માવતી**ને જોઈને પણ પ્રસન્ન થયો. ખુશી થયેલો **વત્સરાજ** કેટલાએક દિવસ ત્યાં રહ્યો, ત્યાર પછી સસરાનું સૈન્ય પણ સાથે લઈ પશ્ચિમ દિશા જિતવા ચાલ્યો. તેની તરવાર, પ્રતાપરૂપ અગ્નિના ધૂમાડા સરખી શોભતી હતી, કારણ કે તેણે **લાટ** દેશની સ્ત્રીઓની દૃષ્ટિ આંસુઓથી લાલ કરી મૂકી. તેના હાથીઓએ વન હલાવવાથી **મંદર** પર્વત કંપવા લાગ્યો અને આ **વત્સરાજ** સમુદ્ર મથન કરવા સારુ મારું ઉન્મૂલન ન કરે તો ઠીક, એમ કહેતો હોય તેવો તે જણાયો. બેશક **વત્સરાજ** સૂર્યાદિકથી વિલક્ષણ તેજસ્વી છે, કારણ કે અત્યંત જિતનારો છે તોપણ પશ્ચિમમાં ઉદય પામ્યો. તે પછી કૈલાસના હાસ્યથી સુંદર એવી **કુબેર**, **તિલક**, **આમલક**, વગેરે દેશોની દિશા પ્રત્યે **વત્સરાજે** પ્રયાણ કર્યું. **સિંધુરાજને*** વશ કરી હરિ†ના લશ્કર સહિત **રામચંદ્રે** જેમ રાક્ષસોને માર્યા, તેમ તેણે મ્લેચ્છોને માર્યા. ક્ષોભ પામેલા સમુદ્રના તરંગો સરખા **તુરક**ના ઘોડાના સમૂહો, તે **વત્સરાજ**ના હાથીઓની ઘટારૂપ વેલાવનમાં ખંડિત થઈ ગયા. ગૃહીતારિકર‡ એવો શ્રીમાન્§ **પુરુષોત્તમ**‖ **વત્સરાજે**, પાપી રાહુની પેઠે **ઈરાન**ના રાજાનું માથું કાપી લીધું. **વિલાયતનો**¶ પરાજય કરવાથી બધી દિશાઓને શબ્દાયમાન કરતી તેની કીર્તિ બીજા ગંગાની પેઠે હિમાલયમાં ફેલાઈ ગઈ. ભયથી શત્રુઓને સ્તબ્ધ કરનારા આ રાજાની સેના નાદ કરે છે. તેનો શબ્દ ઉલટો પર્વતની ગુફાઓમાં ફેલાયો. છત્ર ધારણ કર્યાં વિના **કામરુ**** દેશનો રાજા પણ નમીને કાંતિરહિત થઈ ગયો. એ કાંઈ અદ્ભુત નથી. પર્વતોએ હાથીના આકારમાં આપેલા જંગમ ડુંગરા સરખા તે **કામરૂપ** દેશના રાજાએ આપેલા હાથીઓથી વિંટાયેલો તે ચક્રવર્તી રાજા વધારે શોભતો હતો. પછી **વત્સરાજ**, પૃથ્વી જિતી **પદ્માવતી**ના પિતા **મગધરાજ**ના પુરમાં આવ્યો. બે રાણીઓની સાથે રાજા આવ્યો, તેથી **મગધરાજ**, રાત્રિમાં ચંદ્રિકાવાળા ચંદ્રને જોઈ કામદેવની પેઠે ઉત્સવ કરવા લાગ્યો અને પ્રથમ છૂપી રહેલી તથા પછી જાહેર રીતે આવેલી **વાસવદત્તા**ને અધિક માની તેના તરફ પ્રેમથી જોયું.

* સમુદ્ર અને સિંધુ દેશનો રાજા.

† હરિ શબ્દના અનેક અર્થ છે; તેમાં **રામચંદ્ર**ના પક્ષમાં વાનર લેવા અને આ **વત્સરાજ**ના પક્ષમાં ઘોડા એમ થાય છે.

‡ ગૃહીતારિકર—ગૃહીત–અરિ–કર આ શ્લિષ્ટ શબ્દ છે. **વત્સરાજ** અને **હરિ**નું વિશેષણ છે. **વત્સરાજ**ના પક્ષમાં ગૃહીત—લીધેલો છે—અરિ—શત્રુનો, કર—વેરો જેણે;—એટલે **વત્સરાજે** શત્રુ પાસેથી પણ કર લીધો. **હરિ** પક્ષમાં ગૃહીત–લીધેલુ છે, અરિ–સુદર્શન ચક્ર, કર–હાથમાં જેણે એવા વિષ્ણુ !

§ શ્રી એટલે **લક્ષ્મીજી** અને સંપત્તિ.

‖ **પુરુષોતમ**—પુરુષોમાં ઉત્તમ શ્રેષ્ઠ, અને હરિ પક્ષમાં **ક્ષર** અને **અક્ષર**થી ઉત્તમ તે **પુરુષોત્તમ**–ગીતા અધ્યાય ૧૩.

¶ અંગ્રેજીમાં Hunas ( Huns ) શબ્દ છે.

** પૂર્વ આસામનો તે ભાગ હશે.



તે પછી નગરનિવાસી લોકો સહિત તે **મગધરાજે** તેનો સત્કાર કર્યો. છેલ્લે સ્નેહથી આવેલાં સર્વ મનુષ્યોના મનથી અનુસરાયલો અને ફોજની ટુકડીઓથી પૃથ્વી તલને દબાવતો દિગ્વિજય કરી વીર વત્સરાજ પોતાના **લાવાણક** દેશમાં પાછો આવ્યો.

**ઇતિ શ્રી મહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં લાવાણક લંબકને વિષે પાંચમો તરંગ સંપૂર્ણ.**

## તરંગ ૬ ઠ્ઠો.

### વત્સરાજની ચાલુ કથા.

તે પછી સેનાની વિશ્રાંતિ સારુ **લાવાણક**માં રહેલા **વત્સરાજે** એકાંતે **યૌગંધરાયણ**ને કહ્યું કે; 'તારી અક્કલથી પૃથ્વીમાં સઘળા રાજાઓનો મેં પરાજય કર્યો છે. ઉપાયથી* વશ થયેલા તે રાજાઓ ફરવાના નથી, પણ દુષ્ટ અંતઃકરણનો એક કાશીનો રાજા **બ્રહ્મદત્ત** ફરી જાય એવું મને જણાય છે. કેમકે કુટિલ મનુષ્યોનો શું ભરોસો ?' આવું વત્સરાજનું બોલવું સાંભળી **યૌગંધરાયણ** બોલ્યો કે, 'હે રાજન્ ! **બ્રહ્મદત્ત** તમારાથી ફરી નહીં જાય; કારણ કે તેને આપણે દબાવી દીધો છે, નમાવી દીધો છે અને તેનું તમે સન્માન પણ કર્યું છે. કોણ એવો પ્રાણી છે, કે ભલું કરનારનું પણ ભુંડું કરે ? કોઈ જ નહીં. જો તેવા માણસનું ભુંડું કરવા ધારે તો પોતાનું જ તેવું થાય છે. આ સંબંધમાં એક કથા કહું છું તે સાંભળો.

### ફલભૂતિની કથા.

પૂર્વે **પદ્મ** દેશમાં **અગ્નિદત્ત** એવે નામે એક વિખ્યાત ઉત્તમ બ્રાહ્મણ વસતો હતો. તે રાજાના આપેલા **અગ્રહાર**થી† પોતાની આજીવિકા ચલાવતો હતો. તેનો એક **સોમદત્ત** નામે મોટો છોકરો અને બીજો **વૈશ્વાનર** નામનો નાનો છોકરો હતો. તેમાં મોટો **સોમદત્ત** રૂપાળો હતો, પણ વિનય વિનાનો હતો. બીજો વિદ્વાન્, વિનયવાળો અને અધ્યયનમાં પ્રીતિવાળો હતો. તે બન્નેને પરણાવ્યા હતા. પછી તેનો બાપ ગુજરી જવાથી તે બન્ને ભાઈઓએ પોતાના ગરાસની અરધોઅરધ ભાગ પાડી લીધા. એ બે ભાઈઓમાંથી નહાનાને રાજાનું સન્માન હતું, પણ મોટો **સોમદત્ત** ચપલ અને ક્ષત્રિયનું કર્મ કરનારો હતો. એક દિવસ તે શૂદ્રની મંડળીમાં બેઠો હતો, તેને જોઈ તેના બાપના એક બ્રાહ્મણ મિત્રે કહ્યું—'હે મૂર્ખા ! **અગ્નિદત્ત**નો પુત્ર થઈ, શૂદ્રના જેવાં આચરણ કરે

* સામ, દાન, ભેદ અને દંડ એ ચાર ઉપાય કહેવાય છે.

† અગ્રહાર શબ્દનો અર્થ આ પ્રમાણે થાય છે. દાનમાં નદીના નજીકનાં જે ખેતર વાડી વગેરે બ્રાહ્મણને આપી હોય કે જેનાપર રાજાનો કર વેરો વગેરે લાગુ પડતો હોય નહીં. દક્ષિણમાં અગ્રહારો ઘણા છે.

છે. તારો નાહાનો ભાઈ રાજમાં પૂજાય છે, તેને જોઈ તું લાજતો નથી ?' એ સાંભળી **સોમદત્ત**ને રીસ ચડી, તેથી એકદમ દોડી તે વૃદ્ધની મોટાઈ નહીં ગણકારતાં તે બ્રાહ્મણને લાત મારી. ત્યારે તે વખતે તે બ્રાહ્મણે બીજા બ્રાહ્મણોને સાક્ષી રાખી લીધા, અને લાતના પ્રહારથી ક્રોધ કરી રાજા પાસે જઈ ફોજદારી ગુનાહ માટે ફરીઆદ કરી. તુરત રાજાએ **સોમદત્ત**ને બાંધી પકડી મંગાવવાનો હૂકમ કર્યો. તે ઉપરથી સિપાઈઓ તેને પકડવા આવ્યા. તત્ક્ષણે **સોમદત્ત** અને તેના મિત્રોએ ઘરથી હથિયારબંધ બહાર આવી સિપાઈઓને માર્યા. આ વાત સાંભળી રાજાને ઘણો ક્રોધ વ્યાપ્યો. અને એક નાની લશ્કરની ટુકડીને હૂકમ કર્યો કે, 'જાઓ તેને એકદમ પકડી કેદ કરી શૂળીએ ચડાવી દ્યો.' ત્યારે લશકરી સિપાઈઓ ત્યાં આવી તેને પકડી બાંધીને ઉંચો કરી શૂળી ઉપર ચઢાવવા જાય છે, તેવામાં અકસ્માત્ કોઈએ તેને નીચે ફેંક્યો હોય તેમ તે પૃથ્વી ઉપર પડ્યો. જેનું કલ્યાણ થનારું હોય તેની ભાગ્ય જ રક્ષા કરે છે. જેથી ફરીથી શૂળીએ ચડાવવાની ઇચ્છા કરનારા જલાદો આંધળા થઈ ગયા. તે ક્ષણે આ વાતની રાજાને ખબર પડી અને તે સમયે તેના નહાના ભાઈએ અરજ પણ ગુજારી, તેથી તેનો વધ કરવાની રાજાએ મનાઈ કરી. આવી રીતે **સોમદત્ત** મરણથી બચ્યો, પણ રાજાથી અપમાન થવાને લીધે બાઈડી છોકરાં સહિત દેશાંતર જવાનો તેણે મનસૂબો કર્યો. ત્યારે તેના સગાંસંબંધી મળ્યાં. તેઓ સાથે પરદેશ જવાની વાત કરતાં તેઓએ કહ્યું કે, 'પરદેશ જવું એ અમને પસંદ નથી'. ત્યારે તે **સોમદત્તે** રાજા તરફથી જે અરધા ગામનો ગરાસ હતો તે જવા દીધો. પણ પોતાની પાસે બીજી કાંઈ આજીવિકા ન હોવાથી ખેતી કરવા ધારી. ખેતીને લાયક જમીન શોધવા એક શુભ દિવસે તે વનમાં ગયો. ત્યાં સારી જમીન મળી, તેથી આમાં ઉપજ ઠીક થશે એવું તેણે ધાર્યું. તે જમીનની વચમાં મોટા વિસ્તારવાળું પીપળાનું એક ઝાડ જોયું. તે સુંદર ઘાટી છાયાવાળું હોવાથી સૂર્યનાં કિરણો આવતાં ન હોતાં ને શીતળ વર્ષાકાળ સરખો તે પીપળો જોઈ ખેડની ઇચ્છાવાળો **સોમદત્ત** સંતોષ પામ્યો. 'જે આ વૃક્ષનો અધિષ્ઠાતા છે, તેનો હું ભક્ત છું,' એમ કહી તે પીપળાની પ્રદક્ષિણા કરી પછી નમસ્કાર કર્યા. તેમાં મંગળ કરી બે બળવાન્ બળદને જોડી, તે વૃક્ષને ભોગ ધરી, ખેડ કરવા માંડી; અને રાત દહાડો એ ઝાડની નીચે જ રહેવા લાગ્યો; અને તેની બાયડી પણ હમેશાં ત્યાં જ ભોજન લાવવા લાગી. કાળે કરી તેના ખેરતમાં ધાન્ય પાક્યું, ત્યારે તે જમીન બીજા રાજવાળાએ લૂટી લીધી. આવી રીતે બીજાનું સૈન્ય આવ્યું અને પોતાનું ધાન્ય નાશ પામી ગયું ત્યારે તેની સ્ત્રી રોવા લાગી, તેને ધીરજ આપી અને લુટતાં જે કાંઈ બાકી રહ્યું હતું તે એકઠું કર્યું; અને પૂર્વપેરે તે ઝાડની નીચે ભોગ ધર્યો. એ તો ધીર પુરુષોનો સ્વભાવ હોય છે કે, આપત્તિ આવે ત્યારે તેઓ અધિક દૃઢ રહે છે.

હવે ચિંતાથી રાત્રીના તેને નિદ્રા આવતી નથી, ને એકલો પીપળા નીચ પડ્યો છે, તેવામાં એ વૃક્ષમાંથી શબ્દ થયો કે, 'હે **સોમદત્ત** ! હું પ્રસન્ન થયો છું. તું **શ્રીકંઠ** દેશમાં **આદિત્યપ્રભા** રાજાની રાજધાનીમાં જા. ત્યાં હમેશ એ રાજાના દ્વારમાં સંધ્યા અને અગ્નિહોત્રના મંત્રો ભણી આવું વચન કહેજે કે, હું ફળભૂતિ નામનો બ્રાહ્મણ છું. હું કહું તે સાંભળો.

'ભલા કરે ભલા હોયગા, ઔર બુરા કરે બુરા પાયગા', આમ બોલવાથી ત્યાં તું મોટી સમૃદ્ધિ



પામીશ. તું હમણાં સંધ્યા અને અગ્નિહોત્રના મંત્રો શીખ, હું યક્ષરાજ છું.' એ પ્રમાણે કહી પોતાના પ્રતાપથી તે ક્ષણે તેને તે મંત્રો ભણાવ્યા. પછી એ વડમાંથી* શબ્દ બંધ થઈ ગયો. પ્રભાતમાં **સોમદત્ત** સ્ત્રીની શાથે ફળભૂતિ એવું યક્ષે આપેલું નામ સ્વીકારી ચાલ્યો. દુર્દશા સરખી વિષમ અટવીને ઓળંગી તે **શ્રીકંઠ** દેશમાં આવી પહોંચ્યો. ત્યાં રાજદ્વારમાં સંધ્યા અને અગ્નિહોત્રના મંત્રોનો પાઠ કરી ફળભૂતિ એવું પોતાનું નામ સંભળાવી, ઉપરનો અર્ધો શ્લોક બોલ્યો. લોકને કૌતુક ઉપજાવે એવું વચન વારંવાર બોલતો જાણી કુતૂહલ થવાથી ફળભૂતિને રાજાએ અંદર બોલાવ્યો. તે પણ તેની પાસે આવી વારંવાર તેનું તે જ બોલવા લાગ્યો. આ ઉપરથી પાસે બેઠેલા સામંત અને મંત્રીમંડળ સહિત રાજા ખુશી થયો અને પછી વસ્ત્ર અને આભરણ દઈ તેને ગરાસનાં ગામ આપ્યાં. મોટા પુરુષોનો સંતોષ કાંઈ ફોકટ જતો નથી.

આ પ્રમાણે યક્ષના અનુગ્રહથી રાજાએ આપેલી સમૃદ્ધિને ફળભૂતિ પામ્યો. તે હમેશાં તેનો તે જ શ્લોક બોલે છે; તેથી રાજા અને મંત્રીમંડળ વગેરેની તેના ઉપર ઘણી પ્રીતિ થઈ. મોટા લોકોનું મન વિનોદ કરવામાં રસિક હોય છે. ક્રમે કરી એ દેશમાં રાજાના મહેલમાં અને જનાનામાં આ રાજપ્રિય છે, એમ ઘણું માન પામ્યો. એક દિવસ **આદિત્યપ્રભા** રાજા જંગલમાં શિકાર કરી એકદમ જનાનામાં આવ્યો. તેવામાં દ્વાર ઉપર બેઠેલા ચોકીવાળાઓના સંભ્રમથી તેને શક પડ્યો ત્યારે તે અંદર ગયો ને જુવે છે તો કુવલયાવલી નામની રાણી દેવની પૂજા કરે છે. તે વખતે તેની સ્થિતિ એવી હતી કે, વસ્ત્ર બિલકુલ હતાં નહીં, પણ તેના માથાપરના કેશ છૂટા હતા; તેણે આંખ મિચી રાખી હતી; જપ કરવાથી તેના હોઠ ફરફર ફરકતા હતા ? કપાળમાં પૂર્ણિમાના ઉગતા ચંદ્ર જેવો ચાંડલો કર્યો હતો; અને તરેહ તરેહના ચિત્ર વિચિત્ર રંગોની વેલનું મંડળ કરી તેમાં પલાઠી મારી બેઠી હતી. વળી લોહી, દારુ તથા મનુષ્યના માંસનું બળિદાન દેતી હતી. ત્યાં એકદમ રાજાના આવવાથી સંભ્રમ પામી, કપડાં પહેરતી સ્ત્રીને જોઈ રાજાએ પૂછ્યું કે, 'આ શું થાય છે ?' ત્યારે અભય માગી રાણીએ જવાબ દીધો કે 'આપના જ ઉદયના લાભ માટે પૂજન કરું છું. આ મંત્રતંત્રની વાત મારી પાસે કેમ આવેલી છે, તેનો ક્રમ અને સિદ્ધિ સાંભળો.'

## કુવલયાવલીએ કહેલી વાર્તા.

પૂર્વે હું પિતાને ઘેર કન્યા હતી. ત્યાં ચૈત્ર માસના ઉત્સવમાં મારી સાહેલીઓએ મળી મને કહ્યું કે, 'આ બગીચામાં ઝાડોના મંડળના મધ્યમાં પ્રત્યક્ષ પ્રભાવવાળા, વરદાન દેનારા, દેવના દેવ ગણપતિ વિરાજે છે, તેની પાસે જઈ ભક્તિથી તેની પૂજા કર; જે જે મનોરથ હશે તે તે પૂરા કરશે; અને તેની પૂજા કરવાથી તું નિર્વિઘ્ને યોગ્ય કામના સરખો નાયક પામીશ.' તે સાંભળી

* પહેલાં પીપળાનું ઝાડ એમ કહેવામાં આવ્યું છે. અને અહીં વડ એમ કહે છે તેથી વિરોધ દેખાય છે. પણ અહીં સંસ્કૃત ગ્રંથમાં જ તેમ છે માટે તે પ્રમાણે રાખવું પડ્યું છે. અમારા સમજવામાં આવે છે કે, વડ અને પીપળાનું ઝાડ ભેળું હશે, જેથી મૂળ બૃહત્કથાને અનુસાર સોમદેવે લખ્યું જણાય છે.

મુગ્ધ ભાવથી મેં મારી સખીઓને પૂછ્યું કે, 'કન્યાને ગણપતિની પૂજા કરવાથી કેમ પતિ મળે છે ?' ત્યારે તેઓએ મને જવાબ આપ્યો કે, 'તું એટલુંજ કેમ કહે છે ? તેનું પૂજન કર્યા સિવાય ક્યાંઈ કોઈ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ગણપતિનો પ્રભાવ અમે વર્ણવીએ, તે તું સાંભળ. એવું કહી મારી સાહેલીએ નીચે પ્રમાણે કથા કહી.

## ગણપતિની કથા.

પૂર્વે **તારકાસુર**થી ઇંદ્રને ઘણી હરકત થતી હતી. કામદેવ બળી ગયો હતો, એવા વખતમાં **શંકર**થી **કાર્ત્તિકેય**ના જન્મ માટે ઇંદ્ર ઇચ્છા કરવા લાગ્યો. ઉર્ધ્વરેતવાળા, અતિ ઉગ્ર, દીર્ઘ તપ કરતા **મહાદેવ** પતિને પામી, **પાર્વતી**એ પ્રાર્થના કરી અને પુત્રની પ્રાપ્તિની અને કામદેવના જીવિતની ઇચ્છા કરી; પણ પોતાની ધારણા ફતેહમંદ કરે તેવું ગણપતિનું પૂજન તેને યાદ ન આવ્યું. હવે વાંછિતની ઇચ્છા કરવાવાળી **પાર્વતી**ને **શિવે** કહ્યું, 'હે પ્રિયે! પ્રથમ બ્રહ્માના મનથી **કામદેવ** ઉત્પન્ન થયો છે. તે જ્યારે પેદા થયો ત્યારે તરત મદથી બોલ્યો, 'હું કોની સાથે દર્પયામિ અર્થાત્ ગર્વ કરું ?' આવું બોલવું સાંભળી બ્રહ્માએ કંદર્પ એવું તેનું નામ પાડ્યું; અને કહ્યું કે, 'હે પુત્ર! તું બહુ ગર્વ કરે છે તો એક **મહાદેવ**થી બચજે. જો એને હરકત કરવા જઈશ તો તેથી તું મૃત્યુ પામીશ.' એવી રીતે **બ્રહ્મા**એ ભલામણ આપવા છતાં મને ક્ષોભ પમાડવા તે શઠ આવ્યો; ત્યારે મેં તેને બાળી નાંખ્યો. હવે તે દેહસહિત કદી નહિ જન્મે; અને તને તો હું શક્તિથી પુત્ર આપીશ. લોકની પેઠે કામદેવના ઉત્સાહથી મને પ્રજા થવાની રીત નથી.' આવી રીતે **શંકર પાર્વતી** પાસે વાત કરે છે; તેટલામાં ઇંદ્રને સાથે લઈ **બ્રહ્મા** ત્યાં આવ્યા; અને સ્તુતિ કરી **તારકાસુર**ની શાંતિ સારુ વિનતિ કરી, ત્યારે **પાર્વતી**ને વિષે ઔરસ પુત્ર ઉત્પન્ન કરવાની વાતનો **શંકરે** સ્વીકાર કર્યો; અને સૃષ્ટિનો વિચ્છેદ અટકાવવા સારુ પ્રાણીઓના મનમાં કામની ઉત્પત્તિ થવાનું કહ્યું; તેમ જ પોતાના ચિત્તમાં પણ કામદેવને અવકાશ આપ્યો. આથી **બ્રહ્મા** પ્રસન્ન થયા અને **પાર્વતી** પણ રાજી થયાં. તે પછી કેટલેએક દિવસે એકાંતમાં **પાર્વતી** સાથે **શંકર** રંગભોગ ભોગવતા હતા. તેને સો વર્ષ થઈ ગયાં, પણ રંગભોગનો અંત ન આવ્યો, ત્યારે તેના ઉપમર્દથી ત્રણે જગત્ કંપવા લાગ્યાં. આ રીતે જગતના નાશના ભયથી, **શંકર**ના રંગભોગમાં વિઘ્ન નાંખવા **બ્રહ્મા**ના કહેવા ઉપરથી દેવતાઓએ અગ્નિને યાદ કર્યો. પણ **અગ્નિ**એ જાણ્યું કે હું કાંઈ **મહાદેવ** પાસે પરાક્રમ નહીં કરી શકું, એવું ધારી નાસી ગયો, અને જળની અંદર પેઠો. ત્યારે **અગ્નિ**ના તેજથી બળતાં દેડકાંએ **અગ્નિ**ની શોધ કરતા દેવતાઓ પાસે જઇ જળની અંદર **અગ્નિ** સંતાઈ બેઠો છે, એવી ખબર આપી. આવું દેડકાંનું વચન સાંભળી **અગ્નિ**ને ક્રોધ ચડ્યો, તેથી તેઓને શાપ આપ્યો કે, 'તમારી વાણી અસ્પષ્ટ થાઓ;' એમ કહી ત્યાંથી અદૃશ્ય થઈ, **અગ્નિ મંદર** પર્વત ઉપર જતો રહ્યો. ત્યાં **શંખૂક**ને* રૂપે ઝાડના કોત-

* નાનો શંખ.



રમાં તે રહ્યો. ત્યાં રહ્યાની ખબર હાથી*અને પોપટે દેવોને કહી, ત્યારે **અગ્નિ** જાહેર થયો. આથી ક્રોધ પામેલા **અગ્નિ**એ હાથી તથા પોપટને જીભ ઉંધી થવાનો શાપ આપી દેવતાઓની સ્તુતિ ઉપરથી તે કામ કરવાની તેણે કબૂલાત આપી. પછી **શંકર** પાસે જઈ તેને ગરમી ઉત્પન્ન કરી રંગભોગનો અંત આણ્યો;અને શાપ દેવાના ભયથી પ્રણામ કરી દેવતાના કામનું નિવેદન કર્યું. તુરત જુસ્સાવાળા **મહાદેવે** તે **અગ્નિ**માં સ્ખલિત વીર્ય નાંખ્યું. આ વીર્ય ધારણ કરવા **અગ્નિ** સમર્થ ન થયો, અને **પાર્વતી** પણ ધારણ કરી શક્યાં નહીં. પછી **પાર્વતી**એ કહ્યું કે, 'મને તમારાથી પુત્રની પ્રાપ્તિ ન થઈ.' ત્યારે ખેદ અને કોપથી આકુળ થયેલી **પાર્વતી**ને શંકરે કહ્યું કે, 'વિઘ્નેશ્વરનું પૂજન ન કરવાથી તને વિઘ્ન થયું, માટે હવે તેનું પૂજન કર કે, જેથી આપણો પુત્ર **અગ્નિ**માં થાય.' એવું **શંકર**નું કહેવું સાંભળી **પાર્વતી**એ **વિઘ્નરાજ**નું પૂજન કર્યું. ત્યારે તે **શંકર**ના વીર્યથી **અગ્નિ** પણ સગર્ભ થયો. **શંભુ**નું વીર્ય ધારણ કરવાથી, દિવસમાં પણ સૂર્ય અંદર દાખલ થયો હોય એવો તે **અગ્નિ** અત્યંત શોભવા લાગ્યો. અગ્નિથી વીર્ય રખાયું નહિ ત્યારે તેણે તે વીર્ય **ગંગા**માં નાંખી દીધું. **ગંગા**થી પણ તે સહન ન થયું, ત્યારે **શંકર**ની આજ્ઞાથી **મેરુ** પર્વત ઉપર **અગ્નિ**ના કુંડમાં **ગંગા**એ તે વીર્ય મૂક્યું. તેની રક્ષા કરવા માટે **શંભુ**એ પોતાના ગણો રાખ્યા. ત્યાર પછી હજાર વર્ષે તેમાંથી એક છ મુખવાળું બાળક નિકળ્યું. ત્યાં **પાર્વતી**એ મોકલેલી છ કૃત્તિકાના સ્તનનું છ મુખથી પાન કરી તે બાળક થોડા દિવસમાં મોટો થઈ ગયો.

એવા વખતમાં **તારકાસુર** સાથે લડાઈમાં ઇંદ્ર હારી ગયો, તેથી તે લડાઇ છોડી **મેરુ** પર્વતના શિખરમાં આવી ભરાઈ બેઠો હતો. તે ત્યાંથી દેવતા તથા ઋષિઓની સાથે ષટ્મુખ કાર્તિકેયને શરણે ગયો. દેવતાઓની માગણીપરથી **કાર્ત્તિકેય** તેનું રક્ષણ કરવા લાગ્યા, ને દેવની આસપાસ રહ્યા. આ રીતે **કાર્ત્તિકેય** રહ્યાથી દેવતાઓની રક્ષા કરતા **કાર્ત્તિકેય** પણ દેવોથી પરિવારિત થયા; અને તેઓએ ધાર્યું કે, આપણું સ્વર્ગનું રાજ્ય ગયું, ને આ **કાર્તિકસ્વામી** માલિક થઈ બેસશે, એવું જાણી ઇંદ્રના મનમાં ક્ષોભ થયો; અને મત્સરથી **કાર્ત્તિકેય** સાથે લડવા લાગ્યો. **કાર્ત્તિકેય**ને વજ્ર માર્યું ત્યારે તેના અંગમાંથી અતુલ તેજસ્વી **શાખ** અને **વિશાખ** એવે નામે બે પુત્રો ઉત્પન્ન થયા અને પુત્ર સહિત ઇંદ્રની સાથે લડાઇ ચલાવી ઇંદ્રને દબાવ્યો. તે જોઈ પુત્રની પાસે **શંકર** આવ્યા અને લડાઇ શાંત કરી, અને પુત્રને કહ્યું કે 'તું **તારક**ને મારવા અને ઇંદ્રના રાજ્યનું રક્ષણ કરવા પેદા થયો છે તો એ કામ કર,' એવી રીતે ઉપદેશ કર્યો. તે પછી **વૃત્ર**ના† વેરી ઇંન્દ્રે **શંકર**ને પ્રણામ કર્યા અને કુમારને દેવસેનાના અધિપતિ કરવા વિચાર જણાવ્યો; અને તેને અભિષેક કરવા સમારંભ કર્યો. ઇંદ્રે હાથમાં સોનાનો કળશ લઈ જ્યારે **કાર્ત્તિકેય**ને અભિષેક કરવા હાથ ઊંચો કર્યો ત્યારે એ હાથ એમનો એમ ઉંચો થંભી રહ્યો. આથી શોકમાં પડેલા ઇંદ્રને **શિવે** કહ્યું કે, 'સેનાપતિની તેં ઇચ્છા કરી, પણ **ગણપતિ**ની તેં પૂજા ન કરી; તેથી આ વિઘ્ન આવી પડ્યું, માટે હવે તેનું પૂજન કર.' તે સાંભળી **ગણેશ**ની પૂજા કરી ત્યારે તેનો હાથ છૂટો થયો ને સારી રીતે **કાર્ત્તિકેય**ને

* આ કથા કેટલાક ફેરફારથી મહાભારતમાં છે.

† વૃત્ર નામના દૈત્યને ઇંદ્રે માર્યો છે, એ કથા ભાગવત સ્કંધ ૬ ઠ્ઠામાં છે.

અભિષેક કર્યો. તે પછી કાર્તિકેયે તરત તારકાસુરને માર્યો. તે કાર્ય સિદ્ધ થવાથી દેવતાઓ અને પાર્વતી પણ રાજી થયાં. હે રાજપુત્રી! ગણપતિ પૂજ્યા સિવાય દેવતાઓનાં કાર્ય પણ સિદ્ધ થતાં નથી, માટે તું તેની પૂજા કર.'

આવું મારી સખીઓએ કહ્યું છે. તે ઉપરથી એ બગીચામાં રહેલા ગણપતિની મેં પૂજા કરી. પૂજા થઈ રહ્યા પછી અકસ્માત્ આકાશમાં ઉડી પોતાની સિદ્ધિથી વિહાર કરતી મારી સખીઓને મેં જોઈ. કૌતુકથી તે જોઈ આકાશમાંથી તેને બોલાવી ત્યારે તેઓ નીચે ઉતરી. તેઓને મેં સિદ્ધિનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, " મનુષ્યનું માંસ ખાવાથી ડાકણ મંત્રની સિદ્ધિ થાય છે. આ વિષયમાં કાળરાત્રિ એવે નામે બ્રાહ્મણી અમારી ગુરુ છે. " આવાં સખીનાં વચન સાંભળી આકાશમાં ફરવાની સિદ્ધિની મને લાલચ લાગી, પણ મનુષ્યનું માંસ ખાવાથી ડરી, જરા સંશયમાં પડી ગઈ. તથાપિ તે સિદ્ધિમાં મારું મન લુબ્ધ થયું હતું, તેથી સખીઓને મેં કહ્યું કે, 'મને પણ એ સિદ્ધિ પ્રાપ્ત થાય તેવાં સાધન બતાવો.' એવી મારી માગણી ઉપરથી તે જ ક્ષણે તેઓ ત્યાંથી ગઈ અને ક્ષણમાં ભયાનક આકૃતિવાળી કાળરાત્રિને તેડી લાવી. તેની આકૃતિ ઘણી વિચિત્ર–અદ્‌ભુત હતી. તેનાં જાડાં ભમર, કાકચ સરખી આંખ, નીચું અને ચપટું નાક, મોટા ગંડસ્થળ, ભયંકર ઓઠ, મોટા દાંત, લાંબી ગરદન, લાંબાં સ્તન, મોટું પેટ, ચીરાએલી પગમાં પાદુકા, જાણે વિધાતાએ કદરૂપની સાક્ષાત્ મૂર્તિ ઘડવામાં પોતાની કુશળતા દેખાડી હોય એવી કાળરાત્રિ ત્યાં આવી. તેને જોઈ મેં પ્રણામ કર્યાં. ત્યાર પછી સ્નાન કરી ગણપતિનું પૂજન કરી, નગ્ન થઈ હું મંડળમાં બેઠી, ત્યારે તેણે ભૈરવની પૂજા મારી પાસે કરાવી. અભિષેક કરી તેના યોગ્ય મંત્રો મને આપ્યા, અને ખાવા સારુ દેવને બળિદાન કરેલું મનુષ્યનું માંસ આપ્યું. મંત્રો લઈ, માંસ ખાઈ સખીઓની સાથે નગ્નરૂપે હું આકાશમાં ચડી. ત્યાં ક્રીડા કરી કાળરાત્રિની આજ્ઞાથી નીચે ઉતરી, હું રાજકન્યાના અંતઃપુરમાં ગઈ. હે પ્રાણનાથ ! એ પ્રમાણે બાળકપણામાં પણ હું મોટી ડાકણ હતી. તેથી બચપણમાં પણ અમે સઘળી સાહેલીઓએ મળી ઘણા પુરુષો ખાધા છે. હે મહારાજ ! આ કથાની વચમાં બીજી પણ એક કથા સાંભળો.

## કાળરાત્રિની કથા.

તે કાળરાત્રિનો વિષ્ણુસ્વામી નામે એક બ્રાહ્મણ પતિ હતો. તે એ દેશમાં ઉપાધ્યાય હતો. તે વેદવિદ્યા સારી રીતે જાણતો હતો, તેથી પરદેશી તથા દેશી વિદ્યાર્થીઓને ભણાવતો હતો. તેના શિષ્યોમાં એક સુંદરક નામે યુવાન્ શિષ્ય હતો. તે જેમ રૂપાળો હતો, તેમ તેનું શીળ પણ સારુ હતું. તેની પાસે એક દિવસ વિષ્ણુસ્વામીની સ્ત્રી કાળરાત્રિએ, પતિ બહાર ગયા પછી એકાંતમાં આવી ભોગની ઇચ્છા દર્શાવી. કામદેવ ઘણું કરી કદરૂપા અને નઠારા હાંસીખોર માણસોને રંગમાં રમાડે છે, એટલે તેવાં માણસો કામની જાળમાં સપડાય છે તેથી જ કાળરાત્રિએ પોતાના સ્વરૂપની યોગ્યતા વિચારી નહીં અને સુંદરકની ઇચ્છા કરી, પણ સુંદરકે તો ચોખી ના પાડી.



સ્ત્રીઓ ગમે તેમ ચેષ્ટા કરે, પણ સત્પુરુષોનું મન ડગતું નથી. પછી સુંદરક ત્યાંથી નિકળી ગયો, ત્યારે કાળરાત્રિને રીસ ચડી તેથી દાંત અને નખથી પોતાના અંગમાં ક્ષત કર્યાં, અને કેશ તથા કપડાં જથરપથર કરી રોતી રોતી જ્યાં સુધી ઉપાધ્યાય વિષ્ણુસ્વામી ઘેર આવ્યો નહિ, ત્યાં સુધી પડી રહી. તે ઘરમાં પેઠો કે કાળરાત્રિએ ખબર કહી કે, 'સ્વામિનાથ, શું જુઓ છો ? સુંદરકે મારી ઉપર મોટો જુલમ ગુજાર્યો છે. તેણે મારાપર આ પ્રમાણે બલાત્કાર કીધો છે.* તે સાંભળી તે ઉપાધ્યાય તત્ક્ષણે ઉગ્ર ક્રોધે કરી બળવા લાગ્યો; કેમકે સ્ત્રીઓનો વિશ્વાસ, વિદ્વાનોના વિચારનો પણ નાશ કરેછે. સાંજે સુંદરક ઘેર આવ્યો ત્યારે વિષ્ણુસ્વામી દોડી શિષ્યોને સાથે લઈ, મુક્કી, લાત અને લાકડીથી તેને મારવા લાગ્યો. તે પ્રહારથી સુંદરક મૂર્ચ્છિત થઈ ગયો. ત્યારે તેણે શિષ્યોને કહી અનાદરથી બાહેર શેરીમાં ફેંકાવી દીધો. પછી ધીમે ધીમે રાત્રિનો ઠંડો પવન આવવાથી સુંદરકને શુદ્ધિ આવી, ત્યારે પોતે પોતાને રસ્તામાં પડેલો જોયો. આવી પોતાની સ્થિતિ જોઈ વિચાર કરવા લાગ્યો કે, 'અહો વંટોળીઓ વાયુ જેમ તળાવના જલને ક્ષોભ ઉપજાવે છે, તેમ રજોગુણી મનુષ્યોને સ્ત્રીની પ્રેરણા ક્ષોભ ઉપજાવનારી છે. આ મારા ઉપાધ્યાય વૃદ્ધ છે, વિદ્વાન્ છે, છતાં વિચાર્યા વિના અતિ ક્રોધથી મારી ઉપર આવી રીતે વિરુદ્ધાચરણ કર્યું છે. પણ આ સત્ય છે, કે કામાંધપણું ને ક્રોધાંધપણું સૌ ભૂલાવી દે છે, બ્રાહ્મણોને કામ અને ક્રોધ એ બન્ને મોક્ષ માર્ગના દ્વારની ભોગળ સરખાં છે. આવી રીતે આગળ પણ મુનિઓ પોતાની સ્ત્રીઓ વિષે શંકા કરી દેવદારુના વનમાં શંકર ઉપર ક્રોધાંધ થયા હતા; અને ક્ષપણકની આકૃતિ ધારણ કરવાવાળા શંકરને ન ઓળખવાથી શાપ દીધો. પછી ત્રણે જગતને ક્ષોભ ઉપજાવી શકે એવા શંકરે પાર્વતીને ઋષિની અશાંતિ દેખાડી. પછી જ્યારે પાછળથી જાણ્યું કે આ તો સાક્ષાત સદાશિવ છે, ત્યારે તેઓ તેની શરણે ગયા. તો આ પ્રમાણે કામ ક્રોધાદિક છ શત્રુના વર્ગથી ઠગાઇને મુનિજન પણ મોહ પામે છે, ત્યારે આ વૈદિક બ્રાહ્મણની તો શી બીસાત છે ? એવી રીતે વિચાર કરી રાત્રિમાં ચોરના ભયથી પાસેની ગાયોના વાડાની હવેલીમાં તે ગયો. તે હવેલીના એક ખુણામાં ગુપ્ત રીતે ક્ષણ માત્ર તે ઉભો રહ્યો, તેટલામાં તે હવેલીમાં કાળરાત્રિ ગઈ, અને લાંબી છરી ખેંચી, ફૂ ફૂ કરતી, ડાકણના સમૂહની સાથે નેત્ર અને મુખમાંથી અગ્નિ ઓકતી આવતી કાળરાત્રિને તેણે જોઈ. તેના તેવા વેશથી ડરી જઇ સુંદરકે રાક્ષસોને હણવાના મંત્રો સંભાર્યા; ત્યારે તેના મંત્રથી મોહ પામેલી કાળરાત્રિએ એકાંતમાં ચુપચુપ અને ભયથી અંગ સમેટી ઉભેલા સુંદરકને દીઠો નહીં. પછી તે ઉડવાનો મંત્ર ભણી સાહેલી સાથે ગાયોનો વાડો અને તેની અંદરની હવેલી સહિત આકાશમાં ઉડી ગઈ. તે સમયે કાળરાત્રિએ ઉચ્ચારણ કરેલો ઉડવાનો મંત્ર સુંદરકના સાંભળવામાં આવ્યો જેથીતે સ્મરણ કરી લીધો. તે કાળરાત્રિ તે હવેલી સહિત ઉજ્જયિનીમાં ગઈ. ત્યાં મંત્ર ભણી એ હવેલીને શાકપાલાના વાડામાં ઉતારી પોતે સ્મશાનમાં ગઈ અને ડાકણોના મંડળમાં રમવા લાગી. એ ક્ષણે સુંદરકને ભુખ લાગી, તેથી તે શાકના વાડામાં ઉતર્યો. અને તેમાંથી મૂળ ઉખેડી ખાધાં. એવી રીતે ભૂખનો ઉપાય કરી પાછો ગાયોના વાડામાં

* આ વાક્ય સંસ્કૃત ગ્રંથમાં નથી.

પ્રથમની પેઠે આવી બેઠો, તેટલામાં રાત્રિના મધ્યમાં શ્મશાનથી કાળરાત્રિ પાછી આવી અને ગોવાટને* પ્રથમની પેઠે મંત્ર સિદ્ધિના યોગથી ઉપાડી શિષ્યાઓ સહિત પોતાને ઘેર આવી. એ ગાયના વાડારૂપ વાહનને તેની અસલની જગોપર રાખી પોતાની સખીઓને વિદાય કરી પોતાના સુવાના ઘરમાં આવી. પેલા સુંદરકે વિઘ્નથી વિસ્મય પામી તે રાત કહાડી. સવારમાં એ વાડાને છોડી મિત્રો પાસે જઈ પોતાની બધી હકીકત તેઓને કહી, અને વિદેશ જવાની તૈયારી કરી. પણ તે મિત્રોના આશ્વાસનથી તુરત તો ત્યાં જ રહ્યો અને ઉપાધ્યાયનું ઘર છોડી અન્નક્ષેત્રમાં જમવા લાગ્યો. સુંદરક મિત્રો સાથે સ્વચ્છન્દ વિહાર કરતો હતો. એક દિવસ તે કાળરાત્રિ ઘરનો પરચુરણ સામાન લેવા બજારમાં નિકળી. ત્યાં એક વાણીઆની દુકાનમાં તે સુંદરકને જોયો ત્યારે વળી પાછી તેની પાસે આવી અને કામાતુર થઈ કહ્યું કે, 'હે સુંદરક ! તારે સ્વાધીન મારું જીવિત છે, તો તું મારી સાથે કામક્રીડા કર.' એવું કહેવા ઉપરથી સદ્‍ભાવવાળા સુંદરકે કહ્યું કે, 'એમ ન બોલ, તું તો મારા ગુરુની સ્ત્રી છે, માટે મારી મા સરખી છે.' ત્યારે કાળરાત્રિ બોલી કે, 'તું જો ધર્મને જાણતો હો તો મને પ્રાણ આપ, કારણ કે પ્રાણદાન કરતાં બીજો અધિક ધર્મ નથી.' ત્યારે સુન્દરકે કહ્યું કે, 'હે મા ! એવું હૃદયમાં નહીં લાવ, ગુરુસ્ત્રીનું ગમન એ કયા ધર્મમાં કહ્યું છે?' એવી રીતે સુન્દરકે ના કહી, તેથી ક્રોધ કરી તેનો તિરસ્કાર કરતી કાળરાત્રિ પાછી પોતાને હાથે પોતાની સાડી ફાડી ઘેર ગઈ. ત્યાં તે ફાટેલી સાડી પતિને દેખાડી કહ્યું કે, 'જુઓ, જુઓ, પેલા ચંડાળ સુન્દરકે દોડીને આ મારી સાડી ફાટી નાંખી છે.' ત્યારે તેનો પતિ ક્રોધ કરી અન્નક્ષેત્રમાં ગયો અને કહ્યું કે, 'આ સુન્દરક મહા ખૂની છે' માટે આજથી એને ખાવાનું ન આપવું. ત્યારે ખેદથી સુંદરક, તે દેશત્યાગ કરવા તૈયાર થયો. હવે ગાયોના વાડામાં પોતે ઉડવાનો મંત્ર તો શીખ્યો છે, પણ પાછું ઉતરવાનો મંત્ર તેને યાદ નથી રહ્યો, તેથી તે મંત્ર શિખવા સારુ રાત્રિમાં પાછો ગાયોના વાડાની ઉજ્જડ હવેલીમાં ગયો. ત્યાં તે આગળની માફક બેસી રહ્યો, તેવામાં કાળરાત્રિ ત્યાં આવી ને તે હવેલીમાં બેસી તેવી જ રીતે ઉડીને આકાશ માર્ગે ઉજ્જયિનીમાં ગઈ. ત્યાં મંત્ર ભણી એ ગાયોના વાડાને શાકના વાડામાં ઉતાર્યો; અને રાત્રિનો વિલાસ કરવાને સ્મશાનમાં ગઈ.

સુંદરકે તે મંત્ર બીજી વખત સાંભળ્યો પણ યાદ ન રહ્યો. ગુરુના ઉપદેશ વિના સિદ્ધિઓ સંપૂર્ણ ક્યાંથી થાય ? તે પછી ત્યાં મૂળા ખાઈ બીજા સાથે લઈ જવા સારુ તોડી લીધા, અને આગળ પ્રમાણે જ તે વાડામાં બેઠો. વિહાર વિલાસ કરી ત્યાં કાળરાત્રિ આવી અને એ વાડામાં બેસી રાત્રિમાં આકાશ રસ્તે થઈને વાડાને તેની પૂર્વ જગોપર રાખી પોતે ઘરમાં પેસી ગઈ. તે સુંદરક પણ સવારમાં એ વાડાથી બહાર નિકળી ભોજનના પૈસા મેળવવા સારુ તે મૂળા વેચવા બજારમાં ચાલ્યો. ત્યાં હવે કર્મ ધર્મના સંજોગથી એમ બન્યું કે, સુંદરકને મૂળા વેચતો જોઈ માળવાના રાજાનાં માણસોએ એ મૂળા પારખ્યા કે એ તો આપણા દેશના છે, એવું ધારી તે મૂળા તેની પાસેથી બલાત્કારે લેવા માંડ્યા, ત્યારે સુંદરક મિત્રસહિત કજીઓ કરવા લાગ્યો.

* ગોવાટ એટલે ગાયોનો વાડો અથવા તેને ગોંદરો પણ કહેવામાં આવે છે.



ત્યારે તેને બાંધી માળવાનાં માણસો રાજા પાસે લઈ ગયાં અને કહ્યું કે, 'આ માણસ અમારી ઉપર પથરાના ઘા કરે છે અને અમે કહ્યું કે, આ મૂળો માળવામાંથી લાવી તું કાન્યકુબ્જમાં કેમ વેચે છે? એવું પૂછતાં છતાં પણ બોલતો નથી, અને ઉલટો અમારી ઉપર પથરાનો માર મારે છે.' એવી રીતે તે લુચ્ચા માણસોએ રાજા પાસે જઈ ફરીયાદ કરી. 'આ અદ્‍ભુત વાત કેમ બની?' એવું રાજાએ પૂછ્યું. ત્યારે તેના મિત્રોએ જવાબ આપ્યો કે, 'હે રાજન્! અમારી સાથે જો આને મહેલમાં બેસારો તો આ સઘળું કૌતુક કહે, નહીંતર નહીં કહે.' રાજાએ તે વાત કબૂલ કરી, તેને મહેલમાં બેસાર્યો. ત્યારે સુંદરક, મંત્રવડે મિત્રસહિત આકાશમાં ઉડ્યો, અને ક્રમે કરી પ્રયાગમાં આવ્યો. ત્યાં થાકી ગયો, એવામાં એક રાજા નહાતો હતો, તેને જોઈ ત્યાં મહેલ થંભાવી, સુંદરક આકાશમાંથી ગંગામાં પડ્યો. ત્યારે સર્વ માણસો એને વિસ્મયથી જોવા લાગ્યાં. હવે તે સુંદરક રાજા પાસે ગયો, ત્યારે રાજાએ તેને પૂછ્યું કે, 'તું આકાશમાંથી ઉતરેલો કોણ છે ? એવું નમ્રતા ભરેલું રાજાનું વચન સાંભળી સુંદરક બોલ્યો કે, 'હું સુરજક એવે નામે મહાદેવનો ગણ છું, હું મનુષ્યનો ભોગ લેવા સારુ શંકરની આજ્ઞાથી તારી પાસે આવેલો છું.' તે સાંભળી એ વાત સાચી માની રાજાએ, તેને ધન, ધાન્ય, રત્ન, સ્ત્રી વગેરે સમૃદ્ધિવાળું એક શહેર આપ્યું. તે શહેરમાં પેસી, મિત્રો સહિત આકાશમાં ઉડી, ઇચ્છામાં આવે તેમ તે ફરવા લાગ્યો. 'તે સોનાના પલંગ ઉપર સૂવાલાગ્યો તેના પર ચામર થવા લાગ્યા સ્ત્રીઓ આવી તેની સેવા કરવા લાગી રીતે તે ઇંદ્રના જેટલું સુખ પામ્યો. એક આકાશમાં ફરનારા એક સિદ્ધની સાથે તે સુંદરકને દોસ્તી થઈ, તેથી તે સિદ્ધે આકાશમાંથી ઉતરવાનો મંત્ર તેને શિખવ્યો. ઉતરવાનો મંત્ર હાથ લાગ્યો, એટલે ત્યાંથી સુંદરક આકાશમાર્ગે પોતાના કાન્યકુબ્જ દેશમાં આવ્યો. પૂર્ણ સંપત્તિવાળું તે શહેર આકાશમાંથી ઉતર્યું, તે વાત સાંભળી કૌતુકથી રાજા પણ ત્યાં આવ્યો. તેને ઓળખી રાજાએ પૂછ્યું કે 'તું ક્યાં અને કેવી રીતે હતો?' આવો પ્રશ્ન સાંભળી વખત વિચારી કાળ-રાત્રિનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે પછી કાળરાત્રિને બોલાવી રાજાએ પૂછ્યું, ત્યારે તેણે નિડર થઈ પોતાનો સર્વ અવિનય કહી સંભળાવ્યો. તેથી રાજાને ક્રોધ આવ્યો અને તેના કાન કાપવાની તૈયારી કરી; ત્યારે પકડ્યા છતાં સર્વના દેખતાં તે અદૃશ્ય થઈ ગઈ. પછી રાજાએ તે કાળરાત્રિને હદપારનો હુકમ આપ્યો; અને રાજાએ સત્કાર કરેલો સુંદરક પાછો આકાશમાં ચડી ગયો.

આવી રીતે આદિત્યપ્રભા રાજાને વાર્તા કહી; તથા કુવલયાવળી રાણી વળી બોલી કે, 'હે રાજન્! એવા પ્રકારની ડાકણોના મંત્રની સિદ્ધિ થાય છે. આ બધી વાત મારા પિતાના દેશમાં થઈ છે. ત્યાં સર્વ લોક જાણે છે. હું કાળરાત્રિની શિષ્યા છું; એવું મેં પ્રથમ કહ્યું છે. હું પતિવ્રતા છું, તેથી તે કરતાં પણ મારી પાસે અધિક સિદ્ધિ છે. આજ તમારા ભલા સારુ હું પૂજન કરતી હતી અને બળિદાન સારુ મંત્રે કરી પુરુષ ખેંચી લેવા તૈયાર થઈ હતી, તેવામાં તમે મને જોઈ; તો અમારી રીતિમાં તમે પણ આવો અને સિદ્ધિ તથા યોગવડે જિતેલા રાજાઓનાં મસ્તક ઉપર પગ મૂકો. તે સાંભળી રાજાએ ના પાડી કે 'ડાકણની રીતમાં મનુષ્યના માંસનું

ભક્ષણ હોય છે, અને રાજાની રીત તો એથી ઉલટી છે.' આ સાંભળી રાણીએ કહ્યું કે 'જો તમે અમારી રીતમાં નહી આવો તો મારે મરવું પડશે.' આવો આગ્રહ જોઈ રાજાએ તે વાત માન્ય કરી.

વિષયોથી ખેંચાયલા પુરુષો સન્માર્ગમાં કેમ રહી શકે ? તે પછી પ્રથમથી પૂજી રાખેલા મંડળમાં બેસારી રાજાને રાણીએ કહ્યું કે, 'જે આ ફૂળભૂતિ નામનો બ્રાહ્મણ તમારી પાસે રહે છે, તેને બળિદાન દેવા સારુ મેં કલ્પના કરી છે; અને તેનું આકર્ષણ કરવું એમાં ઘણો જ શ્રમ છે. માટે કોઈ રસોઈ કરનારાને આપણી રીતિમાં દાખલ કરો, જેથી કરી તે તેને મારે ને રાંધે પણ ખરો. તેના માંસનું બળિદાન ખાવામાં તમારે કાંઈ દયા લાવવી નહીં. પૂજન પૂરું થશે એટલે સિદ્ધિ પણ પૂરી થશે, કારણ કે તે ઉત્તમ છે'. રાણીએ એવું કહ્યું ત્યારે પાપથી રાજા ડર્યો. પણ સ્ત્રીનું વચન કબૂલ રાખ્યું. અહો ! સ્ત્રીના તાબેદારને ધિક્કાર છે ! ! તે પછી સાહસિક નામના રસોઈયાને બોલાવી ભરોસો દઈ તેમ કરવાની આજ્ઞા આપી. પછી રાજા રાણીએ તેને કહ્યું કે, 'આજ રાણી સહિત રાજા જમશે, માટે રસોઈની ઉતાવળ કર,' એમ જે તારી પાસે આવીને બોલે તેને મારી નાંખજે; અને તેના માંસથી સવારમાં એકાંતમાં અમારા બે માટે સ્વાદિષ્ઠ રસોઈ બનાવજે.' એવી રીતે આજ્ઞા કરેલો રસોઇયો ઘેર ગયો. સવારમાં ફૂળભૂતિ આવ્યો, તેને રાજાએ કહ્યું કે, 'જા રસોડામાં સાહસિક રસોઈયાને કહે કે, આજ રાજા અને રાણી જમશે, માટે રસોઈની ઉતાવળ કર.' ત્યારે તે ફૂળભૂતિ ત્યાંથી બહાર નિકળ્યો કે, તુરત રાજાનો પુત્ર ચંદ્રપ્રભા તેને મળ્યો અને કહ્યું કે, 'અલ્યા, આ સોનું લઈ જા અને તેનાં આજે જ રાજાજીના જેવાં કુંડળ કરાવી આવ.' ત્યારે ફૂળભૂતિએ કહ્યું કે, 'મારે તો રાજાના હુકમથી રસોઈયા પાસે સ્વાદિષ્ઠ ભોજન તૈયાર કરાવવા કહેવા જવું છે.' રાજપુત્રે કહ્યું કે, 'આ કુંડળ ઘડાવવાનું કામ જરૂરનું છે, માટે તું સોનીને ત્યાં જા, અને હું તારીવતી રસોડે જઈ કહી આવું છું.' આવા આગ્રહથી તે ફૂળભૂતિ તો કુંડળ ઘડાવવા ગયો, અને આ રાજપુત્ર એકલો રાજાનો હુકમ કહેવા રસોડામાં ગયો. ત્યાં જઈ રાજાનો હુકમ કહી સંભળાવ્યો, એટલે પૂર્વના સંકેત પ્રમાણે એ સાહસિક રસોઈયાએ છરી લઈ તરત તેને કાપી નાંખ્યો, અને તેના માંસની રસોઈ તૈયાર કરી રાજા અને રાણી પાસે લઈ ગયો. પછી પૂજન કર્યા પછી એ પુત્રનું માંસ રાજા તથા રાણીએ ખાધું, પણ પોતાના પુત્રના મરણની પછી રાજા તથા રાણી એ બન્નેને ખબર પડી નહીં. રાજાએ પ્રથમ જ મનુષ્યનું માંસ ખાધું, તેથી તે રાજા તથા રાણી એ બન્નેને ખબર પડી નહીં. રાજાએ પ્રથમ જ મનુષ્યનું માંસ ખાધું, તેથી તે આખી રાત્રિ પસ્તાવામાં ગઈ. સવારમાં હાથમાં કુંડળ લઈ ફૂળભૂતિ આવ્યો, તેને જોતાં જ ગભરાટમાં પડી જઈ તે જ ક્ષણે રાજાએ પૂછ્યું કે, 'તું ક્યાં હતો?' ફૂળભૂતિએ કહ્યું કે, 'તમે મને કામ બતાવ્યું હતું તે હું કરવા જાઉં છું, તેટલામાં કુંડળ ઘડાવવા જા, એમ આપના કુંવરની આજ્ઞાથી હું કુંડળ ઘડાવી લાવ્યો છું.' આ વાત સાંભળી રાજા જમીન ઉપર પડી ગયો; અને હે પુત્ર ! હા પુત્ર ! એવી રીતે પોતાના આત્મા અને સ્ત્રીને નિંદતો વિલાપ કરવા લાગ્યો. ત્યારે કાર્યભારીઓના પૂછવા ઉપરથી બધી વાત તેઓને કહી સંભળાવી, અને કહ્યું કે, 'દરરોજ ફૂળભૂતિ આપણી પાસે કહેતો જ હતો કે, 'ભલું કરનારનું ભલું થાય છે અને બૂરું કરનારનું બૂરું થાય છે' ભીંતમાં અફળાયેલા દડા પ્રમાણે બીજાની ઉપર કરવા ધારેલું ઘાતકીપણું પોતાની ઉપર આવી પડે છે. મેં મહા પાપી થઈ બ્રહ્મ-



હત્યા કરવાની ઇચ્છા કરી તો મેં મારા પુત્રનો ઘાત કરી તેના માંસનું ભક્ષણ કીધું.' એવું કહી નીચું મ્હોં કરી બેઠેલા કાર્યભારીઓને સમજાવી તે જ ફૂળભૂતિને પોતાના રાજ્યમાં અભિષેક કરી રાજાએ પાપશુદ્ધિને માટે ઘણાં દાન કર્યાં અને અંતે પશ્ચાત્તાપરૂપ અગ્નિથી બળ્યા છતાં સ્ત્રીસહિત અગ્નિમાં બળી મુવો; અને ફૂળભૂતિ તેનું રાજ્ય પામી પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એવી રીતે સારું કે નરસું જે કાંઈ કરીએ તે પોતાને જ ભોગવવું પડે છે.

આવી રીતે વત્સરાજ પાસે આ કથા કહી, યૌગંધરાયણ ફરીથી તે રાજાને કહેવા લાગ્યો કે, 'હે રાજેન્દ્ર ! તમે તેને જિતી લીધો છે, તો પણ તે બ્રહ્મદત્તનું શુભ કરતા આવો છો, છતાં જો તે તમારી સામો થશે તો તમે તેને મારશો, પણ તે કાંઈ કરી શકશે નહીં.' એવી રીતે મુખ્ય મંત્રીનાં વચન સાંભળી તેનાં વાક્યને વખાણી ત્યાંથી ઉઠી વત્સરાજે નિત્ય નિયમનું કૃત્ય કર્યું. બીજે દિવસે દિગ્વિજય સંપૂર્ણ થયા બાદ વત્સરાજ, કૈશાંબીમાં જવા સારુ લાવાણકથી નીકળ્યો. ક્રમે કરી રાજા લશ્કર સહિત, ઉત્સવથી નાચતી હોય એવી ઉંચી પતાકારૂપ હાથવાળી નગરીમાં આવ્યો, અને તે રાજા પગલે પગલે શહેરની સ્ત્રીઓનાં નેત્રકમળના વનને વિષે વાયુના આરંભનો વિભ્રમ કરાવતો પેઠો. નગરની શોભા કંઈ નૌતમ જ થઈ રહી છે; ચારણો ગાય છે, બંદિજન સ્તુતિ કરે છે અને રાજાઓ નમે છે. એવી રીતે વત્સરાજ રાજમહેલમાં આવ્યો. તે પછી સર્વ દેશના નમ્રરાજાઓ ઉપર કર નાંખી પ્રથમ ભંડારમાંથી પ્રાપ્ત થયેલા અને કુલપરંપરાથી આવેલા સિંહાસન ઉપર બેઠો. તેના મુખ્ય મંત્રીઓથી પ્રસન્ન કરાયલા લોકપાળોએ શાબાસી આપી હોય એવા તે વખતનાં મંગળને માટે વગાડેલાં વાજાંના શબ્દના પડઘાથી આકાશ ગાજી રહ્યું.

હવે દિગ્વજયમાંથી મેળવેલું વિવિધ પ્રકારનું ધન બ્રાહ્મણોને આપી રાજમંડળ અને પોતાના કાર્યભારીઓને વત્સરાજે કૃતાર્થ કર્યા; ત્યારે ગંભીર શબ્દ કરતા મૃદંગોથી નાદવાળી થયલી તે નગરીમાં રાજા સદ્‌ગુણી અને સુપાત્ર ઉપર ધન વરસાવવા લાગ્યો, તેથી મનુષ્યોએ જાણ્યું કે, આ સાલ ધાન્યની નિપજ સારી થશે,–એવું ધારી સર્વ માણસ પોતાને ઘેર ઉત્સવ કરવા લાગ્યાં. આવી રીતે વત્સરાજ પૃથ્વીને જિત્યા પછી યૌગંધરાયણને અને રુમણ્વાનને સઘળો રાજ્યકારભાર સોંપી દઈ, પોતે વાસવદત્તા અને પદ્માવતી સાથે યથેચ્છ રંગવિલાસ ભોગવવા લાગ્યો.

ઉત્તમ ચારણોથી ગવાતો અને કીર્ત્તિ અને લક્ષ્મી સરખી બે રાણીના મધ્યમાં રહેલો વત્સરાજ પોતાના નિર્મળ યશની પેઠે શ્વેત ચંદ્રોદયને સેવવા લાગ્યો અને નિરંતર શત્રુના પ્રતાપ સરખું મદ્ય પીવા લાગ્યો.

**ઇતિશ્રી મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત કથાસરિત્સાગરમાં લાવાણક લંબકને વિષે છઠ્ઠો તરંગ સંપૂર્ણ.**

**લાવાણક લંબક સંપૂર્ણ.**

श्री

## મહાકાવ શ્રીસોમદેવ ભટ્ટ-વિરચિત

# કથાસરિત્સાગર.

## (ભાષાંતર.)

## चतुर्थलम्बक-नरवाहनदत्तजन्म.

## તરંગ ૧ લો.

### ઉદયન રાજાની કથા.

કર્ણ તાલના બળપૂર્વક આઘાતથી કુલાચળમાં* માર્ગ કરનારા **વિઘ્નેશ્વર**, સિદ્ધિઓને માર્ગ બતાવતા હોય તેમ જય પામે છે ! !

તે પછી **કૌશાંબીમાં** રહેલો **વત્સરાજ** એક છત્રવાળી પૃથ્વી ભોગવવા લાગ્યો. **રુમણ્વાન્** **યૌગંધરાયણને** રાજ્ય કારભાર સોંપી **વસંતકની** સાથે વિહાર સુખના રસમાં મગ્ન થયો અને **વાસવદત્તા** તથા **પદ્માવતીની** સાથે વીણા વગાડતો **વત્સરાજ** રાગ રંગમાં ગુલતાન થયો. **વાસવદત્તાનું** સુંદર ગાયન અને રાજાની વીણાનો શબ્દ જ્યારે પરસ્પર મળી જતાં ત્યારે વીણા વગાડનારા અંગોઠાના હાલવાથી તેના ગાયન અને વીણાના શબ્દની ખબર પડતી. ચંદ્રિકાથી ધોળા મહેલમાં ધારાથી પડેલું શત્રુના મદ સરખું મદ્ય તે જાણે પોતાની કીર્તિ હોયની શું, તેમ તેનું પાન કરવા લાગ્યો. એકાંતમાં વેશ્યાઓ, કામદેવના રાજ્યનો અભિષેક કરવાના જળ સરખા

* સાત પર્વત કુળ નામથી ઓળખાય છે.



તે સ્વચ્છ મદ્યને સોનાના કળશમાં ભરી લાવી, ત્યારે પોતાના ચિત્તની પેઠે લાલ, સરસ, સ્વચ્છ અને જેની અંદર તેનું મુખ દેખાય છે એવું તે મદ્ય રાજાએ બન્ને રાણીના મધ્યમાં મૂક્યું; ત્યાં ઈર્ષ્યા અને રોષનો અભાવ છતાં વાંકી ભ્રુકૂટીવાળું અને સ્નેહી રાજાનું મુખ જોઈ તે રાણીઓ તૃપ્ત થતી નથી. વત્સરાજનું મદ્ય પાન કરવાનું સ્થળ, મદ્ય ભરેલા અનેક સ્ફટિકના પ્યાલાથી સવારના તડકાની લાલાશથી રંગાયલી ધોળા કમળવાળી કમલિની જાણે હોય, તેના સરખું શોભતું હતું.

### વત્સરાજની મૃગયાની કથા.

એક વખતે જેમાં પારધિ ફરે છે એવા પોતા સરીખા એક મૃગોના વનમાં પલાશ જેવા શ્યામ કંચુકને ધારણ કરી ધનુષ લઇ તે વત્સરાજ ફરતો હતો. સૂર્ય જેમ ધાટાં કિરણોથી અંધારાના ઢગલાનો નાશ કરે છે, તેમ કાદવથી કાળા થયેલા શૂકરોનાં ટોળાંને તેણે બાણવતી માર્યાં. રાજા પુંઠે પડવાથી, પ્રથમ પરાભવ કરેલી દિશાઓના કટાક્ષો સરખા, ત્રાસ પામી વિખરાયલાં કાળીઆર મૃગો શોભતાં હતાં. પાડાઓના લોહીથી લાલ થયલી પૃથ્વી, પાડાનાં શિંગડાંના પ્રહારથી છૂટી થયલી વનકમલિની સેવા કરવા આવી હોય, તેવી જોવામાં આવતી હતી. ભાલાઓથી સિંહનાં ફાટેલાં મોં વિંધાઈ જવા છતાં ગર્જનાથી જ્યારે તેઓનું જીવન જતું રહેતું ત્યારે રાજા સંતોષ માનતો હતો. વનમાં તે રાજાની પાસે મૃગયાનું સાધન માત્ર હથિયાર જ હતાં, તથાપિ ખાડા* કુતરાઓનું કામ કરતા હતા અને ઝાડનાં ઝુંડાં† જાળનું કામ કરતાં હતાં. એવી રીતે રાજા મૃગયાના સુખનો ઉપભોગ કરતો હતો. એક દિવસ રાજા કચેરીમાં બેઠો હતો ત્યાં, પોતાના દેહની કાંતિથી મંડળ બાંધનાર અને સ્વર્ગના મંડળરૂપ, તેજસ્વીની જાત ઉપર પ્રીતિ હોવાથી ઉતરી આવેલા સૂર્ય સરખા **નારદ** મુનિ પધાર્યા. રાજાએ ઘણી નમ્રતાથી તેની આગતાસ્વાગતા કરી. આથી પ્રસન્ન થઈ થોડીવાર થોભી **નારદ** બોલ્યા કે, 'હે **વત્સરાજ** ! હું કહું તે સાંભળઃ-

### નારદજીએ વત્સરાજને દીધેલો ઉપદેશ.

**પાંડુ** એવે નામે તારો વડીલ પૂર્વજ રાજા હતો. તેને કુંતી અને બીજી **માદ્રી** એવા નામની બે રાણીઓ હતી. સમુદ્રની મેખલાવાળી આ પૃથ્વી જિતી એક દિવસ મૃગયાનો વ્યસની **પાંડુ** રાજા વનમાં ગયો. ત્યાં તેણે મૃગનું રૂપ ધારણ કરી, પોતાની સ્ત્રી હરિણી સાથે કામક્રીડા કરનાર કિંદમ ઋષિ ઉપર બાણ માર્યું. તે મુનિએ મૃગનું રૂપ મૂકી દઈ ઋષિના રૂપમાં આવી પ્રાણ છૂટતી વખતે પસ્તાવામાં પડેલા **પાંડુને** શાપ દીધો કે, 'હું મારી ગમતમાં હતો ત્યાં વિચાર વગર તેં મને માર્યો તો તારી સ્ત્રીના સંભોગના વખ-

* જેમ કુતરાઓ દોડી મૃગ વગેરેને પકડી આપે છે તેમ ખાડાઓ પણ પોતામાં પડવાથી પકડી આપે છે.

† જેમ જાળમાં હરિણો સપડાઈ જાય છે તેમ જ ઝાડીમાં પણ સપડાઈ જાય છે.

તમાં તારું પણ મારી પેઠે મરણ થશે.’ એવી રીતના શાપના ભયથી ભોગની ઇચ્છા છોડી દઈ પાંડુ રાજા બે સ્ત્રીઓ સાથે શાંત તપોવનમાં વાસ કરી રહ્યો. ત્યાં રહેતાં છતાં શાપની પ્રેરણાથી એક દિવસ માદ્રી નામની પ્રિયા સાથે સંગમ કરવા લાગ્યો, તેથી તે તરત મરણ પામ્યો. માટે મૃગયામાં હે પાંડુકુલોત્પન્ન ! રાજાઓનો વધારે શોખ થવો, એ રાજાને દુઃખનું કારણ છે. આ મૃગયાએ જ મૃગોની પેઠે અનેક રાજાઓનો નાશ કર્યો છે. ઘોર નાદવાળી, માંસની મુખ્યતાવાળી, લૂખી, ધૂમ્ર, ઉંચા કેશવાળી, ભાલા સરખા દાંતવાળી, રાક્ષસી સરખી મૃગયા કેમ કલ્યાણ કરે વારુ ? માટે નિષ્ફળ શ્રમ આપનાર મૃગયાનો છંદ છોડી દે. મૃગયામાં વનનાં પશુ, વાહન અને શિકારી એ ત્રણેના પ્રાણનો સંશય સમાન છે. તારા પૂર્વજ ઉપર મને પ્રીતિ હોવાથી તું પણ મને પ્રિય છે. તને કામદેવના અંશરૂપ પુત્ર કેમ થશે, તે સાંભળઃ–

પૂર્વે કામદેવના શરીરની ઉત્પત્તિ થવા માટે રતિએ શંકરની સ્તુતિ કરી હતી. ત્યારે પ્રસન્ન થઈ શિવે, એકાંતમાં સંક્ષેપથી આવું વચન કહ્યું હતુંઃ–‘પાર્વતી પુત્રની ઇચ્છાથી પૃથ્વીમાં અવતરી મારું આરાધન કરી કામદેવને ઉત્પન્ન કરશે.’ માટે એ જ કારણથી, હે રાજન્ ! તે પાર્વતી ચંડમહાસેન રાજાની પુત્રી તરીકે વાસવદત્તાને નામે તારી રાણી થઈ છે. તે આ શંભુનું આરાધન કરી કામદેવના અંશરૂપ પુત્રને જણશે, જે સર્વ વિદ્યાધરોનો ચક્રવર્તી થશે.

એવું કહી વત્સરાજે આપેલી પૃથ્વી* પાછી તેને આપી, નારદ મુનિ અદૃશ્ય થઈ ગયા.

## દરિદ્ર બ્રાહ્મણીની કથા.

પછી તે વત્સરાજે, પુત્રની ઇચ્છાવાળી તે વાસવદત્તાની સાથે પુત્રના વિચારથી જ તે આખો દહાડો કહાડ્યો. બીજે દિવસે રાજા કચેરીમાં બેઠો હતો, ત્યાં નિત્યોદિત નામનો પ્રતીહારી આવ્યો અને તેણે વિનતિ કરી કે, ‘હે મહારાજ ! બે છોકરાં લઈ કોઈ ગરીબ બ્રાહ્મણી આપનાં દર્શનની ઇચ્છાથી બાહેર ઉભી છે.’ એ સાંભળી રાજાએ તેને અંદર આવવાની રજા આપી. ત્યારે દુર્બળ, ફીકી અને ભૂખરી, ખંડિત થયેલા માન સરખાં ( ફાટી ગયેલાં ) વસ્ત્રથી અરધી ઉઘાડી તે બ્રાહ્મણી, દુઃખ અને દૈન્ય સરખા બે બાળકને લઇને કચેરીમાં આવી અને યોગ્ય રીતે પ્રણામ કરી રાજાને કહેવા લાગી કે, ‘હું કુલીન બ્રાહ્મણી છું, તે આવા દરિદ્રપણામાં આવી પડેલી છું. દૈવયોગથી આ જોડલાં બે બાળકો મને અવતર્યાં છે. તો હે રાજા ! ભોજન વિના આને માટે મને ધાવણ પણ આવતું નથી. તેથી શરણે આવેલાની રક્ષા કરનારા આપને શરણે આવી છું. હવે જેવો આપનો હૂકમ.’ તે સાંભળી રાજાના મનમાં દયા આવી. તેથી પ્રતીહારીને હુકમ કર્યો કે, ‘આને વાસવદત્તા રાણી પાસે લઈ જાઓ.’ તે

* આ વાક્યનો અર્થ એવો છે કે જે જગો બેસવા આપી હતી, ત્યાંથી ઉઠી ગયા.



પછી આગળ ચાલનાર પોતાનો શુભ કર્મ સરખો પ્રતીહારી, રાણી પાસે તેને લઈ ગયો. રાજા પાસેથી આવેલી તે બ્રાહ્મણીને જોઈ વાસવદત્તાએ તેનું સન્માન કર્યું. ગરીબ અને બે છોકરાંવાળી તે બ્રાહ્મણીને જોઈ વાસવદત્તા વિચાર કરવા લાગી કે, ‘અહો ! વિધાતાની આ કોઈ ઉલટી ગતિ છે. પાત્રમાં મત્સર અને અપાત્રમાં ભક્તિ, કારણ કે આજ દિવસ સુધીમાં મને એક પણ પુત્ર નહીં, અને આ બ્રાહ્મણીને બે પુત્ર છે. !’ એમ વિચાર કરતાં કરતાં વાસવદત્તા રાણીને અંઘોળ કરવાનો વખત થયો ત્યારે પોતાની દાસીઓને હુકમ કર્યો કે, ‘આ બ્રાહ્મણીને પણ સ્નાન કરાવો.’ પછી તે દાસીઓએ તે બ્રાહ્મણીને સ્નાન કરાવી સારાં કપડાં પહેરાવી સ્વાદિષ્ટ ભોજન કરાવ્યાં. આથી તે બ્રાહ્મણી પાણીથી સીંચેલી તપી ગયલી જમીનની પેઠે આનંદ પામી. તેનું આશ્વાસન કરી યુક્તિથી વાતો કરી તેની પરીક્ષા કરવા સારુ થોડીવાર વાસવદત્તાએ કહ્યું કે, ‘હે બ્રાહ્મણિ ! તું અમને કોઇ વાત કહે.’ તે સાંભળી તે વાત કરવા લાગીઃ–

## દેવદત્ત નામના રાજપુત્રની કથા.

પૂર્વે જયદત્ત નામનો કોઈ સાધારણ રાજા હતો. તેને દેવદત્ત નામનો એક કુંવર હતો. તે કુંવર જ્યારે તરુણાવસ્થાને પામ્યો, ત્યારે બુદ્ધિમાન્ તેનો પિતા પુત્રનો વિવાહ કરવા માટે આવો વિચાર કરવા લાગ્યો કે, ‘રાજલક્ષ્મી વેશ્યા જેવી અતિ ચંચળ છે. તે બળવાનથી જ ભોગવાય એવી છે, પણ વાણિયાઓની લક્ષ્મી કુલીનકાંતા માફક બીજી જગોએ જતી નથી. તો આ પુત્રનો વિવાહ વાણિયાને ઘેર કર્યો હોય તો સારું, જેથી ઘણા પુત્રવાળા રાજ્યમાં આને આપત્તિ આવી પડે નહીં.’ એવો નિશ્ચય થતાં જ પુત્ર સારુ પાટલિપુત્રના રહીશ વસુદત્ત વાણિયાની કન્યાનું માગું કર્યું. રાજાનો ઉત્તમ સંબંધ થાય, એવી ઇચ્છાથી તે વસુદત્તે દૂર દેશાંતરમાં પણ તે રાજપુત્રને કન્યા આપી, અને પોતાના જમાઇને એટલાં બધાં રત્નો આપ્યાં કે, જેથી તેનું પોતાના પિતાના વૈભવ વિષેનું અભિમાન ઉતરી ગયું. પછી શ્રીમંત શેઠીઆની પુત્રી સહિત પુત્રની સાથે જયદત્ત રાજા સુખેથી રાજ્ય કરવા લાગ્યો. એક દિવસ પોતાની પુત્રીના મુખદર્શનની ઉત્કંઠાથી તે વસુદત્ત વાણિયો પોતાના વેવાઇને ઘેર દીકરીને તેડવા આવ્યો અને ત્યાં કેટલાએક દિવસ રહી દીકરીને પોતાને ઘેર તેડી ગયો. તે પછી તે રાજા અકસ્માત્ મરણ પામ્યો ત્યારે તેના ભાયાતોએ હુમલો કરી એકદમ તેનું રાજ્ય લઈ લીધું. તેની બીકથી તેની મા, પોતાના પુત્ર દેવદત્તને છૂપી રીતે બીજા દેશમાં લઈ ગઈ. ત્યાં તેની મા દુઃખિત અંતઃકરણથી પુત્રને કહેવા લાગી કે, ‘પૂર્વ દિશામાં આવેલા ચક્રવર્તી રાજા આપણો સ્વામી છે, તેની પાસે જા, એ તારું ગયલું રાજ્ય પાછું મેળવી આપશે.’ માયાળુ માતાનાં એવાં વચન સાંભળી રાજપુત્રે તેને કહ્યું કે, ‘ત્યાં હું ઠાઠ વિના જઈશ તો મને કોણ માન આપશે ?’ તે સાંભળી તેની મા ફરીથી બોલી કે, ‘તું તારા સસરાને ઘેર જઈ તેની પાસેથી ધન લઇ નોકર ચાકર મેળવી પછી ચક્રવર્તી પાસે જજે,’ એ રીતની માની પ્રેરણા ઉપરથી લજ્જાવાન્ રાજપુત્ર ક્રમે કરી સાંજે સસરાના ઘર આગળ આવી પહોંચ્યો. પણ પિતા વિનાનો અને લક્ષ્મી રહિત હોવાથી આંસુ પડવાની શંકાથી લજવાઈ રાત્રિમાં સસરાને

ઘેર જઈ શક્યો નહીં. તેથી પાસેના અન્નસત્રમાં રહ્યો. ત્યાં સસરાના ઘરમાંથી રાતને વખતે દોરડી પકડી ઉતરતી એક સ્ત્રી અકસ્માત્ તેના જોવામાં આવી. થોડીવારમાં રત્નની કાંતિની માફક આકાશમાંથી પડતી વિજળી સરખી દીપતી પોતાની સ્ત્રીને ઓળખી તે ખેદ પામવા લાગ્યો. તે ભૂખાળવો અને દુબળો થઈ ગયલો હોવાથી તેની સ્ત્રી તેને ઓળખી શકી નહીં. તેથી તેણે પૂછ્યું કે તું કોણ છે ? ત્યારે તેના પતિ દેવદત્તે જવાબ વાળ્યો કે, 'હું મુસાફર છું.' તે પછી તે વાણિયાની છોકરી સત્રશાળાની અંદર પેઠી. તેની પાછળ રાજપુત્ર પણ ગુપ્ત રીતે તેને જોવા પેઠો. તે સ્ત્રી એક પુરુષ પાસે ગઈ. ત્યારે તે પુરુષે કહ્યું કે 'આજે તું મોડી કેમ આવી ?' એમ કહી ઘણી લાતો મારી. પછી જેને બમણો કામ વ્યાપ્યો છે, એવી પાપિણી વાણિયાણીએ તેની પાસે માફી માંગી, રાજી કરી કામક્રીડાની મોજ ઉડાવવા તેની સાથે રહી. તે જોઈ બુદ્ધિમાન્ રાજપુત્રે વિચાર કર્યો કે, ક્રોધ કરવાનો આ કાળ નથી, મારે તો બીજું કામ કરવાનું છે. શત્રુને મારવા યોગ્ય આ મારું શસ્ત્ર, કૃપણ એવાં આ સ્ત્રી અને આ નરપશુ ઉપર કેમ ચાલે ? અથવા આ સ્ત્રીનો શું અપરાધ છે ? કારણ કે એ કુભાર્યા અને બીજા કુલની છે; માટે આમ વનેખા થાય, એમાં કાંઈ નવાઈ નથી. પણ મારું દુર્દૈવજ ધૈર્ય છોડાવવા માટે મને આવાં દુઃખ આપે છે;* કાગડી કાગડાને છોડી કોયલ સાથે કેમ ક્રીડા કરે છે ? આમ વિચારી તેણે એ જાર પુરુષ તથા સ્ત્રીની ઉપેક્ષા કરી જતી મૂકી. મોટા મોટાઓને જિતવાની ઇચ્છા કરનારા સત્પુરુષોના ચિત્તમાં તણખલા સરખી સ્ત્રી શા હિસાબમાં હોય ? હવે તે વખતે રતિક્રીડાના વેગના આવેશને લીધે તે વાણિયાની પુત્રીના કાનમાંથી એક સાચા મોતીનું લવિંગીયું નીકળી ગયું. ઉતાવળમાં તેણે તે ન દીઠું, પણ તરત તે જારની રજા લઈ, જેમ આવી હતી તેમ જ ઘેર ગઈ. તેનો યાર પણ તરત ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી એ રત્નનું આભૂષણ રાજપુત્રે લઈ લીધું. રત્નની કાંતિથી ચળકાટ મારતું, મોહરૂપ અંધકારને હણનારું તે રત્નનું આભરણ વિધાતાએ ગયલી લક્ષ્મી શોધવા જાણે હાથમાં દીપક આપ્યો હોયની શું, તેવું લાગ્યું. મોટીકિંમતનું તે લવિંગીયું જોઈ તે ક્ષણે રાજપુત્ર કાર્ય સિદ્ધ થવાથી ત્યાંથી નિકળી કાન્યકુબ્જમાં ગયો. ત્યાં એક લાખ સોનામોહોરમાટે એ લવિંગીયું ગીરવી મૂકી, હાથી અને ઘોડા ખરીદી તે રાજપુત્ર દેવદત્ત, ચક્રવર્તી રાજા પાસે ગયો, અને પોતાની હકીકત જાહેર કરી. ત્યારે ચક્રવર્તી રાજાએ તેને કેટલુંએક લશ્કર આપ્યું. તે લઈ પોતાના દેશમાં આવી યુદ્ધમાં શત્રુઓને મારી ફરી પિતાનું રાજ્ય મેળવ્યું. તેથી તેની માતા બહુ પ્રસન્ન થઈ તેનાં વખાણ કરવા લાગી. તે પછી પેલું કાનનું લવિંગીયું ગીરવીદારને ત્યાંથી છોડવી પોતાની સ્ત્રીનું બધું રહસ્ય ખુલ્લું પાડવા સસરા પાસે મોકલી દીધું. આ રીતે આવેલું પુત્રીનું લવિંગીયું જોઈ તેનો સસરો પણ સભ્રાંત થઈ ગયો અને પોતાની પુત્રીને દેખાડ્યું. તે પુત્રી પણ ચરિત્રની પેઠે પ્રથમ પડી ગયેલું તે લવિંગીયું જોઈ, અને આ પતિએ મોકલાવેલું છે એવું જાણી યાદ આવ્યું કે, સદાવ્રતની ધર્મશાળા અંદર તે રાત્રિએ આ લવિંગીયું મારા કાનમાંથી પડી ગયેલું હશે—કે જે દિવસ ત્યાં મેં કોઈ મુસાફરને જોયો હતો. નિશ્ચે એ મારો ધણી, મારા શીળની

* અંગ્રેજીમાં આથી કંઇ ઉલટપુલટ વાક્યોનો સંબંધ છે.



પરીક્ષા કરવા આવ્યો હશે. મેં તો તેને ઓળખ્યો નહીં, પણ તેના હાથમાં આ આવ્યું. એવી રીતે અનીતિના પશ્ચાત્તાપથી વિચાર કરતી તે વાણિયાની પુત્રીનું હૃદય ભયથી ફાટી ગયું. ત્યાર પછી તેના રહસ્યને જાણનારી દાસીને તેના પિતાએ યુક્તિથી પૂછ્યું, એટલે દાસીએ સર્વ હકીકત કહી. એ રીતે પુત્રીના બધા તત્ત્વની ખબર પડવાથી તે વાણીઆએ પુત્રીનો શોક તજી દીધો. જ્યારે રાજપુત્રને રાજ્ય મળ્યું ત્યારે ગુણથી મેળવેલી બીજી લક્ષ્મી સરખી તે ચક્રવર્તી રાજાની પુત્રીને પરણ્યો.

તો એવી રીતે સાહસ કામ કરવામાં સ્ત્રીઓનું હૃદય વજ્ર સરખું કઠોર હોય છે, અને તે જ ભયનો વેગ આવવાથી પુષ્પની પેઠે કોમળ થઈ જાય છે. સારા વંશમાં થયલી સુવૃત્ત અને સ્વચ્છ હૃદયની મુક્તા સરખી તો કોઇ જ સ્ત્રી હોય છે, કે જે પૃથ્વીમાં ભૂષણ રૂપ થઇ પડે છે. હરિણીની માફક ફૂદકા મારનારી રાજલક્ષ્મીને ધૈર્યના પાશથી બાંધવાને વિદ્વાન્ જાણે છે; તો આપત્તિમાં પણ સંપત્તિની ઇચ્છા રાખનારાઓએ ધીરજ છોડવી નહીં. આ વૃત્તાંત મારા દાખલા પ્રમાણે સમજી લેવું. કારણ કે હે રાણીજી ! કષ્ટકાળમાં પણ મેં મારું શિયળ જાળવ્યું, તે આપનાં દર્શનરૂપ કલ્યાણની પ્રાપ્તિથી આ વખતે ફલિત થયું છે.

આવી રીતે તે બ્રાહ્મણીના મુખથી કથા સાંભળી, આદરવાળી **વાસવદત્તા**એ વિચાર્યું કે, જરૂર આ કુલીન સ્ત્રી છે, એમ પોતાનું શીળ બતાવવાની રીતિ અને વચનની પ્રૌઢતા આપોઆપ કહી આપે છે. એ કારણથી જ રાજસભામાં દાખલ થવાની તેની હુશીઆરી છે, એવું વિચારી **વાસવદત્તા**એ એ બ્રાહ્મણીને ફરીથી પૂછ્યું કે 'તું કોની સ્ત્રી છે ? તારુ વૃત્તાંત શું છે ?' તે મને કહે. એવું સાંભળી તે બ્રાહ્મણી બોલીઃ—

## પિંગલિકાની વાર્તા.

હે રાણીજી ! **માળવામાં** **અગ્નિદત્ત** નામનો એક બ્રાહ્મણ હતો, જે **લક્ષ્મી** અને **સર**સ્વતીનું સ્થાન હતો. તેને પોતાના સરખા બે પુત્ર હતા. તેમાં એકનું નામ **શંકરદત્ત** ને બીજાનું નામ **શાંતિકર** હતું. એમાંથી **શાંતિકર** વિદ્યા ભણવાના ઇરાદાથી બાલપણમાં પોતાના બાપના ઘરથી એકાએક નિકળી ગયો. બીજો તેનો મોટો ભાઈ *યજ્ઞને માટે સંપત્તિ મેળવીને **યજ્ઞદત્ત**ની પુત્રીને એટલે મને પરણ્યો. કાળે કરી મારા પતિનો **અગ્નિદત્ત** નામા વૃદ્ધપિતા સ્વર્ગવાસી થયો, અને તેની પછવાડે તેની સ્ત્રી સતી થઈ. ત્યાર પછી મારો પ[illegible] મને સગર્ભા છોડીને તીર્થયાત્રા કરવા ચાલી નિકળ્યો. **સરસ્વતી**ને કાંઠે શોકથી વ્યાકુળ થ[illegible] તે મરણ પામ્યો. તેની સાથે જનારા માણસોએ આવી તે ખબર મને આપી; ત્યારે [illegible] સતી થવા તૈયાર થઇ, પણ હું ગર્ભિણી હતી તેથી સંબંધીઓએ મને તેમ કરતી અટકાવી. પછી મારો શોક તાજો હતો, તેવામાં અકસ્માત્ આવી ચોરોએ અમારું રહેવાનું ગામ લૂટી લીધું. તે વખતે થોડાં વસ્ત્રો લઈ શીયળભંગ થવાના ભયથી ત્રણ બ્રાહ્મણીઓની સાથે

* પત્ની વગર યજ્ઞ થાય નહીં, માટે તેણે સ્ત્રી કરી.

હું નાશી ગઈ. તે દેશ લૂટાયો ત્યારે બીજા દૂર દેશમાં એક માસ કષ્ટથી મેં ગુજાર્યો. તેટલામાં અનાથનું રક્ષણ કરનાર **વત્સરાજ**નું નામ સાંભળી, શીળરૂપ ભાતું બાંધી, તે બ્રાહ્મણીઓની સાથે અહીં આવી. ત્યાં મારે જોડલામાં બે પુત્ર થયા. મારી સંગે ત્રણ સાહેલીઓ હતી, તે છતાં શોક, વિદેશ, દારિદ્ર્ય અને બમણો પ્રસવ એવી રીતે દૈવે આપદાનું દ્વાર ઉઘાડયું, ત્યારે આ બાળકને ઉછેરવા મને કોઇ રસ્તો સૂઝ્યો નહીં, તેથી મેં સ્ત્રીને શોભાવનારી લાજ છોડી દઈ, **વત્સરાજ** પાસે સભામાં આવી લાચારીથી યાચના કરી. વિપત્તિમાં આવેલી સ્ત્રીનાં દુઃખી છોકરાંની પીડા કોણ જોઈ શકે ? પછી રાજાની આજ્ઞાથી હું આપનાં ચરણ પાસે આવી છું અને તેથી હવે જાણે દ્વારથી હડસેલી કહાડી હોય તેમ મારી વિપત્તિ નિવૃત્ત થઈ છે. આવું મારું વૃત્તાંત છે. મારું નામ **પિંગલિકા** છે, કારણ કે બાળપણાથી અગ્નિની ક્રિયાના ધુમાડાથી મારી આંખો પિંગલી થઇ ગઇ છે; અને હે રાણીજી ! **શાંતિકર** નામનો મારો દિયર વિદેશ ગયો છે, તે હાલમાં કિયા દેશમાં છે, તે હજુ સુધી હું જાણતી નથી.

એવી તેની હકીકત સાંભળી 'આ કુલીન સ્ત્રી છે' એમ રાણી બોલી; "અહીં **શાંતિકર** નામે એક પરદેશી બ્રાહ્મણ અમારો ગોર છે, તેથી હું અટકળ કરું છું કે, એ તારો દિયર હશે." એવી રીતે ઉત્કંઠિત બ્રાહ્મણીને તે વૃત્તાંત કહી તે રાત્રિ સૌએ ત્યાં જ કહાડી. પછી સવારમાં રાણીએ **શાંતિકર**ને બોલાવ્યો અને તેનો વંશ પૂછી જોયો. તેણે વંશ કહી સંભળાવ્યો, તેથી તે રાણીને નિશ્ચય થયો એટલે તેને કહ્યું કે, 'આ તમારા ભાઈની વહુ છે.' રાણીએ તેને દેખાડી એટલે ઓળખાણ પડયા પછી બંધુનો ક્ષય સાંભળી **શાંતિકર** પોતાની ભાભીને સ્વગૃહે લઇ ગયો. ત્યાં માબાપ અને ભાઇનો શોક કરી એ બાળકવાળી ભાભીનું તેણે સાંત્વન કર્યું. રાણી **વાસવદત્તા**એ પણ પોતાના થનાર પુત્રના ગોર, એ બ્રાહ્મણીના છોકરાઓને ધારી રાખ્યા. ઘણી દાનદક્ષિણા આપી **વાસવદત્તા**એ જ તેના મોટા છોકરાનું નામ **શાંતિસોમ** પાડયું અને નહાનાનું નામ **વૈશ્વાનર** પાડયું. આ જગતમાં વસતાં લોકો અંધ સરખાં છે, તેમને પોતાનાં કર્મો જ ફળભૂમિ ઉપર દોરી જાય છે; તેમાં પોતાનો પુરુષાર્થ તો માત્ર નામ-રા જ છે. તે બે બાળક, તેમની મા અને **શાંતિકર** એ સર્વેને વૈભવ મળ્યો અને સર્વે એકઠાં રહેવા લાગ્યાં.

હવે કેટલાએક દિવસ ગયા પછી એક દિવસે કોઈ એક કુંભારણને સરાવલાં લઈ પોતાના પાંચ છોકરાઓ સાથે આવતી જોઈ. ત્યારે પાસે બેઠેલી **પિંગલિકા**ને **વાસવદત્તા**એ કહ્યું, 'હે સખિ ! જો. આને પાંચ છોકરા છે, અને મને એક પણ નથી. એ આવી છતાં પુણ્યનું પાત્ર છે, પણ મારા જેવી સ્ત્રી પુણ્યનું પાત્ર નથી.' ત્યારે **પિંગલિકા**એ કહ્યું કે, 'હે રાણી ! પૂર્વજન્મમાં ઘણાં પાપ કીધાં હોય તો જ આ પ્રમાણે ઘણા પુત્રો થાય છે, પણ તમારા જેવાને જે થાય તે તો કોઇ ઉત્તમ પુત્ર થાય છે. માટે ઉતાવળ મા કરો; થોડા દહાડામાં તમને યોગ્ય પુત્ર થશે.' એવી રીતે **પિંગલિકા**એ કહ્યું, તથાપિ પુત્રના જન્મમાં ઉત્સુક **વાસવદત્તા**ને પુત્રની ચિંતા મનમાંથી ગઈ નહીં. તે વખતે **વત્સરાજ** આવ્યો, અને ચહેરા ઉપરથી રાણીના મનનો



અભિપ્રાય જાણી ગયો. તેથી કહ્યું કે, '**મહાદેવજી**ના આરાધનથી તને પુત્ર થશે, એવું **નારદજી** કહી ગયા છે; માટે હે રાણી ! વરદાન દેનારા એ **શિવ**નું આપણે આરાધન કરવું જોઇએ.' આવું કહેવા ઉપરથી તેણે વ્રતનો નિશ્ચય કર્યો. રાણીએ વ્રત કરવા માંડયું ત્યારે તે રાજા પણ કાર્યભારીઓ અને પ્રજાની સાથે **શંકર**નું આરાધન કરવા લાગ્યો. રાજા તથા રાણીને ત્રણ દિવસના ઉપવાસ થયા, ત્યારે **શંકર** પ્રગટ થયા અને સ્વપ્નમાં આજ્ઞા કરી કે, 'ઉઠો, તમારે **કામદેવ**ના અંશરૂપ પુત્ર પેદા થશે, કે જે મારી કૃપાથી સર્વ વિદ્યાધરોનો અધિપતિ થશે.' એવું વચન કહી **શંકર** તરત અંતર્ધાન થઇ ગયા. ત્યારે તેઓ જાગ્યાં ને વરદાન મળવાથી પોતાને કૃતાર્થ થયલાં માની તે રાજા અને રાણીને અકૃત્રિમ આનંદ ઉત્પન્ન થયો. સવારમાં ઉઠી કાર્યભારી મંડળને તે સ્વપ્નની અમૃતના રસસરખી વાતવડે સંતુષ્ટ કર્યું; પછી રાજા, રાણી, સગાં સંબંધી અને નોકર ચાકરોએ ઉત્સવ કરી વ્રતનું પારણું કર્યું. કેટલાએક દિવસો ગયા પછી **વાસવદત્તા**ના સ્વપ્નમાં આવી કોઈ જટાધર પુરુષે એક ફળ આપ્યું.

તે પછી **વાસવદત્તા**એ તેવા સ્વપ્નની હકીકત સ્ફુટ કહી. સાથે રાજા પણ રાજી થયો, અને મંત્રિઓએ અભિનંદન આપ્યું. ચંદ્રશેખર **શંકરે** ફળ સરખા પુત્રને જ આપ્યો, એમ વિચાર કરી, તે **વત્સરાજ** પોતાનો મનોરથ પૂર્ણ થવાનો સમય નજીક આવ્યો, એમ માનવા લાગ્યો.

## તરંગ ૨ જો.

## ઉદયન રાજાની કથા ( ચાલુ ).

તે પછી થોડા સમયમાં **વત્સરાજ**ના હૃદયને ઉત્સવ આપનારો અને **કામદેવ**નો અંશ હોવાથી ઉજ્વળ એવો **વાસવદત્તા**ને ગર્ભ રહ્યો. ગર્ભમાં રહેલા **કામ**નો ઉપર પ્રીતિ કરી આવેલા ચન્દ્ર સરખા ફીકી કાંતિવાળા ચપળ નેત્રયુકત મુખે કરી **વાસવદત્તા** તે સમે શોભવા લાગી. મણિમય પલંગની આજુબાજુના પડખામાં તે **વાસવદત્તા** બેઠી હોય ત્યારની તેની છબી, જાણે પતિના સ્નેહથી આવેલી રતિ અને પ્રીતિ મૂર્તિમતી હોયની શું, તેમ શોભતી હતી. તેની સેવા કરનારી સખીઓ, તે જાણે ઇચ્છિત વસ્તુ આપનારી વિદ્યા મૂર્તિમાન થઇને, આનો ગર્ભ, પોતાનો ભવિષ્યનો વિદ્યાધર*નો અધિપતિ થશે, તેથી માન આપવા આવી હોય, તેવી દીસતી હતી. તેના જન્મનાર પુત્રને અભિષેક કરવાને માટે આવેલા હોય, તેવી રીતે કાળા પલ્લવ સરખા શ્યામ દીટીવાળા બે કળશ શોભતા હતા. જ્યારે મણિ મંદીરની મધ્યમાં સુખશય્યાપર સ્વચ્છ સ્ફુરાયમાન દિવ્ય કાંતિવાળી **વાસવદત્તા** બેસતી, તે જાણે ભાવી પુત્રના તેજથી પોતાનું તેજ ફીકું પડી ગયું હોય એવી શંકાથી, જેમ કંપિત પાણીવાળાં રત્નો ચોમેર ફરી વળ્યાં હોય, તેવી શોભતી હતી.

* વિદ્યાધર એટલે મંત્ર વિદ્યા જાણનાર દેવ.

તેમ જ ચંદરવાના મધ્યમાં રહેલાં રત્નોમાં પડેલી તેની પ્રતિમા આકાશમાર્ગથી પ્રણામ માટે આવેલી વિદ્યાધરની લક્ષ્મી સરખી શોભતી હતી અને મંત્ર સાધનમાં તૈયાર થયેલા સાધકો પ્રસંગોપાત જે કથા કહેતા હતા તેવા પ્રસંગમાં વાસવદત્તા દોહદવાળી*થઈ. તેને સ્વપ્ન થયું કે, જાણે તે આકાશમાં ચડી છે, ને ત્યાં સગીત કરનારી વિદ્યાધરોની સ્ત્રીઓ તેની સેવામાં હાજર છે. પછી સ્વપ્નમાંથી જાગૃત થયા કેડે પણ તેણે ભૂતળને કૌતુક આપનાર આકાશના વિલાસની જ ઇચ્છા કરી. એ રાણીનું દોહદ, યંત્ર, મંત્ર અને ઇંદ્રજાળના પ્રયોગથી યૌગંધરાયણે પૂરું કર્યું. શહેરની સ્ત્રીઓનાં ઉંચી પાપણવાળાં નેત્રોને આશ્ચર્ય પમાડનારા તેના પ્રયોગે કરી, આકાશમાં રહીને રાણી વિહાર કરતી હતી. એક દિવસ ઓરડામાં બેઠે બેઠે તેને વિદ્યાધરની ઉદાર કથા સાંભળવાનું કૌતુક થયું. તે ઇચ્છા યૌગંધરાયણને જણાવવાથી સર્વના સાંભળતાં તેણે નીચે પ્રમાણે એક વાર્તા કહી.

## જીમૂત વાહનની કથા.†

પાર્વતીનો પિતા હિમાલય છે, તે કેવળ પર્વતોનો ગુરુ નથી, પણ ગૌરીપતિ શંકરનો પણ ગુરુ છે. વિદ્યાધરોના નિવાસરૂપ તે મોટા પર્વતમાં વિદ્યાધરોનો અધિપતિ જીમૂતકેતુ નામનો એક રાજા રહેતો હતો. તેને ઘેર પિતાની પરંપરાથી ચાલ્યું આવતું નામ પ્રમાણે ગુણવાળું પ્રખ્યાત અને મનોરથને આપનાર કલ્પ‡ એવા નામનું વૃક્ષ હતું. એક દિવસ બગીચામાં દેવતારૂપ તે કલ્પવૃક્ષ પાસે આવી જિમૂતકેતુ રાજાએ માગણી કરી કે, ‘તમારાથી અમે સર્વદા વાંછિત મેળવીએ છીએ; તો હે દેવ! હું અપુત્ર છું, માટે મને એક ગુણવાન્ પુત્ર આપો.’ ત્યારે કલ્પવૃક્ષે કહ્યું કે, ‘હે રાજા, તને જાતિસ્મરણના જ્ઞાનવાળો, દાનવીર અને સર્વ પ્રાણીનું હિત કરનારો એક જ પુત્ર ઉત્પન્ન થશે.’ તે સાંભળી રાજી થયેલો રાજા રાણી પાસે ગયો અને તે વાત કહી રાણીને ખુશ કરી. હવે તેની રાણીને થોડા દહાડામાં પુત્ર આવ્યો, તેનું જીમૂતવાહન એવું પિતાએ નામ પાડ્યું. તે પછી સ્વાભાવિક ઉત્પન્ન થએલી સર્વ પ્રાણી ઉપરની દયાની સાથે મહા ધૈર્યવાન્ જીમૂતવાહન વૃદ્ધિ પામ્યો. ક્રમે કરી યુવરાજ પદવીમાં આવેલા જીમૂતવાહને સેવાથી પ્રસન્ન કરેલા પિતાને એકાંતમાં કહ્યું કે–

‘ હે પિતાજી ! હું જાણું છું કે, આ ભવમાં ક્ષણભંગુર પદાર્થો છે, અને કલ્પ§ પર્યંત રહેનારા તો માત્ર મોટા પુરુષોનો એક યશ સ્થિર છે. પરોપકારથી તે યશ મળતો હોય તો ઉદાર પુરુષોને પ્રાણથી અધિક બીજું કયું ધન છે ? સંપત્તિ તો વિજળીની પેઠે ચંચળ અને લોકના લોચનને ખેદ કરનારી છે; તથા પરનો ઉપકાર નહીં કરવાવાળી તે ક્યાંઇ લય પામે છે. તો આ કલ્પવૃક્ષ જે આપણી કામનાને પૂરનાર છે, તે બીજાના કામમાં આવે તો તેનું ફળ મળ્યું કહેવાય. માટે હું તેમ કરું કે, અહીં આ વૃક્ષની સમૃદ્ધિથી સર્વ ગરીબ યાચકો શ્રીમંત થાય.’ આવી રીતે પિતા પાસે પ્રા-

* દોહદ–ગર્ભવતી સ્ત્રીને નૂતન નૂતન જાતની ઈચ્છા થાય છે, તેને દોહદ કહે છે.

† આ કથાનો આધાર લઈ નાગાનંદ નામનું નાટક બન્યું છે.

‡ કલ્પવૃક્ષનો એ સ્વભાવ હોય છે કે તેની નીચે બેસીને જે જે મનોરથ કરવામાં આવે તે તે, તે પૂરે છે.

§ કલ્પ તે ૪૩૨૦૦૦૦૦૦૦ મનુષ્યનાં વર્ષ થાય એટલો કાળ.



ર્થના કરી, તેની મરજી સંપાદન કરી તે કલ્પવૃક્ષ પાસે જઇ જીમૂતવાહને કહ્યું કે, ‘હે દેવ, [illegible] પાણી હમેશાં વાંછિત ફળ દેનાર છે, તો આજ એક આ મારું વાંછિત પૂરું કર. હે મિત્ર, આ સર્વ પૃ[illegible]ં ધનાઢ્ય કર. તારું કલ્યાણ થાઓ. આજથી તને ધન ઇચ્છનારા લોકોને સ્વાધીન કરી દઉં છું.’ એવું કહેવા ઉપરથી તે કલ્પવૃક્ષે પૃથ્વીતળ ઉપર ઘણું સોનું વરસાવ્યું, જેથી સકળ પ્રજા સંતુષ્ટ થઈ. જીમૂતવાહન કરતાં બીજો કોણ ઉત્તમ જીવ આવો દયાળુ છે, કે જે કલ્પવૃક્ષને પણ યાચકોને સ્વાધીન કરી દે ? એવી રીતે અનુરાગવાળી દિશાઓ અને ખૂણાઓમાં પણ જીમૂતવાહનનો નિર્મળ યશ ખૂબ પસરી ગયો.

તે પછી પુત્રની ખ્યાતિથી જિમૂતકેતુનું રાજ્ય કીર્તિવંત થયું. તેને જોઈ તેનાં સગાં સંબંધીના મનમાં દ્વેષ ભરાયો ને તેઓ તેનાં વિરોધી થયાં. તેઓએ વિચાર કીધો કે, જે કારણથી તે આટલો બધો કીર્તિવંત થયો છે, તે કલ્પવૃક્ષવાળી જગ્યા આપણે જિતી લઇએ તો પછી એનો પ્રભાવ જતો રહેશે, એટલે તે જીમૂતવાહન સુખેથી જિતી શકાશે. તેવો વિચાર કરી સર્વ ભાયાતોએ એકઠા થઈ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. ત્યારે ધીર જીમૂતવાહને પિતાને કહ્યું કે, ‘ જેમ આ શરીર જળના પરપોટા સમાન છે, તેમ વાયુવાળી જગામાં રહેલા દીવાની પેઠે ચપળ લક્ષ્મી કોને માટે છે ? બીજાનો નાશ કરી તેવી લક્ષ્મી રાખવાની કયો વિચારવંત ઇચ્છા કરશે ? હે પિતાજી ! મારે સગા સંબંધી સાથે સંગ્રામ કરવો નથી. રાજ્ય છોડી દઈ અહીંથી મારે કોઈ વનમાં જતું રહેવું છે. પછી એ કૃપણો ભલે અહીં રહો, ને રાજ્ય ભોગવો, પણ કુળનો ક્ષય નહીં થાઓ.’ જીમૂતવાહનનાં એવાં વચન સાંભળી તેના પિતા જીમૂતકેતુએ પણ નિશ્ચય કરી કહ્યું કે, ‘હે પુત્ર, ! મારે પણ ચાલવું છે. તેં જ્યારે તણખલાની પેઠે રાજ્ય તજી દીધું, ત્યારે હું વૃદ્ધ થયો, તેને તો તેમાં શી ઇચ્છા હોય ?’ માયાળુ માતાને પૂછ્યું તો તેણે પણ તેવો જ જવાબ આપ્યો. તે સાંભળી જીમૂતવાહન તેઓને સાથે લઈ મલય પર્વત ઉપર ગયો. ત્યાં સિદ્ધોના રહેઠાણમાં ચંદનનાં વૃક્ષોથી ઢંકાયેલાં ઝરણાંવાળા આશ્રમમાં તે પિતાની સેવા કરવા લાગ્યો. ત્યાં સિદ્ધોના રાજા વિશ્વાવસુનો જિતેંદ્રિય મિત્રાવસુ નામનો પુત્ર તેનો મિત્ર થયો. એક દિવસ એકાંતમાં પૂર્વ જન્માંતરની પોતાની સ્ત્રી અને મિત્રાવસુની બહેનને જ્ઞાની જીમૂતવાહને દીઠી. તે વખતે તે બન્ને જુવાનનું એક સરખું પરસ્પરનું જોવું, મનરૂપી મૃગની દૃઢ જાળના બંધન સરખું થઈ પડ્યું. તે પછી અકસ્માત્ ત્રણ જગતના પૂજ્ય જીમૂતવાહન પાસે આવી પ્રસન્ન થયલા મિત્રાવસુએ કહ્યું, ‘ મલયવતી નામની કન્યા મારી નાની બહેન છે, તે હું તમને આપું છું; તો મારી માગણી પાછી ફેરવશો નહીં.’ તે સાંભળી જીમૂતવાહન તેને કહે છે; ‘હે યુવરાજ ! પૂર્વજન્મમાં પણ તે મારી સ્ત્રી હતી, ને તું પણ ત્યાં જ બીજા હૃદય સરખો મારો મિત્ર હતો. હું *જાતિસ્મરણના જ્ઞાનવાળો છું; તેથી સઘળી હકીકત મને યાદ છે.’ એ સાંભળી તેને મિત્રાવસુએ આશ્ચર્યથી કહ્યું, ‘પ્યારા મિત્ર ! મને બહુ આશ્ચર્ય થાય છે, માટે પ્રથમ એ તમારા પૂર્વ જન્મનું વૃત્તાંત કહો.’ આવું મિત્રાવસુનું વચન સાંભળી સુકૃતી જીમૂતવાહન આવી રીતે પૂર્વજન્મની કથા કહેવા લાગ્યો:–

* જાતિ સ્મરણ–પૂર્વજન્મનું યાદ આવવું.

તેમ જ ચં
વિદ્યા'

## જીમૂતવાહનના પૂર્વજન્મની કથા.

પૂર્વે હું આકાશમાં ફરનારો વિદ્યાધર હતો. એક દિવસ હું **હિ**માલયના શિખરના માર્ગે ગયો. તે શિખરની નીચે **પા**ર્વતી સહિત **શં**કર ક્રીડા કરતા હતા. હું તેમની ઉપરથી ઓળંઘી ચાલ્યો, ત્યારે ઉલ્લંઘન કીધાથી ક્રોધ પામેલા **શં**કરે મને કહ્યું 'રે, તું મનુષ્યની યોનિમાં પડ; ત્યાં વિદ્યાધરી સ્ત્રી પામી પોતાના સ્થાન ઉપર પુત્રની યોજન કરી પછી જાતિ સંભારીશ ત્યારે તું વિદ્યાધરની યોનિ પામીશ.' એવી રીતે શાપનો અંત કહી **શં**કર અદશ્ય થઈ ગયા. તે પછી તરત હું પૃથ્વીમાં વાણિયાના કુળમાં ઉત્પન્ન થયો. **વ**લ્લભી નામની નગરીમાં મોટા પૈસાદાર વાણિયાનો **વ**સુદત્ત એવે નામે પુત્ર થઈ જન્મ્યો. ત્યાં હું ક્રમે વૃદ્ધિ પામ્યો તથા કાળે કરી યુવાન્ થયો. પિતાએ નોકર ચાકરની સાહેબી મને કરી આપી. ત્યારે તેની આજ્ઞાથી બીજા દ્વીપમાં વેપાર અર્થે ગયો. ત્યાંથી પાછો આવતાં ઘોર જંગલમાં મારી ઉપર ચોર ધસ્યા અને મને લૂટી લઈ પોતાના ગામમાં લઈ જઈ, ત્યાં પશુના પ્રાણ લેવાને ઇચ્છતા યમરાજની જીભ સરખી ચપળ અને લાંબી, રાતા કપડાની પતાકાથી ભયંકર દીસતી **ચં**ડીના મંદિરમાં મને લઈ ગયા. ત્યાં દેવીની પૂજા કરવા વાસ્તે **પુ**લિંદક નામના ભિલ્લના રાજાને બલિદાનને માટે મને સોંપ્યો. પણ તે ભિલ્લરાજા મારી સામું જોઇ આર્દ્ર હૃદયવાળો થઈ ગયો. કારણ વિના સ્નેહ કરતું મન, જન્માંતરની પ્રીતિ કહી આપે છે. તે પછી તે **ભિ**લ્લરાજે મને મુક્ત કીધો અને સ્વાત્માર્પણથી પૂજા પૂરી કરવા ઇચ્છા ધરી; ત્યારે આકાશવાણી થઈ કે 'એમ નહીં કર, હું તારી ઉપર પ્રસન્ન થઇ છું–વરદાન માગી લે.' આ સાંભળી રાજી થઇ તે બોલ્યો કે, "હે દેવી ! તું પ્રસન્ન થઇ તો હવે બીજું શું વરદાન માગું ? તો પણ આટલું માગું છું કે, જન્માંતરમાં પણ આ વાણિયાની સાથે મિત્રતા રહેજો.' ત્યારે **एवमस्तु**–'એમ થાઓ' એમ કહી દેવવાણી શાંત થઇ. પછી ભિલ્લે કેટલુંએક વિશેષ ધન આપી મને મારે ઘેર મોકલ્યો. મૃત્યુના મુખથી અને પ્રવાસથી હું ઘેર આવું છું, તે વાત જાણી મારા પિતાએ મોટો મહોત્સવ કર્યો. તે પછી કેટલોએક વખત વીત્યા બાદ સંઘ લૂટવાના અપરાધ માટે અમારા રાજાએ પકડી મંગાવેલા તે જ **ભિ**લ્લરાજને મેં જોયો. તે ક્ષણે મારા પિતાને એ વાત મેં કહી. પછી અમારા નગરના રાજાને વિનતિ કરી લાખ સોનામહોરનો દંડ આપી, ફાંસીની સજામાંથી તેને મુક્ત કરાવ્યો. મારી ઉપર તેણે પ્રાણદાનનો ઉપકાર કર્યો હતો, તેથી મેં તેનો પ્રત્યુપકાર કરી પ્રીતિથી તેને મારે ઘેર બોલાવી ઘણું સન્માન કર્યું ને સત્કાર કરી વિદાય કર્યો, ત્યારે તે **પુ**લિંદક પોતાનું પ્રેમાર્દ્ર હૃદય મારામાં રાખી પોતાને ગામ ગયો. ત્યાં મારા પ્રત્યુપકારને માટે નજરાણાનો વિચાર કરતા પોતાના કબજાનાં મોતી અને કસ્તૂરી વગેરેને પણ તેણે અલ્પ ગણ્યાં. પછી મારે માટે વધારે સરસ મોતી મેળવવા સારુ તે પોતાની સાથે ધનુષ લઇ હાથીઓનો શિકાર કરવા હિમાલય પહાડમાં ગયો. ત્યાં ફરતાં ફરતાં એકસરખાં મિત્રરાગી* તે તળાવનાં કમળો સાથે પ્રીતિ કરનારો તે પુલિંદક,

* મિત્ર એટલે સૂર્ય અને દોસ્ત.



જેના કિનારા ઉપર દેવમંદિર છે એવા તળાવ પાસે જઈ પહોંચ્યો. ત્યાં વનના હાથી પાણી પીવા આવશે, એવું ધારી હાથમાં ધનુષ ધારણ કરી એકાંતમાં હાથીને મારવા ઉભો રહ્યો. તેટલામાં તે તળાવને કાંઠે રહેલા **શિ**વજીની પૂજા કરવા, એક અદ્ભુત રૂપવતી ને સિંહ ઉપર બેઠેલી કુમારિકા ત્યાં આવી. કન્યાના ભાવમાં વર્ત્તનારી, **શં**ભુની સેવામાં તત્પર, બીજી હિમાલયની પુત્રી હોય તેવી તેને દીઠી. તેને જોઇ **પુ**લિંદક વિસ્મય પામી ગયો અને વિચારવા લાગ્યો કે, 'એ કોણ હશે ? જો મનુષ્યની સ્ત્રી હોય તો તેને સિંહનું વાહન કેમ હોય ? અને જો દિવ્ય સ્ત્રી હોય તો મારા સરખાની નજરે કેમ પડે ? જરૂર એ નેત્રના પૂર્વ પુણ્યનો દેહધારી પરિપાક છે. આની સાથે જો તે મિત્રને પરણાવું તો તેનો કોઇ બીજી રીતનો જ પ્રત્યુપકાર કર્યો કહેવાય. હવે હું પ્રશ્ન પૂછવા પ્રથમ એની પાસે જાઉં.' એવું ધારી તે મારો મિત્ર ભિલ્લ તેની પાસે ગયો. તેટલામાં તે બાળા સિંહ ઉપરથી ઉતરી પડી, એટલે તુરત તે સિંહ ઝાડની છાયે જઇ બેઠો; અને તે કન્યા તળાવનાં કમળો વીણવા લાગી. પછી ભિલ્લરાજે પાસે જઈ નમસ્કાર કર્યાં. તે જોઇ અપૂર્વ અતિથિની પ્રીતિથી તેનો સત્કાર કરી તેને રાજી કર્યો; અને 'તું કોણ છે ? અને અતિ દુર્ગમ આ ભૂમિમાં કેમ આવેલો છે ?' એવું પૂછ્યું. ત્યારે **પુ**લિંદકે જવાબ આપ્યો કે, 'હું **પા**ર્વતીના ચરણને શરણ રહેનારો ભિલ્લરાજ છું; અને ગજમુક્તા* લેવા સારુ આ વનમાં આવી ચડયો છું. હે દેવિ! હમણાં તમને જોઇ મને પ્રાણ આપનારો લક્ષ્મીવાન્ શેઠીઆનો પુત્ર **વ**સુદત્ત નામનો મારો મિત્ર યાદ આવ્યો. હે સુંદરિ! તે રૂપ અને **યૌ**વનથી તારા જેવો છે. તે આ જગતને અદ્વિતીય નેત્રામૃતના ઝરણ સરખો છે. મૈત્રી, દાન, દયા અને ધૈર્યના ખજાના સરખો તે **વ**સુદત્ત છે. તેનો કંકણવાળો હાથ જે કન્યા ગ્રહણ કરશે તે કન્યાને આ લોકમાં ધન્ય છે. જો આ તારી આકૃતિ તેવાની સાથે ન જોડાય તો **કા**મદેવ પોતાનું ધનુષ વ્યર્થ ધારણ કરે છે, એમ હું માનીશ.' **કા**મદેવના મોહમંત્રના અક્ષર સરખાં તેનાં વચનો સાંભળી તત્કાળ તે કુમારિકાનું મન હરાઈ ગયું. પછી કામદેવે પ્રેરણા કરેલી તે કુમારિકાએ **પુ**લિંદકને કહ્યું કે, 'તે તારો મિત્ર ક્યાં છે ? તેને બોલાવી મને દેખાડતો ખરો.' તે સાંભળી 'બહુ સારું' એમ કહી તે જ વખતે તેની પાસેથી રજા લઇ પોતાને કૃતાર્થ માનનારો તે ભિલ્લરાજ ખુશી થઇ ત્યાંથી તરત જ ચાલ્યો. તે લાગલો પોતાના ગામમાં આવી, ત્યાંથી મોતી અને કસ્તૂરી વગેરે લઈ મારે ઘેર આવ્યો. ત્યાં આવી પોતાની સાથે લાવેલો લાખો સોનામોહોરની કિંમતવાળો નજરાણો મારા પિતાને અર્પણ કર્યો. તે આખો દિવસ અમે આનંદ ઉત્સવથી કાઢયો. પછી રાત્રે એકાંતમાં મારી પાસે તેણે તે દિવ્ય કન્યા જોયાની હકીકત ઇત્થંભૂત કહી સંભળાવી, ને કહ્યું કે ચાલ આપણે ત્યાં જઇએ. આથી હું પણ જવા માટે ઉત્સુક થયો. પછી મને સાથે લઇ રાત્રિમાં તેણે પ્રયાણ કર્યું. સવારમાં એ ભિલ્લરાજની સાથે હું ક્યાંઇ નિકળી ગયો, એવું જાણી મારા પિતા તે ભિલ્લરાજની પ્રીતિના વિશ્વાસથી ધીરજ રાખી રહ્યા. રસ્તાની તૈયારીવાળો અને વેગવાન્ તે ભિલ્લ ક્રમે કરી મને પૂર્વ સ્થળે લઈ ગયો. અમે સાંજે તે તળાવ પાસે આવી પહોંચ્યા. મીઠાં ફળ

* ગજ=હાથી+મુક્તા=મોતી. હાથીના કુંભસ્થળમાંથી જે મોતી નિકળે છે, તેને ગજમુક્તા કહે છે.

ખાઇ હું અને તે ભિલ્લ એક રાત્રિ તે વનમાં રહ્યા. લતાઓથી ફેલાઇ ગયેલા પુષ્પવાળું, ભ્રમરીઓના સંગીતથી સુંદર લાગતું, સુવાસિત ગંધવાળું, મનોહર, બળતી ઔષધિથી પ્રકાશવાળું તે પહાડી જંગલ, વિશ્રાંતિ માટે રાત્રિમાં તે તળાવનું જળ પીનારા અમો બેઉને, રતિના રહેવાના ઘર સરખું થઈ પડયું. તે પછી બીજે દિવસે દર ક્ષણે મને તો તાલાવેલી લાગી રહી, અને તે કન્યાને આવવાના માર્ગ તરફ જ મારી દૃષ્ટિ ચોંટી ગઈ. મારું અંતઃકરણ જાણે તેને આવકાર દેવાને સામું ધસતું હોય તેમ તલપાપડ થઈ રહ્યું હતું. મારી જમણી આંખ વારંવાર ફરકી ને તે કન્યા આવવાની સૂચના કરતી હતી. એટલામાં તે મોહિની ત્યાં આવી પહોંચી. કેશવાળીવાળા સિંહની ઉપર બેઠેલી, શરદ્ ઋતુના મેઘના ઉત્સંગના સંગવાળી, ને ચંદ્રકળા સરખી તે સુંદર ભ્રકૂટીવાળી કન્યાને મેં દીઠી; તેથી વિસ્મય, ઉત્સુકપણું અને ભયની સાથે હું ચમકયો. તે વખતે હું નથી જાણતો કે, મારું હૃદય કેમ પાછું વળે ? તુરત તે કન્યા તે સિંહ ઉપરથી ઉતરી, પુષ્પો વીણી તળાવમાં સ્નાન કરી લઇ, તેના કિનારા ઉપર રહેલા શંકરની પૂજા કરવા ગઇ. પૂજા કરી રહ્યા પછી, તે મારા સખા ભિલ્લે તેની પાસે જઈ પ્રણામ કરી પોતાનું નામ કહી આદર કરવાવાળી તે કન્યાને કહ્યું કે, ‘હે દેવિ ! તારે યોગ્ય પતિ મારો મિત્ર છે તેને હું તેડી લાવ્યો છું, તે જો તું કહે તો હમણાં જ હાજર કરું!’ તે સાંભળી તે કન્યાએ કહ્યું કે, ‘બતાવ.’ ત્યારે તે ભિલ્લ મારી પાસે આવ્યો, અને મને તેની નજીક લઇ જઇ ઉભો કીધો. ત્યારે તે કન્યાએ સ્નેહવાળી આડી આંખે મને નિરખ્યો, તેથી કામદેવનો આવેશ આવવાથી તે વિહ્વળ થઇ ગઇ અને તે ભિલ્લરાજને કહ્યું કે, ‘તારો આ મિત્ર મનુષ્ય નથી. પણ તે કોઇ દેવ આજે મને ઠગવા આવેલો છે. મનુષ્યની આવી આકૃતિ કયાંથી હોય ?’ તે સાંભળી તેને વિશ્વાસ ઉપજાવવા વાસ્તે મેં કહ્યું કે, ‘હે લલિત લલના ! ખરે-ખર હું મનુષ્ય છું. સરલ મનુષ્ય પાસે કપટ કરી શું કરવું છે ?’ હું વલ્લભીપૂરમાં રહેનાર મહાધન નામના શેઠીઆનો, શંકરની કૃપાથી ઉત્પન્ન થયેલો પુત્ર છું. મહાદેવનો ઉદ્દેશ કરી મારો પિતા પુત્રને માટે તપ કરતો હતો, તેની ઉપર પ્રસન્ન થઈ સ્વપ્નમાં શંકરે કહ્યું કે, ‘ઉઠ, તને કોઈ મહાત્મા પુત્ર ઉત્પન્ન થશે.’ પણ આ વાત મારી ખાનગી છે, માટે અહીં વિસ્તાર કરવાની જરૂર નથી. પછી એ સાંભળી મારો પિતા જાગી ઉઠયો. તેને કાળે કરી હું વસુદત્ત નામનો પુત્ર ઉત્પન્ન થયો છું. આ ભિલ્લરાજ પુલિંદક મારો સ્વયંવર મિત્ર છે. હું દેશાંતર ગયો હતો, ત્યાંથી પહેલ તેની સાથે મેળાપ થયો છે. તે કષ્ટમાં ઘણી સહાયતા આપનારો છે. આ મારી ખરી હકીકત મેં સંક્ષેપમાં કહી છે.’ એટલું કહી હું મુંગો થયો. પછી લાજથી નીચું મ્હોં કરી તે કન્યા બોલીઃ ‘આ હું ખરું જાણું છું; કેમકે આજ સ્વપ્નમાં હું શંકરનું પૂજન કરતી હતી, તે વખતે પ્રસન્ન થયેલા શંકરે મને આજ્ઞા કરી કે, પ્રાતઃકાળમાં તું પતિ પામીશ. તો તું જ મારો ભરતાર અને આ તારો મિત્ર એ મારો ભાઈ.’ એવા મંજુલ વાણી રૂપ અમૃતથી તેણે મને પ્રસન્ન કર્યો. હવે તેની સાથે વિધિ પ્રમાણે વિવાહ કરવાનો વિચાર કરી મિત્ર સહિત પોતાને ઘેર જવાનો મેં નિશ્ચય કર્યો. તે પછી ઇસારાથી પોતાના વાહન સિંહને તેણે બોલાવ્યો, અને તે સુંદરીએ મને કહ્યું કે, ‘પ્રાણેશ, આની ઉપર બેસો.’ તે સાંભળી મારા મિત્રની સંમતિ લઈ, પ્યારીને ખોળામાં બેસારી હું સિંહ



ઉપર બેઠો. તે પછી કૃતાર્થ થઈ તે મિત્રને લઈ અગ્રેસર સિંહ ઉપર બેઠેલો હું, કાંતાસહિત મારા ઘરભણી ચાલતો થયો. ભિલ્લરાજનાં બાણથી ભેદાયલાં હરિણોના માંસનો આહાર કરતાં ક્રમે કરી અમે સર્વે વલ્લભિપુરીમાં આવ્યાં. ત્યાં સ્ત્રી સહિત સિંહ ઉપર બેસી હું આવ્યો તે જોઈ, ગામનાં માણસો આશ્ચર્ય પામ્યાં, અને તરત તેમણે મારા પિતાને વધામણી કહી. તે સાંભળી મારો પિતા ઘણા હર્ષથી સામો આવ્યો. તુરત હું સિંહ ઉપરથી ઉતરી તેમનાં ચરણમાં પડયો; ત્યારે તેણે વિસ્મય પામી મને ધન્યવાદ આપ્યો. તેમનાં ચરણમાં વંદન કરતી તે અસા-ધારણ પુત્રવધૂ મારે લાયક છે, એમ જાણી મારા પિતાનો આનંદ ઉભરાઈ જવા લાગ્યો. અમને ઘરમાં તેડી જઈ અમારું વૃત્તાંત પૂછી ભિલ્લરાજની મિત્રાઈની પ્રશંસા કરી મારા પિતાજીએ ઉત્સવ કર્યો. તે પછી જ્યોતિષીઓના બતાવેલા મુહૂર્ત્ત પ્રમાણે બીજે દહાડે સર્વ બંધુઓનો મેળાવડો કરી હું પરણ્યો. તે જોઈ અકસ્માત્ તે મારી સ્ત્રીનું વાહન સિંહ સર્વના દેખતાં પુરુષાકૃતિ ધરી ઉભો રહ્યો. ‘આ તે શું’ ? એમ વિભ્રાંત થઈ સર્વ જન ઉભાં છે, ત્યાં દિવ્ય વસ્ત્ર અને આભરણવાળા તે પુરુષે મને આ પ્રમાણે કહ્યુંઃ—

## ચિત્રાંગદની કથા.

‘હું ચિત્રાંગદ નામનો વિદ્યાધર છું અને મનોવતી નામની પ્રાણથી પણ અધિક પ્રિય આ મારી પુત્રી છે. હમેશાં આને ખોળામાં બેસારી વનમાં ફરતાં ફરતાં એક દિવસ જેના કિનારા ઉપર ઘણાં તપોવન છે, એવી ગંગાજી પાસે હું આવ્યો. ત્યાં તપસ્વીઓનું ઉલ્લંઘન થાય, એ ત્રાસ-થી ગંગાજીના મધ્યમાં થઈ હું ચાલવા લાગ્યો, ત્યારે ગંગાના જળમાં મારી પુષ્પની માળા પડી ગઈ. તેવામાં અકસ્માત્ જળની અંદર રહેલા નારદજી બાહેર આવ્યા અને પીઠ ઉપર પડેલી તે માળાથી ક્રોધ કરી મને શાપ દીધો કે, ‘હે પાપી! આ ઉદ્ધતપણાંથી તું સિંહ થઇ જઇશ ને હિમા-લયમાં જઈ આ તારી પુત્રીને પીઠ ઉપર બેસાડી વનવન ફરીશ. પણ જ્યારે આ તારી પુત્રી મનુષ્ય સાથે પરણશે, ત્યારે તેને જોવાથી તું આ શાપથી મુક્ત થઇશ,’ એ[illegible] મુનિના શાપ ઉપરથી હું હિમાલયમાં સિંહ થઇ શંકરની પૂજા કરતી આ પુત્રીને વહન કરતે [illegible]ેા છું. તે પછી ભિલ્લ-રાજના યત્નથી આ સર્વ કલ્યાણ થયું, તે તો તમારા જાણવામાં [illegible] છે. હવે તમારું કલ્યાણ થજો મારો શાપ સમાપ્ત થયો છે.’

## જીમૂતવાહનના પૂર્વજન્મ[illegible]થા ચાલુ.

એટલું બોલતાં બોલતાં તે વિદ્યાધર ત[illegible]કાશ ભણી ઉડી ગયો. ત્યાર પછી આશ્ચર્યકારક અને ઉત્તમ સંબંધ જોઇ મારા પિત[illegible] સઘળા સંબંધીઓ બહુ ખુશી થયા. નિષ્ક-પટ મિત્રોનું ચરિત્ર કોણ કહી શકશે, કે જેઓ પો[illegible]ના મિત્રોને વિષે પ્રાણે કરી પણ ઉપકાર કરી તૃપ્ત થતા નથી. તે ભિલ્લરાજનું આવું અલૌકિક ચરિત્ર યાદ કરવાથી આવાં ચમત્કારથી ભરપૂર વાકયો કોના મોંમાંથી નહીં નિકળે ? પછી આ વાત ત્યાંના રાજાના જાણવામાં પણ આવી ત્યારે બુદ્ધિમાન્ ભિલ્લરાજની સાથે અમારો સ્નેહ જોઈ તે ઘણો ખુશી થયો. રાજા પ્રસન્ન થયો ત્યારે મારા પિતાએ રાજાને ઘણાં રત્નો ભેટ ક[illegible] અને તરત સઘળું જંગલનું રાજ્ય એ ભિલ્લને

અપાવ્યું. તે પછી દેવકન્યા મનોવતી મારી પત્ની અને તે મિત્ર ભિલ્લરાજની સાથે ત્યાં હું સુખેથી રહ્યો. તે ભિલ્લરાજ પણ પોતાના દેશમાં વસવાનો રસ શિથિલ કરી ઘણા વખત સૂધી અમારે ઘેર જ રહ્યો. પરસ્પર ઉપકાર કરવામાં સર્વદા તૃપ્તિ રહિત બે મિત્રોનો સમય ઘણી સારી રીતે વીત્યો જતો હતો. ત્યાર બાદ સમગ્ર કુળના હૃદયનો ઉત્સવ બાહેર આવ્યો હોય તેવો પતિવ્રતા મનોવતીને પેટે એક પુત્ર ઉત્પન્ન થયો. હિરણ્યદત્ત નામનો તે પુત્ર ધીમે ધીમે વૃદ્ધિ પામ્યો. તે યથાર્થ વિદ્યા ભણ્યો. તે પછી તેને મેં પરણાવ્યો. તે જોઇ જીવતરનું ફળ પૂરું થયું જાણી મારાં માતપિતા વૃદ્ધ થવાથી દેહત્યાગ કરવાને ગંગા કિનારે ગયાં. ત્યારે તેમના શોકથી મને પીડા પામતો જોઈ મારા બંધુઓએ મને ધીરજ આપી, તેથી હું મારા ઘરનો કાર્યભાર ચલાવવા લાગ્યો. અહો ! એક તરફ મનોવતીના મુગ્ધ મુખનું દર્શન અને બીજી તરફ ભિલ્લરાજનો સમાગમ, તેથી મને વધારે વિનોદ થવા લાગ્યો. તે પછી સત્પુત્રથી આનંદ ભરેલો, સારી સ્ત્રીથી મનોરમ અને સુહૃદના સમાગમથી સુખકારી મારા દિવસો મોજમજામાં ગુજરવા માંડ્યા. કાળે કરી હું વૃદ્ધ થયો, ત્યારે 'હે પુત્ર ! હજી સૂધી કેમ ઘરમાં ગુંથાઈ ગયો છે ?' એમ કહેતી હોય એવી જરાએ* મારી હડપચી પકડી. મને તરત વૈરાગ્ય ઉત્પન્ન થવાથી વનમાં જવાનો નિશ્ચય કરી કુટુંબનો ભાર ઉપાડવાનું કામ મેં પુત્રને સોંપ્યું. તે પછી સ્ત્રી સહિત અને મારા સ્નેહથી જેણે રાજ્યનો ત્યાગ કર્યો છે, એવા ભિલ્લરાજની સાથે કાલંજર પર્વતમાં હું ગયો. ત્યાં મારી વિદ્યાધરની જાત મને યાદ આવી, અને શંકરના શાપનો પણ ત્યાં અંત આવ્યો. તેનું સ્મરણ થવાથી તે વાત મેં મનોવતી સ્ત્રીને અને મિત્ર ભિલ્લરાજને ત્યાં કહી. પછી મેં મનુષ્યનું શરીર ત્યાગ કરવાની ઇચ્છા કરી ને બીજા જન્મમાં પણ આ જ મારી સ્ત્રી થજો અને આ જ મારો મિત્ર થજો તથા આ વાત મને યાદ રહેજો, એવું કહી, ચિત્તમા શંકરનું ધ્યાન ધરી બળાત્કારે મેં તે પર્વતના શિખર ઉપરથી ભૈરવજવ† ખાધો, એટલે મારી સ્ત્રી અને મિત્રે પણ મારી સાથે દેહનો ત્યાગ કીધો. તે પછી હું આ વિદ્યાધરના કુળમાં હમણાં પૂર્વે [illegible]ન્મના સ્મરણવાળો અને જ્ઞાનવાળો જીમૂતવાહન એવે નામે ઉત્પન્ન થયો છું; અને તે ભિલ[illegible]જ તે તું શંકરની કૃપાથી સિદ્ધના રાજા વિશ્વાવસુનો પુત્ર મિત્રાવસુ થયો છે. તે વિદ્યાધરી મારી [illegible]ી મનોવતી તે તારી બહેન, આ મલયવતી નામે ઉત્પન્ન થઈ છે. આવી રીતે તારી બહેન મારી [illegible] જન્મની સ્ત્રી છે અને તું મારો પૂર્વ જન્મનો સખા છે, એટલે એ મારે પરણવા યોગ્ય છે. પરંતુ [illegible]ંથી મારાં માતપિતા પાસે જઇ તેને નિવેદન કરવું જોઇએ ને તે તેઓ કબૂલ કરે ત્યારે આ તા[illegible]જ પાર પડશે.'

## જીમૂતવાહનનો [illegible]યવતી સાથે વિવાહ.

એમ જીમૂતવાહનનું કહેવું સાંભળી પ્ર[illegible] મનવાળો મિત્રાવસુ તેના માબાપ પાસે ગયો, અને સર્વ વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું; એટલે તેઓએ તેનું વચન માન્ય કર્યું. તુરત રાજી થઈ

* વૃદ્ધાવસ્થાએ. † સંસ્કૃતમાં તેને શિલાપા[illegible]ત-મૃત્યુગ્રાવા કહે છે. પ્રાણત્યાગના ઈરાદાથી મોટા પથ્થર ઉપરથી ભુસકો મારી નીચે પડવું તે. આ ભૈરવજ[illegible]વ ઘણા દુઃખીઆ અથવા પુણ્યને ઇચ્છનારા લોકો ખાય છે. હજુ પણ એવો પથ્થર ગિરનાર પર્વતમાં જોવામાં આવે છે.



તે સિદ્ધરાજે પોતાની બહેનના વિવાહની સામગ્રી તૈયાર કરી ને તેણે અગ્રેસર કરેલા જિમૂતવાહને વિધિ પ્રમાણે તે મલયવતીનો હાથ ઝાલ્યો. આકાશમાં ફરનારાં ચારણો જ્યાં શોભે છે, સિદ્ધોનો સંઘાત જ્યાં મળે છે, ત્યાં વિદ્યાધરોના આવવાથી ઉત્તમ ઉત્સવ થઈ રહ્યો. વિવાહ થયા પછી મોટા વૈભવની સાથે સ્ત્રી સહિત તે જિમૂતવાહન મલય પર્વતમાં જઈ રહ્યો.

## જીમૂતવાહનના સ્વાત્માર્પણની કથા.

તે જીમૂતવાહન એક દિવસ પોતાના સાળા મિત્રાવસુની સાથે સમુદ્ર કિનારાનાં વન જોવા સારુ ગયો. ત્યાં ભયથી ખિન્ન થઈ આવેલી અને 'હે પુત્ર ! હે પુત્ર !' એવી રીતે બૂમો મારતી માને પાછી વાળતો એક યુવાન્ નાગ તેણે જોયો. અનુયાયી લડવૈયા સરખા એક બીજા પુરુષે પહોળા અને ઉંચા એક શિલાતળ ઉપર તે નાગને મૂકી દીધો. તેને જોઈ 'તું કોણ છે ? શું કરવાને ચાહે છે ? અને તારી મા કેમ શોક કરે છે ?' એવી રીતે જીમૂતવાહને તેને પૂછ્યું. તે ઉપરથી તે નાગે તેને કહ્યું કેઃ—

પૂર્વે કદ્રુ અને વિનતા નામની બે કશ્યપની સ્ત્રી હતી. તેમણે પરસ્પર સંવાદ કરતાં વિવાદ કર્યો. કદ્રુએ કહ્યું કે, સૂર્યના ઘોડા કાળા છે અને વિનતાએ કહ્યું કે, ધોળા છે. આ તકરારમાં તેઓએ એક બીજીની દાસી થવાની સરત કરી. તે પછી જય મેળવવાની ઇચ્છાવાળી કદ્રુએ પોતાના પુત્ર નાગોને કહી સૂર્યના ઘોડાઓને ઝેરના ફુંફાડાથી કાળા કરાવ્યા, અને વિનતાને દેખાડી કપટે કરી જય મેળવી તેને દાસી કરી. સ્ત્રીઓને ઘણું કરી સપત્ની ( શોક્ય ) ની અદેખાઇ બહુ હોય છે. આ વૃત્તાંત જાણી વિનતાનો પુત્ર ગરુડ ત્યાં આવ્યો અને નમ્રતાથી કદ્રુ પાસે માગણી કરી કે, 'મારી માને દાસભાવથી મુક્ત કરો.' આ કાર્યના બદલામાં કદ્રુના પુત્રો નાગોએ વિચાર કરી ગરુડને કહ્યું કે 'હે ગરુડ ! દેવતાઓએ ક્ષીરસાગર મથવાનો આરંભ કર્યો છે. જો તું ત્યાંથી અમને અમૃત લાવી આપે તો અમે તારી માને મુક્ત કરીએ. તું મહાબળવાન્ છે, (તેથી એ કામ કરશે )' એવું નાગોનું વચન સાંભળી ક્ષીરસાગર પાસે જઈ અમૃત મેળવવા માટે ગરુડે ઘણું પરાક્રમ દેખાડયું. ત્યારે તેના પરાક્રમથી પ્રસન્ન થયેલા હરિએ કહ્યું કે, 'હું તારી ઉપર પ્રસન્ન થયો છું, કંઈ વરદાન માગી લે.' એમ કહેવા ઉપરથી, 'નાગ મારા ભક્ષ્ય થાય,' એવું માના દાસપણાથી ગુસ્સે થયેલા ગરુડે માગ્યું. એ સાંભળતાં પોતાના પરાક્રમથી અમૃત મેળવનારા ગરુડને હરિએ કહ્યું કે 'તથાસ્તુ.' પછી અમૃત મેળવ્યું. આ તે વાત ઇંદ્રિના જાણવામાં આવવાથી તેણે કહ્યું કે, 'હે પક્ષીંદ્ર ! તમારે અમૃત આપવું નહીં, પણ આ અમૃત તે મૂઢ નાગોના ઉપયોગમાં ન આવી શકતાં તેઓની પાસેથી હું હરણ કરી શકું તેમ કરવું !' [illegible] સાંભળી ઉત્તમ વૈષ્ણવોના અગ્રણી ગરુડે તે વાત માન્ય રાખી અને અમૃતનો કળશ લઈ [illegible]ની પાસે ગયો. વરદાનના પ્રભાવથી ભય પામેલા તે મૂઢ નાગોને ગરુડે કહ્યું કે 'આ અમૃત, [illegible]ા છું. મારી માને છોડી દ્યો; અને પછી આ અમૃત લ્યો. જો તમને મારી બ્હીક લાગતી હોય તો આ અમૃત તમારે માટે દર્ભના આસન ઉપર મૂકી રાખું છું. હું સરત મુજબ મારી માને [illegible]ડાવી જાઉં છું. જોઇયે ત્યારે ત્યાંથી અમૃત લઈ લેજો.' નાગોએ તે વાત કબૂલ રાખ[illegible] તે પવિત્ર દર્ભના આસન ઉપર અમૃતનો

કળશ મૂકયો. ત્યારે તે નાગોએ તેની માને દાસપણાંથી મુક્ત કીધી. એવી રીતે માને દાસપણામાંથી છોડાવી ગરુડ ગયો, એટલે નિઃશંક થઈ નાગો જેવા અમૃત લેવા જાય છે, તેવામાં જ ઈંદ્ર ઝડપથી આવી પહોંચ્યો, અને સર્પોને પોતાની શક્તિથી મોહિત કરી દર્ભના આસન ઉપરથી અમૃતના કળશને ઉઠાવી લઈ ગયો. ત્યારે ખેદ પામેલા નાગો, કદાચિત્ અહીં અમૃત ગળવાથી તેનો લેપ થયો હોય એવું ધારી તે દર્ભના આસનને ચાટવા લાગ્યા. તેથી તેમની જીભો ચીરાઈ ગઈ. એવી રીતે તેઓ વૃથા દ્વિજિહ્વપણું* પામ્યા.

અતિ ચપલ પુરુષોને હાસ્ય વિના બીજું શું ફળ થાય? હવે અમૃતનો રસ ન મળવાથી નિરાશ થયલા નાગોને તેમનો દુશ્મન ગરુડ હરિનું વરદાન મળવાથી વારંવાર મારીને ખાવા લાગ્યો. ગરુડના આવવાથી ત્રાસે કરી નિર્જીવ નાગવાળું, ગર્ભિણીના ગર્ભ પડી જાય છે એવું, અને નાશ પામેલા છે સર્પ જેમાં એવું પાતાળ થઈ ગયું. ગરુડને પાતાળમાં હંમેશ આવતો જોઈ નાગોના અધિપતિ વાસુકિએ નાગલોક જ એકદમ નાશ પામશે એમ માની, વિચાર કરી, અનિવાર્ય વીર્યવાળા વૈનતેયની† સાથે વિનતિ પૂર્વક ઠરાવ કીધો કે, 'હે પક્ષીંદ્ર! દરરોજ અકેકો નાગ સમુદ્ર કાંઠાના પર્વત ઉપર તારા આહાર માટે હું મોકલતો જઈશ; પણ તેઓનો નાશ કરવા માટે પાતાળમાં તારે પેસવું નહીં. નાગલોકનો ક્ષય થવાથી તારો જ સ્વાર્થ નાશ પામશે.' આ પ્રમાણે વાસુકિના કહેવા ઉપરથી ગરુડે તે ઠરાવ કબુલ રાખ્યો, અને આ સ્થળે દરરોજ વાસુકિએ મોકલેલો અકેકો નાગ ખાવાનો તેણે આરંભ કર્યો. આ ક્રમથી અસંખ્ય નાગો ક્ષય પામ્યા છે. હું શંખચૂડ નામનો નાગ છું અને આજે મારો વારો આવ્યો છે. માટે ગરુડના આહાર સારુ નાગરાજની આજ્ઞાથી આ વધ્યશિલા ઉપર આવ્યો છું, ને એ જ માટે મારી મા શોક કરે છે.' એવાં તે શંખચૂડનાં વચન સાંભળી જીમૂતવાહન બહુ દુઃખિત થયો, ને તેના અંતઃકરણમાં બહુ ખેદ થયો. પછી તેણે નાગને કહ્યું કે, 'મોટા ખેદની વાત છે કે, વાસુકિનું રાજાપણું નિઃસત્વ થયું છે, કારણ કે તે પોતાના હાથથી પોતાની પ્રજાની શત્રુ[illegible] લાંચ આપે છે. તેણે પ્રથમ પોતાનો દેહ જ ગરુડને કેમ અર્પણ ન કર્યો? અરે, એ નપુંસક વાસુકિએ આ પોતાના કુળના ક્ષયનું સાક્ષીપણું કેમ માગી લીધું? અહો! કશ્યપથી ઉત્પન્ન થઈ ગરુડ પણ કેટલું પાપ કરે છે? અરે! માત્ર દેહને માટે મોટાઓને પણ કેવો મોહ હોય છે? પણ કંઈ ફિકર નહિ. શંખચૂડ! તું ડરીશ નહિ. આજે હું, પોતાના શરીરને અર્પણ કરી ગરુડથી તારા દેહની રક્ષા કરીશ. માટે હે મિત્ર! તું ખેદ મા કર.' એ સાંભળી શંખચૂડ પણ ધૈર્ય [illegible]રી બોલ્યો કે, 'હે મહાત્મા! એ વાત જવા દો, ફરીથી એવું બોલશો નહીં. કાચને વાસ્તે કોઈ [illegible]સ મુક્તામણિનો નાશ કરવો એ યોગ્ય નથી. અને હું પણ આ રીતની કુળને કલંક આપનારી વાતમાં નહીં પડું.' એવું કહી સાધુ શંખચૂડે જીમૂતવાહનને નિષેધ કર્યો અને એક ક્ષણ પછી [illegible]ડને આવવાનો વખત જાણી અંતકાળે સમુદ્ર કિનારે રહેલા ગોકર્ણેશ્વર નામના શંકરને [illegible]ર કરવા ગયો. તેના જવા પછી દયાના ભંડાર

* દ્વિ–બે+જિહ્વા–જીભ; જેઓને બે [illegible] ગરુડ.



જીમૂતવાહને તેના રક્ષણને માટે પોતાનો દેહ અર્પણ કરવાનો વખત નજીક આવ્યો છે એમ જાણ્યું. તે પછી આ થયેલી સર્વ વાત જાણે પોતે ભૂલી ગયો હોય, એમ યુક્તિથી કાર્યનું નિમિત્ત બતાવી તેણે મિત્રાવસુને પોતાને ઘેર મોકલ્યો. તે વખતે નજીક આવેલા ગરુડની પાંખોના પવનથી કંપતી પૃથ્વી, તે જીમૂતવાહનનું ધૈર્ય જોવાના આશ્ચર્યથી જાણે ગાજતી હોય તેવી જણાઈ. આથી સર્પનો શત્રુ ગરુડ આવે છે એમ માની, પરોપકારી જીમૂતવાહન વધ્યશિલા ઉપર જઈ બેઠો. ક્ષણ માત્રમાં ત્યાં આવી પોતાની છાયાથી આકાશને ઢાંકનારા ગરુડે, ચાંચથી ચોટ મારી મહા ધૈર્યવાન્ જીમૂતવાહનને ઉપાડ્યો. જેના શરીરમાંથી લોહીની ધાર ચાલી જાય છે, ને જેનો શિખામણિ ઉખેડી નાંખેલો છે, એવા જીમૂતવાહનને પર્વતના શિખર ઉપર લઈ જઈ ગરુડે ખાવાનો આરંભ કર્યો. તે વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ (ને જયજયકારની વાણી ગાજી રહી). તે જોઈ ગરુડ અત્યંત વિસ્મય પામ્યો!! એટલામાં તે શંખચૂડ નાગ, ગોકર્ણને નમસ્કાર કરી પોતે પ્રથમ બેઠો હતો ત્યાં આવી જુએ છે તો ત્યાં લોહીની ધારાથી ભીંજાએલી શિલા દીઠી. 'હાય! હાય! મને ધિક્કાર છે, ધિક્કાર છે! મારે માટે તે મહાત્માએ નક્કી પોતાનો દેહ અર્પણ કીધો છે. અરે! આ ક્ષણે ગરુડ તેને ક્યાં લઈ ગયો હશે? લાવ હું જલદી તેને શોધી કાઢું. કદાચિત્ તે મળી પણ આવે.' એવું ધારી તે શંખચૂડ તેના લોહીની ધારાને અનુસરતો ચાલ્યો.

હવે અહીં રાજી થયેલા જીમૂતવાહનને જોઈ, ભક્ષણ કરવું છોડી દઈ, ગરુડ વિસ્મય સહિત વિચારવા લાગ્યો કે 'આ કોઈ બીજો જ છે; કારણ કે હું એને ખાઉં છું, છતાં ખેદ પામતો નથી, અને ધીર થઈ ઉલટો પ્રસન્ન થાય છે.' આમ ગરુડને વિચારતો જોઈ ધૈર્ય ધરી જીમૂતવાહન બોલ્યો કે, 'હે પક્ષિરાજ! મારા શરીરમાં હજી માંસ અને રુધિર છે, છતાં અકસ્માત તૃપ્ત થયા વિના પણ ભક્ષણથી કેમ વિરામને પામ્યા?' તે સાંભળી આશ્ચર્ય પામેલો ગરુડ પૂછે છે કે, 'હે સાધુ પુરુષ! મને લાગે છે કે તું નાગ નથી. માટે સત્ય કહે કે તું કોણ છે?' ત્યારે જીમૂતવાહને કહ્યું કે, 'હુ નાગ જ છું, મને ભક્ષણ કર, ને જે આરંભ્યું તે પૂરું કર. આરંભ કરેલું કામ પૂરું ન થયું હોય ત્યાં સૂધી ધીર પુરુષો તેને છોડતા નથી.' એ પ્રમાણે જીમૂતવાહન તેને કહે છે, તેટલામાં ત્યાં શંખચૂડ આવી પહોંચ્યો, અને છેટેથી બૂમ મારી કહ્યું કે, 'હે ગરુડરાજ! રહેવા દે, રહેવા દે! એ નાગ નથી, હું તારા ભોગ યોગ્ય નાગ છું; એને છોડી દે. તું ભાન કેમ ભૂલી ગયો છે?' તે સાંભળી ગરુડ અતિ વિભ્રાંત થઈ ગયો, તેમ વાંછિતની અસિદ્ધિથી જીમૂતવાહનને પણ ખેદ થયો. આ વિદ્યાધરોના અધિપતિને અફસોસ કરતો જોઈ ગરુડને પસ્તાવો થયો, ને તેણે વિચાર્યું કે, 'અરે! ત્યારે મેં મોહથી (શું મનુષ્ય ભક્ષણ કર્યું?) રે, ખરેખર આવું ક્રૂર કામ કરવાથી મને પાપ આવી પડયું. એ ખરું છે કે ઉન્માર્ગે ચાલનારાઓ સુલભ રી[illegible] પાપિષ્ઠ થાય છે. પરને માટે પ્રાણ દેનારા આ એક મહાત્મા વખા[illegible]વા યોગ્ય છે, કે જેણે મમત્વ[illegible] મોહને વશ થયેલું જગત્ નીચે કર્યું છે!' આવો વિચાર કરી પાપથી શુદ્ધ થવા અગ્નિમાં[illegible] આ[illegible] કરવાની ઈચ્છાવાળા ગરુડને જીમૂતવાહને કહ્યું કે, 'હે પક્ષીંદ્ર! શા માટે દિલગીર[illegible] આ બાબતમાં

ખર જો તું પાપથી ડરે છે, તો હવે ફરીથી તારે સર્પોનું ભક્ષણ કરવું નહીં, ને પ્રથમ ખાધેલા સર્પોનો જ તારે પસ્તાવો કરવો—એ જ આનો ઉપાય છે. તારું બીજું ચિંતવવું તો વૃથા છે.' પ્રાણીઓ ઉપર દયા કરનારા જીમૂતવાહનનાં એવાં વચન સાંભળી ઉપદેશક ગુરુના વાક્યની પેઠે તેને ગરુડે સ્વીકારી લીધું; અને ખંડિત અંગવાળા તે જીમૂતવાહનને અને બીજા સર્પોને પણ જીવાડવા માટે સ્વર્ગમાંથી અમૃત લાવવા ગરુડ વેગથી દોડ્યો. તે પછી તેની સ્ત્રીની ભક્તિથી પ્રસન્ન થયેલી સાક્ષાત્ પાર્વતીએ આવી, અમૃત સીંચી જીમૂતવાહનને જીવાડ્યો, તેથી આનંદ સહિત દેવતાઓના શબ્દોની સાથે અધિક ઉત્પન્ન થયેલી કાંતિવાળાં તેનાં અંગો થયાં, ને તે સ્વસ્થ થઈ ઉઠ્યો. તેવામાં ગરુડ પણ પાછો આવ્યો, અને તેણે સઘળા કાંઠાના વનમાં પણ અમૃત વરસાવ્યું, તેથી સર્વે સર્પો જીવતા થયા, અને તે સ્થળ ઘણા સર્પોના વસવાથી સાંકડું થઈ ગયું. ગરુડના ભયથી રહિત થયેલું તે વેલાવન, જીમૂતવાહનને જોવા સારુ પાતાળ આવ્યું હોય તેવું જણાયું. તે પછી અક્ષય દેહ અને યશથી શોભાયમાન તે જીમૂતવાહનને જાણી તેના બંધુજનોએ અભિનંદન કર્યું ને જ્ઞાતિ સહિત તેનાં માબાપ તથા સ્ત્રી સહુ હર્ષ પામ્યાં. જેનું પરિણામ સુખવાળું છે એવા દુઃખથી કોણ રાજી નથી થતું ?

હવે ગરુડરાજ તથા જીમૂતવાહનથી વિદાય કરાયલો શંખચૂડ રસાતળમાં* ગયો. આથી ઉદાર જીમૂતવાહનની કીર્તિ ત્રણે લોકમાં પ્રખ્યાત થઈ. પછી હિમાલયની પુત્રી પાર્વતીના અનુગ્રહથી મતંગ વગેરે તેના જે સંબંધીઓ ઘણો વખત થયાં શત્રુતા રાખતા હતા, તેઓ પણ ભય સહિત આવી, પ્રીતિથી જેની સાથે દેવગણ નમ્ર થયેલા છે એવા ગરુડને અને વિદ્યાધરોના તિલક સરખા જીમૂતવાહનને પ્રણામ કરવા લાગ્યા. પછી તેઓની જ પ્રાર્થના ઉપરથી સુકૃતી જીમૂતવાહન, મલયાચળથી પોતાના સ્થાન હિમાલયમાં આવ્યો ત્યાં ધીર જીમૂતવાહને માતા, પિતા, મિત્રાવસુ અને મલયવતી સાથે વિદ્યાધરોનું ચક્રવર્તી પદ ઘણા કાળ ભોગવ્યું. એ પ્રમાણે સર્વ જગતના હૃદયને, ચમત્કાર ઉપજાવનારા વિચિત્ર ચરિત્રવાળા પુરુષોની પદવીને સર્વદા કલ્યાણની પરંપરા, પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે.

ગર્ભને લીધે ઉદાર દોહદવાળી રાણી વાસવદત્તા યૌગંધરાયણના મુખથી એ વાત સાંભળી આનંદ પામી. તે પછી પોતાના પતિ પાસે બેઠેલી વાસવદત્તાએ, પ્રીતિવાળા દેવતાઓનાં વચનના વિશ્વાસથી, 'પોતાનો ભાવી પુત્ર વિદ્યાધરોનો રાજા થશે' એવી પ્રસંગપ્રાપ્ત વાતોથી તે દિવસ નિર્ગમન કીધો.

---

* પાતાળ—...ની નીચેનો પ્રદેશ. એવા પ્રદેશ સાત છેઃ અતલ, સુતલ, વિતલ, મહાતલ, તલાતલ, ...ની ઉપર ... એમ ક્રમે રહ્યા છે.



## તરંગ ૩ જો.

### વાસવદત્તાના સ્વપ્નની કથા.

તે પછી બીજે દિવસે એકાંતમાં મંત્રીમંડળ સહિત બેઠેલા વત્સરાજને વાસવદત્તાએ કહ્યું કે, 'હે આર્ય પુત્ર ! જ્યારથી આ ગર્ભ મને રહ્યો છે ત્યારથી તેના રક્ષણની ચિંતાથી મારા મનને ઘણો શ્રમ પડે છે; અને ગઈ રાત્રિના તેના જ વિચારમાં હું હતી, તેથી મહા કઠિણતાએ મને માંડમાંડ ઉંઘ આવી. ત્યાં સ્વપ્નમાં ભસ્મના લેપથી ઉજ્જ્વળ, ચંદ્રના શેખરવાળી, પીળી જટાવાળી અને જેના હાથમાં ત્રિશૂળ હતું, એવી મૂર્તિથી શોભાયમાન કોઈ પુરુષને મેં જોયો. તે મારી નજદીક આવી દયાળુની પેઠે બોલ્યો કે, 'હે પુત્રિ ! તારે ગર્ભને માટે કશી ચિંતા કરવી નહીં. હું તારા ગર્ભની રક્ષા કરીશ, કેમકે આ ગર્ભ પણ મેં જ તને આપેલો છે. બીજી પણ એક તને વિશ્વાસ આણવા યોગ્ય વાત કહું છું તે સાંભળ. કાલે પોતાના પતિને ઝાલી આક્ષેપથી ખેંચનારી એક સ્ત્રી તમારી પાસે વિનતિ કરવા આવશે. પાંચ પુત્રો સહિત ઘણા બંધુજનોથી વિંટાયલી તે દુષ્ટ સ્ત્રી પોતાના બળથી પતિનો ઘાત કરાવવાની ઇચ્છાથી ખોટું બોલશે; માટે હે પુત્રિ! તું પહેલાંથી વત્સરાજને સૂચના કરી મૂકજે, જેથી તે કુભારજાથી તે સત્પુરુષનો છૂટકો થાય.' એવું કહી તે મહાત્મા અદૃશ્ય થઈ ગયા. પછી હું જાગી ગઇ અને પ્રભાત પણ થયું.' વાસવદત્તાએ એવું કહ્યું ત્યારે મહાદેવનો આ અનુગ્રહ છે, એમ કહેનારા અને એ કાર્યની ખંતવાળા સર્વે જન વિસ્મય થઇ રહ્યા.

### કુભારજાની કથા.

તે જ ક્ષણમાં એક મુખ્ય પ્રતિહારે અકસ્માત્ પ્રવેશ કીધો, અને તેણે ગરીબની ઉપર દયા કરનાર રાજા પાસે વિનતિ કરી કે, 'હે રાજન્ ! બાંધવોથી વિંટાયલી, પોતાના પરવશ પતિનો તરસ્કાર કરતી પાંચ પુત્રોને લઈ કોઈ સ્ત્રી આપની પાસે વિનતિ કરવા આવેલી છે.' તે સાંભળી રાણીના સ્વપ્નની વાતથી વિસ્મય પામેલા રાજાએ પ્રતિહારને આજ્ઞા કરી કે 'તેણીને અહીં આવવા દે.' સ્વપ્નના સત્યપણાંથી સત્પુત્રની પ્રાપ્તિના નિશ્ચયવાળી વાસવદત્તા રાણી પણ પરમ આનંદ પામી. હવે કૌતકથી દ્વારમાં ઉભેલાં સર્વ માણસો જોય છે, એવી રીતે પ્રતિહારની રજાથી પતિ સહિત તે સ્ત્રી રાજભુવનમાં દાખલ થઈ. અંદર આવી પોતાની ગરીબાઇ બતાવી રીતસર પ્રણામ કરી, ખાનગી કચેરીમાં રાણી સહિત બેઠેલા રાજાની પાસે તેણે વિનતિ કરી કે, હે મહારાજાધિરાજ ! આ મારો ભરતાર છતાં નિરપરાધી અનાથ સ્ત્રીનું ભરણપોષણ કરતો નથી, તેમ કપડાં લત્તાં પણ આપતો નથી.' ત્યારે તેના પતિએ કહ્યું કે, 'હે રાજન્ ! સગાંસંબંધીના આશ્રયવાળી, મારા વધને ઇચ્છનારી આ પાપી સ્ત્રી સર્વ જૂઠું બોલે છે. પહેલાં મેં વરસ દહાડા લગી એને અન્ન વસ્ત્રાદિ સઘળું આપ્યું છે, ને એ બાબતમાં છેટે ઉભેલાં તેનાં સગાંસંબંધી મારાં સાક્ષી છે.' આ સર્વ હકીકત સાંભળી ખુદ રાજાએ કહ્યું કે, 'રાણીના સ્વપ્નમાં શૂળપાણિ શંકરે જ આ બાબતમાં

આગળથી સાક્ષી આપી છે, તો પછી બીજા સાક્ષીઓનું શું કામ છે ? માટે બાંધવો સહિત આ સ્ત્રી જ દંડ દેવા લાયક છે.' આવો રાજાનો નિશ્ચય થયા પછી બુદ્ધિમાન્ યૌગંધરાયણે કહ્યું કે, 'હે રાજન્! જોકે ખરેખરું તો એમ જ છે, તો પણ આપે સાક્ષીઓની જુબાની લઇ તેનો યથાયોગ્ય નિકાલ કરવો. કારણ કે લોકોને આ વાતની ખબર ન હોવાથી તેમને એ વિષેની ખાતરી નહિ થાય.' એ પ્રમાણેનું કાર્યભારીનું કહેવું માન્ય કરી, રાજાએ તે જ ક્ષણે સાક્ષીઓને બોલાવી પૂછી જોતાં તેઓ સર્વેએ જણાવ્યું કે, સ્ત્રી જૂઠું બોલે છે. પછી ચારે તરફનો નિશ્ચય થવાથી રાજાએ આખા શહેરમાં 'આ સ્ત્રી પતિનો દ્રોહ કરનારી છે' એવી દાંડી પીટાવી, તેમ જ તેનાં સગાંસંબંધી તથા પુત્ર સહિત તેને દેશનિકાલ દીધો; ને દયાથી કોમળ બુદ્ધિના રાજાએ તેના ભર્તારને બીજો વિવાહ થઇ શકે તેટલું ધન આપી વિદાય કર્યો. પછી એ સ્ત્રીના પ્રસંગપરથી રાજાએ પોતાના મંત્રી મંડળ પ્રત્યે કહ્યું:-

'ક્રૂર અને ભુંડી ભાર્યા, વિપત્તિ અને દુર્દશાના ખાડામાં પડેલા ભર્તારને જીવતાં જ કાગડીની પેઠે કરડે છે; પરંતુ સ્નેહવાળી, કુલીન, ઉદાર મનવાળી, તાપને હરનારી ને માર્ગે રહેલી વૃક્ષની છાયા સરખી સ્ત્રી તો પુણ્યના યોગથી કોઇને જ હોય છે.' એ સાંભળી રાજાની પાસે બેઠેલો, વાર્તા કહેવામાં હુશિયાર **વસંતક** બોલ્યો કે, હે દેવ! વિરોધ કે સ્નેહ પ્રાણીઓને ઘણું કરી પૂર્વ જન્મની વાસનાથી થાય છે. આ પ્રસંગમાં એક કથા કહું છું તે સાંભળો:-

### કલહકારિણી (કંકાસણી) અને સિંહપરાક્રમની વાર્તા.

પૂર્વે કાશીમાં **વિક્રમચંડ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **સિંહપરાક્રમ** નામે એક પ્રિય ચાકર હતો. એ લડાઇમાં અને જુગાર રમતાં જિત મેળવવામાં એક્કો હતો. તેને *કલહકારિણી એવા ઉપનામવાળી વિખ્યાત સ્ત્રી હતી, કે જેના શરીરમાં અને અંતઃકરણમાં પણ અત્યંત વિકારો ભરેલા હતા. તે **સિંહપરાક્રમ** હમેશાં રાજમાંથી અને જુગારમાંથી ધન મેળવી સઘળું તેને સોંપતો હતો. તેને ત્રણ પુત્રો ઉત્પન્ન થયા હતા, તો પણ તે લુચ્ચી સ્ત્રી એક ક્ષણ પણ કજીઓ કર્યાં વિના રહેતી નહીં. 'તું બાહેર ખાય છે, પીએ છે અને અમને કશુંએ આપતો નથી ?' એવી રીતે તે સદા ટકટક કરતી, અને નિત્ય તેને સંતાપતી હતી. તે સ્ત્રીને ખાનપાન અને વસ્ત્રોથી, હમેશ રાજી રાખતાં છતાં પણ તે બિચારાને વધારે બાળવા લાગી. આથી અત્યંત કંટાળી તેના ક્રોધથી ખેદ પામેલો **સિંહપરાક્રમ** તેનું ઘર છોડી દઇ **વિંધ્યવાસિની**નાં દર્શન કરવા આવ્યો. ત્યાં તે ઉપવાસ કરી સૂતો ત્યારે તેના સ્વપ્નમાં દેવીએ કહ્યું કે, 'હે પુત્ર! ઊઠ ને પાછો કાશીમાં જ જા. ત્યાં સૌ કરતાં મોટું એક વડનું વૃક્ષ છે, તેનું મૂળ તું ખોદજે એટલે તેમાંથી તને મોટો ખજાનો મળશે; ને તે ખજાનામાંથી આકાશના કટકા સરખું ને ખડ્ગના જેવું નિર્મળ મરકત તથા માણેકનું એક પાત્ર મળશે. તેમાં તું નિહાળીને જોઇશ તો તારે જે જે જાણવાની ઇચ્છા હશે તે તે, સર્વ પ્રાણીઓના પૂર્વ જન્મનું પ્રતિબિંબ તેમાં તને દેખાશે. તેજ પાત્રથી તારી સ્ત્રીની અને તારી પૂર્વ

* કલહ-કંકાસ, કારિણી-કરનારી.



જાતિને જાણી લઇ કૃતાર્થ, સુખી અને ખેદ વિનાનો તું થઇશ.' આમ કહી દેવી અંતર્ધાન થઇગઇ, એટલે **સિંહપરાક્રમ** ઝબકીને જાગી ઉઠ્યો, અને સવારે નાહી ધોઇ પારણું કરચા પછી તે દેવીની આજ્ઞા માથે ચઢાવી કાશી ભણી ચાલ્યો. ત્યાં જઇ તે વડ તેણે શોધી કાઢ્યો. પછી તેના મૂળમાં ખોદી જોયું તો તેમાંથી અથાક મોટો ખજાનો નિકળ્યો; અને તેના મધ્યથી એક મોટું મણિમય પાત્ર પણ મળ્યું. આથી આશ્ચર્ય થઇ તેણે જિજ્ઞાસાથી તે પાત્રમાં જોયું તો તેને જણાયું કે, પૂર્વ જન્મમાં પોતાની સ્ત્રી ઘોર રીંછણ હતી, અને પોતે સિંહ હતો. એવી રીતે પૂર્વ જન્મની મોટી વૈર વાસનાથી સ્ત્રીનો અને પોતાનો દ્વેષ નક્કી જાણી, તેણે શોક અને મોહ મૂકી દીધા. પછી તેણે તે પાત્રના પ્રભાવથી ઘણી સ્ત્રીઓના પૂર્વ જન્મ જોયા અને તેમ કરતાં જણાયલી જૂદી જૂદી જાતવાળી ઘણી કન્યાઓ તેણે છોડી દીધી. એ પછી તપાસ કરતાં જે કન્યા પૂર્વ જન્મે ખરેખરી સિંહણ જ હતી, કે જેનું નામ **સિંહશ્રી** હતું, તેને એ **સિંહપરાક્રમ** પરણ્યો; અને તે કલહકારિણીને જૂદી રાખી ખોરાકી પોશાકી આપવા માંડી. એ રીતે ખજાનાની પ્રાપ્તિથી સુખી થયેલો **સિંહપરાક્રમ** નવી પ્રિયા સાથે જઇ રહ્યો.

**વસંતક** કહે છે, હે રાજા! એ પ્રમાણે આ જગતમાં મનુષ્યોનાં સ્ત્રી વગેરે કુટુંબીઓ પણ પૂર્વ જન્મના સંસ્કારને લીધે વૈરી અને સ્નેહી થાય છે. એવી રીતે **વસંતક** પાસેથી વિચિત્ર કથા સાંભળી **વાસવદત્તા** સહિત **વત્સરાજ**, અતિ પ્રસન્ન થયો.

### યૌગંધરાયણ વગેરે મંત્રીમંડળને પુત્ર થવાની કથા.

એ પ્રમાણે શોભાયમાન ગર્ભવાળી રાણીના મુખરૂપ ચંદ્રનાં દર્શનથી તૃપ્તિ રહિત **વત્સ**-રાજના દિવસો આનંદે ગુજરવા લાગ્યા. એક પછી એક સર્વે મંત્રીઓને તેમના ભાવી કલ્યાણને સૂચવનારા, શુભ લક્ષણવાળા પુત્રો ઉત્પન્ન થયા. પ્રથમ મુખ્ય કાર્યભારી **યૌગંધરાયણ**ને **મરુભૂતિ** એવે નામે પુત્ર ઉત્પન્ન થયો, તે પછી **રુમણ્વાન**ને **હરિશિખ** નામનો પુત્ર ઉત્પન્ન થયો, **વસંતક**ને **તપંતક** એવા નામનો પુત્ર થયો ને પ્રતિહારના અધિકારી **ઇત્યક** એવું બીજું નામ ધરાવનારા **નિત્યોદિત**ને **ગોમુખ** એ નામનો પુત્ર ઉત્પન્ન થયો. એવી રીતે તે પુત્રો ઉત્પન્ન થવાથી મહોત્સવ ચાલવા માંડ્યો. તત્ક્ષણે આકાશવાણી થઇ કે, 'વૈરીના વંશનો નાશ કરનાર, **વત્સરાજ**ના ભાવી ચક્રવર્તી પુત્રના આ કાર્યભારીઓ થશે.'

### નરવાહનદત્તનો જન્મ.

કેટલાએક દિવસ પછી **વત્સરાજ**ની રાણી **વાસવદત્તા**ના પ્રસવકાળના દિવસો પાસે આવ્યા. વિચિત્ર સુવાસણ અને પુત્રવાળી સ્ત્રીઓથી શોભાયમાન અને આકડાની તથા ખી-જડીની ડાળીથી રક્ષા બાંધેલાં બારી બારણાંવાળા સુવાવડના ઓરડામાં તે રાણીને રાખવામાં આવી હતી. રત્નના દીપની કાંતિના સંબંધથી મંગળરૂપ ગર્ભની રક્ષા કરવાવાળાં, ને તેજનો પ્રકાશ કરતાં હોય તેવાં વિવિધ પ્રકારનાં આયુધથી યુક્ત મંત્રીઓએ ગોઠવણ કરેલા, અનેક મંત્ર અને

તંત્રોથી રક્ષા કરેલા ને પાપથી ન જિતાય એવા માતૃગણુના કિલ્લા સરખા તે સૂતિકાગૃહમાં* વખત થયે, આકાશ જેમ ઉગતા અમૃતમય કાંતિવાળા ચંદ્રને પ્રકટ કરે છે, તેમ વાસવદત્તાએ સુંદર આકૃતિવાળા પુત્રને જન્મ આપ્યો. જેના જન્મ થવાથી તે ઘર જ માત્ર પ્રકાશિત થયું એટલું જ નહિ, પણ એની માનું હૃદય પણ શોકરૂપ અંધકારથી રહિત થઈ ગયું. આમ સુખરૂપ જન્મ થવાથી અંતઃપુરમાં રહેનારાઓને અત્યંત આનંદ થયો. બાદ થોડીવારે અંદરના માણસથી વત્સરાજે પણ પુત્રનો જન્મ જાણ્યો. પછી તે વધાઈની વાત નિવેદન કરનાર માણુસને ઘણું એક દ્રવ્ય આપ્યું. આ પુત્ર થવાના હર્ષને લીધે વત્સરાજ તે વધાઇયાને પોતાનું રાજ્ય પણ આપી દેત; પણ તે ન આપ્યું તે તો ફક્ત અયોગ્ય દેખાય એવા ભયથી જ, પણ કંઈ લોભથી નહીં. પછી તે ઉત્સાહવાળા ચિત્તથી તરત અંતઃપુરમાં આવ્યો અને ઘણે કાળે ફલિત મનોરથવાળા રાજાએ પુત્રનાં મુખદર્શનનું સુખ મેળવ્યું. તે પ્રતાપી બાળકનું મુખ, રાતા અને પહોળા હેઠલા હોઠવાળું, ચલાયમાન ઊર્ણાથી † સુંદર કેશવાળું ને ચક્રવર્ત્તીની લક્ષ્મીને રમવાના કમળ સરખું દીપતું હતું. પહેલાંથી જ ડરીને બીજા રાજાઓની લક્ષ્મીએ તજી દીધેલાં પોતાનાં છત્ર ચામરાદિ ચિહ્નો આ પોતાને ત્યાં જન્મનાર પુત્રના પગને તળીએ છે, એવા સામુદ્રિક લક્ષણુયુક્ત પુત્રને જોઇ, હર્ષના પૂરથી ખીલેલાં અને હર્ષાશ્રુયુક્ત નેત્રોથી રાજા જાણે પુત્રનો સ્નેહ સ્રવતો હોય તેવો દેખાયો ! તેમ યૌગંધરાયણ વગેરે કાર્યભારીઓ પણ અત્યંત રાજીથયા. એવામાં એકાએક આકાશવાણી થઈકે, 'હે રાજન્, તારો આ પુત્ર કામદેવનો અવતાર છે; એ નરવાહનદત્ત એવા નામથી વિખ્યાત થશે ને દેવતાઓના કલ્પ પર્યંત સર્વ વિદ્યાધરોનો એ ચક્રવર્તી રાજા થશે.' એમ બોલતી આકાશવાણી બંધ પડી કે, તુરત આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને દુંદુભિના મંગળ ઘોષ થવા લાગ્યા. આ પ્રમાણે દેવતાઓએ જ ઉત્સવનો આરંભ કરેલો જોઈ અત્યંત પ્રસન્ન થઈ અધિક આદરપૂર્વક તે રાજાએ મોટો ઉત્સવ કરાવ્યો. સર્વ વિદ્યાધરોને પોતાના રાજાનો જન્મ સૂચવતા હોય તેમ રાજાના ઘરમાંથી નિકળેલા વાજિત્રોના શબ્દો આકાશમાં ફરી વળ્યા; મહેલની ઉપર પવને ઉડાવેલી રાતા રંગની પતાકાઓ પણ પોતાની કાંતિથી એક બીજીને સિંદૂર છાંટતી હોય તેવી દેખાઈ, પૃથ્વીમાં અંગ સહિત અનંગ—કામદેવની ઉત્પત્તિના હર્ષથી સંતોષ પામી હોય તેમ ત્યાં આવેલી દેવાંગનાઓ પ્રતિક્ષણે નૃત્ય કરવા લાગી; અને ઉત્સવ કરતા રાજા તરફથી પ્રાપ્ત થયેલાં વસ્ત્ર અને ભૂષણોથી આખું શહર એક સરખા વૈભવવાળું દેખાવા લાગ્યું. રાજા, નોકરા, ચાકર, ભાટ, ચારણ અને ભીખારીઓ વગેરે ઉપર ધનની વૃષ્ટિ કરવા લાગ્યો, એથી તે સઘળાઓ પોતાની ગરીબ સ્થિતિ તજી મોટા ધનાઢ્ય થઈ ગયા ! પછી તે પુત્રને જોવાની ઇચ્છાથી સામંતોના જનાનાની સદાચાર જાણુનારી સ્ત્રીઓ પોતાની દાસીઓના મસ્તકપર ભાત ભાતના નજરાણાં ઉપડાવીને ત્યાં આવી. નગરમાં સવત્ર આનંદ અને નૃત્યમય ચેષ્ટા થઈ રહી, વચન પૂર્ણુ પાત્રમય થયું, વ્યવહાર મહા ધનરૂપ થયો, શબ્દ તૂર્યમય થયો, લોક હળદી કંકુ વગેરે સૌભાગ્યા-

* પ્રસવને સમયે સુવાવડી સ્ત્રીને રાખવામાં આવે છે તે ઓરડો. † ઊર્ણા એટલે બે ભમ્મરની વચ્ચે રૂવાડાંની ભમરી હોય છે તે.



…કાર સજેલાં થયાં, અને પૃથ્વી ચારણુમય થઈ! એ પ્રમાણે પૂર્ણુ થયેલા શહેરીઓના મનોરથની સાથે ઘણા દિવસોથી વૃદ્ધિ પામેલો ઉત્સવ પૂર્ણુ થયો. જેમ જેમ દિવસો જતા ગયા, તેમ તેમ પિતાએ વિધિ પ્રમાણે પાડેલા અને પ્રથમ દિવ્ય વાણીએ જણાવેલા નરવાહનદત્ત એવા નામથી તે રાજપુત્ર બીજના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યો. બોલતાં અને ચાલતાં, તૂટતા પદવાળા તે પુત્રને શોભાયમાન, લીસા, મુગ્ધ ને નખની કાંતિ સરખા ફૂટેલા બે ત્રણુ દાંતના અંકુરો જોઈ તેનો પિતા સંતુષ્ટ થયો. હવે રાજાના હૃદયને આનંદ આપનારા તે બાળરાજપુત્રને કાર્યભારીઓએ પોતાના બાળપુત્રોને તેની આજ્ઞા માનવા રજુ કીધા. પ્રથમ યૌગંધરાયણે મરુભૂતિને સોંપ્યો, પછી રુમણ્વાને હરિશિખને, ઈત્યકે ગોમુખને, વસંતકે તપંતકને અને શાંતિકર ગોરે પોતાના ભાઈના પુત્ર શાંતિસોમ અને વૈશ્વાનર જે પિંગલિકાને પેટે અવતરેલા હતા તેમને સોંપ્યા. તે ક્ષણે મંગળ શબ્દોથી શોભતાં દેવપુષ્પની વૃષ્ટિ આકાશમાંથી થઈ; ત્યારે તે કાર્યભારીઓ અને તેમના પુત્ર મંડળનો સત્કાર કરી રાણી સહિત રાજા આનંદ પામ્યો. બાળકપણુાંમાં પણ મહોદયના હેતુરૂપ છ ગુણો સરખા અભિમત અને તેમાં જ પ્રીતિ રાખનારા છ મંત્રિ પુત્રોવાળો નરવાહનદત્ત રાજકુમાર થયો.

રમત ગમતથી શોભતો, ફુટડાઈથી ફરતો, બોલાવ્યા પછી મંદમંદ હસતો તથા કાલું કાલું અસ્પષ્ટ બોલતો તે નરવાહનદત્ત એક રાજાના ખોળામાંથી બીજા રાજાના ખોળામાં, બીજા પાસેથી ત્રીજાના ખોળામાં એમ કચેરીમાં કાચની પૂતળીની માફક શોભતો હતો; તેવા પુત્રને મીઠી નજરથી જોતાં, રમાડતાં, બોલાવતાં ખોળામાં બેસાડતાં ને લાડ લડાવતાં વત્સરાજના દિવસો વાત્સલ્યરસમાં વીતવા માંડ્યા.

**નરવાહનદત્તજન્મ લંબક સંપૂર્ણ.**

મો.

શ્રી

## મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટ-વિરચિત

# કથાસરિત્સાગર.

( ભાષાંતર. )

---

### पंचमलम्बक–चतुदारिका.

---

### તરંગ ૧ લો.

### વત્સરાજની સભામાં શક્તિવેગના આવવાની કથા.

મદથી* ઘુમાવેલા મોઢાપરથી ખરતા સિંદૂરનાં બિંદુઓથી જમીનને લાલ રંગથી રંગતા, અને પોતાના તીક્ષ્ણ તેજથી વિઘ્નોના વનને બાળતા હોયની શું, તેવા ગણપતિ તમારી રક્ષા કરો.

એ પ્રમાણે **નરવાહનદત્ત** નામના એક પૂરા લાડકવાયા પુત્રને ઉછેરતો વત્સરાજ રાણી સહિત પુત્રની રક્ષા કરવાના ચિંતવનમાં બેઠો હતો. એમ તેને એકાંતમાં બેઠેલો જોઈ એક દિવસ **યૌગંધરાયણ** કાર્યભારી તેની પાસે આવ્યો, અને કહ્યું કે, ‘હે રાજન્ ! આપે **નરવાહનદત્ત** કુમારની રક્ષાની કશી ચિંતા કોઈ પણ દિવસ કરવી નહીં. આ કુમાર આપના ઘરમાં ઉત્પન્ન નહોતો થયો તેની પેહેલાંજ **શંકરે** કહ્યું છે કે, ‘એ સર્વ વિદ્યાધરોના ચક્રવર્તી થશે,’ ને ભૂંડું ચાહનારા અને અંતઃકરણમાં મત્સર રાખનારા વિદ્યાધરોના અધિપતિઓ વિદ્યાના પ્રભાવથી એ વાત જાણી બહુ ક્ષોભ પામ્યા છે. અને એ પ્રમાણેની હકીકત જાણી **શંકરદેવે** આ કુમારની રક્ષા

---

* હાથીના મસ્તકવાળા ગણપતીની સૂંઢ લાલ રંગવાનો રિવાજ છે, ને તેથી તે મસ્ત છે એમ કલ્પના કીધી છે.



કરવા સારુ પોતાના **સ્તંભગ** નામના **ગણેશને*** રાખેલા
એવી રીતે રહી આની રક્ષા કરે છે.

આ વાત **નારદજીએ** આવી મને કહેલી છે.’ આવી રીતે
આકાશમાંથી કિરીટ, કુંડળ અને ખડ્ગ ધારણ કરનાર કોઇએક પુરુ
નમસ્કાર કર્યાં. પછી **વત્સરાજે** તેની યોગ્ય પરોણાગત કરી કૌતુકથી પૂ
છો ? અને અહીં શા કામે આવેલા છો ?’ ત્યારે તેણે ઉત્તર વાળ્યો કે,
અને હાલમાં **શક્તિવેગ** નામે વિદ્યાધારોનો અધિપતિ થયો છું. મારા દુશ્મન
પ્રભાવથી તમારો પુત્ર અમારો ચક્રવર્તી થશે, એવું જાણી હું અહીં તેને જોવા
પ્રમાણે ખરું કારણ જાણી વત્સરાજે ખુશી સાથે પોતાના પુત્ર **નરવાહનદત્તને**
પછી ભવિષ્યમાં એ ચક્રવર્તી થશે એમ જાણી, પ્રસન્ન થતા **શક્તિવેગને** **વત્સરાજ** વિ
રી પૂછવા લાગ્યો કે, ‘હે સખે ! વિદ્યાધરપણું કેમ મળે, અને તે કેવું હોય છે ? તથા ત
રીતે પ્રાપ્ત થયું ? એ અમને કહો.’ આવું રાજાનું વચન સાંભળી **શક્તિવેગ** વિદ્યાધર
મન કરી કહેવા લાગ્યો કે, ‘હે રાજન્ ! આ જન્મમાં કે પૂર્વ જન્મમાં **શંકરનું** આરાધન કર
ના અનુગ્રહથી ધીર પુરુષો વિદ્યાધરનું પદ પામે છે. દિવ્ય જ્ઞાન, ખડ્ગ અને માળાને સાધનારું પદ
નેક પ્રકારનું છે. મને તે પદ જેવી રીતે મળ્યું છે તે હું તમને કહી સંભળાવું છું, તે સાંભળો.’
એમ કહી **વાસવદત્તા** સહિત **વત્સરાજ** આગળ, **શક્તિવેગ** પોતાની કથા કહેવા લાગ્યો.

### કનકપુરી અને શક્તિદેવની કથા.

પૃથ્વીના ભૂષણ સરખા **વર્ધમાન†** નગરમાં, પૂર્વે, શત્રુઓને શમાવનાર **પરોપકારી**
નામનો રાજા હતો. ઉન્નતિવાળા તે રાજાને **કનકપ્રભા** એવા નામની રાણી હતી.
લતા રહિત વીજળી જેમ મેઘ સાથે શોભે તેમ તે રાણી તેની સાથે શોભતી હતી. કેટલેક
વિધાતાએ જાણે લક્ષ્મીના રૂપનો ગર્વ શાંત કરવા ઉત્પન્ન કરી હોય, એવી એક કન્યા
ણીને પેટે જન્મી. લોકનાં લોચનને ચંદ્રિકા સરખી શીતળતા દેતી તે કન્યા વૃદ્ધિ પામી,
તેના પિતાએ તેની માનું નામ સૂચવી આપે એવું **કનકરેખા** નામ પાડયું. એક દિવસ તે કન્યાને
યાવનમાં આવેલી જોઈ પરમપવિત્ર **પરોપકારી** રાજાએ કનકપ્રભાને એકાંતમાં કહ્યું કે,
પ્યારી પ્રિયા ! ઉમરે આવેલી બાળા (પિતુ) ગૃહમાં શોભે નહી. જેમ જેમ આ કન્યા વધે છે, તેમ
તેમ તેના વિવાહની ચિંતા પણ મને વધતી જાય છે. હે રાણી ! આ કનકરેખા મારા હૃદયને દુઃખ
કરે છે. ઉંચ કુળની કન્યા, જો યોગ્ય ઘર ન પામે તો જેમ તાલસુર વગરનું ગાન ઠીક
લાગતું નથી, તેમ જ આ કુલકન્યા વિદ્યાની પેઠે મોહથી જો કુપાત્રને આપી હોય તો, તેમાંથી
યશ કે ધર્મ કશું નિવડતું નથી, પણ ઉલટો પસ્તાવો થાય છે. માટે આ કન્યા કયા રાજાને

---

* ગણ–ઈશ=ગણેશ–મહાદેવના અનુચર ગણ કહેવાય છે; અને તે ટુકડી બંધ રહે છે. તેમાં સર્વ ના અધિપતિ ગજાનન છે. બાકી પોતપોતાની ટુકડીના જમાદાર કહેવાય, તેને સંસ્કૃતમાં ગણેશ ગણપતિ એમ કહી શકાય છે.

† હાલનું બર્ડવાન–બેંગાલમાં છે.

...ની મને મોટી ચિંતા થાય છે.' તે સાંભળીને સ્મિતવદનથી
...મ તો એમ કહો છો, પણ આપણી બાળાની તો પતિ
... બનાવટના રમકડાંના પુત્ર કરી તે આજ જ રમતી હતી, ત્યારે
...ા, હું તને પરણેલી ક્યારે જોઇશ?' એ સાંભળી આક્ષેપ કરી તેણે
... બોલો, મારાં કોઈ સાથે લગ્ન કરતાં જ નહીં. મારે તો કુંવારી જ રહેવું
...લગ્ન કોઈ જગોએ કરશો તો મને શબવત્ જાણજો.' આમાં કાંઈક કારણ
... તેના કહેવાથી ખિન્ન થઇ હું આપની પાસે આવી છું. હવે જ્યારે વિવાહની જ
...ા પછી વરનો વિચાર કેવો ?" આવું રાણીનું વચન સાંભળી તે રાજાના મનમાં
..., તેથી કન્યાના અંતઃપુરમાં જઈ તે પુત્રીને કહેવા લાગ્યો કે, 'સુર અને અસુરની
...ન માટે તપ કરે છે, ને પ્રભુની પ્રાર્થના કરે છે, કે જેથી તેમને ઉત્તમ વર મળે; તો હે
... કેમ તે વાતનો નિષેધ કર્યો ?' આવાં પિતાનાં વચન સાંભળી નીચું જોઈ કનકરેખા
... કે, 'હે પિતાજી ! હાલ જ્યારે મને વિવાહની ઇચ્છા નથી, તો આપને તે માટે આગ્રહ કરવાનું
... પ્રયોજન છે? અને તમે આ વાતનો શા માટે આગ્રહ કરો છો ?' એવું પુત્રીનું બોલવું સાંભ
ળી, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ પરોપકારી રાજા ફરીથી તેને કહેવા લાગ્યો કે, 'બહેન, મને કન્યાદા
દીધા વિના પાપની શાંતિનું બીજું શું સાધન છે? અને વળી બાંધવોને આધીન રહેલી કન્યા સ્વત
ત્રતાને લાયક નથી. કન્યા ઉત્પન્ન થઇ એટલે તે બીજાને માટે જ રક્ષણ કરવામાં આવે છે. બાલ્ય
વસ્થા વિના પતિ સિવાય તેને પિતાનું ઘર તે કેવું? કન્યાને પિતાને ઘેર રહેતાં છતાં રજોદર્શન થ
તો તેના ગંધર્વો અધોગતિને પામે છે, ને તે કન્યા પણ કન્યા મટી *વૃષલી થાય છે, અને એ
પતિ થાય તે પણ વૃષલીપતિ કહેવાય છે.' એવાં પિતાનાં વચન સાંભળી તે ક્ષણે કનકરેખા
પોતાના મનની ખરી વાત પ્રકાશ કરી. તે બોલી કે, 'પિતાજી, જો એમ છે, તો હરકોઇ ક્ષત્રિ
કે બ્રાહ્મણ સાથે મારાં લગ્ન કરવાં, પણ તેઓમાં જેણે કનકપુરી જોઇ હોય તે જ મારો પતિ થ...
નહીંતર મિથ્યા મને હેરાન કરવી નહીં.' એવી રીતે તે પુત્રીએ કહ્યું. ત્યારે રાજા વિચાર ક...
લાગ્યો કે 'આ ઠીક થયું અને બેશક આ પ્રથમ એણે કોઇ પણ સરતે વિવાહની હા કહી એ...
ઘણું છે. કોઇ કારણને લીધે મારે ઘેર દેવી અવતરેલી છે, નહીંતર બાળકપણાંમાં તે આટલું
બધું ક્યાંથી જાણે?" એવો વિચાર કરી પુત્રીનાં વચનને સ્વીકારી ત્યાંથી ઉઠી રાજાએ બાકીનું નિત્ય
કર્મ કર્યું. બીજે દિવસે સભામાં સર્વ સભાસદોને પૂછ્યું કે, 'તમારામાંથી કોઇએ કનકપુરી દીઠી
છે? જેણે તે જોઇ હોય તેને, જો ભલે તે બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય હોય પણ મારે તેને કનકરેખા
અને †યૌવરાજ્ય આપવાનું છે.' ત્યારે એક બીજાના મ્હોં સામું જોનારા તે સભાસદોએ કહ્યું કે,
'અમે તો તે નગરીનું નામ પણ સાંભળ્યું નથી, તો દીઠી ક્યાંથી હોય?' પછી રાજાએ પ્રતિહારને
બોલાવી કહ્યું કે, 'તું આ શહેરમાં જા, અને સઘળે દાંડી પીટાવી ઢંઢેરો ફેરવી જો કે કોઇએ કનક-
પુરી જોઈ છે કે નહીં.' એવી આજ્ઞા ઉપરથી પ્રતિહાર તુરત ચાલી નિકળ્યો, ને શહેરમાં

* શુદ્રા. † મારા રાજ્યનું યુવરાજપણું.



જઈ રાજપુરુષોને આજ્ઞા કરી અને પુરમાં આ મુજબ પડો વજડાવ્યો, જે સાંભળતાં સૌકો ચકિત થઈ ગયા:–

' બ્રાહ્મણ કે ક્ષત્રિયમાંનો કોઇ પુરુષ કનકપુરી પેખનાર અહિં છે? જો હોય તો તેને રાજા પુત્રી સાથે વળી યૌવરાજ્ય આપે છે !'

આ પ્રમાણે નગરમાં ચારે કોર ઢોલ વગાડી વિસ્મય ઉપજાવનારું વચન કહ્યું. એ ઢંઢેરો સાંભળી સૌ શહેરીઓ પરસ્પર વાતો કરવા લાગ્યા કે, 'આ કનકપુરી એવું નામ સંભળાય છે, એ તે શું જગતમાં હશે ? આપણે બુઢ્ઢા થયા તો પણ કોઇ દિવસ કનકપુરી દીઠી કે સાંભળી પણ નથી.' તેથી 'મેં જોઇ છે' એવું કોઇએ પણ કહ્યું નહિ ?

એટલામાં ત્યાં ફરતા **શક્તિદેવ** નામના એક બ્રાહ્મણે તે ઢંઢેરો સાંભળ્યો. તે **શક્તિદેવ**ના બાપનું નામ **બળદેવ** હતું, ને તે એ જ શહેરમાં રહેતો હતો. **શક્તિદેવ** જુવાન હતો, પણ જુગાર રમતાં હારી જઈ તે નિર્ધન થઇ ગયો હતો, તેથી બાપને ઘેર કે વેશ્યાને ઘેર તેનાથી જવાય એમ નહોતું. એવી રીતે તેને કોઇ રસ્તો ન સૂઝવાથી તેણે વિચાર્યું કે 'લાવ હું ખોટું બોલું કે મેં તે નગરી જોઇ છે. એમાં કોને ખબર પડવાની છે કે આણે તે નગરી નથી જોઇ ? કારણ કે એ નગરી તો કોઇએ જોઇ નથી, કે જેથી મને કોઇ ખોટો પાડી શકે; અને તેથી કદાચિત્ હું રાજપુત્રી પરણી શકીશ.' એવું વિચારી ત્યાં જઇ **શક્તિદેવે** પડો વજાડનારને કહ્યું કે, 'મેં તે કનકપુરી જોઈ છે.' સાબાશ ભાઇ સાબાશ ! ત્યારે તમે અંગરક્ષક પાસે ચાલો,' એમ તે ક્ષણે માણસોએ કહ્યું, ત્યારે તે તેમની સાથે ગયો, અને ત્યાં જઇ તે રક્ષકને પણ તે જ પ્રમાણે અસત્ય કહ્યું કે, 'તે નગરી મેં જોઈ છે,' તેથી પ્રતિહાર તેનો સત્કાર કરી રાજા પાસે લઈ ગયો. રાજાની પાસે પણ તેણે બેધડક એમ જ કહ્યું.

ત્યારે રાજાએ પણ તુરત તો તે માન્યું, પણ ખરાખોટાનો નિશ્ચય કરવા સારુ કનકરેખા પુત્રીને પાસે તે બ્રાહ્મણને મોકલ્યો. કન્યાએ પણ રક્ષકના મુખથી જાણી તેને પાસે બોલાવી પૂછ્યું કે, 'તેં કનકપુરી જોઇ છે ?' ત્યારે **શક્તિદેવે** કહ્યું કે 'હા, એ નગરી મેં વિદ્યાર્થી અવસ્થામાં પૃથ્વી ઉપર હું મુસાફરી કરતો હતો ત્યારે દીઠી છે.' ત્યારે ફરીથી કનકરેખાએ પૂછ્યું કે, 'તું એ નગરીમાં કીયે માર્ગે ગયો હતો ? અને એ નગરી કેવી છે ?' આવો પ્રશ્ન સાંભળી **શક્તિદેવે** પણ અડાવ્યું કે, 'અહીંથી હું **હરપુર** નગરમાં ગયો હતો. તે પછી ક્રમે કરી કાશીમાં પહોંચ્યો; ત્યાંથી **પૌંડ્રવર્ધન** અને તે પછી કનકપુરી નગરીમાં ગયો હતો. સુકૃત કરનારાઓને ભોગવવા લાયક અને **અમરાવતી** સરખી–દેવતાઓનાં નેત્રોને પણ આનંદ દેનારી શોભાવાળી તે કનકપુરી મેં જોઈ છે. ત્યાં વિદ્યા ભણી કેટલેક કાળે હું અહીં આવ્યો છું.' આમ ગયો ને ત્યાંથી તેમ ગયો, અને એ પુરી એવી છે ને તેવી છે, એવાં તે ધૂર્ત બ્રાહ્મણનાં વચન સાંભળી રાજપુત્રી ખડખડ હસી પડી ને પછી તે બ્રાહ્મણને કહ્યું કે, 'અરે બ્રાહ્મણ, સાચે જ તેં તે નગરી જોઈ છે ? વારુ ફરીથી કહે કે તું કયે રસ્તે ગયો હતો ?'

તે સાંભળી **શક્તિદેવે** ઘણું જ નીડરપણું કરવા માંડયું. પણ કનકરેખાએ તેનું કશું ન માનતાં દાસીઓને હુકમ કરી તેને બહાર કહાડી મૂકયો; ને પછી તુરત જ કનકરેખા પિતા પાસે ગઇ. દીકરીને પોતા પાસે આવેલી જોઇ હરખાઇને પિતાએ પૂછયું કે, 'કેમ બહેન, એ બ્રાહ્મણ કહે છે તે સાચું છે કે ?' ત્યારે તે રાજપુત્રીએ કહ્યું કે, 'પિતાજી, તમે રાજા થઇને વગર વિચાર્યે કેમ કામ કરો છો ? આપ નથી જાણતા કે ધૂર્ત પુરુષો સરલ મનુષ્યોને કેવી રીતે ઠગે છે ? તે કપટી બ્રાહ્મણ ખોટી રીતે મને ઠગવાને ચાહે છે. એ જૂઠા બ્રાહ્મણે તે નગરી બીલકુલ જોઈ નથી. પિતાજી, એ તો શું, પણ પૃથ્વીમાં ધૂર્ત લોકો અનેક જાતની ઠગાઇઓ કરી ઠગે છે. એ સંબંધે હું શિવ અને માધવનું દૃષ્ટાંત તમને કહું તે સાંભળો.' એમ કહી તે રાજકન્યાએ નીચે પ્રમાણે કથા કહેવા માંડી:–

## શિવ અને માધવ નામના બે ઠગની કથા.

પૂર્વે એક રત્નપુર નામે અત્યુત્તમ નગર હતું, કે જેના નામ પ્રમાણે જ ગુણો હતા. તે નગ રમાં **શિવ** અને **માધવ** એવા બે ઠગ શિરોમણિ રહેતા હતા. તેમણે અનેક ધૂતારાઓનો પરિવાર એકઠો કરી તે શહેરમાં વસતા સઘળા પૈસાદાર લોકોને ઠગી લીધા હતા. એક દિવસ તે બે જણાએ પરસ્પર વિચાર કર્યો કે, આ નગર તો આપણે સઘળું લૂટી લીધું છે, માટે હવે ઉજ્જયિની પુરીમાં રહેવા જઇએ. ત્યાંના રાજાનો **શંકરસ્વામી** નામનો રાજગોર મોટો શ્રીમંત સંભળાય છે. તેની પાસેથી યુક્તિ કરી ધન કઢાવી માલવ દેશની સ્ત્રીઓના વિલાસોના ભોગવનાર મનીએ. જે જે બ્રાહ્મણને ત્યાંના રાજા પાસેથી દક્ષિણા મળે છે, તેમને એ **શંકરસ્વામી** પોતાને ઘેર બોલાવી ધમકી આપી લાલચોળ આંખ દેખાડી અરધી દક્ષિણા તેઓ પાસેથી પડાવી લે છે; તેમાંથી એકઠા કરેલા ધનના સાત કળશ તેના ઘરમાં દાટેલા છે; એવો તે મહાલોભી સંભળાય છે. એ બ્રાહ્મણને ઘેર એક રત્ન જેવી કન્યા છે, એવું પણ સાંભળ્યું છે; તો તે પણ આ પ્રસંગથી આપણે જરૂર મેળવી શકીશું.' એમ પરસ્પર સંકેત તથા નિશ્ચય કરી **શિવ** અને **માધવ** તે શહેરથી નિકળી પડયા. ધીમે ધીમે ફરતાં ફરતાં તેઓ ઉજ્જયિનીમાં આવી પહોંચ્યા, અને ત્યાં તેમણે શહેરની બાહેર ઉતારો કર્યો. **માધવે** કોઇ ફક્કડ રાજપુત્રનો વેષ ધારણ કર્યો ને મોટા દમામ સાથે ગામ બહાર રહ્યો; ત્યારે આણીમેર ઘણી માયામાં વિચક્ષણ **શિવ** સંપૂર્ણ બ્રહ્મચારીનો વેષ કરી એકલો જ નગરીમાં પેઠો. ત્યાં **ક્ષિપ્રા** નદીને કાંઠે માટી, દર્ભ, ભિક્ષાનું વાસણ અને મૃગચર્મ વગેરે પોતાની સાથેની વસ્તુઓ બધા મનુષ્યોની નજરે પડે એવી રીતે બીછાવી એક મઠમાં ઉતારો કર્યો. દરરોજ સવારે **શિવ** પોતાને શરીરે લેપ કરવા લાગ્યો, તેથી તે ***અવીચિ** નરકના લેપનો અજમાશ કરતો હોય તેવો જણાયો. વળી કુકર્મથી થનારી અધોગતિનો અભ્યાસ કરતો તેમ નદીમાં ડૂબી નીચું મૂખ કરી રહેવા લાગ્યો. વળી પોતાનું શૂળ ઉપર ચડવા યોગ્યપણું ડતો હોય તેમ સ્નાન કરી સૂર્ય સન્મુખ ઘણીવાર લગી ઉંચે મ્હોએ ઉભો રહેવા લાગ્યો. દેવની પાસે જઇ હાથમાં દર્ભનો જૂડો લઈ પદ્માસનવાળી કપટી **શિવશર્મા**, બ્રહ્માની કરતો બેઠો. વચમાં કપટ કરી સાધુના હૃદય સરખાં સ્વચ્છ પુષ્પો લાવી **શંકરની** પૂજા વા

* એ નામનું નરક છે.



લાગ્યો. પૂજા કરી ફરીથી પણ જપ કરવા લાગ્યો; અને કુમાર્ગમાં સાવધાન હોય તેમ ધ્યાન ધરવા લાગ્યો. પાછલે પહોરે કાળીઆર મૃગનું ચર્મ ધારણ કરી ભિક્ષા માગવા સારુ તે શહેરમાં, તેની ઠગાઈ રૂપ માયાના કટાક્ષની પેરે તે ફરવા ગયો. મૌન્ય ધરી દંડ અને મૃગચર્મ ધારણ કરનારો તે **શિવશર્મા** સત્યના ત્રણ કટકા કરતો હોય, તેમ તેણે બ્રાહ્મણોનાં ત્રણ ઘરથી ભિક્ષા માગી લીધી. તેમાંથી એક ભાગ કાગડાઓને, બીજો ભાગ અભ્યાગતને અને દંભના બીજ રૂપ ત્રીજો ભાગ તેણે માત્ર પોતાના પેટ રૂપી ધમણમાં નાંખ્યો. વળી તે પોતાનાં સર્વ પાપો ગણતો હોય તેમ જપ કરતાં ઢોંગ કરી જપમાળાને ફેરવતો હતો. રાત્રિમાં લોકોની સૂક્ષ્મ તર્ક કરવાની જગો વિચારતો એકલો મઢુલીમાં રહેતો હતો. એ પ્રમાણે દરરોજ કપટમય તપ કરવાથી તેણે નગરમાં રહેનારાં મનુષ્યોનું મન પોતા તરફ આકર્ષી લીધું. અહો ! આ તો કોઈ મહા શાંત તપસ્વી છે ! એવી રીતે સર્વ ભક્તિવાન્ મનુષ્યોમાં તેની પ્રસિદ્ધિ થવા લાગી.

જ્યારે એક તરફ આવો ઠાઠ ચાલે છે, ત્યારે બીજી તરફ તેનો બીજો સખા **માધવ** છૂપા દૂતોથી તેનું વૃત્તાંત જાણી એ નગરીમાં પેઠો. તેણે દૂરના એક દેવ મંદિરમાં ઉતારો કર્યો, ને પછી હમેશાં રાજકુમારનો ડોળ ધરી નહાવા સારુ **ક્ષિપ્રા** નદીને કિનારે જવા માંડયું. એક દિવસે તે સ્નાન કરી નગરના લોકોને આશ્ચર્ય પમાડતો, નોકર ચાકરના દમદમાટ સાથે દેવદર્શન કરવા ગયો, ને ત્યાં ધ્યાનમાં બેઠેલા, તેમ જ જપમાં મગ્ન થઈ રહેલા તે **શિવને** જોઈ સૌ લોકના જેતાં ઘણી નમ્રતાથી તેના પગમાં પડયો; અને સર્વ મનુષ્યો પ્રત્યે કહેવા લાગ્યો કે, આના જેવા બીજા કોઇ તપસ્વીને મેં નિહાળ્યા નથી. આ મુનિને તીર્થમાં ભમતા વારંવાર મેં જેયા છે. આ વખતે **શિવ** જાણે તે મોટા રાજપુત્રની વાતને પણ બિસાતમાં ન ગણતો હોય ને પોતાના ધ્યાનમાં જ મગ્ન હોય. તેમ તેની સાંમું જેયા છતાં દંભથી ગરદન થંભાવી રાખી ને અક્કડનો અક્કડ રહ્યો. તે પછી **માધવ** પણ પોતાને ઉતારે ગયો. રાત્રિને સમયે તે બન્ને જણાઓએ હવે પછી શું કરવું, તેનો સંકેત કીધો. મરજી પ્રમાણેનો સંકેત નક્કી કરી પાછલી રાત્રિના **શિવ** પોતાની મઢીમાં આવ્યો. પ્રભાત થતાં જ **માધવે** પોતાના એક સાગ્રીતને આજ્ઞા કરી કે " અહીં એક **શંકરસ્વામી** નામે રાજગોર રહે છે, તેની પાસે આ બે વસ્ત્રો ભેટ દાખલ લઈ જા. એ તેને આપીને કહેજે કે, '**માધવસેન** નામનો રાજપુત્ર, તેના ભાયાતોએ કરેલા પરાજયથી દક્ષિણ દેશમાંથી પિતાનું ઘણું ધન લઇ કેટલાએક સખા સરખા રાજપુત્રોની સાથે અહીં આવેલો છે. તેને અહીં તમારા જાની નોકરી કરવાની ઇચ્છા છે; તો તેણે તમને મળવા સારુ મને મોકલ્યો છે.' આવાં વિનયનાં પાર્થના શિખવી **માધવે** પોતાના ઠગને મોકલ્યો. તે હાથમાં ભેટ લઈ રાજાના ગોરને ઘેર ગયો. ત્યાં દાધી, અવસર જોઈ એકાંતમાં તે ભેટ આપી, અને **માધવનો** સંદેશો પણ યથાયોગ્ય કહી સંભળા- તેને ૯ **શંકરસ્વામીએ** આથી પરિણામે પોતાને લાભ થશે, એમ વિચારી ભેટના લોભથી તેની પગમ ઘેલી વાત સાચી માની. લોભીને ભેટ આપવી, એ એક તેને આકર્ષણ કરવાનું ઔષધ છે. હવે તે છી તે ઠગ ભેટ આપી પાછો આવ્યો. બીજે દિવસે તે **માધવ** પોતાના સાગ્રીદો સહીત

'અમે રાજપુત્ર છીએ' એમ કહી, હાથમાં લાકડાનાં રાજદંડનાં ચિહ્ન ધારણ કરી *કાર્પટિકનો વેષ ધરી ભીમીએ બતાવેલા રસ્તા પ્રમાણે **શંકરસ્વામી**ને ઘેર ગયો. તેને પોતાને ત્યાં આવતા જોઇ તે ગોર પણ સામો ચાલી આવ્યો, અને આનંદથી આગતાસ્વાગતા તથા અભિનંદન આપ્યું. તે પછી તે **શંકરસ્વામી** સાથે ક્ષણ માત્ર વાતો કરી તેની રજા લઇ **માધવ** પોતાને ઉતારે આવ્યો. બીજે દહાડે ફરીથી બે કપડાંની ભેટ મોકલાવીને ફરીથી પણ તેની પાસે જઇ કહેવા લાગ્યો કે, 'પરિવારના આગ્રહથી અમો નોકરી કરવાને ચાહીએ છીએ, ને એટલા કારણથી જ તમારો આશરો લીધો છે. બાકી ધન તો અમારી પાસે બહુ છે.' એ સાંભળી પ્રાપ્તિની આશાથી **શંકરસ્વામી**એ **માધવ**ની તે ઇચ્છા પાર પાડવાની પ્રતિજ્ઞા કરી; અને તરત રાજા પાસે જઇ એને માટે અરજ કરી. ગોરના ગૌરવથી રાજાએ પણ તે અરજ માન્ય રાખી. બીજે દિવસે **શંકરસ્વામી**એ તેના પરિવાર સહિત **માધવ**ને રાજા પાસે લઈ જઇ તેને મોટાઇની સાથે ઉભો કીધો. રાજપુત્રના સરખી આકૃતિવાળા **માધવ**ને જોઈ રાજાએ પણ આદરથી અનુગ્રહ કર્યો અને તેને આજીવકા કરી આપી. તે પછી રાજાની ચાકરી કરવા **માધવ** રહ્યો; ને હમેશ રાત્રિએ **શિવ**ની પાસે સંકેત કરવા જવા લાગ્યો. લોભથી ઉપચાર ઉપર ઉપજીવન કરવાવાળા **શંકરસ્વામી**એ એક સમયે કહ્યું કે 'રાજપુત્ર ! તમે કોઈ વાતે સંકટ ન વેઠતાં ખુશીથી અહીં મારે ઘેર જ રહો.' ત્યારે ભાવતું હતું ને વૈદે કહ્યું, તેમ પોતાના નોકરચાકર સાથે **માધવ** ત્યાંજ રહેવા લાગ્યો.

ઝાડનાં ડાળામાં રહેલો મદ્ગુ† તે ઝાડના જ વિનાશનું કારણ છે. હવે **માધવે** બનાવટના માણિક્યમય આભૂષણોની એક પેટી ભરીને **શંકરસ્વામી**ને આપી, ને તેને તેમની તીજોરીમાં સાચવી મૂકવાની ભલામણ કરી. વળી વખતે વખતે તે પેટી ઉઘાડી કપટથી તેમાંનાં થોડાં થોડાં આભૂષણો **શંકરસ્વામી**ને દેખાડીને તે ચમકાવવા લાગ્યો, ને જેમ ઘાસ દેખાડી ગૌનું મન હરણ કરે તેમ તેનું મન હરી લીધું. એમ કરતાં કરતાં **શંકરસ્વામી**નો જ્યારે પોતાનાપર પૂર્ણ વિશ્વાસ બેઠો ત્યારે **માધવે** અલ્પ આહારથી શરીર દુબળું કરી ખોટી રીતે મંદવાડ માગી લીધો અને કહ્યું કે, 'હે ઉત્તમ બ્રાહ્મણ **શંકરસ્વામી** ! મારા શરીરની તો આવી વિષમ દશા છે; માટે કોઈ સુપાત્ર બ્રાહ્મણને તેડી લાવો, કે જેને, આલોકમાં અને પરલોકમાં કલ્યાણ થવા સારુ, આ મારું સઘળું દ્રવ્ય આપી દઉં. કારણ કે આ જીવિત અસ્થિર છે. માટે ડાહ્યા પુરુષને ધનમાં શું આસ્થા હોય?' એ સાંભળી દાન ઉપર ઉપજીવિકા કરનારા **શંકરસ્વામી**એ તેની પ્રશંસા કરી તથા કહ્યું કે 'તમારી ઇચ્છા મુજબ હું કોઈ સુપાત્ર બ્રાહ્મણને લાવું છું.' એ સાંભળી **માધવ** તેના પગમાં પડ્યો. તે પછી **શંકરસ્વામી**

* એ નામના વેરાગીની જાતિ હોય છે. હાલમાં તેવા ક્વચિત્ હોય છે, પણ આગળના વખત ક્ષપણક અને કાર્પટિક બહુ હતા.

† મદ્ગુ એવું જલકુકડીનું નામ છે.

' मद्गुः पानीयकाकिका' વળી મૂલ કથાસરિત્સાગરમાં આવું પાઠાંતર છે– विनाशहेतुर्वासोयमाखोः र तरोरिव અર્થ-જેમ ઝાડની ડાળના ફાડચામાં ઉંદરનો વાસ ઝાડના નાશનું કારણ બને છે, તેમ તેનો વાર નાશનો હેતુ થયો.



જે જે બ્રાહ્મણને લાવતો ગયો, તેઓને જોઈ એથી પણ અધિક સુપાત્રની ઇચ્છાથી **માધવ** તે બ્રાહ્મણોનો નિષેધ કરવા લાગ્યો. તે જોઈ તેને પડખે બેઠેલો એક ધૂર્ત બોલ્યો કે, આને કોઈ સાધારણ બ્રાહ્મણ પસંદ પડતો નથી, તો એક **શિવશર્મા** નામનો મહા તપસ્વી છે, તે ક્ષિપ્રાને કાંઠે રહે છે, તે એને પસંદ પડે છે કે નહીં, તે જુઓ. તે સાંભળી તે માંદા **માધવે** **શંકરસ્વામી**ને કહ્યું કે, 'એ ઘણા હર્ષની વાત છે. કૃપા કરી તેને જ અહીં લાવો. તેના જેવો અહીં બીજો કોઈ બ્રાહ્મણ નથી. એવું સાંભળી **શંકરસ્વામી** શિવની પાસે ગયો, તો ત્યાં તેને ધ્યાનમાં નિશ્ચળ થઇ બેઠેલો જોયો. તેની પ્રદક્ષિણા કરી **શંકરસ્વામી** નજદીકમાં બેઠો. તે ક્ષણે તે ધૂર્તે પણ ધીમે ધીમે આંખ ઉઘાડી; એટલે પ્રણામ કરી નમ્રતાથી પુરોહિત બોલ્યો કે, 'હે પ્રભો ! જો ગુસ્સે ન થાઓ તો કાંઇક વિનતિ કરું.' તે સાંભળી હોઠ હલાવવાની ઇશારત કરી **શિવે** તેની વિનતિ સાંભળવાની હા પાડી. ત્યારે **શંકરસ્વામી** બોલ્યો કે, 'આ ગામમાં દક્ષિણ દેશનો **માધવ** નામનો કોઈ રાજપુત્ર આવી રહ્યો છે. તે હાલ શરીરે બેહાલ છે, તેથી તે પોતાની બધી મિલકત ધર્માદા આપવાને તૈયાર થયો છે.' તે સાંભળી થોડી વાર પછી મૌન્ય છોડી દઈ **શિવ** બોલ્યો કે, 'હે બ્રાહ્મણ ! હું ભિક્ષાનું અન્ન ખાનારો, બ્રહ્મચારી છું, તો મારે પૈસાની શી મતલબ છે?' એવું સાંભળી રાજગોર બોલ્યો કે, 'હે મહાબ્રહ્મન્! એમ ન કહો: તમે આશ્રમનો ક્રમ શું નથી જાણતા ? સ્ત્રી પરણેલો મનુષ્ય ચારે આશ્રમીઓમાં શ્રેષ્ઠ છે; તથા તે ગૃહસ્થાશ્રમી, દેવતા, પિતૃ અને અતિથિઓની ક્રિયા કરતો ધને કરીને ધર્મ, અર્થ ને કામ એ ત્રણે પદાર્થને પામે છે,' ત્યારે **શિવે** કહ્યું કે 'એ સઘળું ખરું; પણ મને સ્ત્રી ક્યાંથી મળે ? હું.કાંઈ જેવા તેવા કુળની કન્યા પરણવાનો નહીં.' એ સાંભળી તેને દાન મળનારું ઘણું ધન સુખભોગ્ય માની, અવસર મળવાથી તે લોભી પુરોહિતે તેને કહ્યું કે, 'જો એમ હોય તો મારી **વિનયસ્વામિની** નામની કન્યા છે તે ઘણી સ્વરૂપવાન્ ને લાવણ્યવતી છે તે તમને હું પરણાવીશ; અને એ **માધવ** પાસેથી પ્રતિગ્રહનું ધન જે તમને મળશે તે સઘળું હું સાચવીશ. માટે આપ કંઇ શંકા ન કરતાં ગૃહસ્થાશ્રમમાં આવો.' એવું સાંભળી બધી વાંછિત વાત સિદ્ધ થવાનો પ્રસંગ મળ્યાથી **શિવ** બોલ્યો કે, 'હે બ્રહ્મન્ ! જો તમારો આગ્રહ છે, તો તમારું વચન હું માન્ય કરીશ. પણ હું તો માત્ર તપસ્વી છું, તેથી સુવર્ણ, રત્નો ઈત્યાદિની બાબતમાં તદ્દન અજાણ છું. માત્ર તમારા આગ્રહથી જ આ કામ કરવા તઇયાર થયો છું, માટે તમે જેમ જાણતા હો તેમ કરો.' એ પ્રમાણેનું **શિવ**નું વચન સાંભળી પ્રસન્ન થયેલા **શંકરસ્વામી**એ તે વાતની કબુલાત આપી. પછી તે મૂઢ તેને પોતાને ઘેર લઈ ગયો. સ્વભાવે *અશિવ અને નામે **શિવ**ને ત્યાં બેસારી, અભિનંદન કરતા, **માધવ**ને જે પોતે કર્યું હતું તે સઘળું કહી સંભળાવ્યું. અને તે જ સમયે તેણે ઘણે પરિશ્રમે પાળી પોષી ઉછેરેલી પોતાની પુત્રીને, મૂઢતાથી ખોયેલી સંપત્તિની પેઠે, **શિવ**ને કન્યાદાનમાં આપી દીધી, ને વિવાહ કરી ત્રીજે દહાડે દાન લેવા સારુ, પેલા કપટ કરી માંદા થયેલા **માધવ** પાસે તેને લઈ ગયો. તેને જોઈ, 'હે મહાતપસ્વી! તમને વંદના કરું છું,' એમ કહેતો **માધવ** ઉઠી **શિવ**ના પગમાં પડ્યો. પછી તત્ક્ષણે ખજાનામાંથી ઘણાં બનાવટી માણેકનાં આભરણોનો દાબડો લાવી

* શિવ કલ્યાણકર છે ને ( થ. એ વિરુદ્ધ છે, માટે અશિવ એટલે બીજાનું બૂરું કરનાર.

વિધિ પ્રમાણે તેને દાનમાં આપ્યો. **શિવે** પણ ‘એનો પ્રતિગ્રહ કરો, હું કાંઈ **આમાં** સમજતો નથી, તમે જ સર્વ જાણો’ એમ કહી એ દાબડો રાજ્યગોરના હાથમાં સોંપ્યો. ‘મેં આ વાત પહેલાંથી જ અંગીકાર કરેલી છે. આમાં તમને શી ચિંતા છે?’ એવું કહી તત્ક્ષણે **શંકરસ્વામીએ** તે દાબડો પોતાના હાથમાં લઈ લીધો. તે પછી આશિર્વાદ દઇ **શિવ** પોતાની સ્ત્રીના રહેવાના ઓરડામાં ગયો, અને તે દાબડો લઈ જઈ **શંકરસ્વામીએ** પોતાના ખજાનામાં મૂક્યો. બીજા દિવસથી ધીમે ધીમે મંદવાડનો ઢોંગ તજતો **માધવ** હુશિયાર થવા લાગ્યો, ને **શંકરસ્વામીને** કહેવા લાગ્યો કે, આ મહા દાન કરવાના પ્રતાપથી મને રોગની શાંતિ થઈ. તેમ જ તમારી સહાયતાથી હું આપત્તિથી મુક્ત થયો છું.’ એવી રીતે અનેક પ્રકારે જ્યારે તે પુરોહિત પાસે આવતા ત્યારે **માધવ** પ્રશંસા કરવા લાગ્યો. તેમ જ ‘આ બ્રાહ્મણના પ્રભાવથી જ મારું શરીર સારું થયું છે,’ એવી રીતે જાહેર કરતો તે **શિવની** સાથે ખુલ્લી રીતે મૈત્રી રાખવા લાગ્યો. કેટલાક દિવસ વીત્યા પછી તે ગોરને **શિવે** કહ્યું કે, “સસરાજી, આવી રીતે તમારે ઘેર મારે કેટલા દિવસ ખાવું? હવે તો તમે પેલા દાગીનાને વેચવા કેમ કાઢતા નથી? જો તે દાગીના મોટી કિંમતના હોય તો જેટલું તમારા ધ્યાનમાં આવે તેટલું ધન મને આપજો, તેની કંઇ ચિંતા નહીં.” એ સાંભળી એ આભરણોને અ[illegible]-મૂલ્ય માનનાર **શંકરસ્વામીએ** તેના બદલામાં **શિવને** પોતાનું ધન આપવાનો વિચાર કર્યો, કારણ કે તે પોતાના મનમાં એમ જાણતો હતો કે, એ દાગીનાઓ આગળ મારી સઘળી મિલકત કશી વિસાતમાં નથી. તેને માટે **શિવ** પાસેથી તેના જ હાથદસ્કતથી લેખ કરાવી લીધો, અને તે ધન પોતાનાં ધનથી અધિક જાણી પોતે પણ સ્વહસ્તે લેખ કરી આપ્યો. એક બીજાના દસ્તાવેજ અદલબદલ કીધા પછી, **શંકરસ્વામી** તેનાથી જૂદો પડી ગયો અને **શિવ** પણ જૂદું ઘર લઈ રહ્યો. પછી તે **શિવ** અને **માધવ** બંને પરસ્પર મળી **શંકરસ્વામીના** પૈસાને ભોગવતા ખુશીથી ત્યાં રહ્યા.

કેટલોક વખત વીત્યા પછી નાણાંની જરૂર પડવાથી, **શંકરસ્વામી** તે દાગીનાઓમાંથી એક દાગીનો લઈ બજારમાં વેચવા ગયો. ત્યાં રત્નના તત્ત્વને જાણનારા ઝવેરીઓ બોલ્યા કે, “વાહ! [illegible] મનુષ્યે આ ખોટું ઝવેરાત બનાવ્યું છે તે ગમે તે હોય તો પણ કુશળ પુરુષ છે; કેમકે આ અલંકારો રંગ બેરંગી કાચ અને સ્ફટીકના અને પિત્તળમાં મઢેલા છે–પરંતુ તે કાંઈ મણિ નથી, અને આ સોનું પણ નથી.’ તે સાંભળી તે જ વખતે **શંકરસ્વામી** ગાભરો થઈ ગયો, અને ઘેરથી તે બધા દાગીના લઇ આવી ઝવેરીઓને દેખાડયા. તેઓએ તે જોતાં જ, ‘આ સઘળો બનાવટી માલ છે,’ એમ કહ્યું. તે સાંભળી **શંકરસ્વામી** તો વજ્રથી હણાયલાની પેઠે બેબાકળો થઈ ગયો. તરત તે મૂઢ **શિવ** કને જઇ કહ્યું કે, ‘આ તારા દાગીના લે અને મારું ધન પાછું આપ.’ ત્યારે **શિવે** કહ્યું કે, ‘આજ દિવસ સૂધી એ ધન મારી પાસે ક્યાંથી હોય? તે તો સઘળું કાળે કરી ખવાઈ ગયું છે!’ આ સાંભળી **શંકરસ્વામી** તો ઘણો ટંટો કરવા લાગ્યો, અને **માધવને** પણ એ સઘળું જણાવી તેના દેખતાં તકરાર કરવા લાગ્યો. પછી તે ગોર અને **શિવ** બન્ને રાજા પાસે ગયા. ત્યાં ગોરે ફરિયાદ કરી કે, ‘મહારાજ, ખોટા રંગેલા ને પિત્તળમાં બેસાડેલા કાચ અને સ્ફટિકના કટકા જડેલા ઘણા બનાવટી દાગીના આપી, આ **શિવ**, હું ભોળા માણસનું સઘળું ધન લઈ ગયો છે.’



ત્યારે **શિવે** કહ્યું કે, ‘હે રાજન્, હું તો બાળકપણાંથી તપસ્વી હતો. ત્યાં એણે જ આવી પ્રાર્થના કરી મારી પાસે ધનનું દાન લેવરાવ્યું. હું એ વાતમાં અજાણ હતો, તેથી એને મેં પહેલાંથી જ કહ્યું હતું કે, ભાઈ, રત્નાદિકમાં હું કશું જાણતો નથી. માટે તમે કરો એ મારે કબૂલ છે.’ ત્યારે તેણે કહ્યું ‘હું અહીં બેઠો છું, તારે કાંઇ ફિકર રાખવી નહીં.’ એ ઉપરથી મેં તે સઘળું દાન લઈ એના હાથમાં સોંપી દીધું હતું. પછી તેનું મૂલ્ય આપી એણે પોતાની મરજીથી ખરીદી લીધું. આ બાબતનો પરસ્પર દસ્તાવેજ પણ અમારા બે વચ્ચે થયો છે. તો હવે આપને જેમ ઈનસાફ કરવો ઘટે તેમ કરવા આપ મુખત્યાર છો.’ એવું કહી **શિવ** બોલતો બંધ પડયો, ત્યારે **શંકરસ્વામીએ** **માધવને** પકડાવી મંગાવ્યો અને એ સઘળો આરોપ તેનાપર મૂક્યો. **માધવ** બોલ્યો કે, ‘એમ તમે નહીં કહો. એ તો રાજગોર છે, તે મારે માન્ય છે. પણ આમાં મારો શો અપરાધ છે? મેં તારું કે **શિવનું** કશું દબાવ્યું નથી. મારી વડીલોપાર્જિત મિલકત ઘણો વખત થયાં તારા જ ઘરમાં પડી હતી અને તે જ મેં તારી સમક્ષ આ બ્રાહ્મણને આપી. હવે કદાચ તે ખરેખર સોનું ન હોય અને તે સાચાં રત્નો પણ ન હોય, તો પિત્તળ, સ્ફટિક અને કાચના દાનથી મારું એ દાન અફળ થાઓ. પણ મારું હૃદય નિષ્કપટ હોવાથી એ દાનનો પરછો મેં નજરે જોયો છે; કારણ કે અતિ દુસ્તર રોગમાંથી હું પાર ઉતર્યો છું.’ એવી રીતે ઠાવકું મ્હોં રાખી **માધવે** કહ્યું ત્યારે મંત્રિ સહિત રાજા હસ્યો અને તેની ઉપર ખુશી થયો. પછી સર્વ સભાસદે કહ્યું કે, ‘આમાં **માધવ** અથવા **શિવનો** કશો અન્યાય નથી.’ પછી મુકરદમો હારી જવાથી લજવાઇને **શંકરસ્વામી** ત્યાંથી ચાલી નિકળ્યો. લોભ કરવાથી તેણે પૈસા પણ ખોયા, ને દીકરી પણ ધુતારાઓને આપી બેઠો!

અતિ લોભથી આંધળી, બુદ્ધિ જેની હોય;
વિપદા કેરી ખાડમાં, નક્કી પડશે સોય!!

પછી પ્રસન્ન થયેલા રાજા તરફથી મળેલા સન્માનથી ખુશી થયલા તે ધૂર્ત **શિવ** અને **માધવ** ત્યાં ઘણો વખત સૂધી રહ્યા. એવી રીતે આ પૃથ્વીમાં ધીવરની પેઠે જાળ ઉપર જીવનારા ધૂર્ત લોકો એવાં સેંકડો *સૂત્રથી જિહ્વા જાળનો વિસ્તાર કરે છે.

‘હે પિતાજી! મેં કનક પૂરી જોઈ છે’ એમ ખોટું બોલનારો એ બ્રાહ્મણ તમને ઠગી મારી પ્રાપ્તિની ઇચ્છા રાખે છે. માટે મારો વિવાહ કરવાની ઉતાવળ હવે છોડી દ્યો. હું કન્યાભાવથી જ રહું છું. જોઇએ તો ખરાં કે શું થાય છે? એવાં કનકરેખાનાં વચન સાંભળી, પરોપકારી રાજા તેને કહેવા લાગ્યો કે, ‘હે પુત્રી, યૌવન અવસ્થામાં કુંવારાં રહેવું એ સારું નહીં. ગુણ ઉપર મત્સર રાખનારા દુર્જનો ખોટી આળ ઓઢાડે છે; તેમાં વળી ઉત્તમને વિશેષે કરી કલંક આરોપ કરનારા દુર્જનો હોય છે. આ પ્રસંગમાં હું તને એક **હરસ્વામીની** કથા કહું તે સાંભળઃ–

* કામની તજવીજ.

## હરસ્વામીની કથા.

ગંગા કિનારે કુસુમપુર* નામે એક શહેર છે. ત્યાં તીર્થવાસી હરસ્વામી નામનો કોઈ તપસ્વી રહેતો હતો. ભિક્ષા માંગી લાવી આજીવિકા ચલાવનારો તે તપસ્વી ગંગાના કાંઠા ઉપર મહુલી બાંધી રહ્યો હતો. ઘણું તપ કરવાથી લોકોમાં તેની મોટાઈ વધી હતી. એક દિવસ તે ત્યાં ભિક્ષા માંગવા નિકળ્યો. તેને દૂરથી જોઈ તેના ગુણો પોતાને નહીં સહન થવાથી એક ખળે માણસોની વચમાં કહ્યું કે, 'ભાઈઓ ! તમે જાણો છો કે, આ મનુષ્ય કેવા કપટી તપસ્વી થયો છે ? આ નગરમાંથી આ, સર્વે બાળકોને ખાઈ ગયો છે.' તે સાંભળી ત્યાં તેના જેવા બીજાએ કહ્યું કે, 'હા ભાઈ હા, એમ જ છે, તું કહે છે તે સાચું છે. મેં પણ કેટલાએક માણસો પાસેથી એવું જ સાંભળ્યું છે.' એ વાતને પુષ્ટિ આપતાં ત્રીજા માણસે પણ તેમ જ કહ્યું. ખળ પુરુષોની ના સંવાદરૂપ સાંકળ, સારા માણસની બદઓઇને બાંધે છે. એ જ ક્રમથી એ અફવા એ નગરમાં કાનોકાન ફેલાઈ ગઈ. હરસ્વામી સઘળાં બાળકોને લઈ જઈ ખાઈ જાય છે, એવું ધારી ગામના તમામ માણસો જોરાવરીથી પોતપોતાનાં બાળકોને ઘરમાં રુંધી રાખવા લાગ્યાં. પછી સંતતિનો ક્ષય થવાના ભયથી ત્યાંના સર્વે બ્રાહ્મણો એકઠા થયા, અને તેમણે વિચાર કર્યો કે, હરસ્વામીને હદ બહાર કહાડવો. પછી તેમણે વિચાર કીધો કે, જો આપણે તેને ગામ છોડી જવાનું રુબરુમાં કહીશું તો તો તે આપણને ગુસ્સામાં કદાચ આખાને આખા ગળી જશે; પણ કંઈ બીજી રીતે કહીએ. એમ ડરથી તેમણે તેને ખબર આપવા માટે દૂતો મોકલ્યા. તે દૂતો ત્યાં જઈ દૂરથી જ તેને કહેવા લાગ્યા કે, તમને બ્રાહ્મણો તરફથી એવી આજ્ઞા થઈ છે કે, આ નગરની અંદરથી તમે ચાલ્યા જાઓ. આવું સાંભળી હરસ્વામી વિસ્મિત થઈ ગયો, અને પૂછ્યું કે, 'આમ કરવાનું કારણ શું ?' ત્યારે તે દૂતોએ કહ્યું કે, 'તમે વસ્તીનાં છોકરાં ખાઈ જાઓ છો, તેથી તમને કાઢી મૂકવામાં આવે છે.' આવું તેમના મુખથી વચન સાંભળી તે હરસ્વામી બ્રાહ્મણોને વિશ્વાસ બેસાડવા, તેઓની પાસે જવા લાગ્યો, તો તેને આવતો જોઈને સર્વ લોકો નાસાનાસ કરવા લાગ્યા; ને બ્રાહ્મણો તો તેને જોઈ ત્રાસથી ઘરો ઉપર ચડી ગયા; આ તો ખરું છે કે, કોઈ પણ જાતની ઉડેલી અફવાને ખરી માનનાર ને તેથી ડરનાર માણસો ઘણું કરી વિચાર કરતાં નથી.

હવે હરસ્વામીએ નીચે ઉભા રહી એકેકા બ્રાહ્મણનું નામ લઈ તેઓને બોલાવ્યા ને કહ્યું કે, 'હે બ્રાહ્મણો ! આ તે તમારી કેટલી મોટી ભૂલ છે? તમે જરા પણ વિચાર કરતા નથી. મેં કેટલાં અને કોનાં બાળકો ખાધાં અને તે ક્યાં ખાધાં, તેનો તો વિચાર કરો ને પછી મને કહો.' તે સાંભળી બ્રાહ્મણો પરસ્પર વિચાર કરવા લાગ્યા તો સર્વેનાં બાળકો જીવતાં જણાયાં. તે બ્રાહ્મણે ક્રમે કરી બીજાં મનુષ્યોને પણ તેમજ કહ્યું; તેથી તે સર્વે બ્રાહ્મણ અને વાણિયાઓને વિશ્વાસ આવ્યો અને કહેવા લાગ્યા કે, 'અહો ! આપણે મૂઢતાથી સાધુની ઉપર ખોટું દૂષણ મૂક્યું. સર્વેના બાળકો તો જીવે છે, તો એ હરસ્વામી કોનાં બાળક ખાઈ ગયો ?' આ પ્રમાણે સર્વ માણસોના

* અર્થાત્ ફુલોનું શહેર, હાલનું પાટલીપુત્ર–પટના.



કહેવાથી શુદ્ધ થયલો હરસ્વામી તે નગરથી બીજે ગામ જઈ રહેવા માટે નિકળવા તૈયાર થયો. કારણ કે દુર્જને ઉત્પન્ન કરેલા દોષથી વિરક્ત થયલા ડાહ્યા પુરુષને અવિવેકી તથા ખરાબ દેશમાં પ્રીતિ શાની હોય ? તેને પોતાના ગામમાંથી જતો જોઈ તેના પગમાં પડી વાણિયા અને બ્રાહ્મણોએ ઘણીક લાચારી બતાવી અને પ્રાર્થના કરવાથી તે હરસ્વામીએ ઘણી ખુશીખતે ત્યાં રહેવાને કબૂલ કીધું.

આવી રીતે સદાચરણીને જોઈ પોતાનાં મનમાં ઉત્પન્ન થતા દ્વેષથી વાચાળ દુર્જનો ઘણું કરી સત્પુરુષોને મિથ્યા દૂષણ દે છે; અને તેમાં જો તેઓને કિંચિત્ પણ પુષ્ટિ મળી તો પછી તેઓ બહુ ફાવી જાય છે, અને પછી સળગતા અગ્નિમાં ઘીની ધારાથી જેમ અગ્નિની જ્વાળામાં વધારો થાય છે, તેમ તેઓ જેવી તેવી વાતને વધારી દે છે, એમ સમજવું.

'હે પુત્રિ! તું જો મને નિશ્ચિત કરવાને ચાહતી હોય તો આ નવું યૌવન, જેની ઉપર દુર્જનોની નિંદા થવી સુલભ છે, એવું કન્યાપણું ઘણો કાળ યથેચ્છ સેવવું તારે ઘટારત નથી.' એવી રીતે તેના પિતાએ કહ્યું. ત્યારે તે રાજપુત્રી કનકરેખા ફરી તેવો જ નિશ્ચળ નિશ્ચય રાખી, રાજાને કહેવા લાગી કે, 'પિતાજી ! તે કનકપુરી કોઈ બ્રાહ્મણ કે ક્ષત્રિયે જોઈ હોય તો તેની ખોળ કરો, અને તેને મને પરણાવો.' આવું સાંભળી રાજાને લાગ્યું કે, આ મારી પુત્રીનો નિશ્ચય દૃઢ છે, અને વળી તે જાતિ સ્મરણ જ્ઞાનવાળી છે, તો આને ઇચ્છિત વર મેળવી આપવા શિવાય બીજો ઉપાય નથી. એવું ધારી તે દિવસથી તેણે દરરોજ ત્યાં નવા આવેલા મનુષ્યોને કનકપુરીની ભાળ મેળવવા માટે ફરીથી પણ પડો વજડાવવાની આજ્ઞા કરી:–"કે કોઈ બ્રાહ્મણ અથવા ક્ષત્રિય, જેણે કનકપુરી જોઈ હોય તેને મહારાજાસાહેબ પોતાની કન્યા આપશે, તથા તેને યુવરાજપદ પણ આપશે." આવો ઢંઢેરો છતાં પણ કોઈ મળ્યો નહીં કે જેણે કનકપુરી જોઈ હોય.

એવી રીતે હંમેશ બધે ઠેકાણે પડો વજડાવવામાં આવતો હતો, તથાપિ એક પણ પુરુષ કનકપુરી જોનારો મળી આવ્યો નહીં.

### તરંગ ૨ જો.

## શક્તિદેવનું કનકપુરી દર્શન માટે જવું.

હવે આ પ્રમાણે તે શક્તિદેવ કે જેણે ખોટું બોલી છળથી રાજકન્યા પરણવા ઇચ્છ્યું હતું, ને તેમ કરવાથી જે પોતે ધારેલી રાજકન્યા તરફથી મોટું અપમાન પામ્યો હતો, તે પોતાને મળેલા અપમાનથી અત્યંત કચવાતો વિચાર કરવા લાગ્યો. તેણે મનમાં ધાર્યું કે, "અરે ! આ જગોપર મેં કનકપુરી જોઈ છે, એમ જૂઠું બોલી અપમાન મેળવ્યું, પણ પેલી રાજકન્યા ન મળી. માટે હવે તે રાજકન્યા મેળવવાને માટે આખી પૃથ્વી પ્રદક્ષિણા

કરવી ! જો તેમ કરતાં મારા પ્રાણ જાય તો બેહેતર પણ, કનકપુરી મારે જોવી; ને તે જોઈને ફરી આ નગરીમાં આવીને કનકપુરી જોવાની સરત કરનારી આ રાજકન્યાને પરણવું. જો ન પરણું તો પછી મારે જીવીને શું કરવું છે ?" એવી પ્રતિજ્ઞા કરી **શક્તિદેવ** વર્ધમાનપુરથી દક્ષિણ દિશાને માર્ગે ચાલ્યો. ક્રમથી ચાલ્યા જતાં તે વિંધ્યાટવીમાં જઈ પહોંચ્યો અને પોતે ધારેલી ઇચ્છાના જેવી જ ગહન અને વિસ્તારવાળી તે વિંધ્યાટવીની ઝાડીમાં પેઠો. તે ઝાડી, તેમાંના પવનથી હાલતાં ઝાડનાં કોમળ પાંદડાંવતી સૂર્યનાં કિરણથી તપેલા આત્માને જાણે પંખો કરતી હોય અને ભયંકર સિંહાદિક પ્રાણીઓથી મરાઈ જતા મૃગોના આર્ત સ્વરે કરી ઘણા ચોરના પરાભવના દુઃખથી સદા પોકારતી હોય, તેમ જ સ્વચ્છંદ ઉછળતાં ઝાંઝવાંનાં પાણીથી અતિ ઉગ્ર સૂર્યના તેજને પણ જિતવાની ઇચ્છા કરતી હોય તેવી શોભતી હતી. પણ જેમાં *જળની સંગતિ નહીં છતાં પણ સહજ આપત્તિવાળી ને હમેશાં રસ્તો કાપતે છતે પણ જેની જમીન દૂર દૂર થતી જાય છે તે વિંધ્યાટવીમાં કેટલેક દિવસે ઘણો માર્ગ કાપ્યા પછી એકાંતમાં તેણે ઠંડું અને સ્વચ્છ જળવાળું મોટું સરોવર જોયું. આ સરોવર તેમાં ખીલેલાં સુંદર કમળોથી રંગ બેરંગી છત્રવાળું, અને હંસરૂપી ચામરોથી શોભાયમાન હોવાથી બધાં સરોવરનું તે જાણે ઉપરીપણું કરતું હોય નહી શું, એવું લાગતું હતું (એમ ઉત્પ્રેક્ષા કરે છે). તે સરોવરમાં સ્નાનાદિ ક્રિયા કરી **શક્તિદેવ** તેના ઉત્તર ભાગ તરફ જવા લાગ્યો, તો ત્યાં ફળ સહિત ઘાડા ઝાડોવાળો એક આશ્રમ તેના જોવામાં આવ્યો. તેમાં જઈને જુવે છે તો એક પિંપળના વૃક્ષનાં મૂળ પાસે તપસ્વી જનોથી વીંટાઇ બેઠેલા **સૂર્યતપા** નામના વૃદ્ધ મુનિનાં તેને દર્શન થયાં. વૃદ્ધાવસ્થાથી સફેત થયેલા કાનના ઉપરના ભાગમાં રહેલી, પોતાની અવસ્થાનાં સેંકડો વર્ષની ગણત્રી માટે જાણે તેમાં ગાંઠો બાંધેલી હોય, તેવી રુદ્રાક્ષની માળાથી શોભતા તે મુનિને પ્રણામ કરી **શક્તિદેવ** તેમની સમીપ ગયો. ત્યારે તે મુનિએ પણ અતિથિનો સત્કાર કરી તેને વખાણી ફળાદિક આપી પૂછ્યું કે, 'હે ભદ્ર ! તું ક્યાંથી આવ્યો છે ? ને તારે ક્યાં જવું છે ? તે કહે.' તેના ઉત્તરમાં **શક્તિદેવે** નમ્રતાપૂર્વક કહ્યું કે 'મહારાજ, હું વર્ધમાન નગરથી આવ્યો છું; અને પ્રતિજ્ઞા કરીને **કનકપુરી** જવા તૈયાર થયો છું. પણ હું નથી જાણતો કે, તે પુરી ક્યાં છે ? માટે આપ જો જાણતા હો તો કૃપા કરી જણાવો.' ત્યારે ખિન્ન થઈ તે મુનિએ ઉત્તર આપ્યો કે, 'હે વત્સ ! આ આશ્રમમાં મને આઠસો વર્ષ થયાં, પણ તે નગરીનું નામ પણ મેં કદી સાંભળ્યું નથી. એવાં તે મુનિનાં વચન સાંભળી એથી મનમાં ખિન્ન વદનવાળો થઈ તે ફરી બોલ્યો કે, 'હું ત્યારે તો પૃથ્વી ફરી મરતે મરતે અહીં આવ્યો તે મિથ્યા જ કે ?' એ તેનું વચન સાંભળી અને તેનો નિશ્ચય જાણી મુનિ બોલ્યા કે, 'જો તારે જવાનો નિશ્ચય જ હોય તો હું કહું તેમ કર. અહીંથી† ત્રણ સો યોજનને અંતરે એક કાંપીલ્ય નામનો દેશ છે, તેમાં ઉત્તર નામનો એક

* જળ એ શબ્દનો અર્થ પાણી છે. પણ અર્થાંતર વખતે 'જડ' થાય છે. 'લ' અને 'ડ' નો ભેદ કાવ્યમાં કેટલીક જગાએ નથી મનાતો, તેથી જડની સંગતિ નથી તો પણ સહજ આપત્તિએ વિરોધ છે.

† અંગ્રેજીમાં ત્રણ યોજન છે.



પર્વત છે, તેપર એક આશ્રમ છે, કે જેમાં **દીર્ઘતપા** નામનો એક તપસ્વી રહે છે, જે મારો મોટો ભાઈ થાય છે. તે ઘણો વૃદ્ધ છે, જેથી તે તે પુરીને જાણતો હશે, માટે તું તેની પાસે જા.'

એવું મુનિનું કહેવું સાંભળી **શક્તિદેવના** મનને કંઇ આશા આવી. તેથી જરાક ખુશી થયો ને તે મુનિને અભિવંદન કર્યું. પછી ઋષિના બોલવાપર દ્રઢ આસ્થા રાખી તે રાત્રિ તેણે ત્યાં જ ગાળી કાઢી; પણ પ્રાતઃકાળમાં તે તરત જ ત્યાંથી રવાના થયો. મહા સંકટે અનેક જંગલો વટાવી, ઘણા વખતે તે **કાંપિલ્ય** દેશમાં આવી પહોંચ્યો અને તે દેશના **ઉત્તર** નામના પર્વતપર ચડ્યો. પર્વતપર ચઢી, આશ્રમમાં બેઠેલા **દીર્ઘતપા** નામના મુનિને જોયા, એટલે તેમને પ્રણામ કરી પ્રસન્ન થઈ તેમણે, કરેલો અતિથિ સત્કાર સ્વીકારી તેમની પાસે બેઠો. પછી તેમની પ્રત્યે રાજકન્યાએ કહેલી **કનકપુરી** જોવાની વિનતિ કરી, અને કહ્યું કે, 'હું કનકપુરીની ખોળ વાસ્તે આવ્યો છું, પણ હે ભગવન્ ! હું જાણતો નથી કે તે પુરી ક્યાં છે. મારે તો ત્યાં જરૂર જવું છે; માટે આપ જાણતા હશો, એમ જાણી સૂર્યતપા નામના આપના લઘુ બંધુ ઋષિએ મને તમારી પાસે મોકલ્યો છે.' એવું તેનું બોલવું સાંભળી, તે મુનિ બોલ્યા કે, 'હે પુત્ર ! મારી આટલી ઉમર થઇ છતાં તે પુરીનું નામ મેં સાંભળ્યું નથી. આજે તારે મોઢે સાંભળું છું. ઘણા પરદેશી લોકો સાથે મને મુલાકાત થઇ છે, પણ કોઇ દિવસ કનકપુરી મારા સાંભળવામાં આવી નથી. ત્યારે દીઠી તો ક્યાંથી જ હોય ? એપરથી મને લાગે છે, કે કોઇ દૂરના દ્વીપાંતરમાં તે પુરી હશે. માટે હે વત્સ ! ત્યાં જવાનો ઉપાય તને કહું છું. સમુદ્રના મધ્યમાં ઉત્સ્થળ નામનો દ્વીપ છે. ત્યાં **સત્યવ્રત** નામનો એક ધનવાન્ ભિલ્લરાજ રહે છે. તેનું સર્વ દ્વીપાંતરોમાં જવું આવવું થાય છે તો કદાચિત તે નગરી તેણે દીઠી હોય કે સાંભળી હોય ! માટે સમુદ્રના કિનારા ઉપર **વિટંકપુર** નામનું એક નગર છે, ત્યાં તું પ્રથમ જા ને તે પછી કોઇ વ્યાપારીની સાથે વહાણમાં બેસી ધારેલી ધારણા પાર પાડવા માટે તે ભિલ્લરાજના દ્વીપમાં જજે.'

એવી રીતે મુનિના કહેવા ઉપરથી **શક્તિદેવ** તે જ ક્ષણે 'તેમ કરું છું' એમ કહી તેની પાસેથી રજા લઈ તેના આશ્રમમાંથી રવાના થયો. કાળે કરી તે ઘણા દેશ ઓલંઘી અને ઘણા ગાઉ ચાલી, સમુદ્રના કિનારાના તિલક સરખા તે **વિટંકપુરમાં** આવ્યો. તે શહેરમાં રહી ઉત્સ્થળ નામના દ્વીપમાં જનાર **સમુદ્રદત્ત** નામના વણિક્ સાથે મિત્રાઇ બાંધી. તેના સત્કાર તથા પ્રીતિથી તેની સાથે તેના વહાણમાં બેસી, **શક્તિદેવ** સમુદ્ર રસ્તે ચાલ્યો. ઘણાક દિવસ સમુદ્રમાં મુસાફરી કરતાં વીતી ગયા. ત્યારે ઉત્સ્થળ દ્વીપ તેમને થોડોક છેટે રહ્યો. તેવામાં અકસ્માત્ વિદ્યુલ્લતારૂપ જીભવાળો અને ગાજતા મેઘરૂપ રાક્ષસોવાળા સૈન્યવાળો વર્ષાકાળ આવ્યો. દૈવના આરંભની પેઠે હલકા પદાર્થોને ઉડાડતો અને મોટાને નમાવતો પ્રચંડ પવન વાવા લાગ્યો. આશ્રયનો પરાભવ થવાથી ક્રોધમાં આવી ગયેલા પાંખોવાળા પર્વતોની પેઠે સમુદ્રમાંથી પવનને લીધે મોટાં મોટાં મોજાં ઉછળવા લાગ્યાં ધનવાનની ક્રમે કરી ઉંચી અને નીચી સ્થિતિ દેખાડતું હોય એવું વહાણ ક્ષણમાં ઉંચું અને ક્ષણમાં નીચું એમ હિંડોળે ચડ્યું. થોડા જ વખતમાં વાણિયાઓની બૂમોના ઘોંઘાટથી ભરાઇ ગયેલું તે વહાણ, અંદર પાણી ભરાઇ જવાથી ભારે થઇ જઇ, જેમ તેમ ઉછળી ભાંગી પડયું

અને તેથી તેમાં બેઠેલા સૌએ સમુદ્રને તળીએ જઈબેઠા. તેનો ધણી વાણીઓ પણ સમુદ્રમાં પડ્યો, પરંતુ ત્યાં તેને હાથ એક પાટીયું આવી ગયું, તેને આશરે કોઈ બીજા વહાણુમાં બેસી તરીને તે પાર ઉતર્યો, અને પેલા રાજકુંવરીની અભિલાષાથી કનકપુરી જોવા ઇચ્છતા **શક્તિદેવ**ને તો સમુદ્રમાં પડતાં વેંત જ ગુફા સરખું મ્હોં ફાડી રહેલો એક મગરમત્સ્ય ગળી ગયો. તે મત્સ્ય સમુદ્રના મધ્યમાં મરજી પ્રમાણે ફરતો ફરતો દૈવયોગથી ઉત્સ્થળ દ્વીપની નજીક આવી પહોંચ્યો. ત્યાં તે દ્વીપમાં વસનાર ભિલ્લરાજ **સત્યવ્રત**ના મચ્છીમાર નોકરોએ તે મત્સ્યને પકડી લીધો, અને તે મોટી ફાંદ્યાવાળા મત્સ્યને જોઇ આશ્ચર્ય પામી તેઓ તેને પોતાના ધણીની પાસે ખેંચી લઇ ગયા. તેવા મોટા મત્સ્યને જોઈ કુતૂહળથી ભિલ્લરાજ **સત્યવ્રતે** તે જ મચ્છીમારોના હાથે તેને ચીરાવ્યો. ચીરતાં ચીરતાં તેના પેટમાંથી એક બીજું આશ્ચર્ય જોવામાં આવ્યું; તે એ કે, ગર્ભવાસનાના અનુભવવાળો એક મનુષ્ય તેમાંથી નીકળ્યો. તે પેલો સમુદ્રમાં પડનાર **શક્તિદેવ** હતો. સ્વસ્તિ ( કલ્યાણુ થાઓ) એમ બોલતા નિકળેલા તે જુવાન **શક્તિદેવ**ને જોઇ સર્વે વિસ્મય પામી ગયા. પછી **સત્યવ્રત** રાજા તેને પૂછવા લાગ્યો કે, 'તું કોણુ છે? અને આ માછલાના પેટમાં શી રીતે રહ્યો? હે બ્રહ્મન્! આ તારું અદ્ભુત વૃત્તાંત કેવી રીતે છે તે જણાવ.' તે સાંભળી **શક્તિદેવ** તેને કહેવા લાગ્યો કે, 'હું **શક્તિદેવ** નામનો બ્રાહ્મણ છું ને વર્ધમાન પુરીથી આવું છું ને **કનકપુરી** નામની નગરી જોવા મારે અવશ્ય જવું છે. મને તેની ખબર નહતી તેથી ઘણો કાળ હું પૃથ્વીપર ભટક્યો છું. ભટકતાં ભટકતાં **દીર્ઘતપા** ઋષિના વાક્યથી તે નગરી કોઈ દ્વીપાંતરમાં છે, એવું ધારી તે જાણુવા સારુ ઉત્સ્થળ દ્વીપમાં રહેનારા ભિલ્લરાજ **સત્યવ્રત**ની પાસે હું જતો હતો. તેવામાં અમારું વહાણુ ભાગ્યું ને હું સમુદ્રમાં ડુબી ગયો. ત્યાં એક મત્સ્ય મને ગળી ગયો; અને તે પછી તે છેક અહીં આવી રીતે આપની પાસે આવ્યો છું, ત્યાર સૂધીમાં અંધકાર ને દુર્ગંધ શિવાય બીજું કશું મારા અનુભવવામાં આવ્યું નથી.'

જ્યારે **શક્તિદેવ** પોતાની વાત કહી રહ્યો ત્યારે **સત્યવ્રતે** કહ્યું કે, 'ભાઇ, **સત્યવ્રત** તે હું જ છું; અને તે દ્વીપ પણુ આ જ છે, તથા આજપર્યંત ઘણા દ્વીપોની મુસાફરી હું કરી ચૂકયો છું, પણુ તે ધારેલી નગરી મેં જોઇ નથી, પરંતુ દ્વીપાંતરમાં સાંભળી છે ખરી.' એ સાંભળતાં જ **શક્તિદેવ**ને દિલગીર થતો જોયો, એટલે અભ્યાગત ઉપર થતી પ્રીતિથી ફરીને **સત્યવ્રતે** તેને કહ્યું ને કહ્યું કે, 'હે બ્રહ્મન્! તું દિલગીર ન થા. આજે તું અહિં જ રાત વાસો રહે. સવારમાં તારી ધારણા પાર પડે તેવો કાંઇ ઉપાય હું કરીશ.' એવી રીતે દિલાસો દઈ તેણે તેને તે વખતે પોતાનું નિત્યકર્મ કરવા કહ્યું. ત્યારે **શક્તિદેવ** ત્યાંથી ચાલ્યો, અને થોડેક દૂર એક બ્રાહ્મણુનો મઠ હતો, કે જ્યાં અતિથિનો સત્કાર રુડી રીતે કરવામાં આવતો હતો, ત્યાં રાજાની આજ્ઞા માથે ચઢાવી જઈ રહ્યો. તે મઠમાં રહેનાર એક **વિષ્ણુદત્ત** નામના બ્રાહ્મણુની સાથે તેણે અન્નપાન કર્યું, ને પછી તેની સાથે વાતો કરવા લાગ્યો. વાતના પ્રસંગસર, **વિષ્ણુદત્ત**ના પૂછવા ઉપરથી સક્ષેપે કરી **શક્તિદેવે** પોતાનો દેશ, કુળ અને બીજું સઘળું વૃત્તાંત તેને કહી સભળાવ્યું. તે સાંભળી **વિષ્ણુદત્તે** તેનું આલિંગન કર્યું અને હર્ષનાં આંસુ આવી જવાથી ગદગદ કંઠે બોલ્યો કે ''અહોભાઈ! તારો મિલાપ થયો તે બહુ જ ઠીક



થયું. એક દેશમાં ઉત્પન્ન થયલો તું મારો મામાનો દીકરો થાય છે. હું બાળકપણુંમાંથી તે દેશથી અહીં આવેલો છું, તો ભાઇ તું અહીં જ રહે. દ્વીપાંતરમાંથી આવેલા વાણિયાઓની વાતોથી તારો સ્વાર્થ સિદ્ધ થશે.' એમ કહી પોતાનો વંશ કહી બતાવી **વિષ્ણુદત્તે** તે કાળે યથોચિત ઉપચારોથી **શક્તિદેવ**ની સરભરા કરી. **શક્તિદેવ** પણ આથી રસ્તાનો થાક ભૂલી જઇ આનંદ પામ્યો. કારણુકે વિદેશમાં બંધુનો સમાગમ થવો, એ નિર્જલસ્થલમાં પણ અમૃતના ઝરા સરખો છે. પછી **શક્તિદેવ** પોતાના વાંછિતની સિદ્ધિ નજીક આવી છે એમ માનવા લાગ્યો; કેમકે વચમાં આવેલું કલ્યાણ કાર્યની સંપત્તિ સૂચવે છે.

પછી રાત્રિએ તે બને જણા પાસે પાસે સૂતા, પણ **શક્તિદેવ**ના મનમાં તો એ ચટક જ લાગી રહી હતી કે, ધારેલા કામની સિદ્ધિ કેમ કરીને થશે? કનકપુરી જવામાં જ તેનું ચિત્ત ચોંટવાથી શય્યામાં તેને નિદ્રા આવી નહિ. ત્યારે તેની પાસે સૂતેલા **વિષ્ણુદત્તે** તેના મનનું વિનોદપૂર્વક સમાધાન કરવા માટે નીચે પ્રમાણે કથા કહી:-

## અશોકદત્ત અને કપાલસ્ફોટની કથા.

પૂર્વે **યમુના** નદીને કિનારે, મોટા અગ્રહારમાં **ગોવિંદસ્વામી** નામનો એક પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. તે ગુણવાન્ બ્રાહ્મણુને **અશોકદત્ત** અને **વિજયદત્ત** એવા નામના બે પુત્રો હતા. પોતાના ગામમાં રહેતાં કાળે કરી દારુણ દુષ્કાળ પડ્યો ત્યારે **ગોવિંદસ્વામીએ** પોતાની સ્ત્રીને કહ્યું કે, 'આ દેશ દુકાળના દુઃખથી પાયમાલ થઇ ગયો છે, તેથી સબંધી અને બાંધવોના થતા બુરા હાલહવાલ હું જોઈ શકતો નથી. માટે મારો વિચાર એવો છે કે, આપણી પાસે અન્ન વગેરે જે છે તે આપણા મિત્ર અને બંધુઓને આપી, આપણે આ દેશથી નિકળી જઇએ; ને કુટુંબ સહિત કાશીપુરીમાં જઇ નિવાસ કરીએ. સ્વામીનું એવું વચન સાંભળી તેની સ્ત્રીએ પણ તેમ કરવાની અનુમતિ આપી. ત્યારે **ગોવિંદસ્વામીએ** પોતાનું સઘળુ ધન ધાન્ય પોતાનાં સગાંને આપી દીધું, અને પોતે સ્ત્રી, પુત્ર તથા નોકરો સહિત તે દેશ છોડી ચાલતો થયો. જુઓ કે એવી રીતે ઉત્તમ પુરુષો પોતાનાં સગાં સંબંધીની આપત્તિ જોઈ શકતા નથી.

માર્ગમાં ચાલતાં ચાલતાં તેણે એક જટાધારી, ભસ્મથી સફેત, તેમ જ કપાળ તથા અર્ધચંદ્રને ધારણ કરનારા **શંકર** સરખો મહાવ્રત કરનારો કોઇએક જ્ઞાની મળ્યો. તેની પાસે જઇ નમસ્કાર કરી પોતાના પુત્રનું શુભાશુભ ભવિષ્ય પ્રારબ્ધ તેણે પૂછ્યું. ત્યારે તે યોગીએ તેને કહ્યું, 'હે દ્વિજોત્તમ! તારા પુત્રોનો આગળ જતાં ઉદય થવાનો છે, પણ આ નાના વજયદત્તનો તને વિયોગ થશે. પરંતુ આ બીજા **અશોકદત્ત**ના પ્રતાપથી **વિજયદત્ત** સાથે તમને ફરીથી મેળાપ થશે.' એવી રીતે તે જ્ઞાનીએ કહ્યું, ત્યારે સુખ, દુઃખ અને વિસ્મયથી દબાયલો **ગોવિંદસ્વામી** તેની આજ્ઞા માંગી ત્યાંથી વિદાય થયો. ચાલતાં ચાલતાં તે **કાશી** નજીક જઇ પહોંચ્યો. ત્યાં જતાં તેણે શહેરથી બાહેર આવેલા એક ચંડિકાના મંદિરમાં ચંડીનું પૂજન કરવા વગેરે કામકાજથી તે દિવસ કહાડ્યો. સાંજે પણ ત્યાં જ એક ઝાડની નીચે બીજા દેશથી આવેલા કાર્પટિક વગેરે ઉતર્યા હતા, ત્યાં પોતાના કુટુંબ સહિત

તે રહ્યો. એ સ્થળે પાંદડાં, ઘાસ વગેરે પદાર્થ પાથરી તેની બનાવેલી શય્યા ઉપર સર્વ જન, રસ્તાનો થાક ચડવાને લીધે સુઈ ગયાં હતાં, તેવામાં અકસ્માત્ ગોવિંદસ્વામીના ન્હાના પુત્ર **વિજયદત્ત**ને ટાઢીઓ તાવ ચઢી આવ્યો. **વિજયદત્ત**ને એ તાવ રસ્તામાં મળેલા પેલા અવધૂત જ્ઞાનીએ કહેલા પોતાના કુટુંબના ભાવી વિયોગના કારણરૂપ ભયથી ચઢી આવ્યો હોયની શું, તેમ તેનાં રુવાટાં ઉભાં થયાં અને તે કંપવા લાગ્યો. પછી ટાઢથી અકળાઈ તેણે પોતાના પિતાને જગાડી કહ્યું કે, 'પિતાજી, હમણાં મને અકળામણનો ટાઢીઓ તાવ ચઢી આવ્યો છે, તેથી બહુ પીડા થાય છે. માટે મારે તાપવા સારુ લાકડાં લાવી અગ્નિ સળગાવો તો ઠીક; નહીંતર મને શાંતિ નહીં થાય અને રાત પણ નહીં નિકળે.' તે સાંભળી તેની વેદનાથી ગભરાયેલા ગોવિંદસ્વામીએ કહ્યું કે, 'ભાઈરે ! હમણાં અહીં અગ્નિ ક્યાંથી મળે ?' ત્યારે તે છોકરે કહ્યું કે, 'પિતાજી, આ નજીકમાં જ ઘણોક અગ્નિ સળગે છે, તો ત્યાં જઈ હું મારું અંગ શાંત પાડું. કારણ કે ટાઢથી હું ધ્રુજું છું. બાપા, મને જલદીથી ત્યાં લઈ ચાલો.' એ સાંભળી તે બ્રાહ્મણ ફરીથી બોલ્યો કે, 'ભાઇ, એ તો સ્મશાન છે, અને એ મોટો ભડકો દેખાય છે તે તો ચિતા સળગે છે. માટે પિશાચાદિકના વસવાથી ભયંકર થઈ રહેલી એ સ્મશાનભૂમિમાં કેમ જવાય ? ને વળી તું બાળક છે.' પ્રીતિમાન્ પિતાનું એવું વાક્ય સાંભળી વીર **વિજયદત્ત** જરા હસી આગ્રહપૂર્વક બોલ્યો કે, હે પિતા! એ તુચ્છ પિશાચાદિક મને શું કરવાના છે ? હું શું કંઈ બીકણ કે નિર્બળ છું ? જરૂર તમે મને ત્યાં લઈ ચાલો.' પુત્રની એવી હઠ જોઈ તેનો પિતા તેને ત્યાં લઈ ગયો. ત્યાં જઇ પોતાના અંગને તપાડતાં તે બાળક, બળતી અગ્નિની ઝાળો અને ધુમાડાથી વ્યાકુલ કેશવાળી, મનુષ્યનું માંસ ગ્રહણ કરનારી સાક્ષાત્ રાક્ષસોની અધિદેવતા સરખી, તે ચિતાની પાસે પાસે જતો ગયો. ક્ષણ માત્ર તાપીને તે બાળકે તેના પિતાને પૂછ્યું કે, 'બાપાજી, આ ચિતામાં શું દેખાય છે ?' ત્યારે પાસે ઉભેલા પિતાએ જવાબ આપ્યો કે, 'હે વત્સ ! એ તેમાં બાળવામાં આવેલા માણસની ખોપરી બળે છે.' એ સાંભળી તે પુત્રે કહ્યું કે 'એમ કે ?' પછી થોડીવારે તાપતાં તાપતાં તે સાહસિક બાળકે ચિતામાંથી એક લાકડાના કટકાવડે તે કપાળ ( ખોપરી ) ખંખેરી કાઢીને પછી તે ભાંગી, તો તેમાંની વસા (ચરબી) ની સરરર કરતી ધાર છૂટી, જે લાગલી જ જાણે સ્મશાનના અગ્નિએ રાત્રિમાં ફરવાની સિદ્ધિ આપી હોય, તેમ તે બાળકના મુખ ઉપર જ પડી. ઉની ધગધગતી પ્રવાહી ધાર પોતાના મોંપર પડવાથી તેણે ચમકીને પોતાનું મ્હોં આકળવિકળ કરી નાંખ્યું; ને એમ મ્હોં પ્હોળું થવાથી તે ધાર તેના મ્હોંમાં ઉતરી ગઈ. આથી તો તે બાળક એકાએક ઉંચા કેશવાળો, ઉંચા ખડ્ગને ધરનારો અને મોટી ડાઢોથી વિકરાળ એક રાક્ષસ બની ગયો. તુરત તે બળતા કપાળને ખેંચી તેની વસા પી લીધી, અને તેને હાડકામાં લાગેલા અગ્નિની જ્વાળા સરખી ચપળ જીહ્વાથી ચાટવા લાગ્યો. પછી થોડીકવાર પછી કપાળનો ત્યાગ કરી તલવાર ઉપાડી પોતાના પિતા ગોવિંદસ્વામીને જ તે હણવાની ઇચ્છા કરવા લાગ્યો. ત્યારે સ્મશાનમાંથી અવાજ થયો કે, 'હે દેવ કપાળસ્ફોટ ! તારા બાપને મારતો નહીં. તું આણી મેર આવ.' તે સાંભળી કપાળસ્ફોટ એવું નામ પામી પિતાને છોડી દઇ રાક્ષસ થયેલો તે બાળક અદૃશ્ય થઈ ગયો. તેનો પિતા ગોવિંદસ્વામી પણ, "હા પુત્ર ! હા ગુણવાન્ ! હાય હાય **વિજયદત્ત**"



એમ આક્રંદ કરતો ત્યાંથી પોતાના કુટુંબ તરફ ગયો. પછી રાત્રિના **ચંડી**ના મંદિરમાં આવી રહ્યો ને સવારે પોતાની સ્ત્રી અને મોટા પુત્ર **અશોકદત્ત**ને રાત્રિએ જે હકીકત બની હતી, તે કહી સંભળાવી. ત્યારે તે બેઉની સાથે તે તપસ્વી પણ મહા દારુણ શોકાગ્નિના આવેશમાં આવી ગયો. તેમ તેની આ વાત સાંભળી દેવીનું દર્શન કરવા આવેલાં બીજાં કાશી નિવાસી મનુષ્યો પણ તેના જેવાં જ દુઃખી થયાં. તેટલામાં એક મોટો શેઠ દેવીનું પૂજન કરવા આવ્યો, તેણે પણ ત્યાં ગોવિંદસ્વામીને એવી સ્થિતિમાં જોયો. તે સાહુકાર, કે જેનું નામ **સમુદ્રદત્ત** હતું, તેને તેની ઘણી દયા આવી, તેથી તેણે પાસે આવી તે બ્રાહ્મણની આશ્વાસના કરી, ને તે વખતે જ તેને ખટલા સહિત પોતાને ઘેર તેડી ગયો. ત્યાં તેનો સ્નાનાદિક ઉપચારથી બહુ આદરસત્કાર કર્યો. અહો ! દુખિયારા ઉપર દયા કરવી, તે તો મોટા પુરુષોનો સ્વભાવ જ હોય છે. પછી તે મહા જ્ઞાની શિવસેવકનાં વચનને યાદ કરી, પુત્રનો સમાગમ થશે એમ તેને આસ્થા આવી, તથા તે અને તેની સ્ત્રી ધીરજ ધરી રહ્યાં. તે મહાધનિક વાણિયાની વિનતિ ઉપરથી ગોવિંદસ્વામી **વારાણસી**માં તેને ઘેર જ રહ્યો. ત્યાં જ તેનો બીજો પુત્ર **અશોકદત્ત** જુવાન થયો, વિદ્યા ભણ્યો અને બાહુયુદ્ધ* પણ શીખ્યો. ક્રમે કરી તે ત્યાં એવો તો જોરાવર થયો કે પૃથ્વીમાં કોઈ બીજા બરોબરીઆથી પણ તે જિતાય નહીં. એક દિવસે ત્યાં દેવયાત્રાના મેળામાં મલ્લોના સમાગમમાં એક પ્રખ્યાત મહામલ્લ દક્ષિણ દેશથી આવ્યો. તેણે **વારાણસી**ના રાજા **પ્રતાપમુકુટ**ના સઘળા બીજા મલ્લોને હરાવ્યા. તે પછી રાજાએ તે શેઠીઆ પાસેથી સાંભળેલા **અશોકદત્ત**ને બોલાવી કુસ્તી લડવાની આજ્ઞા કરી. તુરત જ તે મલ્લ ખભો ઠોકી કુસ્તી કરવા લાગ્યો, ત્યારે **અશોકદત્તે** કુસ્તીના દાવથી તેને નીચે પાડી નાંખ્યો; એટલે તે મહા મલ્લના પડવાથી ઉત્પન્ન થયેલા શબ્દથી અખાડો પણ **અશોકદત્ત**ને સાબાશી દેતો હોય તેમ મોટો ધબાકો થયો. એ જોઇ પ્રસન્ન થઇ રાજાએ **અશોકદત્ત**ને અમૂલ્ય રત્નો વગેરેનું ઇનામ આપી ખુશી કર્યો અને તેનું પરાક્રમ નજરે જોવાથી તેને પોતાનો હજુરી બનાવ્યો. ત્યાર પછી તે, રાજાને અત્યંત પ્રિય થઇ પડ્યો, ને કેટલેક દિવસે ઘણી સમૃદ્ધિ પણ મેળવી શક્યો.

યુદ્ધવિદ્યામાં હુશિયાર માણસને, તે બાબતમાં જશોખવાળો જો રાજા મળે તો તેને ખજાનો હાથ લાગ્યો એમ સમજવું. હવે તે રાજા એક દિવસ ચૌદશને દહાડે ગામથી બહાર દૂર પ્રતિષ્ઠા કરેલા શિવની પૂજા કરવા ગયો. ત્યાં પૂજા કરી રાત્રિમાં સ્મશાન પાસેના રસ્તાથી આવતો હતો, તેવામાં તેમાંથી નિકળતો અવાજ રાજાએ સાંભળ્યો કે, 'હે ધર્મધુરંધર મહારાજ ! કોટવાળે દ્વેષબુદ્ધિથી મને ખુનના ગુન્હા માટે અપરાધી ઠરાવી શૂળીપર ચઢાવ્યો હતો, આજે તેને ત્રણ દિવસ થયા છે, અને જો કે હું નિર્દોષ છું તો પણ મારો આત્મા મારા શરીરનો સંબંધ ત્યજતો નથી. હે રાજા ! હું બહુ તરસ્યો થયો છું. મને પાણી પીવરાવો.' તે સાંભળી, કૃપા કરી રાજાએ પાસે ઉભેલા **અશોકદત્ત**ને કહ્યું કે, 'તું આને પાણી પહોંચડાવ.' ત્યારે **અશોકદત્ત** બોલ્યો કે, 'હે રાજા ! આ રાત્રિમાં ત્યાં બીજું કોણ જાય ? પણ આપની આજ્ઞાથી હું જ જાઉં છું.' એવું કહી પાણી લઈ તે ચાલ્યો. રાજા પોતાની નગરીમાં ગયા પછી તે વીર, વિકટ, ઘાઢા, અંધકારથી બાહેર ને અંદર ભરપૂર, શિયાળિયાંઓએ

* नियुद्ध—કુસ્તી.

વેરેલા માંસના કટકાઓથી સંધ્યાને મહાબળિદાન દેનાર, કયાંઇ કયાંઈ ચિતાના અગ્નિરૂપ પ્રકાશિત દીવાથી પ્રકાશવાળું, ભમતા મોટા વૈતાલના તાલથી વાજ્નંવાળુ અને કૃષ્ણપક્ષની રાત્રિઓના રહેવાના ઘર સમાન તે સ્મશાનમાં પેઠો અને મોટેથી કહ્યું કે, 'રાજા પાસેથી પાણી કોણે માગ્યું છે?' ત્યારે એક તરફથી અવાજ આવ્યો કે, 'મેં માગ્યું છે.' તે અવાજને અનુસરી અશોકદત્ત પાસે રહેલી ચિતા પાસે ગયો તો ત્યાં શૂળી ઉપર વિંધાયેલો કોઈ પુરુષ દીઠો. તેની નજીકમાં સારા અલંકારોથી શણગારેલી સર્વાંગે સુંદર, ને કોઈ દિવસ નહીં જોયેલી એવી એક સ્ત્રીને રોતી જોઇ. *કૃષ્ણ-પક્ષમાં ક્ષીણ થયેલો ચંદ્રમા અસ્ત થયા પછી તેના શોકથી જાણે કિરણોથી સુંદર લાગતી ચિતામાં પડવા આવેલી રાત્રિ જ હોયની તેવી તે લાગતી હતી. તેને જોઈ તે બોલ્યો કે, 'હે મા ! તું કોણ છે, ને અહીં રોતી રોતી કેમ બેઠેલી છે?' એવું પૂછવા ઉપરથી તે સ્ત્રી બોલી, " હે ભાઇ ! શૂળીમાં પરોવાયેલા આ પુરુષની લક્ષણ વિનાની હું સ્ત્રી છું ને એની સાથે ચેહેમાં બળી મરવાનો નિશ્ચય કરી બેઠી છું; તથા એના પ્રાણ નિકળવાની રાહ જોઉં છું. ત્રણ દિવસ ગયા છતાં પણ એના પ્રાણ જતા નથી, અને વારંવાર તે પાણી માગ્યા કરે છે, તો હું પાણી પણ લાવી છું; પરતુ ઉંચી શૂળી ઉપર તેના મ્હોં સૂધી હું પહોંચી શકતી નથી.' એવાં તેનાં વચન સાંભળી તે વીર બોલ્યો કે, 'રાજાએ પણ આ પાણી મારી સાથે મોકલ્યું છે. તો હે બાઇ ! મારી પીઠ ઉપર પગ દઈને એના મોંમાં પાણી રેડ; કેમકે આપત્કાળમાં પરપુરુષનો ફક્ત સ્પર્શ માત્ર કરવો, એમાં કંઇ સ્ત્રીને દૂષણ લાગતું નથી.' એવું સાંભળી તે સ્ત્રી જળ લઇ શૂળી પાસે વાંકા વળી ઉભેલા તે વીરની પીઠ ઉપર બે પગ દઇ તેની ઉપર ચડી. થોડી ક્ષણ થઈ નહી, તેટલામાં જમીન ઉપર અને પોતાની પીઠ ઉપર લોહીનાં ટીપાં પડવા લાગ્યાં, ત્યારે મ્હોં ઉંચું કરી તે વીર જોય છે તો તે શૂળી ઉપર ચઢેલા પુરુષનું માંસ છરીથી કાપી વારંવાર ખાતી તે સ્ત્રીને જોઇ.† આથી તે ઘણો આશ્ચર્ય ચકિત થઈ ગયો, ને ધારયું કે, આ તો કંઇ વિલક્ષણ પ્રકાર છે. આ સ્ત્રી તો કોઇ રાક્ષસી છે. પછી તે ઝાંઝરવાળો પગ ખેંચી તેને જમીન ઉપર પટકવા લાગ્યો; તેટલામાં તે રંડા વેગથી પોતાની માયાએ કરી, પગ ખેંચીને તરત આકાશમાં ઉડી, ને કયાંઇ અદૃશ્ય થઇ ગઇ. પણ પગ ખેંચવાથી નકળી આવેલું મણીનું ઝાંઝર તે **અશોકદત્તના** હાથમાં રહી ગયું !

તે પછી આદિમાં કોમળ લાગતી અને મધ્યમાં પોતાને નીચે પાડનારી તથા અંતમાં વિકારથી ભયાનક દુર્જનની સંગતિ સરખી તે છટકી ગયેલી સ્ત્રીનો વિચાર કરતાં, અને હાથમાં આવેલા દિવ્ય નૂપુરને જોતાં, તે **અશોકદત્તનું** હૃદય વિસ્મય, ચિંતા અને હર્ષથી એકેકે સાથે ઘેરાઈ ગયું. પછી તે, તે નૂપુર લઇ સ્મશાનમાંથી પોતાને ઘેર આવ્યો, ને પ્રાતઃકાળમાં નાહી ધોઈ સ્વચ્છ થઈ દરબારમાં ગયો. રાજાએ તેને પૂછ્યું કે, 'કેમ ભાઈ! પેલા શૂળમાં વિંધેલા પ્રાણીને પાણી પાયું?' તેના ઉત્તરમાં તેણે હા કહી અને તુરત એક સુંદર ઝાંઝર ભેટ તરીકે રાજાની આગળ મૂક્યું. તે જોઈ રાજાએ તેને પૂછ્યું કે, 'આ કયાંથી ?' ત્યારે તેના ઉત્તરમાં તેણે અદ્ભુત અને ભયાનક રસથી

* આ ઉત્પેક્ષા છે, પણ ઉપમા કે રૂપક નથી.

† અરેબિયન નાઈટસમાં સિદિનુમ્હાનની સ્ત્રીનું કર્તવ્ય પણ આવું જ છે.



ભરેલી રાત્રિએ બનેલી બીના કહી સંભળાવી. તેથી તેના પૂર્વના ઉત્તમ પરાક્રમથી ખુશી થયેલો રાજા, આ સાંભળી તેના ગુણોનો ઉત્કર્ષ જોવાથી ફરીથી ખુશી થયો. પછી **અશોકદત્તને** સાથે લઇ રાજા જનાનખાનામાં ગયો, ને ત્યાં ઘણી આશ્ચર્યતા સાથે રાણીને તેણે નૂપુર આપ્યું. ખુશી થયેલા રાજાએ નૂપુર મળવાની સઘળી વાત રાણી પાસે કહી સંભળાવી. રાણી તે વાત સાંભળીને, તેમ જ તે દિવ્ય નૂપુર જોઇ બહુ રાજી થઈ ને **અશોકદત્તનાં** અત્યંત વખાણ કરવા લાગી. ત્યારે રાજાએ કહ્યું કે, 'હે રાણી ! જાતિ, વિદ્યા અને સત્ય જેવું તેનું રૂપ, એ સર્વ તરફ જોતાં **અશોક-દત્ત** મોટામાં મોટો છે. આ **અશોકદત્ત** આપણી ભવ્ય સ્વરૂપવાળી **મદનલેખા** પુત્રીનો પતિ થાય તો ઘણું સારું, એમ મારું ધારવું છે.'

'વરના આવા ઉત્તમ ગુણો જોવા, પણ ક્ષણ ભંગુર લક્ષ્મીને જોવી નહીં. એટલે ગુણ જોઇને પુત્રી આપવી પણ નાશ પામનારી લક્ષ્મીના ભભકામાં અંજાઇ પોતાને પેટ પડેલી પુત્રીને કુપાત્રને આપવી, એ ડહાપણનું કામ નથી. માટે આ વીર પુરુષને **મદનલેખા** આપુ છું.' એવાં પતિનાં વચન સાંભળી રાણીજી આદરથી બોલ્યાં કે, 'હે પ્રાણનાથ, ! હું પણ એમ જ ધારુંછું કે, આ તરુણ સઘળી રીતે આપણી **મદનલેખાને** લાયક છે, ને તેનું ચિત્ત પણ **મધૂદ્યાનમાં** જોવામાં આવેલા **અશોકદત્તથી** ચોરાયેલું છે. પરંતુ આજકાલ તેણીનું અંતઃકરણ શૂન્ય થઈ જવાથી તે કોઈ પણ વાત નથી સાંભળતી, કે નથી જોતી. આ વાત મેં તેની સખીઓ પાસેથી સાંભળી તેની ચિંતામાં ને ચિંતામાં હું સૂતી હતી, તેવામાં પાછલી રાતના સ્વપ્નમાં જાણે કોઇ દિવ્ય સ્ત્રીએ મને કહ્યું કે, 'હે વત્સે ! આ **મદનલેખા** કન્યા બીજાને ન પરણાવતી, પણ **અશોકદત્તને** જ પરણાવજે; કારણ કે તે તેની પૂર્વ જન્મની સ્ત્રી છે.' એવાં વચન સાંભળી હું જાગી. પ્રભાતના પહોરમાં તે વાત સંપૂર્ણ વિશ્વાસથી મેં **મદનલેખાને** સમજાવી; હવે હાલમાં આપે પોતાની મેળે મને આ વાત કહી, તેથી જેમ ઋતુમાં પ્રફુલ્લ થયેલી લતા વૃક્ષને મળે તેમ **અશોકદત્તની** સાથે ભલે **મદનલેખાનો** મેળાપ થાઓ, એ મારો શુદ્ધ મત છે.' એવાં પ્રિયાનાં વચનથી પ્રસન્ન થયેલા રાજાએ મોટો મહોત્સવ કરી **અશોકદત્તને** બોલાવી તે કન્યા પરણાવી, જેમ લક્ષ્મી અને વિનયનો સમાગમ થાય, તેમ રાજેંદ્ર પુત્રી અને દ્વિજેંદ્ર પુત્ર એ બન્નેનો સમાગમ, એક બીજાની શોભાને વધારવા વાસ્તે થયો.

તે પછી એક દિવસ **અશોકદત્તે** લાવેલા મણિ નૂપુરને ઉદ્દેશીને રાણીએ રાજાને કહ્યું કે, 'આર્યપુત્ર, આ ઝાંઝર એકલું છે તેથી સારું શોભતું નથી. માટે આની જોડનું બીજું ઘડાવી આપો.' તે સાંભળી રાજાએ સોનીને હુકમ કર્યો કે, 'આ ઝાંઝર જેવું બીજું ઝાંઝર બનાવો.' તે સોની તેને તપાસીને કહેવા લાગ્યા કે, 'હે રાજન્ ! આના જેવું બીજું ઝાંઝર મૃત્યુલોકમાં તો નહી બની શકે. કારણ કે આમાં માણસની કારીગરી નથી પણ દેવતાઇ હુન્નર છે. આના જેવાં રત્નો પૃથ્વી-પર જ નથી. તેથી જ્યાંથી એ મળ્યું હોય ત્યાં જ તેની શોધ કરાવો.' આવું સાંભળી રાણી તથા રાજાને બહુ ખેદ થયો. આ વખતે **અશોકદત્ત** પણ ત્યાં જ હતો, તેથી તે આવો પ્રકાર જોઈ એકદમ બોલી ઉઠયો, " હું જ એવું બીજું ઝાંઝર લાવી આપીશ." એવી રીતે તે વીરે પ્રતિજ્ઞા કરી, ત્યારે રાજાએ તેના સાહસથી ડરીને સ્નેહથી ઘણી મના કરી, તો પણ પોતાના નિશ્ચયથી

તે રંચ પણ ખસ્યો નહીં. પછી તે નૂપુર લઈ રાત પડી, એટલે ફરી તે અશોકદત્ત સ્મશાનમાં ગયો. કાળીચૌદશની રાત્રિએ જે જગોપરથી તે નૂપુર તેને મળ્યું હતું, ત્યાં ઘણા ધૂમાડાથી મેલા અને પાશથી વિંટેલા ગળાં ને ખભામાં લટકતાં માણસો સહિત ઝાડ સરખા રાક્ષસોથી વ્યાપ્ત થયેલા તે સ્મશાનમાં પ્રથમ જોયેલી પેલી સ્ત્રીને તેણે જોઈ નહીં, ત્યારે પેલું ઝાંઝર મેળવવા તેણે મહામાંસના વેચાણરૂપ એક ઉપાય વિચાર્યો. તે મહાધૈર્યવાન્ અશોકદત્તે પાસેના ઝાડના પાશમાંથી એક મુડદું લઈ "કોઈને મનુષ્ય માંસ લેવું છે, લ્યો, લ્યો," એમ પોકારવા લાગ્યો. તત્ક્ષણે એક દૂર ઉભેલી સ્ત્રીએ કહ્યું કે, 'હે ધર્યવાન્! એ લઈ મારી સાથે ચાલ.' તે સાંભળી તેની પાસે જઈ તે સ્ત્રીને અનુસરતો અશોકદત્ત ચાલ્યો. તેવામાં ચાલતાં ચાલતાં નજદીકના ઝાડ નીચે તેણે એક દેવતાઈ રૂપવાળી સ્ત્રી દીઠી. મારવાડ જેવા નિર્જળ દેશમાં જેમ કમલિની આવી પડે તેની પેઠે ત્યાં અસંભાવિત સ્થિતિવાળી સ્ત્રીઓથી વિંટાયેલી, આસનપર બેઠેલી ને રત્નોનાં આભરણોથી શોભાયમાન તે સ્ત્રીની પાસે, તેને તેડવા આવેલી સ્ત્રી લઈ ગઈ. પછી ત્યાં જઈ તે બોલ્યો કે, 'બાઈઓ! હું મનુષ્યનું માંસ વેચું છું, તમારે કોઈને લેવું છે?' એ સાંભળી, 'હે ધીર પુરુષ! કેટલી કીંમતથી તું એ વેચે છે?' એવી રીતે તે દિવ્ય સ્ત્રીએ કહ્યું. ત્યારે કાંધ અને પીઠ ઉપર મુડદું ઉપાડી ઉભેલા તે અશોકદત્તે હાથમાં રહેલું તે મણિનૂપુર દેખાડી કહ્યું કે, 'જે મને આની જોડનું બીજું નૂપુર આપે તેને આ માંસ આપું. તે જો તમ પાસે હોય તો લ્યો.' તે સાંભળી તે સુંદરીએ કહ્યું કે, 'બીજું નૂપુર મારી પાસે છે. આ મારું જ એક નૂપુર તું હરી ગયો છે. શૂળીએ વિંધેલા પુરુષની પાસે મને તેં જોઈ હતી, તે જ હું છું. બીજું રૂપ ધારણ કરવાથી હમણાં તેં મને ઓળખી નહીં. તો હે વીર! માંસનું શું કામ છે? હું તને કહું તેમ જો તું કરે તો આના સરખું બીજું મારું ઝાંઝર તને આપું.' એવું કહેવા ઉપરથી તે વાત માની તે વીર બોલ્યો કે, જે તું કહે છે તે હું ક્ષણમાત્રમાં કરીશ. તે સાંભળી તે સ્ત્રીએ ઈત્થંભૂત સ્વાત્મ ઈચ્છા કહી સંભળાવી:—

'હે ભદ્ર! હિમાલયના શિખરમાં ત્રિઘંટા નામનું એક પુર છે. ત્યાં એક લંબજિહ્વ નામનો મહા વીર પુરુષ રાક્ષસોનો અધિપતિ રહેતો હતો. તેની વિદ્યુચ્છિખા નામની ઈચ્છામાં આવે તેવું રૂપ ધારણ કરનારી હું સ્ત્રી છું. તે પતિ મને એક પુત્રી થયા પછી, રાજા કપાળસ્ફોટ સાથેના સંગ્રામમાં મરણ પામ્યો. આથી મને નિરાધાર થયેલી જાણી મારાપર દયા લાવી, રાજા કપાળસ્ફોટે પોતાનું નગર મને આપ્યું, તેથી ત્યાં હાલ પુત્રી સહિત સુખે કરી હું રહું છું. હાલ તે પુત્રી પુર યૌવનમાં આવી છે. તેથી તેણીને યોગ્ય વીર વરની પ્રાપ્તિની ચિંતા મારા મનમાં લટકી રહી છે; માટે રાત્રિ દિવસ તેના જ ચિંતનમાં છું. તેથી તે દિવસે રાત્રે જ્યારે રાજાની સાથે આ માર્ગે તું ચૌદશને દહાડે જતો હતો, ત્યારે તને જોઈ અહીં ઉભાં ઉભાં મેં વિચાર કર્યો કે, આ સુંદર જુવાન વીર, મારી પુત્રીને યોગ્ય પતિ છે. તો આ જમાઈ મળવા માટે કાંઈ યોગ્ય ઉપાય કેમ ન કરું? એવો વિચાર કરી સ્મશાનના મધ્યમાં શૂળીએ ચડેલા પુરુષના મિષથી જળ માંગી તને મેં બોલાવ્યો હતો. માયાએ કરી દેખાડેલા અનેક રૂપાદિક પ્રપંચોથી જૂઠું બોલી ત્યાં તને ક્ષણ માત્ર મેં ઠગ્યો. ફરીથી યુક્તિ કરી તારું આકર્ષણ કરવા સારુ બેડી સરખા નૂપુરને તજી ત્યાંથી પણ હું ચાલી



નિકળી હતી; અને આજ આવી રીતે તું મને મળ્યો તો મારે ઘેર આવી મારી પુત્રીને પરણ; અને બીજું નૂપુર લે.' એવું રાક્ષસીનું વચન સાંભળી તે કબૂલ રાખી તેની સાથે આકાશ માર્ગે તેની સિદ્ધિથી તે વાર તેના પુરમાં ગયો. આકાશ માર્ગે ચાલવાના શ્રમથી વિસામો લેવા બેઠેલા ચંચળ સૂર્ય બિંબ સરખું હિમાલયના શિખર ઉપર સોનાનું નગર દીઠું. પછી ત્યાં જઈ પોતાના સાહસની દેહધારી સિદ્ધિ સરખી વિદ્યુત્પ્રભા નામની રાક્ષસરાજની પુત્રીને પરણ્યો. સાસુના વૈભવથી સુખી થયેલો અશોકદત્ત પ્રિયાની સાથે ત્યાં જ કેટલાએક દિવસસૂધી રહ્યો; અને પછી સાસુને કહ્યું, 'મારે વારાણસી પુરીમાં હવે જવું છે; માટે તે નૂપુર મને દ્યો. ત્યાં મેં રાજાની પાસે તે એક નૂપુર સરખું બીજું લાવી આપવાની પ્રતિજ્ઞા લીધી છે.' આ વાત સાંભળી તેની સાસુએ બીજું પોતાનું નૂપુર આપી વળી સોનાનું કમળ પણ તેને આપ્યું. કમળ અને નૂપુર મળવાથી તે અશોકદત્ત વચનથી ફરી આવવાનો નિયમ બાંધી, તે નગરમાંથી નિકળ્યો; તુરત જ તેની સાસુએ આકાશ માર્ગે પોતાની સિદ્ધિના પ્રભાવથી તેને સ્મશાનમાં લાવી ઉભો રાખ્યો. પછી ત્યાં ઝાડની નીચે ઉભા રહી, તેણે કહ્યું કે, "હમેશાં કૃષ્ણ ચતુર્દશીને રોજ રાત્રિના અહીં આવું છું. તો ફરીથી પણ તું રાત્રિના જ્યારે જ્યારે આવીશ ત્યારે ત્યારે આ વડના ઝાડ નીચે મારો સમાગમ થશે." એ સાંભળી 'ભલે તેમ કરીશ' એમ કહી તે રાક્ષસીની રજા લઈ, ત્યાંથી અશોકદત્ત પોતાના પિતાને ઘેર આવ્યો. નાના પુત્રના વિયોગના દુઃખને બમણું કરનારા તે પ્રવાસથી ત્યાં તેનાં માબાપ દુઃખી હાલતમાં હતાં. તે અકસ્માત્ જેવો ત્યાં આવ્યો અને માતા પિતાને આનંદ ઉપજાવે છે તેટલામાં ત્યાં જ તેના આવ્યાની ખબર સાંભળી તેનો સસરો રાજા પણ આવ્યો. તે ત્યાં સાહસિકનો સ્પર્શ કરવાથી ભય પામી કંટક સહિત હોય એવાં રોમાંચિત અંગોથી નમ્યો ત્યારે તે રાજા આનંદિત થયો. પછી તે રાજા સાથે મૂર્ત્તિમાન્ આનંદ સરખો અશોકદત્ત, રાજાના ઘરમાં આવ્યો અને ઝણઝણ શબ્દથી તેની સ્તુતિ કરતાં હોય એવાં તે બે દિવ્ય ઝાંઝર રાજાને આપ્યાં. રાક્ષસના ખજાનાની લક્ષ્મીનું હરેલું લીલું કમળ હોય એવું સુંદર સોનાનું કમળ પણ તેને આપ્યું. રાણી સહિત રાજાએ કૌતુકથી પૂછ્યું ત્યારે પોતાના કાનને આનંદ આપનારું અને વિચિત્ર ચરિત્રથી બુદ્ધિને ચમત્કાર આપનારું પોતાનું વૃત્તાંત તે વર્ણવી ગયો. સાહસ કામ કર્યાં વિના શુભ્ર કીર્તિ કદી થાય નહિ. એવી રીતે જમાઈ સાથે વાત કરતો રાજા અને જેને ઝાંઝરની જોડ મળી છે એવી રાણી, કૃતકૃત્યપણું માનવા લાગ્યાં. ઉત્સવનાં વાજાના શબ્દથી ગાજતું તે રાજાનું મંદિર અશોકદત્તના ગુણ ગાતું હોય તેમ શોભવા લાગ્યું.

પછી બીજે દિવસે તે રાજાએ પોતે બનાવેલા દેવમંદિરના રૂપાના કળશ ઉપર સોનાનું કમળ સ્થાપ્યું. રાજા અને અશોકદત્તના, ધોળા અને રાતા, યશ અને પ્રતાપ સરખા કળશ અને કમળ અત્યંત શોભવા લાગ્યાં. એવાં કળશ તથા કમળ જોઈ હર્ષથી વિકાસિત નેત્રવાળો માહેશ્વર રાજા ભક્તિરસના આવેશથી બોલ્યો કે, 'અહો! ઉંચો આ કળશ આ કમળની વિભૂતિથી શુભ્ર પીળી જટાથી શંકર સરખો શોભે છે. બીજું પણ આવું સોનાનું કમળ હતે તો તે આ બીજા કળશ ઉપર પણ સ્થાપતે.' એવું રાજાનું વચન સાંભળી અશોકદત્ત બોલ્યો કે, 'હે રાજન્! તમારે માટે

બીજું પણ કમળ આણી આપીશ.’ તે સાંભળી રાજાએ કહ્યું કે, ‘મારે બીજાં કમળનું કામ નથી, હવે સાહસ કરવું રહેવા દો.’

**અ**શોકદત્તને સોનાનું કમળ લાવવાની ઇચ્છા હતી. તેવામાં કેટલાએક દિવસ ગયા પછી ફરીથી કૃષ્ણ ચતુર્દશી આવી. આ દિવસે, તેની સોનાનું કમળ મેળવવાની ઇચ્છા જાણી, ભય પામેલો હોય તેમ, આકાશરૂપ તળાવના કમળ સરખો સૂર્ય, અસ્તાચળમાં ગયા પછી, સંધ્યાથી લાલ વાદળાં રૂપ માંસના કોળીઆના ગર્વથી ભરપૂર હોય તેમ, ધૂમાડાથી ધુસર થયેલા અંધકાર રૂપ રાક્ષસો ચોમેર દોડવા લાગ્યા અને પ્રકાશ પામતી દીપમાળારૂપ દંત પંક્તિથી ભયંકર રાત્રિરૂપ રાક્ષસીનું મુખ ઉઘડવા લાગ્યું. તે વખતે જે ભુવનમાં રાજપુત્રી સૂતી છે, ત્યાંથી નિકળી ફરીથી તે જ શ્મશાનમાં **અ**શોકદત્ત આવ્યો. ત્યાં તેણે વડના ઝાડના થડ નજીક, ફરીથી આવેલી, આદર કરનારી, રાક્ષસી સાસુને જોઈ, અને તેની સાથે ફરીથી માર્ગમાં સ્ત્રીઓ જુવે એવી રીતે તે જુવાન હિમાલયના શિખર ઉપર તેને ઘેર ગયો. થોડોએક વખત સ્ત્રીની સાથે ત્યાં રહી, સાસુને કહ્યું કે, ‘સાસુજી, ક્યાંઇથી પણ મને બીજું સોનાનું કમળ આપો.’ તે સાંભળી તે બોલી કે ‘હુ બીજું કમળ ક્યાંથી લાવી આપું ? પણ અમારા સ્વામી કપાળસ્ફોટનું એક તળાવ છે, જ્યાં ચોમેર આવાં સોનાનાં કમળ ઉગે છે. તેમાંથી એક કમળ પ્રીતિ દર્શાવવા મારા રાજાએ તેણે મારા નાથને આપ્યું હતું.’ એવું કહેવા ઉપરથી તે **અ**શોકદત્ત બોલ્યો કે, ‘જો એમ છે તો તે તળાવ પાસે મને લઈ જા. જેથી હું પોતે સોનાનું કમળ લઈ લઇશ.’ ‘આ વાત અશક્ય છે, કારણ કે ભયંકર રાક્ષસો તેની ચોકી કરે છે. એવી રીતે સાસુએ મના કર્યાં છતાં પણ, તેણે હઠ છોડી નહીં. તે પછી માંડમાંડ તે સાસુ તેને ત્યાં લઈ ગઈ. ત્યાં તેણે દૂરથી, મોટા પર્વતના શિખર ઉપર આવેલું તે દિવ્ય તળાવ દીઠું. નિરંતર ઉંચી દાંડીવાળાં અને હમેશ ઉંચું મ્હોં રાખી સંક્રમણ પામેલા સૂર્યની કાંતિનું પાન કરવાથી, પ્રકાશિત થયેલાં, સોનાનાં કમળો તેણે જોયાં.

આવાં દિવ્ય કમળોથી ઢંકાયલા તળાવ પાસે જઇ તે કમળ ચુંટવા લાગ્યો, તેટલામાં તેની રક્ષા કરવાવાળા ભયંકર રાક્ષસોએ તેને ઘેરી લીધો. ત્યારે હાથમાં શસ્ત્ર લઇ તેણે એ રાક્ષસોને માર્યાં, પણ બીજા કેટલાએકે પોતાના સ્વામી કપાળસ્ફોટ પાસે જઇ એ વાત કહી સંભળાવી. તે વાત સાંભળી રાક્ષસોનો પતિ ગુસ્સે થઈ આવ્યો અને ત્યાં કમળ તોડનારા **અ**શોકદત્તને જોઈ વિસ્મય પામ્યો. પછી તે આશ્ચર્યતાથી પોતાના બંધુને પીછાણી બોલ્યો કે, “અરે ! આ તો મારો ભાઈ અશોકદત્ત છે.” પછી શસ્ત્ર છોડી દઈ, હર્ષનાં આંસુથી ભરપૂર નેત્રવાળો કપાળસ્ફોટ દોડી તેના પગમાં પડી કહેવા લાગ્યો કે, ‘હું **વિ**જયદત્ત નામે તારો સગો નાનો ભાઈ છું. આપણે બન્ને ગોવિંદસ્વામીના પુત્ર થઈએ છીએ. આટલા લાંબા વખત સુધી દૈવજોગથી ચિતાના કપાળને ફોડવાથી હું કપાળસ્ફોટ નામનો રાક્ષસ થયો છું. તારાં દર્શનથી હમણાં મને બ્રાહ્મણપણું યાદ આવ્યું અને મોહથી બુદ્ધિને ઢાંકનારું રાક્ષસપણું જતું રહ્યું છે.’ એવી રીતે **વિ**જયદત્ત કહેવા લાગ્યો ત્યારે તે **અ**શોકદત્ત આલિંગન કરી રાક્ષસપણાથી દૂષિત થયલું તેનું આંસુના પૂરથી અંગ ધોતો હોય તેવો જણાયો. તેટલામાં **પ્ર**જ્ઞપ્તિકૌશિક નામનો વિદ્યાધરોનો ગુરુ આકાશમાંથી ઉતર્યો તે, આ



બન્ને ભાઇઓ પાસે આવી બોલ્યો કે, “તમે સર્વે વિદ્યાધર છો અને શાપથી આવી દશા પામ્યા છો. હમણાં તે તમારો શાપ શાંતિ પામ્યો છે. હવે તમે બંધુ સરખી પોતાની વિદ્યાઓ ગ્રહણ કરો, અને તમે તમારે ઠેકાણે જાઓ અને સંબંધીઓને મળો.” એમ કહી વિદ્યા દઈ, તેનો ગુરુ સ્વર્ગ ભણી રવાના થયો. **વિ**દ્યાધર થયેલા તે બન્ને ભાઇઓ, સોનાનાં કમળ લઈ આકાશ માર્ગે **હિ**માલયના શિખર ઉપર ગયા. ત્યાં **અ**શોકદત્ત, રાક્ષસરાજની પુત્રી, જે પોતાની પ્રિયા છે તેને મળ્યો, તો દૈવયોગથી જ શાપ ટળી જવાથી તે વિદ્યાધરી થઈ ગઈ. તે સાથે તે બન્ને ભાઈઓ આકાશ માર્ગે એક ક્ષણમાં **વા**રાણસીમાં આવ્યા. ત્યાં પુત્રશોકથી દુઃખિત માબાપને દર્શન રૂપ અમૃત વર્ષાવી, તરત શાંત કર્યાં. દેહનો ભેદ નહીં છતાં, વિચિત્ર જન્માંતરને ધારણ કરનારા તે બે ફક્ત માબાપના જ નહીં, પણ લોકના ઉત્સવ માટેના પણ કારણ થયા. ગાઢ વાત્સલ્યથી છાતી સરસા દબાવી પિતાના બે હાથના મધ્યની પેઠે વિજયદત્તે પિતાનો મનોરથ પણ પૂર્ણ કર્યો. તે પછી, આ શુભ વાત જાણી **અ**શોકદત્તનો સસરો **પ્ર**તાપમુકુટ રાજા પણ ત્યાં જ હર્ષથી આવ્યો. તેણે સત્કાર કરેલો **અ**શોકદત્ત ઉત્કંઠાયુક્ત પ્રિયાવાળી અને ઉત્સવવાળી તેની રાજધાનીમાં પોતાના સંબંધી જનની સાથે ગયો. દરબારમાં જઈ તેણે રાજાને ઘણાં સોનાનાં કમળો ભેટ આપ્યાં, ત્યારે માગણીથી અધિક આવેલાં કમળોથી તે રાજા અત્યંત રાજી થયો. તે પછી સર્વ સાંભળતાં આશ્ચર્ય અને કૌતુકવાળા તેના પિતા ગોવિંદસ્વામીએ **વિ**જયદત્તને પૂછ્યું કે, ‘તે રાત્રિના શ્મશાનમાં રાક્ષસપણું તું પામી ગયો, તે પછી હે પુત્ર! શી હકીકત બની તે વર્ણવી સંભળાવ.’ આવો પ્રશ્ન કરવાથી **વિ**જયદત્ત કહેવા લાગ્યોઃ–

હે પૂજ્યપાદ પિતાજી ! દૈવયોગને લીધે ચપળતાથી મેં ચિતાનું પ્રદીપ્ત કપાળ ફોડયું, એટલે તેમાંથી વસાની પીચકારી મારા મુખમાં આવી પડી. પછી માયાથી મોહ પામેલો હું રાક્ષસ થઈ ગયો. તેને તો તમે જોયો હતો. પછી બીજા રાક્ષસોએ કપાળસ્ફોટ એવું મારું નામ પાડી બોલાવ્યો, તેથી હું તેમાં જઈ ભળ્યો. તેઓ મને પોતાના ધણી પાસે લઈ ગયા. તે પણ મને જોઈ રાજી થયો અને સેનાપતિની પદવી આપી. તે પછી એક સમયે તે રાક્ષસરાજ ગંધર્વો સાથે મદથી લડાઇ કરવા ગયો ; ત્યાં તેને શત્રુઓએ ઠાર કર્યો. પછી તેના નોકરોએ રાજા તરીકે મને કબૂલ રાખ્યો, અને હું તે નગરમાં રાજ્ય કરવા લાગ્યો. દૈવયોગથી સોનાનાં કમળ લેવા આવેલા મોટા ભાઈ અશોકદત્તનાં દર્શન મને થયાં ને મારી પૂર્વની દશા શાંત થઈ ગઈ. તે પછી શાપ છૂટવાને લીધે અમને જે અમારી વિદ્યાઓ મળી, તે સઘળું મોટા ભાઈ કહી બતાવશે.

આવી રીતે **વિ**જયદત્તે કહ્યું, ત્યારે **અ**શોકદત્તે મૂળથી વાત કહી સંભળાવીઃ–હે પિતાજી, પૂર્વે અમે વિદ્યાધર હતા. એક સમે અમે ગાલવ ઋષિના આશ્રમમાં ગંગા નદીમાં નહાતી મુનિની કન્યાઓને આકાશમાંથી જોવા લાગ્યા; અને તેઓ પણ લક્ષ્ય બાંધી ટગર ટગર જોવા લાગી. એમ એઓનો ખરો ભાવ સમજી તેમની સાથે એકાંત ક્રીડા કરવા અમે ઇચ્છા જણાવી, ત્યારે દિવ્ય દૃષ્ટિથી તેના બંધુઓએ તે વાત જાણી, ક્રોધ કરી અમને બેઉને શાપ દીધો કે, તમે પાપાચર-

ણવાળા બન્ને મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાઓ અને ત્યાં પણ તમારા બેઉનો વિચિત્ર વિયોગ થાઓ. મનુષ્યોના અગોચર દૂર દેશમાં આવેલા એક ભાઇને જોઇ બીજો જ્યારે જ્ઞાન પામશે ત્યારે વિદ્યા- ધરના ગુરુ પ્રજ્ઞાપ્તિકૌશિક પાસેથી વિદ્યા મેળવી શાપ રહિત થઈ વિદ્યાધરપણું પામી, પોતાના બંધુ- ઓનો સંયોગ થશે. એવી રીતે તે મુનિના શાપ ઉપરથી અમે બેઉ અહીં જન્મ્યા છીએ, અને અહીં અમારો વિયોગ પણ થયો હતો; એ સર્વ વાત તો તમારા જાણવામાં છે. હમણાં સાસુની સિદ્ધિના પ્રતાપથી કમળ માટે હું રાક્ષસરાજના પુરમાં ગયો હતો. ત્યાં મને મારો આ નાનો ભાઇ મળ્યો, ત્યાં જ ગુરુ પ્રજ્ઞાપ્તિકૌશિક પાસેથી વિદ્યા પામી વિદ્યાધર થઈ, તરત અહીં આવ્યા છીએ.' એવી રીતે હકીકત કહી, શાપરૂપ અંધકારથી મુક્ત થવાને લીધે, રાજી થયેલા વિચિત્ર ચરિત્ર- વાળા તે અશોકદત્તે માતા, પિતા તથા રાજપુત્રી પ્રિયાને પોતપોતાની વિદ્યાનું જ્ઞાન આપ્યું. એટલે તેઓને તરત જ્ઞાન આવ્યું ને સર્વે વિદ્યાધર થઈ ગયાં. પછી તે વીર પુરુષ અશોકદત્ત, રાજાની આજ્ઞા માગી, માતા, પિતા અને બે સ્ત્રીની સાથે આકાશ માર્ગે ઉડી પોતાની ચક્રવર્તી રાજધા- નીમાં ગયો. અને ત્યાં વિદ્યાધર અશોકવેગ એવું પોતાનું નામ અને તેના ભાઇનું વિજયવેગ એવું નામ સંપાદન કીધું. પછી ઉત્તમ વિદ્યાધરોમાં જુવાન એવા તેઓ પોતાના સંબંધી સહિત પોતાને રહેવાના ગોવિંદકુટ નામના શ્રેષ્ઠ પર્વત ઉપર જઈ રહ્યા. આશ્ચર્ય થયેલા વારાણસીના રાજા પ્રતા- પમુકુટે પણ પોતાના દેવમંદિરના બીજા કળશ ઉપર સોનાનું કમળ મૂક્યું, અને તેણે આપેલાં બીજાં કમળોથી મહાદેવની પૂજા કરી. તેમ અશોકદત્ત સાથે સંબંધ બંધાયાથી તેની આસ્તાથી પ્રસન્ન થઈ પોતાના કુળને કૃતાર્થ માનવા લાગ્યો.

એવી રીતે આ જીવ લોકમાં કોઈ કારણથી દિવ્ય જીવ અવતાર લે છે, અને પોતા સરીખા ધૈર્ય અને ઉત્સાહ ધારણ કરનારા, પામવાને અશક્ય એવી પણ કાર્ય સિદ્ધિને મેળવે છે. તો હે ધૈર્યસાગર ! તું પણ ઇષ્ટ સિદ્ધિ ધારણ કરનારો દેવાંશી હોઇશ. ઘણું કરી મોટાઓની દુષ્કર ક્રિયા- ઓમાં પણ ઉત્સાહ શક્તિ, પ્રકૃતિનો વિશેષ કહી આપે છે. હું ધારુ છું કે, તારી ઇચ્છેલી રાજપુત્રી કનકરેખા દિવ્ય હશે, નહીંતર બાલ્યાવસ્થામાં કનકપુરી જોનાર પતિની કેમ ઇચ્છા કરે?

એવી રીતે વિષ્ણુદત્ત પાસેથી ઉત્તમ કથાનો પ્રકાર એકાંતમાં સાંભળી, મનમાં કનકપુરી જોવા ચાહનારા તે શક્તિદેવે, ધીરજ રાખી તે રાત્રિ ત્યાં જ ગાળી.

## તરંગ ૩ જો.

## શક્તિદેવની કનકપુરી માટે મુસાફરી.

તે પછી તે ઉત્સ્થળ દ્વીપમાં સવારમાં મઠમાં રહેલા તે શક્તિદેવની પાસે સત્યવ્રત ભિલ્લ- રાજ આવ્યો. પ્રથમથી કબુલાત આપી હતી, તેથી તે સત્યવ્રતે તેની પાસે આવી કહ્યું કે, 'હે બ્રાહ્મણ ! તારી ધારેલી ધારણાની સિદ્ધિને માટે મેં આવો ઉપાય ગોઠવી રાખ્યો છે. હું તને કહું તે સાંભળઃ–



" સમુદ્રની વચમાં રત્નકૂટ નામનો એક ઉત્તમ દ્વીપ છે. ત્યાં સમુદ્રે પ્રતિષ્ઠા કરેલા ભગવાન્ હરિ બિરાજે છે. આષાઢ માસના શુક્લ પક્ષની ચૌદશને દિને ત્યાં સદા યાત્રાનો ઉત્સવ થાય છે, તેથી ત્યાં પ્રેમ ધરી અનેક મનુષ્યો તેની પૂજા કરવા દ્વીપાંતરથી આવે છે. કદાચિત્ કનકપુરીની ખબર ત્યાં તને મળે તો મળે; માટે હાલ ત્યાં તું ચાલ. એ તિથિ નજીક આવી છે." એવું સત્યવ્ર- તનું કહેવું સાંભળી રાજી થયેલા શક્તિદેવે વિષ્ણુદત્તનું આપેલું ભત્તું સાથે લીધું. પછી સત્યવ્રતે ચલાવેલા વહાણમાં બેસી તેની સાથે જ સમુદ્રમાર્ગે એકદમ ચાલ્યો. દ્વીપ સરખા મોટા મગરવાળા અદ્ભુત સમુદ્રમાં ચાલતાં કાંઇક જોઈ શક્તિદેવે સત્યવ્રતને પૂછ્યું કે, 'અહિંથી દૂર સમુદ્રમાં યદ- ચ્છાથી નિકળેલા મોટી પાંખોવાળા પર્વત સરખું મોટા વિસ્તારવાળું પેલું શું દેખાય છે?' ત્યારે સત્યવ્રતે કહ્યું કે, 'એ વડનું ઝાડ છે. આની નીચે મોટા વમળવાળું વડવાનળ અગ્નિનું મુખ છે. આ વમળને છોડી દઇએ તો જ જવાય છે. આ વમળમાં આવેલા પાછા નિકળતા નથી.' એવી રીતથી સત્યવ્રત કહે છે, તેટલામાં પાણીના વેગથી તે જ દિશામાં વહાણ ઘસડાયું, તે જોઈ સત્યવ્રતે ફરીથી શક્તિદેવને કહ્યું કે, "હે બ્રહ્મન્ ! જરૂર આ આપણા વિનાશનો કાળ નજીક આવ્યો છે. કારણ કે અકસ્માત્ આ વહાણ એ જ ઠેકાણે ચાલ્યું જાય છે. હમણાં કેમેય કર્યું તે મારાથી રોકી શકાતું નથી. બળિષ્ઠ કર્મની પેઠે આ પાણી મૃત્યુના મુખ સરખા આ ગંભીર વમળમાં આપણને ખેંચી ફેંકી દે છે. એ વાતનું મને કંઇ દુઃખ નથી, શરીર કોનું સ્થિર રહે છે ? પણ મને એ દુઃખ છે કે, કષ્ટ કરતાં પણ તારો મનોરથ સિદ્ધ નથી થતો, તે કષ્ટ ભારે છે. હું જેટલામાં આ વહાણને જરા વાળું તેટલા સુધી તરત તું આ વડના ઝાડની ડાળીને વળગી રહે. કદાચિત્ તારી સુંદર આકૃ- તિનો* તેથી બચાવ થાય.

વિધિના વિલાસ અને સમુદ્રના તરંગોને કોણ કળી શકે છે." એવી રીતે ધીર સત્યવ્રત કહે છે, તેટલામાં તે વડની પાસે વહાણ આવી ચડ્યું. તે ક્ષણે નિર્ભય થઈ છલંગ મારી તે સમુદ્રના વડની મોટી શાખા શક્તિદેવે પકડી લીધી. સત્યવ્રત તો બીજાને માટે કલ્પેલા દેહ અને વહાણે કરી ત્યાં વડવાના મુખમાં પેસી ગયો. શાખાઓથી દિશાઓને પૂરનાર તે વડના ઝાડની શાખાનો આશ્રય કરી રહેલો શક્તિદેવ નિરાશ થઈ વિચાર કરવા લાગ્યો કે તે, કનકપુરી તો મેં ન જોઇ અને આ અકસ્માત્થી અજાણ સ્થળમાં આવી પડયો એટલું જ નહી, પણ વિશેષમાં તે માછી- ઓના રાજા સત્યવ્રતના નાશનું કારણ પણ હું થયો. અથવા સર્વના મસ્તક ઉપર પગ મૂકનારી ભગવતી ભવિતવ્યતાને† કોણ અન્યથા કરી શકનાર છે ? એવા વિચારમાં ને વિચારમાં તે બ્રાહ્મ- ણનો તે દિવસ વીતી ગયો. જ્યારે સાંજ પડી ત્યારે ચોમેર વડના ઝાડમાં પ્રવેશ કરતાં અને શબ્દોથી દિશાઓને પૂરતાં ઘણાં પક્ષીઓને તેણે જોયાં. મોટી પાંખોના પવનથી સમુદ્રના મોજાને ઉછાળતા અને પરિચયની પ્રીતિથી સામૈયું કરતા હોય એવા ગીધ પક્ષીઓને પણ તેમાં જાયા; ત્યાં પાંદડાના ઢગલાથી ઢંકાયલા શક્તિદેવે, શાખામાં બેઠેલાં પક્ષીઓમાં મનુષ્યોની વાણીથી થતી

* અરેબીયન નાઈટસમાં ત્રીજા_ફકીરની વાર્તામાં, તે લોહચુંબકના પહાડ તરફ ઘસડાઈ ગયો હતો.
† પ્રારબ્ધ.

વાતચિત સાંભળી. એક પક્ષીએ પોતાના ફરવાની જગા અને દ્વીપાંતરનું વર્ણન કર્યું. કોઇએ પર્વતનું અને કોઇએ દિશાઓના મધ્ય ભાગનું વર્ણન કહી સંભળાવ્યું. આ સઘળા પક્ષીઓમાંથી એક વૃદ્ધ પક્ષી બોલ્યો કે, “હું આજે વિહાર કરવા કનકપુરીમાં ગયો હતો; અને સવારે ત્યાં જ સુખેથી ફરવા જઇશ. શ્રમ આપનાર દૂર જવાથી મને શું પ્રયોજન છે?” એવા અકસ્માત અમૃતના સાર સરખા પક્ષીના વચનથી જેનો તાપ શાંત થયો છે, એવો શક્તિદેવ વિચાર કરવા લાગ્યો કે, ‘અહા ! જયજય ! તે નગરી છે એ વાત સિદ્ધ છે. હવે તેની પ્રાપ્તિ સારુ પણ આ જ ઉપાય ઠીક છે કે, આ મોટી કાયાવાળા પક્ષીનું વાહન કરવું ને ત્યાં પહોંચવું.’

## કનકપુરીની પ્રાપ્તિ.

એમ વિચાર કરી, ધીમે ધીમે તે પક્ષીની નજીક આવી, તે સુતેલા પક્ષીની પીઠની પાંખના અંતરમાં શક્તિદેવ છૂપાઈ બેઠો. સવારમાં બીજાં પક્ષીઓ આણીમેર તેણીમેર ગયાં, ત્યાર પછી આશ્ચર્ય પક્ષપાત દેખાડનારા દૈવની પેઠે તે પક્ષી, છૂપી રીતે રહેલા શક્તિદેવને પાંખની ઉપરના સંધિમાં લઈ ક્ષણ માત્રમાં ફરીથી કનકપુરીમાં ચારો ચરવા ચાલ્યો.* કનકપુરી જઇ એક બગીચાના મધ્યમાં તે પક્ષી બેઠો ત્યારે શક્તિદેવ ગુપચુપ તેની પાંખમાંથી નિકળી ગયો. તેના પડખામાંથી સરકી જઈ, તે જેવો ત્યાં ફરવા લાગ્યો, તેવામાં ફુલ વીણવા આવેલી બે સ્ત્રીઓ તેના જોવામાં આવી. મનુષ્ય જોવાથી વિસ્મય પામેલી તે સ્ત્રીઓએ પાસે જઈ શક્તિદેવને પૂછ્યું કે, ‘હે ભદ્ર ! તમારો ક્યો દેશ છે? ઓ મુસાફર ! આ કનકપુરી નામની નગરી વિદ્યાધરોને રહેવાનું ઠેકાણું છે. ચંદ્રપ્રભા એવા નામની વિદ્યાધરી આમાં વસે છે. અમે બે આ બાગમાં રાખેલી તેની માલણો છીએ, અને તેને માટે જ આ પુષ્પો ચુંટેલાં છે.” એવી રીતનું તે સ્ત્રીઓનું બોલવું સાંભળી શક્તિદેવ બોલ્યો કે, ‘તમે મારું એટલું કામ કરો કે, જેથી હું તમારી શેઠાણીને જોઉં.’ એવું સાંભળી ‘ભલે, તેમ કરીશું,’ એમ કહી તે બન્ને સ્ત્રીઓ, નગરીની અંદર રાજાના મહેલમાં તે જુવાનને લઈ ગઈ. ત્યાં માણેકના થાંભલાથી શોભાયમાન, સોનાની ભીતોવાળું, સંપત્તિના સંકેતનું સ્થાન હોય એવું તે રાજાનું મંદિર તેણે જોયું. શક્તિદેવને જોઈ સર્વ પરિજને તે માણસના આવવાની આશ્ચર્ય વાત ચંદ્રપ્રભાને કહી ત્યારે તેણે પ્રતીહારને આજ્ઞા કરી કે, ‘જલદી તે બ્રાહ્મણને મારી પાસે અંદર લાવો.’ ત્યાં નેત્રને ઉત્સવ આપનારી વિધાતાની દેહધારી અદ્‌ભુત રચનાની સીમા સરખી ચંદ્રપ્રભા સમીપ શક્તિદેવને લાવવામાં આવ્યો. શક્તિદેવનાં દર્શન વશ થયેલી તે ચંદ્રપ્રભા પણ દૂરથી તેને જોઈ અણમોલ રત્નોના પલંગ ઉપરથી ઉઠી તેનું આદરાતિથ્ય કરવા લાગી. બેઠા પછી તેને પૂછ્યું કે, ‘હે કલ્યાણ ! આવો તું કોણ છે? અને મનુષ્યોથી ન આવી શકાય એવી આ ભૂમિમાં તું કેમ કરી આવ્યો છે?’ એવી રીતે કુતૂહલથી ચંદ્રપ્રભાએ પૂછ્યું, ત્યારે તે શક્તિદેવે પોતાનો દેશ, જાતિ અને નામ બતાવી તે નગરી જોવાની સરતથી કનકરેખા રાજપુત્રી પામવા આવ્યો છું, એવું કહી

* અરેબીયન નાઈટસમાં સીનબાદ વહાણવટીના જળપર્યટણમાં રૉક પક્ષીને આવી શક્તિવાળું કલ્પ્યું છે.



સંભળાવ્યું. તે જાણી કંઈ ધ્યાન ધરી લાંબો નિઃશ્વાસ મૂકી, ચંદ્રપ્રભા એકાંતમાં શક્તિદેવને કહેવા લાગી કે, ‘હે સુભગ! સાંભળ. હું તને કાંઇ હમણાં કહું છું. આ પૃથ્વીની પીઠ ઉપર શશિખંડ નામનો વિદ્યાધરોનો રાજા છે, તેની ક્રમથી અમે ચાર પુત્રીઓ છીએ. મોટી હું ચંદ્રપ્રભા, બીજી કનકરેખા, ત્રીજી શશિરેખા અને ચોથી શશિપ્રભા છે. તે અમે ચારે ક્રમે કરી પિતાને ઘેર ઉછરી મોટી થઈ છીએ. એક દિવસ તે મારી ત્રણે બેનો, હું કન્યાવ્રતમાં હતી ત્યારે સ્નાન કારણે ગંગાજીને કિનારે સાથે જ ગઈ. ત્યાં જુવાનીના મદથી જળક્રીડાનો આરંભ કરી જળમાં રહેલા અગ્રતપા નામના મુનિને પાણીથી ભીંજવી નાંખ્યા. અતિ હઠીલી તે છોકરીઓને ક્રોધ પામેલા તે મુનિએ શાપ આપ્યો કે, “રે દુષ્ટ બાળાઓ ! તમે મનુષ્ય લોકમાં પડો.’ આ વાત જાણી અમારા પિતાએ તે મુનિની કૃપા સંપાદન કરી. ત્યારે તે મહામુનિએ તેઓનો જૂદો જૂદો શાપનો અંત કહી, દિવ્યજ્ઞાન સહિત મનુષ્ય ભાવમાં જાતિસ્મરણ જ્ઞાન રહેશે એમ જણાવ્યું. પછી શરીરનો ત્યાગ કરી તેઓ મનુષ્ય લોકમાં ગઈ. ત્યારે મારો પિતા આ નગરી મને સોંપી દઈ ખેદથી વનમાં ચાલી નિકળ્યો. હવે અહીં હું રહું છું; ત્યાં સ્વપ્નમાં અંબિકા દેવીએ મને આજ્ઞા કરી છે કે, ‘હે પુત્રિ ! તારો પતિ મનુષ્ય થશે! તેથી ઘણા વિદ્યાધર વરોનો અનાદર કરતા મારા પિતાને રોકી, હજુ સૂધી હું કુંવારી જ રહી છું. હમણાં આશ્ચર્યકારી તમો આવવાથી અને શરીરથી વશ થયેલી હું તમને જ અર્પણ થઈ છું, તો તમારે માટે આવતી ચૌદશને દહાડે પિતાને વિનતિ કરવા ઋષભ નામના મોટા પર્વતપર જઈશ. ત્યાં તે તિથિ ઉપર સર્વે વિદ્યાધરો દર સાલ શંકરદેવને પૂજવા સર્વ દિશાઓમાંથી આવે છે. ત્યાં મારા પિતા પણ આવે છે, તેથી તેમની પાસે જઈ, તેની આજ્ઞા મેળવી જલદી હું અહીં આવું છું; તે પછી મને તમે પરણજો. હમણાં તમે ઉઠો.” એમ કહ્યા પછી, શક્તિદેવને વિદ્યાધરોને લાયક ભોગોથી, ચંદ્રપ્રભા તેની આગતાસ્વાગતા કરવા લાગી. દાવાનળથી તપેલા માણસને અમૃત રસના ધ્રોમાં નહાવાથી જેવું સુખ થાય તેવું સુખ શક્તિદેવને ત્યાં રહેવાથી થયું. પછી ચૌદશ આવી ત્યારે ચંદ્રપ્રભાએ કહ્યું કે, ‘આજ હું તમારે માટે મારા પિતા પાસે વિનતિ કરવા જાઉં છું. સર્વ પરિજન પણ મારી સાથે જ આવશે. તમારે બે દિવસ એકલું રહેવાનું દુઃખ મનમાં ન લાવવું; અને આ ઘરમાં તમોએ એકલા રહેવું. પણ તમારે વચલી અગાસીમાં બિલકુલ જવું નહીં.’ એવું તે જુવાનને કહી તેની પાસે પોતાનું ચિત્ત રાખી તેના ચિત્તની સાથે ચંદ્રપ્રભા ત્યાંથી ચાલી; ને એકલો શક્તિદેવ ત્યાં ચિત્તને વિનોદ કરતો મોટી સમૃદ્ધિવાળાં દરેક સ્થાનોમાં ફરવા લાગ્યો. એક સમયે તેને કૌતક થયું કે, ઉપર ચડવાનો મને વિદ્યાધરની પુત્રીએ કેમ નિષેધ કર્યો હશે ? પછી તે કૌતુકનો નિવેડો લાવવા તે, તે જ ઘરની વચલી અગાસી ઉપર ચડ્યો. ઘણું કરી મનુષ્યના મનની પ્રવૃત્તિ જે વાતની મના હોય તે તરફ વિશેષ જાય છે. જ્યારે તે તે અગાસીપર ગયો ત્યારે તેણે ગુપ્ત રત્નમંડપો દીઠા. તેમાં એકનાં કમાડ ખુલ્લાં હતાં, તેથી તેમાં તે પેઠો. ત્યાં પેસતાં તેણે એક કીમતી રત્નપર્યંક આસન જોયું, જેપર કોઈ સ્ત્રી ઓઢીને સુતી હોય તેમ જણાયું. કપડું ઉંચું કરી તે જુએ છે તો પરોપકારી રાજાની મુએલી કન્યા ત્યાં દીઠી. પછી તેણે જોઈને વિચાર કર્યો કે, ‘શું આ મોટું અદ્‌ભુત છે? આ પાછી ન ઉઠે એવી ઘોર નિદ્રામાં સૂતી છે, કે શું મને આ નિર્બાધ ભ્રાંતિ

છે? જેને માટે મેં આ પ્રવાસ કર્યો તે જ સ્ત્રી સૂતી છે; અને પ્રાણ રહિત થયેલી આ ત્યાં તો જીવે છે. આની કાંતિ જરાએ ઝાંખી પડી નથી. તો વિધાતાએ નિશ્ચ કોઈ કારણથી આ ઇંદ્રજાળ કર્યું હશે!" એવું વિચારી ત્યાંથી નિકળી તેણે બીજા બે મંડપમાં ક્રમે કરી પેસી, તે જ પ્રમાણે બીજી બે કન્યાને પણ જોઈ. આવું કૌતક નિહાળી ત્યાંથી પણ નિકળી તે ઘરની નીચે આવ્યો તો ત્યાં એક અતિ ઉત્તમ તલાવ જોયું. તેને કાંઠે રત્નોના પલાણવાળો એક ઘોડો દીઠો ત્યારે રત્નમંડપમાંથી ઉતરી કૌતુકથી તેની પાસે ગયો. તે ઘોડાને ખાલી જોઈ તેની ઉપર ચડવાની ઇચ્છા કરી. તત્ક્ષણે* તે ઘોડાએ લાત મારી તેને તે તલાવમાં ફેંકી દીધો. તેમાં ડૂબી તરત સંભ્રમ સહિત પોતાના વર્ધમાન નગરના બગીચાની વાવમાંથી નિકળ્યો હોય તેમ તેને લાગ્યું. તરત જન્મભૂમિમાં વાવના પાણીમાં રહેલા દીન કુમુદતુલ્ય આત્માને પોતે દીઠો.

## શક્તિદેવનું ફરી વર્ધમાનપુરમાં આવવું.

તે પોતાના મનમાં બોલ્યો કે, "આ વર્ધમાનપુર ક્યાં અને તે વિદ્યાધરની પુરી ક્યાં ! અહો! માયાના આડંબરથી વૃદ્ધિ પામેલું આ કાંઈ આશ્ચર્ય છે. અફસોસ છે!! હું મંદભાગ્ય છું, કે કોઈએ કંઈ ઠગાઈ કરી છે કે કોણ જાણે છે કે ભવિતવ્યતા કેવી છે? ઇત્યાદિ વિચાર કરતો વિસ્મય સહિત તે શક્તિદેવ વાવમાંથી નિકળ્યો અને પોતાના બાપને ઘેર ગયો. ત્યાં સંબંધીઓને મળ્યો અને કપટથી કહ્યું કે, "હું તો દેશાંતરમાં ઢોલ ફેરવવા ગયો હતો." એમ કહી તે દિવસ તો પિતાએ અભિનંદન કરેલો, હરખાતાં સંબંધી જનની સાથે રહ્યો. બીજે દિવસે ઘરથી બાહેર નિકળ્યો. ત્યાં ફરીથી તે પુરમાં ઢોલ વગાડી કહેવાતું આવું વચન સાંભળ્યું.

"જેણે કોઇએ કનકપુરી નીરખી હોય, પછી તે બ્રાહ્મણ કે ક્ષત્રિય ગમે તે હોય, તેણે આગળ આવવું."

તે સાંભળી કૃતાર્થ થયેલા તે શક્તિદેવે પડો વજડાવનારાઓને ફરીથી કહ્યું કે, 'મેં તે કનકપુરી દીઠી છે.' ત્યારે તેઓ રાજાની પાસે તેને લઈ ગયા; પણ રાજાએ આગળ પ્રમાણે ફરીથી જૂઠું બોલનારો તેને જાણ્યો. ત્યારે શક્તિદેવે કહ્યું કે, 'તે નગરી મેં દીઠી ન હોય અને હું જો જૂઠું બોલતો હોઉં, તો હવે મારી શરીરના દંડની શરત છે. ભલે તે રાજપુત્રી આજ મને પૂછે.' એવાં તેનાં વચન સાંભળી રાજાએ અનુચરોની સાથે ત્યાં જ રાજપુત્રીને બોલાવી મંગાવી. ત્યારે પ્રથમ જોયેલા તે બ્રાહ્મણને જોઇ કુંવરીએ રાજાને કહ્યું કે, 'હે પિતાજી! ફરીથી પણ આ કાંઈ જુઠુંજ બોલશે. ત્યારે શક્તિદેવે કહ્યું કે, 'હે રાજપુત્રી! ગમે હું સાચું કે જૂઠું બોલું છું, પણ તું મને કેહેશે કે, કનકપુરીમાં તને મેં મૃત સુતેલી શય્યાપર જોઈ, અને હાલ તને જીવતી કેમ જોઉં

* અરેબીયન નાઇટસની ત્રણ રાજ જોગીની વાર્તાનો પ્રસંગ આને તાદૃશ મળતો છે. તેમાં પણ આ પ્રમાણે જ રાજકન્યા છે, આ જ પ્રમાણે એક ઓરડો જોવાની મના છે ને આ જ પ્રમાણે એક ઘોડાનો પ્રસંગ છે.



છું?' એવી રીતે શક્તિદેવે નિશાનીબંધ તે રાજપુત્રીને કહ્યું. ત્યારે તે કનકરેખાએ પિતાની પાસે જઇ કહ્યું કે, 'હે પિતાજી ! આ મહાત્માએ ખરેખર તે નગરી જોઈ છે. થોડા વખતમાં ત્યાં મારો તે ધણી થશે. ત્યાં એ જ મારી બીજી ત્રણ બહેનોને પણ પરણશે અને તે નગરીમાં વિદ્યાધરોનું રાજ્ય પણ એ જ કરશે. પણ મારે તો આજ તે નગરીમાં અને કાયામાં પેસવું છે; કારણ કે મુનિના શાપથી હું અહીં તમારા ઘરમાં ઉત્પન્ન થઈ છું. જ્યારે કનકપુરીમાં મનુષ્ય તારો દેહ જોશે, અને મનુષ્ય ભાવ ધારણ કરનારના તત્ત્વને ખુલ્લું કરશે, ત્યારે તારા શાપનો અંત આવશે અને તે તારો મનુષ્ય પતિ થશે;' એવી રીતે તે મુનિએ ફરીથી શાપનો અંત કહેલો છે. એ પ્રમાણે સર્વ થયું છે. મનુષ્યપણામાં પણ હું જાતિસ્મરણ જ્ઞાનવાળી છું. માટે હવે સિદ્ધિને માટે મારા વિદ્યાધરપદમાં જાઉં છું.' એવું કહી તે રાજપુત્રી દેહ છોડી, અદૃશ્ય થઈ ગઈ. તુરત તે રાજમહેલમાં મોટી રડાફૂટ થઇ રહી. હવે શક્તિદેવ કે જેણે બે પ્રિયા ગુમાવી છે, તેમાં એક અપાર કષ્ટ વેઠવાથી પ્રાપ્ત થયેલી, પણ ફરીથી હાથમાંથી ગઈ છે, ને બીજી પણ પોતાથી ગઈ છે, એવી રીતે ઉભય ભ્રષ્ટ થયેલો બંનો પ્રિયાનું ધ્યાન ધરતો અને મનના મનોરથ પાર ન પડવાને લીધે દિલગીર થઈ પોતાને નિંદતો રાજમહેલમાંથી તરત નિકળી, આવી રીતે વિચાર કરવા લાગ્યો કે; 'કનકરેખાએ કહેલું મારું વાંછિત પાર પડશે તો શા માટે શોક કરું ?

ફરીથી પણ ત્યાં દૈવ જ મને સહાય કરશે. હું પુનઃ કનકપુરી તે જ રસ્તે જઇશ. મને આશા છે કે દૈવ મને સાનકૂળ થઈ, ત્યાં સુખરૂપ લઈ જશે." એવું વિચારી તે શહેરથી શક્તિદેવ ચાલતો થયો. આ વાત નક્કી છે કે, જે આગ્રહી માણસ હોય છે તે પોતાનો વિચાર પાર પાડ્યા વગર પાછો હઠતો નથી.

## કનકપુરીની ફરી જાત્રા.

ચાલતાં ચાલતાં કેટલાએક દિવસે સમુદ્ર કીનારાપરના **વિટંકપુરમાં** જઈ પહોંચ્યો. ત્યાં સામા આવેલા તે વાણીઆને જોયો કે, જેની સાથે સમુદ્ર પાર ઉતરતાં પ્રથમ વહાણ ભાંગ્યું હતું. તે સમુદ્રદત્ત સમુદ્રમાં પડી ગયો હતો તે કેમ સમુદ્રમાંથી ઉગર્યો હશે ? પણ આમાં કાંઈ આશ્ચર્ય નથી. જેમ હું બચ્યો તેમ તેનો પણ બચાવ થયો હશે, એવું વિચારી શક્તિદેવ તે વાણીઆ પાસે આવ્યો. તેટલામાં સમુદ્રદત્તે તેને ઓળખી કહાડ્યો, અને રાજી થઈ આલિંગન દીધું; અને પોતાને ઘેર લઈ જઈ પરોણાગત કરી પૂછ્યું કે, વહાણ ભાંગ્યા પછી તું કેમ તરી પાર ઉતર્યો? શક્તિદેવે પણ ઇત્થંભૂત સર્વ વૃત્તાંત કહી બતાવ્યો કે જેમ પ્રથમ મત્સ્યના ગળી જવાથી ઉત્સ્થળ દ્વીપમાં જઇ પહોંચ્યો હતો. પછી તે વાણીઆને પણ પૂછ્યું કે તું કેવી રીતે સમુદ્રમાંથી પાર ઉતર્યો, તે વર્ણવી સંભળાવઃ—

ત્યારે વાણીઓ બોલ્યો કે સમુદ્રમાં પડયા પછી, ત્રણ દહાડા તર્યો ત્યારે એક પાટીયું હાથ આવી ગયું. પછી તેને આધારે ચાલતાં એક વહાણ આવ્યું. તે વહાણમાં બેસનારાઓએ મારો પોકાર સાંભળી તેમાં મને બેસાર્યો. તેમાં બેઠો એટલે ત્યાં મારા પિતાને મેં જોયો. પ્રથમ બીજા

દ્વીપમાં ગયો હતો તે ઘણે દિવસે તે જ વખત ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે મને જોયો, એટલે બાથ ભીડી રોતાં રોતાં મારી હકીકત પૂછી. તેથી મેં તેને કહ્યું કે, 'પિતાજી ! આપ ઘણો વખત થયાં પ્રવાસ કરવા નિકળ્યા છતાં પાછા આવ્યા નહીં ત્યારે સ્વધર્મ માની વેપારમાં મેં પ્રવૃત્તિ કરી. દ્વીપાંતરમાં જતાં વહાણ ભાંગવાથી સમુદ્રમાં પડ્યો. તે આજ તમને મળતાં તમે બહાર કહાડ્યો છે.' એવું મારું વચન સાંભળી ઠપકો દઈ પિતાએ કહ્યું કે, 'આવા જોખમના કામમાં તું કેમ પડે છે ? હે પુત્ર ! મારી પાસે પૈસો પણ પુષ્કળ છે અને તે મેળવનારો હું બેઠો છું. જો આ વહાણ તારે માટે સોનાથી ભરી લાવ્યો છું.' એવું કહી આશ્વાસના કરી તે વહાણ મારફત પોતાને ઘેર વિટંકપુરમાં મને તેડી લાવ્યા. એવી રીતે તે વાણીઆનું વૃત્તાંત સાંભળી શક્તિદેવ તે રાત્રિ ત્યાં જ વિશ્રામ લઈ બીજે દિવસે તે વાણીઆને કહેવા લાગ્યો કે,

"શેઠજી, મારે તો ફરીથી ઉત્સ્થળ દ્વીપમાં જવું છે, તો હવે ત્યાં કેમ જાઉં તે કહો." ત્યારે તે વાણીઆએ કહ્યું કે, 'મારાં માણસો આજે જ ત્યાં જવાને તૈયાર થયાં છે; તેથી વહાણમાં બેસી તેની સાથે તમે પણ જાવ.' આમ કહેવા ઉપરથી તેનાં માણસો સાથે શક્તિદેવ ઉત્સ્થળ દ્વીપમાં ગયો. જ્યાં મારો મહાત્મા બંધુ વિષ્ણુદત્ત રહે છે તેની સાથે પહેલાંની પેઠે મઠમાં જઇ રહેવાનો વિચાર કરી હું ચાલતો હતો, ને બજારના મધ્યમાં એવો વિચાર કરતો હતો, એટલામાં ત્યાં દૈવયોગથી ભિલ્લરાજ સત્યવ્રતના પુત્રોએ નજીક આવવાથી મને ઓળખી કાઢી કહ્યું કે, 'બ્રહ્મન્, અમારા પિતાની સાથે તું અહીંથી કનકપુરીને શોધવા ગયો હતો, અને આજે તું એકલો કેમ આવ્યો?' ત્યારે શક્તિદેવ બોલ્યો કે, 'તે તમારો પિતા સમુદ્રમાં પાણીના પ્રવાહથી વહાણ ઘસડાઈ ગયું, તેથી વડવાના મુખમાં જઈ પડ્યો છે.' તે સાંભળી ભિલ્લરાજના પુત્રો ગુસ્સે થયા અને નોકરોને કહેવા લાગ્યા કે, 'આ દુષ્ટને બાંધી લો, એણે અમારા પિતાને માર્યો છે. નહીંતર એક વહાણમાં બન્ને ચડેલા હોય તેમાંથી એક વડવાના મ્હોમાં પડે અને બીજો તરી પાર ઉતરે એવું કેમ બને ? આ પિતાના ઘાતકને તમે ચંડિકા દેવી પાસે પશુ કરી લઈ જાઓ. આપણે કાલે સવારે મારી નાંખીશું" એમ નોકરોને કહી, તે ભિલ્લના પુત્રોએ શક્તિદેવને બંધાવ્યો અને ભયંકર ચંડીના મંદિરમાં લઈ ગયા. નિરંતર અનેક જીવોનું જ્યાં ભક્ષણ થાય છે, અંદરથી વિશાળ અને ટાંગેલા ઘંટોની પંક્તિરૂપ દંતમાળાવાળું, મૃત્યુના મુખ સરખું તે મંદિર જોઈ બંધાએલી સ્થિતિમાં રાત્રિમાં પોતાના જીવતર વિષે સંશય કરતો તે શક્તિદેવ તે ચંડી દેવીને વિનવવા લાગ્યો કે, 'હે ભગવતિ; તમે રુરુ નામના દાનવના કંઠમાંથી નીકળતી રુધિરની ધારા પીને સૂર્યના બિંબ જેવી લાલ મૂર્તિથી આ જગતની રક્ષા કરી છે. હે વરદાન દેનારી ! નિરંતર નમ્ર, નિષ્કારણ દુષ્ટ વર્ગના હાથમાં પડેલો અને ઇષ્ટ જનની પ્રાપ્તિની તૃષ્ણાથી આતુર હું, દૂર આવેલો છું, તેની તમે રક્ષા કરો.' એવી રીતે દેવીની વિનતિ કરતાં કરતાં માંડ માંડ નિદ્રા આવ્યા પછી, તેના મંદિર મધ્યમાંથી નિકળેલી એક સ્ત્રીને સ્વપ્નમાં તેણે દીઠી. દિવ્ય આકૃતિવાળિ તે દયા સહિત હોય, તેમ તે સ્ત્રી તેને કહેવા લાગી કે, 'હે શક્તિદેવ, ડર મા, તારું અનિષ્ટ નહીં થાય. આ ભિલ્લરાજના પુત્રોની બિંદુમતી નામની બહેન છે, તે સવારમાં તને જોઈ ભર્તાર તરીકે તારી માંગણી કરશે. તે માંગણી તું કબૂલ રાખજે અને



તે જ તને છોડવશે. તે ભીલડી નથી પણ તે શાપથી મનુષ્ય દેહને પામેલી દિવ્ય
છેલ્લા શબ્દ સાંભળી શક્તિદેવ જાગ્યો. પછી સવારે તેનાં નેત્રોને અમૃતની
ભિલ્લરાજ કુંવરી, તે દેવીના મંદિરમાં દર્શન માટે આવી. એકમેકની નજર મળવાથ
થો અને કુંવરીએ વિનતિ કરી કહ્યું કે, 'જો તું મારું ધારેલું કરે તો હું તને અહીંથી છો
ભાઈઓને ગમતા, મારે માટે પસંદ કરેલા ઘણા વરોની મેં મના કરી છે, અને તમને જોવ
પ્રીતિ ઉત્પન્ન થઈ છે. તો હવે મારી ઇચ્છા એ છે કે, તમે મારો પતિ થાઓ.' એવી રીતે ભિલ
કુંવરી બિંદુમતીના કહેવાથી સ્વપ્ન યાદ કરી રાજી થયેલા શક્તિદેવે તે વાતની હા પાડી. પછી
ભાઈઓને કહી તેને મુકાવ્યો ત્યારે સ્વપ્નમાં જેને અંબિકાની આજ્ઞા મળી છે એવા તેના ભા
ઓએ જેનું વાંછિત કરી આપેલું છે એવી બિંદુમતીનાં તેની સાથે લગ્ન કીધાં. એક પુણ્યથી જ
પ્રાપ્ત થાય એવી સુખસિદ્ધિ સરખી, રૂપાંતરથી પ્રાપ્ત થયેલી તે દિવ્ય સ્ત્રીની સાથે તે ત્યાં રહ્યો. એક દિવસ તે અગાસીમાં બેઠો હતો; ત્યાં ગાયનું માંસ ઉપાડી રસ્તે જતા એક ચંડાલને જોઇ, તે પ્રિયાને કહેવા લાગ્યો કે, 'હે કૃશોદરિ, ત્રણે જગતને આ ગાયો વંદ્ય છે; તેનું માંસ આ પાપી કેમ ખાય છે?" તે સાંભળી બિંદુમતી પોતાના પતિને કહેવા લાગી કે, 'હે આર્યપુત્ર ! આ અચિંત્ય પાપ છે. શું કહેવું ? મારાથી ગાયોનો થોડો પણ અપરાધ થયો, તેથી આ ભિલ્લના કુળમાં જન્મી છું. તો આ ઠેકાણે એનું શું પ્રાયશ્ચિત્ત થવું જોઇએ, તે કહી શકાતું નથી.' એમ કહેતી સ્ત્રીને શક્તિદેવે પૂછ્યું કે, 'હે પ્રિયે, આ આશ્ચર્ય છે? તું કોણ છે? અને તારો જન્મ ભિલ્લને ઘેર કેમ થયો, તે મને કહે.' એમ અતિ આગ્રહપૂર્વક પૂછવાથી તેણે તેને કહ્યું કે, 'આ વાત ઘણી ગુપ્ત છે; તો પણ જો આ મારું વચન તમે માનો તો કહું.' ત્યારે તેણે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું કે, 'ભલે, પ્રિયે, તારું કહ્યું સર્વ માનીશ.' ત્યારે તેણે પ્રથમ પોતાનું કર્તવ્ય કહ્યું કે, 'આ દ્વીપમાં હમણાં બીજી પણ તમારી સ્ત્રી થશે. હે આર્યપુત્ર ! તેને થોડા વખતમાં ગર્ભ રહેશે. એ ગર્ભ જ્યારે આઠ માસનો થાય ત્યારે તેનું પેટ ચીરી તે ગર્ભ તમારે ખેંચી કાઢવો. 'એમાં દયા લાવવી નહીં,' એમ કહેવાનું ખાસ કારણ શું? એવી રીતે વિચારના વમળમાં તે ભયથી ગુંચવાઈ ગયો. ત્યારે ફરીથી તે ભિલ્લરાજ કુંવરી બોલી કે, 'એ મારું વચન કોઇ કારણસર તમારે પાળવું પડશે જ. હવે જે હું છું અને જેવી રીતે મારો જન્મ ભિલડીને પેટે થયો છે તે વાત સાંભળો:–

"પૂર્વે જન્માંતરમાં હુ એક વિદ્યાધરી હતી અને હમણાં શાપથી મનુષ્યલોકમાં આવી છું. વિદ્યાધરપણામાં વીણાના તારને દાંતવતી કાપી સરખા બેસાર્યા, તેથી અહીં ભિલ્લને ઘેર મારો અવતાર થયો છે. એવી રીતે ગાયનું સૂકું આંતરડું મોંમાં ઘાલ્યું તેથી આવી નીચ જાતિમાં અવતરી છું; ત્યારે તેનું માંસ ખાનારની તો શું વાત કરવી ? " એવી રીતે ત્યાં તે ગભરાઇને કહેતી હતી તેવામાં એકાએક તેનો ભાઈ આવ્યો. તેણે શક્તિદેવને કહ્યું કે, 'ઉઠ, કયાંઇથી નિકળી નાશ. એક મોટો સૂવર ગર્વથી અનેક માણસોને મારી અહીં સામો આવ્યો છે.' તે સાંભળી શક્તિદેવ હવેલી ઉપરથી ઉતરી એક સાંગ હાથમાં લઈ અશ્વારૂઢ થઈ સૂવર તરફ દોડ્યો અને તેને જોતાં જ, માર મારી તે વીર દોડવા લાગ્યો; ત્યારે પ્રહાર પામેલો તે વરાહ નાસતો નાસતો એક ગુફામાં પેસી

પણ ત્યાં જ તેને શોધવા પેઠો. તે ગુફામાં આગળ જતાં ક્ષણ માત્રમાં બંગલાવાળો દીઠો. ત્યાં એક ખુબસુરત કામિની, પ્રીતિથી હાવભાવ કરતી, વનદેવતા સરખી બેઠી ...કિતદેવે પૂછ્યું કે, 'હે કલ્યાણિ, તું કોણ છે? અને તું કેમ ગભરાય છે.' તે સાંભળી ... કહ્યું કેઃ-"દક્ષિણ દેશમાં ચંડવિક્રમ એવે નામે એક રાજા છે. તેની બદુરેખા નામની ...છું. અહીં અકસ્માત્ બળતા નેત્રવાળો પાપી દૈત્ય છળ કરી મારા પિતાના ઘરથી મને હરી ...છે. માંસની ઇચ્છાથી તે સૂવરનું રૂપ ધારણ કરી બહાર ગયો હતો. ત્યાં આજે જ તેને કોઈ ...સાંગથી વિંધ્યો, જેથી તરત અહીં આવી મરણ પામ્યો છે. હજુ મારું કન્યાપણું દૂષિત થયું ... હું ત્યાંથી નાશી અહીં નિકળી આવી છું." તે સાંભળી તેને શક્તિદેવે કહ્યું કે 'પણ હવે તું કેમ ...ભરાય છે ! હેરાજપુત્રિ ! તે વરાહને શક્તિથી મેં જ માર્યો છે.' એ સાંભળી તેણે કહ્યું કે 'મને કહે કે તું કોણ છો?' ત્યારે તેણે જવાબ વાળ્યો કે, 'હું શક્તિદેવ નામનો બ્રાહ્મણ છું.' ત્યારે તેણે કહ્યું કે 'તો તું જ મારો ધણી થા.' તે વીરે કહ્યું,.'જેવી તારી મરજી.' પછી તેને લઇ ગુફાને રસ્તેથી તે પાછો નિકળ્યો. ઘેર જઇ તે વાત બિંદુમતીને કહી ને તેની સલાહથી તે બિંદુરેખા કુમારીને પરણ્યો. પછી બે સ્ત્રીવાળો શક્તિદેવ ત્યાં રહ્યો છે તેવામાં બિંદુરેખા નામની સ્ત્રીને ગર્ભ રહ્યો. તેને આઠમો મહીનો થયો ત્યારે પહેલી બિંદુમતી સ્ત્રી, શક્તિદેવ પાસે જઈ કહેવા લાગી કે 'હે વીર ! મને તમે વચન આપ્યું છે તે યાદ કરો. આ તમારી બીજી સ્ત્રીના ગર્ભનો આઠમો માસ થયો છે. હવે હમણાં જઇ તેનું પેટી ચીરી ગર્ભને લઇ લ્યો, અને તમારો કોલ પાળો. કોલ આપી ફરવું, એ ઉત્તમ પુરુષનું કામ નથી.' એવું કહેવા ઉપરથી પ્રીતિ, પ્રતિજ્ઞા અને કરુણાને પરવશ થઈ શક્તિદેવ જવાબ દઈ શક્યો નહીં. પણ અંતે ઉદ્વેગ થવાથી ત્યાંથી નિકળી બિંદુરેખા પાસે તે ગયો. તે પણ દિલગીર ચેહેરે પતિને જોઈ બોલી કે, હે આર્યપુત્ર! પ્રાણનાથ! આજ તમે ખિન્ન કેમ થયા છો? હું જાણું છું કે, બિંદુમતીએ મારો ગર્ભ ખેંચવા તમને મોકલ્યા છે. એ કાર્ય તમારે અવશ્ય કરવાનું છે. એમાં કંઇ ક્રૂરતા નથી. માટે દયા નહીં લાવો. આ પ્રસંગ સંબંધે એક દેવદત્તની કથા છે,તે સાંભળોઃ-

---

## જાળપાદ વ્રતીની કથા.

પૂર્વે હરિદત્ત નામનો કંબુકપુરમાં એક પૈસાદાર બ્રાહ્મણ રહેતો હતો. તેનો બાળક અવસ્થામાં ભણેલો એક દેવદત્ત નામનો પુત્ર હતો. જ્યારે તે તરુણાવસ્થાને પામ્યો ત્યારે તે અત્યંત જુગાર રમવા લાગ્યો. જ્યારે જુગારમાં પોતાનાં કપડાં પણ ખોઈ બેઠો ત્યારે શરમનો માર્યો પિતાને ઘેર જઈ શક્યો નહીં અને એક દિવસ શૂન્ય દેવમંદિરમાં ગયો. ત્યાં જતાં એણે કામણના મંત્ર જેણે સાધેલા છે એવા જપ કરતા મહાવ્રતી જાળપાદને જોયા. પછી તેની પાસે જઈ ધીમેથી પ્રણામ કર્યાં. તે મુનિએ મૌન છોડી આદર આપી બેસાર્યો અને પછી દુઃખનું કારણ પૂછવાથી વ્યસનથી ધનનો નાશ થવાથી ઉત્પન્ન થયેલી વિપત્તિનું વર્ણન તે જુગારીએ કહી સંભળાવ્યું. ત્યારે તે મહાવ્રતીએ કહ્યું કેઃ-



'હે વત્સ ! આ પૃથ્વીમાં વ્યસનીઓને સંતોષ વાસ્તે ધન પૂરતું નથી. જો છૂટવાની ઇચ્છા હોય તો મારું કહ્યું કર. વિદ્યાધરપણું પામવા જે જે મેં સામગ્રી તૈયા... કલ્યાણ ! તેમાં તું મને સહાય થા; મારી આજ્ઞા તું પાળ, તારી વિપત્તિ નાશ પામશ... આવું કહેવું સાંભળી તે વાતનો અંગીકાર કરી, તેની પાસે દેવદત્ત રહ્યો. બીજે દિવસે તે... એ સ્મશાનમાં જઈ વડના ઝાડની નીચે રાત્રિમાં પૂજા કરી, દૂધપાકનું નૈવેદ્ય ધરી, દિ... બળિદાન દઇ તેનું પૂજન કરી, દેવદત્તને કહ્યું કે, 'હે વિદ્યુત્પ્રભે ! આ પૂજા ગ્રહણ કરો, ... કહી દરરોજ તારે અત્રે પૂજા કરવી. હવે પછી હું જાણું છું કે, આપણ બન્નેને નિશ્ચય સિદ્ધિ પ્ર... થશે.' એમ કહી તેની સાથે તે મહાવ્રતી પોતાને ઘેર ગયો. તે દેવદત્ત પણ નિત્ય તે ઝાડ ન... જઇ તે જ વિધિથી પૂજન કરવા લાગ્યો. એક દિવસ પૂજાના અંતમાં તે ઝાડ ફાટ્યું અને તેમાંથ જોતજોતામાં અકસ્માત્ એક દિવ્ય નારી નિકળી અને કહ્યું કે, 'હે ભદ્ર ! અમારી શેઠાણી તને બોલાવે છે, માટે મારી સાથે ચાલ.' એમ કહી તે સ્ત્રી તેને ઝાડની અંદર લઈ ગઈ. ત્યાં અંદર દિવ્ય મણિમય ભુવનમાં, એક પલંગપર બેઠેલી એક સુંદર સ્ત્રી તેણે દીઠી. ત્યારે તે દેવદત્ત વિચારવા લાગ્યો કે,"આ શું આપણી મૂર્તિમાન્ સિદ્ધિ હશે કે કેમ," એવી રીતે તે વિચાર કરતો હતો, તેટલામાં તે સુંદર સ્ત્રી,-તેનું આતિથ્ય કરી સ્વાગત કરતાં હોય એવા શબ્દ કરતાં અલંકારવાળાં અંગોથી ઉઠી, તેને પોતાના પલંગપર બેસાર્યો,અને કહ્યું કે,'હે મહાભાગ ! હું યક્ષરાજ રત્નવર્ષની વિદ્યુત્પ્રભા નામની કન્યા છું. એ જાળપાદે મારી આરાધના કરી છે; તેને ધનની સિદ્ધિ દેવાવાળી છું અને તું તો મારા પ્રાણનો પણ સ્વામી છે. તને જોવાથી તારીપર હું પ્રેમાળ થઈ છું; માટે મારું પાણિગ્રહણ કર.' એવું કહેવાથી દેવદત્તે તેમ જ કર્યું. કેટલોએક વખત તે ત્યાં રહ્યો, તેટલામાં તે સ્ત્રીને ગર્ભ રહ્યો, એટલે પછી તે ફરીથી મહાવ્રતી પાસે ગયો. તેની પાસે થયેલી વાત ભય સહિત કહી. ત્યારે પોતાની સિદ્ધિ ચાહનારા તે જાળપાદે કહ્યું કે, 'હે ભદ્ર! તેં ઠીક કર્યું. પણ હવે ત્યાં જઈ તે યક્ષસ્ત્રીનું પેટ ચીરી તે ગર્ભને ખેંચી તરત મારી પાસે લઈ આવ.' એમ કહી વ્રતીઓની પ્રથમ પ્રતિજ્ઞા યાદ આપી તેને પાછો મોકલ્યો. દેવદત્ત ફરીથી તે પ્રિયા પાસે આવ્યો; ત્યાં તે વાતના ચિંતનથી દિલગીર થઇ ઉભો છે; તેટલામાં તે યક્ષણી વિદ્યુત્પ્રભા બોલી, "હે આર્યપુત્ર ! તમે ખિન્ન કેમ દેખાઓ છો? હું જાણું છું કે જાળપાદે તમને મારો ગર્ભ ચીરવાની આજ્ઞા આપી છે. તો મારું પેટ ચીરી આ ગર્ભને ખેંચી લ્યો. નહીંતર હું પોતે એ પ્રમાણે કરું છું. એમ કરવામાં કાંઇ પ્રયોજન છે.' એમ તેના કહેવા છતાં પણ દેવદત્તની છાતી ન ચાલી, ત્યારે તે યક્ષણીએ પોતે પેટ ચીરી ગર્ભ ખેંચી કહાડ્યો. ખેંચેલા ગર્ભને ફેંકી તે યક્ષણીએ દેવદત્તને કહ્યું કે, 'આ વિદ્યાધરપણું ભોગવવાનું કારણ ગ્રહણ કર. હું વિદ્યાધરી હતી, પણ શાપથી યક્ષિણી થઈ હતી. હવે હાલ આ રીતથી મારા શાપનો અંત આવ્યો છે. હું જાતિસ્મરણ જ્ઞાનવાળી છું' ને હવે હું મારા ધામમાં જાઉં છું. હવે આપણ બન્નેનો સંગમ ફરીથી ત્યાં જ થશે.' એમ કહી એ વિદ્યુત્પ્રભા અદૃશ્ય થઈ ગઈ. દેવદત્ત પણ તે ગર્ભને ગ્રહણ કરી કચવાતે મને વ્રત કરનારા જાળપાદની પાસે ગયો, અને સિદ્ધિ આપનારો તે ગર્ભ તેને ભેટ કર્યો. દુર્લભ ચીજમાં પણ સત્પુરુષો એકલ પેટા થતા નથી.

જાળપાદે ગર્ભનું માંસ રાંધ્યું અને તે દેવદત્તને ભૈરવની પૂજા કરવા જંગલમાં મોક-
ળિદાન દઇ પાછો આવી જુએ છે તો સર્વ માંસ જાળપાદ ખાઈ ગયો છે. 'અરે
સ કેમ ખાઇ ગયા?' એવું દેવદત્ત કહે છે તેવામાં તે કપટી, વિદ્યાધર થઈ આકાશમાં
આકાશની પેઠે શ્યામ ખડ્ગવાળો અને હાર તથા બાજુબંધથી શોભાયમાન તે જાળપાદ
ારે દેવદત્ત વિચાર કરવા લાગ્યો કે, "અફસોસ છે! આ પાપી મને ઠગી ગયો, અથવા અ-
સરલપણાથી કોનો પરાભવ થતો નથી? આ અપકારનો બદલો કેમ વાળું? એ વિદ્યાધર થયો,
ી રીતે પહોંચી શકું? વૈતાલની મદદ સિવાય મારો આ બાબતમાં બીજો ઉપાય નથી."
વિચાર કરી તે રાત્રિએ સ્મશાનમાં ગયો. ત્યાં તે ઝાડની નીચે મનુષ્યના શરીરમાં વૈતાલને
બોલાવી પૂજી તેને મનુષ્યના માંસના બળિદાનથી તૃપ્ત કરવા લાગ્યો. વિશેષ માંસ લાવવાને સમય
નહીં મળવાથી તથા તૃપ્ત નહીં થવાથી, તેને તૃપ્ત કરવા તે પોતાનું માંસ કાપવા તૈયાર થયો. તે
ક્ષણે તે મહાધીરને વૈતાલે કહ્યું કે, 'આ તારી ધીરજથી હું ખુશી થયો છું. સાહસ નહીં કર. હે
ભદ્ર! તારી શી ઇચ્છા છે તે મને કહે કે જે હુ સિદ્ધ કરું.' એમ કહેતાં વૈતાલને તે વીરે કહ્યું, 'જે
તેનાપર પૂર્ણ વિશ્વાસ મૂકે છે તેનો ઘાત કરનાર ઠગ, જાળપાદ વ્રત કરનાર જ્યાં છે તે વિદ્યાધરોના
રહેઠાણમાં, તેને દંડ આપવા સારુ મને લઈ જા.' ત્યારે તથાસ્તુ એવું કહી તે ક્ષણમાં વૈતાલ તેને
કાંધપર ચડાવી આકાશ માર્ગે વિદ્યાધરોના નિવાસમાં લઈ ગયો. ત્યાં વિદ્યાધરનું રાજ મળવાથી
ગર્વિષ્ઠ થયેલા, તથા મહેલમાં રત્ન જડિત આસનપર બેઠેલા તે જાળપાદને તેણે વિદ્યાધરીપદ
પામેલી **વિદ્યુત્પ્રભા**ને પોતાને પરણવા માટે વિનવતો ને પોતાની ઠગાઇ ઢાંકતો હતો અને **વિદ્યુત્પ્રભા**
ચકોરી બની જાણે ચંદ્રમાને નિરખતી હોય તેવી રીતનો દેખાવ થઇ રહ્યો હતો. ત્યાં એકદમ તે
તરુણ દોડ્યો. જાળપાદ પણ ત્યાં અકસ્માત્ તેવી રીતે આવેલા દેવદત્તને જોઇને ત્રાસ પામી ગયો.
તેથી તેના હાથની તલવાર પડી ગઇ અને પોતે પણ આસન ઉપરથી જમીનપર પડી ગયો. તત્ક્ષણે
તેના હાથમાં ખડ્ગ આવ્યું, છતાં પણ તેણે તેને માર્યો નહીં.

ભય પામેલા શત્રુઓને વિષે પણ ઉદાર અંતઃકરણવાળા દયાવાન્ હોય છે. વૈતાલે તેને મારવાની ઇચ્છા કરી ત્યારે તે મના કરી બોલ્યો કે, 'આ પાખંડી કૃપણને મારવાથી આપણને શું હાંસલ છે? હાલ તો એને પૃથ્વીપર લઈ જઈ પોતાને ઠેકાણે તું મૂકી આવ. ભલે ત્યાં ફરીથી એ પણ પાપી કાપાળિક થઈ રહે.' દેવદત્ત એમ કહે છે એટલામાં **પાર્વતી દેવી** આકાશમાંથી ઉતરી પ્રત્યક્ષ થયાં. તેણે કહ્યું કે, 'હે પુત્ર! હમણાં તારુ ધીરજ સાથે પરાક્રમ જોઈ હું પ્રસન્ન થઇ છું. તેથી તને અહીં જ વિદ્યાધરોનો રાજા બનાવું છું.' એમ કહી વિદ્યા આપી, તરત દેવી અદૃશ્ય થઈ ગયાં. પછી સિદ્ધિભ્રષ્ટ જાળપાદને વૈતાલે જમીનપર પટક્યો.

અધર્મ ઘણા વખત સૂધી ફતેહ પામતો નથી. દેવદત્ત તે **વિદ્યુત્પ્રભા**ની સાથે વિદ્યાધરોનું રાજ્ય પામી ત્યાં કીર્તિવાન્ થયો.

એ પ્રકારે કોમળ બોલનારી **બિંદુરેખા**એ **શક્તિદેવ** પતિને કથા કહી ને પછી ઉતાવળી થઈ ફરી બોલી—



એવાં કાર્યો થાય છે જ, તો આ **બિંદુમતી**એ બતાવેલા ગર્ભને શોક રહિત થ

—❋❋❋❋❋❋❋—

## શક્તિદેવને વિદ્યાધરપણું મળવાની કથા.

એવી રીતે **બિંદુરેખા** કહેવા લાગી તે સાંભળી **શક્તિદેવ** પાપથી ડરી સ્તબ્ધ થ
ત્યારે આકાશવાણી થઇ કે, 'હે **શક્તિદેવ**! બેધડક એનો ગર્ભ ખેંચી લે. એ ગર્ભને ગળે પક
તે ખડ્ગ થઇ જશે.' એવી દિવ્ય વાણી સાંભળી તેનું પેટ ચીરી ગર્ભ ખેંચી તેનો કંઠ પકડ્યો.
સિદ્ધના મોટા કેશનો અંબોડો ખેંચ્યો હોય તેમ ગ્રહણ કરવાથી તરત તે હાથમાં ખડ્ગ થઈ ગ
એટલે તે બ્રાહ્મણ તરત વિદ્યાધર થઇ રહ્યો, અને તે **બિંદુરેખા** તે વખતે અદૃશ્ય થઈ ગઈ. તે જો
ત્યાંથી જઇ ભિલ્લની પુત્રી, તેની બીજી સ્ત્રી **બિંદુમતી**ને સઘળું કહી સંભળાવ્યું. તેણે તેને કહ્યું કે,
'હે પ્રાણનાથ! અમે વિદ્યાધરના રાજાની ત્રણ પુત્રીઓ શાપને લીધે કનકપુરીથી ભ્રષ્ટ થયેલી છીએ.
એક કનકરેખાને વર્ધમાનપુરમાં તમે જોઈ હતી. તેના શાપનો અંત પણ જોયો છે. તે હવે પોતાની પુરીમાં ગઈ છે. દૈવયોગથી તેનો એવી વિચિત્ર રીતે શાપનો અંત હતો. હું હવે ત્રીજી છું તો મારા શાપનો અંત પણ હમણાં જ છે. હે પ્રિય! મારે આજે જ તે નગરમાં જવું છે. ત્યાં જ અમારાં વિદ્યાધર જાતિનાં શરીર પડેલાં છે. **ચંદ્રપ્રભા** નામની અમારી મોટી બહેન તહીં છે. આ તમારી પાસે ખડ્ગ છે તેના પ્રભાવથી તમે પણ તરત ત્યાં આવો. ત્યાં વનમાં રહેલા અમારા પિતાએ અર્પણ કરેલી અમને ચારે સ્ત્રીઓને પામી એ નગરીનું તમે રાજ્ય કરશો.' એવી રીતે પોતાની ખરી હકીકત કહેતી **બિંદુમતી**ની સાથે ફરીથી તે **શક્તિદેવ** આકાશ માર્ગે કનકપુરીમાં ગયો.

---

## શક્તિદેવનો વિદ્યાધરી સાથે થયેલો વિવાહ.

જ્યારે **શક્તિદેવ** કનકપુરીમાં આવ્યો ત્યારે, પૂર્વના રત્નમંડપના નિર્જીવ શય્યાપર પડેલી મૃતમૂર્તિને બદલે સજીવપણું પામેલી, કનકરેખા અને બીજી બે તેની બહેનોને સ્વર્ગની રંભા જેવી નિહાળી; અને તેની મોટી બહેન ચોથી **ચંદ્રપ્રભા**, જેણે સર્વનું મંગળ કીધું છે તે ઘણે કાળે દર્શન થવાથી ઉત્કંઠિત દૃષ્ટિથી બહેનોનું જ પાન કરતી હોય, તેમ તેને પણ જોઈ. પછી પોતપોતાના કામમાં લાગેલી પરિજનની સ્ત્રીઓએ જેના આવવાનું અભિનંદન કરેલું છે એવો **શક્તિદેવ** વાસગૃહમાં આવ્યો, ત્યારે **ચંદ્રપ્રભા**એ તેને કહ્યું કે, 'હે સુભગ! **વર્ધમાનપુરમાં** જે કનકરેખા રાજપુત્રી તમે જોઇ, તે મારી **ચંદ્રરેખા** નામની બેન છે. વળી પ્રથમ ઉત્સ્થળ દ્વીપમાં ભિલ્લરાજની પુત્રી **બિંદુમતી** તમે પરણ્યા તે મારી **શશિરેખા** નામની બહેન થાય. તે પછી દાનવ પાસથી ક્ષાત્ર ધર્મને અનુસરી જે રાજપુત્રી લાવ્યા ને **બિંદુરેખા** નામની તમારી સ્ત્રી થઈ, તે **શશિપ્રભા** નામની મારી નાની બહેન થાય છે. હવે તમે અમારી સાથે અમારા પિતાની પાસે ચાલો. તે તમારી સાથે

કરી આપે, એટલે તરત પરણી લ્યો.' એ પ્રમાણે કામદેવની આજ્ઞાથી ડહાપણ ચંદ્રપ્રભાએ કહ્યાં ત્યારે આચાર વિચાર પ્રવીણ પવિત્ર પ્રમદા સાથે, શક્તિદેવ વનમાં પાસે ગયો. ત્યાં ગયા પછી ચરણમાં નમી તે પુત્રીઓએ સર્વ હકીકત કહી, ત્યારે જેને ...એ પ્રેરણા કીધી છે અને ખુશમિજાજમાં છે તે વિદ્યાધરના રાજાએ શક્તિદેવને ...ખતે ત્યાં કન્યાદાન દીધું. તે પછી કનકપુરીનું સમૃદ્ધ રાજ્ય અને પોતાની સર્વ વિદ્યાઓ પણ ...રત આપી, અને કૃતાર્થ થયેલા શક્તિદેવનું પોતાના વિદ્યાધરોમાં શોભે તેવું શક્તિવેગ પાડયું. 'તને અતિ પ્રભાવથી બીજો કોઈ પણ જિતી શકશે નહીં, પણ વત્સરાજનો પુત્ર નરવાહનદત્ત નામનો તમારામાં ચક્રવર્તી રાજા થશે. તેને નમતા રહેજો,' એવું કહી તે મહા પ્રતાપી વિદ્યાધરના પતિ શશિખંડપદે પોતાના તપોવનમાંથી તેનો સત્કાર કરી, સ્ત્રીઓ સહિત તે જમાઈને વિદાય કર્યો હતો. પછી તે શક્તિવેગ પણ પોતાની સ્ત્રીઓ સહિત વિદ્યાધર લોકની પતાકા સરખી તે કનકપુરીમાં રાજા થઇ બેઠો. સોનાની રચનાથી શોભાયમના મંદિરો વિશે, પોતાની ઉંચાઇથી જાણે સૂર્યની કાંતિ એકઠી થઇ વસતી હોયની શું, તેમ તેઓ શોભતાં હતાં. નામ તેવા ગુણવાળી કનકપુરીમાં અનેક પ્રકારના મણિમય પગથીયાવાળી, અમૃત સરખા જળવાળી વાવોથી શોભતા, અનેક તરેહનાં દિવ્ય વૃક્ષોથી શોભતા, ગુળચમન બગીચામાં તે ચંદ્રપ્રભા, કનકરેખા, ચંદ્રરેખા અને શશિરેખા આ ચાર પ્રિયા, આ ચાર ચતુર વિદ્યાધરી સાથે વિવિધ વિલાસ ભોગવવા લાગ્યો.

એ પ્રમાણે પોતાનું જ વિચિત્ર ચરિત્ર કહી વક્તા શક્તિવેગ તે વખતે વત્સરાજને ફરી કહેવા લાગ્યો કે, 'હે વત્સરાજ! હે ચંદ્રકુળ ભૂષણ! તે હું શક્તિવેગ છું, તે તમારો પુત્ર અમારો નવીન ચક્રવર્ત્તી થશે, એવું ધારી તેનાં દર્શનની અભિલાષાથી આવેલો છું. એમ જાણો. એ રીતે હું મનુષ્ય છતાં શંકરની કૃપાથી વિદ્યાધરનો અધિપતિ થયો છું. હે રાજા! હવે હું મારે ઠેકાણે જાઉં છું. અમારા ભવિષ્યના પ્રભુનાં દર્શન કર્યાં. તમારું અખંડ કલ્યાણ થજો.' એમ કહી હાથ જોડી રજા માંગી એટલે તેને રજા મળી કે તેથી ચંદ્ર સરખો તેજસ્વી તે શક્તિવેગ વેગેથી આકાશમાં ઉડી ગયો. તે પછી બે રાણી, નરવાહનદત્ત અને મંત્રિઓ સહિત અપૂર્વ વત્સરાજ તે વખતે કોઇ આનંદમય દશા ભોગવવા લાગ્યો.

**ચતુર્દારિકા લંબક સંપૂર્ણ.**

શ્રી

મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટ-વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર.)

## षष्ठलम्बक–मदनमञ्चुका.

### તરંગ ૧ લો.

વારંવાર મસ્તકને ઉંચા નીચા કરવાથી જાણે વિઘ્નોનું વારણ કરતા હોયની શું, એવા જણાતા ગણપતિ તમારું રક્ષણ કરો. પાર્વતીએ આલિંગન કર્યાં છતાં પણ શંકરનું શરીર, જાણે કામદેવના બાણના પ્રહારોથી તદન રોમાંચિત થયું હોય એમ જણાય છે, એવા કામદેવને નમસ્કાર હો.

### નરવાહનદત્તની તરુણાવસ્થાની કથા.

નરવાહનદત્તે ઉપર જણાવ્યા પ્રમાણે દિવ્ય ચરિત્રવાળા દેહને પામી, વિદ્યાધરનો વૈભવ ...ળવ્યો. ત્યાર પછી પત્ની સહિત મહર્ષિઓએ કોઇપણ વાર્તાનો પ્રસંગ નિકળતાં નરવાહનદત્તને ...ના ચરિત્ર સંબંધી કથા પૂછી, એટલે તેણે પોતે તટસ્થ તરીકે (તૃતીય પુરુષમાં) આરંભથી કથા ...હી બતાવી, જે હમણાં હું ( ગ્રંથકાર ) તમને કહું છું, તે સાંભળો:–

ત્યાર પછી પિતા વત્સેશ્વર, નરવાહનદત્તને ઉછેરવા લાગ્યો. તે કુમાર આઠ વર્ષનો થયા પછી ...ત્રીના પુત્રો સાથે જૂદી જૂદી વિદ્યાઓનો અભ્યાસ કરવા લાગ્યો; અને ઉપવનોમાં વિહાર કરવા ...ગ્યો. તેમ રાણી વાસવદત્તા અને પદ્માવતી પણ નરવાહનદત્ત પર વાત્સલ્યભાવથી રાત્રિ દિવસ ...કાગ્રચિત્ત થઈ રહી; અને કુમાર નરવાહનદત્ત ઉત્કૃષ્ટ સદ્ગુણને* લીધે નમ્ર, સારા વંશમાં†

* ગુણ–સૌજન્યાદિ અને દોરી–કમાન. † કુલ અને વાંસ.

...રે ધીરે ભરાતા* શરીરવડે અને હાથમાં ધરેલા ધનુષવડે શોભા પામવા લાગ્યો. ...શ્વર, થોડાક સમયમાં આપણી સંપત્તિનું ફલ, (જે સારા અવસરમાં ખરચ કરવો તે) ...ી તક મળી છે, ને નરવાહનદત્તના વિવાહ અને બીજા સુખૈશ્વર્યથી આપણો હાથ ...વા અનેક મનોરથો વડે કાળ કાઢવા લાગ્યા.

...ા વાત ચાલતી હતી, તેના પેટામાં બીજી કથા ચાલી, તે તમને કહું છું તે સાંભળોઃ—

## કલિંગદત્ત રાજાની કથા.

પૂર્વે વિતસ્તા નદીના કિનારા ઉપર તક્ષશિલા† નામની એક નગરી હતી. નગરીમાં આવેલી ...ાઓની નદીના જળમાં પડેલી પ્રતિમા, તે નગરીનું અનુપમ સૌંદર્ય નિહાળવા માટે આવેલી ...તાળની નગરી હોયની શું તેમ શોભા આપતી હતી. આ નગરીમાં ચંદ્ર જેવો કલિંગદત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. તે પરમ શુદ્ધધર્મી હતો. તેની પ્રજા પણ ધર્મપત્ની તારા‡ માફક નિર્મળ જૈનધર્મ પાળતી હતી. મારા જેવી બીજી કોઈ નગરી નથી, એવી રીતે મદનાં શિખરો બહાર નિકળ્યાં હોય તેવાં જણાતાં પાસે પાસે રહેલાં ઉત્તમ ચૈત્ય¶ મંદિરો વડે તે નગરી શોભા પામતી હતી.

આ શહેરનો રાજા, પ્રજાનું કેવળ પિતાની માફક પાલન જ કરતો નહતો, પણ પોતે ગુરુની માફક લોકોને ઉપદેશ પણ આપતો હતો. તે નગરીમાં કોઈ એક વિતસ્તિતદત્ત નામનો વાણીઓ રહેતો હતો. હમેશાં બૌદ્ધ સાધુઓની પૂજામાં તે તત્પર રહેતો. આ વણિકને એક તરુણ પુત્ર હતો, જેનું નામ રત્નદત્ત હતું. તે હમેશાં પોતાના બાપને "પાપી" એમ કહીને નિંદતો હતો. એક વખતે તેના પિતાએ પુત્રને પૂછ્યું કે, 'હે પુત્ર! તું મારી નિંદા શા માટે કરે છે?' એટલે તે રત્નદત્ત પોતાના પિતાના દોષોને ખલા કરતો બોલ્યો કે, 'હે પિતાજી! તમે વેદધર્મનો ત્યાગ કરી અધર્મની ઉપાસના કરો છો. કારણ કે હમેશાં બ્રાહ્મણોને છોડી બૌદ્ધના શ્રમણોની§ સેવા કરો છો. સ્નાન આદિ નિયમ રહિત, પોતાના કાળનો ભોગ કરનાર, શિખા અને બીજા તમામ કેશ બોડાવનારા, માત્ર લંગોટી ભર રહેલા, સઘળા હલકા લોકો વિહારનું‖ સ્થાન મેળવવા માટે બૌદ્ધ ધર્મનો આશ્રય કરે છે. તે બૌદ્ધધર્મ પાળવાથી તમને શું ફળ થવાનું છે?' તે સાંભળી તેના પિતા વિતસ્તિદત્તે ઉત્તર આપ્યો કે, 'હે પુત્ર! ધર્મનું સ્વરૂપ એક નથી. સમજુ માણસનો ધર્મ જૂદો છે, અને સર્વ લોકનો સાધારણ ધર્મ જૂદો છે; વળી બ્રાહ્મણપણું પણ જેમાં રાગ દ્વેષ હોય નહીં તેને કહે છે; સત્ય બોલવું, પ્રાણીમાત્ર ઉપર દયા

* રાજપક્ષમાં માંસ લોહી વગેરેથી અને ધનુષપક્ષમાં બાણથી. † હમણાં તેને જલહમ કહે છે તે. ‡ મોનિયર વિલિયમ લખે છે કે, તારા તે બૌદ્ધસાધુ અમોઘસિદ્ધિની ધર્મપત્ની છે. બેનરી લખે છે કે, તે પરમભાવિક બૌદ્ધ આરજા હતી. ઉપલા વાક્યનો ભાવાર્થ એ નિકળતો જણાય છે કે, "બૌદ્ધ લોકો પ્રકાશિત તારાપેરે દીપતા હતા." 'તારાવર' એટલે શિવ એવો પણ અર્થ થાય છે, તેથી આ વાક્યનું આ... તાત્પર્ય નિકળે કે તક્ષશિલા નગરીમાં શિવ ને બૌદ્ધ એ ધર્મ માર્ગ પ્રવર્તેલા હતા. ¶ બૌદ્ધના ધર્મસ્થાનનું નામ ચૈત્ય છે. § બૌદ્ધસાધુનાં એ નામ છે. ‖ ધર્મસ્થાન.



રાખવી અને જાતિ ભેદના ઢોંગથી બખેડો કરવો નહીં, તેમાં ધર્મ સમાયલો છે ... પ્રાણીઓને અભયદાન આપનાર છે. માટે પુરુષના દોષને લીધે ધર્મને દૂષણ ... નથી. કોઈ પણ મનુષ્ય, ઉપકાર ધર્મમાં વિરુદ્ધ પડતો નથી; સઘળા મળતા આવે ... પણ પ્રાણીઓને અભયદાન આપવા શિવાય બીજો કંઈ ઉપકાર કરવાનો નથી. માટે ... લીધે સર્વોપરિ અને મોક્ષ આપનાર આ ધર્મ ઉપર મને અત્યંત આસ્થા ચોંટેલી ... મારો અધર્મ શું છે?'

આવી રીતે વાણીઆએ પુત્રને કહ્યું, તોપણ તેના પુત્રે દૃઢ ઠરાવ બતાવી, બૌદ્ધધર્મ ... ના પાડી. પણ ઉલટું, વારંવાર પિતાની અધિકાધિક નિંદા કરવા લાગ્યો. અંતે તેનો બાપ વિ... દત્ત કંટાળીને ધર્મોપદેશ કરનારા કલિંગદત્ત રાજા, જે પ્રજાને ધર્મોપદેશ કરતો, તેની પાસે ... અને તેની આગળ સર્વ વાર્તા નિવેદન કરી. પછી તે રાજાએ તે વાણીઆના છોકરાને યુક્તિ... સભામાં તેડાવી મંગાવ્યો અને કૃત્રિમ ગુસ્સો કરી સીપાઈને હુકમ કર્યો કે, 'આ વાણીઆ... છોકરો અતિ પાપી છે એમ મારા સાંભળવામાં આવ્યું છે; તેથી દેશને દૂષણ આપનારા આ છોકરાને, વિચાર કર્યા વગર એકદમ આ જ ક્ષણે મારી નાંખો.' આ હુકમ કર્યા પછી તે છોકરાના બાપે રાજાને વિનતિ કરી કે, 'મહારાજ! આ છોકરાને બે માસ ધર્મ પાળવા માટે હમણાં મારવો બંધ રાખી રજા આપો; અને ત્યાર પછી હું આ છોકરાને પાછો લઈ આવીશ.' ત્યારે રાજાએ તેની વિનતિ સ્વીકારી, તે છોકરો તેના બાપને જ પાછો સોંપ્યો; અને તેનો બાપ, ભયથી આકુળવ્યાકુળ થયેલા પોતાના પુત્રને ઘેર લઈ ગયો.

ઘેર ગયા પછી પેલો વાણીઆનો છોકરો મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'મેં રાજાનું શું ભુંડું કર્યું હશે, કે તેણે વગર કારણે બે મહિના પછી મને મારવા માટે કહ્યું છે?" આમ ભવિષ્યમાં થનારા મૃત્યુનો રાત્રિદિવસ તે વિચાર કરવા લાગ્યો અને નિદ્રા તથા આહારનો ત્યાગ કરીને બેઠો. તેને લીધે તે દુર્બળ થઈ ગયો. બે મહિના વીતી ગયા ત્યારે વાણીઓ પોતાના પુત્રને રાજા પાસે લઈ ગયો. રાજા પાસે આવેલા તે છોકરાને પીળો પડેલો અને દુર્બળ થયેલો જોઈ રાજા બોલ્યો કે, "તું આવો દુર્બળ કેમ થઈ ગયો છે? મેં શું તારું ભોજન અટકાવ્યું હતું?" તે સાંભળી પેલા છોકરાએ કહ્યું કે, "હું ભયને લીધે મારા આત્માને પણ વિસરી ગયો હતો, ત્યારે મારા જમવાની તો વાત જ શી કરવી? મહારાજ! આપે મને મારવાનો હુકમ ફરમાવ્યો છે, તે સાંભળ્યા પછી આ મૃત્યુ આવ્યું, આ મૃત્યુ આવ્યું, આવો વિચાર હું નિરંતર કર્યા કરું છું."

વણિક્ પુત્રનું આવું વચન સાંભળી રાજા બોલ્યો કે, "વત્સ, મેં તને યુકિતથી પોતાની મેળે પ્રાણના ભય સંબંધી ઉપદેશ કર્યો. આવી રીતે જ સર્વ પ્રાણીઓને મૃત્યુનો ભય લાગે છે, માટે તે મૃત્યુમાંથી બચાવ કરનાર ઉપકાર શિવાય બીજો મોટો ધર્મ કયો છે, તે તું બોલ.

માટે બતાવ્યો શુભ ધર્મ આજે, મુકિત તથા કેવળ ધર્મ કાજે;
મૃત્યુતણી પૂરણ ભીતિ ભાળી, મોક્ષે મચે છે જન બુદ્ધિશાળી.

...વે ધર્મ પાળનારા તારા પિતાની કદી નિંદા કરવી નહીં." રાજાનાં આવાં વચન ...ક કુમાર સરળ બની ગયો અને બોલ્યો કે, "મહારાજ! આપે ધર્મનો ઉપદેશ ...તાર્થ કર્યો; હવે મને મોક્ષની ઇચ્છા છે તો તેનો પણ ઉપદેશ કરો." તે સાંભ- ... સમે નગરીમાં આનંદ ઓચ્છવનો દિવસ આવ્યો ત્યારે રાજાએ તે વાણીઆના ...વી તેના હાથમાં તેલથી પૂર્ણ ભરેલું એક પાત્ર આપીને કહ્યું, "હે પુત્ર! તું આ તેલનું ...ાં લઈ આખી નગરીમાં ફરી પાછો અહીં આવજે. તારે આ પાત્રમાંથી તેલનું એક ...નીચે પડવા દેવું નહીં. જો તેલના પાત્રમાંથી એક પણ ટીપું નીચે પડશે તો આ સિપા- ...રત તને મારી નાંખશે.' એમ કહી તેની પાછળ ઉઘાડી તરવારવાળા સિપાઈઓ રાખી તે ...ને શહેરમાં ફરવા માટે રજા આપી.

પછી પેલો છોકરો, ઉઘાડી તરવારવાળા સિપાઈઓના ડરથી તે તેલના પાત્રમાંથી એક ટીપું ...ડ નહીં એવી સભાળ રાખતો આખી નગરીમાં કષ્ટથી ભટકીને માંડમાંડ રાજા પાસે આવ્યો. રાજાએ તેલને જરા પણ ઢોળાયા વગર આણેલું જોઈ પૂછ્યું કે, "આ પાત્ર લઇને તું આખા નગરમાં ફર્યો, ત્યાં તેં શું શું જોયું. જ્યારે તે વણિક પુત્રે રાજાના મોંઢાથી આવાં વચનો સાંભળ્યાં ત્યારે તેણે હાથની ઈસારત કરી ના પાડી તથા કહ્યું કે, " મહારાજ ! સત્ય કહું છું કે, મેં કંઇ પણ જોયું નથી ને કંઈ સાંભળ્યું પણ નથી, કેમકે જ્યારે હું નગરમાં પરિક્રમણ કરતો હતો ત્યારે મારું ચિત્ત આ પાત્રમાંથી તેલ નહી ઢોળાય તેપર જ ચોંટેલું હતું. કેમકે તેમ થાય તો તરવાર મસ્તકપર પડવાનો મને ભય હતો." રાજાએ આ પ્રમાણે તે વણિક્ પુત્રને મોંઢેથી સાંભળ્યું ત્યારે કહ્યું, "વત્સ ! તું સંભાળ રાખવા લાયક તેલમાં એકાગ્રચિત્ત હતો, માટે તેં નગરીમાં કંઇપણ દીઠું નહીં; માટે આવા જ અવધાન (એકાગ્રતા) વડે પરમાત્માનું સ્મરણ કર; એટલે મોક્ષ મળશે. કારણ કે એકાગ્રચિત્તવાળો પુરુષ બહારની વૃત્તિથી નિવૃત્ત થાય છે અને તત્ત્વ જુવે છે; અને તત્ત્વનો જોનાર ફરી કર્મ પાશવડે બંધાતો નથી. આ મોક્ષનો ઉપદેશ મેં તુંને ટુંકામાં કહી બતાવ્યો." આટલું કહી રાજા કલિંગદત્તે તે વાણીઆના છોકરાને રજા આપી; એટલે કૃતકૃત્ય થયેલો તે વણિકપુત્ર રાજાના ચરણમાં પ્રણામ કરી ખુશી થતો પોતાના પિતાને ઘેર ગયો.

આવી રીતે પ્રજાને ઉપદેશ આપતા કલિંગદત્ત રાજાને, તારાદત્તા નામની પોતાના કુળને યોગ્ય એવી રાણી હતી. નાના પ્રકારના દૃષ્ટાંત આપવામાં રસિક ને ઉત્તમ કવિ જેમ **ગૌડી,લાટી,પાંચાલી** અને **વૈદર્ભી**, એ ચાર રીતિવાળી અને ઉત્તમ છંદવાળી વાણીવડે શોભા પામે છે, તેમ જૂદાં જૂદાં દૃષ્ટાંત આપવામાં રસિક રાજા, મર્યાદાવાળી અને સદાચરણી રાણીવડે ઘણો જ શોભા પામતો હતો. જેમ પ્રકાશમય ગુણથી વખાણવા લાયક ચંદ્રિકા, અમૃતમય ચંદ્રમાથી જૂદી નથી, તેમ પ્રસિદ્ધ ગુણવાળી રાણી પણ રાજાથી જૂદી નહોતી અર્થાત્ તન્મય હતી. વળી સ્વર્ગમાં શચી સાથે વસતા ઇંદ્રના દિવસો જેમ સુખને વિશે જતા હતા–તેમ રાણી તારાદત્તા સાથે વસતા રાજાના દિવસો પણ સુખમાં જતા હતા. (હવે કથા કહેનાર [પછી તે ગમે તે હો] કહે છે કે)



## સુરભિદત્તા અપ્સરાની કથા.

આ કથાનો પ્રસંગ આટલો ચાલ્યો એવા વખતમાં, કોઇ કારણ માટે ... ત્યાં મોટો મહોત્સવ હતો. તે મહોત્સવમાં નૃત્ય કરવા માટે સઘળી અપ્સરાઓ આ... છતાં તેમાં એક **સુરભિદત્તા** નામની અપ્સરા ઇંદ્ર રાજાના જોવામાં આવી નહ... સમાધિ ચઢાવીને જોયું તો તે અપ્સરા નંદન વનમાં કોઇએક વિદ્યાધરની સાથે એકાં... નજરે પડી. ઇંદ્ર તે અપ્સરાને જોઈ અત્યંત ગુસ્સે થયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો... આ દુરાચરણી બન્ને જણાં કામમાં આંધળાં બની ગયાં છે. એક તો અપ્સરા મને છેતરી... માફક આચરણ કરે છે; અને બીજો આ વિદ્યાધર સ્વર્ગભૂમિમાં પ્રવેશ કરી મારું અપમાન... અહો ! પણ તેમાં બીચારા વિદ્યાધરનો શો વાંક? કારણ કે આ અપ્સરાએ પોતાના સ્વરૂપથ... મોહિત કરીને અહીં આણેલો છે. વળી પરિપૂર્ણ ઉંચા સ્તનતટવાળી તથા લાવણ્ય જળવાળી, ન... જેવી સુરભિદત્તાએ તેને ઘસેડીઆ નંદન ભૂમિપર પટકી દીધો છે; તે કાંઇ પોતાની રાજી ખુશી... અહીં આવ્યો નથી. બ્રહ્માએ ઉત્તમ વસ્તુમાંથી તલ તલ જેવડો ભાગ લઇને બનાવેલી **તિલોત્તમા** નામની અપ્સરાને જોઈ પૂર્વે શંકરને શું ક્ષોભ થયો નહતો? **વિશ્વામિત્રે મેનકાનાં** દર્શન કરી તપનો ત્યાગ કર્યો નહતો શું? **યયાતિ** રાજા **શર્મિષ્ઠાના** રૂપમાં લોભાવાથી વૃદ્ધપણાને પામ્યા નહતા શું? પામ્યા જ હતા. માટે ત્રણ જગતને ક્ષોભ કરવામાં શક્તિમાન્ અપ્સરાના સ્વરૂપથી મોહિત બનેલો તરુણ વિદ્યાધર અપરાધપાત્ર નથી જ; પણ નીચ પુરુષ ઉપર આશક થયેલી પાપિણી આ અપ્સરા જ અપરાધી છે–કે જેણે દેવતાઓનું અપમાન કરી આ નંદન વનમાં તે તરુણ વિદ્યાધરને દાખલ કર્યો છે." આવો વિચાર કર્યા પછી વિદ્યાધરના કુમારને શાપ ન દેતાં, અહલ્યાના પ્રીતમે તેને જવા દીધો અને અપ્સરાને શાપ દીધો કે, "હે પાપિણી ! જા તું મનુષ્ય લોકમાં અવતાર લે અને ત્યાં તું સ્વયંભૂ પુત્રીને મેળવી, દિવ્ય કર્મ કરીશ, ત્યારે આ સ્વર્ગ ભૂમિમાં પાછી આવીશ."

આવી રીતનો શાપ થયો તે જ ક્ષણે **તક્ષશિલામાં** કલિંગદત્ત રાજાની રાણી રજસ્વલા થઈ હતી; અને જ્યારે ઇંદ્રના શાપથી મર્ત્ય લોકમાં પડેલી તથા શરીરમાં સૌંદર્ય આપનારી **સુરભિદત્તા** નામની અપ્સરાએ **તારાદત્તા** રાણીના ઉદરમાં પ્રવેશ કર્યો ત્યારે રાણી **તારાદત્તાએ** સ્વપ્નમાં તે અપ્સરાને આકાશમાંથી જ્વાળારૂપે પડતી અને પોતાના ઉદરમાં પ્રવેશ કરતી જોઈ.

પ્રભાતમાં–રાત્રિ વીતી ગયા પછી, રાણીએ પોતાના પ્રાણનાથ રાજા કલિંગદત્તને આશ્ચર્ય સહિત સ્વપ્નની વાર્તા કહી સંભળાવી. તે સાંભળી રાજા અત્યંત પ્રસન્ન થયો; અને કહેવા લાગ્યો 'રાણિ ! દેવતાઓ શાપને લીધે મનુષ્યની જાતિમાં અવતાર લે છે. માટે હું જાણું છું કે, કોઈપણ દેવની જાતિએ તારા ગર્ભમાં પ્રવેશ કર્યો હશે; કારણ કે, 'સારાં કે નરતાં વિચિત્ર જનનાં કર્મે કરી પ્રાણીઓ, તેનાં શ્રેષ્ઠ તેમ જ કનિષ્ઠ ફળને લેવા ત્રિલોકને વિશે ફરે છે.'

આવી રીતે રાજાએ રાણીને કહ્યું, એટલે તે પ્રસંગોપાત રાજાને કહેવા લાગી કે, "મહારાજ!

વૈભવદાયી શુભ અશુભ કર્મ ખરે બળવાન.

ાં અથવા નરતાં કૃત્યોમાં કંઈ અદ્‌ભુત ચમત્કાર હોય છે, જેથી તેઓ હર્ષશોક ને વળી આ વિષય ઉપર એક ઉપોદ્‌ઘાત મેં સાંભળ્યો છે, જે અહીં તમને કહું છું, ાંભળો.

## ધર્મદત્ત રાજાની કથા.

લ દેશમાં **ધર્મદત્ત** નામનો એક રાજા હતો. તેની રાણીનું નામ **નાગ**શ્રી હતું. આ રાણી ર સતીની આગેવાનીને રુંધતી* છતાં, સતી માત્રમાં મુખ્ય ગણાયેલી **અરુંધતી** જેવી હતી. હે શત્રુમર્દન ! કેટલોએક કાળ વીતી ગયા પછી તે રાજાની રાણી **નાગ**શ્રી રાણી **થકી** હું પુત્રી તરીકે જન્મી છું. મહારાજ ! હું ઘણી બાળક અવસ્થામાં હતી, તેવામાં મારી માતાને સ્માત્ પોતાનો પૂર્વ જન્મ યાદ આવવાથી તે પોતાના પતિને, મારી મા કહેવા લાગી કે, જન્! આજ મને અચાનક મારો પૂર્વ જન્મ સાંભરી આવ્યો છે. જે તે આપને કહીશ નહીં ા અપ્રીતિનું કારણ થઈ પડશે અને કહીશ તો મારું મૃત્યું થશે. પૂર્વ જન્મ યાદ આવે ત્યારે તે વાત બીજાને કહીએ તો જરૂર મૃત્યુ થાય છે, એમ પ્રાચીન લોકો કહી ગયા છે; માટે હે દેવ, મને મેહા ખેદ થાય છે.'

**નાગ**શ્રી રાણીનું આવું વચન સાંભળી રાજા, રાણીને કહેવા લાગ્યો કે, 'પ્યારી, મને પણ તારી પેઠે પૂર્વ જન્મ યાદ આવ્યો છે, માટે પ્રથમ તું મને પૂર્વ જન્મનું વૃત્તાંત કહે અને ત્યાર પછી હું તને મારો પૂર્વ જન્મ કહી સંભળાવીશ. પછી જે થવાનું હોય તે થાઓ; ભવિષ્યને ફેરવવા કોણ શક્તિમાન્ છે ? કોઇ પણ નથી.'

આવી રીતે રાજાએ રાણીને પૂર્વજન્મ કહેવા માટે ઉશ્કેરી, એટલે તે બોલી કે, 'રાજાજી ! જો તમને (પૂર્વ જન્મ સાંભળવાનો) આગ્રહ હોય તો હું કહું છું તે સાંભળોઃ-

આ દેશમાં કોઈ **માધવ** નામના બ્રાહ્મણને ઘેર પૂર્વ જન્મમાં હુ દાસી હતી અને મારું નામ સુવૃત્તા હતું. વળી દેવદાસ નામનો મારો પતિ આ દેશના કોઇએક વાણીઆને ઘેર નોકર હતો. અમે બંને આ દેશમાં અમારા લાયક ઘર બાંધી તેમાં રહેતાં અને અમારા શેઠને ત્યાંથી રાંધેલું અનાજ લાવી ગુજરાન ચલાવતાં હતાં. એક પાણીની ડોલ અને ઘડો, સાવરણી અને ખાટલો, હું અને મારો વર, એમ અમે ત્રણ દંપતી-સ્ત્રી પુરુષની જોડી તે ઘરમાં રહેતાં હતાં. અમે દેવતા, પિતૃ અને અતિથિને અનાજ અર્પણ કરતાં અને તેમાંથી જે અમારા જેટલું અનાજ બચતું તે જમતાં અને સુખે દિવસ નિર્ગમન કરતાંહતાં, તેથી અમને કલહરહિત, આનદમય, તે ઘરમાં, સતોષ થતો હતો. કોઈ વસ્ત્ર વગેરે વસ્તુ એક એક કરતાં વધારે હોય તો અમે તે તે વસ્તુ કોઈ સારા દરિદ્રીને આપી

*અહીં વિરોધાલંકાર જણાવેલો છે, જેમકે સતીની આગેવાની રુંધતી-અટકાવનારી છતાં અરુંધતી જેવી તે હતી. અરુંધતી એ વશિષ્ઠ મુનિની સ્ત્રી થાય છે.



દેતાં હતાં. પછી આ દેશમાં દુકાળ પડ્યો, તેથી દરરોજ આજીવિકા તરીક ધીરે ધીરે ઓછું થવા માંડ્યું. આથી અમારું બંનેનું શરીર દુબળું પડી ગયું અને ભોગવવા લાગ્યાં. તે અરસામાં એક અત્યંત શ્રમિત થયેલો બ્રાહ્મણ અતિથિ અમ અમારો બન્ને જણનો પ્રાણ જવાનો વખત છતાં પણ અમે અમારું જમવાનું સઘ બ્રાહ્મણ અતિથિને અર્પણ કર્યું. તે બ્રાહ્મણ ભોજન કરીને ગયા પછી, 'આ મનુષ્યને ભાવ છે, પણ અમારા ઉપર નથી' આવા વિચારથી જાણે ગુસ્સે થયેલા હોય એવ પ્ર પતિના શરીરનો ત્યાગ કર્યો-તે મરી ગયા પછી હું પતિને માટે યોગ્ય ચિતા ખડકી મરી, એટલે મારી વિપત્તિનો સમૂહ તાત્કાળ દૂર થઈ ગયો તથા પછી હું રાજાને ઘેર અને તમારી પટ્ટરાણી થઈ છું. કારણ કેઃ-

> અણધાર્યું ફળ તો દીએ, સ્વકૃત સુકૃત તરુરાજ;
> દાસી દુઃખથી હું છુટી, પટરાણી બની આજ.

આવી રીતે **નાગ**શ્રી રાણીએ પૂર્વ જન્મનું વૃત્તાંત સંભળાવ્યું, એટલે **ધર્મદત્ત** રાજા બોલ્યો 'કહે પ્રિયે! અહિં આવ. તારો પૂર્વ જન્મનો પતિ તે હું જ છું, અને વાણીઆને ઘેર ચાકરી કરનારે દેવદાસ પણ હું જ છું. મને પણ મારો એ જ પૂર્વ જન્મ આજ યાદ આવ્યો છે.' આટલું કહી પોતાની તે વાત સાબીત કરનારાં સઘળાં ચિન્હો બતાવી, શોકાતુર થતો તથા પ્રસન્ન થતો તે રાણીની સાથે ઝટપટ સ્વર્ગમાં ચાલ્યો ગયો.

આ પ્રમાણે મારાં માતા પિતા સ્વર્ગમાં ગયા પછી, મારી માસી મને ઉછેરવા માટે પોતાને ઘેર તેડી ગઈ. હું આઠ વર્ષની થઈ એવામાં મારી માસીને ઘેર એક મુનિ-અતિથિ તરીકે આવ્યા. મારી માસીએ તે મુનિની સેવા કરવાની મને આજ્ઞા કરી, એટલે કુંતાએ જેમ દુર્વાસાનું પ્રેમપૂર્વક આરાધન કર્યું હતું, તેમ હું પણ આ મુનિની પ્રેમથી સેવા કરવા લાગી. એટલે તેણે મને વર આપ્યો. તેના પ્રસાદના પ્રતાપથી, મહારાજ ! મને આપ સમર્થ પતિ મળ્યા છો. આવી રીતે ધર્મથી જ કલ્યાણ થાય છે; કારણ કે ધર્મના આદરને લીધે મને માતા અને પિતાની સાથે રાજ્ય મળ્યું અને પૂર્વ જન્મનું સ્મરણ પણ થયું છે.

**તારાદત્તા** રાણીનાં આ રીતનાં વચન સાંભળી, એક ધર્મને જ આદર આપનાર કલિંગદત્ત રાજા, રાણીને કહેછે, "જો સારી રીતે થોડો પણ ધર્મ પાળ્યો હોય છે તો તે ખરેખર મોટું ફળ આપનાર થઈ પડે છે. અયે ! પ્યારી દેવિ **તારાદત્તા** ! ! આ પ્રસંગપર વળી પુરાતન સાત બ્રાહ્મણની એક કથા કહું છું તે સાંભળ;-

## સાત બ્રાહ્મણની કથા.

પૂર્વે કુંડિન નામના શહેરમાં કોઈએક બ્રાહ્મણ ઉપાધ્યાયને ઘેર સાત બ્રાહ્મણના પુત્ર વિદ્યાર્થી તરીકે રહેતા હતા. ઉપાધ્યાયે દુકાળના દુઃખને લીધે ગોમાન નામના સસરાને ઘેરથી ગાય મંગાવવા માટે તે શિષ્યોને મોકલ્યા. વિદ્યાર્થીઓનાં પેટ દુકાળમાં અન્ન ન મળવાથી ઉંડાં ઉતરી ગયાં હતાં.

વેલા તે વિદ્યાર્થીઓ બીજા દેશમાં જ્યાં ગોમાન રહેતો હતો ત્યાં ગયા અને ઉપા-
ાણે તેના સસરા પાસેથી ગાય માગવા લાગ્યા. એટલે ગોમાને પણ આજીવિકા ચાલી
ા તે વિદ્યાર્થીઓને આપી. પણ તે કૃપણે ક્ષુધાતુર વિદ્યાર્થીઓને કશું ખાવાનું આપ્યું
્ાથી અત્યંત પીડાયલા તે શિષ્યો ગાયને દોરીને આવતા હતા, તેવામાં અર્ધ માર્ગમાં
ને પૃથ્વી ઉપર પડ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "ઉપાધ્યાયનું ઘર છેટે છે અને
ુ ઘણા છેટે આપત્તિમાં આવી પડ્યા છીએ. વળી કયાંઇ પણ અનાજ મળે તેમ નથી;
તો જીવ સટોસટના સોદા છે. આપણા મરણ પામ્યા પછી પાણી, ઝાડ અને મનુષ્ય રહિત
રણ્યમાં ગાય પણ મરણ જ પામશે. તેનાથી ગુરુને શું જરા પણ ફાયદો થવાનો છે? કંઇ જ
માટે આ ગાયના માંસવતી ( આપણા ) પ્રાણનો બચાવ કરી, તેમાંથી બાકી રહેલા માંસવડે
ા પણ ઝટ સત્કાર કરીએ: કારણ કે આ સમય આપત્તિનો છે.

આવી રીતે પરસ્પર વિચાર કરતા સાત બ્રાહ્મણના શિષ્યોએ શાસ્ત્રમાં કહેલા વિધિથી
ાયને યજ્ઞનું પશુ કલ્પી તેનો ત્યાં વધ કર્યો અને પછી દેવ તથા પિતૃઓને અર્પણ કરી, તે માં
નું ભોજન કર્યું. પછી ખાતાં બચેલું માંસ લઇ ઉપાધ્યાયની પાસે ગયા અને પ્રણામ કરી જે કર્યું
હતું તે સર્વ વૃત્તાન્ત તેને કહી સંભળાવ્યું. તેઓ અપરાધી હતા, તથાપિ તેમનાં સત્ય ભાષણને લીધે
ઉપાધ્યાય તેમના ઉપર પ્રસન્ન થયા. પછી કેટલાએક દિવસો* વીતી ગયા બાદ તે સાતે શિષ્યે
દુષ્કાળને લીધે મરી ગયા; અને ફરી પણ તે જન્મ્યા ત્યારે તેમને પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું હતું
કારણ કે:—

આમ મનુષ્યો કેરું, કૃષિકરના જ્યમ સુપુણ્ય લઘુબીજ;
ફળ આપે છે પીને, નિર્મળ સંકલ્પ જળ આજ.
તે પણ દૂષિત થાય, દુષ્ટ વિચાર વારિ સહવાસી;
ફળ આપે છે બુરું, અજીત જપ તપ તમામ શુભનાશી.

ખેડુત લોકો જેમ સાધારણ નાનાં નાનાં બીજ વાવી તેને પાણી સિંચીને ઉછેરે છે ત્યારે તે નાનાં છતાં બહુ ફળ આપે છે. પરંતુ તેમાં જો નઠારું પાણી પડે છે તો તે બગડી જાય છે અને ફળ આપતાં નથી; તેમ મનુષ્યનું સાધારણ પુણ્ય હોય તેમાં સારા વિચારો જઈ મળે છે તો તે શુભ ફળ આપે છે, પરંતુ સારાથી ઉલટા વિચારો જપતપ વગેરેનાં ફળનો પણ નાશ કરે છે.

આ બાબતમાં આ એક બીજી કથા પણ કહું છું, તે સાંભળ:—

## એક બ્રાહ્મણ અને ચંડાળની કથા.

પૂર્વે ગંગા નદીના કિનારા ઉપર એક જ સમયમાં એક બ્રાહ્મણ અને બીજો ચંડાળ નિરા-હાર—જમ્યા વગર તપ કરતા હતા. તે બેમાં, ક્ષુધાથી પીડાયલો બ્રાહ્મણ તાપસ, ગંગાના કિનારા

* અંગ્રેજીમાં માત્ર સાત દિવસ છે.



ઉપર રહેલા નિષાદ માછલાં પકડી ખાતા હતા. તે જોઈ તે મૂઢ એવો વિચાર
"અરે આ રાંડના મચ્છીમારો જગતમાં ભાગ્યશાળી છે." કારણ કે તેઓ હમેશા
માછલાંના તાજાં માંસને ખાય છે. બીજો પણ પેલો ચંડાળ હતો જે તે જ મચ્છીમા
કરવા લાગ્યો કે, "આ પ્રાણીની હિંસા કરનારા માંસાહારી મચ્છીમારોને ધિક્કાર દ
તપમાં બેસીને આવાનાં મુખ જોવાથી મને શું ફળ થવાનું છે?" આમ વિચારીને તે
મીંચી દઇ, તે વખતે સ્વસ્વરૂપનું ધ્યાન ધરવા લાગ્યો. પછી થોડા દહાડા ગયા બાદ
અને પેલો ચંડાળ અનશનવ્રતવડે મૃત્યુ પામ્યા. તેમાં બ્રાહ્મણને કુતરાં ખાઈ ગયાં અ
ગંગા નદીમાં પડી ગયો. પેલો અજ્ઞાની બ્રાહ્મણ ગંગાના કીનારા ઉપર મચ્છીમારના
જન્મ્યો, તોપણ તીર્થના પ્રતાપથી તેને પૂર્વ જન્મનું સ્મરણ તો રહ્યું, અને ચંડાળ પણ
ગાના કિનારા ઉપર રાજાને ઘેર જન્મ્યો. આ ધીર, આત્મજ્ઞાની અને પૂર્વ જન્મના સ્મ
ણો હતો.

ગંગાના કિનારા ઉપર જન્મેલા બન્નેમાં એક મચ્છીમાર બની પશ્ચાત્તાપ પામવા લાગ્યે
થા બીજો રાજા બની વૈભવ ભોગવવા લાગ્યો; કારણ કે ધર્મરૂપ ઝાડનું મૂળ મન છે, તે જો શુદ્ધ
ાય તો સારું ફળ આપે, અને અશુદ્ધ મૂળ હોય તો ખરાબ ફળ આપે છે. આ બાબતમાં કાંઇ
દેહ નથી, કારણ કે બ્રાહ્મણ અને ચંડાળ એ પ્રત્યક્ષ દેખાય છે.

કલિંગદત્ત રાજા, રાણી **તારાદત્તા**ને આટલું કહી પ્રસંગને લીધે ફરી પણ કહેવા લાગ્યો કે,
ાણી! વળી જે કર્મ જેવું અધિક સત્વગુણી હોય છે તેવું કર્મ ફળદાયક થાય છે. કારણ કે સંપ-
ાઓ સાત્વિક તરફ વળે છે. વળી આ બીજી વિચિત્ર કથા કહું છું તે શ્રવણ કર:—

## વિક્રમસિંહ રાજા અને બે બ્રાહ્મણની કથા.

અવંતી દેશમાં **ઉજ્જેણ** નામની એક જગત્ પ્રસિદ્ધ નગરી છે. તેમાં મહાકાળ* આવીને વસ્યા છે, માટે તેની સેવા કરવાના પ્રેમને લીધે આવેલાં જાણે કૈલાસનાં શ્વેત શિખરો હોયની શું, એવી જણાતી શ્વેત હવેલીઓવડે તે નગરી અત્યંત શોભી રહી હતી. આ નગરીનો વિસ્તાર, સારા ચક્રવર્તી જળવાળા, પ્રવેશ કરતી સો વાહિનીવાળા અને પક્ષવાળા ક્ષમાભૃતોએ આશ્રય કીધેલા સમુદ્ર જેવો ગંભીર હતો.† આ નગરીમાં **વિક્રમસિંહ** નામનો રાજા હતો. તે પોતા-

* દ્વાદશજ્યોતિર્લિંગમાંનું ઉજ્જયનિમાં વાસ કરી રહેલું મહાકાળેશ્વર મહાદેવનું એ નામ છે.

† આ વાક્યમાં કેટલાક શબ્દ શ્લિષ્ટ છે, તેથી તેનો ખુલાસો અવશ્યનો છે. નગરીના વિસ્તાર પક્ષમાં ચક્રવર્તી એટલે રાજા, ને સમુદ્ર પક્ષમાં ચક્રવર્તી એટલે ચક્ર થાય છે તેવાં વમળ. નગરી પક્ષમાં વાહિની એટલે સેના ને સમુદ્ર પક્ષમાં નદીઓ. નગરીના પક્ષમાં પક્ષવાળા એટલે સહાય અથવા તાબે-દાર, ને સમુદ્ર પક્ષમાં પાંખવાળા. નગરી પક્ષમાં ક્ષ્માભૃતો એટલે માંડલીક—ખંડિયા રાજાઓ ને સમુદ્ર પક્ષમાં મૈનાકાદિક પર્વતો. એવી પુરાણોક્ત કથા છે કે જ્યારે ઇન્દ્રે સર્વ પર્વતોની પાંખો કાપી નાંખી ત્યારે મૈનાક પર્વત સમુદ્રમાં છુપાઈ ગયો, તેથી તે બચ્યો છે.

અનુસરતો હતો. આ વિક્રમસિંહની સામે શત્રુરૂપી મૃગ કોઈ દિવસ થયા નહતા, ત્રુ પણ નહતો. તેથી તેણે યુદ્ધનો ઉત્સવ પણ જોયો નહતો. આટલા માટે તે ને બાહુના પરાક્રમ ઉપર અપમાન કરી, પોતાના અંતઃકરણમાં તપ્યા કરતો હતો. ના અભિપ્રાય જાણનારા અમરગુપ્ત નામના તેના મંત્રીએ બીજી કથાના પ્રસંગવડે ; 'મહારાજ! ભુજદંડના ગર્વને લીધે અને શસ્ત્રવિદ્યાના મદને લીધે જે રાજાઓ શત્રુ આશા રાખે છે તેઓને દુઃખ દુર્લભ નથી. જેમકે પૂર્વે બાણાસુરે હજાર હાથના ગર્વ ની આરાધના કરી યુદ્ધ કરવા લાયક શત્રુની માગણી કરી ત્યારે તેની માંગણી પ્રમાણે તેને વર મળ્યો; અને યુદ્ધમાં વૈરી મુરારી શ્રી કૃષ્ણે બાણાસુરના બાહુરૂપી વનને કાપી કરી મૂક્યું; માટે તમારે પણ યુદ્ધ ન મળવાથી અસંતોષ માનવો નહીં; અને કોઈ દિવસ કર શત્રુની ઇચ્છા પણ કરવી નહીં. તમારે જો શસ્ત્રમાં કરેલો અભ્યાસ અને પોતાનું શૌર્ય જમાવવું હોય તો યોગ્ય ભૂમિ ઉપર ને અરણ્યમાં મૃગયા કરીને તે અજમાવવું; કારણ કે કસરત ગેરે કરવા માટે રાજાઓએ મૃગયા પણ સ્વીકારેલી છે. જે રાજાઓએ મૃગયા આદિમાં શ્રમ કરેલો નથી, તેઓ યુદ્ધના માર્ગ ઉપર પ્રશંસા પામતા નથી. અરણ્યનાં દુષ્ટ જાનવરો અને મૃગો પૃથ્વીને વેરાન કરવા ઇચ્છે છે; માટે રાજાઓને તે મારવા લાયક છે; અને એટલા માટે મૃગયા કરવી કહી છે, તથાપિ રાજાઓ વારંવાર મૃગયા કરતા નથી; કારણ કે પૂર્વે મૃગયાના વ્યસનથી જ પાંડુ આદિ રાજાઓ નાશ પામ્યા હતા."

ઉત્તમ બુદ્ધિશાળી અમરગુપ્ત મંત્રીએ આવી રીતે રાજાને જણાવ્યું; એટલે રાજાએ 'ઠીક છે,' એમ કહી બીજે દિવસ થયો એટલે રાજા હાથીપર ચઢી મૃગયા કરવા માટે નગર બહાર નિકળ્યો. આ વખતે તેણે પૃથ્વીને ઘોડાવાળી અને શિકારી કુતરાથી ભરપૂર કીધી, સઘળી દિશાઓને જૂદી જૂદી ઊભી કરેલી જાળથી વેષ્ટિત કરી અને આકાશને હરખાતા શિકારી પારધિઓના ટોળાના શબ્દથી મુખર કરી દીધું. નગર બહાર નિકળતાં એક એકાંત શૂન્ય દેવમંદિરમાં તેણે બે પુરુષોને દી ઠા. તે બંને પુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે પરસ્પર કંઈ પણ વાત કરતા હતા. રાજા તેમને દૂરથી જોઈ તેમના સંબંધી વિચાર કરતો મૃગયા કરવા માટે વનમાં ગયો; અને ત્યાં વનભૂમિના વિભાગોમાંથી ગેંડા વગેરેનો નાશ કરી પર્વતોના વિભાગમાં જ્યાં વૃદ્ધ વ્યાઘ્ર રહેતા હતા અને સિંહના શબ્દ સંભળાતા હતા, ત્યાં તેઓનો નાશ કરી સંતોષ મેળવ્યો. હાથીને મારનારા સિંહોનો નાશ કરી તેના પંજાના નખમાંથી નીચે પડેલાં પરાક્રમનાં બીજ જેવાં જણાતા મુક્તાફળવડે પૃથ્વીને ઢાંકી દીધી; આડાં ઉડતાં પક્ષીઓ જેમ મરીજતાં તેમ જ ઠેકતાં મૃગો પણ મરણ પામી નિચે પડતાં હતાં. સકળ માર્ગ-ગામી રાજા આ સર્વનો ઝટ નાશ કરી ઘણો જ હર્ષ પામ્યો. પછી ઘણીવાર મૃગયા કરવાથી રાજાનાં માણસો થાકી ગયાં, એટલે રાજા પોતાનાં ધનુષને શિથિલ કરી પાછો ઉજ્જયિની નગરી પ્રત્યે આવ્યો.

રાજાએ મૃગયા કરવા જતી વખતે જે બે પુરુષને દેવમંદિરમાં જોયા હતા, તે બે પુરુષો અત્યાર સુધી તેવી જ રીતે દેવમંદિરમાં ઉભેલા રાજાના જોવામાં આવ્યા. એટલે રાજાને વિચાર



આવ્યો કે, આ બે પુરુષ કોણ હશે? આટલા બધા વખત સુધી તે શું વિચાર કરતા હશે? ઘણા વખત સુધી એકાંતમાં વાર્તા કરનારા આ બન્ને જણા ખરેખર દૂત છે, એમ વિચાર કરી પ્રતિહા-રને મોકલી, તે બન્ને પુરુષને તેડાવ્યા અને પકડીને કેદ કરાવ્યા. બીજે દિવસે તે બન્ને જણાને ધમકી દઈ પૂછ્યું કે, 'તમે બન્ને પુરુષ કોણ છો? અને તમારા બન્નેનો એવો લાંબો વિચાર શો હતો?' આમ રાજાએ પૂછ્યું એટલે તેમણે રાજા પાસે અભયવચન માંગ્યું અને રાજાએ તે કબુલ કર્યું. ત્યાર પછી તે બેમાંથી એક તરુણ પુરુષ કહેવા લાગ્યો કે, 'મહારાજ, હવે તે વાર્તા યથાર્થ નિવેદન કરું છું, તે આપ શ્રવણ કરોઃ-

આપના શહેરમાં કરભક નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. આ બ્રાહ્મણને શૂરવીર પુત્રની ઇચ્છા થવાથી તેણે અગ્નિદેવનું આરાધન કર્યું, એટલે વેદવેત્તા તે બ્રાહ્મણને ઘેર પુત્ર તરીકે મારો જન્મ થયો. પછી મારા પિતા સ્વર્ગવાસી થયા બાદ મારી માતા પણ તેમની પાછળ સતી થઈ ગઈ; ત્યાર પછી હું વિદ્યા ભણ્યો હતો, છતાં પણ સ્વતંત્રતાથી ને બાળક અવસ્થાને લીધે મેં સ્વધર્મનો ત્યાગ કરી દીધો અને જુગાર તથા શસ્ત્ર વિદ્યાના ખેલો કરવા લાગ્યો. કારણ કે મુરબ્બીની આજ્ઞા રહિત બાલ્યાવસ્થા કોને અમર્યાદિત કરતી નથી? પછી હળવે હળવે બાલ્યાવસ્થા ઓલંઘી હું તરુ-ણાવસ્થાને પામ્યો, એટલે મારા હાથમાં મદ થવા લાગ્યો. જેથી હું એક દિવસે બાણ ફેંકવા માટે વનમાં ગયો હતો. એવામાં કોઇએક પુરુષની સ્ત્રી ચાંદનીવાળા રથમાં બેસી મારા આવવાના માર્ગેથી જ શહેર બહાર નિકળી. આ રથની આસપાસ ઘણાં માણસો હતાં. એવામાં અકસ્માત્ એક હાથી સાંકળ તોડાવીને ત્યાં આવ્યો અને મદથી છકેલો તે હાથી તે સ્ત્રીની તરફ દોડ્યો. તેને જોઈ તે સ્ત્રીની પાછળ જનારા સઘળા નપુંસક મનુષ્યો-તેના વર સહિત-આમ તેમ દોડીને નાસી ગયા. તે જોઈ હું એકાએક ગભરાટમાં પડી જઈ વિચાર કરવા લાગ્યો કે, "શું! આ કાયર મનુષ્યોએ આ કમનસીબવાન્ સ્ત્રીને રઝળતી મૂકી, તો હવે મારે આ સ્ત્રીની રક્ષા કરવી જોઇએ. શરણાગતની રક્ષા ન કરનારા પ્રાણ અથવા તો પરાક્રમ શું કામનાં છે? કંઈ જ નહી." આવો વિચાર કરી હું ગર્જના કરતો હાથી ભણી દોડ્યો; એટલે તે હાથી પણ તે સ્ત્રીનો ત્યાગ કરી મારી જ તરફ ધસી આવ્યો. પેલી ભયભીત બનેલી સ્ત્રી મારા તરફ જોવા લાગી અને હું ગર્જના કરતો તથા દોડતો હાથીને છેટે ખેંચી ગયો. થોડે દૂર ગયા પછી એક ઘણાં પાંદડાંથી ભરેલા ઝાડમાંથી તૂટી પડેલી એક શાખા મળી, તેનાવતી મારા શરીરને ઢાંકી હું ઝાડની વચમાં ઘુસી ગયો; અને ત્યાં હળવેથી તે ઝાડની શાખા હાથીની આગળ મૂકી દોડી ગયો. હાથીએ પેલી શાખાના કટકે કટકા કરી નાંખ્યા. પછી હું તે ભયભીત બનેલી સ્ત્રીની સમીપ જઇ તેના શરીરસંબંધી કુશળ સમાચાર પુછવા લાગ્યો. પેલી દુઃખથી પીડા પામતી સ્ત્રી પણ મને જોઈ હર્ષ સહિત કહેવા લાગી કે, 'જે સ્ત્રી આ નપુંસ-કને પરણી છે, તેનું કુશળ ક્યાંથી હોય? મહારાજ, આવા સંકટમાં મારો પતિ પણ મને છોડીને ક્યાંઈ નાશી ગયો છે! પણ ફરી તમને મેં ઇજા થયા વગરના-કુશળ જોયા, એ જ મારું કુશળ. જ્યારે મારો પતિ મને મરવા મૂકીને નાશી ગયો ત્યારે એ હવે મારો પતિ શેનો? પણ હવે આપ મારા પ્રાણનાથ-પ્રાણ બચાવનાર છો,-કે જેમણે પોતાનાં શરીરની પણ દરકાર કીધા વિના મારો

મૃત્યુના મુખમાંથી ઉદ્ધાર કર્યો છે. આ નોકરો સાથે આવે છે, એ મારો પતિ છે. તમે હાલ તો મરજી પ્રમાણે મારી પાછળ પાછળ ચાલ્યા આવો. સમય મળશે એટલે આપણે એકઠાં થઇ હરકોઈ પ્રદેશમાં ચાલ્યાં જઇશું.' મેં કહ્યું ઠીક છે, એમ કહીને તેનું કહેણ સ્વીકાર્યું; કારણ કે સ્ત્રી સ્વરૂપવતી હોય અને પોતાનો આત્મા અર્પણ કરતી હોય, છતાં પણ આ પર સ્ત્રી છે તેનાથી શું ફળ થવાનું છે? આવો વિચાર આવવો તે ધીર પુરુષનો માર્ગ છે. તરુણાવસ્થાના સંગ કરનારા તરુણોને માર્ગ નથી. પછી ક્ષણવારમાં તે સ્ત્રીનો પતિ આવ્યો ને તે સ્ત્રી નોકર સહિત પોતાના પતિ સાથે ચાલવા માંડી. પેલી સ્ત્રીએ મને ગુપ્ત રીતે ભાતું આપ્યું હતું, તેને લીધે હું કોઇના જાણવામાં આવે નહિ, એમ છેટે રહી તેની પાછળ ચાલવા માંડયો. રસ્તામાં પેલી સ્ત્રી ઢોંગ કરીને પોતાના પતિને કહેવા લાગી કે, હાથીના ભયથી હું પડી ગઈ, તેને લીધે મારા અવયવોમાં પીડા થાય છે, એમ કહી પતિનો સ્પર્શ પણ અટકાવ્યો. કારણકેઃ—

ઘણા ઘાડા અંતર્ગત વિષથકી દુઃસહ નર્યું—
દિસે હૈડું જેનું, વદન અતિ રાતું ખુનભર્યું;
ખરે એવી નારી, વિકૃતમનવાળી નર પરે,
ભુજંગીની પેરે, અશુભ કરવા આદર ધરે.

પછી અમે ચાલતાં ક્રમે કરી **લોહપુરમાં** આવી પહોચ્યાં. આ શહેરમાં તેના પતિનું ઘર હતું અને તે વેપાર કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. પ્રથમ દિવસે અમે સઘળાં, નગરની બહાર દેવમંદિરમાં ઉતર્યાં, ત્યાં આ બીજો મારો મિત્ર બ્રાહ્મણ મને મળ્યો. અમારે એક બીજાને નવો જ મેળાપ હતો, તથાપિ પરસ્પર વિશ્વાસ બેસી ગયો; કારણ કે પૂર્વ જન્મમાં મેળવેલો પ્રેમ મનુષ્યોનાં મનને ઓળખે છે. પછી મેં મારું સર્વ રહસ્ય આ બ્રાહ્મણને કહ્યું. તે સાંભળીને તે જ વખતે આ બ્રાહ્મણે મને પોતાની મેળે કહ્યું કે, આ વાર્તા હમણાં ગુપ્ત રાખજે; આપણું આ કાર્ય કેમ સિદ્ધ કરવું, તેનો ઉપાય અત્રે જ છે; આ વાણીઆની બહેન આજ ગામમાં રહે છે. તે સ્ત્રી પોતાની સર્વ દોલત સાથે મારી સાથે નાસી જવાને તૈયાર થઈ છે. માટે તે સ્ત્રીની સહાયતાથી તારા મનની ઇચ્છા પૂરી પાડીશ.

"આટલું મને કહી તે બ્રાહ્મણ તે વખતે તે વાણીઆની બહેન પાસે ગયો અને એકાંતમાં તેને તે સર્વ વાત જણાવી. પછી બીજે દિવસે તે વાણીઆની બહેન [તે બાબતનો નિશ્ચય કરી પોતાની ભાભી સાથે મળી તેને દેવમંદિરમાં લઇ આવી, અને અમારા બેમાંથી મારા આ મિત્રને તે વખતે પોતાની ભાભીનો વેશ પહેરાવી અમારી સાથે ઠરાવ કરી, સ્ત્રીના વેશમાં રહેલા આ પુરુષને પોતાના તે ભાઇની સાથે શહેરમાં લઈ ગઈ, પોતે ઘરની અંદર દાખલ થઈ, અને હું, પુરુષના વેશમાં રહેલી તે વાણીઆની સ્ત્રી સાથે તે દેવ મંદિરમાંથી બહાર નિકળી, હળવેહળવે ઉજ્જેણ નગરીમાં આવ્યો અને તે વાણીઆની બહેન પણ તે જ દિવસે ઘરમાં ઉત્સવ હતો તેથી સઘળાં ઘરનાં માણસો મદમસ્ત બની સુઈ ગયાં, એટલે મારા મિત્રની સાથે ત્યાંથી બહાર નિકળી. પછી આ બ્રા-



હ્મણ સાથે ત્યાંથી ગુપ્ત રીતે નાશી આવી. કુચ કરી તે સ્ત્રીને લઇ આ શહેરમાં આવ્યો, અને અહીં અમે બન્ને જણાં મળ્યાં. આવી રીતે ભરેલા નવયૌવનવાળી નણંદ ભોજાઇ અમને મળ્યાં છે અને તેમણે એમનો પ્રેમ અમને અર્પણ કરેલો છે. માટે મહારાજ ! અમે સર્વ ઠેકાણે રહેવા માટે શંકા ધરીએ છીએઃ— કારણ કે, પોતાની ઇચ્છા પ્રમાણે સાહસ કરનારું મન કોનો વિશ્વાસ કરે છે? કોઇનો પણ વિશ્વાસ કરતું નથી. તેથી તપાસ કરવા માટે અને ધન મેળવવા માટે અમે બે એકાંતમાં ઘણીવાર સૂધી વિચાર કરતા હતા, તેવામાં કાલે આપે અમને દૂરથી જોયા, અને તેડાવી મંગાવ્યા અને અમારી ઉપર દૂતની શંકા થવાથી અમને કેદ કરાવ્યા. આજે તમોએ અમને જે વૃત્તાંત પૂછ્યું તે મે ઇત્થંભૂત કહી બતાવ્યું. હવે આપને જેમ કરવું હોય તેમ ભલે કરો.' પછી રાજા **વિક્રમસિંહ** તે બન્ને બ્રાહ્મણોને કહેવા લાગ્યોઃ—'તમે ભય રાખશો મા. હું તમારા બન્ને ઉપર પ્રસન્ન થયો છું.' આટલું બોલીને રાજાએ તે બન્નેને તેમની ઇચ્છા પ્રમાણે આજીવિકા બાંધી આપી અને તે બન્ને પુરુષ પોતાની સ્ત્રીઓ સહિત રાજાની પાસે આનંદથી રહેવા લાગ્યા.

આવી રીતે પુરુષોનાં કામ, ઉત્તમ પરાક્રમ રહિત ગમે તેવાં હોય તોપણ તેમાં લક્ષ્મીનો વાસો હોય છે એટલે ગમે તેવાં પણ કર્મ લક્ષ્મી આપે છે; અને એવી જ રીતે દાનપરાયણ રાજાઓ સાહસ કર્મ કરનારા બુદ્ધિમંત પુરુષો ઉપર પ્રસન્ન થઇ તેઓને ધન્યવાદ આપે છે. આવી રીતે દેવ અને દાનવ સર્વ લોક પૂર્વે આ લોકમાં હમેશાં શુભ અને અશુભ જેવાં કર્મ કરે છે, તે કર્મના જેવા વિચિત્ર ભોગ ભોગવે છે. માટે રે દેવિ ! સ્વપ્નના વૃત્તાંત પ્રમાણે આકાશમાંથી જ્વાળા પડી ને તારા ઉદરમાં પેઠી અને તે તારા જોવામાં આવી. આ જ્વાળા ખરેખર કોઇપણ દેવ જાતિ છે અને તેણે કોઇપણ કર્મને લીધે તારા ગર્ભનો આશ્રય કર્યો છે.

પોતાના પતિ રાજા **કલિંગદત્તના** મુખથી આવું વૃત્તાંત સાંભળી, ગર્ભવતી રાણી **તારાદત્તા** પરમાનંદ પામી.

## તરંગ ૨ જો.

## કલિંગસેનાના જન્મની કથા.

ત્યાર પછી **તક્ષશિલા** નગરીમાં રાજા **કલિંગદત્તની** રાણી **તારાદત્તા** હળવે હળવે ગર્ભના ભારથી આળસવાળી બની ગઇ; પ્રસવ થવાનો સમય પાસે આવવાથી મુખ ફીકુ પડી ગયું; આંખની કીકી ચંચળ થઈ ગઈ; તેને લીધે ભવિષ્યમાં જેમાં ચંદ્રમાનો ઉદય થવાનો હોય છે અને પાંડુમુખી દેખાતી તથા ચંચળ તારા જેને વિશે પ્રકાશે છે એવી પૂર્વ દિશાનું તે અનુકરણ કરવા લાગી; ત્યાર

પછી તુરત જ ગર્ભવતી થયેલી તારાદત્તાએ અનુપમ કુમારીનો જન્મ આપ્યો. આ કન્યા બ્રહ્માની સર્વ સૌંદર્યની રચનાને રંગવાના રંગસમાન સુંદર શોભતી હતી. આ પુત્રીના જન્મ સમયે પ્રસુતિગૃહમાં કરેલા સ્નેહવાળા* રક્ષા પ્રદીપો, આવી કન્યા ઉત્પન્ન થઈ તે કરતાં આવો પુત્ર શા માટે ઉત્પન્ન થયો નહિ, આવા અફસોસથી જાણે ઝાંખા પડી ગયા હોય—તેમ કન્યાની કાંતિથી પરાજય પામી ઝાંખા થઈ ગયા. રાજા કલિંગદત્ત આવી અનુપમ કન્યાને જોયાં છતાં પણ, પુત્રી જેવા રૂપવાન્ પુત્રની આશા ભંગ થઈ જવાથી ઉદાસ થઈ ગયો. રાજાએ તે કન્યા દેવતાઈ છે તે પણ જાણ્યું હતું, છતાં તેને પુત્રની ઇચ્છા હતી અને તે ઇચ્છા પાર પડી નહીં, માટે તે ઘણો જ દિલગીર થવા લાગ્યો. કારણ કે "કન્યા જે અફસોસનું મૂળ છે તે ક્યાં અને મૂર્તિમાન્ આનંદરૂપ પુત્ર ક્યાં" ત્યાર પછી ખિન્ન થયેલો રાજા તે અફસોસમાં પોતાના રાજભવનમાંથી બહાર નિકળી, નાના પ્રકારની બુદ્ધ દેવની મૂર્તિઓ જેમાં હતી એવા વિહારસ્થાનમાં ગયો. ત્યાં એક તરફના ભાગમાં મનુષ્યોની વચમાં બેસી ધર્મોપદેશ કરનારા ભિક્ષુક ગુરુ, નીચે પ્રમાણે ધર્મોપદેશ નિમિત્તે ઉપદેશવચન કહેતા હતા, તે સાંભળવા લાગ્યો. સાધુજી બોલ્યા– 'આ સંસારમાં મોટામાં મોટું તપ કોઈને ધનનું દાન કરવું તેને કહે છે. વળી ધન આપનારો મનુષ્ય પ્રાણદાતા કહેવાય છે; કારણ કે પ્રાણ અર્થને આધારે રહેલા છે. મહારાજા બુદ્ધદેવે કરુણાકુલ મનથી પોતાનો આત્મા પણ બીજાને અર્પણ કીધો ત્યારે બીચારા ધનની તો વાત જ શી કરવી? સ્પૃહારહિત બુદ્ધદેવ એવા ધીર તપ વડે, દિવ્ય જ્ઞાન મેળવી, બુદ્ધપણાંને પામ્યા છે—સમ્યક્‌પણાને પામ્યા છે. માટે મનુષ્યે પોતાનું શરીર રહે ત્યાં સુધી સઘળા ઇષ્ટ પદાર્થોની આશા છોડી દઈ, સમ્યક્ત્વ અને લોકાલોક ભાસ્કરનું ચૈતન્ય જ્ઞાન મેળવવા માટે શકિત પ્રમાણે પરોપકાર કરવો. આ વિષયમાં એક કથા કહું છું તે સાંભળો.

### સાત રાજકુમારિકાની કથા.

ઘણા પ્રાચીનકાળમાં કૃત નામના કોઈએક રાજાને ત્યાં સાત કન્યાઓ જન્મી હતી. તે સઘળી કન્યાઓ ઘણી જ લાવણ્યવતી હતી. તેઓએ બાલ્યાવસ્થામાં જ વૈરાગ્ય આવવાથી પિતાનું ઘર ત્યાગ કરી સ્મશાનવાસ અંગીકાર કર્યો. આ વખતે ઘરનાં માણસોએ તે કન્યાઓને પૂછ્યું કે, 'તમે રાજ્યસુખ મૂકી શા માટે સ્મશાનવાસ સ્વીકાર કરોછો?' એટલે તે કન્યાઓ બોલી: 'જુઓ, આ સંસાર મિથ્યા છે; તેમાં પણ વળી આ શરીર નકામું છે; તેમાં પણ વળી પોતાના પ્રિયજનનો મેલાપ વિગેરેનું સુખ છે તે સ્વપ્ન સમાન ચંચળ છે. આ સંસારમાં પરોપકાર કરવો તે એક સારસત્ય વસ્તુ કહેવાય છે; માટે અમે આ નાશવત શરીર વડે બીજા પ્રાણીપર પરોપકાર કરીશું અને આ જીવતું શરીર સ્મશાનમાં માંસાહારી પ્રાણીઓના ઉપયોગ માટે ત્યાગ કરી દઇશું. આ શરીર રૂપાળું હોય તો પણ જો ઉપકારમાં કામ લાગે નહીં તો તે નકામું ગણાય છે. વળી એ શરીરવિષયમાં હું તમને કથા કહું છું.

* તેલ—પ્રેમ.



### એક વિરક્ત રાજકુમારની કથા.

પ્રાચીનકાળમાં કોઇ એક રાજકુમાર હતો, તેને સંસારવાસનામાં વૈરાગ્ય આવવાથી પોતે તરુણ હતો, ઘણો ખુબસુરત હતો, છતાં સંસાર ત્યજી સાધુ થયો. સંન્યાસીની અવસ્થામાં આવ્યા પછી તે એક વખતે કોઇ એક વાણીઆને ઘેર ભિક્ષા માગવા માટે ગયો. એવામાં કમળપત્ર જેવાં અને વિસ્તારવાળાં નેત્રયુક્ત એક તરુણ સાધુનાં એક વાણીયણને દર્શન થયાં. વાણીયણ તે સાધુજીનાં લોચનની લાવણ્યતામાં આશક પડી અને કહેવા લાગી; 'મહારાજ ! તમે આવા સુંદર સ્વરૂપવાન્ છો, છતાં તમારે આ ભેખ લેવાનું પ્રયોજન શું હતું? તમારાં કમળલોચનથી તમે જે સ્ત્રી ઉપર પ્રેમદૃષ્ટિ કરો તે સ્ત્રી ભાગ્યશાળી ગણાય ! !' આ પ્રમાણે તે વાણીઅણે કહ્યું, એટલે તે ભિક્ષુક સાધુએ પોતાનાં એક નેત્રને હાથથી બહાર ખેંચી કાઢી તે હાથમાં લઇ બોલ્યો: 'અરે માવડી ! જુઓ આ નેત્ર માંસ અને લોહીથી ભરેલું ઘણું જ ખરાબ છે.* જો તમને ગમતું હોય તો એ ગ્રહણ કરો. બીજું પણ એવું જ છે. આ બેમાં સુંદરતા શી બળી છે?' સાધુનાં આવાં વચન સાંભળી પેલી વાણીયણ મનમાં ખેદ કરવા લાગી અને બોલી કે, 'હાય ! ! હાય ! ! મેં અભાગિણીએ મહા પાપ કર્યું; કારણ કે તમારાં નેત્ર ઉખેડવામાં હું કારણભૂત બની છું' તે સાંભળી સાધુ બોલ્યો, 'માવડી ! તમે શા માટે દુઃખ ધરો છો ? કારણ તમે તો મારા ઉપર ઉપકાર કર્યો છે. માટે એ પર દૃષ્ટાંત સાંભળો:—

### તપસ્વીની અને રાજાની કથા.

પૂર્વે કોઇએક યતિ ગંગા નદીના કિનારા ઉપર આવેલા ઉપવનમાં સમગ્ર વૈરાગ્યની પરીક્ષા કરવાની ઇચ્છાથી તપ કરતો હતો. એ સમયમાં દૈવયોગે કોઈએક રાજા વિહાર કરવા માટે રણવાસની સ્ત્રી સહિત ત્યાં આવ્યો. રાજા સ્ત્રીઓ સાથે વિહાર કરતાં મદિરાપાન કરી શયન કરી ગયો,

* વૈરાગ્ય વ્યાપેલો પુરુષ અંગનાપર પ્રહાર કરવામાં અવલું સવલું જોતો નથી. જેમ આ વિરક્ત પુરુષે નેત્રને તાણી કાંઢયાં તેમ જ આપણા પ્રસિદ્ધ કવિ-ભક્ત અષ્ટસખાંમાના સૂરદાસજી સબંધે પણ એક દંતકથા બોલાય છે. તેઓ તરુણાવસ્થામાં કોઇ નવયૌવના પુંઠળ પડેલા હતા. તે યૌવના તેમને ધિક્કારતી હતી. એક સમે સૂરદાસે કહ્યું કે તારું રૂપ જોઇ હું અત્યંત આશક થયો છું. ત્યારે તેણીએ કહ્યું કે તે જોવાથી તને એ પ્રમાણે પ્રીતિ થઈ હોય તો તારાં નેત્ર ફોડી નાંખ કે પછી જોઈ શકે નહીં. મને જુએ છે તે કરતાં એટલા જ પ્રેમથી પ્રભુને જોની. તુરત જ સુરદાસને જ્ઞાન વ્યાપ્યું ને પોતાનાં બંનો નેત્રમાં સોયો ઘોંકી દીધી હતી.

આવી દંતકથા ઘણા દેશોમાં પ્રવર્તેલી છે. આયર્લંડમાં પણ એક વાત ચાલે છે કે પ્રસિદ્ધ આરન્ન શ્રીજીટનું માંગુ એક ઉમરાવે તેના પિતા પાસે કર્યું અને તેના પિતાએ તે માન્ય પણ રાખ્યું. પણ આરનાએ ના પાડી ત્યારે તે અમીરે કહ્યું કે, હે કમળલોચની ! તારાં લોચનમાં જે મોહીની વસેલી છે તેનાપર કોણ તુષ્ટમાન નહીં થાય? તુરત જ શ્રીજીટે કહ્યું કે આ કમળલોચન મારાપર દુઃખ પાડનારાં મા થાઓ; એમ કહી તુરત જ આંખમાં આંગળી ઘોંચી દીધી ને કહ્યું કે લે, આ તારાં કમળલોચન. જ્યારે તે આરનાના પિતાએ આ પ્રમાણે જોયું ત્યાર પછી તેણે નિશ્ચય કીધો કે, હવે કદીપણ પુત્રીને પરણાવવી નહીં.

એટલે સ્ત્રીઓ ચપળતાને લીધે તે રાજાના પડખામાંથી ઉઠી રાજાના ઉપવનમાં ફરવા નિકળી. એવામાં તે ઉપવન વિશે એક ભાગમાં સમાધિમાં રહેલા પેલા સંન્યાસીને દીઠો. 'એ તે શું હશે!' એવા આશ્ચર્યથી તે સંન્યાસીને જોવાને તે સર્વે ચોમેરથી વિંટી વળી. આમ તે સ્ત્રીઓ ત્યાં ઘણી વાર ઉભી, તે અરસામાં તે ભૂપાળ જાગી ઉઠ્યો, અને પડખામાં જુવે છે તો સ્ત્રીઓ જોવામાં આવી નહીં. તેથી તે રાજા ઉપવનમાં સર્વ સ્થળે ભટકવા લાગ્યો. એવામાં જ્યાં તે રાણીઓ યતિને વિંટી વળીને ઉભી હતી ત્યાં તે જઈ પહોંચ્યો. આવી રીતે રાણીઓને જોઈ ઈર્ષ્યાથી અત્યંત ક્રોધ કરી તે રાજાએ તે મુનિ ઉપર તરવારનો પ્રહાર કર્યો; કારણ કે ઈશ્વરતા, ઈર્ષ્યા, નિર્દયતા, મત્તતા અને અવિવેકિતા એ એકેક પણ બુરું કામ કરવા બસ છે ત્યારે જ્યાં પાંચ અગ્નિ ભેળા થઈ બળતા હોય ત્યાં તો શું જ કહેવું ? પ્રહાર કર્યા પછી રાજા ચાલ્યો અને મુનિનું શરીર કપાઈ ગયું છતાં પણ તેને ક્રોધ આવ્યો નહીં. એ પ્રમાણે જોઈ ત્યાં કોઈ એક દેવી પ્રગટ થઈને બોલી;– 'મહાત્મન્, જો આપની આજ્ઞા હોય તો જે પાપીએ તમારા ઉપર ગુસ્સાને લીધે પ્રહાર કર્યો છે તો પાપીનો હું મારી શક્તિવડે નાશ કરું.' તે સાંભળી પેલો યતિ બોલ્યો: 'દેવિ ! એમ બોલો મા. તે રાજાએ મને ધર્મમાં સહાય કરી છે; પણ મારું બુરું કર્યું નથી. ભગવતિ દેવિ ! તે રાજા જો આવી રીતે મારા ઉપર પ્રહાર કરત નહીં તો હું કોને ક્ષમા કરત ? માટે પ્રસન્ન થઇ તેના અધર્મની ક્ષમા આપો. હું આત્મજ્ઞાની છું. વિદ્વાનોએ આ નાશવંત શરીરમાટે કોપ શા વાસ્તે કરવો ? ન જ કરવો; કારણ કે સારી અને નરતી વસ્તુમાં સમભાવથી વર્તવું અને ક્ષમા રાખવી, એ પરબ્રહ્મનું પરમ પદ આપે છે.' આમ મુનિએ દેવીને કહ્યું, એટલે પેલી દેવી તે યતિના તપથી પ્રસન્ન થઈ તેના શરીરના અવયવોને વ્રણ (ઘા) રહિત કરી અંતર્ધ્યાન થઈ ગઈ.

( વિરક્ત રાજકુમારે પેલી વાણીયણને કહ્યું ) માટે હે માતાજી ! તે રાજા જેમ તે ઋષિને ઉપકારી મનાયો, તેમ તમે મારું નેત્ર ઉખેડાવી તપમાં વધારો કરાવવાને લીધે મારાં ઉપક ારી બન્યાં છો.'

[અત્રે સાત રાજકુમારી કહે છે] આટલું તે વાણીયણને કહી તે જિતેંદ્રિય યતિ પોતાના સુંદર શરીર ઉપર પણ અનાસ્થા રાખી સિદ્ધિ–ઈશ્વરપદ મેળવવા માટે ગયો. માટે નાજુક અને મનોહર છતાં પણ નાશવંત કાયા ઉપર માયા શી ? એટલા માટે બુદ્ધિમાને પ્રાણી ઉપર કરેલો એક ઉપકાર વખણાય છે, માટે અમે સ્વાભાવિક સુખના મંદિર રૂપ આ સ્મશાનમાં પ્રાણીઓના ઉપકાર માટે શરીરનો ત્યાગ કરીશું.' આમ પોતાના કુટુંબને સમજાવી તે રાજાની સાત પુત્રીઓ પોતાના દેહનો ત્યાગ કરી પરમ બુદ્ધિને પામી. આવી રીતે બુદ્ધિમાન્ મનુષ્યોને પોતાના સુંદર શરીર ઉપર પણ મમતાભાવ થતો નથી, ત્યારે પુત્ર સ્ત્રી વિગેરે કુટુંબ રૂપી તૃણના ઢગલા ઉપર તો શાની જ મમતા થાય ? થાય જ નહીં.

રાજા કલિંગદત્ત જૈન મઠમાં ધર્મપાઠક સાધુ પાસેથી ઉપરનું વૃત્તાંત સાંભળી સાયંકાળે પોતાના રાજભવનમાં ગયો ને ત્યાં ફરી કન્યાના જન્મ સંબંધી શોચમાં પડી ગયો. એટલે ઘરમાંનાં એક ઘરડા બ્રાહ્મણે તે રાજાને કહ્યું: 'રાજાજી, કન્યારૂપ રત્નના જન્મથી શોચ શા માટે કરો છે ?



આ લોકમાં અને પરલોકમાં કન્યાઓ પુત્ર કરતાં પણ અધિક ઉત્તમ ગણાય છે. પુત્રો રાજ્યના લોભી હોય છે, જેથી તેના ઉપર રાજાઓને વિશ્વાસ શાનો ? ઘણી અફસોસની વાર્તા છે કે, રાજપુત્રો વાનરની માફક પોતાના પિતાને ખાઈ પણ જાય છે. કુંતિભોજ વિગેરે રાજાઓ કુંતાઆદિ પુત્રીના ગુણવડે અત્યંત ક્રોધી દુર્વાસા વિગેરેથી દુઃખને તરી ગયા હતા. પુત્રીનું દાન કરવાથી પરલોકમાં જે ફળ મળે છે, તે ફળ પુત્રથી કેમ મળે? વળી તમને સુલોચનાની કથા કહું છું તે સાંભળો.

## સુષેણ અને સુલોચનાની કથા.

ત્રિકૂટાચળ* પર્વત ઉપર સુષેણ નામનો એક તરુણ રાજા વસતો હતો. આ રાજા બ્રહ્માએ જાણે શંકરની સાથે ઈર્ષ્યાને લીધે બીજો કામદેવ બનાવ્યો હોય તેવો સ્વરૂપવાન્ હતો. આ રાજાએ હિમાચળની તલેટીમાં સુંદર બગીચો બનાવ્યો હતો. આ બગીચાને જોઈ દેવતાઓ નંદન વન વિશે ઉદાસ થતા હતા. આમાં લક્ષ્મીને ક્રીડા કરવાનાં કમળની નવી જમીન જેવી એક વાવ કરાવી હતી. આમાં કમળો ખીલી રહેતાં અને તે વાવનાં પગથીઆં ઉંચા રત્નથી જડવામાં આવ્યાં હતાં. આ તરુણ રાજા પોતાને યોગ્ય સ્ત્રી ન મળવાથી પોતે એકલો તે વાવના કિનારા ઉપર રહેતો હતો. એક દિવસે દૈવ ઇચ્છાથી સુરસુંદરી† ઇંદ્રના ભવનમાંથી આકાશ માર્ગે આવી અને તે સ્ત્રીએ તે બગીચામાં, ઉઘડેલાં પુષ્પવાળા વનને વિશે રહી, વિહાર કરતા ભ્રમરની માફક રાજાને પ્રત્યક્ષ ત્યાં દીઠો; એટલે તે વિચાર કરવા લાગી કે, "‡ વાવના કમળ ઉપર બીરાજમાન લક્ષ્મીને જોઈ સ્વર્ગમાંથી શું ચંદ્રમા પડ્યો હશે ? ના ના, એ વાર્તા અસંભવિત છે; કારણ કે ચંદ્રમાની કાંતિ નાશવંત છે અને આની શોભા તો અચળ છે. ખરેખર પુષ્પના ધનુષવાળો કામદેવ પુષ્પ લેવાની ઇચ્છાથી આ બગીચામાં આવ્યો હશે ? પણ આની સહચરી રતિ ક્યાં ગઈ ? " આમ તે સુરસુંદરી ઉત્કંઠિત હૃદયે જૂદા જૂદા વિચારો બાંધી આકાશમાંથી નીચે ઉતરી મનુષ્યનું રૂપ ધારણ કરી તે રાજા પાસે ગઈ. રાજા તે સ્ત્રીને એકદમ આવતી જોઇ આશ્ચર્ય સહિત વિચાર કરવા લાગ્યો.– "અરે આ અનુપમ અંગવાળી સ્ત્રી કોણ છે ? આ સ્ત્રી મનુષ્ય જાતિની નથી, કારણ કે તેનાં ચરણ ધૂળવાળાં નથી અને નેત્રનાં નિમેષ પણ થતાં નથી. બેશક આ સ્ત્રી દેવાંગના હશે. તેને પૂછવાથી તે કદી નાશી જાય, માટે મારે તેને પૂછવું જ નહીં. કારણ કે કોઈ કારણ માટે ભેળા મળેલા દિવ્ય પુરુષો બહુધા ગુપ્ત બાબતને ખુલ્લી કરતા નથી." તે રાજા આવો વિચાર કરતો હતો, એવામાં તે સ્ત્રી તેની સાથે બોલવા લાગી અને ક્રમે કરીને તે જ વખતે રાજાએ તેના કંઠનું આલિંગન કર્યું અને ત્યાર પછી તે રાજાએ ઉપવનમાં તે અપ્સરા સાથે ઘણા દિવસ સુધી વિહાર કર્યો અને તે અપ્સરા પણ સ્વર્ગભૂમિને વિસરી ગઈ. પ્રેમ મનમોહક છે પણ જન્મભૂમિ મનમોહક નથી. ત્યાર પછી

* અંગ્રેજીમાં ચિત્રકૂટ પર્વત લખ્યો છે. એ ચિત્રકૂટ તે પ્રસિદ્ધ તુલસીદાસનું રહેવાનું સ્થળ હતું. પણ ત્રિકૂટાચળ તે હિમાલયનો એક ભાગ છે. તેને સુવર્ણનું, રૂપાનું ને લોઢાનું એવાં ત્રણ શિખરો છે. શ્રીમદ્ ભાગવતના અષ્ટમસ્કંધમાં તેનું વર્ણન કરેલું છે.

અંગ્રેજીમાં રંભા એવું નામ છે. ‡ આ વાક્યમાં આક્ષેપ અલંકાર થાય છે,

મેરુ પર્વતનાં શિખરોવડે જેમ સ્વર્ગભૂમિ ભરપૂર થઈ છે, તેમ અપ્સરાની સખી યક્ષિણીએ સુવર્ણના ઢગલાઓનો વર્ષાદ વર્ષાવી, રાજાની નિવાસ ભૂમિને ભરી દીધી. પછી કેટલાક દિવસો ગયા બાદ તે રાજાની તે શ્રેષ્ઠ અપ્સરા ગર્ભવતી થઈ અને તેણે અનુપમ એક કન્યાનો જન્મ આપ્યો. એટલે તરત જ તેણે રાજાને જણાવ્યું કે, 'મહારાજ, મને આટલો જ શાપ હતો; હવે તે શાપ પૂરો થયો છે. હું અપ્સરા છું અને સ્વર્ગમાં રહું છું. તમારાં દર્શન કરવાથી હું તમારા ઉપર આશક થઈ હતી. અમને જ્યારે ગર્ભ રહે છે, ત્યારે અમે તે ગર્ભને પૃથ્વી ઉપર મૂકીને તત્ક્ષણે જતાં રહીએ છીએ; કારણ કે અમારો પૃથ્વી ઉપર રહેવાનો એટલો જ સમય હોય છે. માટે આ કન્યાનું રક્ષણ કરજો. પરંતુ આ કન્યાના વિવાહ થયા પછી ફરી આપણ બન્નેનો સમાગમ થશે.' આટલું કહી તે પરવશ અપ્સરા અંતર્ધ્યાન થઈ ગઈ. રાજા તેના વિરહના દુઃખથી તે વખતે પ્રાણનો નાશ કરવા તૈયાર થયો, એટલે કાર્યભારીઓ તેને સમજાવવા લાગ્યા, "જ્યારે મેનકા અપ્સરા શકુન્તલાને જન્મ આપીને ચાલતી થઈ ત્યારે નિરાશ થયેલા વિશ્વામિત્રે શું કીધું હતું ? પોતાના પ્રાણ ત્યાગ કર્યાં હતા ? ના." આવી રીતે સમજણ આપી, એટલે તે રાજા મનમાં સર્વ બાબત સમજી ગયો અને ધીરે ધીરે ધીરજ ધરી ફરી પરસ્પર સમાગમ કરાવનારી તે કન્યાને ગ્રહણ કરી લીધી. પછી એકાગ્ર ચિત્ત બનેલા રાજાએ, તે કન્યાનાં સર્વ અંગનું લાવણ્ય જોઇ, તથા તેનાં નેત્રની અતિશય સુંદરતા જોઈ, તે કન્યાનું સુલોચના એવું નામ પાડયું.

કેટલોએક કાળ વીતી ગયા પછી, તરુણાવસ્થામાં આવેલી તે કન્યા એક વખતે ઉદ્યાનમાં ઉભી હતી, એવામાં દૈવેચ્છાથી કશ્યપ વંશમાં જન્મેલા વત્સ નામના તરુણ મુનિએ ફરતાં ફરતાં તેને દીઠી. તે મુનિ તપનો ભંડાર હતો, તોપણ આ કન્યાનાં દર્શન કરતાં વેંત જ પ્રેમરસમાં ડૂબી ગયો, અને તેના વિષે આવી રીતે વિચાર કરવા લાગ્યો કે, "અહો ! ! આ કન્યાનું રૂપ પરમ અદ્ભુત અને અનુપમ છે. આ સ્ત્રી જો મને મળે નહીં તો પછી આ તપનું બીજું ફળ શું ? કંઇ જ નહીં." તે આ પ્રમાણે વિચાર કરતો હતો, તેવામાં સુલોચનાએ ઉપર પ્રમાણે વિચાર કરતા, ધૂમરહિત અગ્નિ જેવા તેજસ્વી તરુણ મુનિને જોયા. મુનિએ માળા, ઉપવીત અને કમંડલ ધારણ કર્યું હતું. પેલી કન્યા પણ પ્રેમ સહિત તે મુનિનાં દર્શન કરી આ શાંત અને મનોહર મનુષ્ય કોણ હશે, એમ વિચાર કરતી તેની પાસે ગઈ અને જાણે વરવા માટે નેત્રરૂપી કમળની માલિકા તે મુનિના શરીર ઉપર અર્પણ કરતી, પ્રેમની રીતે નિહાળતી તે કન્યાએ મુનિનાં ચરણમાં પ્રણામ કર્યાં. એટલે સુર અને અસુર જેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા સમર્થ નથી એવા કામની આજ્ઞાને આધીન મનવાળા તે મુનિએ આશીર્વાદ આપ્યો કે, 'તું વરને પ્રાપ્ત થા.' ત્યારપછી તે મુનિના અસાધારણ રૂપમાં લુબ્ધ બનવાથી જેની લજ્જા હરણ થઈ ગઈ છે તેવી રંભા બાળા, પોતાનું મુખ નીચું કરી તે મુનિપુંગવને કહેવા લાગી કે, 'આપની જો આ ઇચ્છા હોય અને આ વિનોદનું ભાષણ ન હોય તો મહારાજ, મારું દાન કરનારા મારા પિતાની પાસે મારી માગણી કરો.' પછી તે મુનિ, તે કન્યાના વંશને અને કુટુંબીઓના નામને સાંભળી તે કન્યાના પિતા સુષેણ પાસે ગયો, અને કન્યાની માંગણી કરી. રાજાએ પણ તપમાં અને શરીરની સુંદરતામાં મનુષ્ય કરતાં વધારે તેજસ્વી તે મુનિની પરો-



ણા ચાકરી કરી, તે મુનિકુમારને કહ્યું, 'હે ભગવન્ ! આ મારી કન્યાનો જન્મ રંભા નામની અપ્સરાથી થયો છે. આ કન્યાના વિવાહ થયા પછી તે રંભા સાથે સ્વર્ગમાં મારો સમાગમ થશે, આમ રંભાએ જ સ્વર્ગમાં જતાં મને કહ્યું હતું. મહાશય ! એ કેમ બનશે તે જણાવો.' તે સાંભળી પેલો મુનિકુમાર ક્ષણવાર વિચાર કરવા લાગ્યો કે, પૂર્વે મેનકાથી ઉત્પન્ન થયેલી પ્રમદ્વરા નામની અપ્સરાને સર્પ કરડયો હતો, તેને રુરુ નામના મુનિએ પોતાનું અર્દ્ધ આયુષ્ય આપી પત્ની કરી ન હતી ? કરી હતી. વિશ્વામિત્ર મુનિવરે લુબ્બકને* તેના તે જ દેહથી સ્વર્ગમાં મોકલ્યો ન હતો ? તે ત્રિશંકુ તારારૂપે હાલ પણ દેખાય છે. જેને દેવતાએ નીચે પાડવા કહ્યું, એટલે વિશ્વામિત્રે તેને ત્યાં જ અદ્ધર રહેવા કહ્યું તેથી અધવચ્ચ રહી ગયો છે. તો હું મારા તપના ભાગનો ખરચ કરી શા માટે તેમ કરું નહીં ?" આવો વિચાર કરી તેમાં કશી પણ અડચણ નથી એમ કહી, તે મુનિકુમાર બોલ્યો, 'હે દેવતાઓ ! મારા તપના અંશ વડે આ રાજા રંભા અપ્સરા સાથે રતિ વિલાસ રમવા માટે સદેહે સ્વર્ગમાં જાઓ.' આમ મુનિકુમારે કહ્યું, એટલે સર્વ સભામંડળ સાંભળતાં "એમ થાઓ" એવી આકાશવાણી પ્રગટ સંભળાઈ; એટલે તે રાજા કશ્યપ કુળમાં જન્મેલા મુનિવત્સને તે કન્યા અર્પણ કરી સ્વર્ગમાં ચાલ્યો ગયો અને ત્યાં દેવતાનું સ્વરૂપ ધારણ કરી ઇંદ્ર રાજાએ અર્પણ કરેલી દિવ્ય રંભા અપ્સરા સાથે ફરી રંગ વિલાસ રમવા લાગ્યો.

મહારાજ ! આવી રીતે કન્યાને લીધે સુષેણ રાજા કૃતકૃત્ય થયો હતો. માટે તમારા જેવાના ઘરમાં એવી જ કન્યાઓ અવતરે છે. તમારા ઘરમાં આ શાપથી ભ્રષ્ટ થયેલી કોઈ દેવકન્યા અવતરી છે. માટે મહારાજ ! તમારે પુત્રીના જન્મથી અફસોસ કરવો ઘટતો નથી.

આવી રીતે ઘરમાં રહેનારા ઘરડા બ્રાહ્મણે કથા કહી. તે સાંભળી રાજા કલિંગદત્ત ચિંતારહિત થઈ સંતોષ પામ્યો અને ચંદ્રમાની કલા માફક નેત્રને આનંદ આપનારી તે પુત્રીનું નામ કલિંગસેના પાડયું.

## કલિંગસેના પાસે સોમપ્રભાનું આવવું.

પછી તે રાજકન્યા કલિંગસેના પણ પિતાના રાજભવનમાં સખીઓની મધ્યમાં રહીને મોટી થવા લાગી, અને રમતરૂપ જળથી ભરપૂર બાલ્યાવસ્થારૂપ સાગરની લહરી સમાન–નિરંતર ક્રીડાવડે ચંચળ તે કન્યા રાજભવનોમાં, સાધારણ ઘરમાં તથા ઉપવનમાં અનેક પ્રકારની બાળક્રીડા કરવા લાગી. એક વખતે તે કન્યા રાજમહેલમાં કંઈ કામમાં ગુંથાયેલી હતી, એવામાં મયદાનવની પુત્રી સોમપ્રભા આકાશ માર્ગે જતી હતી તેણે તેને દીઠી. સ્વરૂપવડે મુનિના મનને મોહ ઉપજાવનારી તે કન્યાને જોઈ, સોમપ્રભા તેના ઉપર અત્યંત પ્રીતિવાન્ બની આકાશમાં જ ઉભી રહી વિચાર કરવા લાગી, 'રે આ કોણ છે વારુ? શું ચંદ્રમાની કાંતિ છે ? પણ ચંદ્રની કાંતિ દિવસે ક્યાંથી હોય? ત્યારે શું રતિ છે? રતિ હોય તો કામ ક્યાં છે? હું માનું છું કે, આ કોઈ દિવ્ય કન્યા શાપને લીધે આ રાજાના ઘરમાં અવતરેલી છે, અને પૂર્વજન્મમાં મારે આ કન્યા સાથે અવશ્ય સખીભાવ હશે. આ સર્વ વાર્તા

* અંગ્રેજીમાં હરિશ્ચન્દ્રના પિતા ત્રિશંકુનું નામ છે.

આના ઉપર પ્રેમાકુળ મારું મન કહી બતાવે છે. માટે આ કન્યાને ફરી મારી સ્વયંવરસખી (સામા જઇને સખી) કરવી ઉચિત છે.' આમ વિચાર કરતી **સોમપ્રભા**, આ બાળા ભય પામશે એવી શંકાને લીધે, કોઇ જાણે નહીં એમ આકાશમાંથી નીચે ઉતરી. પછી તેને વિશ્વાસ લાવવા માટે મનુષ્ય કન્યાનું સ્વરૂપ ધારણ કરી કલિંગસેના પાસે ગઈ. કલિંગસેના તે સમીપ આવેલી કન્યાને જોઇ મનમાં વિચારવા લાગી કે, 'ધન્ય ધન્ય ! સ્વેચ્છાથી આ દિવ્યાકૃતિવાળી રાજકન્યા મારી પાસે આવે છે, તો તે મારી સખી થવાને યોગ્ય છે.' આમ વિચાર કર્યાં પછી ઉભી થઈ. તે જ વખતે **સોમપ્રભાનું** આલિંગન કર્યું અને તેને આદર આપી બેસાડી. ક્ષણવાર પછી તેનું નામ અને કુળ પૂછ્યું એટલે **સોમપ્રભાએ** તેને કહ્યું, 'જરા થોભ, હું તને સર્વ કહીશ.' પછી તે બન્ને જણાંએ ક્રમ પ્રમાણે પરસ્પર વાણીવડે કોલકરાર કરી સખીભાવ કર્યો. ત્યાર બાદ **સોમ-પ્રભા** બોલી, 'સખિ, તું રાજાની કન્યા છે અને રાજવંશીઓની સાથે સખીપણું ઘણા કષ્ટથી જાળવી શકાય છે, તેઓ થોડા અપરાધમાં પણ ઘણાં ગુસ્સે થાય છે. એ વિષયમાં તને એક રાજપુત્ર અને વૈશ્યપુત્રની કથા કહું છું:–

## રાજપુત્ર અને વણિક્પુત્રની કથા.*

પુષ્કરાવતી નામની એક નગરીમાં ગૂઢસેન નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને એક જ પુત્ર થયો હતો. રાજપુત્ર એક જ હોવાથી તે ગર્વિષ્ઠ અને લાડકો બનીને સારું અથવા નરતું જે કામ કરતો, તે કામ રાજાને સહન કરવું પડતું હતું. તે રાજકુમારે એક દિવસે ઉપવનમાં ફરતાં એક બ્રહ્મદત્ત નામના વાણીઆના છોકરાને દીઠો. આ બાળકનો વૈભવ પોતાના પ્રમાણે હતો, તે જોઈ રાજકુમારે પોતે ઝટ તેની સાથે મિત્રતા કરી અને તે જ વખતે તે રાજપુત્ર તથા વણિક્પુત્ર બન્ને જણ એક સ્વરૂપ થઈ ગયા;† તે એટલે લગણ કે એક બીજાને મળ્યા વિના જરાપણ રહી શકતા નહીં. કારણ કે પૂર્વ જન્મમાં કરેલો પરિચય ઝટ પ્રેમ કરાવે છે. રાજપુત્ર વાણીઆના છોકરાને જે વસ્તુ ન આપતો, તે વસ્તુ કોઇ પણ દિવસ ઉપયોગમાં લેતો નહીં–તેને પ્રથમ આપતો અને ત્યાર પછી પોતાના ઉપયોગમાં લેતો. એક વખતે રાજપુત્ર પ્રથમ વાણીઆના છોકરાના વિવાહનો નિશ્ચય કરી પોતે **અહિચ્છત્ર** નગરમાં પરણવા માટે જવા તૈયાર થયો અને વણિક પુત્ર મિત્રને પણ સાથે લઈ હાથી ઉપર બેસી સેના સહિત ચાલ્યો. ચાલતાં ઇક્ષુમતી નદીને કિનારે પહોંચ્યા એવામાં સાયંકાળ થયો, એટલે ત્યાં મુકામ રાખ્યો. પછી રાત્રિ થઈ અને ચંદ્રમાનો ઉદય થયો એટલે રાજકુમાર મદિરાનું પાન કરી શય્યામાં સૂતો; અને પોતાની ધાત્રી (આયા) એ કથા કહેવા માટે

* આ વાર્તાનો સંબંધ 'હિતોપદેશ'માંની વીરવરની વાર્તાને તથા વૈતાલ પચ્ચીસીમાંની એક વાર્તાને (આ જ ગ્રંથનો મૂળનો તરંગ ૭૮ મો જોવો) મળતો છે. વળી આ ગ્રંથના તરંગ ૫૩ મામાં પણ આને જ મળતી વાત છે. મીસ ફ્રીયરની 'દક્ષનની પુરાતન કથાઓ' માંના સંગ્રહમાં પણ આવી જ વાત છે. રાસમાળામાંની જગદેવપરમારની વાર્તાનો પ્રસંગ પણ આને મળતો છે.

† સેક્સપિયરની Midsummer Night's Dream નામના નાટકના ત્રીજા અંકના ૨ જા પ્રવેશમાં આવું જ વાક્ય છે: "We, Hermia, like two artificial gods &c."



પ્રાર્થના કરી, તે ઉપરથી તે કથા કહેવા લાગ્યો. કથાનો આરંભ કર્યાં પછી થાકી જવાથી તે અધુરી મૂકીને નિદ્રાવડે બેભાન થઈ ગયો. ધાત્રી અને તેનો છોકરો પણ નિદ્રાવશ થઇ ગયા. આવી રીતે સઘળાં નિદ્રાવશ થઈ ગયાં હતાં. પણ રાજપુત્ર ઉપર સ્નેહને લીધે વાણીઆનો છોકરો જાગતો હતો, ત્યારે તેણે આકાશમાં પરસ્પર સ્ત્રીઓને બોલતી સાંભળી. તેમાં પ્રથમ એક સ્ત્રી બોલી કે, 'આ દુષ્ટ રાજકુમાર કથા–કહાણી પૂરી કર્યાં વગર સૂઈ ગયો છે, માટે હું તેને શાપ આપું છું કે, આ રાજકુમાર પ્રભાતમાં એક હારને જોશે, અને જો તે તેને ગ્રહણ કરી પોતાના કંઠમાં નાંખશે તો તાત્કાલ મૃત્યુ પામશે.' આટલું કહી તે વિરામ પામી. એટલે વળી બીજી સ્ત્રી બોલી, 'આ રાજકુમાર જો તે વિઘ્નમાંથી બચશે તો તે એક આંબાનું ઝાડ જોશે અને તેનાં ફળોને ખાશે એટલે મરણ પામશે,' આટલું બોલી તે પણ શાંત થઈ ગઈ. ત્યાર પછી ત્રીજી સ્ત્રી બોલી, 'જો તે આ વિઘ્નમાંથી પણ બચશે તો તે પરણવા માટે સસરાના ગૃહમાં પ્રવેશ કરશે કે તે જ ઘર તેના પ્રાણ લેવા માટે તેની પીઠ ઉપર તૂટી પડશે' આટલું કહી તે પણ બોલતી બંધ પડી. એટલે ચોથી સ્ત્રી બોલી, 'જો તે આ વિઘ્નમાંથી પણ બચી જશે તો તે રાત્રિએ રહેવાના ઘરમાં ગયા પછી ઉપરા ઉપરી સો છીંક ખાશે. આ વખતે જો કોઇ પણ આને સોવાર 'ચિરંજીવો' એમ કહેશે નહીં તો આ કુમાર મરણ પામશે, અને જે મનુષ્યે આ આપણો શાપ સાંભળ્યો હશે તે રાજકુમારના બચાવ માટે તેને કહેશે તો તેનું પણ મરણ થશે,' આટલું કહી તે પણ વિરામ પામી.

વાણીઆના પુત્રે આ સર્વ વજ્રના પ્રહાર જેવું દારુણ વૃત્તાંત સાંભળ્યું, એટલે રાજકુમાર ઉપર સ્નેહ હોવાથી ખેદાતુર બની વિચાર કરવા લાગ્યો, 'હાય હાય! રાજપુત્રે વાર્તાનો આરંભ કરી અધુરી મૂકી દીધી, માટે તે કથાને ધિક્કારછે; કારણ કે ગુપ્ત રીતે તે આશ્ચર્યકારક કથા સાંભળવા આવેલી દેવતાઈ મંડળીએ શાપ આપ્યોછે. હવે આ રાજકુમાર મરણ પામશે, પછી મારે જીવીને શું પ્રયોજન છે? પણ હશે, મારે કોઇ યુક્તિથી આ પ્રાણ સમાન મિત્રની રક્ષા કરવી જોઇએ.' તેને આ વાર્તા કહીશ નહી એટલે મને પણ હાનિ થશે નહીં. આવા વિચારમાં તે વાણીઆના છોકરાએ ઘણા કષ્ટથી રાત્રિ કાઢી. સવાર થયું એટલે રાજપુત્ર વાણીઆના પુત્રની સાથે ચાલવા માંડ્યો. એવામા રસ્તા ઉપર રાજપુત્રે એક હાર દીઠો. રાજકુમારે તે લેવાની ઇચ્છા કરી, પણ વાણિઆનો છોકરો બોલ્યો, 'મિત્ર, હારને ઉપાડીશ મા, એ કપટનો હાર છે. જો ખરો હાર હોય તો આ સીપાઇઓ કેમ દેખે નહીં?' તે સાંભળી રાજપુત્ર હારનો ત્યાગ કરી ચાલવા લાગ્યો. આગળ ચાલતાં એક આંબાનું ઝાડ જોવામાં આવ્યું, એટલે રાજકુમારને તેનાં ફળ ખાવાની ઇચ્છા થઈ. તુરત જ તે વાણીઆના છોકરાએ તેને તે કામમાંથી પણ વાર્યો. પછી તે રાજકુમાર અંતઃકરણમાં ખેદાતુર થતો હળવે હળવે સસરાને ઘેર પહોંચ્યો. જ્યાં પરણવા માટે રાજકુમાર ઘરની અંદર પ્રવેશ કરે છે, તેવામાં વાણિઆના છોકરાએ તેને અંદર જતાં બારણામાંથી અટકાવ્યો કે તત્ક્ષણે તે ઘર પડી ગયું અને તે આપત્તિમાંથી છૂટયો. પછી તે રાજકુમારને મિત્રની સમયસૂચકતાનો પૂર્ણ વિશ્વાસ આવ્યો. પછી રાત્રીના તે રાજકુમારે પોતાની પત્ની સાથે બીજા ઘરમાં નિવાસ કર્યો. વાણીઆનો છોકરો કોઇ જાણે નહીં તે પથમથી આ શયન ગૃહમાં છૂપાઇ બેઠો હતો.

પછી રાજકુમારે શય્યા ઉપર બેસતાં જ સો છીંક ખાધી. ત્યારે પેલા વાણીઆના છોકરાએ સો વાર ધીરે ધીરે ‘ચિરંજીવો’ એમ કહી સ્વતંત્રતાથી પોતાનું કામ સિદ્ધ કરી ખુશી થતો બહાર નિકળી ગયો. પણ જેવો તે બહાર નિકળે છે તેવામાં રાજકુમારે અને તેની રાણીએ તેને દીઠો; એટલે રાજપુત્રને ઇર્ષ્યા આવી, અને પોતે તેના ઉપરનો પ્રેમ ભૂલી ગયો અને ઘણો ક્રોધ કરી પહેરેગીરને હુકમ કર્યો કે, “હું એકાંત અંતઃપુરમાં છું ત્યાં તે અંદર આવ્યો હતો, માટે આ કંગાળ છે! તેને બાંધીને એક જગ્યામાં રાખો. સવારે ફાંસીએ ચઢાવવામાં આવશે.” જ્યારે પહેરેગીરોએ તે હુકમ સાંભળ્યો ત્યારે તુરત તે વાણીઆના છોકરાને કેદ કર્યો અને તે વાણીઆના છોકરાએ તે રાત્રિ કેદખાનામાં કાઢી. પ્રભાત થયું એટલે સીપાઇઓ તેને રાજાના હુકમ પ્રમાણે વધભૂમિ–મારવાના સ્થાન ઉપર લઈ જવા લાગ્યા. ત્યારે વણિક્પુત્રે સીપાઇઓને કહ્યું, ‘મારે કંઈ બાબત રાજપુત્રને જણાવવાની છે, માટે પ્રથમ મને રાજપુત્ર પાસે લઈ જાઓ અને પછી તમે મને મારજો’ વણિક્પુત્રે આમ કહ્યું, એટલે તેઓએ રાજપુત્રને વિનંતિ કરી અને બીજા મંત્રીઓએ પણ રાજપુત્રને સમજાવ્યો એટલે રાજાએ તેને અંદર આવવાનો હુકમ ફરમાવ્યો. જ્યારે સીપાઇઓ તે વણિક્ પુત્રને લઈ આવ્યા ત્યારે તેણે રાજપુત્રને સઘળી હકીકત કહી સંભળાવી. રાજપુત્રે પણ ઘર પડી જવાથી વિશ્વાસ આવવાને લીધે તે બીના સત્ય માની, પ્રસન્ન થઈ તેને માફી આપી; અને પછી સ્ત્રી સાથે વિવાહ કરી તે વાણીઆના છોકરા સહિત પોતાને શહેર આવ્યો. રાજપુત્રનો મિત્ર વાણીઆનો છોકરો પણ પરણીને સુખમાં રહેવા લાગ્યો. આવી રીતે પોતાને ઉપદેશ આપનારા મનુષ્યોને દુઃખ આપનારા રાજપુત્રો મર્યાદા રહિત બની પોતાના ઉપરી માવતને દુઃખ આપનારા સાંકળ તોડાવીને છૂટા થયેલા મદમત્ત હાથીની માફક હિતકારકને ઓળખતા નથી–ભૂલી જાય છે. જે હાસ્ય કરીને બીજાના પ્રાણનો નાશ કરે તેવા વૈતાળ સાથે મિત્રતા શી? માટે રાજપુત્રિ! તું મારી સાથેના સખી ભાવનો ભંગ કરીશ મા.’ કલિંગસેના રાજભવનમાં **સોમપ્રભા**ના મુખથી આવી રીતની કથા સાંભળી, પ્રેમસહિત પોતાની સખી પ્રત્યે બોલી, ‘પ્રિય સખિ, તેઓને રાજપુત્ર જાણવા નહીં, પણ પિશાચપુત્ર જાણવા. હું તને પિશાચના દુરાગ્રહની એક કથા કહું છું તે સાંભળઃ—

## પિશાચની અને બ્રાહ્મણની કથા.

પૂર્વે **યજ્ઞસ્થળ** નામના અગ્રહારમાં (બ્રાહ્મણને બક્ષીસ મળેલા ગામમાં) કોઇએક દરિદ્રી બ્રાહ્મણ રહેતો હતો. તે એક દિવસ અરણ્યમાં લાકડાં લેવા માટે ગયો હતો. ત્યાં તેણે કુવાડાથી લાકડું કાપવા માડ્યું, એવામાં તે લાકડું નીચે પડી તેની જાંઘને ફાડીને અંદર પેસી ગયું, એટલે તેમાંથી લોહીની ધારા નીકળવા લાગી અને બ્રાહ્મણ મૂર્છિત થઈ પડી ગયો. પછી કોઈ જાણીતા પુરુષે તેને મૂર્છિત થયેલો દીઠો, એટલે તે તેને ઉંચકીને ઘેર લઈ ગયો. ત્યાં તેની સ્ત્રી તેને ઘાયલ જોઈ ગભરાઈ, પણ પછી લોહી ધોઇ નાંખી તેની આસનાવાસના કરી જાંઘનાં ઉપર તેણે પાટો બાંધ્યો. આમ તેણે ઘા રુઝવવાના ઉપાયો કર્યાં, પણ તે રુઝાયો નહીં, એટલું જ નહી પણ તે ઘા નાડી પર્યંત ઉંડો ગયો અને



તે દરિદ્ર બ્રાહ્મણ નાડીવ્રણ પડવાથી અત્યંત દુઃખી થવા લાગ્યો અને તે દુઃખને લીધે તે મરવા માટે તૈયાર થયો. તેનો એક બ્રાહ્મણ મિત્ર હતો, તેણે તે વખતે આવી એકાંતમાં કહ્યું કે, ‘મારો યજ્ઞદત્ત નામનો મિત્ર ઘણા દિવસ થયા દરિદ્રી રહ્યો હતો, પણ તેણે પિશાચની સાધના કરી લક્ષ્મી મેળવી છે ને હાલ તે સુખમાં કાળ ગાળે છે. તેણે તે સાધના મને પણ બતાવી છે. માટે હે મિત્ર, એ સાધના તું પણ કર. તે પિશાચ તારા ઘાને રુઝાવી નાંખશે. આટલું કહી તેણે તે બ્રાહ્મણને પિશાચનો મંત્ર કહ્યો અને આ પ્રમાણે તેની સાધના બતાવીઃ ‘ રાત્રિને પાછલે પ્રહરે ઉઠી, કેશ છૂટા મૂકી, નગ્ન થઈ, આચમન લીધા પહેલાં બએ મુઠી ચોખા બે હાથમાં લઈ, પિશાચ મંત્રનો જપ કરતાં ચૌટામાં જવું અને ત્યાં બન્ને મુઠીમાં ભરેલા ચોખા મૂકી મૌન જ પાછું ચાલ્યું આવવું, પાછું વળીને જોવું નહીં. હે મિત્ર! આમ હંમેશાં કર. પિશાચ પોતે જ્યારે પ્રગટ થઈ તને કહે કે, હું તારી વ્યાધિનો નાશ કરીશ ત્યારે તેને માન આપજે,’ એટલે તે તારા રોગનો નાશ કરશે. પેલા મિત્રે આમ કહ્યું, એટલે તે બ્રાહ્મણે તેમ જ કર્યું. પછી એક પિશાચ તેને પ્રસન્ન થયો અને તેણે **હિમાચળ** ઉપરથી ઔષધિ આણી તે દુઃખી બ્રાહ્મણના ઘાને રુઝાવી નાંખ્યો, એટલે તે બ્રાહ્મણ અત્યંત પ્રસન્ન થયો. પછી કાર્ય સિદ્ધ થયેલા પિશાચે બ્રાહ્મણને કહ્યું કે, ‘મને બીજો ઘા આપ, એટલે તેને હું સારો કરું. જો તું મને વ્રણ–ઘા આપીશ નહીં તો તારું અશુભ કરીશ અથવા તારાં શરીરનો નાશ કરીશ.’ તે સાંભળી પેલો બ્રાહ્મણ ગભરાયો અને તેમાંથી ઝટ છૂટવા માટે પિશાચને કહ્યું, ‘હું તને સાત દિવસમાં બીજો ઘા આપીશ,’ એટલે તે પિશાચે તે બ્રાહ્મણને છોડી દીધો. પછી બ્રાહ્મણ જીવવાની આશા મૂકીને બેઠો. આટલી વાર્તા કરી વચમાં હલકી વાર્તા આવવાને લીધે કલિંગસેના લજ્જાવશ થઈ બંધ પડી ગઈ અને ફરી તેણે **સોમપ્રભા**ને એમ કહ્યું કે, ત્યાર પછી બ્રાહ્મણે ઘાની શોધ કરી પણ ઘા મળ્યો નહી, એટલે તે ઉદાસ બની ગયો. તેની એક રાંડેલી પુત્રી હતી તે ચતુર હતી. તેણે પિતાને ઉદાસ જોઇ તેનું કારણ પૂછ્યું. કારણ જાણ્યા પછી તે બોલી, ‘તમે પિશાચની પાસે જાઓ, અને ફરીને કહો કે મારી પુત્રીને નાડી વ્રણ ( નાડી પર્યંત ઘા ) થયો છે તે તું રુઝાવ. હું તે પિશાચને છેતરી મૂકીશ. તે સાંભળી પેલો બ્રાહ્મણ પ્રસન્ન થતો ‘ઠીક છે’ એમ કહી પેલા પિશાચને છોકરીની પાસે લઈ આવ્યો. પેલી બ્રાહ્મણની પુત્રી એકાંતમાં પિશાચને ગુહ્યસ્થળ બતાવીને બોલી કે, ‘ભાઇ! આ વ્રણને રુઝાવી આપ’; એટલે પેલો પિશાચ હમેશાં તે ગુહ્ય સ્થળ ઉપર પાટા પિંડી કરવા લાગ્યો, પણ તે રુઝાવી શક્યો નહીં. પછી કેટલાએક દિવસો ગયા તે બાદ પિશાચ મૂઝાયો અને તેની બે જાંઘ પોતાના ખોળામાં લઇ તે વ્રણ શા માટે રુઝાતું નથી તેની તપાસ કરવા માટે તે ગુહ્યસ્થળ જોવા લાગ્યો. એવામાં ગુહ્યસ્થળ નીચે બીજું ગુદાનું છિદ્ર નજરે પડ્યું. તે જોઈ પિશાચ ગભરાયો અને વિચાર કરવા લાગ્યો કે, એક વ્રણ રુઝાયું નથી એવામાં બીજું વ્રણ પેદા થયું; કારણ કે દુઃખોમાં ઘણાં દુઃખો આવે છે, એ લોકવાણી સત્ય છે જેનાથી મનુષ્યો ઉત્પન્ન થાય છે અને જેનાથી નાશ પામે છે. એવા વિસ્તારવાળા સંસારના માર્ગને કાઢવા કોણ સમર્થ છે? કોઇ જ નહીં. આમ વિચાર કરી તે મૂર્ખ પિશાચ, વિરુદ્ધ કામ કરીશ તો મને બંધન થશે, આવી શંકાથી પલાયન કરી અંતર્ધ્યાન થઈ ગયો.

આવી રીતે તે પુત્રીએ પેલા પિશાચને છેતરી તે બ્રાહ્મણને ભયથી મુક્ત કર્યો; અને તે બ્રાહ્મણ આરોગ્ય મેળવી સુખમાં રહેવા લાગ્યો.

હે સખિ ! આવા પિશાચો હોય છે, અને આ જ પ્રમાણે કેટલાક રાજપુત્રોને પણ સમજવા જોઈએ અને તે વશ થયા હોય તો પણ ભુંડું કરે છે; માટે તેમાંથી બુદ્ધિવડે બચાવ કરવો. કુલીન રાજકન્યાઓ કોઈ દિવસ એવી સાંભળવામાં આવી નથી. માટે હે સખિ, તારે મારી સાથે સખીપણું રાખવું, જૂદાઈ રાખવી નહીં. આવી રીતે કલિંગસેનાના મુખથી કથા સાંભળી **સોમપ્રભા** હાસ્ય કરી અતિ આશ્ચર્યથી પરમ સંતોષ પામી; અને કલિંગસેનાને કહ્યું કે, 'મારું ઘર અહિંથી સાઠ યોજન દૂર છે ને હું ઘણા દહાડાથી અહીં આવી રહી છું; જો કે ઘણા દિવસ વીતી જાય છે, પણ જવાતું નથી, માટે હે તન્વિ ! હવે તો હું જઇશ.'

પછી જ્યારે સૂર્ય અસ્તાચળના શિખર ઉપર જવા લાગ્યો ને સંધ્યા કાળનો સમય થવા આવ્યો ત્યારે **સોમપ્રભા** ક્ષણવાર કલિંગસેનાને આનંદ ઉપજાવી ફરી મળવામાં પ્રેમાળ કલિંગસેનાની રજા માંગી. આકાશ માર્ગે ઉડીને ઝટ પોતાને ઘેર ગઈ. કલિંગસેના તેને આકાશમાં ઉડતી જોઈ આશ્ચર્ય પામી ઘણા આશ્ચર્યકારક વિચારો કરવા લાગી કે, 'અરે આ સ્ત્રી કોણ હશે, તે હું જાણતી નથી. મારી સખી સિદ્ધાંગના તો નહીં હોય ? વા અપ્સરા તો નહીં હોય ? અથવા વિદ્યાધરી તો નહીં હોય ? એ આકાશમાં સારી રીતે ચાલી શકે છે, માટે દેવની જાતિ છે અને દેવતાઓ અનુપમ સ્નેહના આદરથી મનુષ્યો સાથે મિત્રતા કરે છે. રાજા **પૃથુ**ની પુત્રી સાથે અરુંધતીને શું મિત્રાઇ નહતી ? હતી જ. અને તેના પુત્રી ઉપરના પ્રેમભાવને લીધે પૃથુ સ્વર્ગમાંથી સુરભિ ગાયને શું લાવ્યા નહતા ? અને કોઇ કારણને લીધે તે ભ્રષ્ટ છતાં શું સ્વર્ગમાં નહોતો ગયો ? જરૂર ગયો હતો. અને તે દિવસથી પૃથ્વી ઉપર પવિત્ર ગાયો થઈ નથી શું ? થઈ છે. તો મને મારા પુણ્યના ઉદયથી આ દિવ્ય સખી મળી છે, માટે હું પણ ભાગ્યશાળી છું. કાલે સવારે તે આવશે એટલે તેનું નામ અને કુળ ચોકસ રીતે પૂછી લઇશ;' વિગેરે વિચાર કરતી કલિંગસેનાએ તે રાત્રિ તે રાજભવનમાં ગાળી અને કલિંગસેનાને ફરી મળવા માટે ઉત્કંઠાવાળી **સોમપ્રભાએ** તે રાત્રિ પોતાના મંદિરમાં ગાળી.

## તરંગ ૩ જો.

## કલિંગસેનાનું વૃત્તાંત ચાલુ.

સવારમાં **સોમપ્રભા** કલિંગસેનાને આનંદ ઉપજાવે એવી યંત્રવાળી અનેક માયાવી પુતળીઓ એક કરંડીઆમાં ભરી આકાશ માર્ગે ફરતી તે રાજકન્યા પાસે પુનઃ આવી. **સોમપ્રભાને** જોઈ કલિંગસેનાનાં નેત્રમાં આનંદનાં અશ્રુઓ ભરાઇ આવ્યાં, અને તે ઉભી થઈ તેને કંઠે વળગી



પડી. પછી, પોતાની પાસે બેસારીને બોલી, 'પ્રિય સખી, તારાં મુખરૂપ પૂર્ણ ચંદ્રમાનાં દર્શન વિના મને આજની અંધકારથી છવાયેલી ત્રિયામા* શતયામાની† માફક ગઈ છે. પૂર્વ જન્મમાં મારે તારી સાથે કેવો સંબંધ હશે, કે જેનું આજ આવું પરિણામ આવે છે? હે દેવિ! તું તે બાબત જાણતી હોય તો મને કહી બતાવ. 'તે સાંભળી **સોમપ્રભાએ** રાજપુત્રીને એવી રીતે કહ્યું કે, 'મને પૂર્વ જન્મનું સ્મરણ હોય એવું મારામાં જ્ઞાન નથી; અને આ વિષયમાં મુનિઓ પણ અજાણ્યા છે; અને કદી કોઈ મુનિ જાણતો હોય તો તેણે પૂર્વ જન્મને વિશે એવું કર્મ કરેલું હોવું જોઇએ કે જેથી તેને પારકાના સંબંધની માહીતી હોય. **સોમપ્રભાએ** એ પ્રમાણે કહ્યું, એટલે રાજકન્યા કલિંગસેના કૌતુક સહિત પ્રેમ અને વિશ્વાસથી ડાહાપણ ભરેલી રીતે ફરી એકાંતમાં પૂછવા લાગી, 'સખિ ! મનોહર ગોળાકાર મુક્તામણિના જન્મથી વંશ જેમ શોભા પામે છે તેમ, સદાચરણશાળી તું કયા દેવ જાતિના પિતાને ત્યાં જન્મ લઇ તેના વંશને શોભા આપે છે, તે મને કહે. હે સુલક્ષણા ! જગતના કાનને અમૃતની પેઠે સુખ આપનાર તારું નામ શું છે? આ કરંડીઓ શા કામનો છે? અને તેમાં શી શી વસ્તુઓ ભરી છે?' આવાં કલિંગસેનાનાં પ્રણય ભરેલાં વચનો સાંભળી, **સોમપ્રભાએ** ક્રમવાર સઘળું કહેવાને શરુ કર્યું.

## સોમપ્રભાનું વૃત્તાંત.

ત્રણ જગતમાં પ્રસિદ્ધ **મય** નામનો એક મોટો દાનવ છે. તે પોતાનો અસુર સ્વભાવ ત્યાગ કરી **શ્રીકૃષ્ણ**‡ને શરણે ગયો, એટલે શ્રીકૃષ્ણે તેને અભયવચન આપ્યું; અને **મયદાનવે** ઈન્દ્ર માટે સભા બનાવી. આ ઉપરથી દૈત્યો તેને દેવપક્ષનો ગણી તેનો દ્વેષ કરવા લાગ્યા. તે દૈત્યોના ભયને લીધે તેણે **વિંધ્યાચળ** ઉપર એક માયાવી અતિ વિચિત્ર ગુફા બનાવી, કે જેમાં મોટ મોટા અસુરો પણ જવા પામે નહીં. આ **મયદાનવની** અમે બે પુત્રી છીએ: તેમાં મોટીનું નામ **સ્વયંપ્રભા** છે, જે બ્રહ્મચર્યવ્રત પાળે છે. આ કુમારી પિતાના જ ઘરમાં રહે છે. હું તેની નાની પુત્રી છું. મારું નામ **સોમપ્રભા** છે. મને મારા પિતાએ કુબેરના પુત્ર **નલકૂબેર** સાથે પરણાવી છે; અને અનેક પ્રકારનાં માયાનાં યંત્રો શિખવેલાં છે. મારા તારા ઉપરના પ્રેમને લીધે આ માયાના યંત્રથી પૂર્ણ ભરેલો કરંડીઓ અહીં તારે માટે આણેલો છે.

આટલું કહી પછી કરંડીઓ ઉઘાડી ઘણું આશ્ચર્ય કરનારી, યંત્રવાળી, માયાવી લાકડાની પુતળીઓ કલિંગસેનાને બતાવી. પછી એક પુતળીની કળ દબાવી કે, તે ઝટ આકાશ માર્ગે ઉડી, ને **સોમપ્રભાની** આજ્ઞા પ્રમાણે પુષ્પની માળા લઇને આવી. એક પુતળી વળી તેમ જ તેમની ઇચ્છા પ્રમાણે પાણી લઈ આવી. કોઈ નૃત્ય કરવા લાગી તો કોઇ ભાષણ કરવા લાગી.§ આવી રીતે કેટલાક વખત સુધી કલિંગસેનાને રાજી કરી તે યંત્રના કરંડીઆને સારી રીતે સંકેલીને

* ત્રણયામની રાત્રી. † સો પ્રહર જેવડી રાત્રિ. ‡ અંગ્રેજીમાં શિવ છે.

§ ગુજરાત જન વાર્તામાં સારંગધર સુતારની વાર્તામાં પણ આવી જ રીતે સારંગધરે એક ખાટલીની પુતલીઓ બનાવી હતી. તે પુતલીઓ તો વળી માંહો માંહે વાતચિત પણ કરતી જણાવી છે.

મૂક્યો અને પછી ઉત્કન્ઠાવાળી કુલિંગસેનાની રજા માગી, પતિને આધીન સોમપ્રભા આકાશ માર્ગે થઈ પોતાને ઘેર ગઈ. કુલિંગસેના પણ તેની આશ્ચર્યકારક રમત જોઈ ક્ષુધા રહિત થઈ ગઈ અને અત્યંત પ્રસન્ન થઈ તે દિવસે સર્વ આહાર વિહાર ત્યાગ કરીને બેઠી. પુત્રીએ આહારનો ત્યાગ કર્યો, તે જોઇ તેની માતાના મનમાં આવ્યું કે, પુત્રી માંદી પડી, તેથી આનંદ નામના વૈદ્યને બોલાવી મગાવ્યો ને પુત્રીને બતાવી. વૈદ્ય તેને જોઇને બોલ્યો, 'આને કંઇ રોગ નથી. કોઈ કારણથી આનંદ થયો છે, તેને લીધે તેની ક્ષુધા શાંત થઈ ગઈ છે. પણ રોગથી ક્ષુધા શાંત પડી નથી. આ બાબતને હાસ્ય કરતું હોય તેમ જણાતું તેનું પ્રસન્ન નેત્રવાળું મુખજ, દર્શાવી આપે છે.' આમ વૈદ્યે કહ્યું એટલે તેની માતાએ પુત્રીને આનંદ થવાનું કારણ પૂછ્યું, ત્યારે રાજકન્યાએ આનંદ થવાનું જે કારણ હતું તે કહી બતાવ્યું; એટલે તેની માતા પુત્રીને પ્રશંસાપાત્ર સખી સાથે સંબંધ થવાથી આનંદ થયો છે, એમ જાણી પુત્રીને માન આપી યથોચિત આહાર કરાવ્યો.

બીજો દિવસ થયો, એટલે વળી સોમપ્રભા આવી અને તેણે ક્રમવાર સઘળી વાર્ત્તા કરવાના હેતુથી એકાંતમાં કુલિંગસેનાને કહ્યું કે 'મારા વરને આ કથાની ખબર હતી, કારણ કે તે જ્ઞાની છે. માટે મેં તારી સાથે કરેલી મિત્રતા મારા વરને જણાવી, હમેશાં તારી પાસે આવવા માટે તેમની પાસેથી રજા માગી લીધી છે. માટે તું પણ હવે તારા પિતા પાસેથી આજ્ઞા લઇ લે, એટલે નિઃશંકતાથી ઇચ્છા પ્રમાણે મારી સાથે વિહાર કરી શકીશ.' સોમપ્રભા આમ બોલતી હતી, એવામાં કુલિંગસેના તેનો હાથ પકડી પોતાનાં માતા અને પિતા પાસે લઈ ગઈ અને ત્યાં પ્રથમ તેનું નામ તથા કુળ કહી પિતા કલિંગદત્ત રાજા સાથે મિલાપ કરાવ્યો. પછી તેનો રાજમાતા તારાદત્તા સાથે પણ મિલાપ કરાવ્યો. રાજા અને રાણી પુત્રીના કહેવા મુજબ તે સોમપ્રભાને જોઈ તેને માન આપી તેનાં રૂપને જોઈ અત્યંત રાજી થયાં; અને પુત્રી ઉપરના તેના સ્નેહને લીધે, મયાસુરની પુત્રીનો સત્કાર કરીને તે બોલ્યાં, 'વત્સે ! આ કુલિંગસેનાને તારા હાથમાં સોંપેલી છે. માટે હવે તમે બન્ને ઇચ્છાનુસાર વિહાર કરો.' પછી કુલિંગસેના અને સોમપ્રભા તેનાં વચનનો સ્વીકાર કરી ત્યાંથી બન્ને જણાં સાથે બહાર નિકળ્યાં; અને રાજાએ બનાવેલા વિહાર સ્થળમાં રમવા માટે ગયાં. પછી સોમપ્રભાએ બુદ્ધ દેવની પૂજા કરવા માટે માયાનો કરંડીઓ મંગાવી, પુષ્પ આદિ લેવા માટે તે વખતે પ્રયોગવડે યંત્રમય યક્ષને લઇને મોકલ્યો. તુરત જ તે યક્ષ આકાશ માર્ગે ઘણા દૂર માર્ગ ઉપર જઇ, મોતી, ઊંચી જાતનાં રત્નો, સુવર્ણ અને કમળો લઈ પાછો ફર્યો. પછી સોમપ્રભાએ સર્વ મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવનારી તે વસ્તુઓથી બુદ્ધ દેવની મૂર્તિઓની પૂજા કરી તેને શણગારી. તે હકીકત રાજા કુલિંગદત્તના જાણવામાં આવી, એટલે તે રાણી સહિત ત્યાં આવ્યો અને જોયું તો પછી તે અત્યંત વિસ્મય પામ્યો અને યંત્ર સંબંધી સર્વ બીના પૂછવા લાગ્યો એટલે સોમપ્રભા બોલી, 'રાજાજી! આ માયાયંત્રની કારીગીરીનું કામ પૂર્વે મારા પિતાએ મને શીખવ્યું છે. જેમ આ સંસારયંત્ર પંચ મહાભૂતમય છે, તેમ સઘળાં યંત્રો છે—તેને જૂદાં જુદાં કહું છું તે સાંભળો:—પૃથ્વીમય જે યંત્ર છે તે બારણાં વિગેરેને બંધ કરે છે. બીજો મનુષ્ય તે યંત્રથી બારણાં બંધ કરી શકે છે પણ ઉઘાડી શકતો નથી. જળના યંત્રમાંથી ઉત્પન્ન થયેલો



આકાર સજીવન જેવો જણાય છે. તેજોમય યંત્ર સદા જ્વાળા કાઢ્યા કરે છે. વાયુયંત્ર જવા આવવાની ક્રિયા કરે છે. આકાશ સંબંધીયંત્ર પરસ્પર થયેલા ભાષણને સ્પષ્ટ કરે છે. આટલાં યંત્રો મને પિતાની પાસેથી મળેલાં છે, પરંતુ અમૃતની રક્ષા કરનારું જે ચક્રાકારયંત્ર છે તે તો મારા પિતા જ જાણે છે, બીજો જાણતો નથી.' આમ સોમપ્રભા કહે છે, એવામાં તેનાં વચનને કબૂલ રાખતાં હોય એમ મધ્યાન્હ સમયના શંખોનો શબ્દ થવા લાગ્યો, એટલે સોમપ્રભાએ પોતાને લાયક આહાર લેવા માટે રાજાની પાસેથી રજા લીધી; અને પોતાની સખીને પણ રાજાની આજ્ઞાથી સાથે લઈ લીધી; અને તે યંત્રના બનાવેલા વિમાનમાં પાછળ આવતી કુલિંગસેનાને બેસારી પોતાની મોટી બહેનની પાસે જવા માટે આકાશ માર્ગે પિતાના ઘર તરફ ચાલી અને ક્ષણવારમાં વિંધ્યાચળ ઉપર આવેલા પિતાના ઘેર આવી પહોંચી. ત્યાં પોતાની મોટી બહેન સ્વયંપ્રભા પાસે કુલિંગસેનાને લઈ ગઈ. કુલિંગસેનાએ સ્વયંપ્રભાને જોઈ પ્રણામ કર્યા. તેના મસ્તક ઉપર જટાજુટની માળા હતી; વળી હાથમાં લાંબા રુદ્રાક્ષના મણકાની માળા રાખેલી હતી; તે બ્રહ્મચર્યવ્રત સેવતી હતી, તેને લીધે શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં; તે કામનો નાશ કરનારી અતિ ભયંકર તપ ક્રિયા કરતી હતી અને હાસ્ય કરતી હતી, તેથી શ્વેતવસ્ત્ર ધારણ કરનારાં, કામનો નાશ કરનાર અતિ ભયંકર તપ કરનારાં અને હાસ્ય કરતાં પાર્વતી હોય ની શું તેની માફક શોભતી હતી. પછી તે સ્વયંપ્રભાએ પણ સોમપ્રભાએ બતાવેલી અને પ્રણામ કરતી રાજપુત્રીનો અતિથિ સત્કાર કરી ફળાદિ ભોજનમાં ભાગ આપ્યો. પછી સોમપ્રભાએ રાજકન્યાને કહ્યું: 'ઝાકળ જેમ કમળની સુંદરતાનો નાશ કરે છે, તેમ વૃદ્ધાવસ્થા રૂપનો નાશ કરે છે. તે વૃદ્ધાવસ્થા આ ફળ ખાવાથી તને આવશે નહીં—તું સદાકાળ તરુણ જ રહીશ; અને એટલા જ માટે પ્રેમને લીધે મેં તને અહિં આણેલી છે.' પછી કુલિંગસેના તે ફળો ખાવા લાગી અને સર્વ અંગ અમૃત રસના વરસાદમાં ભીનાં થયાં હોય તેવું બની ગયું. પછી આશ્ચર્ય સહિત આમ તેમ ભમતાં ભમતાં રાજકન્યાએ નગરનું ઉપવન દીઠું. ત્યાં વાવની અંદર સુવર્ણ રંગનાં કમળો ઉગેલાં હતાં; અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળવાળાં ઝાડો હતાં; સોના જેવા ચિત્રવિચિત્ર પક્ષીઓથી તે ભરપૂર હતું; ઉત્તમ મણિના સ્તંભથી છટાદાર દેખાતું હતું; જ્યાં ભીત ન હતી ત્યાં ભીતનું ભાન કરાવતું હતું; ભીત હતી ત્યાં ભીત નથી એમ ભાન કરાવતું હતું, જળમાં સ્થળની બુદ્ધિ કરાવતું હતું, સ્થળમાં જળની બુદ્ધિ કરાવતું હતું. તેને લીધે મયદાનવે માયાવડે બીજો લોક બનાવ્યો હોય, તેમ જણાતું હતું. એ ઉદ્યાનમાં પૂર્વે સીતાની ખોળ કરવા માટે વાંદરાઓ અંદર આવ્યા હતા અને તે સ્વયંપ્રભાની પ્રસાદી મેળવી, ઘણીવાર પછી તેમાંથી બહાર નિકળ્યા હતા. આવા ઉપવન અને શહેરને જોઈ કુલિંસેનાનું મન અત્યંત વિસ્મય પામ્યું. પછી સોમપ્રભા, સ્વયંપ્રભાની આજ્ઞા લઈ, અદ્ભુત નગર બતાવી અત્યેત આશ્ચર્ય પામેલી, જરાવસ્થા રહિત બનેલી, તે કુલિંગસેનાને ફરી યંત્રના વિમાનમાં બેસારી આકાશ માર્ગે ઉડી તક્ષશિલા નગરીમાં તેને પોતાને ઘેર લઈ આવી. કુલિંગસેનાએ ત્યાં માતા અને પિતા પાસે સર્વ વત્તાંત ઇત્થંભૂત કહી બતાવ્યું; અને તે વાર્ત્તા સાંભળી તે તથા તેનાં માતપિતા અત્યંત સંતોષ પામ્યાં.

બન્ને સખીઓ આવી રીતે સુખમાં દિવસો ગુજારતી હતી, એવામાં એક વખતે સોમપ્રભાએ કલિંસેગનાને એમ કહ્યું કે, 'જ્યાં સૂધી તું પરણી નથી ત્યાં સૂધી મારે તારી સાથે મિત્રતા છે. પરણ્યા પછી હું તારા ધણીના ઘરમાં કેમ આવી શકું ? કારણ કે સખીના ભર્ત્તાનું દર્શન પણ કરવું જોઇએ નહીં, અને તેને કોઈ રીતે અંગીકાર પણ કરવો જોઇએ નહીં. નહારની માદા જેમ બકરીનું માંસ ખાય છે, તેમ સાસુ વહુનું માંસ ખાય છે. વળી સાંભળ, તને કીર્તિસેનાની આ કથા કહું છું તે.

## કીર્તિસેનાની કથા.

પૂર્વે પટણામાં ધનપાલિત એવા નામનો એક મોટો ધનાઢ્ય વાણીઓ રહેતો હતો. તેનામાં નામ પ્રમાણે જ ગુણ હતો, એટલે તે ધનનું રક્ષણ કર્યા કરતો હતો. તેને કીર્તિસેના નામની કન્યા અવતરી. આનું રૂપ અનુપમ હતું અને તે શેઠને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હતી. ધનપાલિત શેઠે તે કન્યાને મગધ દેશમાં એક દેવસેન નામનો મોટો પૈસાદાર વાણીઓ રહેતો હતો અને તે પોતાની બરાબરીનો હતો, તેની જોડે પરણાવી હતી. દેવસેન પોતે સદાચરણી હતો. તેનો પિતા ગુજરી જવાથી ઘરમાં તેની માતા ધણીરણી હતી. આ સ્ત્રી ( સ્વભાવે ) ઘણી જ નઠારી હતી. તેને લીધે, દેવસેન પોતાની સ્ત્રીને માન આપતો તે જોઈ ક્રોધથી બળી જળી હતી અને પુત્ર ન હોય ત્યારે પછવાડે કીર્તિસેનાને દુઃખ દેતી હતી. પણ તે કીર્તિસેના પતિ પાસે દુઃખ કહી શકતી નહીં. કારણ કે કુટિલ સાસુઓને આધીન કુલીન કામિનીઓ ઘણી દુઃખદાયક સ્થિતિ ભોગવે છે. પછી એક વખતે કીર્તિસેનાનો ધણી દેવસેન બંધુજનના કહેવાથી વેપાર કરવા માટે વલ્લભીપુર જવા માટે તૈયાર થયો, એટલે કીર્તિસેના પોતાના પ્રાણપતિને એમ કહેવા લાગી કે, 'આર્યપુત્ર ! મેં આટલા વખત સૂધી આપને જણાવ્યું ન હતું, પણ હવે નિવેદન કર્યા વિના છૂટકો નથી, માટે કહું છું કે આપ અહીં છો તો પણ આપની માતા મને દુઃખ દે છે, ત્યારે આપના પરદેશ ગયા પછી તો કોણ જાણે મારું શું કરશે, તે મને ખબર પડતી નથી.' તે સાંભળી પેલો દેવસેન નામનો વાણીઓ સ્ત્રી ઉપરના પ્રેમને લીધે ગભરાયો ને ભયભીત બની ગયો અને તે વખતે હળવે હળવે માની પાસે જઇ પ્રણામ કરી બોલ્યો, 'માજી ! હું પરદેશમાં જાઉં છું, માટે હમણાં આ કીર્તિસેનાને તમારા હાથમાં સોંપું છું ! તે કુલીન ઘરની છોકરી છે તો તેના ઉપર નિઃસ્નેહતા બતાવતાં નહી, પણ પ્રેમ બતાવજો.' તેની મા પુત્રનું આવું બોલવું સાંભળી તે જ વખતે કીર્તિસેનાને બોલાવી ( ક્રોધથી કુટિલ આંખો ચઢાવીને ધમકીને સાથે ) કહેવા લાગી; 'દીકરા ! તું તારી વહુને પૂછીજો કે મેં શું કર્યું ? તે ઘરમાં કજીઓ કરાવવા માટે એવી એવી રીતે તને ઉશ્કેર્યા કરે છે, પરંતુ મારે તો તમે બંને જણાં સમાન છો.' આવાં માતાનાં વચન સાંભળી પેલા વાણીઆનું મન શાંત પડી ગયું, કારણ કે માતાના પ્રેમાળ દેખાતાં વાક્યોથી કોણ ઠગાતો નથી! પછી કીર્તિસેના ઉદ્વેગને લીધે મંદ હાસ્ય કરી છાનીમાની બેસી રહી. બીજે દિવસે તે દેવસેન વલ્લભીનગર ગયો, એટલે પાછળ કીર્તિસેના પતિના વિરહક્લેશનો અનુભવ કરવા લાગી અને તેની સાસુએ પણ ક્રમે ક્રમે તેની પાસેથી દાસ દાસીઓને દૂર કરી દીધાં. પછી ઘરમાં



કામ કરનારી દાસી સાથે એક સંપ કરી કોઈ જાણે નહી એમ કીર્તિસેનાને ઘરની અંદર બોલાવી નાગી કરી કહ્યું, 'પાપણિ ! તેં મારા પુત્રને મારી પાસથી ચોરી લીધો છે.' એમ કહી તેનો ચોટલો પકડી દાસી અને પોતે ધક્કા મુકી પાટુના માર મારવા લાગ્યાં અને દાંત તથા નખથી તેને વીંખી નાંખી. પછી ઘરમાં એક ભૂમિગૃહ–ભોંયરું હતું, તેમાં પ્રથમ મેળવેલું સર્વ ધન ભર્યું હતું. તેને બહાર કાઢી તેમાં તેને ઉતારી ઉપર ઢાંકણું દઇ મજબૂત ભોગલ ભીડી દીધી, અને હમેશાં તે પાપિણી સાસુ આવી દુઃખની અવસ્થામાં આવેલી તે કીર્તિસેનાને સાયંકાળે ખાવા વાસ્તે ચોખાનું એક કોડીયું ભોંયરામાં આપવા લાગી. તે કુટીલ સાસુ વિચાર કરવા લાગી કે, આનો પતિ પરદેશમાં છે ત્યાં સુધીમાં તો આ સ્ત્રી પોતાની મેળે જ ભોંયરામાં મરણ પામશે તો આપણે તેને બહાર નાંખી દઇશું અને જ્યારે તે આવશે ત્યારે એમ કહીશું કે, 'તે તો ઘણા દિવસ થયાં નાશી ગઈ છે,' કપટી સાસુએ ભોંયરામાં કેદ કરેલી પેલી સુખ ભોગવવા યોગ્ય સુકુમાર કુલીન કામિની કીર્તિસેના રુદન કરવા લાગી અને અફસોસ કરવા લાગી કે, 'પતિ ધનાઢ્ય છે, મારો જન્મ ઉત્તમ કુળમાં થયો છે, હું સૌભાગ્યવતી છું અને સદાચરણી છું; છતાં પણ અરેરે મારી સાસુની મહેરબાનીથી મને આટલી વિપત્તિ પડે છે. આટલા માટે જ કન્યાનાં સગાંસંબંધીજન કન્યાના જન્મને ધિક્કારે છે, કારણ કે કન્યા સાસુના અને નણંદના દુઃખથી અને વૈધવ્યાદિ દુઃખોથી દુઃખી થાય છે.' આમ કીર્તિસેના શોચ કરે છે, એવામાં તેને અકસ્માત્ ત્યાંથી જ એક કોદાળી મળી આવી. આ કોદાળી દૈવે જાણે તેના મનમાંથી સાલ બહાર કાઢી નાંખ્યું હોય તેના જેવી ભાસવા લાગી. કીર્તિસેના તે લોઢાની કોદાળી લઇ સુરંગ ખોદવા મંડી પડી. ખોદતાં ખોદતાં સુરંગનું મોઢું પોતાના ઘરમાં નિકળ્યું. આમાં પ્રથમથી સળગાવેલો અક્ષય દીવો બળતો હતો. તેથી પૂર્વ જન્મમાં કરેલા, નાશરહિત, પોતાના ધર્મને લીધે જેમ જ્ઞાન થાય તેમ પ્રકાશ પડવા લાગ્યો, એટલે તે ઘરને તપાસી વળી. પછી તે ઘરમાંથી પોતા માટે વસ્ત્રો તથા પોતાનું જરજવેરાત લઈ, સવારમાં તેમાંથી ગુપ્ત રીતે બહાર નિકળી ગઈ. તે શહેર બહાર નિકળી વિચાર કરવા લાગી કે, મારે આ અવસ્થામાં પિતાને ઘેર જવું એ ઘટિત નથી; કારણ કે ત્યાંના લોકોને મારે શું કહેવું? અને મારો વિશ્વાસ તેઓ કરશે ? માટે હવે મારી પોતાની યુક્તિથી પતિની પાસે જવું, કારણ કે 'આલોકમાં અને પરલોકમાં એક પતિ—કુલીન કામિનીને પતિ—એ જ ગતિ છે.' આમ વિચાર કરી કીર્તિસેના ત્યાં એક તળાવ હતું તેના જળમાં સ્નાન કરી રાજપુત્રનો ઉમદા પોશાક પહેરી બજારમાં ગઈ અને થોડી કીંમતમાં સોનું વેચી તે દિવસે કોઈ એક વાણીઆને ઘેર ઉતારો કર્યો.

એ વાણીઆને ઘેર સમુદ્રસેન નામનો એક વાણીઓ આવ્યો હતો, જે તે દિવસે વલ્લભીપુર જવાનો હતો. તેની સાથે કીર્તિસેના પણ પ્રથમ ગયેલા પોતાના પતિને મળવા માટે જવાનો ઠરાવ કર્યો અને ઉત્તમ રાજપુત્રનો પોશાક પહેરી ચાકર સહિત સમુદ્રસેન નામના વાણીઆની સાથે વલ્લભીપુર પ્રત્યે ચાલી અને તે વાણીઆને કહ્યું કે, 'મારા ગોત્રજોએ મને દુઃખ દીધેલું છે, માટે મારા માણસ પાસે જવા સારુ તમારી સાથે વલ્લભીપુર આવું છું.' તે સાંભળી પેલો સમુદ્રસેન આ કોઈ પણ અવશ્ય રાજપુત્ર હશે, આમ ધારી ગૌરવને લીધે રસ્તામાં તેની સેવા ચાકરી કરવા

લાગ્યો. પછી તે વાણીઆનો સંઘ, ઘણું દાણ આપવાના ભયથી, મનુષ્યોનો આવવા જવાનો માર્ગ ત્યાગ કરી જંગલના માર્ગ તરફ ચાલવા માંડયો. એક દિવસે તે અરણ્યનો છેડો આવ્યો, અને સાયંકાળ થઈ, એટલે સંઘે પોતાનો ઉતારો કર્યો. એવામાં શિયાળે યમના દૂતની માફક ભયકર શબ્દ કર્યો. તેના તે શબ્દથી શકુનશાસ્ત્ર જાણનારા વાણીઆઓ શંકા કરવા લાગ્યા કે, આજ રાત્રે નિઃશંક ચોરો આવશે. ત્યાર પછી શત્રુથી રક્ષા કરનારા સીપાઇઓ હાથમાં હથીઆરો લઇને ચોતરફ ચોકી કરવા લાગ્યા, ત્યારે શત્રુઓની આગળ ચાલતી સેના સમાન જણાતું અંધારું ચોમેર દોડવા લાગ્યું. એ જોઈ પુરુષના વેશમાં રહેલી કીર્તિસેના વિચાર કરવા લાગી કે, 'દુષ્ટ કર્મ કરનારા પાપીઓનાં કર્મ સારી રીતે વિસ્તાર પામી આગળ વધે છે; કારણ કે સાસુએ આપેલું દુઃખ મને અહીં પણ નડ્યું. પ્રથમ તો મારી સાસુના કાળ જેવા કોપે મારું ભક્ષણ કર્યું હતું; ત્યાર પછી બીજાં ગર્ભવાસ જેવાં ભયંકર દુઃખ આપનારાં ભોંયરામાં વસવું પડ્યું; નસીબ યોગે ફરી જન્મની પેઠે તે ભોંયરામાંથી બચીને બહાર નિકળી અને અહીં આવી; તો ફરી મરણના સંકટમાં આવી ફસાઈ ગઈ. જો ચોર મને આ અરણ્યમાં મારી નાંખશે તો મારી વેરણ સાસુ મારા વરને કહેશે કે, તે તો બીજા પુરુષ ઉપર આશક હતી, તેથી ક્યાંઈ નાશી ગઇ છે. ભોગ ચોઘડીએ કોઇ મારાં અંદરનાં કપડાં ઉતારશે અને મને સ્ત્રી જાણશે તો તે મારાં શિયળનો ભંગ કરશે, તો તે કરતાં મારું મૃત્યુ શ્રેયસ્કર છે, પણ શિયળ ભંગ શ્રેયસ્કર નથી. માટે આ વાણીઆની દરકાર ન કરતાં મારે મારો પોતાનો બચાવ કરવાની જરૂર છે. કેમકે ઉત્તમ સ્ત્રીએ (પ્રથમ) સતી ધર્મની સંભાળ લેવી, અને પછી સગા સંબંધીની સંભાળ લેવી.' આમ નિશ્ચય કરી, તે સંતાવાની જગ્યા શોધવા લાગી. એવામાં પૃથ્વી માતાએ જાણે કરુણા કરી તેને માર્ગ આપ્યો હોય તેવો ઘરના આકારનો એક ખાડો તેણે દીઠો. આ ખાડો ઝાડની મધ્ય ભાગમાં આવેલો હતો. કીર્તિસેના તે ખાડામાં ઉતરી શરીરને ઢાંકી પતિને મળવાની આશાથી વિચાર કરતી બેઠી. જ્યાં અર્ધ રાત્રિ વીતી, એટલે ઘણી મોટી ચોરની સેના આયુધો ઉગામતી એકદમ તૂટી પડી તે સંઘને ઘેરી લીધો. ચોર રૂપી શ્યામ મેઘો શબ્દ કરવા લાગ્યા ને હથીઆરની ચકચકાટ કાંતિરૂપ વિજળીઓ પ્રકાશવા માંડી, અને લોહીનો વર્ષાદ વર્ષવા લાગ્યો. આવી રીતે રાત્રિમાં યુદ્ધ રૂપ દુર્દિન મચ્યો; તેમાં બળવાન્ ચોર લોકો સમુદ્રસેન શેઠનો અને તેના માણસોનો નાશ કરી તેનું ધન લુંટીને ચાલતા થયા. આ વખતે કીર્તિસેનાએ પરસ્પર યુદ્ધ કરનારા લોકોનો શોરબકોર સાંભળ્યો, છતાં પણ તેનાપર બલાત્કાર ન થયો ને તે જીવતી રહી, તેમાં કેવળ તેના નસીબને જ કારણ માનવું જોઇયે.

પછી રાત્રિ વીતી ગઈ અને સૂર્યનો સારી પેઠે ઉદય થયો, એટલે તે કીર્તિસેના ખાડામાંથી બહાર નિકળી, ને ઝાડની ડાળીઓની અંદરથી બહાર આવી. કારણ કે જે સ્ત્રીઓ પોતાના પતિની જ એક ભક્ત હોય છે તેનું તેજ ક્યાંઇ પણ ઝાંખું પડતું નથી; અને તેવી સદ્ગુણી સ્ત્રીઓની આપત્તિમાંથી પણ દેવતાઓ રક્ષા કરે છે; કેમકે નિર્જન વનમાં એક સિંહે તે સ્ત્રીને દીઠી છતાં પણ તેનો ઘાત કીધો નહી એટલું જ નહી પણ, તેણે તેનો ત્યાગ કરી દીધો. એવામાં કોઈ એક તપસ્વી



ક્યાંઇથી ત્યાં આવી ચઢ્યો; અને તેણે તે સ્ત્રીને સર્વ વૃત્તાંત પૂછી શાંત પાડી, કમંડળમાંથી જળ પાયું; અને તેને માર્ગ બતાવી ક્યાંઇ અલોપ થઇ ગયો. પછી તે પતિવ્રતા સ્ત્રી જળપાન કરી અમૃતથી જેમ તૃપ્ત થાય તેમ તૃપ્ત થઇ, ને ક્ષુધા તથા તૃષારહિત બની ગઈ. પછી મુનિએ બતાવેલા માર્ગ તરફ તે ચાલવા માંડી. એવામાં સૂર્યનારાયણ જાણે એક રાત્રિ અહિંયાજ રહી જા, એવો ઉપદેશ કરતા હોયની શું, તેમ પોતાનાં કિરણોને ફેલાવી અસ્તાચળ ઉપર વિરાજમાન થયો—સાયંકાળ થઈ. તે જોઈ મોટા ઝાડનાં મૂળમાં એક ઘર જેવું કોતર હતું, તેમાં તે પેસી ગઈ અને તેનું બાર બીજા લાકડાવતી ઢાંકી દીધું. પ્રદોષ વખત થયો, એટલે પેલી સ્ત્રીએ બારના કાણામાંથી જોયું તો એક રાક્ષસી અને તેનાં છોકરાં ત્યાં આવેલાં જોવામાં આવ્યાં. તેને જોતાં જ તે ઘણી ડરવા લાગી કે, હું બીજી આફતમાંથી છૂટી છું તો આજ આ મને ખાઈ જશે. એવામાં તે રાક્ષસી ઝાડ ઉપર ચઢી અને તેની પાછળ તેનાં છોકરાં પણ ચઢ્યાં અને તત્ક્ષણ બોલ્યાં કે, 'મા, અમને કંઈ ખાવાનું આપ.' એટલે પેલી રાક્ષસી તે બાળકોને કહેવા લાગી, 'બેટા, આજ હું મહાસ્મશાનમાં ગઈ હતી, તોપણ મને કંઇ ખોરાક મળ્યો નથી. મેં અહી યુદ્ધની જગા ઉપર ડાકણોના ટોળા પાસે માંગણી કરી તો તેણે પણ મને ખોરાકમાંથી ભાગ આપ્યો નહીં. તે ખેદને લીધે મેં ભૈરવદેવની વિનતિ કરી અને તેની પાસે ખોરાક માગ્યો. ભૈરવદેવે મારું નામ અને કુળ પૂછી મને એમ કહ્યું કે, 'અયિ ભયંકરી ! તું કુલીન છે, ખરદૂષણના વંશમાં જન્મી છે, માટે અહીંથી થોડે છેટે વસુદત્ત નામનું નગર છે ત્યાં જા; ત્યાં વસુદત્ત નામનો એક રાજા રાજ્ય કરે છે. તે મોટો ધર્માભિમાની છે. તે આ સઘળા જંગલના સીમાડા ઉપર રહી તેનું રક્ષણ કરે છે, અને લોકો પાસેથી કર લઇ ચોરોને શિક્ષા કરે છે. તે રાજા મૃગયા કરવા માટે એક સમે અરણ્યમાં ગયો હતો, ત્યાં મૃગયા કરી શ્રમિત થવાથી સુઈ ગયો, એવામાં તેના કાનમાં અજાણતાં જ નાનો કાનખજૂરો પેસી ગયો ને કેટલાએક દિવસ પછી માથામાં ઘણો ફેલાવો પામ્યો. આ ભયંકર રોગને લીધે હમણાં તે રાજા આંતરડા માત્રથી બાકી રહેલો છે. વૈદ્યો પણ તેના રોગની પરીક્ષા કરી શકતા નથી અને બીજો કોઈપણ જો તેના રોગને ઓળખી શકશે નહી તો એ રાજા થોડા દિવસમાં મરણ પામશે, માટે તે રાજા મરણ પામે એટલે તું તારી માયાથી તેના માંસનું ભક્ષણ કરજે. કારણ કે તેનું માંસ ખાવાથી તને છ માસ પર્યંત તપ્તિ રહેશે !!' આવી રીતે ભૈરવનાથે પણ મને નિઃસંદેહ સમયનો વિભાગ પાડી આપ્યો છે, તો હવે બેટા શું કરું?' તેનું બોલવું સાંભળી, તેનાં છોકરાંઓ રાક્ષસીને કહેવા લાગ્યાં, 'મા, તેના રોગની પરીક્ષા કરનારો મનુષ્ય તેના રોગને દૂર કરે તો તે રાજા શું જીવતો રહે? તે રાજાનો તે રોગ દૂર કેમ કરી શકાય? તે અમને કહે.' એટલે આમ પ્રશ્ન કરતાં બાળકોને તેની માતા કહેવા લાગી, 'બાપુઓ, આ રોગની પરીક્ષા કર્યા પછી જો અંદરથી કાનખજુરાઓને કાઢી નંખાય તો તે રાજા જીવતો રહેશે—મરશે નહીં. તેનો મહા રોગ કેવી રીતે નાશ પામે તેનો ઉપાય સાંભળો:—પ્રથમ ઉનું ઘી તેના મસ્તક ઉપર લગાડવું. પછી મધ્યાહ્નકાળના ગરમ તડકામાં તેને બેસારવો; પછી વાંસની નળીનું કાણું તેના કાનના છિદ્રમાં ખોસી તે નળી શીતળ જળના ઘડાની પીઠ ઉપર રહેલા કોડીઆના કાણામાં લગાડવી, એટલે પેલા કાનખજુરાઓ

પ્રસેવાથી અને તડકાની ગરમીથી ગભરાટ પામી, ચંડકની ઇચ્છાથી તેના મસ્તકની બહાર નિકળી તે જ કાનના છિદ્ર વાટે પેલી વાંસની નળીમાં ઉતરીને ઘડામાં પડશે. આમ ઘડામાં પડ્યા પછી તે રાજા તે મહારોગમાંથી મુક્ત થશે.' ઝાડ ઉપર ચઢેલાં બાળકોને આટલું કહી તે રાક્ષસી બંધ પડી. આ સર્વ વાત કોતરમાં રહેલી કીર્તિસેનાએ સાંભળી. ત્યાર પછી તે વિચાર કરવા લાગી કે 'હું જો આ દુઃખમાંથી છૂટીશ તો ત્યાં જઇ આ યુક્તિથી તે રાજાને જીવતો રાખીશ. તે રાજા આ જંગલના સીમાડા ઉપર અને બહારના ભાગમાં રહી સાધારણ કર લે છે અને આ જંગલનું પાલન કરે છે, તેના પ્રતાપથી સઘળા વાણીઆઓ આ માર્ગથી સુખરૂપ જાય છે. સ્વર્ગવાસી સમુદ્રસેન વાણીઓ પણ એમ જ કહેતો હતો. ધારું છું કે મારો વર પણ આ જ માર્ગેથી આવશે, માટે અરણ્યના સીમાડા ઉપર આવેલા વસુદત્ત નામના નગરમાં જઈ ત્યાંના રાજાને રોગમાંથી મુક્ત કરી તે શહેરમાં જ રહી મારા ધણીની આવવાની રાહ જોઉં.' આવા વિચાર કરતી તે સ્ત્રીએ મહા કષ્ટમાં તે રાત્રિ ગાળી. સવાર થઈ અને રાક્ષસી તથા તેનાં છોકરાં નાશી ગયાં, એટલે તે સ્ત્રી કોતરમાંથી બહાર નિકળી, પુરુષનો વેશ ધારણ કરી વગડામાં ચાલવા માંડી. જ્યાં અપરાહ્નનો સમય થયો એટલે એક ભલો ગોવાળ તેની નજરે પડયો. તે ગોવાળનું મન, તથા તે સ્રીની લાવણ્યતા જોઇ તેને દૂરના જંગલમાં એકલી આવેલી જોઇ, દયાથી પિગળી ગયું. પછી તે સ્ત્રી, ગોવાળ પાસે જઇને પૂછવા લાગી, 'આ પ્રદેશનું શું નામ છે તે મને કહો.' પેલો ગોવાળ બોલ્યો, 'આ આગળ આવેલું નગર વસુદત્ત નામનું છે. તે શહરનો મહાત્મા રાજા વ્યાધિને લીધે મરવાને તૈયાર થયો છે.' તે સાંભળી કીર્તિસેના તે ગોવાળને કહેવા લાગી: 'જો મને કોઈ તે રાજા પાસે લઇ જાય તો હું તેના તે રોગનું નિવારણ જાણું છું.' તે સાંભળી પેલો ગોવાળ બોલ્યો: 'આજે જ હું તે ગામ જાઉં છું, માટે તું મારી સાથે ચાલ, હું તારે માટે પ્રયત્ન કરીશ.' એટલે કીર્તિસેના બોલી "ઠીક છે." પછી તે ગોવાળ, પુરુષના વેશમાં રહેલી કીર્તિસેનાને વસુદત્તપુરમાં લઈ ગયો અને તે જ વખતે ઉદાસી થયેલા પ્રતિહારીને તેની હકીકત જણાવી, મનોહર લક્ષણવાળી તે સ્ત્રી તેને બતાવી. તે પ્રતિહારીએ તે સ્રીની આજ્ઞાથી રાજાને વિનતિ કરી, એટલે રાજાના હુકમથી તરત જ પવિત્ર પ્રમદાને તેની પાસે લઈ જવામાં આવી. રાજા વસુદત્તને પણ અદ્‌ભુત રૂપશાળી પુરુષના વેશમાં રહેલી તે સ્રીને જોઈ મનમાં વિશ્વાસ આવ્યો કે તે મારો રોગ નાશ કરશે; કારણ કે, મન જ સારું અને નરતું પારખે છે. પછી પુરુષના વેશમાં રહેલી કીર્તિસેનાને રાજાએ કહ્યું: 'અરે સુલક્ષણ ! જો તું આ રોગનું નિવારણ કરીશ તો હું તને મારું અર્દ્ધ રાજ્ય આપીશ. મને યાદ છે કે, સ્વપ્નામાં કોઇ સ્ત્રીએ મારી પીઠ ઉપરથી કાળો ધાબળો ખેંચી લીધો હતો, તે ઉપરથી હું જાણું છું કે, આપ મારા રોગને અવસ્ય દૂર કરશો.' તે સાંભળી કીર્તિસેનાએ રાજાને કહ્યું: 'રાજાજી, આજનો દિવસ તો ગયો, પણ કાલે હું તમારા રોગને દૂર કરીશ. ઉતાવળ કરો મા. ધીરજ રાખો.' આમ કહી તેણે તે દિવસે તો રાજાના મસ્તક ઉપર ગાયનું ઘી ચોપડાવ્યું, તેનાથી રાજાને નિદ્રા આવી ગઈ, અને પ્રથમની કારી વેદના દૂર થઈ ગઈ, રાજાની વેદના દૂર થયા પછી ત્યાં સઘળાં મનુષ્યો કીર્તિ પણ એવી રીતે વખાણ કરવા લાગ્યાં કે, આપણા પુણ્યવડે આ કોઇપણ દેવ, વૈદ્યના રૂપે આવેપસ્વી



મહારાણી પણ જૂદા જૂદા પદાર્થો વડે તેની બરદાસ્ત કરવા લાગી અને રાત્રે શયન માટે જૂદું ઘર આપ્યું અને દાસ દાસીઓ સેવા માટે સોંપ્યાં. પછી બીજે દિવસે મધ્યાહ્ન–બપોરનો સમય થયો, એટલે તે કીર્તિસેનાએ સર્વ મંત્રીઓ અને અંતઃપુરવાસના દેખતાં પૂર્વે રાક્ષસીએ કહેલી અદ્દ્ભુત યુક્તિ વડે તે રાજાના કાનમાંથી ૧૫૦ કાનખજુરા કાઢ્યા અને તે સઘળાને ઘડામાં ભરી દીધા. પછી તે રાજા ઉપર ઘી અને દૂધની ધારા કરી સારી પેઠે તેને શાંત કર્યો. પછી ધીમે ધીમે તે રાજા શુદ્ધિમાં આવ્યો ને રોગમાંથી મુક્ત થયો. ઘડામાં રહેલા કાનખજુરાને જોઇ સઘળા વિસ્મય પામ્યા, કારણ કે તે બાબતમાં કોણ આશ્ચર્ય પામે નહીં ? તે રાજા પણ બહાર નિકળેલા કાનખજુરાને જોઇ ત્રાસ પામ્યો અને મહા વિચારમાં પડયો. તે અત્યંત હર્ષ પામ્યો અને પોતાનો પુનર્જન્મ માનવા લાગ્યો. પછી સ્નાન કરી મહોત્સવ કર્યો અને કીર્તિસેનાને અર્ધ રાજ્ય આપવા માંડ્યું, પણ તેણે તે લેવાની ઇચ્છા જણાવી નહીં; ત્યારે તેને ગામ, હાથી, ઘોડા અને સુવર્ણ વિગેરે આપી તેનો સત્કાર કર્યો. આ વૈદ્યે અમારા રાજાને જીવતદાન આપ્યું છે, માટે અમારે તે સત્કાર કરવા લાયક છે, એમ માની રાણીએ અને મંત્રીઓએ પણ સુવર્ણ અને વસ્ત્રોથી વૈદ્યને ઢાંકી દીધો.

પછી પતિને મળવાની ઇચ્છાવાળી પેલી કીર્તિસેનાએ રાજાને કહ્યું, 'હું હમણાં આ શહેરમાં કેટલોએક વખત રહેવાની છું,' માટે આ દ્રવ્ય તમે રાખો, આમ કહી તે સર્વ વસ્તુ રાજાના હાથમાં સોંપી અને સઘળાનાં માન પાત્ર બની કેટલાએક દિવસ પુરુષના વેશમાં રહી. એવામાં તેણે લોકો પાસેથી સાંભળ્યું કે, વલ્લભીપુરથી આ માર્ગે પોતાનો પતિ દેવસેન પુષ્કળ દ્રવ્ય કમાઇને આ ગામમાં આવ્યો છે. જાણતાંને વાર તે તેની સામી જઇ, મયૂરી જેમ નવા મેઘને જુવે છે તેમ તે સ્ત્રીએ પ્રાણપતિનાં દર્શન કર્યાં અને ઘણા ઘણા દિવસની ઉત્કંઠા તથા સંતાપથી પિગળેલા હૃદયવડે જેમ આનંદનાં અશ્રુના અર્ધ્ય આપતી હોયની શું, તેમ તેનાં ચરણમાં પડી. તેના પતિએ પણ પુરુષના પોશાકમાં રહેલી પોતાની પ્રાણપ્રિયાને તુરત ઓળખી નહિ–કેમકે સૂર્યનાં કિરણોથી નિસ્તેજ થઇ ગયેલી ચંદની મૂર્તિમાન્ હોય છતાં દિવસે માંડ માંડ દેખાય છે તેમ આ પણ માંડ માંડ ઓળખાઇ. પણ પ્રિયાના મુખચંદ્રને નિહાળી ચંદ્રકાંતરૂપ દેવસેનનું હૃદય પિગળ્યું નહીં એ આશ્ચર્ય ! ! એવી રીતે પ્રણામ કરયા પછી કીર્તિસેનાએ પોતાનું રૂપ પ્રગટ કર્યું; એટલે તેનો પતિ 'આ શું,' એમ વિચાર કરતો ઉભો થઇ રહ્યો; અને બીજા વાણીઆઓ પણ વિસ્મય પામ્યા. આ વૃત્તાંત જાણતાં વેંત જ વસુદત્ત રાજા આશ્ચર્ય પામ્યો અને પોતે જ ત્યાં આવી કીર્તિસેનાને સર્વ વૃત્તાંત પૂછ્યું; એટલે કીર્તિસેનાએ પોતાના પતિની આગળ સાસુના નઠારા આચરણથી ઉત્પન્ન થયેલું પોતાનું સર્વ વૃત્તાંત વર્ણવી બતાવ્યું. તેનો પતિ દેવસેન તે સઘળું વૃત્તાંત સાંભળી મા ઉપર ઘણો ગુસ્સે થયો, અને પોતાની માતાનો ત્યાગ કર્યો, અને તે જ ક્ષણે ક્રોધ, આશ્ચર્ય, ક્ષમા ને હર્ષની વચ્ચે ડોલવા લાગ્યો. પતિભક્તિના રથમાં બેઠેલી, શીલનું બખ્તર પહેરી, ધર્મને સારથિ કરી, પોતાની મતિનું શસ્ત્ર બનાવી આ જગતને સતી પતિવ્રતા સહજમાં જિતે છે. પછી કીર્તિવાનનું આવું અદ્દભૂત ચરિત્ર સાંભળી ત્યાં ઉભેલાં સઘળાં મનુષ્યો અને રાજા આનંદ સહિત કહેવા લાગ્યાં કે 'આ સ્રીએ, પતિ માટે કલેશ સહન કરીને, રામચંદ્ર માટે સખત કલેશ સહન કરનારાં સીતા દેવીનો પણ પરાજય કર્યો છે.'

તે પછી રાજા બોલ્યો, 'આ મારા પ્રાણ ઉગારનારી સ્ત્રી મારી ધર્મની બહેન છે !' રાજાએ આમ કહ્યા પછી કીર્તિસેના બોલી, 'રાજાજી, તમે મને પ્રસન્ન થઈને હાથી, ઘોડા, રત્ન અને ગ્રામ વિગેરે રાજ્યનો ભાગ આપ્યો હતો તે તમારા કબજામાં છે, તે સર્વ મારા પતિને સ્વાધીન કરો.' આમ તે સ્ત્રીએ કહ્યું. એટલે તે રાજાએ તેના ધણી દેવસેનને ગ્રામ વિગેરે આપી પ્રસન્ન થઇને તેનો પટો કરી આપ્યો.

પછી દેવસેન પોતાની માતાનો ત્યાગ કરી કીર્તિસેનાનાં વખાણ કરવા લાગ્યો; અને રાજાએ આપેલા તથા વેપારમાંથી મેળવેલા ધનના ઢગવડે ભંડારો ભરી લઈ તે જ નગરમાં નિવાસ કરીને રહેવા લાગ્યો. અનુપમ ચરિત્રવાળી પ્રખ્યાત થયેલી કીર્તિસેના પણ સાસુના દુઃખમાંથી છૂટી, સુખ પામીને પતિના દેહની સાથે બંધાયલી, પુણ્યના ફળની સમૃદ્ધિ જેવી તે સમગ્ર ભોગ અને ઐશ્વર્યની બાબતમાં પતિની સમીપમાં રહેવા લાગી. આમ સદ્‌ગુણશાળી સ્ત્રીઓ અવળાં થયેલાં નસીબની આજ્ઞાને સહન કરી આપત્તિમાં પણ શિયળવ્રતનો નાશ કરતી નથી અને પોતાના ઘણા સાત્વિક પરાક્રમવડે પોતાનું કલ્યાણ કરે છે. હે રાજકુમારી ! આવી સાસુ અને નણંદ કુલીન વહુઓને ઘણું દુઃખ દે છે. માટે હું જ્યાં સાસુ શઠ ન હોય અને નણંદ નઠોર ન હોય એવું, તારા વરનું ઘર શોધું છું.

રાજકુમારી કલિંગસેના, દૈત્યની પુત્રી સોમપ્રભાના મુખથી ઉપર પ્રમાણે આનંદકારક અદ્‌ભુત કથા સાંભળી રાજી થવા લાગી. ત્યાર પછી વિચિત્ર કથા ફરી થઈ રહી છે એમ જાણીને, જાણે ચાલવા માંડ્યા હોય એમ સૂર્યદેવ ચાલવા લાગ્યા–સાયંકાળ થવા આવી; એટલે સોમપ્રભા ઉત્કંઠાવાળી કલિંગસેનાને કોટી કરી પોતાને ઘેર ચાલી ગઈ.

## તરંગ ૪ થો.

### મદનવેગની કથા.

સોમપ્રભા પોતાના ઘરભણી ચાલી એટલે પાછળથી કલિંગસેના સ્નેહને લીધે માર્ગ ઉપર આવેલા રાજભુવનના ઉપરના માળ ઉપર ચઢીને સોમપ્રભા જે રસ્તે જતી હતી, તે માર્ગ તરફ જોવા લાગી. એવામાં આકાશમાર્ગે મદનવેગ નામનો તરુણ વિદ્યાધરનો રાજા જતો હતો, તેણે દૈવયોગે કલિંગસેનાને દીઠી. વિદ્યાધરનો રાજા, કામની ઇંદ્રજાળની પિંછી જેવી અને સ્વરૂપવડે ત્રણ લોકને મોહ ઉપજાવનારી તે બાળાને જોતાં જ ક્ષોભ પામ્યો, અને વિચારમાં પડ્યો ને બોલ્યો, "આના રૂપગૌરવ આગળ વિદ્યાધરી તે કીસ ગણતીમાં ! અરે આ માનવીને મુકાબલે અપ્સરા હિસાબમાં નથી તો બીજું કોણ ? જો આ નારી મારી સ્ત્રી ન થાય તો મારે જીવીને શું કરવું છે ? કંઇ પણ નહીં. પરંતુ હું વિદ્યાધર થઇ મનુષ્ય જાતિની સ્ત્રી સાથે કેમ સંબંધ કરું, આમ વિચાર કર્યાં પછી તેણે પ્રજ્ઞપ્તિ ( સર્વ બાબત જણાવનારી ) નામની વિદ્યાનું સ્મરણ કર્યું



એટલે તે વિદ્યા, મૂર્તિમતી પ્રગટ થઇને તેને કહેવા લાગી, 'હે સુભગ ! તે સ્ત્રી ખરેખર મનુષ્ય જાતિની નથી, તે તો અપ્સરા છે; તે શાપથી ભ્રષ્ટ થઇ કલિંગસેન રાજાને ઘેર પુત્રી તરીકે અવતરી છે.' પ્રજ્ઞપ્તિ વિદ્યાએ આ પ્રમાણે કહ્યું, એટલે તે વિદ્યાધર પ્રસન્ન થઈ ઘેર ગયો અને કામથી આતુર થયેલો તે સઘળું ત્યાગ કરી વિચાર કરવા લાગ્યો "હું જો આ કન્યાનું બલાત્કારથી હરણ કરું તો તે મને છાજે નહીં; કારણ કે મને શાપ થયો છે કે તું બલાત્કારથી કોઈપણ સ્ત્રીનો ઉપભોગ કરીશ તો મરણ પામીશ. માટે તે સ્ત્રી મેળવવા સારુ મારે તપવડે શંકરનું આરાધન કરવું યોગ્ય છે; કારણ કે સુખો તપને અધીન છે, તેનો બીજો ઉપાય નથી" આમ વિચાર કરી તે વિદ્યાધરે બીજે દિવસે ઋષભ નામના પર્વત ઉપર જઇ ભોજન ત્યાગ કરી એક પગે ઉભો રહી તપ કરવા માંડ્યું. તેના તીવ્ર તપથી શંકર થોડા જ વખતમાં પ્રસન્ન થયા, અને તે મદનવેગને કહેવા લાગ્યા;–'આ કલિંગસેના રાજકન્યા ભૂતળ ઉપર સ્વરૂપ લાવણ્યમાં પ્રસિદ્ધ છે; પણ તેની સ્વરૂપસંપત્તિ પ્રમાણે તેનો કોઇ પતિ નથી. એક વત્સરાજ છે, તે આ કન્યાની ઇચ્છા રાખે છે; પણ વાસવદત્તાના ભયથી પ્રસિદ્ધ માંગણી કરી શકતો નથી. આ રાજકન્યા પણ સોમપ્રભાના મુખથી વત્સરાજના રૂપનું વર્ણન સાંભળી, તેના ઉપર આશક બની છે. તે વત્સરાજ સાથે પોતાની મેળે વરવાની ઇચ્છા કરે છે. વળી વત્સરાજ વિલંબ થાય છે તેને સહન કરી શકતો નથી. માટે તેનો વિવાહ થાય નહીં, એટલામાં વચમાં તું જ વત્સરાજનું રૂપ ધારણ કરી ત્યાં જઇ ગાંધર્વ વિધિથી તેને પરણી લે. આમ કરવાથી, પ્રિયવત્સ, કલિંગસેના તારી સુંદરી બનશે.' શંકરે આમ કહ્યું, એટલે મદનવેગ તેને પ્રણામ કરી કાલકૂટ પર્વતના કિનારા ઉપર આવેલા પોતાને ઘેર ગયો.

### કલિંગસેનાના વિવાહની ચર્ચા.

એ સમયમાં સોમપ્રભા દરરોજ વિમાનમાં બેસી આકાશમાર્ગે પ્રભાતમાં તક્ષશિલા નગરીમાં આવતી હતી તથા દર રાત્રિએ વિમાનમાં બેસીને પોતાને ઘેર જતી હતી. એક વખતે કલિંગસેના સોમપ્રભા સાથે રમતાં એકાંતમાં તેને કહેવા લાગીઃ 'હે સખી ! હું તને જે કહું તે તારે કોઇને પણ કહેવું નહીં. મારો વિવાહ થવાનો છે એમ મેં જાણ્યું છે. માટે સાંભળઃ ઘણા રાજાઓએ મારું માગું કરવા માટે અહીં દૂતો મોકલ્યા હતા. મારા પિતાએ તે સઘળાને જેમ આવ્યા હતા તેમ જ પાછા મોકલ્યા છે. શ્રાવસ્તી નગરીમાં પ્રસેનજિત્ નામનો રાજા છે, તેના દૂતનો કેવળ મારા પિતાએ સત્કાર કર્યો છે.અને માતાએ પણ તેમ જ વિચારેલું છે. માતાએ અને પિતાએ તે મારા વરને કુલીન છે એમ ગણેલો છે. જે કુળમાં પાંડવોની અને કૌરવોની અંબા અંબાલિકા વિગેરે પિતામહીઓ જન્મી હતી તે કુળમાં જ તે રાજા જન્મેલો છે. માટે હે સખિ ! એપરથી નિશ્ચય થાય છે કે,મારા પિતાએ હમણાં શ્રાવસ્તી નામની નગરીના તે પ્રસેનજિત રાજા વેરે મારો વિવાહ કરવા ધાર્યો છે.' સોમપ્રભા, કલિંગસેના પાસેથી તે વાર્તા સાંભળી શોચવડે, વરત બીજો હાર ઉત્પન્ન કરતી હોય તેમ અશ્રુની ધારા પાડતી રુદન કરવા લાગી. ત્યારે સખી કલિંગસેનાએ તેના રુદન કરવાનું કારણ પૂછ્યું; એટલે સમગ્ર ભૂમંડલને જાણનારી મયદાનવની કન્યા સોમપ્રભા બોલીઃ 'સખિ ! વિવાહ વખતે વરની અવસ્થા, રૂપ, કુળ, શીળ અને ધન એટલી

વસ્તુ જોવાય છે. તેમાં પણ અવસ્થા અને કુળ મુખ્ય જોવાય છે. મેં પ્રસેનજિત્ રાજાને દીઠો છે, તે તો ઘરડોઢચ્ચ છે. જૂનાં પડી ગયેલાં પુષ્પની જાતિ જેમ નકામી ગણાય છે તેમ ઘરડા થયેલા આ રાજાનું કુળ શું ઉપયોગી છે? જેમ ઝાકળવડે શ્વેત દેખાતા હેમંત ઋતુવડે કમલિની કરમાઈ જાય છે તેમ આ કુલીન પણ ઘરડા ઘુવડ રાજાને જોતાં જ તારું મુખકમળ કરમાઈ જશે અને તું દુઃખી થઈશ, માટે મને ખેદ થયો છે. પણ જો કલ્યાણમૂર્તિ ઉદયન–વત્સરાજ તારો પતિ થાય તો મને આનંદ થાય. આ પૃથ્વી ઉપર રૂપમાં, લાવણ્યમાં, કુળમાં, શૌર્યમાં, વૈભવમાં તેના સમાન બીજો કોઈ રાજા નથી. હે કૃશોદરિ! તે યોગ્ય પતિ સાથે તું જો જોડાઈશ તો બ્રહ્માએ તારામાં બનાવેલું સૌંદર્ય સફળ થયું ગણાશે.' આવી રીતે યંત્રના જેવાં સોમપ્રભાએ કહેલાં વાક્યોથી કલિંગસેનાનું મન વત્સેશ્વર ઉપર દ્રઢ આસક્ત થયું અને પછી તે રાજકન્યા મયદાનવની પુત્રીને પૂછવા લાગી: 'સખિ ! તેનું વત્સરાજ નામ પણ કેમ પડ્યું ? અને તે કયા વંશમાં જન્મ્યો છે? તેમ જ તેનું ઉદયન નામ કેમ પડ્યું ? તે તું મને કહે.' સોમપ્રભા બોલી; 'સખિ! તે તને કહુંછું તે સાંભળ:—

## વત્સરાજની કથા.

આ પૃથ્વીનું ભૂષણ વત્સ નામનો એક પ્રસિદ્ધ દેશ છે, તે દેશમાં બીજી અમરાવતી જેવી કૌશાંબી નામની એક નગરી છે. તેમાં વત્સેશ્વર નામનો રાજા રાજ્ય કરે છે. હે કલ્યાણિ ! એનું વત્સેશ્વર નામ પડ્યું, તે વિશે તેના વંશનું હું પ્રથમ વર્ણન કરું છું તે તું સાંભળઃ–

પાંડુનો પુત્ર અર્જુન અને તેનો પુત્ર અભિમન્યુ થયો હતો. તેણે ચકરાવાની વ્યૂહરચનાનો નાશ કરી કૌરવની સેનાને પાયમાલ કરી નાંખી હતી. અભિમન્યુથી પરીક્ષિત રાજા થયો, તે ભરતવંશનો ધારણ કરનારો હતો, એટલે કૌરવ અને પાંડવ બન્ને વંશમાં તે એક જ રહ્યો હતો. તેનો પુત્ર જનમેજય થયો જેણે સર્પયજ્ઞ કર્યો હતો. તેનો પુત્ર શતાનીક થયો, જે કૌશાંબી નગરીમાં રહેવા લાગ્યો, અને જેણે દેવાસુર નામના યુદ્ધમાં દૈત્યોનો નાશ કર્યો હતો. તેનો પુત્ર જગત્પ્રસિદ્ધ સહસ્રાનીક થયો તેને ઇન્દ્ર રથ મોકલતો હતો અને તે રથમાં બેસી સ્વર્ગમાં જાવ આવ કરતો હતો. તે રાજાની રાણી મૃગાવતી થકી આ ઉદયન રાજા જનમ્યો છે. તે ચંદ્રવંશમાં ભૂષણ છે અને જગતનાં નેત્રને ઉત્સવ રૂપ છે. એનું ઉદયન નામ પડવાનું કારણ આ પ્રમાણે છેઃ–

આ પવિત્રતાથી જ જન્મેલા રાજાની માતા જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેને લોહીમાં સ્નાન કરવાનું દોહદ થયું હતું. પછી રાજાએ પાપથી ડરી એક લાખના રસની વાવ બનાવીને આપી, એટલે મૃગાવતી રાણી તેમાં સ્નાન કરવા લાગી. સંજોગથી એમ બન્યું કે, ગરુડવંશમાં જન્મેલા પક્ષીએ તે રાણીને જોઈને માંસ જાણી નીચે ઉતરી ઉંચકી લીધી; પણ દૈવયોગે ઉદયાચળ ઉપર જીવતી જ મૂકી દીધી, ત્યાં જમદગ્નિ મુનિએ તેને દીઠી, એટલે કહ્યું કે, 'તને તારો પતિ ફરી મળશે,' આમ કહીને તેને શાંત કરી. પછી તે સ્ત્રી મુનિના આશ્રમમાં રહેવા લાગી. આ સ્ત્રીએ પૂર્વે તિલોત્તમાનું અપમાન કર્યું હતું, માટે તિલોત્તમાએ ઈર્ષ્યાને લીધે તેને શાપ દીધો હતો કે 'કેટલાએક વખત સુધી તારે તારા પતિ સાથે વિયોગ રહેશે.' તેને લીધે તે સ્ત્રીને પતિ સાથે કેટલોએક



વખત સુધી વિયોગ રહ્યો હતો. કેટલાએક દિવસો ગયા પછી આકાશ–ઉદયાચળ ઉપર જેમ નવીન ચંદ્રમાને જન્મ આપે છે તેમ આ સ્ત્રીએ, તે જ જમદગ્નિના આશ્રમમાં તે પુત્રને જન્મ આપ્યો. જે પુત્ર ઉદયન નામનો, પાછળથી મહા ચક્રવર્તી રાજા થયો. આના જન્મ સમયે, 'આનો પુત્ર સર્વ વિદ્યાધરનો રાજા થશે,' એમ દેવતાઓએ આકાશવાણીમાં જણાવ્યું હતું. તેનો ઉદયાચળ પર્વત ઉપર જન્મ હોવાથી તેનું નામ ઉદયન પાડવામાં આવ્યું છે. રાજા સહસ્રાનીકને પણ માતલીએ જણાવેલું હતું કે, 'તમારો શાપ થોડા સમયમાં નાશ પામશે;' એ ઉપરથી શાપનો નાશ થવાની આશા રાખી તે મૃગાવતી વિના આનંદમાં કાળ નિર્ગમન કરતો હતો. શાપનો છેડો આવ્યો, એવામાં દૈવયોગે ઉદયાચળ પર્વત ઉપરથી એક ભીલ નગરમાં આવ્યો. તેની પાસેથી કેટલીએક પોતાની જાણીતી ચીજો જોઈ રાજાને સંદેહ થયો કે, મારી પ્રાણ પ્યારી શું જીવતી હશે ? આમ વિચાર કરે છે તે જ વખતે આકાશમાં થયેલી વાણીએ સઘળી બાબત ખુલાસાથી જણાવી દીધી. પછી તે રાજા પેલા ભીલને આગળ કરી ઉદયાચળ તરફ ગયો. ત્યાં ઇષ્ટસિદ્ધિની માફક મૃગાવતી સ્ત્રીને અને મનના વિચાર જેવા રાજપુત્ર ઉદયનને લઈને તે કૌશાંબી નગરીમાં આવ્યો. પુત્રના ઉત્તમ ગુણથી પ્રસન્ન થઈ તેનો યુવરાજની પદવી ઉપર અભિષેક કર્યો. યૌગંધરાયણ વિગેરે મંત્રીના પુત્રો તેની સેવામાં સોંપ્યા. પછી રાજકુમાર ઉદયને રાજ્યનો બોજો સ્વીકાર્યો, એટલે રાજા સ્ત્રી સહિત ઘણા દિવસ પર્યંત વૈભવ ભોગવવા લાગ્યો. કેટલોએક કાળ વીતી ગયા પછી રાજા વૃદ્ધ થયો, એટલે રાજપુત્ર ઉદયનને રાજ્ય ઉપર બેસારી, સ્ત્રી અને કાર્યભારી સાથે તે સ્વર્ગમાં ગયો. આવી રીતે યૌગંધરાયણનો મિત્ર ઉદયન પિતાનું રાજ્ય મેળવી સમગ્ર પૃથ્વીનું રાજ્ય કરે છે.

આ રીતનું વૃત્તાંત એકાંતમાં સોમપ્રભાને કહી ઝટ ફરીને તે કહેવા લાગી, 'વત્સ નામના દેશમાં તેનું રાજ્ય હોવાથી તેનું નામ વત્સરાજ અને પાંડવ વંશમાં જન્મવાને લીધે તે ચંદ્રવંશી કહેવાય છે. દેવતાઓના ઉદયાચળ પર્વત ઉપર જન્મવાથી તેને ઉદયન કરી કહેવામાં આવે છે. આ જગતમાં કામદેવ પણ તેના જેવો રૂપવાન્ નથી. હે ત્રૈલોક્યસુંદરિ ! તે એક તારા લાયક પતિ છે અને તારા લાવણ્યમાં લુબ્ધ થઈ અવશ્ય તારી માગણી કરવાની ઇચ્છા કરે છે. પરંતુ હે સખિ ! ચંડમહાસેન રાજાની પુત્રી વાસવદત્તા નામની તેની રાણી તેના ઉપર અત્યંત પ્રેમ ધરાવે છે. તે સ્ત્રી પોતાના કુટુંબીઓનો ત્યાગ કરી વત્સરાજ સાથે પરણી ઓખા અને શકુંતલા આદિ કન્યાએ સ્વયંવર કરી જે લજ્જા મેળવી હતી, તેનો તેણે નાશ કર્યો છે. આ ઉદયનને તે સ્ત્રીથી નરવાહનદત્ત નામનો કુમાર જન્મ્યો છે. તેને દેવતાઓએ ભવિષ્યમાં વિદ્યાધરનો રાજા ઠરાવેલો છે. માટે તે વત્સરાજ–ઉદયન તે સ્ત્રીથી ડર ખાઇને હમણાં તારું માગું કરતો નથી. મેં વાસવદત્તાને દીઠી છે. તેની સ્વરૂપસંપત્તિ તારા જેવી નથી'. આમ સોમપ્રભા સખીએ કહ્યું, એટલે વત્સરાજ ઉપર ઉત્કંઠાવાળી કલિંગસેના બોલી, 'હું માતાપિતાને અધીન છું, માટે મારાથી શું બની શકે ? પણ હું માનું છું કે, આ વખતે તું જ મારું શરણ છે. વળી તું સર્વ ઠેકાણે જઈ શકે છે અને સર્વ જાણી શકે છે.' એટલે સોમપ્રભા બોલી, 'બહેન, આ કાર્ય દૈવાધીન છે. તે વિશે એક કથા સાંભળ !' એમ કહી કલિંગસેનાને આ કથા કહીઃ–

## તેજસ્વતીની કથા.

પૂર્વે ઉજ્જયિની નગરીમાં વિક્રમસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને તેજસ્વતી નામની પુત્રી હતી. આ અનુપમ રૂપવાળી કન્યાએ કોઈ પણ રાજાને પતિ તરીકે પસંદ કર્યો ન હતો. એક વખતે તે કન્યા પોતાના રાજભવનમાં બેઠેલી હતી, એવામાં તેણે એક છેલ પુરુષને દીઠો અને દૈવયોગથી રાજકન્યા તે પુરુષની સુંદર આકૃતિ જોઇ તેની સાથે સંગમ કરવાની ઇચ્છા કરવા લાગી, અને પોતાનો અભિપ્રાય પોતાની સખીને જણાવી તે પુરુષ પાસે મોકલી. પછી પેલી રાજકન્યાની સખી તે પુરુષ પાસે ગઈ અને તેને સમજાવ્યો. પેલા પુરુષે આવું સાહસકર્મ કરવાથી ભય પામીને તેમ કરવાની ના પાડી, છતાં પણ રાજસખીએ કાલાવાલા કરી પ્રયત્નપૂર્વક નીચે પ્રમાણે સંકેત કર્યો: "હે ભદ્ર! આ જે દેવતાનું ઉજ્જડ મંદિર તું જુવે છે તેમાં રાત્રિએ રાજપુત્રી આવશે, માટે ત્યાં આવી તું તેની વાટ જોજે." આમ સંકેત કરી તેની રજા લઈ દાસી રાજકન્યા પાસે ગઈ. અને સર્વ સંકેતની હકીકત કહી. હવે એમ બન્યું કે, તે પુરુષ કબુલ કર્યાં છતાં પણ, ભયનો માર્યો ક્યાંઇ ચાલ્યો ગયો; કારણ કે, 'દેડકો રક્ત કમલિનીનાં કેસરાંનો સ્વાદ લેવામાં ડહાપણવાળો હોતો નથી.'

એ અરસામાં એવું બન્યું કે, સોમદત્ત નામનો એક કુલીન રાજપુત્ર, જે તરુણ અને સ્વરૂપ સૌંદર્યમાં શ્રેષ્ઠ હતો, ને જેના પિતા મરણ પામ્યા હતા, તેથી ભાયાતોએ રાજ્યપાટ દબાવી દીધું હતું, માટે એકલો પિતાના પરમ મિત્ર રાજાને મળવા માટે તે દિવસે આ શહેરમાં આવ્યો. તે સાયંકાળે આ દેવળ પાસે આવી પહોંચ્યો અને દૈવયોગે જ્યાં રાજકન્યાની સખીએ પુરુષને મળવા માટે સંકેત કર્યો હતો તે જ દેવમંદિરમાં રાત્રિ રહેવા માટે પેઠો. રાત્રિ થઇ એટલે પ્રેમમાં આંધળી બનેલી રાજકન્યા, તે દેવમંદિરમાં ગઈ, પણ ત્યાં રહેલા પુરુષને ઓળખી શકી નહીં, છતાં તેને જ પ્રેમપાત્ર પુરુષ જાણી તેની સંગે પોતે ગાંધર્વ રીતે વરીને પતિ કર્યો. તે બુદ્ધિશાળી રાજકુમારે પણ દૈવે અર્પણ કરેલી, ભવિષ્યમાં રાજલક્ષ્મીનો સમાગમ સૂચવનારી તે સ્ત્રીને ઝટ કબુલ કરી લીધી. પેલી રાજકન્યાએ તેને પ્રથમના પુરુષ જેવો જ દીઠો. તે ઉપરથી દૈવે પોતાના સુંદર દેહને સફળ કર્યો, એમ ક્ષણવાર માનવા લાગી. પછી ઇચ્છા પ્રમાણે રહસ્યાલાપ કરી, ફરી મળવાનો ઠરાવ કરી, દંપતીમાંથી તે રાજકુમારી પોતાને ઘેર ગઈ તથા રાજકુમારે ત્યાં જ રાત્રિ ગાળી કાઢી. સવાર થઇ, એટલે તે રાજપુત્ર રાજાનો ઓળખીતો હતો માટે પ્રતિહાર મારફતે રાજાને નામ જણાવી રાજાને મળવા ગયો. જઇને ત્યાં તે રાજાને રાજ્યહરણ વિગેરેનું દુઃખ જણાવ્યું; ત્યારે રાજાએ તેને આદર આપી શત્રુઓનો નાશ કરવામાં સહાય કરવાનું કબુલ કીધું; અને પ્રથમ તેને કન્યા આપવાની ઇચ્છા કરી હતી, તે ઇચ્છા કાયમ રાખી; અને તે જ વખતે આ અભિપ્રાય કાર્યભારીઓને પણ કહ્યો. એ અરસામાં રાજકન્યાએ જ વિશ્વાસપાત્ર સખીઓ મારફતે પ્રથમથી જ પોતાની વાર્તા પોતાની માતાને જણાવી દીધી, એટલે રાણીએ પુત્રીનું સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યું. રાજા કાકતાલીયની માફક નઠારું કાર્ય નાશ થયું, અને શુભ કાર્ય સિદ્ધ થયું, તેને લીધે



આશ્ચર્ય પામ્યો. આ સમયે ત્યાં એક મંત્રી બેઠો હતો, તેણે રાજાને કહ્યું: જેમ ઉત્તમ નોકરો ચિંતાવગરના ઉપરીઓનું કાર્ય કરવામાં જાગૃત રહે છે, તેમ પવિત્ર પુરુષોનાં કાર્ય સાધવામાં દૈવ જ જાગૃત રહે છે. વળી મહારાજ! આ વિષયમાં એક કથા કહું છું તે સાંભળો:–

## હરિશર્મા બ્રાહ્મણની કથા.

કોઈ એક ગામમાં કોઇ એક હરિશર્માં નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે દરિદ્રી અને મૂર્ખ હતો ને આજીવિકા ન હોવાથી ઘણી માઠી હાલતમાં હતો. પૂર્વે કરેલાં પાપ ભોગવવા માટે તેને ઘણાં છોકરાં થયાં હતાં. તે કુટુંબ સહિત ભિક્ષા માંગતો માંગતો ક્રમે કરીને એક નગરમાં ગયો. ત્યાં તે કોઈ મહાધનાઢ્ય સ્થૂલદત્ત નામના ગૃહસ્થની ચાકરીમાં રહ્યો. તેણે પોતાના પુત્રોને ગાય ચરાવવા ઉપર રાખ્યા; પોતાની સ્ત્રીને ઘરમાં કામ કરનારી દાસી બનાવી અને પોતે તેના ઘરની સીપાઇગીરી કરીને રહેવા લાગ્યો. એક વખતે સ્થૂલદત્તની દીકરીનો વિવાહ હતો તે નિમિત્તે ઉત્સવમાં ઘણાં માણસો આવ્યાં હતાં. આ વિવાહના સમયમાં કુટુંબી જન સાથે હરિશર્માએ ઘી, માંસ વિગેરે કંઠ પર્યંત ખાવાની આશા બાંધી હતી, અને તેની વાટ જોતો બેઠો હતો. પણ તે ઉત્સવમાં કોઇએ તેને સંભાર્યો સરખો પણ નહીં. તે, ભુખથી પીડાયલો અને કંટાળી ગયેલો, રાત્રિમાં પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો, કે,'હું દરિદ્ર છું અને મૂર્ખ છું, તેને લીધે મારું આવું અપમાન થયું. માટે આ વખતે હું યુક્તિથી; મારા કૃત્રિમ જ્ઞાનની અજમાયશ કરું છું; જેથી સ્થૂલદત્તની તરફથી મારો સારો સત્કાર થશે; અને જ્યારે તને તક મળે ત્યારે તું જણાવજે કે 'મારો પતિ ભવિષ્ય વિદ્યા જાણે છે.' આમ સ્ત્રીને કહી એ જ વિષયમાં વિચાર કરવા લાગ્યો. જ્યારે સર્વ માણસો નિદ્રાવશ થઈ ગયાં ત્યારે તે બ્રાહ્મણે, સ્થૂલદત્તના ઘરમાંથી, જમાઇને ચઢવાનો ઘોડો ચોર્યો અને તેને છેટે કોઈ જાણે નહીં તેમ છૂપાવી રાખ્યો. સવાર થઈ એટલે ચરવાદારો ઘોડાને આમ તેમ ખોળવા લાગ્યા, તો પણ ઘોડો મળ્યો નહીં. આ અરસામાં અપશકુનથી સ્થૂલદત્ત બ્હીવા લાગ્યો અને ઘોડાના ચોરને શોધવા લાગ્યો. એ અરસામાં હરિશર્માની સ્ત્રીએ આવીને કહ્યું: 'મારો વર જ્ઞાની અને જ્યોતિષની વિદ્યામાં કુશળ છે, તે તમને ઘોડો મેળવી આપશે, તેને શા માટે પૂછતા નથી ?' તે સાંભળી સ્થૂલદત્તે હરિશર્માને બોલાવ્યો, એટલે તેણે આવીને કહ્યું: 'કાલે તો મને વિસરી ગયા હતા અને આજ ઘોડો ચોરાયા પછી મને સંભાર્યો છે !!' તુરત સ્થૂલદત્તે તે બ્રાહ્મણને વિનતિ કરી કે, 'મારી ભૂલ થઈ ને મને માફ કરો.' અને પછી પ્રશ્ન પૂછ્યું કે, 'મારો ઘોડો કોણ ચોરી ગયું ? તે અમને કહો; એટલે હરિશર્મા ખોટી ખોટી લીટી ઓ કાઢીને બોલ્યો: 'અહીથી દક્ષિણ દિશાના સીમાડાના ચોરોએ તેને સંતાડેલો છે; માટે તે ઘોડો જ્યાં સૂધી છેટે જાય નહી તેટલામાં ઝટ જઈ તે ઘોડાને લઈ આવો.' તે સાંભળી હરિશર્માનાં જ્ઞાનનાં વખાણ કરતાં ઘણાં માણસો દોડ્યાં અને ક્ષણવારમાં ત્યાં ઘોડો લાવ્યાં. પછી તે દિવસથી સઘળાં મનુષ્યો હરિશર્મા જ્ઞાની છે એમ કહી માન આપવા લાગ્યાં; અને સ્થૂલદત્તે પણ હરિશર્માને માન આપ્યું. પછી તે બ્રાહ્મણ આનંદમાં તે ગામમાં રહેવા લાગ્યો. પછી કેટલાએક દિવસો વીત્યા બાદ તે ગામમાં રાજભુવનમાંથી કોઇએક ચોર ઘણાં સુવર્ણ, રત્ન વિગેરે ચોરી ગયો.

ચોરની શોધ કરવા છતાં ચોર મળ્યો નહીં, ત્યારે રાજાએ ભવિષ્યજ્ઞાન કહેવાની પ્રખ્યાતિને લીધે હરિશર્માને તેડાવી મંગાવ્યો. તે બ્રાહ્મણ ત્યાં આવ્યો, પણ વખત કાઢવા માટે બોલ્યો, 'આ પ્રશ્નનો ઉત્તર હું તમને સવારે કહીશ.' એટલે રાજાએ તેને રાજમહેલની અંદર સારી રીતના ચોકી પહેરા વચ્ચે રાખ્યો. જ્યાં રહી તે પોતાના કૃત્રિમ જ્ઞાનમાંથી છૂટવાનો વિચાર કરવા લાગ્યો.

તે રાજમહેલમાં એક **જિવ્હા** નામની દાસી રહેતી હતી; તેણે અને તેના ભાઈએ રાજભુવનની અંદરથી તે ધન ચોર્યું હતું. તે દાસી **હ**રિશર્માના જ્ઞાનથી ડર ખાઈ તે રાત્રિએ **હ**રિશર્માના રહેવાના ઓરડા આગળ ગઈ, અને તે શું કરે છે તે જાણવા માટે બારણામાં કાન દઈને ઉભી રહી. આ વખતે **હ**રિશર્મા ઓરડામાં અકલો બેઠો હતો. તે વૃથા વિદ્વત્તા બતાવનારી પોતાની **જિવ્હા**ને નીચે પ્રમાણે નિંદવા લાગ્યો: 'અરે **જિવ્હે** !* તેં ભોગમાં લંપટ બની આ શું કર્યું ? અરે દુરાચરણિ ! હવે તું અહીં દંડ સહન કર.' જ્યારે **જિવ્હા**એ એ રીતે તેને બોલતાં સાંભળ્યો, ત્યારે તે ભયથી ધ્રુજીને વિચારવા લાગી કે, આ જ્ઞાની મહારાજે મને ઓળખી છે. પછી દાસી, ડરને લીધે યુક્તિ કરીને જ્ઞાનીના ઓરડામાં પેઠી અને તે ધૂર્ત જ્ઞાનીનાં ચરણમાં પડીને બોલી: 'મહારાજ ! તમે જે ધન ચોરનારી **જિવ્હા**ને ઓળખી છે, તે હું **જિવ્હા** નામની દાસી છું. મેં તે ધનને ચોરી આ જ રાજભુવનની પછવાડેના બાગમાં દાડિમના ઝાડની નીચે પૃથ્વીમાં દાટેલું છે. મહારાજ ! હવે મને બચાવો ! હું મરી જઈશ, મારું રક્ષણ કરો ને મારા હાથમાં જે થોડું સોનું છે તે ગ્રહણ કરો.' તે સાંભળી **હ**રિશર્મા ગર્વ કરીને તેને કહેવા લાગ્યો: 'મને ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વનું જ્ઞાન છે. તું દુર્બળ છે અને શરણે આવી છે, માટે તને જાહેર કરીશ નહીં. તારા હાથમાં જે છે તે તું મને પછી આપજે. હવણાં ચાલી જા.' આમ કહ્યું એટલે તે દાસી 'ઠીક છે', એમ કહી ત્યાંથી ઝટ પસાર થઈ ગઈ. પછી તે **હ**રિશર્મા આશ્ચર્ય પામીને વિચાર કરવા લાગ્યો કે, 'અનુકૂળ થયેલું નસીબ, અસાધ્ય વિષયને પણ રમત માત્રમાં સાંધી આપે છે. કારણ અહીં મારું ભુંડું થવાની વાર હતી નહીં, છતાં પણ મારું કાર્ય ફતેહ થયું. હું મારી પોતાની **જિવ્હા**ની નિંદા કરતો હતો, એવામાં ચોર દાસી **જિવ્હા** મારી આગળ આવી પડી. અફસોસ છે કે, ગુપ્ત પાપીઓ ભયથી જ ઉઘાડા પડે છે.' આવો વિચાર કરતાં જ તેણે રાત્રિ ગાળી કાઢી. સવાર થઈ એટલે **હ**રિશર્મા રાજાને બાગમાં લઈ ગયો અને મિથ્યા જ્ઞાનની યુક્તિથી દાવપેચથી તે રાજાને દાટેલું ધન બતાવ્યું અને કહ્યું કે, "ચોર ધનનો થોડો ભાગ લઈને નાશી ગયો છે." રાજા ગયેલું ધન મેળવ્યા પછી પ્રસન્ન થયો અને તે બ્રાહ્મણને ગામ આપવા લાગ્યો. એ જોઈ કાર્યભારીએ રાજાના કાનમાં કહ્યું: 'મહારાજ ! શાસ્ત્ર ભણ્યા વગર મનુષ્યથી જાણી શકાય નહીં એવું જ્ઞાન આ બ્રાહ્મણમાં કેમ આવ્યું હશે? ખરેખર ચોર લોકો સાથે સંકેત કરનારા ધૂર્ત લોકોની આ યુક્તિવડે પ્રાપ્ય આજીવિકા છે; માટે એક વાર બીજી યુક્તિથી તેની પરીક્ષા કરો.' પછી રાજાએ પોતે એક નવા ઘડામાં મંડૂક† પૂરી તેને ઢાંકીને લઈ આવ્યો અને **હ**રિશર્માને કહ્યું: "મહારાજ ! આ ઘડાની અંદર જે વસ્તુ છે તે વસ્તુને જો આપ જાણશો તો આજ હું આપનો મોટો સત્કાર કરીશ." તે સાંભળી **હ**રિશર્મા તે મૃત્યુનો

* જિવ્હે એટલે જીભ ને જિવ્હા તે દાસીનું પણ નામ, એમ બે અર્થ થાય છે. † દેડકો.



વખત જાણી, બાલ્યાવસ્થામાં પિતાએ રમત માટે પોતાનું મંડુક એવું નામ પાડ્યું હતું, તે નામનું સ્મરણ કરતો ને ખેદ ધરતો વિધાતાની પ્રેરણાથી બોલ્યો કે, 'હે મંડૂક ! આ ઘટ, એકદમ બલાત્કારથી જ તારા નાશનો હેતુ થયો છે.' આ બોલવું, ચાલતી બાબતમાં અનુસરતું હતું, તેથી આ વાક્ય સાંભળતાં જ ત્યાં મળેલા લોકો બોલ્યા કે, 'આણે મંડૂકને–દેડકાને ઓળખ્યો છે માટે તે મહાજ્ઞાની છે !' એમ કહેવા લાગ્યાં અને અત્યંત હર્ષ પામ્યાં. પછી પ્રસન્ન થયેલો રાજા **હ**રિશર્મા પ્રતિભાશક્તિનો પુરુષ છે એમ કબૂલ કરી, સુવર્ણના દંડવાળું છત્ર, સુવર્ણના સામાનવાળાં વાહન અને ગામ બક્ષીસ આપ્યાં અને **હ**રિશર્મા ક્ષણએકમાં સામંત જેવો બની ગયો. કારણ કે—

પુણ્ય કર્મ કરનારનાં, ઉત્તમ કામ અનેક !
દૈવ આમ સાધે સદા, રાખે દ્વિજ સમ ટેક ! !*

માટે રાજન્ ! જે મનુષ્ય પુણ્ય કામ કરે છે, તેનાં કામ દૈવ પોતે કરી આપે છે અને **હ**રિશર્મા બ્રાહ્મણની માફક ટેક રાખે છે. દૈવે જ તમારી પુત્રીને અનુચિત પાસેથી વારણ કરી લાયક **સો**મદત્તની તરફ મોકલી છે. આવું મંત્રીનું વચન સાંભળી, રાજા **વિ**ક્રમસેને લક્ષ્મી જેવી તે પુત્રી રાજકુમાર **સો**મદત્તને પરણાવી. પછી **સો**મદત્ત સસરાનું સૈન્ય સાથે લઈ શત્રુનો પરાજય કરી, પોતાના રાજ્યમાં રહી સ્ત્રીની સાથે આનંદમાં રહેવા લાગ્યો.

"આમ દૈવને લીધે સઘળું બને છે. વિશેષમાં તને **વ**ત્સેશ્વર પતિ સાથે મેલાપ કરાવવાને આ જગતમાં દૈવ વગર બીજો કોણ સમર્થ છે ? સખિ **ક**લિંગસેના ! આ બાબતમાં હું શું કરું? રાજકન્યા **ક**લિંગસેના **સો**મપ્રભાના મુખથી એકાંતમાં એવી કથા સાંભળી, તે **વ**ત્સેશ્વરની માંગણી કરવા માટે તેણે કુટુંબનો ભય અને લજ્જા ત્યાગ કરી દીધાં અને તેનું મન **વ**ત્સરાજને મળવા માટે ઉત્કંઠિત થઇ રહ્યું. પછી ત્રિભુવનમાં એક દીપ સમાન સૂર્યરાજ, અસ્ત થવા આવ્યા, એટલે પ્રભાતમાં આવવાની અવધિ કરી ઇષ્ટ વસ્તુમાં ઉદ્યમ કરવા માટે સખિની માંડમાંડ રજા લઈ, મયદાનવની પુત્રી **સો**મપ્રભા પોતાને ઘેર ગઇ.

* આ વાર્તાને બહુ અંશે મળતી તીડા જોષીની વાત ચાલે છે. તીડો જોષી પણ અજાણ ને મૂર્ખ હતો. તે પોતાને સાસરે ગયો, ત્યાં જતાં સુતાં સુતાં પોતાની સાસુ પોળી વણતી હતી તે ગણી. પ્રભાતના દીર્ઘશંકા કરવા ગયો, ત્યાં ખાડામાં પડેલા પટેલના બલદો જોયા, રાજાને ત્યાં ચોરાયલો હાર નિદરડી (ને નિંદરડી એટલે ઉંઘ) નામની દાસીએ આપ્યો, ને તીડને હાથમાં રાખ્યું, તે પોતાના નામપરથી કહ્યું હતું ને જશ પામ્યો હતો. એને માટે આ દોહરો પ્રસિદ્ધ છે કે:

સુતા સુતા પોળી ગણી, અઘવા ગયા ત્યાં દીઠી ડોળી;
નિદરડીએ આપ્યો હાર, ને મુખ રાજા તીડાનો ખ્યાલ.

એ રીતે તે મોટા જ્યોતિષીમાં ખપ્યો હતો. ગ્રીમ્શની પરિયાઓની વાર્તામાં પણ આવા જ પ્રકારનો પ્રસંગ છે. બેનફી કહે છે કે, યુરોપમાં ચાલતી આ વાર્તાનું મૂળ કથાસરિત્સાગર જ છે.

## તરંગ ૫ મો.

## કલિંગસેના અને સોમપ્રભાની કથા—ચાલુ.

પછી બીજે દિવસે પ્રભાત થયું, એટલે સખી સોમપ્રભા આવી;ત્યારપછી કલિંગસેના એકાંતમાં વાત કરતાં કહેવા લાગી કે, ‘પિતા મને અવશ્ય પ્રસેનજિત્ રાજા સાથે પરણાવશે, એમ મેં મારી માતા પાસેથી સાંભળ્યું છે. હવે તારા જોવા પ્રમાણે તે ઘરડોઠચ્ચ છે; પણ વત્સરાજ તો જેવો તેં રૂપમાં કહ્યો છે તેવો જ છે; કારણ કે મારા સાંભળવામાં આવતાં જ તેણે મારું મન મોહિત કર્યું છે. હવે આ વિષયમાં માતાપિતાની હું તમા રાખતી નથી. તું મને પ્રથમ પ્રસેનજિત્ બતાવી, જ્યાં વત્સરાજ છે ત્યાં લઈ જા.’ આમ કલિંગસેના ઉત્કંઠા સહિત બોલી, એટલે તેને સોમપ્રભાએ કહ્યું કે, ‘જો તારે જવું હોય તો આપણે આકાશમાર્ગે ચાલનારા વિમાનમાં બેસીને જઈએ. પરંતુ તું વત્સરાજને જોઈ ફરી ઘેર આવી શકીશ નહીં, માટે તારો સર્વ સરસામાન સાથે લઈ લેજે. વર મળ્યા પછી તને ફરી માતા અને પિતાનાં દર્શન થશે નહીં, અને તું તેને સંભારીશ પણ નહીં, તેમ હું દૂર પડનારીને પણ વિસરી જઈશ. સખિ ! તેમ હું પણ તારે ઘેર આવીશ નહીં.’ તે સાંભળી રાજકન્યા રુદન કરવા લાગી અને તેને કરુણાળ સ્વરે કહેવા લાગી: ‘અયી સખિરી ! જો તેમ હોય તો તું વત્સરાજ–ઉદયનને અહીં જ લઈ આવની. કારણ કે તારા વગર હું એક ક્ષણ પણ ત્યાં રહી શકીશ નહીં. પતિને ઓળખતી ઓખાએ ઉપાય કરીને ચિત્રલેખા મારફતે શું અનિરુદ્ધને નહોતો મંગાવ્યો ? એ વાત તું પણ જાણે છે; તોપણ મારી પાસેથી તું એ કથા સાંભળ—

### બાણાસુરની પુત્રી ઓખાની કથા.

બાણાસુરને ઓખા નામથી પ્રસિદ્ધ પુત્રી હતી. તેણે વર મેળવવા માટે પાર્વતીની આરાધના કરી; એટલે તેણે વર આપ્યો કે, ‘તને જેનો સ્વપ્નમાં સમાગમ થશે. તે તારો વર થશે.’ પછી તે કન્યાએ સ્વપ્નમાં દેવકુમાર જેવા કોઈ પુરુષને દીઠો; તેની સાથે ગાંધર્વ વિધિથી [illegible] પરણી જાણે ખરેખરો સંભોગ કર્યો હોય તેમ લાગ્યું; પણ જ્યારે સવાર પડી ત્યારે જાગીને જોયું તો, રાત્રિમાં દીઠેલા પતિને દીઠો નહીં; પણ સંભોગનાં ચિન્હો દીઠાં, એટલે પાર્વતીનું વરદાન યાદ આવ્યું ને તે બહુ પીડા, ભય તથા આશ્ચર્ય પામવા લાગી. પછી ચિત્રલેખા સ્વપ્નમાં દીઠેલા પતિના વિરહથી પીડા પામતી ઓખાને જોઇ પૂછવા લાગી, એટલે તેણે સઘળી હકીકત સખી ચિત્રલેખાને જણાવી. એ સખી ચિત્રલેખા પણ અનિરુદ્ધનું નામ કે ઓળખ આપનારું ચિહ્ન જાણતી નહતી, માટે તેણે ઓખાને કહ્યું: ‘આ દેવીના વરનો પ્રતાપ છે એમાં કહેવું શું ? [illegible] હું તારા પતિને કોઇ પણ ચિન્હ વગર કેમ શોધી શકું ? તું તેને ઓળખતી હોય તો હું તારી પાસે સુર અને અસુરમય આખું જગત ચિતરું છું, તેની અંદરથી તું તારા પતિને બતાવજે, એટલે હું તેને



લઈ આવીશ,’ આમ ચિત્રલેખાએ ઓખાને કહ્યું, એટલે તેણે કહ્યું; ‘ઠીક છે.’ પછી ચિત્રલેખાએ રંગની પીંછીવતી ક્રમે કરીને આખું જગત્ આળેખ્યું, એટલે ઓખાએ કંપતી અને આનંદિત આંગળીવડે ‘તે આ છે’ એમ કહી ચિત્રલેખાને દ્વારકામાં યાદવકુળની અંદર રહેલા અનિરુદ્ધને બતાવ્યો. પછી ચિત્રલેખા બોલી, ‘સખિ ! તું ભાગ્યશાળી છે, કારણ કે વિષ્ણુનો પૌત્ર અનિરુદ્ધ તને પતિ મળ્યો ! તે અહીંથી એક હજાર ને સાઠ યોજન ઉપર દ્વારકામાં રહે છે.’ અતિ ઉત્કંઠાથી પરવશ બનેલી ઓખા તે સાંભળીને ચિત્રલેખાને કહેવા લાગી; ‘સખિ ! તેના ચંદન જેવા શીતળ ખોળામાં જો આજ તું મને નહીં બેસાડીશ તો અત્યંત વધેલા કામાનળથી ભસ્મ થઇને મરી જઈશ, એમ તારે જાણવું.’ તે સાંભળી પેલી ચિત્રલેખાએ તેને ધીરજ દીધી અને તે જ વખતે આકાશમાર્ગે ઉડી દ્વારકા નગરી તરફ ગઈ. સમુદ્રના મધ્ય ભાગમાં આવેલી દ્વારકા ઘણાં ઉંચા ઘરોવડે જાણે ફરી મંદરાચળને સમુદ્રમાં નાંખ્યો હોય એમ ભ્રમ કરતી હતી. ચિત્રલેખા તે નગરીમાં રાત્રિને વખતે અનિરુદ્ધ સુતો હતો ત્યાં જઇ ચડી, તેને જગાડયો* અને ઓખાને સ્વપ્નમાં દર્શન થયાથી તેનો પ્રેમ તેને કહી બતાવ્યો. અનિરુદ્ધને પણ સ્વપ્ન લાગ્યું હતું અને તેને ઓખાના સ્વરૂપનો અનુભવ થયો હતો, તેથી તે કહેણ તેણે કબૂલ રાખ્યું અને તેને મળવા ઉત્કંઠિત થયો, એટલે ચિત્રલેખાએ સિદ્ધિના પ્રતાપથી તેને ક્ષણવારમાં ત્યાંથી ઉંચકી લઇ જોતજોતામાં આકાશમાર્ગે દોડતી આવીને ઓખાના અંતઃપુરમાં તેના પતિને દાખલ કરી દીધો; એટલે સમુદ્ર જેમ ચંદ્રનાં દર્શને કરી પોતાનાં કિનારામાં ન રહેતાં છલકાઈ જાય છે, તેમ ઓખા પ્રત્યક્ષ થયેલા અનિરુદ્ધને જોઇને જ પોતાના અંગોનું ભાન ભૂલી ગઈ અને શૃંગારસાગરમાં ડૂબી ગઇ !! પછી ઓખા, સખીએ અર્પણ કરેલા જીવન જેવી પ્રિયતમ સાથે આનંદમાં રહેવા લાગી. તે હકીકત કાનોકાન સાંભળી તેનો પિતા બાણાસુર ગુસ્સે થયો, પણ અનિરુદ્ધે પોતાના પરાક્રમથી અને પિતામહના પરાક્રમથી તેનો પરાજ્ય કર્યો અને ત્યાર પછી દ્વારકામાં જઇ તે બન્ને એકરૂપ થયેલાં ઓખા અને અનિરુદ્ધ, શંકર અને પાર્વતીની માફક એકમૂર્ત્તિ જણાવા લાગ્યાં.

આવી રીતે ચિત્રલેખાએ ઓખાને એક દિવસમાં જ પતિ મેળવી આપ્યો હતો. પણ હે સખિ ! તે કરતાં હું તુને અધિક અને પ્રતાપી માનું છું. માટે મારા વત્સેશ્વરને અહીં લઇ આવ. વિલંબ કર મા. કલિંગસેના પાસેથી આવું વચન સાંભળી, સોમપ્રભા બોલી: ‘ચિત્રલેખા સુર સ્ત્રી હતી તે તેને ઉપાડીને લઇ આવી; પણ મારા જેવી સ્ત્રી, જે પોતાના પતિ વગર બીજાનો સ્પર્શ કરતી નથી તે શું એ કામ કરે ? માટે સખિ ! તારી ઇચ્છા રાખનારો તે પ્રસેનજિત્ રાજા પ્રથમ તને બતાવી, ત્યાર પછી જ્યાં વત્સેશ્વર છે ત્યાં તને લઇ જાઉં.’ આમ સોમપ્રભા બોલી, એટલે કલિંગસેનાએ ‘ઠીક છે’ એમ કહ્યું; અને તે જ વખત સોમપ્રભાએ બનાવેલા માયાવી

* પ્રેમાનંદકૃત ઓખાહરણમાં તથા ભાગવતના ઓખાહરણમાં ચિત્રલેખાએ અનિરુદ્ધને ગુપ્ત નિદ્રામાંથી ઉંચકી લીધો છે એમ વર્ણન છે.

યંત્રના વિમાનમાં બેસી ભંડાર અને બીજો ઉપસ્કર લઇ માતાપિતા જાણે નહીં, એમ ચાલવાની તૈયારી કરી ત્યાંથી બંન્ને ચાલી નિકળ્યાં. કારણ કે,

ઘોડે સ્વારે વેગમાં, આણ્યો ઘોડો જેમ;
આગળ ખાડા ટેકરા, ભાળે નવ તે તેમ.
કામ દેવના વેગમાં, આવેલી કુળનાર;
ઉંચનીચ નવ પેખતાં, કરે શિયળ સંહાર.

## કલિંગસેનાનું કૌશાંબીમાં જવું.

પછી ત્યાંથી તે કન્યા અને સોમપ્રભા શ્રાવસ્તી નગરીમાં ગયાં. ત્યાં મૃગયા માટે રાજા બહાર નિકળ્યો હતો તેને દૂરથી દીઠો. તે વૃદ્ધાવસ્થાને લીધે ફીક્કો પડી ગયો હતો. આ રાજા ઉપર ઢોળાતી ચમરો વારંવાર દૂરથી જ વારણ કરતી હતી કે આ વૃદ્ધ રાજાથી દૂર જાઓ. પછી સોમપ્રભા મશ્કરી કરીને બોલીઃ 'જો જો, તારા પિતાએ તને જેની સાથે પરણાવવાની ઇચ્છા કરી હતી તે આ રત્ન પ્રસેનજિત્ ! ' એમ કહી તેને બતાવ્યો. કલિંગસેના બોલીઃ 'એ વૃદ્ધાવસ્થામાં ભરપૂર છે. આને બીજી કોણ સ્ત્રી પરણે ? માટે હે સખિ ! મને અહીંથી ઝટ વત્સેશ્વર રાજા પાસે લઈ જા.' આમ સોમપ્રભાને કહી તે જ ક્ષણે તેની સાથે આકાશમાર્ગે કૌશાંબી નગરી તરફ તે બન્ને ગઇ. ત્યાં બાગમાં વત્સરાજ હતો તેને સખીએ દૂરથી બતાવ્યો; એટલે ચકોરી જેમ ઉત્કંઠાથી ચંદ્રને જુવે તેમ કલિંગસેના ઉત્કંઠાસહિત તેને જોવા લાગી. પછી છાતી ઉપર હાથ મૂકીને તથા આનંદભેર નેત્રો વડે, 'આ રાજા આ માર્ગેથી મારા હૃદયમાં પેઠો છે,' એમ જણાવતી હોય તેમ તે બોલીઃ 'સખિ ! આજ મને વત્સરાજ સાથે મેળાપ કરાવ. કારણ કે તેનાં દર્શન થયાં પછી હું ક્ષણવાર પણ મારો જુસ્સો દબાવવા સમર્થ નથી.' તે સાંભળી સખી સોમપ્રભા બોલીઃ 'મને આજ કંઇ અશુભ નિમિત્ત જાણવામાં આવ્યું છે, માટે આજનો દિવસ આખો આ બાગમાં કોઇ જાણે નહી તેમ તું ગુપ્ત રહે. અયી સખિ ! તું દૂર આવજાવ કરીશ મા. સવારમાં આવીને હું તમારા બન્નેનો મેળાપ કરાવવાનો ઉપાય કરીશ. પ્રિય સખિ ! હવે હું પ્રાણ પતિને ઘેર જવાની ઇચ્છા રાખુ છું.' આમ કહી સોમપ્રભા ત્યાંથી ચાલી ગઇ અને પછી વત્સરાજ પણ બાગમાંથી ઘેર ગયો. પછી શુકન જાણનારી સખી સોમપ્રભાએ વારી હતી તે છતાં પણ, કલિંગસેનાએ સ્વતંત્ર બની પોતાની મહત્તરીકાને* પોતાનો સંદેશો બરાબર જણાવી વત્સેશ્વર પાસે મોકલી. કારણ કે તરુણ સ્ત્રીઓમાં નવો આવેલો કામદેવ તેને સ્વતંત્ર બનાવે છે.

પછી મહત્તરીકા સંદેશો લઇને ગઇ અને તે જ વખતે પ્રતિહારદ્વારા અંદર ખબર કરાવી પ્રવેશ કીધો, અને વત્સરાજને વિનતિ કીધી કે 'મહારાજ ! તક્ષશિલા નગરીના રાજા કલિંગદત્તની કન્યા કલિંગસેના, તમને ઘણા કાંતિમાન્ જાણી, કુંટુંબીઓનો ત્યાગ કરી આકાશમાર્ગે ચાલનારા માયાવી યંત્રના વિમાનમાં બેસી, તમારી સાથે સ્વયંવર કરવા માટે અહીં આવી છે. તેની

* અંતઃપુરની દાસી.



સાથે તેની સખી સોમપ્રભા છે—જે મયદાનવની પુત્રી થાય, અને નલકૂબરની સ્ત્રી થાય છે. તે આકાશની મુસાફરી કર્યા કરે છે, અને તે જ તેને અહીં લઇ આવી છે. રાજકન્યાએ મને વિનતિ કરવા માટે મોકલી છે, માટે તેનો સ્વીકાર કરો. અને તમારા બન્નેનો આ મિલાપ ચંદ્ર અને ચંદ્રિકાની માફક થાઓ !' વત્સરાજ મહત્તરીકા પાસેથી તે વાત સાંભળી રાજી થયો અને 'ઠીક છે' એમ કહી તે બાબતનો સ્વીકાર કરી શિરપાવ આપી તેનો સત્કાર કર્યો.

## યૌગંધરાયણનો રાજપ્રપંચ.

પછી રાજાએ મંત્રીમાં મુખ્ય યૌગંધરાયણને બોલાવીને કહ્યુંઃ "કલિંગદત્ત રાજાની કન્યા કલિંગસેના, પૃથ્વી ઉપર ઉત્તમ કાંતિમાન્ છે, તે પોતે મને પરણવા માટે અહીં આવી છે, માટે તેનો ત્યાગ કરવો યોગ્ય નથી. હું તેને ક્યારે પરણું, તે મને ઝટ કહે." આમ વત્સરાજ બોલ્યો. એટલે "મંત્રી યૌગંધરાયણ રાજાના ભવિષ્યનું હિત ઇચ્છી, ક્ષણવાર એવો વિચાર કરવા લાગ્યો કે, કલિંગસેના ત્રણ જગતમાં વિખ્યાત કાંતિમાન્ છે, તેના જેવી બીજી કોઈ નથી. દેવતા પણ તેના ઉપર આશક છે. રાજા વત્સેશ્વર તે કન્યાને પરણી સર્વનો ત્યાગ કરશે, એટલે દેવી વાસવદત્તા મૃત્યુ પામશે; એટલે માતાના મરણ પછી રાજપુત્ર નરવાહનદત્ત પણ નાશ પામશે; અને તેના સ્નેહને લીધે દેવી પદ્માવતી પણ જીવવી કઠણ છે. બન્ને રાણી મરણ પામ્યા પછી ચંડમહાસેન અને પ્રદ્યોત, બંને રાણીના પિતા, કાં તો મૃત્યુ પામશે કે વેરીલા થશે; એટલે આ કાર્યથી આવી રીતે સર્વનો નાશ થશે. હવે રાજાને પણ ના પાડવી નથી; કારણ કે ના પાડવાથી રાજાને વધારે વિરહ વ્યાપશે. એટલા માટે કાર્ય સિદ્ધ કરવા સારુ હું વખત કાઢી નાંખું" આમ વિચારી યૌગંધરાયણે વત્સરાજને કહ્યુંઃ 'મહારાજ ! આપ ભાગ્યશાલી છો. કારણ કે તમારે ઘેર બેઠાં આ કલિંગસેના આવી છે. જાણો કે હવે તેનો પિતા રાજા તમારા નોકરપણાને પામ્યો; માટે તમારે તેનાં લગ્ન માટે જોશીને પૂછી વિધિ પ્રમાણે પાણિગ્રહણ કરવું; કારણ કે તે મોટારાજાની કન્યા છે. આજ તેને રહેવા માટે જૂદું, તેના લાયકનું ઘર આપો, દાસી અને ચાકરો મોકલો, વસ્ત્ર અને આભરણો મોકલો.' આમ મુખ્ય મંત્રી યૌગંધરાયણે કહ્યું એટલે વત્સરાજ, 'ઠીક ઠીક !' એમ કહી મનમાં રાજી થયો અને સઘળું ઉત્સાહથી કરવા લાગ્યો. પછી કલિંગસેનાએ ઉતારાના ઘરમાં પ્રવેશ કર્યો અને પોતાના મનોરથને નજીક માની પરમાનંદને પામી.

બુદ્ધિમાન્ યૌગંધરાયણ ક્ષણવાર પછી રાજભુવનમાંથી બહાર નિકળી પોતાને ઘેર જઈ, આવી રીતે વિચાર કરવા લાગ્યોઃ "ઘણું કરીને વખત ગાળવો તે અશુભકાર્યને અટકાવવાનો ઉપાય છે. પૂર્વે ઈન્દ્ર બ્રહ્મહત્યાથી પલાયન કરી ગયા પછી નહુષ રાજા દેવરાજ ઈંદ્રની ગાદી ઉપર બેઠો અને તે ઈંદ્રાણી ઉપર આશક થયો. એટલે ઈંદ્રાણી દેવગુરુ બૃહસ્પતિને શરણે ગઇ. ત્યારે બૃહસ્પતિએ તેની રક્ષા કરી. વખત કાઢવા માટે નહુષ રાજાને કહ્યું કે, 'આજ સવારે તારી પાસે ઈંદ્રાણી આવશે.' એવામાં તો બ્રાહ્મણના શાપના હુંકારથી તેનો નાશ થઇ ગયો, અને ઈંદ્રને પ્રથમની પેઠે પુનઃ દેવરાજની પદવી પ્રાપ્ત થઈ. આવી રીતે મારે કલિંગસેના માટે રાજાનો કાળ કાઢવો જોઇયે." યૌગંધરાયણ મંત્રીએ આ પ્રમાણે સર્વ વિચાર કરી, તે જ વખતે લગ્ન મુહૂર્ત

આપવા માટે સઘળા જોશીઓની સાથે એકાંતમાં–કોઈ જાણે નહીં તેમ–સંકેત કર્યો. એવામાં મહારાણી વાસવદત્તાને પણ લગ્નની વાર્તા જાણવામાં આવી. એ ઉપરથી તેણે મહામંત્રી યૌગંધરાયણને પોતાના નિવાસભવનમાં તેડાવી મંગાવ્યો. યૌગંધરાયણ તેના નિવાસભવનમાં ગયો અને રાણીને પ્રણામ કરીને બેઠો. પછી વાસવદત્તા કરુણાળ સ્વરે બોલી: "આર્ય મંત્રી, તમે પહેલાં મને કહ્યું હતું કે, 'દેવિ ! તારા જીવતાં, પદ્માવતી વગર તારી બીજી સોક્ય થશે નહીં;' પરંતુ જુઓ, અહીં તો રાજા કલિંગસેનાને પણ પરણવા તૈયાર થએલા છે. એ કલિંગસેના ઘણી ફુટડી છે, તેથી આર્યપુત્રનું તેના ઉપર પ્રસન્ન મન છે. આ ઉપરથી જણાય છે કે તમે ખોટું ભવિષ્ય ભાખનારા છો અને હવે મારું મૃત્યુ આવ્યું એ નક્કી !" તે સાંભળી મંત્રી યૌગંધરાયણે વાસવદત્તાને કહ્યું: "દેવિ ! તમે ધીરજ રાખો. હું જીવતાં એમ કેમ બને ? મારા ખોળીઆમાં પ્રાણ છે, ત્યાં સુધી એમ કદી પણ બનનાર નથી જ. પણ હવે તમારે આ બાબતમાં રાજાથી પ્રતિકૂળ રહેવું નહીં, પણ ઉલટાં ધૈર્યતાનો આશ્રય કરી અનુકૂળતા બતાવવી. કારણ કે વૈદ્ય, રોગી માણસને પ્રતિકૂળ વચન કહે તો તે વૈદ્યના તાબામાં રહેતો નથી,પરંતુ વૈદ્ય રોગીને અનુકૂળ વચનો કહી સામ ઉપાયથી જ તેને ઉપચારો કરે છે, તો તે રોગી વૈદ્યને વશ વર્તે છે. જે મનુષ્ય આડો તણાતો હોય તે મનુષ્ય પાર ઉતરે અથવા ન પણ ઉત્તરે, પરંતુ જે મનુષ્ય સરખો તણાતો હોય તેનો ઉદ્યોગ સફળ થાય છે અને તે દુઃખમાંથી મુક્ત થાય છે. માટે જ્યારે રાજા તમારી પાસે આવે ત્યારે તમારે પોતાના વિચાર ગુપ્ત રાખી દ્વેષ ન બતાવતાં પ્રસન્ન બની ઉપચારોથી તેની સેવા કરવી અને તેને કહેવું કે, જ્યારે કલિંગસેનાનો પિતા પણ સહાય થશે ત્યારે આપણા રાજ્યબળમાં વધારો થશે, આમ કહી હમણાં તેને કલિંગસેના સાથે પરણવાનો વિશ્વાસ બેસારો. આવી રીતે તમારી કીર્તિ ને ઉત્તમ ગુણ જોઈ,રાજા તમારા ઉપર પ્રસન્ન થઇ તમને અનુસરશે; અને કલિંગસેનાને પોતાને આધીન માની તેના વિશે અધીરતા રાખશે નહીં. કારણ કે કોઈપણ બાબતમાં મનુષ્યને મના કરી હોય તે મનુષ્યની તો તે બાબતમાં વાંછા વધ્યા કરે છે. નિર્દોષ રાણીજી! તમારે આ બાબત રાણી પદ્માવતીને પણ શીખવવી કારણ કે એમ કરવાથી આપણે આ કામમાં વખત લગાડશું તે તે સહન કરશે. પછી આગળ શું કરવું તે હું જાણું છું. મારી યુક્તિનો પ્રતાપ તમે જોયા કરો. કારણ કે સંકટમાં બુદ્ધિમાનોની પરીક્ષા થાય છે અને સંગ્રામમાં શૂરાઓની પરીક્ષા થાય છે. માટે રાણીજી !તમે દીલગીર થાઓ મા!એવી રીતે રાણીને સમજાવી, એટલે તે રાણીએ યૌગંધરાયણની વાણીનો આદર કર્યો. ત્યાર પછી તે મંત્રી ત્યાંથી ચાલ્યો ગયો.

તે દિવસે વત્સરાજનું મન, રાજાની માફક સ્વયંવરમાં નમ્ર બન્નેલી કલિંગસેનાની પેઠે,નવો સમાગમ કરવામાં ઉત્કંઠિત હતું. તેને લીધે તે દિવસે કે રાત્રિએ રાણીના બેઉ રાજમહેલમાં ગયો નહીં. ત્યારપછી વાસવદત્તાએ, વત્સરાજે, મુખ્ય મંત્રી યૌગંધરાયણે અને કલિંગસેનાએ જૂદા જૂદા પોતાના મહેલની અંદર જ દુર્લભ આનંદની મોજ મારવા માટે અત્યંત મોટી ચિંતામાં તે રાત્રિને મોટા ઓચ્છવવાળી હોય તેમ ગાળી.



# તરંગ ૬ ઠ્ઠો.

## કલિંગસેનાની કથા–ચાલુ.

પછી પ્રભાતમાં ધૂર્ત યૌગંધરાયણ મંત્રી, જ્યાં વત્સરાજ વાટ જોતો બેઠો હતો ત્યાં ગયો અને તેને વિનતિ કરી:* " મહારાજ ! આપના વિવાહનું મંગળકારક મુહૂર્ત આજે જ શામાટે જોવરાવતા નથી "† તે સાંભળી વત્સરાજ બોલ્યો; " મહારા મનમાં પણ એમ જ થયું છે. કારણ કે મારું મન કલિંગસેના વગર એક મુહૂર્ત પણ રહી શકતું નથી. " આમ કહી રાજાએ તે વખતે આગળ ઉભેલા પ્રતિહારીને હુકમ કરી જોશીઓને તેડાવ્યા. કારણ કે, વત્સરાજમાં કંઇ કપટ ન હતું. જોશીઓ સાથે મંત્રીએ પ્રથમથી સંકેત કીધો હતો કે, ' તમારે ૭ માસ પછી લગ્ન બતાવવાં.' જોશી બોલાવ્યા ત્યારે રાજાએ તેઓને પ્રશ્ન કીધો. એટલે જોશી બાવાઓ બોલ્યા: ' આજથી ૭ માસ પછી રાજાને અનુકૂળ લગ્ન આવે છે. ' તે સાંભળી મહાચતુર યૌગંધરાયણ ખોટો ગુસ્સો કરીને બોલ્યો: ' આ જોશીઓ અજ્ઞાની છે, તેઓને ધિક્કાર છે. આપે પ્રથમ જે જોશીને જ્ઞાની ગણીને સત્કાર કર્યો હતો તે હજુ આવ્યો નથી, માટે તેને

---

* પ્રાચીન પુસ્તકમાં અર્ધ શ્લોક વિશેષ મળે છે, તે આ છે:

राजन्कलिंगदत्तस्य राजस्तक्षशिलापतेः ।

રાજન્, તક્ષશિલા નગરીના રાજા કલિંગદત્તની.

† તક્ષશિલા નગરીના સંબંધમાં જનરલ કનિંઘામ જણાવે છે કે, કાલકા સીરાઈની ઈશાન ખૂણમાં દોઢ મૈલ દૂર સાહ–દીરીની નજીક જે છિન્નભિન્ન થયેલાં ખંડિયેરો જણાય છે તે હશે. આ ભાષાંતરના પૃષ્ઠ ૭ મા માં વત્સરાજની રાજનગરી, કે જ્યાં એક દિવસમાં જ વિમાનમાં બેસી કલિંગસેના પોતાની સખી સાથે જઇ પહોંચી છે, તેનું સ્થળ વિલ્સનની ટીકા પ્રમાણે નક્કી કીધું છે તે ખોટું જણાય છે. કેમકે જનરલ કનિંઘામ જણાવે છે કે, અલાહબાદથી ૩૦ મૈલ દૂર યમૂનાના તટ નજીક એક નગર છે જેને અદ્યાપિપર્યંત કોશામ કહે છે, તેજ નગર તે છે. જે ખંડિયેરો ત્યાં જણાય છે તેમાં એક દુર્ભેદ્ય કિલ્લો છે, જે જમીનની સપાટીથી ૩૦–૩૫ ફીટ ઉંચો છે–જો કે તેનો બુરજ ઉંચો છે. અને તેનો ઘેરાવો લગભગ ૨૩૧૦૦ ફીટ અથવા ચાર મૈલ ને ત્રણ ફરલોંગનો ધરાય છે. તેની દિવાલ ઇંટ ને પથરની છે, જે ઇંટો લંબાઈમાં ૧૯ ઇંચ લાંબી, સાડા બાર ઇંચ પહોળી ને અઢી ઇંચ જાડીઓ છે જેપરથી તેનું પુરાતનપણું નિશ્ચય થાય છે. આ ખંડિયરના મધ્યમાં અલહાબાદ તથા દીલ્લીના કિલ્લામાં છે, તેમ જ કંઈપણ લેખ વગરનો એક પાષાણ સ્થંભ છે. જમીન પરનો કૂપ (ભોયરું) ૧૪ ફીટ લંબાઈમાં છે ને તેની સુરંગ ૨૦ ફીટ મોટી છે, પણ લંબાઈમાં કેટલી છે તે હજી નક્કી થયું નથી. એમ ધારવામાં આવે છે કે, તે ૪૦ ફીટ હશે. મી૦ ગ્રાઉસ કહે છે કે, તેનો છેડો અલાહબાદમાં આવે છે, પણ તે માનવાને તેવું કંઈપણ કારણ જણાતું નથી.

શ્રાવસ્તી નગરી કે જે કૌશાંબી જતાં કલિંગસેના જોતી ગઈ છે તે જનરલ કનિંઘામના કહેવા પ્રમાણે અયોધ્યાની રાપટી નદીના દક્ષિણ તટપર આવેલું સાહતમહત નગર હશે.

પ્રશ્ન પૂછી જેમ ઘટિત લાગે તે પ્રમાણે કરો.' આ વખતે વત્સરાજનું મન ચકડોળે ચઢેલું હતું, તેથી તેણે મંત્રીનાં આવાં વચન સાંભળી તે જોશીને તેડાવી મંગાવ્યો. આ જોશી સાથે પણ મંત્રીએ પ્રથમથી સંકેત કીધો હતો, તેને લીધે રાજાએ લગ્નનું પ્રશ્ન કર્યું એટલે જોશી બાવાએ પણ વિચાર કરી એમ જ છ માસ પછી લગ્નની વ્યવસ્થા બતાવી. પછી યૌગંધરાયણ ઉદાસીનની માફક રાજાને કહેવા લાગ્યો: 'મહારાજ, આ બાબતમાં શુ કરવું તે બતાવો.' રાજાને પરણવાની ઘણી ઉત્કંઠા હતી અને શુભ લગ્નની પણ ઇચ્છા હતી માટે વિચારીને બોલ્યો: " મંત્રિજી ! કલિંગસેનાને પૂછી જોઇએ, તે શું કહે છે તે જુઓ. યૌગંધરાયણ તે સાંભળીને બોલ્યો: 'બહુ સારું.' પછી તે એ જોશીને લઈ કલિંગસેનાની પાસે ગયો. કલિંગસેનાએ તેને આદર સત્કાર આપીને બેસાર્યો. યૌગંધરાયણ તે કન્યાનું સ્વરૂપ જોતાં જ વિચારવા લાગ્યો કે, ' રાજા આ સાથે પરણ્યા પછી, સર્વ રાજપાટ છોડી, મોજમઝામાં મશગુલ થઇ જશે. ' આમ વિચાર કરીને કલિંગસેનાને કહ્યું, 'હું આ જોશી બાવાઓને સાથે લઈ તમારાં લગ્નનો નિશ્ચય કરવા માટે આવ્યો છું; તમે તેને તમારું જન્મ નક્ષત્ર બતાવો.' તે સાંભળી કલિંગસેનાની પ્રતિહારીએ કલિંગસેનાના જન્મ સમયનું નક્ષત્ર કહી બતાવ્યું, એટલે મંત્રી સાથે પ્રથમથી ગોઠવણ કરનારા જોશીઓએ ખોટું ખોટું મીન મેષ કરી ત્યાં પણ ફરીને છ માસ પછીનું તે જ લગ્ન બતાવ્યું અને બોલ્યા કે, 'હમણાં લગ્ન નથી, પછી છે.' લગ્ન ઘણું દૂર આવેલું જોઇ, કલિંગસેનાનું મન ખેદ પામવા લાગ્યું; એટલે તેની મહત્તરિકા બોલી; 'છેટે લગ્નનું કે નજીક લગ્નનું શું પ્રયોજન છે? પ્રથમ તો લગ્ન અનુકૂળ જોવું જોઇયે-કે જે લગ્ન વડે આ જોડાનું જીવિત પર્યંત કલ્યાણ થાય.' મહત્તરિકાનું આવું વચન સાંભળી ત્યાં બેઠેલા સઘળાએ તે જ વખતે, 'એ ખરુ છે, એમ જ જોઈએ,' આમ કહીને ટેકો આપ્યો. ત્યારે યૌગંધરાયણ બોલ્યો: 'પણ અશુભ કાળમાં લગ્ન કરવાથી અમારા સંબંધમાં આવેલા કલિંગદત્ત રાજા પણ, દુ:ખી થાય તેનું કંઈ?' ત્યારપછી પરાધીન થયેલી કલિંગસેના પણ તે સઘળાને કહેવા લાગી કે, 'તમારા ડહાપણથી જે નક્કી કરો તે ખરું!' આટલું કહી તે છાની રહી ગઇ. પછી રાજ્યપરાયણ યૌગંધરાયણ તેનાં વચનો સ્વીકારી, તેની રજા લઇ, જોશી સહિત રાજાની પાસે આવ્યો અને ત્યાં વત્સરાજને તેનાં વચનો જણાવી, યુક્તિ પ્રમાણે તેને સમજાવી, પોતાને ઘેર ગયો.

આ પ્રમાણે રાજાનાં લગ્નમાં વિઘ્ન લાવવાનું કાર્ય નક્કી કરી પોતાનો હેતુ પૂર્ણ રીતે પાર પાડવા માટે, પોતાના મિત્ર યોગેશ્વર બ્રહ્મરાક્ષસનું સ્મરણ યૌગંધરાયણે કર્યું. પ્રથમથી જેને સર્વ જાણ થયેલું હતું એવો તે બ્રહ્મરાક્ષસ ધ્યાન ધરતાની સાથે તેની પાસે આવ્યો અને તેને પ્રણામ કરી કહ્યું; 'મારું સ્મરણ શા માટે કરો છો?' તુરત જ મંત્રીએ રાજાને કષ્ટ આપનારું કલિંગસેનાનું વૃત્તાંત રાક્ષસને કહી સંભળાવ્યું, અને વળી કહ્યું; 'મિત્ર ! મેં તેના વિવાહનું મૂહૂર્ત છેટે રખાવ્યું છે, માટે તે સમયની અંદરમાં, કલિંગસેનાની ગુપ્ત હકીકત, ગુપ્ત રીતે જાણીને અમને જણાવ. કારણકે, બેશક હું ધારું છું કે, આ ત્રણ લોકમાં તેના જેવી બીજી સ્ત્રી સ્વરૂપ લાવણ્યમાં નથી, માટે વિદ્યાધર આદિ ગુપ્ત રીતે તેની સાથે પરણવાની ઇચ્છા કરતા જ હશે; તેથી જો તે



કોઈ પણ સિદ્ધ કે વિદ્યાધર સાથે સમાગમ કરે, તો તું તે નજરમાં રાખજે, તેમાં આપણું શ્રેય થશે. કામાતુર થયેલો દેવતા બીજું રૂપ ધારણ કરીને આવે તે તારાથી જાણી શકાશે; કારણ નિદ્રાસમયમાં દિવ્ય પ્રાણી પોતાના સ્વરૂપમાં રહે છે. આવી રીતે અમે તારી દૃષ્ટિદ્વારા તેના દોષ જોઈ શકીશું. માટે રાજા જેમ તે કન્યા ઉપર ઉદાસી થાય તેમ તું અમારું કામ કર." યૌગંધરાયણે આમ કહ્યું એટલે તે બ્રહ્મરાક્ષસ બોલ્યો: "હું યુક્તિથી તેનો નાશ કરાવું અથવા મારી નાંખું તો કેમ?" જ્યારે મહામંત્રી યૌગંધરાયણે આવા શબ્દો સાંભળ્યા ત્યારે તે બોલ્યો: "તે કર્મ હરગીઝ કરવું નહીં, કારણ કે તેથી મોટો અધર્મ થાય. જે મનુષ્ય ધર્મને ધક્કો પહોંચાડ્યા વગર પોતાને માર્ગે ચાલ્યો જાય છે તે મનુષ્યના શુભકાર્યને સાધવામાં ધર્મ જ તેને સહાય કરે છે. માટે મિત્ર! તારે તો તે પોતે જે ખોટું કામ કરે તે જોવું કે જેને લીધે તારી મિત્રતામાં અમે રાજાનું કામ કર્યું કહેવાય." આમ મુખ્ય મંત્રીએ આજ્ઞા કરી. બ્રહ્મરાક્ષસ યોગવડે અદૃશ્ય થઈ ગયો ને કલિંગસેનાના ઘરમાં પેઠો. કલિંગસેનાની સખી મયદાનવની પુત્રી સોમપ્રભા ફરી તેની પાસે આવી અને સખી કલિંગસેનાને રાત્રિની હકીકત પૂછી. બ્રહ્મરાક્ષસ સાંભળે છે તેમ સોમપ્રભા નીચે પ્રમાણે બોલી: "અલિ કલિંગસેના ! આજ પહેલે પ્રહરે હું તારે માટે વિચાર કરીને આવી હતી, એવામાં અહીં યૌગંધરાયણને મેં દીઠો, એટલે તારી પડખે અદૃસ્ય રીતે ઉભી રહી, તમારું સર્વ બોલવું સાંભળ્યું અને તમારી વાર્તા મ્હેં જાણી લીધી. મેં તને ના પાડી હતી, છતાં પણ કાલે જ તેં એ બાબત શા માટે શરુ કરી? સખિરી! અપશુકનનો વિચાર કર્યા વગર જે કોઈ, કોઇપણ કામ કરે છે, તે કામ વિપરીત ઉતરે છે. એ વિષય ઉપર એક કથા કહું છું તે સાંભળ:-

## વિષ્ણુદત્ત અને સાત બ્રાહ્મણોની કથા.

પૂર્વે અંતર્વેદીમાં વસુદત્ત નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને ત્યાં વિષ્ણુદત્ત નામનો પુત્ર અવતર્યો. વિષ્ણુદત્ત સોળ વર્ષની ભરજુવાનીમાં આવ્યો ત્યારે વિદ્યા મેળવવા માટે વલ્લભીપુર જવા તૈયાર થયો. તેને તેના જેવડા બીજા સાત બ્રાહ્મણના છોકરા મળ્યા. તે સાતે જણ મૂર્ખ હતા. આ પંડિત હતો તથા સત્કુળમાં જન્મેલો હતો. પછી તેઓએ પરસ્પર શપથ-સોગન લીધા કે, આપણે એક બીજાથી જુદા પડવું નહીં. આવી રીતે સોગન લઈ, રાત્રિ પડી એટલે વિષ્ણુદત્ત તેઓની સાથે માતા પિતા જાણે નહીં, તેમ ત્યાંથી ચાલી નિકળ્યો. થોડે ચાલતાં અપશુકન થયાં, તે જોઈ વિષ્ણુદત્ત, સાથે આવનારા તે મિત્રોને કહેવા લાગ્યો: "અફસોસ ! આ અપશકુન થયાં માટે આજ પાછું વળવું ઘટિત છે. ફરી શુભ શકુન થયા પછી કાર્ય સિદ્ધ કરવા માટે જઇશું." તે સાંભળતાં જ સાત મૂર્ખ મિત્રો બોલ્યા: "ખોટી શંકા કર નહીં. અમે શકુનબકુનથી ડરતા નથી. તું ડરતો હો તો અમારી સાથે આવ નહીં, અમે તો હમણાં જ જઇએ છીએ. સવારમાં અમારા ભાઇઓને આ વાર્તાની ખબર પડે તો તે અમને જવા દેશે નહીં, પણ ઉલટા અટકાવશે." તે અજ્ઞાનીઓ આમ બોલ્યા એટલે સોગનથી બંધાયલો વિષ્ણુદત્ત, પાપહર્તા પરમેશ્વરનું સ્મરણ કરી, તેઓની સાથે ચાલવા માંડ્યો. રાત્રિ વીતી, સવાર થઈ ત્યારે એક વધારે અપશકુન થયું. તે જોઈ ફરી વિષ્ણુદત્ત બોલ્યો, એટલે તે સઘળા મૂર્ખ મિત્રો તેનું અપમાન કરી નીચે પ્રમાણે કહેવા લાગ્યા:

"અરે માર્ગથી ડરનારા ! ! પગલે પગલે કાગડાથી ડરનારા ! તને અમે સાથે આણ્યો છે તે જ અપશકુન છે, તો બીજાં અપશકુન શાં બળ્યાં છે ?" આવી રીતે તેનું અપમાન કરી તેઓ ચાલવા લાગ્યા એટલે પરવશ થયેલો **વિષ્ણુદત્ત** પણ તેની સાથે સાથે મૂગો મૂગો ચાલવા લાગ્યો. પોતાની મરજી પ્રમાણે વર્તનારા ઉપરીને ઉપદેશ કરવો નહીં, કેમ કે કચરામાં આપેલી આહૂતિ જેમ ફોકટ જાય છે, તેમ તેને કરેલો ઉપદેશ અપમાન કરનારો થઈ પડે છે. ઘણા મૂર્ખોમાં એક વિદ્વાન્ આવી ચડ્યો હોય તો તે જેમ જળના તરંગમાં પડેલું કમળ આમતું તેમ અથડાય છે, તેમ તે વિદ્વાનની પણ વલે થાય છે; માટે મારે વારંવાર આ લોકોને સારું નરતું બતાવવું નહીં; પણ છાનામાના જ ચાલ્યું જવું, દૈવ સારું જ કરશે." રસ્તામાં આવા વિચાર કરતો **વિષ્ણુદત્ત**, તેઓની સાથે ચાલવા માંડ્યો. સાંજ પડી એટલે તેઓ એક ભીલ્લના ગામમાં જઈ પહોંચ્યા ને રાત્રિના ઉતારા માટે તે ગામમાં ભટકવા લાગ્યા. આમ ભટકતાં ભટકતાં એક ઘરમાં કોઈ એક તરુણી બેઠી હતી ત્યાં જઈ ચઢ્યા. **વિષ્ણુદત્તે** તે સ્ત્રી પાસે ઉતારા માટે એક ઘરની માંગણી કરી. તે સ્ત્રીએ તેને એક ઘર ઉતરવા માટે આપ્યું; તેમાં તે બીજા મૂર્ખો સહિત ઉતર્યો. ક્ષણવાર થયા પછી તે સાતે જણ નિદ્રાવશ થઈ ગયા. ઉજડ ઘરમાં ઉતારો કરવાથી તે જ પંડિત જાગતો હતો. અજ્ઞાનીઓ નિદ્રા કરે છે, પણ વિવેકીઓને નિદ્રા ક્યાંથી આવે ?

એવું બન્યું કે, તે અરસામાં કોઈ છેલપુરુષ છાનોમાનો તે ઘરના અંદરના ઓરડામાં તે તરુણી પાસે આવ્યો. પેલી સ્ત્રી તેની સાથે છાની છાની વાતો કરવા લાગી. ઘણી વાર રંગભોગ કરી તે બન્ને શ્રાંત બની જવાથી દૈવયોગે નિદ્રા આવી ગઈ. **વિષ્ણુદત્ત** બારણાનાં છિદ્રમાંથી અંદર શું થાય છે તે જોતો હતો. ઓરડામાં દીવાનું અજવાળું હતું તેને લીધે સર્વ બનાવ જોઇને તે ખેદ કરતો વિચાર કરવા લાગ્યો કે; "બહુ ભૂંડું થયું! આ કુલટા સ્ત્રીના ઘરમાં અમે ક્યાંથી પેઠા ? બેશક આ માણસ તેનો યાર છે. એ આ સ્ત્રીનો કુમારાવસ્થાનો પતિ તો નથી જ. જો આ તરુણ તેનો પતિ હોય તો આ સ્ત્રી ભયથી ધીરે ધીરે ચાલે નહીં. મેં પ્રથમથી જ આ સ્ત્રીને ચંચળ ચિત્તની કુલટા જાણી હતી, પણ બીજો ઉતારો મળ્યો નહીં તે માટે અહીં ઉતર્યાં છીએ; અને તે વાતમાં પરસ્પર સાક્ષી છીએ." આમ તે વિચાર કરે છે, એવામાં તેણે બહાર મનુષ્યોનો હોકારો સાંભળ્યો. તુરત જ એક તરુણ ભીલ્લ, હાથમાં તરવાર લઈ ઘરની અંદર આવ્યો અને સીપાઇઓ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈ રહ્યા. તે ભીલ્લરાજ અંદર આવી ચોતરફ નજર કરવા લાગ્યો ને બ્રાહ્મણોને જોઈ પૂછવા લાગ્યો, "રે કોણ છો?" **વિષ્ણુદત્ત** તેને ઘરનો ધણી જાણીને ડર્યો અને તે ભીલ્લપતિને કહ્યું: "અમે વટેમાર્ગુ છીએ." પછી પેલો ભીલ્લ અંદર ગયો અને જુવે છે તો પોતાની સ્ત્રીને અને તેની પાસે સુતેલા તેના યારને દીઠો; એટલે ક્રોધાવેશમાં ભીલ્લે તે યારનું મસ્તક તરવારથી છેદી નાંખ્યું, પણ તે સ્ત્રીને શિક્ષા કરી નહીં, તેમ જગાડી પણ નહીં. પછી તરવારને પૃથ્વી ઉપર મૂકી, બીજા ખાટલા ઉપર તે પણ સુઈ ગયો. આ વખતે ઘરમાં દીવો બળતો હતો તેને લીધે **વિષ્ણુદત્તે** સઘળું જોયું. તે વિચારમાં પડી ગયો:" વાહ! આ ભીલ્લે સ્ત્રીને સ્ત્રી ગણીને મારી નહીં, પણ સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર જારને મારી નાંખ્યો છે, તે ઘટિત કર્યું છે! પરંતુ પોતાનું કામ કરી એ બેફીકરાઇથી અહીં



શયન કરી ગયો છે તે અમને આશ્ચર્ય પમાડે છે. ખરે, નિર્ભય મનવાળાનું પરાક્રમ આશ્ચર્ય કરાવનારું હોય છે." **વિષ્ણુદત્ત** આમ વિચાર કરે છે એવામાં તે કુલટા સ્ત્રી જાગી ઉઠી, તે જુવે છે તો પોતાના પતિને સુતો દીઠો અને જારને મરેલો દીઠો. વિચાર કરી તુરત જારનું ધડ કાંધ ઉપર ઉપાડ્યું અને મસ્તક હાથમાં લીધું. પછી તે ઘરની બહાર નીકળી પડી; અને ઘણી ત્વરાથી ચાલી જઈ પાસેના રાખના ઢગલામાં ધડને મસ્તક સહિત દાટી દીધું અને પછી છાનીમાની પોતાના વર પાસે આવી. **વિષ્ણુદત્ત** પણ તેની પાછળ બહાર નીકળીને આ સર્વ બાબત છેટેથી જોઈ, પુનઃ મિત્રો સૂતા હતા ત્યાં આવી તેઓની વચમાં પેસીને તેમની જ પેઠે સૂઈ ગયો. પેલી દુષ્ટ સ્ત્રી બહારથી જેવી ઘરમાં આવી તેવી અંદરના ઘરમાં જઈ પતિની તે જ તરવારથી, તેણે પતિનું મસ્તક છેદી નાંખ્યું; અને બહાર નીકળી બરાડા પાડીને ચાકરોને સંભળાવવા લાગીઃ "હાય! હાય! હું મરી ગઈ છું. મારા ધણીને આ વટેમાર્ગુઓએ મારી નાંખ્યો. રે બાપ!" તેનો શબ્દ સાંભળી પેલા ભીલ્લના જ સીપાઇઓ દોડ્યા; અને પોતાના સ્વામીને જોવા લાગ્યા તો તેને મરેલો દીઠો. પછી આયુધો ઉગામી **વિષ્ણુદત્ત** વિગેરે ઉપર તેઓ તૂટી પડયા અને **વિષ્ણુદત્તની** સાથે બીજા સૂતા હતા તેને પણ મારવા લાગ્યા; ત્યારે **વિષ્ણુદત્ત** ઝટ બોલ્યો—"તમે બ્રહ્મહત્યા કરો નહીં. અમે એ કામ કર્યું નથી; પણ એ કામ અન્ય પુરુષ ઉપર આસક્ત બનેલી આ કુલટા સ્ત્રીએ જ કર્યું છે! બારણાં બંધ કર્યાં હતાં ત્યારે તેના છિદ્રમાંથી તેનું આ સઘળું કૃત્ય મેં જોયું છે; માટે જો તમે થોડી ધીરજ ધરો તો હું તમને સર્વ વૃત્તાંત કહી બતાવું!" આમ કહી તે ભીલ્લોને મારતાં અટકાવી, તેઓને આદિથી અંતપર્યંત સર્વ વૃત્તાંત કહી બતાવ્યું; અને પછી તે સ્ત્રીએ પતિને માર્યા પહેલાં યારનું ધડ રાખના ઢગલામાં ઢાંક્યું હતું તે ધડ, માથા સહિત બતાવ્યું. તે સ્ત્રીનું મુખ ઝાંખું પડી ગયું અને તેણે સર્વ વાત કબૂલ કરી. ત્યારે ત્યાં ઉભેલા સઘળા તે કુલટાનો તિરસ્કાર કરી એમ કહેવા લાગ્યા કે; "જે સ્ત્રી કામમોહિત થઈ નિર્ભયતાથી સાહસ કર્મ કરે છે, એવી પરપુરુષને હાથ ચડેલી દુષ્ટ સ્ત્રી, તરવારની માફક કોનો નાશ કરતી નથી ?" આમ કહી તેઓએ **વિષ્ણુદત્ત** વગેરે બ્રાહ્મણોને છોડી મૂકયા. પછી **વિષ્ણુદત્ત** સાથેના સાત મૂર્ખા બ્રાહ્મણો તેનાં વખાણ કરવા લાગ્યા કે; "અરે ભાઈ **વિષ્ણુદત્ત** ! અમે રાત્રિમાં સૂતા હતા, તે વખતે તું અમારી રક્ષા કરનારા રત્નદીપ સમાન થયો છે. આજ અમે તારી મહેરબાનીથી કાળના મુખમાંથી બચી ગયા છિએ." આમ **વિષ્ણુદત્તની** સ્તુતિ કરી, દુષ્ટ વચનની માફ માગી, તેઓએ **વિષ્ણુદત્તને** પ્રણામ કર્યાં. પ્રભાત થયું એટલે પોતપોતાનાં કાર્ય માટે સર્વ તેની જ સાથે ચાલતા થયા.

કોશાંબી નગરીમાં **સોમપ્રભાએ** કલિંગસેનાને આ કથા કહી સંભાળવી. પછી પરસ્પર વાત કરતાં પુનઃ **સોમપ્રભા**, કલિંગસેનાને કહેવા લાગીઃ "સખિ ! આવી રીતે થયેલું અપશકુન, કાર્યમાં પ્રવૃત્તિ કરનારા લોકોને વિલંબ લગાડી, અનિવાર્ય અનિષ્ટ કરે છે. વિદ્વાનનાં વાક્યોને વખોડીને, જે મંદ બુદ્ધિવાળા જનો ઉતાવળથી કામ કરે છે, તે પરિણામે પશ્ચાત્તાપને પામે છે. પરણવા સારુ કાલે અશુભ મુહૂર્તમાં તેં દૂત મોકલ્યો તે ઠીક કર્યું નહિ. દૈવ તારો વિવાહ વિઘ્ન રહિત પૂર્ણ કરો ! એમ હું ઇચ્છું છું ! પણ તું ઘેરથી અશુભ લગ્નમાં આવી છે, માટે વિવાહ મોડે

થશે. દેવતાઓ પણ તારા ઉપર લોભાણા છે, માટે તારે તારા શરીરની રક્ષા કરવી; અને મંત્રી યોગંધરાયણથી સાવચેત રહેવું. તે નીતિમાં નિપુણ છે; તે રાજાને દુઃખ પડશે, એવી શંકાથી આ બાબતમાં વિઘ્ન કરશે ! ધર્મયોગે વિવાહ વિઘ્નરહિત થશે તો તારા ઉપર દોષારોપ કરશે; અથવા તે ધાર્મિક છે, તેથી કદી તારા ઉપર દોષ ઉત્પન્ન કરે નહીં તો પણ, સખિ ! તારે સર્વથા સપત્નીથી ભય ધરતાં રહેવું. એ વિષયમાં તને કથા કહું છું તે સાંભળ.

## કદલીગર્ભાની કથા.

આ જગતમાં ઇક્ષુમતી નામની એક નગરી હતી. તે નગરીના પડખા ઉપર વિશ્વામિત્ર મુનિએ ઉત્પન્ન કરેલી ઇક્ષુમતી એવા જ નામની એ નદી વહેતી હતી. તે નદીની પાસે વિશાળ વન હતું. તેમાં મંકણક નામના મુનિ, આશ્રમ કરી ઉંચા પગ રાખી, ઉંધે મસ્તકે તપ કરતા હતા. તેણે તપ કરતાં આકાશમાર્ગે આવતી મેનકા અપ્સરાને, પવનથી ઉંચાં વસ્ત્ર થઇ ગયેલી હાલતમાં જોઇ, કામદેવને મુનિના મનને લોભાવવાનો અવકાશ મળ્યો. કામદેવે મુનિનું મન ક્ષોભ પમાડયું; મુનિનું વીર્ય, નવીન કેળની અંદર જઈ પડયું. તેના સમાગમથી સર્વ અંગથી સુંદર એવી એક કન્યા ઉત્પન્ન થઈ. મુનિઓનું વીર્ય તે જ વખતે અમોઘ પરાક્રમ ઉત્પન્ન કરે છે. કન્યાના પિતા મંકણકે તે કન્યા કદળીગર્ભથી પેદા થઈ હતી, માટે તેનું નામ કદળીગર્ભા રાખ્યું. પૂર્વે રંભા અપ્સરાનાં દર્શનથી ગૌતમનું વીર્ય સ્ખલિત થયું હતું, તેમાંથી દ્રોણની સ્ત્રી કૃપી ઉત્પન્ન થઈ હતી. તે જેમ ગૌતમના આશ્રમમાં રહેતી, એમ તે કન્યા તે મુનિના આશ્રમમાં રહેવા લાગી. એક વખતે મધ્યદેશમાં* જન્મેલો દ્રઢવર્મા નામનો રાજા, મૃગયાપરના પ્રેમને લીધે મૃગયા રમવા ગયો હતો, તેને ઘોડો દૂર ખેંચી લાવ્યો, અને તે મુનિના આશ્રમમાં આવી પહોંચ્યો. ત્યાં કદલીગર્ભા કન્યાને દીઠી. આ કન્યાએ વલ્કલ વસ્ત્ર પહેર્યાં હતાં અને તે બાળા મુનિ કન્યાના વેશવડે અત્યંત શોભાયમાન દેખાતી હતી. તે કન્યા નજરે પડતાં જ રાજાનું મન એવી રીતે તો હરાઈ ગયું કે, અંતઃપુરની સ્ત્રીઓને મળવાનો અવકાશ પણ તેણે હરી લીધો. રાજા તેને જ ઝંખવા લાગ્યો. પછી રાજાએ વિચાર કર્યો કે, 'રાજા દુષ્યંત કણ્વમુનિની કન્યા શકુંતલાને પરણ્યો હતો, તેમ અહીં પણ આ કોઈ મુનિની કન્યા છે, માટે તેને હું પરણું.' ! તે આમ વિચાર કરતો હતો, એવામાં તેણે યજ્ઞનાં કાષ્ઠ અને દર્ભ લઇને આવતા મુનિ મંકણકને દીઠા; રાજા, અશ્વને છોડી દઈ તેની પાસે ગયો અને મુનિનાં ચરણમાં પ્રણામ કર્યાં. પછી મુનિએ પ્રશ્ન કર્યા કે, 'તમે કોણ છો, અને કેમ આવ્યા છો ?' રાજાએ તેને પોતાની વાર્તા વિદિત કરી. પછી મુનિએ કદલીગર્ભાને આજ્ઞા કરી; 'વત્સા ! આ રાજા આપણે ત્યાં અતિથિ થયેલો છે, માટે તેને અર્ઘ્યાં† આપ !' તે કન્યાએ કહ્યું; 'પિતાની જેવી

* ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિંધ્યાચળ, પૂર્વમાં પ્રયાગ ને પશ્ચિમમાં મારવાડની વચ્ચે આવેલો દેશ તે મધ્યદેશ કહેવાય છે. † પ્રાચીન કાળમાં અર્ઘ્યમાં પાણી સાથે ભાત, દૂર્વા ને પુષ્પ આપવામાં આવતાં હતાં. એ માનની નિશાની છે.



આજ્ઞા,' એમ કહી રાજાનો અતિથિસત્કાર કર્યો. પછી તે રાજાએ મુનિને પ્રશ્ન કર્યો; 'મહારાજ ! તમારે આવી કન્યા ક્યાંથી ?' એટલે મુનિએ કન્યાની ઉત્પત્તિ તથા ઉત્પત્તિને અનુસરનારું તેનું નામ, એ બન્ને રાજાને જણાવ્યાં. રાજા, મેનકાની ભાવનાથી ઉત્પન્ન થયેલી તે કન્યાને દેવી અપ્સરા સમજી, તેના ઉપર અતિ ઉત્કંઠિત થઈ ગયો; અને મુનિ પાસે તે કન્યાની માંગણી કરી. મુનિએ, કદલીગર્ભા કન્યા રાજાને પરણાવી; પૂર્વ પુરુષોનું દિવ્ય પ્રતાપી ચરિત્ર વિચારમાં આવી શકતું નથી.

જ્યારે દેવાંગનાઓને તેના વિવાહની વાર્તા જાણવામાં આવી ત્યારે તેઓ, મેનકા સાથેના પ્રેમને લીધે, દિવ્ય પ્રતાપવડે ત્યાં આવીને કન્યાને વિવાહનો શણગાર પહેરાવ્યો અને તેના હાથમાં સર્ષવ આપી, તે જ વખતે તે બોલી: "બહેન ! માર્ગની તને ઓળખાણ રહે, માટે આ સર્ષવ વાવતી જજે. જો તારો પતિ તારું અપમાન કરે તો તું આ સર્ષવ ઉગ્યા છે તેને લીધે માર્ગને ઓળખી અહીં પાછી આવતી રહેજે." રાજા દ્રઢવર્મા તો મુનિકન્યાને પરણી પોતાના રથમાં બેસારી ત્યાંથી ચાલતો થયો, માર્ગમાં આવતી સેના તેને મળી. તે રાજા રસ્તામાં સર્ષવને વાવતી રાજકન્યા સહિત રાજધાનીમાં આવી પહોંચ્યો. રાજધાનીમાં આવ્યા પછી કાર્યભારીઓને કદલીગર્ભાનું વૃત્તાંત જણાવી, બીજી સ્ત્રીઓનો અનાદર કરી, કદલીગર્ભા સાથે જ રાજા રહેવા લાગ્યો. વિરહ ને ઇર્ષાથી દુઃખી થયેલી રાજાની પટ્ટરાણીએ, રાજાના કાર્યભારીને એકાંતમાં બોલાવી, પોતે કરેલા ઉપકારો યાદ આણાવીને, અત્યંત દુઃખી થયેલી તે કહેવા લાગી: 'મહારાજાએ નવી સ્ત્રી ઉપર આસક્ત બની હમણાં મારો ત્યાગ કર્યો છે; માટે આ મારી શોક્ય જેમ શાંત પડે તેમ કર !' તે સાંભળી રાજમંત્રી બોલ્યો; 'રાણીજી ! મારા સરખા પુરુષને એ ઘટીત નથી કે પોતાના સ્વામીની સ્ત્રીઓનો નાશ કરવો અથવા તેમને હાંકી કઢાવવી. સ્ત્રીના વિરહથી રાજાનો નાશ થાય છે. કપટના કામ કરવામાં મચેલી અને તેવાં કામ કરનારા સાથે સંબંધ રાખનારી આર્જાઓનો આ વિષય છે. તે કપટી તાપસીઓ માયામાં કુશળ હોય છે. તે સ્ત્રીઓ વગર અટકાવે, ઘરની અંદર પ્રવેશ કરીને શું શું કરતી નથી ? સઘળું કરે છે.' મંત્રીએ આ રીતે કહ્યું એટલે રાણી શરમને લીધે નમ્ર માફક બનીને બોલી: 'સત્પુરુષે નિંદિત એવા કામની મારે કાંઈ જરૂર નથી,' આમ બોલી મંત્રીને રજા આપી અને તેણે કહેલું મનમાં રાખી દાસીને બોલાવી, તે દ્વારા કોઈ આર્જા–જૈન સાધ્વીને બોલાવી અને તેની આગળ પોતાના મનની સર્વ ઇચ્છા આરંભથી કહી બતાવી અને કામ સિદ્ધ થયા પછી તેને ઘણું દ્રવ્ય આપવા કબૂલ થઈ. પેલી દુષ્ટા તાપસી તે દુઃખી રાણીને કહેવા લાગી: 'રાણીજી ! આ બાબત તે કોણ માત્ર છે ? તમારું આ કાર્ય હું કરીશ; કારણ કે, મને જૂદા જૂદા ઘણા પ્રયોગ આવડે છે.' આવી રીતે તે રાણીને સમજાવી, તે આર્જા ત્યાંથી ચાલી ગઈ. તે પોતાના મઠમાં આવી. પછી તે બીહકણની માફક નીચે પ્રમાણે વિચાર કરવા લાગી: 'અરેરે ! ભોગની અતિશય આશા ક્યા પુરુષને દુઃખી કરતી નથી? જો કે આ વિષયમાં મારું એવું સારું જ્ઞાન નથી,કે રાણીનું કાર્ય કરું, પણ મેં રાણીની સમક્ષ આ કામ કરવાની

પ્રતિજ્ઞા કરી છે. બીજાં ઠેકાણાંની માફક રાજ્યમહેલમાં જૂઠું ચાલી શકે નહીં; કારણ કે કદાચિત્ એ બાબત રાજાઓના જાણવામાં આવે તો તેઓ શિક્ષા કર્યા વિના રહે નહિ. પણ આ બાબતનો એક ઉપાય છે. મારો એક હજામ મિત્ર છે, તે આ બાબતમાં કુશળ છે, તે આ કામમાં ઉદ્યમ કરે તો કામ પાર પડે.' આમ વિચાર કરી તે આર્જા હજામ પાસે ગઈ, અને ધનની પ્રાપ્તિ કરાવનારું પોતાનું સર્વ ચરિત્ર કહી બતાવ્યું. તે વૃદ્ધ ધૂર્ત હજામ વિચાર કરવા લાગ્યો: "મને હમણાં આ એક લાભનું સ્થાન મળ્યું, એ ઘણું સારું થયું. પરંતુ રાજાની નવી રાણીને દુઃખ દેવું નહીં, પણ તેનો બચાવ કરવો. તે રાણીના પિતાને દિવ્ય દૃષ્ટિ છે, માટે તે આ સર્વ વાર્તા રાજાને જણાવે તો મારા ભોગ ફરી વળે. માટે હમણાં તો મારે આ રાણીને રાજાથી જૂદી પાડી તેનું ધન ખાઈ જવું. ચાકરને દુષ્ટ પોકળની ખબર પડે છે ત્યારે ઉપરી—અમલદાર ચાકર જેવા બને છે. પછી વખત આવે ત્યારે રાણીને રાજા સાથે મેળાપ કરાવી, મારે તે સર્વ બાબત, વીત્યા પ્રમાણે, રાજાને જણાવવી ! આમ કરવાથી રાજા અને ઋષિકન્યા પાસે મારી આજીવિકા જારી રહેશે. આમ કરવાથી પાપ પણ લાગશે નહીં અને આજીવિકા પણ ચાલશે." આવો વિચાર કરી તે હજામે તે કપટી તાપસીને કહ્યું: 'માતાજી રે ! સઘળું કામ યુક્તિના બળથી કરીશ, પણ આપણા રાજાની નવી રાણી મરણ પામે તે ઘટિત ગણાય નહીં. એ વાત જો રાજાના જાણવામાં આવે તો તે મારા સર્વ ઘરનો નાશ કરે; વળી મને સ્ત્રીહત્યાનું પાતક લાગે; અને તેના પિતા મુનિ મને શાપ આપે ! માટે બુદ્ધિબળવડે તે રાણીને રાજાથી દૂર કરાવીશ કે જેને લીધે રાણી આપણને ધન આપશે. આ કરવું તે મારે કીસ ગણતરીમાં નથી. બુદ્ધિથી કીયું કાર્ય હું સિદ્ધ કરી શકું નહીં? મારી બુદ્ધિના પ્રભાવની એક વાત કહું છું તે સાંભળ.

### હજામ અને રાજાની કથા.

આ દ્રઢવમાં રાજાનો પિતા ઘણો સ્વછંદી હતો. તે વેળાએ હું તેની સેવામાં, જે કાર્ય મારા વંશપરંપરાનું ( માથું બોડવાનું ) છે, તે માટે તેની ચાકરી કરતો હતો. એક દિવસે ગામમાં ફરતાં ફરતાં તેણે મારી સ્ત્રીને દીઠી. મારી સ્ત્રી તરુણ છેલછબીલી હતી, તેને લીધે રાજાનું તેના ઉપર મન ગયું અને તેણે પાસવાનોને પૂછ્યું કે,'આ સ્ત્રી કોણ છે?' તેઓએ તેને જણાવ્યું કે, તે તો આપણા હજામની સ્ત્રી છે. રાજાએ વિચાર્યું કે, એ હજામડો વળી શું કરવાનો હતો, એમ વિચારી તે મારે ઘેર પધાર્યા અને હજામ શું કરે છે એમ પૂછતા મારા ઘરની અંદર ઘૂસી ગયા ! પછી તે દુષ્ટ રાજાએ મરજી મુજબ મારી સ્ત્રીનો ઉપભોગ કરી લીધો. દૈવયોગે હું તે દિવસે ક્યાંઇ બહાર ગયો હતો. બીજે દિવસે ઘરમાં આવ્યો અને જોયું તો છણછણતી બાઈ કંઈ જૂદા જ રૂપમાં જોવામાં આવ્યાં. મેં તેમને પૂછ્યું, ત્યારે તેણે મને અભિમાનીની પેઠે, જેમ બન્યું હતું તેમ, ઈત્થંભૂત સર્વ વાર્તા કહી બતાવી. પછી તે રાજા હમેશાં એ જ પ્રમાણે મારી સ્ત્રીનો ઉપભોગ કરવા લાગ્યો અને મને તેણે ધમકી આપી, તેથી હું નાઇલાજ બની ગયો ! એ દિવસથી દુષ્ટ સ્વભાવથી ઉન્મત્ત થયેલા રાજાને ક્યાં જવું, ક્યાં ન જવું તેનો વિચાર ક્યાંથી હોય ? વાયુવડે વૃદ્ધિ પામેલો અગ્નિ શું તૃણ કે શું સુવર્ણ સઘળાનો નાશ કરે છે ! રાજાને એ કામ કરતાં અટકાવવાની મારામાં શક્તિ ન હતી, તેથી



એક યુક્તિ રમવા માંડી. હું થોડું ભોજન કરી દુર્બળ બની ખોટો મંદવાડ ભોગવવા લાગ્યો. થોડા દહાડામાં હું દુર્બળ, પીળો અને માંદા જેવો બની, રાજાના વાળ ઉતારવા માટે તેની પાસે ગયો અને નિસાસા મૂકવા લાગ્યો. રાજા મને માંદા જેવો જોઈ સાંકેતિક પ્રશ્ન પૂછવા લાગ્યો: 'અલ્યા ! તું આવો કેમ થઈ ગયો છે?' રાજાએ આગ્રહપૂર્વક બે ત્રણ વાર પ્રશ્ન કર્યું, એટલે રાજા પાસેથી અભયવચન માંગી મેં તેને એકાંતમાં કહ્યું: 'મહારાજ ! મારી સ્ત્રી તો રાંડ ડાકણ છે ! જ્યારે હું સુઈ જાઉં છું ત્યારે તે મારી ગુદામાંથી આંતરડાંઓ કાઢીને ચૂસે છે અને ચૂસ્યા પછી તેવાંજ અંદર નાંખે છે, તેને લીધે હું દુર્બળ થઈ ગયો છું. મને રોજ પોષણ માટે ઉત્તમ અન્ન ક્યાંથી મળે કે પાછો જેવો ને તેવો હું ટટાર રહું ?' આમ રાજાને કહ્યું એટલે તેને શંકા પડી. તે વિચાર કરવા લાગ્યો; 'શું, ખરેખર તે રાંડ ડાકણ છે? તેને લીધે જ મને શું વશ કર્યો છે કે ? શું તે આહારથી પુષ્ટ બનેલાં મારાં આંતરડાંને પણ ચૂસતી હશે કે ? ઠીક, ઠીક! આજ રાત્રિના યુક્તિથી તેની પરીક્ષા કરીશ.' આમ મનમાં વિચાર કર્યા પછી રાજાએ મને પોતાને ઘેર ભોજન કરાવ્યું. જમ્યા પછી હું ઘેર ગયો અને સ્ત્રી પાસે જઈ રડવા લાગ્યો. તે વિશનખીએ મને પૂછ્યું,'શું થયું છે?' તુરત તે બાઈ કલ્યાણીને મેં કહ્યું: 'પ્રિયે ! હું જે તને કહું છું, તે તારે કોઇને પણ કહેવું નહીં. સાંભળ, આપણા રાજાની ગુદામાં વજ્રની ધાર જેવા દાંત નિકળેલા છે, અને તેને સાફ કરતાં આજ મારો અસ્ત્રો, ગજવેલનો હતો છતાં પણ, ભાંગી ગયો! આ પ્રમાણે કામ કરતાં રોજ મારો અસ્ત્રો ભાંગી જશે તો હું નવનવો અસ્ત્રો ક્યાંથી લઈ આવીશ? આટલા માટે હું રડું છું અને જો હું ઘરમાં રહું,ને હજામત કરવા ન જાઉં તો આપણો નિર્વાહ કેમ ચાલશે ?" જ્યારે આમ મેં કહ્યું કે મારી સ્ત્રીએ, રાત્રે રાજા સુઈ જાય, ત્યારે તેની ગુદાના દાંત જોવાનું મનમાં નક્કી કર્યું. પરંતુ આ સંસારમાં ક્યાંઈ એવું જોવામાં આવ્યું નથી, માટે ખોટી વાત છે આમ તે સમજી નહીં. સ્ત્રી ચતુર હોય તોપણ વિટ પુરુષના વર્ણનથી છેતરાય છે. રાત્રિએ જ્યારે રાજા આવ્યો અને મારી સ્ત્રીનો ઉપભોગ કરી, મારાં વચન સંભારતો, થાકી ગયો હોય તેમ ઢોંગ કરી સુઈ ગયો; ત્યારે મારી સ્ત્રીએ, રાજાને સુઈ ગયેલો માની, ધીરે ધીરે દાંત શોધવા માટે, તેની ગુદામાં હાથ ઘાલવાનો વિચાર કર્યો. પણ જ્યાં તે સ્ત્રીનો હાથ ગુદા પર્યંત પહોંચ્યો એટલે રાજા એકદમ ઉભો થઈને 'ડાકણ ! ડાકણ !', એમ બોલતો, ડરનો માર્યો ત્યાંથી નાસી ગયો. તે દિવસથી માંડી આજસૂધી રાજાએ ડરીને મારી સ્ત્રીનો ત્યાગ કર્યો; અને મારી સ્ત્રી મારા આધીન થઈ, સંતોષથી રહે છે ! આવી રીતે બુદ્ધિના પ્રતાપથી મેં મારી બાયડીને રાજા પાસેથી છોડાવી હતી.

આ વાત તે તાપસીને કહી, પેલો હજામ ફરી બોલ્યો: "માટે આર્યા! તારી ઇચ્છા, બુદ્ધિવડે પૂર્ણ કરીશ. એ કામ કેમ કરવું તે પણ તને કહું છું તે સાંભળ. આ કામમાં કોઈ ઘરડા બ્રાહ્મણને સામેલ કરવો, કે જે રાજાને એકાંતમાં કહે કે, 'તમારી રાણી કદલીગર્ભા ડાકણ છે. કેમકે એ કદલીગર્ભા વનમાં રહેનારી છે, એટલે તેનું તનતું મનુષ્ય, રાજાની નજીકમાં કોઈ નથી, અને બીજા સઘળા મનુષ્યો તો પોકળ ઉઘાડું પાડનારા હશે. તેઓ લોભથી શું કરતા નથી ? સર્વ કરે છે. જ્યારે તે ઘરડો બ્રાહ્મણ રાજાને આવી રીતે કહેશે ત્યારે તે સાંભળવાથી રાજાને શંકા

થશે. આપણે રાત્રિએ પ્રયત્ન વડે કદલીગર્ભાના ઘરમાં હાથ અને પગ વગેરે નંખાવીશું ! સવારમાં રાજા તે હાથ પગ વગેરે અવયવ જોઈ, તે ઘરડા બ્રહ્મદેવનું કહેવું સાચું માનશે; અને પોતે ભયથી તે સ્ત્રીનો ત્યાગ કરશે.આમ ત્યાગ કરવાથી પટ્ટરાણી સુખ પામશે અને તને ઘણું માન આપશે; વળી આપણને પણ લાભ થશે.'તે હજામે આમ કહ્યા પછી તે આર્જા 'ઠીક'છે એમ કહી રાજાની પટ્ટરાણી પાસે ગઈ અને બરાબર કામ પાર ઉતારવાની યુક્તિ કહી બતાવી. રાણીએ તે પ્રમાણે યુક્તિ કરી. તે યુક્તિથી રાજાએ કદલીગર્ભાને કોઈ દુષ્ટ ગણી તેનો ત્યાગ કર્યો. પછી રાણીએ પ્રસન્ન થઇને તે આર્જાને અને હજામને ગુપ્ત રીતે ધન આપ્યું; અને તેઓ, ઇચ્છા પ્રમાણે તેનો ઉપભોગ કરવા લાગ્યાં.

રાજા દ્રઢવર્માએ કદલીગર્ભાનો ત્યાગ કર્યો. અપમાનિત થયેલી તે રાણી રાજમંદિરમાંથી બહાર નિકળી ગઈ. વનમાંથી રાજધાનીમાં આવતી વખતે માર્ગ યાદ રાખવા માટે જે સર્ષવો વાવ્યા હતા તે માર્ગમાં ઉગ્યા હતા, તેની એંધાણીએ પિતાને આશ્રમે પાછી આવી પહોંચી. તેના પિતા, મુનિ મંકણક, પુત્રીને પાછી આવતી જોઈ, મનમાં તેનાં દુષ્ટ આચરણની શંકા થવાથી, ક્ષણવાર ઉભા રહ્યા; પછી સમાધિ ચઢાવી તેનું સર્વ વૃત્તાંત દિવ્યદૃષ્ટિથી જાણ્યું; ત્યારે તે બાળાને સમજાવી ધીરજ દઈ, સ્નેહથી પોતાની સાથે લઈ રાજાની પાસે આવ્યા. ત્યાં આવી મુનિએ, વિનયી રાજાને, સપત્નીના દુઃખથી પટ્ટરાણીએ કરેલું આ કપટનાટક કહી સંભળાવ્યું. તે જ વખતે હજામ પોતે પણ ત્યાં આવ્યો અને તેણે પણ જેમ વાત બની હતી તેમ સર્વ વૃત્તાંત રાજાને કહી બતાવ્યું; અને પુનઃ બોલ્યોઃ 'મહારાજ, આવી રીતે મેં યુક્તિવડે ને અભિચારવડે રાણીને આપથી જૂદી પાડી તમારી પટ્ટરાણીને પ્રસન્ન કરી.' તે હજામનાં આવાં વચન સાંભળી, મુનીંદ્રનાં વચન ખરાં છે આમ જાણી, રાજાને વિશ્વાસ આવ્યો છે. તેણે કદલીગર્ભાનો પુનઃ સ્વીકાર કરી તે મુનિને પ્રણામ કરી પાછા વળાવ્યા. હજામને આજીવિકા બાંધી આપી. અફસોસ છે કે, હું એક ભક્ત અંતરંગ મનુષ્ય છું એમ જણાવતાં, ધૂર્ત લોકો રાજાને ફોલી ખાય છે. પછી રાજા દ્રઢવર્મા, પટ્ટરાણીનો ત્યાગ કરી તે કદલીગર્ભા સાથે જ રહેવા લાગ્યો અને અત્યંત સુખ ભોગવવા લાગ્યો.

હે નિર્દોષાંગિ કલિંગસેને ! શોક્યો આવી રીતે ઘણા ખોટા દોષનો પણ આરોપ કરે છે. હજી તું કન્યા છે, તારા વિવાહનું મુહૂર્ત છેટે છે; અને જેનું ચરિત્ર જાણી શકાતું નથી એવા દેવતાઓ પણ તારી વાંછના કરે છે ! માટે હમણાં તારે પોતે એક વત્સેશ્વરને અર્પણ કરેલું, જગમાં એક રત્નરૂપ, તારા પોતાના શરીરનું સંરક્ષણ કરવું; કેમકે તારું પોતાનું રૂપ તારો શત્રુ છે. સખિ ! હવે તું પતિના ઘરમાં નિવાસ કરીને રહી છે, માટે હું તારી પાસે આવીશ નહીં. કુલીન કાંતાઓ સખીના વરને ઘેર જતી નથી. વળી હે સુગાત્રિ ! આજ મારા સ્વામીએ પણ મને ના પાડી છે. તારો અતિ સ્નેહ છે, માટે છાની રીતે અહીં આવું તે પણ બની શકે નહીં; કારણ કે મારા પતિને દિવ્ય નેત્ર છે એટલે મારા પતિ તે જાણે એમાં શક નથી. આજે હું માંડ માંડ તેની રજા લઈ આવી છું. સખિ ! અહીં હવે મારું કામ નથી, તારું કામ છે. માટે ઘેર જાઉં છું. જો મારા પતિ મને આવવાની રજા આપશે તો નિઃશંક હું અહીં આવીશ. આવી



રીતે સોમપ્રભાએ રડતાં રડતાં કલિંગસેનાને કહ્યું, એટલે રાજકન્યા કલિંગસેના પણ રડવા લાગી. અશ્રુવડે તેનું મુખ ધોવાઈ ગયું. સાયંકાળ થવા આવ્યો, એટલે દાનવકન્યા સોમપ્રભા આકાશમાર્ગે પોતાને મંદિર ચાલી ગઈ.

## તરંગ ૭ મો.

### વત્સરાજની કથા ચાલુ.

પોતાનો દેશ અને પોતાનું કુટુંબ ત્યાગ કરનારી કલિંગસેનાના લગ્નનું મુહૂર્ત છેટે ગયું છે. તે કલિંગસેના, સખી સોમપ્રભાના ગયા પછી પ્રિય સખીનું સ્મરણ કરવા લાગી. વનમાં એકલી પડેલી મૃગલીની માફક તે કૌશામ્બી નગરીમાં દુઃખ ભોગવવા લાગી અને રાજા વત્સરાજ પણ કલિંગસેનાના વિવાહનું મુહૂર્ત છેટે નાંખવામાં ડહાપણ વાપરનારા જોશીઓ પ્રત્યે ઇર્ષ્યાવાળો હોય તેમ ઉદાસીન થઈ ગયો, પણ મનને ખુશી કરવા માટે તે રાણી વાસવદત્તાના વિલાસ ભવનમાં ગયો. ત્યાં પ્રથમ મંત્રીવર યૌગંધરાયણના શિખવવાથી દેવી વાસવદત્તા, વિકાર રહિત ઉપચારોવડે તે રાજાની વિશેષ સેવા કરવા લાગી. રાજાના મનમાં વિચાર આવ્યો કે, મેં આને કલિંગસેનાનું વૃત્તાંત જણાવ્યું, તો પણ રાણીના મનમાં દ્વેષ કેમ આવ્યો નહીં ? એથી રહસ્ય જાણવાની ઇચ્છાથી રાજા તેને પૂછવા લાગ્યોઃ 'દેવિ ! રાજકન્યા કલિંગસેના મને પરણવા માટે પોતે અહી આવી છે, તે તારા જાણવામાં છે કે?' તે સાંભળતાં જ મુખ ઉપર રોષ ન જણાવતાં, તેણે જવાબ આપ્યોઃ "હા, હું તે જાણું છું ને તે સાંભળીને મને ઘણો હર્ષ થયો છે. આપણે ત્યાં તે, લક્ષ્મીદેવી પધારી છે. કલિંગસેનાના લાભથી તેના પિતા મહારાજા કલિંગદત્ત પણ આપણને વશ થશે; અને તેના વશ થવાથી સમગ્ર પૃથ્વી તમારા તાબામાં રહેશે. આર્યપુત્ર ! હું તમારી સંપત્તિવડે જ તથા તમારા સુખથી જ સુખી છું, એ તો આપને પ્રથમથી પણ વિદિત છે. વળી બીજા રાજાઓ જેની ઇચ્છા કરે છે એવી રાજકન્યા જે આપની ઇચ્છા કરે છે, એવા તમે જેના પ્રાણપતિ છો એવી હું શું થોડી નસીબદાર છું કે? વાસવદત્તાએ યૌગંધરાયણે આપેલી શિક્ષાથી એ પ્રમાણે વત્સરાજને કહ્યું, એટલે તે અંતઃકરણમાં સંતોષ પામ્યો. પછી તે સ્ત્રી સાથે મદિરાપાન કરી તે રાત્રિએ તેના મહેલમાંજ સુતો. પણ રાત્રીની વચમાં જાગીને ખૂબ વિચાર કરવા લાગ્યો કે; 'મહા પ્રતાપી રાણી વાસવદત્તા, આવી રીતે મને અનુસરીને કલિંગસેનાને શોક્યપત્ની કરવા કબુલ રાખે છે તેનું કારણ શું ? જે વાસવદત્તાએ પદ્માવતીના વિવાહ સમયમાં પણ નસીબને યોગે પ્રાણત્યાગ કર્યાં નહતા, તે તપસ્વિની વાસવદત્તા, કલિંગસેનાને કેમ સહન કરી શકશે ? આ વાસ-

વદત્તાને કંઈ થયું તો સઘળું પાયમાલ થયું જ સમજવું! વધારે તો શું કહું, પણ મારો પુત્ર, સાસુ, સસરો, પદ્માવતી અને રાજ્ય એ સર્વને એનો જ આધાર છે! હવે મારે આ કલિંગસેના સાથે કેમ લગ્ન કરવાં?' આમ વિચાર કરતાં કરતાં પ્રભાત થયું, એટલે શયનગૃહ ત્યજી તે કાર્યભુવનમાં આવ્યો. પાછલે પહોરે તે રાણી પદ્માવતીને વૈભવભુવને ગયો. ત્યાં પદ્માવતીએ વાસવદત્તાએ આપેલી શિક્ષા પ્રમાણે, રાજા આવ્યો એટલે તેની વાસવદત્તા માફક જ સેવા બજાવી અને રાજાએ કલિંગસેના માટે પૂછ્યું એટલે વાસવદત્તા માફક જ ઉત્તર આપ્યો. રાજા તે બન્ને રાણીના રટન કરી મન અને વચનનું માટેબીજે દિવસે સર્વ વૃત્તાંત યૌગંધરાયણને કહી બતાવ્યું. યૌગંધરાયણ મંત્રી સમયવેત્તા હતો. તે ધીરે ધીરે રાજાને વિચારમાં પડેલો જોઈ, નીચે પ્રમાણે બોલ્યો: "રાજન્! હું સર્વ જાણું છું કે, એ અહીંઆંથી જ અટકે એમ નથી. તેઓનો અભિપ્રાય ભયંકર છે. બન્ને રાણીએ આ બાબત પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કર્યા પછી જ આવી રીતે કહ્યું છે! પોતાનો પતિ સ્વર્ગવાસી થાય છે, વા બીજી સ્ત્રી ઉપર આસક્ત થાય છે, ત્યારે કુલીન કાંતાઓ સર્વ બાબતની દરકાર કર્યા વગર મરણનો નિશ્ચય કરી, ઉદાર અને ગંભીર બને છે! ગાઢ પ્રેમનું ખંડન કરવું, તે સ્ત્રીઓથી સહન થઈ શકતું નથી. વળી હે રાજન્, એ બાબતમાં શ્રુતસેન રાજાની કથા કહું છું તે સાંભળો:-

## શ્રુતસેન અને વિદ્યુદ્દ્યોતાની કથા.

પૂર્વે, દક્ષિણ દેશમાં ગોકર્ણ નામના શહેરમાં, કુળભૂષણ અને શાસ્ત્રસંપન્ન શ્રુતસેન એવા નામનો એક પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને પૂર્ણ સંપત્તિ હતી, તથાપિ તેને યોગ્ય સ્ત્રી મળી ન હતી, તેની તેને મોટી ચિંતા હતી. એક દિવસે રાજા તે સંબંધી ફીકર કરતો હતો, એવામાં વાતની વચ્ચે અગ્નિશર્મા નામનો એક બ્રાહ્મણ બોલ્યો: "મહારાજ! મેં બે આશ્ચર્ય જોયાં છે; તે બન્ને અદ્ભુત કથા વર્ણવું છું તે સાંભળો:—

## ખેડુતની કથા.

હું તીર્થયાત્રા કરવા માટે ગયો હતો. ફરતો ફરતો ઋષિના શાપથી પાંચ અપ્સરાઓ ઝડપણાંને પામી હતી અને તેનો અર્જુને ઉદ્ધાર કર્યો હતો, તે પંચતીર્થી નામના ક્ષેત્રમાં આવી પહોંચ્યો. આ તીર્થમાં સ્નાન કરી જે મનુષ્યો પાંચ ઉપવાસ કરે છે, તેને તે તીર્થ, નારાયણ પદ આપે છે. એવાં તીર્થમાં મેં સ્નાન કર્યું. પછી ત્યાંથી આગળ ચાલ્યો. જ્યાં જરા આગળ જાઉં છું, એવામાં એક ખેડુત, હળવડે ક્ષેત્ર ખેડીને, ક્ષેત્રની વચમાં બેસીને ગાતો હતો, તેને દીઠો. એવામાં, માર્ગમાંથી આવેલા કોઈ સંન્યાસીએ તે ખેડુતને માર્ગ પૂછ્યો; પણ ગીતમાં તલ્લીન પેલા ખેડુતે તે સાંભળ્યું જ નહીં. સંન્યાસી તે ખેડુત ઉપર ક્રોધ કરી તેનો તિરસ્કાર કરવા લાગ્યો. ત્યારે તે ખેડુત ગીત પડતું મૂકી તેને કહેવા લાગ્યો: 'અફસોસ! આપ જો કે સંન્યાસી છો, છતાં ધર્મનો લેશ પણ જાણતા નથી. હું મૂર્ખ છું છતાં પણ મેં ધર્મનો સાર જાણેલો છે!' તે સાંભળી સંન્યાસીએ ખેડુતને પૂછ્યું;-'તેં શું ધર્મનું તત્ત્વ જાણ્યું છે?' એટલે ખેડુતે આશ્ચર્યથી કહ્યું: 'આ છાયા નીચે બેસો, તમને હમણાં એક વાત કહું છું:



## ત્રણ બ્રાહ્મણ બાંધવની કથા.

આ દેશમાં બ્રહ્મદત્ત, સોમદત્ત અને વિશ્વદત્ત* એવા નામના ત્રણ પુણ્યશાળી બ્રાહ્મણ ભાઈઓ હતા. તે ત્રણમાં બે મોટા બાયડીવાળા-પરણેલા હતા અને નાનો ભાઈ વાંઢો હતો. હું તે ત્રણે જણાનો ખેડુત છું. તે બન્ને ભાઈની આજ્ઞા પાળી, ક્રોધનો ત્યાગ કરી, મારી સાથે તેનો નાનો ભાઈ કામ કરતો હતો. તે વડિલ બંધુઓ, નાના ભાઈ માટે ધારતા કે, તે નમ્ર, બુદ્ધિહીણ, સારો, સન્માર્ગભ્રષ્ટ†, ભોળોભટાક ને ઉત્સાહ રહિત છે. કર્મધર્મ યોગે એક વખતે એવું બન્યું કે, તે બન્ને ભાઈની કામાતુર બનેલી સ્ત્રીએ, એકાંતમાં નાના ભાઈ વિશ્વદત્તને પ્રેમ કરવા પ્રાર્થના કરી, પણ તેણે તેને માતા માફક ગણી ના પાડી. ત્યારે તે ભાભીઓ, પોતાના પતિ પાસે જઈ ખોટું કહેવા લાગી કે, 'અમારા બન્ને સાથે આ તમારો નાનો ભાઈ એકાંતમાં પ્રેમ કરવાની માંગણી કરે છે. હાય! હાય!' તે સાંભળીને તે બન્ને ભાઈઓ મનમાં તે નાના ભાઈ ઉપર ખૂબ ગુસ્સે થઈ ગયા! દુષ્ટ સ્ત્રીનાં વચનમાં મોહ પામેલા પુરુષો સાચું વા ખોટું જાણતા નથી. એક વખતે અંધ બનેલા તે બન્ને ભાઈઓ, વિશ્વદત્તને કહેવા લાગ્યા: 'આપણા ક્ષેત્રમાં જા અને વચમાં જે રાફડો છે તેને સરખો કર.' 'ઠીક છે'-એમ કહી વિશ્વદત્ત ક્ષેત્રમાં આવ્યો અને કોદાળીવતી રાફડાને ખોદવા લાગ્યો, ત્યારે મેં કહ્યું, અલ્યા 'એમાં કૃષ્ણસર્પ-કાળો નાગ રહે છે, તેથી ત્યાં ખોદ મા.' આ મારું કહેવું સાંભળ્યા છતાં પણ, દુષ્ટ ઇચ્છાવાળા મોટા ભાઈની આજ્ઞા પાળી, જે થવાનું હશે તે થશે એમ વિચારી, તે ખોદવા લાગ્યો. તેને ખોદતાં ખોદતાં અંદરથી સોનાનો ભરેલો એક ઘડો મળ્યો, પણ કૃષ્ણસર્પ મળ્યો નહીં. ધર્મ સત્પુરુષોની પાસે નિરંતર રહે છે. પછી મેં તેને તે ઘડો આપવાની ના પાડયા છતાં પણ, તેણે દૃઢભક્તિવડે તે સોનાનો ઘડો લઈ બન્ને ભાઈઓને જેવો ને તેવો અર્પણ કર્યો. તેના અંધ ભાઈઓએ વિચાર્યું કે, એ ધન લઈ લેશે તે ઠીક નહિ, માટે તે ધનમાંથી થોડુંક ધન ચંડાળોને આપી દઈ તેના હાથ અને પગ કપાવી નંખાવ્યા, તથાપિ શાંત સ્વભાવવાળા વિશ્વદત્તે, ભાઈ ઉપર જરા સરખો પણ ક્રોધ કર્યો નહીં. પ્રભુકૃપાએ, સત્યને લીધે તેને હાથ અને પગ નવા ઉત્પન્ન થયા. મેં એવી રીતે જોયું, તે દિવસથી માંડી આજ પર્યંત સર્વ ક્રોધનો ત્યાગ કર્યો છે; પણ તમે તપસ્વી છતાં પણ, હજી સૂધી ક્રોધનો ત્યાગ કર્યો નથી. જે મનુષ્ય ક્રોધત્યાગી હોય છે તે સ્વર્ગને પામે છે, તેનો આ પ્રત્યક્ષ દાખલો છો આટલું બોલતાં જ તે ખેડુત પોતાનો દેહ ત્યાગ કરી, જોતજોતામાં સ્વર્ગમાં ગયો. આ આશ્ચર્ય મેં દીઠું છે, બીજું આશ્ચર્ય, હે રાજા! તમે સાંભળો." આમ કહી બ્રાહ્મણ અગ્નિશર્મા ફરી તે શ્રુતસેનને કહેવા લાગ્યો.

## વિદ્યુદ્દ્યોતા અને શ્રુતસેનની કથા.

તીર્થયાત્રા માટે ત્યાંથી આગળ ફરતો ફરતો સમુદ્રના કિનારા ઉપર આવેલા રાજા વસંતસેનના દેશમાં હું આવ્યો. ત્યાં રાજસૂય યજ્ઞ થતો હતો, તેમાં હું જમવા માટે ગયો. પણ મને બ્રાહ્મણો

* મૂળ સંસ્કૃતમાં અત્ર વિષ્ણુદત્ત નામ છે, પણ તે ભુલ છે.

† બીજા મૂળ પુસ્તકમાં પાઠાંતર છે, જેનો અર્થ-સારો માર્ગ છોડનાર અને વેદાધ્યયન વર્જિત મૂર્ખ હતો, એમ થાય છે.

કહેવા લાગ્યા: 'મહારાજ! એ માર્ગે નહી જાવ; કારણ કે ત્યાં વિદ્યુદ્દ્યોતા નામની રાજકન્યા ઉભી છે. તે કન્યાને કોઈ મુનિ પણ જુવે તો તે પણ કામના બાણથી વિંધાઈ ગાંડો બનીને મૃત્યુ પામે છે.' પછી મેં તેઓને કહ્યું; 'એમાં મને કંઈ આશ્ચર્ય નથી. હું હમેશાં બીજા કામદેવ જેવા રાજા શ્રુતસેનને જોઉં છું. તે રાજા જ્યારે યાત્રા કરવા માટે બહાર નિકળે છે, ત્યારે સીપાઈઓ પતિવ્રતાનાં વ્રતભંગ થશે એવા ડરથી, કુલીન કાન્તાઓને રાજાનાં દર્શન કરવા દેતા નથી. !' મેં આમ કહ્યું એટલે મને તમારો મનુષ્ય જાણી, યજ્ઞનો ઉપરી અને પુરોહિત બન્ને જણા, મને રાજાની પાસે લઈ ગયા. ત્યાં મેં કામદેવની ત્રણ જગતને મોહન કરવાની મુર્તિમતી મંત્રવિદ્યા જેવી રાજકન્યા વિદ્યુદ્દ્યોતાને નિહાળી. તેનાં ઘણી વાર દર્શનથી મને ક્ષોભ થયો. પણ તેને નિયમમાં રાખી, મેં વિચાર કર્યો કે, જો આ કન્યા અમારા રાજાની રાણી થશે તો રાજા રાજ્યને વિસરી જશે ! અને ન પરણશે તો ઉન્માદિની અને દેવસેનની માફક વિપરીત બનશે. તે વૃત્તાંત પણ તમને કહી બતાવું છું.

## ઉન્માદિની અને દેવસેન રાજાની કથા.

પૂર્વે દેવસેન રાજાના દેશમાં ઉન્માદિની એવા નામની એક વાણીઆની કન્યા હતી. તે આ જગતને ઉન્માદ કરાવતી હતી. તે કન્યાના પિતાએ રાજાને જણાવ્યું છતાં પણ રાજાએ તેનો સ્વીકાર કર્યો નહીં. બ્રાહ્મણોએ રાજાને દુઃખમાંથી બચાવવા માટે તે કન્યાને કુલક્ષણવાળી ઠરાવી હતી. ત્યારે રાજાનો મુખ્ય મંત્રી તેને પરણ્યો.* એક દિવસે તે કન્યાએ બારીમાંથી પોતાનું શરીર રાજાને દેખાડ્યું. રાજા છેટેથી તે નાગણીની† નજરના ઝેરવડે પરાભવ પામી, વારંવાર મૂર્છા ખાવા લાગ્યો. તેણે સ્ત્રી સંગ તથા આહારનો ત્યાગ કર્યો. પછી તે સ્ત્રીના પતિ વગેરે મંત્રીઓએ પણ રાજાને વિનતિ કરી કે, તમે એને પરણો! પણ ધર્મશીલ રાજાએ તે સ્ત્રીનો સ્વીકાર કર્યો નહીં અને તેની ઉપર આસક્ત બની પ્રાણનો ત્યાગ કર્યો ! માટે આ બાબતમાં આવી રીતે પ્રમાદ થાય તો રાજાનો દ્રોહ કર્યો કહેવાય. આમ વિચાર કરી તે આશ્ચર્યકારક વાર્તા જાણી મેં તમને કહી બતાવી છે.

ત્યાર પછી બ્રાહ્મણ પાસેથી, કામની આજ્ઞા જેવું તે વચન સાંભળી, શ્રુતસેનનું મન વિદ્યુદ્દ્યોતા ઉપર આશક થયું અને તે જ વખતે ત્યાંને ત્યાંજ, તે જ બ્રાહ્મણને મોકલી તે કન્યાને તેડાવી તેને ઝટ પરણ્યો. પછી તે વિદ્યુદ્દ્યોતા રાજકુમારી સૂર્યની કાંતિ જેમ સૂર્યરૂપેજ રહે છે, પણ તેનાથી જૂદી પડતી નથી, તેમ તે રાજાનાં શરીર સાથે તદ્રૂપ થઈ ગઈ.

હવે એવું બન્યું કે રૂપવડે ગર્વ કરતી એક મોટા ધનાઢ્ય વાણીઆની કન્યા માતૃદત્તા, તે રાજા સાથે સ્વયંવરથી વરવા માટે આવી. તેને પાછી વાળવી તેમાં અધર્મ છે, એમ સમજી રાજા, તે

* આ વાર્ત્તા ત્રીજા લંબકના પ્રથમ તરંગમાં પણ છે.

† આવો અલંકાર સર્વ દેશમાં વપરાતો આવ્યો છે. સેક્ષપિયરના રોમિયો ને જુલીયટ નામના કરૂણાજનક નાટકમાં પણ લખવામાં આવ્યું છે કે:—Death—darting eye of cockatrice. દંતકથા છે કે અજગર–નાગનાગણીની દૃષ્ટિમાં જ ઝેર સમાયલું છે.



વાણીઆની કન્યા માતૃદત્તાને પરણ્યો; એટલે વિદ્યુદ્દ્યોતા તે વાત જાણી માથું ફોડીને મરી ગઈ. રાજા એટલામાં ત્યાં આવ્યો અને વિદ્યુદ્દ્યોતાને મરણ પામેલી જોઈ તેને પોતાના ખોળામાં સુવાડી વિલાપ કરવા લાગ્યો અને ઝટ મરણ પામ્યો. પછી માતૃદત્તા વાણીઆની કન્યા અગ્નિમાં બળી મરી ગઈ. આવી રીતે રાજા સહિત તે આખો દેશ પણ નાશ પામ્યો.

( યૌગંધરાયણ વત્સરાજને કહે છે) માટે મહારાજ! અતિશય પ્રેમનો ભંગ સહન થતો નથી; અને તેમાં પણ વિશેષ કરીને દેવી વાસવદત્તા, પ્રેમનો ભંગ સહન કરી શકશે નહીં. માટે તમે જો આ કલિંગસેનાને પરણશો તો રાણી વાસવદત્તા અવશ્ય પ્રાણત્યાગ કરશે. તેની પુંઠે રાણી પદ્માવતી પ્રાણત્યાગ કરશે. એટલે તે બન્નેનું એક જીવન તમારો પુત્ર નરવાહનદત્ત કેમ જીવશે ? અને તે બનાવ આપનું હૃદય સહન કરી શકશે નહીં. માટે મહારાજ ! મને એમ જણાય છે કે, એમ થવાથી આ સર્વ એકી વખતે નાશ પામશે. રાણીના બોલવાની ગંભીરતા–પ્રાણત્યાગ કરવાના દૃઢ નિશ્ચયથી તેના હૃદયનું નિઃસ્પૃહપણું–બતાવી આપે છે. માટે મહારાજ ! તમારે સ્વાર્થનો નાશ કરવો નહીં. પક્ષીઓ પણ પોતાની રક્ષા કરવી સમજે છે, ત્યારે આપ જેવા બુદ્ધિશાળી શા માટે સમજો નહી ?"

આવી રીતે મંત્રીવર યૌગંધરાયણ પાસેથી પોતાની ઇચ્છા પ્રમાણેના વિચાર સાંભળી, રાજા વત્સેશ્વર સારી રીતે વિચાર કરીને બોલ્યો: "એ એમ જ છે; એમાં યત્કિંચિત્ પણ સંદેહ નથી. મારા શુભૈશ્વર્યના સર્વનો સત્વર નાશ થાય, ત્યારે કલિંગસેનાને પરણવાથી મને ફાયદો શો ? જોષીઓએ લગ્ન છેટે કહ્યું, તે ઠીક કર્યું. નહીં તો સ્વયંવર માટે આવેલી સ્ત્રીનો ત્યાગ કરવાથી કેટલો અધર્મ થાત ?" તે સાંભળી યૌગંધરાયણ પ્રસન્ન થયો; અને વિચારવા લાગ્યો કે, આપણું કાર્ય ઇચ્છા પ્રમાણે ઘણું કરીને સિદ્ધ થયું છે. સામ, દામ, ભેદ અને દંડ એ ઉપાયરૂપ પાણી જેને સિંચેલું હોય તો દેશ કાળવડે ફેલાવ પામેલી નીતિરૂપ મોટી વેલી, શું ફળ આપે નહીં ? આવો વિચાર કરી મત્રી યોગંધરાયણ દેશ અને કાળનો વિચાર કરતો કરતો તે રાજાને પ્રણામ કરી ઘેર ચાલતો થયો.

પછી રાજા વાસવદત્તા પાસે ગયો. ત્યાં વાસવદત્તાએ તેનો સત્કાર કર્યો. તેને લીધે તેનો મનોભાવ ગુપ્ત રહ્યો; ત્યારે રાજા તેને દિલાસો આપવા નીચે પ્રમાણે કહેવા લાગ્યો: "હે હરિણાક્ષિ! તને આ સર્વ શા માટે કહું છું તે તું જાણે છે ? કમળનું જીવન જેમ જળ છે, તેમ મારું જીવન તું જ છે. હું શું બીજી સ્ત્રીનું નામ પણ લેવાને શક્તિમાન્ છું ? પણ કલિંગસેના તો સ્વેચ્છાથી મારે ઘેર આવી છે. આ તો પ્રસિદ્ધ છે કે, અર્જુન તપમાં બેઠો હતો ત્યારે રંભા* અપ્સરા સ્વેચ્છાથી આવી, ત્યાં અર્જુને તેનો અનાદર કર્યો; એટલે તેણે અર્જુનને નપુંસકપણાનો શાપ દીધો. અર્જુને વિરાટના ઘરમાં એક વર્ષ અતિ આશ્ચર્યકારક સ્ત્રી વેશમાં રહીને તેનો શાપ ગાળ્યો.

* રંભા નહીં, પણ ઉર્વશી, અને તપ કરતાં નહીં પણ ઇંદ્રને ત્યાં અર્જુન ગયો હતો ત્યારે ઉર્વશી તેનાપર પ્રેમમોહિત થઈ વિલાસ રમવા આવી હતી. અર્જુને તેનો અનાદર કર્યો હતો, ને તેથી તેણે શાપ દીધો હતો.

હતો. માટે આ કલિંગસેનાને તે વખતે મેં ના પાડી નહીં, પરંતુ હું તારી ઇચ્છા શિવાય એક ડગલું પણ ભરવાની ઇચ્છા રાખતો નથી.” આવી રીતે તેને દિલાસો દઈ, મુખ્ય મંત્રીની બુદ્ધિની પ્રૌઢતાને લીધે પ્રસન્ન થયેલો **વત્સરાજ**, પ્રેમશાળી હૃદયવડે જાણે પાન કરાવતી હોય, તેમ મુખવડે પાયેલા મધવડે, તે સ્ત્રીનું ખરું ક્રૂર હૃદય જાણી, તે રાત્રીએ તે **વાસવદત્તા** સાથે જ રહ્યો.

એટલા વખતમાં **યૌગંધરાયણે** કલિંગસેનાનું વૃત્તાંત જાણવા માટે **પ્રથમ** જેને રાત્રિ દિવસ રાખ્યો હતો તે **યોગેશ્વર** નામનો તેનો મિત્ર બ્રહ્મરાક્ષસ, તે જ રાત્રિએ ઇચ્છા પ્રમાણે **યૌગંધરાયણ** પાસે ગયો અને બોલ્યો: “હું હમેશાં કલિંગસેનાના ઘરની અંદર અને બહાર ઉભો રહું છું, પણ ત્યાં દેવ કે મનુષ્ય કોઈ આવતું નથી. આજ સાયંકાળે હું મહેલના આગળના ભાગમાં છૂપાઇને ઉભો હતો, એવામાં મ્હેં એકાએક આકાશમાં અસ્ફુટ નાદ સાંભળ્યો. મ્હેં તે શબ્દનું કારણ જાણવા માટે મારી વિદ્યાનો પ્રયોગ કર્યો, પણ મારી વિદ્યા જાણી શકી નહીં; તેને લીધે શોધ કરીને હું વિચાર કરવા લાગ્યો, પછી એવા નિર્ણયપર આવ્યો કે:—આ શબ્દ અવસ્ય કોઈ પણ કલિંગસેનાના લાવણ્યમાં લોભાવાથી આકાશમાં ફરનારા દિવ્ય પ્રતાપી પુરુષનો હશે ! જેને લીધે મારી વિદ્યાનું જોર ચાલતું નથી, માટે જરા વાર પછી તે જોઈશ. જાગૃત રહેનારા નિપુણ પુરુષો પરનાં છિદ્રો જાણી શકે છે. વળી મુખ્ય મંત્રીએ કહ્યું હતું કે, દેવતાઓ આના ઉપર ઇચ્છા રાખે છે અને તેમ જ તેની સખી **સોમપ્રભા** કહેતી હતી તે મ્હેં સાંભળ્યું પણ છે. આવો નિશ્ચય કરી તે વાત તમને જણાવા માટે અહીં હું આવ્યો છું. પ્રસંગને લીધે આ વાત તમને પૂછું છું તો તમે મને કહો. જે આપે રાજાને કહ્યું હતું કે પક્ષીઓ પણ પોતાનું રક્ષણ કરે છે, એ વાત મેં યોગને લીધે ગુપ્ત રહીને સાંભળી હતી. હે સન્મતિ ! આ વિષય ઉપર દૃષ્ટાંત હોય તો તે મને કહો.” આવી રીતે **યોગેશ્વરે** કહ્યું, એટલે **યૌગંધરાયણ** કહેવા લાગ્યો: ‘મિત્ર ! તે ઉપર એક દૃષ્ટાંત કથા તુંને કહું છું તે તું સાંભળ !

### નોળીયો, ઊંદર, બીલાડો અને ઘુવડની કથા.*

પૂર્વે **વિદિશા** નામની નગરીની બહાર મોટો વડ હતો. તે વડના મોટા ઝાડ ઉપર નોળીયો, ઊંદર, બીલાડો અને ઘૂવડ, એ ચાર પ્રાણી પોતપોતાના જૂદા જૂદા માળામાં રહેતાં હતાં. નોળીયો અને ઊંદર ઝાડના મૂળમાં જૂદાં જૂદાં દરમાં રહેતા હતા; ઝાડના મધ્ય ભાગમાં એક મોટા કોતરમાં બીલાડો રહેતો હતો; અને ઘૂવડ ઝાડની ટોંચ ઉપર બીજાને મળી શકે નહીં એવા વેલાના માંડવામાં રહેતું હતું. એમાં નોળીયો, બીલાડો અને ઘૂવડ, ઊંદરને મારી શકે તેવાં હતાં અને બીલાડો બાકીના ત્રણેનો નાશ કરી શકે તેવો હતો. નોળીયો, ઊંદર અને ઘૂવડ એ ત્રણ સ્વભાવથી જ બીલાડાથી ડરીને અન્ન શોધવા માટે રાત્રિએ ભટકતા; પણ પેલો નિર્ભય બીલાડો હમેશાં પાસેના જવના ક્ષેત્રમાં ઊંદર પકડવા માટે રાત્રિ દિવસ ભટક્યા જ કરતો; તેમ બીજાં પ્રાણીઓ હતાં, તે પણ પોતાનો વખત થતો ત્યારે અનાજની ઇચ્છાથી સમય જોઈ બહાર જતાં. એક વખતે ક્ષેત્રમાં કોઈ

* આ વાર્તા મહાભારતના ૧૨ મા પર્વમાં જણાય છે; અને પંચતંત્રમાં પણ છે.



પારધી જાતિનો ચંડાળ આવ્યો. તેણે તે ક્ષેત્રમાં બીલાડાનાં પગલાંની હાર પડેલી દીઠી, એટલે તે બીલાડાને મારવા માટે ક્ષેત્રની ચારે દિશામાં જાળને બાંધી લીધી: પછી ત્યાંથી ચાલ્યો ગયો. રાત્રિ પડી ત્યારે બીલાડો ઊંદરને મારવાની ઇચ્છાથી બહાર આવ્યો અને તે ક્ષેત્રમાં પેઠો. ત્યાં પ્રથમથી બાંધી રાખેલી જાળમાં તે સપડાઈ ગયો. ત્યાર પછી ઊંદર પણ ખોરાકની ઇચ્છાથી ત્યાં છાનોમાનો આવ્યો. તે બીલાડાને બંધાયેલો જોઈ નાચવા કુદવા મંડી પડ્યો અને ખુશી થવા લાગ્યો. છેટેના એક માર્ગે થઇને જેવો તે ક્ષેત્રમાં પ્રવેશ કરે છે તેવામાં તે ક્ષેત્રમાં ઘુવડ અને નોળીયો પણ દાખલ થયાં. તે બન્ને બીલાડાને બંધાયલો જોઈ, ઊંદરને પકડવાની ઇચ્છા કરવા લાગ્યાં; અને ઊંદર પણ તે બન્નેને દૂરથી જોતાં જ ભય ધરી વિચાર કરવા લાગ્યો કે; “જો હું બીલાડાનો આશ્રય કરું છું તો આ નોળીયો ને ઘૂવડ તેનાથી ડરી જાય તેમ છે; પણ તે શત્રુ, જાળમાં બંધાયલો છે છતાં, એક પંજાથી મારા રામ રમાડી દે તેમ પણ છે ! હવે જો આ બીલાડાથી હું દૂર રહું તો આ નોળીયો ને આ ઘૂવડ મને રામશરણે મોકલી દે છે. આ રીતે હું તો બંને બાજુથી શત્રુના પંજામાં ફસાઈ પડ્યો છું. તો હવે મારે શું કરવું ને ક્યાં જવું ? પણ ઠીક ! હું બીલાડાનો આશરો કરું, કેમકે તે સંકટમાં છે, અને પોતાના પ્રાણસંરક્ષણ માટે મારું સંરક્ષણ કરશે; હું એની જાળ કાતરી છોડવામાં સહાયભૂત થઈ શકીશ.” આ પ્રમાણે મન સાથે નક્કી કરી તે ઊંદર હળવે હળવે બીલાડા નજીક ગયો ને કહ્યું; “માંજાર-મહારાજ ! તમો સપડાઈ ગયા તેથી હું ઘણો દિલગીર છું, પણ હું તમને જાળમાંથી મુક્ત કરીશ. સરળ જન તો પાડપડોસમાં રહેવાથી પોતાના શત્રુપર પણ પ્રીતિ કરે છે. પણ મને આપનો વિશ્વાસ આવતો નથી; કેમ કે હું તમારો ઇરાદો શું છે તે જાણતો નથી.” જ્યારે તે બીલાડાએ આ પ્રમાણે ઊંદરનું બોલવું સાંભળ્યું ત્યારે તે બોલ્યો; “ગુણજ્ઞ મૂષકરાજ ! બેફીકર રહો, મારો પ્રાણ બચાવવા માટે આજથી આપણે બન્નો પરમ મિત્ર થયા છીએ.” આ પ્રમાણે બીલાડાના મુખથી વચન સાંભળ્યાં કે ઊંદર તેની સમીપ ગયો; તે જોતાં જ નોળિયો ને ઘૂવડ, નિરાશ થઇને ત્યાંથી ચાલ્યાં ગયાં. પછી જાળમાં સપડાયાથી દુ:ખી થયેલો બીલાડો તે ઊંદરને કહેવા લાગ્યો,—“પ્રિય મિત્ર ! રાત્રિ વીતી જવા આવી છે, તેથી આ બંધન હવે ઝટપટ કરડી નાંખ !” પછી તે ઊંદર કટકટ શબ્દો કરી હળવે હળવે પાશને કાપવા લાગ્યો અને તે પારધીના આવતાં સુધી વાર લગાડવા લાગ્યો. થોડી વારમાં રાત્રિ વીતી સવાર થઇ. પારધી પાછો આવ્યો તોપણ ઊંદર જાળ કાપી રહ્યો નહીં. એટલે બીલાડો ઊંદરને વિનતિ કરવા લાગ્યો, ને ઊંદરે બીલાડાનો પાશ ઝટ કાપી નાંખ્યો. પાશ કપાયા પછી બીલાડો પારધીના ભયથી નાઠો અને ઊંદર પણ મૃત્યુમાંથી છૂટે થયો કે ઝટ દોડીને દરમાં પેસી ગયો. પછી બીલાડાએ ઊંદરને બોલાવ્યો, એટલે ઊંદરે તેનો વિશ્વાસ કર્યો નહીં અને કહ્યું કે—

સમય યુક્તિથિ શત્રુ ને, મિત્ર બને સૌ કોય;
સદા સર્વદા કોયના, શત્રુ મિત્ર નહી હોય.

આવી રીતે ઊંદર પશુએ પણ બુદ્ધિવડે ઘણા શત્રુઓથી પોતાના શરીરનો બચાવ કર્યો હતો

ત્યારે વળી મનુષ્યો પોતાનો બચાવ કરે તેમાં શું કહેવું? બુદ્ધિવડે પોતાના કામનો બચાવ કરી રાણીનું રક્ષણ કરવું, એ જે તે વખતે મેં રાજાને કહ્યું હતું તે તેં સાંભળ્યું છે. હમેશાં બુદ્ધિ મુખ્ય મિત્ર છે, પુરુષાર્થ મુખ્ય મિત્ર નથી. યોગેશ્વર! એ વિષય ઉપર પણ એક વાર્તા કહું છું તે તું સાંભળ.

## બ્રાહ્મણની હજાર સોના મહોરની કથા.

પૂર્વે શ્રાવસ્તિ નામના નગરમાં એક પ્રસેનજિત્ નામનો રાજા રહેતો હતો. તેના નગરમાં એક વિદેશી બ્રાહ્મણ આવ્યો. તે બ્રાહ્મણ શૂદ્રનું પણ અનાજ ખાતો હતો, તથાપિ ગુણવાન્ હતો. તેને લીધે, એક વાણીઆએ તેને કોઈ બ્રાહ્મણને ઘેર ઉતારો આપીને રાખ્યો અને તેને ત્યાં, હમેશાં કોરું અનાજ અને દક્ષિણા વગેરે મોકલવા લાગ્યો. ત્યાર પછી હળવે હળવે સારા સારા શેઠીઆઓના જાણવામાં આવ્યું એટલે તેઓ પણ તેને અન્ન અને દક્ષિણા વગેરે આપવા લાગ્યા. તેમાંથી બચાવીને તે કૃપણ બ્રાહ્મણે ધીમે ધીમે એક હજાર સોનામહોર એકઠી કરી. પછી વનમાં જઈ ભૂમિમાં ખાડો ખોદી તેમાં તે મહોરો દાટી, અને તે હંમેશાં એકલો ત્યાં જતો ને તે જગ્યાને જોતો. એક દિવસે તે ત્યાં ગયો તો તે ખાડાને સોનામહોર વગરનો ખુલ્લો દીઠો. તે ખાડાને ખાલી જોઈ તેનું મન ઉદાસ થઇ ગયું અને શૂન્યતા કેવળ તેના હૃદયમાં ઘર કરી રહી. એટલું જ નહીં, પણ દિશાઓમાં પણ શૂન્યતાએ વાસ કરી મૂક્યો—એ આશ્ચર્ય થયું. પછી તે બ્રાહ્મણ જેને ઘેર ઉતર્યો હતો તેને ઘેર વિલાપ કરતો કરતો ગયો, ત્યારે ઘરના ધણીએ પૂછ્યું, 'અલ્યા, કેમ રડે છે?' એટલે તે બ્રાહ્મણે પોતાની સર્વ વાત તેને જણાવી દીધીઃ અને મન સાથે નક્કી કીધું કે, તીર્થમાં જઈ ઉપવાસ કરીને પ્રાણ ત્યાગ કરવો. એટલામાં આ વાત તેને અન્ન આપનારા વાણીઆના જાણવામાં આવી, ત્યારે તે બીજા વાણીઆઓને સાથે લઇને ત્યાં આવ્યો અને તેને કહ્યું,—'મહારાજ! ધનને માટે મરવાની ઇચ્છા કેમ કરો છો? આકાશમાં ચડેલો વરસાદ જેમ વખતે વર્ષે છે અને વખતે નથી વર્ષતો, તેમ ધન વખતે આવે છે અને વખતે જાય છે.' આવી રીતે તે વાણીઆએ બ્રાહ્મણને કહ્યું, તથાપિ તેણે મરણનો આગ્રહ છોડ્યો નહીં. કૃપણ, ધનસંપત્તિને પ્રાણ કરતાં પણ વધારે મોટી ગણે છે. જ્યારે તે બ્રાહ્મણ મરવા માટે તીર્થમાં જવા લાગ્યો, ત્યારે પ્રસેનજિત્ રાજાને તે વાતની ખબર પડી એટલે તે પોતે તેની પાસે આવ્યો અને તેને પૂછ્યું કે; 'ભલા બ્રાહ્મણ! તેં જે જમીનમાં સોનામહોર દાટી હતી તેની કંઈ એંધાણી છે?' તે સાંભળી બ્રાહ્મણ બોલ્યો,—'મહારાજ! વનમાં એક નાનું ઝાડ છે, તેના મૂળમાં મેં તે ધન દાટ્યું હતું.' તે સાંભળીને રાજા બોલ્યો; 'વિપ્ર! તારું તે ધન મેળવીને તુંને આપીશ અથવા ખોળ કરતાં પણ મળશે નહીં તો મારા ખજાનામાંથી આપીશ, તારે પ્રાણ તજવા નહીં.' આમ કહી મરણના ઉદ્યોગમાંથી બ્રાહ્મણને અટકાવી તેને વાણીઆને ત્યાં રહેવા દઇ, રાજા રાજમહેલની અંદર ચાલ્યો ગયો. ત્યાં ગયા પછી તેણે માથું દુખવાનું મિષ કર્યું અને પ્રતિહારને આજ્ઞા કરી ઢંઢેરો પીટાવ્યો અને સર્વ વૈદ્યોને તેડાવી મંગાવ્યા. પછી એકાંતમાં બેસીને તે દરએક વૈદ્યને અંદર બોલાવી પૂછવા લાગ્યો કે; "આ નગરમાં કેટલા માંદા



છે? તે કોણ છે? કીયા વૈદ્યનું ઔષધ ખાય છે? અને તે ઔષધ શું છે?" તે વખતે તેમાંના એકએક વૈદ્યે રાજાને સઘળું કહી બતાવ્યું. તે વૈદ્યમાંના એક વૈદ્યને રાજાએ હળવે હળવે પૂછ્યું, એટલે તે બોલ્યો,—'મહારાજ! એક માતૃદત્ત નામનો વાણીઓ છે તે માંદો છે. તેને ગઈ કાલે મેં નાગબળા નામની ઔષધિ બતાવી હતી.' તે સાંભળી રાજાએ તે વાણીઆને બોલાવીને પૂછ્યું,—'તારે માટે નાગબળા કોણ લઈ આવ્યું હતું, ખરું બોલ?' તે વખતે વાણીઓ બોલ્યો; 'મહારાજ! ચાકરે તે આણી હતી.' રાજાએ તુરત જ ચાકરને, બોલાવીને પૂછ્યું કે—'નાગબળા માટે ઝાડનું તળીયું ખોદતાં તને જે હજાર સોનામહોર મળી છે તે બ્રાહ્મણનું દ્રવ્ય છે; માટે તેને પાછી આપ.' રાજાએ આમ કહ્યું, એટલે તે ચાકરે ડરીને તે જ ક્ષણે કબુલ કર્યું અને તે બ્રાહ્મણની સોનામહોરોને પાછી લઈ આવી તેને આપી. રાજાએ તુરત તે ઉપવાસી બ્રાહ્મણને બોલાવી—હરી લીધા પછી મળેલા બહાર ફરતા પ્રાણ જેવી—તે સોનામહોરો સ્વાધીન કીધી. આવી રીતે ચાકર ઝાડના મૂળમાંથી બ્રાહ્મણનું ધન લઈ ગયો હતો, તેના ઉપર ઉગેલી ઔષધિ રાજાએ બુદ્ધિથી જાણી, તેનું ધન પુનઃ મેળવ્યું. માટે હંમેશાં પરાક્રમનો પરાજય કરનારી બુદ્ધિનું આવી રીતે પ્રધાનપણું છે. આવાં કામમાં પરાક્રમ શું કરે?

માટે હે યોગેશ્વર! બુદ્ધિવડે જેમ કલિંગસેનાનો કોઈ દોષ જાણવામાં આવે તેમ તું ઉપાય કર. આ લોકમાં તેના ઉપર સુર અને અસુર આસક્ત થયા છે, એ તો નિઃશંક છે. વળી તેણે રાત્રે આકાશમાં કોઇનો પણ શબ્દ સાંભળ્યો છે! હવે કલિંગસેનાનો કંઈ દોષ જણાય અને તે દર્શાવવાનું નિમિત્ત માત્ર મળે ને તેથી તેનાપર કંઈ સંકટ આવે તો તેનો દોષ આપણાપર નથી, પણ તેના પોતાનાપર છે; એથી રાજા તેને પરણશે નહીં, તેને આપણે અધર્મ કર્યો પણ કહેવાશે નહીં.' ઉદાર બુદ્ધિવાળા બ્રહ્મરાક્ષસ યોગેશ્વર, યૌગંધરાયણ પાસેથી એવી રીતે સર્વ સાંભળી, પ્રસન્ન થઇને બોલ્યો;"બૃહસ્પતિ દેવ કરતાં બીજો કોણ આપ સરખો નીતિમાં શ્રેષ્ઠ છે? તમારો મંત્ર (રાજ્ય વિચાર) આ રાજાના રાજ્યરૂપ વૃક્ષને અમૃત પાવા બરાબર છે. હું બુદ્ધિવડે અને શક્તિવડે હંમેશાં કલિંગસેનાની ચેષ્ટા જાણ્યા કરીશ. આમ કહી ત્યાંથી યોગેશ્વર વિદાય થયો.

## કલિંગસેનાની કથા (ચાલુ.)

આ વખતે હવેલી ઉપર બેઠેલી કલિંગસેના, રાજભવનાદિકમાં ફરતા વત્સરાજાને વારંવાર જોઈ અધીરી બની ગઈ. તેનું મન તેનામાં લીન થયું ને પોતે કામાનલથી બળવા લાગી. કમળનાં કડાંવડે તેના હાથ સુંદર દેખાતા હતા અને શરીરમાં ચંદનનો લેપ ચોપડ્યો હતો, તોપણ તેને જરાય શાંતિ વળતી ન હતી.

વિદ્યાધરનો રાજા મદનવેગ, પૂર્વે તે કલિંગસેનાને જોઈ, કામનાં ગાઢા બાણથી પીડા પામતો હતો. તેણે આ કન્યાને મેળવવા માટે તપશ્ચર્યા કરી શંકર પાસેથી વર મેળવ્યો હતો, છતાં પણ તે કન્યા બીજા ઉપર આસક્ત રહી હતી, અને બીજા દેશમાં રહેતી હતી, તેથી તેને સુખે મળી શકે તેમ ન હતી. એ વિદ્યાધર—આ કન્યાને મળવાની સંધિ માટે રાત્રિએ તે હવેલી

ઉપર આવેલા આકાશમાં ફર્યા કરતો હતો. એ વિદ્યાધરે, તપ કરવાથી પ્રસન્ન થયેલા શંકરનું વચન સ્મરણમાં લઈ એક રાત્રે પોતાની માયીક વિદ્યાવડે વત્સરાજનું સ્વરૂપ ધારણ કર્યું. પછી કાર્યભારીએ દૂર લગ્ન નાંખેલાં સહન ન કરવાથી જાણે વત્સરાજ ગુપ્ત રીતે આવતો હોય, તેમ તે આવ્યો. પ્રતિહારે તેને પ્રણામ કર્યા. તે અંદર દાખલ થયો. કલિંગસેના તેને જોઈ ધ્રુજીને વિહ્વળ બની ગઈ. તેનાં આભૂષણોએ શબ્દવડે 'આ વત્સરાજ નથી' એમ વારણ કર્યાં છતાં પણ તે ઉભી થઈ. પછી વત્સરાજના રૂપમાં રહેલા મદનવેગે, હળવે હળવે તેને સમજાવી, ગાંધર્વવિધિ વડે તેની સાથે લગ્ન કર્યાં. તે જ વખતે યોગેશ્વર, યોગવિદ્યાવડે અદૃશ્ય રીતે અંદર આવ્યો. જુવે છે તો વત્સરાજને દીઠો ! એટલે તેને ભ્રમ પડયો અને ખેદ કરવા માંડ્યો. તે તરત યૌગંધરાયણને ઘેર ગયો. આ વાત કહી ત્યારે યૌગંધરાયણે આજ્ઞા કરી કે તું જા વાસવદત્તાને ત્યાં અને જો કે વત્સરાજ ત્યાં સૂતો છે કે કેમ ! આજ્ઞા થતાં જ યોગેશ્વર. યોગવિદ્યા વડે ત્યાં ગયો અને વાસવદત્તાની પડખે વત્સરાજને સૂતેલો દીઠો એટલે રાજી થયો. પછી મંત્રીવરના કહેવાથી જ સૂતેલાનું રૂપ જાણવા, કલિંગસેનાના ગુપ્ત કામીની તપાસ કરવા માટે, પુનઃ તે ત્યાં ગયો. અંદર જઈને જુવે છે તો કલિંગસેના સુતી હતી. તેની શય્યામાં પોતાના જ સ્વરૂપમાં મદનવેગ પણ સૂતો હતો, તેને દીઠો. તે દિવ્ય મનુષ્ય હતો; કારણ કે તેના ચરણમાં છત્ર ને ધ્વજાનાં ચિહ્ન હતાં અને ચરણ ધૂળ વગરના હતાં. નિદ્રાવશ થવાથી તેની વિદ્યા દૂર ચાલી ગઈ હતી, તેને લીધે તે પોતાના સ્વરૂપમાં સુતો હતો. પછી યોગેશ્વર, પૂર્ણ હર્ષમાં આવી, યૌગંધરાયણને ત્યાં ગયો ને હર્ષથી સર્વ વૃત્તાંત તેને કહ્યું. તે બોલ્યો—"મારા જેવો જ કંઈ જાણે નહી તે તમે નીતિદૃષ્ટિ વડે સર્વ જાણો છો. તમારા ગુપ્ત વિચારથી આ ન થઈ શકે એવું રાજાનું કામ સિદ્ધ થયું છે. સૂર્ય વગર આકાશ કેમ શોભે ? પાણી વગર તળાવ કેમ શોભે ? મત્ર ( ગુપ્ત વિચાર વગર ) રાજ્ય કેમ ચાલે? અને સત્ય વગર વચન કેમ શોભે ?" યોગેશ્વર જ્યારે આ પ્રમાણે બોલી રહ્યો તે પછી યૌગંધરાયણે પ્રસન્ન થતાં તેને રજા આપી અને સવારમાં વત્સરાજને મળવા માટે મંત્રી ગયો? તે રાજા પાસે ગયો ત્યારે રાજાએ તેને કલિંગસેનાના વિવાહના કાર્ય માટેના ઠરાવ સંબંધી પ્રશ્ન કર્યો. યૌગંધરાયણે કથા પ્રસ્તાવથી બરાબર તે કન્યાનું ચરિત્ર વર્ણવીને કહ્યું:—'રાજાજી! તે કન્યા સ્વચ્છંદચારિણી છે ને તમારે પાણિગ્રહણ કરવાને પાત્ર નથી. તે પોતાની ઇચ્છાથી પ્રસેનજિત્ રાજાને જોવા માટે આવી હતી. તે રાજાને ઘરડો જોઈ ઉદાસ થઈ સુંદરતાના લોભથી તમારી પાસે આવી છે; અને હમણાં બીજા પુરુષનો સંગ પણ તે પોતાની મરજી પ્રમાણે કરે છે.' રાજાએ આવું સાંભળ્યું ત્યારે તે બોલ્યો; 'જે કુલવાનની કન્યા છે, તે એમ કેમ કરે? અથવા મારા અંતઃપુરમાં કોણ પ્રવેશ કરવા શક્તિમાન્ છે?' તે સાંભળી બુદ્ધિમાન્ યૌગંધરાયણ બોલ્યો—'મહારાજ! આજ જ રાત્રે તે વાત આપને પ્રત્યક્ષ બતાવીશ. સિદ્ધ વગેરે દેવતાઓ પણ તે કન્યાની ઇચ્છા કરે છે, ત્યારે મનુષ્યો કેમ કરે નહીં? મહારાજ ! દિવ્ય પુરુષોની ગતિ કોણ રોકી શકે છે. કોઈ પણ રોકવા સમર્થ નથી. માટે આવો અને તમારા નેત્રથી પ્રત્યક્ષ જુવો!' આમ મંત્રીએ કહ્યું એટલે રાજાએ રાત્રિમાં મંત્રી સાથે જવાનું નક્કી કર્યું. પછી યૌગંધરાયણ દેવી વાસવદત્તા પાસે ગયો



અને તેને કલિંગસેનાનું સર્વ વૃત્તાંત જણાવ્યું અને કહ્યું; "રાણીજી ! પદ્માવતી રાણીજી વગર બીજી રાણી રાજાને પરણાવવી નહીં એમ મેં જે પ્રતિજ્ઞા કરી હતી, તે પ્રતિજ્ઞા મેં બરાબર પાળી છે!" પછી વાસવદત્તા પણ તેને પ્રણામ કરી, તેનાં વખાણ કરવા લાગી કે—'તમારા ઉપદેશ પ્રમાણે વર્તવાથી મને આ ફળ મળ્યું છે.'

જ્યારે રાત્રિએ સર્વ મનુષ્ય નિદ્રાવશ થયાં, ત્યારે વત્સરાજ અને યૌગંધરાયણ કલિંગસેનાને ઘેર ગયા. વત્સરાજ અદૃશ્યરૂપે અંદર પેઠો ત્યારે નિદ્રાવશ થયેલી કલિંગસેનાની પાસે મદનવેગને સૂતો દીઠો. તે પોતાના રૂપમાં એટલે વિદ્યાધરના રૂપમાં સૂતો હતો. રાજા જ્યાં તે સાહસિકને મારવાની ઇચ્છા કરે છે, ત્યાં તેની વિદ્યાએ તે વિદ્યાધરને જાગૃત કર્યો, અને જ્યાં તે જાગૃત થયો કે તરત આકાશમાં ઉડી ગયો. ક્ષણેક પછી કલિંગસેના પણ જાગૃત થઈ. જાગીને જુવે છે તો પલંગને શૂન્ય (ખાલી) દીઠો, એટલે બોલી; 'મારી પહેલાં જાગૃત થઈ મને સૂતી જ મૂકીને વત્સરાજ કેમ ચાલ્યા જાય છે?' તે સાંભળી યૌગંધરાયણે વત્સરાજને કહ્યું; "સાંભળો ! આ વિદ્યાધરે તમારું રૂપ ધારણ કરીને આ કન્યાને ભ્રષ્ટ કરી મૂકી છે. મેં યોગબળવડે તે પુરુષને ઓળખ્યો અને આપને પ્રત્યક્ષ બતાવ્યો; પરંતુ આ વિદ્યાધર દિવ્ય પ્રતાપી છે, માટે તેનો નાશ તમારાથી થઈ શકે નહીં.' આટલું કહી યૌગંધરાયણ અને વત્સરાજ બન્ને જણા સાથે સાથે જ કલિંગસેના પાસે ગયા. કલિંગસેનાએ પણ તે બન્ને જણાને જોઈ તેમનો આદર સત્કાર કર્યો. પછી કલિંગસેના બોલી, 'મહારાજ! હમણાં જ કાર્યભારી સહિત આપ ક્યાં જઈને આવ્યા ?' યૌગંધરાયણે તેને કહ્યું; 'કલિંગસેના, માયાવડે વત્સરાજનું રૂપ ધારણ કરનાર બીજો કોઈ મને મોહ ઉપજાવીને પરણી ગયો છે, પણ આ અમારા રાજા તમને પરણ્યા નથી!' કલિંગસેનાએ આ જ્યારે સાંભળ્યું, ત્યારે છાતીમાં બાણ વાગવાથી વિંધાઈ ગઈ હોય તેમ, તે બેભાન થઈ પડી, અને નેત્રમાંથી અશ્રુઓ પાડતી વત્સરાજને કહેવા લાગી,—'રાજા ! તમે મને ગાંધર્વવિધિથી પરણ્યા છો; પણ જેમ પૂર્વે દુષ્યંત શકુંતલાને ગાંધર્વવિધિથી પરણીને ભૂલી ગયો હતો, તેમ તમે મને ભૂલી તો નથી ગયા?' આમ તે સ્ત્રીએ કહ્યું, એટલે રાજા મસ્તક નમાવીને બોલ્યો—'હું સત્ય કહું છું કે હું તને નથી પરણ્યો. હું તો હમણાં જ આવું છું!' જ્યારે વત્સરાજે આ પ્રમાણે કહ્યું, ત્યારે મંત્રી યૌગંધરાયણે કહ્યું—"ચાલો," એમ કહી પોતાની ઇચ્છા પ્રમાણે રાજભવનમાં તેને લઈ ગયો.

રાજા કાર્યભારી સહિત ત્યાંથી ગયા પછી, પોતાના કુટુંબીને ત્યાગ કરી, પરદેશમાં એકલી રહેલી કલિંગસેના, ટોળામાંથી વિખૂટી પડેલી મૃગલીની માફક દેખાવા લાગી. કામકેલિથી ચોળાયેલાં, મુખકમલવાળી પીખાઇ ગયેલી *કબરી—ભ્રમરાવલિવાળી, ગજ—હાથીએ પીડિત †પદ્મિનીની પેઠે, કલિંગસેના શોભવા લાગી! કન્યા મટીને સ્ત્રી થયેલી કલિંગસેનાનો ઉપાય ચાલે તેમ હવે

* કબરી—વેણી—કેશપાશ—અંબોડો.

† પદ્મિની એટલે પોયણી અને બીજા અર્થમાં સ્ત્રીની ચાર જાતમાં ઉત્તમ જાતનું નામ પદ્મિની છે. આ રૂપક અલંકાર છે.

રહ્યો નહિ. તે આકાશ તરફ નજર કરીને બોલી–'જે કોઈ વત્સરાજનું રૂપ ધારણ કરીને મને પરણ્યો હોય, તે કુમાર પ્રગટ થાઓ અને તે જ મારા યૌવનનો નાથ છે!' આમ તે સ્ત્રીએ કહ્યું એટલે દિવ્યમૂર્તિ વિદ્યાધરરાજા, હાર અને બાંજુબંધથી અલંકૃત બનીને ત્યાં આવ્યો. કલિંગસેનાએ તેને પૂછ્યું–'તમે કોણ છો?' તેણે એવો જવાબ આપ્યો, 'તન્વિ! હું વિદ્યાધરનો રાજા છું! મારું નામ મદનવેગ છે! મેં એકવાર તને તારા પિતાના ઘરમાં ઉભેલી દીઠી હતી. ત્યારથી જ તને મેળવવા માટે તપ કરી શંકર પાસેથી તારી પ્રાપ્તિ કરાવનારો વર મેળવ્યો હતો! તું વત્સરાજ ઉપર આસક્ત હતી, પરંતુ તારો વિવાહ થયો ન હતો, તેટલામાં હું યોગવિદ્યાથી વત્સરાજનું રૂપ ધારણ કરી, ઝટપટ તારી સાથે પરણી ગયો છું.' આવી રીતે મદનવેગની વાણીરૂપ અમૃત, કર્ણના માર્ગથી અંદર ગયું તેને લીધે, કલિંગસેનાનું હૃદયકમળ, જરા પ્રફુલ્લિત થયું. પછી મદનવેગે તે સ્ત્રીને આસનાવાસના કરી ધીરજ આપી, અને તેને ઘણું સોનું આપ્યું. કલિંગસેનાએ પણ તેને ઉચિત પતિ ગણીને મનમાં તેના ઉપર ઉત્તમપ્રતિનો પ્રેમ બાંધ્યો. પછી મદનવેગ ફરી આવવાનું કહી, તે જ વખતે આકાશમાં ઉડી ગયો. કલિંગસેનાએ જોયું કે, મારા પતિનું ઘર સ્વર્ગમાં છે, ત્યાં મનુષ્ય જઈ શકે નહીં; અને પિતાના ઘરનો ત્યાગ ઇચ્છાથી કર્યો છે! ( ત્યાં હવે જવાય તેમ નથી ) આમ વિચારી મદનવેગની આજ્ઞા હોવાથી તે કૌશાંબી નગરીમાં જ ધીરજ ધારી રહી.

## તરંગ ૮ મો.

## વત્સરાજની કથા.

એક વખતે વત્સેશ્વર કલિંગસેનાનું અનુપમ સૌંદર્ય સંભારી, કામાતુર થઈ ગયો અને શય્યામાંથી ઉઠી, હાથમાં તરવાર લઈ તે રાત્રે એકલો કલિંગસેનાના રાજભવનમાં ગયો. કલિંગસેનાએ વત્સરાજને આવતા જોઈ, તેનો અતિથિસત્કાર કર્યો. પછી તે રાજા, કલિંગસેનાને પોતાની સ્ત્રી થવાની પ્રાર્થના કરવા લાગ્યો; કલિંગસેના બોલી–'હું પરસ્ત્રી છું, અને તમારી જાણમાં બીજાને પરણી છું.' આમ કહી તે સાથે પત્ની તરીકે વર્તવાને ના પાડી. ત્યારે રાજા બોલ્યો,–'તું ત્રીજા પુરુષ પાસે ગઈ છે માટે દોષિત ( દોષવાળી–વેશ્યા ) છે; અને તે માટે, તારી–પરસ્ત્રી–સાથે ગમન કરવામાં મને દોષ નથી.' રાજાનું કહેવું સાંભળી કલિંગસેનાએ પ્રત્યુત્તર આપ્યો, 'મહારાજ! હું તમને પરણવા માટે અવશ્ય આવી હતી. એવામાં તમારું રૂપ ધારણ કરી મદનવેગ મને પરણી ગયો છે. તે જ એક મારો પતિ છે, છતાં હું વેશ્યા કેમ? વળી માતાપિતા વગેરેનો ત્યાગ કરી પોતાની મરજી મુજબ આચરણ કરનારી ઘણી મૂર્ખ સ્ત્રીઓને આવી આપત્તિઓ આવે છે, ત્યારે કન્યાઓની તો વાર્તા જ શી કરવી? સખીને અપશકુન જોવામાં આવ્યાં, એટલે તેણે મને વારી હતી! છતાં પણ મેં તમારી પાસે દૂત મોકલ્યો, તેનું મને આ ફળ મળ્યું છે! જો તમે બલાત્કારથી મને અડકશો તો હું પ્રાણત્યાગ કરીશ, કારણ કે કોઇ કુલીનકાંતા પતિનો દ્વેષ કરશે? વળી હે રાજન્! એ વિષય ઉપર તમને એક કથા કહું છું તે સાંભળો.



## એક વાણીઆણીની કથા.

પૂર્વે ચેદી દેશમાં ઇંદ્રદત્ત નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેણે શરીરને નટવર જાણી, યશરૂપ કાયા કાયમ રાખવા માટે, પાપનાશન એવા નામના તીર્થમાં, યશ માટે મોટું દેવમંદિર બંધાવ્યું. રાજા ભક્તિરસવડે હમેશાં તે દેવ મંદિરે દર્શન કરવા માટે જતો હતો. ત્યાં તીર્થમાં સ્નાન કરવા માટે સર્વ મનુષ્યો આવતાં હતાં. એક વખતે તીર્થમાં સ્નાન કરવા માટે એક વાણીઆણી આવી. તેને રાજાએ દીઠી. આ સ્ત્રીનો વર પરદેશ ગયો હતો. તે સ્ત્રી નિર્મળકાંતિરૂપ અમૃતથી સિંચાયેલી, આશ્ચર્યકારક રૂપરૂપી અલંકારથી શણગારાયલી, કામદેવની મનહર રાજધાની જેવી દેખાતી હતી. 'ત્હારાવડે હું જગતનો પરાજય કરીશ!' એમ ધારી પ્રેમવડે કામદેવના ભાથાની શોભાએ તેનાં બે ચરણનું આલિંગન કર્યું હતું. તે સ્ત્રીએ દર્શનથી જ રાજાનું મન એવું તો હરણ કર્યું કે, તે રાજા પરવશ થઈ ગયો; ને રાત્રિએ તેનું ઘર શોધીને જ્યાં તે રહેલી હતી ત્યાં ગયો અને તેની પ્રાર્થના કરવા લાગ્યો. તે સ્ત્રીએ જવાબ આપ્યો–"તું પાલનકર્ત્તા રાજા છે. તને પરસ્ત્રીના શિયળનો ભંગ કરવો ઉચિત નથી. તું કદી અધર્મથી મારો સ્પર્શ કરીશ, તો તને મોટું પાપ લાગશે, અને હું દૂષણ સહન ન કરતાં ઝટ મરણ પામીશ!" તે સ્ત્રીએ આ પ્રમાણે રાજાને કહ્યા છતાં પણ પરવશ થયેલો તે રાજા બલાત્કાર કરવાની ઇચ્છા કરવા લાગ્યો, એટલે શિયળવ્રત ભંગના ભયથી તે સ્ત્રીનું હૃદય ફાટી ગયું! રાજા તે સ્ત્રીને મરી ગયેલી જોઈ, લજ્જાવશ થયો; અને જેમ આવ્યો હતો તેમ જ પાછો ચાલ્યો ગયો; અને તે કર્મના પશ્ચાત્તાપમાં કેટલાક દિવસ ગયા પછી તે પણ મરણ પામ્યો.

ભય અને વિનય સહિત નમ્ર બનેલી કલિંગસેના આવી રીતે આ કથા કહીને, ફરી વત્સરાજને કહેવા લાગી–"તેટલા માટે વત્સરાજ! અધર્મ કરી મારા પ્રાણ હરવાની ઇચ્છા કરશો નહીં. જ્યારે મેં અત્ર આશ્રય કર્યો છે, ત્યારે મને અહીં રહેવા દ્યો. તમે રહેવા દેશો નહીં તો હું બીજી જગ્યાએ જઈશ." વત્સરાજ, કલિંગસેના પાસેથી સર્વ વૃત્તાંત સાંભળી વિચાર કરવા લાગ્યો; અને ધર્મ વિચારી શાંત બનીને બોલ્યો–'રાજપુત્રિ! અહીં તું તારા પતિ સાથે ઇચ્છામાં આવે ત્યાં સુધી નિવાસ કર; હવે તારે ભય રાખવો નહીં. હું તને કંઈ પણ કહીશ નહીં.' આવી રીતે કહી રાજા પોતાની ઇચ્છા પ્રમાણે પોતાને ઘેર ચાલ્યો ગયો. આ સઘળી વાતચિત મદનવેગે સાંભળી હતી તે, તે ગયા પછી આકાશમાંથી નીચે ઉતર્યો અને બોલ્યો–"પ્રિયે! ઠીક કર્યું. તેં જો એ પ્રમાણે કીધું હોત નહીં તો, ઓ કલ્યાણિ! તેમ કરવાથી તારું કલ્યાણ થાત નહીં!" કેમકે તે કર્મ હું કદી પણ સહન કરી શકત નહીં." આમ બોલી તે સ્ત્રીને શાંત કરી, તે રાત્રિ ત્યાં તેની સાથે રહી વિનોદમાં ગાળી. આમ તે વિદ્યાધર નિત્ય ત્યાં આવજાવ કરતો હતો. કલિંગસેના પણ વિદ્યાધર પતિને મેળવી, મનુષ્ય છતાં પણ દિવ્ય વૈભવનાં સુખ ભોગવવા લાગી; અને વત્સરાજ, મંત્રીનું વચન સાંભળી, તેને પરણવાના વિચારનો ત્યાગ કરી, રાણીને, રાજ્યને અને પુત્રને મેળવ્યાં એમ માનતો ખુશી થવા લાગ્યો. રાણી વાસવદત્તા અને મંત્રી યૌગંધરાયણ નીતિરૂપ કલ્પલતાનું ફળ સિદ્ધ થવાથી નિવૃત્તિ પામ્યાં.

## મદનમંચુકા.

આમ કેટલાએક દિવસો વીતી ગયા એટલે કલિંગસેનાએ ગર્ભ ધારણ કર્યો. તેને લીધે તેનું મુખ ફીકું પડી ગયું, અભાવ થવા લાગ્યા. એ વખતે જરા ઉંચાં ને શ્યામ રંગની ડીંટડીવાળાં સ્તન, કામદેવની મદમુદ્રાથી (મદની છાપ) છાપેલાં ભંડારના ઘડા જેવાં શોભતાં હતાં. પછી તેનો પતિ મદનવેગ આવ્યો અને બોલ્યો-કે 'કલિંગસેના! અમારા દેવતાઓનો આવો સમય* છેઃ 'કે મનુષ્યને ગર્ભ રહ્યો એટલે તેનો ત્યાગ કરીને જતા રહેવું! મેનકાએ કણ્વમુનિના આશ્રમમાં શું શકુંતલાનો ત્યાગ કર્યો ન હતો ? પ્રિયે ! તું પણ પૂર્વે અપ્સરા હતી, તથાપિ તને પોતાના અવિનયથી ઈંદ્રનો† શાપ થયો, તેણે કરીને હમણાં તું મનુષ્યમાં અવતરી છે અને તેનાથી આ લોકમાં પણ તને વેશ્યા શબ્દ લાગુ પડ્યો છે ! હવે તું તારા સંતાનની રક્ષા કરજે; હું મારી નિવાસભૂમિમાં જાઉં છું. જ્યારે તું મને સંભારીશ ત્યારે હું તારી પાસે હાજર થઈશ.' કલિંગસેનાને આ પ્રમાણે કહ્યું એટલે તે છાતીફાટ રુદન કરવા લાગી. પછી વિદ્યાધરપતિ મદનવેગે તે સ્ત્રીને સમજાવી તેને ઉત્તમ સુવર્ણ આપી, તેનું મનન કરતો, સમય પૂરો થઈ રહેવાથી ( નિયમને આધીન થઈ ) વિદ્યાધરના લોકમાં મદનવેગ ચાલ્યો ગયો. કલિંગસેના પણ સખીના ઉપર જેમ આશા રાખીને બેઠી હતી, તેમ સંતાન ઉપર આશા રાખી, વત્સરાજાની ભુજચ્છાયાનો આશ્રય કરીને ત્યાંજ રહી.

એ સમયમાં કામની સ્ત્રી રતિ, શરીરધારી કામદેવ પતિને મેળવવા માટે, તપ કરતી હતી; તેને શંકરે આજ્ઞા કરી કેઃ-"પૂર્વે મારું અપમાન કરવાથી તારો પતિ બળી ગયો હતો, તે વત્સરાજને ઘેર ગર્ભરૂપે અવતર્યો છે. તેનું નામ નરવાહનદત્ત છે. તેં મારી આરાધના કીધી છે, તેથી તું સ્વયંપ્રગટ થઈશ-ગર્ભમાંથી જન્મીશ નહીં; અને પછી દેહધારી કામ-તારા પતિ સાથે તારો મેળાપ થશે." આમ રતિને કહીને, શંકરે બ્રહ્માને આજ્ઞા કરી કે, કલિંગસેના, દેવથી ઉત્પન્ન થયેલા પુત્રને જન્મ આપશે ! પણ તમે તેના પુત્રનું માયાવડે હરણ કરી, તેની જગ્યાએ દિવ્યરૂપનો ત્યાગ કરનારી આ રતિને, મનુષ્યની કન્યા બનાવીને અવતાર લે તેમ કરો." તુરત જ બ્રહ્માએ શંકરની આજ્ઞા મસ્તક ઉપર ચઢાવી તેને ઘેર ગયા.‡ કલિંગસેનાને સમય આવ્યો એટલે પ્રસવ થયો; તે જ ક્ષણે બ્રહ્માએ કોઈ જાણે નહી તેમ, પોતાની માયાવડે, પુત્ર અવતર્યો કે તેને લઇને રતિને કન્યા બનાવી તેની પાસે મૂકી દીધી. પ્રસુતિગૃહમાં રહેલાં સઘળાં પરિજનોએ પણ દિવસે ઉદય પામેલી પ્રતિપદાના ચંદ્રમાની કળા જેવી તે કન્યા જ જન્મી છે એમ જાણ્યું. તે કન્યાની કાંતિવડે તેના રહેવાનું ઘર પ્રકાશમાન થઈ ગયું; અને રત્નના દીવાઓની હાર જાણે લજ્જાવશ થઇને ઝાંખી પડી ગઈ હોય તેમ તેને ઝાંખી કરી દીધી. કલિંગસેનાએ અનુપમ રૂપાળી પુત્રીને અવતરેલી જોઈ, હર્ષથી પુત્રના જન્મ કરતાં પણ તેના જન્મનો ઉત્સવ અધિક કર્યો. રાજા, રાણી અને યૌગંધરાયણે કલિંગસેનાને અદ્ભુત રૂપાળી કન્યા જન્મી છે

* ધારો. † અંગ્રેજીમાં શિવનો શાપ છે. ‡ અંગ્રેજીમાં આમ છેઃ "પ્રજાપતિ શિવની આજ્ઞા મસ્તકપર ચઢાવી પૃથ્વીપર ગયા, અને જ્યારે નિર્માણ સમય આવ્યો ત્યારે કલિંગસેનાએ પુત્રને જન્મ આપ્યો."



એમ સાંભળ્યું. રાજાએ કન્યા અવતર્યાનું સાંભળ્યું કે, ઈશ્વરે પ્રેર્યો હોય તેમ અકસ્માત, યૌગંધરાયણ ઉભો હતો તેની સમક્ષ, દેવી વાસવદત્તાને કહ્યું-"આ કલિંગસેના દિવ્ય સ્ત્રી છે અને શાપને લીધે તે પૃથ્વીપર અવતરેલી છે એમ હું જાણું છું; અને આશ્ચર્યરૂપ ધારણ કરનારી આ દિવ્ય કન્યાને તેણે જન્મ આપ્યો છે. આ કન્યાનું રૂપ મારા પુત્રના રૂપ પ્રમાણે છે, માટે તે નરવાહનદત્તના મહારાણીપદને યોગ્ય છે." આવાં વચન સાંભળી મહાદેવી વાસવદત્તા બોલીઃ-"મહારાજ ! તમે અકસ્માત્ આવું કેમ બોલો છો ? બન્ને કુળ તરફથી શુદ્ધ તમારો પુત્ર ક્યાં અને વેશ્યા કલિંગસેનાના ગર્ભમાંથી અવતરેલી કન્યા ક્યાં ?" જ્યારે રાજાએ આ પ્રમાણે સાંભળ્યું ત્યારે તે વિચાર કરી બોલ્યો-"સત્ય કહું છું; હું પોતે નથી બોલ્યો, પણ મારા અંતઃકરણમાં કોઇ દેવે પ્રવેશ કરીને મને બોલાવ્યો હોય તેમ છે, માટે હું બોલું છું અને જાણે આકાશવાણી મને કહેતી હોય કે-'કલિંગસેનાની આ કન્યા, નરવાહનદત્તની નિર્માણ થયેલી પત્ની છે, વળી આ કલિંગસેના શુદ્ધ પતિવ્રતા અને ઉત્તમ કુળમાં જન્મેલી છે. પણ પૂર્વ જન્મનાં કર્મને યોગે તે વેશ્યા એ નામે બદનામ થઈ છે." રાજાએ આમ કહ્યું એટલે મંત્રી યૌગંધરાયણ બોલ્યો-"મહારાજ ! જ્યારે કામદેવ બળી ગયો હતો, ત્યારે રતિએ તપ કર્યું હતું, એમ સાંભળવામાં આવ્યું છે. પછી શંકરે તેને વર આપ્યો કે, મનુષ્ય લોકમાં તું અવતરીશ અને તને શરીરધારી તારા પોતાના પતિ સાથે સંગમ થશે. આમ પોતાના પતિની ઈચ્છા રાખનારી રતિને શંકરે વર આપ્યો છે; અને પેલી આકાશવાણીએ તમારો પુત્ર કામનો અવતાર છે એમ જણાવ્યું છે. એથી ધારું છું કે, રતિ, ઈશ્વની આજ્ઞાથી મનુષ્યરૂપે અત્રે અવતરી હશે. વળી આજે મને સુયાણીએ એકાંતમાં એમ કહ્યું કે-'મેં પ્રથમ કલિંગસેનાનો ગર્ભ સુવાવડના ખાટલામાં જોયો હતો અને તે જ વખતે તે લોપ થઈ ગયો અને બીજું જ ( રૂપ ) જોવામાં આવ્યું. તે આશ્ચર્ય જોઈ, હું તમને કહેવા આવી છું.' આવી રીતે તે સુયાણીએ મને કહ્યું, અને તમને પણ પ્રતિભાજ્ઞાન થયું છે, માટે હું માનું છું કે, દેવતાઓ માયાવડે ગર્ભને ચોરી ગયા હશે અને પોતાની મેળે પ્રગટ થયેલી આ કન્યાને તેની પુત્રી બનાવી મૂકી હશે ! મહારાજ ! તમારો પુત્ર કામદેવનો અવતાર છે અને આ તેની સ્ત્રી છે. વળી એ વિષય ઉપર યક્ષની આ કથા કહું છું તે સાંભળોઃ—

## વિરૂપાક્ષ યક્ષની કથા.

કુબેરનો એક પ્રસિદ્ધ વિરૂપાક્ષ નામનો યક્ષ ચાકર હતો. તે યક્ષ હજાર ધનના ભંડારનો ઉપરી થયો હતો. તેણે મથુરા નગરીની બહાર જે ધનના ભંડારો હતા તેની રક્ષા કરવા માટે શિલાના સ્તંભની માફક સ્થિર ચોકી કરવા બીજા યક્ષને મોકલ્યો હતો. એક સમયે, મથુરામાં રહેનારો કોઇએક પાશુપત* બ્રાહ્મણ, જે હીરા વગેરેની ખાણ પારખી

* આ નામનો એક પ્રાચીન મત છે; જેનો જુજ ભાગ હજુ દક્ષિણમાં છે અને તે વીરશૈવના નામથી ઓળખાય છે. શંકરાચાર્યે એ મતનું ખંડન કર્યું છે; એ મતમાં પશુ-જીવ અને પતિ-શંકરની ઉપાસના એ મુખ્ય સાધન ગણાવ્યું છે.

શકતો હતો, તે ત્યાં આવ્યો. તે બ્રાહ્મણ, હાથમાં મનુષ્યની ચરબી અને દીવો લઈ, ધનના સ્થાનની પરીક્ષા કરે છે, તેટલામાં તેના હાથમાંનો દીવો એ સ્થળે પડી ગયો ! તે લક્ષણવડે ત્યાં ભંડાર છે એમ તેણે જાણ્યું. પછી બીજા બ્રાહ્મણ મિત્રોની સહાયતાથી તે ભંડારને ઉઘાડવા માટેનો તેણે આરંભ કર્યો. હવે જે યક્ષની ત્યાં રક્ષા કરવા માટે નિમણુંક કરી હતી તે યક્ષ, **વિરૂપાક્ષ** પાસે ગયો અને તેને બન્યા પ્રમાણે જણાવ્યું. ત્યારે **વિરૂપાક્ષે** તે યક્ષને ગુસ્સાથી આજ્ઞા કરી કે–'જા, અને તે ખાણ ખોદનારા નીચ લોકોનો તત્ક્ષણ નાશ કર!' પછી તે યક્ષ ત્યાં ગયો. તેણે પોતાની યુક્તિથી ખાણ ખોદનારા બ્રાહ્મણો, જ્યાં પોતાનો મનોરથ સિદ્ધ કરી રહ્યા ન હતા તેટલામાં તેમનો નાશ કર્યો. આ વાર્તા કુબેરના જાણવામાં આવી એટલે તેણે ગુસ્સો કરી **વિરૂપાક્ષને** કહ્યું–'અરે પાપી, તેં વગર વિચારે બ્રહ્મહત્યા કેમ કરાવી ? દરિદ્રી માણસો આજીવિકા સારુ લોભને લીધે શું કામ કરતા નથી ? તેથી જો કોઈ આપણી આડે આવતો હોય તો વિઘ્નોથી ડરાવી તે કામ કરતો અટકાવવો, પણ બ્રહ્મહત્યા કરવી નહીં.'

આટલું કહી કુબેરે **વિરૂપાક્ષને** શાપ દીધો કે; 'દુષ્ટાચરણ કરવાથી તું મનુષ્ય જાતિમાં અવતાર લે ! ' **વિરૂપાક્ષ** શાપ થયા પછી પૃથ્વી ઉપર અગ્રહાર ભોગવનાર બ્રાહ્મણને ત્યાં પુત્ર તરીકે અવતર્યો. તેની સ્ત્રી યક્ષિણીએ કુબેરને વિનતિ કરી જણાવ્યું–'દેવેશ ! જ્યાં મારા તે પતિને આપે શાપથી નાંખ્યો છે, ત્યાં જ મને નાંખો અને દયા કરો ! કેમકે તેનાથી વિખૂટી પડેલી હું જીવી શકતી નથી.' આવી રીતે તે સદ્‌ગુણી સ્ત્રીએ કુબેરને વિનતિ કરી, ત્યારે કુબેર બોલ્યો–'પાપ રહિતે ! તારો પતિ બ્રાહ્મણના ઘરમાં જન્મ્યો છે, તેની જ દાસીને ઘેર તું સ્વતઃપ્રગટ થઈશ. ત્યાં તને તારા વર સાથે સમાગમ થશે, અને તે તારી કૃપાથી શાપમાંથી મુક્ત થઇ મારી પાસે આવશે.' આવી રીતે કુબેરની આજ્ઞા થયા પછી, તે સાધ્વી સ્ત્રી મનુષ્યકન્યા બની; તે બ્રાહ્મણની દાસીના ઘરનાં બારણાં આગળ પડી. તે દાસીએ અચાનક અદ્‌ભુત રૂપાળી કન્યાને જોઈ, તેને ઉંચકી લીધી ને પોતાના શેઠ બ્રાહ્મણને બતાવી. બ્રાહ્મણ તે કન્યાને જોઈ બોલ્યો–'ખરેખર, આ કન્યા કોઈ દિવ્ય અને સ્વયંભૂ છે–ગર્ભમાંથી અવતરેલી નથી, પણ પોતાની મેળે પ્રગટ થઈ છે; એમ મારું મન મને કહે છે, માટે તું તેને અહીં શંકા વગર લઈ આવ. આ કન્યા અવશ્ય મારા પુત્રની પત્ની થવાને પાત્ર છે, એમ હું ધારું છું.' આવી રીતે દાસીને કહી તે બ્રાહ્મણ બહુ પ્રસન્ન થયો. બ્રાહ્મણના ઘરમાં, તે કન્યા અને બ્રાહ્મણનો પુત્ર ધીરે ધીરે મોટાં થયાં; અને એક બીજાનાં દર્શનથી પરસ્પર ગાઢો પ્રેમ બંધાયો. પછી તે બ્રાહ્મણે બન્નેનો વિવાહ કર્યો. જોકે એ જોડાને પૂર્વ જન્મનું સ્મરણ ન હતું, તથાપિ તે જાણે વિરહના દુઃખમાંથી પાર ઉતર્યાં હોય તેમ જણાવા લાગ્યું. પછી કેટલોએક કાળ ગયા બાદ પેલો યક્ષ મરણ પામ્યો અને તેની સ્ત્રી તેના માનસીક શરીરને લઇ બળી મોઈ હતી સ્ત્રીના તપના પ્રતાપથી પાપ રહિત બની તે યક્ષ પોતાના યક્ષ લોકમાં ગયો અને તેણે પોતાનો અધિકાર પુનઃ સંપાદન કીધો.

"આવી રીતે દૈવે નિર્માણ કરેલા દિવ્ય પુરુષો, કારણને લીધે પૃથ્વી ઉપર, અપરાધી ન હોવાથી સ્વયંભૂ અવતરે છે. મહારાજ ! તેને વળી કુળ કેવું ? આ પ્રમાણે જોતાં કલિંગસેનાની આ



કન્યા, દૈવે તમારા પુત્રની સ્ત્રી નિર્માણ કરી છે," આમ **યૌગંધરાયણે** કહ્યું, એટલે **વત્સેશ્વર** અને રાણી **વાસવદત્તાએ** મનમાં ને મનમાં 'ઠીક છે' એમ સ્વીકાર્યું. પછી મુખ્ય મંત્રી ઘેર ગયો અને રાજાએ **વાસવદત્તા** સાથે મદિરાપાન વગેરે રમત કરી તે દિવસ સુખાનંદમાં કાઢી નાંખ્યો.

કેટલાક દિવસ વીતી ગયા પછી કલિંગસેનાની કન્યા, કે જેને મોહને લીધે પોતાના પૂર્વ જન્મનું સ્મરણ ન હતું તે, હળવે હળવે રૂપ સંપત્તિની સાથે વધવા લાગી. તેની માતાએ અને તેનાં માણસોએ તેને **મદનવેગની** પુત્રી ગણી **મદનમંચુકા*** એવું નામ પાડયું; અને કહ્યું કે, "ખરેખર એ કન્યાએ બીજી સર્વ ઉત્તમ સ્ત્રીનું રૂપ ધારણ કર્યું છેઃ જો તેમ ન હોય તો તેની સમીપમાં બીજી સ્ત્રીઓ કુરૂપડી કેમ જણાય?" પછી એક દિવસે, દેવી **વાસવદત્તાને** કન્યા સ્વરૂપ લાવણ્યમાં અપરંપાર છે, એમ સાંભળી, આશ્ચર્ય પામતાં તેને પોતાની પાસે મંગાવી. વત્સરાજ અને **યૌગંધરાયણ** વગેરે દીવાની શિખા જેવી પ્રકાશમાન, ધાવના મુખ તરફ જોતી તે કન્યાને એકીટસે જોવા લાગ્યા. નેત્રને અમૃતની માફક શીતળતા કરનારું તેનું અપૂર્વ અંગ જોઈ, આતો સાક્ષાત્‌ રતિ જ અવતરી છે, એમ કોણ મનુષ્ય માનતું ન હતું? સઘળાં એમ જ કબૂલ કરતાં હતાં. પછી રાણી વાસવદત્તાએ જેને જોઈ આખું જગત્‌ આનંદમાં મગ્ન થઈ જતું હતું. તે **નરવાહનદત્તને** તેડાવ્યો. કમળવાળું તળાવ જેમ સૂર્યની નવી પ્રભાને જોઈ પ્રફુલ્લિત બને છે, તેમ **નરવહનદત્તનું** મુખ કમળ પણ, તેજસ્વી **મદનમંચુકાને** જોઈ આનંદમાં આવી ગયું.

## કામ અને રતિ–સુઘડ પ્રેમ મૂર્ત્તિ.

બાળક ચકોરી જેમ ચંદ્રમાને જોતાં તૃપ્ત થાય નહીં, તેમ આનંદિત મુખવાળી તે કન્યા **મદનમંચુકા**, નેત્રને આનંદ આપનારા **નરવાહનદત્તને** જોઈ તૃપ્તિ પામી નહીં. વારંવાર તેના તરફજ ટગર ટગર જોવા લાગી. ત્યારથી–તે બાળક હતાં તોપણ–જૂદાં હતાં તોપણ–દષ્ટિરૂપ પાશથી બંધાયેલાં હોય તેમ, ક્ષણવાર પણ જૂદાં રહી શકતાં નહીં. કેટલાએક દિવસ ગયા પછી, **વત્સરાજાએ**, દેવતાએ કરેલા સંબંધનો નિશ્ચય કરી, તે બન્નેનો વિવાહ કરવાનું મનમાં ધાર્યું, એ વાર્તા કલિંગસેનાએ જાણી, એટલે તે રાજી થઈ. તે **નરવાહનદત્તને** જમાઈ તરીકેની પ્રીતિથી

---

* કેટલાક ગ્રંથમાં મદનમંજુષા, મદનમંજીષા એવો લેખ છે, પણ અમે મદનમંચુકા નામ વધારે યોગ્ય ગણ્યું છે. સંસ્કૃતમાં પણ બે નામ છે. મદનમંજુષા (મંજુષનો અપભ્રંશ મજુસ. મજુસ એટલે પેટી.) એટલે કામદેવની પેટી–જેમાં કામદેવ રહે છે, તેવી પેટી–અને તે રતિ. રતિ એ મદનને રહેવાની પેટી છે એમ કલ્પવામાં કંઈ પણ બાધ આવે છે. રતિમાં જ કામદેવ સદા કાળ રહે છે–તેમાંથી કે તેની પાસેથી તે ક્ષણભર દૂર થતો નથી. તેને કામદેવ નાશી ન જાય એટલા માટે જ તેને રતિરૂપી પેટીમાં પૂરવામાં આવે એવી કલ્પના કરી, કવિએ મદનમંજુષા નામ રાખેલુ સંભવે છે. પણ આવી રતિ પેટીમાં કામદેવને પૂરી મૂકવાથી રસાભાસ થાય છે. એના કરતાં મદનમંચુકા એટલે કામદેવની શય્યા –કામદેવ જેનાપર–જેમાં શયન કરે તે શય્યા, એવી કલ્પના વધારે સારી છે. કામ નાશી જાય તેવા ભયથી તેને પેટીમાં ગોંધવો, એથી કામની ખુબીમાં ઝાંખપ લાગે છે. પણ કામ પોતાની શય્યાપર સદા શયન કરે, એ વધારે યોગ્ય જણાય છે ને તેથી મદનમંજુષા કરતાં મદનમંચુકા એ નામમાં વિશેષ ખૂબી છે.

જોવા લાગી અને ધીર ધરી રહી. પછી વત્સરાજાએ મંત્રી સાથે વિચાર કરી, રાજકુમાર માટે પોતાના રાજભવન જેવું જૂદું ભવન બંધાવ્યું; અને તે સમયવેત્તા રાજાએ, સર્વ સામગ્રી તૈયાર કરી, પુત્રનો યુવરાજપદ ઉપર અભિષેક કર્યો. કુમાર નરવાહનદત્તે, પ્રત્યક્ષ દર્શન દેતાં અને વખાણ કરવા લાયક ગુણો ધારણ કર્યાં હતા. અભિષેક વખતે પ્રથમ તે કુમારના મસ્તક ઉપર પિતા અને માતાના* આનંદથી આવેલાં શીતળ અશ્રુજળનો અભિષેક થયો, ત્યાર પછી વેદના મહામંત્રોવડે, પવિત્ર થયેલાં ઉત્તમ તીર્થના જળવડે,કુમારનું મુખ ધોવાયું. એ સમયે દિશાઓનાં મુખ પણ મળ રહિત–ઉજ્જ્વળ થયાં, એ અદ્‌ભુતાશ્ચર્ય હતું! તેની માતાઓ મંગળમાળાઓનાં પુષ્પો ફેંકવા લાગી, તે વખતે આકાશ પણ દેવતાઈ પુષ્પોના ઢગનો વર્ષાદ વરસાવવા લાગ્યું. આનંદ માટે વાજાંઓ વગાડવામાં આવ્યાં, તેના પ્રતિશબ્દમાં ( પડછંદો ) આકાશમાંથી દેવતાનાં નગારાંઓ પણ વાગવા લાગ્યાં–તે જાણે તેના શબ્દની સ્પર્દ્ધા કરતા હોય તેમ આકાશમાં ગર્જના કરતાં હતાં. અભિષેક કરેલા યુવરાજને કોણ પ્રણામ કરે નહીં? આ સમયમાં રાજકુમાર પોતાના પ્રતાપ વગર પણ યુવરાજ પદવડે મોટાઇને પામ્યો હતો.

વત્સેશ્વરે પુત્રના મિત્ર, જે કાર્યભારીઓના પુત્ર હતા તેઓને બોલાવી, તેઓની કાર્યભારીની જગ્યા ઉપર નિમણુક કરવા માંડી. યૌગંધરાયણના પુત્ર મરુભૂતિને મુખ્ય મંત્રીની જગ્યા ઉપર નિમ્યો; રુમણ્વાનના પુત્ર હરિશિખને સેનાપતિની જગ્યા ઉપર નિમ્યો, વસંતકના પુત્ર તપંતકને નર્મ સખા ( મશ્કરા ) ની જગ્યા ઉપર ઠરાવ્યો; ઈત્યકના પુત્ર ગોમુખને કંચુકી અને રક્ષકની જગ્યા ઉપર નિમ્યો; પુરોહિતની જગ્યા ઉપર પ્રથમ કહેલા પિંગલીકાના પુત્ર પુરોધાના નાના ભાઇના દીકરા વૈશ્વાનર અને શાંતિશોમની નિમણુક કરી. આટલા કુમારોની પુત્રના પ્રધાનપદ ઉપર નિમણુક કરી એટલે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ અને અવાજ થયો કેઃ 'આ મંત્રીઓ તેનું સર્વ કાર્ય સિદ્ધ કરશે. ગોમુખ રાજાના શરીરથી જૂદો રહેશે નહીં, પણ સાથે જ રહેશે.' આકાશવાણી થઈ એટલે વત્સેશ્વર પ્રસન્ન થયો; અને વસ્ત્ર તથા આભરણવડે સર્વનો સત્કાર કર્યો. ચાકર વગેરેને પણ પુષ્કલ ધન આપ્યું કે જેથી ત્યાં દરિદ્ર શબ્દના ખરા અર્થનો સંબંધ મળતો હતો નહીં.† મંદમંદ પવનના પ્રવાહમાં પડેલી પતાકાની પંક્તિ, પ્રાંત ભાગના હાલવાથી જાણે દૂર દેશથી બોલાવેલી નાયિકાઓ અને નટવડે તે આખું નગર ભરાઈ ગયું હતું.

કલિંગસેના, ભવિષ્યમાં જમાઇ થનારા નરવાહનદત્તના યુવરાજ પદના અભિષેકમાં તેને મળનારી સાક્ષાત વિદ્યાધરની લક્ષ્મી આવી હોય તેમ ઉત્સવમાં આવી હતી! વાસવદત્તા, કલિંગસેના અને પદ્માવતી એ ત્રણે, ભેળી મળેલી રાજાની ‡શક્તિની માફક, હર્ષથી નૃત્ય કરવા લાગી! જ્યારે વન ઉપવનમાં પવને હલાવેલી વેલ અને વૃક્ષ, જાણે નૃત્ય કરતાં હોય તેવાં તે સર્વ શોભતાં હતાં, ત્યારે ચેતન પ્રાણીઓની તો વાત જ શી કરવી? અભિષેક થઈ રહ્યા પછી યુવરાજ

* અંગ્રેજીમાં પિતાના જ છે. †અર્થાત્ કોઈ દરિદ્રી જ નહતું.

‡ પ્રભુત્વ, મંત્ર અને ઉત્સાહની શક્તિ. આ ત્રણ શક્તિનુ સ્વરૂપ નીતિ ગ્રંથોમાં સ્ફુટ છે.



નરવાહનદત્ત, જયકુંજર ઉપર ચઢીને શહેરમાં ફરવા નિકળ્યો. શહેરની સ્ત્રીઓ, શ્યામકમળ, ચોખા અને કમળના પસલા જેવાં કાંતિવાળાં શ્યામ, શ્વેત અને લાલ રંગનાં નેત્રોનાં કટાક્ષથી તેને વધાવવા લાગી. પછી નરવાહનદત્ત તે નગરીની પૂજ્યદેવીનાં દર્શન કરી, બંદીજન અને વૈતાલિકવડે સ્તુતિ કરાતો, પોતાના રાજભવનમાં, પોતાના મંત્રીઓ સહિત ગયો. ત્યાં દેવતાઈ ખાવાના અને પીવાના પદાર્થો ખાધા પીધા. કલિંગસેના પણ જમાઈના પ્રેમમાં રસબસ થઈ હતી, તેથી તેને અને તેના મિત્ર મંત્રી અને નોકરોને પ્રથમથી જ ઉમદાં વસ્ત્રો અને દેવતાઈ આભરણો ભેટ આપ્યાં હતાં. આવી રીતે વત્સેશ્વર આદિ સર્વ લોકોને તે દિવસ મહોત્સવને લીધે, અમૃતપાનની માફક આનંદમાં વીતી ગયો.

રાત્રિ થઈ; અને કલિંગસેના પુત્રીના વિવાહનો વિચાર કરવા માટે, મયદાનવની પુત્રી સખી સોમપ્રભાને સંભારવા લાગી. તે જ વખતે તેનો પતિ નળકૂબર–જે મહાજ્ઞાની હતો, તેણે સૌભાગ્યવતી સોમપ્રભાને કહ્યું; "પ્રિયે ! આજ કલિંગસેના ઉત્કંઠિત હૃદયે તુંને સંભારે છે, માટે તેની પાસે તું જા, અને તેની પુત્રી માટે દેવતાઈ ઉદ્યાનની રચના કર !" આમ કહી, કલિંગસેના સંબંધી ભૂત અને ભવિષ્ય વત્તાંત જણાવી, નળકૂબરે તે જ વખતે, ધર્મપત્ની સોમપ્રભાને ત્યાં મોકલી. સોમપ્રભા તરત જ ત્યાં ગઈ એટલે કલિંગસેના, ઘણા દિવસની મળવાની ઉત્કંઠાથી આવેલી સખીને કંઠે બાઝી પડી. સોમપ્રભાએ તેને કુશળ સમાચાર પૂછ્યા અને કહ્યું–"તું તો મહાં સમૃદ્ધિવાળા વિદ્યાધરને પરણી છે! વળી શંકરના અનુગ્રહથી તારે ત્યાં દેવી રતિ, પુત્રી રૂપે અવતરેલી છે. શંકરે, આ કન્યાને, વત્સરાજના પુત્ર નરવાહનદત્તની પ્રથમથી જ સ્ત્રી નિર્માણ કરી મૂકી છે; કારણ કે તે કામનો અવતાર છે. તે રાજા, દેવતાના એક કલ્પપર્યંત વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય ચલાવશે અને આ કન્યા, રાજાની બીજી સ્ત્રીઓમાં પ્રતિષ્ઠાને પાત્ર થશે! તું અપ્સરા છે, પણ ઇંદ્રનો શાપ થવાથી પૃથ્વી ઉપર અવતરી છે, માટે તું તારું બાકી કરવાનું કાર્ય પૂરું કરશે કે, તું પણ શાપમાંથી છૂટીશ. સખિરી ! આ સર્વ વૃત્તાંત મને મારા પતિએ કહી બતાવ્યું છેઃ માટે તારે ચિંતા કરવી નહી; ભવિષ્યમાં તારું સર્વ સારું થશે. હું તારી પુત્રી માટે સ્વર્ગ, પૃથ્વી કે પાતાળમાં ન હોય એવો એક સુંદર બગીચો બનાવું છું!" આમ કહી સોમપ્રભાએ પોતાની માયાવડે એ જ દેવતાઈ બગીચો બનાવ્યો. પછી ઉત્કંઠિત કલિંગસેનાની રજા માગીને વિદાય થઈ. જ્યારે રાત્રિ વીતી પ્રભાત થયું, ત્યારે લોકો અકસ્માત્ સ્વર્ગમાંથી નંદનવન નીચે પડ્યું હોય તેના જેવા જણાતા બગીચાને, આશ્ચર્ય સહિત જોવા લાગ્યા. જ્યારે તે બગીચાની વાર્તા રાજાના જાણવામાં આવી, ત્યારે સ્ત્રી અને કાર્યભારીઓ સહિત, રાજા અને પોતાના અનુચર સહિત નરવાહનદત્ત, ત્યાં આવ્યા. તેઓએ બગીચાને નિહાળ્યો. તેમાં હંમેશાં રહે તેવાં પુષ્પ અને ફળઝાડ વાવવામાં આવ્યાં હતાં; તેમ જ જૂદા જૂદા મણિઓના સ્તંભ, ભીંતો, જમીન અને વાવો બનાવવામાં આવી હતી; સોનેરી રંગનાં પક્ષીઓ ઉડતાં હતાં; દેવતાઈ સુંગધીદાર પવન વાતો હતો. તેને લીધે જાણે ઇંદ્રની આજ્ઞાથી પૃથ્વી ઉપર બીજું સ્વર્ગ ઉતર્યું હોય તેમ તે બગીચો શોભતો હતો. આવા અદ્‌ભુત બગીચાને જોઇને, રાજા વત્સરાજ વ્યગ્ર બની, કલિંગસેનાને પૂછવા લાગ્યો; 'આ શું?' ત્યારે કલિંગસેના,

સઘળાના સાંભળતાં રાજાને કહેવા લાગી; "મય નામનો એક મહાદાનવ છે. તે સાક્ષાત્ વિશ્વકર્માનો અવતાર છે. આ મયદાનવે યુધિષ્ટિર રાજાના શહેરને શણગાર્યું હતું;* અને તેણે જ ઈંદ્ર માટે પણ ઉત્તમ શહેર બનાવ્યું હતું. તેની પુત્રીનું નામ સોમપ્રભા છે. તે મારી સખી થાય છે. ગઈ રાત્રિએ તે અહીં મારી પાસે આવી હતી, મારા પ્રતિના પ્રેમથી તેણે મારી પુત્રી માટે, પોતાની માયાવડે, આ દિવ્ય બગીચો બનાવ્યો છે." આટલું કહી પોતાની કન્યા માટે જે ભૂત અને ભવિષ્યની વાર્તા તે સખીએ કહી હતી, તે સર્વ તેના કહેવા પ્રમાણે જ યથાર્થ કહી બતાવી. સર્વ લોકો કલિંગસેનાની આ સંવાદવાળી વાણી સાંભળી, સંદેહથી મુક્ત થયાં અને પરમ સંતોષ પામ્યાં. પછી વત્સરાજાએ, સ્ત્રી, પુત્ર સહિત, કલિંગસેનાની પરોણા ચાકરીવડે તે આખો દિવસ તે જ બગીચામાં કાઢ્યો.

બીજે દિવસે રાજા ત્યાંથી બહાર નિકળી દેવમંદિરમાં દેવનાં દર્શન કરવા ગયો. ત્યાં ઉત્તમ વસ્ત્ર અને આભૂષણવાળી ઘણી સ્ત્રીઓ તેના જોવામાં આવી. રાજાએ તેને પૂછ્યું કે 'તમે કોણ છો?' તે સ્ત્રીઓ બોલી:–"રાજન્! અમે વિદ્યા તથા કળા † છીએ; અને તારા પુત્ર માટે આવી છીએ; માટે તેની પાસે જઈ તેના હૃદયમાં વાસ કરીશું!" આટલું કહી તે સ્ત્રીઓ અંતર્ધાન થઈ ગઈ અને રાજા વત્સરાજ પણ આશ્ચર્ય પામી રાજભવનની અંદર ચાલ્યો ગયો. ત્યાં જઈ દેવી વાસવદત્તાને અને મંત્રી સમુદાયને તે વાર્તા કહી એટલે તેઓ તે દેવતાના અનુગ્રહનાં વખાણ કરવા લાગ્યા. પછી રાજાની આજ્ઞાથી વાસવદત્તાએ વીણા લીધી અને વગાડવા માંડી. એવામાં ક્ષણ એકમાં નરવાહનદત્ત ત્યાં જઈ ચડ્યો; અને તેની મા વીણા વગાડતી હતી તેને વિનયથી કહ્યું; 'આ વીણાનો પડદો પોતાના સ્થાનમાંથી ખસી ગયો છે, માટે ઘર પ્રમાણે તે વાગતી નથી.' તુરત તેના પિતાએ કહ્યું; 'પુત્ર! તું તે લઈને વગાડ તો.' પછી તે કુમારે વીણા એવી તો ચાલાકીથી વગાડી કે ગંધર્વોને પણ વિસ્મય કરી મૂક્યા. જ્યારથી કળાઓ અને વિદ્યાઓ તેને વરી ત્યારથી જ તેને સર્વ વિદ્યામાં સર્વ જ્ઞાન થઈ ગયું હતું. તેના પિતાએ સર્વ કળામાં તેની પરીક્ષા કરી. વત્સરાજાએ જ્યારે પુત્રને ગુણવાન્ જોયો, ત્યારે કલિંગસેનાની કન્યા મદનમંચુકાને નૃત્ય શિખવવા માંડ્યું. ચંદ્રમાની કળા જેમ પૂર્ણ થતી જાય છે, તેમ સમુદ્ર પણ વધતો જાય છે, તેમ આ કન્યા જેમ કળામાં પ્રવિણ થતી ચાલી, તેમ નરવાહનદત્ત ખુશી થવા લાગ્યો; અને કામદેવની આજ્ઞાનો પાઠ કરતી હોય તેમ ગાયન કરતી અને અવયવોવડે અભિનય-હાવ ભાવ બતાવનારો નાચ કરતી તે કન્યાને જોઈ નરવાહનદત્ત આનંદરંગમાં રમવા લાગ્યો. ચંદ્રવિકાસી–કમલિની, પ્રભાતમાં અમૃતમય ચંદ્રનાં દર્શન ન થવાથી જેમ જળવડે ભીની થાય છે, તેમ આ કન્યા ક્ષણ પણ અમૃતમય કુમારને દેખતી નહીં, ત્યારે રડતી હતી. તેમ જ નરવાહનદત્ત પણ હમેશાં તેનું મુખ જોયા વગર રહી શકતો નહીં. તેને જોવા માટે તેના બગીચામાં આવતો અને ત્યાં કલિંગસેના, પોતાની કન્યા મદનમંચુકાને તેડાવી, પ્રેમથી તેને રાજી કરતી. કુમાર પોતે ત્યાં ઘણો સમય રહેતો હતો. ગોમુખ મંત્રી નરવાહનદત્તના મનનો અભિપ્રાય જાણી, તે કુમા-

* 'યુધિષ્ટિર રાજા માટે સભા રચી હતી.' અંગ્રેજી.

† વિદ્યા એટલે Sciences અને કળા એટલે Accomplishments.



રનું ત્યાં વધારેવાર રોકાવું થાય એમ ઇચ્છીને, કલિંગસેનાને જૂદી જૂદી વાર્તાઓ કહેતો હતો; અને તેણે કરીને કલિંગસેનાનું મન હરણ કરી લેતો હતો. આથી તેના ઉપર રાજકુમાર સંતોષથી જોતો હતો. રાજાના મનને રાજી કરવું, એ જ રાજાની ઉત્તમ ચાકરી છે. આ બગીચાની અંદર એક સગીતશાળા હતી. તેમાં મદનમંચુકાને નાચ વગેરે ક્રિયામાં કુશળ કરવા લાગ્યા. જ્યારે મદનમંચુકા નાચ કરવા લાગતી, ત્યારે નરવાહનદત્ત સઘળાં વાજીંત્રો વગાડતો અને ગંધર્વોને શરમીંદા કરી મૂકતો હતો. તે હસ્તિની વિદ્યામાં, અશ્વવિદ્યામાં, રથ વિદ્યામાં, અસ્ત્રશસ્ત્ર વિદ્યામાં, ચિત્રવિદ્યામાં (તાદૃશ્ય પુતળાં બનાવવાની) અને પુસ્તકની વિદ્યામાં પ્રવીણ હતો. તેણે જૂદી જૂદી દિશામાંથી આવેલા પંડિતોને જિત્યા હતા. આવી રીતે વિદ્યાઓએ પોતે વરેલા નરવાહનદત્તના બાલ્યાવસ્થાના દિવસો વિહાર કરવામાં જ વીતી જતા હતા.

એક દિવસ રાજપુત્ર, મંત્રી અને પ્રાણપ્યારીને સાથે લઈ નાગવન નામના ઉપવનમાં યાત્રાર્થે ગયો હતો. ત્યાં એક વાણીઆણી, રાજકુમાર* ઉપર ઈચ્છા કરીને આવી. તેને ગોમુખે હાંકી કહાડી. તે સ્ત્રી ઝેર ભેળેલા પ્રવાહી પદાર્થથી ગોમુખને મારવાનો ઇરાદો કરી, પિવન લઈને ત્યાં આવી. તે વાર્તા ગોમુખે તેની કોઈ સખીની પાસેથી સાંભળી એટલે તેનું પિવન સ્વીકાર્યું નહીં; અને નીચે પ્રમાણે સ્ત્રીઓની નિંદા કરવા લાગ્યો: "અફસોસ છે કે, બ્રહ્માએ પ્રથમ સાહસને સરજ્યું, ને ત્યાર પછી સ્ત્રીઓને સરજી! જગતમાં સ્વાભાવિક રીતે સ્ત્રીઓથી કંઈ નહી થઈ શકે તેવું નથી; અર્થાત્ તે સર્વ કર્મ કરે છે. ખરેખર, અમૃતથી અને ઝેરથી સ્ત્રીઓને બનાવવામાં આવી છે. તે જો પ્રસન્ન થાય છે તો અમૃત પેઠે સુખ આપે છે, અને ગુસ્સે થાય છે તો ઝેરની માફક દુઃખી કરે છે. ઉઘડેલા કમળવાળા તળાવમાં જેમ મઘર ગુપ્ત રહે છે–તેને કોઈ જાણતું નથી; તેમ પ્રસન્ન મુખવાળી અને ગુપ્ત કપટવાળી દુષ્ટ સ્ત્રીના કપટને કોઈ જાણતું નથી. સૂર્યની નિર્મળ પ્રભા જેમ સૂર્યના તેજને સહન કરીને આકાશમાંથી ઉદય પામે છે અને રૂપ રસ વગેરે પ્રકાશ કરે છે, તેમ પતિનાં વખાણ સહન કરનારી, તેના ગુણોને ગાનારી, કોઈ જ સ્ત્રી આકાશમાંથી દિવ્યરૂપે અવતરે છે. પરંતુ દુષ્ટ નારીને પરપુરુષ ગ્રહણ કરે છે, ત્યારે તે તેના ઉપર આશક બને છે; પતિ ઉપરથી તેની શ્રદ્ધા ઉડી જાય છે અને તે પાપિણી વૈરાગ્યરૂપ ઝેર ધારણ કરી, નાગણી માફક ઝટ પ્રીતમનો નાશ જ કરે છે. દાખલા તરીકે કહું છું તે સાંભળો:—

## શત્રુઘ્ન અને તેની સ્ત્રીની કથા.

કોઈ એક ગામમાં શત્રુઘ્ન નામનો કોઈ એક પુરુષ રહેતો હતો. તેની સ્ત્રી વ્યભિચારિણી હતી. એક દિવસે શત્રુઘ્ને સાંજે ઘરની અંદર સ્ત્રીને પ્રીતમ સંગે બેઠેલી દીઠી એટલે તેણે, તરવારથી તે પ્રિયતમને ઠાર કર્યો; અને તે સ્ત્રીને ઘરની અંદર પૂરી, રાત્રિ પડવાની વાટ જોતો બારણામાં બેઠો. એવામાં એક વટેમાર્ગુ ઉતારા માટે ત્યાં આવ્યો. તેણે તેને ઉતારો આપ્યો. રાત્રિ પડી ત્યારે

* અંગ્રેજીમાં આથી જુદા જ પ્રકારે વાત છે. તેમાં તે વાણીયણ રાજપુત્રપર આશક થઈ આવી તેમ નથી, પણ ગોમુખપર આશક થઈ આવી તેમ છે, ને તેજ સંબંધી વાત છે.

યુક્તિ કરીને તે મેમાન સહિત તે પેલા મરી ગયેલા વ્યભિચારીને ઉપાડી, જંગલમાં ગયો. ત્યાં એક અંધારો કૂવો હતો, તેમાં તે શબને જ્યાં શત્રુઘ્ન નાંખવા જાય છે, એવામાં તેની સ્ત્રીએ પાછળથી ગુપ્ત રીતે આવીને તેને ધક્કો મારી કૂવામાં નાંખી દીધો. આવી રીતે દુષ્ટ સ્ત્રીઓ શું શું સાહસ કર્મ કરતી નથી, આવી રીતે ગોમુખે બાળક છતાં પણ સ્ત્રી ચરિત્રની નિંદા કરી.

રાજા નરવહાનદત્તે તે નાગવનમાં નાગોની પૂજા કરી, પોતાની સ્વારી સહિત પોતાને મહેલે આવ્યો. બીજે દિવસે, નરવાહનદત્ત રાજનીતિ પૂર્ણ રીતે જાણતો હતો, તથાપિ જાણવાની ઇચ્છાથી, ગોમુખ વગેરે કાર્યભારીઓને પૂછવા લાગ્યો; એટલે 'તમે સર્વ જાણો છો; છતાં પણ તમે અમને પ્રશ્ન કર્યું ત્યારે અમે કહીએ છીએ' આમ કહી, તેઓ પરસ્પર રાજનીતિના સારનો નિશ્ચય કરી નીચે પ્રમાણે બોલ્યાઃ—

## નીતિનું વર્ણન.*

રાજાએ પ્રથમ ઇંદ્રિયરૂપ ઘોડાને વશ કરવા અને પછી તેના ઉપર સ્વાર થઈ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર—એ શરીરની અદર રહેલા શત્રુઓનો પરાજ્ય કરવો. બીજા શત્રુઓનો પરાજ્ય કરવા માટે, પ્રથમ પોતાનો આત્મા વશ કરવો. કારણકે જે મનુષ્યે આત્મા જિત્યો નથી, તે પરવશ છે અને તે બીજાને કેમ વશ કરી શકે ? માટે આત્માને વશ કર્યા પછી જેમાં જાનપદ–દેશોન્નતિ વગેરેના ગુણો હોય તેને મંત્ર કરવા; અને અથર્વવેદ જાણનાર, તપસ્વી અને ચતુર હોય તેને પુરોહિત બનાવવો. રાજાએ ભયમાં, લોભમાં, ધર્મમાં અને કામમાં મંત્રીઓની કપટથી પરીક્ષા † કરી, તેના મનની વાર્તા જાણી લેવી અને પછી તેની યોગ્ય કામ ઉપર નિમણુક કરવી. કામમાં પરસ્પર વાદ કરે, ત્યારે રાજાએ તેઓનું વચન સત્ય છે કે દ્વેષથી ભરેલું છે કે સ્નેહથી કહેલું છે, કે તેના પોતાના સ્વાર્થવાળું છે તે વિશે પરીક્ષા‡ કરવી. જો સત્ય વચન જણાય તો તેના ઉપર ખુશી થવું, પણ ખોટું જણાય તો તેને ઘટતો દંડ દેવો; અને હમેશાં દૂત મારફતે તેઓનાં જૂદાં જૂદાં આચરણો જાણતા રહેવું. § આવી રીતે દૂત દૃષ્ટિથી કાર્યની તપાસ કરી, શત્રુઓ માલુમ પડે તો તેનો નાશ કરવો, અને ભંડાર તથા કર વગેરેનો સંગ્રહ કરી, રાજ્યનાં મૂળ મજબૂત કરવાં. રાજ્યનો પાયો મજબૂત થયા પછી ઉત્સાહશક્તિ, પ્રભુતાશક્તિ અને મંત્રશક્તિ—આ ત્રણ શક્તિવાળો રાજા થાય છે; ત્યાર પછી રાજાએ પોતાના અને પારકાના પરિણામનો વિચાર કરી, બીજાના દેશને જિતવાની ઇચ્છા કરવી. શાસ્ત્રવેત્તા, વિદ્વાન્ અને યથાર્થવક્તા મારફતે રાજ્યની વાતો જાણવી. ટુંકમાં રાજ્ય સંબંધી ગુપ્ત વિચાર કરાવવો અને તેણે જે નિશ્ચય કર્યો હોય તેનાં સર્વ અંગોનું પોતાની બુદ્ધિ પ્રમાણે શોધન કરી જવું. સામ,* દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાય જાણી, ન મેળવેલાં રાજ્યને મેળવવાં અને મેળવેલાંનું રક્ષણ કરવું. તેમ જ સંધિ, † વિગ્રહ, યાન, આસન, સંશ્રય અને દ્વૈધીભાવ એ છ ગુણોનો પ્રયોગ કરવો. આમ, જે રાજા આળસનો ત્યાગ કરી પોતાના દેશનો અને પરના દેશનો વિચાર કરે છે, તે અવશ્ય વિજય મેળવે છે; અને તે કોઇપણ દિવસ પરાજય પામતો નથી. અજ્ઞાની ‡ રાજા, કામમાં અને લોભમાં આંધળો થયો હોય તેને ધૂર્ત નોકરો§ ખોટા માર્ગો બતાવીને, તે માર્ગે દોરી જઈ, કૂવામાં નાંખીને લુંટે છે. ખેડુતો ડાંગરના છોડનો રસ્તો જેમ બાંધી લે છે, તેથી ત્યાં કોઈ જઇ શકતો નથી, તેમ ધૂર્ત લોકો, રાજા પાસે જવાના રસ્તાને રોકી બેસે છે; તેથી બીજાને રાજાની પાસે જવાનો અવકાશ મળતો નથી. અને તે ધૂર્ત લોકો, રાજાના ખાનગી કામમાં અંદર ઘૂસી જઈ, તેને વશ કરે છે; એટલે લક્ષ્મી તે સારાસાર વિચારશૂન્ય રાજા પાસેથી ખેદાતુર બનીને નાશી જાય છે, માટે રાજાએ પોતાના આત્માને કબજે રાખવો; યોગ્ય શિક્ષા કરવી અને સારાસાર જાણવો, એટલે પ્રજાનો તેના ઉપર પ્રેમ થાય છે અને તેને લીધે તે રાજા અવશ્ય લક્ષ્મીનું પાત્ર થાય છે—લક્ષ્મીવંત થાય છે.

* આ નીતિનું વર્ણન કામંદકીનીતિ, શુક્રનીતિ, મનુ, યાજ્ઞયવલ્કયાદિ ગ્રંથ પ્રમાણે છે. માત્ર અહીં સંક્ષેપથી કહ્યું છે અને નીતિના ગ્રંથોમાં વિસ્તારથી કહ્યું છે.

† એ ઉપધા કહેવાય છે અને તેની પરીક્ષાના સવિસ્તર વિચારો કામન્દકીની ટીકામાં તથા મનુસ્મૃતિના અધ્યાય ૭ શ્લોક ૫૪ ની ટીકામાં, તથા મેધાતિથિના ભાષ્યમાં પણ કહેલાછે ત્યાં જોવા.

‡ કામંદકીના સર્ગ ૪, શ્લોક ૬૯ માં આ પરીક્ષા પ્રકાર બતાવ્યો છે. § આ બાબત યાજ્ઞવલ્કય અધ્યાય ૧–૩૩૮ મો શ્લોક જુવો.



## શૂરસેન અને તેના મંત્રીઓની કથા.

પૂર્વે એક શૂરસેન નામનો રાજા હતો. તેનો નોકર ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. કાર્યભારીઓ એક ટોળી બનાવી તે રાજાને પોતાને વશ કરીને લૂટી લેતા હતા. રાજાનો જે નોકર યોગ્ય હોય તેને રાજા કંઈ આપવાની ઇચ્છા કરે, તો પણ તેના કાર્યભારીઓ તેને એક તંખલું સરખું પણ આપવાને ઇચ્છતા નહીં; પણ જો કોઈ તેઓનો પોતાનો નોકર હોય તો તેને તેઓ પોતે આપતા અને રાજાને વિનતિ કરી અયોગ્યને પણ અપાવતા હતા. જ્યારે રાજાએ તે કપટ જોયું, ત્યારે તેણે ધીરે ધીરે ધૂર્ત ટોળીને જાણી લીધી, અને યુક્તિથી તથા બુદ્ધિથી તે કાર્યભારીઓને પરસ્પર ફોડયા. તેઓ એકબીજાની ચાડી કરી, જૂદા પડી ગયા અને નાશ પામ્યા. પછી રાજાએ સારી રીતે રાજ્ય ચલાવવા માંડયું અને કોઈ તેને ધૂતી શક્યું નહીં.

એમ જ પૂર્વે નીતિનાં તત્ત્વ જાણનારો હરિસિંહ નામનો સાધારણ રાજા હતો. તેણે એક ભક્ત અને વિદ્વાનને કાર્યભારી બનાવ્યો હતો; તેને લીધે કિલ્લો અને ધનનો સંગ્રહ મેળવ્યો હતો. માટે રાજા, જેમ પ્રજા રંજન થાય તેવાં આચરણ કરે છે, તો તે ચક્રવર્તી સામો લડે છે, તોપણ પરાભવ

* સામ એ ચાર પ્રકારના છે.

† સંધિ ૧૬ પ્રકારની છે. જે કામંદકી નીતિમાં સર્ગ ૯માં વિસ્તારથી લખી છે.

‡ आसन्नचक्षुर्नृपतिन्धइत्याभिधीयते का. स. ९५–३

§ विषयपिशितं स्वदुंकारं विलक्षविलक्षणा. क्षितिपद्वरयो भोजं भोजं स्वयं परिकुर्वते । पारिजनशशा धूर्ताः क्षुद्राः स्वकार्यपरायणाः कुह च कुहकागाधान्धौ तान्निपात्य विशान्तिशम्

પામતો નથી. આવી રીતે રાજ્યકર્ત્તાએ વિચાર કરવો અને તેની સંભાળ રાખવી એ સારું છે. વધારે શું છે ? કંઇ જ નથી.' એ વગેરે કહી ગોમુખ વગેરે પોતાની મેળે બોલતા બંધ પડયા; એટલે તેઓનાં વચન ઉપર વિશ્વાસ રાખી, નરવાહનદત્ત બોલ્યો: "પુરુષનું કરેલું જાણવામાં આવે છે, પણ કર્તવ્ય જાણવામાં આવતું નથી."

પછી તે ત્યાંથી મંત્રી સહિત ઉઠીને ઘણીવાર લાગવાથી ઉત્કંઠિત પ્રિયા મદનમંચુકાને મળવા માટે ગયો. તેના ઘરમાં જઈ આસન ઉપર બેઠો અને કલિંગસેનાએ તેનો આદરસત્કાર કર્યો. ક્ષણવાર પછી આશ્ચર્ય પામેલી કલિંગસેનાએ ગોમુખને કહ્યું: "ગોમુખ! રાજકુમાર નરવાહનદત્ત આજ આવ્યા ન હતા, એવામાં તેના આવવાના માર્ગને જોવાની ઉત્કંઠાવાળી મદનમંચુકા, જ્યાં હવેલીના ઉપરના માળપર ચઢી અને હું તેની પાછળ ચઢવા લાગી ત્યાં, એકલામાં મુકૂટ ધારી દિવ્ય પુરુષ આકાશમાંથી નીચે ઉતર્યો. તેણે હાથમાં તરવાર લીધી હતી. તેનું રૂપ દિવ્ય હતું. તે નજીક આવી બોલ્યો કે-"હું માનસવેગ નામનો વિદ્યાધરનો રાજા છું, તું સ્વર્ગની અપ્સરા સુરભિદત્તા નામની છે; અને શાપ થવાથી પૃથ્વી ઉપર અવતરી છે. તારી આ કન્યા પણ દેવાંગના છે, એમ મેં ખરેખર જાણ્યું છે માટે મને તે કન્યા પરણાવ. કારણ કે આ સગાઈ ઘણી યોગ્ય છે!" આમ તેણે કહ્યું એટલે હું હસીને બોલી:-"તમારા સર્વનો જે ચક્રવર્તી રાજા થશે તે નરવાહનદત્ત રાજાને, દેવતાઓએ આનો પતિ નિર્માણ કીધો છે!" આમ મેં કહ્યું એટલે તે વિદ્યાધર ઉડીને આકાશમાં ચાલ્યો ગયો, પણ તે મારી કન્યાનું હરણ કરનાર ખેદરૂપી વિજળી જેવો જણાવા લાગ્યો." તે સાંભળી ગોમુખ બોલ્યો: "અમારા રાજા-રાજકુમાર નરવાહનદત્ત જ્યારે જન્મ્યા, ત્યારે આકાશવાણીએ જણાવ્યું હતું કે, તે ભવિષ્યમાં વિદ્યાધરનો રાજા થશે. તે ઉપરથી આને ભાવી રાજા જાણી, વિદ્યાધરોએ ઝટપટ તેનો નાશ કરવાની પણ ઈચ્છા કરી હતી; ક્યો ઉચ્છૃંખલ પુરુષ નિયમમાં ચલાવનારા બળવાનને ઉપરી કરવાની ઈચ્છા રાખે છે ? પણ શંકરે ગણને આજ્ઞા કરી કે, આ કુમારનું સંરક્ષણ કરવું-આમ નારદે મારા પિતાને કહ્યું હતું અને તેની પાસેથી મેં સાંભળ્યું હતું. હાલમાં એમ જણાય છે કે, તે વિદ્યાધરો અમારા શત્રુ થયા છે!" કલિંગસેના તે સાંભળી પોતાના વૃત્તાંત ઉપરથી ભય પામીને બોલી, ત્યારે મારી માફક વિદ્યાધરો માયાથી મદનમંચુકાને છેતરે નહીં તેટલામાં રાજપુત્ર કાં પરણતા નથી?" ગોમુખ વગેરે કલિંગસેનાનું વચન સાંભળીને બોલ્યા: "આ વાત તમારે જ વત્સરાજને કહેવી જોઈએ." પછી જેનું મદનમંચુકા ઉપર ચિત્ત ચોંટેલું છે એવા નરવાહનદત્તે, તે દિવસ બગીચામાં વિહાર કરી, મદનમંચુકાને નિહાળવામાં ગાળ્યો. મદનમંચુકાનું મુખકમળ ઉઘડેલાં કમળ જેવું આનંદમાં હતું, ખીલેલાં કાળાં કમળ જેવાં તેનાં નેત્રો હતાં, બપોરીઆ જેવા તેના મનોહર ઓષ્ઠ હતા, મંદારના ગુચ્છા જેવાં તેનાં સ્તન હતાં, શિરીષ જેવું કોમળ અંગ હતું અને કામદેવે એક જગતને જિતનારું પાંચ પુષ્પનું બાણ તે જ બનાવ્યું હોય તેમ તે શોભતી હતી.

પછી બીજે દિવસે કલિંગસેના પોતે વત્સેશ્વર પાસે ગઈ અને પુત્રીના વિવાહ માટે તેની મરજી પ્રમાણે વિનતિ કરવા લાગી. પછી વત્સરાજાએ કલિંગસેનાને રજા આપી અને પોતાના કાર્યભારી-



ઓને બોલાવી, દેવી વાસવદત્તા બેઠી હતી ત્યાંજ તેઓને કહ્યું: 'કલિંગસેના પોતાની પુત્રીનાં લગ્ન કરવા માટે ઉતાવળ કરે છે; આપણે હવે શું કરવું? આ ઉત્તમ સ્ત્રીને મનુષ્યો વેશ્યા કહે છે, તેથી આપણે લોકાપવાદનો પણ વિચાર કરવો જોઇયે. લોકના અપવાદને લીધે પૂર્વે રામચંદ્રે, જાનકી શુદ્ધ હતાં તોપણ તેમનો ત્યાગ કર્યો હતો ભીષ્મ પિતામહે ભાઇને માટે અંબાનું હરણ કર્યું હતું, પણ તે પ્રથમથી બીજા પતિ સાથે વરેલી હતી, તેથી તેનો તેમણે ત્યાગ કર્યો ન હતો? આવી જ રીતે આ કલિંગસેના મને પોતાની મેળે વરી હતી, તથાપિ મદનવેગ તેને પરણ્યો, માટે મનુષ્ય તેની નિંદા કરે છે, તો હવે આમ કરીએ કે નરવાહનદત્ત પોતે પોતાના લાયક રૂપવાળી કલિંગસેનાની કન્યા મદનમંચુકાને ગાંધર્વ વિધિથી પરણે તોઠીક! આમ વત્સરાજે કહ્યું એટલે યૌગંધરાયણ બોલ્યો: મહારાજ કલિંગસેનાની (લગ્ન કરવાં) એવી ઇચ્છા છે, ત્યારે (ગાંધર્વ વિધિનાં લગ્ન કરવાં) તે વાત, કેમ સ્વીકારશે? એ કલિંગસેના અને તેની પુત્રી દિવ્ય છે, એમ વારંવાર જાણવામાં આવ્યું છે અને મારા મિત્ર જ્ઞાની બ્રહ્મરાક્ષસે મને વારંવાર તેમ જ કહ્યું પણ છે. (તો લગ્ન કરવામાં શી હરકત છે?') તેઓ આવી રીતે પરસ્પર વિચાર કરે છે એવામાં આકાશમાંથી શંકરની વાણી નીચે પ્રમાણે સાંભળવામાં આવી: 'મારા નેત્રના અગ્નિથી કામદેવ બળી ગયો હતો. મેંજ તેની સ્ત્રીના તપથી પ્રસન્ન થઈ તે કામને નરવાહનદત્ત રૂપે ઉત્પન્ન કર્યો છે; અને રતિ તે મદનમંચુકા છે; તે તેની સ્ત્રી છે. તે મારી કૃપાથી શત્રુઓનો પરાજય કરી દેવતાના એક કલ્પ પર્યંત વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય કરશે.' આટલું કહી તે વાણી વિરામ પામી. વત્સરાજ અને તેનાં મનુષ્યો, ભગવાનની વાણી સાંભળી તેને પ્રણામ કરી આનંદ પામ્યાં; અને પુત્રનો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો.

## નરવાહનદત્ત અને મદનમંચુકાના વિવાહનું વર્ણન.

પછી નરપતિ વત્સરાજાએ સત્યવાર્ત્તાને પ્રથમથી જાણી ગયેલા મુખ્ય મંત્રી યૌગંધરાયણનાં વખાણ કરી જોશીઓને બોલાવ્યા અને તેમનો સત્કાર કરી તેમને શુભ ફળ આપનારું લગ્ન પૂછ્યું. જોશીઓએ થોડાક દિવસોની અંદર વિવાહ થાય એવું શુભ લગ્ન બતાવ્યું. ફરીથી તે જોશીઓ તેના પ્રત્યે બોલ્યા 'વત્સેશ્વર! કેટલોએક વખત તમારો પુત્ર આ સ્ત્રીનો વિયોગ અનુભવશે એમ અમે અમારા શાસ્ત્ર રૂપ નેત્રથી જાણીએ છીએ.' પછી રાજાએ પોતાના વૈભવને છાજતી વિવાહ સામગ્રીની તૈયારી કરવા માંડી. તેના ઉદ્યમથી કેવળ તેની પોતાની નગરીમાં જ ખળભળાટ થયો નહિ પણ પૃથ્વી ઉપર પણ ખળભળાટ થઈ રહ્યો. વિવાહનો દિવસ આવ્યો. તે પછી કલિંગસેનાએ અને પતિની આજ્ઞાને અધીન તથા તેના કહેવાથી આવેલી સોમપ્રભાએ, કન્યાના પિતાએ મોકલેલાં અભૂષણોથી પુત્રી મદનમંચુકાને શણગારી, દિવ્ય શણગાર સજાવ્યા; અને તેથી મદનમંચુકા-કૃત્તિકા નક્ષત્ર જેની પાછળ રહેલું છે એવી રમણીય ચંદ્રમાની મૂર્તિ શોભે તેમ શોભવા લાગી. શંકરની આજ્ઞાથી દેવતાઓની સ્ત્રીઓ ગીતો ગાવા લાગી અને તેનારૂપથી લજ્જિત થઈ હોય તેમ ગુપ્ત રહીનેજ મંગળવિધિ કરવા લાગી; અને 'હે ભક્ત ઉપર દયા કરનારાં પાર્વતી તમારો જય થાઓ; તમે આજ પોતે આવી રતિના તપને કૃતાર્થ કર્યું;' આવી રીતે અનેક વાક્યોથી પાર્વતીની સ્તુતિ કરવા લાગી; અને દેવતાના ઉત્તમ ગાંધર્વગણ વાજિત્ર વગાડવા લાગ્યા. વરનો શ-

શૃંગાર સજવાથી શોભાયમાન દેખાતો **નરવાહનદત્ત**, જ્યાં જૂદાં જૂદાં મોટાં વાજિત્રો વાગતાં હતાં અને જ્યાં **મદનમંચુકા** બેઠી હતી એવા વિવાહ મંદિરમાં ગયો. ત્યાં વધૂ અને વરે તૈયાર થયેલા ઘણા બ્રાહ્મણોદ્વારા વિવાહનું મંગળ કર્મ કર્યું. પછી તે બને જણાં, નિર્મળ રત્નવાળા રાજાના ઉંચા મસ્તકમણિ જેવી, નિર્મળ રત્નના દીવા જેમાં કર્યાં હતા, જેમાં અગ્નિ બળતો હતો એવી ઉંચી વેદી ઉપર ચઢ્યાં અને અગ્નિની પ્રદક્ષિણા કરવા લાગ્યાં. આ વખતે જગતમાં કોઈ દિવસ **ચંદ્ર**માની મૂર્તિ અને **સૂર્ય** બન્ને ભેળા થઈ કનકાચળને* ચોતરફથી પ્રદક્ષિણા કરે અને તે જેમ શોભે છે તેમ આ દંપતી શોભતાં હતાં.† જેમ આકાશ દુંદુભિના શબ્દો, વિવાહ ઉત્સવનાં વાજિત્રના શબ્દોનો તિરસ્કાર કરતા હતા; તેમ દેવતાઓએ કરેલી પુષ્પની વૃષ્ટિ, સ્ત્રીઓએ હોમવા માટે ફેંકેલાં પુષ્પોનો તિરસ્કાર કરવા લાગી.‡ લાજાઈ§ હોમ થઈ રહ્યા પછી ઉદારમનવાળી કલિંગસેનાએ ઘણી સાલ ને સુવર્ણના મણિવાળા ઢગલાઓ જમાઈને આપી, તેનો એવો સત્કાર કર્યો કે સઘળા મનુષ્યો કલિંગસેનાની આગળ કુબેરને પણ અત્યંત દરિદ્રી ગણવા લાગ્યા, ત્યારે બીજા દરિદ્રી રાજા તો કોણ હિસાબમાં ? વધૂ અને વર ઘણા દિવસથી ઇચ્છેલું યોગ્ય પાણિગ્રહણનું કર્મ કરી–વિવાહ કરી–નિર્મળ મને, આશ્ચર્યકારક મનુષ્યના મનની પેઠે જ્યાં નિર્મળ ચિત્ર પાડેલાં હતાં અને જ્યાં લલનાઓ ખીચોખીચ ભરાઈને બેઠી હતી એવા એક ઓરડામાં ગયાં. આ વિવાહ સમયમાં, વાહિનીથી‖ વિંટાયેલા અને વિશ્વે વંદન કરવા યોગ્ય શૂરપણાના આશ્રયભૂત, ભેટને સારુ અનેક રત્નો હાથમાં લેઈ સમુદ્રના જલના પૂર સરખા તાબે થયેલા રાજાઓથી, કૌશાંબી નગરી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. આ વિવાહમાં **વત્સરાજે** પોતાના આશ્રિત–નોકર વર્ગને એટલું તો સુવર્ણ આપ્યું કે તેના દેશમાં માતાના ગર્ભમાં રહેલી કન્યાઓ કેવળ સોનાના અલંકાર વગર રહી–બાકી સર્વને અલંકાર મળ્યા. તે વિવાહના સમય ઉપર જૂદા જૂદા દેશમાંથી આવેલા ઉત્તમ ભાટ ચારણો સ્તુતિ કરવા લાગ્યા, નૃત્ય કરનારી નાયકાઓ થનથન નૃત્ય કરવા લાગી, ગીત ગાવા લાગી, અને વાદિત્ર વગાડવા લાગી, તેને લીધે આખું જગત તન્મયજ જણાવા લાગ્યું. આ ઉત્સવમાં શહેરની સ્ત્રીઓએ શણગારેલી અને આભૂષણવાળી તે કૌશાંબી નગરી, પવનથી ચલાયમાન પતાકારૂપી બાહુને હલાવીને જાણે નૃત્ય કરતી હોયની તેમ શોભવા લાગી. તે નગરીમાં પ્રતિ દિવસ મહોત્સવવધવા લાગ્યો અને ઘણા દિવસે જ તે સમાપ્ત થયો. સઘળા મિત્ર અને કુટુંબનાં મનુષ્યો હંમેશાં ઘણાં રાજી રહેવા લાગ્યાં; અને તેઓના મનનો મનોરથ પૂર્ણ થયો. વિવાહ થયા પછી યુવરાજ **નરવાહનદત્ત**, ઉદયની આશા રાખતો, ઘણા કાળથી ઇચ્છેલું મનુષ્ય લોકનું સુખ, **મદન** મંચુકાની સાથે ભોગવવા લાગ્યો.

---

* સુમેરુપર્વત. † કાવ્યપ્રકાશકારના મતથી આ અતિશયોક્તિ છે અને કાવ્યાદર્શના મત પ્રમાણે આ અદ્ભુતોપમા છે. ‡ અર્થાત વિવાહમાં વાગતા વાજિત્રોનો ઘોષ ઘણો મોટો છતાં પણ આકાશમાં વાગતાં દુંદુભિના લેખામાં પણ નહોતો. તેમજ સ્ત્રીઓએ હોમવા માટે ફેંકેલાં પુષ્પો પણ આકાશની કુસુમવૃષ્ટિના લેખામાં નહોતાં. § લજ્જા. ‖ સેના.

શ્રી

## મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટ–વિરચિત

# કથાસરિત્સાગર.

## ( ભાષાંતર. )

## सप्तमलम्बक–रत्नप्रभा.

### તરંગ ૧ લો.

**શંકર** અને **પાર્વતી** પ્રેમ ક્રીડા કરવા લાગ્યાં તે સમે કેશ પકડવાથી વ્યગ્ર થયેલાં પાર્વતીના હાથના નખવડે વિંટાયેલું **શંકર**નું મસ્તક, અનેક **ચંદ્ર**માવાળું હોય તેવું શોભાયમાન દેખાયું તે તમારું કલ્યાણ કરો.*

જે મદના જળવડે ભીંજાયેલી, આગળના ભાગમાંથી સંકોચેલી શુંડને લાંબી કરીને જાણે સિદ્ધિ આપતા હોય તેમ જણાય છે એવા ગણપતિ તમારું પાલન કરો.†

### રત્નપ્રભાની કથા.

આવી રીતે લગ્નની ધામધૂમવાળી કૌશાંબી નગરીમાં **વત્સરાજ**નો યુવરાજ પાટવી પુત્ર નરવાહનદત્ત, પ્રાણપ્રિયા **મદનમંચુકા** સાથે વિવાહ કરી, પોતાની મરજી પ્રમાણે મનોરથને પરિપૂર્ણ કરી પોતાના કાર્યભારી ગોમુખ આદિ સહિત તે નગરીમાં રહેતો હતો.

એક વખત, **મત્ત** બનેલી કોયલોના ટૌકાથી શોભતો **મલયાચળ**નો પવન, લતાને નૃત્ય કરાવતો હતો, તેથી સુંદર, અને ભ્રમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા એવો મનોહર વસંતોત્સવ આવ્યો. આ

---

* આ મંગલાચરણમાં સંયોગ શૃંગારનું વર્ણન છે, પાર્વતી તેમાં સ્વાધીનપતિકા નાયિકા છે; અને ઉત્પ્રેક્ષા અલંકાર છે. † આ મંગળમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે.

ઉત્સવમાં રાજકુમાર એક દિવસે પોતાના મિત્ર મંડળ સહિત વિહાર કરવા માટે ઉપવનમાં ગયો. ત્યાં તેનો મિત્ર **ત**પંતક ફરવા લાગ્યો. તે અકસ્માત, આનંદથી પ્રસન્ન નેત્રનો બનીને રાજા પાસે આવ્યો, અને બોલ્યો–'મહારાજ ! કોઇએક કન્યા આકાશમાંથી ઉતરી અહીંથી થોડે દૂર આસો· પાલવના ઝાડ નીચે ઉભી છે. તે મારા જોવામાં આવી. તેની કાંતિવડે દિશાઓમાં અજવાળું ફેલાયું છે, એવી તે લાવણ્ય મૂર્તિ છે. તેની સખિએ અને તેણે જ આપને બોલાવવા માટે મારી પાસે આવીને મને જણાવ્યું અને આપ તરફ મને મોકલ્યો છે.' **ત**પંતકનું બોલવું સાંભળી ,**ન**રવાહનદત્તને તે કન્યા જોવાની ઇચ્છા થઈ. તે મંત્રિ સહવર્તમાન ત્યાંથી ચાલીને તે ઝાડના મૂળ પાસે આવ્યો. રાજકુમાર, આ કાંતિમાન્ કન્યાને જોવા લાગ્યો તો, તે કન્યાનાં નેત્ર ભ્રમરની પેઠે ચંચળ હતાં; ઓષ્ઠ કોમળ પલ્લવ જેવા રાતા હતા; સ્તન, પુષ્પના ગુચ્છા જેવાં શોભતાં હતાં; અંગ પુષ્પના પરાગના ઢગલા જેવું ગોરા રંગનું હતું તે (પોતાની) છાયાવડે અંતઃકરણના સંતાપનો નાશ કરતી હતી–આવી રીતે તેણે યોગ્ય રૂપ ધારણ કર્યું હતું, અને તેને લીધે જાણે ઉપવનની કોઈ દેવી હોય તેવી તે દિપતી હતી. રાજકુમાર તે કન્યાની પાસે ગયો, એટલે તે દેવકન્યાએ તેમને પ્રણામ કરી આદરસત્કાર કીધો. કન્યાનાં રૂપે રાજાનાં નેત્રોને ચોરી લીધાં. રાજા બેઠા પછી સઘળા બેસી ગયા. પછી **ન**રવાહનદત્તનો કાર્યભારી **ગો**મુખ, તે કન્યાને પૂછવા લાગ્યો:–"કલ્યાણિ ! તમે કોણ છે ? અહીં તમારું શા માટે આવવું થયું છે, તે કહો !' તે સાંભળી પેલી દેવકન્યા, કોઇથી ઉલ્લંઘન થાય નહી એવી કામની આજ્ઞાને અધિન બનવાથી–કામાતૂર થવાથી–વારંવાર અનુપમ પ્રેમરસને વરસાવતી, આડી આંખવડે, રાજકુમારને જોવા લાગી અને પોતાનું સર્વ વૃત્તાંત નીચે પ્રમાણે વિસ્તારથી વર્ણવવા લાગી.

ત્રણ લોકમાં પ્રખ્યાત **હિ**મવાન નામનો એક મોટો પર્વત છે. આ પર્વતને અસંખ્યાત શિખરો છે. તેમાંનું એક શિખર **શં**કરનો **કૈ**લાસ પર્વત છે. તે પ્રકાશમાન મણિઓની કાંતિરૂપ માળા ધારણ કરી રહ્યો છે. તેની કાંતિ, શ્વેત બરફના જેવી છે. આ પર્વત એવડો તો મોટો છે કે આકાશના ભાગની માફક આનો ભાગ માપમાં આવી શકતો નથી. વળી **શં**કરની કૃપાથી મળી શકનારી અને જરા તથા મૃત્યુનો નાશ કરનારી સિદ્ધિઓની ઔષધિ આ પર્વતના શિખર ઉપર ઉગે છે. એ પર્વત પોતાના ઉપર રહેનારી વિદ્યાધરની મંડલીના શરીરની કાંતિથી પીળા જણાતાં શિખરોવડે **મે**રુપર્વતના શિખરની શોભાને પણ ઝાંખી કરે છે. આવા રમણીય **કૈ**લાસ પર્વત ઉપર એક કાંચનશૃંગ નામનું, નરદમ સુવર્ણનું બનેલું નગર છે. કાંતિથી ઝળઝળાટ જણાતું આ નગર પોતાના પ્રકાશવડે **સૂ**ર્યના મંડળ જેવું શોભે છે. આ નગરનો વિસ્તાર ઘણા યોજનનો છે. તેમાં **હે**મપ્રભ નામનો એક વિદ્યાધરનો રાજા રાજ્ય કરે છે. તેની શંકર ઉપર દૃઢ ભક્તિ છે. **ચં**દ્રમાને જેમ સઘળી સ્ત્રીઓમાં **રો**હિણી પ્રિય છે, તેમ એ રાજાને **અ**લંકારપ્રભા નામની સ્ત્રી સર્વ સ્ત્રીઓ કરતાં વધારે પ્રિય છે. આ રાજા **ધ**ર્મશીલ હોવાથી હંમેશાં પ્રભાતમાં ઉઠીને સ્નાન કરતો; અને પછી તે તથા તેની સ્ત્રી બન્ને જણાં વિધિ પ્રમાણે **શં**કર **પા**ર્વતીની પૂજા કરતાં હતાં. પૂજન કર્યા બાદ રાજા દરરોજ મનુષ્ય લોકમાં આવી, બ્રાહ્મણોને એક



લાખ સોનામહોર દાન તરિકે આપતો અને ત્યાર પછી તે પોતાના નગરમાં પાછો આવતો હતો. તે રાજ્યમાં જે કાર્ય કરવાનાં હોય તેની ધર્મ પ્રમાણે તપાસ કર્યા પછી, આહાર પાન કરતો. આવી રીતે તે રાજા મુનિ જેવો નિયમ પાળતો હતો. નિયમ પાળતાં તે રાજાને ઘણા દિવસો વહી ગયા. એક દિવસે વાતના પ્રસંગમાં વાંઝીયાની નિંદા નિકળી તેપરથી પોતે પણ અપુત્ર હતો તેથી સંતાનની ચિંતાએ તેના હૃદયમાં જન્મ લીધો. તે જોઈ તેની રાણી **અ**લંકારપ્રભાએ પૂછ્યું કે,આપ શા માટે ચિંતા કરો છો ?' એ સાંભળી તે રાજા બોલ્યો–'રાણી ! મારે સર્વ સંપત્તિ છે; પરંતુ એક પુત્ર નથી તે દુઃખ મને પીડે છે. મેં એક **સ**ત્વવાન વાંઝીઆની કથા સાંભળી હતી તે યાદ આવવાથી, મને બહુ ચિંતા થવા લાગી છે; કારણ કે હું પણ વાંઝીઓ છું.' રાણી બોલી:–'મહારાજ ! તે કથા કેવી છે તે મને સંભાળવો. પછી રાજા નીચે પ્રમાણે ટુંકામાં તે કથા કહેવા લાગ્યો:–

## સત્વશીલની કથા.

પૂર્વે **ચિ**ત્રકૂટ નામના નગરમાં એક બ્રાહ્મણવર રાજા રહેતો હતો; તે હંમેશાં બ્રાહ્મણનું પૂજન કરવામાં તત્પર રહેતો ને તેના નામ પ્રમાણે ગુણ હતા. (તેથી તેનું નામ બ્રાહ્મણવર હતું.) તે રાજાને વિજયીને યુદ્ધમાં મુખ્ય સુભટ, **સ**ત્ત્વશીલ એવા નામનો એક સેવકહતો. તેને રાજા તરફથી મહીને મહીને સો સોનામહોર મળતી હતી. એ **સ**ત્વશીલ વાંઝીઓ હતો માટે દાન આપવામાં તેનું મન લાગેલું હતું જે મળતું તેનું સર્વ તે દાન કરી દેતો. તેને લીધે સો સોનામહોર પણ તેને પુરી પડતી હતી નહીં. તે હંમેશાં વિચાર કર્યા કરતો કે,'બ્રહ્માએ મને આનંદ આપનાર પુત્ર ન આપ્યો તો ખેર! પણ દાન આપવાની ટેવ પાડી તે પણ દરિદ્ર બનાવીને પાડી. જુનાં અને સુકાયેલાં ઝાડનો જન્મ ઉત્તમ જાણવો અથવા પત્થરનો જન્મ શ્રેષ્ઠ માનવો; પરંતુ આ સંસારમાં દાન આપવાની ટેવવાળા દરિદ્રીનો જન્મ શ્રેષ્ઠ માનવો નહીં.' આમ **સ**ત્ત્વશીલ સદોદિત વિચાર કર્યા કરતો હતો. એક વખતે બગીચામાં ફરતાં તેને દૈવયોગે એક ભંડાર જડ્યો; એટલે તે, પોતાના ચાકર સહિત, મોટી કીંમતનાં રત્નથી કાંતિવાળા અને ઘણાં સુવર્ણવડે ઝળઝળાટ કરતા ભંડારને, ઉપાડીને ઝટપટ પોતાને ઘેર લઈ ગયો. સાત્વિક **સ**ત્ત્વશીલ, તે ધનમાંથી વૈભવ માણવા લાગ્યો અને બ્રાહ્મણોને, નોકરોને અને મિત્રોને ધન આપવા લાગ્યો. **સ**ત્ત્વશીલની આવી ઉદારતા જોઈ તેના સગાં સંબંધી જનોએ તેને કોઈ ભંડાર હાથ લાગ્યો આમ અનુમાન કર્યું અને તેઓએ દરબારમાં જઇને રાજાને જાહેર કર્યું કે, '**સ**ત્ત્વશીલને ભંડાર મળ્યો છે !' રાજાએ તે ઉપરથી **સ**ત્ત્વશીલને તેડાવ્યો એટલે તે આવ્યો અને પ્રતિહારની આજ્ઞાથી રાજાના દ્વારના એક એકાંત ભાગમાં થોડીવાર ઉભો રહ્યો. ત્યાં હાથની મજબુત મુઠ્ઠીવતી તે જ્યાં જમીનને ખોદે છે, એવામાં **સ**ત્ત્વશીલના સાત્વિકભાવથી રાજી થયેલા દૈવે, તારે આ ભંડાર રાજાને આપીને રાજી કરવો, આવું પોતાનું હૃદય ખુલ્લું પાડેલું હોય તેના જેવો એક બીજો તાંબાના ઘડામાં ભરેલો મોટો ભંડાર તેને આપ્યો! **સ**ત્ત્વશીલ તેને એક પાટીથી ઢાંકી દઈ અંદર ગયો. જ્યારે પ્રતીહારે તેને રાજા નજીક રજુ કીધો, ત્યારે રાજાએ તેને પૂછ્યું–'તને ભંડાર મળ્યો છે એમ મારા જાણવામાં આવ્યું છે, તો તું તે ભંડાર અમને અર્પણ કર !' રાજાનું આવું બોલવું સાંભળી **સ**ત્વશીલ પણ પોતે પ્રણામ કરીને બોલ્યો: 'મહારાજ ! આગળ મળેલો ભંડાર આપું, કે આજ

મળેલો ભંડાર આપું? બોલો.' રાજા બોલ્યો: 'મને નવો મળેલો ભંડાર આપ!' એટલે સત્વશીલ રાજમહેલના આંગણાના એકાંતસ્થળમાં ગયો અને રાજાને ભંડાર બહાર કાઢી આપ્યો. રાજા તે ભંડાર લઇને પ્રસન્ન થયો અને બોલ્યો કે, 'તું આગળના ભંડારનો મરજી પ્રમાણે ઉપભોગ કર! આમ કહી તેને રજા આપી. પછી સત્વશીલ પોતાને ઘેર ગયો, અને દાન અને ઉપભોગ કરી પોતાના નામનું સાર્થક કરવા લાગ્યો; અને પોતાના મનમાં જે અપુત્રતાનું દુઃખ હતું તેનો જેમ તેમ કરી નાશ કરી નાંખ્યો. આવી રીતે સત્વશીલની કથા, પૂર્વે મારા સાંભળવામાં આવી છે. જ્યારે મનુષ્યને વાંઝીઆપણાની ફીકર સ્મરણમાં આવે છે ત્યારે તે માઠી આવસ્થામાં આવી જાય છે.

[ રત્નપ્રભા, નરવાહનદત્ત પ્રત્યે કહેવા લાગી કે ] આવી રીતે વિદ્યાધરના રાજા હેમપ્રભે, રાણી અલંકારપ્રભાને કહ્યું, એટલે તે રાણી બોલી:–"એ સત્ય છે: શું સત્વશીલને સકટમાં બીજો ભંડાર મળ્યો નહી હતો ? સાત્વિક પુરૂષોને આવી રીતે નસીબ અવશ્ય સહાય કરે છે, માટે તમે પણ પોતાના સત્ત્વગુણી પરાક્રમથી મનોવાંછિત મેળવશો. આ વિષય ઉપર વિક્રમતુંગ રાજાની કથા એક દાખલારૂપ છે, તે સાંભળો:–

## વીરવિક્રમતુંગ રાજાની કથા.

પૃથ્વીના અલંકાર જેવું પાટલીપુત્ર નામનું એક નગર છે. તે નગરમાં પૂર્ણ કાંતિવાળા નાના પ્રકારના મણિઓની જડતર કરવામાં આવી છે. તેને લીધે તે ઘણું રોનકદાર જણાતું હતું. તે નગરમાં પૂર્વે વિક્રમતુંગ નામનો એક સત્વગુણી રાજા રાજ્ય કરતો હતો. આ રાજા યાચકોને દાન આપવામાં અને શત્રુઓ સાથે યુદ્ધ કરવામાં પાછી પેની કરતો નહીં. તે રાજા એક વખતે મૃગયા કરવા માટે વનમાં ગયો. ત્યાં એક બ્રાહ્મણને બીલીનો હોમ કરતાં દીઠો. તે જોઈ રાજાને પૂછવાની ઇચ્છા થઈ, તથાપિ તે તેની પાસે ગયો નહીં, પણ મૃગયા ઉપર પ્રેમ હોવાથી, સેના સહિત ત્યાંથી દૂર ચાલ્યો ગયો. રાજાએ સામા આવતા સિંહો સાથે અને આકાશમાં કુદતા મૃગો સાથે દડાની માફક ઘણીવાર રમત કરી તેનો નાશ કર્યો. મૃગયામાંથી પાછો વળ્યો, ત્યારે તે બ્રાહ્મણને તેમનો તેમજ હોમ કરતાં દીઠો, એટલે તેની પાસે ગયો અને તેને પ્રણામ કરી બ્રાહ્મણનું નામ અને હોમનું ફળ પૂછ્યું. તે બ્રાહ્મણ રાજાને આશીર્વાદ દઇને બોલ્યો; "મહારાજ! હું નાગશર્મા નામનો! બ્રાહ્મણ છું; અને મારા આ હોમનું ફળ સાંભળો. જ્યારે આ બીલીથી અગ્નિદેવ પ્રસન્ન થાય છે, ત્યારે કુંડમાંથી સુવર્ણનાં બીલાં નિકળે છે; અને પછી અગ્નિ પોતે પ્રગટ થઈ વરદાન આપે છે. મને બીલાં હોમતાં ઘણો વખત થઈ ગયો છે, તોપણ મારા મંદ ભાગ્યને લીધે હજી સુધી મને અગ્નિદેવ પ્રસન્ન થયા નથી.' તેણે આમ કહ્યા પછી, તે રાજા જે ધીર અને સાત્વિક હતો તે બોલ્યો: 'મહારાજ ! જો એમ હોય તો તમે મને તે બીલું આપો, હું હોમુ છું; અને હમણાંજ તમારા અગ્નિદેવને પ્રસન્ન કરુ છું.' તે બ્રાહ્મણ ફરી બોલ્યો; 'હું આવી રીતે વ્રત પાળું છું, પવિત્ર છું, તેને પણ જે અગ્નિદેવ પ્રસન્ન થતા નથી, તે અગ્નિદેવને, તું નિયમ રહિત અને અપવિત્ર છે તે કેમ પ્રસન્ન કરી શકશે?' તે સાંભળી ફરી રાજા બોલ્યો: 'તેની તમે ચિંતા ન કરો. મને એક બીલું આપો અને ક્ષણમાં આશ્ચર્ય જુઓ.' પછી બ્રાહ્મણે આશ્ચર્ય પામી તેને એક બીલું આપ્યું,



રાજાએ તે વખતે 'આ બીલું હોમવાથી જો આપ પ્રસન્ન થશો નહીં તો હું મારું મસ્તક તમારા અગ્નિમાં હોમી દઇશ,' આવી રીતે દૃઢસંકલ્પવાળા મનવડે અગ્નિનું ધ્યાન ધરી, તે ફળને (અગ્નિમાં) હોમી દીધું. તે વખતે સત્વરૂપ ઝાડનાં ફળ સમાન સુવર્ણનું બીલીનું ફળ લઇને, યજ્ઞના કુંડમાંથી અગ્નિ દેવ પ્રગટ થયા, અને તેણે પોતે રાજાને કહ્યું; 'રાજન્! તારા આ સાત્વિક ભાવથી હું પ્રસન્ન થયો છું, માટે વરદાન માગી લે.' તે સાંભળી મહાસત્વશાળી તે રાજાએ અગ્નિદેવને પ્રણામ કરી કહ્યું: 'મારે બીજું વરદાન શું જોઇએ ? કંઇજ નહીં. આ બ્રાહ્મણને તેની કામના પ્રમાણે વર આપો.' રાજાનાં આવાં ઉદાર વચન સાંભળી અગ્નિદેવ ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા: 'રાજા! તે બ્રાહ્મણ મોટો ધનાઢ્ય થશે; અને મારા પ્રસાદવડે તારા ભંડારો પણ લક્ષ્મીથી ભરપૂર રહેશે!' આમ અગ્નિએ વરદાન આપ્યા પછી તે બ્રાહ્મણે અગ્નિદેવને વિનંતિ કરી: 'મહારાજ! પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા રાજાની વિનંતિથી ઝટ પ્રગટ થયા, પણ હું વિનયવાન છું છતાં પણ મારી વિનંતિથી પ્રગટ થયા નહીં, એ શું?' વરદાન આપનારા અગ્નિદેવ બોલ્યા: 'જો હું એને દર્શન ન આપત તો આ રાજા મારામાં પોતાનું મસ્તક હોમી દેત; કારણ કે, તેનો ભાવ ઘણો જ મજબુત છે. આ દુનિયામાં દૃઢસંકલ્પવાળાને તરત કાર્ય સિદ્ધિ થાય છે; અને મહારાજ! તે સિદ્ધિ તમારા જેવા મંદભાવનાવાળાને મોડી થાય છે.' આવી રીતે કહી અગ્નિ અંતર્ધાન થઈ ગયા. પછી નાગશર્મા, રાજાની આજ્ઞા માગી ત્યાંથી પોતાને ઘેર ગયો અને હળવે હળવે મોટો ધનાઢ્ય બની ગયો. દૃઢ પરાક્રમી રાજા વિક્રમતુંગનાં તેનાં માણસો વખાણ કરવા લાગ્યાં અને તે રાજા પોતાંના પાટલીપુત્ર નગર પ્રતિ ગયો.

"એક વખતે રાજા રાજભવનમાં એકાંતમાં બેઠો હતો, ત્યાં શત્રુંજય નામનો તેનો પ્રતિહાર ઓચિંતો આવીને વિનતિ કરવા લાગ્યો: 'મહારાજ! આપને એકાંતમાં વિનંતિ કરવાની ઇચ્છાથી એક બ્રાહ્મણનો પુત્ર આવ્યો છે. તે દરવાજાપર ઉભો છે અને પોતાનું દત્તશર્મા આવું નામ કહે છે.' રાજાએ પ્રતિહારને આજ્ઞા કરી કે તેને અંદર આવવા દ્યો. તે અંદર આવ્યો, બ્રાહ્મણનો પુત્ર રાજાને આશીર્વાદપૂર્વક પ્રણામ કરી બેસી ગયો, અને વિનતિ કરી; 'મહારાજ, હું કોઇપિણ ચુર્ણના સંયોગથી તાંબામાંથી ઝટ સોનું બનાવી જાણું છું. આ પ્રયોગ મને મારા ગુરુએ બતાવેલો છે અને તે યુક્તિવડે તાંબાનું સોનું થયેલું પ્રત્યક્ષ મારા જોવામાં આવ્યું છે.' બ્રાહ્મણ પુત્રનું આવું બોલવું સાંભળી રાજાએ તાંબુ મંગાવ્યું અને તેને ઉનું કરીને ઓગાળ્યું, એટલે તે છોકરાએ તેમાં ચૂર્ણ નાખ્યું. તે ચૂર્ણ નાખ્યું તેવુંજ કોઇએક અદૃશ્ય યક્ષ તે ચૂર્ણને ઉપાડી ગયો. આ યક્ષને એકલા રાજાએ દીઠો, કારણકે તેને અગ્નિ પ્રસન્ન થયા હતા. હવે બન્યું એમકે તે તાંબાને ચૂર્ણ પોહોંચ્યું નહીં, તેને લીધે તે સોનું થયું નહીં બ્રાહ્મણના છોકરાએ ફરી પ્રયોગ કર્યો. આમ ત્રણ વખત પ્રયોગની અજમાયશ કરી, પણ મેહેનત ફોગટ ગઈ અને કંઈ વળ્યું નહીં, એટલે બ્રાહ્મણનો બાલક અફસોસ કરવા લાગ્યો. પછી રાજાએ તેની પાસેથી ચૂર્ણ લઈ, પીગળેલા તાંબા ઉપર પોતે નાખ્યું. તે ચૂર્ણ પેલો યક્ષ ઉપાડી શક્યો નહીં અને હાસ્ય કરીને ચાલ્યો ગયો. ચૂર્ણનો સંયોગ થવાથી, તાંબુ સોનું થઈ ગયું, એટલે બ્રાહ્મણનો છોકરો આશ્ચર્ય પામી રાજાને તેનું

કારણ પૂછવા લાગ્યો. રાજાએ જોયા પ્રમાણે યક્ષનું સઘળું વૃત્તાંત કહી બતાવ્યું. પછી રાજાએ તે છોકરા પાસેથી તેજ સમયે ચૂર્ણની રીતી શીખી લીધી અને તેને ધન આપી પરણાવી આપ્યો ને ધનવંત બનાવી દીધો ! પેલા બ્રાહ્મણના ચૂર્ણની યુક્તિથી રાજા ધનનો મોટો ભંડાર ભરચક ભરી દઈ લક્ષ્મીવાન્ બની ગયો અને સ્ત્રી સહિત અનુપમ વૈભવ ભોગવવા લાગ્યો.

ઈશ્વરજ આવી રીતે દૃઢસંકલ્પ–ભાવવાળા મનુષ્યોથી ડરીને અથવા તો તેના ઉપર પ્રસન્ન થઈને તેને મનવાંછિત ફળ અવશ્ય આપે છે. મહારાજ ! આપ કરતાં ધીર પરાક્રમી અને દાતાર બીજો કોણ છે ? આરાધના કરેલા **શંકર** તમને પુત્ર આપશે, ચિંતા કરો નહીં.'

**અલંકારપ્રભાના** મુખથી આવાં ઉદાર વચન સાંભળી, **હેમપ્રભ** રાજાએ તેનાં વચન ઉપર વિશ્વાસ રાખ્યો; અને પોતે સંતોષ પામ્યો. પોતાના મનમાં આનંદ થયો તેણે જ સૂચવ્યું હોય નહીં કે તને **શંકરની** આરાધનાથી અવશ્ય પુત્રની પ્રાપ્તિ થશે ! બીજે દિવસે પોતે અને રાણીએ જળથી સ્નાન કરી **શિવનું** પૂજન કર્યું અને બ્રાહ્મણોને નવ કરોડ સોનામહોર દાનમાં આપી; અને પુત્ર માટે કાં તો મારે દેહ ત્યાગ કરવો અથવા તો **શંકરને** પ્રસન્ન કરવા આવો નિશ્ચય કરી, **શંકરની** આગળ આહારનો ત્યાગ કરી તપ કરવા બેઠો ! તપમાં બેસીને, વરદાન આપનારા અને શરણે આવેલા ઉપમન્યુના પુત્રને, રમત માત્રમાં દૂધનો સાગર આપનારા શ્રી **શંકરની** આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી 'હે પાર્વતી પ્રાણનાથ ! આપને નમસ્કાર હો. આપ જગતના પેદા કરનારા, પાલન કરનારા અને સંહાર કરનારા છો; આકાશ, જળ, વાયુ, અગ્નિ, યજમાન્, બલિદાન, ચંદ્ર અને સૂર્ય આ આઠ જૂદું જૂદું આપનું સ્વરૂપ છે, એવા હે **શંભુ** ! તમને નમસ્કાર હો. આપ હંમેશાં પ્રફુલ્લિત થયેલા હૃદયરૂપ કમળમાં શયન કરો છો–મનમાં વસો છો; અને અત્યંત શુદ્ધ માનસમાં* વાસ કરનારા મનોહર હંસ† છો; દિવ્ય પ્રકાશ, નિર્મળ જળરૂપ, પ્રક્ષિણદોષ–નિર્દોષ મનુષ્યને દશ્ય-છો; અદ્ભૂત છો, આપ સોમસ્વરૂપ છો–તમને નમસ્કાર હો. આપે કાયાના અર્ધ ભાગમાં માયા-રૂપ ઉમિયાને ધારણ કર્યાં છે, છતાં પણ આપ કેવળ બ્રહ્મચારી છો; ઇચ્છાવડે જગતને રચ્યું છે, અને વિશ્વમય છો એવા તમને નમસ્કાર હો.'

આવી રીતે ત્રણ રાત્રિ ઉપવાસ કરી રાજાએ **શંકરની** સ્તુતિ કરી, ત્યારે **શંકર** તે રાજાને સ્વપ્નામાં સાક્ષાત્ દર્શન આપીને આ પ્રમાણે બોલ્યા: 'રાજા ! ઉઠ, તને શૂરવીર પુત્ર થશે અને તે તારા વંશને ચલાવશે; તથા **પાર્વતીના** પ્રસાદથી તારે ત્યાં એક ઉત્તમ કન્યા પણ અવતરશે. તે કન્યા તમારામાં ચક્રવર્તી થનારા તેજસ્વી **નરવાહનદત્ત** રાજાની પટ્ટરાણી થશે !' આવી રીતે કહી **શંકર** અંતર્ધાન થઈ ગયા. પ્રભાત થયું ત્યારે તે વિદ્યાધરનો રાજા **હેમપ્રભ**, શુભ સ્વપ્ન આવવાથી ઘણો હરખાતો હરખાતો ઉઠ્યો. આ સ્વપ્નની વાત રાણી **અલંકારપ્રભાને** આનંદસહિત કરી. તેને પણ સ્વપ્નામાં **પાર્વતીએ** આવીને કહ્યું હતું તેથી તે પોતાના પતિને તે સંવાદ કહેવા લાગી–એટલે બંનેનાં સ્વપ્નાં એકરૂપ હોવાથી રાજા ઘણો રાજી થયો. પછી તે ત્યાંથી ઉઠીને નાહ્યો.

* મનમાં અથવા માનસ સરોવરમાં. † આત્મારૂપ.



પછી **શંકરનું** પૂજન કરી, દાન આપી પારણું કર્યું અને પછી મહોત્સવ કર્યો. કેટલાએક દિવસો ગયા પછી તે રાજાની રાણી **અલંકારપ્રભા** બેજીવવાળી થઈ. મધથી સુગંધીદાર અને જેમાં ભ્રમર ઉડતા હોય એવું પીળું કમળ જેમ મનુષ્યને ખુશી ઉપજાવે છે, તેમ મદિરાવડે સુગંધીવાળા, જેનાં નેત્ર ચંચળ છે અને ફીકાં પડી ગયેલા એવા મુખવડે રાજાને તે રંજન કરવા લાગી; અને ઉમદા અભાવાથી* પુત્રની ઉત્તમતા પ્રકટ કરવા લાગી. દશ માસ પુરા થયા એટલે આકાશ જેમ સૂર્યને પ્રગટ કરે છે, તેમ રાણીએ પુત્રને જન્મ આપ્યો. જે પ્રસવ કરવાનું ઘર (પ્રસૂતિગૃહ) હતું તે સ્વાભાવિક તેજદાર હતું, તથાપિ તેના પુત્ર જન્મના ઝણઝણાટવાળા તેજથી, સિંદૂરના જેવું લાલ સુરેખ બની ગયું. રાજાએ દેવતાની વાણીના ઉપદેશ પ્રમાણે શત્રુકુળને ત્રાસ આપનાર તે પુત્રનું વજ્રપ્રભ એવું નામ રાખ્યું. કળાવડે પૂર્ણ પૂર્ણિમાનો **ચંદ્રમા** જેમ સમુદ્રની વૃદ્ધિ માટે હળવે હળવે વૃદ્ધિ પામે છે, તેમ આ કુમાર હળવે હળવે, સર્વ કળાવડે પૂર્ણ થઈને મોટો થવા લાગ્યો. વળી થોડા દિવસ ગયા પછી રાજા **હેમપ્રભની** રાણી **અલંકારપ્રભા**, પુનઃ ગર્ભવતી થઈ. તે ગર્ભવતી રાણી ગર્ભમાં રહેલી પુત્રીને લીધે વધારે તેજસ્વી દેખાવા લાગી. તે જ્યારે સુવર્ણના બાજઠ ઉપર બેસતી ત્યારે ખરેખરા રત્નના દીવા જેવી જણાતી હતી. આવો તેજદાર ગર્ભ રહેવાથી તે રાણીને અભાવા થતા, ત્યારે તે પોતાની વિદ્યાથી ઉત્તમ કમળનું વિમાન બનાવી, તેમાં બેસીને આકાશમાં ફરતી હતી. આ રાણીએ દશમે મહીને કન્યાને જન્મ આપ્યો. તે કન્યાના સૌંદર્ય માટે એટલુંજ કહેવું બસ છે કે, તેનો જન્મ પતિવ્રતાની દેવી **પાર્વતીના** પ્રસાદથી થયો હતો. જન્મ ટાણે **શંકરના** આજ્ઞાવચનને અનુસરતિ આકાશવાણીએ કહ્યું કે; 'આ કન્યા **નરવાહનદત્તની** સ્ત્રી થશે !' પછી રાજા **હેમપ્રભે**, પુત્રના જન્મ સમયમાં જેવો ઉત્સવ કર્યો હતો, તેવોજ આ વખતે પણ ઉત્સવ કર્યો અને તે કન્યાનું નામ **રત્નપ્રભા** પાડ્યું. **રત્નપ્રભા** જેમ જેમ પિતાના ઘરમાં રહી પોતાની વિદ્યા ભણીને પ્રવીણ થવા માંડી અને મોટી થવા લાગી, તેમ તેમ તેની કીર્તિ દિશામાં ફેલાવા લાગી. પુત્ર બખ્તર પેહેરવાને લાયક થયો ત્યારે રાજાએ તેને પરણાવ્યો, અને યુવરાજની પદવી આપી. પછી તેના ઉપર રાજ્યનો ભાર મૂકી પોતે નિવૃત્તિને પામ્યો. આ વખતે તેના મનમાં માત્ર એક પુત્રીના વિવાહની ચિંતા રહી હતી.

એક વખતે રાજા પાસે બેઠેલી કન્યાને પરણાવવા જેવડી જોઈ નિકટ બેઠેલી **અલંકારપ્રભાને** કહેવા લાગ્યો: 'રાણિ ! અફસોસ ! ધિક્કાર છે. નજર કર, ત્રણે લોકમાં કન્યા, કુળમાં અલંકારરૂપ હોય તોપણ, તે એક મોટામાં મોટું દુઃખ ગણાય છે. **રત્નપ્રભા** કન્યા વિનયવાળી છે, વિદ્યા ભણેલી છે, સ્વરૂપ સૌંદર્યવાળી છે, અવસ્થામાં તરુણ છે, છતાં પણ તેના લાયકનો વર મને મળતો નથી ! તે મને દુઃખકર છે.' એટલે તેની રાણી બોલી; 'મહારાજ ! દેવતાઓએ કહ્યું છે કે તે **નરવાહનદત્તની** રાણી થશે, માટે આપણા ચક્રવર્તી થનારા **નરવાહનદત્તને** શા માટે પરણાવતા નથી ?' એટલે રાજા ફરી બોલ્યો: 'એ સત્ય છે. જે કન્યા તે રાજાને પરણશે તેને નશીબદાર સમજવી. તે ખરેખર

* સ્ત્રીઓને ગર્ભ ધારણ કર્યા પછી જુદી જુદી જાતની ઇચ્છા થાય છે; જેવી કે નવી વસ્તુ ખાવી, ફરવું, જોવું, વગેરે. આ ઈચ્છાને 'અભાવા' નામ આપેલું છે.

કામદેવનો અવતાર છે. પરંતુ હજુ સુધી તે દેવપણાને પામ્યો નથી ને તેને વિદ્યાધરની વિદ્યા મળી નથી. તે મળે તેની હું વાટ જોઉં છું.' આવી રીતે પિતા વાર્તા કરતા હતા; તે કામદેવના મોહનમંત્ર જેવાં રસિક વચનો ઝટ રત્નપ્રભાના સાંભળવામાં આવ્યાં તેથી વર ઉપર મોહિત બનીને બેભાન થઈ ગઈ હોય, વા ભૂત વળગ્યું હોય, વા શુન્ય થઈ ગઈ હોય, વા ચિત્રમાં આળેખેલી હોય, તેના જેવી સ્તબ્ધ બની ગઈ. જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે માંડમાંડ પિતાને અને માતાને પ્રણામ કરી, પોતાના અંતઃપુરમાં ગઈ અને ત્યાં ચિંતાતુર બનેલી તે કન્યાને મહામુસીબતે, મોડી રાત્રિએ નિદ્રા આવી. કન્યાની આવી હાલત જોઈને પાર્વતીને દયા આવી અને તેણે સ્વપ્નમાં આવીને કહ્યું: 'કલ્યાણિ પુત્રિ ! કાલે સારો દિવસ છે, માટે સવારમાં તું કૌશાંબી નગરીમાં જઈ, તારા વર નરવાહનદત્તનાં દર્શન કરજે. પાછળથી તારો પિતા પોતે તેને આ નગરીમાં લઈ આવશે અને તારાં તથા તેનાં લગ્ન કરશે.' દેવી પાર્વતી આટલું કહીને અંતર્ધાન થઈ ગયાં. પ્રભાતમાં રત્નપ્રભાએ ઉઠીને પોતાની માતાને તે સ્વપ્નની વાર્તા જણાવી, ત્યારે તેની માતાએ તેને જવાની આજ્ઞા આપી. એટલે તે પોતાની વિદ્યાની શક્તિથી રાજકુમાર બાગમાં બેઠો છે આમ જાણી, તેને મળવા માટે પોતાના શહેરમાંથી ચાલી નિકળી. આર્યપુત્ર ! તે હું પોતે રત્નપ્રભા છું ને ઉત્કંઠાથી આ એક ક્ષણમાં આજે અહીં આવી છું. હવે આપની મરજી પ્રમાણે આપ વર્તો !" નરવાહનદત્ત, મીઠાશમાં અમૃતનો પણ તિરસ્કાર કરનારું તેનું વચન સાંભળીને અને નેત્રને અમૃત પેઠે આનંદ આપનારું અંગ નિહાળીને, અંતઃકરણમાં બ્રહ્માની નિંદા કરવા લાગ્યો કે, મને બ્રહ્માએ તદ્દન કાનવાળો અને આંખવાળો શામાટે બનાવ્યો નહીં ? જો તેમ બનાવ્યો હોત તો હું તેની વાણી અને તેનું રૂપ એ વસ્તુનો જ ઉપભોગ કર્યા કરત. નરવાહનદત્તે તે કન્યાને કહ્યું: "હું આજ ભાગ્યશાળી થયો; મારો જન્મ સફળ થયો; કારણકે પ્રિયે ! તું આજ પ્રેમથી પોતાની મેળે મારી પાસે ચાલીને આવી છે." આવી રીતે રાજકુમાર અને રત્નપ્રભા પરસ્પર થયેલા નવા પ્રેમથી સંભાષણ કરતાં હતાં, એવામાં અકસ્માત આકાશમાં વિદ્યાધરની સેના જોવામાં આવી કે તરત રત્નપ્રભા બોલી ઉઠી: 'મારા પિતાજી અહીં આવે છે;' અને તુરત રાજા હેમપ્રભ, પોતાના પુત્ર વજ્રપ્રભ સહિત આકાશમાંથી નીચે ઉતર્યો. તે પિતા તથા પુત્ર, નરવાહનદત્ત રાજા પાસે આવ્યા. નરવાહનદત્તે તેને આદરસત્કાર આપ્યો. પછી તેઓ પરસ્પર પોતાના કુળ પ્રમાણે શ્રેષ્ઠાચાર કરીને બેઠા. વત્સરાજાને ખબર પડવાથી મંત્રિ સહિત તે પણ એક ક્ષણમાં ત્યાં આવ્યો. તેણે હેમપ્રભ રાજાનો અતિથિસત્કાર કર્યો. પછી હેમપ્રભે જે વાર્તા રત્નપ્રભાએ કહી બતાવી હતી તે વર્ણવી બતાવી અને તે બોલ્યો કે: 'મારી કન્યા અહીં આવી હતી તે વાર્તા મેં વિદ્યાના પ્રભાવથી જાણી લીધી–કેમકે હું વિદ્યાના પ્રભાવથી સઘળું વૃત્તાંત જાણી શકું છું.* આ કુમાર જ્યારે આગળ ચક્રવર્તી થશે, ત્યારે તેને આવું વિમાન મળશે. તમે થોડા સમયમાં રત્નપ્રભા સ્ત્રી સહિત આ યુવરાજને અહીં આવેલો નજરે જોશો; માટે હવે અમને સર્વને જવાની રજા આપો' ! આવી રીતે વત્સેશ્વરને વિનંતિ કરી

* અંગ્રેજી ગ્રંથમાં આ સ્થળેથી કંઈ મૂકી દીધેલાનાં ચિહ્ન જણાવ્યાં છે, પણ સંસ્કૃતમાં કંઈ પણ વધારે જણાતું નથી.



એટલે રાજાએ તેની ઇચ્છાને ટેકો આપી તેને રજા આપી. હેમપ્રભે પોતાની વિદ્યાવડે વિમાન બનાવી, તેમાં ગોમુખ વગેરેને, રત્નપ્રભાને અને લજ્જાવશ થવાથી નીચા મુખવાળા નરવાહનદત્તને બેસારી, વત્સરાજે પાછળથી મોકલેલા યૌગંધરાયણની સાથે, તેઓને પોતાના કાંચનશૃંગ નામના નગરમાં લઈ ગયો.

## નરવાહનદત્ત અને રત્નપ્રભાનો વિવાહ.

નરવાહનદત્ત, સસરાના શહેરમાં પહોચ્યો અને જોવા લાગ્યો તો આખું શહેર સોનાનું હતું અને સોનાના કિલ્લાથી ઝળઝળાટ થઈ રહ્યું હતું. તેમાંથી જે કિરણો નિકળતાં હતાં તેને લીધે આ નગર જાણે ચોતરફથી શણગારેલું હોય તેમ જણાતું હતું; અને જમાઈ ઉપરના પ્રેમના સંભ્રમથી જાણે ઘણા હાથ ઉંચા કર્યા હોય તેવું દિસતું હતું. રાજા હેમપ્રભે વિવાહનો મોટો આરંભ માંડ્યો અને સમુદ્રે જેમ વિષ્ણુને લક્ષ્મીજી અર્પણ કર્યાં હતાં, તેમ હેમપ્રભે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, રત્નપ્રભા નરવાહનદત્તને પરણાવી. વિવાહમાં ઝળઝળાટ પ્રકાશતા, અનેક અગ્નિનો ભ્રમ કરાવનારા, તેજસ્વી મણિઓના ઢગના ઢગ તેને ભેટ આપ્યા ! આવી રીતે ઉત્સવની ધામધૂમવાળા તે શહેરમાં, રાજાએ ધનનો વર્ષાદ વર્ષાવવા માંડ્યો તે સમયે, ધ્વજાપતાકાવાળાં ઘર પણ જાણે પહેરામણી મળી હોય તેમ શોભવા લાગ્યાં. નરવાહનદત્ત વિવાહનું મંગળ કાર્ય કરી, રત્નપ્રભાની સાથે નગરીમાં રહીને ક્રીડા રમવા લાગ્યો; તથા રત્નપ્રભાની વિદ્યાના પરાક્રમવડે તેની સાથે આકાશમાં ઉડીને દેવતાઈ બગીચા, વાવ અને દેવતાનાં મંદિરોને જોવા અને વિહાર કરવા લાગ્યો.

આવી રીતે વત્સરાજનો પાટવી કુંવર નરવાહનદત્ત કેટલાએક દિવસપર્યંત રત્નપ્રભા સાથે વિદ્યાધર રાજાના નગરમાં રહ્યો. જ્યારે યૌગંધરાયણની ઇચ્છા કૌશાંબીમાં જવાની થવાથી તે પણ જવાને તત્પર થયો. તે સમયે સાસુએ વરરાજાને મંગળકાર્ય કરવું જોઈએ તે કર્યું અને તેના સસરાએ પુનઃપુનઃ તેનો સત્કાર કર્યો. પછી નરવાહનદત્ત કાર્યભારી અને સ્ત્રી સહિત વિમાનમાં બેસી, સસરા અને સાળાની સાથે નગરમાં આવવા માટે નિકળ્યો; અને થોડા સમયમાં પોતાને અમૃતના ઓઘની માફક, માતાનાં નેત્રને ઠંડક કરતો, સાળા, સસરા અને કાર્યભારી સહિત, આનંદમાં ઉભરાઈ ગયેલો વત્સરાજ જ્યાં ઉત્સવ કરી રહ્યો હતો એવી નગરીમાં, રત્નપ્રભા સહિત દાખલ થયો. પોતે તથા પોતાની પત્ની બન્ને જણાં માતા પિતાનાં ચરણમાં પડ્યાં. વત્સરાજે અને વાસવદત્તાએ તેને આનંદાશ્રુ સાથે આશીર્વાદ આપ્યો, તેમજ મોટા ધનાઢ્ય વત્સરાજાએ વૈભવમાં પોતાના જેવા નવા સંબંધી થયેલા હેમપ્રભનો અને તેના પુત્રનો રુડી રીતે સત્કાર કર્યો. આવી રીતે પરસ્પર એક બીજાને મળ્યા પછી, વિદ્યાધરનો રાજા હેમપ્રભ, વત્સરાજ વગેરેની આજ્ઞા માગી, પુત્રસહિત આકાશ માર્ગે ઉડીને પોતાના નગરમાં ગયો; અને નરવાહનદત્તે મદનમંચુકા, રત્નપ્રભા તથા પોતાના મિત્રોની સાથે તે આખો દિવસ આનંદમાં ગુજાર્યો.

## તરંગ ૨ જો.

### રત્નપ્રભાની કથા—( ચાલુ. )

બીજે દિવસે સવારમાં નરવાહનદત્ત, વિદ્યાધર જાતિની રત્નપ્રભા નામની નવલ સ્ત્રીને પરણીને મોઝમઝામાં બેઠો હતો, તેવામાં ગોમુખ આદિ કાર્યભારીઓ તેને મળવા માટે બારણા પાસે આવ્યા, ત્યારે બારણામાં ઉભેલી પ્રતિહારીએ તેઓને અંદર જતા ક્ષણવાર અટકાવ્યા. રંગમહેલમાં ખબર કરી કે કાર્યભારીઓ મળવા આવે છે, એટલે નરવાહનદત્તે રજા આપી. તેઓ અંદર આવ્યા તેઓને માન આપ્યું. એ સમે રત્નપ્રભાએ બારણામાં ઉભેલી પ્રતિહારીને કહ્યું. ‘અલિ ! આ આપણા સ્વામિના પ્રિય મિત્રો છે, તેઓને તારે અંદર આવતા અટકાવવા નહીં; તેઓ તો અમારું અંગ છે. અંતઃપુરમાં આવી ચોકસી રાખવી કંઈ કામની નથી એમ હું ધારું છું.’ આવી રીતે બારણામાં ઉભેલી પ્રતિહારીને આજ્ઞા કરી, પોતાના પ્રાણપ્રિયને કહેવા લાગી. ‘આર્યપુત્ર ! પ્રસંગોપાત તમને કહું છું તે સાંભળો.

સ્ત્રીઓને કબજે રાખનાર કેવળ તેની નીતિજ છે એમ મારું માનવું છે. બીજા ઉપર ઇર્ષ્યા કરી મોહ કરવો તેથી કંઈ સ્ત્રીઓનું શીયળ સચવાતું નથી, પણ કુલીન લલનાઓ મોટા શીયળવ્રતવડેજ પોતાનું પાતિવ્રત્ય સાચવે છે. મદમત્તા વનિતા અને સરિતાને રોકવા કોણ સમર્થ છે ? બ્રહ્માજી પણ ઘણું કરી એ ચંચળાને રોકવા સમર્થ થતો નથી. એ વિષય ઉપર એક કથા કહી બતાવું છું તે સાંભળોઃ

### રત્નાધિપતિ રાજાની કથા.

સમુદ્રની અંદર રત્નકૂટ નામનો એક મોટો દ્વીપ છે. તેમાં પૂર્વે રત્નાધિપતિ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો ઉત્સાહી ને પરમ વિષ્ણુ ભક્ત હતો. તેનામાં નામ પ્રમાણે ગુણ હતા. એ રાજા આખી પૃથ્વીને પોતાને તાબે કરવા માટે તથા સઘળા રાજાની કન્યાને પોતાની રાણી બનાવવા માટે, વિષ્ણુ પ્રસન્ન થાય તો સઘળું કાર્ય સિદ્ધ થાય એમ મનમાં ધારી, તેનું તપ કરવા લાગ્યો. પરમાત્માએ પોતે તેના તપથી પ્રસન્ન થઇને તેને આજ્ઞા કરીઃ ‘રાજા, તું ઊભો થા. હું તારા ઉપર પ્રસન્ન થયો છું, અને તને કહું છું તે સાંભળ ! એક ગંધર્વને કોઈ સાધુનો શાપ થયો છે તેથી તે કલિંગ દેશમાં ધોળો હાથી થઈ જન્મ્યો છે તે હાથી શ્વેતરશ્મિ નામથી પ્રસિદ્ધ છે. પૂર્વજન્મમાં કરેલાં તપની સિદ્ધિથી અને મારી ભક્તિથી, તે હાથી જ્ઞાની છે, આકાશમાં ઉડી શકે છે અને તેને પૂર્વ જન્મનું સ્મરણ છે. હું તે હાથીના સ્વપ્નમાં આવીને તેને આજ્ઞા કરીશ એટલે તે મોટો હાથી, પોતે આકાશ માર્ગે તારી પાસે આવીને તારું વાહન થશે. ઈંદ્ર જેમ ઐરાવત ઉપર બેસે છે, તેમ તું એ શ્વેત હાથી ઉપર ચઢીને જે જે રાજા ઉપર ચઢાઈ કરીશ, તે તે રાજા તારો અલૌકિક પ્રતાપ જોઇને, અને વળી સ્વપ્નમાં મારી આજ્ઞા થવાથી, કન્યાદાનના નિમિત્તથી કર આપશે ! તું આવી



રીતે આખી પૃથ્વીમાં વિજય કરીશ અને એંશી હજાર સ્ત્રીઓને પરણીશ.’ આટલું કહીને પરમાત્મા વિષ્ણુ અદૃશ્ય થઈ ગયા. પછી રાજાએ વ્રતનું પારણું કર્યું. બીજે દિવસે રાજાએ આકાશમાંથી આવતો હાથી જોયો. આ હાથી નીચે ઉતરી રાજા પાસે અવી નમી ગયો એટલે તે રાજા તેના ઉપર ચઢી, વિષ્ણુની આજ્ઞા પ્રમાણે દિગ્વિજય કરી અનેક કન્યાઓને એકઠી કરી. આ એકઠી કીધેલી એંસી હજાર સ્ત્રીઓની સાથે તે રાજા પોતાની મરજી પ્રમાણે વિહાર કરતો, રત્નકૂટ દ્વીપમાંજ રહેતો હતો. તે શ્વેતરશ્મિ* નામનો દેવતાઈ હાથી, સર્વ દુઃખમાંથી મુક્ત થઈ સુખમાં રહે એટલા માટે દરરોજ પાંચસો બ્રાહ્મણને જમાડવા લાગ્યો.

રત્નાધિપરાજા એક વખતે તે શ્વેતરશ્મિ ઉપર સ્વારી કરી બીજા દ્વીપમાં પ્રવાસ કરી પાછો પોતાના દ્વીપમાં આવતાં, જેવો તે આકાશમાંથી નીચે ઉતરતો હતો તેવામાં, દૈવયોગે એક ગરુડ પક્ષી તે હાથીના માથામાં ચાંચનો પ્રહાર કરી નાશી ગયો. તે ચંચૂના પ્રહારથી હાથી મૂર્ચ્છા ખાઇ ગયો. તેને રાજાએ અંકુશનો સખત ઘા માર્યો એટલે તો બેવડા પ્રહારથી હાથી ઉલટો પૃથ્વી ઉપર પડી ગયો. રાજા તે ઉપરથી નીચે ઉતરી પડ્યો. જ્યારે તે હાથી શુદ્ધિમાં આવ્યો, ત્યારે તેને ઉઠાડવા લાગ્યો તથાપિ તે ઉઠી શક્યો નહીં. તેનામાં એક કોળીઓ લેવાની પણ શક્તિ રહી નહીં. આવી રીતે પાંચ દિવસ સુધી હાથી પડી રહ્યો તેને લીધે રાજા બહુ દુઃખી થવા લાગ્યો અને તેણેપણ પાંચ દિવસ લાંઘણ કરી. પછી તે નીચે પ્રમાણે બોલ્યો—‘ઓ લોકપાળો! તમે મને આ સંકટમાં કંઈ ઉપાય બતાવો. જો તમો ઉપાય નહી બતાવશો તો હું મારું પોતાનું મસ્તક છેદી તમોને અર્પણ કરીશ.’ આટલું કહીને તે રાજા તરવાર લઈ મસ્તક છેદવાને તૈયાર થયો, તેજ વખતે આકાશવાણીએ અદૃશ્ય રહીને આ પ્રમાણે કહ્યુંઃ ‘અયે રાજા ! તું સાહસ કર નહીં. જો કોઈ સતી સ્ત્રી હાથવતી આ હાથીને સ્પર્શ કરશે, તો હાથી તુરત ઉઠશે; નહીંતર ઉઠશે નહીં.’ તે સાંભળતાંજ રાજાએ ખુશી થઇને, પોતાના કબજે રાખેલી પોતાની મુખ્ય પટ્ટરાણી અમૃતલતાને બોલાવી. તે આવી અને તેણે હાથીને હાથવતી સ્પર્શ કર્યો, પણ હાથી ઉઠ્યો નહીં. પછી રાજાએ પોતાની સઘળી રાણીઓને બોલાવીને કહ્યું ‘તમે પ્રત્યેક આને હાથ લગાડો.’ તે સર્વ રાણીઓએ ક્રમવાર તે હાથીનો હાથવતી સ્પર્શ કર્યો, પણ તે હાથી ઉઠ્યો નહીં, કારણ કે તે રાણીઓમાં એક પણ રાણી સતી ન હતી. નગર જનસમીપ એંસી હજાર રાણીઓને શરમીંદી થઈ ગયેલી જોઈ, રાજા પોતે ગભરાઈ ગયો; અને નગરમાંથી સઘળી સ્ત્રીઓને બોલાવી ક્રમ પ્રમાણે તેની પાસે હાથીનો સ્પર્શ કરાવ્યો. તોપણ શ્વેતરશ્મિ હાથી ઉઠ્યો નહીં, ત્યારે તે રાજા શરમને લીધે બોલ્યોઃ અફસોસ છે કે મારા નગરમાં એક નારી પણ સતી નથી.’

આમ તે અફસોસ કરે છે એવામાં તામ્રલિપ્તિ † નામની નગરીમાંથી, તે શહેરમાં એક વાણીઓ આવ્યો હતો, તેને આ વાર્તાની ખબર પડી એટલે તે આશ્ચર્ય પામ્યો અને ત્યાં આવ્યો.

---

* આ સ્થળે સંસ્કૃતમાં શીતરશ્મિ નામ છે, પણ તે ભૂલ જણાય છે. પૂર્વાપર પ્રસંગ જોતાં શ્વેતરશ્મિ જોઇએ. † સાંપ્રતકાળનું ( બંગાળનું ) તમલક ધારવામાં આવે છે. કાળાંતરે એ નગરી નાની પણ ઘણી ફલદ્રુપ હશે. તેની પશ્ચિમમાં હુગલી નદી, બરદવાન અને કળના ઉત્તરમાં છે, અને ...માં જકોસાઈ નદી આવેલી ધારવામાં આવે છે. ( કનીંગહામની પ્રાચીન ભૂગોળવિદ્યા )

તેની સાથે તેની એક શીલવતી નામની પતિવ્રતા સ્ત્રીપણ આવી હતી તે આ સઘળું જોઇને બોલી: 'હું આ હાથીને હાથવતી સ્પર્શ કરું છું: જો મેં મારા પ્રાણપતિ શિવાય બીજાનું મનથી પણ મનન કર્યું ન હોય તો આ હાથી ઉઠો' ! આટલું કહી હાથવતી તે હાથીના શરીરને સ્પર્શ કર્યો, એટલે તે હાથી તાજો લાજો થઇને ઉભો થયો,અને ખોરાક ખાવા લાગ્યો. શ્વેતરશ્મિ હાથીને ઉભો થયેલો જોઇ સઘળાં માણસો કોલાહલ કરીને આ પ્રમાણે શીલવતીનાં વખાણ કરવા લાગ્યાં:—ઇશ્વરસમાન સતી સ્ત્રીઓ ( જગતમાં ) કોઇક જ હોય છે, જે સ્ત્રીઓ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવામાં સમર્થ છે.' રાજા રત્નાધિપતિ પણ ઘણો પ્રસન્ન થયો અને તે સ્ત્રીને માન આપી, અસંખ્ય રત્ન આપી ધનાઢ્ય બનાવી દીધી અને તેના સ્વામી હર્ષગુપ્ત નામના વાણીઆનો પણ તેવીજ રીતે સત્કાર કરી તેને રાજભવનની પડોસમાં રહેવા માટે એક ઘર આપ્યું. રાજાએ પોતાની સઘળી સ્ત્રીઓનો સ્પર્શ ત્યાગ કરી દીધો, માત્ર તેઓનો ખાવાપિવાનો અને કપડાનો બંદોબસ્ત કીધો:

રાજા પોતે ભોજન કરી હર્ષગુપ્તની પાસે ગયો અને ત્યાં એકાંતમાં સતી શીલવતીને બોલાવીને કહ્યું: 'શીલવતિ! જો તારા પિતાના કુળમાં કોઈ એક કન્યા હોય તો તે કન્યા મને અપાવ; કારણ કે તે કન્યા પણ ખરેખર તારા જેવી હશે એમ મારું ધારવું છે.' રાજાનું આવું બોલવું સાંભળી, શીલવતી બોલી: 'તામ્રલિપ્તિ નગરીમાં રાજદત્તા નામની મારી બ્હેન છે. મહારાજ! જો આપની ઇચ્છા હોય તો તેને પરણો! તેનું રૂપ પણ વખાણવા લાયક છે.' એ પ્રમાણે તે સ્ત્રીનું બોલવું સાંભળી રાજાએ 'બહુ સારું' એમ કહી, તેના વચનને કબુલ રાખ્યું અને ક્યારે જવું તે બાબતનો નિશ્ચય કર્યો. પછી બીજે દિવસે રાજા પોતે શીલવતી અને હર્ષગુપ્ત વાણીઆની સાથે સાથે, આકાશ માર્ગે ચાલનારા શ્વેતરશ્મિ હાથી ઉપર ચઢી તામ્રલિપ્તિ નગરીમાં તે વાણીઆને ઘેર ગયો. શીલવતીએ પોતાના જોશીઓને બોલાવી, તે દિવસે, રાજદત્તા નામની પોતાની બ્હેનના લગ્ન આજનેઆજ થાય કે નહીં એમ પૂછ્યું. જોશીઓએ બન્નેનાં જન્મ નક્ષત્ર જોઇને કહ્યું;–'મહારાજ! આજથી ત્રણ મહીના પછી તમારાં બન્નેનાં ઉત્તમ લગ્ન મળે છે: હમણાં મળતાં નથી. મહારાજ! આજ જે લગ્ન છે તે લગ્નમાં રાજદત્તાનો જો વિવાહ થશે, તો એ સ્ત્રી અવશ્ય ખરાબ ચાલની થશે!' જોષિઓએ આમ કહ્યું છતાં પણ રાજા તે રમણી ઉપર મોહિત થવાથી અને તેના વગર એકલો ઘણા દિવસ રહી શકવા અસમર્થ થવાથી, વિચાર કરવા લાગ્યો કે, 'આમાં વિચાર કરવાથી કંઈ વળવાનું નથી; આજને આજ જ રાજદત્તાને પરાણવામાં શી હરકત છે! એ શીળવતીની બ્હેન છે શાંત છે તો કેમ ખરાબ ચાલની થશે? વળી સમુદ્રની વચમાં માણસ વગરનો એકાંત, દ્વીપનો એક ભાગ છે. તેમાં ચાર દિશામાં ચાર ઓરડાવાળો એક મહેલ બનાવી, તેની અંદર એ સ્ત્રીને રાખીશ. તેના નોકર ચાકર વિગેરે પરિવારમાં પણ સ્ત્રીઓને જ રાખીશ. ત્યાં કોઈ પણ જઈ શકે તેમ નથી. તેને પુરુષનાં દર્શન થશે નહી તો પછી તે કેમ બગડશે?' આવો વિચાર કરી રાજાએ તેજ દિવસે શીલવતીએ અર્પણ કરેલી રા અલૌકિક નામની તેની બ્હેન સાથે નં.લગ્નેન લગ્ન કર્યા પછી કુળાચારની વિધિ કરી તે સ્ત્રીને લઈ પં આવી શીલવતી સહિત, શ્વેતરશ્મિ ઉપર બેસી ક્ષણએકમાં આકાશમાર્ગે પોતાના રત્નકૂટનામના દ્વી



આવ્યો. શહેરના માર્ગમાં રાજાના આગમનની વાટ જોતાં મનુષ્યો ઉંચું જોઈ રહ્યાં હતાં. શહેરમાં ગયા પછી રાજાએ પુનઃ શીલવતીનો એવો સત્કાર કર્યો કે તે પોતાના પતિવ્રતના ફળ મળવાથી કૃતાર્થ થઈ ગઈ હોય. પછી રાજા આકાશમાં ચાલનારા શ્વેતરશ્મિ હાથી ઉપર તે સ્ત્રીને બેસારી, પોતે ધારેલા દ્વીપમાં તેને લઈ ગયો. આ દ્વીપ સમુદ્રની મધ્યમાં હતો, ને ત્યાં મનુષ્યે જઈ શકતાં નહોતાં. તે દ્વીપમાં એક ચાર ઓરડાવાળા મેહેલમાં તે સ્ત્રીને રાખી અને નોકર ચાકર વર્ગમાં પણ સ્ત્રીઓ જ રાખી દીધી–પુરુષનું નામજ નહીં. તે સ્ત્રીને જે જે વસ્તુનો ઉપયોગ પડતો તે તે વસ્તુ, હાથી મારફતે રાજા મોકલાવતો હતો, પણ કોઇનો વિશ્વાસ કરતો નહીં. પોતે તેના ઉપર આશક હતો તેને લીધે હંમેશાં તે રાત્રિએ ત્યાંજ રહેતો અને સવારમાં રાજ્યનું કામ કરવા માટે રત્નકૂટ દ્વીપમાં આવતો હતો. એક, દિવસે તે રાજાને દુષ્ટ સ્વપ્નું આવ્યું ચિંતા દૂર કરવા માટે રાજાએ રાણી સાથે મદિરાપાનમાં મોજ માણી, મંગળ કર્મ કર્યું. રાણી મદિરાપાન કરીને મદોમત્ત બની ગઈ, તેથી રત્નકૂટ જવા તૈયાર થયેલા પ્રાણપ્રિય રત્નાધિપતિના કપડાંનો પલ્લો પકડી, તેને જતાં અટકાવ્યો–પણ તે રોકાયો નહીં. અને છેડો છોડાવી, છટકીને પોતાનું રાજકાજ કરવા માટે રત્નકૂટ દ્વીપમાં ચાલ્યો ગયો. કારણ કે રાજાને રાજાપણું હંમેશાં પ્યારું લાગે છે. ત્યાં ગયા પછી રાજાએ મદમત્ત સ્ત્રીને એકલી શા માટે મૂકી,આમ જાણે કોઈ કહેતું હોય એવાં શંકિત મનથી રાજ્યનું કામ ચલાવવા લાગ્યો. હવે તે અતિ દુર્ગમ દ્વીપમાં, દાસીઓ રસોડા આદિના કામમાં વળગી પડી હતી; અને રાજદત્તા એકલી મહેલના બારણામાં બેઠી હતી. એમાં રાજાની રક્ષાનો નાશ કરવા માટે જાણે બીજો દૈવ આવ્યો હોય તેમ,આશ્ચર્યજનક એક પુરુષ દ્વારપર આવીને ઉભો રહ્યો. તેને રાજદત્તાએ દીઠો. તે પુરુષ પાસે આવ્યો એટલે મદિરામત્ત બનેલી રાણી, પેલા પુરુષને પૂછવા લાગી, 'તું કોણ છે, અને કોઇથી આવી શકાય નહીં એવી, જગ્યામાં આ કંઈ રીતે આવ્યો?' તે પુરુષ બોલ્યો: 'મુગ્ધે! હું ઘણી મુસીબતે અહીં આવી પહોચ્યો છું હું મથુરાવાસી વાણીઆનો છોકરો છું. મારું નામ યવનસેન છે. મારા પિતા ગૂજરી જવાથી પિત્રાઇઓએ મારું ધન હરણ કર્યું. 'હું અનાથ થઇ ગયો, ત્યારે પરદેશમાં જઈ દુઃખદાયક પારકી ચાકરી કરવા લાગ્યો. તેમાંથી પરાકાષ્ઠાએ થોડું ધન મેળવી, વેપાર માટે બીજા દેશમાં જતો હતો, એવામાં માર્ગમાં ચોરોએ આવીને મને લુંટી લીધો. પછી હું ને બીજા જે મારા જેવા હતા, તેની સાથે ભિક્ષા માગતો માગતો, જ્યાં રત્નની ખાણો હતી એવા કનકક્ષેત્ર નામના સ્થળમાં ગયો. ત્યાં રાજાને તેનો ભાગ આપવો અંગીકાર કરી એક વર્ષ સુધી પૃથ્વી ખોદવા લાગ્યો. પણ તે ખાણમાંથી એક પણ રત્ન મળ્યું નહીં. મારી સાથે, મારા જેવા બીજા હતા તેઓને ઘણાં રત્ન મળ્યાં અને તેઓ હર્ષ ગર્જના કરવા લાગ્યા. પછી હું દુઃખનો માર્યો આર્ત બની, સમુદ્રના કિનારા ઉપર ગયો અને ત્યાં લાકડાં ભેગાં કરી અગ્નિમાં બળી મરવા માટે જ્યાં ચિતા ખડકવા લાગ્યો, તેવામાં કોઇએક જીવદત્ત નામનો વાણીઓ ત્યાં આવી પહોંચ્યો. તે દયાળુએ મને મરતાં અટકાવ્યો અને આજીવિકા બાંધી આપી, પોતે સ્વર્ણદ્વીપમાં જતો હતો ત્યાં જવા માટે તેણે મને વહાણમાં સાથે લીધો. વહાણમાં બેસીને સમુદ્રની અંદર ચાલતાં ચાલતાં અમને પાંચ દિવસ વીતી ગયા. કર્મ ધર્મજોગે છ દિવસે અમારી નજરે વર્ષાદ પડ્યો. તે મૂસળધાર વર્ષવા લાગ્યો. અમારું વહાણ પવનથી ગાંડા હાથીના મસ્ત-

ની માફક ડોલવા લાગ્યું અને એક ક્ષણમાં તે વહાણ ભાગીને પાણીમાં ડુબી ગયું. આ સમયે મને ડુબતાં ડુબતાં વહાણનું એક પાટીયું હાથમાં આવ્યું, તે ઉપર હું ચઢી બેઠો. નસીબયોગથી વરસાદનો ઘેરાવ પણ શાંત પડ્યો. તરતો તરતો હું આ પ્રદેશમાં આવી પહોંચ્યો અને હમણાં આ વનમાં ઉતર્યો એવામાં આ ચતુઃ શાળાવાળો મેહેલ દૃષ્ટિગોચર થયો, એટલે અહીં અંદર આવ્યો અને જોઉં છું તો દૃષ્ટિથી અમૃતની વૃષ્ટિ કરી અંતઃકરણને શાંત કરનારી તું મારી નજરે પડી છે.” આવી રીતે તે વાણિયો બોલ્યો એટલે મદિરાના મદમાં અને મદનના મદમાં બહેકી ગયેલી તે સ્ત્રીએ પેલા પુરુષને છત્રપલંગ ઉપર બેસાડીને આલિંગન આપ્યું. કારણ કે–

નારી જાતિ દુખદ મદિરા પાન જ્યારે કરે છે,
એકાંતે તે પુરુષ મળતાં છૂટ છેડે ફરે છે.
પંચાગ્નિમાં અધિક વસતી હોય જો નારી જાત,
ત્યારે તેના શીયળ તૃણની કેવી થાયે બિસાત.
વળી કામાતુર જે કામિની, હોય જગતમાં ખાસ;
તેમાં નિજ પર પતિતણા, વિચાર પામે નાશ.

એક તો સ્ત્રી જાતિ, બીજી મદિરા મદમત્તતા, ત્રીજું એકાંત, ચોથો પુરુષનો મેલાપ, અને પાંચમી સ્વતંત્રતા આ–પાંચ પ્રકારના અગ્નિઓ સાથે સળગી ઉઠયા હોય તો પછી બિચારા શીળરૂપીને તૃણને બચવાની આશા શી? એટલે શીળભંગ થયા વગર રહેજ નહીં. વળી કામાતુર કામનીને એવો વિચાર પણ હોતો નથી કે આ મારો પતિ નથી, માટે તે સાથે મારે અનીતિથી વર્તવું ન જોઈએ.’ આવા સંયોગો હતા એટલે આપત્તિમાં આવી પડેલા અને પ્રેમ કરવાને અયોગ્ય પુરુષ ઉપર રાણી આશક બની ગઈ, અને તેની સાથે વિહાર કરવા લાગી. આવી રીતે બન્ને જણાં જ્યાં આલિંગન કરીને રતિ સમાગમમાં બેઠાં હતાં, તેવામાં રાજા રત્નાધિપતિને સ્ત્રીને મળવાની ઉત્કંઠા થવાથી આકાશમાર્ગે મુસાફરી કરનારા હાથી ઉપર બેસીને રત્નકૂટથી તરત તે દ્વીપમાં આવ્યો. તે જેવો ઘરની અંદર આવ્યો તેવોજ પરપુરુષ સાથે, સ્વપત્નિને રતિ સમાગમમાં બેઠેલી દીઠી !! રાજાએ તે પુરુષને મારવાની ઇચ્છા કરી, પણ તેને માર્યો નહીં; કારણ કે તે પુરુષ રાજાના ચરણમાં પ્રણામ કરી દીનતાથી બોલવા લાગ્યો; અને મદિરા તથા કામથી મદમત્ત બનેલી નારી ભયભીત બની ગઈ. આવી અવસ્થા જોઈ રાજા આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો: ‘કામદેવને, વૃદ્ધિ કરનાર મદિરાનો જે સ્ત્રીને છંદ લાગે છે તે સ્ત્રી સતી ક્યાંથી હોય? ચપળ નારીની ચાહાય તેટલી રક્ષા કરીએ, તોપણ તે કબજામાં રહેતી નથી; કારણ કે ઉત્પાત સમયમાં જે પવનો વાય છે તે પવનો શું બે બાહુવડે કોઈ દિવસ પણ રોકી શકાય છે? નહીંજ ! મેં જ્ઞાનીઓનું કહ્યું માન્યું નહીં તેનું મને આ ફળ મળ્યું છે. કારણ કે:–

પુખ્ત પુરુષનાં વેણને, ઉથાપે જન જેહ,
પરિણામે દુઃખદાયી અને કટુ ફળ પામે તેહ.



આફસોસ છે કે એને શીલવતીની બેહેન ગણીને મેં ભૂલ કરી. મને તે આ સ્ત્રી સુધાની સહજ બેન કાલકૂટચ્છ* થઇ પડી છે, પણ મારો અફસોસ વ્યર્થ છે. નસીબના ખેલ અદ્ભુત છે. તે શું કરશે તે કોઈ પણ જાણી શકતું નથી. તેમ પુરુષાર્થ કરીને તેને મટાડવા પણ કોણ સમર્થ છે? કોઇ નથી. આમ વિચાર કરી રાજાએ કોઈ ઉપર ક્રોધ કર્યો નહીં, પરંતુ વ્યભીચારી વાણીઆના છોકરાને તેનો હેવાલ પૂછીને જવા દીધો. એ વાણીઆનો છોકરો રાજાના હાથમાંથી છુટીને વનમાં આમ તેમ ભટકતો હતો તેવામાં તેણે સમુદ્રમાંથી છેટેથી આવતું એક વહાણ દીઠું. તે વાણીઓ ફરી તેજ પાટીઆં ઉપર ચઢી સમુદ્રમાં તરવા લાગ્યો અને ‘મને સમુદ્રમાંથી બહાર કાઢો’ એવો પોકાર કરી ચીસો પાડવા લાગ્યો. તે સાંભળીને ક્રોધવર્મા નામનો વાણીઓ, જે તે વહાણમાં બેઠો હતો તેણે તેને પોતાના વહાણમાં લઇને પોતાની પાસે બેસાર્યો. પરંતુ–

બ્રહ્માએ સરજ્યુંજ મૃત્યું જનનું જે કર્મથી તે ખરે;
જ્યાં જાયે જન ત્યાં હમેશ જનની પુંઠે પુંઠે તે ફરે.

પછી તે વાણીઆના મૂઢ છોકરાએ, જેને વહાણમાં બેસાર્યો હતો તેની સ્ત્રી સાથે એકાંતમાં વ્યભિચાર કર્યો, તે જોઈ વહાણવાળા વાણીઆએ તેને સમુદ્રમાં ફેંકી દીધો અને તે મરી ગયો.

રત્નાધિપતિ રાજા ગુસ્સો ઉતારી નાખીને શાંત થયો; અને રાણી રાજદત્તાને અને તેના માણસોને શ્વેતરશ્મિ ઉપર બેસારી રત્નકૂટ નગરમાં લઈ આવ્યો. પછી રાજદત્તા શીલવતીને સોંપી, તેને અને કાર્યભારીઓને તે સંબંધી સર્વ વાર્તા વિસ્તારથી કહી સંભળાવી; અને પછી બોલ્યો:– ‘અરેરે ! આ સંસારના અસાર અને સુખરહિત–દુઃખદાયી વિષયોમાં મારૂં મન લપટાવાથી મેં કેટલું બધું દુઃખ અનુભવ્યું છે ! હવે હું વનમાં જઈ પરમેશ્વરનો આશ્રય કરૂં એટલે મને ફરી આવું દુઃખ પડે નહીં.’ કાર્યભારીઓએ અને શીલવતીએ આવી રીતે બોલતા રાજાને વૈરાગ્ય લેતાં અટકાવ્યો, છતાં પણ તે સંસારમાં ઘણો દુઃખી થયો હતો તેને લીધે, તેણે વૈરાગ્ય લેવાનો નિશ્ચય મૂકયોજ નહીં. તેણે વૈભવ માત્ર ઉપરનો પ્રેમ ઉતારી પોતાના ભંડારમાંથી અર્ધ ભાગ સતી શીલવતીને આપ્યો અને બાકીનો અર્ધ ભાગ બ્રાહ્મણોને વેહેંચી આપી, પાપભંજન નામના ઉત્તમ ગુણવાન્ બ્રાહ્મણને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પોતાનું રાજ્ય અર્પણ કર્યું. બ્રાહ્મણને રાજ્ય અર્પણ કર્યા પછી આકાશ માર્ગે તપોવનમાં જવા સારુ શ્વેતરશ્મિ હાથીને તેડાવ્યો. આ વખતે રાજાને વૈરાગ્યમાં આવેલો જોઈ, તેના શહેરનાં માણસો ચોધાર આસું પાડી રડવા લાગ્યાં.

## શ્વેતરશ્મિ હાથીના પૂર્વજન્મની કથા.

જે વખતે હાથીને લઈ આવ્યાં એમ કહ્યું તેજ વખતે તે હાથી પોતાનું હાથીનું શરીર છોડી દઈ હાર અને બાજૂબંધથી શોભાયમાન, એક દિવ્યરૂપધારી પુરુષ બની ગયો. તે જોઈ રાજાએ તેને પ્રશ્ન કર્યો, ‘તું કોણ છે અને આ શું?’ તે હાથી બોલ્યો: ‘આપણ

* એક ઝેર છે અને બીજું અમૃત છે. તે બંને સમુદ્ર મથન કરતાં નિકલ્યાં હતાં.

બન્ને (પૂર્વ જન્મમાં) ગંધર્વ હતા, અને મલયાચળ ઉપર રહેતા હતા. મારૂં નામ **સોમપ્રભ** હતું અને તમારું—મોટા ભાઇનું—નામ **દેવપ્રભ** હતું. મારા મોટા ભાઇને (તમને) એકજ સ્ત્રી હતી. તે તેને ઘણી પ્યારી હતી. એક વખતે મારો મોટો ભાઈ પોતાની **રાજ્યવતી** સ્ત્રીને ખોળામાં બેસારીને મને સાથે લઈ ચારે તરફ ફરતો ફરતો **સિદ્ધવાસ** નામના સ્થળમાં ગયો. **સિદ્ધવાસ** સ્થળમાં **શ્રીકૃષ્ણના** મંદિરમાં જઈ અમે સઘળાએ દેવ પૂજન કર્યું. ત્યાર પછી ભગવાનની આગળ ગાવાનો આરંભ થતો હતો, એવામાં એક સિદ્ધ ત્યાં આવ્યો. ત્યાં **રાજ્યવતી** મીઠાસ ઉપજાવે એવું ગાયન કરવા લાગી. તેના તરફ અનિમેષ*—એક નજર માંડી—તે સિદ્ધ જોવા લાગ્યો. મારો ભાઈ ઈર્ષ્યા સહિત ક્રોધ કરીને બોલ્યોઃ 'અરે ! તું સિદ્ધ છે, છતાં પણ પરનારી તરફ અભિલાષા સહિત શા માટે નજર કરે છે ?' તે સાંભળી પેલો સિદ્ધ ગુસ્સો કરી શાપ દેવા માટે નીચે પ્રમાણે બોલ્યોઃ 'અયે મૂઢ ! હું તો તેના ગાયનથી આશ્ચર્ય પામી એના તરફ જોઉં છું, કંઇ કામનાથી એના તરફ જોતો નથી, પણ તું ઈર્ષ્યાળુ જણાય છે તેથી આ સ્ત્રી સહિત મનુષ્યની જાતિમાં અવતાર લે; અને તે અવતારમાં તું પોતે આજ સ્ત્રીને બીજા સાથે રતિ સમાગમ કરતાં જોજે.' આમ શાપ આપ્યો તેથી મને ક્રોધ ચઢી ગયો. મેં બાળકપણાને લીધે મારા હાથમાં રમવાનો માટીનો ધોળો હાથી હતો તે એ સિદ્ધને છુટો માર્યો; તેથી તે સિધ્ધે મને પણ શાપ આપ્યો કે. 'તેં મને જે ધોળા હાથીવતી માર્યા, તેવોજ ધોળો હાથી થઈ તું પૃથ્વી ઉપર જન્મ.'

પછી તે દેવપ્રભ મારા ભાઇએ, સિદ્ધને વિનતિ કરી એટલે કૃપાળુ સિધ્ધે અમારા શાપનો અંત નીચે પ્રમાણે જણાવ્યોઃ 'હે દેવપ્રભ ! તું મનુષ્યમાં જન્મ્યા છતાં પણ **વિષ્ણુના** પ્રસાદથી દ્વીપનો રાજા થઇશ, અને હાથી થયેલા દિવ્ય વાહનરૂપ આ તારા નાનાભાઇને મેળવીશ. તે જન્મમાં તારે એંશી હજાર સ્ત્રીઓ થશે. તે સઘળીનાં દુરાચરણ તું મનુષ્યોની સમક્ષ જાણીશ. સ્ત્રીઓના દોષ જાણ્યા પછી તું મનુષ્યમાં અવતરેલી તારી આ સ્ત્રીને પરણીશ; અને આ સ્ત્રીને પણ બીજા સાથે પ્રેમમાં પડેલી પ્રત્યક્ષ જોઇશ. તે જોયા પછી તારા મનમાં વૈરાગ્ય આવશે, એટલે તું તારું રાજ્ય બ્રાહ્મણોને આપી શાંત બની જ્યાં વનમાં જવા માટે તૈયાર થશે ત્યાં પ્રથમ આ તારો નાનો ભાઈ હાથીપણામાંથી મુક્ત થશે અને પછી સ્ત્રી સહિત તું પણ શાપમાંથી મુક્ત થઇશ, આવી રીતે સિધ્ધે આપણા શાપનું છેવટ કહ્યું હતું અને તે પૂર્વના કર્મયોગે આપણે જૂદા જૂદા જન્મ્યા હતા.'

**સોમપ્રભ** આમ બોલ્યો એટલે તે **રત્નાધિપતિ** રાજા પૂર્વ જન્મ યાદ કરીને બોલ્યોઃ "અરેરે ! તે દેવપ્રભ અવશ્ય હું જ છું. આ **રાજદત્તા** સ્ત્રી પણ મારીજ પૂર્વની સ્ત્રી છે." આટલું કહી તે રાજા **રાજદત્તા** સાથે મનુષ્ય દેહમાંથી મુક્ત થયો. આમ એક ક્ષણમાં તે સઘળાં ગંધર્વ બની મનુષ્યના દેખતાં આકાશમાં ઉડીગયા ને પોતાના નિવાસસ્થાન **મલયાચળ** ઉપર ગયાં. **શીલવતી** પણ શિયળના મહાત્મ્યથી સંપત્તિ મેળવી **તામ્રલિપ્તિ** નગરીમાં જઈ ધર્માચરણ કરવા લાગી.

'આ તો સત્ય છે કે આ જગતમાં સ્ત્રીની રક્ષા કરવાને કોઈ સમર્થ નથી. જોર જુલમથી સ્ત્રીની રક્ષા થતી નથી. કુળ કામિનીની રક્ષા તેણીનું શીલજ કરે છે. તેમજ પુરુષનો પણ ઈર્ષ્યા નામનો સ્વાભાવિક મોટો દોષ છે, જે દ્વેષ ઉપજાવે છે અને સ્ત્રીને તાબે રાખવા ફરજ પાડે છે પણ તે ભૂલ છે એમ કરવાથી ઉલટું એ સ્ત્રીને તેમ કરવાની ઉત્કંઠા પેદા કરવા બરાબર થાય છે.

ઉપર પ્રમાણે કાર્યભારી સહવર્તમાન પોતાની રત્નપ્રભા સ્ત્રીએ કહેલી ફળદાયક કથા સાંભળી **નરવાહદત્ત** રાજા પરમ આનંદ પામ્યો.

* મટકુ માર્યા વગર.



## તરંગ ૩ જો.

### નિશ્ચયદત્ત અને અનુરાગપરાની કથા.

આ પ્રમાણે રત્નપ્રભાએ કથા કહી તે વિષયને અનુસરી કાર્યભારી **ગોમુખ** નરવાહનદત્તને કહેવા લાગ્યોઃ 'મહારાજ ! ખરેખર સ્ત્રીઓ હંમેશાં ચપળ હોય છે. સતી સ્ત્રીઓ તો ક્વચિતજ હોય છે, માટે સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહીં. વળી તે વિષય ઉપર આ એક કથા છે તે સાંભળોઃ—

પૃથ્વી ઉપર પ્રખ્યાત ઉજ્જયિની નામની એક નગરી છે. તેમાં પૂર્વે **નિશ્ચયદત્ત** નામનો એક વાણીઓ રહેતો હતો. તે જુગારનો રોજગાર કરનાર છતાં પણ ઉદાર હતો. તે દરરોજ જુગારથી ધન જીતી જીતીને, **શીપ્રા** નદીમાં સ્નાન કરી, **મહાકાલેશ્વર** શંકરનું પૂજન કરી, જીતેલું ધન ગરીબ અને અનાથ બ્રાહ્મણોને દાનમાં આપી દેતો, અને ત્યાર પછી સામાન્ય રીતે અંગમાં ચંદન ચર્ચતો, ભોજન કરતો અને પાન વગેરે ખાતો હતો. આ વાણીઓ સ્નાન અને પૂજા કર્યા પછી હંમેશાં **મહાકાલેશ્વરના** મંદિરની પાસે સ્મશાન હતું, ત્યાં જઈ પોતાના શરીરને ચંદન લગાડતો. તેને ચંદન લગાડવાની રીતિ એવી હતી કે તે એકલો સ્મશાનમાં જતો ને ત્યાં એક ઉભો પત્થરનો સ્તંભ હતો, તેને ચંદન લગાડી તે સાથે પોતાનો વાંસો ઘસતો, એટલે વાંસા ઉપર ચંદન લાગી જતું હતું. આમ કરતાં કેટલોક કાળ વીત્યા બાદ તેની પીઠના ઘસારાવડે પેલો પત્થરનો સ્તંભ લીસો થઇ ગયો. એવામાં તે માર્ગે એક ચિતારો અને તેની સાથે બીજો ચિત્રને કોરનારો બન્ને જણા આવ્યા. ચિતારાએ તે પત્થરને ઘણો લીસો જોઈ તે ઉપર પાર્વતીની મૂર્તિ આલેખી. ચિત્રને કોરનારાએ પણ ટાંકણાં વગેરે હથીઆરવતી તે મૂર્તિને રમત માત્રમાં કોરી કાઢી. પછી ચિતારો અને કોતરકામ કરનાર બન્ને જણા ત્યાંથી ચાલ્યા ગયા. એટલામાં ત્યાં એક વિદ્યાધરની કન્યા, **મહાકાલેશ્વરનું** પૂજન કરવા માટે આવી. તેણે સ્તંભમાં **પાર્વતીની** મૂર્તિને આલેખેલી દીઠી. આ મૂર્તિની ઉત્તમ પ્રકારની કારીગિરી જોઈ, **શંકરનું** પૂજન કર્યા પછી તે મૂર્તિમાં **પાર્વતીના** આવિર્ભાવ માની, તેનું પણ પૂજન કર્યું અને વિશ્રામ માટે તે સ્તંભ ઉપર અદૃશ્યરૂપે—મનુષ્યો દેખે નહીં તેમ બેઠી. એવામાં ત્યાં પેલો વાણીઆનો છોકરો **નિશ્ચયદત્ત** આવ્યો. તે પણ પત્થરના સ્તંભમાં આલેખેલું **પાર્વતીનું** ચિત્ર જોઈ આશ્ચર્ય પામ્યો. પછી તેણે પોતાના અંગમાં ચંદન લગાડ્યું અને તે સ્તંભમાં જ્યાં ચિત્ર હતું તે સ્થાન છોડી બીજી તરફ ચંદન લગાડી, તેને પીઠ લગાડીને જ્યાં ઘસવાનો આરંભ કરે છે, ત્યાં તે તરુણને નીરખી, તે સ્તંભની અંદર રહેલી ચંચળનેત્રા વિદ્યાધરની કન્યાનું મન તેના ઉપર

મોહીત થઈ ગયું. તે વિચાર કરવા લાગી કે, "અરે આ આવો રૂપાળો છે, છતાં પણ કોઈ તેની પીઠ ઉપર ચંદન લગાડનાર નથી. વાહ! લાવ, આજ હું પોતે તેની પીઠને ચંદન લગાડું." આવો વિચાર કરી તે વિદ્યાધરી તે વખતે પેલા સ્તંભમાંથી હાથને લાંબો કરી, તે તરુણ વાણીઆની પીઠ ઉપર ચંદન ચર્ચવા લાગી. તે કન્યાના હાથનો સ્પર્શ થવાથી અને તેણે હાથમાં પહેરેલાં કંકણુનો ખણુખણાટ સાંભળી વાણીઆના છોકરાએ પોતાના હાથવતી તેના હાથને પકડી લીધો; ત્યારે તે વિદ્યાધરી સ્તંભમાં અદૃશ્ય રહીને બોલી: 'અહો મહાભાગ! મારો હાથ શા માટે પકડે છે? છોડી દે. મેં તારો શું અપરાધ કર્યો છે?' **નિ**શ્ચયદત્તે તેને પ્રત્યુત્તરમાં કહ્યું. 'તું કોણ છે તે પ્રસિદ્ધ થઈને મને જણાવ, ત્યાર પછી હું તારા હાથને છોડીશ.' તે વિદ્યાધરીએ પ્રતિજ્ઞા લઈ કહ્યું 'હું પ્રત્યક્ષ થઈને તને સર્વ બાબત જણાવું છું, મારો હાથ મૂકી દે.' પછી પેલા વાણીઆના છોકરાએ તેનો હાથ મૂકી દીધો. ત્યાર બાદ તે સ્ત્રી, અનુપમ સ્વરૂપ! સૌંદર્ય ધારણ કરી, પત્થરના સ્થંભમાંથી બહાર નિકળી તેની પાસે બેઠી અને તે વાણીઆના છોકરાના મુખ તરફ નજર કરીને બોલી:–

'**હિ**માચળ પર્વત ઉપર પુષ્કરાવતી નામની એક નગરી છે. તેના ઉપર **વિ**ન્ધ્યપર નામનો એક વિદ્યાધરનો રાજા રહે છે. તેની હું પુત્રી છું. મારું નામ **અ**નુરાગપરા છે. મારાં લગ્ન હજુ થયાં નથી. હું અહીં **મ**હાકાલેશ્વરનું પૂજન કરવા માટે આવી હતી અને હમણાં આ પત્થર ઉપર વિશ્રામ લેતી હતી. એવામાં તું અહી આવી, આ સ્તંભ ઉપર ચંદન લગાવીને વાંસો ઘસવા લાગ્યો, અને કામના વશીકરણ મોહનાસ્ત્ર જેવો તું મારી દૃષ્ટિએ પડ્યો. પ્રથમ તો તારાં દર્શનથી મારું અંતઃકરણ પ્રેમવડે રંગાયું અને પછી તારી પીઠ ઉપર ચંદન લગાડવાથી મારો હસ્ત રંગાયો છે, એ પછી જે કંઈ બન્યું તે તો તારા જાણવામાં છે. હવે હું મારા પિતાને ઘેર જઈશ.'

જ્યારે તે વિદ્યાધરી એ પ્રમાણે બોલી રહી, ત્યારે પેલો વાણીઆનો છોકરો બોલ્યો: 'અરે નિર્દય સ્ત્રી! મેં તેં કહ્યું તે સર્વ સ્વીકાર્યું, પણ જેણે મારા અંતઃકરણને વશ કરેલું છે–મોહિત કર્યું છે અને જે મારા કબજામાં નથી, તે મને આપ્યા વગર હવે તું આવી રીતે મારા મનને મોહ ઉપજાવી વશ કરી કેમ જઈ શકીશ? **અર્થાત્** મારા મનને તારા મોહપાશમાંથી મુક્ત કર્યા વગર ચાલ્યા જવાશે નહીં.' તે વાણીઆના છોકરાનું આવું બોલવું સાંભળી, **અ**નુરાગપરા, મોહથી પરાધીન બની ગઈ. તે બોલી: 'પ્રાણનાથ! જો તમે અમારી નગરીમાં આવશો તો હું આપની મરજી પ્રમાણે આપ સાથે વર્તીશ. તમારાથી ત્યાં આવી શકાય તેમ છે. વળી તમારા મનની ઇચ્છા પણ પાર પડશે. કારણ કે–

**નિશ્ચય મનવાળા જનો, દુષ્કર કર્મ અનેક,**
**વેઠી દુઃખ નિજ કામને, પૂર્ણ કરે છે છેક.**

આટલું કહી **અ**નુરાગપરા આકાશમાં ઉડીને ચાલી ગઈ અને **નિ**શ્ચયદત્ત પણ મનમાં તેનું સ્મરણ કરતો કરતો પોતાને ઘેર ગયો. ઘરમાં બેસીને તે સ્ત્રીને સંભારતો નિચે પ્રમાણે વિચાર



કરવા લાગ્યો: "હાય હાય! મને ધિક્કાર છે કે, મેં ઝાડમાંથી જેમ નવાં પલ્લવ ફૂટે છે તેમ સ્તંભમાંથી નવો કરપલ્લવ નીકળ્યો તેને પકડ્યા છતાં તેની સાથે પાણિગ્રહણ–વિવાહ–કર્યો નહીં. હવે **પુ**ષ્કરાવતી નગરીમાં, જ્યાં તે કન્યા રહે છે ત્યાં તેની પાસે જાઉં. પછી કાં તો પ્રાણનો નાશ કરું છું કે કાંતો મને નસીબ સહાય કરે છે, તે જોઉં છું." આવા વિચારમાં તલ્લીન ને કામ પીડિત તે વાણીઆએ તે દિવસ તો ગાળી કાઢ્યો. બીજે દિવસે પ્રભાતમાં ઉત્તર દિશા તરફ મુખ કરી તેણે ચાલવા માંડ્યું. રસ્તામાં ચાલતાં ચાલતાં તેને બીજા ત્રણ જણાનો સથવારો મળ્યો. તેઓ પણ ઉત્તર દિશાના દેશમાં જનારા હતા. પેલો વાણીઆનો છોકરો તેઓની સાથે શહેર, ગ્રામ, જંગલ અને નદીઓ ઓલંઘતો ઓલંઘતો, ક્રમે ક્રમે જ્યાં ઘણા મ્લેચ્છ લોકો વસતા હતા એવી ઉત્તર દિશાની જમીનમાં જઈ પહોંચ્યો. એ દેશમાં માર્ગ ઉપર ચાલ્યા જતા હતા, એવામાં **તા**જક નામના મ્લેચ્છ લોકો તેમને મળ્યા. તેણે તેમને કેદ કરીને બીજા **તા**જકને ત્યાં અમુક કિંમતમાં વેચ્યા. જેણે તે વાણીઆને વેચાતો લીધો હતો, તેણે **મુ**રવાર નામના **તુ**રુષ્ક જાતિના માણસને ભેટ આપવા માટે ચાકરના હાથમાં સોંપી દીધો. બીજા ત્રણ સાથી સાથે તે વાણીઆના છોકરાને, તેના નોકરો લઈ ત્યાં ગયા, તો ત્યાંથી ખબર મળી કે **મુ**રવાર તો મરી ગયો છે! પછી તેના છોકરાને તે ગુલામો ભેટ કર્યા. **મુ**રવારના છોકરાએ મનમાં વિચાર કર્યો કે, મારા પિતાના મિત્રે આ ભેટ મારા પિતાને મોકલી છે, માટે તેને પિતાની પાસે મોકલાવા માટે મારે એ સર્વેને કાલે સવારે પિતાની ઘોરની અંદર નાંખી દેવા એ ઠીક છે. આવો વિચાર કરી તે **તુ**રુષ્કે, સાથે આવેલા ચારે જણાને બેડીથી મજબૂત બાંધી તે રાત્રે કેદમાં રાખ્યા. રાત્રિએ કેદમાં પડેલા ત્રણ વાણીઆના છોકરા, મરણના ભયથી ડરીને ખેદ કરવા લાગ્યા. તેને **નિ**શ્ચયદત્ત કહેવા લાગ્યો; "તમે ખેદ કરશો તેનાથી તમને કંઈ સિદ્ધિ થવાની નથી. ધીરજ ધરીને રહો; કારણ કે ધીર વીર પુરુષથી દુઃખ પણ ડરી દૂર રહેલું હોય તેમ જાણવામાં આવે છે. હાલ તો આપત્તિમાંથી બચાવનારી એક **ભ**ગવતી દુર્ગાનું સ્મરણ કરો."

આમ તેઓને ધીરજ આપી પોતે દેવીની સ્તુતિ કરવા લાગ્યો: "હે દેવિ! તમને નમસ્કાર હો! તમારા અળતાથી રંગેલા ચરણમાં પ્રણામ કરું છું, કે જે ચરણ કચરી નાખેલા અસુરના લોહીનો ગારો લાગેલો હોય એવા જણાય છે. તમે શિવની પણ શક્તિરૂપ છો. જગતમાં ઐશ્વર્ય આપનારાં આપે સર્વનો પરાજય કર્યો છે. તમારી શક્તિથી સંયુક્ત થયેલું ત્રિભુવનક્રીડા કરે છે. હે મહિષાસુરમર્દિની! તમે મનુષ્યોનું રક્ષણ કર્યું છે, તો હે ભક્તવત્સલે! મારી શરણાગતની રક્ષા કરો.'

આવી રીતે પોતાના સહચરોની સાથે **મ**હિષાસુરમર્દિનીની સ્તુતિ કર્યા પછી, થાકી ગયેલો નિશ્ચયદત્ત ઝટ નિદ્રાવશ થઈ ગયો. સ્વપ્નમાં તેને અને બીજા તેની સાથે હતા તે સર્વને દેવીએ આજ્ઞા કરી કે: 'પુત્રો, ઉઠો અને ચાલ્યા જાઓ, કારણ કે તમારું બંધન તુટી ગયું છે.' આ રીતે દેવીની આજ્ઞા થતાંજ, રાત્રિમાં તે સર્વ ઉઠ્યા અને જુવે છે તો ત્રણેનાં બંધન કપાઈ ગયાં હતાં. પછી પરસ્પર સ્વપ્નની કથા જણાવી ખુશી થતા થતા તેઓ ત્યાંથી ચાલી નિકળ્યા. ઘણા દૂર માર્ગ ઉપર ગયા પછી રાત્રિ વીતી ગઈ–સવાર પડ્યું; એટલે બીજા વાણીઆના છોકરાઓ, જેણે દુઃખ વેઠ્યું હતું તે **નિ**શ્ચયદત્તને કહેવા લાગ્યા: 'હે મિત્ર! આ દિશામાં ઘણા મ્લેચ્છો રહે છે; તેને લીધે આ દિશામાં અમે નહી આવીએ, અમે દક્ષિણ દિશા તરફ જઈશું

છીએ. તું તારી ઇચ્છા પ્રમાણે કર.' આમ તે વાણીઆઓએ કહ્યું, એટલે પોતાની ઇચ્છેલી દિશામાં જવા માટે, તેઓની રજા માગી **નિશ્ચયદત્ત** એકલો ઉત્તર દિશાનો આશ્રય કરીને ઉતાવળો, ઉતાવળો તે તરફ ચાલવા લાગ્યો; કારણ કે **અનુરાગપરાના** પ્રેમપાશમાં બંધાવાથી તેની બુદ્ધિ નાશ પામી ગઈ હતી. માર્ગમાં ક્રમે ક્રમે ચાલતાં તેને ચાર મોટા વ્રતધારી મળ્યા. તે ચાર જણાની સાથે તેઓ **વિતસ્તા** નામની નદી ઉતરી ગયા. ઉતર્યાં પછી ભોજન કરી, સૂર્ય અસ્ત થવાનો સમય થયો એટલે તેઓનીજ સાથે તે માર્ગમાં ચાલવા લાગ્યો. એવામાં તે માર્ગે એક વન આવ્યું, તેમાં તે પેઠામાં વન આગળ ગયા ત્યાં કેટલાએક લાકડાના ભારા ઉપાડનારા કઠિયારા તેઓને મળ્યા; તે બોલ્યા, અરે વટેમાર્ગુઓ! 'દિવસ અસ્ત થયા પછી કયાં જાઓ છો? આગળ કોઇ પણ ગામ નથી. આ વનમાં એક ઉજડ શિવ મંદિર છે. જે મનુષ્ય તે મંદિરની અંદર કે બહાર ઉતારો કરીને રહે છે. તેને શૃંગોત્પાદિની નામની યક્ષિણી પ્રથમ શીંગડાં ઉપજાવી, પશુ બનાવી, મોહ પમાડીને ખાઈ જાય છે.' આટલું સાંભળ્યા છતાં પણ તે ચારે મહાવ્રતધારીઓ, તેની દરકાર કર્યા વગર, **નિશ્ચયદત્તને** કહેવા લાગ્યા; 'ચાલ, ચાલ, તે રાંડ યક્ષિણી આપણને શું કરશે? કારણ કે અમે જૂદા જૂદા સ્મશાનમાં રાત્રિઓ રહ્યા છીએ.' એવાં વચન સાંભળી **નિશ્ચયદત્ત** તેઓની સાથે ચાલવા માંડ્યો. આગળ ચાલતાં ઘાટા વનમાં એક શિવાલય આવ્યું એટલે રાત્રિ ગાળવા માટે તે ચારે દેવમંદિરની અંદર ગયા. તે દેવમંદિરના આંગણામાં તેઓએ રાખનું એક મોટું મંડળ કરી, 'તે અમનેશું કરનારી છે' એમ કહી લાકડાનો અગ્નિ સળગાવ્યો અને ધીર **નિશ્ચયદત્ત** તથા બીજા સર્વે વ્રતધારીઓ, તે મંડળમાં બેસી પોતાની રક્ષા માટે મંત્ર જપવા લાગ્યા.

જ્યારે અર્ધરાત્રિ થઈ ત્યારે પેલી **શૃંગોત્પાદિની** યક્ષિણી, નૃત્ય કરતી અને હાડકાની કિન્નરી વગાડતી ત્યાં આવી; અને મંડળની બહાર ઉભી રહી, પછી તે ચાર વ્રતધારીમાંથી એક વ્રતધારી તરફ નજર કરી નૃત્ય કરવા લાગી અને મંત્ર ભણવા લાગી. તેના મંત્રથી તે મહાવ્રતધારીને શીંગડાં ઉત્પન્ન થયાં અને તે મોહ પામીને ઉભો થઈ નાચ કરવા લાગ્યો, જોતજોતામાં બળતા અગ્નિમાં જઈપડ્યો. પછી **શૃંગોત્પાદિની** નામની યક્ષિણી, અગ્નિમાં પડેલા અને અર્ધ બળેલા તે પુરુષને અગ્નિમાંથી બહાર ખેંચીને ખુશીથી ખાવા લાગી. તે પછી બીજા વ્રતધારી ઉપર પણ પૂર્વપેરે નજર કરી, શીંગડું ઉત્પન્ન કરનારો મંત્ર ભણવઃ લાગી અને નાચવા લાગી; એટલે તે બીજા મહાવ્રતધારીને પણ શીંગડાં ઉગ્યાં અને તે પણ નાચવા મંડ્યો. નાચતો નાચતો તે પણ અગ્નિમાં પડી ગયો ને તે યક્ષિણી તેને પણ અગ્નિમાંથી ખેંચીને બીજા વ્રતધારીના દેખતાં ખાઇ ગઇ. આવી રીતે તે યક્ષિણી મહાવ્રતધારીઓને એક પછી એક મોહિત કરી શીંગડાંવાળા કરીને ખાઈ ગઈ. ચોથા વ્રતધારીને ખાતી વખતે માંસ અને લોહીના ખાનપાનથી મદમત્ત બનીને તે યક્ષિણીએ દૈવયોગથી તે કિન્નરી નામનું વાજિત્ર નીચે જમીન ઉપર મૂકી દીધું એટલે ધીર **નિશ્ચયદત્ત** સટાક દેતો કે ઉભો થઈ, તે કિન્નરી વાદિત્રને ઉપાડી વગાડવા લાગ્યો, નાચવા લાગ્યો, હસવા લાગ્યો અને ભમવા લાગ્યો, અને તે યક્ષિણીના મુખ સામી નજર કરી, સાંભળવાથી આવડી ગયલા **શૃંગોત્પાદન** નામના મંત્રને વારંવાર ભણવા લાગ્યો. તે યક્ષણી તે



પ્રયોગના પ્રતાપથી પરાધીન બની ગઈ અને પોતાનું મૃત્યુ થશે એમ શંકા કરવા લાગી. તેને શીંગડાં ઉગવાને તૈયાર થયાં એટલે તે ગદ્‌ગદિત થઇને બોલી: 'હે મહાપરાક્રમી! તું આ નિરાધાર સ્ત્રીનું રક્ષણ કર. આ વખતે મારું શરણ તું છે. રે રે! ઓ ઓ! મંત્રનો પાઠ કરવા વગેરે કર્મ બંધ કર. હું તારા મનની ઇચ્છા સર્વ જાણું છું; અને તે પુરી કરીશ. જ્યાં **અનુરાગપરા** છે, ત્યાં તને લઈ જાઉં છું ચાલ.' આવી રીતે તે સ્ત્રીએ પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું એટલે ધીર **નિશ્ચયદત્તે** 'ઠીક છે' એમ કહી મંત્રપાઠ વગેરે ભણવું બંધ કરી તે યક્ષિણીના કહેવાથી તેની કાંધ ઉપર બેઠો. તે યક્ષિણી આકાશ માર્ગે ઉડી અને તેને **અનુરાગપરા** નામની તેની પ્યારી પાસે લઈ ગઈ. રાત્રિ પૂર્ણ થઈ ને પ્રભાત થયું એવામાં એક પર્વતનું વન આવ્યું એટલે યક્ષિણી નમ્રતાથી **નિશ્ચયદત્તને** વિનતિ કરવા લાગી: 'મહારાજ! સૂર્યોદય થયા પછી હવે મારામાં ઉપર જવાની શક્તિ રહેતી નથી.* માટે આ રમણીય વનમાં સ્વાદિષ્ટ ફળો ખાઓ, શીતળ ઝરણાનું જળ પીઓ અને આજનો દિવસ અહીં ગાળી કહાડો. હું મારા રહેઠાણ ઉપર જઇશ અને જ્યારે રાત્રિ પડશે ત્યારે પાછી આવીશ. તેજ વખતે તમને **હિમાચળના** મસ્તકના મુકુટરૂપ **પુષ્કરાવતી** નગરીમાં **અનુરાગપરાની** પાસે લઇ જઇશ.' આગલું કહી કાંધ ઉપરથી તેને ઉતારી ફરી આવવાની સત્ય પ્રતિજ્ઞા કરી તેની રજા માગીને તે ચાલી ગઈ.

## વાનર થયેલા સોમસ્વામીની કથા.

તે યક્ષિણીના ગયા પછી **નિશ્ચયદત્તે** તે વનમાં એક અગાધ તળાવ દીઠું. તે તળાવનું જળ બહારથી સ્વચ્છ ને શીતળ દેખાતું હતું પણ અંદર ઝેરવાળું હતું. સૂર્યનારાયણ કિરણો ફેલાવીને જાણે પ્રસિદ્ધ કરીને દાખલો બતાવતા હોય કે, અરે મૂર્ખઓ પ્રેમી સ્ત્રીનું હૃદય પણ એવુંજ હોય છે, ઉપરથી †સ્વચ્છ અને શીતળ તથા અંદરથી ઝેરવાળું માટે આ તળાવથી સાવધ રહેજો. **નિશ્ચયદત્તે** મનુષ્યના કર્તવ્ય પ્રમાણે ગંધથી તે તળાવના જળને ઝેરી જાણી, છોડી દીધું. પછી તૃષાતુર થયેલો તે, પાણી મેળવવા માટે દિવ્ય પહાડ ઉપર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેણે પૃથ્વીના ટીંબા ઉપર બે પદ્મરાગ મણિ ચળકતા હોય તેમ ચળકતા બે પદાર્થો દીઠા. પછી તે જમીન ઉપર રહેલા ઉંચા ભાગને ખોદીને તેમાંથી માટી કાઢી તો એક જીવતા વાંદરાનું માથું દેખાયું; પદ્મરાગની માફક ચળકતી હતી તે તેની આંખો હતી. **નિશ્ચયદત્ત** આ જોઇને 'આ શું?' આમ વિચાર કરે છે; એવામાં તે વાંદરો મનુષ્યવાણીથી બોલવા લાગ્યો: 'હું મનુષ્ય છું. જાતિનો બ્રાહ્મણ છું, મને આ ખાડામાંથી બહાર કાઢ. હે સત્પુરુષ! મને બહાર કાઢ્યા બાદ હું તને મારું પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવીશ.' **નિશ્ચયદત્ત** તે વાનરનું મનુષ્ય જેવું બોલવું સાંભળતાં જ આશ્ચર્ય પામ્યો. પછી પેલા ખાડામાંથી મટોડીને દૂર કરી, તે વાંદરાને પૃથ્વીમાંથી બહાર કાઢ્યો. વાનર બાહાર નિકળી, ફરી પણ તેના ચરણમાં પ્રણામ કરીને બોલ્યો: 'તેં ઘણી મહે-

---

* યક્ષ અને રાક્ષસની વિદ્યા રાત્રીના ભાગમાં વધારે ચાલે છે. † ઉત્પ્રેક્ષા'અલંકાર છે.

નતે મને ખાડામાંથી બહાર કાઢી મારા પ્રાણુ બચાવ્યા છે. હવે ચાલ, હમણાં તું થાકી ગયો હોઈશ, માટે ફળ ખાઈને જળપાન કર; અને હું પણ તારી મહેરબાનીથી ઘણે દિવસે આજ પારણું કરીશ.' આમ કહી તે વાંદારો નિશ્ચયદત્તને દૂર આવેલી એક નદીના કિનારા ઉપર લઈ ગયો. ત્યાં સ્વાધિન અને સ્વાદિષ્ઠ ફળવાળાં તથા શીતળ છાયાવાળાં ઝાડ હતાં, નદીમાં નિશ્ચયદત્તે સ્નાન કીધું અને ફળ તથા જળનો ઉપભોગ કરીને, વાંદરા પાસે આવ્યો. વાંદરે પણ ઘણા દિવસનો ઉપવાસ હોયાથી પારણું કર્યું હતું. પછી નિશ્ચયદત્તે તેને પૂછ્યું, 'તું નરમાંથી વાનર કેમ થયો તે કહી બતાવ.' એટલે તે વાંદરે ઉત્તર આપ્યો, મારું વૃત્તાંત હું હમણાં તને કહું છું, હે મિત્ર ! તું તે સાંભળઃ–

કાશી નામના નગરમાં એક ચંદ્રસ્વામી નામનો ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો. તેની સુવૃત્તા નામની સ્ત્રીને પેટે હું જન્મ્યો અને પિતાએ મારું નામ સોમસ્વામી પાડ્યું હતું. હું ક્રમે ક્રમે મદમત્ત હોવાથી નિરંકુશ બની દુષ્ટ કામને આધીન થઈ ગયો. તે શહેરમાં એક શ્રીગર્ભ નામનો વાણીઓ રહેતો હતો. તેની પુત્રીનું નામ બંધુદત્તા હતું. એ કન્યા તરુણ અવસ્થામાં હતી અને તે કન્યા મથુરામાં રહેનારા વારાહદત્ત નામના નગરશેઠની સ્ત્રી થતી હતી, પણ તે પોતાના પિતાને ત્યાં આવી રહી હતી. એક દિવસે તેણે બારીમાં બેઠાં બેઠાં મને દીઠો–મને જોતાં વેંતજ તે કામાતુર થઈ ગઈ. પછી મારું નામ ખોળી કાઢી, મારી સાથે સંગમ કરવાની ઇચ્છાથી, તે સ્ત્રીએ યથાર્થવાદિની નામની તેની એક સખીને મારી પાસે મોકલી. તેની સખી, પોતાની સખીને કામાંધ બનેલી જાણી એકાંતમાં મારી પાસે આવી અને પોતાની તે સખીનો અભિપ્રાય કહી બતાવી, મને પોતાને ઘેર લઈ ગઈ, પોતાના ઘરમાં બેસારી, કોઈ જાણે નહીં તેમ, તેજ વખતે જઈને તે બંધુદત્તાને તેડી લાવી. બંધુદત્તા પણ ઉત્કંઠાથી શરમનો ત્યાગ કરી ત્યાં આવી અને તરત મને આલિંગન આપ્યું. સ્ત્રીઓનો પરાજય કરનાર છેવટનો એક વીર કામદેવ છે. બંધુદત્તા આવી રીતે દર-રોજ પોતાની સખીને ઘેર આવતી અને મારી સાથે રમતગમત કરતી હતી. એક વખતે તે સ્ત્રીનો ધણી, જે મહાજનનો વડો હતો તે વારાહદત્ત, ઘણા દિવસથી બાપને ઘેર રહેતી પોતાની સ્ત્રીને તેડવા, મથુરા નગરથી કાશી શેહેરમાં આવ્યો. કન્યાના પિતાએ પુત્રીને સાસરે જવા માટે રજા આપી અને તેના ધણીએ પણ તેડી જવાની ઇચ્છા બતાવી; એટલે બંધુદત્તાએ પોતાની ગુપ્ત બાબત, જે બીજી સખી જાણુતી હતી તેને કહ્યું: 'અલિ સખિરી ! મારો પતિ મને અવશ્ય મથુરા નગરી લઈ જશે; પણ હું સોમસ્વામી વગર ત્યાં જીવી શકીશ નહીં. માન નમાન તેના વિન હું મરી જઇશ માટે આ બાબતમાં કોઈ ઉપાય હોય તો મને બતાવ.' તે સાંભળીને તેની સખી સુખશયા, જે યોગવિદ્યા જાણુતા હતી તે બોલી: 'મારી પાસે બે મંત્રના પ્રયોગ છે. તે બે મંત્રમાં એક મંત્ર ભણી કંઠમાં દોરો બાંધ્યો કે તરતજ મનુષ્ય વાંદરો બની જાય; અને બીજે મંત્ર ભણી દોરો છોડે કે તે પાછો મનુષ્ય થઈ જાયછે. જ્યારે માણસ વાંદરો થાય ત્યારે તેની બુદ્ધિ નાશ પામતી નથી–પણ તેની તેજ રહે છે. હે સુશ્રોણિ ! માટે જો તારી ઇચ્છા હોય અને સોમસ્વામી તને વહાલો લાગતો હોય તો તેને હમણાં વાંદરાનું બચ્ચું બનાવી મૂકું. તું મારા મંત્રવડે તેને વાંદરાના આકારમાં તારી પાસે રાખજે અને એકાંતમાં તારા પ્રિયતમને પુરુષ બનાવ જે.



તે સખીએ આમ કહ્યા પછી બંધુદત્તાએ એકાંતમાં મને બોલાવી પ્રેમ સહિત, જેમ સખીએ કહ્યું હતું તેમ યથાર્થ વાત મને જણાવી. મેં તેની આજ્ઞા કબૂલ રાખી. પછી તેની સખી સુખશયા-એ મારા ગળામાં મંત્રનો દોરો બાંધી મને એક ક્ષણમાં વાંદરાનું બચ્ચુ બનાવી મૂક્યો. બંધુદત્તા વાંદરાના આકારમાં રહેલા મને પોતાના પતિ પાસે લઈ જઈ બોલી; 'મને મારી સખીએ આ રમત ગમત કરવા માટે આપ્યો છે,' એમ કહીને હું વાંદરાને બતાવ્યો. વારાહદત્ત મને પોતાની સ્ત્રીના ખોળામાં બેઠેલો જોઈ, આ રમાડવા લાયક છે, એમ સમજી રાજી થયો. હું બુદ્ધિશાળી અને મનુષ્યની માફક સ્પષ્ટ બોલતો હતો, તોપણ વાંદરોજ હતો ! મને આ દેખાવ જોઈ; 'અરે સ્ત્રીનું ચરિત્ર વિચિત્ર છે,' આમ થવાથી મનમાં હસવું આવતું હતું; તથાપિ હું તે અવસ્થામાં બેસી રહ્યો કારણ કે આ સંસારમાં કામદેવ કોને દુઃખ આપતો નથી ? સર્વને દુઃખી કરે છે.

પછી બંધુદત્તા સખીની પાસેથી બન્ને મંત્રો શિખી, પિતાને ઘેરથી પતિની સાથે મથુરા જવા માટે નિકળી. તે વખતે માર્ગમાં બંધુદત્તાને સારું લગાડવા માટે તેના પતિએ એક ચાકરના મસ્તક ઉપર મને બેસાર્યો. અમે સઘળાં ચાલવા લાગ્યાં. રસ્તામાં ચાલતાં ચાલતાં બે ત્રણ દિવસ થયા પછી એક વનમાં આવી ચઢયાં. એ વન ઘણા વાંદરાઓના વસવાથી ભયંકર હતું. તે વનમાં ગયા પછી વાંદરાઓ અમને કિવી કિવી શબ્દો કરી પરસ્પર બોલાવવા લાગ્યા અને ભેળા થઈ ટોળેટોળાં ચોતરફથી અમારી ઉપર તુટી પડયાં. બંધુદત્તાના પતિના પંડના માણ-સોએ તે વાંદરાઓને બહુ વાર્યા તોપણ તે અટકયા નહીં અને પાસે આવી જે વાણિઆના ચાકરની કાંધ ઉપર હું બેઠો હતો તેને ખાઈ જવા માટે તૈયાર થયા ! આથી તે ચાકર વિહ્‌વળ બની ગયો અને ભયથી મને જમીન ઉપર પટકી તરતજ પલાયન કરી ગયો. પછી તે વાંદરાઓ મને ઉપાડી ગયા. વાંદરાઓ મને લઈ ગયા જોઈ, મારા ઉપરના સ્નેહને લીધે, બંધુદત્તા, તેનો વર અને તેનાં માણસો પથારાવતી અને લાકડીવતી વાંદરાઓને મારવા લાગ્યા, પણ તે વાંદરાઓને હરાવી શક્યા નહીં. મારા મૂઢનાં કુકર્મથી કોપ્યા હોય તેમ વાનરોએ નખવતી અને દાંતવતી મારા દરેક અંગમાંથી રુવાડેરુવાડાં ઉખેડી કાઢયાં. કંઠમાં બાંધેલા દોરાના પ્રતાપથી અને શંકરનું ધ્યાન ધરવાથી મારામાં બળ આવ્યું, એટલે હું તેના બંધને તોડી નાખી, ત્યાંથી ભાગી એક ઘાટા વનમાં જઈ તેની નજરથી દૂર થઈ ગયો; અને ધીમે ધીમે એક વનમાંથી બીજા વનમાં ને બીજાથી ત્રિજામાં જતાં જતાં આ વનમાં આવી પહોંચ્યો છું. શોકમાં અંધ થઈ ગયેલો હું, આવી રીતે વર્ષાઋતુમાં ક્યાંથી ત્યાં એમ ભટ-કતો હતો ને મારા મનને કહેતો હતો કે, 'અહો! તું બંધુદત્તાથી વિખૂટો પડ્યો અને આજ જન્મમાં પરસ્ત્રી સમાગમ કરવાથી વાનર થયો ! આ તેનું ફળ તને મળ્યું કેમ ?' મારા આવા દુઃખથી પણ બ્રહ્માને સંતોષ વળ્યો નહીં, માટે તેણે વળી બીજું દુઃખ પણ આપ્યું. એક હાથિણી અકસ્માત્ ત્યાં આવી પહોંચી અને મને શુંડની અંદર વિંટાળી વર્ષાદના પાણીથી ભીંજ્યેલો એક રાફડો હતો તેના ગારાની અંદર મને ખોસી દીધો. અહાભાગ્ય ! આ ગારામાંથી નિકળવા માટે મેં બહુ બહુ પ્રયત્ન કર્યો, પણ હું નિકળવા શક્તિમાન થયો નહીં, તે ઉપરથી હું માનું છું કે તે હાથિણી કોઈપિણ નસીબદેવે મોકલેલી દેવી હશે. હે મિત્ર ! હું આ રાફડામાં શ્વાસ લઈને કેવળ જીવતો હતો એમ ન હતું; પણ પ્રતિદિવસ શંકરનું ધ્યાનકરતો હતો એથી મારા મનમાં જ્ઞાન ઉત્પન્ન થયું. તે સમયથી મારી ક્ષુધા, તૃષા

મરી ગઈ. તેં, આજ મને આ શુષ્ક થયેલા રાફડામાંથી બહાર કાઢયો છે, મને જ્ઞાન થયું છે, પણ તે જ્ઞાનના પ્રમાણમાં જોઈએ તેટલી શક્તિ છે નહીં કે જે શક્તિને આધારે આ વાનરપણામાંથી મારા આત્માને મુક્ત કરું, જ્યારે કોઈપણ યોગિની તેજ મંત્ર ભણીને મારા ગળાનો આ દોરોને છોડશે, ત્યારે હું ફરી મનુષ્ય થઇશ. આ રીતનું મારું વૃત્તાંત છે. હે મિત્ર ! તું આ અગમ્ય વનમાં શા માટે આવ્યો છે, તે હવે મને કહી બતાવ.'

આવી રીતે વાનર બનેલા **સો**મસ્વામીએ પોતાની કથા કહ્યા પછી **નિ**શ્ચયદત્ત પોતાનું વૃત્તાંત તેને કહેવા લાગ્યો 'હું **ઉ**જ્જયનીથી **અ**નુરાગપરા નામની **વિ**દ્યાધરીને મળવાને ચાલ્યો આવું છું, અને રસ્તામાં એક યક્ષિણીને ધૈર્યથી હરાવી તેના ઉપર બેસીને અત્ર રાત્રે આવ્યો છું.' તે વૃત્તાંત સાંભળી બુદ્ધિશાળી અને વાનરનું રૂપ ધારણ કરનાર **સો**મસ્વામી આશ્ચર્ય પામ્યો અને **નિ**શ્ચયદત્તને કહેવા લાગ્યો: 'તેં મારી માફક સ્ત્રી માટે મોટા દુઃખનો અનુભવ કર્યો છે. કોણ જાણે લક્ષ્મીનો અને સ્ત્રીનો કોઈ સ્થળે સ્થિર વાસ હોતો નથી. સ્ત્રીઓ સંધ્યાની માફક ક્ષણવાર *રક્ત દેખાય છે અને નદીની માફક કુટિલાશયા હોય છે, તે સર્પણીની માફક અવિશ્વાસ કરવા જોગ છે. વધારે શું? વિજલીની માફક ચંચલ સ્વભાવની હોય છે માટે તે વિદ્યાધરી **અ**નુરાગપરા તારા ઉપર આશક છે, છતાં પણ કોઈ સ્વજાતિનો પુરુષ મળશે ત્યારે એક ક્ષણમાં તું મનુષ્યની ઉપર ઉદાસ થઈ જશે માટે સ્ત્રી માટેનો તારો આ પ્રયાસ નિષ્ફળ છે. પાકયા પછી માઠાં પરિણામ લાવનારું ફળ જેમ નીરસ થઈ પડે છે, તેમ આ પ્રયાસ પણ નીરસ છે. હે મિત્ર ! માટે તું વિદ્યાધરની પુષ્કરાવતી નગરીમાં જવું બંધ રાખ, અને યક્ષિણીની ખાંધ ઉપર ચઢી, **ઉ**જ્જયની નગરીમાંજ પાછો જા. મિત્ર ! મારું કહ્યું માન ! મેં પ્રેમને લીધે મિત્રનું કહ્યું કર્યું નહીં, તેને લીધે હમણાં પણ પસ્તાઉં છું. જ્યારે હું **બં**ધુદત્તા ઉપર આશક થયો, ત્યારે ઘણાજ કોમળ મનવાળા અને બ્રાહ્મણ જાતિમાં જન્મેલા **ભ**વશર્મા નામના મારા મિત્રે મને એ કામ કરતાં અટકાવ્યો અને આ પ્રમાણે કહ્યું હતું: "અરે મિત્ર ! તું સ્ત્રી ઉપર આશક બની તેને વશ થા મા; કારણકે સ્ત્રીનું મન ન જણાય તેવું હોય છે. વળી તેણે મને એક કથા કહી હતી તે કથા પણ હું તને કહું છું તે સાંભળ:–

## ભવશર્માએ કહેલી કથા.

" કાશી શહેરમાં એક તરુણ અને સ્વરૂપવાન્ **સો**મદા નામની બ્રાહ્મણી રહે છે. તે છાની રીતે યોગવિદ્યા જાણે છે. તે સ્ત્રી સાથે મારે દૈવવશથી એકાંતમાં સમાગમ થયો. તે સમાગમથી ધીરે ધીરે તે સ્ત્રી ઉપર મારી પ્રીતિ વધતી ગઈ. એક દિવસે તે સ્ત્રીએ અન્ય તરફ જોયું, તેથી મને ઇર્ષ્યા આવી. પછી મેં તેને ઇચ્છા પ્રમાણે સજ્જડ ઠપકો દીધો. આ વખતે તે ક્રૂર સ્ત્રીએ પોતાનો ગુસ્સો ગુપ્ત રાખી મારા મારને સહન કર્યો. બીજે દિવસે તે સ્ત્રીએ પ્રેમક્રીડાનું બાનું કાઢી મારા ગળામાં દોરો બાંધી દીધો એટલે હું એક ગરીબ બળદ બની ગયો. હું બળદ બની ગયો પછી, તે સ્ત્રીએ ઊંટ ઉપર આજીવિકા ચલાવનારા ગરીબ ઊંટવાળાને ત્યાં મને મનમાનતી કિંમત લઇને

* લાલ–પ્રીતિવાળી.



વેચ્યો. એ ઊંટવાળો મારા ઉપર ભાર ભરતો, તેનાથી હું અત્યંત કષ્ટ પામતો હતો. નસીબ સંજોગે એક વખત આ શહેરમાં રહેનારી એક **બં**ધમોચનિકા નામની યોગિનીએ મને દુઃખી થતો જોયો, અને જોતાં વારજ તે સમજી ગઈ કે આને **સો**મદાએ પશુ બનાવ્યો છે ! પછી મારો ધણી દેખે નહી તેમ, તે સ્ત્રીએ મારા કંઠમાંથી દોરો છોડી નાખ્યો; એટલે હું મનુષ્ય થઈ ગયો. મારો ઉપરી ઉંટવાળો મને નાશી ગયલો જાણી, ઝટ જોવા લાગ્યો અને ચારે તરફ દોડવા લાગ્યો. હું **બં**ધમોચનિકા સાથે જતો હતો, એવામાં દૈવયોગે તે દુષ્ટ **સો**મદાએ મને છેટેથી દીઠો, ત્યારે તે ક્રોધથી બળવા લાગી અને તે જ્ઞાનવાળી **બં**ધમોચનિકાને કહ્યું: 'આ પાપીને તેં પશુપણામાંથી શા માટે છુટો કર્યો ? માણસ શું કામ બનાવ્યો ? હે દુરાચારીણિ ! તને ધિક્કાર છે. આ કુકર્મનું ફળ તને મળશે. કાલે સવારે આ પાપી સહિત હું તારો નાશ કરી નાખીશ, આટલું કહી તે સ્ત્રી–મારી એકવારની પ્યારી ચાલી ગઈ. પછી સિદ્ધ યોગિની, **બં**ધમોચનિકા **સો**મદાનો નાશ કરવા માટે મને કહેવા લાગી: 'અલ્યા **ભ**વશર્મન્ ! આવતી કાલે, તે કાળી ઘોડીનું સ્વરૂપ લઈ મને મારવા આવશે, તે વખતે હું રાતી ઘોડીનું રૂપ ધારણ કરીશ. પછી જ્યારે અમારા બન્નેનું યુદ્ધ ચાલવા માંડે, ત્યારે તારે સાવધાન થઈ હાથમાં રાખેલી તરવાર, પાછળથી તે **સો**મદાને મારજે, તરવાર મારવાથી આપણે બે તે **સો**મદાને ઠાર કરી નાખશું. જાને તું કાલ સવારે મારે ઘેર આવજે.' આટલું કહી તે સ્ત્રી મને પોતાનું ઘર બતાવી, તે ઘરની અંદર પેઠી અને જેણે એકજ જન્મમાં અદ્‌ભુત અનેક જન્મોનો અનુભવ કર્યો હતો તે હું, મારે પોતાને ઘેર ગયો.

બીજે દિવસે સવારમાં હાથમાં તરવાર લઈ હું **બં**ધમોચનિકાને ઘેર ગયો. તુરતજ **સો**મદા કાળી ઘોડીનું રૂપ ધારણ કરી ત્યાં આવી. **બં**ધમોચનિકાએ રાતી ઘોડીનું રૂપ ધારણ કર્યું. તે બન્ને જણી પરસ્પર ખરી અને દાંતનો પ્રહાર કરીને યુદ્ધ કરવા લાગી. પેલી ક્ષુદ્ર ડાકણને પાછળથી તરવાર મારી અને **બં**ધમોચનિકાએ લાત મારી તેથી **સો**મદા મરી ગઈ.

આવી રીતે હું પશુપણાથી મુકત થઇને નિર્ભય થયો છું અને હવે નઠારી સ્ત્રી સાથે સંબંધ કરવાનું મનમાં પણ વિચારતો નથી. ચપળતા, સાહસિકતા અને મંત્ર–તંત્ર–યંત્રની નીચ ક્રિયા—આ ત્રણ સ્ત્રીઓના દોષ છે. તે ઘણું કરીને ત્રણ જગતને ત્રાસ આપે છે માટે તું **બં**ધુદત્તા ડાકણ પાછળ શા માટે દોડે છે? જેને પોતાના પતિ ઉપર પ્રેમ નથી, તે સ્ત્રીને તારા ઉપર પ્રેમ ક્યાંથી હશે ?"

આવી રીતે મારા મિત્ર **ભ**વશર્માએ મને ઉપદેશ આપીને સમજાવ્યો, તોપણ મેં તેનું કહેવું કર્યું નહીં, તેથી આ દશાને પામ્યો છું. તને પણ મારું કહેવું એ છે કે, તું **અ**નુરાગપરા માટે કલેશ કર મા. જ્યારે તે સ્ત્રીને પોતાની જાતિનો પતિ મળશે, ત્યારે તે અવસ્ય તને છાંડી દેશે. મિત્ર ! જ્યારે તારો ત્યાગ કરશે ત્યારે તને મારી પેઠે ભારે પશ્ચાત્તાપ થશે. ભમરી જેમ નવાં નવાં પુષ્પની વાંછના રાખે છે, તેમ સ્ત્રી પણ નવા નવા પુરુષ સાથે સમાગમની વાંછના રાખે છે. વાનર થયેલા **સો**મસ્વામીએ ઘણા વચન કહ્યાં, પણ **નિ**શ્ચયદત્તનું હૃદય પ્રેમથી પૂર્ણ ભરાએલું હતું તેથી ત્યાં તેના વચનનો પ્રવેશ થયો નહીં. પછી **નિ**શ્ચયદત્ત બોલ્યો, '**સો**મસ્વામિ ! તે કન્યા વિદ્યાધરના રાજાના શુદ્ધ કુળમાં જન્મી છે, માટે તે મારા ઉપર પ્રેમ કરીને અન્યસંગે વ્યભિચાર કરશે નહીં.' આમ વાત કરતા હતા એવામાં જાણે પ્રથમ દૂતી આવી હોય તેમ રાત્રિ દેવી પધાર્યા–રાત્રિ

પડી. પછી શૃંગોત્પાદિની યક્ષિણી નિશ્ચયદત્તની નિકટમાં આવી ઉભી રહી. નિશ્ચયદત્તે પ્રિયા પાસે જવા માટે સોમસ્વામિ વાનરની રજા માંગી; ત્યારે સોમસ્વામી બોલ્યો: 'ભાઈ! તું ભલે જા પણ ત્યાં મને સંભારજે.'

## નિશ્ચયદત્તની કથા ( ચાલુ. )

મનુષ્ય મટી વાનર બનેલા સોમસ્વામિની રજા લીધા પછી નિશ્ચયદત્ત તે યક્ષિણીની કાંધ ઉપર ચઢી વિદાય થયો. અર્ધ રાત્રિનો સમય થયો એટલે હિમાચળ ઉપર અનુરાગપરાના પિતા વિદ્યાધરના રાજાની, પુષ્કરાવતી નામની નગરીમાં તે આવી પહોંચ્યો. અનુરાગપરાએ પોતાના જ્ઞાનપ્રભાવથી જાણ્યું કે મારો પતિ આવે છે, તેને આવકાર આપવા માટે પોતે નગરીની બહાર આવી પેલી યક્ષિણી અનુરાગપરાને જોઈને મને બતાવવા લાગી અને બોલી: 'બીજી ચંદ્રમાની મૂર્તિ માફક નેત્રને ઠંડક આપનારીઓ તારી સ્ત્રી આવે છે, માટે હવે હું જાઉં છું.' આટલું કહી નિશ્ચયદત્તને કાંધ ઉપરથી નિચે ઉતારી, તેને પ્રણામ કરી, ચાલતી થઈ. પછી અનુરાગપરાએ પ્રીતમની પાસે આવી, ઘણા દિવસની ઉત્કંઠાથી ઉતાવળે આલિંગન ચુંબન વિગેરે આપી તેને રાજી કર્યો.

નિશ્ચયદત્ત પણ ઘણા કલેશ સહન કર્યા પછી તે સ્ત્રીનો સમાગમ થવાથી ઘણો રાજી થયો અને તે વખતે તેને આલિંગન કરી પોતાના શરીરનું ભાન પણ ભૂલી ગયો—તે કેવળ તન્મય થઈ ગયો. અનુરાગપરાએ ગાંધર્વ વિધિથી તેની સાથે વિવાહ કરી પોતાની વિદ્યાવડે તુરત શહેર બહાર એક નવું નગર બનાવ્યું. આ નગરમાં નિશ્ચયદત્ત તે સ્ત્રીની સાથે રહેવા લાગ્યો. અનુરાગપરાએ પોતાની વિદ્યાથી માતા પિતાની નજર બાંધી લીધી હતી, તેથી તે નિશ્ચયદત્તને દેખતાં હતાં નહીં. પછી અનુરાગપરાએ પૂછ્યું, 'પ્રાણવલ્લભ! તમે અહીં કેવીરીતે આવી શક્યા?' ત્યારે નિશ્ચયદત્તે તે વિદ્યાધરી આગળ માર્ગમાં, જે જે દુઃખો પડ્યાં હતાં તે સઘળાં કહી બતાવ્યાં. દુઃખ તેના સાંભળીને તે સ્ત્રી, તેને ઘણો મોટો માનવા લાગી અને ઉત્તમ પ્રકારના વૈભવથી તેની ચાકરી કરવા લાગી. પછી નિશ્ચયદત્તે વિદ્યાધારીની આગળ વાનર થયેલા સોમસ્વામીની અદ્ભુત વાર્તા કહી સંભળાવી, અને પછી બોલ્યો; 'પ્રાણપ્યારિ! તે મારો મિત્ર છે. તારા કોઈ ઉપાયથી જો તે વાનરના શરીરમાંથી છૂટે તો મેં ને તેં તેનું ભલું કર્યું કહેવાશે.' નિશ્ચયદત્તે કહ્યું એટલે અનુરાગપરા પણ બોલી—"આ મંત્રનો વિષય છે ને તે યોગિણીઓનો છે, અમારો એ વિષય નથી. તથાપિ તે વાત તમને ગમતી છે તો હું મારી બેહેનપણી ભદ્રરૂપા નામની એક સિદ્ધ યોગિણી છે, તેની પ્રાર્થના કરીને આ કામ કરીશ." તે સાંભળી તે વાણીઆનો દીકરો પ્રસન્ન થયો અને બોલ્યો—'પ્રિયા! ત્યારે તો તું મારા મિત્રનાં દર્શન કરવા માટે ચાલ. આપણે બન્ને તેની પાસે જઈએ.' પેલી સ્ત્રી બોલી 'બહુ સારું.' બીજે દિવસે નિશ્ચયદત્ત વિદ્યાધરીના ખોળામાં બેસી આકાશમાર્ગે વાનર મિત્રના રહેઠાણવાળા વનમાં ગયો ને વાનરના રૂપમાં રહેલા મિત્રની પાસે જઈ, નિશ્ચયદત્ત અને તેની સ્ત્રીએ પ્રણામ કર્યા: અને તેજ વખતે બન્ને જણાએ કુશળ સમાચાર પૂછ્યા. સોમસ્વામી બોલ્યો: 'આજ મેં તને અનુરાગપરાની સાથે દીઠો, એજ તારે



મારુ કુશળ જાણવું." આટલું બોલી નિશ્ચયદત્તને ઘણું માન આપ્યું અને તેની સ્ત્રીને અખંડ સૌભાગ્યવતી થા એવો આશીર્વાદ દીધો.

પછી તે ત્રણે જણાં એક મનોરંજન શિલાતળ ઉપર બેસી વાનરને તે શરીરમાંથી મુક્ત કરવા માટે અનેક કથા કરવા લાગ્યાં. કથા થઇ રહ્યા પછી નિશ્ચયદત્તે જવા માટે સ્ત્રી સાથે પ્રથમ વિચાર કર્યો અને ત્યાર પછી વાનરની આજ્ઞા માગી, તે વિદ્યાધરીના ખોળામાં બેસી આકાશ માર્ગે પોતાની પ્રિયાને મંદિરે ગયો. બીજો દિવસ થયો એટલે નિશ્ચયદત્ત બોલ્યો—'મનમોહના ચાલ, ક્ષણવાર તે વાનર મિત્રની પાસે જઈ આવીએ.' અનુરાગપરા બોલી: 'આજ તો મારી પાસેથી ઉંચે ઉડવાની અને નીચે ઉતરવાની વિદ્યા જાણી લઇને તમે પોતેજ તેની પાસે જાઓ.' નિશ્ચયદત્ત સ્ત્રીનું એ પ્રમાણે કહેવું સાંભળી, તેની પાસેથી બન્ને વિદ્યા ભણી, આકાશમાર્ગે વાનર મિત્ર પાસે ગયો; અને ત્યાં તેની સાથે ઘણી વાર સુધી વાર્તા કરવા લાગ્યો.

આણી તરફ તેની સ્ત્રી અનુરાગપરા પોતાના મંદિરમાંથી બહાર નિકળી ઉપવનમાં જઈને બેઠી છે, એવામાં દૈવેચ્છાથી એક વિદ્યાધરનો કુમાર, ફરતો ફરતો આકાશમાર્ગે તે ઉપવનમાં આવી ચઢ્યો. તે કુમાર, આ વિદ્યાધરીનાં દર્શન કરતાં વેતજ કામદેવને અધીન થવાથી પરાધિન બની ગયો, પછી તે વિદ્યાધર સ્ત્રીની નજીક ગયો; અને વિદ્યાથી તપાસ કરતાં જાણ્યું કે, આ વિદ્યાધરીનો પતિ મનુષ્ય જાતિનો છે—દેવજાતિનો નથી. અનુરાગપરા પણ તે નવયૌવન પુરુષને નજીક આવ્યો જોઈ આશ્ચર્ય પામી. પછી પ્રણામ કરી ધીરે ધીરે પ્રશ્ન કરવા લાગી—'તમે કોણ છો? ને શા માટે અહીં પધારવું થયું છે?' તે સાંભળીને વિદ્યાધર બોલ્યો—'અલિ મુગ્ધે! હું રાજભંજન નામનો વિદ્યાધર છું; અને હું મારી પોતાની વિદ્યા જાણવામાં કુશળ છું. હે હરિણાક્ષિ! તારાં દર્શન કરતી વખતેજ મને કામદેવે સ્વાધીન કરી તને અર્પણ કર્યો છે; અર્થાત્ હું કામભોગવવાને કામાતુર તારી પાસે આવ્યો છું—તો હે દેવિ! હવે પૃથ્વી ઉપર વસનારા મનુષ્યની સેવા કરવી છોડી દે; અને જ્યાં સુધી આ વાર્તા તારા પિતાના જાણવામાં આવે નહીં ત્યાં સુધી તું મારી સેવા કરી, મોજમઝા ઉડાવ!' આવી રીતે તે કુમાર બોલ્યો એટલે ચપળ અંતઃકરણવાળી તે સ્ત્રી, અર્ધા કટાક્ષવડે પ્રેમ ભરી આંખે તે પુરુષ તરફ જોવા લાગી અને નિશ્ચય કર્યો કે, આ પુરુષ મારા લાયક છે. પછી અનુરાગપરાએ પોતાના અંતઃકરણની વાર્તા તે કુમારને જણાવી દીધી અને પરસ્પર પ્રિયા પ્રિતમ બની રહ્યા. જ્યારે એકાંતમાં બે જણાનો મેળાપ થાય છે, ત્યારે કામદેવ બીજું શું ઇચ્છે છે?

તે વિદ્યાધર તો રંગ રમી રમાડી ત્યાંથી ચાલ્યો ગયો અને તેજ વખતે સોમસ્વામી પાસેથી નિશ્ચયદત્ત પાછો આવ્યો. અનુરાગપરા પાસે જ્યારે તે આવ્યો, ત્યારે તે ઉદાસ બની બેસી રહી માથું દુખવાનું મિસ કરી નિશ્ચયદત્તને આલિંગન વગેરે પણ આપ્યું નહીં. નિશ્ચયદત્ત સ્વભાવે સરલ હતો અને તેના પ્યારમાં મોહિત બની ગયો હતો, તેને લીધે તેના ઢોંગને જાણી શક્યો નહીં, પણ તેના શરીરને બીમાર જાણી, પોતે પણ તે દિવસ દિલગીરીમાં કાઢ્યો. રાત્રિ વીતી ગઈ વહાણું વાયું. પ્રિયાના દુઃખથી દિલગીર થયેલો નિશ્ચયદત્ત, ઉતરવા ને ઉડવાની વિદ્યાના બળથી આકા-

શમાર્ગે સોમસ્વામી પાસે ગયો. નિશ્ચયદત્ત મિત્ર પાસે ગયો એટલે વળી પેલો વિદ્યાધરનો કામીકુમાર અનુરાગપરાની પાસે આવ્યો, અને તેણે આખી રાત્રિનો વિરહ થવાથી, અતિ ઉત્કંઠિત બનેલી પ્રિયાને કંઠે વળગીને આલિંગન આપી,પળ, કામકેલી કરી, પરિશ્રાંત થઈ તે સ્ત્રીના ખોળામાં માથું મુકી નિદ્રાવશ થઈ ગયો. અનુરાગપરાયણ અનુરાગપરા પણ વિદ્યાના પ્રભાવથી ખોળામાં સુતેલા પ્રિતમને ગુપ્ત રાખી,રાત્રિનો ઉજાગરો થવાથી પોતે પણ નિદ્રાવશ થઈ ગઈ. આ વખતે નિશ્ચયદત્ત પણ સોમસ્વામી વાનરની પાસે જઈ પોહોંચ્યો. તે વાનર મિત્રે તેની આગતાસ્વાગતા કરીને પૂછ્યું–'ભાઈ! આજ હું તને ઉદાસીમાં કેમ જોઉં છું, તે કહો.' નિશ્ચયદત્ત વાનરને કહેવા લાગ્યો–'પ્રિય મિત્ર! અનુરાગપરા અત્યંત બીમાર છે, તેને લીધે હું ઉદાસ છું, કારણ કે તે સ્ત્રી મને પ્રાણ કરતાં પણ અધિક વહાલી છે.'

આવાં વચન સાંભળી જ્ઞાની વાનરો બોલ્યો–'હમણાં તે સ્ત્રી પલાંઠી બાંધીને સુતી છે; માટે તેની આપેલી વિદ્યાવડે તે સુતેલી સ્ત્રીને આકાશમાર્ગે મારી પાસે લઈ આવ; એટલે હમણાં હું તને એક મોટું આશ્ચર્ય આહીં જ બતાવું ? તે સાંભળી નિશ્ચયદત્ત આકાશમાર્ગે ગયો અને જોયું તો પોતાની સ્ત્રીને સુતી દીઠી, એટલે તેણે ધીમેથી તે સુતેલી સ્ત્રીને પોતાના ખોળામાં લઈ લીધી. તે પોતે દિવ્ય દૃષ્ટિ નહતો, માટે આ વખતે તે સ્ત્રીના અંગમાં લપટાઈ રહેલો વિદ્યાધર તેના જોવામાં આવ્યો નહીં; કારણ કે અનુરાગપરાએ પ્રથમથી નિદ્રાવશ થયેલા વિદ્યાધરને વિદ્યાના બળથી અદૃસ્ય કરી દીધો હતો. પછી નિશ્ચયદત્ત અનુરાગપરાને લઈ આકાશ માર્ગે ઉડી એક ક્ષણમાં સોમસ્વામી વાનરની સમીપમાં તે પ્રિયઅંગનાને લઈ આવ્યો. તે વાનરને દિવ્યદૃષ્ટિ હતી–કારણ કે તેને યોગનું જ્ઞાન હતું, તેથી તેણે વિદ્યાધરીની સર્વે ચેષ્ટા જોઈ. તેણે તેજ વખતે નિશ્ચયદત્તને યોગ વિદ્યા ભણાવી દીધી–જે વિદ્યાના પ્રતાપથી તેણે સ્ત્રીના કંઠમાં વળગેલા વિદ્યાધરને દીઠો. દેખતાંવારજ તે બોલી ઉઠ્યો;'અરે રે ધિક્કાર છે! આ તે શું? આમ તે બોલવા લાગ્યો એટલે તત્ત્વવેત્તા તે વાનરે તેને બનેલી સર્વે વાર્તા જણાવી એથી નિશ્ચયદત્તને બહુ ગુસ્સો ચઢયોને ક્રોધનું ફળ મિત્રનેબતાવવા ઇચ્છયું એવામાં તે વિદ્યાધરીનો–પ્રીતમ પેલો વિદ્યાધર જાગ્યો, અને આકાશમાં ઉડી અંતર્ધાન થઈ ગયો. અનુરાગપરા પણ તે વખતે જાગૃત થઈ ગઈ; અને પોતાની ગુપ્ત વાત ખુલ્લી પડી જાણી, લજ્જાથી નીચું મુખ કરીને બેઠી થઈ ગઈ. આ જોઈ નિશ્ચયદત્તના નેત્રમાંથી ચોધારાં અશ્રુઓ પડવા લાગ્યાં અને તે બોલ્યો; 'અફસોસ અફસોસ! અરે પાપિણી! હું તારા ઉપર વિશ્વાસ રાખતો હતો; છતાં તેં આવી રીતે મને છેતર્યો ? ધિક્કાર ! અતિ ચંચળ પારાને બાંધવાની યુક્તિઓ શાસ્ત્રમાં છે, પરંતુ નવીન ચંચળ મનની સ્ત્રીને તાબે કરવાને વાસ્તે કોઈ યુક્તિ નથી.'

આવી રીતે તેણે તેને ઠપકો આપ્યો, એટલે અનુરાગપરા કંઈ ઉત્તર આપ્યા વગર રુદન કરતી આકાશમાં ઉડીને હળવે હળવે પોતાને ઘેર ચાલી ગઈ. પછી વાનર મિત્રે નિશ્ચયદત્તને કહ્યું, 'મેં તને વાર્યો હતો, છતાં પણ તું જે સ્ત્રીની પાછળ દોડયો તે સપ્ત પ્રેમાગ્નિનું ફળ એજ કે હમણાં તું હાય હાય કરે છે. સંપત્તિનો અને સ્ત્રીઓનો સ્વભાવ ચંચળ છે,



માટે તેનો વિશ્વાસ શો ? તેને જતાં વાર લાગતી નથી. માટે હવે તું પશ્ચાત્તાપ દૂરકર, શાંતિ પકડ. નસીબમાં જે થવાનું હોય તે બ્રહ્માથી પણ ફેરવી શકાતું નથી.'

તે વાનર પાસેથી આ પ્રમાણેનાં જ્ઞાનવચન સાંભળી, નિશ્ચયદત્ત શોક અને મોહનો ત્યાગ કરી, સંસાર ઉપર વિરાગ બુદ્ધિ લાવી,તે વનમાં રહી શંકરને શરણે થયો અને તે વણિકપુત્ર વનમાં વાનર મિત્રની સાથે રહેવા લાગ્યો હતો એવામાં દૈવેચ્છાથી તેની પાસે મોક્ષદા નામની એક તાપસી આવી. પ્રથમ વાનરે પ્રણામ કર્યાં, ત્યાર પછી નિશ્ચયદત્તે તેને પ્રણામ કર્યા પેલી તાપસી પ્રણામ કરનાર નિશ્ચયદત્તને જોઇ ક્રમવાર પૂછવા લાગી–'તારો આ મિત્ર મનુષ્ય હતો છતાં, વાનર કેમ બની ગયો તે મને આશ્ચર્ય લાગે છે.' નિશ્ચયદત્તે તે તાપસીને પ્રથમ પોતાનું ચરિત્ર કહી બતાવ્યું; અને ત્યાર પછી પોતાના મિત્રનું ચરીત્ર કહી બતાવ્યું; અને પછી તેની પાસે દીનતાથી પ્રાર્થના કરવા લાગ્યોકેઃ–'હે માતાજી ! જો તમે પ્રયોગ અથવા તો મંત્ર જાણતાં હો, તો હમણાં આ મારા ભલું ઇચ્છનારા સન્મિત્રને વાનરપણામાંથી મુક્ત કરો.'તે સાંભળી તે તાપસી બોલી–'બહુ સારું;' અને તેણે તુરત વાનરના કંઠમાંથી મંત્રની યુક્તિવડે દોરાને છોડી નાખ્યો, એટલે સોમસ્વામી, વાનરની આકૃતિનો ત્યાગ કરી પ્રથમની માફક મનુષ્ય બની ગયો. તુરત જ તે દિવ્ય પ્રતાપવાળી સ્ત્રી વિજળીની પેઠે એકદમ અદૃસ્ય થઈ ગઇ. પછી સોમસ્વામી તથા નિશ્ચયદત્ત બન્ને જણા તે વનમાં ઘણું તપ કરી, કાળે કરી ઇશ્વિરના લોકમાં ગયા, આવી રીતે સ્ત્રીઓ સ્વભાવથી ચપળ છે અને ઘણાં દુરાચરણ કરી વિવેકનો નાશ કરે છે. એ સ્ત્રીઓમાં કેટલીએક સ્ત્રીઓ સદાચરણી પણ હોય છે. નવી ચંદ્રની લેખા વિશાળ આકાશને જેમ શોભા આપે છે, તેમ એ સદાચરણી નારીઓ વિશાળ કુળને શોભા આપે છે.

આવી રીતે કાર્યભારી ગોમુખના મુખથી અત્યંત આશ્ચર્યકારક કથા સાંભળી નરવાહનદત્ત અને રત્નપ્રભા સંતોષ પામ્યાં.

## તરંગ ૪ થો.

## વિક્રમાદિત્યની અને મદનમાલા નામની વેશ્યાની કથા.

ગોમુખ મંત્રિના મુખથી સ્ત્રીઓની ચપળતા અને સાહસિકતા વિશેની કથા સાંભળી, નરવાહનદત્ત પ્રસન્ન થયો તે જોઈ મરુભૂતિ મંત્રી ગોમુખ ઉપર સ્પર્ધા કરીને બોલ્યો–

નથી સર્વે નારી ચપળ પણ કોઈ ચપળ છે,
ઘણી વેશ્યા કેરું પણ વલણ ભારી અચળ છે;
છતાં બીજી નારી અતિશય નઠારી કયમ ઠરે,
કથા તેને માટે નવલ કહું વેશ્યા ગુણ પરે.

મહારાજ ! આ વિષય ઉપર એક કથા કહું છું તે તમે ધ્યાન પૂર્વક સાંભળોઃ–

પાટલીપુત્ર નામના શહેરમાં વિક્રમાદિત્ય નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેના હયપતિ અને ગજપતિ નામના બે મિત્ર હતા. આ બન્નેમાં પહેલા પાસે ઘણા ઘોડા હતા અને બીજા પાસે ઘણા હાથીઓ હતા. મિત્રની સહાયથી અભિમાની રાજા વિક્રમાદિત્યને પ્રતિષ્ઠાનપુરના રાજા નૃસિંહ સાથે શત્રુવટ હતી. રાજા નૃસિંહ ઘણો બળવાન્ અને ઘણા પાયદળવાળો હતો. એક વખતે રાજા વિક્રમાદિત્યે મિત્રના બળથી ગર્વિષ્ટ બની શત્રુ નૃસિંહ ઉપર ક્રોધ કરી, એકદમ નીચે પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે; 'મારે રાજા નૃસિંહનો એવી રીતે પરાજય કરવો કે ભાટ અને ચારણો તેને મારી દેવડીના એક નોકર તરીકે ગણે.' આવી પ્રતિજ્ઞા કરી, હયપતિ અને ગજપતિ બન્ને મિત્રોને તેડાવી તે બન્નેને સાથે લઈ બલાત્કારથી નૃસિંહ રાજા સામે લડાઈ કરવા માટે ચઢયો. સાથે સમગ્ર સેના હતી. સૈનના હાથી અને ઘોડાના ભારથી પૃથ્વી હાળકડોળક થવા લાગી. જ્યારે પાર્થિવ પ્રતિષ્ઠાનપુર પાસે પહોંચ્યો ત્યારે ચઢાઇની વાર્તા જાણવાથી રાજા નૃસિંહ પણ તૈયાર થઈ તેના આવવાની આગમચ શેહેરની બહાર નિકળ્યો. બન્ને રાજાનું દારુણ યુદ્ધ ચાલવા માડયું. એ યુદ્ધમાં હાથી ઉપર બેસનારા સાથે અને ઘોડેસ્વાર સાથે પાળાઓ યુદ્ધ કરતા હતા, તેથી આશ્ચર્ય લાગતું હતું. હળવે હળવે નૃસિંહ રાજાની સેનાનાં એક ક્રોડ માણસોએ રાજા વિક્રમાદિત્યની સેનાને પાયમાલ કરી નાખી. છેવટે રાજા વિક્રમ રણમાં હાર્યો અને નાસીને પાટલીપુત્રમાં પેસી ગયો તથા તેના બે મિત્રો ભાગીને પોતપોતાના પુર તરફ પલાયન કરી ગયા. રાજા નૃસિંહ, વિક્રમાદિત્ય રાજાને હરાવી પ્રતિષ્ઠાન નગરમાં આવ્યો; અને ભાટચારણો તેનાં પરાક્રમનાં વખાણ કરવા લાગ્યા. પછી વિક્રમાદિત્ય પોતાની પ્રતિજ્ઞા ખોટી પડી જોઈ વિચાર કરવા લાગ્યો–"કેટલાએક મારી અવગણના કરે તો ભલે કરો, પરંતુ મારી પ્રતિજ્ઞા ખોટી પડવી જોઈએ નહીં. આ મોટો શત્રુ હથીઆરથી જીતી શકાય તેવો નથી તો તેને મારે બુદ્ધિથી હરાવવો." આમ વિચાર કરી, યોગ્ય કાર્યભારીઓને રાજ્ય સોંપી, બુદ્ધિવર નામના મુખ્ય મંત્રિને, સો રાજકુમારને અને પાંચ કુલવાન શૂરાને સાથે લઈ, કોઈ જાણે નહીં તેમ તે છાનોમાનો શહેરની બહાર નિકળ્યો, અને કાપડીનો* વેશ ધારણ કરી નૃસિંહ રાજાના પ્રતિષ્ઠાન નગરમાં ગયો.

એ પુરમાં એક મદનમાલા નામની પ્રસિદ્ધ વેશ્યા રહેતી હતી તેને ઘેર તે ગયો. તેનું ઘર ઇંદ્રના મંદિર જેવું ઉત્તમ શોભતું હતું. મંદિરને ફરતા આવેલા કિલ્લાના શિખર ઉપર ઉંચી ચઢાવેલી ધ્વજાનાં વસ્ત્રો, મંદ મંદ પવનવડે ઉંચાનીચાં ઉડવાથી જાણે આવકાર આપતાં હોય તેવું તે જણાતું હતું. આ ઘરને ચાર દિશામાં ચાર દરવાજા હતા, તેમાં મુખ્ય દરવાજો પૂર્વ દિશાનો હતો. તે ઉપર વીસ હજાર સીપાઈઓ જુદી જુદી જાતનાં આયુધો ધારણ કરી રાત્રિ દિવસ ચોકી કરતા હતા, બાકીના ત્રણ દરવાજા ઉપર દશ હજાર ઉદ્ધત શૂરાઓ હંમેશાં ચોકી કરતા હતા. વિક્રમાદિત્ય રાજા કાપડીના વેશમાં તે દરવાજા આગળ જઇ ઉભો રહ્યો, એટલે પ્રતિહારે અંદર

* આ નામના સાધુઓ કાઠીઆવાડમાં અને બીજા દેશમાં આજસુધી જોવામાં આવે છે અને તેની ચાલચલકત માર્ગી સાધુના જેવી હોય છે.



ખબર કરી ત્યારે વેશ્યાએ કહ્યું, 'અંદર આવવા દ્યો. એટલે તે રાજા દરવાજાની અંદર ગયો. આ ઘરની અંદર સાત દોઢી હતી. તેમાં કોઈ દોઢીમાં કદાવર શરીરના ઘણા ઉમદા અસંખ્ય ઘોડાઓ દીપી રહ્યા હતા; કોઈ દોઢીમાં ઘણા હાથીઓનાં ટોળાં બાંધવામાં આવ્યાં હતાં તેને લીધે સંકડાઇને ચાલવું પડતું હતું; કોઈ દોઢીમાં આયુધોની બનાવટથી ઘણો જ ગંભીર દેખાવ હતો; કોઈ દોઢીમાં તેજસ્વી રત્નના ભંડારો હોવાથી ઝળાંઝળાં થઈ રહ્યું હતું; કોઈ દોઢીમાં ચાકરવર્ગ ટોળું વળી બેઠા હતા; કોઈ દોઢીમાં ઉંચે સ્વરે યશોગાન કરતા ભાટચારણોનો હોકારો મચી રહ્યો હતો ને કોઈ દોઢીમાં આરંભેલા સંગીતનો અને મૃદંગનો ધ્વનિ ગાજી રહ્યો હતો. આવી રીતે સાત દોઢીને જોતો જોતો રાજા અંદરના ભાગમાં આવ્યો. ત્યાં મદનમાળાનો રહેવાનો ખાસ એક બંગલો નિહાળ્યો. રાજા વિક્રમાદિત્ય પોતાના મનુષ્યો સહિત દરેક દોઢીમાં, લક્ષપૂર્વક ઘોડા વગેરે જોતો આવ્યો છે, એ મદનમાળાએ પોતાના પાસવાનો પાસેથી જાણ્યું હતું, તેથી આ કોઈપણ મોટો પુરુષ, પોતાની મોટાઈ ગુપ્ત રાખી મારે ત્યાં આવ્યો છે, આમ ધારી તે વેશ્યા ઘણો આનંદ પામી ને આશ્ચર્ય સહિત તેની સામે જઈ પ્રણામ કર્યા; અને તેને તેડી લાવી, રાજાને બેસવા લાયક ઉત્તમ આસન ઉપર બેસાર્યો. આ વેશ્યાનું લાવણ્ય અને વિનય જોઈ રાજા વિક્રમાદિત્યનું પણ મન મોહિત બની ગયું અને તેણે પોતાને ખુલ્લો નજ પાડતાં તે સ્ત્રીને ઘણું માન આપ્યું. આદરાતિથ્ય કરવા માટે મદનમાળાએ તે વખતે ઊનું પાણી મૂકાવ્યું; પછી રાજાને નવરાવ્યો, પુષ્પના હારો પહેરાવ્યા, શરીરે ચંદન અગરના લેપ કર્યા અને ઘણાં ઉમદાં વસ્ત્ર તથા આભરણો અર્પણ કરી તેને ઘણું માન આપ્યું. ત્યાર પછી રાજાને તેના કાર્યભારીને અને તેના માણસોને જૂદી જૂદી જાતનાં ભોજન જમાડી પરોણાચાકરી કરી. રાજાની ખુબસુરતી ઉપર આશક બનેલી મદનમાળાએ તે દિવસ રાજા સાથે મદિરાપાન વગેરે કરી આનંદમાં કાઢી નાખ્યો. રાત્રિ પડી એટલે પોતાનું શરીર રાજાને અર્પણ કર્યું. આવી રીતે વેશ્યા, રાજા વિક્રમાદિત્યને હંમેશાં એકાંતમાં રતિસમાગમ વગેરેથી સુખ આપવા લાગી. રાજા પોતે પણ ચક્રવર્તીને યોગ્ય રીતિયે જેટલું ધન હંમેશાં આપવું જોઈએ તેટલું ધન માંગણોને આપતો હતો. આ સર્વ ધન મદનમાળા પોતે પ્રસન્ન થઇને વિક્રમાદિત્યને આપતી હતી અને પોતે બીજા પુરુષના ધનની દરકાર મૂકી વિક્રમાદિત્યના ઉપભોગમાં આવવાથી પોતાનું ધન અને પોતાની કાયાને સફળ માનવા લાગી. આટલાથી તે વેશ્યા અટકી નહીં, પણ તે રાજા સાથેના પ્રેમને લીધે, તે ગામનો રાજા નૃસિંહ, વેશ્યા ઉપર આશક બની આવતો હતો, તેને પણ યુક્તિથી આવતો બંધ કર્યો. આવી રીતે એકાગ્ર મનથી તે વેશ્યા રાજાની સેવા કરવા લાગી.

એક વખતે રાજાએ પોતાની સાથે આવેલા બુદ્ધિવર નામના કાર્યભારીને એકાંતમાં બોલાવીને કહ્યું,–'મંત્રિ! વેશ્યાઓ હંમેશ પૈસાની લાલચુ હોય છે; તે કામાતુર છતાં પણ કેવળ પૈસાથી જ તૃપ્ત થાય છે: વિલાસથી તૃપ્ત થતી નથી. બ્રહ્માએ યાચકોને ઉત્પન્ન કીધા પછી તેની પાસેથી લોભ લઈ વેશ્યાઓને ઉત્પન્ન કીધી છે. હું આ મદનમાળાનું ધન વાપરું છું; તોપણ તે મારા ઉપર અતિશય પ્રેમને લીધે ઉદાસ થતી નથી, ઉલટી પ્રસન્ન થાય છે, માટે આ વેશ્યા

આનો કેવી રીતે બદલો વાળવો કે જે કરવાથી મારી પ્રતિજ્ઞા પણ ક્રમવાર સિદ્ધ થાય?' તે સાંભળી બુદ્ધિવર મંત્રી રાજાને કહેવા લાગ્યો: 'મહારાજ! જો આપનો વિચાર આ વેશ્યાને બદલો આપવાનો હોય તો, પ્રપંચબુદ્ધિ નામના ગોરજીએ આપને જે અમૂલ્ય રત્નો આપ્યાં છે, તેમાંથી થોડાં રત્નો આ વેશ્યાને અર્પણ કરો.' કાર્યભારીનું આવું બોલવું સાંભળી, રાજાએ પ્રત્યુત્તર આપ્યો: 'આ વેશ્યાને તે ભિક્ષુકે આપેલાં સઘળાં રત્નો આપી દઉં, તોપણ મેં તેનો કંઈ પણ ઉપકાર કર્યો કહેવાય નહીં; પરંતુ મારી પ્રતિજ્ઞા સિદ્ધ થાય એવી કોઈ બીજી રીતે આનો બદલો વાળવો જોઇએ. તે સાંભળાને મંત્રી બોલ્યો: 'મહારાજ! તે ભિક્ષુક આપની સેવા શા માટે કરતો હતો તે વૃત્તાંત મને કહી સંભળાવો.' આ રીતે કાર્યભારી બુદ્ધિવરે પૂછ્યું એટલે રાજા બોલ્યો:– સાંભળ તેની કથા તને કહી સંભળાવું છું.

## પ્રપંચબુદ્ધિ નામના ગોરજીની કથા.

ઘણા દિવસ પૂર્વે, પ્રપંચબુદ્ધિ નામનો એક ગોરજી પાટલીપુત્ર શહેરમાં આવેલા મારા સભામંડપમાં દરરોજ આવી, મને એક દાબડો અર્પણ કરી જતો હતો ને એક વર્ષ પર્યંત જેવો તે દાબડો આપતો તેવોને તેવો–ઉઘાડ્યા વગરજ–ભંડારીના હાથમાં સોંપી દેતો હતો. એક દિવસે તે ગોરજીએ જેવો મારા હાથમાં દાબડો આપ્યો કે નસીબયોગે તે મારા હાથમાંથી છટકી, જમીન ઉપર પડ્યો અને ફુટીને તેના બે કટકા થઈ ગયા; તેમાંથી અગ્નિ જેવું ઝળઝળાટ તેજસ્વી એક રત્ન નિકળ્યું–જે રત્ને પ્રથમ મારા જાણવામાં ન આવ્યું હોય તેવું પોતાનું હૃદય ખુલ્લું કરી આપ્યું. તે રત્નને જોઈ મેં સઘળા દાબડાઓ મંગાવ્યા. તેને ભાંગ્યા તો તે સઘળામાંથી મને રત્નો મળ્યાં. મને આશ્ચર્ય લાગ્યું. પછી મેં તે ગોરજીને પૂછ્યું–'અરે! તું આવાં ઉમદાં રત્નો હંમેશાં દાબડામાં ગુપ્ત મૂકીને મને શા માટે અર્પણ કરે છે?' તે ગોરજીએ સઘળા માણસોને દૂર કરી, એકાંતમાં મને કહ્યું–'અયે વીર! હવે જે કાળી ચૌદશની રાત્રિ આવે છે, તે દિવસે રાત્રિએ હું નગર બહાર સ્મશાનમાં જઈ એક વિદ્યાની સાધના કરવાનો છું; ત્યાં સહાય કરવા માટે તમે આવો એમ મારી માંગણી છે. શૂરવીરની સહાયતાથી સર્વ સિદ્ધિઓ વિઘ્ન વગર સહેજમાં મળી શકે છે.' પછી તે ગોરજીનું કહેવું મેં સ્વીકાર્યું, એટલે તે ગોરજી ખુશી થતો પોતાને ઘેર ગયો. કેટલાએક દિવસો ગયા કેડે કાળીચૌદશ આવી. મને તે ગોરજીનું વચન યાદ આવ્યું. મેં તે દિવસે કરવાનું કામ ઝટપટ આટોપી દીધું. હું સંધ્યાકાળની વાટ જોતો બેઠો. સાયંકાળ થઈ ત્યારે મેં સંધ્યા વગેરે કર્મ કર્યાં. કર્મધર્મયોગે મને ઝટ નિદ્રા આવી ગઈ. તેમાં એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ભગવાન્ ભક્તવત્સલ હરિનાં દર્શન થયાં. તે ગરુડ ઉપર બેઠા હતા, તેના ખોળામાં લક્ષ્મી દેવી બીરાજ્યાં હતાં. આ હરિએ મને એમ કહ્યું કે–'હે પુત્ર! પ્રપંચબુદ્ધિ પોતાના નામ પ્રમાણે ઘણો પ્રપંચી છે. તે મંડળનું પૂજન કરાવવા માટે તને સ્મશાનમાં લઈ જઈ મારી નાખશે માટે, તે હિંસક જે કામ કરવાનું તને કહે તે કામ તારે કરવું નહીં, પણ તેને તારે કહેવું કે, 'પ્રથમ તું એ કર, હું તે કામ શીખ્યા પછી કરી બતાવીશ;' એટલે તે ગોરજી પ્રથમ કરી બતાવશે. પછી તારે તેની રહસ્ય બાબત જાણી, તે દ્વારાજ તેને ઠાર કરવો. એથી તને સિદ્ધિ પ્રાપ્ત થશે.' આટલું બોલી વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા. હું નિદ્રામાંથી જાગી ઉઠ્યો અને વિચાર કરવા લાગ્યો કે 'તે ગોરજી કપટી અને વધ કરવા લાયક છે. આવી રીતે પરમેશ્વરની દયાથીજ આજ મારા જાણવામાં આવ્યું.' એમ વિચાર કરતાં રાત્રિનો પ્રથમ પહોર વટી ગયો. હું હાથમાં ઉઘાડી તરવાર લઈ એકલો સ્મશાનમાં ગયો. પેલે ગોરજીએ મંડળની પૂજા કરી લીધી હતી. હું તેની પાસે ગયો. શેઠ ગોરજી મને આવેલો જોઈ ઉભો થયો અને માન અપીને બોલ્યો: 'રાજન્! તું બન્ને આંખો વિંચી, નીચું મુખ કરી, જમીન ઉપર અંગને ફેલાવી પગે લાગ. જમીન ઉપર સુઈ, પગે લાગવાથી મને અને તને બન્નેને સિદ્ધિ પ્રાપ્ત થશે.' તે સાંભળીને હું બોલ્યો: 'પ્રથમ તું મને એ સર્વે કરી બતાવ એટલે તેના ઉપરથી શીખીને હું તેમ કરીશ.' તે સાંભળી મૂર્ખ ગોરજી જમીન ઉપર અંગ ફેલાવીને પડ્યો અને કેમ કરવું તે બતાવવા લાગ્યો ત્યાં મેં તરવાર મારીને તેનું મસ્તક ધડથી જૂદું પાડી નાખ્યું. તેજ વખતે આકાશ વાણી થઈ:–'રાજા! તેં આ ગોરજીને મારી તેનું બળીદાન આપ્યું તે ઘણું સારું કર્યું. કારણ કે તે ઘણોજ પાપી હતો. હું કૂબેર તારી ધીરજ જોઈ, ઘણો પ્રસન્ન થયો છું. આ ગોરજી આકાશમાં ફરવાની જે સિદ્ધિ સાધતો હતો તે આજથી તને સિદ્ધ થઈ છે. આ વર તો તને તારી ધીરજના પ્રતાપમાં મળ્યો છે: હવે બીજી જે ઇચ્છા હોય તે ઇચ્છાનુસાર વરદાન મારી પાસેથી માંગી લે.' આકાશવાણી એ પ્રમાણે કહી, પછી કૂબેર પ્રત્યક્ષ થયા. હું તેને પ્રણામ કરીને બોલ્યો: 'મહારાજ! જ્યારે હું આપની પ્રાર્થના કરું ત્યારે મારા સ્મરણ વખતે આપ મારી પાસે પધારી મને ઉપયોગી વર આપજો.' તે સાંભળી કૂબેરે કહ્યું: 'ઠીક, એમ કરીશ.'–અને પછી તે અંતર્ધાન થઈ ગયા, ને હું સિદ્ધિ મેળવી ઘેર આવ્યો.



આવી રીતનું મારું વૃત્તાંત છે તે તને કહી બતાવ્યું. એ પ્રમાણે હું કૂબેરના વરદાનથી મદનમાળાનો બદલો વાળીશ, અને હવે તમે વેશમાં ઢંકાએલાં રાજપુત્ર આદિ માણસોને લઇને, પાટલીપુત્ર નગરમાં જાઓ; અને હું પુનઃ તેની પાસે આવવા માટે, મજની પ્યારી મદનમાળાની સેવાનો બદલો વાળી, હમણાં ઘેર આવું છું." આ રીતે કાર્યભારીને કહી વિક્રમાદિત્ય રાજાએ સંધ્યા વગેરે દિવસનાં કાર્ય કરી, કાર્યભારી અને સાથે આવેલાં માણસોને ઘેર મોકલ્યાં. માણસો ગયા પછી રાજા, ભવિષ્યમાં વિરહ થવાનો હતો તેથી ઘણો ઉત્કંઠિત બનીગયો ને તે આખી રાત્રિ મદનમાળા સાથે ગાળી. તેમજ વેશ્યા મદનમાળાએ પણ હવે રાજાનો વિરહ થશે આમ સૂચવતું હોયની શું, એવા અંતઃકરણપૂર્વક, વારંવાર રાજાનું આલિંગન કરી, તે આખી રાત્રિ ઉજાગરામાં ગાળી કાઢી. રાત્રિ વહી ગઈ ને પ્રભાત થયું. રાજા સ્નાન કરી પ્રભાતમાં અવશ્ય કરવાનાં સંધ્યા વગેરે કર્મ કરી, જપ કરવાનું મિસ કાઢી, હંમેશાંના દેવપૂજન કરવાનાં મંદિરમાં એકલો પેઠો. મંદિરની અંદર જઈ કૂબેરનું સ્મરણ કર્યું. કૂબેર, કે જેણે પ્રથમ વર આપવા માટે અંગીકાર કર્યું હતું તે ત્યાં પ્રગટ થયા. કૂબેરને પ્રણામ કરી રાજા નીચે પ્રમાણે વર માંગવા લાગ્યો:–'મહારાજ! આપે પ્રથમ મને વર આપવા માટે કબુલ કર્યું છે માટે આજ અહીંજ મને સોનાના પાંચ એવા અક્ષય પુરુષો આપો કે, કોઈ મનુષ્ય પોતાના મન ગમતા વૈભવ માણવા

માટે તે પુરુષોના અવયવો હંમેશાં કાપી વાપરે તોપણ તેના અવયવ જેવા હોય તેવાને તેવા જ સદાકાળ રહે!' કૂબેર બોલ્યા: 'તું જેવા પુરુષ માટે ઇચ્છા રાખે છે તેવા પુરુષો તને મળશે.' આટલું કહી એકક્ષણમાં અંતર્ધાન થઈ ગયા અને તે રાજાએ પણ તેજ વખતે દેવમંદિરમાં સોનાના પાંચ મોટા પુરુષોને ઉભેલા જોયા. પછી પોતે હર્ષભેર દેવમંદિરની બહાર નીકળી, તેજ વખતે આકાશમાં ઉડી, પાટલીપુત્ર નગરમાં ગયો–જો કે પોતે લીધેલી પ્રતિજ્ઞા વિસરી ગયો ન હતો. રાજાને શહેરમાં આવ્યો જોઈ અંતઃપુરના મનુષ્યોએ, કાર્યભારીઓએ અને શહેરના માણસોએ તેને ઘણું માન આપ્યું. રાજા રાજ્યનાં કાર્ય કરવા લાગ્યો, પરંતુ તેનું મન પ્રતિષ્ઠાનપુરમાં હતું, કારણ કે હજી સૂધી તેની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ ન હતી.

હવે પ્રતિષ્ઠાનપુરમાં એવું બન્યું કે જ્યારે રાજાને દેવમંદિરમાં પેઠાને ઘણી વાર થઈ ત્યારે, મદનમાળાએ પોતાના પ્રિયતમ રાજાને જોવા માટે દેવમંદિરમાં પ્રવેશ કીધો પણ અંદર જઇ જુવે છે તો ક્યાંઇ પ્રિયવર રાજાને દીઠો નહીં, પણ તેને બદલે સોનાના પાંચ ભવ્યાકૃતિના પુરુષો તેના જોવામાં આવ્યા. આવા મોટા સોનાના પાંચ પુરુષોને દીઠા, પણ પ્રિયતમનાં દર્શન થયાં નહીં એટલે અફ્સોસમાં પડી તે વિચાર કરવા લાગી: 'ખરેખર,' મારો તે પ્રિયતમ કોઈ વિદ્યાધર અથવા તો કોઈ ગંધર્વ હશે! જે આ પાંચ ભવ્યાકૃતિના પુરુષો મને અર્પણ કરીને આકાશમાર્ગે ચાલ્યો ગયો છે. હવે હું તે પતિ વગરની એકલી રહીને, ભારરૂપ થયેલા તે સુવર્ણ કૃતિના પુરુષોને શું કરું? પ્રિયતમ વગર સર્વ વ્યર્થ છે.' આમ વિચાર કરી, પોતાની આસપાસનાં માણસોને તે રાજાના સમાચાર. વારંવાર પૂછવા લાગી, અને પછી ઘરની બહાર નિકળી ચારે તરફ ભટકી, ઘરની પાસેના ઉપવનમાં બેઠી. તોપણ તેને ક્યાંઈ સુખ મળ્યું નહીં. તે પ્રિતમ વિરહથી વારંવાર વિલાપ કરવા માંડી અને મરવા માટે તૈયાર થઈ. તે જોઈ ઘરમાં રહેનારાં મનુષ્યોએ મદનમાળાને કહ્યું; 'દેવિ! તમે અફ્સોસ કરો મા. તે કોઈ પોતાની ઇચ્છા પ્રમાણે ફરનારો વિદ્યાધર કે ગંધર્વ હશે. તે જ્યારે પોતાની ઈચ્છામાં આવશે ત્યારે તમારી પાસે આવશે; કારણ કે તમારું રૂપ કંઈ સાધારણ નથી; તમે ઘણાંજ અનુપમ સુંદરી છો.' આવાં વાક્યો કહી મદનમાળાને આશા આપી, જેમ તેમ કરીને ઠેકાણે પાડી. પછી મદનમાળાએ પ્રતિજ્ઞા કરી કે, જો તે દેવતા મને છ માસની અંદર દર્શન આપશે નહીં, તો હું મારું સર્વસ્વ લુંટાવી અગ્નિમાં બળી મરીશ. આવી પ્રતિજ્ઞાથી પોતાના દેહને ટકાવી રાખી, દરરોજ તે દાન પુણ્ય કરવા લાગી અને પોતાના પ્રિયતમનું વારંવાર ચિંતવન કરવા લાગી. એક દિવસે દાનતત્પર વેશ્યાએ, પેલા સોનાના પાંચ પુરુષોમાંના એક પુરુષના બે હાથ કાપી બ્રાહ્મણોને દાનમાં આપ્યા. રાત્રિમાં પાછા જેવા હતા તેવા થઈ રહ્યા. બીજે દિવસે મદનમાળા જ્યાં કાપેલા હાથવાળા પુરુષને જુવે છે તો તેના હાથ જેવા હતા તેવા પૂર્વવત્ થઈ ગયેલા તેના જોવામાં આવ્યા. એ વેશ્યા તેથી બહુ આશ્ચર્ય પામી ગઈ. પછી તે દિવસે વળી બીજા પુરુષના હાથ કાપ્યા. તેના હાથ પણ તેમજ નવા ઉત્પન્ન થયા. આવી રીતે દાન આપવા માટે એક પછી એક પાંચે પુરુષોના હાથ કાપી નાંખ્યા તો તે સઘળાના હાથ પાછા તેમના તેમજ નવા ઉત્પન્ન થયા. આ જોઈ કલ્યાણી મદનમાળા, તે પુરુષોને અક્ષય–નાશરહિત જાણી–તે



પુરુષોના હાથ કાપીને તેમાંથી દરેક વિદ્યા અભ્યાસ કરનારા બ્રાહ્મણને, દરરોજ ચાર ચાર હાથ દાનમાં આપવા લાગી. થોડા દિવસમાં તે વેશ્યાના દાનની કીર્તિ દિશાઓમાં પ્રસરી રહી અને તે વૃત્તાંત પાટલીપુત્રમાં વસનારા સંગ્રામદત્તના જાણવામાં આવ્યું. આ બ્રાહ્મણ ચાર વેદ ભણ્યો હતો. તે બ્રાહ્મણ ગુણવાન્ હતો, છતાં દરિદ્રી હતો. તે દાન લેવા માટે પાટલીપુત્ર નગરથી પ્રતિષ્ઠાનપુર ગયો અને વેશ્યાના ઘર આગળ જઇ પ્રતિહારને તે વાર્તા જણાવી. તુરત દ્વારપાળે ખબર આપીને વેશ્યાની આજ્ઞા થવાથી તે બ્રાહ્મણ અંદર લેઈ ગયો. ત્યાં મદનમાળા વેશ્યાએ તે બ્રાહ્મણનું પૂજન કરી સોનાના પુરુષના ચાર હાથ તેને દાનમાં આપ્યા. બ્રાહ્મણ વેશ્યાને જુવે છે તો તેનાં અવયવો, વ્રત કરવાથી દુબળાં અને પ્રિયતમના વિરહથી ફીકા પડી ગયેલા જણાયા. તે જોઈ બ્રાહ્મણે તેના પરિજનને પૂછ્યું કે 'આવી દિલગીરીનું કારણ શું છે?' તે વેશ્યાના દુઃખથી અત્યંત આર્ત બનેલાં તેનાં પરિજનોએ ઇત્થંભૂત વૃત્તાંત–ભયંકર પ્રતિજ્ઞા લીધા પર્યંતનું, તેને કહી સંભાળાવ્યું. પેલો બ્રાહ્મણ તેનું વૃત્તાંત સાંભળી ખેદાતુર થયો; પણ સુવર્ણ મળવાથી પ્રસન્ન થયેલો તે, બે ઊંટ ઉપર સોનાના હાથને મૂકી, પોતાના નિવાસસ્થાન પાટલીપુત્ર નગરમાં ગયો.

શહેરમાં પેઠા પછી તે બ્રાહ્મણને વિચાર થયો કે મારા આ સુવર્ણની રક્ષા જો રાજા કરશે નહીં તો તે મારી પાસે રહેવું મુશ્કેલ છે; કેમકે તેને કોઇ ચોરી ગયા વગર રહેશે નહિ. આમ વિચાર કરી જ્યાં સભામંડપમાં રાજા વિક્રમ બીરાજ્યા હતા ત્યાં જઈ તેની પ્રાર્થના કરવા લાગ્યો: "મહારાજ! હું આ નગરમાં જ વસું છું. જાતે બ્રાહ્મણ છું. હું દરિદ્રી હતો માટે ધન મેળવવા સારુ દક્ષિણ દેશમાં આવેલા નૃસિંહ રાજાના પ્રતિષ્ઠાનપુરમાં ગયો. તે શહેરમાં એક મદનમાળા નામની વિખ્યાત કીર્તિવાળી ગણિકા રહે છે. તેને ઘેર દાન લેવા માટે હું ગયો હતો. આ વેશ્યાની પાસે કોઇએક દિવ્ય પુરુષ ઘણા દિવસ રહી, સોનાના પાંચ અક્ષય પુરુષો આપી ક્યાંઈ લોપ થઈ ગયો છે. તે પુરુષની વિરહ વેદનાથી અત્યંત આતુર બનેલી તે વેશ્યા, જીવતરને ઝેરની વેદના જેવું ગણવા લાગી; દેહને નિષ્ફળ ગણવા લાગી અને ભોજન કરવાને મહેનતરૂપ ગણવા લાગી તથા ચોરી જેવું દુઃખ ગણવા લાગી. તે ધીરજ વગરની થઇ રહી હતી. પછી તેના નોકરો ચાકરોએ તેને મહામુસીબતે સમજાવી, ત્યારે તે સ્વતંત્ર સ્ત્રીએ પ્રતિજ્ઞા કરી કે: "જો તે દેવ છ માસમાં મારી સંભાળ લેશે નહીં, તો હું મારા દેહને અભાગ્યું માની અગ્નિમાં બળી મરીશ." આવી રીતે પ્રતિજ્ઞા કરી, નિશ્ચય કરી, તે વેશ્યા દરરોજ ઘણું મોટું પુણ્ય મેળવવાની ઇચ્છાથી દાન આપે છે. મહારાજ! મેં તે સ્ત્રીને દીઠી છે. તેનું શરીર ઉપવાસ કરવાથી ઘણું દુર્બળ થઈ ગયું છે; અને ચાલતી વખતે તેના પગ લંગડાય છે. આવી સ્થિતિમાં આવ્યા છતાં પણ તે ઘણી મનોહર દેખાય છે. તે સુંદની મદજળવડે ભીંજાયલી શુંડ ઉપર ભેળા થયેલા ભ્રમરગણથી* વિંટાયેલી અને માઠી અવસ્થામાં આવેલી કામદેવરૂપ હાથીની મૂર્તિમાન મદોન્મત્ત અવસ્થા હોય તેવી જણાય છે. હું કબૂલ કરું છું કે, જે પ્રિયતમે તેવી સુંદરીનો ત્યાગ કર્યો છે, તે એક વાતે નિંદાપાત્ર છે અને એક વાતે પ્રસંશા પાત્ર પણ છે; કારણ કે તે પતિના વિરહથી તે સુંદરી પોતાનો દેહ ત્યાગ કરે છે. તે સ્ત્રીએ ચાર વેદ

* ભ્રમરગણ–તેની દાસીઓ, જે તેને ધૈર્ય આપે છે તેનાથી વિંટાયેલી એમ અર્થ સંભવે છે.

જાણનાર મને, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, ચાર વેદ ભણ્યો છું તેથી, ચાર સોનાના હાથ આપ્યા છે. હું તે ધનમાંથી એક ઉત્તમ યજ્ઞશાળાવાળું ઘર બનાવી, તેમાં સ્વધર્મનું આચરણ કરી રહેવા ઇચ્છું છું; માટે ધન સાચવવામાં આપ મારા ઉપરી તરીકે મદદ કરો.'

રાજા વિક્રમાદિત્ય, બ્રાહ્મણ પાસેથી પોતાની પ્રિયાની વાર્તા સાંભળી તરત તેના ઉપર મોહિત થઈ ગયો; અને પ્રતિહારને, આ બ્રાહ્મણની મરજી પ્રમાણે કરવાની આજ્ઞા આપી, વિચાર કરવા લાગ્યો કે જે સ્ત્રીએ મારા ઉપર ગાઢો પ્રેમ કરી, પોતાના જીવનને પણ તૃણ માફક તુચ્છ ગણી કાઢ્યું છે, અને જેના દેહનો નાશ થવામાં પણ હવે થોડો વખત બાકી છે, તે સ્ત્રીને હવે મારે સત્વર મળવું જોઇએ. આમ વિચાર કરતાં **મદનમાળાની** અને પોતાની પ્રતિજ્ઞા સિદ્ધ કરવા માટે, રાજાને એકદમ ઉત્કંઠા થઈ ગઈ. પછી પોતાનું રાજ્ય મંત્રિને સોંપ્યું અને પોતે આકાશમાર્ગે **પ્રતિષ્ઠાનપુરમાં** વેશ્યાને ઘેર ગયો. ત્યાં પોતાની પ્રિયાને નવા રૂપમાં જોઈ. તેનાં વસ્ત્ર ચાંદની જેવાં સ્વચ્છ હતાં, ઘરનો વૈભવ માત્ર પંડિત બ્રાહ્મણોને સોંપી દીધો હતો; તે શરીરે દુર્બળી બની ગઈ હતી, સફેદ ચાંદનીરૂપ વસ્ત્રથી ઢંકાયેલી, દેવતાઓને પોતાનું તેજ માત્ર અર્પણ કરવાથી દુર્બળ જણાતી અમાવાસ્યાની ચંદ્રકલા જેવી દિસતી **મદનમાળા** રાજાની નજરે પડી. **મદન-માળા** પણ નેત્રને અત્યંત ઠંડક આપનારા રાજાને અકસ્માત્ આવ્યા જોઈ, ક્ષણવાર ગાંડા જેવી બની ગઈ. થોડીવાર પછી તે ઉભી થઈ. રખેને એ નાશી જાય એવા ભયથી જાણે આલિંગન કરતી હોય તેમ તે રાજા **વિક્રમાદિત્યના** કંઠનું બે બાહુરૂપી પાશથી આલિંગન કરવા લાગી; અને ઘર્ઘરા સ્વરે બોલીઃ 'ઓ નિર્દય પ્રિયે! આ નિરપરાધી સ્ત્રીનો ત્યાગ કરી, તમે ક્યાં નાશી ગયા હતા? મારો અપરાધ શું છે?' આમ બોલી તે રડવા લાગી. રાજા બોલ્યો; 'અલિ! ડર મા. અંદર ચાલ, તને એકાંતમાં સઘળું કહું છું.' આમ કહી પોતે તે સ્ત્રી સાથે એકાંતમાં ગયો. તે વેળા **મદનમાળાનાં** પરિજનોએ પણ તેને માન આપ્યું. રાજાએ અંદર જઈ પોતાનું નામ ઠામ વગેરે પ્રગટ કરી **નૃસિંહ** રાજાને જીતવા માટે તેને ત્યાં પોતાનું જેવી રીતે આવવું થયું હતું તે, **પ્રપંચબુદ્ધિને** મારી જેવી રીતે આકાશમાં ફરવાની ગતિ મેળવી હતી તે, જેવી રીતે કૂબેર પાસેથી વરદાન મેળવી તે વેશ્યાને પાંચ પુરુષો આપ્યા હતા તે અને જેવી રીતે બ્રાહ્મણ પાસેથી વાર્તા સાંભળી હતી તે, તેમ પોતાનું સર્વ વૃત્તાંત-પ્રતિજ્ઞા લીધાથી તે છેવટ સુધીનું સર્વ વર્ણવી બતાવ્યું; પછી **મદનમાળાને** કહ્યું, 'પ્યારિ! આ **નૃસિંહ** રાજા ઘણી સેનાવાળો છે, માટે સેનાથી તો તેનો પરાજય થઈ શકે તેમ નથી. તે રાજા મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરે, પરંતુ તે પૃથ્વી ઉપર ચાલનારો છે અને હું આકાશમાં ફરનારો છું, માટે મારે તેને મારવો તે યોગ્ય ગણાય નહીં. કયો ક્ષત્રિય અધર્મ યુદ્ધ કરી પોતાના વિજયની ઇચ્છા કરશે? પ્યારિ! જ્યારે **નૃસિંહ** રાજા તારા ઘરના બારણામાં આવે, ત્યારે તારે ભાટચારણો મારફતે રાજાને મારો નોકર કહેવરાવવો-આટલી મારી પ્રતિજ્ઞા સિદ્ધ કરવામાં તું સહાય થા.'

જ્યારે તે વેશ્યાએ આ પ્રમાણેનું રાજાનું કહેવું સાંભળ્યું, ત્યારે તે બોલીઃ 'હું ભાગ્યશાળી છું કે તમે મને આવી આજ્ઞા ફરમાવો છો.' પછી તેણે રાજા સાથે એકાંતમાં વિચાર કરી, પોતાના ભાટચારણોને



બોલાવ્યા અને કહ્યું; 'તમારે સઘળાએ બારણામાં નજરને રાખી ઉભા રહેવું. જ્યારે રાજા **નૃસિંહ** આપણા ઘરમાં પ્રવેશ કરવા માંડે, ત્યારે તમારે સઘળાએ વારંવાર કહેવું કે; "મહારાજ! તમારો ભક્ત અને તમારા ઉપર પ્રેમ રાખનારો રાજા **નૃસિંહ** આવે છે." તે સાંભળીને કદી તે પૂછે કે, "અંદર કોણ બેઠો છે?" તો તે વખતે તમારે તેને કહેવું કે; "રાજા **વિક્રમાદિત્ય** અંદર બીરાજે છે." આવી રીતે ભાટચારણોને સમજાવી તેઓને વિદાય કર્યા અને પ્રતિહારીને કહ્યું કે, 'રાજા **નૃસિંહ** અંદર આવે તેને તારે આવતાં અટકાવવો નહીં.' આ રીતનો બંદોબસ્ત કરી, ફરીથી પોતાના પ્રાણ પ્યારાનો મેળાપ થવાથી આનંદમાં આવી જઈ, અસંખ્યાત ધનનું દાન આપવા અને સુખ ભોગવવા લાગી.

રાજા **નૃસિંહે** જ્યારે સાંભળ્યું કે **મદનમાળા** વેશ્યા સોનાના પુરુષોનું દાન આપે છે, ત્યારે તે તે પુરુષો જોવા માટે પોતાનું ઘર છોડી વેશ્યાને ઘેર ગયો. જ્યારે તેણે ઘરમાં પ્રવેશ કીધો, ત્યારે તેને કોઇએ રોક્યો નહિ, પણ બારણાની બહારથી સઘળા ભાટચારણો ઘાંટો કાઢીને લલકારવા લાગ્યા; કે 'મહારાજ! **નૃસિંહ** રાજા આપને નમી પધારે છે, અને આપ ઉપર ભક્તિભાવ રાખે છે.' તે સાંભળતાંજ તે રાજાને ગુસ્સો ચઢ્યો અને શંકિત બની પૂછવા લાગ્યો કે; 'અંદર કોણ બેઠો છે?' એવામાં તો ત્યાં **વિક્રમાદિત્ય** રાજાને અંદર ઉભેલો દીઠો, એટલે તે ક્ષણભર વિચારમાં પડી ગયો. તે મનમાં બોલ્યો, શું આ પ્રમાણે પણ એ રાજાએ મારા રાજ્યમાં રસ્તો કીધો છે ને હું એનો ચાકર છું એવી જે ઘણા વખતપર પ્રતિજ્ઞા લીધી હતી તે આ રીતે એણે પાર પાડી છે? ને ભાટચારણથી મને નોકર કહેવરાવ્યો! આહોહો!! સત્ય કહું તો આ રાજા ઘણોજ બળ-વાન છે, તેણે પ્રતિજ્ઞા પ્રમાણે મને હરાવ્યો. હવે મારે બળના પ્રતાપથી તેને મારવો એ ઘટિત નથી; કારણ કે તે એકલો છે, વળી મારા શહેરમાં આવ્યો તે મારે ઘેર આવ્યો ગણાય. હવે તો મારે અંદર જવું એજ ઠીક છે.' પછી ભાટ અને ચારણોએ જેના અંદર આવવાની ખબર કરી હતી તે રાજા **નૃસિંહ**, મંદ હાસ્ય કરતો કરતો અંદર ગયો. રાજા **નૃસિંહને** મંદ મંદ હાસ્ય કરતાં આવતો જોઈ **વિક્રમાદિત્ય** પણ મંદ મંદ હસવા લાગ્યો અને ઉભો થઈ રાજા **નૃસિંહને** ગળે બાઝી પડ્યો. પછી તે બન્ને રાજા, પાસે બેઠેલી **મદનમાળાના** દેખતાં પરસ્પર એક બીજાના કુશળ સમાચાર પૂછવા લાગ્યા. વાર્તા કરતાં કરતાં રાજા **નૃસિંહે**, **વિક્રમાદિત્યને** પૂછ્યું કે, આ સોનાના પુરુષો ક્યાંથી આવ્યા? **વિક્રમાદિત્યે** નીચ ગોરજીનો નાશ, આકાશમાં અધર ઉડવાની સિદ્ધિ અને કૂબેર પાસેથી સોનાના પાંચ પુરુષની પ્રાપ્તિ વગેરે પોતાનું આશ્ચર્યજનક સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યું. રાજા **નૃસિંહે**, **વિક્રમાદિત્યનું** ચરિત્ર સાંભળી તેને મહા શક્તિવાળો, આકાશમાં ગમન કરનારો અને પાપરહિત શુદ્ધ અંતઃકરણવાળો જાણી પોતે તેની સાથે મિત્રતા કરવાની માંગણી કરી, રાજા **વિક્રમા-દિત્યે** પણ તેની સાથે મિત્રતા કબુલ કરી. કુલાચાર પ્રમાણે તેણે પ્રેમાલિંગન કર્યું પછી રાજા **નૃસિંહ**, **વિક્રમાદિત્ય** જ્યારે પોતાના નવનવા વૈભવોથી સેવા ચાકરી કરી તેને ઘણું માન આપ્યું તેને રજા આપી, ત્યારે તે પાછો **મદનમાળાને** ઘેર આવ્યો.

આવી રીતે **વિક્રમાદિત્યે** પોતાના પ્રતાપબળથી ગંભીર પ્રતિજ્ઞાની સિદ્ધિ કરી અને

જ્યારે તે પોતાના **પાટલીપુત્ર** શહેર તરફ જવાની ઈચ્છા કરવા લાગ્યો; ત્યારે **મદનમાળા**એ પણ રાજાનો વિરહ સહન ન થઈ શકવાને લીધે રાજાની સાથે જવાની ઇચ્છા કરી. દેશ ત્યાગ કરવાની ઇચ્છા માટે તેણે પોતાનું ઘરબાર બ્રાહ્મણને અર્પણ કરી દીધું. પછી રાજામાં ચંદ્રસમાન રાજા **વિક્રમાદિત્ય**, **મદનમાળા**ને અને તેના હાથી, ઘોડા અને પાળાને સાથે લઈ પોતાની રાજધાની **પાટલીપુત્ર**માં ગયો. રાજધાનીમાં ગયા પછી, રાજા **નૃસિંહ** સાથની મિત્રતા અચળ કરીને પોતાના દેશ ઉપરથી પ્રેમ ઉતારી સાથે આવેલી **મદનમાળા** સાથે આનંદ ભોગ ભોગવવા લાગ્યો.

“મહારાજ! આવી રીતે રાજાના અંતઃપુરની રમણીઓ માફક વેશ્યાઓ પણ ઉત્તમ ગુણશાળી અને દઢભક્તિભાવવાળી હોય છે, ત્યારે કુલીન કાંતાઓ શા માટે પ્રેમભક્તિવાળી ન હોય?” પછી રાજા **નરવાહનદત્ત** અને વિદ્યાધરના ઉત્તમકુળમાં અવતરેલી નવવધૂ **રત્નપ્રભા**, આ પ્રમાણે **મરુભૂતિ**ના મુખની ઉત્તમ કથા સાંભળી, અતિશય આનંદમાં મશગુલ થઈ ગયાં.

## તરંગ ૫ મો.

## શૃંગભુજ અને રૂપશિખાની કથા.

જ્યારે **નરવાહનદત્ત**ની આગળ **મરુભૂતિ**એ એ કથા કહી, ત્યારે ત્યાં બેઠેલો સેના-પતિ **હરિશિખ** બોલી ઉઠ્યો કે, ખરેખર તેની વાતમાં જરા પણ શંકા જેવું નથી. ઉત્તમ સ્ત્રીઓ પોતાના સ્વામીનાથ ઉપર દઢ ભક્તિ રાખે છે; કારણ તેનું મન પતિ સિવાય બીજી વસ્તુમાં લાગતું નથી. એ વિષયમાં એક આશ્ચર્યકારક કથા તમને કહી બતાવું છું તે સાંભળો.

પૃથ્વી ઉપર **વર્ધમાન** નામનું એક નગર છે. તેમાં ઘણો ધર્માત્મા **વીરભુજ** નામનો એક રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને સો રાણીઓ હતી, તથાપિ ગુણવરા નામની એક રાણી ઉપર તે રાજાને અધિક પ્રેમ હતો. નસીબના યોગથી સો રાણીમાંથી એકે રાણીને પેટે કંઈ સંતાન હતું નહીં. તે વાંઝીઆ મહેણાથી રાજાએ **શ્રુતવર્ધન** નામના વૈદ્યને બોલાવ્યો અને પૂછ્યું ‘જે ઔષધી ખાધાથી પુત્ર અવતરે એવી કોઈ ઔષધી છે?’ તે સાંભળી વૈદ્ય બોલ્યો; ‘મહારાજ, હું તેવું ઔષધ બનાવી આપું, પરંતુ આપ વનમાંથી એક બકરું મંગાવી આપો, તો મારાથી તે ઔષધ બનાવી શકાય.’ વૈદ્યનું વચન સાંભળી, રાજાએ **પ્રતિહાર**ને આજ્ઞા કરીને વનમાંથી એક બકરાંને મંગાવી વૈદ્યને સોંપ્યું. વૈદ્ય તે બકરું રાજાના રસોઈઆઓને આપી, તેનું માંસ કઢાવી, **માંસ**નો રાણીઓ માટે ઉત્તમ રસ કરાવ્યો. પછી રાજાએ સઘળી **રાણી**ઓને એક સ્થાનમાં ભેગી થવાની આજ્ઞા



કરી, અને પોતે દેવતાનું પૂજન કરવા ગયો. રાજાની આજ્ઞા પ્રમાણે તે ૯૯ રાણીઓ એકઠી મળી પરંતુ તેમાં રાજાની પ્રિયતમા ગુણવરા રાણી આવી નહતી–રાજા દેવ પૂજનમાં બેઠો હતો માટે તે રાણી રાજાની પાસે ઉભી હતી. પછી વૈદ્યે તે રસમાં ચૂર્ણ ભેળી, સઘળો રસ ભેળી થયેલી રાણીઓને પાઈ દીધો; તેમાંથીજરા પણ બાકી રાખ્યો નહીં. થોડીવાર પછી રાજા, દેવ-પૂજન કરી ગુણવરા રાણી સહિત ત્યાં આવ્યો અને જુવે છે તો સઘળો રસ વપરાઈ ગયો છે–તે જોઈ તે બોલી ઉઠયો: ‘વૈદ્યરાજ ! શું તમે ગુણવરા માટે જરાપણ રસ રાખ્યો નથી ? જે રાણીને માટે આ સર્વ બનાવવામાં આવ્યું હતું, તેનેજ તમે વિસરી ગયા ?’ તે સાંભળી વૈદ્યરાજ ગભરાઇ ગયા. પછી રાજાએ રસોઇઆને પૂછ્યું: ‘અરે તે બકરાનું જરા તરા પણ માંસ વધ્યું છે કેમ?’ રસોઈ-આઓએ ઉત્તર આપ્યો, ‘બે શિંગડાં બાકી રહ્યાં છે.’ વૈદ્ય બોલ્યો: ‘ઠીક ઠીક ! જો શિંગડાં હશે તો તેની અંદરથી ઘણો સારો રસ નિકળશે.’ આમ કહી શિંગડાંના માંસમાંથી ઉત્તમ રસ કઢાવી, તેમાં ચૂર્ણ નાખી, વૈદ્યે ગુણવરાને તે રસ પાયો. થોડા વખતમાં રાજાની નવાણુ રાણી ગર્ભવતી થઈ અને દશમે મહિને સઘળી રાણીએ પુત્રને જન્મ આપ્યો. ગુણવરાને પાછળથી ગર્ભ રહ્યો એટલે તે મહારાણીએ સર્વથી છેલ્લે, સર્વ ઉત્તમ લક્ષણવાળા પુત્રનો જન્મ આપ્યો. રાજા **વીરભુજે** એ પુત્રને શિંગડાંની અંદર રહેલા માંસના રસમાંથી જન્મ્યો છે એમ માની, તેનું **શૃંગભુજ** નામ પાડ્યું. તેના જન્મ સમયે ઘણો મોટો ઉત્સવ કર્યો. આ **શૃંગભુજ** બીજા ભાઇઓ સાથે મોટો થવા લાગ્યો. તે અવસ્થામાં નાનો હતો, તોપણ ગુણમાં બીજા ભાઇઓ કરતાં ઘણો જ મોટો હતો. હળવે હળવે તે પુત્ર, રૂપમાં **કામદેવ** જેવો ધનુર્વેદ જાણવામાં **અર્જુન** જેવો અને બળમાં **ભીમસેન** જેવો થયો. નિયમ પ્રમાણે, રાજા **વીરભુજ**ની બીજી રાણીઓ, રાજાની માનીતી રાણી ગુણવરાને અને તેના પુત્રને જોઈ, અત્યંત ઇર્ષ્યા કરવા લાગી !

આ બધી રાણીઓમાં એક **અયશોલેખા** નામની રાણી હતી. તે ઘણીજ કુટીલ–દુર્જન હતી. તેણે બીજી રાણીઓ સાથે એકાંતમાં વિચાર કરી એવો ઠરાવ કર્યો કે, જ્યારે રાજા તમારે મોહોલે પધારે ત્યારે આપણે સઘળી રાણીઓએ મુખ ઉપર ખોટી ઉદાસી આણી અફસોસ બતાવવો. રાજા સૌની મુખમુદ્રાને કરમાયલી જોઈ જ્યારે પૂછે કે શુંછે?,’ ત્યારે તમારે ઉદાસીનતા બતાવી કહેવું કે,“પ્રાણપતિ! તમે બીજાના દોષને ટાળનારા છો, છતાં ઘરમાં જે દૂષણ છે તે કેમ સહન કરી રહોછો? તે દૂષણથી તમે પોતે કેમ બચતા નથી? મહારાજ! આપની રાણી ગુણવરા અંતઃપુરના **સુરક્ષિત** નામના તરુણ સેવક સાથે પ્રેમમાં પડેલી છે. અંતઃપુરના પહેરેગીરો અંતઃપુરની ચોકી કરે છે તેઓએ એના અંગનાં ચિહ્ન પરથી કે રાણીમાં કંઈ નવા જુનું છે. પછી તેઓએ વિચાર્યું કે સુરક્ષિત સિવાય બીજો પુરુષ અંદર આવી શકે તેમ નથી, માટે તેની સાથે તેને પ્રેમ ચોંટલો હોવો જોઇએ. આ વાર્તા આખા અંતઃ-પુરની અંદર ચર્ચાઇ રહી છે.’ આ પ્રમાણે, સર્વ રાણીઓ કહીશું એટલે રાજાના મનમાં તે રાણી માટે ખરાબ વિચાર આવશે.” **અયશોલેખા**ના આવી રીતના સંકેત પ્રમાણે સર્વ રાણીએ વર્તવા કબુલ કર્યું.

જ્યારે રાજા એક રાણીના **મહેલ**માં ગયો ત્યારે તેણે **અયશોલેખા** સાથે કરેલા કરાર પ્રમાણે, સઘળી તાલમેલ કીધી. એ વાત સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો અને ખરું ખોટું તપાસવા

માટે એક પછી એક સઘળી રાણીઓની પાસે જઈ સર્વને પુછી વળ્યો. સઘળી કપટી રાણીઓએ એકજ ઉત્તર આપ્યું. રાજા પોતે બુદ્ધિશાળી હતો માટે તે વખતે તો શાંત રહી જુસ્સો દબાવી વિચાર કરવા લાગ્યો કે, "આવો હલકો અપવાદ સુરક્ષિત અને ગુણવરા ઉપર સંભવતો નથી; પણ મારે નિશ્ચય કર્યાં વગર કોઈનું પણ અપમાન કરવું નહીં. એ બાબતનું પરિણામ જોવા માટે, યુક્તિથી બન્ને જણાંને દૂર કરવાં એજ ઘટિત છે." આમ નિશ્ચય કરી, બીજે દિવસે રાજાએ અંતઃપુરના અધિકારી સુરક્ષિતને તેડાવી મંગાવ્યો અને કૃત્રિમ ક્રોધ કરી કહ્યું: 'અલ્યા દુષ્ટ ! તેં બ્રહ્મહત્યા કરી છે એમ મારા જાણવામાં આવ્યું છે; માટે તું જ્યાં સુધી ઉત્તરતીર્થની યાત્રા કરીશ નહીં, ત્યાં સુધી હું તારી મુખમુદ્રા જોવાની ઇચ્છા ધરાવતો નથી.' એ વચન સાંભળી અંતઃપુરનો અધિકારી સુરક્ષિત ગાભરો બની ગયો અને બોલ્યો: 'મહારાજ, મેં બ્રહ્મહત્યા ક્યારે અને ક્યાં કરી ?' રાજા પુનઃ બોલ્યો 'ચાલ, વૃથા દોષ છુપાવ નહીં. તારાં પાપ ધોવાને માટે તું કાસ્મિર જા. ત્યાં પવિત્ર વિજયક્ષેત્ર, નંદીક્ષેત્ર, વારાહક્ષેત્ર છે અને ત્યાં ચક્રપાણિ ભગવાને એજ મનુષ્યોને પવિત્ર કર્યાં હતા એવું ચક્રપાણિનું ઉત્તમ ક્ષેત્ર છે. ત્યાં વિતસ્તા નામની ગંગાનદી વહે છે, વળી ત્યાં માંડવ્ય મુનિનું ક્ષેત્ર છે, અને ઉત્તર માનસરોવર છે. ત્યાં જઈ, તે તે તીર્થમાં યાત્રા કરી પવિત્ર થયા પછી મને તારું મુખ બતાવજે; ત્યાં ગયા વગર મુખ બતાવીશ નહીં.'

આવી રીતે કહી, પરવશ પડેલા સુરક્ષિતને, રાજા **વીરભુજે** યુક્તિથી તીર્થયાત્રા કરવા માટે દૂર કીધો. પછી રાજા સ્નેહ, કોપ અને વિચાર સહિત પ્રથમ ગુણવરા રાણી પાસે ગયો. રાણી ગુણવરા રાજાનું દિલ ઉદાસ જોઈ બેબાકળી બની ગઈ. તેણે પૂછ્યું; 'આર્યપુત્ર ! આજ અકસ્માત્ આપ આમ ઉદાસ કેમ દેખાવો છો ? તે સાંભળી રાજાએ રાણીને આ પ્રમાણે કૃત્રિમ વચનો કહ્યાં:– "પ્રિયે ! આજ કોઈએક મોટો જ્ઞાની પુરુષ મારી પાસે આવ્યો હતો. તેણે મને કહ્યું કે, 'રાજા, તારે કેટલાએક દિવસપર્યંત રાણી ગુણવરાને ભોંયરામાં રાખવી અને તારે પોતે બ્રહ્મચર્યવ્રત પાળવું. જો તું તેમ કરીશ નહીં, તો તારું રાજ્ય નાશ પામશે અને તે રાણી પણ મરણ પામશે; એમાં જરા પણ સંદેહ કરવો નહીં.' આટલું કહી જ્ઞાની મહારાજ ચાલ્યા ગયા. એ વિષે મને ખેદ થાય છે." પતિવ્રતા રાણી ગુણવરા, રાજાનું આ પ્રમાણેનું કહેવું સાંભળી, ભય અને રાજા ઉપરના પ્રેમને લીધે બેબાકળી બની ગઈ. તે બોલી: 'મહારાજ ! આર્યપુત્ર ! જો મારા ભોંયરામાં રહેવાથી આપનું શુભ થતું હોય તો આજજ મને ભોંયરામાં શા માટે પુરતા નથી ? હમણાંજ પુરો. જો મારા પ્રાણ આપતાં પણ આપનું હિત થતું હોય, તો હું પ્રારબ્ધવાળી ગણાઉં. મારું મોત ભલે થાય, પણ તમારું અકલ્યાણ થવું જોઈએ નહીં. આલોકમાં અને પરલોકમાં સ્ત્રીનું ભલું કરનારો એક તેનો પતિ જ છે.'

ગુણવરાનાં આવાં વચન સાંભળી, રાજાની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં. તેણે મનમાં વિચાર કર્યો કે, 'આ રાણી અને સુરક્ષિત ઉપર મને દોષની શંકા આવતી નથી. જ્યારે મ્હેં સુરક્ષિતને તેડાવ્યો, ત્યારે તેના મુખની છાયા ઝાંખી જોવામાં આવતી નહોતી પણ તે નિર્દોષ જોવામાં આવતો હતો. આ વાત ઘણી ખેદકારક થઈ છે, પણ ફીકર નહીં; એ બે ઉપર જે અપવાદ છે, તેનો નિશ્ચય શું આવે છે તે જાણવાની હું ઇચ્છા રાખું છું.' આમ વિચાર કરી તે રાજાએ દિલગીરીથી રાણીને કહ્યું, "પ્રિયે ! જો તારી મરજી હોય તો અહીંયાંજ ભોયરું ખોદવાનું મને વચન આપ.' રાણીએ તેજ વખતે, 'બહુ સારું, ભોયરું કરાવો,' આમ કહી વચન આપ્યું. રાજાએ સારી રીતે ઉતરી શકાય એવું એક ભોયરું અંતઃપુરમાં કરાવ્યું. તેમાં રાણીને ઉતારી. માતાને ભોંયરામાં ઉતરતી જોઈ તેનો પુત્ર **શૃંગભુજ** ખેદ કરવા લાગ્યો અને પિતાને પૂછવા લાગ્યો, ત્યારે રાજાએ જે વાર્તા રાણીને સમજાવી હતી, તેજ કારણ કહી પુત્રને શાંત કર્યો. ભોંયરામાં વસવું તે રાજાનું હિત કરવા છે એમ માની રાણી ભોંયરાને સ્વર્ગ સમાન માનવા લાગી. સદાચરણી નારીઓ પોતાના પતિના સુખે સુખ માને છે, પણ પોતાના સુખે સુખ ગણતી નથી.



ગુણવરા ભોંયરામાં વસવા લાગી, ત્યાર પછી રાજાની બીજી રાણી **અયશોલેખાએ** પોતાના પુત્ર **નિર્વાસભુજને** કહ્યું; 'અમારી સાથે કલહ કરનારી ગુણવરાને રાજાએ ભોંયરામાં પુરી દીધી છે, હવે તેનો પુત્ર એકલો અહીં છે. તે જો આ દેશમાંથી દેશાંતરમાં જાય તો મને નીરાંત થાય માટે દિકરા ! રાજા જેમ **શૃંગભુજને** થોડા દિવસમાં દેશમાંથી કાઢી મૂકે, એવી રીતની યુક્તિ તારા બીજા ભાઈઓ સાથે મળી તું શોધી કાઢ. આ રીતે માતાએ કહ્યું એટલે **નિર્વાસભુજ**, મત્સરમાં આવી ગયો અને બીજા ભાઈઓ આગળ આ વાર્તા કરી પોતે તેનો ઉપાય શોધવા લાગ્યો.

એક વખતે રાજાના સઘળા કુમારો મોટાં મોટાં શસ્ત્રોના પ્રયોગો ( અજમાયસ ) કરતા હતા એવામાં, રાજમહેલ ઉપર બેઠેલો એક મોટી કાયાવાળો બગલો સઘળાના જોવામાં આવ્યો. સઘળા રાજકુમાર તે પક્ષિની આકૃતિ વિકૃત જોઈ વિસ્મય પામી ગયા. એવામાં તે માર્ગે કોઈ એક બુદ્ધધર્મનો જ્ઞાની દિગંબર સાધુ જતો હતો તેણે કહ્યું: 'રાજકુમારો ! શું જોઈ રહ્યા છો. તે બગલો નથી, પણ બગલાના રૂપમાં રહેલો **અગ્નિશિખ** નામનો રાક્ષસ છે. એ શહેરનો નાશ કરવા ફરે છે, માટે તેને હમણાંજ બાણ મારીને વિંધી નાખો, તે માર ખાઈને ઉડી જશે.' ક્ષપણકનું આ પ્રમાણેનું કહેવું સાંભળી, નવાણુ રાજકુમારે ધનુષના પ્રહાર કર્યાં, પણ નાના કુમાર **શૃંગભુજે** બાણ માર્યું નહીં. પછી તે બુદ્ધ દિગંબર સાધુ તેઓને કહેવા લાગ્યો: 'તમારો આ નાનો ભાઈ **શૃંગભુજ** તે બગલાને મારવા સમર્થ છે. તે જો મજબુત ધનુષ લઈ તે બગને મારશે તો તે ઉડી જશે.' ક્ષપણકનું વચન સાંભળતાં વેતજ, લુચ્ચા **નિર્વાસભુજને** તરત માતાએ કહેલું વચન યાદ આવ્યું. તેણે વિચાર કર્યો કે, " શૃંગભુજને પરદેશમાં કાઢવાને આ સારી તક છે. ચાલ પિતાનું ધનુષ અને તેમાં ચઢાવવાનું સોનાનું શર તેને આપીએ. તે, એ બગલાના શરીરમાં સોનાનું તીર મારશે. તે બાણબકાસુરના શરીરને વિંધી અંદર ચોંટી જશે, તે બગલે તીર લઈ ઉડી જશે. પછી અમે સઘળા તેની પાસે તીર માંગીશું, એટલે તે પોતે તીર લેવા માટે બગલાની પાછળ દોડી જશે. જ્યાં સુધી તેને સોનાનું તીર મળશે નહીં, ત્યાંસુધી તે આમ તેમ ભટકી, બગાસુરને ખોળ્યાજ કરશે, પણ તીર લીધા વગર પાછો ફરશે નહીં." આવો વિચાર કરી, પાપી નિર્વાસભુજે તે બગાસુરને મારવા માટે, શૃંગભુજને પિતાનું ધનુષ અને તીર આપ્યાં.

મહાપરાક્રમી **શૃંગભુજે** પિતાનું ધનુષ હાથમાં લઈ જોરથી ખેંચ્યું. પછી રત્નના પુચ્છવાળું સોનાનું તીર ચઢાવી બગલાને માર્યું. તે તીર બગલાના શરીરને વિંધી અંદર પેસી ગયું. તુરત

તેના શરીરમાંથી લોહીની ધારા પડવા લાગી; પણ બાણથી વિંધાયલો તે બગલો બાણ સહિત ત્યાંથી ઉડી ગયો. બગલો ઉડી ગયા પછી કપટી નિર્વાસભુજ અને તેની સલાહથી ઉશ્કેરાયલા બીજા ભાઇઓ, શૂરવીર શૃંગભુજને કહેવા લાગ્યા; 'ભાઈ! તું પિતાનું સોનાનું તીર અમને પાછું આપ. તે ધનુષ પિતા અમારી પાસે માંગશે ત્યારે અમે તેને આપીશું નહીં, તો તે અમને આ રાજ્યમાંથી બહાર કાઢી મૂકશે. કદી નવું બનાવીને આપીએ અથવા કયાંઇથી લઇને આપીએ, પરંતુ એના જેવું મળવું અથવા બનવું મુસ્કેલ છે. માટે તું જો આજ અમને તીર આપીશ નહીં, તો અમે તારી આગળ અમારા પ્રાણત્યાગ કરીશું.' ભાઇઓનાં વચન સાંભળી તરત મહાવીર શૃંગભુજ બોલ્યો; 'ભાઇઓ! તમે ધીરજ રાખો, ડરો મા, ગભરાટ છોડી દ્યો. હમણાં હું જાઉં છું અને તે અધમ રાક્ષસને મારી સોનાનું તીર લઈ પાછો' આવું છું. આટલું કહીં શૃંગભુજ પોતાનું ધનુષ અને બાણ લઈ, જે દિશા તરફ બગલો ઉડયો હતો તે દિશામાં, જમીન ઉપર લોહીની ધારા પડી હતી તે ધારાની પાછળ પાછળ ઉતાવળો ઉતાવળો ચાલવા માંડયો. આ રીતે શૃંગભુજને રાજ્યમાંથી કાઢી, તેના ભાઇઓ રાજી થતા થતા, માતાની પાસે ગયા અને પોતાની વાર્તા માના આગળ જણાવી તેની માતાઓને પણ તેથી તેની આનંદ થયો.

શૃંગભુજ લોહીની ધારા પાછળ ક્રમે ક્રમે ચાલતો ચાલતો ઘણે દૂર એક ભયંકર જગલમાં જઈ પહોંચ્યો. તે જંગલની અંદર બગલાની તપાસ કરવા લાગ્યો, પણ કંઈ પત્તો મળ્યો નહીં. એવામાં સમય ઉપર ઉપયોગી માટે પુણ્યવૃક્ષનું ફળ મળી આવ્યું હોય તેની પેઠે, એક ઉત્તમ નગર તેની નજરે પડયું. આ નગરની પાસે એક બગીચો હતો. તેના ઝાડની છાયા તળે શૃંગભુજ વિશ્રામ કરવા માટે ક્ષણવાર બેઠો. એવામાં તેણે અત્યંત સ્વરૂપ સૌંદર્યવાન એક કન્યાને બગીચામાં આવતી દીઠી. આ કન્યા વિરહમાં પ્રાણનાશ કરનારી હતી અને સંગમમાં જીવન આપનારી હતી, તેથી જાણે બ્રહ્માએ વિષમય અને અમૃતમય મૂર્તિ સાથે સાથે ઘડી હોય તેમ તે દર્શન દેતી હતી. તે કન્યા હળવે હળવે રાજકુમાર પાસે આવીને પ્રેમ દૃષ્ટિથી રાજકુમારને જોવા લાગી. રાજકુમાર પણ તેના ઉપર આશક થઇ ગયો. તેને પૂછ્યું 'અયિ! મૃગલોચના પ્યારી! આ નગરનું નામ શું છે? તેના રાજાનું નામ શું છે? તમે કોણ છો? અહીં શા માટે આવ્યાં છો? તે મને કહો.' તે સાંભળી, દાડિમની કળી જેવા દાંતવાળી તે કન્યા, પૃથ્વી તરફ નજર કરી, સ્નેહ અને મીઠાશવાળી વાણીથી કહેવા લાગી કેઃ–

"સર્વ સંપત્તિથી આબાદ થયેલું આ નગરનું નામ ધૂમપુર છે. આમાં અગ્નિશિખ નામનો મોટો રાક્ષસ રાજ્ય કરે છે. હું તેની પુત્રી છું, અને મારું નામ રૂપશિખા છે. હું તમારી અનુપમ સુંદરતા જોઇ તમારા ઉપર મોહ પામીને અહીં આવી છું. હવે હું તમને પૂછું છું કે, તમો કોણ છો, અને અહીં શા માટે આવ્યા છો તે મને કહો." તે કન્યાનું આવું મધુરું બોલવું સાંભળી, શૃંગભુજે પોતાનું નામ, પોતાના પિતાનું નામ અને તીર માટે ધૂમપુરમાં આવવું વગેરે સર્વ વૃત્તાંત તે કન્યાને કહી સંભાવ્યો. રૂપશિખા રાજકુમાર પાસેથી સર્વ વૃત્તાંત જાણ્યા પછી બોલીઃ 'તમારા સમાન ધનુષધારી પુરુષ ત્રણે લોકમાં બીજો કોઈ પણ નથી; કારણ કે તમે બકરૂપ ધારી મારા પિતાને પણ મોટું બાણ મારી જખમી કરી દીધો છે–જે કામ સાધારણ પરાક્રમનું નથી. તમે જે



સોનાનું તીર માર્યું હતું અને મારા પિતાના શરીરમાં ખુચી ગયું હતું તે તીર, મહાદંષ્ટ્ર નામનો અહિયાં એક મંત્રી છે, તે શરીરની અંદર ખુંચેલા શર વગેરે કાઢી ઔષધીવડે ઘાને રુઝાવવાનું જાણે છે તેણે, મારા પિતાના શરીરમાંથી બહાર કાઢ્યું છે અને તે ઘાને રુઝાવ્યો છે. મેં તમારા તે તીરને રાખવા માટે મારા સ્વાધીનમાં લીધું છે. આર્યપુત્ર! હું હમણાં પિતા પાસે જઈ તેને સર્વ વાર્તા સમજાવી, હમણાં તમને નગરમાં લઈ જાઉં છું. 'મારા પ્રાણ' એમજ હવે આપને કહીશ, કેમકે મારા હૃદયમાં હવે આપ જ રમણ કરો છો."

આટલું કહી શૃંગભુજને બહાર બેસારી એક ક્ષણમાં રૂપશિખા પોતાના પિતા અગ્નિશિખની પાસે ગઈ. તેણે પિતાને કહ્યું કે હે પિતાજી! શૃંગભુજ નામનો કોઇએક બળવાન્ રાજકુમાર આ ગામમાં આવ્યો છે. રૂપમાં, કુળમાં, સ્વભાવમાં, અવસ્થામાં અને ગુણમાં તેના જેવો બીજો કોઈ નથી–તે એકજ છે. આ ઉપરથી હું સમજું છું કે તે મનુષ્ય નથી, પરંતુ આ દુનિયામાં કોઇએક દેવાંશી અવતર્યો છે. જો તેની સાથે મારાં લગ્ન કરશો નહીં, તો હું અવશ્ય મારા પ્રાણ ત્યાગ કરીશ. કન્યાનું આ વચન સાંભળી તેનો પિતા રાક્ષસ બોલ્યો.: 'પ્રિય પુત્રી! મનુષ્ય એ તો આપણો ખોરાક છે. તથાપિ જો તારે તેની સાથે પરણવાનો આગ્રહ હોય, તો ભલે તેમ કર. તું તે રાજ-પુત્રને અહીં તેડી લાવી મને બતાવ.' પછી રૂપશિખા શૃંગભુજ કુમાર પાસે ગઈ અને પોતે શું કર્યું હતું તે કહી બતાવ્યું પછી પોતાના પિતા નજીક તેને તેડી ગઈ. કુમારે રાક્ષસ પાસે જઈ પ્રણામ કર્યા. કન્યાનો પિતા અગ્નિશિખ તેને આદર સત્કાર આપી બોલ્યોઃ 'રાજકુમાર! તું જો કોઈ પણ દિવસ મારાં વચનનું ઉલ્લંઘન કરીશ નહીં, તો હું તારી સાથે આ રૂપશિખાને પરણાવીશ.' આ રીતે રાક્ષસે કહ્યા પછી, રાજકુમાર શૃંગભુજ પણ વિનીત બનીને બોલ્યો; 'બહુ સારુ. હું આપની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તીશ; કદી પણ આપના વચનનું ઉલ્લંઘન કરીશ નહીં'. શૃંગભુજનું બોલવું સાંભળી અગ્નિશિખ ખુશી થતો બોલ્યો 'તું જઈ સ્નાનમંદિરમાં સ્નાન કરી આવ.' આમ તે કુમા-રને કહી, પુત્રી રૂપશિખાને કહ્યું; 'વત્સે! તું પણ જા અને તારી સઘળી બહેનોને સત્વર બોલાવી લાવ.' અગ્નિશિખે આજ્ઞા કરી એટલે બન્ને જણાં 'બહુ સારુ' એમ કહી ત્યાંથી સાથે સાથે બહાર નિકળ્યાં. બહાર આવ્યા પછી બુદ્ધિશાળી રૂપશિખાએ રાજકુમારને કહ્યું; 'આર્યપુત્ર! મારી નાની સો બહેનો છે. અમે સઘળી રૂપે ને રંગે સરખી છીએ. અમારાં ઘરેણાં અને વસ્ત્ર પણ સરખાં છે. અમારા સઘળાના કંઠમાં માળાઓ પણ સરખીજ છે, માટે પ્રિયનાથ! મારા પિતા અમને સઘળીને એકઠી કરી, તમને મુઝાવવા માટે કહેશે કે, આ કન્યામ! જે કન્યા તને અભિષ્ટ હોય તે કન્યાની તું માંગણી કર. આવો તેનો અંદરનો કપટ ભરેલો અભિપ્રાય મારા જાણવામાં છે. જો તેનો એવો અભિપ્રાય ન હોય તો, શા માટે અમને સઘળીઓને એકઠી કરે? માટે, જ્યારે મારા પિતા તમને કહે કે આ કન્યામાં જે કન્યા ઉપર તારું મન હોય તેની માગણી કર. ત્યારે તમારે કેમ વર્તવું તે જણાવું છું તે પ્રમાણે તમે વર્તજો. હું મારા કંઠની માળા, અમે ભેગાં થઈશું તેજ વખત મસ્તકપર મૂકીશ-એ એધાણથી તમારે મને ઓળખી, મારાઉપર પુષ્પનો હાર ફેંકવો. મારો પિતા તો ઘણું કરી, તે જોતાં ભૂત જેવો થઈ જશે. એની બુદ્ધિ વિવેકવાળી નથી, તે રાક્ષસ છે તેથી બીજી પછી માયા કરશે. પણ શું થયું? જેમ એ માયા કરી જાણે છે,

તેમ હું પણ માયા જાણું છું—એ માયાસિદ્ધ છે, તેમ હું પણ માયાસિદ્ધ છું. તમને છેતરવા માટે એ જે જે કંઈ પણ કહે તે તે સર્વ તમારે કબૂલ કરવું અને મને કહેવું. તેની સર્વ માયાનો ઉતાર હું બરાબર જાણું છું.' પછી રાજકુમાર 'ઠીક છે એમ કહી સ્નાન માટે સ્નાનમંદિરમાં ગયો અને રૂપશિખા બહેનોની પાસે ગઈ. થોડીવારમાં તે સઘળી બહેનો સહિત પિતાની પાસે આવી. શૃંગભુજ પણ દાસીદ્વારા સ્નાન કરી પુનઃ ત્યાં આવ્યો. સર્વ ભેગાં થયાં. પછી અગ્નિશિખ રાક્ષસે એક ફુલનો હાર શૃંગભુજને આપી કહ્યું: 'રાજકુમાર ! આ કન્યામાં તને જે કન્યા વહાલી હોય તે કન્યાને આ વનમાલા પહેરાવ.' રૂપશિખાએ સંકેત પ્રમાણે મસ્તક ઉપર માળા ચઢાવી તે ઉપરથી તેજ રૂપશિખા છે એમ માની, રાજકુમારે તે વનમાળા હાથમાં લઈ તરત રૂપશિખાના ગળામાં પહેરાવી દીધી. એ જોઈ અગ્નિશિખે, રૂપશિખાને અને રાજકુમારને કહ્યું, 'હું કાલે પ્રભાતમાં તમારા બન્નેના માંગલિક વિવાહ કરીશ.' પછી તે બન્ને પ્રિયા પ્રિતમ અને બીજી દીકરીઓને રજા આપી ઘેર મોકલ્યાં. થોડીવાર પછી શૃંગભુજને બોલાવી તે રાક્ષસે કહ્યું; 'આજ તું આ બળદનું હળ લઇ શહેર બહાર જા, અને ત્યાં પડેલા તલના ઢગલામાંથી ૧૦૦ કારી* તલ વાવી આવ.' શૃંગભુજ તેનું કહેવું સાંભળી 'ઠીક છે' એમ કહી રૂપશિખા પાસે આવ્યો અને ઉદાસીન થઈ તે વાત તેને જણાવી. રૂપશિખાએ સર્વ વૃત્તાંત જાણી, આ પ્રમાણે રાજકુમારને કહ્યું: 'આર્યપુત્ર ! તમારે એમાં જરા પણ ખેદ કરવો નહીં. તમે શહેર બહાર ક્ષેત્રમાં જાઓ: હું મારી માયાના પ્રતાપથી તે સર્વ તલ હમણાં વાવી નાખું છું. પછી રાજકુમાર શહેર બહાર ગયો અને પ્યારીનો પ્રેમ જુવે છે તો ત્યાં મોટા તલના ઢગલાઓ તેના જોવામાં આવ્યા. તેના પ્રમાણથી ગભરાટમાં પડ્યો. પણ ખેતર ખેડે છે અને તે તલ વાવવાનું શરુ કરે છે, ત્યા રાજકુમારને, પ્યારીની માયાથી પ્રતાપથી, તે સમગ્ર ભૂમિ ખેડેલી જોવામાં આવી અને સઘળા તલના ઢગલાઓ ક્રમવાર વાવેલા જોવામાં આવ્યા. તે જોઈ કુમાર બહુ આશ્ચર્ય પામ્યો.

રાજકુમાર તલ વાવી અગ્નિશિખ પાસે આવ્યો ને જણાવ્યું કે, મેં ક્ષેત્ર ખેડીને તલ વાવ્યા છે. ત્યારે તે ઠગ રાક્ષસે રાજકુમારને કહ્યું: 'મારે કંઈ તલ વવરાવવાનું કામ નહતું, પણ જે તલ વાવેલા છે, તે સઘળા એકઠા કરી આપવાનું કામ છે! તે સાંભળી રાજપુત્ર રૂપશિખા પાસે આવ્યો અને વિતક વાર્તા કહી. રૂપશિખાએ તે કુમારને ક્ષેત્રમાં જવા માટે કહ્યું. પછી પોતે માયાથી અસંખ્ય કીડીઓ ઉત્પન્ન કીધી તે કીડીઓએ ક્ષેત્રમાંના સઘળા તલને એકઠા કરી તેના મોટા ઢગલા બનાવી દીધા. શૃંગભુજે તે તલના ઢગલા જોયા ને પ્રસન્ન થયો. વળી અગ્નિશિખ પાસે તે આવ્યો અને તેને જણાવ્યું કે, 'મેં સઘળા તલને એકઠા કરી, તેના ઢગલા કરી મૂક્યા છે.'

તે સાંભળી અગ્નિશિખ, જે ઠગ કરતાં વધુ મૂર્ખ હતો તે પુનઃ બોલ્યો; અરે ભાઈ! "તમારા સરખું એક કામ છે તે બજાવો તો ઘણું સારું. અહીંથી દક્ષિણ દિશામાં ચાર ગાઉ પર જંગલમાં શંકરનું એક ખાલી મંદિર છે. તે મંદિરમાં ધૂમશિખ નામનો મારો પ્યારો ભાઈ રહે છે. ત્યાં હમણાંને હમણાં જાઓ, અને દેવ મંદિરની આગળ જઇ કહો કે; 'ધૂમશિખ! કાલે પ્રભાતમાં રૂપશિખાનાં લગ્ન થવાનાં

* એક કારી, વજનમાં ત્રણ બુશલ જેટલું થાય છે.



છે, માટે તમને સહકુટુંબ નિમંત્રણ કરવા માટે તમારા ભાઈ અગ્નિશિખે મને મોકલ્યો છે, માટે તમારે સત્વર લગ્નમાં પધારવું,' આટલું કહી તારે આજે જ પાછું અહીં આવતા રહેવું. હું કાલે સવારે તારી સાથે રૂપશિખાને પરણાવવાનો છું.' આવી રીતે ઠગ અને દુષ્ટ અગ્નિશિખે કહ્યું; ત્યારે શૃંગભુજ, 'ઠીક છે' એમ કહી રૂપશિખા પાસે ગયો ને રાક્ષસના કહેવા પ્રમાણે સર્વ કથા રૂપશિખાને કહી. આ વાત સાંભળતાંજ, સદ્‌ગુણી રૂપશિખાએ રાજકુમારને માટી, પાણી, કાંટા અને અગ્નિ એમ ચાર વસ્તુઓ આપી, પોતાનો ઉત્તમ ઘોડો ચડવા માટે આપ્યો અને કહ્યું કે; તમે આ ઘોડા ઉપર ચઢી, દેવના મંદિર પાસે જલદી જજો, અને પિતાએ કહેલું નિમંત્રણ, ધૂમશિખ કાકાને કહેતાંની સાથેજ, ઘોડો ઝડપથી દોડાવી પાછા વળજો. પાછા વળતી વખતે વારંવાર પાછળ નજર કરજો. જો પાછળ ધૂમશિખ આવતો જોવામાં આવે તો, તમે તેના આવવાના માર્ગ ઉપર પ્રથમ આ માટી નાખજો. તોપણ તે ધૂમશિખ જો પાછળ આવે તો પ્રથમની માફક પાછળના માર્ગપર આ જળ છાંટજો. તોપણ તે પાછળ આવતો જણાય તો પાછળના માર્ગપર પ્રથમની પેઠે આ કાંટા વેરજો; અને તોપણ તે આવે તો તમે માર્ગની અંદર આ અગ્નિને નાખજો. આમ કરવાથી જરા પણ દુઃખ વગર તમે અહીં પાછા આવી શકશો. મનમાં કંઈ શંકા કરતા ના પણ આજ મારી વિદ્યાનું પરાક્રમ તમારા જોવામાં આવશે.' આવી રીતે સર્વ સામગ્રી આપી, તેની સમજણ પાડી રાજકુમાર શૃંગભુજ માટી વગેરે સર્વ વસ્તુ લઈ, તેના પાણીદાર ઘોડા ઉપર ચઢી, 'તમારા કહેવા પ્રમાણે સર્વ કરીશ' એમ કહી, જે જંગલમાં દેવમંદિર હતું તે તરફ ચાલવા માંડયો. તે શિવમંદિરમાં આવ્યો તે મંદિરમાં ડાબા હાથ ઉપર પાર્વતી બેઠાં હતાં, જમણા હાથ ઉપર ગણપતિ બેઠા હતા અને મધ્યભાગમાં શંકર બીરાજેલા હતા. તે ત્રણે દેવનાં દર્શન કરી તેને પ્રણામ કર્યાં. પછી અગ્નિશિખે વિવાહ સંબંધી જે નિમંત્રણ ધૂમશિખને કહાવ્યું હતું તે નિમંત્રણ, ધૂમશિખને ઝટપટ કહી, યુક્તિપૂર્વક ઘોડાને દોડાવી નાસવા માંડ્યું. એક ક્ષણ પછી નજર કરીને પાછળ જુવે છે, તો ધૂમશિખ પાછળ આવતો હતો. તુરતજ રાજકુમારે પોતાની પાછળના માર્ગમાં, પ્રિયાએ આપેલી માટી નાખી. તરત માર્ગની વચમાં માટીમાંથી એક મોટો પહાડ બની ગયો. ધૂમશિખે મહામેહેનતે તે પહાડને ઉલ્લંઘ્યો ને તેની પાછળ પડયો. પુનઃ ધૂમ શિખને પાછળ પડેલો જોઈ, રાજકુમારે પ્રથમ માફક પાછળના રસ્તા ઉપર જળની ધારા કરી. તે પાણીમાંથી મોટા મોજાંવાળી મહા નદી બની ગઈ. ધૂમશિખ રાક્ષસ તે મહાનદીને પણ મહામુસીબતથી તરી પાછળ પડયો. આ વખતે શૃંગભુજે વળી પાછળના રસ્તા ઉપર કાંટાઓની વેરણી કીધી. તે કાંટમાંથી કાંટાવાળું ભયંકર જંગલ બની ગયું. રાક્ષસ ધૂમશિખ તે વન ઓલંઘીને પણ પાછળ આવ્યો ત્યારે રાજકુમાર શૃંગભુજે, પાછળના માર્ગ ઉપર અગ્નિ નાખ્યો. તે અગ્નિથી માર્ગમાં આવેલું આખું જંગલ સલગવા લાગ્યું. રાક્ષસ ધૂમશિખે તે વનને ખાંડિવવનની માફક બળતું જોયું એટલે તેનાથી આગળ જઈ શકાય તેવું નથી એમ ધારી, ઉદાસ થઈ, ડર ખાઈ પાછો વળ્યો. રૂપશિખાની આ માયાથી મૂઢ બની તે રાક્ષસ આકાશમાં ઉડવાની વિદ્યા વિસરી જઈ, જેમ પગે ચાલી આવ્યો હતો, તેમજ પગે ચાલી પાછો પોતાને ઘેર ગયો.

શૃંગભુજ અંતઃકરણમાં પોતાની સ્ત્રીની માયાનું પરાક્રમ વખાણવા લાગ્યો અને નિર્ભય બની, ધૂમપુરમાં સ્ત્રીની પાસે આવ્યો. રૂપશિખાને તેનો ઘોડો પાછો સોંપી, ત્યાં જે બનાવ બન્યો હતો તે કહ્યો. તે સાંભળી રૂપશિખા ઘણો હર્ષ પામી. પછી રાજપુત્રે અગ્નિશિખની પાસે જઈ કહ્યું; 'હું તમારા ભાઈ ધૂમશિખને નિમંત્રણ કરી આવ્યો છું. તે સાંભળી અગ્નિશિખ તો આશ્ચર્યમાં ગરકાવજ થઈ ગયો અને પૂછવા લાગ્યો: 'જો તું ત્યાં ગયો હતો, તો મને તે દેવમંદિરની કંઈ નિશાની બતાવ.' તે કપટી રાક્ષસે પૂછ્યું એટલે રાજકુમાર બોલ્યો:"જ્યારે તમારી ઇચ્છા ત્યાંની નિશાની જાણવાનીજ છે, તો સાંભળો: આપને દેવમંદિરની નિશાની આપું છું. તે મંદિરના મધ્યભાગમાં શંકર બીરાજે છે, તેના ડાબા ભાગ ઉપર પાર્વતીજી છે ને જમણા ભાગમાં ગણપતિ છે.' અગ્નિશિખે પ્રમાણ સાંભળ્યું, ત્યારે તે આશ્ચર્ય પામ્યો અને ક્ષણવાર વિચારમાં પડ્યો કે "આ કુમાર મારા ભાઈ પાસે ગયો છતાં પણ મારા ભાઇએ આને કેમ ખાધો નહી હોય. મને જણાય છે કે આ મનુષ્ય નથી, પણ અવસ્ય કોઈ મોટો દેવ છે. મારી કન્યા આ વર સાથે ભલે પરણે, કારણ કે વર તેના લાયકનો છે. આમ વિચાર કરી શૃંગભુજને રૂપશિખા પાસે જવા માટે તેને રજા આપી; પરંતુ પોતાની પુત્રી ફુટેલી છે માટે આ કુમાર બચી ગયો છે એ વાત તે જાણી શક્યો નહીં. કુમાર, રાક્ષસ પાસેથી રજા લઈ રૂપશિખા પાસે ગયો અને ત્યાં ખાનપાનમાં ગુલતાન બની, કાલે વિવાહ થશે તેની ઉત્કંઠાથી આખી રાત્રિ જેમ તેમ ગુજારી. પ્રભાત થયું એટલે અગ્નિશિખે પોતાની સિદ્ધિને છાજતી સમૃદ્ધિવડે, રાજકુમારનો સત્કાર કરી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અગ્નિની સાક્ષીએ, પોતાની કન્યા, રાજકુમારને પરણાવી. એ વેળા તેણે ઘણી ધામધુમ કરી હતી. મહારાજ ! જુઓ ઇશ્વરની ગતિ કોણ કળી શકે છે. રાક્ષસની પુત્રી ક્યાં અને રાજકુમાર ક્યાં ! અને વળી તે બન્નેનો વિવાહ ક્યાં ! એ કંઈ સાધારણ બનાવ નથી. આશ્ચર્ય છે કે પૂર્વ જન્મમાં કરેલાં કર્મની જગતમાં વિચિત્ર જ ગતિ છે. પછી તે રાજકુમાર, રાક્ષસ પુત્રી સાથે લગ્ન કરી, હંસ જેમ કાદવમાંથી પેદા થયેલી કમલિની સાથે પરણીને શોભા પામે છે, તેમ શોભવા લાગ્યો અને તે કન્યા સાથે તન્મય થઈ, રાક્ષસની સિદ્ધિથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના વૈભવો ભોગવતાં તે સ્ત્રી સાથે રહેવા લાગ્યો.

કેટલાક દિવસો વીત્યા પછી, શૃંગભુજે એકાંતમાં રૂપશિખાને આ પ્રમાણે કહ્યું; 'પ્યારી ! ચાલ હવે આપણે વર્ધમાનપુરમાં જઇએ. તે મારી પોતાની રાજધાની છે અને હું ત્યાંથી, મારા શત્રુઓના પ્રપંચથી દેશવટો લઈ આવ્યો છું. મારા જેવા પુરૂષો પ્રતિષ્ઠાને પ્રાણસમ સમજે છે, પણ પ્રાણને પ્રાણ સમજતા નથી. જન્મભૂમિ ત્યાગ કરવા લાયક નથી, તોપણ તું મારે માટે જન્મભૂમિનો ત્યાગ કરવા માટે પિતાની રજા લઈ, હાથમાં સુવર્ણનું તીર લઈ,તૈયાર થા; અને મારી સાથે રાજધાનીમાં ચાલ." શૃંગભુજનું આ પ્રમાણેનું કહેવું સાંભળી; રૂપશિખા બોલી,'આર્યપુત્ર ! પ્રાણનાથ ! હવે આપ જે આજ્ઞા ફરમાવશો તે મુજબ વર્તવાને માટે હું તૈયાર છું. જન્મભૂમિ કોણ અને બંધુ કોણ ? મારે તો તે સર્વ આપજ છો. પતિવ્રતા સ્ત્રીઓને પતિ શિવાય બીજો કોઈ પણ સુખ આપનાર નથી; અર્થાત તેને પતિ તરફથી સર્વ સુખ મળે છે. તમારે જવાની ઇચ્છા હોય



તો અગ્નિશિખને તે સંબંધે કંઈ જણાવવું નહીં. તે જો જવાનું જાણશે તો મને રજા આપશે નહીં. માટે, તે ક્રોધી જાણે નહીં તેમ, તેનાથી છૂપી રીતે આપણે ચાલ્યા જવું જોઇએ. આપણા ગયા પછી, પરિજનથી તે કદી આપણા જવાનું જાણશે અને પાછળ આવશે તો, હું મારી વિદ્યાના બળથી ભૂત જેવા તે મૂર્ખને મોહિત કરી દઇશ.' આવાં ઉત્સાહવાળાં પ્યારીનાં વચન સાંભળી, શૃંગભુજ ઘણો ખુશી થયો. તેને ઘણો આનંદ થયો; બીજો દિવસ થયો એટલે તે રાક્ષસની કન્યા, અર્ધરાજ્ય હોય એવો, અણમોલ કીમતનાં રત્નનો એક દાબડો અને પેલું સુવર્ણનું મનોહર તીર લઈ તૈયાર થઇ. પછી રાજકુમાર અને તે કન્યા બન્ને જણ, રાક્ષસના શરવેગ* નામના ઘોડા ઉપર સર્વ સામાન ભરી, તે ઉપર સ્વારી કરી, 'અમે ફરવા માટે ઉપવનમાં જઇએ છીએ,' આમ કહી પરિજનને છેતરી, વર્ધમાનપુર તરફ ચાલતાં થયાં.

ચાલતાં ચાલતાં ઘણા ગાઉ પહોંચી ગયા પછી તે વાર્તા અગ્નિશિખના જાણવામાં આવી. તે કોપ કરી તેની પાછળ આકાશમાર્ગે સુસવાટા ભેર દોડ્યો. માર્ગમાં જતી રૂપશિખાએ પિતાના જોશભેર દોડવાનો શબ્દ સાંભળી, શૃંગભુજને કહ્યું, "પ્રાણપતિ ! મારા પિતા મને પાછી તેડવા માટે,઼ઓ પાછળ આવે છે. તમે આ ઘોડા ઉપર બેઠા રહેજો, બીશો મા. હું મારી વિદ્યાથી તમને અને તમારા ઘોડાને અદ્દશ્ય બનાવી દઇશ, એટલે તે તમને અને ઘોડાને દેખશે નહીં, તમે જુઓ કે હું તેને કેવી રીતે છેતરું છું.' આમ કહી તે સ્ત્રી ઘોડા ઉપરથી નીચે ઉતરી પડી અને માયાવડે પુરુષ બની ગઈ. તે, વનમાં લાંકડાં લેવા માટે એક કઠીઆરો આવ્યો હતો તેની પાસે ગઈ અને કહ્યું કે, 'અહીં એક મોટો રાક્ષસ આવે છે, માટે તું ક્ષણવાર સંતાઈ જા.' તેને સંતાડી, તેની પાસેથી કુવાડો લઇ, તેનાવતી રૂપશિખા લાકડાં કાપવા લાગી. એ જોઈ શૃંગભુજ મંદ મંદ હાસ્ય કરવા લાગ્યો. એવામાં મૂઢ અગ્નિશિખ રાક્ષસ આકાશમાર્ગે દોડતો દોડતો ત્યાં આવ્યો, અને કઠીઆરાના આકારમાં રહેલી પોતાની પુત્રીને જોઈ, આકાશમાંથી નીચે ઉતરી તેની પાસે જઇ પૂછ્યું; 'અરે ભાઈ ! તેં આ માર્ગે જતાં કોઈ સ્ત્રી પુરુષને દીઠાં છે? " ત્યારે પુરુષના વેશમાં રહેલી રૂપશિખા, જાણે લાકડાં કાપવાથી ઘણી જ થાકી ગઈ હોય, તેમ ઢોંગ કરી બોલી; 'આજે અગ્નિશિખ નામનો એક મોટો રાક્ષસ ગૂજરી ગયો છે. તેને બાળવા માટે અમે તો અહીં લાકડાં કાપીએ છીએ, તેના પરિશ્રમથી અમારી આંખમાંથી જળ ઝરે છે, માટે અમે તો કોઈ સ્ત્રી પુરુષને અહીંથી જતાં જોયાં નથી.' તે સાંભળી પેલો મૂર્ખ રાક્ષસ મનમાં વિચારવા લાગ્યો; "શું હું મરી ગયો છું? તેમ હોય તો હવે મારે પુત્રીને શું કરવી છે? ચાલ, પાછો ઘેર જઈ મારા પરિજનને તે વિષે પૂછી આવું." આમ વિચારી અવિચારી અગ્નિશિખ તરત ઘેર ગયો; અને તેની કન્યા રૂપશિખા હાસ્ય કરતી કરતી, પ્રથમની માફક પ્રાણપ્રિય સાથે માર્ગ કાપવા લાગી.

તે રાક્ષસે ઘેર જઈ પરિજનને પૂછ્યું; "બોલો હું મરી ગયો છું કે જીવું છું?' તે સાંભળી તેનાં પરિજન હાસ્ય કરીને બોલ્યાં; 'મહારાજ ! તમે જીવો છો, મરી ગયા નથી.' રાક્ષસ પરિજન

* [શરવે]ગ એટલે માનમાંથી બાણ છુટે તે જેટલા જોર ને ત્વરાથી જાય તેટલા જોર અને ત્વરાથી

ત્રી સહિત
અને તેની
તા કરી, "
વી, રૂપ
ળી શુ

પાસેથી પોતાને જીવતો જાણી પાછો પુત્રીની પાછળ દોડયો. પુનઃ રૂપશિખાએ દૂરથી પિતાની દોડનો સુસવાટો સાંભળ્યો કે પિતા પુનઃ મારી પાછળ આવ્યા છે. પુનઃ તે પોતે ઘોડા ઉપરથી ઉતરી પડીને પ્રથમની માફક માયાવડે પતિને અદૃશ્ય બનાવી, પોતે પુનઃ પુરુષનું રૂપ ધારણ કર્યું; અને તે રસ્તામાંથી એક કાસદ જતો હતો તેના હાથમાંથી કાગળ લઇ ઉભી રહી. એવામાં તે રાક્ષસ કાસદના આકારમાં ઉભેલી પુત્રીને જોઇ આકાશમાંથી નીચે ઉતર્યો અને પૂછ્યું: ‘અરે ભાઇ! તેં આ રસ્તા ઉપરથી કોઇ સ્ત્રીપુરુષને જતાં દીઠાં છે?’ કાસદના આકારમાં ઉભી રહેલી રૂપશિખા હાંફતી હાંફતી બોલી; ‘આજ રણસંગ્રામમાં શત્રુએ અગ્નિશિખને પાયમાલ કરી નાંખ્યો છે; છતાં પણ તેનામાં જરા જીવ રહી ગયો છે. તેણે પોતે જીવતાં જ પોતાનું રાજ્ય પોતાના ભાઇ ઉચ્છૃંખલ મનના ધૂમશિખને આપવા માટે મને સંદેશો લઈ મોકલ્યો છે; માટે મારું મન જવાની ઉતાવળમાં વ્યાકુળ હોવાથી, મેં કોઈ સ્ત્રીપુરુષને જતાં દીઠાં નથી.’ અગ્નિશિખ પોતાને બીજાએ મારી નાંખ્યો, એમ જાણી ગાભરો બની, પુનઃ તે બાબતનો નિશ્ચય કરવા માટે, પોતાને ઘેર ગયો. પરંતુ તે મૂર્ખે મનમાં એમ વિચાર કર્યો નહીં કે ‘કોણ મરી ગયો છે અને કોણ જીવે છે! હું તો હમણા સહિસલામત છું તો મરે કોણ? અદ્‌ભુતાશ્ચર્ય છે કે બ્રહ્માની આશ્ચર્યકારક તમોગુણી ઉત્પત્તિ રાત્રિ કે દિવસ કંઇ જાણતી નથી.’ પછી તે રાક્ષસ ઘેર ગયો અને પરિજનને પૂછ્યું. “બોલો, બોલો, ‘હું મરી ગયો છું કે જીવું છું?” તેઓએ ઉત્તર આપ્યો ‘તમે જીવો છો. જે તમને મરી ગયા કહે છે તે જૂઠું છે’. ત્યારે તે મનમાં સમજ્યો કે મને કહેનારે જૂઠું કહ્યું છે અને મારી મશ્કરી કરી છે. પણ તે પછી, પુત્રીની માયા આગળ થાકી મોહિત બની પુનઃ તેની પૂઠે ગયો નહીં. અને આ સર્વ લીલા પુત્રીની કરેલી છે એમ સમજી તે પોતાને ઘેર બેસી રહ્યો. આ પ્રમાણે પિતાને મોહિત કરી રૂપશિખા પતિની સાથે ચાલી ગઈ; ઉત્તમ પતિવ્રતાઓ પતિનું ભલું કરવું તે જ કર્તવ્ય સમજે છે, બીજું કંઈ પણ કર્તવ્ય સમજતી નથી.

**શૃંગભુજ** શરવેગ નામના અશ્વપર આરૂઢ થયો અને તેની સ્ત્રીપણ આરુઢ થઈ, બન્ને જણાં ઉતાવળાં ઉતાવળાં **વર્દ્ધમાન** નગર તરફ ચાલવા માંડયાં. થોડીવારમાં તે નગર દેખાવા લાગ્યું; જ્યારે શહેરનું પાદર આવ્યું, ત્યારે **શૃંગભુજે** તરત શહેરમાં વરધી પહોંચાડી. રાજા **વીરભુજ** ઘણે દિવસે પુત્રને આવતો જાણી, ઘણો રાજી થયો અને સર્વની પહેલાં શહેરની બહાર નિકળ્યો; **સત્યભામા** સહિત જેમ કૃષ્ણ શોભે તેમ રૂપશિખા સંગે શોભતા પુત્રને, જાણે નવી રાજ્ય સંપત્તિ મળી હોય તેમ માનવા લાગ્યો. કુમાર, પિતાને સામા આવતા જોઈ, સ્ત્રી સહિત ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો. પિતાને દંડવત્ પ્રણામ કીધી પિતાએ પુત્રને ઉઠાડી છાતી સરસો ચાંપી, આનંદનાં અશ્રુ પાડ્યાં અને તે હર્ષાશ્રુવાળાં નેત્રથીજ જાણે શોકમાત્રનો નાશ કર્યો હોય તેમ, ઉત્તમ મંગળ વિધિ કરી, પુત્રને રાજધાનીમાં દાખલ કર્યો આખા શહેરમાં તે દિવસે ઉત્સવ થઇ રહ્યો.

જ્યારે રાજા અને **શૃંગભુજ** બન્ને જણા સાથે બેઠા, ત્યારે પિતાએ પૂછ્યું. “પુત્ર! તું ક્યાં ગયો હતો?” **શૃંગભુજે** આદિથી અંતપર્યંત પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું, જે કોઈ પણ સન્મુખ **નિર્વાસભુજ** વિગેરે સઘળા ભાઇઓને તેડાવી, તેમને સોનાનું તીર આપ્યા હોય



ગ ૫ મો. ] રત્નપ્રભા લંબક.

જા **વીરભુજ** સર્વ વાર્તાથી વાકેફ થઈ, તે સોનાના તીરને જોઈ, બીજા સઘળા પુત્ર ગયો; અને એક **શૃંગભુજને** જ પુત્ર તરીકે ગણવા લાગ્યો. તે બુદ્ધિશાળી વા લાગ્યો કે; “જેમ દુષ્ટ ભાઇઓએ શત્રુતાને લીધે આ નિરપરાધી રાજકુમારને ર કાઢી મૂક્યો હતો, તેમજ આ કુમારોની પાપિણી માતાઓએ આ કુમાર વરા, જેને હું પ્રાણથી પણ વધુ પ્રિય ગણું છું, જે દોષરહિત છે એમ મારું મન કહે છે, કેમ ચઢાવ્યું નહીં હોય? ઘણા દિવસ પછી તે બાબતની શી તપાસ કરવી! આજ જ તપાસ કરું તો ખરું ખોટું તુરત પકડાઇ આવશે.” આમ વિચાર કરી, તે દિવસ તે યો. પણ રાત્રિ પડી એટલે રાણીનું કપટ જાણવાની ખાતર, **અયશોલેખા** રાણીના રંગમહે જા ગયો. રાણી રાજાની પધરામણીથી ઘણી ખુશી થઈ. રાજાએ તેને ખુબ મદિરા પાઈ, ની સાથે રંગભોગ રમ્યો. રંગભોગ રમ્યા પછી, તે રાણી શ્રમિત થઇને નિદ્રાવશ થઈ ગઈ. નિ તે નીચે પ્રમાણે બકવા લાગી; ‘જો હું ગુણવરા ઉપર ખોટું આળ ચઢાવત નહીં, તો ચ શું આવી રીતે મારે રંગમહોલે પધારત કે?’ આ લવારા વખતે રાજા જાગતો હતો, કપટકુશળ નિદ્રાવશ રાણીના મનના દુષ્ટ વિચાર, તેના વચનદ્વારા જાણી ગયો, તેથી થયો અને તેના રંગમહેલથી બહાર નિકળી, પોતાના રંગમહેલમાં આવ્યો; અને તરત તેડાવી હુકમ કર્યો કે, ‘જે જ્ઞાની મહાત્માએ અનિષ્ટ શાંતિ માટે ગુણવરાને ભોયરામાં છે, તેની આજ્ઞા મુજબ બહાર કાઢવાનો દિવસ આજનો છે. આજ તેની અવધ પૂરી થઇ ટે જાઓ, સત્વર ગુણવરા રાણીને ભોંયરામાંથી બહાર કાઢી સ્નાન કરાવીને મારી પાસે લા ની આજ્ઞા સાંભળી, કાર્યભારીઓ ‘જેવી આજ્ઞા’ એમ કહી, રાણીના મહેલમાં ગયા. પછી રા રામાંથી બહાર કઢાવી, સ્નાન કરાવી, ઘરેણાં વિગેરે શણગાર સજાવી, રાજાની પાસે લઈ આ અને રાણી પરસ્પર વિરહરૂપ સાગરને તરી પાર ઉતર્યાં હોય તેમ અન્યોઅન્ય આલિંગન ત સંતોષ પામ્યાં. તે રાત્રિ બંનેએ આનંદમાં ગાળી. રાજાએ રાણી ગુણવરાને તે રાત્રિમાં પોત શૃંગભુજનું વૃત્તાંત કહી સંભળાવ્યું. અને પુત્રને, તેની માતાના કેદ થવાની ને છૂટકો મેળ જુવિતક વાર્તા કહી.

**અયશોલેખા** રાણી, જે ગાઢ નિદ્રામાં સુતી હતી નહી તે થોડીવાર પછી જાગી આસપાસ છે તો રાજાને દીઠો નહિ. તે છળપ્રપંચ જાણી ચાલ્યા ગયા હશે એમ ધારી, બહુ અફસો- પડી ગઈ. થોડી વારમાં પ્રભાત થયું. રાજાએ **શૃંગભુજ** અને રૂપશિખા બન્નેને માં. તે બન્ને આવ્યાં. **શૃંગભુજ** માતાને ભોંયરાંમાંથી બહાર નિકળેલી જોઈ, ઘણો રાજી થયો. સ્ત્રી સહિત માતા પિતાના ચરણમાં પ્રણામ કર્યા.રાણી ગુણવરા પણ,મુસાફરી કરીને આવેલા અને તેની પત્નીને, છાતી સાથે દાબી અત્યંત આનંદ પામી. પછી **વીરભુજ** રાજાએ **શૃંગભુજને** જ્ઞા કરી, “પુત્ર તેં રાક્ષસના પ્રદેશમાં જઇને શું કર્યું તે કહે.” રાજકુમારે પિતાની આજ્ઞા માથે વી, રૂપશિખાએ પોતાને માટે જે જે કર્યું હતું તે વૃત્તાંત આદિ[illegible]તપર્યંત [illegible]
ળી ગુણવરા ઘણી પ્રસન્ન થઈ; ને પુત્રને કહ્યું; ‘પુત્ર! આ

કુમારો હતા છતાં
અભિષેક કીધો.
માટે નિકળ્યો.
શ્રીને વિસ્તારી,
ભાઇઓને સાથે
યો; બ્રાહ્મણોને
વિલાસવૈભવનું
સેવન કરે છે,
બહુ સારી
ની સ્ત્રી
સમય
તઃપુરમાં
મહેલમાં
કરવાથી
લગાવી,
ની રાજ-
ાંખવાનો
યો.

!? તેણે પોતાના પ્રાણ, પોતાનું કુટુંબ અને પોતાની જન્મભૂમિનો ત્યાગ કરી તારા
વ્યા છે; તારા કુટુંબી સાથે તને મેળવ્યો અને તારી જન્મભૂમિમાં તને લાવી મૂકયો છે.
વહુએ ત્રણ વસ્તુ તજીને તને ત્રણ વસ્તુ અર્પણ કરી છે. તેનું ચરિત્ર કંઈ સાધારણ નથી,પણ
શ્ચર્ય કરનારું છે. પ્રારબ્ધને લીધે આ કોઈ દેવી તારે માટે ભૂતળપર અવતરેલી જણાય
ખર આ સ્ત્રીએ સઘળી પતિવ્રતાઓના શિર ઉપર પગ દીધો છે.' રાણી ગુણવરાએ
ાથી જે જે કર્યું, તે સર્વને રાજા વીરભુજે વિનયથી મસ્તક નમાવી સંમતિ આપી. એટલામાં
લેખાએ જેના ઉપર ખોટો અપવાદ મૂક્યો હતો તે અંતઃપુરનો અધ્યક્ષ સુરક્ષિત તીર્થ-
કરી ત્યાં આવ્યો. તેણે રાજાના રાજભવન પાસે આવી જણાવ્યું કે; 'હે મહારાજ ! હું આવ્યો
રાજાએ તેને અંદર બોલાવ્યો. તે રાજાની પાસે ગયો. પ્રેમથી તેના ચરણમાં પડયો. રાજાએ સર્વ
જાણ્યું હતું તેથી તેનું ઘણું સન્માન કર્યું અને તેની મારફતેજ બીજી સઘળી રાણીઓને
વી મંગાવી. પછી સુરક્ષિતને આજ્ઞા કરી; 'જા, જે ભોંયરામાં ગુણવરાને પૂરી હતી તે ભોંય
આ સમગ્ર રાણીઓને પૂરી દે.' તે સાંભળતાં જ સઘળી નિર્દય રાણી ભયભીત થઈ ગઈ. ગુણ
ાણી રાજાના ચરણમાં પડીને વિનવવા લાગી; 'મહારાજ! ફરી પણ મને ઘણા દિવસ ભોં
પૂરી મૂકો. પણ આ રાણીઓને ક્ષમા કરો. આ ગાભરી બનેલી રાણીઓને હું જોઈ શક
મજપર કૃપા કરો!' આમ ઘણીવાર રાજાને વિનતિ કરી ગુણવરાએ સઘળી રાણીઓ
નમાંથી મુક્ત કરી. મોટા પુરુષો શત્રુ ઉપર કરુણા કરી. તેનો બદલો વાળે છે.

ત્યાંથી નિંદિત થવાને લીધે અપમાનની ઇચ્છા રાખનારી રાણીઓને રાજાએ વિદાય કીધી. બ્ય
જ્જાવશ થઈ પોતપોતાના ભવનમાં ચાલી ગઇ. તે દિવસથી રાજા મહાશય,ગુણવરાને ઘણું મા
ન લાગ્યો; અને તે સ્ત્રીથી પોતાને કૃતાર્થ સમજવા લાગ્યો. પછી રાજાએ નિર્વાસભુજ વિગે
ને, યુક્તિથી દેશવટો દેવા માટે સઘળા કુમારોને તેડાવ્યા અને કૃત્રિમ વચનથી બોલ્યો
સાંભળ્યું છે કે તમે પાપીઓએ એક વટેમાર્ગુ વાણિયાને મારી નાંખ્યો છે; માટે તમે
રમાં ક્ષણભર રહેશો નહીં. જાઓ સઘળી તીર્થયાત્રા કરી આવો.' રાજાનો હુ
મળ્યો, પણ કુમારો સત્ય વાત સમજાવી શકયા નહીં. જ્યારે રાજા હઠમાં ભરાય
વિનંતિ પણ કોણ કરી શકે છે? પિતાની આજ્ઞાથી રાજકુમારો તીર્થયાત્રા કરવા
તૈયાર થયા; ત્યારે કૃપાથી શૃંગભુજની આંખ આંસુથી. પૂર્ણ ભરાઈ ગઈ. તેણે પિત
વિનંતિ કરી; 'પિતાજી! આ કુમારનો એક અપરાધ ક્ષમા કરી તેમના પર કૃપા કર
પછી તે પિતાના ચરણમાં પડયો. રાજા વીરભુજ, બાલ્યાવસ્થામાં યશસ્વી, દયાવાન્ ત
રાજાના કારભારને ઉપાડનાર પુત્રને, બાલ્યાવસ્થામાં ગોવર્ધનગિરિને ઉપાડનાર અને યશોદાન
મનને મોહ ઉપજાવનારા વિષ્ણુના પૂર્ણ અવતાર રૂપ શ્રીકૃષ્ણ જેવો ગણવા લાગ્યો. તે બુદ્ધિમા
રાજાએ મનમાં વૈર રાખી રાજાએ પુત્રનું વચન માન્ય કરી સર્વે પુત્રોને શહેરમાં રહેવાની આજ્ઞ
[illegible] પણ શૃંગ[illegible]ને પોતાના પ્રાણ બચાવનાર સમજવા લાગ્યા. સઘળા કુ
અતિશય ઉદાર ગુણ જોઈ, તેના ઉપર પ્રેમ કરવા લાગ્યા. આ



તે દિવસ આનંદમાં વીતી ગયો. બીજે દિવસે રાજાએ, શૃંગભુજ કરતાં બીજા મોટા કુમારો હતા છતાં પણ, ગુણમાં મોટા એવા શૃંગભુજને તીર્થજળથી સ્નાન કરાવી યુવરાજ પદપર અભિષેક કીધો. શૃંગભુજ યુવરાજપદ મેળવી પિતાની આજ્ઞા લઈ સર્વ સેના સાથે દિગ્વિજય કરવા માટે નિકળ્યો. પોતાના બાહુના પ્રતાપથી, અખિલ ભૂમંડળના રાજાઓને તાબે કરી, દિશાઓમાં યશશ્રીને વિસ્તારી, કૃતાર્થ થઈ તે પાછો પોતાની રાજધાનીમાં આવ્યો અને પોતાને અધીન રહેલા ભાઈઓને સાથે રાખી પોતે રાજ્ય ચલાવવા રાજકાજમાં નિશ્ચંત થયેલા પિતાને પ્રસન્ન કરવા લાગ્યો; બ્રાહ્મણોને દાન આપવા લાગ્યો અને મૂર્તિમતી સિદ્ધિ જેવી જણાતી રૂપશિખાને સાથે સાંસારિક વિલાસવૈભવનું સુખ ભોગવવા લાગ્યો. આમ પતિવ્રતા સદ્ગુણશાળી સ્ત્રીઓ, પતિનું સર્વ પ્રકારે સેવન કરે છે, તેના દૃષ્ટાંતમાં, ગુણવરા સાસુ અને રૂપશિખા વહુની કથા તમને કહી બતાવી છે.

હરિશિખના મુખથી ઉપરની કથા શ્રવણ કરી, નરવાહનદત્ત અને રત્નપ્રભા 'બહુ સારી કથા કહી' એમ બોલી પરમ સંતોષ પામ્યાં. પછી નરવાહનદત્ત આહ્નિક કરી, પોતાની સ્ત્રી સહિત વત્સરાજ પાસે ગયો; અને ત્યાર પછી ફરી ભોજન કરી, બપોર પછીનો સમય ગીતવાદિત્ર વિગેરે રમત ગમતમાં કાઢી નાંખ્યો અને રત્નપ્રભા સહિત, પોતાના અંતઃપુરમાં જઈ, સાંસારિક સુખમાં રાત્રિ ગાળી:*

## તરંગ ૬ ઠો.

## મરુભૂતિ અને ગોમુખ વચ્ચે ઉક્તિ પ્રત્યુક્તિ.

રાત્રિ વીતી ગઈ અને વહાણું વાયું, એટલે ગોમુખ વગેરે મંત્રીઓ રત્નપ્રભાના રંગમહેલમાં બિરાજતા નરવાહનદત્તને મળવા માટે તેની પાસે આવ્યા. પણ મરુભૂતિ મદિરાનું પાન કરવાથી મદમત્ત અને આળસુ બનેલો હતો, તેથી પુષ્પમાળા ધારણ કરી, શરીરમાં અંગરાગ લગાવી,

* આ વાર્તાને બહુ અંશે મળતી વાર્તા અરેબીઅન નાઈટ્સમાંની કોદાદ અને દર્યાબારની રાજકન્યાની વાર્તા છે. તે વાર્તામાં કોદાદના ભાઈઓ તેની ઈર્ષ્યા કરતા હતા, ને કોદાદને મારી નાંખવાનો પ્રયત્ન કીધો હતો. જો કે કેટલીક રીતભાતમાં તે વાર્તા ને આનો સંબંધ મળતો નથી, પણ પાયો એકસરખો જણાય છે.

મી૰ ટૌની જણાવે છે કે શૃંગભુજ ને ધૂમશિખનો પ્રસંગ નોરવિજીયન વાર્તાના ગ્રંથમાં છે. તેમાં 'વિધવાપુત્ર'ના નામની જે વાર્તા છે તે આને બહુ અંશે મળતી છે. પણ તેના પ્રસંગ કરતાં વધારે સમાન પ્રસંગ orient and accident નામના ગ્રંથમાં 'પક્ષીઓના સંગ્રામ' નામની વાર્તામાં છે. તેમાં રાક્ષસે, ત્રણ ઘણાં અઘરાં કામ રાજપુત્રને સોંપ્યાં હતાં, જે સર્વે પોતાની પ્રિયાની ચેતવણી પ્રમાણે નાયકે પાર પાડયાં હતાં.

થોડીવારે ડોલતો ડોલતો પછવાડેથી આવ્યો. તે **નરવાહનદત્તની** સભામાં બેઠો અને ઢંગધડા વગરનું-જેમાં પદ રહી જતાં હતાં એવું યદ્દ્વાતદ્દ્વા બકવા માંડ્યો. એ જોઈ ત્યાં બેઠેલાં સર્વ માણસો હાસ્ય કરવા લાગ્યાં. આ વખતે **મરુભૂતિની** નીતિ જોઈ, ગોમુખના મુખ ઉપર આનંદ છવાઈ રહ્યો. તે **મરુભૂતિની** મશ્કરી કરતો બોલ્યો: "અહો ! આજે તો તમે મદિરાપાન કરી ખૂબ મસ્ત બની પ્રભાતમાં જ રાજા પાસે આવ્યા છો! શું તમે **યૌગંધરાયણના** પુત્ર છતાં નીતિની બાબતમાં અજાણ્યા છો કે ? આવી હાલતમાં રાજા પાસે આવવું ઘટિત છે કે ? વાહરે વાહ !" એ સાંભળી મદિરામત્ત **મરુભૂતિ** ઘણો ચીડવાઈ ગયો અને બોલ્યો: "આ બાબતમાં રાજાજી અથવા તો મારા પિતા કહેવાને યોગ્ય છે, પણ અલ્યા ઈત્યક છડીદારના પોરિયા ! મને નીતિ શિખવનારો તું કોણ ?" આમ તોછડાઈથી **મરૂભૂતિએ** કહ્યું ત્યારે ગોમુખ હાસ્ય કરતો બોલ્યો; 'અવિનયીને પોતાના સ્વમુખે મોટા પુરુષો કદી ધીક્કાર આપતા નથી , તેથી તેની પાસે બેસનારા માણસોએ તેવા અમર્યાદને યથોચિત અવશ્ય કહેવું જોઇએ; માટે હું તમને શિખામણ આપું છું. તમે મને ઈત્યકનો છોકરો કહ્યો તે સત્ય છે; પણ તમે વળી મંત્રી વૃષભ* (ના પુત્ર) છો તે, તમારી મૂર્ખતા જ કહી આપે છે. કેવળ તમારે બે શિંગડાં નથી, આટલી જ ઓછપ છે." આમ ગોમુખે કહ્યું એટલે **મરુભૂતિ** બોલ્યો: 'તું ગોમુખ છે, માટે વૃષભપણું તો તને જ ઘટે છે. તું ઉચ્છૃંખલની માફક ફર્યાં કરે છે તેજ તારી જાતિમાં ફેરફાર કહી બતાવે છે.' આ બોલવું સાંભળી સઘળા સભાસદો હસવા લાગ્યા. પછી ગોમુખ બોલ્યો: 'આ **મરુભૂતિરૂપ** રત્ન, વજ્ર જેવું છે; હજારો ઉપાય કરીશું તોપણ તે વિંધાય તેમ નથી; ત્યારે વિંધાણાં વગરના રત્નમાં જેમ કોઈ ગુણ† પ્રવેશ કરી શકતો નથી, તેમ આ **મરુભૂતિમાં** કોઇ પણ સદ્ગુણનો પ્રવેશ કરી શકાશે નહીં. રત્ન જેમ વિંધી શકાય છે, તેમ પુરુષ વિંધી શકાય છે, ત્યારે તેને અસર કરી શકાય છે-પણ તે પુરુષ જૂદા જ જાણવા. વિંધેલામાં જ ગુણ પ્રવેશ કરી શકે છે. આ વિષય ઉપર રેતીના પુલનુ એક દૃષ્ટાંત કહું છું તે સાંભળો.

## તપોદત્તની કથા.

પૂર્વે **પ્રતિષ્ઠાન** નગરમાં **તપોદત્ત** નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. જ્યારે તે બાળક હતો, ત્યારે તેનો પિતા, ભણવા માટે તે છોકરાને ઘણું કષ્ટ આપતો હતો, પણ તેણે વિદ્યાભ્યાસ કર્યો નહીં. જ્યારે તે મોટો થયો અને સઘળા લોકો તેનું અપમાન કરવા લાગ્યા ત્યારે **તપોદત્તને** બહુ મોટો પરિતાપ થયો. પછી વિદ્યાદેવીની સિદ્ધિ મેળવવા માટે તે ગંગા નદીના કિનારા ઉપર જઈ, મૌનવ્રત ધરી, ઉગ્ર તપ કરવા મંડ્યો. તે બ્રાહ્મણનું ઉગ્ર તપ જોઈ, ઇંદ્ર પણ આશ્ચર્ય પામ્યો, અને તેના તપનો ભંગ કરવા માટે બ્રાહ્મણનું રૂપ લઈ તેની પાસે આવ્યો. પછી તપસ્વી જુવે તેમ ઇંદ્ર ગંગાના કિનારા ઉપરથી રેતી ઉપાડી મોજાવાળા ગંગાના પાણીમાં નાંખવા લાગ્યો. એ જોઈ, **તપોદત્ત** મુંગો રહી શક્યો નહીં. તે મૌન્યવ્રતનો ત્યાગ કરી-બોલી ઉઠ્યો: 'અરે બ્રાહ્મણ ! મને આશ્ચર્ય થાય

* વૃષભ શબ્દમાં બળદ અને ઉત્તમ એવા બે અર્થ સમાયેલા છે. માટે ગોમુખે તેને બળદ અર્થે લઈ તેનું વિશેષણ આપ્યું છે.

†ગુણ એટલે ગુણ ને ગુણ એટલે દોરો પણ અર્થ થાય છે.



છે કે, તું ઉપરાઉપરી ગંગામાં રેતી નાંખીને શું કરવા ધારે છે?' તોપણ બ્રાહ્મણરૂપ ઇંદ્ર **પ્રથમની** પેઠે રેતી નાંખ્યોજ ગયો, પણ તેના કહેવા ઉપર યત્કિંચિત્ પણ ધ્યાન આપ્યું નહીં. પુનઃ તપસ્વીએ પ્રશ્ન કર્યો પણ ઉત્તર આપ્યું નહિ. વારંવાર ને આગ્રહ પૂર્વક **તપોદત્ત** જ્યારે પૂછવા લાગ્યો ત્યારે બ્રાહ્મણના આકારમાં રહેલો ઇંદ્રિ બોલ્યો: 'પ્રાણી તથા મનુષ્યોને સામે પાર જવા માટે હું ગંગામાં પાલ-પુલ બાંધું છું.' તે સાંભળી **તપોદત્ત** બોલ્યો: 'અલ્યા મૂર્ખ ! ગંગા ઉપર એમ તે પૂલ બંધાશે કે ? તું જેમ જેમ ગંગામાં રેતી નાંખીશ, તેમ તેમ ગંગાનાં મોજાઓ તે રેતીને અંદર ઘસડી જશે; માટે એમ કોઈ દિવસ પૂલ બંધાવાનો નથી.' તે સાંભળીને બ્રાહ્મણના વેશમાં રહેલો ઇંદ્ર બોલ્યો, 'તને જ્યારે આટલું જ્ઞાન છે, ત્યારે તું અભ્યાસ કર્યાં વગર અને ગુરુમુખથી જ્ઞાન સંપાદન વગર, કેવળ વ્રત અને ઉપવાસ કરી, વિદ્યા મેળવવા તૈયાર થયો છે તો વિદ્યા આવડશે કે ? આ તારી ઇચ્છા શશલાનાં શિંગડાં જેવી છે અથવા તો આકાશમાં ચિત્ર કાઢવા જેવી છે. તપને વ્રત કરવાથી કદી પણ તને વિદ્યા પ્રાપ્ત થવાની નથી. જે માણસ અભ્યાસ કર્યાં વગર વિદ્યા મેળવવાની આશા રાખે છે, તે અક્ષર જાણ્યા વગર અક્ષર લખવા જેવું છે. જો તપ વગેરેથી વિદ્યા આવડતી હતે તો કોઈ પણ મનુષ્ય અભ્યાસ કરતજ નહીં.' આવી રીતે ઇંદ્રે **તપોદત્તને** ઉપદેશ આપ્યો ત્યારે તે **તપોદત્ત** તેના ઉપદેશ ઉપર વિચાર કરી, તેના બોલવાને યથાર્થ માની તપનો ત્યાગ કરી પોતાને ઘેર ગયો.

માટે જે મનુષ્ય સરળબુદ્ધિ હોય છે તેને સહેલથી સમજાવી શકાય છે, પરંતુ મૂર્ખ શિરોમણિ **મરુભૂતિને** સમજાવી શકાય તેમ નથી. મૂર્ખને ઉપદેશ કરીએ તો તે ગુસ્સે થાય છે, ગોમુખ બોલી રહ્યો એટલે વચમાં **હરિશિખ** બોલી ઉઠ્યો: 'મહારાજ ! એનું બોલવું બરાબર છે. નિર્મળ બુદ્ધિવાળા માણસોને સહજમાં સમજાવી શકાય છે. એ વિષય ઉપર હું પણ આપને એક કથા કહું છું તે સાંભળો.

## વિરૂપશર્માની કથા.

પૂર્વે **કાશી** શહેરમાં **વિરૂપશર્મા** નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે કદ્રૂપો હતો, તેમ દરિદ્રી પણ હતો. તે પોતાનું કુરૂપ અને દરિદ્ર અવસ્થા જોઈ ઘણો દિલગીર થઈ રૂપ અને ધન મેળવવા માટે તપોવનમાં જઈ તપ કરવા લાગ્યો. તેને તપમાં વૃથા શ્રમ લેતો અટકાવવા માટે ઇંદ્ર એક વક્રાંગ અને રોગી, હલકા શિયાળનું રૂપ લઈ, **વિરૂપ** બ્રાહ્મણની આગળ આવી ઉભો રહ્યો. **વિરૂપશર્માં**, શિયાળનો બેડોળ આકાર જોઇ તથા તેનું આખું શરીર માખીઓથી ભરપૂર જોઈ, મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે-"આ સંસારમાં પૂર્વ જન્મનાં કર્માનુસારે આવાં કુરૂપ પ્રાણીઓ પણ જન્મે છે. એ જોતાં તો **બ્રહ્માએ** મને થોડો કુરૂપ કર્યો છે. હું આના જેવો કુરૂપ નથી. જે **નસીબમાં** લખ્યું છે તેને કોણ મટાડી શકે?" આમ વિચાર કરતો **વિરૂપશર્માં** હળવે હળવે પોતાને ઘેર ચાલ્યો ગયો.

"માટે મહારાજ ! જેની બુદ્ધિ સરળ હોય તેને થોડી મહેનતમાં સમજાવી શકાય છે, પરંતુ જેને વિવેકબુદ્ધિ ન હોય તેને મોટા શ્રમથી પણ સમજાવી શકાતો નથી." **હરિશિખે** જે

કહ્યું તેને ગોમુખે ટેકો આપ્યો, તે જોઇ મદિરામત્ત અવિવેકી મરુભૂતિ ઘણો જ ગુસ્સો કરી લઢવાની ઇચ્છાથી બોલ્યો: “અલ્યા ગોમુખડા ! તમ લોકોને વાણીમાં જ બળ હોય છે, પણ બાહુમાં બળ હોતું નથી. બાહુનું બળ ધરાવનારા લોકોને વાચાળ નપુંસકોની સાથે જે ટંટો કરવો પડે છે તે લાજ લગાડનારો છે.” રાજા નરવાહનદત્ત આ પ્રમાણે મરુભૂતિને બોલતો સાંભળી તેને લડવાની ઇચ્છા છે આમ જાણી, હસતાં હસતાં તેને શાંત પાડયો અને તેને ઘેર મોકલી દીધો. પછી બાળમિત્રમાં પ્રિય થઇ પડેલા રાજાએ તે દિવસ આનંદમાં કાઢી નાંખ્યો, અને રાજાએ રાણી સાથે રાત્રિ રંગભોગમાં ગુજારી.

બીજે દિવસે પ્રભાતમાં સઘળાં મંત્રીઓ આવ્યા. મરુભૂતિ પણ આવ્યો. મરુભૂતિએ આગલે દિવસે મદિરાપાન કરવાથી બકવાદ કર્યો હતો તેને લીધે શરમનો માર્યો આવતાં વેંત જ નમી ગયો. થોડીવાર પછી રત્નપ્રભા નીચે પ્રમાણે કહેવા લાગી: ‘મનમોહન પ્રાણ પ્યારા ! આપ મોટા નસીબવાળા છો. કારણ કે આપના આ મિત્રો, આપ સાથે બાલ્યાવસ્થાથી સ્નેહ-પાશમાં સજ્જડ બંધાયા છે; વળી તેઓનું મન પણ શુદ્ધ છે; વળી આ મિત્રો પણ પ્રારબ્ધશાળી છે કે તમારા જેવા સ્નેહશાળી રાજા તેને મળ્યા છે. માટે તમે સર્વ, પૂર્વજન્મનાં કર્મથી મળ્યા જણાઓ છો. એમાં જરા પણ સંશય નથી.’ રત્નપ્રભા રાણીનું બોલવું સાંભળી, વસંતકનો પુત્ર તપંતક, જે નરવાહનદત્તનો નર્મસખા હતો તે બોલ્યો: ‘એ વાત તો સાચી બા ! અમે પૂર્વ જન્મમાં સત્કર્મ ન કર્યાં હત તો આવા ઉત્તમ રાજાને કેમ મેળવત. સર્વ વસ્તુ પૂર્વ જન્મમાં કર્મને અધીન રહે છે. કર્માધીન સર્વ વસ્તુ છે, એ વિષયપર એક કથા કહું છું.

## તરુણચંદ્ર વૈદ્ય અને અજરરાજની કથા.

શ્રીકંઠ નામના દેશમાં વિલાસપુર કરીને એક નગર હતું. તેમાં વિનયશીલ* નામનો એક રાજા રાજ્ય કરતો હતો. આ રાજામાં નામ પ્રમાણે જ ગુણ હતા. આ રાજા પોતાની પ્રાણવલ્લભા રાણી કમળ પ્રભાની સાથે હંમેશાં રંગ ભોગ રમવામાં મશ્ગુલ રહેતો હતો. જ્યારે રંગભોગ કરતાં ઘણા દિવસો નિકળીગયા અને સૌંદર્યની હાની કરનારી વૃદ્ધાવસ્થાએ રાજાને ઘેરી લીધો ત્યારે તે રાજા અત્યંત ગભરાવા લાગ્યો. તે વિચાર કરવા લાગ્યો કે; “અરેરે ! ઝાકળના સપાટામાં આવવાથી કરમાઈ ગયેલાં કમળની પેઠે વૃદ્ધાવસ્થાથી કરમાઈ ગયેલું મારું મુખ, હું રાણીને કેમ બતાવી શકીશ ? મને ધિક્કાર છે ! મારું મોત આવે તોએ સારું, પણ આવી બદશિકલ ચાડું બતાવાય તે તો અતિ ભુંડું !” આવી રીતે અફસોસ કરી તે રાજસભામાં ગયો અને સીપાઇ મોકલી તરુણચંદ્ર† નામના રાજ વૈદ્યને બોલાવ્યો. વૈદ્યરાજને આવ્યા જોઈ, રાજાએ તેનો સત્કર કર્યો અને કહ્યું; ‘હે વૈદ્યરાજ ! તમે અમારા વિશ્વાસુ માણસ છો, વળી નિપૂણ છો, માટે હું તમને પૂછું છું કે આ વૃદ્ધાવસ્થા મટીને તરુણાવસ્થા પ્રાપ્ત થાય, એવી કોઇ યુક્તિ છે ખરી ?” તે સાંભળી એકકળાધર, પૂર્ણ કળાની ઇચ્છા રાખનારા અને અંદરના ભાગમાં વક્રતા ધરનાર ચંદ્રમાની પેઠે, કળા માત્રના સારને જાણ-

*અંગ્રેજીમાં ‘વિલાસસિલ નામ છે. † તરુણચંદ્ર એટલે ઉગતો ચંદ્ર.



નાર, ધનાઢ્ય થવાની આશા રાખનારો અને અંતઃકરણમાં કપટ રાખનારો—નામ પ્રમાણે ગુણ ધારી તરુણચંદ્ર વૈદ્ય, મનમાં વિચાર કરવા લાગ્યો કે-“આ રાજા મૂર્ખ છે એમ જણાય છે; માટે ધીમે ધીમે હું તેની પાસેથી પૈસા હરણ કરી શકીશ.” આમ વિચાર કરી વૈદ્યરાજ રાજાને કહેવા લાગ્યો:-“મહારાજ ! આપ આઠ મહિના સૂધી ભોંયરામાં રહી જો મારા ઔષધનું સેવન કરો તો તમારી વૃદ્ધાવસ્થા મટી જશે !” વૈદ્યનાં આવાં વેણ સાંભળતાંની સાથે જ રાજાએ નોકરોને હુકમ કર્યો, કે ભોંયરું ખોદાવો. વિષયમાં ચંચળ થયેલા મૂર્ખ પુરુષો ક્ષણભર પણ વિચાર કરતા નથી. રાજાને વૈદ્યની ફાંસીમાં પડેલો જોઇ, મંત્રીઓ બોલ્યા: “મહારાજ ! પૂર્વના ઋષિ મુનિઓના તપથી અને દમથી તથા યુગના પ્રતાપથી રસાયણો સિદ્ધ હતાં; પરંતુ તે સર્વ રસાયણો આજ સાંભળવામાં આવે છે, પણ તે જોવામાં આવ્યાં નથી; કેમકે હમણા જોઇએ તેવી સામગ્રી મળતી નથી તેથી હાલમાં બનાવેલાં રસાયણો ઉલટું સારું કરવાને બદલે તમારું નરસું કરશે. માટે મહા-રાજ ! આપને આ કામ કરવા યોગ્ય નથી. ધૂર્ત લોકો મૂર્ખ લોકોને આડા અવળા ચડાવીને પોતે મોજ મારે છે. ગયેલું જોબન શું પાછું સાંપડે છે ખરું ?” આવી રીતે સર્વે મંત્રીઓએ સમજાણ આપી, પરંતુ રાજાના મનમાં વિષયવાસના ઘાડ વિસ્તાર પામી હતી, માટે તેમનાં ઉપદેશ વચનોને રાજાના મનમાં, વૈદ્યના કહેવા ઉપરથી જરા પણ અવકાશ મળ્યો નહીં. પછી રાજા પોતાને છાજતા તમામ જય વૈભવનો ત્યાગ કરી, એકલો ભોંયરામાં ઉતર્યો અને તે રાજાને દવા દારુ કરવા માટે, પોતાના એક નોકર સહિત, વૈદ્ય પોતે ઉપરી તરીકે રહ્યો. તે રાજા, જાણે પોતાના હૃદયમાં રહેલું અજ્ઞાન બહુ હોવાથી બહાર ફેલાઇ ગયું હોય, તેમ ચોમેર ફેલાયલા અંધકારથી વિંટાયલા ભોંય-રામાં રહ્યો. રાજાને ભોંયરામાં રહેતાં રહેતાં છ માસ વીતી ગયા અને ધૂર્ત વૈદ્યે તેના મુખ તરફ જોયું તો અધિક વૃદ્ધાવસ્થા જણાવા લાગી. તે જોઈ વૈદ્યે છળ પ્રપંચ કરવાનો વિચાર કીધો. તેણે રાજાની સમાન આકૃતિવાળા એક તરુણ પુરુષને શોધી કાઢયો અને તેને કહ્યું કે, હું તને રાજા બનાવું, તારે મને માન આપવું પડશે ! આવો ઠરાવ કરી, રાજા જેવી આકૃતિવાળા તે પુરુષને વૈદ્ય પોતાને ઘેર લઈ આવ્યો. પછી ગામ બહારથી એક સુરંગ ખોદીને તે સુરંગનું મોઢું રાજાના ભોંયરામાં કાઢ્યું. એક દિવસ જ્યારે રાજા નિદ્રાવશ થયો, ત્યારે રાત્રીએ તેને મારી નાંખી, તે સુરંગદ્વારા રાજાના શબને ગામ બહાર એક અંધારા કુવામાં ફેંકી દીધું; અને સંકેત કરેલા તરુણ પુરુષને સુરંગદ્વારા તે ભોંયરામાં દાખલ કરી તે સુરંગનું બારણું બંધ કરી દીધું. મર્યાદા વગરના ધૂર્ત પુરુષો, જડ બુદ્ધિવાળાઓને બરાબર પોતાને તાબે કર્યા પછી, કીયું સહાસિક કામ કરતા નથી ?

થોડીવાર પછી રાત્રિ વીતી અને વહાણું વાયું. વૈદ્યે રાજાના કાર્યભારીઓને તેડાવી કહ્યું: “મેં આપણા રાજાને છ માસની અંદરમાં તરુણ બનાવી દીધા છે. હવે બાકી બે માસ છે, તેમાં તેનું રૂપ ફરી જશે; ને પ્રથમ કરતાં વધારે કાંતિમાન બનશે.” પછી સર્વને કહ્યું કે, “તમે સઘળા ભોંયરાના બારણા આગળ આવી જરા દર્શન આપો.” આમ કહી તે સઘળાને ભોંયરાના બારણા આગળ લઈ આવી, પેલા તરુણને ક્રમવાર તે તે પુરુષોનાં નામ અને કામ, સાંકેતિક રીતે કહી બતાવ્યાં અને સર્વની ઓળખાણ કરાવી. આવી રીતે ભોંયરામાં તે તરુણ પુરુષને દરરોજ જૂદાં જૂદાં માણસો બતાવી, બે માસમાં અંતઃપુરપર્યંતની ઓળખ, સારી રીતે કરાવી દીધી.

આઠ માસ પૂરા થઈ રહ્યા અને તે નવિન પુરુષ પણ માલમલિદા ખાઈ હ્રષ્ટપુષ્ટ બની ગયો. ત્યારે પેલા ધૂર્ત વૈદ્યે, તે તરુણને બહાર કાઢ્યો અને સર્વેને કહેવા લાગ્યો કે: 'આ રાજાને મેં રાજ ઔષધથી તરુણ અને અમર બનાવ્યો છે, તેને જુઓ. સર્વ કાર્યભારી મંડળ એકઠું મળ્યું ને આપણા રાજા ઔષધિથી તરુણ થયા એમ જાણી આનંદમાં આવી ગયું. તે સર્વ રાજાને વિંટી વળ્યા. પછી તે તરુણ રાજા, સ્નાન કરી, રાજ્યગાદી ઉપર બેસી કાર્યભારીઓને સાથે રાખી, રાજાનાં સર્વ કામકાજ કરવા લાગ્યો. આખા શહેરમાં ઉત્સવ થઈ રહ્યો. તે દિવસથી **અજર** નામથી પ્રસિદ્ધ થયેલો તે રાજા, રાજ્ય કરવા લાગ્યો અને અંતઃ પુરની રમણીઓ સાથે વિલાસ કરી આનંદમાં દિવસ ગુજારવા લાગ્યો. પ્રજા પણ આવી **અસંભવિત** વાર્તા પ્રત્યક્ષ જોઈ, વૈદ્યના સંબંધમાં જરા પણ શંકા ન રાખતાં, પોતાના રાજાનું રૂપ રસાયણથી બદલાઈ ગયું છે એમ માનવા લાગી. રાજા **અજર** પણ કાર્યભારીઓને અને રાણી કમળપ્રભાને પ્રેમથી વશ કરી, પોતાના મિત્રમંડળ સહિત રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યો.

પછી **અજર**રાજાએ **ભિષજ્ચંદ્ર** અને **પદ્મદર્શન** નામના પોતાના મિત્રોને તેડાવી, તેમને પોતાના અંતરંગ મિત્ર બનાવી, હાથી, ઘોડા અને ગામ દાનમાં આપ્યાં. **તરુણચંદ્ર**ને રાજા ફક્ત તેણે કરેલા આવા સહાસ કર્મ માટેજ માન આપતો હતો. પરંતુ તે અસત્યવાદી છે અને રાજાની બાબતમાં જે કૃત્ય કર્યું છે તે વિચારી તેનો જરાએ વિશ્વાસ કરતો નહીં. વૈદ્ય **તરુણચંદ્ર** **અજર** રાજાને સ્વતંત્ર રીતે વર્તતો જોઈ, એક દિવસ બોલ્યો: 'તું મારી દરકાર કર્યા વગર જ સ્વતંત્રતાથી કેમ વર્તે છે? મેં તને અહીં રાજા બનાવ્યો તે શું તું વિસરી ગયો કે?' તે સાંભળી **અજર** રાજા ધીરવીર પેઠે બોલ્યો: 'અરે મિત્ર! તું તો મૂર્ખ જણાય છે. આ સંસારમાં કયો માણસ બીજાને બીજો બનાવે છે, અને કોણ કોને આપે છે? મારા મિત્ર! પૂર્વ જન્મમાં કરેલું કર્મ જ નાનો કે મોટો બનાવે છે અને સુખદુઃખ આપે છે. હું રાજા બન્યો તેમાં તારે જરાપણ અભિમાન કરવાનું નથી. આ રાજ્ય તો મને મારા તપના પ્રતાપથી પ્રાપ્ત થયું છે; એ હું તને થોડા દિવસમાં પ્રત્યક્ષ બતાવી આપીશ.' રાજાનું આવું બોલવું સાંભળી, વૈદ્ય મનમાં ભયભીત થતો વિચાર કરવા લાગ્યો કે "અરે, આ તો જરા પણ ડર્યા વગર. જ્ઞાનીની માફક ધીરજથી મને ઉત્તર આપે છે. આગલો રાજા આના કરતાં વધારે રુડો હતો, કે જે મને યથોચિત માન આપતો હતો. તે મારો ગુણ જાણતો હતો. પણ આ રાજા તરફથી તેવા માન ને વિશ્વાસ પાત્ર થવું મુશ્કેલ છે, કારણ કે એ ઘણો ડાહાપણવાળો છે. મારે તો હવે આ રાજા જેમ ફરમાવે તેમ વર્તવું જોઈએ અને તેને જ અનુસરવું યોગ્ય છે. એ મને કહે છે કે, મને રાજ્ય મળ્યું છે તે તો મારા સત્કર્મથી મળ્યું છે અને હું તે વાત તને પ્રત્યક્ષ બતાવી આપીશ. ઠીક હું હવે જોઉં છું કે, તે મને શું બતાવે છે." આવી રીતે મનમાં વિચાર કરી તેણે તે રાજાને કહ્યું, 'ઠીક છે, બતાવજો.' પછી વૈદ્યરાજ છાનામાના ચાલ્યા ગયા અને હંમેશા નવા રાજાના કહેવા પ્રમાણે વર્તવા લાગ્યા.

એક દિવસે **અજર** રાજા, **તરુણચંદ્ર** વૈદ્ય અને બીજા મિત્રો સહિત ફરવા માટે શહેર બહાર નિકળ્યો. ફરતાં ફરતાં નદીના કિનારા ઉપર તે રાજા અને તેના મિત્રો આવી ચઢ્યા. એટલામાં તે નદીના પ્રવાહમાં પાંચ સુવર્ણનાં કમળો તણાતાં નજરે પડ્યાં. રાજાએ સીપાઈને હુકમ કર્યો કે,



'જાઓ, તે સોનાનાં કમળને અહીં લઈ આવો.' તુરત સીપાઈ નદીના વહેળામાં કુદી પડ્યા ને તે કમળો લઈ આવ્યા અને રાજાની નજીકમાં મૂક્યાં. રાજાએ, સીપાઈની પાસેથી સોનાનાં કમળો લઈ પોતાની નજીકમાં ઉભેલા **તરુણચંદ્ર** વૈદ્યને કહ્યું: "વૈદ્યરાજ! આ સુવર્ણનાં કમળ જોઈ મને બહુ જ આશ્ચર્ય થાય છે. તમે ઘણા ચતુર અને વળી મારા પરમમિત્ર છો એમ ધારી હું તમને કહું છું કે, તમે આ નદીના માર્ગે માર્ગે નદીના મૂળ તરફ જઈ, આ કમળ ક્યાં ઉગે છે, શી રીતે આવે છે, તેની તપાસ કરી, મારી પાસે આવો; અને મને સર્વ વિગત કહો." આ રીતે વૈદ્યને આજ્ઞા કરી રાજા પોતાના શહેરમાં તરત પાછો ફર્યો. પેલો વૈદ્ય, પરવશ હોવાથી, શોધ માટે જવાનું કબુલ કરી, રાજાએ બતાવેલે માર્ગે દડમજલ ચાલવા માંડ્યો. ચાલતાં ચાલતાં નદીના કિનારા ઉપર એક **શિવ**નું મંદિર આવ્યું. આ મંદિરની આગળ અને નદીના કિનારા ઉપર એક વિશાળ વડવૃક્ષ હતું. તે વડવૃક્ષ ઉપર એક માણસનું હાડપિંજર લટકતું તેના જોવામાં આવ્યું. **તરુણચંદ્ર** માર્ગમાં ચાલવાથી શ્રાંત બની ગયો હતો તેથી, નદીમાં સ્નાન કરી, **શંકર**નું પૂજન કરી, જ્યાં વિશ્રામ માટે બેસે છે, તેટલામાં આકાશમાંથી એકદમ વર્ષાદ પડવા લાગ્યો. આ વર્ષાદ પેલા વડની શાખામાં લટકતા માણસના હાડપિંજર ઉપર પડતો હતો અને તેમાંથી પાણીનાં ટીપાં નીચે નદીના જળમાં ટપકતાં હતાં—જેમાંથી જ તરત સોનાનાં કમળો ઉત્પન્ન થતાં હતાં. તે જોઈ વૈદ્ય વિચાર કરવા લાગ્યો, "અહો! આ ચમત્કાર શો? આ વનમાં કોઈપણ મનુષ્ય નથી, તો મારે એ વિષે કોને પૂછવું? બેશક બ્રહ્માની સૃષ્ટિ ઘણી આશ્ચર્યકારક પદાર્થોથી ભરેલી છે. તેને કોણ જાણી શકે છે? હમણાં આ શરીરપરથી પાણીનાં ટીપાં નદીમાં પડ્યાં તેનાં સુવર્ણનાં કમળ થયાં તે મેં જાતે જોયું છે. પણ આ હાડપિંજરને આ તીર્થમાં પધરાઉં તો ઠીક તેથી કદાચિત્ તેની પીઠ ઉપર કમળો ઉગશે અથવા તો તેને તીર્થમાં નાંખવાથી અગ્નિદાહ કરવા જેટલું મને પુણ્ય થશે. આમ વિચાર કરી **તરુણચંદ્ર** વૈદ્યે ઝાડની શાખા ઉપરથી હાડપિંજરને ઉતારી પાણીમાં નાંખી દીધું; તુરત તેની પીઠ ઉપર સોનાનાં કમળો ઉગ્યાં. તે દિવસ ત્યાં ગાળી પોતાનું કામ સિદ્ધ કરીને બીજે દિવસે વૈદ્ય પાછો પોતાના શહેર ભણી આવવા નિકળ્યો. તે કેટલાક દિવસે વિલાસપુરમાં આવી પહોંચ્યો. માર્ગમાં ઘણો શ્રમ પડવાથી તેનું શરીર દુર્બળ થઈ ગયું હતું અને આખું શરીર રસ્તાની ધૂળથી ધુસરું બની ગયું હતું. આવે જ વેશે શહેરમાં આવીને તે પરબારો રાજા **અજર**ના દરબારમાં ગયો. રાજભવનના દરવાજામાં આવી દ્વારપાળને કહ્યું 'રાજાને ખબર કરો કે વૈદ્ય **તરુણચંદ્ર** આવ્યો છે.' દ્વારપાળે અંદર જઈ રાજાને ખબર કરી. રાજાએ તુરત તેને અંદર બોલાવ્યો. રાજાની પાસે આવી **તરુણચંદ્રે** દંડવત પ્રણામ કીધા. રાજાએ તેને કુશળ સમાચાર પૂછ્યા. પછી વૈદ્યે રાજાને પોતાની યાત્રાનું સર્વ વૃત્તાંત યથાસ્થિત કહી બતાવ્યું. તુરત જ રાજાએ સઘળાં માણસોને રજા આપી. એકાંતમાં બેસી વૈદ્યને કહ્યું; 'મિત્ર, તમે જે સોનાનાં કમળનું ઉત્પત્તિસ્થાન દીઠું તે **શિવ**નું પવિત્ર તીર્થ છે. તે તીર્થમાં વડના ભાગની શાખા ઉપર જે હાડપિંજરને લટકતું દીઠું હતું તે મારું પૂર્વ જન્મનું શરીર હતું. મેં પૂર્વ જન્મમાં તે વડની શાખામાં ઉંધે મસ્તકે લટકીને તપ કર્યું હતું અને ઉપવાસ કરી દેહનો ત્યાગ કર્યો હતો. તે અતિ પ્રબળ તપના પ્રતાપથી, વર્ષાદવડે ભીંજાએલા મારા હાડપિંજરમાંથી

જે પાણીનાં ટીપાં, નદીના જલમાં ટપકતાં હતાં તેમાંથી સોનાનાં કમળો ઉત્પન્ન થતાં હતાં. તે મારા હાડપિંજરને તેં નદીના જળમાં નાખી દીધું તે ઘણું જ સારું કામ કર્યું; કેમકે તું પૂર્વ જન્મમાં મારો મિત્ર હતો; અને આ ભેષજચંદ્ર તથા પદ્મદર્શન એ બંને પણ પૂર્વજન્મથી જ મારા મિત્ર છે. મિત્ર! પૂર્વજન્મમાં કરેલા તપના પ્રતાપથી મને પૂર્વજન્મ સંબંધી જ્ઞાન થયું છે અને તે જ પ્રતાપથી મને આ રાજ્ય મળ્યું છે. મેં તને આ બાબત યુક્તિથી પ્રત્યક્ષ બતાવી આપી; અને તેં જે હાડપિંજર નદીના જળમાં નાંખ્યું તેની એંધાણી સહિત તને સર્વે વાત કહી બતાવી. માટે 'હવે મેં આને રાજ્ય આપ્યું' આવો તારે તારા મનનો અહંકાર દૂર કરવો અને મનમાં દિલગીરી પણ લાવવી નહીં. પૂર્વ જન્મમાં કરેલાં કર્મ મનુષ્યને ફળ આપે છે, બીજો કોઇ પણ મનુષ્યને ફળ આપતો નથી. પ્રાણી જ્યારથી માતાના ગર્ભમાં આવે છે, ત્યારથી પૂર્વજન્મમાં કરેલાં કર્મનાં ફળ ભોગવે છે."*

આ રીતે રાજાએ ઉપદેશ કર્યો અને વૈદ્ય તે જ પ્રમાણે જોઈ મનમાં સંતોષ પામ્યો અને તે અજરરાજાની સેવા કરવામાં સુખ માની પોતાને ઘેર ગયો. પછી ઉદાર બુદ્ધિ અને પૂર્વજન્મના સ્મરણવાળા રાજા અજરે વૈદ્યને પૈસા આપી તેની યોગ્યતાપ્રમાણે તેનું સન્માન કર્યું. પછી તે રાજા ન્યાયથી વિજય કરેલી, પુણ્યથી પ્રાપ્ત થયેલી શત્રુ રહિત પૃથ્વીનો રાજા બની, અંતઃપુરની રમણી અને મિત્રોની સાથે આનંદમાં રહેવા લાગ્યો.

---

* આને જ મળતી એક વાત મિ૦ મહિપતરામ રૂપરામે પોતાના ભવાઈ સંગ્રહ નામના ગ્રંથમાં કંસારાના વેશના એક પ્રસંગમાં જણાવી છે. ફકીર પોતે ઈશ્વરની સ્તુતિ કરતાં જણાવે છે કે 'રાઇકુ પરબત કીયો, પરબત બાગ જ માહી,' એ વાક્યપરથી મી૦ મહિપતરામ લખે છે કે પરબત નામનો કોઇએક રાજા હતો. તે એક દિવસે પોતાના બાગમાં એક મિત્ર સાથે વિહાર કરવા ગયો. ત્યાં કર્મ સંજોગે રાઈ નામના માળીએ ભ્રમથી ગોફણ મારી, જે તે રાજાને વાગતાં તે મૃત્યુવશ હવો. મિત્રે સમયસૂચકતા વાપરી માળીને રાજા બનાવી દીધો. તે મિત્ર પણ તરુણચંદ્ર વૈદ્યપેરે રાજાને વશ રાખવા ઈચ્છતો હતો, ત્યારે રાઇ માળીએ એક પ્રસંગે નદી તટપર ફરતાં, નદીમાં દીવાની હારની હાર આવતી હતી તે બતાવી તેને કહ્યું કે એ દિવા ક્યાંથી આવે છે તેનું કારણ તું શોધી કાઢ. તે મિત્ર તપાસ અર્થે ગયો, તો દૂર જંગલમાં શંકરના લિંગપર કોઇએ પોતાની કમળ પૂજા કીધી હતી, ને તેમાંથી જે લોહી ટપકતું હતું તે શંકરના લિંગપર થઇને નદીમાં જતું ને તેમાંથી દિવા પ્રકટ થતા. તરૂણચંદ્રને જેમ અજરરાજે, આ દૃષ્ટાંત બતાવી ઠંડો કીધો તેમજ રાઈરાજે તે મિત્રને પણ કીધો હતો.

બીજો આવો પ્રસંગ બુદ્ધિપ્રકાશમાં આપ્યો છે. તેમાં પ્રથમનો સર્વ પ્રસંગ ઉપલી કથાને મળતો છે, પણ પાછળનો પ્રસંગ થોડાક ફેરફારવાળો છે. બાગમાં રાજા મરણ પામ્યો તે વેળાએ તેની પાસે રાણી હતી, ને રાણીએ વિચાર્યું કે જો રાજાના મરણની ખબર લોકોને પડશે તો રાજ્યમાં બખેડો થશે, ને મારા પણ બૂરા હાલ થશે; તેથી કાર્યભારીઓને કહ્યું કે રાજા એક જોગીને સેવે છે માટે છ માસ પછી બહાર નિકળશે. એટલા વખતમાં બાગના માળીને રાણીએ રાજકાજથી પાવરધો કીધો. જ્યારે તેને છ માસ વીત્યા ત્યારે-પૂર્વનો રાજા તરુણાવસ્થા પામીને બહાર નિકળ્યો. તે નિમિતે પ્રજાએ ઉત્સવ કર્યો ત્યારે તે માળી હાથીપર બેસીને ભાગ્યોદય માટે મનમાં બોલતો હતો કે "વિતકકી ગત ન્યારી રે ભાઈ વિતકકી ગત ન્યારી; જાકે પાઉમેં પેનિયા નહીં, વાકુ દિયો કુંજવિહારી; રે ભાઇકી વિતકકી ગત ન્યારી."



"મહારાજ! આવી રીતે સસારમાં પ્રાણી સારું કે નરતું જેવું કર્મ કરે છે, તેનું સર્વ ફળ હમેશાં આ દુનિયામાં તેને મળે છે. માટે હું માનુંછું કે, અમારાં પૂર્વ જન્મનાં સત્કર્મથી અમને તમો જેવા રાજા મળ્યા છે. જો તેમ ન હોય તો બીજા ઉપર પ્રેમ ન રાખતાં અમારા ઉપર આપ પ્રેમ કેમ રાખો? અમે તો અમારા પૂર્વજન્મનાં કર્મ જ ઉત્તમ માનીએ છીએ" પછી રાજા નરવાહનદત્ત, રાણી રત્નપ્રભા સહિત તપંતકના મુખથી અપૂર્વ રસવાળી આ અદ્ભુત કથા સાંભળી, સ્નાન કરવા માટે ઉઠ્યો. સ્નાનગૃહમાં જઈ સુગંધી જળથી સ્નાન કરી, વત્સરાજ અને પોતાની માતાની પાસે ગયો, અને માતા પિતા, પુત્રને જોઈ હર્ષનાં અશ્રુઓ પાડવા લાગ્યાં. પછી નરવાહનદત્ત માતાપિતા સાથે ભોજન કરી રત્નપ્રભા રાણી અને મંત્રીઓની સાથે ખાનપાન વિગેરેની મોઝમઝામાં દિવસ ગાળી કાઢ્યો અને રાત્રીસાથે રંગભોગમાં રાત્રિ પણ ગાળી કાઢી.

---

## તરંગ ૭ મો.

## નરવાહનદત્તની કથા ચાલુ.

બીજે દિવસે પ્રભાતમાં નરવાહનદત્ત રાજા, રત્નપ્રભાના રંગભવનમાં રત્નપ્રભા રાણી તથા મંત્રીઓ સાથે જૂદી જૂદી વાતો કરતો હતો એવામાં, તે રાજભવનના આંગણાના બહારના ભાગમાં અકસ્માત્ કોઇ પુરુષ ચીસ પાડીને રુદન કરતો હોય એવો અવાજ તેના સાંભળવામાં આવ્યો. એટલે 'આ શું થયું?' આમ ત્યાં બેઠેલામાંથી જ્યાં એકજણ પૂછવા જાય છે ત્યાં તો દાસી રાજાની પાસે આવીને બોલી: 'મહારાજ! એ તો ધર્મગિરિ નામનો કંચુકી રડે છે. હમણાં તેનો કોઇએક મૂર્ખ મિત્ર અહીં આવ્યો હતો, તેણે તેને એવા સમાચાર કહ્યા કે તારો ભાઇ યાત્રા કરવા ગયો હતો તે ત્યાં પરદેશમાં મરી ગયો છે. તે સાંભળતાં વેંતજ ધર્મગિરિને દિલગીરીથી મૂર્છા આવી ને દુઃખને લીધે, 'હું રાજમંદિરમાં છું' એ વાત વિસરી જઇ ચીસો પાડીને રડવા લાગ્યો. બહારના માણસો તેને હવણાં ઘેર લઇ ગયાં છે.' એ વાત સાંભળી યુવરાજ નરવાહનદત્તના મનમાં દયા આવી, અને તે દિલગીર થયો; ત્યારે ત્યાં બેઠેલી રાણી રત્નપ્રભા બેદાતુરની માફક બોલી: 'પ્રાણેશ! પોતાના વહાલા કુટુંબીઓના વિયોગથી જે દુઃખ પેદા થાય છે તે . સહન કર્યું જતું નથી. અફસોસ છે કે ઇશ્વરે મનુષ્યને અજર અમર શા માટે બનાવ્યાં નહીં ઉપયોગમોત્નપ્રભાનું દિલગીરીવાળું આવું બોલવું સાંભળી મરુભુતિ બોલ્યો: 'રાણીજી! મનુષ્યોને લઈ જ અને અમર થાય એ વાત કેવી રીતે બને, તે વિષય ઉપર આ એક કથા કહીં બતના ધણીઃ સાંભળોઃ—

## નાગાર્જુનની કથા.

પ્રાચિન કાળમાં **ચિરાયુ** નામના એક નગરમાં **ચિરાયુ** નામનો એક રાજા રહેતો હતો. તે પોતે દીર્ઘ આયુષ્યવાળો અને સર્વ સંપત્તિનું પાત્ર હતો. આ રાજાના મંત્રીનું નામ **નાગાર્જુન** હતું. તે દયાળુ, દાનશીળ, જ્ઞાની અને **બોધિસત્ત્વ**ના અંશમાંથી જન્મ્યો હતો. આ મંત્રી સઘળી ઔષધિની યોજના કરવામાં ઘણો જ ચાલાક હતો અને તેણે રસાયણો સિદ્ધ કરી મૂક્યાં હતાં. તેણે પોતાને અને રાજાને ઔષધિઓના જોરથી અજર અને ચિર આયુષ્યવાળો કર્યો હતો. એક દિવસે તે મંત્રીના સઘળા દીકરામાંનો એક પ્યારો દીકરો મરણ પામ્યો, તેથી તેને પુત્ર મરણનો સંતાપ અનુભવવો પડ્યો. આથી તેના મનમાં વિચાર થયો કે આ સંતાપ ઘણો તીવ્ર છે. પછી ભવિષ્યમાં કોઇને એવો સંતાપ સહેવો ન પડે તે ઇચ્છાથી તેણે ઓષધીઓથી તથા તપ અને દાનના બળથી અમૃત બનાવવા પ્રયત્ન કરવા લાગ્યો. અમૃત થવાને માત્ર એક જ ઔષધિ બાકી રહી હતી, અને તે મેળવવા માટે તે સમયનો જોગ જોતો હતો; એવામાં આ બાબત ઇંદ્રના જાણવામાં આવી. ઇંદ્રના દેવો મારફતે **અશ્વિનીકુમાર**ને બોલાવીને એવી આજ્ઞા કરી કે, "તમે મૃત્યુ લોકમાં જઇ મારા કહેવાથી **નાગાર્જુન**ને કહો કે, 'તું મંત્રી છે, છતાં પણ આમ અન્યાય કરવા શા માટે મંડ્યો છે? તું શું હમણાં **બ્રહ્મા**ને જિતવા માટે તૈયાર થયો છે? **બ્રહ્મા**એ પોતે જ મનુષ્યને મરણ ધર્મવાળાં બનાવ્યાં છે, ત્યારે અમૃત બનાવીને તેને તું અમર કરવાની કેમ ઇચ્છા કરે છે? જ્યારે મનુષ્ય પણ અમૃતનું પાન કરીને અમર થશે, ત્યારે દેવતામાં અને મનુષ્યમાં ભેદ શું રહેશે? જ્યારે દેવ અને મનુષ્ય એક થઇ જશે ત્યારે યજ્ઞ કરનારા અને યજ્ઞમાં ભાગ ગ્રહણ કરનારા આવો ભેદ રહેશે નહીં; અને દેવને તૃપ્ત કરવા યજ્ઞ કરવો પડશે નહીં. અને જ્યારે યજ્ઞ વિગેરેનો લોપ થશે ત્યારે વિશ્વનો વ્યવહાર તૂટી જશે. માટે અમારું કહેવું સ્વીકારી અમૃત બનાવવું બંધ રાખ. જો આ વાત તું માનીશ નહીં અને અમૃત બનાવીશ તો દેવતાઓ તને અવશ્ય શાપ દેશે. જે પુત્રના મરણ માટે તને આટલો સંતાપ થયો છે, તે તારો દીકરો હમણાં સ્વર્ગમાં બેઠો છે.' આટલો સંદેશો **નાગાર્જુન**ને કહો." આમ કહી ઇન્દ્રે અશ્વિનીકુમારને મોકલ્યા. અશ્વિનીકુમાર ઇંદ્રનો સંદેશો લઇ સ્વર્ગમાંથી મૃત્યુ લોકમાં **નાગાર્જુન**ને ઘેર આવ્યા. **નાગાર્જુન** તેના આવવાથી પ્રસન્ન થયો અને તેને પગ ધોવા માટે પાણી આપ્યું. અશ્વિની-કુમારે અર્ધ્ય કર્યાં પછી ઇંદ્રે કહેલો સંદેશો **નાગાર્જુન**ને કહી સંભળાવ્યો અને અંત્યે કહ્યું કે, તમારો દીકરો દેવતાઓની સાથે સ્વર્ગમાં રહે છે.' આ સાંભળી **નાગાર્જુન** શ્રમ વૃથા જવાથી અફસોસ કરીને વિચારવા લાગ્યો કેઃ—"હું જો ઇંદ્રનું વચન માન્ય રાખીશ નહીં અને અમૃત બનાવીશ, તો દેવતાઓ તો શાપ દેતા એક ઠેકાણે રહ્યા, પરંતુ આ અશ્વ-નીકુમાર જ અહિં મને શાપ શા માટે આપશે નહીં? માટે અમૃત બનાવવાનું ભલે બંધ રહે. મારા મનનો મનોરથ સિદ્ધ થયો નહીં, એ શોચનીય છે! વળી મારો દીકરો ગયો તે તો મારા પૂર્વજન્મનાં કર્મથી મરી ગયો છે." આવો મનમાં વિચાર કરી ના[?]ારી રે ભાઈ કુમારને કહ્યું: 'હું ઇંદ્રની આજ્ઞા મસ્તકે ચઢાવું છું અને અમૃત બનાવવાનું કામ ! ગત ન્યારી."



તમે મારે ત્યાં પધાર્યા ન હત તો પાંચ દિવસમાં અમૃત સિદ્ધ થાત અને હું જગતને અજરામર બનાવી દેત!!' આટલું કહી **અશ્વિનીકુમાર**ના કહેવાથી **નાગાર્જુને** તે જ વખતે સિદ્ધપ્રાય થવા આવેલું અમૃત, જમીન ઉપર ઢોળી નાખ્યું. પછી **અશ્વિનીકુમાર** **નાગાર્જુન**ની રજા માગી સ્વર્ગમાં ઇંદ્રની પાસે ગયા; અને બોલ્યાઃ 'મહારાજ! કામ નક્કી કરીને આવ્યા છીએ.' તે સાંભળીને ઇંદ્રના મનમાં અત્યંત આનંદ થયો.

આ બનાવ બન્યા પછી થોડે વખતે **ચિરાયુ** રાજાએ પોતાના **જીવહર** નામના પુત્રને યુવરાજ પદપર નીમ્યો. જ્યારે **જીવહાર**નો તીર્થ જળથી સ્નાન કરાવીને તે જગ્યા ઉપર અભિષેક થયો ત્યારે તે પોતાની માતાને પ્રણામ કરવા માટે ગયો. રાણી **ધનપરા**, પુત્રને ખુશી થયેલો જોઇ બોલીઃ 'દીકરા! તું યુવરાજ જગ્યા મળવાથી ખુશી થાય છે તે સર્વ મિથ્યા છે. તપ કરવું અથવા તો બીજું કંઇ કરવું એ ક્રમ કંઇ રાજ્ય મેળવવા માટે નથી. તારા પિતાની નજર આગળ તો ઘણાએ યુવરાજ થઇ ગયા છે; પરંતુ તેમાંના કોઇએ રાજ્ય મેળવ્યું નથી; સર્વ છેતરાયા છે. કેમકે **નાગાર્જુન** મંત્રીએ રાજાને એક એવું રસાયન આપ્યું છે, કે જે રસાયનના સેવનથી આ રાજા એકસો ને આઠ વર્ષનો થયો છે; અને હજી પણ કોણ જાણે કેટલાએ વર્ષો આવી રીતે ક્રમે ક્રમે કાઢી નાંખશે તે કહેવાતું નથી. આ રાજા જેટલાને યુવરાજ કરે છે તેટલા સઘળા ટુંકા આયુષ્યના હોય છે; એટલે તે રાજ્ય મેળવવા પામતા નથી.' આવી વાર્તા સાંભળી યુવરાજ ગભરાયો, એટલે તેની માતા **ધનપરા** બોલીઃ 'દીકરા! જો તારે રાજ્ય કરવાની ઇચ્છા હોય તો, હું ઉપાય બતાવું તેમ કર. આપણો કાર્યભારી **નાગાર્જુન** આહ્નિક કૃત્ય–સંધ્યાદિક કરી જ્યારે ભોજનનો સમય થાય છે ત્યારે આ પ્રમાણે બુમ પાડે છેઃ "અરે! અહિયાં યાચક કોણ કોણ છે; અને તેને શું શું જોઇએ છે?" આ સમય ઉપર તારે ત્યાં જઇને કહેવું કે, મારે તારું મસ્તક જોઇએ છે. તે સાંભળી તે દાનેશ્વર અને સત્યવાદી છે માટે મસ્તક કાપીને તને આપશે, અને તે પોતાનો પ્રાણત્યાગ કરશે. જ્યારે તે મરણ પામશે ત્યારે તારા પિતા પણ શોકના માર્યા મરણ પામશે અથવા તો રાજ્યનો ત્યાગ કરી વનમાં જશે; ને પછી તને રાજ્ય મળશે. તારે રાજ્ય મેળવવાનો આ ઉપાય છે, બીજો ઉપાય નથી.' માતાનાં આવાં વચન સાંભળી દીકરો મનમાં હરખાયો; અને 'બહુ સારું' એમ કહી તેમ કરવા માટે નિશ્ચય કર્યો. અફસોસ છે કે પુત્રનો પ્રેમ પતિ તરફની ફરજને અને રાજ્ય મેળવવાનો લોભ પિતાના સ્નેહને પણ ભૂલાવે છે.

પછી બીજે દિવસે મધ્યાહ્ન સમય થયો અને આહ્નિકમાંથી પરવારી ભોજનની વેળા થઇ એટલે **નાગાર્જુન** મંત્રી બોલ્યોઃ 'અરે! અત્રે કોણ કોણ યાચક છે, અને તેને શું શું જોઇએ છે?' એટલે રાજકુમારે તેની પાસે જઇને તેનું મસ્તક માગ્યું. આ સાંભળી મંત્રી બોલ્યોઃ 'બેટા! આ મસ્તકને તું શું કરીશ? માંસ, હાંડકાં, અને વાળના જથ્થાથી ભરેલું મસ્તક તારે શું ઉપયોગમાં આવશે? તોપણ તારે જો આ મસ્તકનું કામ જ હોય તો તું તારી મેળે તેને કાપીને લઇ જા!' આટલું કહી મંત્રીએ તેની પાસે પોતાનો કંઠ ધર્યો. રાજપુત્રે તેના ઉપર તરવારના ઘણીવાર પ્રહાર કર્યા, તો તરવારના કટકા થઇ ગયા, પણ રસાયણથી મજબૂત થયેલા

તેના કંઠમાં જરા પણ તે પેસી શકી નહી. એટલે રાજકુમારે બીજી ઘણી તરવારોના પ્રહાર કર્યાં, પણ તે સઘળી તરવારોના કટકે કટકા થઇ ગયા, પણ મસ્તક જૂદું પડયું નહિ. એવામાં આ વાર્તા **ચિરાયુ** રાજાના જાણવામાં આવી એટલે તે પણ ત્યાં આવ્યો અને બોલ્યો, 'મંત્રી! મસ્તકનું દાન અપાય નહીં, માટે તે કામ કરો મા !, તે સાંભળી **નાગાર્જુન** બોલ્યોઃ 'મહારાજ! મને મારા પૂર્વ જન્મોનું સ્મરણ છે. મારા નવાણું જન્મ થયા છે; ને તે દરેક જન્મની અંદર મેં મારાં મસ્તકો આપ્યાં છે. મહારાજ, આ મારો સોમો જન્મ મસ્તક આપવા માટે જ છે, માટે તમે મને કંઇ પણ કહેશો મા ! મારે ઘેર આવેલો યાચક ખાલી જાય નહીં. માટે હવણાં તમારા રાજકુમારને મારું પોતાનું મસ્તક આપું છું. મેં મસ્તક આપવામાં વિલંબ કર્યો છે. તે તમારા મુખનાં દર્શનની ખાતર જ છે.' આટલું બોલી મંત્રીએ રાજાને પ્રેમપૂર્વક આલિંગન કર્યું, ને પછી પોતાના ભંડારમાંથી એક ચૂર્ણ લઇ આવ્યો, અને તે ચૂર્ણ રાજકુમારની તરવાર ઉપર ચોપડયું. પછી રાજકુમારે તે ચૂર્ણ ચોપડેલી તરવાર વડે, વડ નાળ ઉપરથી જેમ કમળને કાપી નાંખે તેમ, **નાગાર્જુન**ના ધડ ઉપરથી મસ્તકને છેદી નાંખ્યું. આ જોતાં જ રાજા પોકળશ્રાદ્ધ કરવા લાગ્યો, અને મરવા માટે તૈયાર થયો. એ વખતે ગગનમંડળમાં વાણી થઇ, 'અરે રાજા ! તારે તારા મિત્રનો અફસોસ કરવો નહીં, અને તે માટે મરવું પણ નહીં. હવે **નાગાર્જુન** ફરીને સંસારમાં જન્મશે નહીં–કારણ કે તે બુદ્ધદેવની ગતિને પામ્યો છે–નિર્વાણ પામ્યો છે.' આવી આકાશવાણી સાંભળી **ચિરાયુ** રાજાએ પ્રાણત્યાગનો વિચાર છોડી દીધો અને મિત્ર વિરહના શોકથી રાજ્યત્યાગ કરી, વનમાં જઇ ઈશ્વરારાધન કરવા લાગ્યો. ઘણા કાળ તપ કરી, છેવટે તે પણ નિર્વાણને પામ્યો, તેનો પુત્ર **જીવહર**, **ચિરાયુ** રાજાની રાજ્યગાદી ઉપર બેઠો. પણ તેને થોડા દિવસ રાજ્ય કરતાં થયાં નહતાં એવામાં તો **નાગાર્જુન**ના દીકરાઓએ પોતાના પિતાને મારવાનું વૈર યાદ રાખી, આખા દેશની પ્રજાને પોતાના પક્ષમાં લઈ **જીવહર**નો નાશ કર્યો. **જીવહર** મરણ પામ્યાના સમાચાર સાંભળી તેના શોકથી તેની માતાનું હૃદય ફાટી ગયું. આ સર્વ ઠીક થયું હતું. જે લોકો અનીતિને માર્ગે આચરણ કરે છે તેઓનું કલ્યાણ કયાંથી થાય? **જીવહર**ના મરણ પછી **ચિરાયુ** રાજાની બીજી રાણીથી **શતાયુ** નામનો પુત્ર જન્મ્યો હતો, જેને મુખ્ય મંત્રીઓએ રાજ્ય ગાદી ઉપર બેસાડયો.'

આવી રીતે **નાગાર્જુને** મનુષ્યને અજરામર બનાવવા માટે અમૃત કરવાની તૈયારી કરી, પણ દેવતાઓ તે સહન કરી શક્યા નહીં અને અંતે **નાગાર્જુન** પોતે પણ મરણ શરણ થયો. માટે **બ્રહ્માએ** સરજેલી આ દુનિયામાં કોઇથી પણ વારણ કરી શકાય નહિ એવાં અપાર દુઃખો સહેવાનાં છે. આ જગતમાં વિધાતાને જે કરવાની મરજી નથી તે કામ કોઈ યત્નથી લેશમાત્ર પણ કરી શકાતું નથી.

આવી રીતે વાર્તા કરી **મરુભૂતિ** બંધ પડયો, એટલે **નરવાહનદત્ત** પોતાના મંત્રિમંડળ સહિત ત્યાંથી ઉઠયો, અને પોતાનું આન્હિક કરવામાં ગુંથાયો.



## તરંગ ૮ મો.

## કર્પૂરિકાનું વૃત્તાંત.

રાત્રિ વીતી ગઈ, આકાશમાં દેખાતા તારાનું તેજ મંદ પડી ગયું અને સ્પષ્ટ પ્રભાત થયું, એટલે **નરવાહનદત્ત** રાજા મૃગયા માટે સર્વ સામગ્રી તૈયાર કરી પોતાની પ્રિય રાણી **રત્નપ્રભા** પાસે જઇને બોલ્યો; "હું મૃગયા રમવા માટે જાઉં છું અને ઝટ પાછો આવીશ." આવી રીતે પ્રિયાને સમજાવી રજા લઈ, પોતાના મિત્રોની સાથે અને વત્સરાજની સાથે, હાથી અને ઘોડાઓના મંડળ સહિત, ઘાડા જંગલમાં તે મૃગયા રમવા માટે ગયો. ત્યાં મોટા મોટા હાથીઓનાં કુંભસ્થળ ફાડીખાનારા મોટા મોટા સિંહોને જમીનદોસ્ત કરી દીધા. તેમના નખની અંદરથી મોતીઓ પૃથ્વી ઉપર વેરાઇ ગયાં. તેને લીધે જાણે જમીન ઉપર બીજ રોપ્યાં હોય તેવી જમીન શોભવા લાગી. ભાલાથી ચીરી નાંખેલી વાઘોની ડાઢો જમીન ઉપર પડી હતી, તેને લીધે જાણે કાંટા ફૂટયા હોય તેવી તે જણાવા લાગી. મૃગોનાં શરીરની અંદરથી ઝરતા લોહીવડે જાણે જમીન કોમળ લાલ પલ્લવવાળી હોય તેવી દીસતી હતી. કંકપક્ષીઓનાં પીછાંવાળાં તીર જેમાં પેસી ગયાં હતાં એવી પશુઓની છાતીવડે, જાણે ગુચ્છાદાર હોય તેમ જંગલી ભુંડો લાગતાં હતાં. પૃથ્વી પર પડેલાં શરભનાં* શરીરથી જમીન જાણે ફળવાળી હોય તેમ જણાતી હતી. આવી રીતે મૃગયાની લીલારૂપ લતા આખા વનમાં ફેલાઇ રહી હતી. ભયંકર શબ્દ કરતા તીરરૂપ ભ્રમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. તેને લીધે ફળ ફુલવાળી, ગુચ્છાથી મનોરંજક અને આખા વનને શોભા આપનારી લતામાં, ભ્રમરાઓ ઉડતા હોય અને તે જેમ આનંદ આપે તેમ મૃગયાની લીલા આનંદ આપવા લાગી. આ રીતે રાજા મૃગયા કરતાં શ્રમિત થયો, એટલે તે જરાવાર નીચે ઉતરી વિશ્રામ લઇ પાછો પોતે ઘોડા ઉપર ચઢ્યો અને ઘોડેસ્વાર **ગોમુખ**ને સાથે લઇ બીજા જંગલમાં ગયો; અને ત્યાં ગોફણ ઉછાળવાની રમત રમવા માંડયો. એવામાં એક ક્ષણ પછી **નરવાહનદત્ત**ના હાથમાંથી ગોફણ અચાનક છટકીને તે માર્ગેથી જતી એક તાપસીના મસ્તક ઉપર પડી; ત્યારે તે તાપસી જરા હાસ્ય કરીને બોલી; "અરે! તને આવો મદ છે ત્યારે તું કોઇ દિવસ કર્પૂરિકા સ્ત્રીને પરણીશ ત્યારે તો તારું શું થશે? ત્યારે આ મદ રહેવાનો નથી." તે સાંભળતાં જ **નરવાહનદત્તે**, વાહન ઉપરથી નીચે ઉતરીને તરત તે તાપસીના ચરણમાં પ્રણામ કર્યાં, અને તે તાપસીને કહ્યું; "ભગવતિ! મેં આપને કદી દીઠાં ન હતાં, માટે મારી ગોળી તમારા તરફ આવીને તમને વાગી હશે; માટે પ્રસન્ન થાઓ અને મારો આ એક અપરાધ ક્ષમા કરો." તે સાંભળી શાંત સ્વભાવવાળી તે તાપસી બોલી; "પુત્ર! મને તારાપર ગુસ્સો નથી." આમ કહી, "તારું કલ્યાણ થાઓ," એવો આશીર્વાદ આપ્યો અને **નરવાહનદત્ત**ને શાંત કર્યો. પછી **નરવાહનદત્ત** તે

* એ જનાવર લંબાઈમાં આઠ ફીટ હોય છે.

તાપસીને સત્યવાદી, જ્ઞાનશાળી અને પોતાને આધીન જાણીને વિનયથી પૂછવા લાગ્યો: "પવિત્ર બાઈ! તમે કર્પૂરિકા કહી તે કોણ છે? તમો મારા ઉપર પ્રસન્ન થયાં હો તો તે મને કહી બતાવો; કારણ કે તેનું નામ સાંભળી મને ઘણું આશ્ચર્ય થયું છે." આટલું બોલી તે રાજકુમારે તે તાપસીને પુનઃ પ્રણામ કર્યાં, એટલે તે તાપસી બોલી:

"સમુદ્રના સામા કિનારા ઉપર કર્પૂરસંભવ* નામનું એક નગર છે. તે શહેરમાં નામ પ્રમાણે ગુણ ધરાવનારો કર્પૂરક નામનો પ્રખ્યાત રાજા રાજ્ય કરે છે. તેની પુત્રીનું નામ કર્પૂરિકા છે. આ કર્પૂરિકા એવી તો દિવ્ય કાંતિવાન્ છે કે, દેવતાઓ સમુદ્રનું મથન કરી સાગરમાંથી લક્ષ્મીને લઈ ગયા તે જોઇ, સમુદ્રે જાણ્યું કે આ બીજી લક્ષ્મીને પણ તેઓ હરી જશે, આવી બીકથી તેને દ્વીપમાં છૂપાવી હોય તેમ જણાય છે. તે કોઈ પુરુષને પસંદ કરતી નથી અને પરણવાની પણ ઇચ્છા ધરતી નથી. પરંતુ તું જો ત્યાં જઇશ તો તે તારા ઉપર પ્રેમઘેલી થશે. માટે પુત્ર, તું ત્યાં જા. તને તે સુંદરી અવશ્ય પ્રાપ્ત થશે. પરંતુ ત્યાં જતાં રસ્તામાં ભયંકર જંગલમાં તને મોટાં મોટાં દુઃખો પડશે, તેથી તારે જરા પણ ગભરાવું નહીં; કારણ કે તે સર્વ દુઃખ પરિણામે સુખરૂપ થશે." આટલું કહી તે તાપસી આકાશમાં ઉડી અલોપ થઇ ગઇ. તાપસીની વાણી સાંભળી નરવાહનદત્ત અત્યંત કામાતુર બની ગયો અને પાસે ઉભેલા ગોમુખને કહેવા લાગ્યો–"પ્રિયમિત્ર ! ચાલો ત્યારે આપણે બન્ને જણા કર્પૂરિકાને માટે કર્પૂરસંભવ શહેરમાં જઈએ; કારણ કે હું કર્પૂરિકાનાં દર્શન વગર એક ક્ષણભર પણ રહેવા શક્તિમાન નથી. " આ સાંભળીને ગોમુખ બોલ્યો–"મહારાજ! સાહસ શા માટે કરો છો? તમે ક્યાં બેઠા છો, સમુદ્ર ક્યાં છે, તે શહેર ક્યાં છે, તેનો માર્ગ ક્યાં છે, ને તે કન્યા ક્યાં છે? કેવળ તે કન્યાનું નામ સાંભળીને ઘરમાંની સઘળી દિવ્યાંગનાઓનો ત્યાગ કરી એકાએક તે સ્ત્રી તરફ શા માટે દોડો છો? આ કંઈ ઠીક કહેવાય નહીં. તે મનુષ્ય જાતિમાં જન્મેલી છે. વળી તે કન્યાના મનનો અભિપ્રાય પણ તમે જાણતા નથી ત્યારે તે તમને જ પરણશે એમ નિશ્ચય કેમ કહી શકાય? આવી રીતે ગોમુખ બોલ્યો, એટલે તે વખતે રાજકુમારે ઉત્તર આપ્યો; "મને સિદ્ધ તાપસીએ કહ્યું છે, માટે તેનું વચન જૂઠું પડે જ નહીં. તેથી હું તો તે રાજકન્યાને પરણવા માટે અવશ્ય જઇશ." આવી રીતે કહી તત્ક્ષણે તે ઘોડા ઉપર સ્વાર થઇ તુરત ચાલવા માંડ્યો. ગોમુખ પણ જો કે તેની સાથે જવાને ખુશી ન હતો તથાપિ ગૂપચૂપ તેની પાછળ ઘોડેસ્વર થઈ ચાલવા માંડ્યો: કારણ કે તે જાણતો હતો કે શેઠ પોતાનું કહેવું કબુલ રાખે નહીં તો પણ સેવકોએ તેમને અનુસરવું જોઇએ.

હવે વનમાં મૃગયા કરવા માટે સાથે આવેલા વત્સરાજ, મૃગયા કરી પોતાના નગર તરફ ચાલ્યા. તેણે જાણ્યું કે મારી સેનાની વચમાં પુત્ર પણ પાછળ પાછળ આવતો આવતો હશે, માટે શહેરમાં મળીશ. પણ આવી રીતે તે ચાલ્યો જશે તે તો તેના મનમાં પણ ન હતું. તેમ નરવાહનદત્તનું પોતાનું સૈન્ય પણ, રાજકુમાર સેનાની વચમાં જ છે એમ માની મરુભૂતિની સાથે શહેર તરફ પાછું ફર્યું. શહેરમાં આવ્યા પછી વત્સરાજ અને બીજા મંત્રી વિગેરે રાજકુમારની તપાસ કરવા લાગ્યા, પણ તે ક્યાંઈ પણ જોવામાં આવ્યો નહીં. પછી તે સર્વે રત્નપ્રભા રાણીના રંગમહાલયમાં ગયા અને ત્યાં જઇને રાણીને પૂછ્યું, ને રાજકુમાર ક્યાંય પણ નથી તે વાર્તા સાંભળી રત્નપ્રભા પ્રથમ તો દિલગીર થઇ. પણ પાછળથી ધૈર્ય ધરી તેણે પોતાની માયિક વિદ્યાનું સ્મરણ કર્યું, એટલે તે વિદ્યાદેવીએ રાણીને તેના પતિનું સર્વ વૃત્તાંત જણાવ્યું; પછી પુત્રના વિરહથી ઉદાસીમાં આવી પડેલા સસરાને તે નીચે પ્રમાણે કહેવા લાગી: "સસરાજી! વનમાં મારા પ્રાણપતિને એક તાપસી મળી હતી. તેણે કર્પૂરિકા કન્યાને પરણવા માટે કહ્યું. આ કન્યા કર્પૂરસંભવ નગરમાં રહે છે, તેથી આર્યપુત્ર તે શહેરમાં ગયા છે. તેમની સાથે ગોમુખ પણ ગયો છે. તે થોડા વખતમાં તેની સાથે વિવાહ કરીને અહીં પાછા આવશે, માટે તમે હવે તેની ચિંતા કરશો મા. આ વાર્તા મને મારી ઇષ્ટ દેવી વિદ્યાએ કહી છે." આવી રીતે વનની સર્વ વાત કહી, તેણે વત્સરાજને અને તેના સઘળા પરિવારને ધીરજ આપી. પછી રત્નપ્રભાએ રસ્તામાં પોતાના પ્રિય પતિને દુઃખ ન થાય, એટલા માટે એક બીજી વિદ્યાને મોકલી. કારણ કે પતિનું હિત ઇચ્છનારી કુલીનકાંતાઓ પતિની કે શોક્યની ઇર્ષ્યા કરતી નથી.

શહેરમાં આ બનાવ બન્યો તે વખત તો ઘોડેસ્વાર થયેલા નરવાહનદત્તે અને ગોમુખે જંગલમાંનો ઘણો રસ્તો કાપી નાંખ્યો હતો. તેઓ વધ્યા જતા હતા, એવામાં માર્ગની વચમાં અણચિંતવી એક કન્યા રાજા નરવાહનદત્તની સન્મુખ આવીને બોલી:"હું માયાવતી નામની વિદ્યા છું અને મને રત્નપ્રભાએ માર્ગમાં તમારી રક્ષા કરવા માટે મોકલી છે; તેથી હું અદૃશ્ય રહી માર્ગમાં તમારી રક્ષા કરું છું. માટે હવે તમારે નિશ્ચિંત ચાલ્યા જવું–કોઇનો ડર રાખવો નહીં." આટલું બોલી મૂર્તિમતી વિદ્યાદેવી તેના દેખતાં જ અદૃશ્ય થઈ ગઈ. પછી તે દેવીના પ્રતાપથી રાજકુમારની ક્ષુધા તૃષા બન્ને શાંત થઇ ગયાં અને તે રત્નપ્રભાના પ્રેમનાં વખાણ કરતો માર્ગ કાપવા લાગ્યો.

સાયંકાળનો સમય થયો. સૂર્યનારાયણ અસ્ત થવા આવ્યા. પક્ષીઓ પણ પોતાની પ્રિય ભૂમિપર જવાને તૈયાર થયાં. આ વખતે તેઓ એક મોટા વનમાં પેઠા. ત્યાં એક સ્વચ્છ જળથી ભરેલું તળાવ તેમની નજરે પડ્યું, એટલે તે તળાવના કિનારા ઉપર વિશ્રામ કર્યો; અને બન્ને જણાએ તે તળાવમાં સ્નાન કરી સ્વાદિષ્ઠ ફળનો આહાર કરી તળાવના શીતળ જળનું પાન કીધું. થોડી વાર પછી રાત્રિ થઇ એટલે રાજકુમારે બન્ને ઘોડાને ઝાડ નીચે બાંધ્યા અને તેને ઘાસ ચારો નાંખી ત્યાં રાત્રિ રહેવા માટે ગોમુખ સહિત એક ઝાડ ઉપર ચઢીને એક પહોળી શાખા ઉપર બન્ને જણા સૂતા. વાતકરતાં મધ્યરાત્રિનો સમય થયો, એટલે બન્ને જણા સૂઈ ગયા. તે વખતે એક સિંહ ત્યાં આવ્યો. તેને જોઇ ઘોડો ચમક્યો અને ખોંખારવા લાગ્યો. ઘોડાનો હણહણાટ સાંભળી રાજકુમાર જાગી ઉઠ્યો અને નીચે જુવે છે તો એક સિંહ ઉભેલો જણાયો. તુરત રાજકુમાર ઘોડાની રક્ષા કરવા માટે ઝાડ ઉપરથી નીચે ઉતરવા લાગ્યો. તે જોઈ ગોમુખ બોલ્યો: "અરે! તમે તમારા અંગની દરકાર કર્યાં વગર ને સલાહ લીધા વગર આવું કામ કેમ કરો છો? કારણ કે રાજાઓ શરીરને અધીન છે, એટલે રાજાએ શરીરને

* કર્પૂરસંભવ–કર્પૂર ઉત્પન્ન કરનાર. અરેબીઅન નાઇટ્સમાં સિનબાદ નાવિકની જળયાત્રામાં કર્પૂરનો ટાપુ જણાવેલો છે.

બચાવવું જોઇએ અને રાજ્ય વિચારને અધીન છે—માટે તમે નખ અને ડાઢવાળા પ્રાણીઓ જોડે કેમ લડવાની ઇચ્છા રાખો છો? આપણે આપણા શરીરનો બચાવ કરવા માટે તો હમણાં આ ઝાડ ઉપર ચઢીને સૂતા છીએ, છતાં તમે આમ કરો છો તે ઉચિત નથી.” ગોમુખનું આ પ્રમાણે કહેવું સાંભળી તે જ વખતે યુવરાજ નીચે ઉતરતો અટક્યો; અને ઝાડ ઉપરથી, ઘોડાને મારતા સિંહ ઉપર, ઘણી ત્વરાથી છરીનો ઘા કર્યો– કે જે છરી સિંહના શરીરમાં પેસી ગઇ. આવી રીતે સિંહ છરીથી ઘાયલ થયો છતાં પણ ઘણો બળવાન્ હોવાથી તેણે બીજા ઘોડાને પણ ઠાર કર્યો. તે જોઈ નરવાહનદત્તે ગોમુખના હાથમાંથી તરવાર લઇ સિંહની કેડ ઉપર સચોટ મારી સિંહના બે કકડા કરી નાંખ્યા. પછી પોતે ઝાડ ઉપરથી નીચે ઉતરી સિંહના શરીરમાંથી તરવાર બાહાર ખેંચી લઇ તે વૃક્ષ ઉપર પાછો ચઢ્યો; અને તે રાત્રિના ત્યાં જ નિવાસ કર્યો. પ્રભાત થયું એટલે રાજકુમાર અને ગોમુખ તે ઝાડ ઉપરથી નીચે ઉતર્યા, અને કર્પૂરિકાને મેળવવા માટે આગળ ચાલવા લાગ્યા. સિંહે ઘોડા મારી નાંખ્યા હતા, તેથી રાજકુમાર પણ પગે ચાલતો હતો. તે જોઇ રસ્તામાં તેને રંજન કરવા માટે ગોમુખ નીચે પ્રમાણે કથા કહેવા લાગ્યો:“મહારાજ! હું આપને આપણાજ પ્રસંગ ઉપર એક કથા કહું છું તે સાંભળો.

## ઇંદિવરસેન અને અનિચ્છાસેનની કથા.

શોભામાં અલકાપુરી કરતાં પણ અધિક રમણીય ઇરાવતી નામની એક નગરી હતી. તેમાં પરિત્યાગસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રાણસમાન પ્યારી બે રાણીઓ હતી. તેમાં એકનું નામ અધિકસંગમા હતું—જે તેના કાર્યભારીની પુત્રી હતી; અને બીજીનું નામ કાવ્યાલંકારા હતું, જે રાજવંશમાં જન્મેલી હતી. રાજાને એકપણ પુત્ર ન હતો, માટે તેણે વાંઝીઆ મેહેણું ટાળવા સારુ, પોતાની સ્ત્રી સહિત અંબિકાનું આરાધન કરવા માટે આહારનો ત્યાગ કરી અને દર્ભાસન ઉપર શયન કરી તપ આરંભ્યું. રાજાનું ઉત્કૃષ્ટ તપ જોઈ સાક્ષાત્ ભક્તવત્સલ દેવી અંબા પ્રસન્ન થયાં અને સ્વપ્નામાં આવી તે રાજાને બે દિવ્ય ફળ આપી બોલ્યાં: “રાજા! તું ઉભો થા અને આ ખાવા લાયક બે ફળમાંથી એકેકું ફળ તારી બન્ને રાણીને આપજે. એ ફળ ખાધાથી રાણીઓ ઘણા શૂરા રાજકુમારનો જન્મ આપશે.” આટલું બોલી અંબિકાદેવી અદૃશ્ય થયાં. સવાર થઇ ત્યારે તે રાજા જાગ્યો, અને પોતાના હાથમાં બે ફળ જોવામાં આવ્યાં, એટલે તે ઘણા આનંદમાં આવી ગયો. પછી તે પરિત્યાગસેન રાજાએ સ્વપ્નાનું વૃત્તાંત પોતાની પ્રાણ પ્યારીઓને કહીને રાજી કરી અને પોતે પ્રાતઃસ્નાન કરી અંબાજીની પૂજા કરી. પુત્ર માટે જે વ્રત આરંભી ઉપવાસ કરતો હતો તેનું પારણું કર્યું. રાત્રિ થઇ એટલે રાજા પ્રથમ અધિકસંગમા રાણીના વિલાસભવનમાં ગયો, અને તેને માતાનું આપેલું ફળ ખાવા માટે આપ્યું. રાણી તે જ વખતે તે ફળ ખાઇ ગઇ. આ રાણી મુખ્ય મંત્રીની પુત્રી હતી, તેને લીધે વળી રાજાએ પણ તેને પટ્ટરાણી માની હતી. માટે તે રાત્રિ તેના જ મંદિરમાં ગાળવાની રાજાએ ઇચ્છા કરી. શયનનો સમય થયો એટલે બીજી રાણીને આપવા ધારેલું ફળ, પોતાના ઓશીકાની નીચે મૂકીને રાજા સૂતો. રાજા નિદ્રાવશ થયો એટલે રાણી અધિકસંગમા, બન્ને ઉત્તમ પુત્ર પોતાને થાય એવી



ઇચ્છાથી ગૂપચૂપ, ઉઠીને રાજાના મસ્તક નીચેથી બીજા ફળને કાઢી, તે ફળ પણ પોતે ખાઇને સૂઇ ગઇ. આ તો પ્રસિદ્ધ છે કે સ્ત્રીઓને પોતાની સોક્ય ઉપર સહજ જ મત્સર હોય છે. રાણી પાછી સૂઈ ગયા પછી થોડી વારમાં રાત્રિ ટળી વહાણું વાયું, એટલે રાજા ઉઠ્યો અને પોતાના ઓશીકા નીચેનું ફળ ખોળવા લાગ્યો; તે જોઈ રાણી બોલી: “તે બીજું ફળ પણ હું જ ખાઇ ગઇ છું.” તે સાંભળી રાજા ઉદાસ થઇ ગયો અને ત્યાંથી પોતાના રાજભવનમાં જઇ આખો દિવસ ગાળ્યો. રાત્રિ પડી એટલે બીજી રાણી કાવ્યાલંકારાને વિલાસભવને તે ગયો. તે રાણીએ રાજાને આવતા જોઇ માન આપ્યું, અને બેઠા પછી તેણે માતાએ આપેલું ફળ માંગ્યું, એટલે રાજા બોલ્યો—“હું રાત્રિએ મારે ઓશીકે ફળ મૂકીને સૂતો હતો. તે વખતે તારી સોકય, કપટથી તે ફળને લઈ ખાઈ ગઈ છે.’ આવી હકીકત સાંભળી કાવ્યાલંકારાએ પુત્ર તરફની આશા છોડી દીધી અને પુત્ર આપનારું અંબાનું ફળ પોતાને મળ્યું નહીં, તે માટે તે બીચારી અફસોસ કરીને ગૂપચૂપ બેસી રહી.

રાણી અધિકસંગમા ફળ ખાધાથી સગર્ભા થઇ અને કેટલાએક દિવસ ગયા પછી તેણે બે પુત્રોને જન્મ આપ્યો અને રાજાના મનનો મનોરથ સિદ્ધ કર્યો. રાણીને પુત્ર અવતર્યા સાંભળી રાજા પરીત્યાગસેન હરખાવા લાગ્યો અને તે દિવસે મહોત્સવ કર્યો. પછી રાજાએ મોટા કુમારને જોયો તો તેનાં નેત્ર કમળ જેવાં હતાં તેવું તેનું સ્વરૂપ પણ અદ્‌ભુત હતું. તે ઉપરથી તે કુમારનું ઇંદિવરસેન નામ પાડ્યું, અને નાના કુંવરનું નામ અનિચ્છાસેન પાડ્યું. કારણ કે બીજું ફળ રાણીએ પતિની ઇચ્છા વગર ખાધું હતું: ને તે ફળમાંથી આ કુંવરનો જન્મ થયો હતો. રાજાની બીજી રાણી કાવ્યાલંકારા હતી, તે આ બે પુત્રોને જોઇ તેની ઇર્ષ્યા કરવા લાગી. તેણે વિચાર્યું કે, “અરેરે! આ સોક્યે મને સદાની વાંઝણી રાખી, માટે મારે તેના અપરાધનો બદલો વાળવો જોઇએ. હું તેના દીકરાઓને કોઇ યુક્તિથી મરાવી નાંખીશ, એટલે બદલો વળી રહેશે.” આવો વિચાર કરી તેને કેમ મારવા તે બાબતના વિચારમાં પડી. જેમ જેમ રાજકુમાર મોટા થવા લાગ્યા તેમ તેમ કાવ્યાલંકારાના મનમાં વૈરવૃક્ષ વૃદ્ધિગત થતું ગયું.

ક્રમે ક્રમે તે રાજકુમાર તરુણાવસ્થામાં આવ્યા, અને હથિયારની બાબતમાં કુશળ નિવડ્યા તથા બાહુબળીયા થયા, એટલે તેને દિગ્વિજય કરવાની ઇચ્છા થઈ. તે ઉપરથી બંને પિતાની પાસે ગયા અને વિનતિ કરી: “પિતાજી! અમે અસ્ત્રવિદ્યામાં નિપુણતા મેળવી છે; વળી તરુણાવસ્થામાં પણ આવ્યા છીએ; માટે આ બાહુને નકામા ધારણ કરીને કેમ બેસી રહીએ? જે ક્ષત્રિયોને પોતાનો વિજય કરવાની ઇચ્છા થતી નથી તે ક્ષત્રિયના નિષ્ફળ બાહુને અને તેની નિષ્ફળ તરુણાવસ્થાને ધિક્કાર છે! માટે પિતાજી! અમને હમણાં જ દિગ્વજય કરવા સારુ રજા આપો.” રાજા પરિત્યાગસેન પુત્રોનાં આવાં વચન સાંભળી ઘણો પ્રસન્ન થયો અને તેમનું વચન માન્ય રાખી બન્ને કુમારને દિગ્વજય કરવા માટે તૈયાર કર્યા. પછી તેઓને કહ્યું, “પ્રિય બાળકો! કોઇપણ દિવસ તમોને સંકટ પડે તો તમારે અંબાદેવીનું સ્મરણ કરવું, એટલે તે તમારી પીડાનો નાશ કરશે. કારણ કે તમે બન્ને તેના આપેલા છો.” આટલું કહ્યા પછી માતાએ મંગળવિધિ

કરી, એટલે રાજાએ બન્ને કુમારોને સેના અને સામંતો આપી દિગ્વિજય માટે વિદાય કર્યાં. અને પાછળથી તે બન્ને કુમારના વડવા અને પોતાના મુખ્ય મંત્રી **પ્રથમસંગમને**, કુમારોને સન્મતિ આપે એટલા માટે મોકલ્યો. અતિ બળશાળી બન્ને રાજકુમારોએ સેના સહિત પ્રથમ પૂર્વ દિશામાં જઇને વિજય કર્યો. પછી તે દિશામાં જે જે રાજાઓને તાબે કર્યાં હતા તેઓને સાથે લઈ, કોઈથી પાછા હટે નહીં એવા અજિત્ય મહા બળવાન્ બન્ને રાજકુમારો દક્ષિણ દિશામાં વિજય કરવા માટે ગયા, અને તે દિશાને પણ સર કરી. આ વાર્તા જ્યારે તેના માતા પિતાના સાંભળવામાં આવી ત્યારે તેમના મનમાં અત્યંત સંતોષ થયો. પણ તેની શઠ અપર માતાના અંતઃકરણમાં દ્વેષાગ્નિ ભડકે બળવા લાગ્યો, તેનાથી તે સળગી ઉઠી. તે શઠ રાણીએ તે કુમારોનો ઘાટ ઘડવા માટે એક સંધિવિગ્રહનું કાર્ય કરતા કાયસ્થને ભંડારમાંથી લાંચ આપી, તેની પાસે રાજાના નામથી એક કાગળમાં કુમારોની છાવણીના વડાને લખાવ્યું કે, "મારા બન્ને કુમારોએ આખી પૃથ્વીને તાબે કર્યા પછી મને મારી, મારું રાજ્ય પણ છિનવી લેવાનો વિચાર કર્યો છે. માટે તમે જો રાજભક્ત હો તો યત્કિંચિત્ પણ વિચાર કર્યાં વગર જ મારા બન્ને કુમારોને તમારે મારી નાંખવા." આવી રીતે રાજાના નામની સહીવાળો કૃત્રિમ પત્ર લખાવી, તે ઉપર આ રાજાનો હુકમ છે આમ લખાવી, તે કાયસ્થદ્વારા એક નોકરને ઘણા પૈસા આપીને રાણીએ તેને પોતાની પાસે તેડાવ્યો; કાયસ્થ તેને રાણીની પાસે લઈ આવ્યો; એટલે કાવ્યાલંકાર રાણીએ તે માણસને એકાંતમાં પેલો પત્ર આપ્યો.* તે કાસદીઓ, રાણીનો કપટ ભરેલો પત્ર લઈ 'આપની આજ્ઞા પ્રમાણે કાર્ય કરીશ,' આમ કહી, જ્યાં રાજકુમારની સેનાનો પડાવ હતો ત્યાં ગયો; અને કોઈપણ જાણે નહીં તેમ જ્યાં સર્વ સામંતો બેઠા હતા ત્યાં જઇને તે પત્ર ગુપ્ત રીતે છાવણીના અધિપતિને આપ્યો. સર્વ સામંતોએ, લેખહારક પાસેથી પત્ર લીધા પછી, તેને ઉઘાડી વાંચે છે તો તેમાં કુટિલ રાજનીતિ માલમ પડી; આ બાબતનો વિચાર કરવા માટે તે જ રાત્રિએ સર્વે એકઠા થયા; ને જો કે આ સઘળા સામંતો રાજકુમારોના સદ્‌ગુણને લીધે તેને અધીન હતા, તોપણ તે લખાણ વાંચીને તેઓએ વિચાર કર્યો કે આપણાથી રાજાની આજ્ઞા ઉલ્લંઘન કરી શકાય તેમ નથી; તેથી આપણે આ રાજકુમારોનો નાશ કરવો જોઇએ. આવો નિશ્ચય કર્યા પછી તે સામંતમાંનો એક સામંત, જે મુખ્ય કાર્યભારીનો મિત્ર હતો તેણે કાર્યભારીને સર્વ કપટ જણાવ્યું; એટલે તેણે પોતાના દોહિતરાઓને સઘળી વાર્તા કહી, તે વિષે જાણીતા કર્યા. પછી તે જ વખતે કોઈ જાણે નહીં તેમ તે સેનામાંથી તેમને તેજી ઘોડા આપી નસાડી મૂક્યા, અને પાછળથી ઘોડેસ્વાર થઈ પોતે પણ છાવણી બહાર નિકળી ગયો, ને તે રાજકુમારોની ભેળો થઈ ગયો. પછી તે રાજકુમારો પોતાના વડવાની સાથે ચાલવા માંડ્યા. આ ત્રણમાં કોઇને પણ માર્ગની ખબર ન હતી, માટે તેઓ રસ્તામાં ભૂલા પડ્યા. ચાલતાં ચાલતાં સાયંકાળે વિંધ્યાચળના ભયંકર જંગલમાં જઈ ચઢ્યા. ચારે તરફ અંધારુ ફીલ થઈ રહ્યું હતું. હિંસક પ્રાણીઓ આમ તેમ દોટ દેતાં હતાં. ઉંચી-નીચી તમામ જમીન એકસરખી જણાતી હતી. તમરાંઓ તમતમ કરી રહ્યાં હતાં. વિકાળ

* ઉપલું થોડુંક વૃત્તાંત અંગ્રેજીમાં નથી.



પ્રાણીઓ ઘોર ગર્જના કરી રહ્યાં હતાં. આવી રીતે મહા ઘોર રાત્રિદેવીનો દેખાવ થયો, એટલે તેઓએ તે રાત્રિ ત્યાં વનમાં જ વિશ્રામ કર્યો.

પ્રભાત થયું ને સૂર્યે સોનેરી રંગનો ગલીચો જમીન ઉપર પાથરી દીધો. એટલે રાજકુમારો પ્રથમસંગમ વડવાની સાથે આગળ જવા માટે તૈયાર થઇ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં સૂર્યનારાયણ બરાબર આકાશના મધ્યના વિભાગમાં આવ્યા, અને બરાબર મધ્યાન્હ સમય થયો એટલે તે રાજકુમારના બે ઘોડાને કડકડતી તૃષા લાગી અને તે ઘાલાવીલીમાં ઘોડા મરણ પામ્યા. ક્ષુધા તથા તૃષાથી મંત્રી **પ્રથમસંગમનું** તાળવું પણ સુકાઇ ગયું; અને તડકાથી અકળાઇ ઘોડા ઉપરથી નીચે પડી તે પણ મરી ગયો. પેલા બે રાજકુમારોએ પોતાના વડવાની આવી દશા પોતાની નજરે જોઇ, પરંતુ પોતે પણ તડકામાં કરમાઇ ગયા હતા. વળી ઘણી દૂર મુસાફરી કરવાથી તેઓ શ્રમિત થઈ ગયા હતા, તેથી લાચાર હતા. તે બન્ને ભાઈઓ પોતાની આવી શોચનીય અવસ્થા જોઇ આ પ્રમાણે બડબડવા લાગ્યા: "અરેરે ! શા માટે પિતાજીએ અમારી દુષ્ટ અપરમાતાની કામના પાર પાડવા માટે અમને આવી દશાએ પહોંચાડ્યા છે?" આમ અફસોસ કર્યા પછી પ્રથમ પિતાએ કહ્યું હતું કે, 'પુત્રો ! તમને દુઃખ પડે ત્યારે તમારે દેવી અંબા માતાનું ધ્યાન કરવું;' આ વાત યાદ આવવાથી તેનું ધ્યાન કરવા લાગ્યા. શરણાગતનું રક્ષણ કરનારાં અંબાજીની આરાધનાના પ્રતાપથી બન્ને કુમારનો થાક, તૃષા અને ક્ષુધા દૂર થઇ ગઇ અને મહા બળવાન્ બની ગયા. તેને લીધે માતાજીની કૃપાની મનમાં ખાતરી થઇ તથા માર્ગમાં લાગેલો શ્રમ પણ ભૂલી ગયા. પછી તે કુમારો વિંધ્યવાસિની અંબાદેવીનાં દર્શન કરવા માટે ચાલ્યા અને થોડા દિવસમાં વિંધ્યદેવીની પાસે જઇ પહોંચ્યા. ત્યાં ગયા પછી બન્ને રાજકુમાર દેવીની આરાધના કરવા માટે આહારનો ત્યાગ કરી તપ કરવા લાગ્યા.

હવે છાવણીમાં શું થયું તે જુઓ. સેનામાં રહેલા સામંત લોકોએ પરસ્પર વિચાર કર્યા પછી બન્ને રાજકુમારને મારવાની ઇચ્છાથી તેઓ એકઠા મળીને તેમના શિબિરમાં આવ્યા અને ચારે તરફ ખોળવા લાગ્યા; પણ ક્યાંઈ રાજકુમાર નજરે પડ્યા નહીં. વધુ તપાસ કરતાં મંત્રી પણ ગેરહાજર જણાયો. તેથી આપણી ગુપ્ત વાર્તા કોઇએ પણ તે કુમારોને પ્રસિદ્ધ કરી છે અને રાજ કુમાર અને મંત્રી ક્યાંઈ પણ નાશી ગયા છે, અને તેથી હવે રાજા આપણને શિક્ષા કર્યાં વિના છોડશે નહીં. આવા ભયથી કંપતા સઘળા સામંતો રાજા **પરિત્યાગસેનની** પાસે આવ્યા; અને તે રાજાને પોતાના ઉપર આવેલો કાગળ બતાવી બન્યા પ્રમાણે સર્વ વાર્તા વર્ણવી સંભળાવી. રાજા તે વાર્તા સાંભળીને ગભરાટમાં પડી ગયો; અને ઘણો ગુસ્સે થઇને સામંતોને કહેવા લાગ્યો; "અરે ! મેં તો કંઇપણ પત્ર મોકલ્યો નથી. આ શું કંઈ ઇન્દ્રજાળ છે કે કંઈ બીજું ? અરે મૂર્ખો ! મોટા તપથી મળેલા પુત્રોને હું કેમ મારી નાંખું ? આટલી વાત પણ તમે સમજ્યા નહીં ? ધિક્કાર છે તમને. તમે તો તે કુમારોને મારી ચૂક્યા, પરંતુ તેમના નસીબે તે કુમારોને બચાવ્યા છે, અને તેના વડવા તથા મારા મંત્રી **પ્રથમસંગમે** પોતાના મંત્રીપણાનું ફળ બતાવી આપ્યું છે." આ પ્રમાણે સામંતોને ઠપકો દઈ, ખોટો કાગળ લખનારા કાયસ્થને પકડી બોલાવવાનો હુકમ

કીધો. તે કાયસ્થ ગભરાટથી ક્યાંઇ નાશી ગયો હતો, પણ તેને પોતાની સત્તાના બળે માણસો મારફતે પકડી મંગાવ્યો. તેણે સઘળી વાર્તા બન્યા પ્રમાણે કહી બતાવી. તે સાંભળી લીધા પછી તેને કેદ કરી, પુત્રોનો નાશ કરવાની ઇચ્છા રાખનારી પાપિણી કાવ્યાલંકારાને ભોંયરામાં ઉતારી દીધી. કારણ કે,

> જે જન અતિશય વૈરથી, મૂઢ બુદ્ધિ બની આપ;
> સાહસ કર્મ કરે સદા, શોચે નહી સંતાપ.
> તે જન જાણો જગતમાં, અતિશય આપ ઠગાય;
> છેવટમાં છળ કર્મનું, ફળ દુખકારી થાય.

પછી જે સામંતો, રાજપુત્ર સાથે દિગ્વિજયમાં ગયા હતા અને ત્યાંથી પાછા ફર્યા હતા, તેઓને રાજાએ કાઢી મૂકી, તેમની જગ્યાએ બીજા સામંતો નિમ્યા અને રાજા પોતે બન્ને રાજકુમારની ખબર મેળવવા માટે, પુત્રના વિરહથી પીડા પામીને રાણી સહિત ધર્મમાં આસ્થા રાખી અંબિકાનું ધ્યાન ધરતો શોધ કરવા લાગ્યો.

આ અરસામાં ઇંદિવરસેન અને અનિચ્છાસેન બન્ને રાજકુમારના તપથી વિંધ્યવાસિની દેવી સંતુષ્ટ થયાં અને રાત્રિએ સ્વપ્નામાં ઇંદિવરસેન રાજકુમારને એક તરવાર આપી, સ્વમુખે તેને કહ્યું કે:-“હે રાજ બાળક ઇંદિવર ! તું આ તરવારના પ્રતાપથી મોટા શત્રુઓનો પરાજય કરીશ. વળી તું એને જોઇ જે કામ કરીશ તે ચિંતવેલી વસ્તુ તમારી આગળ આવશે. તમે બન્ને કુમારો તરવારના પ્રતાપથી સર્વ કામના પૂર્ણ કરશો.” આટલું કહી દેવી અંતર્ધાન થઇ ગયાં. પછી ઇંદિવરસેને જાગીને જોયું તો તેના હાથમાં એક તરવાર જણાઈ. તે તરવાર જોયા પછી તેણે પોતાના ભાઇને સ્વપ્નાનું વૃત્તાંત જણાવીને ધીરજ આપી, અને રાત્રિ વીત્યા પછી પ્રભાતમાં બન્ને જણાએ ફળ ફૂલનો આહાર કરી પારણું કર્યું. દેવીના પ્રસાદથી ઇંદિવરસેનનો શ્રમ ઉતરી ગયો હતો અને તેથી તેણે ઘણા આનંદમાં આવી દેવી વિંધ્યવાસિનીની પૂજા કરી, હાથમાં તરવાર પકડી પોતાના નાના ભાઈની સાથે આગળ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં ઘણે દૂર એક વિશાળ શહેર આગળ તેઓ આવી પહોંચ્યા.

આ શહેરમાં સુવર્ણનાં ઉંચા ઘરો હોવાથી એ નગર, જોનારાના મનમાં મેરુપર્વતનાં શિખરનો ભ્રમ કરાવતું હતું. શહેરના દરવાજામાં પેસતાં જ ત્યાં એક ભયંકર રાક્ષસ તેમની નજરે પડ્યો, એટલે આ બે વીરે તેને પૂછ્યું, ‘આ નગરનું નામ શું છે ને તેનો રાજા કોણ છે?’ તે રાક્ષસ બોલ્યો: “આ નગરનું નામ શૈલપુર છે; અને રાક્ષસોનો રાજા, પોતાના શત્રુઓનો નાશ કરનાર, **યમદંષ્ટ્ર** નામનો તેનો સ્વામી છે.” ઇંદિવરસેને તે સાંભળી, **યમદંષ્ટ્ર**નો નાશ કરવા માટે, શહેરમાં પ્રવેશ કરવા પ્રયત્ન કીધો; પણ તેને દરવાજામાં બેઠેલા રાક્ષસે અંદર જતાં અટકાવ્યો, ત્યારે મોટી ભુજાવાળા ઇંદિવરસેને, તરવારનો એક ઝટકો મારી રાક્ષસના ધડથી માથાને નીચે પાડી નાંખ્યું. આવી રીતે તે રાક્ષસનો નાશ કરી, રાજભવનમાં અંદર જઈ જુવે છે તો ત્યાં સિંહાસન ઉપર બેઠેલો **યમદંષ્ટ્ર** નિશાચર નજરે પડ્યો. આ રાક્ષસનું મુખ બહાર નિકળેલી ડાઢથી



બીહામણું દેખાતું હતું. તેની ડાબી બાજુએ એક મોહક રમણી બેઠી હતી; અને જમણી બાજુઉપર એક દિવ્ય રૂપવતી કન્યા બેઠી હતી. ઇંદિવરસેને, અંબાએ આપેલી તરવાર હાથમાં તૈયાર કરી યુદ્ધ કરવા માટે તે રાક્ષસને બોલાવ્યો; એટલે તે રાક્ષસ મ્યાનમાંથી તરવાર બહાર કાઢીને ઉભો થયો. પછી બન્ને જણાનું યુદ્ધ શરુ થયું. લડતાં લડતાં ઇંદિવરસેને તરવારથી તે રાક્ષસનું મસ્તક કાપી નાંખ્યું, પણ જેમ જેમ તે મસ્તક કાપતો હતો તેમ તેમ વારંવાર નવું મસ્તક ઉગી નિકળતું હોય તેમ થતું હતું. આવી રાક્ષસી માયા જોઇ, તે રાક્ષસની પડખે તેની બેન બેઠી હતી, જે ઇંદિવરસેનનું રૂપ જોઈ તેના ઉપર મોહિત થઈ ગઈ હતી. તે કન્યાએ રાજપુત્રને સંજ્ઞાથી સમજાવ્યો કે, મસ્તક કાપ્યા પછી તરવારવડે તે કાપેલા મસ્તકના ઘણી ત્વરાથી ટુકડા કર. તે રાજકુમાર કન્યાની સંજ્ઞા ઉપરથી ચેતી ગયો અને તેનું મસ્તક ધડથી જૂદું પાડી, ફરીને પોતાના હાથથી તે મસ્તકના બે ત્વરાથી ટુકડા કરી નાંખ્યા. આવી રીતે રાક્ષસની માયા સામે બીજી માયાનો પ્રયોગ કરવાથી, રાક્ષસની માયાનું કંઇ ચાલ્યું નહીં, અને ફરીથી મસ્તક ઉત્પન્ન થયું નહીં એટલે તે રાક્ષસ યમરાજાનો પરોણો થઈ ગયો.

રાક્ષસ મરણ પામ્યા પછી તેની બન્ને બાજુએ બેઠેલી કન્યાઓ ઘણી ખુશી થઈ ગઈ. પછી ઇંદિવરસેન પોતાના ભાઇ સહિત નીચે બેસીને આ પ્રમાણે પૂછવા લાગ્યો. “આ વિશાળ નગરમાં દરવાજા ઉપર એક જ રાક્ષસ ચોકી કરતો હતો, તેવા નગરમાં આ રાક્ષસ રહેતો હતો તેનું કારણ શું? આ **યમદંષ્ટ્ર** રાક્ષસ કોણ હતો? તમે બે પણ કોણ છો? અને તેના મરણથી તમે ખુશી કેમ થાઓ છો?” રાજકુમારના આ પ્રશ્ન સાંભળી, તે બે સ્ત્રીઓમાંથી એક કુમારીકા બોલી, “રાજન્! આ શૈલપુર નામના નગરમાં પહેલાં **વીરભુજ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની સ્ત્રીનું નામ **મદનદંષ્ટ્રા** હતું. આ **યમદંષ્ટ્ર** રાક્ષસ માયાવડે આ નગરમાં આવ્યો અને તે **મદનદંષ્ટ્રા**નું અલૌકિક રૂપ જોઈ તેને ખાધી નહીં, પણ તેની સખીઓ તથા ચાકર નોકરને રાજા સાથે ખાઈ ગયો; અને સઘળી પ્રજાનો નાશ કીધો. પછી તેણે **મદનદંષ્ટ્રા**ને પોતાની સ્ત્રી કરીને રાખી હતી. અને આ એકાંત અને મનોહર નગરમાં, સોનાનાં મોટાં ઘરો બનાવી તેમાં વિહાર કરતો હતો. તેણે પોતાના સર્વે નોકર ચાકરને કાઢી મૂક્યા હતા. બાકી રહેલામાં હવે અમે બે જ છીએ. આ **વીરભુજ**ની સ્ત્રી **મદનદંષ્ટ્રા** છે. હું આ **યમદંષ્ટ્ર**ાની નાની બહેન છું અને મારું નામ **ખડ્**ગદંષ્ટ્રા છે. જે ક્ષણે મેં તમોને જોયા તે જ ક્ષણે હું તમારી મદનમૂર્તિપર મોહિત થઈ રહી છું. હે આર્યપુત્ર! એટલા માટે તે રાક્ષસના મરણથી **મદનદંષ્ટ્રા** ને હું રાજી થયા છીએ. હવે પ્રાણનાથ, મારો આપ સ્વીકાર કરો. મારો પ્રેમ તમને મારું દાન કરેછે.”

ઇંદિવરસેન, ખડ્ગદંષ્ટ્રાની આવી વાણી સાંભળી તે વખતે ગાંધર્વ વિધિથી તેની સાથે પરણ્યો; અને પછી પોતાના બંધુ સહિત તે શહેરમાં રહેવા લાગ્યો. પોતાને જ્યારે જે વસ્તુની ઇચ્છા થતી ત્યારે દેવીએ આપેલી તરવારની પાસેથી માગી લેતો અને તરવારના પ્રતાપથી ઇચ્છા પ્રમાણે તેને સર્વ વૈભવ પ્રાપ્ત થતો હતો. એક દિવસે ઇંદિવરસેને દેવીએ આપેલી તરવારરૂપ ચિંતામણિ પાસે, વિમાનની માગણી કરીને આકાશમાં ઉડનારું વિમાન મેળવ્યું; અને તેમાં પોતાના નાના-

ભાઈ અનિચ્છાસેનને બેસારી પોતાનું વૃત્તાંત માતાપિતાને જણાવવા માટે તેમની પાસે મોકલ્યો. અનિચ્છાસેન, ભાઇએ આપેલા વિમાનમાં બેસી આકાશમાર્ગે કંઈ પણ શ્રમ વગર પિતાની રાજધાની ઈરાવતી નગરીમાં માતાપિતાની પાસે આવ્યો. સખત તાપથી પીડાતાં ચકોર પક્ષી જેમ ઘણા દિવસે ચંદ્રનું દર્શન થતાં રાજી થાય છે, તેમ ઘણી ભયંકર પુત્રવિરહની વેદનાથી પીડાતાં તેનાં માતા અને પિતા પુત્રનું મુખ જોઈ ઘણો જ આનંદ પામ્યાં. અનિચ્છાસેને માતાપિતાને પ્રણામ કીધા અને તેઓએ એક પછી એક પુત્રને છાતી સાથે ચાંપ્યો. પછી મોટા ભાઈ ઈંદિવરસેનની કુશળ વાર્તા પૂછી, ત્યારે નાનાભાઇએ તેના કુશળ સમાચાર કહી, માત પિતાના મનની શંકાને ટાળી નાંખી. પછી તેણે પોતાના માબાપની આગળ પોતાનું અને મોટા ભાઇનું આરંભમાં દુઃખકર અને પરિણામે સુખકર સર્વ ચરિત્ર કહી બતાવ્યું. એ વેળાએ તેના જાણવામાં આવ્યું કે આ સઘળો છળ પ્રપંચ અપરમાતાએ દ્વેષબુદ્ધિથી કર્યો હતો ને તે સઘળાં કામ તેને પોતાને દુઃખકર થઈ પડયાં છે. રાજાએ ઘણા દિવસે પુત્ર આવ્યો જાણી શહેરમાં ઉત્સવ કરાવ્યો, ને પ્રજાજન તેનાં વખાણ કરવા લાગ્યાં.

પછી તે શહેરમાં સુખથી ત્રણે જણાં સાથે રહેવા લાગ્યાં. ઘણા દિવસ ગયા કેડે એક દિવસે અનિચ્છાસેનને રાત્રિમાં દુષ્ટ સ્વપ્નાં આવ્યાં. તે ઉપરથી, રખેને મારા ભાઇને કંઈ થયું હોય, આવી શંકા થવાથી ભાઇને મળવાને આતુર થયેલા રાજકુમારે પિતાને વિનતિ કરી કે–"પિતાજી ! હવે હું ઈંદિવરસેનની પાસે જઈશ, ને તમારી ઉત્કંઠા તેને જણાવી આપની પાસે લઈ આવીશ; માટે મને રજા આપો." એ સાંભળી, પુત્રને મળવાની બહુ ઉત્કંઠાથી માતાપિતાએ પુત્રને રજા આપી, એટલે તે વિમાનમાં ચઢી આકાશમાર્ગે ચાલ્યો. બીજે દિવસે પ્રભાતમાં તે શૈલપુરમાં દાખલ થયો અને પોતાના ભાઈના રાજભવનમાં ગયો. ત્યાં જતાં તેણે જોયું તો તેનો મોટો ભાઈ મૂર્છાગત થઈ જમીન ઉપર પડ્યો હતો; અને તેની આગળ ખડ્ગદંષ્ટ્રા અને મદનદંષ્ટ્રા આક્રંદ કરતી હતી. તે જોતાંવાર જ અનિચ્છાસેન ગભરાટમાં પડી ગયો અને પૂછવા લાગ્યો કે–'આ શું થયું ?' ખડ્ગદંષ્ટ્રા જમીન તરફ દૃષ્ટિ સ્થિર કરીને મદનદંષ્ટ્રાને ઠપકો આપતી ને પોતે લેતી હોય તેવી રીતે બોલી; "દિયરજી ! આપ ઘેર પધાર્યા પછી, એક દિવસે હું નદી ઉપર સ્નાન કરવા ગઈ હતી, ત્યારે તમારા ભાઈ પ્રેમરસમાં લીન થઈ આ મદનદંષ્ટ્રાની સાથે એકાંતમાં ક્રીડા કરવા લાગ્યા. જ્યારે હું એક ક્ષણમાં સ્નાન કરીને પાછી આવી ત્યારે મદનદંષ્ટ્રાની સાથે તમારા ભાઇને બેઠેલા દીઠા, એટલે મારા મનમાં સંતાપ થયો અને મેં તેને ઘણી ગાળો ભાંડી. પછી તેણે મને ઘણી સમજાવી તો પણ, જેમ નસીબ કોઇથી પણ ફેરવી શકાતાં નથી તેમ હું એકની બે થઈ નહીં. ઈર્ષ્યા વડે અત્યંત જંગલી મૂઢ બની, મારા મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગીઃ 'રે રે ! આ પુરુષે મને કશા પણ લેખામાં ગણ્યા વગર, બીજી સ્ત્રીને પ્યારમાં લીધી છે. એમણે મને કંઈપણ ગણી નહીં–મને તુચ્છકારી કાઢી. હર હર ! હાય હાય હું શું કરું ! હું ધારું છું કે એને દેવી પાસેથી મળેલી તરવારનું અભિમાન છે, તો આજ તે તરવારને છૂપાડી દઉં.' આમ વિચારી જ્યારે રાત્રિએ તે સૂઈ ગયા ત્યારે મેં મૂર્ખીએ તેમની તરવાર લઇને અગ્નિમાં ઝોકાવી દીધી.



અગ્નિના તાપથી આ તરવાર કાળી પડી ગઈ અને તમારા ભાઈ આ હાલતમાં આવી ગયા છે. એ જોઇ મદનદંષ્ટ્રાએ મને અત્યંત ધિક્કાર આપ્યો અને હવે મને અત્યંત પસ્તાવો થાય છે કે મેં અભાગણીએ આ શું કર્યું ? ત્યારથી અમે બન્ને જણાં શોકમાં આંધળાંભીત બની ગયાં છીએ ને હવે શું કરવું તે વિષે કંઇ પણ સૂઝ પડી નહીં ત્યારે અમે પણ મરવા માટે ઠરાવ કર્યો. એવામાં તો આપ અહીંયાં પધાર્યા. હવે આપ આ તરવાર જેવું ઘાતકી કામ કરનારી અને રાક્ષસ જાતિના સ્વભાવ પ્રમાણે આચરણ કરનારી જે હું, તેને કાપી નાંખો."

જ્યારે અનિચ્છાસેને ખડ્ગદંષ્ટ્રાના મુખથી આ પ્રમાણે હકીકત સાંભળી ત્યારે, ભાભી આટલો બધો સંતાપ કરે છે તેથી તે મારવા યોગ્ય નથી; પણ ભાઈ વગર જીવીને શું કરવું, એટલે પોતે પોતાનું મસ્તક કાપવા તૈયાર થયો. તે જ વખતે આકાશવાણી થઇ અને તેને આ પ્રમાણે હવામાં અવાજ સંભળાયો:–"અરે રાજપુત્ર ! તું તારું મસ્તક કાપીશ મા. કારણ કે તારો મોટો ભાઇ મરી ગયો નથી, પરંતુ તેણે તરવારની સંભાળ રાખી નહીં, માટે અંબાદેવીએ મૂર્છિત કર્યો છે. એ બાબતમાં ખડ્ગદંષ્ટ્રનો કંઇ અપરાધ જાણવો નહીં; કારણ કે શાપને લીધે અવતરેલી દેવકન્યાઓને હાથે આવાં કામ થઇ જાય છે; આ બન્ને તારા ભાઈની પૂર્વજન્મની સ્ત્રીઓ માટે તારા ભાઇની મૂર્છા વાળવા માટે અને આશિર્વાદ મેળવવા માટે તું વિંધ્યવાસીની દેવીની પ્રાર્થના કર." આ ઉપરથી અનિચ્છાસેને મસ્તક કાપવું મુલતવી રાખ્યું, ને અગ્નિમાં પડવાથી કાળી થયેલી તરવાર લઇ વિમાનમાં બેસીને આકાશ માર્ગે વિંધ્યવાસિની દેવીની પાસે ગયો. ત્યાં ગયા પછી વિચાર કર્યો કે, એક ઉપવાસ કરી દેવીને મસ્તક અર્પણ કરીશ. આવો નિશ્ચય કરી તે દિવસે રાજકુમારે ઉપવાસ કર્યો. એવામાં તેણે નીચે પ્રમાણે આકાશવાણી સાંભળી– "અરે પુત્ર ! હું તારી ભક્તિને લીધે પ્રસન્ન થઇ છું. હવે તું સાહસકર્મ કરવું છોડી દે. તારો મોટો ભાઈ જીવતો થશે અને તારી તરવાર ડાઘ વગરની તેજસ્વી બનશે. આ પ્રમાણે અનિચ્છાસેને આકાશવાણી સાંભળીને તુરત પોતાના હાથમાંની તરવાર તરફ નજર કરી તો તે ઝગારા મારવા લાગી. એ જોઈ તેણે ઉભા થઈ દેવી વિંધ્યાચળવાસીનીની પ્રદક્ષિણા કરી, પોતાનો મનોરથ પૂર્ણ થયો એમ માની ભાઇને મળવા માટે ઉત્કંઠિત હૃદયે, સત્વર ચાલનારા વિમાનમાં બેસી, તરત શૈલપુર નગરમાં ભાઈની પાસે ગયો. ત્યાં મોટા ભાઇને સાવચેતીમાં બેઠેલો જોઇ તેણે દંડવત પ્રણામ કર્યા, અને પછી તેને ગળે વળગી રડી પડ્યો. મોટો ભાઈ પણ પોતાના ભાઇને ગળે વળગી પડ્યો. તુરત બન્ને ભાભીઓ પણ ત્યાં આવી, અને દિયરજીના ચરણમાં પ્રણામ કરીને બોલીઃ "દિયરજી ! તમે અમારા પ્રાણપ્યારાને જીવતદાન આપ્યું !" પછી* ઇંદિવરસેને પૂછ્યું કે "ભાઈ અનિચ્છાસેન, મને શું થયેલું કે હું મૂર્છાવસ્થામાં પડ્યો ? મને બરાબર ભાન હતું નહીં, માટે એ સર્વ વાર્તા કહો." ત્યારે અનિચ્છાસેને કહ્યું કે, 'ભાઇ ! ખડ્ગદંષ્ટ્રાએ ઈર્ષાથી તમારી તરવાર અગ્નિમાં નાંખી દીધી; કારણ તમે મદનદંષ્ટ્રા સાથે એકાંતમાં ક્રીડા કીધી

* મૂળ સંસ્કૃતમાં આ પ્રસંગ નથી, અત્રે એક શ્લોક પડેલો જણાય છે.

ને તેથી તે ગુસ્સે થઇ હતી.' એ વગેરે સર્વ વાર્તા કહી સંભળાવી. તે સાંભળી ઇંદિવરસેન ખડ્ગદંષ્ટ્રા ઉપર જરા પણ ગુસ્સે થયો નહીં, પણ પોતાના ભાઇએ પોતાને માટે જે શ્રમ લીધો હતો તે માટે તેના ઉપર ઘણો જ પ્રસન્ન થયો.

પછી ઇંદિવરસેને માતાપિતાના સમાચાર પૂછ્યા, એટલે અનિચ્છાસેને કહ્યું કે, "હું માતા પિતાને મળી આવ્યો છું. પિતાનો જરા પણ વાંક નથી, પણ અપરમાતાએ સર્વ કપટ કર્યું ને તે આપણા વિજોગનું કારણ છે. હવે માતા પિતા તમને મળવા માટે આતુર છે માટે ત્યાં ચાલો." આ સર્વ હકીકત સાંભળી ઇંદિવરસેને ભાઇએ આપેલી તરવાર પોતાના હાથમાં લઈ મનમાં એક વિમાન મળે તો ઠીક, આવી ઇચ્છા કરી દેવીનું સ્મરણ કરતાં જ તે જ વખતે એક મોટું વિમાન દૃષ્ટિ સમીપ જોયું. તે વિમાનમાં પોતાનું સુવર્ણનું મંદિર અને બે સ્ત્રી તથા પોતાના ભાઇને સાથે લઈ, પોતે વિમાનમાં બેસી ઇરાવતી રાજધાની જવા માટે નિકળ્યો. રાજધાની આવી એટલે આકાશમાંથી વિમાનને નીચે ઉતાર્યું; શહેરના માણસો ઇંદિવરસેનને આશ્ચર્ય સહિત જોવા લાગ્યા. પછી તે પોતે, ભાઇ અને સ્ત્રી સહિત રાજમહેલમાં, જ્યાં પિતા તથા માતા હતાં ત્યાં ગયો. માતાપિતાનાં દર્શન કરતી વખતે હર્ષાશ્રુ આંખમાંથી પડતાં હતાં, તેજ જાણે તેમના પાદપ્રક્ષાલન કરતાં હોય તેમ કરતાં તેમને દંડવત્ પ્રણામ કીધા. માતાપિતા બન્ને પુત્રોને પોતાના હૈયામાં ચાંપીને ભેટયાં—આથી જાણે અમૃતથી નાહ્યાં હોય તેમ તેમના મનમાં ટંડક વળી ને શોક રહિત થયાં. વળી જ્યારે ઇંદિવરસેનની દિવ્યરૂપવતી બન્ને વહુઓએ પોતાનાં સાસુ અને સસરાના ચરણમાં પ્રણામ કર્યાં ત્યારે સાસુ સસરો પોતાની વહુઓને જોઈ ઘણાં પ્રસન્ન થયાં ને અશિર્વાદ દીધો. પછી વાતચિતના પ્રસંગે જ્યારે રાજા અને રાણીના જાણવામાં આવ્યું કે આ બન્ને સ્ત્રી ઇંદિવરસેનની પૂર્વ જન્મની સ્ત્રી છે આમ આકાશવાણીએ સ્પષ્ટ કહ્યું છે, ત્યારે તેને લીધે તેઓ અત્યંત આનંદ પામ્યાં. વળી પુત્ર વિમાનમાં બેસીને હરેફરે છે, સુવર્ણનું મંદિર લઈ આવ્યો છે ઇત્યાદિ તેનો પ્રભાવ જોઇ તેમનાં મનમાં ઘણું જ આશ્ચર્ય ઉત્પન્ન થયું, અને તે પરમસંતોષ પામ્યાં. પછી ઇંદિવરસેન પોતાનાં માતાપિતાને અને પોતાની બે સ્ત્રીઓ સાથે પ્રજાજનને આનંદ પમાડતો ત્યાં જ રહ્યો.

એક દિવસે ઇંદિવરસેને પોતાના પિતા પરિત્યાગસેન પાસેથી રજા માગી, પોતાના કનિષ્ઠ બંધુને સાથે લઇ બીજીવાર દિગ્વિજય કરવા માટે નિકળ્યો. દેવીએ આપેલી તરવારના પ્રતાપથી થોડા સમયમાં આખી પૃથ્વીને સર કરી, વશ કરેલા રાજાઓ પાસેથી સુવર્ણ, હાથી, અશ્વ અને રત્ન લઇને પોતાની રાજધાનીમાં તે પાછો આવ્યો. તે જ્યારે સૈન્યસહિત પોતાના શહેર ભણી આવવા લાગ્યો ત્યારે સેનાના માણસોના ચાલવાથી ઉંચે ધૂળ ઉડવા લાગી, તે જાણે પરાજય કરેલી પૃથ્વી ભયથી પાછળ આવતી હોયની શું તેમ જણાતું હતું. આવી રીતે ઇંદિવરસેન પોતાની રાજધાનીમાં આવ્યો ત્યારે તેના પિતા પરિત્યાગસેને સામા આવી પુત્રને માન આપ્યું અને બન્ને ભાઇઓ પોતાની માતા અધિકસંગમાને આનંદ ઉપજાવવા લાગ્યા. ઇંદિવરસેને રાજ્યના તમામ માણસોને ઇનામો આપી, પોતાની સ્ત્રી અને પોતાના ખાસ મનુષ્યો સાથે તે દિવસ આનંદમાં ગુજાર્યો. બીજે દિવસે ઇંદિવરસેને બીજા રાજાઓ પાસેથી ખંડણી તરીકે લીધેલી પૃથ્વી પોતાને હાથે



પિતાને આપી. તે સમયે અકસ્માત્ તેને પૂર્વ જન્મ યાદ આવી ગયો, એટલે તે જાણે નિદ્રામાંથી એકાએક જાગૃત થયો હોય તેવો બની ગયો અને પોતાના પિતાની પાસે આવીને બોલ્યો:—"પિતાજી! મને મારો પૂર્વ જન્મ યાદ આવ્યો છે, જે હું તમને કહી બતાવું છું, તે તમે સાંભળો:—હિમાચળના શિખર ઉપર એક મુક્તાપુર નામનું નગર છે. તેમાં મુક્તાસેન નામનો એક વિદ્યાધરનો રાજા રહે છે. તેની કંબુવતી નામની રાણીને પેટે અમે પુત્ર જન્મ્યા હતા. તેમાં એકનું નામ પદ્મસેન અને બીજાનું નામ રૂપસેન હતું. આ બન્ને જણા સદ્‌ગુણી હતા. મોટા પદ્મસેનને વિદ્યાધરના નાયકની આદિત્યપ્રભા નામની કન્યા, પોતાની સ્વેચ્છાથી પરણી હતી. આ વાર્તા અન્ય વિદ્યાધરની પુત્રી ચંદ્રાવતીના જાણવામાં આવી, એટલે કામથી પીડા પામતી તે પણ પોતે સામી ચાલીને પદ્મસેન પાસે આવી અને તેને વરી. એ પ્રમાણે પદ્મસેન બે સ્ત્રીનો સ્વામી થયો; પણ સોકયની ઇર્ષ્યા કરનારી આદિત્યપ્રભા સ્ત્રીને લીધે તે હંમેશાં દુઃખ ભોગવવા લાગ્યો. દુઃખથી કંટાળી તેણે પોતાના પિતા મુક્તાસેનની આગળ જઇને જણાવ્યું: 'પિતાજી! હું હંમેશાં ઇર્ષ્યામાં આંધળી થયેલી બે સ્ત્રીનો કજીયો સહન કરી શકતો નથી, માટે તેમને દૂર કરવા માટે હું તપોવનમાં જવાની રજા માગું છું; માટે પિતાજી! મને રજા આપો.' આમ વારંવાર વિનતિ કરી. મુક્તાસેન પણ પોતાના પુત્રનો આવો આગ્રહ જોઇ, કંટાળીને પુત્રને સ્ત્રી સુદ્ધાંત શાપ આપ્યો કે, 'તું તપોવનમાં જઇને શું કરવાનો હતો? જા, મૃત્યુ લોકમાં જઇને પડ. ત્યાં કલહ કરનારી આદિત્યપ્રભા સ્ત્રી રાક્ષસને ત્યાં જન્મી તારી જ સ્ત્રી થશે; અને ચંદ્રાવતી નામની બીજી સ્ત્રી જે તારા ઉપર ઘણો પ્રેમ રાખે છે, અને જે તને અત્યંત વહાલી છે તે રાજાની સ્ત્રી થઇ રાક્ષસના ઘરમાં જશે; અને તે પણ મનુષ્ય લોકમાં તને પરણશે. આ રૂપસેન તારો નાનો ભાઈ તારી પાછળ આવવા માટે ઘણી અભિલાષા ધરાવે છે, આમ મારા જાણવામાં આવ્યું છે તો, તે પણ ત્યાં તારો ભાઇ થઇને મૃત્યુ લોકમાં અવતરશે. ત્યાં તારે બે સ્ત્રીના પરસ્પર કલહથી થોડું પણ દુઃખ ભોગવવું પડશે.' આવી રીતે શાપ દઇ તે બંધ પડ્યા. અને પછી તેણે અમારા શાપમાંથી છૂટકારો થવા આ પ્રમાણે કહ્યું 'જ્યારે તું રાજપુત્ર થઇ આખી પૃથ્વીમાં વિજય મેળવી, તે પૃથ્વી માતાપિતાને સોંપીશ, ત્યારે આ સઘળાને અને તને પૂર્વ જન્મનું સ્મરણ થશે અને તે પછી તમારો મનુષ્યલોકમાંથી છૂટકારો થશે.' આવી રીતે મુક્તાસેન પિતાએ કહ્યા પછી પદ્મસેન પોતાના કુટુંબ સહિત મનુષ્ય લોકમાં અવતર્યો. પિતાજી તે પદ્મસેન હું પોતે જ તમારો પુત્ર થયો; મારું નામ ઇંદિવરસેન પડયું છે. મારું કર્તવ્ય મેં પૂરું કર્યું છે. બીજો રૂપસેન નામનો વિદ્યાધરનો પુત્ર હતો, તે આ અનિચ્છાસેન નામે પ્રસિદ્ધ થયલો મારો નાનો ભાઇ છે. ખડ્ગદંષ્ટ્રા અને મદનદંષ્ટ્રા તે આદિત્યપ્રભા અને ચંદ્રાવતી જાણવી. હવે આજ અમારા શાપનો છેડો આવ્યો છે, માટે હવે પિતાજી! અમે અમારા વિદ્યાધરના સ્થાનમાં જઇશું." આટલું કહી પોતે, પોતાનો ભાઇ અને પોતાની બન્ને સ્ત્રીઓ, સઘળાં, મનુષ્યોની આકૃતિ ત્યાગ કરીને વિદ્યાધર થઇ ગયાં. પછી ઇંદિવરસેન પોતાનાં માતાપિતાના ચરણમાં પ્રણામ કરી, બે સ્ત્રીને પોતાની ગોદમાં બેસારી, પોતાના ભાઇ સહિત આકાશમાર્ગે વિદ્યાધરના દેશ મુક્તાપુરમાં ગયો. ત્યાં મુક્તાસેન રાજાએ

રૂપસેન સહિત પદ્મસેનને આવ્યો જાણી તેનો ઘણો જ આદર સત્કાર કર્યો; અને તેની માતાના મનમાં ઘણો હર્ષ થયો. આદિત્યપ્રભા અને ચંદ્રાવતીએ ફરીથી કલહ કર્યો નહી અને પદ્મસેન પુનઃ તે બન્ને સ્ત્રીને સલાહ સંપમાં રાખી આનંદમાં દિવસ ગુજારવા લાગ્યો.

આવી રીતે મંત્રી ગોમુખે માર્ગમાં નરવાહનદત્તને મનોહર વાર્તા કહી ને વળતી કહ્યું. "મહારાજ ! આવી રીતે મોટાઓને માથે મોટાં સંકટ પડે છે, ને મોટી કીર્ત્તિ પણ મળે છે. પરંતુ સાધારણ માણસોને તો સંકટ પણ સાધારણ પડે છે, અને કીર્તિ પણ સાધારણ મળે છે. રત્નપ્રભા દેવીની વિદ્યા તમારી રક્ષા કરે છે, તેથી તમે કર્પૂરિકા રાણીને ક્લેશ વગર મેળવી શકશો." એ રીતે નરવાહનદત્ત રાજા, સુંદર ચહેરાવાળા ગોમુખના મુખથી મધુર વાર્તા સાંભળતો સાંભળતો, રસ્તામાં તેની સાથે ચાલ્યો ગયો; પરંતુ તેને જરા પણ થાક લાગ્યો નહીં. ચાલતાં ચાલતાં સાયંકાળે તેઓ એક સુંદર તળાવ આગળ આવી પહોંચ્યા. આ તળાવમાં રાજહંસ નાદ કરી રહ્યા હતા, અંદર કમળ ઉઘડી ગયાં હતાં, તેમાં અમૃત જેવું મધુર તથા શીતળ અને સ્વચ્છ અગાધ જળ ભર્યું હતું. તેનો કિનારો આંબાનાં ઝાડની પક્તિ, ફણસ અને દાડમડીઓનાં ઝાડથી ઘણો રમણીય દેખાતો હતો. આ તળાવમાં વત્સરાજના કુમારે સ્નાન કરી, ભક્તિથી પાર્વતી પ્રાણનાથ શંકરનું પૂજન કર્યું. પૂજન કર્યા બાદ પોતાના મિત્રની સાથે ઘણાં સુગંધી, મીઠાશવાળાં, સ્વાદિષ્ટ અને ચિત્તને રંજન કરનારાં ફળનો આહાર કરી, કોમળ પાંદડાંની શય્યા બનાવી તેના ઉપર પોતે તથા પોતાનો મિત્ર બન્ને જણા સૂતા અને તે રાત્રિ તળાવના કિનારા ઉપર જ ગાળી.

## તરંગ ૯ મો.

## નરવાહનદત્તનું સાહસ.

બીજે દિવસે પ્રભાતના નરવાહનદત્ત જાગ્યો અને તળાવના કિનારા ઉપરથી ઉઠીને, મંત્રી ગોમુખની સાથે ચાલવા માંડ્યો. ચાલતાં ચાલતાં તે બોલ્યો:—"મિત્ર ગોમુખ! આજ પાછલી રાત્રિના છેવટના ભાગમાં મને એક સ્વપ્ન આવ્યું હતું. તે સ્વપ્નામાં એક દિવ્ય રૂપવતી કન્યા, સ્વચ્છ સફેદ વસ્ત્ર ધારણ કરી, મારી પાસે આવીને બોલી: "પુત્ર! તું જરાપણ ફીકર કરીશ મા. તું અહીંથી આગળ જઇશ ત્યાં તરત તને સમુદ્રના કિનારા ઉપરના વનમાં એક મોટું નગર જણાશે. ત્યાં તું વિશ્રામ કરજે, અને ત્યાંથી તું વગર મહેનતે કર્પૂરસંભવ શહેરમાં જઇ શકીશ. ત્યાં તને કર્પૂરિકા પ્રાપ્ત થશે.' આટલું કહી તે કન્યા અદૃશ્ય થઈ ગઈ. તે જ વખતે હું જાગી ઉઠયો અને મારી આંખ ઉઘડી ગઇ." રાજકુમારે આવી વાર્તા કરી એટલે ગોમુખ ઘણો પ્રસન્ન થઇને બોલ્યો: "મહારાજ! આપના ઉપર દેવતાઓની દયા છે તો તમારે હવે શું દુસ્તર છે? તમારા મનના મનોરથો કષ્ટ વગર પાર પડશે." આવી રીતે ગોમુખે ઉત્તર આપ્યો અને આમ બન્ને જણા પરસ્પર વાતો કરતા આગળ ચાલવા માંડયા. ચાલતાં ચાલતાં છેવટે સમુદ્રના



કિનારા ઉપર આવી પહોંચ્યા. આ સમુદ્રના વિશાળ કિનારા ઉપર એક વિશાળ નગર જોવામાં આવ્યું, પર્વતના શિખર જેવી ઉંચી અગાશીઓ, મોટા રસ્તાઓ અને દરવાજાઓ વડે, તથા મેરુ પર્વત જેવા શુદ્ધ સુવર્ણના રાજ મહાલયથી તે નગર ઘણું જ ભપકાદાર દેખાતું હતું;ને તે બીજા ભુમંડળની માફક ઘણુંજ વિસ્તારવાળું હતું. ગોમુખ સહિત નરવાહનદત્તરાજા એક બજારને માર્ગે તે નગરમાં પેઠો, અને ત્યાં જુવે છે તો આખું નગર લાકડાનું જોવામાં આવ્યું. શહેરમાં રહેનારાં માણસો, વાણીયાઓ ને સ્ત્રીઓ સઘળાં લાકડાનાં હતાં; પરંતુ તે સર્વે યંત્રના જોરથી સજીવનની માફક કામ કરતાં હતાં–કેવળ તે બોલી શકતાં નહતાં, તેને લીધે નિર્જીવ જણાતાં હતાં. રાજકુમાર અને મંત્રી હળવે હળવે રસ્તાપરની દુકાનો ને ઘરોને જોતા જોતા રાજમહેલની પાસે આવ્યા. ત્યાં લાકડાના હાથી ઘોડા વિગેરે પણ જોવામાં આવ્યા. તે પણ યંત્રના જોરથી આમતેમ ડોલતા હતા. આ રાજમહેલ સોનાના બનેલા આખા શહેરને મુકુટ સમાન શોભા આપતો હતો. તે રાજમહેલને સુવર્ણના સાત કોટ હતા. આ સર્વે જોઇ નરવાહનદત્તને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. પછી તે મંત્રી સહિત અંદર ગયો અને ગોમુખને ત્યાં એક ભવ્ય દેખાવનો પુરુષ જોવામાં આવ્યો. તેની આસપાસ પ્રતિહાર ને વેશ્યા સ્ત્રીઓ, જેઓ પણ લાકડાની જ હતી તે વિંટી વળી હતી. માત્ર તેજ પુરુષ એક ચૈતન્યવાળો હતો. આ પુરુષ રત્નના સિંહાસન ઉપર બેઠો હતો; તે જેમ અધિપતિ રૂપે રહેલો ચૈતન્ય આત્મા ઇંદ્રિયોને ચલાવે છે, તેમ દોરી સંચાથી નિર્જીવ આખા નગરને ચેતનની માફક ચાલવતો હતો. આ દેખાવ જોઇ રાજકુમાર નરવાહનદત્તના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન થયું. પેલો સિંહાસનારૂઢ પુરુષ પણ નરવાહનદત્તની તેજસ્વી આકૃતિ જોઈ મોહિત બનીને તરત ઉભો થયો, અને તેની આગતાસ્વાગતા કરી પોતાના આસન ઉપર બેસાર્યો. અને નમ્રતાથી પૂછ્યું: "આપ મહારાજ કોણ છો? અને આ નિર્જન ભૂમિમાં તમારે બે મનુષ્યને આવવાનું કારણ શું?" તે સાંભળી નરવાહનદત્તે પોતાનું સર્વ ચરિત્ર વર્ણવી બતાવ્યું; અને પછી સરળ સ્વભાવવાળા તે પુરુષને પૂછવા લાગ્યો;"ભાઇ! બોલો, તમે કોણ છો અને તમારું આ આશ્ચર્યકારક નગર એ શું છે?" તે સાંભળી પેલા પુરુષે પોતાનું વૃત્તાંત કહેવાની શરુઆત કરી.

### રાજ્યધર સુતારની કથા.

" કાંચી નામની એક નગરી છે. જે આ પૃથ્વીરૂપ પ્રેમદાના જાણે મોટા ગુણથી ગુંથવામાં આવેલી કટિમેખલા હોય તેવી ભભકાદાર જણાય છે. તે નગરીમાં બાહુબળ નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજા ઘણો જ પ્રખ્યાત છે. તેણે પોતાના બાહુબળથી લક્ષ્મીને મેળવી છે; જો કે લક્ષ્મી ચલાયમાન છે, છતાં પણ તે પોતાના ભંડારમાં કેદ કરીને તેણે કબજે રાખી છે. તે રાજાના દેશમાં હું અને મારો ભાઈ રહેતા હતા. અમે જાતના સુતાર છીએ, અને મયદાનવે શોધી કાઢેલા લાકડા વગેરેની યાંત્રિક કળામાં નિપુણ છીએ. મહારાજ, મારા મોટા ભાઇનું નામ પ્રાણધર છે. તે વેશ્યાના ફંદમાં ઘણો જ ફસાયેલો હતો. હું તેનો નાનો ભાઈ થાઉં છું અને મારું નામ રાજ્યધર છે. મને મારા મોટા ભાઈ ઉપર ભક્તિ હોવાથી હું તેના સેવક તરીકે રહેતો હતો. મારા મોટા ભાઇએ અમારા પિતાનું મેળવેલું ધન ઉડાવી નાંખ્યું એટલું જ નહીં પણ પોતે થોડુંક એકઠું કર્યું હતું તે

પણ ઉડાવી નાંખ્યું. તેમ મેં પ્રેમથી જે ધન તેને આપ્યું હતું તે મારું ધન પણ તેણે ઉડાવી નાંખ્યું, અને છેવટે વેશ્યા સાથે પ્રેમ હોવાથી મારા ભાઇએ વેશ્યાને ધન આપવા ચોરી કરવા માટે યાંત્રિક કળાથી ઉડે એવા લાકડાના બે હંસ બનાવ્યા. તેમાં દોરી ગોઠવેલી હતી. મારો ભાઈ જ્યારે રાત્રિ પડતી ત્યારે દોરી સંચારો કરતો હતો; એટલે બન્ને હંસ ઉડીને રાજાના ભંડારના જાળીઆ દ્વારા ભંડારની અંદર દાખલ થતા ને પેટીમાંથી ઘરેણાં ઉપાડી પાછા મારા ભાઇને ઘેર આવતા. મારો મોટો ભાઈ તે જવાહીર વેચી વેશ્યાને ધન આપતો, અને પોતે મઝા કરતો હતો. મારા ભાઇએ દરરોજ રાજાનો ભંડાર આવી રીતે લુટવા માંડયો છે આવું મારા જાણવામાં આવ્યું, એટલે મેં તેને તેમ કરવાની મના કરી, તો પણ તે અકાર્ય કરતાં અટકયો નહીં. કારણ કે વ્યસનમાં આંધળો થઈ ગયેલો કયો માણુસ સારા નરતા માર્ગનો વિચાર કરે છે ?

આવી રીતે, મારા ભાઇએ રાત્રિએ ઉંદર વગરના એકાંત રાજાના ભંડારમાંથી ઘણા દિવસ સુધી ધન હરણ કર્યું, પરંતુ કોઇએ તે જાણ્યું નહીં; કારણ કે ભંડારનાં બારણાંની ભોગલો જરા પણ ખસતી નહોતી. પણ પછી ભંડાર ઉપરનો અધિકારી દરરોજ ચોરી થવા માંડી એમ જાણી ગુપ્ત રીતે તેની તપાસ કરવા લાગ્યો, તોપણ કંઈ પત્તો મળ્યો નહીં અને તેના મનમાં વધારે વધારે ફીકર થવા માંડી. છેવટે તેણે રાજાની પાસે જઇને ખરી વાર્તા જાહેર કરી દીધી, એટલે રાજાએ તે બાબતની તપાસ કરવા માટે તેને તથા બીજાં માણસોને હુકમ કર્યો કે ‘ તમે સઘળા આજ રાત્રિએ ભંડારમાં જાગતા રહેજો અને એ બાબતની બરાબર તપાસ રાખજો. આમ કહી રાત્રિએ ભંડારમાં ચોકી કરવા માટે કેટલાક સેવકો રાખ્યા. અર્ધ રાત્રિનો સમય થયો એટલે મારા ભાઇએ દોરીથી બાંધેલા બે હંસોને દોરી સંચારાથી મોકલ્યા. તે ભંડારના જાળીઆંમાંથી દાખલ થયા; અને યંત્રની યુકિતથી આમ તેમ ફરીને ચાંચમાં ઘરેણાં ઉપાડવા લાગ્યા, એવામાં ચોકીદારોએ તે હંસને દીઠા કે તેના શરીરમાં સંચાની દોરી હતી તે તોડી નાંખી તેને પકડી લીધા; અને સવારમાં રાજાને બતાવવાનો નિશ્ચય કર્યો. આ બાજુએ દોરી તુટવાથી મારો ભાઈ ગભરાટમાં પડી ગયો અને મને કહેવા લાગ્યોઃ “ અરે ભાઈ! દોરી ઢીલી પડી ગઇ છે અને યંત્રની ખીલી નિકળી ગઇ છે માટે ખરેખર મારા હંસોને ભંડારની ચોકી કરનારા માણસોએ પકડી લીધા હોવા જોઇએ માટે આપણે બન્ને જણા હમણાં જ અહીથી પલાયન કરી જઇએ. કારણ કે પ્રભાતમાં રાજા જો હંસને દેખશે તો અવસ્ય આપણુને જ કેદ કરશે, કારણ કે શહેરમાં આપણે બે જ માયાવી સંચાકામ કરનારા તરીકે પ્રસિદ્ધ છીએ. હવે મારી પાસે એક વાયુના સંચાવાળું વિમાન છે, જેમાં પવન ભરીને ઉડાય છે. તેની એક વાર કળ ચઢાવી કે તે તરત આઠસો ગાઉ સુધી જાય છે. માટે આપણે તે વિમાનમાં સ્વાર થઇને દુઃખદાયી છતાં પણ દૂર દેશમાં નિકળી જઇએ. કારણ કે હિતૈશીનું વચન તરછોડી કુકર્મ કર્યું હોય તેમાં સુખ કયાંથી મળે? તેવી રીતે મેં દુષ્ટ બુદ્ધિએ તારાં હિતવચન તરછોડી કાઢ્યાં, તેમાંથી પરિણામ એવું આવ્યું કે તને નિરપરાધીને પણ દુઃખી થવું પડશે.” આટલું કહી મારો ભાઈ પ્રાણધર તે જ વખતે સહકુટુંબ વિમાનમાં બેઠો. મને પણ તેણે બેસવા માટે બહુ કહ્યું, તોપણ



તે વિમાનમાં ઘણાં માણસો બેઠાં હતાં, તે માટે તેમાં હું બેઠો નહીં. પછી તે પુરુષ પોતાનું વિમાન આકાશ માર્ગે હંકારી કોણ જાણે કયાય દેશ તરફ નિકળી ગયો. મારો ભાઈ પ્રાણધર, જેનામાં નામ પ્રમાણેજ ગુણ હતા—એટલે તે લાકડાનાં પુતળામાં જીવ પણ નાંખી શકતો હતો—તેના ગયા પછી હું એકલો રહ્યો. મેં વિચાર કર્યો કે, કાલે સવારે રાજા તરફથી સંકટ આવ્યા વિના રહેશે નહીં; માટે મારે પણ શહેરમાં વધારે રહેવું ઠીક નથી. આવો વિચાર કરી મારા પોતાના બનાવેલા વાતવિમાનમાં બેસી, તેની કળ ફેરવી એટલે તે વિમાન આકાશમાં ઉડ્યું, અને હું બસો ગાઉ ઉપર નિકળી આવ્યો. અત્ર માર્ગમાં આ દિશાએ સાગર નજીકમાં જોયો. મને સમુદ્રમાં પડવાની બીક લાગી, તેથી અહીં કિનારા ઉપર ઉતરી પડી, પગે ચાલતાં ચાલતાં આ નિર્જન નગરમાં આવી ચઢયો. હું આ શહેરની અંદર આવ્યો અને આ રાજમહેલમાં પેઠો તો અંદર વસ્ત્રો, ઘરેણાં, શય્યા વગેરે રાજાને યોગ્ય સર્વ વસ્તુઓ નજરે પડી; મનોહર ઉપવનો જોવામાં આવ્યાં, પણ કોઈ મનુષ્ય જણાયું નહીં. આવી અનુપમ રચના જોઈ મારા મનમાં અત્યંત અદ્‌ભુતાશ્ચર્ય ઉત્પન્ન થયું. સાયંકાળ થઈ એટલે હું બગીચાની વાવમાં સ્નાન કરી, ફળાહાર કરી, રાજમહેલની અંદર ગયો. રાત્રિ થઈ. પછી રાજાના પલંગ ઉપર એકલો શયન કરીને વિચાર કરવા લાગ્યોઃ “હવે આપણે બાહુબળ રાજા તરફનો જરા પણ ભય નથી. પરંતુ આ નિર્જન નગરમાં હું એકલો રહીને શું કરું? માટે કાલે પ્રાતઃકાળમાં કયાંઈ બીજે ઠેકાણે જઇશ;” આવો વિચાર કરતાં હું નિદ્રાવશ થઈ ગયો. એ રાત્રિના છેવટના ભાગમાં એક અદ્‌ભુત ચમત્કાર, મેં નિદ્રામાં જોયો. તેમાં એક પુરુષ દિવ્યરૂપ ધારણ કરી, મયૂર ઉપર બેસીને મને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ “ભાઈ! તારે બીજે કયાંઇ પણ જવું નહીં; પણ આજ શહેરમાં રહેવું. જ્યારે ભોજનકાળ—મધ્યાહ્ન થાય ત્યારે તારે મહેલના મધ્યમાં આવીને ધીર ધરીને બેસવું.” આટલું કહી તે પુરુષ અદૃશ્ય થઈ ગયો, અને હું જાગૃત થયો. મેં ધાર્યું કે ‘ આ અલૌકિક નગર અવસ્ય કાર્તિકસ્વામીનું બનાવેલું હશે. કારણ, તેણે મને મારા પૂર્વ જન્મનાં પુણ્યોને લીધે સ્વપ્નામાં મારી પાસે આવી અનુગ્રહ કરી, અત્ર રહેવા માટે જણાવ્યું છે. હવે હું ખરેખર જાગૃત અવસ્થામાં આવ્યો છું. અહીં રહેવાથી મારું અવસ્ય કલ્યાણ થશે’—આવી મારા મનમાં આસ્થા બંધાઈ. પછી હું પ્રાતઃકર્મ—સંધ્યા પાઠપૂજા વગેરે કરી, ભોજન કરવાનો બરાબર સમય થયો, એટલે મહેલની મધ્યમાં આવેલી અગાશી ઉપર ચઢીને બેઠો. રાજકુમાર ! આ વખતે આકાશમાંથી પ્રથમ મારી આગળ સોનાનાં પાત્રો આવ્યાં; પછી ઘી, દૂધ, ચોખા, ભાત વગેરે સર્વ ભોજનની સામગ્રી આવી. તે શિવાય મેં જે જે ભોજનની ઇચ્છા કરી તે તે સર્વ ખાવાના પદાર્થ મારી આગળ તૈયાર આવી પડ્યા. હું તે અતિ સ્વાદિષ્ટ મહાપ્રસાદ આરોગી, ઇશ્વરકૃપાથી અત્યંત તૃપ્ત થયો. એ રીતે, હે રાજન્! હું તે દિવસથી આ નગરમાં રહેલો છું અને દરરોજ મને જે વસ્તુની ઇચ્છા થાય છે તેનું સ્મરણ કરું છું કે તે વસ્તુ મારા આગળ હાજર થાય છે. છતાં, માત્ર સ્ત્રી અને ચાકર નોકરનું ચિંતવન કરું છું, પણ તે અહીં મળી શકતાં નથી. તે માટે મેં આ સર્વ પરિવાર યંત્રમય લાકડાનો બનાવ્યો છે. હે મહારાજ! જો કે હું

રાજ્યધર* સુતાર છું, તોપણ દૈવયોગે આ નગરમાં આવીને એકલો, રાજાની રમત રમું છું. માટે હે મહારાજ! આપ આજનો દિવસ આ દેવતાઈ નગરમાં વિશ્રામ કરો; હું મારી શક્તિ પ્રમાણે તમારી મેમાનગીરી કરીશ."

આટલું કહી રાજ્યધર સુતાર, નરવાહનદત્ત અને ગોમુખને પોતાના બગીચામાં લઈ ગયો. નરવાહનદત્ત અને તેનો મંત્રી બન્ને જણાએ વાવમાં સ્નાન કરી, શંકરનું પૂજન કર્યું. પછી સુતાર રાજ્યધર, તે બન્ને જણાને, જમવાનો સમય થયો એટલે ભોજન કરાવવા માટે મહેલના મધ્ય ભાગમાં લઈ ગયો; અને તે ત્યાં બન્નેને બેસારી તેમની આગળ પોતે બેઠો. પછી પોતાને જે જે મહાપ્રસાદની ઇચ્છા હતી તેનું ધ્યાન ધર્યું, એટલે તે સર્વ પદાર્થ ત્યાં આગળ તૈયાર થઇને આવ્યા. તે લઈ રાજ્યધર સુતારે, ત્યાં બેઠેલા નરવાહનદત્ત અને ગોમુખને જમાડ્યા. જમી ઉઠયા પછી પાનબીડાં ખાધાં અને મદિરાપાન કરી વાતો કરવા બેઠા. એવામાં કોઈ ભોજનની જમીન સાફ કરી ગયું, પરંતુ તે કોણ હતું તે કોઇએ પણ દીઠું નહીં. રાજ્યધરે ભોજન કરી રહ્યા પછી, રાજકુમાર, શહેરની આવી આશ્ચર્યકારક ચિંતામણિ જેવી કૃતિ જોઈ, મનમાં વિસ્મય પામ્યો અને તેનાં વખાણ કરતો તે દિવસ ગાળ્યો. તે રાત્રિએ ઉત્તમ પલંગ ઉપર સૂતો. પરંતુ કર્પૂરિકાને મળવાની ઉત્કંઠામાં રાજકુમારને નિદ્રા આવી નહીં. તે પલંગમાં બેઠો થઈ, તે સૂતારને કર્પૂરિકાની વાત પૂછવા લાગ્યો. ત્યારે સૂતાર બોલ્યોઃ "ભાગ્યશાળી પુરુષ! તમે જે સ્ત્રીની ઇચ્છા રાખો છો, તે સ્ત્રી તમને મળશે, તો શા માટે નિદ્રા કરતા નથી અને જાગો છો? મોટા પરાક્રમી પુરુષોને લક્ષ્મી જેમ સ્વેચ્છાથી વરે છે, તેમ સ્ત્રીઓ પણ તેમને સ્વેચ્છાથી વરે છે. એ વિષયમાં એક બનાવ મારા પ્રત્યક્ષ જોવામાં આવ્યો છે, તેની કથા કહું છું તે સાંભળો.

## માનપરા અને સુખધન શેઠની કથા.

કાંચી નગરીના રાજા બાહુબળનો એક પ્રતિહાર હતો. તેનું નામ અર્થલોભ હતું. તે ઘણોજ પૈસાદાર હતો. તેનામાં નામ પ્રમાણે ગુણ હતા. આ પ્રતિહારની સ્ત્રીનું નામ માનપરા હતું. તે ઘણી કાંતિવાળી હતી. અર્થલોભ પ્રતિહાર જાતે વાણીઓ હતો, માટે વેપાર પણ કરતો. વાણીઆના સ્વભાવ પ્રમાણે અને લોભને લીધે વેપાર કરવાની બાબતમાં ચાકરોનો પણ તે વિશ્વાસ રાખતો નહિ, તેથી વેપારની બાબતમાં તપાસ કરવા માટે મધ્યસ્થ તરીકે પોતાની સ્ત્રીને જોડી હતી. તે સ્ત્રીને જો કે તે કામ કરવાની ઇચ્છા નહતી, તોપણ તે પોતાના પતિને અધીન હતી, તેથી તે બીજા વાણીઆ વાણોતરોની સાથે વેપાર કરવા લાગી. ગ્રાહકો પણ તે સુંદરીનાં મીઠાં વચન ઉપર અને તેની કાંતિ ઉપર મોહિત થઈ દોડયાં આવતાં. તેમ આ સ્ત્રી પણ, હાથી, ઘોડા, રત્ન, જવાહીર, વસ્ત્ર વિગેરે જે જે વસ્તુ વેચતી, તેમાં સારો નફો મેળવતી હતી. એ જોઈ અર્થલોભ શેઠ રાજી થતો હતો. આવી રીતે વેપાર કરતાં ઘણા દિવસો વહી ગયા. એક દિવસે પરદેશમાંથી સુખધન નામનો કોઈ એક વેપારી તે શહેરમાં આવ્યો. આ વેપારી પાસે

* રાજ્યને ધારણ કરનાર—રાજ બનાવનાર.



ઘોડા અને વાસણ ઘણાં હતાં; તે શિવાય બીજી વેપારની વિક્રય વસ્તુ પણ હતી. આ વાત અર્થલોભના જાણવામાં આવી, એટલે તેણે પોતાની સ્ત્રીને કહ્યુંઃ "અલિ, સુખધન નામનો એક વાણીઓ પરદેશથી આપણા શહેરમાં વેપાર કરવા માટે આવ્યો છે. તેણે પોતાની સાથે દશ હજાર ઘોડાઓ અને ચિનાઈ હીરાગળ વસ્ત્રના અસંખ્ય તાકાઓ આણ્યા છે. માટે તું તેની પાસે જા, પાંચ હજાર વાડા અને દશ હજાર ચિનાઈ હીરાગળ વસ્ત્રના તાકા વેચાતા લઈ આવ. આપણા એક હજાર ઘોડા છે અને પાંચ હજાર ઘોડા આવશે, તે મળીને છ હજાર ઘોડા થશે, તેનો વેપાર કરીશું અને રાજાની નોકરી છોડી દઇશ." આવી રીતે સ્ત્રીને સમજાવી અધર્મી અર્થલોભે પોતાની પ્રિયાને વેપારીને ત્યાં માલ ખરીદવા માટે મોકલી. માનપરા, સુખધનને ઉતારે, જ્યાં સુખધન બેઠો હતો ત્યાં ગઈ. સુખધન તે સ્ત્રીની અનુપમ સૌંદર્યતા ઉપર મોહિત થઈ ગયો, અને તેને આદરમાન આપીને બેસાડી. પછી માનપરા બોલી–"શેઠજી, અમારે પાંચ હજાર ઘોડાઓ અને દશ હજાર હીરાગળ વસ્ત્રના તાકા ખરીદવા છે, માટે તે આપો અને તેની જે કિંમત થતી હોય તે અમને કહો." સુખધન શેઠ કામાતુર બની ગયો હતો, તેથી તે સ્ત્રીને એકાંતમાં લઈ જઈ કહ્યું કેઃ–"હું તને કિંમતથી તો એક વસ્ત્ર કે એક ઘોડો પણ આપીશ નહીં; પરંતુ જો તું મારી સાથે એક રાત્રિ વિલાસ કરે તો હું તુને પાંચસો ઘોડા અને પાંચ હજાર રેશમી વસ્ત્ર આપીશ." આવી રીતે સુખધને જણાવ્યું, અને તદુપરાંત વધારે આપવાનું પણ કબૂલ કરી, તે સુંદરીની માંગણી કરી. સુખધનની માંગણી શ્રવણ કરી, માનપરા પ્રત્યુત્તરમાં બોલીઃ "શેઠજી, આ વિષે મારે મારા સ્વામીને પૂછવું જોઈએ; કેમકે હું જાણું છું કે મારો સ્વામી કદ્રિનો કાકો હોવાથી કદી પણ ના પાડશે નહી." આમ કહી માનપરા પોતાને ઘેર આવી અને પોતાના સ્વામીને પૂછવા લાગીઃ "સાંભળો છો કે? મને સુખધને તો આમ આમ વાર્તા કરી." એમ કહી સુખધને જે વાર્તા તેને એકાંતમાં લઈ જઈ કહી હતી તે સઘળી ઇત્થંભૂત કહી સંભળાવી. એ સાંભળી, યમ જેવો લોભી અધમ અર્થલોભ, જે વળી મખ્ખીચુસ હતો તે બોલ્યોઃ "પ્યારિ! જો એક રાત્રિ તેને ત્યાં રહેવામાં પાંચ હજાર હીરાગળ વસ્ત્ર અને પાંચસો ઘોડા મળતા હોય તો તે કામ કરવામાં તને અડચણ શી છે? હમણાં જ તેની પાસે જા; અને કાલે સવારે જલદીથી પાછી આવતી રહેજે." જ્યારે માનપરાએ પોતાના નીચ બુદ્ધિના અધમ ધણીનું આવું દુષ્ટ વચન સાંભળ્યું, ત્યારે તે મનમાં વિચાર કરવા લાગીઃ–"આ રડ્યો તો છેક જ નમાલો છે! મને થોડા દ્રવ્ય માટે વેચવા તૈયાર થયો છે! આવા હીજડા ધણીને હું શું કરું? અફસોસ છે કે મારો ધણી હંમેશાં લોભના વિચારમાં તદાકાર થઇ ગયો છે.–તેને લોભ શિવાય બીજું કશું નજરે જ પડતું નથી. આના કરતાં તો જે ઉદાર બુદ્ધિનો ધણી, એક રાત્રિને માટે હજારો હીરનાં વસ્ત્ર અને સેંકડો ઘોડાઓ આપે છે તેને જ હું મારો ભર્ત્તાર કરું તો કેવું સારું? બેશક તે કામ કરવામાં મને દોષ લાગશે નહિ." આમ વિચાર કરી, તે દુષ્ટ ભર્તારની રજા લઈ, સુખધનને ઘેર માનપરા ગઈ. સુખધને માનપરાને આવેલી જોઈ પૂછ્યુંઃ "કેમ, તારા પતિએ તને કંઈ અડચણ તો કરી નથી ને?" માનપરાએ સઘળી વાત કહીને જણાવ્યું, 'હવેથી હું તમારી જ છું. તમો મારા પ્રાણપતિ છો.' આ સઘળી વાત સાંભળી સુખધન ઘણો જ હર્ષમાં આવી ગયો; અને આવી સુંદર સ્ત્રી મળ-

વાથી પોતાને અહોભાગ્ય માનવા લાગ્યો, અને તુરતા તુરત તેના ધણી **અર્થલોભ**ને ત્યાં ઘોડા અને વસ્ત્રો, પોતે જે પ્રમાણે આપવાનાં કહ્યાં હતાં તે પ્રમાણે, તે સ્ત્રીની કિંમત તરીકે મોકલી આપ્યાં; અને જાણે ઘણે દિવસે મળેલી મૂર્તિમતી સંપત્તિના ફળની શોભા હોય તેના જેવી દેખાતી **માન-પરા**ની સાથે, તે રાત્રિ રંગભોગમાં કાઢી, પોતાના મનના મનોરથ પૂર્ણ કર્યાં.

પ્રભાત થયું તોપણ **માનપરા** તો **સુખધન**ના ઘરમાંથી બહાર નિકળી નહીં. **અર્થલોભ** શેઠ વાટ જોતો બેસી રહ્યો. તે વિચારવા લાગ્યો કે, 'હજી સુધી સ્ત્રી આવી કેમ નહીં ! આ શું થયું ?' એમ ધારી નપુંસક શેઠે લાજ મૂકી, સ્ત્રીને તેડવા માટે કેટલાએક ચાકરોને મોકલ્યા. તે સેવકો **માનપરા** પાસે ગયા, અને બોલ્યા; "શેઠાણી, ચાલો, તમને શેઠ બોલાવે છે." ત્યારે **માનપરા** બોલી: "જે પુરુષે પોતાની સ્ત્રીને તુચ્છ માલના બદલામાં વેચી છે, તેને ત્યાં હવે હું શી રીતે પાછી આવું ? જેવો એ નિર્લજ્જ છે તેવી હું નથી ! તમે પણ બોલો, શું હવે મને આમ કરવું ઘટિત કહેવાય કે ? તમે ઘેર જાઓ, અને તમારા શેઠને કહો કે શેઠાણી કહે છે કે મને જેણે વેચાતી લીધી છે, તે જ મારો પતિ છે, તમે નથી." શેઠાણીનું આવું વચન સાંભળી, ચાકરોએ નીચે મુખે શેઠની પાસે જઈને, શેઠાણીનાં વચનો કહી સંભળાવ્યાં. તે સાંભળી નીચ **અર્થલોભે** **માનપરા**ને બળાત્કારથી ઘસડી લાવવાની ઇચ્છા કરી. ત્યારે તેનો એક મિત્ર **હુરબળ** બોલ્યો: "**સુખધન**ની પાસેથી **માનપરા**ને લઈ આવવાની તારામાં શકિત નથી; તે ઘણો શૂર-વીર છે. માટે તેની આગળ તારું જરાપણ ધૈર્ય રહેશે એમ હું ધારતો નથી. એક તો તેને ઉદાર મનની સ્ત્રીએ શૂરવીર કર્યો છે. વળી તે બીજા બળશાળી માણસો અને મિત્રો સહિત આ શહેરમાં આવ્યો છે, માટે તે બળવાન્ છે અને તેં લોભથી ઘરને ખૂણે એકાંતમાં સ્ત્રીને વેચી છે. તેણે પણ તારો ત્યાગ કર્યો છે; વળી તારું અપમાન થવાથી તારો ઉત્સાહ નાશ પામ્યો છે; વળી લોકોમાં તારી નિંદા થાય છે, માટે તું નપુંસક જેવો થઈ ગયો છે. તો તે બળીયા આગળ તારા દુર્બળનું શું ચાલશે ? તું પોતે જરા પણ બળવાન્ નથી; તેમ તેની પેઠે તારે મિત્રનું પણ બળ નથી. માટે તું નિર્બળ, તે શત્રુનો પરાજય કરવા માટે કેમ શકિતમાન્ થશે ? તું કદી દરબારમાં જાહેર કરીશ, પણ રાજા સ્ત્રી વેચવાની દુષ્ટ બાબત જાણશે તો તે પણ તારા ઉપર કોપશે. માટે હવે છાનોમાનો બેસી રહે, આગળ વધીને મશ્કરી કરાવ નહિ." આ રીતે **હુરબળે** **અર્થલોભ**ને સમજાવ્યો, તોપણ તેણે તેની વાત કબૂલ કરી નહીં અને ગુસ્સો કરી, સૈન્ય સાથે લઇ, **સુખધન**ના ઘર ઉપર ઘેરો ઘાલ્યો. **સુખધન**, તેના મિત્રો અને તેની સેનાએ ઘરની બહાર નિકળી, **અર્થલોભ**ની સઘળી સેનાની સામે થયા; અને જોત જોતામાં તેની સેનાના કુરચે કુરચા કરી નાંખ્યા.

**અર્થલોભ** પોતાની હાર જોઈ ત્યાંથી નાઠો. તે રાજાની પાસે ગયો, અને વિનતિ કરવા લાગ્યો: "મહારાજ ! **સુખધન** મારી બાયડીને હરી ગયો છે." પરંતુ પોતાનો જે વાંક હતો તે તેણે જાહેર કર્યો નહીં. તે સાંભળી રાજાએ કોપ કરી, **સુખધન**ને કેદ કરવા માટે વિચાર કર્યો. તે રાજાનો **સંધાન** નામનો મંત્રી બોલ્યો: "મહારાજ ! મહાકષ્ટે પણ તે વાણીઆને કેદ કરી શકાય તેમ નથી; કારણ કે તેની સાથે તેના અગિયાર મિત્રો આવ્યા છે; વળી તેની પાસે એક



લાખ કરતાં પણ વધારે ઉમદા ઘોડાઓ છે; વળી આપણે હજુ તેનો બચાવ શો છે તે જાણતા નથી. **અર્થલોભ**ની સ્ત્રીને તે હરી ગયો, તેમાં કંઈ પણ કારણ હશે–નિષ્પ્રયોજન તે કામ બની શકે તેમ નથી. માટે પ્રથમ **સુખધન**ની પાસે એક દૂતને મોકલી પૂછાવો કે તે શું કહે છે; અને પછી તેના ઉપર વિચાર કરી, કરવું ઘટે તે કરો." મંત્રીનું એ પ્રમાણેનું વચન સાંભળી, રાજા **બાહુબળે** **સુખધન**ને પૂછવા માટે તેની પાસે એક દૂત મોકલ્યો. રાજાનો દૂત **સુખધન**ને ઘેર ગયો અને સ્ત્રીહરણનું કારણ પૂછ્યું. **માનપરાએ** પોતાનું વૃત્તાંત રાજાના દૂતને કહી બતાવ્યું. તે દૂતે રાજાને સર્વ વૃત્તાંત કહ્યું. રાજા **માનપરા**ના અદ્‌ભુતરૂપનું વૃત્તાંત સાંભળતી વખતે જ આશ્ચર્ય પામ્યો, અને તેનું સુંદર રૂપ જોવા માટે **અર્થલોભ**ને સાથે લઈ, **સુખધન**ને ઘેર ગયો. ત્યાં સરળ સ્વભાવના **સુખધન** ઉપર ગુમાન કરતી **માનપરા**ને બેઠેલી દીઠી. તેની સુંદરતા, બ્રહ્માની સૌંદર્ય શોભાને પણ શોભા આપનારી દેખાતી હતી. **માનપરાએ** રાજાને આવ્યા જાણી, ઉભી થઇ દંડવત્ પ્રણામ કીધા. રાજાએ તેને કલહનું કારણ પૂછ્યું. એટલે તેણે પોતે **અર્થલોભ**ના સાંભળતાં, તે પોતાના મુખથી સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. **અર્થલોભે** સઘળું સાંભળ્યું અને સર્વ વાત સ્વીકારી. ઉત્તર આપ્યા વગર ચુપચુપ બેસી રહ્યો. પછી રાજાએ તે **ચંદ્રમુખી** સ્ત્રીને પૂછ્યું;" હવે શું કરવાનું છે તે બોલ." **માનપરાએ** પોતાના મનમાં બરાબર નિશ્ચય કરી મૂકયો હતો તે મુજબ બોલી:"મહારાજ ! જે નપુંસકે મને પોતાની સારી હાલતમાં, બીજાને ઘેર વેચી છે, તે દુષ્ટ લોભીને ઘેર હવે હું કેમ જાઉં ?"

શેઠાણીનું આવું વચન સાંભળી રાજા બોલ્યો:–"વાત તો બરાબર છે–ત્હારે જવું ઘટિત નથી." તે સાંભળી **અર્થલોભ** કામ, ક્રોધ અને શરમને લીધે આકળો બની ગયો અને બોલી ઉઠ્યો: "મહારાજ! આ **સુખધન** અને હું, અમે બન્ને જણા બીજી સેનાની મદદ લીધા વગર અમારી પોતાની સેનાથી પરસ્પર લડીએ: તેમાં આપ પરાક્રમ અને વગર પરાક્રમની પરીક્ષા કરો." આવું **અર્થલોભ**નું વચન સાંભળી, **સુખધને** ઉત્તર આપ્યો; "એમ છે તો ભલે પણ અમે બન્ને પરસ્પર દ્વંદ્વયુદ્ધ કરીએ, સેનાનું શું કામ છે ? અમારા બેમાં જે માણસનો વિજય થાય તેને ત્યાં **માનપરા** રહે." તે સાંભળી રાજા બોલ્યો:–"એ તો બહુ સારું! તમો બન્ને દ્વંદ્વ યુદ્ધ કરો."

પછી **માનપરા** અને રાજા એ દ્વંદ્વ યુદ્ધ જોવા લાગ્યાં. **અર્થલોભ** તથા **સુખધન** બન્ને જણા ઘોડા ઉપર સ્વાર થઇને મેદાનમાં ઉતરી પડયા. પરસ્પર બન્ને જણાનું યુદ્ધ ચાલવા લાગ્યું. યુદ્ધમાં **સુખધને** **અર્થલોભ**ના ઘોડાને ભાલો માર્યો. ભાલાના મારથી ઘોડો જમીન ઉપર પડી ગયો અને **અર્થલોભ** પણ નીચે ગડબડી પડયો. આવી રીતે ધર્મયુદ્ધ કરનારા **સુખધને** ત્રણ વાર **અર્થલોભ**ના ઘોડાને મારી **અર્થલોભ**ને જમીન ઉપર પાડી નાંખ્યો. તેને ધીરજ આપી, પણ ઠાર માર્યો નહીં. પણ પાંચમી વાર **સુખધન**ના ભાલાનો પ્રહાર થવાથી, ઘોડો ઉછળી **અર્થલોભ**ની ઉપર પડયો, તેને લીધે **અર્થલોભ** જખમી થઈ બેભાન થઈ ગયો. તુરત તેના નોકરો તેને ઘેર લઈ ગયા. પછી રાજાએ અને સઘળાએ **સુખધન**ને ધન્યવાદ આપ્યો અને રાજા **બાહુબળે**, તેની યોગ્યતા પ્રમાણે તેનું સન્માન કર્યું. **સુખધન** જે ભેટ રાજાને અર્પણ કરવા માટે લઇ આવ્યો હતો તે ભેટ તેને રાજાએ પાછી અર્પણ કરી; અને **અર્થલોભ**ની અધમતાથી મેળવેલી સઘળી માલમતા લૂંટી લઈ, તેને પ્રતિહારની જગ્યા ઉપરથી બરતરફ કર્યો, અને

તે અધિકાર બીજાને સોંપી, રાજા મનમાં ઘણોજ રાજી થતો થતો પોતાને ઘેર ગયો. મોટા પુરુષો જ્યારે પાપીના સંબંધમાંથી છૂટા પડે છે, ત્યારે સુખ પામે છે. સુખધન શેઠ પોતાના ઉપર આશક બનેલી પ્રાણપ્યારી માનપરાની સાથે હંમેશાં સુખમાં રંગભોગ કરવામાં અને આનંદમાં દિવસ ગુજારવા લાગ્યો. આવી રીતે કનક ને કાંતા, નિર્બળ પાસથી જઇ, તેઓના જ દ્વારા હરેક સ્થળેથી સબળ પાસે જાય છે. માટે મહારાજ ! તમે કર્પૂરિકા માટે બેફીકર રહો અને નિદ્રા કરો. તમને રાજકુમારી કર્પૂરિકા પ્રાપ્ત થશે જ." આ રીતે તે રાત્રિએ નરવાહનદત્ત અને ગોમુખ, રાજ્યધર પાસેથી હિતવચન સાંભળી સૂઇ ગયા.

## કર્પૂરસંભવ નગરમાં નરવાહનદત્ત ગયો.

વહાણું વાયું એટલે તે ત્રણે જણા જાગ્યા. પછી સ્નાન સંધ્યા કરી, ભોજન લીધા પછી, એક ક્ષણ સાથે બેઠા હતા. એ વખતે બુદ્ધિશાળી ગોમુખે રાજ્યધરને કહ્યું: "રાજ્યધર ! તમે મહારાજને માટે યંત્રથી ઉડી શકે એવું એક વિમાન કરી આપો, એટલે તે વિમાનમાં બેસી અમે કર્પૂરસંભવ નગરમાં જઇ શકીએ, અને કર્પૂરિકાને મળીએ." તે સાંભળી રાજ્યધર સુતારે પવનથી ઉંચું ઉડી શકે એવું જે એક વિમાન પ્રથમ બનાવી રાખ્યું હતું, તે નરવાહનદત્તને આપ્યું. નરવાહનદત્ત અને ગોમુખ મનના વેગ જેવા વેગવાળા તે વિમાનમાં બેસી ઊંચા ઉડ્યા. તેમની ધીરજ જોઇ, સમુદ્ર જાણે આનંદમાં આવી ગયો હોય તેમ મોજાઓથી ઉછળવા લાગ્યો. તે બન્ને જણા ઉછળતા મોજાવાળા મહાસાગરનું ઉલ્લંઘન કરી, સામા કિનારા પર આવેલા કર્પૂરસંભવ નગરમાં આવી પહોંચ્યા. શહેર આગળ આકાશમાંથી વિમાનને નીચે ઉતારી તેમાંથી નીચે ઉતરી પડ્યા. પછી રાજકુમાર અને ગોમુખ, બન્ને જણા નગરની રચના જોઇ આશ્ચર્ય પામતા, આખા શહેરમાં ફરવા લાગ્યા. લોકોને પૂછ્યું કે આ નગરનું નામ શું છે? ત્યારે લોકોએ જણાવ્યું કે એનું નામ કર્પૂરસંભવ છે. લોકો પાસેથી નગરનું નામ જાણ્યું એટલે ખુશી થયા કે જે નગરમાં જવાની ઇચ્છા હતી તેજ નગરમાં આપણે આવી પહોંચ્યા છીએ. પછી રાજદરબારની નજીકમાં ગયા. ત્યાં એક સુંદર મહેલ જોવામાં આવ્યો. આ મહેલમાં એક ઘરડી ડોસી બેઠી હતી. તેની પાસે નરવાહનદત્ત ઉતારા માટે ગયો. તે ડોસી ઘણા નમ્ર સ્વભાવની હતી. તેણે તે રાજકુમારને સારી પેઠે માન આપ્યું. નરવાહનદત્તે ત્યાં ઉતારો કર્યો. પછી કર્પૂરિકાને મેળવવા માટે કેઇ યુક્તિ રમવી, તે જાણવાની ઇચ્છાથી તે ડોસીમા પ્રત્યે બોલ્યો:-"માજી ! આ શહેરમાં કોણ રાજા રાજ્ય કરે છે, તેનું નામ શું છે, તેને છોકરાં શું છે અને તેનું રૂપ કેવું છે તે અમને જણાવશો?" અમે પરદેશી છીએ, માટે અમે તેમનાથી અજાણ્યા છીએ.' ડોસીએ રાજકુમારનું વચન સાંભળી, અને તેની સુંદર આકૃતિ જોઇ, પ્રત્યુત્તર આપ્યો:—

## કર્પૂરિકાની કથા.

"અયે મહાભાગ! હું તમને સર્વ વાત કહું છું તે તમે સાંભળો. આ કર્પૂરસંભવ નગરમાં કર્પૂરક નામનો રાજા રાજ્ય કરેછે. તે વાંઝીયો હતો. માટે તેણે પોતાની બુદ્ધિકારી રાણી સહિત આહારવિહારનો ત્યાગ કરી, શંકરને ઉપાસીને ઉગ્ર તપ કરવા માંડ્યું. ઉપવાસ કરતાં



ત્રણ રાત્રિ વીતી ગઇ, એટલે ચોથી રાત્રિએ શંકરે સ્વપ્નામાં આવી કહ્યું:' બેટા ! ચલ ઉઠી જા, હવે તપ કરવું બંધ કર. જા, તારે ત્યાં પુત્ર કરતાં પણ વધારે ઉત્તમ એક કન્યા અવતરશે, ને તે વિદ્યાધરના ચક્રવર્તી થનારા રાજા સાથે પરણશે.' આટલું કહી શંકર અદૃશ્ય થઇ ગયા. થોડી વાર પછી સવાર થઇ એટલે તે રાજા જાગ્યો, અને શય્યામાંથી નિચે ઉતરી, સ્વપ્નની વાર્તા બુદ્ધિકારી રાણીને કહી સંભળાવી. પછી રાજાએ રાણી સહિત વ્રતનું પારણું કરી, વ્રત સંપૂર્ણ કર્યું. થોડા વખતમાં રાણીને ગર્ભ રહ્યો ને દશ મહીના પૂરા થયા પછી રાણીએ એક કન્યાનો જન્મ આપ્યો. આ કન્યાના સઘળા અવયવો ઘણા સુંદર છે—અને તે કન્યાના તેજથી પ્રસૂતિગૃહના દીવાઓ ઝાંખા પડી ગયા હતા. તેમની શિખામાંથી મસિ નિકળતી હતી તે તો માત્ર નિમિત્ત હતું, પરંતુ વાસ્તવિક રીતે કહીએ તો કન્યાના તેજ આગળ ઝાંખા પડી જવાથી દિવા જાણે નિસાસા મૂકતા હોય તેવા દેખાતા હતા. પુત્રીનો જન્મ થયા પછી, તેના પિતાએ પુત્રીનું નામ કર્પૂરિકા પાડ્યું અને મહોત્સવ કર્યો. કર્પૂરિકા રાજકન્યા દિવસે દિવસે મોટી થવા માંડી અને લોકનાં નેત્રને ચાંદની માફક શિતળતા આપવા લાગી. તે આજ ભરયુવાવસ્થામાં છે. તેના પિતા તેનો વિવાહ કરવા માટે ઘણો આગ્રહ રાખે છે. પરંતુ કન્યા સ્વતંત્ર વિચારની છે, માટે કોઇ પુરુષને પસંદ કરતી નથી; અને વિવાહ કરવાની ઇચ્છા રાખતી નથી. મારી દીકરી રાજકન્યાની સખી થાય છે. તેણે પણ એક વખતે કર્પૂરિકાને કહ્યું હતું કે, 'સખિ ! ! તું પરણવાની ના પાડે છે, ત્યારે તું કન્યા અવતરી છે તેનું તને ફળ શું?' તે સાંભળીને કર્પૂરિકાએ કહ્યું કે, 'પ્રાણસખિ ! મને પૂર્વ જન્મનું સ્મરણ છે, માટે હું પરણવાની ના પાડું છું, તેનું કારણ સાંભળ:

'મહાસાગરના કિનારા ઉપર એક મોટું ચંદન વૃક્ષ હતું. આ વૃક્ષની નજીકમાં એક સુંદર તળાવ હતું. તેમાં કમળો ખીલી રહ્યાં હતાં. તેને લીધે તળાવનો દેખાવ રમણીય લાગતો હતો. આ તળાવની પડોસમાં હું પૂર્વજન્મના કર્મસંયોગે હંસી અવતરી હતી. એક વખતે હું અને મારો પતિ, અમે બન્ને જણાં સમુદ્રના કિનારા પાસે આવેલા ચંદનવૃક્ષ ઉપર એક માળો બાંધી તેમાં રહેવા લાગ્યાં. આ માળામાં મેં બચ્ચાંઓને જન્મ આપ્યો, પણ બલવાન્ મહાસાગર ઓચિંતો આવી મોજા વડે તે બચ્ચાંને સમુદ્રમાં ઘસડી ગયો. આ સંકટ પડવાને લીધે હું રડવા લાગી અને ઉપવાસ કરી સમુદ્રના કાંઠા ઉપર એક શિવની મૂર્તિ હતી તેની આગળ બેસી જ રહી. થોડીવાર પછી મારા પતિ આવ્યા તેણે મને કહ્યું; "અરે હંસી ! અફસોસ છોડી દે. બચ્ચાં મરી ગયાં તેનો અફસોસ શું કરે છે ? આપણે જીવતાં છીએ તો વળી બીજાં બચ્ચાં થશે; કારણ કે જીવતો નર સર્વ વસ્તુને મેળવી શકે છે." મારા પતિએ મને જે વચન કહ્યું તે વચનરૂપ બાણ મારી છાતીમાં ઘણું જ સખ્ત વાગ્યું; અને તે જ વખતે મને વિચાર આવ્યો કે; 'અરેરે ! પુરુષોને ધિક્કાર છે, ( કે સંતાનસ્નેહ ક્ષણમાં વિસરી જઇ, કામ મુગ્ધ બની જાય છે). ખરેખર તે ઘણા જ પાપી છે. તેઓ કુમળી વયના બાળક ઉપર તથા ભક્તિશાળી સ્ત્રીઓ ઉપર પ્રેમ અને દયાવગરના હોય છે. મારે આવા પ્રેમ અને દયા રહિત પતિનું અને દુઃખી થયેલા દેહનું શું કામ છે? તે નકામાં છે." (માટે તેનો ત્યાગ કરવો જ કલ્યાણકારક છે ) આમ વિચાર કરી, શંકરને પ્રણામ કરી, ભક્તિપૂર્વક તેનું હૃદયમાં ધ્યાન ધરી,

મેં સંકલ્પ કર્યો કે; "આવતા જન્મમાં હું રાજકન્યા અવતરું અને મને પૂર્વ જન્મનું સ્મરણ રહે." આવો સંકલ્પ કરીને તત્ક્ષણે મારા હંસ પતિના દેખતાં, મેં મારું શરીર મહાસાગરમાં ઝંપલાવી દીધું. તે પછી આ જન્મમાં હું આ રાજાના ઘરમાં અવતરી છું. સખિ ! તે પૂર્વજન્મના મારા પતિની નિર્દયતા યાદ આવવાથી, કોઈ પણ પુરુષ ઉપર મારું મન લાગતું નથી. એટલા માટે જ હું પરણવાની ના પાડું છું. તથાપિ હવે પછી દૈવાધીન વાત છે."

આવી રીતે એકાંતમાં રાજકન્યાએ મારી દીકરી પાસે કહ્યું હતું અને તેણે મારી પાસે આવીને મને જણાવ્યું હતું. માટે દિકરા ! તેં જે વાર્તા મને પૂછી હતી તે વાર્તા આ પ્રમાણે છે. તે મેં તને કહી બતાવી. કર્પૂરિકા અવશ્ય તારી સાથે જ લગ્ન કરશે; કારણ કે ચક્રવર્તીમાં જે ચિહ્નો હોય છે, તે સઘળાં ચિહ્નો તારા અંગપર દેખાય છે. તું જ ભવિષ્યમાં વિદ્યાધરનો ચક્રવર્તી થવાનો છે; અને શંકરે પણ સ્વપ્નમાં કહ્યું છે કે, રાજકન્યા વિદ્યાધરના ચક્રવર્તીની પટ્ટરાણી થશે. માટે નસીબ જ તે કન્યા સાથે વરાવવાને માટે તને અહીં મારે ઘેર લઈઆવ્યું હશે ! હા, હા ! એમ જ જણાય છે. હવે શું થાય છે તે આગળ જોઈશું. હાલ તો ભોજનનો સમય થયો છે માટે ઉઠો." આમ કહી સર્વે ઉઠયાં. પછી નરવાહનદત્ત અને ગોમુખે તે ડોસીની સાથે ભોજન કરી, રાત્રિ ત્યાંજ ગાળી કાઢી. પ્રભાતમાં નરવાહનદત્તે ગોમુખ સાથે એકાંતમાં બેસી, કેવી રીતે કામ પાર પાડવું, તે માટે વિચાર કીધો. નરવાહનદત્તે એક મોટા બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો; અને સાથે ગોમુખને લઈ રાજમહેલની પાસે જઈ, મૂર્તિમાન્ કામદેવ પેરે "અરે પ્રિય હંસિ! અરે પ્રિય હંસિ !" આમ વારંવાર બૂમ પાડવા અને આંટા મારવા લાગ્યો. તેને જોવાને હજારો માણસો એકઠાં થયાં. રાજાની દાસીઓ, નરવાહનદત્તને બ્રહ્મચારીના વેશમાં જોઈને અને તે વારંવાર જે બોલતો હતો તે શબ્દ સાંભળીને ઘણી આશ્ચર્ય પામીગઈ. તેઓ તુરત કર્પૂરિકા પાસે આ પ્રમાણે કહેવા લાગી:"ભર્તૃદારિકે ! આ રંગમહેલના દ્વાર પાસે કોઈ એક મોટો તપસ્વી આવ્યો છે. તેની સાથે એક બીજું મનુષ્ય પણ છે. આ તપસ્વીનું રૂપ કામ-ને જે આપણું છે, રે પ્રમદાઓને મોહ ઉપજાવવામાં અદ્ભુત મંત્ર જેવું છે.' તે મહાવ્રતધારી સાધુ, રાત્રિ દિવસ 'અરે પ્રિય હંસિ ! અરે પ્રિય હંસિ !' આમ રટણ કર્યા કરે છે.' કર્પૂરિકા, દાસીઓ પાસેથી એ વાર્ત્તા સાંભળી ઘણી આશ્ચર્ય પામી; કેમકે તે પોતે પૂર્વ જન્મમાં હંસી હતી, અને તેથી તેના નામનો પોકાર કરનારા રૂપને જોવા માટે દાસીદ્વારા તે વ્રતધારીને પોતાની પાસે તેડાવ્યો. તુરત નરવાહનદત્ત–મહાવ્રતધારી દાસી, રાજકન્યાની પાસે તેડી લાવી. રાજકન્યા તેને જુવે છે તો શંકરની આરાધના કરવા માટે વ્રત ધારણ કરનારા ઘણા ઉત્તમ રૂપથી અલંકૃત થએલો કામદેવ જેવો શોભે તેવો તે શોભતો હતો. કર્પૂરિકા તે વ્રતધારીને, મહાહર્ષથી પ્રસન્ન થયેલાં નેત્રવડે જોવા લાગી, અને પછી તેને પૂછયું: "મહારાજ ! આપ, 'અરે પ્રિય હંસિ ! અરે પ્રિય હંસિ !' આટલુંજ શા માટે બોલો છો ?" રાજપુત્રીએ પ્રશ્ન કર્યો તોપણ રાજકુમાર 'અરે પ્રિય હંસિ !' અરે પ્રિય હંસિ !' આજ શબ્દોનું ઉચ્ચારણ કરતો અટકયો નહીં. પછી તેની સાથે રહેલા ગોમુખે ઉત્તર આપ્યો કે–

"લલિતોહું તને એના પૂર્વ જન્મની ટુંકામાં વાત કહું છું તે સાંભળો. પૂર્વજન્મમાં, એ કોઈ યોગના



સંયોગથી હંસ જાતમાં જન્મ્યો હતો. એ રહેતો હતો તે મહાસાગરના કિનારા નજીક એક તળાવ હતું. તેની પડોશમાં આવેલા ચંદનવૃક્ષ ઉપર માળો કરી, પોતાની પ્રિયતમા હંસીની સાથે રહેતો હતો. એવું બન્યું કે થોડા દિવસ પછી હંસીને પ્રસવ થયો, અને બે બચ્ચાં અવતર્યાં. આ બચ્ચાં એક દિવસે સમુદ્રના મોજાથી ઘસડાઈ સાગરમાં ચાલ્યાં ગયાં અને બચ્ચાંના અફસોસથી હંસી પણ સમુદ્રમાં પડીને મરણ પામી. પોતાની પ્રાણપ્યારીનો વિયોગ થવાથી, હંસના મનમ ખેદ થવા લાગ્યો; અને તે પક્ષીના અવતારમાં પણ ઉદાસી થઈ ગયો. પછી પોતાના હંસ શરીરનો ત્યાગ કરવાની તેના મનમાં ઇચ્છા થઈ. આ ઉપરથી તેણે પોતાના મનમાં તે જ વખતે સંકલ્પ કર્યો કે, 'હું આવતા જન્મમાં રાજકુળમાં જન્મું અને મને પૂર્વ જન્મનું સ્મરણ રહે; અને મારી સ્ત્રી તે જન્મમાં પણ મારી સ્ત્રી થાય; તથા તેને પણ પૂર્વજન્મનું ચરિત્ર યાદ રહે.' એ પ્રમાણે સંકલ્પ કરી, તેજ વખતે શંકરનું સ્મરણ કરી, વિરહાનળથી અત્યંત બળી રહેલા એ હંસે, પોતાનું શરીર સાગરના પાણીમાં ઝંપલાવી દીધું. હે વામલોચને ! ત્યાર પછી તે હંસ કૌશાંબીના રાજા વત્સરાજને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો; અને એનું નામ નરવાહનદત્ત છે, અને એને પોતાના પૂર્વ જન્મની વાત યાદ છે. જ્યારે રાજકુમારનો જન્મ થયો હતો ત્યારે આકાશવાણીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, આ કુમાર વિદ્યાધરનો ચક્રવર્તી રાજા થશે.

થોડે કાળે એમના પિતા વત્સરાજે ધીમે ધીમે એમને યુવરાજની પદવી આપી અને કોઈ કારણથી પૃથ્વીપર અવતરેલી દિવ્ય કન્યા મદનમંચુકા સાથે પરણાવ્યો છે. ત્યાર પછી વિદ્યાધરના રાજા હેમપ્રભની કુમારી રત્નપ્રભા પોતે જાતે આવી આ કુમારને સ્વેચ્છાથી વરી છે. આવી રીતે પોતે રાણીઓ પરણેલી છે, છતાં પણ તેને પૂર્વ જન્મની સ્ત્રી હંસી મળી નથી. એક વખતે રાજકુમાર અને હું બન્ને જણા સાથે વનમાં મૃગયા કરવા માટે ગયા, હતા. ત્યાં નસીબ યોગથી અમને કોઈ એક તાપસીનાં દર્શન થયાં. અમારે તે તાપસી સાથે વાતચિત થઇ, તે પ્રસંગે તે તાપસીએ અનુગ્રહ કરીને મારા મિત્રને આ પ્રમાણે કહ્યું: 'પુત્ર ! તું પૂર્વે કામદેવ હતો, પણ કોઇ કર્મના યોગથી હંસ જાતિમાં અવતર્યો હતો; અને કોઈ દિવ્ય કન્યા શાપને લીધે હંસી અવતરી તારી સ્ત્રી થઈ હતી. તમે બન્ને જણાં મહાસાગરના કિનારા ઉપર ચંદનવૃક્ષ ઉપર રહેતાં હતાં. ત્યાં તારી સ્ત્રીને બચ્ચાં અવતર્યાં, પણ આ બચ્ચાંને મહાસાગર પોતાના મોજાથી પાણીમાં ઘસડી ગયો. આવી રીતે બચ્ચાંનું મરણ નિપજવાથી હંસીએ અફસોસ કરી પોતાના શરીરને સમુદ્રમાં ઝોકાવી દીધું અને તું હંસે પણ પોતાનું શરીર સમુદ્રમાં ઝોકાવી દીધું. ત્યાર પછી શંકરની કૃપાથી અહીં તારો ફરીને જન્મ થયો છે.હે પુત્ર! તને પૂર્વ જન્મનું સ્મરણ છે માટે પૂર્વ જન્મની જાતિને જાણે છે,તારી સ્ત્રી હંસી સમુદ્રમાં પોતાનો દેહ ત્યાગ કરવા પછી, તારી જ પેઠે સમુદ્રના સામા કિનારા ઉપર કર્પૂરસંભવ નામના શહેરમાં કર્પૂરિકા નામે હમણાં અવતરી છે. માટે હે પુત્ર! તું ત્યાં જા, તને તારી પ્રિયા અવશ્ય મળશે.' આટલું કહી તે સિદ્ધ તાપસી આકાશમાં ઉડી અદ્રસ્ય થઈ ગઈ.

અમારા રાજાએ, આ પ્રમાણે તાપસીના તપ પ્રભાવથી આ બાબત જાણી, તે જ વખતે તમારા

સ્નેહ ઉપર મોહિત થઈ ગયા અને આ રાજકુમાર પોતાના જીવની દરકાર કર્યા વગર, તમારી પાસે આવવા માટે તૈયાર થઈ મારી સાથે ચાલી નિકળ્યા છે તે હજારો જંગલો વટાવી, સમુદ્રના તટ ઉપર આવેલા હેમપુર નગરમાં આવી પહોંચ્યા. આ શહેરમાં અમને રાજ્યધર નામના એક સુતાર સાથે મુલાકાત થઈ. તેણે વાયુથી આકાશમાં ઉડી શકે એવું એક વિમાન આપ્યું. આ વિમાનમાં બેસી, ભયંકર મૂર્તિમાન્ સાહસના જેવા ભય આપનારા મહાસાગરને ઓલંઘીને અમે બન્ને જણા કર્પૂરસંભવ નગરમાં આવી પહોંચ્યા છીએ. હે સુભગે ! આ કારણ માટે અમારા રાજા ગાંડા બનીને 'અરે પ્રિય હંસિ! અરે પ્રિય હંસિ !' એ શબ્દ વારંવાર લવ્યા કરે છે. પણ તમારી પાસે આવી તમારા મુખચંદ્રનાં દર્શન કર્યાં ત્યારથી તેના અસંખ્ય સંતાપ ટળી ગયા છે. તમે આ મહાઅતિથિને નેત્રરૂપ નીલકમળની માળા પહેરાવો—જરા તેના તરફ નજર કરો."

કર્પૂરિકાએ, ગોમુખનાં ગોઠવી કાઢેલાં વચનો સાંભળી અને તાપસીની સાથે જે સંવાદ થયો હતો તેના ઉપર વિશ્વાસ બેસવાથી, તે જ વખતે સર્વ સત્ય માન્યું, અને પ્રેમપૂરમાં આર્દ્ર બની અફસોસ કરવા લાગીઃ—"રે રે ! મારા ઉપર મારા પ્રાણવલ્લભનો આટલો પ્રેમ છતાં, હું તેના તરફ ફોકટ બેકદર થઈ!" આમ મનમાં સંતાપ કરી રહ્યા પછી તે બોલી—"તમારું કહેવું સત્ય છે. હું જ પૂર્વ જન્મમાં એ હંસી હતી. હું ભાગ્યશાળી છું કે, મારે માટે આર્યપુત્રને બન્ને જન્મમાં ક્લેશ સહન કરવો પડ્યો છે. હવે તો હું આપના પ્રેમે ખરીદ કરેલી આપની દાસી છું." આમ સત્કાર કર્યા પછી, નાવણ વગેરેથી નરવાહનદત્ત રાજાની આગતાસ્વાગતા કરી. કર્પૂરિકાએ આ સર્વ બાબત પોતાના પરિવારને જણાવી નહીં, પણ તે વાત જાણ્યા પછી, તરત પોતાના પિતાની પાસે ગઈ; અને પોતાની સર્વ વાર્તા કહી સંભળાવી. કર્પૂરક રાજા પોતાની પુત્રીની પરણવા વિશેની ઇચ્છા જાણી અને વિદ્યાધરના મહાચક્રવર્તી રાજાના સર્વ ચિહ્નવાળા નરવાહનદત્ત જેવા જમાઈ ઘણે દિવસે પણ મળ્યા તે જોઈ, તે જ વખતે પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યો. પછી તેણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આદરમાન સહિત નરવાહનદત્તને પોતાની પુત્રી પરણાવવાની ધામધૂમ કરી. જ્યારે વરવધૂએ અગ્નિદેવને ફેરા ફરવા માંડ્યા, ત્યારે રાજાએ દરએક પ્રદક્ષિણાએ જમાઇને ત્રણ લાખ સોના મહોર અને ત્રણ લાખ કર્પૂરની પાટો આપી—તે સોનામહોરો અને કર્પૂરની પાટોના ઢગલાઓ, પાર્વતીના વિવાહ જોવા માટે મેરુ અને કૈલાસ પર્વતનાં શિખરો જાણે આવ્યાં ન હોય, તેવા રમણીય શોભતા હતા. અગ્નિદેવને ચાર ફેરા ફરી રહ્યા પછી રાજાએ પુનઃ એક કરોડ વસ્ત્ર અને શણગારેલી ત્રણસો દાસી નરવાહનદત્તને દાયજામાં ( પહેરામણીમાં ) આપી, અને પુત્રી પરણાવી પોતે કૃતકૃત્ય થયો. નરવાહનદત્ત રાજા, કર્પૂરિકા સાથે લગ્ન કરી તે દિવસે તે શહેરમાં મૂર્તિમાન્ પ્રીતિ જેવી કર્પૂરિકાની સાથે રહ્યો. વાસંતિક લતા અને વસંતોત્સવ એ બન્નેનો મેળાપ જેમ સર્વને આનંદ આપે છે, તેમ વહુ અને વરનો સમાગમ કોના મનને રંજન કરે નહીં? આવી રીતે વરવધૂનો સમાગમ જોઈ, આખા શહેરમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

નરવાહનદત્ત પોતાનું કર્ત્તવ્ય કરી બીજે દિવસે પોતાની પ્યારીને કહેવા લાગ્યો; "પ્યારિ!



ચાલ આપણે કૌશાંબી નગરીમાં જઈએ." કર્પૂરિકાએ પ્રત્યુત્તર આપ્યો; "જો આપને જવાની મરજી હોય તો આપનું વાયુના યંત્રવાળું વિમાન છે તેજ વિમાનમાં બેસીને ઝટ શા માટે જઈએ નહીં? અને જો તે વિમાન નાનું હોય તો બીજું તૈયાર કરાવીએ. પ્રાણધર નામનો એક સુતાર પરદેશમાંથી આ નગરમાં રહેવા આવ્યો છે. તે કળવાળાં વિમાનો કરી જાણે છે. તેની પાસે હું બીજું મોટું વિમાન હમણાં કરાવું." આટલું કહી પ્રતિહારને બોલાવ્યો, અને તે દ્વારા સીપાઇને હુકમ કર્યો કે, "તું જા. પ્રાણધર સુતારને જઈ કહે કે અમારી રાજકન્યાને પરદેશ જવા માટે, આકાશમાં ચાલી શકે તેવું મોટું વિમાન જોઇયે છે તે બનાવી આપ." આ રીતે પ્રતિહારને સુતાર પાસે મોકલી, કર્પૂરિકાએ પોતાની જવા માટેની વાર્તા ચેટીદ્વારા પોતાના પિતા કર્પૂરકને જણાવી. રાજા કર્પૂરક તે વાર્તાથી વાકેફ થઈ, જ્યાં તે જાય છે તેટલામાં નરવાહનદત્ત, પોતાના મનમાં વિચાર કરવા લાગ્યોઃ "આ પ્રાણધર અવસ્ય રાજ્યધરનો ભાઈ હોવો જાઇયે. તેના ભાઇએ મારી પાસે, પોતાનો ભાઈ રાજાના ભયથી પરદેશમાં નાશી ગયો છે, તે બાબતનું વર્ણન કર્યું હતું." આમ તે વિચાર કરે છે એવામાં તો રાજા ત્યાં પધાર્યા અને પ્રતિહારની સાથે પ્રાણધર સુતાર પણ દાખલ થયો, અને વિનતિ કરવા લાગ્યો—"મહારાજ! મેં આજ એક વિશાળ વિમાન બનાવ્યું છે; તે એક હજાર માણસને રમત માત્રમાં લઈ જઈ શકે છે." નરવાહનદત્ત રાજા, સુતારનું એ બોલવું સાંભળી 'સાબાશ છે, ધન્ય છે,' આમ કહી તેનાં વખાણ કરવા લાગ્યો અને પછી આદર સહિત તેને પૂછવા લાગ્યોઃ "તમે શું રાજ્યધરના મોટા ભાઈ થાઓ છો? તમારું નામ પ્રાણધર છે? તમે જૂદી જૂદી જાતના ઘણાં મોટાં યંત્રના કામમાં કુશળ છોની?" તે સાંભળી પ્રાણધરે પ્રણામ કરી પ્રત્યુત્તર આપ્યુંઃ "હા, તે પ્રાણધર હું જ. પરંતુ આપ ખુદાવિંદ અમને બેને કયાંથી ઓળખો છો?" તે સાંભળી નરવાહનદત્તે રાજ્યધરની મુલાકાત કરી હતી તે, અને તેણે જેવી રીતે પોતાનું વૃત્તાંત વર્ણવ્યું હતું, તે સર્વ કહી સંભળાવ્યું.

પ્રાણધરે ખુશી થતાં થતાં, નવું મોટું વિમાન ત્યાં આણ્યું. સસરાએ નરવાહનદત્તને જવા માટે રજા આપી એટલે નરવાહનદતે તેની આજ્ઞા લઈ તે વિમાનમાં દાસીઓ, કર્પૂર, કંચન અને ઉત્તમ વસ્ત્ર વગેરે ચઢાવ્યાં. પછી નરવાહનદત્તની સાસુએ મંગળકર્મ,—કળશીઓ, કરવડો, લુંણ ઉતારવું વગેરે લૌકીક કર્મ કર્યું. ત્યાર બાદ નરવાહને પોતાની નવી રાણી કર્પૂરિકાને અંદર બેસારી. રાજાએ સાથે વળા વીઆ તરીકે મોકલેલા સુતાર પ્રાણધર અને મંત્રી, બન્ને જણાને વિમાનમાં બેસાર્યા. છેવટે નરવાહનદતે બ્રાહ્મણોને ઉત્તમ વસ્ત્રોનાં દાન આપ્યાં, અને પોતે તથા ગોમુખ બન્ને જણા વિમાનમાં ચઢી બેઠા. વિમાનમાં ચઢીને નરવાહનદત્તે પ્રાણધર સુતારને કહ્યુંઃ "પ્રથમ સમુદ્રના કિનારા ઉપર વિમાનને લઈ જા અને પછી ઘર તરફ ચલાવજે; કારણ કે ત્યાં રાજ્યધરને મળ્યા પછી ઘેર જવું છે." પ્રાણધરે શઢ ચઢાવી વિમાનને હંકાર્યું એટલે બળપૂર્ણ તે વિમાન આકાશમાં ઉડ્યું. તે ઇચ્છાનુસાર ચાલનાર વિમાન સાથે નરવાહનદત્ત પણ સહકુટુંબ આકાશમાં ઉડયો અને એક ક્ષણમાં સમુદ્રને ઓલંઘી તેના કિનારા ઉપર આવેલા રાજ્યધરના હેમપુર નગરમાં સર્વ આવી પહોંચ્યાં.

રાજ્યધર, નરવાહનદત્તને અને પોતાના ભાઇને આવેલા જોઇ ઘણો પ્રસન્ન થયો. જેની પાસે એક પણ દાસી ન હતી એવા સરળ સ્વભાવના રાજ્યધર સુતારને, નરવાહનદત્તે પોતાની દાસીઓ પ્રેમપૂર્વક અર્પણ કરી; અને પછી તેણે કૌશાંબી જવા માટે રજા માગી. આ વખતે રાજ્યધરની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં હતાં; અને પોતાના ભાઇને તેણે અતિ શ્રમે જવાની રજા આપી. ત્યાર પછી તે જ વિમાનમાં બેસી તે જ વખતે સર્વે મંડળે કૌશાંબી નગરી તરફ ચાલવા માંડ્યું. થોડીવારમાં સર્વ કૌશાંબીમાં આવી પહોંચ્યાં. રાજકુમાર અચાનક આકાશમાંથી ઉતર્યો તથા તેની સાથે ઉત્તમ વિમાન, ચાકર, નફર, નવી સ્ત્રી ને વિમાન હાંકનાર–આ સઘળાને જોઈ, પ્રજાજન આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું. નગર જનોના ઉત્સાહ ઉપરથી તેના પિતા વત્સરાજે, પ્રસિદ્ધ રીતે પુત્ર આવ્યો આમ જાણ્યું અને તે ઘણો રાજી થઈ રાણી, કાર્યભારી અને પુત્રવધૂઓને સાથે લઈ, પુત્રને સામૈયે નિકળ્યો. તુરત પુત્રે, પોતાની નવી વહુ સહિત પિતાના ચરણમાં પ્રણામ કર્યાં. રાજાએ ભવિષ્યમાં વિદ્યાધરનું ચક્રવર્તીપણું સૂચવનારા વિમાનને જોઈ પુત્રને ઘણું માન આપ્યું. ત્યાર પછી માતા વાસવદત્તા અને પદ્માવતી બન્ને જણાં, નરવાહનદત્તને આલિંગન કરી, પુત્રનાં દર્શનથી જાણે અંતઃકરણની ગાંઠ તૂટતી હોય તેમ આંખમાંથી અશ્રુઓ ઝરવા લાગી. નરવાહનદત્તની રાણી મદનમંચુકા અને રત્નપ્રભા–બન્ને જણીએ–પ્રેમને લીધે પરસ્પર ઇર્ષ્યાભાવ છોડી, પૂર્ણપ્રીતિથી પતિના ચરણની સેવા કરી, તેના મનને વશ કર્યું; અને યૌગંધરાયણ વગેરે તેના પિતાના કાર્યભારીઓએ અને પોતાના કાર્યભારી મરુભૂતિ વગેરેએ, નરવાહનદત્તને પ્રણામ કર્યા. પણ રાજકુમારે તેનો યથોચિત સત્કાર કરી તેઓને ખુશી કર્યાં. પછી વત્સરાજ વગેરે સઘળા લોકોએ દાશાર્હના ઉત્તમ કુળમાં જન્મેલા લક્ષ્મીપતિ જેમ, સમુદ્રનું ઉલ્લંઘન કરી તરુણાવસ્થાવાળી હજારો દાસી સહિત લક્ષ્મીને લઈ આવ્યા હતા, તેમ સારી દશા અને લાયકીવાળા કુળમાં જન્મેલો રાજકુમાર નરવાહનદત્ત, સમુદ્રનું ઉલ્લંઘન કરી, અમૃત જેવી સુંદર સ્વરૂપવતી સ્ત્રીને પ્રત્યક્ષ લઈ આવ્યો, તેથી કર્પૂરિકાને આશીર્વાદ આપ્યો. પછી સાથે સુંદર સ્વરૂપવાળી સો સ્ત્રીઓના પરિવારથી વિંટાયલી નવીવહુ કર્પૂરિકાએ, પોતાના ધર્મ પ્રમાણે પોતાના સસરા વત્સરાજ વગેરેના ચરણમાં પ્રણામ કર્યાં. વત્સરાજ વગેરે તેને જોઈ મનમાં ઘણો હર્ષ પામ્યા. પછી કર્પૂરક રાજાના પ્રતિહારે વિમાનમાં સાથે આણેલી કરોડો સોના મહોર, કર્પૂર અને વસ્ત્રો લેઈ આવી રાજાને અર્પણ કર્યાં અને વત્સરાજાએ વહુના પિતા તરફના પ્રતિહારને સારી રીતે માન આપ્યું.

નરવાહનદત્તે પ્રાણધર સુતારને બતાવી, પોતાના માટે તે પિતાને કહ્યું–"આ સુતારે વિમાન બનાવી મારાપર ઉપકાર કર્યો છે;" એટલે વત્સરાજે પ્રાણધર સુતારને પણ માન આપ્યું. છેવટે ગોમુખનો આદર સત્કાર કરી રાજા મનમાં અત્યંત પ્રસન્ન થયો અને તેને પૂછ્યું: "તમે અહીંથી કેવી રીતે ગયા અને તમને આ રાજકુમારીનો કેવી રીતે મેળાપ થયો?" તે સાંભળી ગોમુખે એકાંતમાં સર્વ સમક્ષ, મૃગયાથી માંડીને સર્વ વૃત્તાંત કહેવા માંડ્યું. એમાં વનમાં એક તાપસીની કેવી રીતે મુલાકાત થઈ, તેના કહેવા પ્રમાણે આગળ જવાથી રાજ્યધર સુતારનો



કેમ મેળાપ થયો, ત્યાંથી વિમાન મેળવી સાગરના સામા કિનારા ઉપર કર્પૂરસંભવ નગરમાં કેમ ગયા, ત્યાં કર્પૂરિકા સાથે કેમ મળવું થયું અને લગ્નનો તિરસ્કાર કરનારી કર્પૂરિકાને વિવાહ માટે કેમ સમજાવી અને પરણવામાં કેમ પ્રેમ કરાવ્યો વગેરે વૃત્તાંત ઇત્થંભૂત વત્સરાજને કહી બતાવ્યું. તે સાંભળી સઘળાં સ્ત્રી પુરુષ ઘણાં આશ્ચર્ય પામ્યાં અને પોતાનું મસ્તક ધુણાવી આદર સહિત ગોમુખે બતાવેલી રાજકુમાર માટેની ભક્તિનાં વખાણ કરી આ પ્રમાણે બોલ્યાં;—

"ક્યાં ઘાટા વનમાં શિકાર કરવો, ક્યાં તાપસી તો મળી?
ક્યાં સિંધુતટમાં સુતાર મળવો? તેના વિમાને વળી–
ભારે ઉછળતા સમુદ્ર તરીને, સામે તટે ક્યાં જવું?–
તે પ્હેલાં પણ ત્યાં સુતારવરનું,* ક્યાંથી જવાનું થવું?
માનો આ જગમાં નસીબજ ખરું, જે દૈવ પોતે ખરે–
વીરોના શુભ કાર્ય સાધન વિશે, ચિંતા હમેશાં કરે.

આવી રીતે "દૈવના પ્રતાપથી સર્વ કાર્ય સિદ્ધ થયું છે!" આમ બોલીને, જે રાણીએ માર્ગમાં પોતાની વિદ્યા મોકલી પોતાના પ્રાણપતિનું રક્ષણ કર્યું હતું, અને પાતિવ્રત્યના પ્રભાવથી જેણે લોકોનાં મન રંજન કર્યાં હતાં એવી રત્નપ્રભા રાણીનાં બહુ બહુ વખાણ કરવા લાગ્યાં.

થોડી વારમાં આકાશ માર્ગે આવવાનો શ્રમ દૂર થયો અને શરીરને શાંતિ થઈ ત્યારે નરવાહનદત્તે પોતાના પિતા અને સ્ત્રીએ સાથે રાજભવનમાં પ્રવેશ કીધો. ત્યાં તેના કુટુંબીઓ અને મિત્રો મળવા આવ્યા. તે સર્વને માન આપ્યું અને પોતાની સાથે આણેલા સુવર્ણના ઢગલાઓ પોતાના ભંડારમાં ભરાવી દીધા. સસરા તરફથી આવેલા પ્રાણધર સુતાર અને પ્રતિહાર એ બન્ને જણાને પણ વિદાયગીરીમાં ઘણું દ્રવ્ય આપ્યું. સઘળાં ભોજનશાળામાં જઈ ભોજન કરવા લાગ્યાં. ત્યાં જૂદા જૂદા પ્રકારના મહાપ્રસાદ જમ્યા. બાદ પ્રાણધરે નરવાહનદત્તની પાસે આવી પ્રણામ કરી વિનતિ કીધી:–" મહારાજ! અમને અમારા રાજા કર્પૂરકે એવી આજ્ઞા કરી છે કે, કર્પૂરિકા તેના પતિને ઘેર પહોંચી જાય કે તુરત તમારે પાછા ફરવું; કારણ કે તમારા આવવાથી તે પોતાના પતિને ઘેર પહોંચી ગઈ એમ તુરત જાણવામાં આવશે. માટે મહારાજ! હવે અમે હમણાં જ જવાનો નિશ્ચય કર્યો છે. આપ, રાજા ઉપર કર્પૂરિકાના હાથથી એક કાગળ લખાવી અમને અપાવો; કારણ કે કર્પૂરકરાજા પોતાની પુત્રી ઉપર અંતઃકરણથી પ્રેમ રાખે છે, તેથી અમે મોઢાથી સમાચાર કહીશું તે સમાચારથી તેનું મન પ્રસન્ન થશે નહીં. વળી તે કોઈ દિવસ વિમાનમાં બેઠા નથી માટે તે કદી કર્પૂરિકા પડી ગઈ હશે આમ પણ શંકા કરશે; માટે કર્પૂરિકાના હસ્તાક્ષરનો કાગળ અપાવો, અને તે લેખ અમને આપા, વિમાનમાં બેસી જવા તૈયાર થયેલા મને તથા આ મુખ્ય પ્રતિહારીને જવા માટે આજ્ઞા આપો. મહારાજ! યુવરાજ! હું ત્યાં જઇ મારું આખું કુટુંબ લઇ ફરીથી આ કૌશાંબી નગરીમાં

* પ્રાણધરનું.

આવીશ." આવી રીતે પ્રાણધરે દઢતાથી રાજાને વિનતિ કરી, ત્યારે વત્સરાજના કુમારે તે જ વખતે કર્પૂરિકાને તેના પિતા ઉપર કાગળ લખવાને કહ્યું. કર્પૂરિકાએ પુત્રી ધર્મ પ્રમાણે નીચે મુજબ પત્ર લખ્યો:–"પરમ પૂજ્ય પ્રિય પિતાજી ! હું સદ્દ્ગુણી પતિના ઘરમાં ગઈ છું, માટે આપે મારા વિશે યત્કિંચિત્ પણ ચિંતા કરવી નહીં. લક્ષ્મીદેવી વિષ્ણુ પતિને વર્યાં પછી શું તેના પિતા સાગરરાજે તેને માટે ચિંતા કરી છે ખરી?" આ પ્રમાણે કાગળ લખી, કર્પૂરિકાએ પોતાના પિતા તરફના માણસોને તે સ્વાધીન કીધો. ત્યાર પછી વત્સરાજે વહેવાઇનાં માણસોને ધન વગેરે આપી, ઉત્તમપ્રતિનો સત્કાર કરી, પ્રતિહારી અને પ્રાણધર બન્ને જણાને રજા આપી. તે બન્ને જણા વિમાનમાં બેસી આકાશમાં ઉડ્યા. તે જોઈ નગરનાં સઘળાં માણસો આશ્ચર્ય પામ્યાં. તે બન્ને જણા આકાશમાર્ગે સમુદ્રને તરી કર્પૂરસંભવ નગરમાં ગયા; અને રાજાને કર્પૂરિકાનો લખેલો કાગળ આપીને બોલ્યા: "મહારાજ! અમે કર્પૂરિકાને તેના પ્રાણપતિને ઘેર સુખરૂપ પહોંચાડી છે." તે સાંભળી રાજા કર્પૂરક મનમાં અત્યંત મગ્ન થયો. પ્રાણધર તે દિવસે તે નગરમાં રહ્યો, પણ બીજો દિવસ થયો, એટલે તે રાજાની રજા માગી પોતાના કુટુંબને સાથે લઈ વિમાનમાં બેસી આકાશમાર્ગે કૌશાંબી નગર તરફ ચાલ્યો. રસ્તામાં પોતાના ભાઈ રાજ્યધરને ઘેર ઉતરી, તેને માન આપી, નરવાહનદત્તના નગરમાં ગયો. નરવાહનદત્તે, પ્રાણધરને આવ્યો જાણી, વળી તેણે પોતાપર ઉપકાર કર્યો હતો માટે અને વળી તે પોતાને અતિ ઉપયોગી છે, વળી શિલ્પકળામાં પ્રવિણ છે એમ વિચારી, તેને રહેવા માટે પોતાના રાજભવનની પાસે એક ઘર આપ્યું અને સારી આજીવિકા બાંધી આપી. પછી પ્રાણધરે નરવાહનદત્ત માટે વિમાનો બનાવ્યાં, એટલે નરવાહનદત્ત પોતાના રણવાસની રાણીઓની સાથે તે વિમાનમાં બેસી, જાણે ભવિષ્યમાં વિદ્યાધરના રાજાનું ચક્રવર્તીપણું મળનાર હોવાથી આકાશમાં આવજાવ કરવાનો અભ્યાસ કરતો હોયની શું, તેમ આકાશમાં વિહાર કરવા લાગ્યો.

આ પ્રમાણે વત્સરાજનો યુવરાજ, કુમાર નરવાહનદત્ત મદનમંજુકા, રત્નપ્રભા અને કર્પૂરિકા આ ત્રણ નવયૌવના રાજકુમારી સાથે લગ્ન કરી, પોતાના અંતરંગ માણસોને ખુશી કરી આનંદમાં કાળ ગાળવા લાગ્યો.

---

શ્રી

## મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટવિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર.)

## अष्टमो लंबक–सूर्यप्रभ.

### તરંગ ૧ લો.

કાનના ફફડાવવાથી ઉત્પન્ન થયેલા પવનવડે ઉંચા ઉડેલા સિંદૂરથી, ગગન મંડળને લાલચોળ કરીને, સમય વગર પણ જાણે સંધ્યાકાળ કરતા હોય એવા જણાતા હાથીના મસ્તકવાળા* દેવનો વિજય થાઓ.

### વત્સરાજ અને નરવાહનદત્તની કથા (ચાલુ)

વત્સરાજનો પાટવી કુમાર નરવાહનદત્ત એ પ્રમાણે જૂદી જૂદી સ્ત્રીઓ સાથે લગ્ન કરી, કૌશાંબી નગરીમાં પિતાના રાજભવનમાં મોજમઝાથી રહેતો હતો. એક સમયે તે પોતાના પિતાના સભામંડપમાં બેઠો હતો, એવામાં કોઈએક દિવ્ય પુરુષ આકાશમાંથી નીચે ઉતરી, સભામડપમાં આવી, રાજકુમારને પ્રણામ કરી સભામાં બેઠો. નરવાહનદત્તે તથા તેમના પિતાએ તે પુરુષનો સત્કાર કર્યો. રુડીરીતે ક્ષણવાર પછી નરવાહનદત્તે પૂછ્યું: "તમે કોણ છો? અને અહીં શા માટે પધાર્યા છો?" એટલે તે દિવ્ય પુરુષ બોલ્યો:

### વજ્રપ્રભે કહેલું સ્વાત્મવૃત્તાંત

હિમાચળ પર્વત ઉપર નામ પ્રમાણે જ ગુણ ધરાવનારું વજ્રકૂટ† નામનું એક નગર છે–તે નગર સર્વત્ર હિરાજડિત છે. તે નગરમાં હું સર્વ વિદ્યાધરનો રાજા હતો. મારું શરીર હીરા–વજ્રનું બનેલું

---

* હાથીના મસ્તકવાળા—તે ગણપતિ.

† વજ્રકૂટ એટલે હિરાના શિખરવાળું. વજ્ર=હિરા, કૂટ=શિખર.

છે માટે મારું નામ **વજ્રપ્રભ** છે; નામ પ્રમાણે મારામાં ગુણ પણ છે. મેં **શંકરનું** તપ કરવા માંડ્યું ત્યારે **શંકરે** મારા ઉપર પ્રસન્ન થઈ મને કહ્યું કેઃ–"જો તું, મેં ભવિષ્યમાં જેને ચક્રવર્તી ઠરાવ્યો છે તેને સમય પ્રમાણે અનુસરશે તો, મારી કૃપાથી શત્રુઓ તારો પરજય કરી શકશે નહીં." આવી રીતનું **શંકરનું** ભાષણ સાંભળી, હું આપના ચરણમાં પ્રણામ કરવા માટે આવ્યો છું. વિદ્યાના પ્રતાપથી મારા જાણવામાં આવ્યું છે કે, **વત્સરાજનો** પુત્ર **નરવાહનદત્ત**, જે **કામદેવના** અંશમાંથી જન્મ્યો છે તેને, **શંકરે** વિદ્યાધરનો ચક્રવર્તી બનાવ્યો છે. એ **નરવાહનદત્ત** મનુષ્ય છે, છતાં પણ દેવતાના એક કલ્પપર્યંત બન્ને વેદીનો ચક્રવર્તી થશે. અગરજો, **શિવ** કૃપાથી, **સૂર્યપ્રભ** નામનો રાજકુમાર દેવતાના એક કલ્પપર્યંત અમારો અધિપતિ હતો, તોપણ તે અદ્યાપિપર્યંત માત્ર દક્ષિણ વિભાગનો જ સ્વામી હતો; પણ ઉત્તર વેદીમાંનો ચક્રવર્તી તો **શ્રુતશર્મા** હતો. પણ મહારાજ! આપ તો મહા પુણ્યશાળી છો; કારણ કે બન્ને* વેદીમાં એક કલ્પપર્યંત આપ વિદ્યાધરના ચક્રવર્તી રાજા થશો."

આવી રીતે તે વિદ્યાધરે સર્વ વાર્તા કહી. તે સાંભળી, **વત્સરાજ** તથા **નરવાહનદત્તને** ઘણું આશ્ચર્ય ઉત્પન્ન હતું. તેઓએ તેને ફરીથી પૂછ્યું: "વિદ્યાધર પદ પ્રાપ્ત થયા પૂર્વે **સૂર્યપ્રભ** મનુષ્ય હતો, પણ તેણે કેવી રીતે વિદ્યાધરનો વૈભવ મેળવ્યો, તે અમને કહી સંભળાવો. "તેમની આ માંગણી પ્રમાણે **વજ્રપ્રભ**, રાજા, રાણી અને કાર્યભારીઓની સમક્ષ એકાંતમાં **સૂર્યપ્રભ** સંબંધી કથા કહેવા લાગ્યો.

## સૂર્યપ્રભનું વૃત્તાંત.

પ્રાચીનકાળમાં **મદ્રદેશમાં શાકલ** નામનું એક નગર હતું. એ નગરમાં **અંગારપ્રભનો** પુત્ર **ચંદ્રપ્રભ** રાજા રાજ્ય ચલાવતો હતો. તે, જગતને રંજન કરી, પોતાના નામ પ્રમાણે ગુણ ધરાવતો હતો, છતાં પણ શત્રુઓને અગ્નિના તેજની માફક સંતાપ કરાવતો હતો. તે રાજાની **કીર્તિમતી** નામની રાણીથી **સૂર્યપ્રભ** નામનો પુત્ર અવતર્યો. એનામાં જન્મની સાથે જ એવાં શુભ લક્ષણો દેખાતાં હતાં કે જે રાજાનો અભ્યુદય સૂચવતાં હતાં. જ્યારે તે જન્મ્યો ત્યારે આકાશવાણીએ સ્પષ્ટ રીતે જણાવ્યું કે, "આ **સૂર્યપ્રભને શંકરે** ભવિષ્યમાં વિદ્યાધરનો ચક્રવર્તી રાજા નિર્માણ કીધો છે." એવી સ્ફુટ આકાશવાણીએ **ચંદ્રપ્રભના** કાનમાં અમૃતનો વર્ષાદ વરસાવ્યો, અને પુત્રપર **શંકરની** કૃપા જાણી ઘણો રાજી થયો. દહાડે દહાડે **સૂર્યપ્રભ** પોતાના પિતાના ઘરમાં મોટો થવા લાગ્યો અને **શિવની** સંપૂર્ણ કૃપાથી અતિ ઘણી વિખ્યાતિ પામ્યો. રાજકુમારની બુદ્ધિ તીવ્ર અને નિર્મળ હતી, માટે તે બાલ્યાવસ્થામાં જ ગુરુની સેવા કરી, ચૌદ વિદ્યા અને ચોસઠ કળામાં પ્રવીણ થઈ ગયો હતો. આ કુમારે પોતાના સદ્ગુણોથી પ્રજાનું મન રંજન કર્યું હતું. જ્યારે તે પૂરાં સોળ વર્ષનો થયો, ત્યારે **ચંદ્રપ્રભ** રાજાએ કુમારને યુવરાજની પદવી ઉપર નીમ્યો એટલે તે પોતાના કાર્યભારીઓના, **ભાસ, પ્રભાસ, સિદ્ધાર્થ, બૃહસ્ત** વિગેરે ઘણા મંત્રી પુત્રોની સાથે રહી, રાજ્યનું ધોરણ ચલાવાવનું શીખતો હતો.

* બે વેદી એટલે ઉત્તરમાં ધ્રુવનાં દેવતાઈ સ્થાનો ને દક્ષિણ ધ્રુવનાં દેવતાઈ સ્થાનો. દક્ષિણ ધ્રુવનાં દેવતાઈ સ્થાનોને આર્યધર્મ શાસ્ત્રમાં પિતૃયાન માર્ગ કહ્યો છે ને ઉત્તરના ધ્રુવના સ્થાનને દેવયાન માર્ગ કહ્યો છે.



એક સમય ઉપર **ચંદ્રપ્રભરાજાની** રાજસભામાં **સૂર્યપ્રભ** બેઠો હતો, તે વખતે ત્યાં **મયદાનવ** આવ્યો અને **ચંદ્રપ્રભની** પાસે જઈ બેઠો. રાજા **ચંદ્રપ્રભે** તેની આગતાસ્વાગતા કરી, સત્કાર કર્યા પછી, **મયદાનવ** બોલ્યોઃ–" હે રાજન્! તારા **સૂર્યપ્રભ** પુત્રને **શંકરે** ભવિષ્યમાંવિદ્યાધરનો ચક્રવર્તી રાજા ઠરાવેલો છે, તો શા માટે તું એને વિદ્યાધરની માયીક વિદ્યા શિખવી તે પદને યોગ્ય થવા દેતો **નથી ?** તેને વિદ્યાધરના રાજાનું પદ મળવા સારુ, વિદ્યા ભણાવવા **શંકરે** મને અહીં મોકલ્યો છે, માટે મને આજ્ઞા આપો એટલે હવણાં હું તેને અહીંથી લઈ જઈ વિદ્યાધરના રાજાનું પદ મેળવી શકે એવી વિદ્યાની સાધનાઓની ઉંચી ક્રિયાઓ શીખવું–જેથી વિદ્યાધરનું રાજ્ય સંપાદન કરવામાં તે વિદ્યા ઉપયોગી થઈ પડે. વિદ્યાધરનું પદ મેળવવામાં એનો પ્રતિસ્પર્ધી **શ્રુતશર્મા** નામનો આકાશમાં ગમન કરનાર એક વિદ્યાધર છે. તેને ઇંદ્રે વિદ્યાધરનો ચક્રવર્તી ઠરાવ્યો છે. પણ આ કુમાર વિદ્યાની સિદ્ધિ મેળવી પોતાના પ્રતાપથી અને અમારી સહાયથી, **શ્રુતશર્માનો** પરાજય કરી, વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય મેળવશે." આવી રીતે **મયદાનવે** કહ્યું, એટલે **ચંદ્રપ્રભ** બોલ્યો–"અમે નસીબવાન્ છીએ અને આ કુમાર પુણ્યશાળી છે કે, તમે અમને આમ કહો છો. બેલાશક તેને લઈ જાઓ અને તમારી ઇચ્છા પ્રમાણે તેને ભણાવો." તે સાંભળી **મયદાનવ**, જેવી રાજાએ આજ્ઞા આપી કે **સૂર્યપ્રભ** અને તેના કાર્યભારીને પાતાળમાં લઈ ગયો. ત્યાં **મયે** રાજકુમારને એવાં તપો બતાવ્યાં કે, તે તપના પ્રભાવથી રાજકુમાર અને તેના કાર્યભારીઓએ સઘળી વિદ્યાઓ ઘણી જલદી સાધી ને સિદ્ધ કરી લીધી. વળી **મયે** તેને વિમાન બનાવવાની અને ચલાવવાની કળા પણ યથાર્થ રીતે સમજાવી. તે કળા ઉપરથી રાજકુમારે **ભૂતાસન** નામનું વિમાન પ્રાપ્ત કીધું. રાજકુમાર મંત્રમાં અને વિદ્યામાં કુશળ થઈ ગયો–ત્યાર પછી **સૂર્યપ્રભ, ભૂતાસન** નામના વિમાનમાં મંત્રી સહિત બેઠો અને **મયદાનવ** પાતાળમાંથી બહાર નિકળી, તેને તેના શહેરમાં લઈ આવ્યો, અને તેને તેનાં માતાપિતાને સોંપ્યો. પછી **સૂર્યપ્રભને** કહ્યું: "હવે હું જાઉં છું. તું આ નગરમાં રહી વિદ્યાધરની સિદ્ધિથી વૈભવો મેળવીને તેનો ઉપભોગ, હું પાછો આવું ત્યાં સુધી કરજે." પછી **ચન્દ્રપ્રભે મયનો** સત્કાર કર્યો. ત્યાર પછી **મયાસુર** પોતાના દેશમાં ગયો અને **ચન્દ્રપ્રભ** પોતાના પુત્રની વિદ્યા સિદ્ધિ જોઈ ઘણો પ્રસન્ન થયો.

## સૂર્યપ્રભે કરેલું કન્યાઓનું હરણ.

**સૂર્યપ્રભ** વિદ્યાની સિદ્ધિ મેળવ્યા પછી કાર્યભારીઓની સાથે વિમાનમાં બેસી, હંમેશાં વિદ્યાના પ્રતાપથી સહજમાં જૂદા જૂદા દેશમાં ફરવા લાગ્યો. **સૂર્યપ્રભ** જે જે દેશમાં જતો તે તે દેશમાંની જે જે રાજકન્યાઓએ તેને જોયો તે તે કન્યા કામથી મોહિત થઈ, સ્વેચ્છાથી તેને પરણી હતી. પોતાની મેળે વરેલી સ્ત્રીઓમાં પહેલી **મદનસેના** હતી, બીજી **તામ્રલીપ્તીના** રાજા **વીરભદ્રની** પુત્રી હતી. જગતની સુંદરીઓની કાંતિમાં તે સર્વોપરી હતી. બીજી પશ્ચિમ દિશાના રાજા **સુભટની** પુત્રી **ચન્દ્રિકાવતી** હતી. ત્રીજીનું નામ **વરુણસેના** હતું. આ અતિ સ્વરૂપસૌંદર્યવાન્ લાવણ્યની સાક્ષાત્ પ્રતિમા જ હતી. તે **કાંચી** નગરીના રાજા **કુંભીરની** પુત્રી હતી. ચોથીનું નામ **સુલોચના** હતું. એ સ્ત્રીનાં નેત્ર લાવણ્યથી ભરપૂર હતાં. તે કન્યા **લવણક** દેશના રાજા **પૌરવની** પુત્રી હતી.

પાંચમીનું નામ વિદ્યુન્માલા હતું. તેનું સર્વાંગ, મનોહર સુવર્ણની માફક ઘણું જ પ્રકાશમાન દીપતું રહેતું. તેના પિતાનું નામ સુરોહ હતું અને તે ચીનદેશનો રાજા હતો. છઠ્ઠીનું નામ કાંતિમતી હતું. તેણે સ્વકાંતિથી અપ્સરાનો પણ પરાજય કર્યો હતો. આ કન્યા શ્રીકંઠ દેશના રાજા કાંકિસેનની પુત્રી થતી હતી. સાતમીનું નામ પરપુષ્ટા હતું. એનું ભાષણ મધુર હતું ને કોકીલાના સ્વર જેવો તેનો સ્વર માધુર્યથી ભરેલો હતો. એ કૌશાંબીના રાજા જન્મેજયની પુત્રી હતી. આ સર્વ કન્યાને તેનાં માતા પિતાઓને જણાવ્યા વગર રાજકુમાર સૂર્યપ્રભ હરણ કરી લાવ્યો હતો. તે વાર્તા કન્યાનાં કુટુંબીઓના જાણવામાં આવતાં તેઓ કોપ્યા, છતાં પણ, વિદ્યાના બળથી ઉદ્ધત બનેલા રાજકુમાર આગળ તે સર્વે નેતરની માફક નમ્ર બની ગયા હતા. કારણ કે તેની પાસે તેઓનું કંઇ ફાવે તેમ ન હતું. સૂર્યપ્રભ વિદ્યાના પ્રતાપથી જૂદાં જૂદાં શરીર ધારણ કરી, ઉપર જણાવેલી સર્વ વિદ્યામાં કુશળ થયેલી કન્યાઓની સાથે, સર્વ સાથે એકી વખતે રંગભોગ રમતો હતો. તે પોતાની રાણીઓ અને મંત્રી પ્રહસ્ત વગેરેની સાથે, કોઈ વખતે આકાશમાં ફરવા જતો, તો કોઈ વખતે ગાનતાનની મોઝમઝા ભોગવતો, તો કોઈ વખતે મદિરાપાન કરતો, તો કોઈ વખતે સભા વગેરે ભરતો. આમ અનેક રમતો રમતો હતો. રાજકુમાર દેવતાનાં ચિત્ર કાઢવાની કળામાં પ્રવિણ હતો, તેથી વિદ્યાધરની સ્ત્રીઓનાં ચિત્રો કાઢી, મશ્કરી કરી અને વક્રોક્તિ સંભળાવીને પોતાની રાણીઓને ગુસ્સે કરતો; અને પછી તેનાં ભ્રુકૂટીની મરોડવાળાં અને લાલસુરેખ બનેલાં મુખપર ચૂમી લઈ તથા ઓષ્ઠ ધ્રુજવાથી જેમાંથી અક્ષરો પડતા હતા એવાં અર્ધવચનો સાંભળી ખુશી થતો હતો.

આકાશગામી આ રાજકુમારે એક વખતે તામ્રલીપ્તી નગરીના બગીચામાં જઈ મદનસેનાની સાથે વિહાર કર્યો અને તે જ બગીચામાં પોતાની સઘળી રાણીઓને મૂકી, પોતે પ્રહસ્ત મંત્રીને સાથે લઇ, ભૂતાસન વિમાનમાં બેસી, વજ્રસાર નગરમાં ગયો. ત્યાંથી રંભ રાજાના દેખતાં, તેની પુત્રી તારાવલી, જે તેના ઉપર આશક થવાથી કામાગ્નિથી ઘણી જ પીડા પામતી હતી, તેનું હરણ કરી, પાછો તામ્રલીપ્તી નગરીમાં આવ્યો. વળી તામ્રલીપ્તીમાંથી વિલાસિની નામની બીજી રાજકન્યાનું હરણ કર્યું. આ કન્યાનું હરણ થયું, એમ જાણવાથી તેનો ભાઈ સહસ્રાયુધ, પ્રચંડ ઉગ્ર કોપ કરી ત્યાં આવ્યો, એટલે સૂર્યપ્રભે, ઉદ્ધત થયેલા સહસ્રાયુધને પોતાની વિદ્યાથી જડભરત જેવો કરી મૂક્યો, અને તેની સાથે તેનો મામો તથા તેનાં માણસો આવ્યાં હતાં તે સઘળાંને પણ વિદ્યાના બળથી સ્થિર કરી મૂક્યાં. આ બન્ને જણાઓ સ્વાધીન થયેલી તે કન્યાને પાછી લઈ જવાની ઇચ્છા રાખતા હતા. તે ઉપરથી સૂર્યપ્રભને ઘણો ગુસ્સો ચઢયો; તોપણ તેને વહુના સબંધી ગણી કોઈને માર્યા નહીં, પણ તેને બોડકા બનાવી, તેનો ગર્વ ઉતારી નાંખ્યો. આમ થવાથી તે બંને શરમીંદા થઈ ગયા એટલે રાજાએ તે બન્નેની મશ્કરી કરી છોડી મૂક્યા. પછી સૂર્યપ્રભ પોતાના પિતાના બોલાવવા ઉપરથી નવ નારીઓને સાથે લઇ વિમાનમાં બેસીને શાકલ શહેરમાં આવ્યો.

### નવ નારી સાથે સૂર્યપ્રભનાં થયેલાં લગ્ન.

સૂર્યપ્રભના જવા પછી તામ્રલીપ્તી નગરના રાજા વીરભટે, તામ્રલીપ્તી નગરથી એક દૂતને સૂર્યપ્રભના પિતા ચન્દ્રપ્રભ પાસે મોકલ્યો, અને એવો સંદેશો મોકલ્યો કે; "તમારા કુમારે મારી બન્ને પુત્રીનું હરણ કર્યું છે. તેણે હરણ કર્યું તો અમે તેને જમાઈ તરીકે માન્ય કરીએ છીએ; કારણ તે કુમાર વિદ્યામાં કુશળ છે માટે અમે માનીએ છીએ કે તે અમારી પુત્રીઓનો ઘણો જ પ્રશંસાપાત્ર સ્વામી છે. હવે જો તમારો અમારા ઉપર પ્રેમ હોય તો તમે હવણાં અમારે ત્યાં પધારો, એટલે અમે વિવાહ કાર્યથી તમારો સત્કાર કરી, તમારી સાથે મિત્રતા બાંધીએ." ચન્દ્રપ્રભ રાજાએ દૂતનું વચન સાંભળી, તે દૂતનો સત્કાર કર્યો, અને તેજ વખતે નિશ્ચય કર્યો કે આપણે કાલે ત્યાં જવું. આમ નિશ્ચય કર્યા પછી વીરભટની વાર્તા ખોટી છે કે ખરી છે તેની તપાસ કરવા માટે, બીજા દૂતને મોકલે તો જવું આવવું ઘણુ દૂર્ઘટ થઇ પડે એવા વિચારથી, તેની તપાસ કરવા માટે પ્રહસ્ત પ્રધાનને મોકલ્યો. પ્રહસ્ત ત્યાંથી ભૂતાસનમાં બેસી તાત્કાળ વીરભટ રાજાની પાસે આવ્યો, અને ત્યાં જઈ તેને વિવાહ માટે સમાચાર પૂછ્યા. રાજાએ પ્રહસ્તનો આદરસત્કાર કરી સારી રીતે માન આપ્યું; અને તે આટલી ત્વરાથી શાકલ નગરથી આવ્યો તે જોઈ તે ઘણો જ આશ્ચર્ય પામ્યો. પછી પ્રહસ્તે તેને કહ્યું; "અમારા રાજા કાલે સવારે જાન લઈ તમારે ત્યાં આવશે." એ સાંભળી વીરભટ ઘણો જ હર્ષ પામ્યો. પોતાના સમાચાર જણાવ્યા પછી પ્રહસ્ત આકાશમાર્ગે ચાલી એક મુહૂર્તમાં ચન્દ્રપ્રભની પાસે આવ્યો, અને બોલ્યો: "મહારાજ! વીરભટે વિવાહની સર્વ સામગ્રી તૈયાર કરી છે અને આપના સન્માનાર્થે પોતે તૈયાર થઈ રહ્યો છે." તે સાંભળી, ચન્દ્રપ્રભે પુત્રના મંત્રી પ્રહસ્ત ઉપર ઘણો પ્રસન્ન થઈ તેનો સત્કાર કર્યો, અને તે દિવસ પૂર્ણ આનંદમાં ગાળ્યો.

બીજે દિવસે પ્રભાતમાં ચન્દ્રપ્રભ, કીર્તિમતી રાણી તથા સૂર્યપ્રભ અને વિલાસિની તથા મદનસેના રાણી, પોતપોતાના કાર્યભારીઓ, માણસો અને સરસામાન લઈ, ભૂતાસન વિમાનમાં બેઠાં, અને તે સર્વે તામ્રલીપ્તી નગરી પાસે આવી પહોંચ્યાં. તે નગરીની પાસે આવ્યાં એટલે નગરજનો આશ્ચર્યથી આકાશતરફ નજર માંડી જોવા લાગ્યાં. ને પિતા તથા પુત્ર આકાશમાંથી જમીન ઉપર ઉતર્યા. રાજાએ સામૈયે જઈ તેનો સત્કાર કર્યો. પછી ચન્દ્રપ્રભ અને તેના માણસોએ, વીરભટ રાજાની સાથે તામ્રલીપ્તી નગરીમાં પ્રવેશ કીધો. શહેરના સુંદર રસ્તાઓ ઉપર, ચંદનનાં પાણીનો છંટકાવ કરી દીધો હતો. તે રસ્તા ઉપર સ્થળે સ્થળે જાનને જોવા માટે નગરીની સુંદરીઓ ઉભી હતી. તેમનાં કટાક્ષવડે જાણે શ્યામ રંગનાં કમળો વેર્યાં હોય તેવો રસ્તો દીપતો હતો.

પછી વીરભટે વેહેવાઇનો અને જમાઇનો આદર સત્કાર કરી, એક સુંદર ઘરમાં જાનીવાસો આપ્યો. અને તે પછી રાજપુત્ર સાથે વિધિ પ્રમાણે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. પુત્રીનાં લગ્ન કરી તે લગ્નવેદીમાં જ વીરભટે એક હજાર ભાર શુદ્ધ સોનું, રત્નનાં ઘરેણાંથી ભરેલાં સો ઊંટ, જૂદી જૂદી જાતનાં વસ્ત્રોથી લાદેલા પાંચસો ઊંટ, સાત* હજાર સુંદર અશ્વ, પાંચ હજાર હાથી અને વસ્ત્રાલંકારથી શણુગારેલી ઘણી લાવણ્યવતી એક હજાર વારાંગનાઓ. એ સર્વ પોતાની પુત્રીને દાયજામાં આપ્યું; અને વળી જમાઇરાજ સૂર્યપ્રભને તથા તેના પિતાને ઉમદા રત્ન અને દેશ આપી તેનો રુડો સત્કાર કર્યો. ત્યાર પછી જમાઈના કાર્યભારી પ્રહસ્ત વગેરેનો યથોચિત સત્કાર કર્યો. નગરીનાં તમામ મનુષ્યો રાજાને ત્યાં લગ્ન મહોત્સવ જોઈ ઘણાં પ્રસન્ન થયાં. સૂર્યપ્રભ, વિવાહમંડપમાં પોતાના પિતા

---

* અંગ્રેજીમાં પચાસ હજાર અશ્વ છે.

તથા સ્ત્રી સહિત જૂદી જૂદી જાતનાં ભોજન કરી, સુગંધી સરબતોનું પાન કરી, રંગરાગ ને ગાનતાનમાં મગ્ન થતો થોડોક વખત ત્યાં જ રહ્યો.

તે આ પ્રમાણે વૈભવ ભોગતો હતો, એવામાં વજ્રરાત્રનગરના રાજા રંભનો દૂત રાજસભામાં આવ્યો અને પોતાના રાજાનો સંદેશો કહેવા લાગ્યોઃ—“ વિદ્યાના બળથી ગર્વિષ્ઠ થયેલા સૂર્યપ્રભ નામના યુવરાજે અમારી પુત્રીનું હરણ કરી અમારો પરાજય કર્યો છે. પણ આજે એવી વાત અમારા જાણવામાં આવી છે કે; સમદુઃખી વીરભટે તેની સાથે સંધિ કીધી છે. એ જ પ્રમાણે તમો પણ અમારી સાથે સંધિ કરવા રાજી હો તો, અમારે ત્યાં સત્વર પધારો. જો તમે અમારે ઘેર પધારશો નહીં તો અમે મૃત્યુ પામીને તેનો બદલો લઈશું.” આવા સમાચાર સાંભળી, વીરભટથી સત્કાર પામેલા ચંદ્રપ્રભે રંભરાજના દૂતનો સત્કાર કર્યો, અને ફરી પ્રહસ્તને કહ્યું કેઃ “ તું રંભ રાજાની પાસે જઈ આ પ્રમાણે કહેઃ ‘રાજાજી ! તમે વૃથા શા માટે દુઃખી થાઓ છે ? તમારે જરા પણ અફસોસ કરવો નહીં; કારણ કે શંકરે અમારા રાજકુમાર સૂર્યપ્રભને ભવિષ્યમાં વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા નિર્માણ કીધો છે, અને તમારી પુત્રી વગેરે ભવિષ્યના વિદ્યાધરના ચક્રવર્તી રાજા સૂર્યપ્રભની સ્ત્રીઓ છે, આમ અમને સિદ્ધે જણાવ્યું છે, તો તમારી પુત્રી પોતાના યોગ્ય પતિને વરી છે, ત્યારે હવે તેને માટે કશો સંતાપ કરવાનો નથી. તમારે શાંતિ ધરવી. તમે અમારા મિત્ર છો અને અમે તમારે ઘેર પણ આવીશું,’ આવી રીતે રાજાએ સંદેશો કહ્યો, તે લઈ પ્રહસ્ત આકાશ માર્ગે એક પ્રહરમાં વજ્રરાત્ર નગરમાં ગયો; અને ચંદ્રપ્રભે કહેલો સંદેશો રંભને જણાવ્યો. રંભે તેના સંદેશાને સ્વીકારી લીધો, એટલે પ્રહસ્ત તુરતાતુરત પાછો ફર્યો અને તેણે તે સમાચાર ચંદ્રપ્રભને કહ્યા. રાજા ચંદ્રપ્રભે પ્રભાસ નામના કાર્યભારીને શાકલ શહેરમાં મોકલી, તેની સાથે રંભની પુત્રી તારાવલીને, રંભની પાસે મોકલાવી દીધી. ત્યાર પછી પોતે, પોતાનો કુમાર સૂર્યપ્રભ, રાજા વીરભટ અને બીજાં માણસો સહિત, ભૂતાસન વિમાનમાં બેસી, વજ્રરાત્ર નગરમાં ગયા. થોડીવારમાં તે શહેરમાં આવી પહોંચ્યા. આકાશમાં રાજાના વિમાનને આવતું જોવા માટે ઉંચા મુખ કરીને ઉભેલાં માણસોથી આખું શહેર ખીચોખીચ ભરાઈ ગયું હતું. રાજા રંભ, નવા સંબંધીને લેવા માટે સામૈયે આવ્યો અને તેની સાથે સઘળા વાજતે ગાજતે રાજધાનીમાં દાખલ થયા. પછી રંભ રાજાએ પોતાની પુત્રીનાં રાજકુમારની સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં; અને પુત્રીને દાયજા નિમિત્તે અસંખ્ય હાથી, ઘોડા, સોનું, રૂપું, રત્ન વગેરે અર્પણ કર્યું; અને સૂર્યપ્રભ જમાઈની એવી તો સેવા કરી કે, તે પોતાના બીજા સર્વ વૈભવને વિસરી ગયો.

તારાવલીની સાથે લગ્ન કરી ચન્દ્રપ્રભ વિગેરે લગ્ન મહોત્સવના આનંદને લીધે આનંદસાગરમાં ઝોકીયાં ખાતા હતા, એવામાં કાંચી નગરીથી એક દૂત રંભની પાસે આવ્યો; અને તેણે સર્વ વાર્તા રંભને જણાવી. રાજા રંભ તેનો સંદેશો શ્રવણ કરી, ચન્દ્રપ્રભ રાજાની પાસે જઈ બોલ્યોઃ “રાજરાજેશ્વર ! મારો મોટો ભાઈ કાંચી નગરીનો રાજા કુંભીર છે. તેણે પોતાનો વિશ્વાસપાત્ર દૂત મારી પાસે મોકલી મને કહેવરાવ્યું છે કેઃ સૂયપ્રભ, પ્રથમ મારી પુત્રીનું હરણ



કરી ગયો છે, અને ત્યાર બાદ તમારી પુત્રીનું હરણ કરી ગયો છે. આજ મારા સાંભળવામાં એમ આવ્યું છે કે, તમે તેઓની સાથે મિત્રતા કરી છે. એમ છે તો તમારે તેવી જ રીતે મને પણ તેની સાથે મિત્રતા કરાવી આપવી. તેઓ મારે ઘેર પધારે એટલે હું પણ સ્વહસ્તે વરુણસેનિકા પુત્રી તેને પરણાવી આનંદ પામું. આવી રીતે મારાવતી તમે તેની આગળ માંગણી કરજો.” રાજા ચન્દ્રપ્રભે, રંભનાં વચન ઉપર વિશ્વાસ રાખી, પ્રહસ્તને તુરત શાકલ શહેરમાં મોકલી તેની સાથે વરુણસેનિકાને તેડાવી તેના પિતા કુંભીર પાસે મોકલાવી દીધી. બીજે દિવસે પ્રભાતમાં સૂર્યપ્રભ, રંભ, વીરભટ, એ સર્વ પોતપોતાનાં માણસો સહિત વિમાનમાં બેસી કાંચી નગરીમાં ગયાં. તે નગરીનો રાજા કુંભીર, ચન્દ્રપ્રભની સામો આવ્યો, અને સૂર્યપ્રભ વિગેરે સઘળા જૂદી જૂદી જાતનાં રત્નથી જડેલી, ઉત્તમ ગુણથી * ગુંથેલી, પૃથ્વીની કટિમેખલા જેવી શોભતી, કાંચી નગરીમાં પેઠા. પછી કુંભીરે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સૂર્યપ્રભ સાથે પોતાની પુત્રી પરણાવી, વરવહુને ઘણું દ્રવ્ય આપ્યું.

વર કન્યા પરણી રહ્યા પછી ભોજન શરુ થયું. સર્વ મિષ્ટાન્ન જમી ઉઠ્યા બાદ ચન્દ્રપ્રભ ખુશીમાં બેઠો હતો; અને બીજા સઘળા આગળ બેઠા હતા. એ વખતે, પ્રહસ્ત, સર્વ સાંભળતાં નીચે પ્રમાણે બોલ્યો; “મહારાજ ! હું ભટકતો ભટકતો શ્રીકંઠ નામના દેશમાં ગયો હતો. ત્યાં કોઈ કામ પ્રસંગે મારે ત્યાંના રાજા કાંતિસેનની મુલાકાત થઈ. ત્યારે તેણે મને કહ્યું કે, ‘સૂર્યપ્રભ મારી કાંતિમતી પુત્રીનું હરણ કરી ગયો છે, પણ મારે ઘેર પધારે તો હું વિધિ પ્રમાણે તેનો સત્કાર કરીશ. જો તે મારે ઘેર આવશે નહીં તો હું પુત્રીના પ્રેમને લીધે મૂઢ બનીને મરણ પામીશ.’ આવી રીતે તેણે મને કહ્યું છે, માટે આ વિવાહના પ્રસંગ ઉપર તે વાર્તા મેં આપને જણાવી છે.” પ્રહસ્તનું કહેવું સાંભળી, ચન્દ્રપ્રભ બોલ્યોઃ “તું આપણી રાજધાનીમાં જા અને ત્યાંથી કાંતિમતીને તેના પિતા પાસે લઈ જા, અને તેના ગયા પછી અમે કાંતિસેનના શહેરમાં આવીશું.” રાજાનું આવું વચન સાંભળી તે જ વખતે પ્રહસ્ત આકાશમાર્ગે શાકલ શહેરમાં ગયો ને ત્યાંથી કાંતિમતીને તેના બાપની પાસે લઈ ગયો. બીજે દિવસે પ્રભાતમાં કુંભીર અને ચંદ્રપ્રભ વગેરે સઘળાં માણસો, આકાશગામી વિમાનમાં બેસી, શ્રીકંઠ નગરમાં ગયાં. રાજા કાંતિસેનને આગળથી ખબર હતી કે આજ આપણે ઘેર જાન આવવાની છે, તેથી તે રાજા જાનૈયાઓનો સત્કાર કરવા માટે પ્રથમથી ગામ બહાર આવ્યો હતો. જાનનાં માણસો આવ્યાં, એટલે તેનું સન્માન કરી, સર્વેને પોતાના રાજભવનમાં લઈ ગયો, અને ત્યાં પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. તે રાજાએ પોતાની પુત્રી કાંતિમતીને અને સૂર્યપ્રભને પહેરામણીમાં અસંખ્યાત રત્નો અર્પણ કર્યાં હતાં. આ રત્નો જોઈ સર્વ રાજાઓ આશ્ચર્ય પામી ગયા હતા.

લગ્ન થઈ રહ્યા પછી તે સર્વ ત્યાં રહી લગ્ન નિમિત્તે નાના પ્રકારના વૈભવ ભોગવવા લાગ્યા. એવામાં કૌશાંબી નગરથી એક દૂત આવીને આ પ્રમાણે બોલ્યોઃ “રાજા જનમેજય તમને આવી રીતે કહેવરાવે છે કેઃ ‘થોડા વખત ઉપર મારી પુત્રી પરપુષ્ટાને કોઈ હરી ગયો છે. હમણાં

* ગુણ અથવા દોરી.

તે વિષે પત્તો મેળવતાં અમારા જાણવામાં આવ્યું છે કે, તે કન્યા **સૂર્યપ્રભ**ના હાથમાં ગયેલી છે. કુમાર **સૂર્યપ્રભ**, નિઃશંકતાથી કન્યા સહિત અમારે ઘેર ભલે પધારેઃ હું તેની સાથે મારી પુત્રીનાં લગ્ન કરી, વિધિ પ્રમાણે આદરસત્કાર કરી તેને સાસરે વળાવીશ. જો તમો આવશો નહીં તો તમે મારા શત્રુ અને હું પણ તમારો શત્રુ છું એમ જાણજો." આવી રીતે પોતાના રાજાનું કહેવું સંભળાવી, દૂત મૌન ધરી રહ્યો. પછી **ચન્દ્રપ્રભ** રાજાએ સઘળાને એકાંતમાં કહ્યું: "જે રાજા આમ ગર્વનાં વેણ બોલે છે તેને ઘેર આપણે શી રીતે જઈએ?" રાજાનું આવું કહેવું સાંભળી, **સિદ્ધાર્થ** નામના મંત્રીએ કહ્યું: "મહારાજ! તે એમ જ કહેવાને યોગ્ય છે. તેમાં આપે અવળું સમજવાનું નથી. તે રાજા મોટો દાતાર છે, પંડિત છે, ઉત્તમ કુળમાં જન્મેલો છે, શૂરવીર છે, તેણે અશ્વમેધયજ્ઞ કર્યાં છે, તે હંમેશાં કોઈથી પણ પરાજય પામતો નથી, તો તમને વિરુદ્ધ શું કહાવ્યું? સત્ય જ કહાવ્યું છે. તેણે હવણાં જે શત્રુપણું વાપર્યું છે તે તો ઇંદ્રને માટે પણ દાખવ્યું છે. માટે તે રાજાને ઘેર અવશ્ય આપણે જવું જ જોઈએ: કારણ કે તે રાજા સત્યપ્રતિજ્ઞ છે. તોપણ આપે તેના મનનો વિચાર જાણવા માટે, કોઈ એક માણસને તેને ત્યાં મોકલી, તેના મનની શુદ્ધાશુદ્ધતાની ખબર કહડાવો." આવું **સિદ્ધાર્થ**નું વચન સાંભળી, ત્યાં બેઠેલા સઘળાએ તેને સંમતિ આપી. પછી **ચન્દ્રપ્રભ** રાજાએ, **જનમેજય**નો અભિપ્રાય-મિત્ર છે કે શત્રુ તે-જાણવા માટે **પ્રહસ્ત**ને **કૌશાંબી** નગરીમાં મોકલ્યો; અને ત્યાંથી આવેલા દૂતનો પણ સત્કાર કર્યો. **પ્રહસ્ત** ત્યાંથી નિકળી આકાશમાર્ગે **કૌશાંબી** નગરીમાં ગયો, અને ત્યાંના રાજાની સાથે મળી, તેની સાથે ઠરાવ કરી તેના હસ્તાક્ષરનો પત્ર લઈ આવી **ચન્દ્રપ્રભ**ને બતાવ્યો અને તેને પ્રસન્ન કર્યો.

**ચન્દ્રપ્રભ** રાજાએ તુરત **પ્રહસ્ત**ને **શાકલ** શહેરમાં મોકલી, તે નગરથી **પરપુષ્ટા**ને તેના પિતા **જનમેજય**ની પાસે મોકલાવી દીધી. પછી **ચન્દ્રપ્રભ** અને બીજા રાજાઓ, **સૂર્યપ્રભ** તથા **કાંતિસેન** રાણી સહિત, વિમાનમાં બેસી **કૌશાંબી** નગરીમાં ગયા. રાજા **જનમેજય** જમાઈ વગેરે સંબંધીઓની સામે ગયો; સર્વને પ્રેમપૂર્વક ઘણું માન આપ્યું. પછી પોતાની પુત્રીનાં લગ્ન પ્રસંગે શુભ ક્રિયા કરી, પહેરામણીમાં પાંચ હજાર હાથી, એક લાખ ઘોડા, અને પાંચ હજાર ઊંટો-જેપર સોનું, ઉત્તમ વસ્ત્ર, કર્પૂર અને અગરના મોટા મોટા કોથળાઓ લાદેલા હતા તે, કન્યાદાનમાં આપ્યા; અને આખા જગતમાં મહોત્સવ વર્તાવી દીધો. તેણે આ ઉત્સવ નિમિત્તે વાજિત્ર અને નૃત્યો કરાવ્યાં, ઉત્તમ બ્રાહ્મણોનો સત્કાર કર્યો અને સઘળા રાજાઓને માન આપી જયજય વર્તાવી દીધો.

આવી રીતે મહોત્સવ મચી રહ્યો હતો, એવામાં થોડીવારમાં લોહીથી રાતું બની જવાનું છે તેને જાણે આગમચથી સૂચવતું હોય તેમ આકાશ ઓચિંતું પીળું પડી ગયું;-દિશાઓ એકાએક આકાશ માર્ગે આવતું શત્રુનું સૈન્ય જોઈ ભયભીત બની હોય તેમ ભયંકર નાદથી આકુળવ્યાકુળ બની ગઈ. તે જ વખતે આકાશમાં ફરનારા વિદ્યાધરોની સાથે મનુષ્યોને યુદ્ધ કરાવવા માટે, જાણે મનુષ્યોને ઉંચા ઉપાડી જતો હોય તેમ જોરમાં પવન ફૂંકવા લાગ્યો. થોડી વાર પછી આકાશમાં, મહાબળવાન્ અને ભયંકર નાદ કરતું વિદ્યાધરનું સૈન્ય દેખાયું.



તેના તેજથી દિશાઓમાં અજવાળું ફટ્ટક થઈ ગયું. આ સેનાના મધ્ય ભાગમાં એક ઘણોજ સૌંદર્યવાન દૈવી વિદ્યાધરનો પુત્ર હતો. તેને જોઈ **સૂર્યપ્રભ** વગેરે ઘણા જ આશ્ચર્ય પામ્યા. તુરત જ વિદ્યાધરનો બંદીજન, **દામોદર**ને (વિદ્યાધરના અધિપતિને) પ્રણામ કરી મોટા સ્વરથી આકાશમાંથી ગાજી ઉઠ્યો કે-

> 'આષાઢેશ્વર જાયો દામોદર આ વિજયી યુવરાજ,
> રે મર્ત્યલોકવાસી, સૂર્યપ્રભ તું પ્રણામ કર આજ;
> પ્રણામ કર જનમેજય, પુત્રી આપી કુપાત્રમાં તેજ,
> આરાધન કર અંને નહીંતર શિક્ષા કરે તુને તેજ.'

આ પ્રમાણે બંદીજનના મુખની વાણી સાંભળી, તેની સેનાને જોઈ, **સૂર્યપ્રભ** ગુસ્સો કરી, ઢાલ અને તરવાર લઈ, પોતાની વિદ્યાના બળથી આકાશમાં ઉંચો. ઉડ્યો તેની પાછળ તેના મંત્રીઓ, **પ્રહસ્ત**, **ભાસ**, **સિદ્ધાર્થ**, **પ્રજ્ઞાઢ્ય**, **સર્વદમન**, **વીત**, **ભીતિ** અને **શુભકર** પણ, હથીઆર ધારણ કરી ઉંચે ઉડ્યા. પછી મર્ત્ય લોકના મનુષ્યો સાથે વિદ્યાધરને મોટું યુદ્ધ શરુ થયું. પ્રથમ **સૂર્યપ્રભ**, વિદ્યાધરની તરફ દોડ્યો અને પછી **દામોદર** સામો ધસ્યો. **સૂર્યપ્રભે** પોતાની ઢાલમાં શત્રુના હથીઆરોના માર ઝીલી ઝીલી, પોતાની તરવારથી શત્રુ માત્રનો નાશ કરી નાંખ્યો. યુદ્ધમાં લાખો વિદ્યાધર હતા, તેની આગળ થોડા મનુષ્યો કીસ ગણતીમાં ગણાય? છતાં પરસ્પર યુદ્ધ કરનારા તેઓએ, સમાનપણું બતાવ્યું. લોહીથી લાલચોળ બનેલી અને આકુળ વ્યાકુળ થયેલી તરવારો, શૂરવીરની કાયાઓ ઉપર પડવા લાગી. તે, લોહીના જેવી લાલ રંગની અને આકુળવ્યાકુળ થયેલી જાણે યમની દૃષ્ટિ પડતી હોય તેમ શોભતી હતી. વિદ્યાધરો જાણે ભય પામ્યા હોય તેમ શરણની આશાથી, પૃથ્વી ઉપર **ચંદ્રપ્રભ**ની આગળ મસ્તકોથી અને શરીરોથી પડવા લાગ્યા. આ વખતે **સૂર્યપ્રભે**, વિદ્યાધરની શક્તિ જોઈ હતી, તે જગતના લોકને બતાવી. આકાશમાં જાણે સિંદૂર વેરાયેલો હોય તેમ આખું આકાશ લાલચોલ રંગનું થઈ ગયું. પછી **સૂર્યપ્રભ** તરવાર અને ઢાલને ધારણ કરનારા **દામોદર**ની સામે ઉભો રહી લડવા મંડ્યો. લડતાં લડતાં, યુદ્ધની કુશળતાથી તેનો ઘા ચૂકાવી, પોતાની તરવારથી શત્રુની ઢાલના કકડા કરી, તેને જમીન ઉપર ફેંકી દીધો. તરફડીઆં મારતા **દામોદર**નું તરવારથી માથું કાપવાને જેવો તે જાય છે, એવામાં **વિષ્ણુ**એ આકાશ માર્ગે આવી હુંકારો કર્યો, અને મારવાની ના પાડી. **સૂર્યપ્રભે** હુંકારો સાંભળી જોયું તો ભગવાન્ **વિષ્ણુ**ને દીઠા. તેનું માન રાખવા માટે પોતે નમ્ર બની ગયો. તેણે **દામોદર**ને માર્યો નહિ, પણ છોડી દીધો. તુરત **વિષ્ણુ** મૃત્યુમાંથી મુક્ત થયેલા પોતાના ભક્તને લઈ અદૃશ્ય થઈ ગયા. જે આલોકમાં અને પરલોકમાં ઉત્તમ ભક્તની રક્ષા કરે છે તેને જ ભગવાન્ જાણવા. પછી **દામોદર**ના સેવકો આડાઅવળા નાસી ગયા. તુરત **સૂર્યપ્રભ** આકાશમાંથી નીચે ઉતરી પિતાની પાસે આવ્યો. રાજા **ચંદ્રપ્રભે** અને બીજા રાજાઓએ **સૂર્યપ્રભ**ને અને તેના કાર્યભારીઓને ઘાયલ થયા વગરના આવ્યા જોઈ ઘણો સત્કાર કર્યો, અને તેમના પરાક્રમનાં વખાણ કરવા લાગ્યા.

ત્યાર પછી તે સઘળા **સૂર્યપ્રભ**ની વાર્તા કરતા હતા અને આનંદમાં બેઠા હતા, એવામાં

સુભટરાજનો એક દૂત આવ્યો. તેણે **ચંદ્રપ્રભ** રાજાની આગળ **સુભટરાજની** પત્રિકા મૂકી. **સિદ્ધાર્થે** તે પત્રિકાને ઉઘાડીને સભામાં નીચે પ્રમાણે વાંચી સંભળાવી:–

સ્વસ્તિ શ્રી ઉત્તમ વંશમાં મુક્તમણિ જેવા **ચંદ્રપ્રભ** રાજાને, શ્રી **કોંકણ** દેશના રાજા શ્રી **સુભટરાજ** ઘણા આદર સહિત નીચે પ્રમાણે જણાવે છે કે–રાત્રિમાં કોઈ પરાક્રમી પુરુષ મારી પુત્રીનું હરણ કરી ગયો છે. હમણાં અમારા જાણવામાં એમ આવ્યું છે કે, તે કન્યા તમારા પુત્રને મળી છે. એ શુભ સમાચાર જાણવાથી અમે ઘણા પ્રસન્ન થયા છીએ. હવે તમે તે કન્યા તથા તમારા પુત્ર **સૂર્યપ્રભને** સાથે લઈ અહીં અમારે ઘેર આવવા માટે ઉતાવળથી તૈયારી કરજો; એટલે અમે જાણે પરલોકમાંથી પાછી આવી હોય તેવી અમારી પુત્રીને જોઇ, તેનાં લગ્ન કરીશું.”

આ પ્રમાણે **સિદ્ધાર્થે**, **કોંકણના** રાજાની પત્રિકા વાંચી, તે સાંભળી રાજા **ચંદ્રપ્રભે**,‘બહુ સારું’આમ કહી, ત્યાંથી આવેલા દૂતનો સત્કાર કર્યો અને પોતે ખુશી થયો. પછી **પ્રહસ્તને** પશ્ચિમમાં મોકલી તુરત **ચંદ્રિકાવતીને** **સુભટને** ત્યાં પહોંચાડી દીધી. બીજે દિવસે પ્રભાતમાં **જનમેજય** વગેરે સઘળા રાજાઓ અને સ્ત્રી સાથ વગેરે, **સૂર્યપ્રભને** લઈ, **ભૂતાસન** વિમાનમાં બેસી, અપરાંત* શહેરમાં ગયા. રાજા **સુભટ**, જે પોતાની પુત્રીને મળી ઘણો પ્રસન્ન થયો હતો, તેણે જાનમાં આવેલાં માણસોનો સારો સત્કાર કરી, પુત્રીના વિવાહનો મહોત્સવ આરંભ્યો. તે રાજાએ, પોતાની **ચંદ્રિકાવતી** પુત્રીને એવાં તો રત્ન વગેરે પહેરાણીમાં આપ્યાં કે, **વીરભટ** વગેરે પોતાની કરેલી પહેરામણીથી શરમીંદા પડી ગયા. વિવાહકાર્ય થઈ રહ્યા પછી **સૂર્યપ્રભ** સસરાને ઘેર રહ્યો છે એવામાં, બીજે દિવસે **લવણક** શહેરમાંથી **પૌરવ** રાજાનો દૂત આવ્યો. તેણે આવીને **ચંદ્રપ્રભ** રાજાને પોતાના રાજાનો સંદેશો આ પ્રમાણે કહ્યો:–“મારી **સુલોચના** પુત્રીનું શ્રીમાન્ **સૂર્યપ્રભે** હરણ કર્યું છે. મને તેને માટે જરા પણ અફસોસ નથી; પરંતુ તમે મારી પુત્રી સહિત **સૂર્યપ્રભને** મારે ઘેર લઈ પધારો, એટલે હું મારી પુત્રીની લગ્ન ક્રિયા કરું.” તે સાંભળતાં વાર જ **ચંદ્રપ્રભ** રાજાએ આનંદથી દૂતનો સત્કાર કર્યો; અને **પ્રહસ્ત** સાથે **સુલોચનાને** તેના પિતાને ત્યાં મોકલાવી દીધી. બીજે દિવસે **સુભટ** વગેરે સઘળા, **સૂર્યપ્રભને** સાથે લઈ, ત્યાં જવાને તૈયાર થયા, એટલે પવનપેરે જનારા **ભૂતાસન** વિમાનમાં બેસી, **લવણ** નગરમાં ગયા. ત્યાં **પૌરવ** રાજાએ, **સૂર્યપ્રભ** અને **સુલોચનાનાં** લગ્નનો મહોત્સવ કર્યો, અને તેને પહેરામણીમાં પુષ્કળ રત્નો અર્પણ કર્યા અને જાનમાં આવેલા રાજાઓને પણ રુડી પહેરામણી આપી.

વિવાહ થઈ રહ્યો, પણ **પૌરવ** રાજાએ લોકરૂઢી પ્રમાણે લગ્નમાં આવેલાં માણસોને બીજે દિવસે જવા દીધાં નહિ. તેણે તેઓની સારી રીતે આગતા સ્વાગતા કરી. લગ્નમાં આવેલાં સર્વ માણસો આનંદમાં આવી ગયાં હતાં, અને હજુ **પૌરવ** રાજાને ઘેર હતાં, તેટલામાં **ચીન** દેશના રાજા **સુરોહે** પણ બીજા રાજાઓની માફક **લવણક** શહેરમાં દૂતને મોકલીને નીચે પ્રમાણે **ચંદ્રપ્રભને** કહાવ્યું: “તમારા કુમાર **સૂર્યપ્રભે** અમારી કન્યાનું હરણ કર્યું છે, માટે તમે તે

* અપરાંત-એટલે પશ્ચિમ દિશાના.





કન્યા અને વર સહિત અમારે ઘેર પધારો.” **ચંદ્રપ્રભ**, દૂતદ્વારા રાજાનો સંદેશો સાંભળી, ઘણો પ્રસન્ન થયો, અને તરત **પ્રહસ્તને** મોકલી, તેની સાથે જ **વિદ્યુન્માળાને** તેના પિતાની પાસે મોકલાવી દીધી. બીજે દિવસે પ્રભાતમાં **પૌરવ** અને **ચંદ્રપ્રભ** વિગેરે સર્વ રાજાઓ **સૂર્યપ્રભને** સાથે લઈ, **ચીન** દેશમાં ગયા. **સુરોહ** રાજા આગળથી ગામ બહાર સામૈયે આવ્યો હતો. તે મળ્યો, ભેટયો ને પછી **સૂર્યપ્રભને** પોતાની રાજધાનીમાં લઈ જઈ ઉતારો આપ્યો. પછી **સુરોહે** પુત્રીના વિવાહની ક્રિયા કરી. ત્યાર પછી **વિદ્યુન્માળાને** અને **સૂર્યપ્રભને** અપાર સોનું, હાથી, ઘોડા, રત્ન અને રેશમી વસ્ત્ર વગેરે પહેરામણીમાં આપ્યાં; અને તે જ વખતે લગ્નમાં આવેલા **ચંદ્રપ્રભ** વગેરે સઘળાને પેહેરામણી કરી. **ચંદ્રપ્રભ** વગેરે સઘળાએ કેટલાએક દિવસ **ચીનના** રાજા **સુરોહના** દેશમાં રહી, જૂદા જૂદા વૈભવો ભોગવ્યા. વર્ષાદનો સમય જેમ **વિદ્યુન્માળાથી*** શોભે છે, તેમ ધન અને તરુણાવસ્થાથી અલંકૃત **સૂર્યપ્રભ**, **વિદ્યુન્માળા** સ્ત્રી પરણી–તેના સંબંધથી શોભતો હતો.

એ રીતે **સૂર્યપ્રભ**, પોતાના કુટુંબ સહિત અને સ્ત્રી સહિત સસરાના ઘરમાં વૈભવ ભોગવતો રહ્યો હતો. થોડા દિવસ વીત્યા બાદ, **સૂર્યપ્રભે**, **સિદ્ધાર્થ** પ્રમુખ મંત્રીઓની સાથે સ્વદેશ જવા માટે એકાંતમાં વિચાર કરી, **વીરભટ** વગેરે અશ્વસેનાવાળા રાજાઓને એક પછી એક તેમના દેશોમાં રવાના કરી, **સુરોહ** રાજા પાસેથી વિદાયગીરી માંગી. **સૂર્યપ્રભ** પોતાના મનોરથ પૂર્ણ કરી, તેની પુત્રીને સાથે લઈ, માતાપિતા અને સેનાનાં માણસો સહિત **ભૂતાસન** વિમાનમાં બેસી, આકાશમાર્ગે પોતાની રાજધાનીમાં આવ્યો. રાજકુમાર **સૂર્યપ્રભના** આવવાના સમાચાર સાંભળી આખા નગરમાં આનંદ વર્તાઈ રહ્યો. કોઈ ઠેકાણે વારાંગનાઓનાં નૃત્યોનો થેઈ થેઈકાર થઈ રહ્યો હતો; કોઈ ઠેકાણે સંગીતનો રસ ઝામી રહ્યો હતો; કોઈ લોકો મદિરાપાન કરતા હતા; કોઈ ઠેકાણે લલનાઓ શણગાર સજતી હતી અને કોઈ ઠેકાણે પોતાની ઇચ્છા પ્રમાણે બક્ષીશ મળવાથી ભાટચારણો કીર્તિગાન કરી રહ્યા હતા, જેના શબ્દો ગાજી રહ્યા હતા. **સૂર્યપ્રભ**, સર્વ કન્યાઓ, જે પોતપોતાના પિતાને ત્યાં રહી હતી તે તથા તે કન્યાના પિતાઓએ પહેરામણીમાં આપેલા અસંખ્યાત હાથી, ઘોડા તથા અનેક જાતનાં રત્નના સારી રીતે ભરેલા ગાંસડાઓ ઉપાડવાથી નમી ગયેલા અપાર ઊંટોને સાથે લઈ રાજ્યધાનીમાં આવ્યો, તે જાણે એમ સૂચવતું હતું કે, દિગ્વિજયમાંથી આ વૈભવસામગ્રી મળી હોય. તે વૈભવ જોઈ પ્રજા આશ્ચર્ય પામી ગઈ. પછી શેષનાગ, ઘણા વસુવાળા મોટા પાતાળમાં જેમ રહે છે તેમ **સૂર્યપ્રભ** પણ ઘણા ધનવાળા, ઘણા ભંડાર જેમાં હતા એવા શહેરમાં વસવા લાગ્યો. તેનું **શાકળ** નગર જાણે **સ્વર્ગ**, **અલકાપુરી** અને **ભોગવતી**–**નાગપુરી**–આ ત્રણમાંથી બન્યું હોય તેમ શોભતું હતું. તે સર્વ સંપત્તિ સંપૂર્ણ મેળવી, આખા નગરમાં પોતાની **મદનસેના** રાણી સાથે યથેચ્છ વૈભવ ભોગવવા લાગ્યો અને માતા, પિતા, મંત્રી અને બીજી રાણીઓ સાથે રહી, **મયદાનવ**, જેણે પાછા આવવા માટે કબુલાત આપી હતી, તેના આવવાની વાટ જોતો હતો.

* વિદ્યુન્માળા-એટલે વિજળીની માળ.

## તરંગ ૨ જો.

## સૂર્યપ્રભની કથા ચાલુ. મય અને નારદનું પધારવું.

એક દિવસે **ચંદ્રપ્રભ** રાજા રાજસભામાં બેઠો હતો. તેની આગળ સઘળા કાર્યભારી સાથે **સૂર્યપ્રભ** પણ બેઠો હતો. એવામાં સભામાં સિદ્ધાર્થે વાત કરવા માંડી. વાર્તાના પ્રસંગમાં મયદાનવને સઘળાએ યાદ કર્યો. તુરત સભાની વચમાંની પૃથ્વી ઓચિંતી ફાટી ને મોટો ખાડો પડ્યો. આ ખાડામાંથી પ્રથમ શબ્દ કરતો સુગંધીદાર પવન બહાર નિકળ્યો અને પછી મયદાનવ બહાર આવ્યો. મયદાનવનું મસ્તક શ્યામ રંગનું હતું, તેના કેશ પીંગટવર્ણા હતા, તેણે રાતાં વસ્ત્ર પહેર્યા હતાં, તેને લીધે તે, જેમાં શ્યામ રંગના ઉંચા શિખર ઉપર ઔષધિ બળતી હોય અને જેમાં ગેરુ વિગેરે ધાતુ ઉડતી હોય એવો પર્વત જેમ રાત્રિના શોભે છે, તેમ આ મયદાનવ–ભૂમિના ખાડામાં શોભતો હતો. મયદાનવ બહાર આવ્યો, એટલે રાજાએ તેની યોગ્યતા પ્રમાણે તેનો સત્કાર કર્યો. પછી તેને રત્નનું આસન બેસવા માટે આપ્યું. તુરત દૈત્ય રાજા રત્નાસન ઉપર બેઠો. પછી તે બોલ્યો: "તમે આ પૃથ્વી ઉપરના સઘળા વૈભવો ભોગવી લીધા; હવે બીજા વૈભવો ભોગવવાનો તમારો સમય છે. માટે હવે તે વૈભવો મેળવવામાં મન કરો. પ્રણિધિને મોકલો; અને તમારા તાબાના રાજાઓ તથા ભાઈઓ તથા સંબંધીઓ ને મિત્ર રાજાઓને બોલાવો. ત્યાર પછી આપણે વિદ્યાધરના રાજા **સુમેરુ** સાથે મળી, આકાશગામીઓપર જય કરીશું, અને વિદ્યાધરની સંપત્તિ મેળવીશું. **સુમેરુ** એ આપણો સહાયક છે. તે આપણને મિત્ર સમાન ગણે છે; તેને **શંકરે** પોતે પ્રથમથી જ કહ્યું છે કે; 'તું **સૂર્યપ્રભની** રક્ષા કરજે અને તેને તારી પુત્રી પરણાવજે. એ પરથી સુમેરુ સંબંધી તરીકે આપણને સહાય કરવા માટે અહીં જ ઉભો છે." આવી રીતે **મયદાનવે** કહ્યું એટલે **ચંદ્રપ્રભે** પ્રહસ્ત વગેરે આકાશગામીઓને, સહાયક રાજાઓને બોલાવવા માટે પ્રણિધિ તરીકે મોકલ્યા. પછી **સૂર્યપ્રભે** જેઓને પહેલાં પોતે પોતાની વિદ્યા શીખવી નહતી, તેવા મંત્રીઓને અને પોતાની રાણીઓને, **મયદાનવના** કહેવાથી ઇંદ્રજાળવિદ્યા ભણાવી તૈયાર કર્યાં.

આવી રીતે સર્વ તૈયારીમાં આવ્યા હતા, એવામાં પોતાના તેજથી દિશાના મંડળને સફેદ કરતા મુનિ **નારદ** આકાશમાંથી નીચે ઉતરી રાજસભામાં પધાર્યા. **ચન્દ્રપ્રભે** અર્ઘ આપી તેમના ચરણ પખાળ્યા. **નારદ** આસન ઉપર બેઠા. પછી બોલ્યા: "રાજા **ચન્દ્રપ્રભ**! ઇંદ્રે * મને મોકલીને તને કહાવ્યું છે કે ' હમણાં મારા જાણવામાં આવ્યું છે કે મૃત્યુલોકના માનવી **સૂર્યપ્રભના** અજ્ઞાનપણામાં મોહ પામેલા તમે, **મયદાનવની** સાથે મિત્રતા કરી, **શંકરની** આજ્ઞાથી તેના મનુષ્ય શરીરે તેને તમે સર્વ વિદ્યાધરના મહારાજનું મોટું ચક્રવર્તી પદ અપાવવા માટે તૈયાર

* અંગ્રેજીમાં શિવ છે, પણ તે ખોટું જણાય છે; કેમકે શિવે તો **સૂર્યપ્રભને** વિદ્યાધરનો ચક્રવર્તી નિર્માણ કીધો છે, તે શિવ નારદે કહેલાં વચન કહાવે નહિ, પણ ઇંદ્ર કહાવે; કેમકે શ્રુતશર્માને વિદ્યાધરનો અધિપતિ ઇંદ્રે નિર્માણ કીધો છે.



થયા છો. એ તમે ખોટું કામ કરો છો. એ સ્થાન તો અમે **શ્રુતશર્માને** આપ્યું છે. વળી વિદ્યાધરના કુળસાગરમાં ચંદ્રસમાન શોભતા **શ્રુતશર્માને** વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય, કુળપરંપરાથી ચાલ્યું આવે છે; તો તમે અમારી સાથે શત્રુતા કરી તથા અધર્મ કરી, જે કામ કરો છો તે કામ અવશ્ય તમારો નાશ કરનારું થઈ પડશે. પહેલાં તમે મહારુદ્ર યજ્ઞ કરવા લાગ્યા, ત્યારે મેં તમને અશ્વમેધ યજ્ઞ કરવા માટે કહ્યું. તમે અશ્વમેધ યજ્ઞ કર્યો નહીં, પણ મહારુદ્ર જ કર્યો. માટે રાજન્! તમે અમારી દરકાર રાખ્યા શિવાય, એકલા **શંકરની** ઉપર વિશ્વાસ રાખી, ગર્વથી જે કરો છો તે કામ તમારું ભલું કરશે નહીં."

આવી રીતનો ઇંદ્રનો સંદેશો **નારદ** મુનિએ કહી સંભળાવ્યો. ત્યારે **મયદાનવ** હાસ્ય કરીને બોલ્યો: "મહામુનિ! ઇંદ્ર રાજાએ **સૂર્યપ્રભને** મનુષ્ય ગણ્યો છે તે ખોટું છે, ખરું નથી. **સૂર્યપ્રભ** મનુષ્ય છે કે વિદ્યાધર, તે તો **દામોદરની** સાથે જ્યારે સંગ્રામ થયું, ત્યારે ઇંદ્રે શું જાણ્યું નહીં? સઘળા મનુષ્યો પરાક્રમી હોય છે અને તેને સર્વ સિદ્ધિ મેળવવાનો અધિકાર છે. પૂર્વે **નહુષ** આદિ રાજાએ ઇંદ્રની પદવી શું મેળવી ન હતી? વળી તે કહાવે છે કે, અમે શ્રુતશર્માને ચક્રવર્તીપણું આપ્યું છે, અને તેને કુળપરંપરાથી ચક્રવર્તીપણું ચાલ્યું આવે છે. આ વાત પણ અયુક્ત છે. **શિવજી** ચક્રવર્તીપદ આપનાર છે, ત્યાં ઇંદ્ર તે વળી કોણ? એ શિવાય, શું ઇંદ્રે પોતે વંશપરંપરાથી મળતી ઇંદ્રની પદવી, **હિરણ્યાક્ષની** હતી તે કેમ છીનવી લીધી? ઇન્દ્ર કહે છે કે, અમે એની શત્રુતા કરીએ છીએ અને જે સત્ય છે તેથી અમે વિરુદ્ધ વર્તીએ છીએ. એ તેનું કહેવું પણ નરાતાળ જૂઠું છે. ખરું જોતાં તો ઇંદ્ર પોતે જ સ્વાર્થ માટે અમારી સાથે બલાત્કારથી શત્રુવટ કરે છે; અને કૃપા કરી કહો કે શત્રુનો પરાજય કરશું તેમાં અમારો અધર્મ શું? અમે કંઈ મુનિની સ્ત્રીનું હરણ* કરતા નથી, તેમ બ્રહ્મહત્યા પણ કરતા નથી. વળી એ કહે છે કે તમે અશ્વમેધ યજ્ઞ કર્યો નહીં, માટે દેવતાનું અપમાન કર્યું, એ વાત પણ જૂઠી છે. મહારુદ્ર યજ્ઞ કર્યા પછી બીજા યજ્ઞ કરવાનું પ્રયોજન શું છે? એક દેવના દેવ **શંકરનું** પૂજન કર્યું તો કયા દેવનું પૂજન બાકી રહે છે? વળી તે કહે છે કે, એક **શંકર** ઉપર આસ્થા રાખવી તે કલ્યાણકારી નથી. આ બોલવું પણ અસત્ય છે. જ્યાં મહાદેવ સહાય થાય છે ત્યાં બીજા દેવતાઓનું શું ચાલે છે? જ્યારે સૂર્યનારાયણનો ઉદય થાય છે ત્યારે બીજા સાધારણ તેજ પ્રકાશે છે કે? માટે મુનિરાજ! આ સર્વ વૃત્તાંત તમારે ઇંદ્રને કહેવું. અમે અમારું ચાલતું કામ પૂર્ણ કરીશું, ઇન્દ્રથી થાય તે ભલે કરી લે."

આવી રીતે **મયનાં** વચન સાંભળી, **નારદઋષિ** 'તમારા કહેવા પ્રમાણે હું કહીશ' એમ બોલી **ચન્દ્રના** વિરુદ્ધ સંદેશો લઈ ચાલતા થયા. મુનિ **નારદ** ગયા પછી, **ચન્દ્રપ્રભ** રાજા **ચન્દ્રનો** સંદેશો સાંભળી શૂન્યમૂઢ બની ગયો, ત્યારે **મયદાનવ** આવી રીતે બોલ્યો: "તમારે ઇન્દ્રથી જરા પણ ડરવું નહીં અને તમારે **શ્રુતશર્માથી** પણ ડરવું નહીં. તે કદી દ્વેષ રાખી પોતાના પક્ષમાં દેવતાઓને લઈ આવી યુદ્ધ કરશે, તોપણ મહારાજ, પ્રહ્લાદ વગેરે જેમાં મુખ્ય છે એવા દૈત્ય અને

* આ સૂચના ગૌતમની સ્ત્રી અહલ્યાના સંબંધમાં છે, તેમ જ વૃત્રનો નાશ કીધો તે બાબત ઇંદ્રને સઃ ગો માર્યો છે.

દાનવ સહિત અમે સર્વ તમારા પક્ષમાં ઉભા છીએ. વળી આપણા ઉપર ત્રિપુરનો નાશ કરનારા શંકર કૃપા કરી જ્યારે લડવાને તૈયાર થાય છે, ત્યારે તેની આગળ ત્રણ જગતમાં બીચારા દેવ કોણ માત્ર! માટે શૂરવીરો! આ લડાઈયાત્રા માટે ત્વરાથી નીકળો." આવી રીતે મયદાનવે કહ્યું, એટલે તે સઘળાએ 'બહુ સારું' આમ કહી તેના કહેવાને આનંદ સહિત કબુલ રાખ્યું.

ત્યાર પછી જે રાજાઓને તેડવા માટે પ્રણિધિ મોકલ્યા હતા, તે સર્વ ચન્દ્રપ્રભનો સંદેશો સાંભળી, તૈયાર થયા. વીરભટ વગેરે રાજાઓ, સંબંધીઓ, મિત્રો અને તેના ભાઇઓ, પ્રણિધિના કહેલા સંદેશા ઉપરથી એક પછી એક શાકલ નગરમાં આવવા લાગ્યા. રાજા ચન્દ્રપ્રભે સૈન્ય સહિત આવેલા સઘળા રાજાઓનો સત્કાર કર્યો. પછી મયદાનવે ફરીથી ચન્દ્રપ્રભ રાજાને કહ્યું: "હે રાજા! આજ રાત્રિમાં તું રુદ્ર પ્રસન્નાર્થે મહા બળીદાન કર. ત્યાર પછી હું જેમ તને કહું તે પ્રમાણે તારે સઘળું કામ કરવું." મયદાનવનું આવું વચન સાંભળી, રાજા ચન્દ્રપ્રભે તે જ વખતે રુદ્રને બળિદાન આપવા માટે સર્વ સામગ્રી તૈયાર કરી. રાત્રિ પડી. મયદાનવ અને રાજા વનમાં ગયા. ત્યાં મયદાનવે જે પ્રમાણે બળીદાન મૂકવાની ક્રિયા બતાવી, તે પ્રમાણે ચન્દ્રપ્રભે ભક્તિથી રુદ્રદેવને બળિદાન અર્પણ કર્યું. પછી તે રાજા હોમ કરવા લાગ્યો. આમ સર્વ કાર્ય થતું હતું, ત્યાં તરત ભૂતગણના અધિપતિ નંદિકેશ્વર પ્રગટ થયા. તેનાં દર્શન કરી રાજા ઘણો પ્રસન્ન થયો અને વિધિ પ્રમાણે તેની પૂજા કરી. પછી નંદિકેશ્વરે કહ્યું કે–" શંકર દેવે પોતે મારે મુખે તમને આવી રીતે કહેવરાવ્યું છે:–'મારી કૃપાથી સૂર્યપ્રભ વિદ્યાધરોનો ચક્રવર્તી બેશક થશે જ, અને જોઇયે તો સો ઇંદ્ર આવે તોપણ તમારે ડરવું નહિ." આવી રીતે શંકરની આજ્ઞા તેઓને જણાવી, બળિદાનનો ભાગ લઇ, નંદિકેશ્વર, ભૂતગણોની સાથે ત્યાં જ અદૃશ્ય થઇ ગયા. ચન્દ્રપ્રભ રાજાને પોતાના પુત્રના ઉદયની ખાતરી થઈ; અને પછી હોમ કરી, બળિદાન મૂકી, હોમની સમાપ્તિ કરી, મયદાનવની સાથે તે શહેરમાં આવ્યો.

## ચન્દ્રપ્રભ દાનવ કેમ થયો તેની કથા.

બીજે દિવસે પ્રભાતમાં ચન્દ્રપ્રભ રાજા, પોતાની રાણી, રાજપુત્ર, બીજા રાજાઓ અને તેમના કાર્યભારીઓની સાથે એકાંતમાં બેઠો હતો, ત્યાં મયાસુરે તેને કહ્યું–"હે રાજા, સાંભળ. એક ગુપ્ત વાત જે મેં ઘણા વખત સુધી ગુપ્ત રાખી છે, તે હવણાં પ્રકટ કરું છું! તું પૂર્વે સૂનીથ નામનો મહાભાગ્યશાળી દાનવ હતો અને મારો પુત્ર હતો. આ સૂર્યપ્રભ તારો નાનો ભાઇ હતો. તેનું નામ સૂમુંડીક હતું. તમારે દેવતાઓ સાથે સંગ્રામ થયું, તેમાં તમે મરણ પામ્યા, અને અહીં પિતા તથા પુત્ર રૂપે જન્મ્યા છો. મેં તારા શબને તાજુ રાખવા માટે, દિવ્ય ઔષધિઓ અને ઘી લગાવીને સાચવી રાખ્યું છે. માટે તું ગુહામાં પ્રવેશ કરી પાતાળમાં જઈ, હું જે યુક્તિ બાતાવું તે યુક્તિ પ્રમાણે તારા પોતાના શરીરમાં પ્રવેશ કર. એથી તારા તેજ, પરાક્રમ અને બળમાં વધારો થશે, અને તું એવો થઈ જઈશ કે રણસંગ્રામમાં વિદ્યાધરોનો પરાજય કરી શકીશ. સુમુંડીકનો અવતાર સૂર્યપ્રભ તો આજ શરીરે ઘણા દિવસ પછી વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા થશે."



મયદાનવનું આવુંકહેવું સાંભળી રાજા ચન્દ્રપ્રભ, 'અહો! આ તો ચમત્કારિક વાર્તા છે. એમ કહી ઘણો રાજી થયો અને મયદાનવે સૂચવેલા કાર્યને અંગીકાર કર્યું. પણ તેટલામાં સિદ્ધાર્થ બોલ્યો:"હે દાનવોત્તમ મયાસુર! આ ભ્રાંતિ અમને ઉત્પન્ન થાય, તેને માટે આપ શું કહો છો? જ્યારે આ રાજા બીજા શરીરમાં પ્રવેશ કરશે ત્યારે શું તઓ મરી ગયા એમ માનવું? અને તેમ થાય તો અમારી શી ગતિ? વળી તેઓ બીજા શરીરમાં પ્રવેશ કરી પરલોકમાં ગયેલા માણસની માફક અમને વિસરી જશે ત્યારે અમારે શું કરવું? તે કોણ અને તમે કોણ, એમ થાય ત્યારે શું? પછી અમારે કેની પાસે રહેવું?" સિદ્ધાર્થનું આ વચન સાંભળી મયાસુર બોલ્યો: "આ રાજા યોગયુક્તિથી પોતાના પ્રથમના શરીરમાં કેમ પ્રવેશ કરે છે, તે તમે સ્વતંત્ર રીતે ત્યાં આવીને પ્રત્યક્ષ જુવો. આ રાજા બીજા શરીરમાં પ્રવેશ કર્યા છતાં પણ તમને વિસરશે નહીં, તેનું કારણ તમને કહું છું તે સાંભળો. જે મનુષ્ય પરાધીન રીતે મરી જાય છે અથવા જે માણસ ગર્ભમાંથી બહાર પડી જન્મે છે તે વૃદ્ધાવસ્થા, મરણ વગેરે ક્લેશમાં પીડાવાથી સઘળું વિસરી જાય છે. પરંતુ જે મનુષ્ય સ્વતંત્રતાથી યોગયુક્તિવડે બીજી કાયામાં–પ્રથમ અંતઃકરણમાં પ્રવેશ કરી, પછી ઈંદ્રિયોમાં પ્રવેશ કરે છે, તેનાં મન કે બુદ્ધિમાં ભ્રમ થતો નથી. જ્ઞાની યોગેશ્વર, જેમ એક ઘરમાંથી બીજા ઘરમાં ગયા પછી પ્રથમનું ઘર ભૂલતો નથી, એકદમ પ્રથમના શરીરને વિસરતો નથી, પણ તેને બરાબર ઓળખે છે, તેમ ચન્દ્રપ્રભ પણ સર્વ સ્મરણમાં રાખશે–એમાં તમે જરાપણ શંકા રાખો મા. આ રાજા જરા અને રોગ રહિત ઉત્તમ દિવ્ય શરીરને પામશે. વિશેષમાં તમે સઘળા પણ દાનવો છો. તમે રસાતલ પાતાલમાં જઈ અમૃતનું પાન કરશો, એટલે તમારું શરીર પણ નીરોગી અને અલૌકિક દિવ્ય બની જશે." આવું મયદાનવનું વચન સાંભળી, સઘળાએ તેના બોલવા ઉપર વિશ્વાસ રાખી, સર્વ શંકા ત્યાગ કરી, તેના બોલવાને સ્વીકાર્યું. ચન્દ્રપ્રભ રાજાએ મયનું વચન માન્ય રાખી, બીજે દિવસે સમગ્ર રાજાના મંડળને એકઠું કરી, ચન્દ્રભાગા અને ઇરાવતી નદીના સંગમ ઊપર ગયો. તે નદીના કિનારા ઉપર બહારના ભાગમાં રાજાઓને ઉભા રાખી, સૂર્યપ્રભ વગેરેના જનાનો તેઓને સોંપી, ચન્દ્રપ્રભ, સૂર્યપ્રભ, રાણી અને સિદ્ધાર્થ વિગેરે મંત્રીઓને સાથે લઈ મયદાનવે બતાવેલી નદીના જળમાં આવેલી ગુફામાં પેઠો. અંદર ગયા પછી એક મોટો માર્ગ નજરે પડયો. તે માર્ગે જતાં જતાં એક સુંદર દેવનું મંદિર આવ્યું. ચન્દ્રપ્રભાદિ સઘળાંને લઈ મય દાનવ તેમાં દાખલ થયો.

આ સમયમાં જે રાજાઓ નદીના બહારના ભાગમાં ઉભા હતા તેમની સાથે યુદ્ધ કરવા માટે આકાશ માર્ગે વિદ્યાધરો, પોતાની સેના લેઈ ચઢી આવ્યા. તેમણે પોતાની માયાવડે તે રાજાઓને જડ–સ્થિર બનાવી દીધા. તેઓ સૂર્યપ્રભની સ્ત્રીઓનું હરણ કરી ગયા. તે જ વખતે આકાશવાણી થઈ કે, "ઓ દુષ્ટ શ્રુતશર્મા! તું જો ચક્રવર્તીની આ રાણીઓનો સ્પર્શ કરીશ, તો તારો અને તારી સેનાનો તત્ક્ષણ નાશ થશે. હું હમણાં જ તારો નાશ કરી, આ રાણીઓને તારી પાસેથી મુક્ત કરત, પરંતુ મેં તને માર્યો નથી, તેમાં કંઈ કારણ છે. સૂર્યપ્રભની રાણીઓ ભલે અહિં રહે. છતાં તું લઈ જાય તો આ રાણીઓ ઉપર માતા તરીકે ભક્તિ રાખી તેમની રક્ષા કરજે." આ પ્રમાણે આકાશ સરસ્વતીએ કહ્યું એટલે વિદ્યાધરો અદૃશ્ય થઈ ગયા. એ સમે નદીના કિનારા ઉપર ઉભેલા વીરભટ

વિગેરે રાજાઓ પોતાની પુત્રીઓનું હરણ થયું જોઈ, પરસ્પર વિચાર કરી દેહત્યાગ કરવા માટે તૈયારી કરવા લાગ્યા. પણ પુનઃ આકાશવાણી થઈ કે, "તમારી પુત્રીઓ ફરી તમને મળશે નહીં એમ જાણુશો મા. તે કન્યાઓ ફરીને તમને મળશે, માટે તમારે સાહસકર્મ કરવું નહીં. તુમારું કલ્યાણ થાઓ!" આમ બોલી આકાશવાણીએ તેઓને સાહસ કરતાં અટકાવ્યા.

તે રાજાઓ પુત્રીઓની અને સૂર્યપ્રભની વાટ જોતા તે નદીના કિનારા ઉપર બેઠા હ[illegible] ા ત્યારે પાતાળમાં તથા દેવમંદિરમાં સર્વ દેવગણુથી વિંટાયલા ચંન્દ્રપ્રભને મયદૈત્યે કહ્યું: "ચંદ્રપ્રભ, [illegible] હું તને અનુપમ યોગવિદ્યાનો ઉપદેશ આપું છું. તે લે! આ યોગવિદ્યાથી બીજાની કાયામાં પ્રવેશ[illegible] કરતાં આવડે છે, માટે તું એક ચિત્ત થઈ તે સાંભળ." આ પ્રમાણે કહી સાંખ્ય અને યોગશાસ્ત્રનો [illegible] ગુપ્ત મંત્રોનો ઉપદેશ કરી, તેનાથી બીજાના શરીરમાં પ્રવેશ કરવાની યુક્તિ શીખવી, અને છેવટે તે યોગીંદ્ર મય બોલ્યો–"આનું નામ સિદ્ધિ અને એ જ પવિત્ર સ્વતંત્રતાવાળું જ્ઞાન. ઐશ્વર્ય એ જ અને અણિમા આદિનું મંદિર પણ આ જ યોગ છે. જે દેવતાઓ યોગવિદ્યાની સિદ્ધિ મેળવે છે, તે મોક્ષની દરકાર કરતા નથી; બીજા કેટલાએક મહાશયો પણ આ સિદ્ધિ મેળવવા માટે જપ, તપ ને કલેશ કરે છે, અને સ્વર્ગ લોકના વૈભવ મળે છે, છતાં પણ તેની જરા દરકાર કરતા નથી. આ વિષય ઉપર એક કથા છે, તે તને કહું છું તે સાંભળ:

## કાળ બ્રાહ્મણની કથા.

પૂર્વ કલ્પમાં કાળ નામનો કોઇએક સંભાવિત બ્રાહ્મણ હતો. તે પુષ્કરરાજમાં જઈ, રાત્રિ દિવસ જપ કરવા લાગ્યો. તેને જપ કરતાં કરતાં બસો વર્ષ* વીતી ગયાં. ત્યાં તેના મસ્તક-માંથી એક અવિચ્છિન્ન તેજ ઉત્પન્ન થયું. આ તેજનો પ્રકાશ કોટિ સૂર્ય જેવો હતો. આ તેજપુંજ જ્યારે ગગનમંડલમાં ફેલાવો પામ્યું, ત્યારે આકાશચારી સિદ્ધ વગેરેનો આકાશમાં આવજાવ અટકી પડયો એટલુંજ નહીં, પણ તે તેજના પ્રતાપથી ત્રણ લોક બળવા લાગ્યા. એટલે ત્રાસ પામેલા બ્રહ્મા, ઈંદ્ર વગેરે દેવતાઓ કાળ બ્રાહ્મણની પાસે આવીને બોલ્યા,–"એ બ્રહ્મર્ષી! તમારા તપના તેજમાં આ ત્રણ લોક બળે છે, માટે હવે તપ બંધ કરો; અને તમારે જે વરની ઇચ્છા હોય તે વરદાન માંગી લો." તે બ્રાહ્મણે પ્રત્યુત્તર આપ્યો–"મહારાજ! મને બીજો કોઈપણ વર માગવાની ઇચ્છા નથી, મને જપ શિવાય બીજામાં પ્રેમ નથી, તો કેવળ જપમાં જ પ્રેમ થાય એ વર આપો." બ્રાહ્મણની આવી માંગણી સાંભળી, છતાં પણ બ્રહ્માદિકે તેને કોઈ વર દાન માંગવા માટે ઘણો આગ્રહ કર્યો, એટલે તે જાપક બ્રાહ્મણ તે પ્રદેશમાંથી ઉઠી નિકળ્યો અને ત્યાંથી દૂર હિમાલયના ઉત્તર ભાગમાં જઈ જપ કરવા લાગ્યો. ત્યાં પણ જ્યારે તેના મસ્તકમાંથી ઘણું જ પ્રકાશિત તથા કોઇથી પણ સહેવાય નહિ એવું તેજ પ્રગટ થયું, ત્યારે ઈંદ્ર રાજાએ તે બ્રાહ્મણના જપમાં વિઘ્ન કરવા માટે તેની પાસે દેવાંગનાઓને મોકલી. તે દેવસુંદરીઓ મોહ પમાડવા માટે તે બ્રાહ્મણની પાસે ગઈ અને હાવભાવના કટાક્ષથી તેની આગળ શૃંગાર રસને ઉદ્દીપન કરી તે બ્રાહ્મણને ચલાયમાન કરવા લાગી. તે બ્રાહ્મણે તે સ્ત્રીઓને તણખલાની

*અંગ્રેજીમાં અત્રે દેવતાનાં ૨૦૦ વર્ષ જણાવ્યાં છે.



માફક ગણી કાઢી, પણ પોતે એકનો બે ન થયો. ત્યારે દેવતાઓએ તેના જપમાં ભંગાણ કરાવવા માટે, પોતાના મહાદૂત તરીકે મૃત્યુને મોકલ્યું. મૃત્યુ તે બ્રાહ્મણની પાસે આવીને બોલ્યું–"બ્રહ્મર્ષી! મરણ સર્જીત કોઈ પણ પ્રાણી આટલા લાંબકાળ સુધી જીવતું નથી, માટે તું તારી કાયાનો ત્યાગ કરી દે. ઇશ્વિરની બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન શા માટે કરે છે?" જ્યારે તે બ્રહ્મર્ષીએ આ પ્રમાણે સાંભળ્યું ત્યારે તે બોલ્યો: "જો મારા આયુષ્યની અવાધ પૂરી થઇ હોય તો મને શા માટે લઈ જતો નથી? લઈ જા. વાટ કોની જુવે છે? અરે ઓ યમ! હું મારું આ શરીર, મારી પોતાની મેળે ત્યાગ કરીશ નહીં; કારણ કે હું જો સ્વેચ્છાથી મારા શરીરનો નાશ કરું તો મને આત્મહત્યાનું પાતિક લાગે." આ પ્રમાણે તે બ્રાહ્મણે કહ્યું ત્યારે મૃત્યુએ જોયું કે તેના પ્રતાપથી તે તેને લઈ શકે તેમ નથી, એટલે તે જેમ આવ્યું હતું તેમ જ નીચું મસ્તક કરી પાછું ચાલ્યું ગયું, મૃત્યુએ બ્રાહ્મણના સમાચાર ઈંદ્રને કહ્યા. તે સાંભળી ઈંદ્રના મનમાં ઘણો અફસોસ થયો. ત્યાર પછી ઈંદ્ર પોતે કાળનો* પરાભવ કરનારા કાળ બ્રાહ્મણને બે હાથથી ઉંચકીને, બલાત્કારે સ્વર્ગલોકમાં લઈ ગયો. ત્યાં પણ તે બ્રહ્મદેવ સ્વર્ગની અનુપમ અને કુદરતી શોભા જોઈ તેમાં લપટાયા નહીં, પણ રાત્રિ દિવસ જપ જપ ને જપ જ જપવા લાગ્યો. તે ઉપરથી દેવતાઓએ તે બ્રાહ્મણને પુનઃ નીચે મૃત્યુ લોકમાં ધકેલી દીધો એટલે તે બ્રાહ્મણ ફરીથી તે જ હિમાચળમાં જઈ જપ જપવા લાગ્યો. ત્યાં પણ ઈંદ્ર આદિ દેવતાઓ તેને વર માગવા માટે સમજાવવા લાગ્યા, તોપણ તેણે વર માંગ્યો નહીં.

એક વખત ઉપર તે માર્ગે રાજા ઈક્ષ્વાકુ જતા હતા. તેના જાણવામાં તે જાપક સંબંધી સર્વ હકીકત આવી. એટલે તે તેની પાસે આવીને બોલ્યા-"જાપક! તું દેવતાની પાસેથી વર ન લેતો હોય તો મારી પાસેથી એક વર માંગી લે." તે સાંભળી તે જપીઓ તે રાજાનું હાસ્ય કરીને બોલ્યો–"રાજાજી, હું દેવતાની પાસેથી પણ વરદાન લેતો નથી, તેને વર આપવાની તારી શક્તિ છે ખરી?" આ પ્રમાણે બ્રાહ્મણે ઉત્તર આપ્યો એટલે રાજા ઈક્ષ્વાકુ બોલ્યો:–"જો કે હું તને વર આપવા શક્તિમાન્ નથી, પરંતુ જો તું વર આપવા શક્તિમાન્ હોય તો મને વર આપ." ત્યારે તે જાપક બોલ્યો: "રાજા! તારી ઇચ્છામાં આવે તે વર માંગી લે, હું તારી માંગણી પ્રમાણે તને વર આપીશ." જ્યારે તે રાજાએ આ પ્રમાણે તે જાપકનું કહેવું સાંભળ્યું, ત્યારે તે મનમાં વિચાર કરવા લાગ્યો:–"હું આપું અને આ બ્રાહ્મણ ગ્રહણ કરે એ વાત તો ઘટતી ગણાય; પરંતુ એ બ્રાહ્મણ મને (રાજાને) આપે અને હું લઉં આ વાત અયોગ્ય ગણાય." આવી રીતે રાજા જ્યાં પોતાના મનમાં વિચાર કરે છે અને વાર લગાડે છે, ત્યાં બે બ્રાહ્મણ પરસ્પર વાદ કરતા કરતા ત્યાં આવ્યા.

તે બન્ને બ્રાહ્મણ રાજાને જોઈ તેની આગળ પોતાના વાદનો ન્યાય કરવા માટે, બેમાંથી એક બ્રાહ્મણ પ્રથમ બોલ્યો "આ માણસે મને દક્ષિણા સહિત એક ગાય આપી છે. હું તે ગાય તેને પાછી આપું છું, પણ એ મારા હાથમાંથી શા માટે લેતો નથી?" બીજો બ્રાહ્મણ બોલ્યો–"મહારાજ! મેં કોઈ દિવસ પ્રથમ પ્રતિગ્રહ કર્યો નથી દાન લીધું નથી; તેમ મેં તેની પાસેથી ગાયની માંગણી પણ

* કાળ એટલે સમય, મૃત્યુ ને દૈવ.

કરી નથી, ત્યારે આ માણસ મને બલત્કારે શા માટે ગાય પાછી આપે છે?" બન્ને તરફ આ પ્રમાણેનું બોલવું સાંભળી રાજા બોલ્યો–"વાદીનું કહેવું સત્ય નથી. શા માટે ગાયનું દાન લીધા પછી, આ બ્રાહ્મણને, તેણે જે દાન દીધું છે તે દાન બળાત્કારે પાછું લેવાનું કહે છે?" આમ રાજા બોલતો હતો એવામાં, વચમાં વખત મળતાં ઇંદ્ર બોલ્યો–"ઓ રાજા ! જો તું આવી રીતે ન્યાય કરવો જાણે છે તો, આ જપ કરનારા બ્રાહ્મણ પાસેથી વર માંગી લે; કેમકે તેને વર માંગવા માટે તને કહ્યું છે. હવે તું શા માટે તેની પાસેથી વર માંગતો નથી?" રાજા આનો ઉત્તર આપવાને અશક્ત થઈ ગયો. તે જપ કરનારા બ્રાહ્મણને કહેવા લાગ્યો: "પવિત્ર પુરુષ ! મને તમારા જપનું અડધું ફળ આપો, તે વર હું માગું છું!" તે જપ કરનારા બ્રહ્મર્ષી ઋષિ બોલ્યો: "ઠીક છે,મારા જપનું અડધું ફળ તમે લ્યો." એમ કહી જપ કરનારા બ્રાહ્મણે તે રાજાને પોતાના જપનું અર્દ્ધફળ આપ્યું; એટલે તે રાજા અને પેલો જપ કરનારો બ્રાહ્મણ બન્ને જણ સ્વર્ગમાં ગયા અને ત્યાંથી શિવલોકમાં–મોક્ષપુરમાં ગયા. તે જાપક ત્યાં ઘણા કલ્પ સુધી રહ્યો; અને પછી ફરીથી પૃથ્વી ઉપર આવી, સ્વતંત્ર બની, યોગ સાધનાથી તેણે અક્ષય સિદ્ધિ પ્રાપ્ત કીધી હતી.

"આ રીતે, તે બ્રાહ્મણની માફક પંડિતો, સ્વર્ગ અને તેના જેવા તુચ્છ વૈભવની જરા પણ દરકાર કરતા નથી; કેવળ સિદ્ધિ મેળવવાની આશા રાખે છે. હે રાજા ! તે યોગની સિદ્ધિ તને આજ મળી ચૂકી છે, માટે હવે તું સ્વતંત્ર થયો છે તો તારા શરીરમાં પ્રવેશ કર."

યોગવિદ્યાનું સર્વ જ્ઞાન આપ્યા પછી, **મયદૈત્યે** દાનવ રાજા **ચંદ્રપ્રભને**, કાળ બ્રાહ્મણની વાર્તા કહી તે **સાંભળી** રાજા, રાણી, રાજકુમાર અને કાર્યભારી ઘણાં પ્રસન્ન થયાં.

## ચંદ્રપ્રભ દાનવની કથા (ચાલુ).

પછી **મયદાનવે** રાજાને તથા તેના પુત્ર વગેરે સઘળાને બીજા પાતાળમાં લઈ જઈ, એક દેવતાઈ નગરીમાં અંદર સઘળાંને દાખલ કર્યાં. સઘળાં માણસો ભવ્યભવનમાં પેસીને જુવે છે, તો ત્યાં એક ઉત્તમ પલંગ ઉપર એક સ્થૂલકાય પુરુષને પડેલો જોયો આ પુરુષ ભર નિદ્રામાં સૂતો હોય તેમ પડ્યો હતો. તેના શરીર ઉપર રસવાળા છોડવા ને ઘી ચોપડેલું હતું. તેની આકૃતિ ભૈરવ જેવી બીહામણી હતી અને તે પડેલા પુરુષને વિંટીને તેની આસપાસ દૈત્યરાજની કુમારિકાઓ બેઠી હતી–જેનાં મુખકમળ મ્લાન થઈ ગયાં હતાં. પછી **મયદાનવ ચન્દ્રપ્રભને** ઉદ્દેશી બોલ્યો:–"આ તારો દેહ પડ્યો છે. તેની આસપાસ વીંટાઈને બેઠી છે તે તારી પૂર્વ જન્મની સ્ત્રીઓ છે. હવે તું તારા પૂર્વ જન્મના ખોળીઆમાં પ્રવેશ કર." પછી **ચંદ્રપ્રભ** રાજા બતાવેલા યોગનું સાધન કરી, પોતાના સાંપ્રત શરીરનો ત્યાગ કરી, તે સુતેલા પુરુષના શરીરમાં પેઠો;* એટલે પલંગ ઉપર ભર નિદ્રામાં સુતેલો પુરુષ જાગૃત થયો હોય તેમ બગાસું ખાઈ હળવે હળવે આંખો ઉઘાડતો પલંગ ઉપર બેઠો થયો. **સુનીથને**

* આ જાતનો વિચાર ચિન દેશમાં ચાલતો હતો, એવું જાઇલ્સની ચમત્કારીક કથાઓપરથી જણાય છે. એમ ધારવામાં આવે છે કે બૌદ્ધ લોકોના જેમ બીજા વિચારો તેઓ આ દેશમાંથી, પોતાના દેશમાં લઈ ગયા



(**ચન્દ્રપ્રભ**) ઉભો થયો જોઈ, તેની અસુર સ્ત્રીઓ આનંદમાં આવીને પોકારવા લાગી કે; "અમારા પ્રાણપતિ **સુનીથદેવ** આજ જીવતા થયા.ધન્ય ઘડી ધન્ય દહાડો !" પણ **ચન્દ્રપ્રભે** પોતાનું જે શરીર ત્યાગ કરી દીધું, તે પ્રાણ વગરનું શરીર નીચે પડી ગયું, ને પાછું સજીવન થયું નહી. તે જોઈ **સૂર્યપ્રભ** વગેરે સઘળા એકદમ નિરાશ થઈ ગયા. **ચન્દ્રપ્રભ, સુનીથ** થઈ સુખની નિદ્રામાંથી જાણે જાગૃત થઈને ઉઠ્યો હોય તેમ તે નવા દેહમાં આવી ગયો અને પોતાના પિતા **મયદાનવને** જોઈ તેના ચરણમાં પ્રણામ કર્યાં. પછી તેના પિતાએ તેને આલિંગન કર્યું અને સર્વની સમક્ષમાં પૂછ્યું: "પ્રિય પુત્ર ! તને હવણાં એ જન્મ યાદ આવે છે ખરા ?" **સુનીથ** પિતાનું કહેવું સાંભળી બોલ્યો: "મને સર્વ યાદ છે!" આમ કહી **સુનીથના** જન્મમાં અને **ચન્દ્રપ્રભના** જન્મમાં જે જે વાર્તા બની હતી, તે તે વાર્તા કહી બતાવી. પછી **સૂર્યપ્રભ** વગેરેનાં, તેની રાણીઓનાં તથા પોતાની પ્રથમ જન્મની દાનવ રાણીઓનાં નામ લઈ, દરેકને શાંત પાડ્યા. પછી પોતાને **ચન્દ્રપ્રભના** જન્મનું શરીર કોઈ વખતે ઉપયોગમાં આવે એમ ધારી, તે શરીરને ઔષધિ અને ઘી લગાડીને સાચવી રાખ્યું. આ પ્રમાણે પિતાની વાતચિત ઉપરથી **સૂર્યપ્રભ** વગેરેના મનમાં ખાતરી થઈ કે, તે જ આપણા પિતા છે ને આપણને વિસરી ગયા નથી. તેને લીધે તે સર્વ ઘણા જ પ્રસન્ન થયા, અને પિતાને દંડવત્ પ્રણામ કીધા.

## સુનીથનો પુનર્જન્મ.

પછી **મયદાનવ** પૂર્ણ પ્રસન્ન થતો તે સઘળાંને તે નગરમાંથી એક બીજા નગરમાં લઈ ગયો. આ નગર આખું સોનાથી અને રત્નોથી ભરપૂર હતું. **સુનીથ** અને **સૂર્યપ્રભ** વગેરે તે શહેરમાં પ્રવેશ કરી આગળ જાય છે, ત્યાં એક વૈડુર્યમણિથી જડવામાં આવેલી ઉત્તમ વાવ જોવામાં આવી. આ વાવમાં અમૃત ભર્યું હતું. તે વાવના કીનારા ઉપર **સૂર્યપ્રભ** વગેરે સઘળા બેઠા. પછી **સુનીથની** રાણીએ જૂદી જૂદી જાતના મણિના વાસણમાં તે વાવમાંથી અમૃત ભરીને સઘળાને આપ્યું. સઘળા અમૃત કરતાં પણ ઉત્તમ તે વાવના અમૃતનું પાન કરી, તેના મદમાં મત્ત બનીને, વાવના કિનારા ઉપર નિદ્રાવશ થઈ ગયા. પણ જાગ્યા પછી સર્વ મહા પરાક્રમશાળી બની ગયાં હોય તેવાં જણાયાં. પછી **મયાસુરે ચંદ્રપ્રભ–સુનીથને** કહ્યું ! " પુત્ર, તું ઝટ મારી સાથે ચાલ. હું તને તારી વિરહિણી માતાનાં દર્શન કરાવું;" એટલે **સુનીથે** કહ્યું; "ચાલો, હું તૈયાર છું." પછી **મયદાનવ** આગળ થયો અને તેની પાછળ **સુનીથ** ચાલ્યો. **મયદાનવ, સુનીથ** તથા તેની સાથે રહેલા **સૂર્યપ્રભ** વગેરે સઘળાને, ચોથા પાતાળમાં લઈ ગયો. તે સઘળા, માર્ગમાં જૂદી જૂદી ધાતુના બનાવેલા ચિત્રવિચિત્ર શહેરને જોતાં જોતાં, એક સુવર્ણના નગરમાં જઈ પહોંચ્યા. ત્યાં રત્નથી જડેલા સ્થંભો ઉભા કરવામાં આવ્યા હતા. તે શહેરમાં સર્વ જાતની સંપત્તિ હિલમિલ થઈ રહી હતી. ત્યાં સઘળાએ **મયદાનવની** સ્ત્રી–**સુનીથની** માતા **લીલાવતી**–જે સ્વર્ગની અપ્સરાને પણ

છે, તેમ જ આ વાત પણ લઈ ગયા હશે. આત્માને દેહાંતર પ્રાપ્તિ થવી, એવું માનીને ચિનાઓ કહે છે કે, બાળકો જન્મતા સાથે બોલે છે. યુરોપમાં આ મત પ્રવર્તવાનું સાધન પણ બૌદ્ધ ધર્મજ હશે. મિશરની પ્રજા વળી આથી કંઈ જૂદી જ રીત માને છે. તેઓ માને છે કે મૃત શરીરમાંથી આત્મા જાય છે ને તે પાછો આવે છે.

લજ્જાવંત કરે તેવી અસુરાંગનાને દીઠી. અસુરની કન્યાઓ તેને વિંટીને ચ… આસપાસ બેઠી હતી; તેનું શરીર સર્વ જાતનાં આભૂષણોથી શણગારેલું હતું. આવી રીતે ઠાઠમ… …ઠમાં બેઠેલી લીલાવતી પોતાના પુત્ર સુનીથને આવ્યો જોઈ, એકદમ ઉભી થઈ મળવા ધસે … તેવ… …માં સુનીથે પોતાની માતુશ્રીનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. તેની માતા ઘણે દિવસે … આવેલા પુત્રને છાતી સરસો ચાંપી રડવા લાગી; અને પછી પૂછ્યું: "ભાઈ! તું પાછો કેમ … અહીં આવી શક્યો?" તુરત સુનીથે સઘળી વાર્તા કહી સંભળાવી. તે ઉપરથી લીલાવતી પોતાના પ… …તિ, મયાસુ-રનાં વખાણ કરીને બોલી; "પ્રાણપતિ ! તમે મને પુત્ર સાથે મેળાપ કરાવ્યો છો!" ત્યા… …રે મયદા-નવ બોલ્યો: "પ્રિયે ! તારો બીજો પુત્ર સુમુંડીક હતો. તે આ સુનીથનો પુત્ર થઈ અવ… …તર્યો છે; અને તેનું નામ સૂર્યપ્રભ છે-જો તે આ રહ્યો. આ પુત્રને શિવજીએ આ જ શરીરે ભવિ… …ષ્યમાં વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા ઠરાવ્યો છો!" તે સાંભળી લીલાવતી હર્ષભરી આંખોથી સૂર્યપ્રભને જોવા લાગી અને સૂર્યપ્રભ કાર્યભારી સહિત જઈને લીલાવતીનાં ચરણમાં પડયો, ત્યારે લીલાવતી આશીર્વાદ દેતી બોલી; "ભાઈ પુત્ર! વહાલા ! સુમુંડીકના શરીરનું તારે શું પ્રયોજન છે? તું આ શરીરથી જ રૂપાળો દેખાય છે." પછી મયદાનવે પોતાનો પુત્ર ફરી આવ્યો, તેના ઉત્સવમાં પોતાની પુત્રી મંદોદરી અને વિભીષણનું સ્મરણ કીધું. તે બન્ને જણાં તરત તે ઉત્સવમાં દાખલ થયાં. મયદાનવે તે બન્નેનો ઘણો સત્કાર કર્યો. સત્કાર થઈ રહ્યા પછી, વિભીષણ બોલ્યો: "ઓ દાનવોના અધિપતિરાજ ! તું જો મારી સૂચના સાંભળતો હોય તો હું તને કહું છું તે સાંભળ. દૈત્યોમાં તું જ એક પુણ્યશાળી અને બડભાગી છે, માટે તારે કારણ વગર દેવતાઓની સાથે વૈર કરવું નહીં. જો તું તેની સાથે વૈર કરીશ, તો તારો નાશ થશે, પણ બીજું કંઈ ફળ મળશે નહીં. કારણ કે સંગ્રામમાં દેવતાઓએ અસુરોને માર્યાં છે, પણ અસુરોએ દેવોને માર્યાં નથી."

તે સાંભળી મયાસુર બોલ્યો: "અમે કંઈ સંગ્રામ કરવાના નથી, પણ ઈન્દ્ર પોતે લડાઈ કરવાનું કરે છે તો કહો, અમે તે કેમ સહન કરીએ? વળી તમે કહો છો કે, દેવોએ દૈત્યોનો સંહાર કર્યો છે, તો જે દૈત્યો આળસુ હતા તેને દેવતાઓએ મારી નાંખ્યા છે, પરંતુ બળી જેવા સાવધાન દૈત્યને કેમે કરતા મારી શકયા નથી!" આવી રીતે મયદાનવે કહ્યા પછી, વિભીષણ તેની પાસેથી રજા લઈ, પોતાની રાણી મંદોદરી સહિત પોતાને ઘેર ગયો.

ત્યાર પછી મયાસુર, સૂર્યપ્રભ વગેરેને અને સુનીથને ત્રીજા પાતાળમાં બળી રાજા જ્યાં રહેતા હતા ત્યાં મળવા લઈ ગયો. ત્રીજું પાતાળ સ્વર્ગ કરતાં પણ વધારે સુંદર હતું. બળીરાજાએ મોટી માળા પહેરી હતી, માથે મુકૂટ ધારણ કર્યો હતો, તેનાં સર્વેએ દર્શન કીધાં. પછી દૈત્ય અને દાનવો* તેની આસપાસ બેઠા. સુનીથ વિગેરેએ ક્રમ પ્રમાણે બળી રાજાના ચરણમાં સાષ્ટાંગ

* દૈત્ય તે કશ્યપની એક સ્ત્રી દિતિના પુત્ર ને દાનવ તે બીજી સ્ત્રી દનુના પુત્ર, પુરાણોમાં ક… છે. સુર-દેવના સામા પક્ષના તેથી સુર નહિ તે અસુર. અસુરના ત્રણ પ્રકાર છે: દૈત્ય, દાનવ ને રાક્ષ… તેમાં પહેલા છે તે ઉત્તમ જાતિ છે, છેલ્લા તે અધમ છે. દૈત્ય દાનવ હોમ કર્મ કરે, વેદાદિકને માને, કર્મ…



દંડવત્ કર્યાં. બળી રાજાએ પણ તે સઘળાનો યથોચિત સત્કાર કરી માન આપ્યું. પછી મયાસુરે સઘળી વાર્તા બળી રાજાને જણાવી. બળી ઘણો રાજી થયો; અને તેણે પ્રહ્લાદને તથા બીજા દાનવોને બોલાવ્યા. પ્રહ્લાદ વગેરે સઘળા ત્યાં આવ્યા, એટલે સુનીથ વગેરેએ તેમનાં ચરણમાં પણ પ્રણામ કર્યાં. એ જોઈ પ્રહ્લાદ વગેરે આનંદમાં તલ્લીન થઈ ગયા અને સરળ સ્વભાવવાળા સુનીથ વગેરેનો ઘણો સત્કાર કર્યો. પછી સભામાં બળી રાજા બોલ્યા: "આ સુનીથ તો પૃથ્વી ઉપર ચન્દ્રપ્રભના નામથી જન્મ્યો હતો. તે પુનઃ સુનીથનું શરીર મેળવીને જીવતો થયો છે; અને જે સુમુંડીક અવતર્યો હતો, તે સૂર્યપ્રભના નામથી પૃથ્વી ઉપર જન્મ્યો છે, તે પણ અત્ર આવ્યો છે. આ સૂર્યપ્રભ આ જ શરીરે ભવિષ્યમાં વિદ્યાધરનો ચક્રવર્તી રાજા થશે, આમ શંકરે ભવિષ્ય કહ્યું છે. મેં જે યજ્ઞ કર્યો તે યજ્ઞના પ્રતાપથી મારાં સઘળાં પાતિક નાશ થઈ ગયાં છે, અને હવે આ બન્ને જણા આપણને મળ્યા છે; તેમનાથી આપણો અભ્યુદય અવસ્ય થવાનો છે." બળી રાયનું આવું બોલવું સાંભળી, તેના ગુરુ શુક્રાચાર્ય બોલ્યા: "સત્ય કહું તો આટલું નક્કી છે કે, જે યોગ્યાચરણ કરે છે તે કદી પણ ઐશ્વર્યમાંથી પાછા પડતા નથી. ધર્મ પ્રમાણે વર્તો, અને આ પ્રસંગે પણ હું કહું છું તેમ જ કરો." તે સાંભળી તે વખતે સાત પાતાળના દાનવ રાજાઓ-જે તે સભામાં ભેળા થયા હતા તે સઘળાએ, "તમે કહેશો તેમ કરીશું," આમ ઉત્તર આપી, તેમના વચનને અંગીકૃત કર્યું. બલી રાજાએ સુનીથનો પુનર્જન્મ થયો તેની ખુશાલી માટે મહોત્સવ કર્યો.

આ પ્રમાણે ચારે તરફ ઉત્સવ વર્તાઈ રહ્યો હતો. એ સમયમાં નારદ મુનિ ફરતા ફરતા ત્યાં પધાર્યાં. બળી રાજાએ જળથી તેના પાદ પખાળ્યા. પછી નારદ આસનપર બિરાજી સઘળા દાનવોને કહેવા લાગ્યા: "મને તમારી પાસે ઈંદ્ર રાજાએ મોકલ્યો છે; અને તેણે કહાવ્યું છે કે, 'સુનીથનો પુનર્જન્મ થયો, તેથી મને પરમાનંદ થયો છે; હવે તમારે ફરીથી નિષ્કારણ વૈર કરવું નહીં; તેમ તમારે મારા પક્ષના શ્રુતશર્માની સાથે પણ વિરોધ કરવો નહીં.'" આવી રીતે નારદે ઈંદ્રનાં કહેલાં વચનો કહી સંભળાવ્યાં, ત્યારે પ્રહ્લાદજી બોલ્યા: "સુનીથનો પુનર્જન્મ થવાથી ઈંદ્ર પ્રસન્ન થયા! ઠીક. ઠીક. બીજું તે શું કરે? પણ અમે કોઈ પણ રીતે નિષ્કારણ વૈર કરીએ તેવા નથી. આજે અમે સઘળાએ એકઠા મળીને ગુરુ શુક્રાચાર્યની સમક્ષમાં એવો ઠરાવ કર્યો છે કે, અમારે નિષ્કારણ કોઈ સાથે વિરોધ કરવો નહીં. પરંતુ શ્રુતશર્મા જો પોતાના પક્ષના આશ્રયપર કુદી બલાત્કારથી અમારી સાથે વિરોધ કરશે, તો અમે તેની સાથે વિરોધ કરીશું, તેમાં અમને ઠપકો શાનો? પૂર્વ જન્મમાં સૂર્યપ્રભે શંકરની ઉપાસના કરી હતી, તે માટે તેના પક્ષમાં રહેલા દેવનાદેવ શંકરે 'આ શરીરે તે ચક્રવર્તી થશે' એવું કહ્યું છે; માટે શિવે જે થવાનું

માને, ઈશ્વરને પણ માને, પણ રાક્ષસ કોઇને પણ માને નહીં. રાક્ષસો મનુષ્ય માંસ ખાય, પણ દૈત્ય-દાનવ તેને અડકે પણ નહીં. પણ દાનવ ને દૈત્ય ઇંદ્રાદિ દેવના કટ્ટા શત્રુ, તેથી તેઓને પુરાણોમાં અધમ ગણ્યા છે. હું ધારું છું કે દાનવ કરતાં દૈત્ય વિશેષ કરડા ને કર્કશ ને ઉદ્ધત સ્વભાવે હોવા જોઈયે. તેમનાં તેવાં કર્તવ્યો પુરાણોમાં વર્ણવેલાં છે. દૈત્ય દાનવ બંનો દેવ પક્ષના તો ખરા, પણ સ્વભાવથી જુદા પડયા છે. તેઓની માતાનું કુળ દક્ષને ત્યાં છે ને પિતા કશ્યપ છે. તેમનું નામ પૂર્વદેવ એમ અમરકોશમાં છે.

જણાવ્યું છે, તે રસ્તે જવાની અમને ઇચ્છા થાય તો તેમાં અમે શું કરીએ? અપમારો તે કામ કર્યાં વગર છૂટકો નથી. આ તો સ્પષ્ટ છે કે, ઈન્દ્ર જે કાંઈ બોલે છે તે નિષ્કારણ અને બોલે છે." જ્યારે દાનવના રાજા **પ્રહ્લાદે નારદને** આમ કહ્યું, ત્યારે **નારદ** મુનિ 'ઠીક છે' કહી, ઈન્દ્રની નિંદા કરતા કરતા ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. **નારદના** ગયા પછી, **શુક્રાચાર્ય**, દાનવ કહેવા લાગ્યાઃ "મજબુતાઇથી આપણી સામા થવાનો ઇંદ્રે ઠરાવ કરેલો જણાય છે. પરંતુ ઉપર **શંકરની** પૂર્ણ કૃપા છે તો તેનું આપણા આગળ શું ચાલવાનું છે? વળી તેઓને **વિષ્** પ્રેમ છે, તો તેની આપણને શી દરકાર છે? ભલે તેનાથી થાય તે કરે." દાનવો આ **શુક્રાચાર્યનું** વચન સાંભળી, તેના કહેવાને સ્વીકારી, **પ્રહ્લાદ** અને **બળીરાજાની** રજા પોત પોતાને ઘેર ગયા. ત્યાર પછી **પ્રહ્લાદ** ચોથા પાતાળમાં પોતાને ઘેર ગયો અને **મય**, તથા બીજા, **સૂર્યપ્રભ** અને સઘળા દાનવો, **બળીરાજાને** પ્રણામ કરી, તેની પાસેથી રજા પાછા પોતાને ઘેર ગયા; અને **બળીરાજા**, સભામાંથી ઉઠીને આરામગૃહમાં ગયા.

**સુનીથ** અને **સૂર્યપ્રભ** વગેરે પોતાને ઘેર જઈ સ્વાદિષ્ઠ ભોજન કરી, જળપાન કરીને બેઠા એવામાં **સુનીથની** માતા **લીલાવતી** આવી અને **સુનીથને** કહેવા લાગીઃ 'દીકરા, તને ખબર કે, આ તારી ત્રણ સ્ત્રીઓ મોટા પુરુષની પુત્રીઓ છે. **તેજસ્વતી કુબેરની** દીકરી છે; **મંગલાવતી** **તુંબરુની** પુત્રી છે; અને **કીર્તિમતી**, કે જેને તું **ચંદ્રપ્રભના** દેહે પરણ્યો છે તે, તારે જાણવું જોઈયે કે **વસુપ્રભાવની** કન્યા છે. માટે તારે આ ત્રણે રાણીઓને સમદૃષ્ટિથી જોવી." આમ કહી મુખ્ય ત્રણ રાણીઓ **સુનીથને** સોંપી. **સુનીથ** તે દિવસે રાત્રિએ મુખ્ય મોટી રાણી **તેજસ્વતીની** સાથે વિલાસભવનમાં આરામ લેવા માટે ગયો. શયનગૃહમાં જઈ, રાજાએ પ્રથમ રતિસુખ ભોગવ્યું હતું, તોપણ જાણે આજે નવું જ હોય તેની માફક ઘણીવાર થયા ઉત્કંઠિત થયેલી સ્ત્રી સાથે રતિસમાગમનું અનિવાર્ય સુખ ભોગવ્યું.

## કળાવતીની કથા.

બીજા શયનગૃહમાં, **સૂર્યપ્રભની** પાસે રાણીઓ ન હોવાથી, તે એક શય્યા ઉપર સૂતો હતો, તથા તેના કાર્યભારીઓ, તેની પાસે સૂતા હતા. **સૂર્યપ્રભ** એકલો હોવાથી તેને નિદ્રા આવી નહીં, તેથી જાણે 'આ માણસ પ્રેમ વગરનો છે ને એણે પોતાની રાણીઓને મૃત્યુલોકમાં નદીના કિનારા ઉપર મૂકેલી છે, માટે તેની પાસે મારે પણ જવું નહીં,' આમ ધારી જાણે નિદ્રાદેવીએ તેનો ત્યાગ કર્યો હોય, તેમ જણાતું હતું. તેમ કામની જ ચિંતામાં લાગેલા **પ્રહસ્ત** ઉપર પણ ઇર્ષ્યા આવી હોય, તેમ તેનો પણ ત્યાગ કરી દીધો. **પ્રહસ્તને** પણ કામની ફીકરમાં નિદ્રા આવતી નહોતી, કેમકે તે તેનો ઇર્ષાથી ત્યાગ કરી ગઈ હતી. પણ તે શિવાયના બીજા સર્વે **સૂર્યપ્રભની** આસપાસ સૂતેલા, સુખમાં નિદ્રા લેતા હતા. આવા સમયમાં **પ્રહસ્તે** અને **સૂર્યપ્રભે** એક અનુપમ કન્યાને, સખી સહિત સુખાશ્રમમાં પ્રવેશ કરતાં જોઈ. આ કન્યાનું સૌંદર્યસ્વરૂપ એવું તો દિવ્ય હતું કે, બ્રહ્માના મનમાં પણ એમ થયું કે, આ કન્યાની આગળ મારી રચેલી દેવાંગનાઓ નિસ્તેજ થઈ જશે. માટે તેમ ન થાય એમ ધારી તેને જાણે આજદિન સુધી પાતાળમાં ગોંધી રાખી હોય, તેવી તે જણાતી



હતી. તે કન્યાને જોઈ **સૂર્યપ્રભ** પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ કન્યા કોણ હશે. એટલામાં તો તે કન્યા અંદર આવી અને નિદ્રાવશ થયેલા **સૂર્યપ્રભના** દરેક મિત્રોને જોવા લાગી. તેમાં જેને જેને ચક્રવર્તીનું ચિહ્ન નહતું તેવા માણસોનો ત્યાગ કરી, સર્વની મધ્ય ભાગમાં સૂતેલા **સૂર્યપ્રભની** પાસે જઈ તપાસ કરી. તેના શરીરમાં ચક્રવર્તીનાં ચિહ્નો જણાયાપછી તે તેની પાસે ગઈ અને પોતાની પ્રિય સખીને કહેવા લાગીઃ "સખીરિ! આ માણસ ચક્રવર્તી છે, માટે તારા ઠંડાગાર હાથ એનાં ચરણને અડાડીને જાગૃત કર." કન્યાનું કહેવું સાંભળી તેની સખીએ તે પ્રમાણે કર્યું. **સૂર્યપ્રભ** ભરનિદ્રાનો ઢોંગ કરીને સૂતો હતો. તેણે પોતાનાં નેત્રો ઉઘાડી નાંખ્યાં, અને જોયું તો બે કન્યા નજરે પડી. તેને જોઇ તે બોલ્યોઃ–"તમે બે કન્યા કોણ છો અને તમને બેને અહીં આવવાનું શું કારણ છે?" તે સાંભળી તે કન્યાની સખીએ ઉત્તર આપ્યોઃ– "મહારાજ! સાંભળો. સુતળ પાતાળમાં **અમીલ** નામનો વિજયી દૈત્ય રાજા રાજ્ય કરે છે. તે **હિરણ્યાક્ષનો** દીકરો થાય છે. તેનું બળ અતુલ છે. તે દૈત્યરાજની કળાવતી નામની આ કન્યા છે, જે તેને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે. આજ **બળીરાજાને** ઘેર દાનવોની સભા મળી હતી. તેમાં તેના પિતા ગયા હતા. તેમણે **બળીરાજાની** પાસેથી ઘેર પાછા આવીને કહ્યું કે, 'આજ ઘણી આનંદની વાત થઈ છે કે, મરી ગયેલો **સુનીથ** પુનર્જન્મમાં આવ્યો છે, અને **સુમુંડીક** તરુણ અવસ્થામાં **સૂર્યપ્રભને** નામે મનુષ્ય લોકમાં અવતર્યો છે. આ **સૂર્યપ્રભને શંકરે** ભવિષ્યમાં વિદ્યાધરનો ચક્રવર્તી રાજા બનાવ્યો છે; માટે હું **સુનીથના** પુત્ર **સૂર્યપ્રભને** મારી પુત્રી કળાવતી અર્પણ કરી, અહીં મારે ઘેર **સુનીથનો** આદરસત્કાર કરવા ધારું છું. પણ મારું અને **સુનીથનું** ગોત્ર એક છે, તેથી આ કન્યા તેના પુત્રને દેવી, યોગ્ય તો ગણાય નહિ; તોપણ ખરું જોતાં તો **સૂર્યપ્રભ ચન્દ્રપ્રભ** રાજાનો પુત્ર ગણાય, પણ **સુનીથ** દાનવનો પુત્ર ગણાય નહીં; કારણ કે તેનો જન્મ મનુષ્ય લોકમાં થયો છે, પણ અસુર લોકમાં થયો નથી; માટે આપણે તેના પુત્રને કન્યાદાન દેવામાં અડચણ નથી ને તેથી તેના પુત્રનું જે સન્માન કરીશું તે સન્માન તેનું જ કર્યું કહેવાશે.' આવી રીતે પોતાના પિતાની પાસેથી તમારા ગુણાનુવાદ સાંભળી, મારી સખીનું મન તમારા ઉપર ચોંટ્યું; અને તમારાં દર્શન કરવાના કુતૂહલથી તમારી પાસે આવી છે." આ પ્રમાણે કળાવતીની સખીએ કહ્યું, ત્યારપછી; "ઠીક" કહી **સૂર્યપ્રભ** તે કન્યાની ઇચ્છા કેવી છે, તે જાણવા માટે ઢોંગ કરી પાછો નિદ્રા કરવા લાગ્યો. પછી તે અસુરકન્યા ધીમે ધીમે જાગૃત થયેલા **પ્રહસ્તને** જોઈ તેની પાસે ગઈ; અને તેણે પોતાની સખીદ્વારા સઘળી વાર્તા **પ્રહસ્તને** જણાવી ને પોતે બહાર નિકળી ગઈ. **પ્રહસ્ત** શય્યામાંથી ઉઠી **સૂર્યપ્રભ** પાસે આવ્યો, અને બોલ્યો; "મહારાજ! જાગો છો કે ઉંઘો છો?" એટલે તે જાગૃત થઇને બોલ્યોઃ "મિત્ર, હું જાગું છું. કારણ કે મને એકલાને નિદ્રા ક્યાંથી આવે? મારે તારી આગળ કંઈ ગુપ્ત રાખવાનું નથી, માટે હમણાં શું બન્યું તે વિશે કહું છું તે સાંભળ. અહીં હવણાં એક કન્યા, સખી સહિત આવી હતી. તે કન્યા એક જ છે. ત્રણ લોકમાં પણ તેના જેવી બીજી કન્યા મારા જોવામાં આવી નથી. તે કન્યા મારા મનને મોહ ઉપજાવીને ચાલી ગઈ છે, માટે તેને શોધી કાઢ. તે હમણાં

આટલા તેટલામાં જ હશે.” સૂર્યપ્રભનું આવું વચન સાંભળી, પ્રહસ્ત શયનમંદિરની બહાર આવ્યો અને જુવે છે તો તે કન્યા અને તેની સાથે આવેલી તેની સખી ઉભેલાં હતાં. તેમને જોઈ પ્રહસ્ત બોલ્યો;–“ મેં તમારી માંગણીથી મારા રાજાને જાગૃત કર્યો છે, માટે આપ મારી માંગણીથી અમારા રાજા પાસે આવી, પુનઃ તેના રૂપને નિહાળી તમારાં નેત્રને કૃતાર્થ કરો. તમારું આ ... જોઈ મોહિત બનેલા મારા રાજા પણ તમારા રૂપને ફરીને જોશે, એટલે આનંદ પામશે ... રાજા જ્યારે જાગૃત થયા ત્યારે તેણે તમારા વિશે વાતો કહી, તથા મને કહ્યું; ‘તે કન્યા જ્યાં હો ...ય ત્યાંથી મારી પાસે હમણાંને હમણાં લઈ આવ અને મને બતાવ. હું જો તે કન્યાને આજ ... મળીશ નહીં, તો મરણ પામીશ.’ માટે હું તમારી પાસે આવ્યો છું. હવે તમે પોતે તેની પાસે ...યાવી તેને જુવો.” આવી રીતે પ્રહસ્તે કહ્યું, એટલે તે કન્યા જવાને તૈયાર તો થઈ, તથાપિ સ્વાભાવિક લજ્જાને વશ હોવાથી આનાકાની કરવા લાગી; એટલે પ્રહસ્ત તે કન્યાનો ડાબો હાથ પકડી સૂર્ય-પ્રભની પાસે લઈ આવ્યો. સૂર્યપ્રભ કળાવતીને પોતાની નજીક આવેલી જોઈ બોલ્યોઃ “અયિ સુંદરી! જ્યારે હું નિદ્રામાં હતો ત્યારે અત્ર આવી મારા હૃદયમાં પ્રવેશ કરી, તેને હરી જવું, એ શું તને લાયક છે કે? અરે ચિત્ત ચોરટિ ! મદનમૂર્તે! હું આજ તેનો બદલો લીધા વગર તને જવા દઇશ નહીં.”

સૂર્યપ્રભની વાક્ચાતુરી શ્રવણ કરી કળાવતીની સખી, જે કામકળામાં ઘણી જ નિપુણ હતી તે બોલી; “એના પિતાએ જન્મથી જાણ્યું હતું, ત્યારથી શિક્ષા કરવા આ ચિત્તચોરટી તમને અર્પણ કરવાનો નિશ્ચય કરી રાખ્યો છે; તો હવે તેમાં કોનાથી ના પડાય તેમ છે? શા માટે તમારી હૃદયશાંતિ માટે એને દંડ દેતા નથી ?” તે સાંભળી સૂર્યપ્રભે, કળાવતીને આલિંગન કર-વાની ઇચ્છા કરી. કળાવતી લજ્જાવશ થઇને બોલીઃ “પ્રાણેશ ! એમ કરો મા. હજુ હું કુમા-રીકા છું.” ત્યારે પ્રહસ્તે કહ્યુઃ “દેવિ! તમે જરા પણ શંકા કરો ના. ગાંધર્વવિવાહ તો આ જગ-તમાં સર્વોપરી વિવાહ છે!” આટલું કહી પ્રહસ્ત સઘળાંને જાગૃત કરી, તેમની સાથે શયનગૃહની બહાર નિકળી ગયો, અને સૂર્યપ્રભે શયનગૃહમાં દાનવકન્યા કળાવતી સાથે ગાંધર્વ લગ્ન કર્યાં, અને મનુષ્યને મળી શકે નહીં, તેમ કોઈ દિવસ તેના સુખનો ચિતાર મનમાં પણ આવી શકે નહીં એવું અનુપમ સુરતસમાગમનું નવલ સુખ ભોગવવા લાગ્યો.

રસરંગમાં રાત્રિ વીતી ગઇ અને પ્રભાત થવા આવ્યું, એટલે કળાવતી પોતાને ઘેર ચાલી ગઈ, અને સૂર્યપ્રભ તથા સુનીથ, મયદાનવની પાસે ગયા. ત્યાં સઘળા એકઠા મળ્યા. તે સઘળા સભામાં પ્રહ્લાદજી બેઠા હતા ત્યાં ગયા. સભામાં બિરાજેલા પ્રહ્લાદે તેઓને યથોચિત સન્મા-ન આપ્યું, અને પછી તે બોલ્યાઃ “મય, આ સુનીથના મહોત્સવમાં અમારે પણ તમારો કંઈ સત્કાર કરવો જોઇએ, માટે તે નિમિત્તે આજ આપણ સઘળા એકઠા મળીને ઉજાણી કરીએ;” એટલે મય બોલ્યોઃ–“એમ કરવામાં કશી અડચણ નથી; ભલે ઉજાણી કરો.” પ્રહ્લાદે દૂતો મારફતે દૈત્યરાજાઓને નિમંત્રણ કરાવ્યું. સઘળા પાતાળમાંથી સર્વ દૈત્યો એક પછી એક ત્યાં આવવા લાગ્યા. અસંખ્ય મોટા અસુરોને સાથે લઈ પ્રથમ બળીરાજા આવ્યો. તેની પુઠે અમીલ અને



તેની પુઠે પરાક્રમી દુરારોહ, સુમાય, તંતુકચ્છ અને વિકટાક્ષ આવ્યા, અને પ્રકંપન, ધૂમકેતુ તથા મહામાય વગેરે બીજા જે જે અસુરના રાજાઓ હતા, તે સઘળા રાજાઓ પણ ત્યાં આવ્યા. દરેક રાજા પોતાની સાથે હજાર હજાર સામંતોને લઈ આવ્યા હતા.

## મહલ્લિકાનો પ્રેમ.

સઘળા રાજાઓ સભામાં દાખલ થઈ પરસ્પર એક બીજાને પ્રણામ કરી ક્રમવાર–હોદ્દા પ્રમાણે–આસનપર બેસી ગયા. તેમનાથી આખી સભા ચિકાર થઈ હતી. આ સઘળાને પ્રહ્લા-દજીએ માન આપ્યું. ભોજનનો સમય થયો, એટલે સઘળા રાજાઓ ઉઠીને મયદા-નવની સાથે ગંગાસ્નાન માટે ગયા. સ્નાન કરી પાછા ફરી ભોજન કરવા માટે ભોજનગૃહમાં આવ્યા. આ ગૃહની રચના અનુપમ હતી. તે ઓરસ ચોરસ સો યોજન પહોળું હતું; તેની ભીંત સુવર્ણ અને મણિની બનાવેલી હતી; રત્નના સ્તંભો ઉભા કરવામાં આવ્યા હતા, અને ચોમેર મણિઓનાં વિચિત્ર વાસણો ગોઠવી રાખ્યાં હતાં. આવી રીતે સર્વ સાધનવાળી ગંજાવર સભામાં સઘળા દાનવો, પ્રહ્લાદ, મય, સુનીથ, સૂર્યપ્રભ અને બીજાઓ પોતપોતાના કાર્યભારીની સાથે નાનાપ્રકારના ખાવાના, પીવાના, ચાટવા વગેરેનાં ૭ રસવાળાં દિવ્ય ભોજન જમવા લાગ્યા. જમ્યા પછી ઉત્તમ સરબત વિગેરેનું પાન કરી, સઘળા દાનવો, રત્નથી જડેલા બીજા સભામંડપમાં ગયા. ત્યાં દૈત્ય તથા દાનવની કન્યાનું નૃત્ય થતું હતું. આ નૃત્યનું તાન-માન ચાલેલું છે તે પ્રસંગે પ્રહ્લાદજીની આજ્ઞા થવાથી, તેની પુત્રી મહલ્લિકા નૃત્ય કરવા આગળ આવી. તેના તેજથી દશ દિશામાં પ્રકાશ થઈ રહ્યો. તે કન્યા, જોનારાના નેત્રમાં અમૃતનો વર્ષાદ વરસાવતી હતી, અને જાણે સ્વેચ્છાથી ચન્દ્રપ્રતિમા પાતાલને વિશે આવી હોયની શું, તેમ લાગતું હતું. તેણે લલાટમાં ચાંલ્લો કર્યો હતો, પગમાં મનોહર ઝાંઝર પહેર્યાં હતાં, તેની દૃષ્ટિ જરા હાસ્ય કરતી હોય તેવી દેખાતી હતી. તે, જાણે બ્રહ્માએ નૃત્યની મૂર્તિ તો બનાવી ન હોય તેવી જણાતી હતી. તેના કેશ અણીદાર ખીટલીયાળા હતા; દાંત અણી-દાર સ્ફટિક મણિ જેવા હતા; છાતીના ભાગમાં ઊંચાં ગોળાકાર દીપી રહેલાં સ્તન, તે જાણે નવા પ્રકારનું નૃત્ય ઉત્પન્ન કરતાં હોય તેવાં શોભતાં હતાં. સૂર્યપ્રભે આ કન્યાને નૃત્ય કરતાં દીઠી કે, તરત તેનું મન બીજી સ્ત્રીઓએ જો કે વશ કર્યું હતું, તોપણ બલાત્કારથી તે મોહિની તરફ તણાઈ ગયું; અને મહલ્લિકાએ પણ દૂરથી દાનવોની સભામાં બેઠેલા અને શંકરે કામને બાળી નાંખવાથી, બ્રહ્માએ જાણે બીજો કામ ઉત્પન્ન કર્યો હોય તેના જેવા જણાતા સૂર્યપ્રભને દીઠો. સૂર્યપ્રભને જોતાં વાર જ મહલ્લિકાનું મન તેનામાં તલ્લીન થઈ ગયું. તે કન્યાએ આવી રીતે કુદૃષ્ટિ કરી સભાની વચમાં અવિનય વાપર્યો. તે જોઈ તેના અંગના હાવભાવ પણ ક્રોધથી ચલાયમાન થવા લાગ્યા હોય તેમ જણાયું. સભાસદોએ તે બંનેના હાવભાવ જાણી, ‘કુંવરી થાકી ગઇ છે’ આમ કહી નૃત્ય બંધ કરાવ્યું. મહલ્લિકાને તેના પિતાએ રજા આપી. તે સઘળા દાનવ રાજાઓને પ્રણામ કરી, તીરછી આંખથી સૂર્યપ્રભને જોતી જોતી, પોતાના મંદિરમાં ચાલી ગઈ. સાયંકાળ થવા આવ્યો, સભા વિસર્જન થઇ. સર્વ દાનવો પોતપોતાને ઘેર ગયા અને સૂર્ય-પ્રભ પણ પોતાને ઉતારે ગયો.

જ્યારે રાત પડી ત્યારે કળાવતી પાછી આવી, અને સૂર્યપ્રભ તેની સાથે શય[ન] ગૃહમાં કોઈ ન જાણે તેમ જઇને સૂતો. તેના સર્વ ચાકરો શયનગૃહની બહારના ભાગમાં સૂતા હતા. એ સમયે મહલ્લિકા પણ સૂર્યપ્રભને મળવાની આતુરતાથી પોતાની વિશ્વાસપાત્ર બે સ[ખી]ઓને સાથે લઇ, સૂર્યપ્રભને ઉતારે આવી. શયનગૃહમાં જવા માટે તે જ્યાં ઇચ્છા કરે છે, એવામાં [..] સૂર્યપ્રભનો એક કાર્યભારી પ્રજ્ઞાઢ્ય જાગી ઉઠયો, અને તેણે મહલ્લિકાને શયનગૃહમાં જવાને તૈ[યારી] કરતી દીઠી. તેને તેણે ઓળખી એટલે ઝટ પલંગ ઉપરથી ઉભો થઇને બોલ્યો: "દેવિ! હું અં[દર] જઇને પાછો આવું ત્યાં સૂધી તમે બહાર ઉભાં રહેશો. મને બહાર આવતાં એક ક્ષણ લાગશે! [..]" તે સાંભળતાં મહલ્લિકા શંકા સહિત બોલી: 'તમે મને બહાર ઉભા રહેવાનું કહો છો અને અંદ[ર] જવાની ના પાડો છો, એનું કારણ શું?" પ્રજ્ઞાઢ્યે ફરીથી કહ્યું; "તમો આમ અકસ્માત, જ્યારે મહા[રાજ] [મ]હારાજ સૂતા છે ત્યારે, કેમ પ્રવેશ કરી શકો? વળી આજે મહારાજ વ્રત કરી સૂતા છે તેને અચાનક [..] ઉઠાડવા ઠીક લાગશે નહીં." તે સાંભળી મહલ્લિકા લજ્જાવશ થઈ ગઈ અને બોલી: "પ્રજ્ઞાઢ્ય! એમ હોય તો ભલે તું એકલો અંદર જા, અમે બહાર ઉભાં છીએ." પ્રજ્ઞાઢ્ય શયનગૃહની અંદર પેઠો; અને કળાવતીને નિદ્રાવશ જોઈ પોતે સૂર્યપ્રભની પાસે ગયો અને તેને જગાડી જણાવ્યું કે, 'મહલ્લિકા પોતાની ઇચ્છાથી આપને મળવા આવી છે.'

સૂર્યપ્રભ પોતાના મંત્રી પાસેથી મહલ્લિકાના સમાચાર જાણી, હળવે હળવે શય્યા ઉપરથી ઉઠયો; અને બહાર આવી મહલ્લિકાને અને તેની બે સખીને જોઇને બોલ્યો: "તમે અહીં આવીને આ અભ્યાગત મનુષ્યને કૃતાર્થ કર્યો છે; માટે તમો આ સ્થાન ઉપરથી ઉઠીને આ આસન સ્વીકારો." તે સાંભળી મહલ્લિકા પોતાની સખીઓની સાથે એક સુંદર આસન ઉપર બેઠી; અને સૂર્યપ્રભ તથા પ્રજ્ઞાઢ્ય બીજા આસન ઉપર બેઠા. સર્વ બેઠા પછી સૂર્યપ્રભ બોલ્યો; "તન્વિ! જો કે રાજસભામાં સભાસદો તરફ માન સહિત જોઇને તેં મારું અપમાન કર્યું છે, પણ હું તેની દરકાર કરતો નથી. તોપણ હે ચંચલાક્ષિ! તારું નૃત્ય ને સૌન્દર્ય જોઈ મારાં નેત્ર તો સફળ થયાં છે." આવું સૂર્યપ્રભનું બોલવું સાંભળી, પ્રહ્લાદની પુત્રી મહલ્લિકા બોલી: "આર્યપુત્ર! તેમાં મારો જરા પણ વાંક નથી. પરંતુ જેણે મારા હાવભાવ આદિ અભિનયો વિસરાવી દીધા અને જેને લીધે હું સભામાં શરમાઈ ગઈ હતી, તે (કામદેવ) નો વાંક છે!" તે સાંભળીને સૂર્યપ્રભ હસતો હસતો બોલ્યો; "એમ હોય તો મારો વિજય છે." આ કહ્યા પછી રાજકુમાર સૂર્યપ્રભે, પોતાના હાથથી મહલ્લિકાનો હાથ પકડયો. તે હાથ બલાત્કારથી પકડયો હોય તેને લીધે જાણે પોતે બીધો હોય તેમ તેનો હાથ પસીનાવાળો થઈ કંપવા માંડ્યો. ત્યારે અસુરપુત્રી મહલ્લિકા બોલી: "આર્યપુત્ર! મને જવા દો, મારા પિતાને અધીન હું કુમારિકા છું: મને આલિંગન ના કરો." [..] પ્રજ્ઞાઢ્ય તે અસુર કન્યા પ્રત્યે બોલ્યો; "દેવિ! કન્યાઓ શું ગાંધર્વ લગ્ને પરણતી નથી? પરણે[લી] [..] અભિપ્રાય તમારા પિતાના જાણવામાં આવશે, એટલે તે તમને બીજા સાથે પરણા[વવાને બદલે] [..]તે આ સૂર્યપ્રભનું અવશ્ય સન્માન કરશે, માટે તમો ડર રાખો નહીં. વળી આવો [..]તે ફોગટ જવા દો ત્યારે તો થઈ જ ચૂક્યુ. આવી તક કંઈ વારંવાર મળતી નથી."



## બહુવલ્લભનો ફજેતો.

બહાર ઓરડામાં પ્રજ્ઞાઢ્ય, મહલ્લિકાને સમજાવતો હતો, એવામાં શયનગૃહમાં કળાવતી જાગી ઉઠી; અને જુવે છે તો શય્યામાં સૂર્યપ્રભને દીઠો નહિ. તેણે જાણ્યું કે તે કયાંઈ ગયા હશે, તે હવણાં આવશે–આમ ધારી જરા વાટ જોઈ રહી, તોપણ સૂર્યપ્રભ આવ્યો નહી, એટલે તેના મનમાં ખેદ થવા લાગ્યો, અને શું થયું હશે? કયાં ગયા હશે? આવી શંકા કરવા લાગી. પછી તે ઉઠી શયનગૃહની બહાર આવી: ત્યાં તો પોતાના પ્રિયતમને મહલ્લિકાની સાથે બેઠેલા જોતાં જ તેના મનમાં ક્રોધ વ્યાપ્યો અને તે સાથે લજ્જા પણ આવી. તે બેબાકળી થઈ ગઈ. મહલ્લિકા પણ કળાવતીને જોઈ બીધી અને શરમાઈ ગઈ. સૂર્યપ્રભ પણ ચિત્રમાં ચિત્રેલા ચિત્રની માફક જડ બની ગયો. કળાવતીએ વિચાર કર્યો; "મને તેણે દીઠી છે અને હવે જો હું પલાયન કરી જઇશ તો હું શરમાઉં છું અથવા તેનો દ્વેષ કરું છું, આમ તેને લાગશે;" એમ વિચારી તે તેની જ પાસે જઇ બોલી, "અલી સખિ! તું કુશળ છે ને? આ રાત્રિના વખતમાં તું આવી રીતે અહીં ક્યાંથી આવી? "આવી રીતે કળાવતીએ મહલ્લિકાને ઇર્ષ્યા સહિત પૂછ્યું, એટલે મહલ્લિકા બોલી:" આ [..]ર મારું છે અને તું તો બીજા પાતાળમાં રહે છે; તું આજ મારે ત્યાં આવી છે, તેથી તું આજ મારા પરોણા તરીકે છે!" તે સાંભળી કળાવતી મશ્કરી કરતી બોલી; "વાહ વાહરે વાહ! તમો તો બહુ રુડાં જણાઓ છો? તમારે ત્યાં જે કોઈ પરોણા આવે છે કે તેની તમે આ જ રીતે આગતા સ્વાગત કરો છો કે? અહો હો! એ પણ ઠીક." આવું કળાવતીનું વિનોદી વચન સાંભળી, મહલ્લિકા બોલી; "અરે બેશરમ છોકરી! જ્યારે તને મેં પ્રેમથી કહ્યું, ત્યારે તું દ્વેષ અને તિરસ્કારથી મારી સામા બોલે છે! ફટ ભુંડી! તને શરમ આવતી નથી? હું શું તારા જેવી નિર્લજ્જ છું કે? તેમ હું શું કુટુંબીઓની રજા વગર–વેશવાળ કર્યા વગર રાત્રિએ છેટેથી પરઘેર એકલી આવી, એકાંતમાં બીજાની શય્યા ઉપર સૂતી છું કે? ના, ના, તેવું નઠારું કામ મેં કર્યું નથી. હું તો મારી બન્ને સખીઓની સાથે મારા પિતાના પરોણાની ચાકરી કરવા માટે, તેના ઉતારા ઉપર આવી છું. એવામાં આ મંત્રી અમને છેતરી, બહાર બેસાડી અંદર ગયો ને પછી બહાર આવી કહ્યું કે, બેસો, અહીંયાં મહારાજ આવે છે. તે વેળા જ મેં આ લટપટ પંખીનું કામ તો જાણ્યું હતું!–મને શક પડયો હતો. પણ તે બાબત તેં પોતે પ્રસિદ્ધ કરી, એ તો ઠીક જ થયું." આવી રીતે મહલ્લિકાએ કહ્યું એટલે કળાવતીની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ, અને તે ક્રોધ ભરી આંખથી પ્રિયતમને જોતી જોતી ત્યાંથી ચાલી ગઈ. ત્યાર પછી મહલ્લિકા પણ, 'બહુવલ્લભ! હું જાઉં છું;' આમ ગુસ્સાથી સૂર્યપ્રભને કહી ત્યાંથી ચાલી ગઈ. આ વખતે સૂર્યપ્રભનું મન નિરાશાથી ભરેલું હતું, કારણ કે તેનું મન બંન્ને સ્ત્રીપર ચોંટયું હતું, જે તે બન્ને જણી સાથે ગયું હતું.

પછી સૂર્યપ્રભે પ્રભાસ મંત્રીને તુરત જગાડયો ને કળાવતીના કલહનું પરિણામ જાણવા માટે તેની પુઠે મોકલ્યો; તેમ જ મહલ્લિકાએ કલહ કર્યો હતો તેનો અભિપ્રાય જાણવા માટે પ્રહસ્તને મોકલ્યો; અને પોતે તથા પ્રજ્ઞાઢ્ય તેમના સમાચારની વાટ જોતા બેઠા. ટુંક વખતમાં પ્રભાસ, કળાવતીની સઘળી હકીકત જાણી, રાજાની પાસે આવ્યો. રાજાએ તેને પૂછ્યું, 'કેમ શું સમાચાર છે?' ત્યારે પ્રભાસ બોલ્યો: 'મહારાજ! અહિંથી બીજા પાતાળમાં કળાવતીનું મંદિર છે,

ત્યાં હું મારી પોતાની વિદ્યાથી અદૃશ્ય થઇને ગયો. તેના ઘરના બહારના ભાગમાં બે ચેટીઓ વાતચિત કરતી હતી તે, મારા સાંભળવામાં આવી. પહેલી ચેટીએ પૂછ્યું; "સખિ ! આજ તારી કળાવતી ઉદ્વેગમાં કેમ જણાય છે?" બીજી બોલી; "સખિ ! તેનું કારણ કહું છું તે સાંભળ. મૃત્યુલોકમાંથી આવીને ચોથા પાતાળમાં સુમુંડીકનો બીજો અવતાર સૂર્યપ્રભ રાજકુમાર ઉતર્યો છે; તે કામદેવ કરતાં પણ વધારે કાંતિમાન્ છે. કળાવતીએ કોઈ જાણે નહીં તેમ તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં છે. આજ રાત્રિએ આ કળાવતી સૂર્યપ્રભની પાસે ગઈ હતી. એવામાં પ્રહ્લાદની પુત્રી મહલ્લિકા એ રાજપુત્રની પાસે આવી. મહલ્લિકાને જોઇ કળાવતીએ તેની સાથે ઇર્ષ્યાંકલહ કર્યો, ને તેણીએ તેનો તિરસ્કાર કર્યો, તેથી મરવા માટે તૈયાર થઈ હતી, તેવામાં તેની બહેને તેને દીઠી, એટલે તેને અટકાવી અને પૂછ્યું; 'અલિ આ શું કરે છે?' કળાવતી ગભરાઈ ગઈ અને પોતાની હકીકત બહેનને જણાવી. તેની બહેન પણ તેની આ વાર્તા સાંભળી ગભરાટમાં પડી ગઈ. હમણાં બન્ને બહેનો ઘરમાં જઈ પલંગ ઉપર બેઠી છે. આ કારણથી તે આજ ઉદાસીમાં છે." આવી રીતે બે ચેટીની વાર્તા સાંભળી અદૃશ્ય સ્વરૂપે હું ઘરમાં ગયો અને મેં જોયું તો કળાવતી અને સુખાવતી બન્નેનાં મુખ અફસોસમાં ગરકાવ દીઠાં."

આ પ્રમાણે એકાંતમાં સૂર્યપ્રભને પ્રભાસ સમાચાર કહેતો હતો, એવામાં પ્રહસ્ત પણ ત્યાં આવ્યો: અને પૂછવાથી બોલ્યો; "મહારાજ! આપની પાસેથી હું મહલ્લિકાને ઘેર ગયો. ત્યાં પહોંચ્યો ત્યારે ઉદાસ થયેલી મહલ્લિકા પોતાની સખીઓની સાથે ઘરમાં પેસી ગઈ હતી. હું યોગ વિદ્યાથી મારું સ્વરૂપ અદૃશ્ય બનાવી અંદર પેઠો, અને જોઉં છું તો તેના જેવી જ સ્વરૂપવાન્ તેની બાર સખીઓ ત્યાં બેઠેલી હતી. આ સઘળી સખીઓની મધ્યમાં ઉમદા રત્નથી જડેલા પર્યંક ઉપર મહલ્લિકા બેઠી હતી. તે સખીઓમાંથી એક સખી બોલી:

"અલિ મહલ્લિકા! તું આજ અચાનક નિરાશાથી ભરપૂર કેમ જણાય છે વારુ? તને શું થયું છે ? અફસોસ છે કે જ્યારે વિવાહનો પ્રસ્તાવ શરુ થયો છે, ત્યારે પણ તું દિલગીરીમાં રહે છે. તો કહે એવું તે તને શું દુ:ખ છે?" તે સાંભળી પ્રહ્લાદની પુત્રી મહલ્લિકા વિચારમાં પડી ગઈ અને બોલી: 'બહેન, શું મારો વિવાહ થવાનો છે કે? મારો સંબંધ કેની સાથે થવાનો છે ? આ સમાચાર તને કોણે કહ્યા ?" આવી રીતે મહલ્લિકા બોલી, એટલે સર્વ સખીઓ બોલી ઉઠી; "સખિ ! તારાં લગ્ન માટે નિશ્ચય થઈ ગયો છે. તારો વિવાહ સૂર્યપ્રભની સાથે થયો છે, અને કાલે પ્રભાતમાં તારાં લગ્ન થશે. જ્યારે તું ક્યાંઈ બહાર ગઈ હતી, ત્યારે તારી માએ અમને તારા શણગાર વગેરે લગ્નની સામગ્રી તૈયાર કરવાનું કામ સોંપ્યું, અને કહ્યું કે, કાલે મહલ્લિકાનાં લગ્ન છે.' બહેન! તું તો નસીબદાર છે કે સૂર્યપ્રભને પરણીશ. સૂર્યપ્રભ એવો તો લાવણ્યમય છે કે, તેના રૂપ ઉપર મોહિત બનેલી પ્રમદાઓ રાત્રિમાં નિદ્રા પણ કરતી નથી–પણ તેનાપર મોહિત બનીને બેચેન રહે છે. અમને એટલો અફસોસ થાય છે કે, તું તે વરને પરણ્યા પછી અમને વિસરી જઈશ. પછી અમે કોણ અને તું કોણ? એક બીજાની સંભાળ કોઈ લેશે નહીં." મહલ્લિકા, સ્વસખીઓના મુખનું આવું વચન સાંભળીને પૂછવા લાગી, "સખીઓ ! તમે તે રાજકુમારને દીઠો છે ?



તમારી તેની સાથે પરણવાની મરજી છે ?" તે સાંભળીને સખીઓ બોલી: "અમે રાજમહેલમાં બેઠાં બેઠાં તેને દીઠો છે. વળી તું પૂછે છે કે, તમારી મરજી છે ? તો તે માટે કહેવાનું એટલું જ કે, એવી કોણ સ્ત્રી છે કે, જે આ કુમારનું રૂપ જોઈ તેના ઉપર મોહિત થાય નહીં ?" મહલ્લિકા બોલી; "એમ છે તો બહુ સારું. તમારી ઇચ્છા છે તો હું પિતાને તે વિશે કહીશ કે, તે તમને સૂર્યપ્રભ સાથે પરણાવે. એમ થવાથી આપણો સહવાસ રહેશે, પણ વિરહ થશે નહીં." તે સાંભળી સઘળી કન્યાઓ ગભરાટમાં પડી ગઈ અને મહલ્લિકાને કહેવા લાગી: "સખિ! એમ કરવું ઘટિત ગણાશે નહીં. કારણ કે એમ કરવાથી અમને લજ્જા લાગશે; તેથી તારે તેમ કરવું નહીં. તે સાંભળી મહલ્લિકા બોલી: "એમ કરવામાં અઘટિત શું છે ? તે કંઈ મને એકલીને પરણીને બેસી રહેવાનો છે કે? તેને સઘળા દૈત્ય અને દાનવો પોતાની કન્યા પરણાવશે. વળી તેણે બીજી રાજકન્યાઓ સાથે પણ લગ્ન કર્યાં છે, જે કન્યાઓ તો મનુષ્ય લોકમાં છે. વળી તે વિદ્યાધરની ઘણી કન્યાઓ સાથે પરણવાનો પણ છે, તો તમે પરણશો, તેથી મને શી હાનિ થવાની છે ? ઉલટી આપણે સર્વ સખીઓ એકને પરણી પરસ્પર આનંદમાં રહીશું.બીજી સ્ત્રીઓ તો મારાથી વિરુદ્ધ હશે, તેની સાથે મારે પ્રીતિભાવ થોડો જ રહેવાનો હતો; પણ, તમે તો મારા સુખદુ:ખની ભાગીએણ થશો. મારા દુ:ખની વાત તમને કહીને મારું દુ:ખ ઓછું કરીશ. એ બાબતમાં શરમ શાની ? માટે તે કામ હું કરી લઈશ, તમે ના પાડશો નહિ." આમ તમારા ઉપર એકમત થયેલી તેની સખીઓની અને મહલ્લિકાની ગોઠડી ચાલી રહી હતી. પછી હું ત્યાંથી બહાર નીકળી મારી ઇચ્છા પ્રમાણે તમારી પાસે આવ્યો છું." ઉપરનું વૃત્તાંત પ્રહસ્તના મુખથી સાંભળી, સૂર્યપ્રભનું મન પણ તે સ્ત્રીઓમાં તણાઈ ગયું ને હર્ષને લીધે તેને તે રાત્રિએ નિદ્રા પણ આવી નહીં. પણ આખી રાત્રિ પલંગ ઉપર બેસી ઉજાગરામાં ગાળી.

### મહલ્લિકા સાથે લગ્ન.

પ્રભાત થયું એટલે સૂર્યપ્રભ, સુનીથ, મય અને તેના કાર્યભારીઓ અસુરના અધિપતિ પ્રહ્લાદને મળવા માટે તેની સભામાં ગયા. ત્યાં સભામાં જઇને બેઠા, એટલે પ્રલ્હાદજી તેઓને આદરમાન આપીને બોલ્યા:"સુનીથ! મારે પણ, સૌ સાથે સૂર્યપ્રભની પરોણાચાકરી કરવી જોઇએ અને તમારું પણ પ્રિય કરવું જોઇએ. તેથી હું મારી પુત્રી મહલ્લિકાનું તમારા પુત્ર સૂર્યપ્રભને કન્યાદાન આપું છું." સુનીથે આનંદ સહિત પ્રલ્હાદનું વચન માન્ય રાખ્યું. તુરત વિવાહમંડપ રચાયો. તેની મધ્ય ભાગમાં એક વેદિકા રચી ને તે ઉપર અગ્નિ દેવનું આવાહન કર્યું. અગ્નિના તેજથી વિવાહમંડપમાં ઉભા કરવામાં આવેલા ઉમદા રત્નના સ્તંભો અધિકાધિક પ્રકાશવા લાગ્યા. આખી વેદી ઝળઝળા દીપી રહી. પછી પ્રલ્હાદજીએ તે વેદી ઉપર અગ્નિદેવની સાક્ષીએ મહલ્લિકાનું સૂર્યપ્રભને દાન દીધું અને પોતાના ચક્રવર્તીપણાના પ્રમાણમાં તેને પહેરામણી આપી. પહેરામણીમાં દેવતાઓનો પરાજય કરી મેરુ પર્વતના જેવડા મોટા રત્નના ઢગલાઓ મેળવ્યા હતા તે પુત્રી અને વરરાજાને અર્પણ કરી દીધા. મહલ્લિકા પોતાનાં લગ્ન થઈ ગયા પછી બોલી; "પિતાજી ! મારી બાર સખીઓને પણ સૂર્યપ્રભ સાથે પરણાવો; કારણ કે તેની સાથે મારે બહુ સ્નેહ છે, માટે તે મારી સાથે રહે તો મને અધિક આનંદ થાય." પ્રલ્હાદજીએ કહ્યું; "પુત્રિ! તે કન્યાઓને મારો ભાઈ હરણ કરી લઈ આવ્યો છે; એટલે તે તેના તાબામાં છે, માટે મારાથી

તેમને કેમ પરણાવી શકાય ?" સૂર્યપ્રભનાં લગ્નનો ઉત્સવ થઈ રહ્યો. સાયંકાળ વીતી રાત્રિ થઈ એટલે સૂર્યપ્રભ, મહલ્લિકાની સાથે વિલાસભવનમાં ગયો અને ત્યાં તે મહલ્લિકાની સાથે પ્રેમપૂર્વક સુરતસમાગમ રમ્યો અને અત્યંત સુખનો અનુભવ લીધો. આવી રીતે સૂર્યપ્રભે આખી રાત્રિ રંગભોગમાં ગાળી.

## બહુ વલ્લભ.

બીજે દિવસે પ્રભાતમાં જ્યારે પ્રહ્લાદજી પોતાના નિયમ પ્રમાણે સભામાં જઈને બેઠા અને તેના મંત્રીઓ પણ સભામાં આવ્યા, ત્યારે અમીલદાનવ પ્રહ્લાદને કહેવા લાગ્યો: "મહારાજાધિરાજ પ્રહ્લાદજી ! આજ હું મારે ઘેર સૂર્યપ્રભની તથા તેમના માણસોની પરોણાચાકરી કરવાનો છું, માટે આપ સઘળાં માણસોને લઈને અમારે ઘેર પધારજો. હું તેને પરોણા ચાકરીમાં મારી પુત્રી કળાવતીને આપની સંમતિ હોય તો પરણાવવાનો વિચાર રાખું છું." તે સાંભળી સભામાં બેઠેલા સઘળા સભાસદો બોલ્યા; "તે કામ ઘણું જ ઉત્તમ છે, ભલે તેમ કરો." ત્યાર પછી તે સભામાં બેઠેલા સઘળા, મય અને સૂર્યપ્રભને સાથે લઈ, તે જ વખતે બીજા પાતાળમાં ગયા. કળાવતીએ જો કે સૂર્યપ્રભની સાથે ગાંધર્વવિધિથી લગ્ન કર્યાં હતાં, તોપણ અમીલે પોતાની પુત્રી કળાવતી, સૂર્યપ્રભને રીતિ પ્રમાણે કન્યાદાન દઈને આપી. વિવાહ થઈ રહ્યા પછી સૂર્યપ્રભ અસુરોની સાથે પ્રહ્લાદને ઘેર ગયો, અને ત્યાં ભોજન કરી જૂદા જૂદા વૈભવો માણવામાં તે દિવસ કાઢી નાંખ્યો.

વળી બીજે દિવસે પ્રભાતમાં અસુર નાયક દુરારોહ, પ્રહ્લાદની પાસે આવ્યો અને બોલ્યો; "રાજન્! મારે મારી પુત્રી સૂર્યપ્રભને અર્પણ કરી તેનો સત્કાર કરવાની ઇચ્છા છે, માટે આપ મારે ત્યાં પધારો." આવી રીતે નિમંત્રણ કરી સઘળા દાનવોને તે પાંચમા પાતાળમાં લઈ ગયો. અને ત્યાં તેમની પરોણા ચાકરી નિમિત્તે પોતાની પુત્રી કુમુદાવતીનાં સૂર્યપ્રભની સાથે લગ્ન કર્યાં. સૂર્યપ્રભ પોતાની સાથે લગ્નમાં આવેલા દાનવોની સાથે અનેક વૈભવો માણી દુરારોહને ત્યાં તે દિવસ કાઢી નાંખ્યો. રાત્રિનો સમય થયો એટલે સૂર્યપ્રભ, કુમુદાવતી સાથે રતિમંદિરમાં ગયો અને ત્યાં પતિ સાથે નવો સમાગમ કરવામાં આતુર બનેલી, ત્રણલોકમાં અનુપમ રૂપશાળી પ્રેમાળ મુગ્ધા નવવધૂ કુમુદાવતીની સાથે રંગવિલાસ કરવામાં રાત્રિ ગાળી નાંખી.

બીજે દિવસે પ્રભાતમાં તંતુકચ્છ રાજાએ આવીને વિનતિ કરી કે; "મારે ઘેર પધારી મારા ઘરને પાવન કરો, અને પછી સઘળા રાજા, પ્રહ્લાદ વગેરેને તે સાતમા પાતાળમાં પોતાને ઘેર તેડી ગયો. ત્યાં તે રાજાએ, રત્નનાં આભરણો પહેરાવી ઉષ્ણ થયેલા સુવર્ણ જેવા રંગની પોતાની મનોવતી પુત્રી સૂર્યપ્રભને અર્પણ કરી. સૂર્યપ્રભે તે દિવસ ઘણા આનંદમાં ગુજાર્યો અને રાત્રિએ મનોવતી સાથે નવ સમાગમ કરી તે આખી રાત્રિ તેને આનંદ પમાડતાં કાઢી.

પ્રભાત થયું એટલે વળી સુમયદાનવ રાજા આવ્યો, અને સર્વને પોતા તરફનું નિમંત્રણ કરી સઘળા દાનવોને અને સૂર્યપ્રભને છઠ્ઠા પાતાળમાં લઈ ગયો. તેણે પોતાની સુભદ્રા નામની કન્યા સૂર્યપ્રભને પરણાવી. આ કન્યાનું શરીર દુર્વા જેવું શ્યામ રંગનું હતું, અને તે એવી તો લાવ-



ણ્યમયી હતી કે, બીજી રતિની મૂર્તિ જેવી જણાતી હતી. સૂર્યપ્રભે, પૂર્ણચંદ્રમુખી અને શ્યામતારા સુભદ્રાને સુરત સમાગમને લાયક ગણી, તે આખી રાત્રી સુભદ્રા સાથે રંગભોગમાં ગાળી. અને

બીજે દિવસે બળીરાજાએ પ્રથમના રાજાઓની માફક મય વગેરે સઘળાને નિમંત્રણ કરાવ્યું, અને તે સઘળાને પોતાના ત્રીજા પાતાળમાં લઈ ગયા. ત્યાં તેણે પોતાની સુન્દરી નામની કન્યા સૂર્યપ્રભને દાનમાં આપી. આ કન્યાના શરીરની કાંતિ વાસંતિક લતાની માફક નવાં કુંપળીયાં જેવી દીસતી હતી. સુર્યપ્રભ આવી મુક્તામાળા જેવી કન્યા સાથે વિવાહ કર્યાં પછી, વિલાસ રમવા લાગ્યો; અને વિવાહનો આખો દિવસ, દિવ્ય વૈભવ ભોગવી મનમાં ખુશ ખુશ થઈ રહ્યો.

પછી તે દિવસે પુનઃ મયદાનવ આવ્યો, અને તેણે પણ પ્રથમની માફક સર્વને નિમંત્રણ કર્યું; અને ફરી સૂર્યપ્રભને તથા બીજાઓને ચોથા પાતાળમાં પોતાને ઘેર લઈ ગયો. ત્યાં તેણે પોતાની માયાવડે જૂદી જૂદી જાતનાં રત્નના મહેલો નિર્માણ કર્યાં હતા. આ મંદિરોની શોભા ક્ષણે ક્ષણે નવી નવી જણાતી હતી. તેમાં સઘળાને ઉતારા આપ્યા અને પોતે પણ પોતાની સુમાયા નામની પુત્રી સૂર્યપ્રભને પરણાવી. આ કન્યા મયદાનવની મૂર્તિમાન્ શક્તિ જેવી જણાતી હતી, અને તેના પ્રતાપથી આખું જગત્ આશ્ચર્ય પામતું હતું. આ કન્યા સૂર્યપ્રભની ફોઈ અથવા તો બહેન થાય, માટે સૂર્યપ્રભ તેની સાથે લગ્ન કરવા યોગ્ય ગણાય નહિ, તોપણ મયદાનવે તેને દાનવ ન ગણતાં માનવ ગણી પોતાની પુત્રી પરણાવી. સૂર્યપ્રભ તે કન્યા સાથે લગ્ન કરી રંગવિલાસ રમવા લાગ્યો, અને પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યો. સૂર્યપ્રભ પોતે એક હતો તો પણ પોતાની માયિક વિદ્યાના બળથી જૂદાં જૂદાં શરીર ધારણ કરી, એકજ સમયે અનેક અસુર કન્યાઓ સાથે રંગવિલાસ રમતો હતો. પરંતુ તે ઘણું કરીને પોતાના મૂળ શરીરથી પોતાની પ્રિયતમા પ્રહ્લાદની પુત્રી મહલ્લિકાની સાથે જ ક્રીડા કરતો હતો.

એક રાત્રિએ સૂર્યપ્રભ મગ્નમસ્ત બેઠો હતો ને મહલ્લિકા પણ બેઠી હતી, તે વખતે વાતમાં વાત નિકળતાં સૂર્યપ્રભે મહલ્લિકાને પૂછ્યું: "પ્રાણ પ્યારિ ! જ્યારે તું મારે ઘેર તે રાત્રે આવી હતી, ત્યારે તારી સાથે બે સખીઓ હતી તે કોણ હતી ? અને તે ક્યાં રહે છે ? તે હવણાં મારા જોવામાં કેમ આવતી નથી ? તે ક્યાં ગઈ છે?" મહલ્લિકાએ કહ્યું—"તમે મને બહુ સારું સ્મરણ કરાવ્યું. પ્રિયતમ ! મારે તે બે સખી નથી, પણ તેવી તો બાર સખી છે. તે દૂર ક્યાંઇ પણ ગઈ નથી, અહીં નજીક જ છે. મારા કાકા તે કન્યાઓને સ્વર્ગમાંથી હરી લાવ્યા હતા, ને તે એકેકથી વધારે લાવણ્યમયી છે. એમાં પહેલીનું નામ અમૃતપ્રભા છે, બીજીનું નામ કેશિની છે. આ બે કન્યા પર્વતમુનિની પુત્રી છેઃ અને તેનું ચરિત્ર્ય વર્તન ઉત્તમ છે. ત્રીજીનું નામ કાલિંદી છે, ચોથીનું નામ ભદ્રિકા છે, પાંચમી *દર્પકમાલા છે, જેના નેત્રની શોભા ઘણીજ સરસ છે. આ ત્રણ કન્યા દેવલમુનિની પુત્રીઓ છે. છઠ્ઠીનું નામ સૌદામની છે ને સાતમીનું નામ ઉજ્વળા છે. આ બે કન્યા હાહા નામના ગંધર્વની કન્યા છે. આઠમી પીવરા હુહુ ગંધર્વની કન્યા છે. નવમી અંજનિકા નામની

* અંગ્રેજીમાં કમળા નામ છે.

...ળની પુત્રી છે. દશમી કેસરાવલી નામની કન્યા છે તે પિંગલગણુની પુત્રી છે. અગ્યારમીનું ...માલિની છે, તે કુંભલની પુત્રી થાય છે. બારમી સખીનું નામ મંદારમાલા છે, તે વસુની પુત્રી ...એ બારે સખીઓ દિવ્ય સ્ત્રીઓ છે. તે સઘળી અપ્સરાઓથી જન્મેલી છે. જ્યારે મારાં લગ્ન થયાં ત્યારે તે કન્યાઓને પહેલા પાતાળમાં લઈ ગયા હતા. તે સખીઓનો મારા ઉપર અનહદ પ્રેમ છે. મેં તેઓની આગળ પ્રતિજ્ઞા કરી છે કે, હું મારા પતિ સાથે તમારાં લગ્ન કરાવીશ. વળી તે માટે મેં મારા પિતાને પણ કહ્યું હતું, પણ તેણે પોતાના ભાઇને પૂછવા ઉપર રાખ્યું છે; તેથી તેઓનાં લગ્ન તમારી સાથે કર્યાં નથી; પરંતુ મારો તે સખીઓ તમને પરણાવવાનો વિચાર છે; કારણ કે તમને પરણવાથી તેઓનો મારી સાથે નિરંતર સમાગમ રહેશે." એ સાંભળી સૂર્યપ્રભ ગભરાટમાં પડી ગયો. તે બોલ્યો;"પ્રાણપ્યારિ! તું તો ઉદારમતી છે, પરંતુ હું તે કામ કેમ કરું?" સૂર્યપ્રભે તેને આ પ્રમાણે કહ્યું ત્યારે મહલ્લિકા ગુસ્સો કરીને બોલી—"તમે મારી નજર આગળ બીજી અનેક સ્ત્રીઓ પરણ્યા છો, છતાં જે સખીઓ વગર એક ક્ષણ પણ મને ગમશે નહીં, તેને પરણવાને ના પાડો છો?" સૂર્યપ્રભ તે સાંભળી પ્રસન્ન થયો, અને મહલ્લિકાનું કહેવું કબૂલ રાખ્યું. મહલ્લિકા તે જ વખતે સૂર્યપ્રભને પ્રથમ પાતાળમાં લઈ ગઈ અને તે બારે સખીઓ તેને પરણાવી. સૂર્યપ્રભે, દેવાંગનારૂપ અમૃતપ્રભા વગેરે બાર કન્યાઓની સાથે ક્રમવાર લગ્ન કરી, તે જ રાત્રિમાં બારે રાણી સાથે રંગવિલાસ કર્યો, અને પછી મહલ્લિકાની સંમતિથી, પ્રભાસ મારફતે તે કન્યાઓને ચોથા પાતાળમાં મોકલાવીને ગુપ્ત રાખી, અને પોતે પહેલા પાતાળમાં, કોઈ જાણે નહીં એમ ગુપ્ત રહી, મહલ્લિકા સાથે ગમત કરવા લાગ્યો. પણ નિત્યની માફક પ્રલ્હાદને માન આપવા માટે સભામાં જતો હતો.

## કાશ્યપ આશ્રમના મિલાવડાની કથા.

એક સમે સભામાં પ્રહ્લાદે સુનીથ અને મયને કહ્યું "તમે સઘળા દિતિ અને દનુ મહાદેવીઓનાં દર્શન કરવા જાઓ." તે સાંભળી મય,સુનીથ અને સૂર્યપ્રભ વગેરે 'બહુ સારું, આ ચાલ્યા,' આમ કહી અસુરોને લઇ પાતાળમાંથી બહાર નિકળ્યા અને સૂર્યપ્રભે પોતાના વિમાનનું સ્મરણ કર્યું એટલે સુતાસન વિમાન આવી ઉભું રહ્યું. તેમાં બેસીને સઘળા મેરુપર્વતના શિખર ઉપર આવેલા કાશ્યપમુનિના આશ્રમમાં ગયા. ત્યાં તેમનો બીજા મુનિજનોએ સારો આદરસત્કાર કીધો. પછી દિતિ અને દનુ બન્ને મહાદેવીનો આશ્રમ બતાવ્યો, એટલે તે સઘળા દિતિ અને દનુની પાસે ગયા; અને તેમનાં દર્શન કરી એકેકે દંડવત્ કીધા. અસુરો અને તેના માણસોને પ્રણામ કરતા જોઈ અસુર માતા દિતિ અને દનુ બન્નેની આંખમાં આનંદનાં અશ્રુ આવી ગયાં. તે બન્ને જણી ઘણા આનંદમાં આવી, તેના મસ્તક ઉપર ચુંબન કરી વારંવાર મયદાનવને આશીર્વાદ આપવા લાગી; અને બોલી:—"દીકરા! તારા પુત્ર સુનીથને આજ જીવતો જોઈ અમારાં બન્નેનાં નેત્ર તૃપ્ત થયાં છે, અને તને અમે પૂર્ણ ભાગ્યશાળી સમજીએ છીએ. વળી સૂર્યપ્રભને નામે અવતરેલા આ સુમુંડીકનું પુણ્ય, દિવ્ય કૃતિ, અસાધારણ ગુણ, ભવિષ્યમાં વિદ્યાધરનું ચક્રવર્તીપણું મળશે, એવું સૂચવનારાં ચિહ્નો—એ સઘળું જોઈ ખરેખર અમારા શરીરમાં આનંદ વ્યાપે છે. માટે પ્રિયપુત્રો! ઉઠો



અને આ આશ્રમમાં આર્યપુત્ર કશ્યપ પ્રજાપતિ બિરાજે છે તેનાં દર્શન કરો. તેનાં દર્શનથી તમારા કાર્યની સિદ્ધિ થશે અને તે જે કહેશે તે વચન પણ તમારાં કામને સફળ કરશે." મયાસુર અને બીજાઓએ બંનો દેવીની આ આજ્ઞા સાંભળી, 'ઠીક છે, તેમ કરીશું,' એમ કહી મુનિના દિવ્ય આશ્રમમાં ગયા. ત્યાં કાશ્યપ મુનિરાજનાં દર્શન થયાં. તે ઓગળી ગયેલા શુદ્ધ સુવર્ણના જેવા તેજોમય હતા; તેઓએ અગ્નિની જ્વાલા જેવી પીળી જટા ધારણ કરી હતી; અને અગ્નિની પેઠે કોઇથી પણ પાસે જઈ શકાય નહીં તેવા મહા પ્રતાપી જણાતા હતા. તેની પાસે જઈ મય વગેરે સઘળા દાનવો પોતાના માણસો સહિત ક્રમવાર તેના ચરણમાં પ્રણામ કરવા લાગ્યા. કાશ્યપમુનિએ તેઓને યોગ્ય આશીર્વાદ આપી, પરમ સંતોષ બતાવ્યો અને તેઓને બેસારીને બોલ્યા:—

"મેં મારા સઘળા દીકરાઓને આજે દીઠા, માટે મને પરમ આનંદ થાય છે. હે મય! તું સઘળી વિદ્યા ભણ્યો છે. વળી સત્ય માર્ગથી ચળ્યો નથી ને હંમેશાં સત્ય માર્ગે વર્તે છે, માટે તું પ્રશંસા પાત્ર છે. તેમ જ ઓ સુનીથ! તું પણ નસીબદાર કે મરી ગયા પછી પાછો જીવતો થઈ દાનવમાં આવી મળ્યો. અને ઓ સૂર્યપ્રભ! તું તો પૂરો પુણ્યવાન છે, કારણ કે તને વિદ્યાધરનું ચક્રવર્તી પદ મળવાનું છે. માટે, હવેથી તમારે મારું વચન યાદ રાખી, ધર્મના માર્ગમાં ચાલવું—અધર્માચરણ છોડી દેવું. તમે જો ધર્માચરણ કરશો તો હંમેશાં સુખ અને ઉત્તમ સંપત્તિ મેળવશો; અને પ્રથમ જેમ દેવતાઓથી તમારો પરાજય થયો હતો, તેમ પરાજય થશે નહીં. કારણ કે અસુરોએ જ્યારે ધર્મનો ત્યાગ કર્યો, ત્યારે તેઓ ઇંદ્રને અધીન થયા હતા. હે સુનીથ! જે અસુરોને દેવોએ માર્યા હતા તે આ સઘળા વીર મનુષ્યો થઇને અવતર્યા છે. તારો નાનો ભાઈ સુમુંડીક હતો તે હવણાં આ સૂર્યપ્રભના નામથી અવતર્યો છે. સૂર્યપ્રભના મિત્ર અસુરો મરાયા હતા તે તેના મિત્ર રૂપે અવતર્યા છે. શંબર નામનો મોટો અસુર હતો તે હવણાં પ્રહસ્તને નામે અવતર્યો છે; ત્રિશિરા નામનો અસુર, સિદ્ધાર્થ નામનો તેનો કાર્યભારી થયો છે; વાતાપિ નામનો દાનવ, પ્રજ્ઞાઢય નામનો મંત્રી જન્મ્યો છે; ઉલૂક નામનો દાનવ શુભંકર નામે છે, અને તે સૂર્યપ્રભનો મિત્ર થઇને અવતર્યો છે. આનો મિત્ર નીતભીતિ છે. તે આગળના જન્મમાં કાળ નામનો અસુર હતો, પૂર્વ જન્મમાં વૃષપર્વા નામનો દૈત્ય હતો. તે હવણાં ભિષ નામનો સૂર્યપ્રભનો કાર્યભારી થઇને અવતર્યો છે. પ્રબળ નામનો દૈત્ય હવણાં પ્રભાસ થઇને અવતર્યો છે. એ ઘણો ઉદાર છે. પૂર્વ જન્મમાં એનું આખું શરીર રત્નનું હતું, તે જોઈ દેવતાઓ, જે તેના શત્રુ હતા તેઓએ તેની પાસે માંગણી કરી કે તારું શરીર તું અમને આપ. તે વખતે પ્રબળે પોતાના શરીરના ટુકડે ટુકડા કરી નાંખ્યા. આ વખતે તેના શરીરના કટકામાંથી રત્નો ઉત્પન્ન થયાં. એ જોઈ અંબિકાએ તેના ઉપર પ્રસન્ન થઈ વરદાન આપ્યું કે, જા તારો બીજા શરીરમાં અવતાર થશે; અને તે શરીરમાં પણ તું તેવો જ બળશાળી થઇશ.' આ વરદાન ઉપરથી પ્રભાસ મહા બળશાળી થયો છે, અને શત્રુઓથી પાછો ન હઠે તેવો છે. સુંદ અને ઉપસુંદ નામના અસુર હમણાં સર્વદમન અને ભયંકર નામે સૂર્યપ્રભના મંત્રી થઈ અવતર્યા છે; હયગ્રીવ અને વિકટાક્ષ નામના જે બે અસુર હતા તે બે હવણાં સ્થિરબુદ્ધિ અને મહાબુદ્ધિ ...ના એના મંત્રી થયા છે; અને બીજાં તેનાં સગાં સંબંધીઓ, સસરા,

મંત્રી, મિત્રો છે તે પણ પૂર્વ જન્મમાં અસુર જ હતા, જેનો ઇંદ્રે અને તેના સાથીઓએ નાશ કીધો હતો–તે અવતર્યાં છે. આવી રીતે તમારો પક્ષ બળવાન્ થયો છે; માટે હવે તમે મનમાં ફીકર કરો મા, ધીરજ રાખો, અને ધર્માચરણ કરો; કારણ કે ધીરજથી અને ધર્માચરણથી ... પર... સંપત્તિ મેળવશો."

આવી રીતે કશ્યપ મુનિ મયદાનવ વગેરેને સમજાવતા હતા, એવામાં મધ્યાહ્નનો ... સમય થયો. અદિતિ મુખ્ય છે એવી દક્ષની કન્યાઓ–જે કશ્યપની સ્ત્રીઓ હતી તે, પો... તાના પતિની આજ્ઞા પ્રમાણે, આહ્નિક કર્મ કરીને ત્યાં આવી. મય વગેરે દાનવોએ ઉભા થઈ તે... ઓને પ્રણામ કર્યાં. અદિતિ વગેરેએ તેઓને આશીર્વાદ આપ્યો. સઘળા બેઠા પછી મુનિ... વર કશ્યપનાં દર્શન કરવા માટે પોતાના લોકપાલ–દિશાના પાલકને સાથે લઈ ઇંદ્ર પણ ત્યાં આવ... યો. ઇંદ્રે, મુનિ કશ્યપ તથા તેમની સ્ત્રીઓના ચરણમાં પડી પ્રણામ કર્યાં. ત્યાર પછી ... મય વગેરેએ ઇંદ્રને પ્રણામ કર્યાં. ઈન્દ્ર એક આસનપર બેઠો ને સૂર્યપ્રભ તરફ રોષભરી નજ... ર કરી મયદાનવને કહેવા લાગ્યો: "હું ધારું છું કે, આજ તે પોરીયો છે કે, જે વિદ્યાધરનું ચક્રવ... ર્તી રાજ્ય મેળવવાની ઇચ્છા કરે છે! પરંતુ તે વિદ્યાધરનું નાનું રાજ્ય મેળવીને કેમ સંતોષ પામે ... છે? ઇન્દ્ર થવાની શા માટે લલુતા રાખતો નથી?" ઇંદ્રનાં આ કટાક્ષ વચન સાંભળતાં વેંત ... જ મયદાનવ બોલ્યો: "દેવરાજ! ઇંદ્રની પદવી તમારે માટે શિવજીએ નિર્માણ કીધી છે ..., અને વિદ્યાધરનું રાજ્ય આને માટે નિર્માણ કરવામાં આવ્યું છે, તે શામાટે ભૂલી જાઓ છે ...?" મયનું આવું બોલવું સાંભળી, ઇંદ્ર ક્રોધથી હસ્યો, અને બોલ્યો; "આવા સુંદર આકૃતિવા... પવાળા છોકરાને વિદ્યાધરનું રાજ્ય ઘણું જ નાનું પડશે! આવી મુખાકૃતિને તે લાયક નથી!" ત્યારે મય... દાનવ બોલ્યો; "જ્યારે શ્રુતશર્મા વિદ્યાધરનો ચક્રવર્તી થવાને પાત્ર છે, ત્યારે આ લાવણ્ય... મૂર્તિ અવશ્ય ઇંદ્રની પદવીને યોગ્ય છે!" મયનાં આ કટાક્ષ વચન સાંભળી, ઇંદ્ર તેના ઉપર ... ગુસ્સે થયો અને પોતાનું વજ્ર ઉગામીને ઉભો થઈ ગયો. તુરત જ, કશ્યપ મુનિએ ક્રોધથી હોંક્યા, ... કીધો, અને દિતિ વિગેરેનાં મુખ લાળચોળ થઈ ગયાં, ને મોટેથી કહ્યું, 'ધિક્ ધિક્!' આવી રીતે ... કશ્યપ અને અદિતિ વગેરે સઘળાને પોતાની સામા થયા જોઈ, ઇંદ્રના મનમાં ડર લાગ્યો કે રખેને શાપ દેશે, તેથી તેણે પોતાનું વજ્ર પાછું મ્યાન કીધું, અને પ્રણામ કરી આસન ઉપર બેસી ગયો. સર્વ ઠંડા પડ્યા. પછી ઇન્દ્ર બે હાથ જોડી, સુર અસુરના મૂળ પુરુષ મુનિરાજ કશ્યપ જેની આસપાસ અદિતિ વગેરે તેમની સ્ત્રીઓ વિંટલાઈ વળી બેઠી હતી તેઓને પ્રણામ કરી, તેઓને પ્રસન્ન કરી, વિનતિ કરવા લાગ્યો; "મહારાજ! મુનિરાજ! મેં શ્રુતશર્માને વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય અર્પણ કર્યું છે; તે રાજ્ય છિનવી લેવા માટે આ સૂર્યપ્રભ હવણાં તૈયાર થયો છે; અને તે છિનવી લેવામાં સર્વ પ્રકારે સહાય કરવા માટે આ મયદાનવ પણ તૈયાર થયો છે. માટે મારે શું કરવું?" તે સાંભળી દિતિ અને દનુ વચ્ચે બેઠેલા, પ્રજાપતિ કશ્યપ બોલ્યા; "ઇંદ્ર! તને જેમ શ્રુતશર્મા પ્યારો છે, તેમ જ શિવને સૂર્યપ્રભ પ્યારો છે; માટે શિવનો પ્રેમ કંઈ નિષ્ફળ જાય નહીં. વળી આ કાર્યમાં મદદ કરવા માટે શંકરે મયને આજ્ઞા આપી છે. માટે તું આ



કામમાં મયદાનવને ઠપકો શા માટે આપે છે? તેના કહેવા પ્રમાણે આ કાયમાં તેનો જરા પણ અપરાધ જણાતો નથી; કારણ કે મય ધર્માચરણ કરે છે, જ્ઞાની છે, વ્યવહારનિપુણ છે અને વડીલો તરફ નમ્રતાથી વર્ત્તે છે. તું જો તેને કંઈપણ દુ:ખ દેઈશ તો અમો તારા ઉપર ક્રોધ કરી તને બાળીને ભસ્મ કરી મૂકીશું. તું એના પરાક્રમને શું જાણતો નથી? તારું આની આગળ કંઈપણ ચાલવાનું નથી." આ પ્રમાણે કહી મુનિરાજ તથા તેની પત્નીઓ શાંત થઈ ગયાં. તે સાંભળી ઇંદ્રને મનમાં ભય લાગ્યો અને શરમ લાગી તથા તેને લીધે તે નમ્ર થઈ ગયો. પછી અદિતિ બોલી:–"ઇંદ્ર! તારો શ્રુતશર્મા કેવો છે? તેને અહીં લઈ આવી અમને બતાવ." તે સાંભળી ઇંદ્રે, માતલી સારથિને આજ્ઞા કરી ને તે જ વખતે વિદ્યાધરના રાજા શ્રુતશર્માને ત્યાં બોલાવ્યો. શ્રુતશર્મા ત્યાં આવ્યો અને મુનિરાજને પ્રણામ કરી ઉભો રહ્યો. પછી અદિતિપ્રમુખ ઋષિપત્નીઓ, નમ્ર થયેલા શ્રુતશર્માને અને સૂર્યપ્રભને જોઈ પોતાના પ્રાણનાથ મુનિરાજને પૂછવા લાગી–"મુનીંદ્ર! આ બેમાં રૂપ અને ઉદાર લક્ષણમાં શ્રેષ્ઠ કોણ છે, તે કહો." ત્યારે મુનિ શ્રેષ્ઠ બોલ્યા:–'શ્રુતશર્મામાં, સૂર્યપ્રભના પ્રધાન પ્રભાસના જેવાં પણ રૂપ તથા લક્ષણો નથી, તો અનુપમ રૂપશાળી લક્ષણવંત રાજકુમાર સૂર્યપ્રભના જેવો તો એ ક્યાંથી જ હોય! સૂર્યપ્રભની કાંતિ તથા લક્ષણો દિવ્ય છે. એ ગુણોને લીધે કદી તે ઇંદ્રની પદવી લેવાનો નિશ્ચય કરે તોપણ તે તેને દુર્લભ નથી." જ્યારે કશ્યપ મુનિનાં આવાં વચન સાંભળ્યાં, ત્યારે ત્યાં બેઠેલા સર્વે 'આપ સત્ય કહો છો' એમ કહી, તેમના બોલવાને સંમતિ આપી. પછી મુનિરાજે ઇંદ્રના સાંભળતાં આ પ્રમાણે મયદાનવને વરદાન આપ્યું:–"પુત્ર તારા ઉપર ઇંદ્રે વજ્ર ઉગામ્યું, તોપણ તું કંઈ બોલ્યો નહીં, અને નમ્ર થઇને બેસી રહ્યો, માટે તારું શરીર વજ્રનું થશે; તને જરા કે મૃત્યુ આવશે નહીં. તેમ શસ્ત્રથી તારું શરીર વિંધાશે નહીં. આ સુનીથ તથા સૂર્યપ્રભ પણ તારા જેવા જ મહા પરાક્રમી થશે;અને કોઈ પણ શત્રુ તેનો કોઇ પણ દિવસ પરાજય કરી શકશે નહીં. તમને જ્યારે આપત્તિ આવે ત્યારે તમે શરદઋતુના ચંદ્ર જેવા તેજસ્વી મારા પુત્ર સુવાસ કુમારનું સ્મરણ કરજો, એટલે તે આવીને તમને સહાય કરશે." આવી રીતે મુનિરાજે મયને તથા તેના કુમારોને વર આપ્યો. ત્યાર પછી તેની સ્ત્રીઓએ, ઋષિઓએ ને લોકપાળોએ મયદાનવને તથા તેના કાર્યભારીઓને મુનિરાજની માફક વર આપ્યા. છેવટે અદિતિ બોલી–"ઇંદ્ર! તું અવિનય કર મા અને મયને સમજાવ. તેં વિનયનું ફળ જોયું! એને વિનયથી ઉત્તમ વરદાનો મળ્યાં." તે સાંભળી ઇંદ્રે, મયનો હાથ પકડી પ્રેમસંબંધ દાખવી ખુશી કર્યો; અને સૂર્યપ્રભથી પરાજય પામેલો શ્રુતશર્મા, સૂર્યના તેજ આગળ ઝાંખા પડેલા ચંદ્રમાના જેવો નિસ્તેજ થઈ ગયો. પછી ઇંદ્રદેવ–ગુરુ કશ્યપ મુનિને પ્રણામ કરી, જેમ સઘળા લોકપાળને સાથે લઈ આવ્યો હતો, તેમ જ પાછો વિદાય થયો. ત્યાર પછી મયદાનવ વિગેરે પણ પોતાનું ચાલતું કામ સિદ્ધ કરવા માટે તે મુનિની આજ્ઞા લઈ, તે આશ્રમમાંથી પોત પોતાને ઘેર ગયા.

વિશેના
પાછી યાદ ..
તથા તેમની સેનાને બો.

## તરંગ ૩ જો.

### સૂર્યપ્રભનો ઉદ્યોગ. પર

મયદાનવ, સુનીથ, સૂર્યપ્રભ તથા બીજા કેટલાએક અંતર પુરુષો, કશ્યપના આશ્રમ બહાર નિકળી, ચન્દ્રભાગા અને ઈરાવતીના સંગમ ઉપર, જ્યાં માનવ રાજાઓ, મિત્રો તથા કુટુંબીઓ સૂર્યપ્રભની વાટ જોતા ઉભા હતા ત્યાં આવ્યા. કિનારા ઉપર ઉભેલા રાજાઓએ, સૂર્યપ્રભને આવતો જોયો, ત્યારે તેઓ તેની પાસે જઈ અત્યંત શોકાર્ત થતા રડવા લાગ્યા ને મરવાને તૈયાર થયા. સૂર્યપ્રભે જાણ્યું કે, આ રાજાઓ ચંદ્રપ્રભના અદૃશ્ય થવાથી દિલગીરીમાં આવી પડેલા હશે, તેથી તેની આગળ સૂર્યપ્રભે સઘળી વાર્તા યથાસ્થિત કહી બતાવી. પણ તેથી તે રાજાઓની દિલગીરી ઓછી થઈ નહીં. ત્યારે સૂર્યપ્રભે તેઓને પૂછ્યું કે, "તમે શા માટે દિલગીરીમાં છો?" એ રાજાઓ જો કે રાણીઓનું હરણ થયું હતું તે કહેવા માટે ખુશી ન હતા, તોપણ મહામુસીબતે સૂર્યપ્રભને જણાવ્યું કે, "શ્રુતશર્મા આપની સર્વે રાણીઓને હરી ગયો છે. અમે તેની સાથે યુદ્ધ કર્યું, પણ તેમાં અમારો પરાજય થયો છે. અમે દેહ પાડવાનો–મરવાનો નિશ્ચય કરી તૈયાર થયા. પણ એવામાં આકાશવાણીએ અમને મરતાં અટકાવ્યા." એ પ્રમાણે સૂર્યપ્રભ આગળ સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળી સૂર્યપ્રભને ગુસ્સો ચઢ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે–પરસ્ત્રીનું કપટથી હરણ કરનારા શઠ શ્રુતશર્માનો બ્રહ્મા આદિ દેવતાઓ બચાવ કરે તોપણ મારે તેનો જડમૂળથી નાશ કરવો.–આવી રીતે યુદ્ધમાં જવા માટે સૂર્યપ્રભે દૃઢ પ્રતિજ્ઞા કરી, વિજય કરવા જવા માટે જોષીઓ પાસે લગ્ન દેખડાવ્યું. જોષીઓએ સાતમે દિવસે લગ્ન જોઈ આપ્યું. સૂર્યપ્રભ આ લગ્ન મુકરર કરી વિજય કરવાના ઉદ્યમો શોધવા લાગ્યો. એ વાતની મયને જ્યારે ખબર પડી ત્યારે તેણે સૂર્યપ્રભને વધારે દૃઢ કરવા માટે ફરી કહ્યું:–"જો તેં વિજય સંબંધે એક નિશ્ચય કીધો હોય તો હું તને કહું છું તે સાંભળ. તું એકદમ વિજયયાત્રા કરવા નિકળે છે કે નહિ, તે તપાસવા માટે માયીક વિદ્યાથી મેં તારી રાણીઓનું હરણ કીધું છે. તે સર્વે પાતાળમાં છે. અગ્નિ, પવન વગર યથાર્થ સળગી ઉઠતો નથી, પણ પવનની સહાયતાથી સળગી ઉઠે છે. તું મારી સાથે પાતાળમાં ચાલ, હું તને તારી સ્ત્રીઓ બતાવું." મયનું આવું વચન સાંભળી સઘળાં માણસો ખુશી થયાં. પછી સૂર્યપ્રભ વગેરે સઘળા, મયદાનવની પાછળ પ્રથમ જે ગુફામાંથી પાતાળમાં ગયા હતા તે જ ગુફામાં થઈને ચોથા પાતાળમાં ગયા. પાતાળમાં ગયા પછી મયદાનવ એક અનુપમ ભવનમાં ગયો. ને ત્યાંથી મદનસેના વગેરે સ્ત્રીઓને બહાર લઈ આવી સૂર્યપ્રભને સ્વાધીન કીધી. સૂર્યપ્રભ, મયદાનવે આપેલી પોતાની રાણીને તથા બીજી અસુર કન્યાઓને સ્વાધીન લીધી. પછી મયના કહેવા ઉપરથી પ્રહ્લાદને મળવા માટે ગયો. પ્રહ્લાદની પાસે જઈ પ્રણામ કરી તે ઉભો રહ્યો. પ્રહ્લાદને મય તરફથી ખબર મળી હતી કે, સૂર્યપ્રભને ચક્રવર્તીનું વરદાન નિષ્ફળ છે, તે જાણવાની ઇચ્છાથી પ્રહ્લાદજી કૃત્રિમ ગુસ્સો કરી શસ્ત્ર ઉગામી બોલ્યા:–"દુષ્ટ! છે. માટે તું આ



મેં સાંભળ્યું છે કે મારો ભાઈ જે બાર કન્યાઓ હરી લાવ્યો હતો, તે કન્યાઓને તું હરી ગયો છે, માટે હું તારો નાશ કરું છું તે જો!" આવાં ક્રોધભર્યાં વચન સાંભળ્યા છતાં પણ સૂર્યપ્રભ મનમાં જરાએ ભય પામ્યા વગર ને મુખમુદ્રા બદલ્યા વગર બોલ્યો:–"મારું આ શરીર આપને શરણે છે. મેં અવિનયી કાર્ય કીધું છે માટે મને શિક્ષા કરો!" તે સાંભળી પ્રહ્લાદજી હાસ્ય કરીને બોલ્યા:–સૂર્યપ્રભ! મેં તો તારા દર્પની પરીક્ષા કરી, પરંતુ તારામાં લેશ માત્ર પણ દર્પ નથી; માટે હું તારા ઉપર પ્રસન્ન છું: તું મારી પાસે વર માંગ." સૂર્યપ્રભે એ વચન સાંભળ્યું ત્યારે તે યોગ્ય ગણીને માગ્યું કે, "મને જેથી વડીલો તથા શંકર ઉપર ભક્તિભાવ રહે તે વર આપો." તે સાંભળી સભામાં બિરાજેલા સઘળા અસુરો પ્રસન્ન થઈ ગયા અને પ્રહ્લાદજીએ પોતાની યામિની નામની બીજી કન્યા પણ સૂર્યપ્રભને પરણાવી; અને સૂર્યપ્રભને સહાય કરવા માટે પોતાના બે પુત્રો સોંપ્યા.

ત્યાંથી સૂર્યપ્રભ સઘળાઓને સાથે લઈ અમીલની પાસે ગયો. અમીલના જાણવામાં પણ આવ્યું હતું કે શિવે સૂર્યપ્રભને વરદાન આપ્યું છે તે પરથી તેણે ઘણી ખુશીથી પોતાની બીજી પુત્રી સુખાવતી સૂર્યપ્રભને પરણાવી અને તેને લડાઈમાં સહાય કરવા માટે પોતાના બે પુત્રો સોંપ્યા. સૂર્યપ્રભનો તે આખો દિવસ, મદદ માગવા માટે, પોતાની સ્ત્રી સહિત અસુર રાજાઓનો આદર સત્કાર કરવા વ્યતીત થઈ ગયો. એવામાં મયાસુર અને સૂર્યપ્રભના સાંભળવામાં આવ્યું કે, સુનીથની ત્રણ રાણી અને પોતાની રાણીઓ–જે રાજકન્યાઓ છે તે સર્વને ગર્ભ રહ્યો છે એટલે તેઓએ પોતપોતાની સ્ત્રીઓને પૂછ્યું કે, 'તમને ગર્ભ રહ્યો છે તો કેઈ વસ્તુના અભાવા થાય છે?' એટલે તે સર્વ બોલી:–'અમને તો મહારણ સંગ્રામ જોવાની ઇચ્છા છે.' તે સાંભળી મયદાનવે સઘળી રાણીઓનાં વખાણ કર્યાં, અને તે બોલ્યો, 'બહુ સારું થયું. પૂર્વે જે અસુરો સંગ્રામમાં મરણ પામ્યા હતા તે આ રાણીઓના ઉદરમાં જણાય છે, ને તેથી જ રાણીઓને સંગ્રામ જોવાનો અભાવો થયો છે."

આવી રીતે છ દિવસો ચાલ્યા ગયા. સાતમે દિવસે સૂર્યપ્રભ વિગેરે સઘળા, રાણીઓ સહિત રસાતળ પાતાળમાંથી બહાર નિકળ્યા. આ વખતે શત્રુઓએ સૂર્યપ્રભ વગેરેને વિઘ્ન કરવા માટે ઉત્પાતની માયાઓ રચી, તૈયારી કરી દીધી. સૂર્યપ્રભે સુવાસકુમારનું સ્મરણ કર્યું. સ્મરણ કરતી વખતે જ સુવાસકુમારે ત્યાં આવી વિદ્યાધરોએ રચેલી માયાનો પરાજય કરી નાંખ્યો, એટલે સૂર્યપ્રભ વગેરે વગર અડચણે ત્યાંથી આગળ ચાલવા લાગ્યા, અને ત્યાંથી પોતાના શહેરમાં જઈ ચન્દ્રપ્રભના બીજા પુત્ર રત્નપ્રભને પૃથ્વીની રાજ્યગાદી ઉપર અભિષેક કરી ત્યાંનો રાજા બનાવ્યો. ત્યાર પછી મયદાનવના કહેવાથી સુતાસન વિમાનમાં ચઢી સઘળા ગંગા નદીના પૂર્વ કિનારા ઉપર આવેલા તપોવનમાં વિદ્યાધરના રાજા સુમેરુને ઘેર ગયા. સુનીથ વગેરે મિત્રોને જોઈ સુમેરુએ તેને ઘણું માન આપી પોતાને ઘેર ઉતારો આપ્યો. જરાવાર વિશ્રામ લીધા પછી મયદાનવે સૂર્યપ્રભ વિશેની સઘળી હકીકત તેને કહી સંભળાવી. સુમેરુને પણ શંકરે જે આજ્ઞા કરી હતી તે પાછી યાદ આવી. પછી સૂર્યપ્રભ વગેરેએ સુમેરુના દેશમાં રહી, સગાં કુટુંબીઓને ખબર કરી, તેમને તથા તેમની સેનાને બોલાવી. સૂર્યપ્રભના સંબંધીઓમાં પ્રથમ તેના સાળાઓ, મયદાનવના ઉપદેશથી,

માયાવી વિદ્યાનો અભ્યાસ કરી, સર્વ તૈયારી કરીને આવ્યા. આવી રીતે સૂર્યપ્રભના હરિભટ વગેરે દરેક સસરાઓ એક લાખ સાઠ રથ અને વીશ હજાર પાયદળ લઈ, રણસગ્રામમાં જવાને આવ્યા. તેમની પાછળ તેમના સસરાના સંબંધીઓ, ભાઈઓ અને મિત્રો પણ પોત પોતાના સંબંધ પ્રમાણે સેના લઈ આવ્યા.

હૃષ્ટરોમ, મહમાય, સિંહદંષ્ટ્ર, પ્રકંપન, તંતુકચ્છ, દુરારોહ, સુમાય, વજ્રપંજર, ધૂમકેતુ, પ્રમથન વિકટાક્ષ તથા બીજા કેટલાએક દૈત્યો અને દાનવો, સાતમા પાતાળમાંથી આવ્યા. યુદ્ધ માટે આવે લ રાજાઓમાં કોઈની સાથે સીતેર હજાર રથ હતા, કોઈની સાથે એંશી હજાર રથ હતા, કોઈની સાથે સા ઠ હજાર રથ હતા, અને કોઈની સાથે ત્રીસ હજાર રથ હતા અને કોઈ નાનામાં નાનો હતો તેની સાથે દ શ હજાર રથો હતા, તેમ કોઈની સાથે ત્રણ લાખ પાયદળ હતું, અને જે ઘણો જ સાધારણ હતો તેની સ ાથે અર્દ્ધ લાખ પાયદળ હતું. આ પ્રમાણે દરેક રાજાનું હાથી, ઘોડા વગેરે અપાર સૈન્યમંડળ ત્યાં હાજર થ યું તે સિવાય મયનું અને સુનીથનું બીજું અસંખ્ય સૈન્ય ત્યાં આવ્યું હતું તે તો જૂદુંજ. તેમ જ સૂર્ય પ્રભ, વસુદત્ત વગેરે રાજાનું તથા સુમેરુનું પણ અસંખ્ય સૈન્ય રણભૂમિપર ભેગું થયું.

અગણિત સૈન્ય એકઠું થયા પછી, સૂર્યપ્રભ વગેરેએ અને મયદાનવે, સુવાસ કુમારનું સ્મરણ કર્યું કે તે તરત હાજર થયો. તેને મયદાનવે કહ્યું:–"પૂજ્ય મહાત્મા! આ સેના વિખરાઈને પડેલી છે તેને લીધે બરાબર જોવામાં આવતી નથી; માટે આ આખી સેનાના ફેલાવનો એકદમ કયાંથી આલોકન* થાય તે અમને કહો." સુવાસકુમાર બોલ્યો:–"અહીંથી એક યોજન છેટે કલાપગ્રામ નામનો વિશાળ પ્રદેશ છે; ત્યાં સઘળા જાઓ અને સેનાનું આલોકન કરો." મુનિનું સુવાસનું વાક્ય સાંભળી, સુમેરુ વગેરે રાજાઓને સાથે લઈ, મયદાનવ વગેરે સઘળા રાજાઓ કલાપગ્રામ નામના વિશાળ મેદાનમાં ગયા; અને ત્યાં અસુરોની અને તેમના રાજાઓની સેના જૂદી જૂદી ગોઠવીને, મય વગેરે મુખ્ય પુરુષો ઉંચી જમીનમાં ઉભા રહી સેનાનું આલોકન કરવા લાગ્યા. પછી સુમેરુ બોલ્યો:–"શ્રુતશર્માની સેના ઘણી મોટી છે અને તે પણ મહા બળ- વાન્ છે. તેની સહાયમાં એકસોને એક વિદ્યાધરના અધિપતિઓ છે. એ દરેક વિદ્યાધરના મહારાજાના તાબામાં વળી બત્રીસ બત્રીસ રાજાઓ છે. પણ તેમાં શું? ભલે તેમ હોય. હું તે વિદ્યાધરોમાંથી કેટલાએકને સમજાવીને તમારા પક્ષમાં ખેંચી લઈશ. આપણે કાલ સવારેજ વલ્મીકક્ષેત્રમાં જઈએ. આવતી કાલે ફાગણ મહિનાની અંધારી આઠમ છે. તે તિથિ પવિત્ર ગણાય છે. તે તિથિને દિવસે વલ્મીકક્ષેત્રમાં ચક્રવર્તીનાં લક્ષણો પ્રગટ થાય છે. તે માટે વિદ્યાધરો એ અંધારી આઠમ ઉપર વલ્મીકક્ષેત્રમાં જાય છે."

## દિવ્ય ધનુષબાણની પ્રાપ્તિ.

આ પ્રમાણે સુમેરુએ જણાવ્યું, એટલે સેનાની ગોઠવણ વગેરે કરવામાં આખો દિવસ અને રાત્રિ ગાળી નાંખી. પ્રભાત થયું. એટલે સઘળા દાનવો રથમાં બેસી પોત પોતાની સેના સાથે

* આલોકન એટલે એક સ્થળે ઉભા રહીને સર્વ દેખાવ યથાસ્થિત જોવો તે.



વલ્મીક ક્ષેત્રમાં જવાને નિકળ્યા. તેઓએ ભયંકર અવાજ કરતી સેનાની સાથે હિમાચળના દક્ષિણ શિખર ઉપર પડાવ નાંખ્યો. થોડી વારમાં તેઓએ અસંખ્યાત વિદ્યાધરના રાજાઓ, જે ત્યાં આવ્યા હતા તેમને દીઠા. એમાંના કેટલાક વિદ્યાધરના રાજાઓ યજ્ઞ કુંડોમાં અગ્નિનું સ્થાપન કરી હોમ કરતા હતા અને કેટલાએક જપ કરવામાં તત્પર હતા, તેઓને જોયા. સૂર્યપ્રભે પણ તે વલ્મીકક્ષેત્રમાં એક મોટો કુંડ બનાવ્યો અને પોતાની વિદ્યાના પ્રતાપથી તે યજ્ઞકુંડમાં સ્વયં અગ્નિને ઉત્પન્ન કર્યો. સૂર્યપ્રભની આવી અદ્‌ભુત શક્તિ જોઈ સુમેરુના મનમાં આનંદ ઉપજ્યો, અને વિદ્યાધરોના મનમાં મત્સર ઉત્પન્ન થયો. મત્સરને લીધે તે વિદ્યાધરોમાંથી એક વિદ્યાધર બોલી ઉઠયો:–"અલ્યા સુમેરુ! તું વિદ્યાધરના ચક્રવર્તી સ્વામિનો ત્યાગ કરી મનુષ્ય લોકમાં રહેનારા આ સૂર્યપ્રભને અનુસરે છે એશું? ધિક્કાર છે તને!" તે સાંભળી સુમેરુએ ગુસ્સો કરી તેનો તિરસ્કાર કર્યો.

સૂર્યપ્રભે સુમેરુને પૂછયું:–"એ વિદ્યાધરનું નામ શું છે?" સુમેરુએ જવાબ આપ્યો. "ભીમ નામનો એક વિદ્યાધર છે. તેની સ્ત્રી ઉપર દૈવેચ્છાથી બ્રહ્મા આશક પડ્યા, તેનાથી તે સ્ત્રીને પેટે આ વિદ્યાધરનો જન્મ થયો છે. બ્રહ્માથી આ વિદ્યાધરનો જન્મ ગુપ્ત રીતે થયો છે, માટે આ વિદ્યાધર બ્રહ્મગુપ્ત નામથી ઓળખાય છે, અને એ પોતાની જાતિ પ્રમાણે જ બોલે છે!" આટલું કહ્યા પછી સુમેરુએ પણ અગ્નિનો કુંડ કર્યો. તે કુણ્ડમાં સૂર્યપ્રભ અને સુમેરુ બન્ને જણા સાથે હોમ કરવા લાગ્યા. એવામાં ઓચિંતો જમીનમાં ખાડો પડી ગયો અને તેમાંથી એક મોટો ભયંકર અજગર બહાર નિકળી આવ્યો. તેને જોઈ, જેણે સુમેરુને ધિક્કારી કાઢયો હતો તે વિદ્યાધરનો રાજા બ્રહ્મગુપ્ત, પેલા અજગરને પકડવા માટે દોડયો. તે અજગરે બ્રહ્મગુપ્તને ફુંફાડો મારી મુખના પવનવતી ઉરાડી ફેંકી દીધો, તેથી તે બાપડો જીર્ણપર્ણની માફક સો હાથને છેટે જઈને પડયો. ત્યાર પછી તેજ પ્રભ નામનો વિદ્યાધરાધીશ તે અજગરને પક- ડવા માટે ગયો; તેને પણ અજગરે તેમ જ ઉરાડી મૂક્યો. પછી દુષ્ટદમન નામનો વિદ્યાધરપતિ તે અજગરને પકડવા ગયો, તેને પણ ફુંક મારી મુખના પવનવતી દોઢ ગાઉ ધકેલી કાઢયો. ત્યાર પછી વિરૂપશક્તિ નામનો વિદ્યાધરપતિ તે સર્પની પાછળ દોડયો; તેને પણ અજગરે ફુંકના પવ- નથી તૃણની માફક પ્રથમની પેઠે જ ઉરાડી મૂક્યો. અંગારક અને વિઝંભક નામના વિદ્યા- ધરના રાજાઓ તે અજગરને પકડવા માટે એકદમ દોડ્યા. તેને પણ મુખના પવનથી છેટે ખસેડી કાઢ્યા. આવી રીતે અજગરે ક્રમે ક્રમે સઘળા વિદ્યાધરના રાજાઓને ઊંચા ઉરાડી જમીન ઉપર પટકયા. અજગરના ફુંફાડાથી પટકાવાને લીધે તે સઘળાના અવયવો, પત્થર સાથે અથડાવાથી એવા તો લોટ પોટ થઈ ગયા કે, તે જેમ તેમ ઉભા થઈ શક્યા. છેવટે શ્રુતશર્મા ગર્વ કરી તે અજગર તરફ ગયો અને તે જ્યાં પકડવાની ઇચ્છા કરે છે, એવામાં તો અજગરે તેને પણ ફુંફાડાના પવનથી હવામાં ઉરાડી દીધો! પણ શ્રુતશર્મા પવનના ઝપાટાથી છેટે ન પડતાં નજીકમાં પડયો. તેને લીધે ઉઠીને ફરી અજગર ભણી દોડયો; ત્યારે અજગરે ફરી ફુંફાડો મારી ઘણે દૂર જમીન ઉપર તેને પટકી પાડયો. જમીન ઉપર પડવાથી શ્રુતશર્માનું શરીર આસ્થિયાદામર થઈ ગયું. તે બેભાન થઈ ગયો અને ઘણી વાર પછી તે ઉભો થઈ શકયો.

સુમેરુએ તે અજગરને પકડવા માટે સૂર્યપ્રભને મોકલ્યો. તેને તે અજગરને પકડવા જતો જોઈ બીજા વિદ્યાધરો બોલ્યાઃ–"જુઓ, જુઓ! આ ભાઇ શ્રી પાંચ અજગરને પકડવા જાય છે! અહાહા! આ મનુષ્ય, વાંદરા જેવો! વિચાર શૂન્ય! બીજાઓની નકલ કરે છે! અહાહા!" આમ કહી સૂર્યપ્રભની મશ્કરી કરી ખૂબ હસવા લાગ્યા. પણ તેઓ મશ્કરી કરતા જ રહ્યા. જે સૂર્યપ્રભ સર્પના દર પાસે ગયો ને તેનું મુખ પકડી તેને દરની બહાર ખેંચી કાઢ્યો. એટલે તે જ વખતે તે અજગર બદલાઈને ભાથો–બાણ રાખવાની પેટી–થઈ ગઈ અને સૂર્યપ્રભની ઉપર આકાશમાંથી પુષ્પનો વર્ષાદ વર્ષવા લાગ્યો. તુરત જ આકાશવાણી થઇ ને ગંભીર અવાજે કહ્યુંઃ–"સૂર્યપ્રભ! આ માયીક અક્ષય ભાથાને તું લઈ લે." તે આકાશવાણી સાંભળી સર્વ વિદ્યાધરો ઝંખવાણા પડી ગયા, અને સૂર્યપ્રભે તે ભાથો ઉપાડી લીધે. તે જોઈ મય અને સુનીથના મનમાં અતુલ હર્ષ ઉપજ્યો.

સર્પના જબરા સપાટામાં આવવાથી શ્રુતશર્મા જમીન ઉપર ગબડી પડ્યો હતો, તે જેમ તેમ પોતાનું વિદ્યાધરસૈન્ય સાથે લઈ, ઉભો થઈ, પોતાના નિવાસ ઉપર ચાલ્યો ગયો. તે પછી, તેનો એક પ્રણિધિ સૂર્યપ્રભની પાસે આવીને બોલ્યોઃ–"અમારા શ્રીમાન્ રાજાધિરાજ શ્રુતશર્મા મહારાજ આપને હુકમ ફરમાવે છે કે, 'જો તમારી જીવતા રહેવાની ઇચ્છા હોય તો તે ભાથો એમને અર્પણ કરો, નહીંતર હું તમારો નાશ કરીશ." સૂર્યપ્રભે પ્રત્યુત્તર આપ્યોઃ "અલ્યા પ્રણિધિ! તારા રાજાની પાસે જઇને કહે કે, 'મારા બાણથી તારું પોતાનું શરીર વિંધાઇને બાણનો ભાથો બનશે.' સૂર્યપ્રભનો પ્રત્યુત્તર સાંભળી દૂત પાછો રાજા શ્રુતશર્માની તરફ આવ્યો, અને સૂર્યપ્રભના સહાયક સઘળા રાજાઓ, શ્રુતશર્માનું સાહસ ભાષણ સાંભળી, તેની મશ્કરી કરવા લાગ્યા.

તે પ્રણિધિ ગયા પછી સુમેરુ સૂર્યપ્રભને ઘણા આનંદથી ભેટીને બોલ્યોઃ–"હું ઘણો આનંદ પામું છું કે, આજ શંકરનું કહેલું વાક્ય આપણને ફળીભૂત થયું છે, તેમાં જરાએ સંશય નથી. તમને ઉત્તમ પ્રકારનો ભાથો મળ્યો. હવે તો તમારે ચક્રવર્તી પદ પણ મળી ચૂક્યું સમજજો. માટે હવે મારી સાથે ચાલો અને ત્યાં સુખ શાંતિથી ધનુષ મેળવો." તે સાંભળી સૂર્યપ્રભ વગેરે સઘળા, સુમેરુને આગળ કરી, હિમકૂટ પર્વત તરફ ગયા. તે પર્વત દેખાયો. તેના ઉત્તર ભાગમાં જ્યાં માનસરોવર હતું, ત્યાં સર્વ ગયા, આ વિશાળ સરોવર બ્રહ્માને સમુદ્ર બનાવવામાં જાણે એક અનુપમ સાધન હોય, તેમ શોભતું હતું. સરોવરમાં પવનને લીધે હાલકલોલક થયેલાં કમળો, જળક્રીડા કરતી અમર સુંદરીઓનાં મુખને ઢાંકી દેતાં હતાં. આવા અનુપમ માનસરોવરની શોભાને નિહાળતા હતા, એવામાં શ્રુતશર્મા વગેરે પણ ત્યાં આવી ચઢ્યા. સૂર્યપ્રભે ઘી અને કમળનો હોમ કર્યો, થોડી વારમાં માનસરોવરમાંથી ભયંકર વાદળાં ઉંચાં આકાશમાં ચઢ્યાં; આખું આકાશ વાદળાંઓથી ઘનઘોર થઈ ગયું. ક્ષણવારમાં વર્ષાદ પડવા લાગ્યો. એ વર્ષાદના પડવામાં વાદળામાંથી એક કાળો સર્પ પડ્યો. તેને જોઈ સુમેરુ બોલ્યોઃ–"તમે એ સર્પને પકડી લો" તુરત જ સૂર્યપ્રભે તે સર્પને ઘણી મજબૂતીથી પકડ્યો; તેણે છૂટવા ઘણાં તરફડીયાં માર્યાં, પણ મૂક્યો નહીં, એટલે તે ધનુષ બની ગયું.

પ્રથમનો સર્પ ધનુષ થઈ ગયો ત્યાર પછી બીજો સર્પ આકાશમાંથી નીચે પડ્યો. તેના ભયંકર ઝેરથી ડરીને સઘળા વિદ્યાધરો દૂર ભાગી ગયા. પણ તે સર્પને સૂર્યપ્રભે પ્રથમની



માફક જ પકડી લીધો, એટલે તે સર્પ મોટા ધનુષની પણછ થઈ ગયો. તરત વાદળાં વિખરાઈ ગયાં, અને આકાશવાણી થઈ કેઃ–"હે સૂર્યપ્રભ! તને અપાર બળવાળું આ ધનુષ મળ્યું છે; અને કોઇથી પણ કાપી શકાય નહીં એવી પણછ મળી છે. આ બન્ને અણમોલ રત્નો તું લઈ લે." આ આકાશવાણીની સાથે જ આકાશમાંથી પુષ્પનો વર્ષાદ પડ્યો; અને સૂર્યપ્રભે મજબૂત ધનુષ થતા પણછ એ બન્ને વસ્તુ લઈ લીધી. આ સર્વ જોઈ શ્રુતશર્મા તથા તેનાં માણસો દિલગીર થઈ, તપોવન તરફ ચાલ્યાં ગયાં અને સૂર્યપ્રભ તથા મય વગેરે ઘણા ખુશી થયા.

પછી મય વગેરે દાનવોએ સુમેરુને પૂછ્યું કે, આ ધનુષની ઉત્પત્તિ કેવી રીતે થઈ? સુમેરુ બોલ્યોઃ–"અહીં પોલા વાંસનું એક દિવ્ય તથા વિશાળ વન છે. તે વનમાંથી વાંસને કાપીને આ માનસરોવરમાં નાંખે તો તેમાંથી મોટાં દિવ્ય ધનુષ બની જાય છે. પ્રાચીન સમયમાં દેવતાઓ, ગંધર્વો, અસુરો અને ઉત્તમ વિદ્યાધરોએ આ જ પ્રમાણે ધનુષો મેળવ્યાં હતાં. પૂર્વ કાળમાં દેવતાઓએ આ સરોવરમાં અમૃતબળ નામના ચક્રવર્તીનાં ધનુષો નાખ્યાં છે. તેનાં નામ જૂદાં જૂદાં છે. તે ધનુષો પુણ્યશાળી અને ભવિષ્યમાં ચક્રવર્તી થનારા કોઇને જ, આવાં આવાં કષ્ટો સહે ત્યારે, શિવની કૃપાથી મળી શકે છે. તે ધનુષમાંનું એક મોટું ધનુષ આજ સૂર્યપ્રભને મળ્યું છેઃ હવે તેના મિત્રો પણ પોતાની યોગ્યતા પ્રમાણે ધનુષને મેળવી લે; કારણ તે સઘળા શૂરવીર છે, તેમને વિદ્યાની સિદ્ધિ પણ છે, માટે ધનુષ મેળવવાની તેમનામાં યોગ્યતા છે; હજી સુધી મહાત્માઓને તેની યોગ્યતા પ્રમાણે તેવાં ધનુષો મળે છે."

સુમેરુનું આ વચન સાંભળી પ્રભાસ વગેરે સૂર્યપ્રભના મિત્રો વાંસના વનમાં ગયા ત્યાંના રખવાળ તથા રાજા ચંડદંડનો પરાજય કરી, તે વનમાંથી વાંસ લઈ આવી તેઓએ માનસરોવરમાં નાંખ્યા. પછી સુમેરુના કહેવા મુજબ માનસરોવર ઉપર સાત દિવસ પર્યંત જપ અને હોમ કર્યાં એટલે તેઓને તરત ધનુષ મળ્યાં. ત્યાંથી નિકળી મય વગેરે તથા સૂર્યપ્રભ વગેરે તપોવનમાં સુમેરુની પાસે આવ્યા. સુમેરુ સઘળાની પાસે ધનુષ જોઈ બોલ્યો;–"સૂર્યપ્રભ! વાંસના વનનો ઉપરી ચંડદંડ કોઇથી પણ પરાજય પામતો ન હતો, તેને આજ તારા મિત્રોએ હરાવ્યો છે, એ કામ ઘણું જ આશ્ચર્ય ભરેલું કર્યું છે, એમાં શક નથી. એ ચંડદંડ કોઇથી પરાજય પામતો નહીં, તેનું કારણ એ હતું કે, તેની પાસે મોહિની નામની એક વિદ્યા છે. આ વિદ્યા તેને તેના ગુરુ તરફથી મળી છે. તેણે તે વિદ્યા મેળવ્યા પછી તેના પ્રતાપની પરીક્ષા કરવા માટે તે મોહિની પોતાના ગુરુ ઉપર ચલાવી. ત્યારે ગુરુએ શાપ દીધો કે, આ વિદ્યા તને હવે એકજ વાર ફળદાયક થશેઃ વારંવાર ચલાવીશ તો નિષ્ફળ થશે. તેણે તે વિદ્યા મોટા શત્રુ ઉપર વાપરવા માટે અવશ્ય રાખી મૂકી છે અને તે કારણથી જ તારા મિત્રો ઉપર પણ તેણે ચલાવી નથી. માટે આ વિદ્યાનો નાશ કરવા માટે વિચાર કરવો જોઇએ. ખરેખર વિદ્યાઓનો પ્રતાપ ઘણો જ મોટો હોય છે. તે વિદ્યાના પ્રભાવ માટે તમે મને શું પૂછો છો, મયને પૂછો; મયદાનવની આગળ હું તો કોણ માત્ર? મારા કરતાં તેને વધારે ખબર છે. સૂર્યની આગળ દીવાની શી ગણતરી?" આ પ્રમાણે સુમેરુએ સૂર્યપ્રભને કહ્યા પછી મય બોલ્યોઃ "સુમેરુએ જે કહ્યું તે ખરું કહ્યું છે; તોપણ હું તને આટલું ટુંકામાં કહી બતાવું છું તે સાંભળ.

"અવ્યક્ત–પરમાત્માથકી જૂદી જૂદી શક્તિઓ ઉત્પન્ન થાય છે. એ શક્તિઓમાંથી બીજી
શક્તિઓ ઉત્પન્ન થાય છે. એ શક્તિઓમાંની પ્રાણશક્તિમાંથી નાદ ઉત્પન્ન થાય છે. આ નાદ બિંદુ
માર્ગનો આધાર ધરીને રહે છે અને તે ઉત્કૃષ્ટ સત્યની કળાયુક્ત હોય છે, તથા તે મારણમોહ પાસે નના
મંત્રો વગેરેની વિદ્યા સિદ્ધિને પામી શકે છે. જે મનુષ્યો આ મોહનમંત્રવિદ્યાનું જ્ઞાન મેળવીને અથવ તપ
કરીને કે સિદ્ધ પુરુષોની આજ્ઞા મેળવીને સિદ્ધ પદ મેળવે છે, તેનો પ્રતાપ કોઈ જેરવી શકતું નથી.
માટે મારા પુત્ર! તેં બે સિવાય સર્વ વિદ્યા સિદ્ધ કરી છે–તું બે વિદ્યામાં અપૂર્ણ છે. વર્ષ તે વિદ્યા
મોહનમંત્ર અને પરિયોગ છે. આ વિદ્યા તેં સાધી નથી. આ બન્ને વિદ્યા મુનિ યાજ્ઞવલ્ક્ય મા જાણે છે,
માટે તેની પાસે જઈ તે વિદ્યા માટે પ્રાર્થના કર." તે સાંભળી સૂર્યપ્રભ, મોહનમંત્ર અને પ રિયોગ
વિદ્યા સાધવા માટે યાજ્ઞવલ્ક્ય મુનિને આશ્રમે ગયો અને વિદ્યા ભણાવવા માટે મુનિને જણા વ્યું.
મુનિએ તે કુમારને સાત દિવસ નાગહ્રદમાં રાખ્યો અને ત્રણ દિવસ અગ્નિમાં રાખ્યો–આ પ્રમાણે દશ
દિવસ તપશ્ચર્યા કરાવી. પહેલા સાત દિવસમાં સૂર્યપ્રભે સર્પના સખત દંશ સહ્યા ત્યારે મોહન-
મંત્ર પ્રાપ્ત થયું અને છેવટના ત્રણ દિવસમાં અગ્નિનો તાપ સહ્યો ત્યારે પ્રતિયોગ વિદ્યા મળી હતી.
એ બન્ને વિદ્યા તે શિખી રહ્યો ત્યાર પછી પુનઃ મુનિએ તેને અગ્નિના કુંડમાં પેસવા માટે
આજ્ઞા કરી. તેણે તે પ્રમાણે કર્યું. તે જ વખતે એક મહાપદ્મ નામનું આકાશચારી વિમાન
તેની પાસે આવ્યું. આ વિમાન તેમાં બેસનારની ઇચ્છા પ્રમાણે ચાલે તેવું હતું; તેનાં
એકસોને આઠ પત્ર હતાં. તે દરએક પત્રમાં એક એક નગર હતું અને જૂદી જૂદી જાતનાં
મોટાં રત્નો તે વિમાનમાં જડવામાં આવ્યાં હતાં. જ્યારે આ વિમાન સૂર્યપ્રભને મળ્યું ત્યારે આકા-
શવાણીએ ધીરા સ્વરથી કહ્યું:–"તને ચક્રવર્તીનું વિમાન મળ્યું છે, માટે તું આ વિમાનના
દરએક નગરમાં તારા અંતઃપુરને રાખજે; જેથી તારા શત્રુઓ તેનો પરાભવ કરી શકશે નહીં."
એ આકાશવાણી સાંભળી, સર્વ વિદ્યા મેળવીને સૂર્યપ્રભ સિદ્ધ થયા પછી, પ્રણામ કરીને ગુરુ
યાજ્ઞવલ્ક્યને વિનતિ કીધી કે, "ગુરુજી! આજ્ઞા કરો કે હું ગુરુદક્ષિણા આપું." મુનિ બોલ્યાઃ "જ્યારે
તારે રાજ્યાભિષેકનો સમય થાય ત્યારે તારે મારું સ્મરણ કરવું, એજ મારી ગુરુદક્ષિણા છે–હવે
જા તારી સેનામાં." તે સાંભળી સૂર્યપ્રભ, તે મુનિને પ્રણામ કરી, વિમાનમાં બેસી, સુમેરુના રહેઠાણ
ઉપર રહેલી પોતાની સેનામાં આવ્યો અને પોતાનું સઘળું વૃત્તાંત કહી સાંભળાવ્યું. પછી સુનીથ,
સુમેરુ અને મય વગેરેએ, વિદ્યા અને વિમાન મેળવી આવેલા સૂર્યપ્રભને ધન્યવાદ આપ્યો.

## પ્રહસ્તવિષ્ટિ.

પછી સુનીથે, સુવાસકુમારનું સ્મરણ કીધું, એટલે તે તરત હાજર થયો. તેણે મય વગેરે
રાજાને ઠપકો આપતાં કહ્યું:–"સૂર્યપ્રભને વિમાન અને સર્વ વિદ્યાઓ મળી ચૂકી છે, તોપણ તમે હજુ
સુધી પણ શત્રુનો પરાજય કરવામાં ઉદાસીનની માફક કેમ બેઠા છો?" તે સાંભળી મય બોલ્યો:–
"આપે કહ્યું તે યથાર્થ છે, તેમાં યત્કિંચિત પણ ખોટું નથી; પરંતુ યુદ્ધ કરવાની આગમજ દૂત
મોકલો; કારણ કે આ બાબતમાં આપણે નીતિએ વર્તવું જોઇયે." મયનું સપ્રમાણ વચન સાંભળી
મુનિકુમાર સુવાસ બોલ્યો:–"ભલે, જો એમ વિચાર હોય તો, તેમાં કંઈ પણ આપણને હાનિ નથી.



આ પ્રહસ્તને વિષ્ટિએ મોકલો; કારણ કે તેનામાં પ્રતિભાશક્તિ છે. તે વાચાળ છે, કાર્ય તથા સમયની ગતિમાં પ્રવિણ છે, દ્રઢ છે અને સહનશીળ છે; અર્થાત્ એનામાં દૂતના સઘળા ગુણો સમાયલા છે." સુવાસકુમારનું વચન સાંભળી સઘળાએ તેના બોલવાને માન્ય આપ્યું અને પ્રહસ્તને સંદેશો સંભળાવી, રાજદૂતનું કર્મ કરવા માટે–વિષ્ટિએ–શ્રુતશર્મા તરફ મોકલ્યો.

પ્રહસ્તના ગયા પછી સૂર્યપ્રભ સઘળા દાનવોને કહેવા લાગ્યો:–"હે દાનવો! આજ સ્વપ્નમાં એક અપૂર્વ કૌતુક મારા જોવામાં આવ્યું છે, તે તમને કહું છું તે સાંભળો. અર્ધરાત્રિ થઈ ગયા બાદ, પાછલી રાત્રિએ મને સ્વપ્ન આવ્યું કે, જાણે આપણે સઘળા એક મોટા પાણીના ધોધમાં તણાવા લાગ્યા અને તેમાં નૃત્ય કરવા લાગ્યા, તોપણ આપણે ડૂબી ગયા નહીં. પછી આડો પવન જોસભેર વાવા લાગ્યો. તેને લીધે તે જળનો પ્રવાહ પાછો હઠી ગયો. થોડીવાર પછી ત્યાં એક પૂર્ણ ઝળઝળાટ કરતો તેજસ્વી પુરુષ આવ્યો. તેણે પાણીના પૂરમાંથી આપણ સર્વને ઉપાડીને અગ્નિમાં નાંખી દીધા, તોપણ આપણે અગ્નિમાં બળ્યા નહીં. ત્યાર પછી લોહીનો વર્ષાદ વર્ષવા લાગ્યો; અને તેનાથી દશે દિશાઓ લોહીલોહાણ થઈ રહી. એવામાં હું જાગૃત થયો, અને જોઉં છું તો પ્રભાત થયું હતું." સૂર્યપ્રભના સ્વપ્નની વાત સાંભળી સુવાસકુમાર બોલ્યો; "તારા સ્વપ્નની હકીકત ઉપરથી જણાય છે કે, તારો અભ્યુદય મહાપરિશ્રમે થશે. તેં જે પાણીનું પૂર દીઠું તેને સંગ્રામ જાણવો. અને તેમાં તણાયા અને નૃત્ય કર્યું તોપણ ડુબ્યા નહીં તે ધૈર્ય જાણવું. જે પવને પાણીના પૂરને હઠાવી દીધું તેને તમને શરણે રાખનાર અને તમારું રક્ષણ કરનાર સમજવો; અને જે તેજસ્વી પુરુષે પાણીમાંથી કાઢીને તમને અગ્નિમાં નાંખ્યા, તેને સાક્ષાત્ શંકર જાણવા. તેણે તમને પાણીના પૂરમાંથી ઉપાડીને જે અગ્નિમાં નાંખ્યા તે રણસંગ્રામમાં નાંખ્યા એમ સમજવું. પછી વર્ષાદ વર્ષવા લાગ્યો જે ફરી પણ ભય આવશે આમ સૂચવે છે, અને તેમાં લોહી વર્ષવા લાગ્યું તે તમારા ભયને દૂર કરનારું છે. દિશાઓ લોહીલોહાણ થઈ ગઈ તે તમને મોટી સમૃદ્ધિ મળશે એમ સૂચવે છે. સ્વપ્ન ઘણી પ્રકારનાં છે. એમાં મુખ્ય ત્રણ પ્રકારનાં સ્વપ્ન હોય છેઃ–અન્યાર્થ, યથાર્થ અને અપાર્થ. જે સ્વપ્ન પોતાના હેતુને તરત ખુલ્લું કરી આપે છે તેને અન્યાર્થ કહે છે; જે સ્વપ્ન ઇશ્વરાજ્ઞા દર્શાવે છે તેને યથાર્થ કહે છે, અને જેમાં ઘણી ચિંતા થવાથી જૂદા જૂદા દેખાવ જોવામાં આવે છે તેને અપાર્થ (ખોટું) કહે છે. મનુષ્યનું મન જ્યારે બહારની બાબતમાં ઉદાસીન થાય છે અને રજોગુણી થાય છે, ત્યારે નિદ્રાવશ થયા પછી જૂદા જૂદા કારણોથી તેને સ્વપ્ન જોવામાં આવે છે. સ્વપ્નનું ફળ વહેલું મળવું, મોડું મળવું એ તે સ્વપ્ન આવવાના સમય ઉપરથી સિદ્ધ કરાય છે. પણ સ્વપ્ન જે પાછલી રાત્રિનું હોય છે તે સત્વર ફળ, આપશે!" મુનિકુમાર સુવાસ પાસેથી સ્વપ્નનું ફળ સાંભળી, સૂર્યપ્રભ વગેરે શાંત થયા, અને પછી ઉઠીને પોતાનું આહ્નિક કર્યું.

એટલામાં પ્રહસ્ત પણ શ્રુતશર્માની પાસે જઈને પાછો આવ્યો. મય વગેરેએ તેને સમાચાર પૂછ્યા, એટલે પ્રહસ્ત પોતાની વિષ્ટિનું વૃત્તાંત આ પ્રમાણે બોલ્યો:- "મહારાજ, હું આપની પાસેથી એકદમ ત્રીકૂટાચળ ઉપર આવેલી સોનાથી બનાવેલી ત્રીકૂટપતાકા નામની નગરીમાં ગયો. ત્યાં જઈને પ્રતિહારને પૂછ્યું કે, 'શ્રુતશર્મા રાજા ક્યાં બિરાજે છે?' એટલે તે મને રાજસભામાં રાજા

શ્રુતશર્માની પાસે લઈ ગયો. હું તેની સાથે રાજસભામાં ગયો. શ્રુતશર્મા, પોતાની આસપાસ વિદ્યાધરોથી બિરાજમાન થતો બેઠો હતો. તેની એક બાજુપર તેનો પિતા ત્રિકૂટસેન બેઠો હતો, એક તરફ ધુરંધર અને વિક્રમશક્તિ અને તે શિવાય દામોદર વગેરે બીજા શૂરવીર પુરુષો પણ બેઠા હતા. [illegible]નાઙ પણ તે સભામાં બેઠો અને પછી શ્રુતશર્માને વિષ્ટિસંદેશ આ પ્રમાણે કહ્યો:–"હે રાજન્! શ્રીમ[illegible] તપ[illegible] સૂર્યપ્રભ રાજાએ મને તમારી પાસે મોકલીને આ પ્રમાણે સંદેશો કહાવ્યો છે– "શંકરની કૃપા[illegible] નથી મેં ઈંદ્રજાળ વિદ્યા, રત્નો, સ્ત્રીઓ તથા સહાયક સર્વે મેળવ્યું છે; માટે તમે પણ અહીં આ[illegible] વિ[illegible]ને અમારી આકાશગામી સભામાં બીજા સાથે સામેલ થાઓ. જે મારાથી વિરુદ્ધ વર્તનારા છે તે[illegible] [illegible]ના હું સંહારકર્તા છું, અને જે લોકો મારે શરણે છે તેનો રક્ષણકર્તા છું. તમે સુનીથની [illegible]લેતી નાની બાળ કન્યા કામચૂડામણિનું હરણ કર્યું છે તેને મુક્ત કરો; કારણ કે એ કાર્ય અવિનયી [illegible]."' જ્યારે મેં આ આજ્ઞારૂપ સંદેશો કહ્યો ત્યારે ત્યાં બેઠેલા સઘળા ચીરડાઈ ગયા અને બોલ્યા:– 'જેણે આપણને આવો મદોદ્ધત સંદેશો કહાવ્યો છે તે વળી કોણ છે રે ? ભલે એવા સંદેશા મૃત્યુજનને મોકલાવે, પરંતુ તે બાપડાની વિદ્યાધરમાં કીશ ગણતરી? તે મનુષ્ય થઈને જો આમ ગર્વ કરશે તો ક્યાંક વગર મોતે અટવાઈ મરશે.' જ્યારે મેં એ પ્રમાણે સાંભળ્યું ત્યારે મેં કહ્યું–'શું? તે કોણ? તેને તમે નથી ઓળખતા? તો સાંભળો, તે કોણ છે તે:–જેને શંકરે તમારો ચક્રવર્તી રાજા ઠરાવ્યો છે, તે જ તે છે. જો કે તે મનુષ્ય છે, એ વાત સત્ય છે, પણ મનુષ્યો દેવતા થયા છે અને વિદ્યાધરોએ તે મનુષ્યનું પરાક્રમ જોયું છે, તે ભૂલવું જોઈતું નથી. તે કદાચિત્ અહીં આવશે તો તમે જોશો કે કોનો કોનો નાશ થાય છે.' આવાં વાક્ય સાંભળતાંવાર જ આખી સભા ચીરડાઈ ગઈ અને ખળભળવા લાગી. શ્રુતશર્મા તથા ધુરંધર એ બન્ને જણા તો મને મારવા આવ્યા, એટલે હું બોલ્યો, 'કેમ રે! તમારે લડવાની ઇચ્છા છે કે? ભલે, આવી જાઓ. હું તમારા બન્નેનું પરાક્રમ જોઉં છું કે તમે કેવાક બળવાળા છો.' એવામાં દામોદરે ઉઠીને તે બન્નેને વાર્યા અને કહ્યું કે 'રાજદૂત અને બ્રાહ્મણ–આ બેને કદી પણ મરાય નહીં, માટે ઠંડા પડો.' પછી વિક્રમશક્તિ બોલ્યો:–"અલ્યા દૂતડા! તારા રાજાને જેમ શિવે ચક્રવર્તી બનાવ્યો છે, તેમ જ અમને પણ ઈંદ્રે બનાવ્યા છે; માટે તારો સૂર્યપ્રભ ભલે લડવાને આવે. જોઈએ છીએ કે શું થાય છે. તેની પરોણાચાકરી કરવાને અમે સમર્થ છીએ.' આવું વિક્રમશક્તિનું ગર્વિષ્ઠ ભાષણ સાંભળી હું હસતો હસતો બોલ્યો:–

"ઘન કેરી ઘાટી ઘટા, દિશે નહીં આકાશ,
ત્યારે નવ પંકજ તણા, વન મધ્યે રહી ખાશ;
હંસો હર્ષે ઉચ્ચરે, મધુર નાદ ધરી આશ."

"આટલું કહી તેઓ તરફ તિરસ્કાર બતાવતો, તેમનું દરબાર છોડી હું અહીં આવ્યો છું." પ્રહસ્તનું વૃત્તાંત સાંભળી મય વગેરે સંતોષ પામ્યા. પછી સૂર્યપ્રભ વગેરે સઘળાએ યુદ્ધ કરવાનો નિશ્ચય કરી તૈયારી કરવા માંડી. અજિત યોદ્ધા પ્રભાસને સેનાપતિ નીમ્યો, અને પછી સુવાસકુમારની આજ્ઞાથી તે દિવસે રણસંગ્રામમાં દ્વંદ્વ યુદ્ધ કરવા માટે સઘળાએ નિશ્ચય કર્યો, અને સર્વેએ દીક્ષા લીધી.



## યુદ્ધયાત્રા.

રાત્રિના સઘળા નિદ્રા કરી ગયા હતા. ઓરડાની અંદર એકલો સૂર્યપ્રભ જાગૃત અવસ્થામાં હતો. એ સમયે તેણે એક સુંદર અને નવીન કન્યાને ઓરડાની અંદર પ્રવેશ કરતી દીઠી, એટલે તે મિથ્યા નિદ્રા કરવા લાગ્યો. તે કન્યા પોતાની ઇચ્છા પ્રમાણે તેની પાસે જઈને, પોતાની સાથે આવેલી સખિને કહેવા લાગી: "સખિ! જ્યારે એ નિદ્રાવશ થઈ ગયા છે, ત્યારે એની આકૃતિ આટલી મોહભરી દેખાય છે, તો એ જો જાગૃતાવસ્થામાં હોય તો એની શોભા માટે શું જ કહેવું! અને હવે જગાડવાનું કંઈ પ્રયોજન નથી; કારણ કે મારે એને જોવાની જ ઇચ્છા હતી. તે ઇચ્છા પૂર્ણ થઈ છે. એમનાં ઉપર અધિક ચિત્ત ચોંટાડવાથી શું લાભ? એ તો શ્રુતશર્માની સાથે યુદ્ધ કરનાર છે, તેમાં કોણ હારશે અને કોણ જિતશે તે કોને ખબર છે? શૂરવીર પુરુષો જીવનનું ખર્ચ કરી, યુદ્ધ મહોત્સવ કરે છે, માટે આ રણોત્સવમાં આ પુરુષનું કલ્યાણ થાઓ! સંગ્રામ થઈ રહ્યા પછી એના વિશે આપણે વિચાર કરીશું. આકાશચારી જે સૂર્યપ્રભે, કામચુડામણિને દીઠી છે તેવા પુરુષના હૃદયમાં હું તે કોણ ગણત્રીમાં?" આવું સખીનું બોલવું સાંભળી તેની સખી બોલી:–"અરે આ તે તું શું બોલે છે? તારું મન શું તારે અધીન છે કે નહીં? જે માણસે કામચુડામણિને દેખાવ આપી તેનું મન હરણ કરી લીધું છે, તે બીજી કઈ સ્ત્રીનું મન હરણ કરે નહીં? જો મૂર્તિમાન્ અરુંધતી પોતે હોય, તોપણ એના સમક્ષ શું થાય? સખિ! આ યુદ્ધમાં કોણ હારશે ને કોણ જિતશે, તે તું તારી વિદ્યાના બળથી જાણતી નથી? જ્યારે એ ચક્રવર્તી થશે, ત્યારે તું, કામચુડામણિ અને સુપ્રભા, જે ત્રણે એક જ ગોત્રનાં છો, તે એની રાણીઓ થશો એવું મુનિએ કહ્યું નથી? એ આજે જ સુપ્રભાને તો પરણ્યા પણ છે, તો એ યુદ્ધમાં શી રીતે હારશે? સિદ્ધ પુરુષનું કહેવું કદીપણ અસત્ય થતું નથી. સુપ્રભાએ જેને મોહ પમાડ્યો છે તેને શું તું મોહ પમાડી જિતી શકશે નહીં? તેના કરતાં તો તારામાં રૂપ વિશેષ છે. તારા મનમાં કદી એવો ખટકો આવતો હોય કે એ કામ, કુટુંબીને પૂછ્યા વગર કેમ કરી શકાય? તો તે વિચાર ખોટો છે. કારણ કે જગતમાં સ્ત્રીને પતિ સમાન બીજું કોઈ પણ નજીક સંબંધી નથી. તેનાથી જ તેનું કલ્યાણ થાય છે." સખીનું આવું વચન સાંભળી તે રૂપવતી કન્યા બોલી:–"અલિ સખિ! તું ખરું કહે છે. મારે બીજા કુટુંબીઓનું કંઈ પ્રયોજન નથી. હું મારી વિદ્યાથી વિચાર કરું છું તો જણાય છે કે, યુદ્ધમાં આર્યપુત્રનો જ વિજય થશે. આ પુરુષે, વિદ્યા અને રત્નો મેળવ્યાં છે; પરંતુ હજુ સુધી તેને સિદ્ધ ઔષધિઓ પ્રાપ્ત થઈ નથી. તે માટે મારા મનમાં ખેદ થાય છે. તે ઔષધિઓ ચંદ્રપાદ નામના પર્વત ઉપર એક ગુફામાં છે અને તે ઔષધિઓ પુણ્યશાળી ચક્રવર્તીને જ મળી શકે છે. માટે આ પુરુષ તે પર્વત ઉપર જઈ ત્યાંથી સર્વ ઔષધિઓ જો મેળવશે તો એનો જરૂર વિજય થશે. યુદ્ધ આવતી કાલે સવારના તો થવાનું છે, માટે તેણે ઔષધિઓને હમણાં જ મેળવવી જોઈએ." તે સાંભળી રાજકુમાર, જે કૃત્રિમ નિદ્રામાં હતો તે તરત જાગૃત થયો, અને વિનયપૂર્વક તે કન્યાને કહ્યું; "હે મધુરાક્ષિ! તેં મારા ઉપર મોટી કૃપા કીધી. હું હવણાં જ ઔષધિ લેવા માટે ત્યાં જાઉં છું. મને કહે, તું કોણ છે?" કન્યાએ જાણ્યું, કે અમારી બધી વાત આ કુમારે સાંભળી

છે, તેથી તે કન્યા લજ્જાવશ થઈ નમ્ર બની ગઇ, અને અબોલ રહી. પછી તેની સખી બોલી; “મહારાજ! આ કન્યા વિદ્યાધરના ચક્રવર્તી રાજા સુમેરુના નાનાભાઇની પુત્રી છે.* તેનું નામ વિલાસિની છે, અને હૃદયના ઉમળકાથી તે આપનાં દર્શન કરવા માટે આવી છે.” દે. તેની સખી જ્યાં આમ કહે છે એવામાં તો વિલાસિની ચડપદેતી બોલી કે; “બેન! ઘણીવાર થઇ, ચાલ હવે આપણે જઇએ!” એમ કહીને તે ઓરડા બહાર નિકળી ગઈ.

પછી સૂર્યપ્રભે મંત્રી–પ્રભાસ અને બીજાઓને જગાડયા, અને તે કન્યાએ આ ઔષધિ પ્રાપ્ત કરવા માટે જે યુક્તિ કહી હતી, તે તેઓને જણાવી, અને ઔષધિ મેળવવા માટે સુનીથે, સુમેરુ અને મયને તે સમાચાર જણાવવા સારુ ઘણા લાયક પ્રહસ્તને મોકલ્યો. પ્રહસ્તે ત્યાં જઈ સર્વ સમાચાર કહ્યા એટલે સુમેરુ વગેરે તે વાર્તાને સત્ય માની તુરત ત્યાં આવ્યા. પછી સૂર્યપ્રભ, વડીલ સુનીથ, સુમેરુ, મય વગેરેની સાથે તથા પોતાના મંત્રીઓની સાથે, રાત્રિને સમયે ચંદ્રપાદ પર્વત ઉપર જવા-માટે નિકળ્યો. તેઓ રસ્તા ઉપર ચાલ્યા જતા હતા એવામાં યક્ષ, ગુહ્યક અને કુષ્માંડ જે આ વિઘ્નમૂર્તિઓ હતા, તેઓ માર્ગમાં સામા આવીને ઉભા રહ્યા અને જૂદાં જૂદાં શસ્ત્રો ઉગામીને સર્વને આગળ જતા અટકાવ્યા. સૂર્યપ્રભ વગેરેએ યક્ષ વગેરેમાંના કેટલાએકને શસ્ત્રના પ્રહારથી બેભાન કરી દીધા; કેટલાએકને પોતાની વિદ્યાના પ્રતાપથી મૂર્છિત કરી દીધા. પછી તે ચંદ્રપાદ પર્વત ઉપર ગયા. તે પર્વતમાં નિર્માણ કીધેલી ગુફાના બારણા આગળ જ્યાં તે ગયો, તેવામાં વિચિત્ર અને ભયંકર ચહેરાવાળા શંકરના ગણોએ તેને અંદર જતાં અટકાવ્યો. તે લડવા માટે તૈયારી કરવા લાગ્યા. એટલામાં સુવાસકુમાર બોલ્યોઃ “આપણે આ શંકરના ગણની સાથે લડાઇ કરવી નહીં, કારણ કે તેમ કરવાથી ભગવાન્ શંકર ગુસ્સે થશે. માટે આપણે શિવનાં સહસ્ર નામ લઇ શિવની જ સ્તુતિ કરીએ. તે સ્તુતિ ઉપરથી શંકરના ગણ પ્રસન્ન થશે ને કાર્ય સિદ્ધ થશે.” આ વાત સર્વને રુચી ને તે પ્રમાણે સઘળા શિવની સ્તુતિ કરવા લાગ્યા, એટલે શંકરના પાર્શ્વચરો પોતાના સ્વામી શંકરની સ્તુતિથી ઘણા પ્રસન્ન થયા અને બોલ્યાઃ–“અમે ગુફામાં જવા માટે એકને રજા આપીએ છીએ. તે અંદર જઇને ઉમદા ઔષધિઓ લે. પરંતુ આ ગુફામાં સૂર્યપ્રભે જવું નહીં. પ્રભાસ ભલે અંદર જાય, કારણ કે તેને ઔષધિ મળી શકશે.” શિવગણનું આવું વચન સાંભળી સઘળા તેમ કરવાને સંમત થયા. પછી પ્રભાસ ગુફામાં પેઠો. ગુફા અંધારાથી છવાઈ રહી હતી, પણ પ્રભાસના પ્રવેશ સાથે તે અનિર્વર્ણ્ય અજવાળાથી ઝગારા મારવા લાગી. તે ગુફામાં ચાર ભયંકર રાક્ષસ હતા. તે શંકરના રૂપક હતા. પ્રભાસને જોઈ તેઓ ઉભા થઈ પ્રણામ કરી કહેવા લાગ્યાઃ–“ભાઈ અંદર પધારો.’ પ્રભાસ અંદર ગયો ને સાત દિવ્ય ઔષધિને ગ્રહણ કરી બહાર આવ્યા અને તે સઘળી સૂર્યપ્રભને નજર કરી. આ વખતે આકાશવાણી થઇઃ–“હે સૂર્યપ્રભ! મહાપ્રતાપી દિવ્ય સાત ઔષધિ આજે તને પ્રાપ્ત થઈ છે તે લે.” તે સાંભળી સૂર્યપ્રભ વગેરે હરખાતા, હરખાતા, સત્વર સુમેરુના રહેઠાણપર રહેલી પોતાની સેનામાં પાછા આવ્યા. ત્યાં આવ્યા પછી સુનીથે સુવાસકુમારને પૂછ્યુંઃ– “મુનિ! ગણોએ સૂર્યપ્રભને અંદર પેસવાની મના કરી અને પ્રભાસને અંદર જવા

* અંગ્રેજીમાં સુમેરુની પુત્રી જણાવ્યું છે.



દીધો, તેનું શું કારણ? વળી ગુફામાં પણ શિવના સેવકોએ તેનો આદરસત્કાર કર્યો તેનું શું કારણ?” તે સાંભળી સુવાસકુમાર સઘળાના સાંભળતાં બોલ્યોઃ–“સાંભળો, તેનું કારણ તમને કહી સંભળાવું છું. આ પ્રભાસ સૂર્યપ્રભનો પ્રિયકર છે; એ તેનું બીજું અંગ છે. એ બન્નેમાં જરાય તફાવત નથી. એના જેવો બીજો કોઇપણ શૌર્યવાન્ અને પ્રતાપી નથી. વળી આ ગુફા પણ પૂર્વજન્મના પુણ્યોને લીધે તેની જ ગણાય છે. તે પૂર્વ જન્મમાં કોણ હતો, તે વિશે તમને કહું છું, તે સાંભળો.

## ઉદારચિત્ત નમુચિ દાનવની કથા.

પ્રાચીન કાળમાં નમુચિ નામનો ઉદારચિત્ત દાનવવર હતો. તે દાનેશ્વરી અને મહાપ્રતાપી હતો. તેને ત્યાં તેનો શત્રુ પણ ગમે તે માંગવા આવતો તો તે તેને આપતો હતો. તેણે દશ હજાર વર્ષપર્યંત પંચાગ્નિ તપી ધૂમ્રપાન કર્યું ત્યારે બ્રહ્માએ પ્રસન્ન થઈ વર માંગવાનું કહેવાથી નમુચિએ વર માંગ્યો કે, લોઢાથી, પત્થરથી અને લાકડાથી મારું મૃત્યુ થાય નહીં. બ્રહ્માએ તે પ્રમાણે તેને વર આપ્યો. ત્યાર પછી તેણે વારંવાર ઇંદ્રને હરાવી આઠે દિશામાં નસાડી મૂક્યો અને ઇંદ્ર તેની બ્હીકથી બાવરો બની ગયો. પછી કશ્યપ મુનિએ નમુચિને સમજાવી દેવતાની સાથે સંધિ કરાવી. એક વખતે દેવ અને દાનવો પરસ્પર વૈરભાવ મૂકી, સલાહ કરી, ક્ષીરસમુદ્ર ઉપર જઈ મંદરાચળવતી સમુદ્ર મંથન કરવા લાગ્યા. મંથન કરતાં, સાગરમાંથી ઘણી વસ્તુઓ નિકળી. તે વસ્તુમાં જેમ શ્રીકૃષ્ણને લક્ષ્મી મળી, તેમ નમુચિને ઉચ્ચૈઃશ્રવા અશ્વ મળ્યો. બીજા દેવ તથા અસુરોને બ્રહ્માએ જૂદી જૂદી વસ્તુઓ, તેમની યોગ્યતા પ્રમાણે વહેંચી આપી હતી. આવી રીતે સઘળાએ સમુદ્રનું મથન કરી તેમાંથી જૂદા જૂદા ભાગ મેળવ્યા હતા. મંથન કરતાં છેલ્લે અમૃત નિકળ્યું, તે દેવોએ ચોરી લીધું, એટલે દેવ અને દાનવોમાં વળી પાછો વૈરભાવ પેદા થયો, અને તેથી દેવાસુર નામનું મહારણસંગ્રામ શરુ થયું. તેમાં દેવતાઓ જે જે અસુરને મારી નાંખતા હતા તે તે અસુરને ઉચ્ચૈઃશ્રવા અશ્વ તે જ વખતે સુંઘીને સજીવન કરતો હતો. આમ થવાથી દેવતાઓ દૈત્ય અને દાનવોનો પરાજય કરી શકયા નહીં. ઇંદ્રનું મન એથી ખેદાતુર થઈ ગયું, ત્યારે બ્રહસ્પતિએ કહ્યું, “હવે વિજય કરવાનો એકજ ઉપાય છે, તે ઉપાય તું શીઘ્ર કર. તે ઉપાય એ છે કે, તું પોતે નમુચિની પાસે જઈ તેના ઉચ્ચૈઃશ્રવા અશ્વની માંગણી કર. તું તેનો શત્રુ છે, છતાં પણ તે તને પોતાનો અશ્વ આપશે, પણ ના પાડીને જન્મથી મેળવેલી પોતાની દાનેશ્વરીની કીર્તિનો નાશ કરશે નહીં.” ગુરુનું આવું વચન સાંભળી, દેવતાઓને સાથે લઈ ઇન્દ્ર નમુચિની પાસે ગયો, અને તેની પાસે ઉચ્ચૈઃશ્રવા અશ્વ દાનમાં માંગ્યો. આ વખતે નમુચિએ વિચાર કર્યો કે; “મારી આગળથી કોઈ પણ યાચક નિરાશ થઈ પાછો ફર્યો નથી, તેમાં પણ વળી ઇન્દ્ર જેવો યાચક આવ્યો અને તે નિરાશ થઈ પાછો જાય ત્યારે તો થઈ રહ્યું. હું નમુચિ થઇને ઇન્દ્રને ઘોડો શા માટે આપું નહીં? આ દુનિયા ઉપર ઘણા કાળથી મેં જે દાનેશ્વરીની કીર્તિ મેળવી છે, તે કીર્તિ નાશ પામે તો પછી મારું જીવતર અને મારી લક્ષ્મી ફોકટ છેઃ નકારવાથી મને શું વિશેષ ફળ મળવાનું હતું?” આમ વિચાર કરી, શુક્રાચાર્યે અશ્વ આપવાની ના પાડી, તોપણ મહાશય નમુચિએ

ઇન્દ્રને ઉચ્ચૈઃશ્રવા અશ્વ દાનમાં આપ્યો. **નમુચિએ** અશ્વ આપ્યા પછી, ઇંદ્રે **નમુચિને** અભય આપી, તે હાથિયારથી મરે તેમ નહોતું માટે વજ્ર ઉપર ગંગાનાં ફીણ ચઢાવી, તેવતી **નમુચિનો** નાશ કર્યો. હાય! આ દુનિયામાં મનુષ્યોને વૈભવ ભોગવવાની ઘણી જ મોટી તૃષ્ણા લાગી છે, કે જે તૃષ્ણામાં તણાયલા દેવતાઓ પણ નરસાં કામથી અને અપયશયુક્ત કર્મ કરવાથી ડરતા નથી. પાછળથી જ્યારે **નમુચિની** માતા દનુના જાણવામાં એ વાર્તા આવી, ત્યારે પુત્ર મરણના દુઃખથી બળવા લાગી અને પછી તેણે તપોબળથી તે જ વખતે પોતાની દિલગીરી દૂર કરવા માટે, હાથમાં જલ લઈ સંકલ્પ કર્યો કે; "બળવાન્ **નમુચિ** જ મારા ઉદરમાં પુનઃ આવે અને યુદ્ધમાં સઘળા દેવતાઓને તેનો પરાજય કરી શકે નહી તેવો અજિત જન્મે." તે **નમુચિ** ફરીને તેના ઉદરમાંથી જન્મ્યો. આખો રત્નનો બનેલો હતો અને ઘણો બળવાન્ હોવાથી તેનું નામ **પ્રબળ** પાડ્યું હતું. આ **નમુચિ** **પ્રબળ** પણ તપ કરી દાનવોનો રાજા થયો હતો, અને યાચકોને પોતાના પ્રાણ જતાં પર્યંત ખુશી રાખતો હતો. તેણે સો વાર **ઇંદ્રનો** પરાજય કર્યો હતો. એ વેળાએ દેવતાઓએ વિચાર કર્યો કે, આ દાનવરાજ યુક્તિ વગર સપાટામાં આવશે નહીં, માટે આપણે યુક્તિથી તેનો નાશ કરવો. આવો વિચાર કરી તેની પાસે ગયા અને આ પ્રમાણે માંગણી કરી કે:–"અમારે પુરુષમેધ* યજ્ઞ કરવાની ઇચ્છા છે, માટે તું અમને તારું શરીર અર્પણ કર." દેવતાઓ જો કે પોતાના શત્રુ હતા, તોપણ **પ્રબળ–નમુચિએ** તેઓને પોતાનો દેહ અર્પણ કર્યો, એમાં આશ્ચર્ય કંઈ ન હતું. ઉદાર ચિત્ત પુરુષો પ્રાણદાન પણ કરે છે, પરંતુ યાચકને નિરાશ કાઢતા નથી. પછી **પ્રબળ** **નમુચિએ** પોતાનું શરીર દેવોને અર્પણ કર્યું, એટલે દેવતાએ–સ્વાર્થ પરાયણ બનીને તેના કકડે કકડા કરી નાંખ્યા. તે **પ્રબળ–નમુચિ** પાછો હવણાં પ્રભાસ થઇને અવતર્યો છે.

આવી રીતે **પ્રભાસ**, પૂર્વ **જન્મમાં** **નમુચિ** હતો તેમાંથી **પ્રબળ** થયો અને હમણાં તે **પ્રભાસ** રૂપે અવતર્યો છે. તેના પુણ્યનું બળ એવું છે કે કોઈ શત્રુ તેનો પરાજય કરી શકતું નથી. **પ્રબળની** ઔષધ રાખવાની જે ગુફા હતી તે ગુફા આજ **પ્રભાસને** અધીન છે; અને તેની અંદરના સેવકો પણ તેને અધીન છે. તે ગુફાની નીચે પાતાળમાં **પ્રબળને** રહેવાનું એક સુંદર મકાન છે. તેમાં આભૂષણાદિથી શણગારેલી તેની બાર મુખ્ય રાણીઓ છે. તેમાં જૂદી જૂદી જાતનાં રત્નો છે, જૂદા જૂદા હાથીઓ છે, ચિંતામણિ છે, એક લાખ લડવૈયા છે અને ઘોડાઓ છે. તે સઘળું **પ્રભાસનું** જ છે,

---

* પ્રાચીન કાળમાં પુરુષમેધ—નરમેધ થતા હતા, ને તેવું વેદમાં પણ જણાવેલું કહે છે— જો કે એ સંબંધે સ્વામી દયાનન્દ સાથે ઘણો વાદવિવાદ થયો હતો ને તે એ વાત ના પાડે છે. ઘણા પંડિતોનું કહેવું છે કે પુરુષમેધની વાત વેદમાં નથી—પણ તેનો જૂદોજ અર્થ થાય છે. ડા. રાજેંદ્રલાલ મિત્ર કહે છે કે વિચાર કરતાં પુરુષમેધ હોવો ન જોઇયે ને ધર્મ તરફ જોતાં પણ નિષિદ્ધ છે. આર્ય સુધાર સંબંધે ઋગ્વેદ સંહિતામાં પુરુષમેધ સંબંધે કંઈ વાત નથી—જો કે એક જાતનો એ હોમ છે ખરો. ઐતરિય બ્રાહ્મણ, સતપથ બ્રાહ્મણ, તૈત્તિરિય બ્રાહ્મણમાં પણ તે વાત જણાવી નથી. પુરાણમાં ચંજિવો હોમ કરવાનું લખેલું જણાય છે, ને ઘણાક ભીલ લોકોના પ્રદેશમાં પણ હજી આવો ચાલ ચાલે છે. તાંત્રિક ગ્રંથોમાં મનુષ્ય હોમ—નરમેધ પુરુષમેધ—કરવા સંબંધી લખેલું છે, પણ વો



કારણ કે તેણે પોતે પૂર્વ **જન્મમાં** તે સર્વ મેળવેલું છે. આવો વીરમર્દ પ્રભાસ છે, તેનું કંઈ પણ કર્તવ્ય આશ્ચર્યકારક નથી.

આ પ્રમાણે મુનિ **સુવાસકુમાર** પાસેથી **પ્રભાસના** પૂર્વ એ જન્મની વાર્તા સાંભળી **સૂર્યપ્રભ**, **મય** અને **પ્રભાસ** સઘળા રત્ન મેળવવા માટે તેજ વખતે પાતાળમાં, પ્રબળની ગુફા તરફ ચાલ્યા. તે ગુફા આવી એટલે **પ્રભાસ** અંદર પેઠો, અને પોતાની પ્રથમની સ્ત્રીઓને, ચિંતામણિને, ઘોડાઓને, અસુર યોધાઓને તથા સઘળું નાણું લઈ બહાર આવ્યો. તેણે **સૂર્યપ્રભને** અનહદ આનંદ આપ્યો. પછી **સૂર્યપ્રભ** પોતાની મરજી મુજબ કાર્ય સિદ્ધિ કરી **મય**, **સુનીથ**, **પ્રભાસ**, **સુમેરુ** અને પોતાના કાર્યભારીઓ સહિત પુનઃ પોતાની સેનાની છાવણીમાં આવી પહોંચ્યો. પછી અસુર રાજાઓ પોતપોતાને ડેરે, અને રણમાં જવા માટે દિક્ષિત થયેલા **સૂર્યપ્રભે**, ઇંદ્રિયોને કબજે કરી, એક દર્ભના બીછાના ઉપર શયન કરી બાકીની રાત્રિ ગાળી.

## તરંગ ૪ થો.

## રણસંગ્રામ.

ચારે તરફ સૂર્યનારાયણનાં કિરણોએ પ્રકાશ કરી મૂક્યો હતા. દ્રાક્ષના લતા મંડપમાં સૌભાગ્ય સૂચવનારા ભ્રમરાઓ મગળગાન ગાતા હતા. પૂર્વદિશા પોતાના લલાટમાં લાલ ચાંદલો કરી, મંગળપાઠક ભ્રમરાઓને પોતાના કરવતી વધાવતી હતી. આ સમય પ્રભાતનો હતો. તે સમયે **સૂર્યપ્રભ** સર્વ સૈન્યસહિત તૈયાર થઈ **શ્રુતશર્માનો** પરાજય કરવા માટે **સુમેરુના** તપોવનમાંથી ચઢયો; અને **શ્રુતશર્માના** રહેવાસ **ત્રિકૂટપર્વતની** નજદીકમાં આવીને પોતાનો પડાવ નાંખ્યો. ત્યાં **શ્રુતશર્માની** સેના પડી હતી તેને હરાવીને નસાડી મૂકી, પોતાના લશ્કરની ત્યાં છાવણી નાંખી પછી **સુમેરુ**, **મય** વગેરે મંત્રગૃહમાં બેઠા. એવામાં **ત્રિકૂટના** રાજાનો દૂત આવ્યો. તે આવીને વિદ્યાધરરાજ **સુમેરુને** ઉદ્દેશીને બોલ્યો, "**શ્રુતશર્માના** પિતાએ આ પ્રમાણે સંદેશો કહાવ્યો છે–'તમે અમારાથી ઘણા દૂર રહોછો, માટે અમે તમારો કોઇપણ દિવસ 'સત્કાર કર્યો નથી. આજ તમે મેમાનસહિત અમારે ઘેર આવ્યા છો, તો અમે અમારી યોગ્યતા પ્રમાણે તમારી પરોણા ચાકરી કરીશું–ભલે પધાર્યા!' આવો શત્રુનો સંદેશો સાંભળી **સુમેરુએ** પ્રત્યુત્તર આપ્યો:–"ધન ઘડી, ધન દહાડો! અમારા જેવા બીજા સુપાત્ર પરોણા તમને મળશે નહીં. કોઇ પણ માણસની પરોણાચાકરી કરવી, તે પરલોકમાં ફળ આપતી નથી, પણ આલોકમાં જ ફળ આપે છે, માટે અમે પરોણા આવ્યા છીએ, તો ભલે તમે અમારો સત્કાર કરો." આમ **સુમેરુએ** ઉત્તર વાળ્યો એટલે તે દૂત સંદેશો લઈ પોતાના રાજા પાસે પાછો ગયો.

ત્યાર પછી **સૂર્યપ્રભ** વગેરે ઉંચે સ્થળે બેસીને પોતાની જૂદી જૂદી ગોઠવેલી સેનાને આલોકવા લાગ્યા. એવામાં **સુનીથ** બોલ્યો:–"પિતાજી **મય**! આપણી સેનામાં રથ વગેરેના જૂદા

જૂદા વિભાગ પાડી મને સમજાવો કે, કોણ કોણ આપણામાં રથી, મહારથી, સહાયક છે, કે તે હું જાણું."

તે સાંભળી જેને સર્વ વસ્તુનું જ્ઞાન હતું એવા મયદાનવે "બહુ સારું" કહી, તર્જની આંગળીવતી નીચે પ્રમાણે નામપૂર્વક બોલી, રથી, મહારથી બતાવવાની શરુઆત કરી. આ સુબાહુ, નિઘાત, મુષ્ટિક, ગોહર, પ્રલંબ, સુમાથ, કંટક, પિંગળ અને વસુદત્ત વગેરે રાજાઓ, અર્ધરથી છે. આ અંકુરી, વિશાળ, દંડી, ભૂષણ, સોમિલ, ઉન્મત્ત, દેવશર્મા, પિતૃશર્મા, કુમારકા અને હરિદત્ત વગેરે પૂર્ણ મહારથી છે. પ્રકંપન, દર્પિત, કુંભીર, માતૃપાલિત, મહાભટ, સોગ્રભટ, વીરસ્વામી, સુરાધર, ભંડીર, સિંહદત્ત, ગુણવર્મા, કીટક, ભીમ અને ભયંકર—આ સઘળા અધિરથી છે. વિરોચન, વીરસેન, યજ્ઞસેન, ખુજ્જાર, ઈન્દ્રવર્મા, શબરક, ક્રૂરકર્મા, નિરાશક આ સર્વ રાજકુમારો છે અને તે ત્રિશક્તિરથી છે. સુશર્મા, બાહુશાળી, વિશાખ, ક્રોધન તથા પ્રચંડ, આ રાજકુમારો ચોગણુશક્તિરથી છે. ગુંજરી, વીરવર્મા, પ્રવીરવીર, સુપ્રતિજ્ઞ, અમરારામ, ચંડદત્ત, જાલિક વગેરે રાજકુમાર અને સિંહભટ, વ્યાઘ્રભટ, અને શત્રુભટ, આ રાજાઓ પંચશક્તિરથી કહેવાય છે. આ ઉગ્રવર્મા રાજકુમાર ષડશક્તિરથી છે. રાજકુમાર વિશાખ, સુતંતુ , સૂગમ અને નરેંદ્રશર્મા સપ્તશક્તિ રથી મનાય છે. આ રાજકુમાર સહસ્રાયુ મહારથી છે, પણ આ શતાનીક મહારથીઓનો નાયક છે. આ સૂર્યપ્રભના મિત્ર સુભાષ, હર્ષ, વિમળ, મહાબુદ્ધિ, અચળ, પ્રિયંકર અને શુભંકર મહારથીઓ છે. યજ્ઞરુચિ ને ધર્મરુચિ એ મહારથી છે; તેમ વિશ્વરુચિ, ભાસ અને સિદ્ધાર્થ એ ત્રણ સૂર્યપ્રભના મત્રી મહારથીઓના નાયક છે; અને તેના મુખ્ય મંત્રી જેવાકે પ્રહસ્ત અને મહાર્થ મહારથીના પણ નાયક છે. પ્રજ્ઞાઢ્ય અને સ્થિરબુદ્ધિ એ મહારથીના મહાનાયક છે. સર્વદમન નામનો દાનવ અને આ પ્રમથન, તેમ ધુમકેતુ, પ્રવહણ, વજ્રપંજર, કાળચક્ર, અને મરુદ્વેગ રથીઓના અધિપતિ છે. પ્રકંપન અને સિંહનાદ એ બે રથી તથા મહારથીઓના અધિપતિ છે. મહામાય, કાંબલિક, કાલકંપન અને હૃષ્ટરોમા આ ચાર દૈત્યરાજાઓ મહારથીઓના અધિપતિઓના પણ અધિપતિ છે અને આપણી સેના માત્રના મુખ્ય નાયક સૂર્યપ્રભના જેવા પ્રભાસ તથા સુમેરુનો શ્રીકુંજર કુમાર, આ બન્ને મુખ્ય સુભટો મહારથીના નાયકો છે. આવી રીતે આપણા સૈન્યમાં શૂરાઓ છે તથા બીજાઓ પણ પોતપોતાની સેના સાથે આવ્યા છે. આપણી સેના કરતાં શત્રુની સેનામાં ઘણા લડવૈયાઓ છે, તોપણ શંકરની કૃપાથી તે આપણી સેનાને પૂરા પડશે નહીં."

મયદાનવ, સુનીથને આ પ્રમાણે યોધાઓની શક્તિસ્વરૂપ સમજાવે છે એવામાં શ્રુતશર્માના પિતાની પાસેથી એક બીજો દૂત હાજર થયો. તે પ્રણામ કરીને બોલ્યો, "ત્રિકૂટ દેશનો રાજા આપને કહાવે છે કે, 'શૂરવીર પુરુષોને રણસંગ્રામ એ એક મોટો ઉત્સવ છે. માટે આ સાંકડી ભૂમીમાં રણોત્સવ કરવાથી બરાબર લહેજત પડશે નહીં, માટે કલાપગ્રામના વિશાળ પ્રદેશમાં આપણે જઈએ તો ઠીક!" તે સાંભળી સુનીથ વગેરે, સેના અને સૂર્યપ્રભને સાથે લઈ, કલાપગ્રામના વિશાળ મેદાનમાં ગયા. શ્રુતશર્મા વગેરે યુદ્ધ ઉત્સાહી વીરો પણ તેવી જ રીતે વિદ્યાધરની સેના સહિત કલાપગ્રામના વિશાળ મેદાનમાં આવ્યા. સૂર્યપ્રભ વગેરેએ, શ્રુતશર્માની સેનામાં હાથીઓને જોઇ, પાતાળ તરફ વિમાન મારફતે હાથીની સેના બોલાવી. શ્રુતશર્માની સેનાના સેનાપતિ વિદ્યાધર દામોદર સૂચિવ્યૂહ* રચ્યો. તે સેનામાં એક પડખે શ્રુતશર્મા તથા તેનો મંત્રી ઉભા રહ્યા; રણના મોખરાપર દામોદર ઉભો રહ્યો ને બીજા મહારથીઓ જૂદી જૂદી જગ્યા ઉપર ઉભા રહ્યા. સૂર્યપ્રભની સેનામાં પણ સેનાનાયક પ્રભાસે અર્ધચંદ્રાકાર વ્યૂહ રચ્યો અને તેની વચમાં પોતે ઉભો રહ્યો. તેની બન્ને ટોંચ ઉપર કુંજરકુમાર અને પ્રહસ્ત ઉભા રહ્યા. સૂર્યપ્રભ સુનીથ વગેરે સર્વ પાછળના ભાગમાં ઉભા રહ્યા અને સુવાસકુમાર તથા સુમેરુ આ બન્ને સૂર્યપ્રભની પાસે ઉભા રહ્યા. આવી રીતે બન્ને ગોઠવાઈ રહ્યા પછી બન્ને સેનાનાં રણવાદ્યોએ આકાશ ગજાવી મૂક્યું.



આ વખતે બન્ને સેનાનું દારુણ સંગ્રામ જોવા માટે આવેલા દેવતાઓ, લોકપાલો, ઇંદ્ર અને અપ્સરાઓથી આખું આકાશ છવાઈ ગયું હતું. પરમાત્મા શંકર પણ પાર્વતીની સાથે સંગ્રામ જોવા આવ્યા હતા. તેની પાછળ દેવતાઓ, સત્વાદિગુણ, પંચમહાભૂત અને યોગિનીઓ આવી હતી. ભગવાન્ બ્રહ્મા સાવિત્રીની સાથે પધાર્યા હતા. તેની પાછળ મૂર્તિમાન્ વેદો, શાસ્ત્રો અને સઘળા મુનિ આવ્યા હતા. પરમાત્મા હરિ, ચક્ર ધારણ કરી શ્રી, કીર્તિ, જય વગેરે દેવીઓની સાથે ગરુડ ઉપર ચઢીને પધાર્યા હતા. કશ્યપ, અદિતિને લઇને આવ્યા હતા. તે શિવાય વસુ, યક્ષ, રાક્ષસ, નાગેન્દ્ર અને પ્રહ્લાદ વગેરે અસુરો આવ્યા હતા. આ સઘળાથી આખું આકાશ ચિકાર ભરાઈ ગયું હતું. ત્યાર પછી યુદ્ધ શરુ થયું. તેમાં ભયંકર નાદ થવા લાગ્યા. હથિયારોના પ્રહારના ઝણઝણાટ થવા લાગ્યા. તેને લીધે યુદ્ધનો દેખાવ ઘણો દારુણ દીસતો હતો. બાણરૂપી મેઘમંડળથી દિશાઓ છવાઈ ગઈ હતી અને પરસ્પર લોઢાના તીરોના ઘસારા થવાથી તેની અંદરથી અગ્નિ ઝરતો હતો, જે વિજળીઓની ગરજ સારતો હતો. યુદ્ધમાં હથિયારથી કપાઈ ગયેલા હાથી, ઘોડા વગેરેના શરીરમાંથી લોહીની ધારાઓ પડતી હતી, જેનાથી લોહીની નદીઓનાં જોશભેર પૂર ચાલતાં હતાં; અને શૂરાઓનાં શરીરરૂપ ઝાડો, તે નદીની અંદર તણાતાં હતાં. શિયાળો અને ભૂત પ્રેત વગેરે લોહીની નદીમાં તરતાં હતાં, નૃત્ય કરતાં હતાં અને ઉજાણી થઈ તેથી આનંદના શબ્દ પોકારતાં હતાં.

આવી રીતે રણસંગ્રામ આનંદદાયક થઈ પડયો હતો. ઘણી વાર પછી ભયંકર સંગ્રામ શાંત પડી ગયું. અસંખ્ય યોધાઓ મરણ પામ્યા અને હળવે હળવે પોતાની અને શત્રુની સેનાના વિભાગ જણાવા લાગ્યા. ત્યાર પછી સૂર્યપ્રભે, શત્રુ તરફના યોધાઓનાં નામ પૂછ્યાં, એટલે સુમેરુએ શત્રુ તરફના શૂરવીરોનાં નામો ગણાવ્યાં. પછી આરંભમાં વિદ્યાધરના રાજા સુબાહુ અને અટ્ટહાસ આ બન્નેનું દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. બન્ને જણા ઘણીવાર સૂધી પરસ્પર લઢયા. તેમાં સુબાહુનું આખું શરીર બાણથી વિંધાઈ ગયું અને અટ્ટહાસે બાણથી સુબાહુનું માથું કાપી નાંખ્યું અને તે મરણ પામ્યો. તે જોઈ મુષ્ટિર ઘણો જ ક્રોધ કરીને અટ્ટહાસ સામો મેદાનમાં લડવા માટે આવ્યો. અટ્ટહાસે તેની છાતીમાં બાણ મારી તેને પણ રામ શરણ પહોંચાડી દીધો. મુષ્ટિર મરાયો તે જોઈ, પ્રલંબ નામનો રાજા ક્રોધ કરી વેગથી ચઢ્યો, અને એકદમ અટ્ટહાસ તરફ દોડી તેના ઉપર

* સોયના જેવી આકૃતિનો વ્યૂહ—આગળથી અણીદાર ને પાછળથી જાડો ભાગ હોય છે.

... વર્ષાદ કરી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પણ અટ્ટહાસે તેના માણસોને મારી, પ્રલંબને ગભરાવીને તેના મર્મસ્થળમાં બાણ મારીને તેને રથ ભેળો કરી દીધો. પ્રલંબ મરી ગયા પછી, મોહન નામનો રાજા અટ્ટહાસ ઉપર ચઢી આવ્યો અને તેને બાણથી ઢાંકી નાંખ્યો. એવામાં ચતુર અટ્ટહાસે બાણ મૂકીને મોહન રાજાનું તીરકામઠું છેદી નાંખી, તેના રથના સારથિને મારી નાંખ્યો અને મોહન રાજાને બાણનો એવો તો સખત પ્રહાર કર્યો કે, તે જ વખતે તે નિર્જીવ થઈ ધૂળ ચાટતો થયો; અને તેના રથના ચાર ઘોડાઓને પણ જમીનદોસ્ત કરી દીધા. જ્યારે શ્રુતશર્માની સેનાએ જોયું કે, દક્ષવીર અટ્ટહાસે ચાર યોધાને ધૂળ ચાટતા કરી દીધા છે ત્યારે તે આનંદમાં આવી ગઈ અને જય જયના પોકાર કરવા લાગી. તે જોઈ સૂર્યપ્રભનો મિત્ર હર્ષ રાજા ઘણો કોપ કરી પોતાની સેના સહિત અટ્ટહાસની ઉપર અને તેની સેના ઉપર ચઢ્યો. અટ્ટહાસે હર્ષ ઉપર બાણનો પ્રહાર કરવા માંડ્યો. હર્ષે પોતાના બાણોથી તેનાં બાણોને કાપી નાંખ્યાં, અને પોતાનાં બાણથી તેની સેનાને અને સારથિને મારી નાંખી, રથની ઉપરની ધ્વજાના કટકા કરી નાંખ્યા, અને તેનાં બે ત્રણ ધનુષ ભાંગી નાખી, બાણોથી તેનું મસ્તક છેદી નાંખ્યું; એટલે તેના ધડમાંથી લોહીની ધારા વહેવા માંડી અને અટ્ટહાસ રથમાંથી જમીન ઉપર ઢળી પડ્યો. અટ્ટહાસનું મરણ થવાથી સંગ્રામમાં એવો તો ક્ષોભ થયો, કે જેથી ક્ષણવારમાં બન્ને સેનામાં અર્ધો અર્ધ ઘટાડો થઈ ગયો. તે રણભૂમિમાં ઘોડા, હાથી અને પાયદલો મરણ પામીને પડી ગયાં અને કેવળ શૂરાઓનાં ધડો રણસંગ્રામના મોખરામાં લડવા માટે તૈયાર થયાં હોય તેવાં જણાતાં હતાં.

હર્ષે, અટ્ટહાસ જે ભયંકર અને શૂરો હતો, તેને બાણોથી વિંધી જમીનદોસ્ત કરી દીધો. તેથી વિકૃતદંષ્ટ્ર નામનો વિદ્યાધરનો રાજા ચીરડાઈ ગયો; અને હર્ષની સામે આવી તેના ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યો. પણ હર્ષે પોતાનાં બાણવતી તેનાં બાણોનો જવાબ દીધો—બાણો પાછાં વાળ્યાં; અને તેના રથની ધ્વજા, ઘોડાઓ અને સારથિનો નાશ કરી, વિકૃતદંષ્ટ્રનું કુંડળથી સુંદર દેખાતું મસ્તક કાપી નાંખ્યું. વિકૃતદંષ્ટ્રના મરણ પછી ચક્રવાલ નામનો પ્રસિદ્ધ વિદ્યાધર ઘણો કોપ કરી હર્ષની તરફ ધસ્યો; અને તેણે સંગ્રામમાં યુદ્ધ કરતા હર્ષનાં ધનુષના એકદમ કટકા કરી નાંખ્યા. આમ યુદ્ધ કરતાં કરતાં હર્ષ થાકી ગયો તથા તેનાં હથિયારો ભાગી ગયાં એટલે તેને ચક્રવાલે મારી નાંખ્યો. એ જોઈ ઘણો જ કોપ કરી પ્રમાથ નામનો રાજા ચક્રવાલની સામો આવીને લઢવા લાગ્યો. તેને પણ રણસંગ્રામમાં ચક્રવાલે મારી પાડ્યો. ત્યાર પછી પ્રથમની માફક જ ક્રમવાર કન્ટક, વિશાળ, પ્રચન્ડ અને અકુરી આ ચાર મુખ્ય રાજાઓ તેની સાથે ગયા; તેમને સર્વને ચક્રવાલે એક પછી એક મારી નાંખ્યા. તે જોઈ નિર્ઘાત ગુસ્સામાં આવી ગયો; અને ચક્રવાલની સામે લડવા માટે દોડ્યો. ચક્રવાલ અને નિર્ઘાત બન્ને જણા ઘણીવાર સૂધી આમનસામન લઢ્યા. યુદ્ધ કરતાં કરતાં બન્નેના રથના કટકે કટકા થઈ ગયા, અને બન્ને જણા જમીન ઉપર ઉભા પગવાળા લઢવા લાગ્યા. ચક્રવાલના હાથમાં તરવાર હતી અને નિર્ઘાતના હાથમાં ચક્ર હતું. આ બન્ને ઘણા જ કોપથી લડતા હાથોહાથ આવી ગયા, એટલે તરવાર તથા ચક્રથી બન્નેનાં માથાના બે કકડા થઈ જમીન ઉપર પડ્યા. બન્ને વીરનું મરણ જોઈ બન્ને સેના ઉદાસી થઈ ગઈ. તોપણ વિદ્યાધરનો



રાજા કાળકંપન સંગ્રામના મોખરામાં આવીને ઉભો રહ્યો, એટલે રાજકુમાર પ્રકંપન તેના તરફ દોડ્યો. પણ કાળકંપને તેનો એક ક્ષણમાં નાશ કરી નાંખ્યો. તેના મરણ પછી જાલિક, ચન્ડદત્ત, ગોપક, સોમિલ અને પિતૃવર્મા આ સઘળા તેના ઉપર બાણનો વર્ષાદ કરવા લાગ્યા; એટલે કાળકંપને તે પાંચ રથીઓના રથના કટકે કટકા કરી નાંખ્યા; અને પાંચેની છાતીમાં પાંચ બાણોના પ્રહાર કરી સ્વધામ પહોંચાડી દીધા. આ જોઈ દેવતાઓ કોલાહલ કરવા લાગ્યા અને મનુષ્યો તથા અસુરો ખેદ કરવા લાગ્યા. ત્યાર પછી બીજા ઉન્મત્તક, પ્રશસ્ત, વિલંબક અને ધુરંધર આ ચાર જણા એકસાથે રથમાં બેસીને લઢવા માટે કાળકમ્પન સામા ગયા. કાળકમ્પને તે ચારે રથધારીને રમત માત્રમાં મારી નાંખ્યા; એટલે વળી બીજા છ યોધાઓ રથમાં બેસીને તે ચારની માફક સાથે ચઢી આવ્યા, તેમને પણ કાળકમ્પને મારી પાડ્યા. તે શિવાય તેજીક, ગેકિર્ય, વેગિલ, શાખિલ, ભદ્ર, કર અને દન્ડી તથા બીજા ઘણા મહારથીઓને મારી નાંખ્યા. પછી બીજા ભીમ, ભીષણ, કુંભીર, વિકટ અને વિલોચન નામના પાંચ વીરો યુદ્ધ કરવા માટે આવ્યા; તેમને પણ કાળકમ્પને મારી પાડ્યા. આ પ્રમાણે કાળકમ્પને રણમાં ઘણા મહારથીઓને મારી પાડ્યા. તે જોઇ રાજપુત્ર સુગણ, કાળકંપનની તરફ દોડ્યો અને એકદમ તેની સાથે યુદ્ધ કરવા માંડ્યો. યુદ્ધમાં બન્નેના રથ તથા સારથિઓનો નાશ થઈ ગયો અને બન્ને જણા રથ વગરના થઈ ગયા. પછી બન્ને જણાનું સમતુલ્ય યુદ્ધ ચાલવા માંડ્યું. તેમાં પગપાળા કાળકમ્પને પગપાળા સુગણને જમીન ઉપર મારી નાંખ્યો. એવામાં મનુષ્યોની સાથે વિદ્યાધરોનું સંગ્રામ અસંભવિત છે તેને પ્રત્યક્ષ જોઇને, જાણે ખેદાતુર થયો હોય તેમ લાલસુરેખરંગનો સૂર્ય અસ્ત પામ્યો. લોહીરૂપ જળથી પૂર્ણ ભરેલું સંગ્રામનું ક્ષેત્ર કેવળ લાલ રંગનું દેખાતું નહતું, પણ સંધ્યાનાં પગલાં પડવાથી આકાશક્ષેત્ર પણ લાલ રંગનું બન્યું હતું. ભૂત, પ્રેત, પિશાચ વગેરે રણમાં મરણ પામેલાનાં ધડની સાથે સાયંકાળનું નૃત્ય કરવા માટે તૈયાર થયા—બરાબર સાયંકાળનો સમય થયો, એટલે બન્ને તરફની સેના યુદ્ધ બંધ કરી પોત પોતાની છાવણી તરફ ગઈ. યુદ્ધને પ્રથમ દિવસે શ્રુતશર્માના ત્રણ શૂરાઓ મરણ પામ્યા હતા; અને સૂર્યપ્રભની સેનામાં ત્રેવીસ યોધાઓ મરણ પામ્યા હતા.

સૂર્યપ્રભ પોતાના બંધુઓ અને મિત્રોનાં મરણ થવાથી ઘણો જ ઉદાસી થઈ ગયો, અને તે રાત્રિએ રણવાસમાં જનાનાને પણ મળ્યો નહીં. લડાઈ લડવાને ઉત્સુક સૂર્યપ્રભે કાર્યભારીઓ સાથે સંગ્રામ સંબંધી જૂદી જૂદી વાર્તાઓ કરી આખી રાત્રિ ઉજાગરામાં કાઢી નાંખી.

## સ્ત્રીઓએ કરેલી યુદ્ધ ચર્ચા.

સૂર્યપ્રભની સઘળી રાણીઓ પોતાના કુટુંબીઓના મરણથી ખેદાતુર બની ગઈ હતી. તે રાત્રિએ રાણીઓ એક બીજીને શાંત્વન કરવા માટે એક સ્થળમાં એકઠી થઇ. પ્રથમ તો સૌએ રડવાનું શરુ કર્યું. રડી રહ્યા પછી અનેક જાતનાં ગપાંસપાં મારવા લાગી. કારણ કે સ્ત્રીઓની એવી કોઇ પણ એક ક્ષણ ગઈ નથી કે, જેમાં અપ્રાસંગિક ગપાંસપાં માર્યાં નહીં હોય. સ્ત્રીઓ આખા ગામના ડાંડા ગણે છે. તે જ પ્રમાણે પ્રસંગ નિકળતાં, એક રાજપુત્રી બોલીઃ "મને

આશ્ચર્ય લાગે છે કે, આજ મહારાજા સ્ત્રી વગર કેમ નિદ્રા કરતા હશે?" તે સાંભળી સંગ્રામમાં પોતાનાં સંબંધી મરણ પામવાથી દીલગીર થયેલી બીજી રાણી બોલી ઉઠી, "એમાં તે વળી તમે શું પૂછ્યું? જાણુતાં નથી કે, આપણા પ્રાણુનાથ પોતાના સાથીઓમાંથી ઘણાક લડાઇમાં કપાઈ ગયા છે તેના શોકમાં છે. તેઓને આ સમયે પોતાની સ્ત્રીઓમાં તે કેમ આનંદ થાય?" એટલે બીજી સ્ત્રી બોલી કે–"પણ તેઓ તો છેલ બટાઉ છે તો. જો તેને બીજી કોઈ નવી સુંદરી મળે તો તો હવણાં જ સઘળું દુઃખ વિસરી જાય." એટલે એક બીજી સ્ત્રીએ કહ્યું–"જારે જા, એમ કદી પણ બને નહીં. જો કે તે છેલછબીલો છે! તથાપિ આ ભયંકર દુઃખમાં તે સ્ત્રી સાથે વિલાસ કરી સ્ત્રીલંપટ બને નહીં તો." આમ તે સ્ત્રીઓ પરસ્પર વાતો કરતી હતી, એવામાં એક સ્ત્રી આશ્ચર્ય પામીને બોલી, "બ્હેનોરે, તેને ઘણી સ્ત્રીઓ છે, છતાં પણ મહારાજા નવી નવી રાજકન્યાઓને રોજ હરી લાવે છે અને તે છતાં તેને સંતોષ વળતો નથી, તેનું કારણ શું? મહારાજા આવા સ્વછંદી સ્ત્રીલંપટ છે, તે તો મને ઘણું સાલે છે!" તે સાંભળી સઘળી રાણીઓમાં મનોવતી નામની ચતુર રાણી હતી તે બોલી–"સાંભળો, એ હું તમને સમજાવું છું. રાજાઓને નવી નવી રાણીઓની કેમ જરૂર છે? મનમોહન મૂર્તિઓના સારા ગુણુની તેને અભિલાષા છે અને સારા ગુણો ઘણું કરીને જૂદા જૂદા દેશ, રૂપ, અવસ્થા, ચેષ્ટા અને વ્યવહાર જ્ઞાન વગેરેપર આધાર રાખે છે. પરંતુ એક જ દેશની સ્ત્રી સર્વગુણસંપન્ન હોતી નથી. કર્ણાટક દેશની પ્રમદા, લાટ દેશની પ્રમદા, સૌરાષ્ટ્ર દેશની પ્રમદા અને મધ્ય દેશની પ્રમદાઓ પોતપોતાના દેશના રિવાજથી પોતાના પતિને રંજન કરે છે. સારાં નેત્રવાળી કેટલીએક સ્ત્રીઓ, શારદ ચંદ્ર જેવાં મુખથી પતિને રંજન કરે છે, તો બીજી સ્ત્રીઓ સુવર્ણના ઘડા જેવા, ઉંચા અને સારી રીતે ઘાટા સ્તનોથી પતિને રંજન કરે છે; કેટલીએક કામદેવના સિંહાસન જેવા જઘનસ્થળ ઉપર પતિને બેસારીને રંજન કરે છે; તો કોઈ વળી પોતાનાં સુંદર અને મનોહર બીજાં અંગો બતાવીને પતિને રંજન કરે છે. કોઇ સ્ત્રી શરીરે ગોરી હોય છે, તો કોઈ સ્ત્રી પ્રિયંગુના પુષ્પ જેવી હોય છે, તો કોઈ વળી શ્યામ રંગની હોય છે, તો બીજી કોઈ શુદ્ધ રાતા રંગની હોય છે; જે જોનારાનાં નેત્રને જોતજોતામાં હરણ કરે છે. કોઈ લલિતલલના ખીલતા ગુલાબ જેવી લાવણ્યમયી હોય છે તો કોઈ સંપૂર્ણ યૌવનથી મદમાતી હોય છે. કોઈ પ્રૌઢપણાથી ઘણો રસ ચખાડનારી અને જૂદાં જૂદાં નખરાં કરી બતાવામાં નિપુણ હોય છે, તો કોઈ હાસ્યવિનોદ કરતી વખતે શોભાને પામી મોહ કરે છે. કોઈ સ્ત્રી કોપ કરે તો પણ પતિના મનને હરણ કરે છે, કોઈ ગજગામિની હોય છે તો કોઈ હંસગામની હોય છે. કોઈ સ્ત્રી મધુર ભાષણ કરેછે ત્યારે જાણે કાનમાં અમૃતની ધારા કરતી હોય તેમ જણાય છે. કોઈ કુદરતી લાવણ્યમયીમૂર્તિ તીરછી આંખથી કટાક્ષ મારે છે તેથા શોભે છે, કોઈ નૃત્યથી મોહ પમાડે છે, તો કોઈ કોકીલાસ્વરી કોકીલ જેવો મિષ્ટ મધુરો શબ્દ કાઢી આનંદ આપે છે. કોઈ વીણા અને બીજાં વાદ્યો વગાડવાના જ્ઞાનથી પતિને રંજન કરે છે, કોઈ સ્ત્રી બાહ્ય સુરતમાં કુશળ હોય છે, તો કોઈ સ્ત્રી અંતરંગ સુરતકળામાં કુશળ હોય છે. કોઈ પોતાના સુશીળ સ્વભાવથી મોહ કરેછે, તો કોઈ ઉપલી ટાપટીપથી શણુગાર સજવામાં ઘણી નિપુણતા બતાવે છે અને કોઈ પતિનું મન હરણ કરીને અહોભાગ્યવતી થઈ પડે છે. તાત્પર્ય કે એ રીતે



જાત જાતની સ્ત્રીઓ નિરનિરાલા ગુણો ધરાવે છે. દરેક લાવણ્યમયી સુંદરીઓ દરેક પ્રકારની ખાસ ખુબીઓ ધરાવે છે, પણ આ ત્રણ ભુવનમાં કોઈ પણ એવી સ્ત્રી નથી કે, જે સકળગુણાલંકૃત હોય. છતાં જે સ્ત્રી પતિનું મન વિશેષ રંજન કરે છે તે વિશેષ સૌભાગ્ય ભોગવે છે. તેમ જ પુરુષો પણ તેવા થોડા જ છે કે, જે પોતાની નિપુણતાથી સ્ત્રીઓના મનને સર્વ રીતે રંજન કરેછે. રાજાઓ પણ એટલા જ માટે જૂદી જૂદી સ્ત્રીઓના રસ ચાખવા મચી રહેછે. જો કે તેઓને ઘણી રાણીઓ હોય છે, તોપણ હમેશાં નવી નવી સ્ત્રીઓનું હરણ કરીને લઈ આવે છે. પણ ખરો કુલીન પુરુષ પરસ્ત્રીમાં ગુણ દેખે છે, તોપણ કદી તેના ઉપર પ્રેમ કરતો નથી, તેથી કન્યાઓ લઈ આવવામાં મહારાજાનો દોષ નથી, તેમ આપણે ઈર્ષ્યા ધરવાનું પણ કારણ નથી." આવી રીતે સૂર્યપ્રભની રાણી મનોવતીએ મદનસેના વગેરેને અનેક સ્ત્રીઓ પરણવાનું કારણ કહી બતાવ્યું. ત્યાર પછી તે રાણીઓએ પણ ક્રમપ્રમાણે વાતો કહી બતાવી.

આ પ્રમાણે પ્રસંગોપાત એકઠી થયેલી સ્ત્રીઓનું મન પરસ્પર લાંબી વાર્તામાં લાગી ગયું, અને ત્યાં કોઇનો અટકાવ ન હોવાથી આનંદમાં ગરકાવ થવાથી બેકેદ બની તે સ્ત્રીઓ ઘણા રસમાં આવી જવાથી પરસ્પર સુરતના કાર્ય વિશે કામશાસ્ત્રનો ઉપદેશ દેવા લાગી. ક્રમભાગ્યને યોગે જ્યારે તેઓ એકઠી મળેછે, ને સંસાર વ્યવહારની વાતોના તડાકા મારે છે, ને વાતમાં લદબદ થઈ જાય છે, ત્યારે આ દુનિયામાં એવું કાંઈપણ નથી કે, જે સ્ત્રીઓના મુખમાંથી બહાર નિકળ્યું ન હોય–અર્થાત્ સ્ત્રીઓ ન બોલવાનું પણ બોલેછે. આખરે આ લાંબી લાંબી વાતોનો કોઇપણ પ્રકારે છેડો આવ્યો નહીં, તેટલામાં તો રાત્રિ સમાપ્ત થઈ. એ અરસામાં સૂર્યપ્રભ એકલો જ અંધારાનો નાશ થઈ પ્રભાત થઈ જવાની વાટ જોતો હતો, ને તે મનમાં વિચાર કરતો હતો કે ક્યારે શત્રુઓનો પરાજય કરું.

## તરંગ ૫ મો.

## સૂર્યપ્રભનું વૃત્તાંત.

રાત્રિ વીતી ગઈ અને પ્રભાત થયું, એટલે સૂર્યપ્રભ અને તેના સહાય તથા શ્રુતશર્મા અને તેના સહાય રાજાઓ પોતપોતાની સેના સહિત તૈયાર થઇને ફરી રણુભૂમિ ઉપર આવ્યા. અને આ બન્ને પક્ષનું યુદ્ધ જોવા માટે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, દાનવ, યક્ષ, સર્પ, ગંધર્વ વગેરે પણ ફરી આકાશમાં આવી ઉભા રહ્યા. એ દિવસે દામોદરે શ્રુતશર્માની સેનાને ચક્રાકાર વ્યૂહમાં ગોઠવી હતી, અને પ્રભાસે સૂર્યપ્રભની સેનાને વજ્રકાર વ્યૂહમાં ગોઠવી હતી. બન્ને સેનામાં વ્યૂહ રચના રચાયા પછી, બન્ને સેનાનું પરસ્પર યુદ્ધ શરુ થયું. સેનામાં તુરીયો વાગવા લાગી અને સુભટો નાદ કરવા લાગ્યા. તેની ગર્જનાથી દિશાના છેડાઓ પણ બહેરા થઈ ગયા અને બાણુથી સૂર્યનું મંડળ પણ ઢંકાઈ ગયું. એ યુદ્ધમાં ઉત્તમ બાણોથી મરણ પામેલા શૂરવીરો તારામંડળને ભેદીને અંદર આવશે, આવી

બ્હીકથી સૂર્ય જાણે બાણરૂપ જાળમાં ઢંકાઇ ગયો હોય તેમ જણાતો હતો. પછી સૂર્યપ્રભની આજ્ઞા થવાથી બીજાથી ભેદાય નહિ તેવા દામોદરના રચેલા ચક્રવ્યૂહને ભેદી પ્રભાસ તેની સેનાની અંદર પેઠો, અને દામોદર પોતે ગર્જના કરતો વ્યૂહના તૂટેલા ભાગ આગળ આવીને પ્રભાસની સામે ઉભો રહ્યો, અને તેને ઘેરી લીધો. પછી રથમાં બેઠેલા પ્રભાસે દામોદર સાથે યુદ્ધ આરંભ્યું. શત્રુની સેનામાં પ્રભાસ એકલો ઘૂમે છે, આ વાર્તા સૂર્યપ્રભના જાણવામાં આવી કે, તેણે તેની પાછળ તરત જ પ્રકંપન, ધૂમકેતુ, કાલકંપનક, મહામાય, મરુદ્વેગ, પ્રહસ્ત, વજ્રપંજર, કાળચક્ર, પ્રમથન, સિંહનાદ, કંબળ, વિકટાક્ષ, પ્રવહણ, કુંજર કુમાર, વીર પ્રહૃષ્ટરોમા, આ પંદર મહારથીઓને મોકલ્યા. તે સર્વ મહારથીઓ દોડીને ચક્રવ્યૂહના બારણામાં પેસી ગયા અને યુદ્ધ કરવા લાગ્યા. તે રણસંગ્રામમાં દામોદરે પોતાનું અનુપમ પૌરુષ દર્શાવ્યું. તે એકલો પંદર મહારથી સાથે ઘૂમવા લાગ્યો. ઈંદ્રે આકાશમાંથી તેનું આવું અપૂર્વ પરાક્રમ જોઈ પાસે બેઠેલા નારદ મુનિને કહ્યું, “મુનિરાજ ! આ સૂર્યપ્રભ વગેરે સઘળા અસુર અવતરેલા છે, અને આ શ્રુતશર્માંમાં વિષ્ણુનો અંશ છે; તથા તેના પક્ષના સઘળા વિદ્યાધરો દેવતાના અંશમાંથી જન્મેલા છે. આ પ્રમાણે આ સંગ્રામ દેવાસુર નામનું ગણાય છે. વિષ્ણુ હંમેશાં દેવતાઓને સહાય કરે છે; માટે આ યુદ્ધમાં જુવો, જુવો, આ દામોદરમાં વિષ્ણુનો અંશ છે તે કેવો ઘૂમે છે, અને એકલો સઘળા સાથે કેવી ટક્કર લે છે.”

## પ્રભાસનું પરાક્રમ.

આવી રીતે ઈંદ્ર વાર્તા કરે છે, એવામાં દામોદર સેનાપતિને સહાય કરવા માટે બ્રહ્મગુપ્ત, વાયુબળ, યમદંષ્ટ્ર, સુરોષણ, અતિબળશાળી, રોષાવરોહ, તેજઃપ્રભ, ધુરંધર, કુબેરદત્ત, વરુણશર્મા, કંબલિક, વીર દુષ્ટદમન, દોહન ને આરોહણ નામના ચૌદ મહારથીઓ આવ્યા. દામોદર એ ચૌદ મહારથીઓને સાથે લઇ વ્યૂહના અગ્રભાગમાં યુદ્ધ કરનારા સૂર્યપ્રભના યોધા સામે લઢવા લાગ્યો. ત્યાર પછી બન્ને પક્ષના યોધાઓમાં પરસ્પર દ્વંદ્વ યુદ્ધ મચ્યું. પ્રકંપન દામોદરની સાથે અસ્ત્રથી લડવા લાગ્યો. ધૂમકેતુ, બ્રહ્મદત્તની સાથે યુદ્ધ કરવા લાગ્યો. મહામાય, અતિબળની સાથે યુદ્ધ કરવા લાગ્યો. કાળકંપન દાનવ, તેજઃપ્રભની સાથે યુદ્ધ કરવા લાગ્યો. વજ્રપંજર, યમદંષ્ટ્રની સાથે યુદ્ધ કરવા લાગ્યો. અસુરવર કાળચક્ર સુરોષણની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પ્રમથન કુબેરદત્તની સાથે યુદ્ધ કરવા માંડયો. દૈત્યરાજા સિંહનાદ, વરુણશર્માની સાથે યુદ્ધ કરવા લાગ્યો, પ્રવહણ, દુષ્ટદમનની સાથે યુદ્ધ કરવા લાગ્યો. રોષાવરોહની સાથે પ્રહૃષ્ટદાનવ લઢવા લાગ્યો. વિકટાક્ષ, ધુરંધરની સાથે યુદ્ધ કરવા લાગ્યો, કમ્બળ, કમ્બલિકની સાથે યુદ્ધ કરવા લાગ્યો. કુંજરકુમાર, આરોહણ સાથે વઢવા લાગ્યો. પ્રહસ્ત, મહોત્પાત અને દોહન આવાં બે નામધારી વિદ્યાધરો સાથે વઢવા લાગ્યો. એ પ્રમાણે મહારથીઓ વ્યૂહ રચનાના આગળના ભાગમાં યુદ્ધ કરતા હતા. તે સમયે સૂનીથે મયને કહ્યું: “અફસોસ ! આપણા મહારથીઓ શૂરા છે, જૂદી જૂદી જાતનાં યુદ્ધમાં જાણીતા છે, તોપણ તેઓને શત્રુના મહારથીઓએ વ્યૂહમાં પ્રવેશ કરતા અટકાવ્યા છે. એક પ્રભાસ જ વિચાર કર્યા વગર આગળ



થઇને તેની અંદર પેઠો છે. માટે આમાં કોનું શું થશે, તે કહી શકાતું નથી.” તે સાંભળી સુવાસકુમાર બોલ્યો: “ત્રણ લોકમાં સુર, અસુર અને મનુષ્યમાંથી કોઇ પણ આ એક પ્રભાસને પહોંચી વળે તેમ નથી. ત્યારે આ વિદ્યાધરો તો કીસ ગણતરીમાં? તમે સર્વ આ જાણો છો તો પણ શંકા ન કરવાની જગ્યામાં શંકા કેમ કરો છો?” આમ સુવાસકુમાર વાત કરે છે, એવામાં કાળકંપન વિદ્યાધર યુદ્ધ કરવા માટે પ્રભાસની સન્મુખ આવ્યો. ત્યારે પ્રભાસ બોલ્યો: “અહો હો ! તેં આજ અમારી સારી સેવા કીધી છે, માટે આજ જ અમે તારું પરાક્રમ જોઈ લઈશું.” આટલું બોલી પ્રભાસે કાળકંપન ઉપર બાણો છોડવા માંડ્યાં; અને કાળકંપને પણ તેને સો બાણ મારી જવાબ દીધો, અને વિદ્યાધર તથા મનુષ્ય બન્ને જણા પરસ્પર એવું તો અસ્ત્રયુદ્ધ કરવા લાગ્યા કે, ત્રણ ભુવનને આશ્ચર્ય પમાડી દીધાં.

પછી પ્રભાસે એક બાણ મારી કાળકંપનના રથની ધ્વજા છેદી નાંખી, અને બીજા બાણથી તેના સારથિને મારી નાંખ્યો; ચાર બાણ મારી રથના ચાર ઘોડાઓને મારી નાંખ્યા; એક બાણ મારી તેનું ધનુષ કાપી નાંખ્યું; બે બાણથી બે બાહુ કાપી નાંખ્યા; અને બે બાણ મારી બે કાન કાપી લીધા. આ પ્રમાણે પ્રથમ કાળકંપને અનેક શૂરવીરો મારી નાંખ્યા હતા. તેને લીધે ક્રોધ વ્યાપવાથી પ્રભાસે જાણે કાળકમ્પનને શિક્ષા કરી હોય તેમ તેનું સર્વાંગ રોડું બોડું કરી, છેલ્લે એક તીક્ષ્ણ બાણ મારી શત્રુનું મસ્તક કાપી નાંખ્યું, અને પોતાના હસ્તની લાઘવતા બતાવી. મનુષ્યો અને વિદ્યાધરો વિદ્યાધરના રાજા કાળકમ્પનને મરણ પામ્યો જોઈ, અત્યંત ખેદાતુર થઈ કોલાહલ કરવા લાગ્યા. ત્યાર પછી વિદ્યાધરરાજ કાલંજરગિરિનો રાજા વિદ્યુત્પ્રભ, પ્રચન્ડ ક્રોધ કરી પ્રભાસની ઉપર ચઢી આવી યુદ્ધ કરવા લાગ્યો. પ્રભાસે યુદ્ધમાં તેનું મોટું ધનુષ કાપી નાંખ્યું, એટલે તેણે બીજું ધનુષ લીધું; ફરી પ્રભાસે તેના પણ કટકે કટકા કરી નાંખ્યા. આમ વિદ્યુત્પ્રભ જેમ જેમ નવાં નવાં ધનુષ લેતો ગયો તેમ તેમ પ્રભાસે તેનાં ધનુષ કાપી નાંખ્યાં. ત્યાર પછી વિદ્યુત્પ્રભ માયાથી ગુપ્ત રીતે આકાશમાં ઉડી લજ્જાવશ થઈ, પ્રભાસ ઉપર તરવાર અને ગદા વગેરેનો વર્ષાદ વરસાવા લાગ્યો. પ્રભાસે પણ પોતાનાં અસ્ત્રોવડે વિદ્યુત્પ્રભનાં આયુધોને પાછાં હઠાવી, આકાશમાં જઈ પ્રકાશન નામનું અસ્ત્ર માર્યું, જેથી વિદ્યુત્પ્રભની માયા નાશ પામી અને વિદ્યુત્પ્રભ પ્રત્યક્ષ દેખાયો. તુરત પ્રભાસે અગ્ન્યાસ્ત્ર બાણ યોજ્યું, અને તેના તેજમાં વિદ્યુત્પ્રભને બાળી નાંખી નિર્જીવ કરી આકાશમાંથી જમીન ઉપર પટકી પાડયો. એ જોઈ શ્રુતશર્મા પોતાના મહારથીઓને કહેવા લાગ્યો: “ઓ મહારથીઓ ! જુઓ જુઓ, આ માણસે બે મહારથીઓને ક્ષણ વારમાં મારી નાંખ્યા છે. આ તે તમારાથી કેમ સહન થાય છે? તમે સઘળા એકઠા મળી પ્રભાસને મારી નાંખો. જુઓ છો શું?” તે સાંભળી આઠ મહારથીઓને અત્યંત ગુસ્સો ચઢયો, અને તેમણે પ્રભાસને ઘેરી લીધો. તે આઠ મહારથીઓનાં નામ આ પ્રમાણે હતાં. ઉર્ધ્વરોમા નામનો એક મહારથી હતો, તે વેંકટાદ્રિ પર્વત ઉપર રહેતો હતો, તે મહારથીઓનો અધિપતિ હતો, અને વિદ્યાધરનો રાજા હતો. બીજા મહારથીનું નામ ક્રોશન હતું, તે ધરણીધર પર્વત ઉપર રહેતો હતો, અને વિદ્યાધરનો અધિ-

પતિ હતો. ત્રીજા મહારથીનું નામ ઇન્દુમાલી હતું, તે લીલા પર્વત ઉપર રહેતો હતો, તે મહા શૂરવીર હતો, તે અતિરથીઓનો અધિપતિ હતો અને વિદ્યાધરનો રાજા હતો. ચોથા મહારથીનું નામ કાકાંડક હતું, તે મલયાચળ પર્વત ઉપર રહેતો હતો, ને મહારથીનો અધિપતિ હતો, તેમ ઉત્તમ વિદ્યાધરની જાતિનો હતો. પાંચમા મહારથીનું નામ દર્પવાહ હતું. તે નિકેત પર્વતનો અધિપતિ હતો. છઠ્ઠા મહારથીનું નામ ધૂર્તવચન હતું અને તે અંજનગિરિનો રાજા હતો. પાંચમા અને છઠ્ઠા એ બન્ને જણા વિદ્યાધર હતા, અને તે અતિરથીની સેનાના અધિપતિ હતા. સાતમા મહારથીનું નામ વરાહસ્વામી હતું, જેને ગર્દભસ્થ પણ કહેતા હતા. તે કુમુદ પર્વતનો રાજા હતો, અને મહારથીનો અધિપતિ હતો. આઠમા મહારથીનું નામ મેધાવર હતું. તે પણ મહારથીઓનો સરદાર હતો અને દુંદુભિ પર્વતનો વાસી હતો. આ આઠ મહારથીઓએ પ્રભાસને ચારે તરફથી ઘેરી લીધો ને ઉગ્ર બાણો મારવા લાગ્યા. પ્રભાસે તે આઠ મહારથીઓનાં બાણોને પાછાં હઠાવી, પોતાનાં બાણોવડે તે આઠે જણાને વિંધી નાંખ્યા. કોઈના ઘોડાને મારી નાંખ્યો, કોઇના સારથિને મારી નાંખ્યો, કોઈના રથની ધ્વજાને કાપી નાંખી, કોઇના ધનુષને કાપી નાંખ્યું અને મેધાવરની છાતીમાં એકદમ ચાર બાણ મારી, તેના પ્રાણ હરી લઇ જમીનદોસ્ત કરી દીધો. ત્યાર પછી બીજાની સાથે વઢતાં વઢતાં પ્રભાસે અંજલિ નામનું બાણ મૂકીને ઉધ્વરોમાનું વાંકડીઆ અને ઉંચા ગુંથેલા કેશવાળું માથું કાપી લીધું; અને બાકી છ મહારથીઓ હતા તેમના ઘોડા અને સારથિઓને મારી નાંખી, ભાલાવતી દરએકનાં મસ્તકો વિંધીને જમીન ઉપર રઝળતા કરી મૂક્યા. આ વખતે ગગનમંડળમાંથી પ્રભાસના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ થઈ, જેથી અસુર રાજાનાં મન હર્ષમાં આવી ગયાં અને વિદ્યાધરો નિસ્તેજ થઈ ગયા.

વિદ્યાધરો ઉદાસીમાં આવ્યા હતા, તોપણ તેમને યુદ્ધ કરવામાં ગ્લાનિ થઈ ન હતી. તેઓનાં મન તેવાં જ શૂરાતનવાળાં હતાં. વિદ્યાધરના રાજા શ્રુતશર્માએ પોતાના આઠ મહારથીના મરણ પછી બીજા ચાર મહારથીઓને મોકલ્યા. તે મહારથીઓ ધનુષ બાણ લઇને આવ્યા અને પ્રભાસને ઘેરી લીધો. આ ચાર મહારથીઓમાં એક મહારથીનું નામ કાચરક હતું અને તે કુરંડક પર્વતનો રાજા હતો. બીજા મહારથીનું નામ ડિંડિમાલિ હતું તથા તે પંચક પર્વતનો રાજા હતો. ત્રીજા મહારથીનું નામ વિભાવસુ હતું, અને તે જયપુર પર્વતનો રાજા હતો. ચોથા મહારથીનું નામ ધવળ હતું, ને તે ભૂમિતુંડક નામના પર્વતનો નાયક હતો. આ ચારે મહારથીના અધિપતિ હતા અને તે ઉત્તમ વિદ્યાધરોએ એક સાથે પાંચસો પાંચસો બાણો પ્રભાસ ઉપર માર્યાં, એટલે પ્રભાસે ક્રમવાર બાણ મારી રમત માત્રમાં દરએક યોધાની ધ્વજાને છેદી નાંખી, એકેક બાણ મારી ધનુષને ભાંગી નાંખ્યું અને બીજીવાર એકેક બાણ મારી સારથિને તોડી પાડ્યો. ચાર બાણો મારી ઘોડાઓનો નાશ કર્યો, અને એકેક બાણથી તેઓનું મસ્તક કાપી નાંખ્યું. આ પ્રમાણે આઠ ધનુષથી અક્કેકા મહારથીઓને રામશરણ પહોંચાડી દઈ, પ્રભાસે મોટી ગર્જના કરી. એટલે વળી શ્રુતશર્માની આજ્ઞાથી યુદ્ધમાં બીજા ચાર વિદ્યાધરો પ્રભાસની સન્મુખ યુદ્ધ કરવા માટે આવ્યા. તેમાં એકનું નામ ભદ્રંકર હતું અને તે વિશ્વાવસુના કુળમાં બુધથી જન્મ્યો હતો. તેના શરીરનો રંગ શ્યામ



કમળના જેવો હતો. બીજાનું નામ નિયંત્રક હતું, તે જંભક કુળમાં મંગળથી જન્મ્યો હતો અને તેનું તેજ અગ્નિ જેવું હતું. ત્રીજા મહારથીનું નામ કૃષ્ણકૃષ્ણ હતું. એનું ઉપનામ કાલક પણ હતું. આ દામોદર કુળમાં અવતર્યો હતો અને તેના કેશ પિંગળવર્ણા હતા. ચોથા મહારથીનું નામ વિક્રમશક્તિ હતું. આ ચંદ્રમાના વંશમાં, મહેંદ્રના કાર્યભારી બૃહસ્પતિથી જન્મ્યો હતો. ચંદ્રમાના વંશમાં જન્મવાથી તેના શરીરની ગૌર કાંતિ હતી. આ ચાર મહારથીઓમાં ત્રણ મહારથીઓના અધિપતિ હતા, અને ચોથો મહારથી મોટો શૂરવીર અને સઘળા કરતાં વિશેષ પરાક્રમી હતો. આ ચારે યોધાઓ તૈયાર થઈ દિવ્ય હથિયારોવતી પ્રભાસ સાથે લઢવા લાગ્યા. પ્રભાસે નારાયણ અસ્ત્ર મારી તે યોધાનાં ધનુષોને પાછાં હઠાવી દીધાં અને રમત માત્રમાં દરએકનાં ધનુષને આઠ આઠ વાર કાપી નાંખ્યાં. ત્યાર પછી તે મહારથીઓ પ્રાસ, ગદા, તોમર વગેરેનો માર મારવા લાગ્યા. એટલે પ્રભાસે તે સર્વના રથના ઘોડાને મારી, સઘળાને રથ વગરના–પાળા બનાવી દીધા. તે જોઈ શ્રુતશર્માએ તરત બીજા દશ મહારથીઓના આધિપતિ, વિદ્યાધરના રાજાઓને મોકલ્યા. તેમનાં નામ આ પ્રમાણે હતાંઃ–દમ, અને નિયમ, આ બન્નેનું રૂપ અને આકાર મળતો હતો, અને તે કેતુમાલ રાજાના વંશમાં અશ્વિનીકુમારથી જન્મ્યા હતા. તે શિવાય વિક્રમ, સંક્રમ, પરાક્રમ, અક્રમ, સંમર્દન, મર્દન, પ્રમર્દન અને વિમર્દન–આ આઠ વિદ્યાધરો મકરંદના વંશમાં વસુથી જન્મ્યા હતા. તેઓ સર્વે બળમાં સમાન હતા. આ દશ જણા આવ્યા, એટલે પ્રથમના મહારથીઓ, કે જેઓ રથ ભાગી જવાથી પાળા થઇ ગયા હતા તેઓ બીજા રથમાં બેઠા, અને તે ચૌદ મહારથી એકઠા મળી, એકદમ પ્રભાસ ઉપર તૂટી પડ્યા ને બાણનો વર્ષાદ વર્ષાવવા લાગ્યા. તોપણ પ્રભાસ એકલો ટટાર ઉભો રહી–જરાપણ કંપ્યા વગર સર્વને આશ્ચર્ય ઉત્પન્ન કરતો લઢવા લાગ્યો. એવામાં કુંજરકુમાર અને પ્રહસ્ત વ્યૂહના આગલા ભાગમાં લઢતા હતા, તેમને સૂર્યપ્રભે આગળ લઢવા જવાની આજ્ઞા કરી, એટલે તે બન્ને જણા લઢતા બંધ પડ્યા અને હથિયાર બાંધી શ્વેત અને શ્યામ રંગના બન્ને જણા આકાશ માર્ગે ઉડીને પ્રભાસની પાસે ગયા. આ બન્ને જણામાં એક ગૌર હતો અને બીજો શ્યામ હતો. તેથી તેઓ બીજા રામકૃષ્ણ હોય તેમ શોભતા હતા. આ બન્ને જણા પગપાળા હતા તોપણ તેમણે દમના અને નિયમના સારથિઓને મારી તેઓનાં ધનુષો કાપી નાંખી ગભરાવી દીધા.

દમ અને નિયમ ગભરાટથી આકાશમાં ઉડ્યા, એટલે કુન્જરકુમાર અને પ્રહસ્ત હથિયાર લઈ તેની પાછળ પડ્યા. કુન્જર કુમાર અને પ્રહસ્તને આકાશમાં ચઢતા દીઠા, એટલે તે બન્ને જણાનું સારથિપણું કરવા માટે સૂર્યપ્રભે પોતાના મંત્રી મહાબુદ્ધિ તથા અચળબુદ્ધિને મોકલ્યા. દમ અને નિયમ માયાવડે અદૃશ્ય થઇને લઢતા હતા. પણ પ્રહસ્તે અને કુન્જરકુમારે નેત્રમાં સિદ્ધાંજન આંજ્યું, એટલે તે બન્ને દૃષ્ટિએ પડ્યા. પછી તે બન્ને જણાને એવાં તો સચોટ બાણો મારીને વિંધી નાંખ્યા કે, વિદ્યાધરના પુત્ર દમ અને નિયમને ત્યાંથી નાસવું પડ્યું. પછી પ્રભાસ બાકી રહેલા બાર જણા સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે બારે જણાએ હાથમાં ધનુષને લીધાં કે, પ્રભાસે એકદમ સર્વનાં ધનુષ કાપી નાંખ્યાં. એવામાં પ્રહસ્તે આવીને બારે મહા-

રથીઓના સારથિઓને એક સાથે મારી નાંખ્યા, અને કુન્જરકુમારે તેઓના ઘોડાને મારી નાંખ્યા અને રથને ભાગી નાંખ્યો, જેથી તે બારે વિદ્યાધરો પાઉપ્યાદા થઇને સામા લઢવા માટે આવ્યા. પ્રભાસ વગેરે ત્રણ લડવૈયા તેઓને બાણોથી મારવા લાગ્યા, જેથી તેઓ હાર પામી રણસંગ્રામમાંથી દોડીને ભાગી ગયા.

આ જોઈ **શ્રુતશર્માના** મનમાં ઘણું જ દુઃખ ઉત્પન્ન થયું. તે ગુસ્સામાં આવી ગયો અને શરમાઇ ગયો. તેણે બે વિદ્યાધર મહારથીઓને પ્રભાસ સામા જવાનો હુકમ કર્યો. આ બે મહારથીઓમાં એકનું નામ **ચન્દ્રગુપ્ત** હતું અને બીજાનું નામ **નગરંગમ** હતું. **ચન્દ્રગુપ્ત**, **ચન્દ્રમાદિ** રાજાના કુળમાં **નિશાકર** થકી જન્મ્યો હતો; અને તેની કાંતિ બીજા **ચન્દ્રમા** જેવી હતી. બીજો **નગરંગમ** **ધુરંધર** પર્વતના રાજાના કુળમાં જન્મ્યો હતો. તે ઘણો તેજસ્વી હતો અને **શ્રુતશર્માનો** કાર્યભારી હતો. આ બન્ને જણા **પ્રભાસ** તરફ જઇ તેના ઉપર અસંખ્ય બાણનો વર્ષાદ વરસાવવા લાગ્યા. **પ્રભાસે** એક ક્ષણમાં તેમના રથના કટકે કટકા કરી તેઓને પાળા બનાવી દીધા, એટલે તે પણ રણસંગ્રામ છોડીને નાશી ગયા. એ જોઈ અસુરો અને મનુષ્ય રાજાઓ હર્ષગર્જના કરવા લાગ્યા. એવામાં **શ્રુતશર્મા** પોતે **મહૌઘ**, **આરોહણ**, **ઉત્પાતવેત્ર** અને **વત્સ** નામના ચાર મહારથીઓને સાથે લઇને લઢવા માટે આવ્યો. એ ચારે મહારથીઓ ક્રમવાર **વિશ્વકર્મા**, **ભગ**, **અર્યમા** અને **પૂષાના** પુત્ર થતા હતા, અને તે ચારે **મલયાચળ** વગેરેના રાજા **ચિત્રપાદ** વગેરે વિદ્યાધરના કુળમાં જન્મ્યા હતા. તેઓનું પરાક્રમ અપૂર્વ હતું. પરાક્રમશાળી **પ્રભાસ** વગેરે ત્રણે જણા ક્રોધમાં ઘણા આંધળા થયેલા એ ચાર મહારથી અને પાંચમા **શ્રુતશર્માની** સાથે લઢાઇ કરવા લાગ્યા. આ વખતે પરસ્પર બાણો છૂટવા લાગ્યાં તેથી આકાશમાં તપતા, સૂર્યના પ્રકાશથી તેનાં બાણનો સમૂહ જાણે રણની લક્ષ્મી દેવીનો માંડવો છાયેલો હોય તેમ દેખાતો હતો. આમ યુદ્ધ ચાલતું હતું, ત્યાં જે વિદ્યાધરો પગપાળા થઇને યુદ્ધમાંથી નાશી ગયા હતા, તે પુનઃ યુદ્ધમાં દાખલ થયા, એટલે યુદ્ધમાં **શ્રુતશર્માનો** પક્ષ મોટો થયો. એ જોઇ **સૂર્યપ્રભે** તે જ વખતે **પ્રજ્ઞાઢ્ય** વિગેરે પોતાના મહારથી મિત્રોને અને **વિરસેન** તથા **શતાનીક** પ્રમુખ મહારથી રાજકુમારોને, **પ્રભાસ** વગેરે ત્રણ યોધાને મદદ કરવા માટે મોકલ્યા. તેઓ આકાશમાર્ગે **પ્રભાસની** પાસે ગયા. તેઓને માટે **સૂર્યપ્રભે** આકાશગામી **ભૂતાસન** વિમાનદ્વારા રથો મોકલી આપ્યા. જ્યારે તે સઘળા યોધાઓ ધનુષ ધારણ કરી રથમાં બેઠા ત્યારે **શ્રુતશર્માના** પણ જે વિદ્યાધરો આવ્યા ન હતા તે વિદ્યાધરો પણ ત્યાં આવ્યા. પછી એક પક્ષે વિદ્યાધર રાજાઓ ને બીજે પક્ષે **પ્રભાસ** અને તેના સાથીઓ વચ્ચે તુમુલ સંગ્રામ શરુ થયું. તેમાં હજારો લડવૈયા કપાઇ મૂવા. પછી ત્યાં બન્ને પક્ષમાં દ્વંદ્વ યુદ્ધ ચાલવા માંડયું. તેમાં મનુષ્યો, વિદ્યાધરો અને અસુરોનો ઘાણ વળી ગયો. **વીરસેને** **ધૂમ્રલોચન** તથા તેની સેનાનો નાશ કરી નાંખ્યો; **હરિશર્માએ** **વીરસેન** ગંધર્વના રથના પણ કટકે કટકા કરી તેને રથ વગરનો પાળો કરી મૂક્યો; અને પછી મારી નાંખ્યો. **અભિમન્યુએ** **હિરણ્યાક્ષ** નામના વીર ગંધર્વને મારી નાંખ્યો; તથા **સુનેત્રે** **અભિમન્યુ** તથા **હરિભટને** મારી નાંખ્યા. પછી **પ્રભાસે** **સુનેત્રનું** મસ્તક કાપીને મારી નાંખ્યો. **જ્વાલામાલિ** તથા **મહાયુ**,



આ બન્ને જણા પરસ્પર લઢીને મરણ પામ્યા. દાંતવતી પ્રહાર કરનારા **ખુંભીરક** અને **નીરસકનાં** અસ્ત્ર ખપી રહ્યાં ત્યારે દાંતે લડીને તથા પરસ્પર લડતાં હાથ કપાઈ જવાથી ઠુંઠો થયેલો **સુશર્મા**, જે મહા પરાક્રમી હતો, તે ત્રણને, તથા **શત્રુભટ**, **વ્યાઘ્રભટ** અને **સિંહભટ** આ ત્રણને, વિદ્યાધરના રાજા **પ્રવહણે** મારી નાંખ્યા. **સુરોહ** અને **વિરોહ** આ બન્ને જણાએ **પ્રવહણને** રામચરણમાં પહોંચાડી દીધો; અને તે બન્ને જણાને સ્મશાનમાં વસનારા **સહબળે**, યમરાજાના દરબારમાં મોકલી દીધા. રાજપુત્ર **શતાનીકે**, પ્રેતવાહન (મુડદા ઉપર બેસનાર) **સિંહબળ**, કપિલક, **ચિત્રાપીડ** અને વિદ્યાધરનો રાજા જગજ્વર, શૂરવીર **કાંતાપતિ**, મહાપરાક્રમી **સુવર્ણ**, વિદ્યાધરના રાજા કામઘન અને **ક્રોધપતિ**, **બળદેવ** અને રાજા **વિચિત્રાપીડ** એ રીતે દશ બળીઆને મારી નાંખ્યા. જ્યારે આ દશ શૂરા મરી ગયા અને **શ્રુતશર્માએ** વિદ્યાધરનો નાશ થઈ ગયો આમ જોયું. તે પોતે ગુસ્સો કરીને **શતાનીક** તરફ દોડયો. આ બન્ને જણાનું દારુણ યુદ્ધ ચાલવા માંડયું અને દેવતાઓ તે બન્નેનું યુદ્ધ જોઈ આશ્ચર્ય પામ્યા. તે યુદ્ધ ઠેઠ સાયંકાળ સૂધી પહોંચ્યું હતું.

સાયંકાળનો સમય થયો, એટલે હજારો મુડદાંનાં ધડો ચારે તરફથી ઉભાં થયાં અને સાયંકાળનો નૃત્યોત્સવ કરવા માટે ભૂતોનો આશ્રય કરી નૃત્ય કરવા લાગ્યાં અને ચિચિયારી પાડવા લાગ્યાં.

સાયંકાળ થયા પછી વિદ્યાધરો ઘણી સેના અને ઘણા કુટુંબીઓનાં મરણ થવાથી ઉદાસીન થઈ પોતાની છાવણીમાં ગયા; તેમ જ કુટુંબીઓના મરણથી ખેદાતુર થયેલા દાનવો મહામુશ્કેલીથી વિજય મેળવી પોતાની છાવણી તરફ ફર્યા. આ પ્રમાણે બન્ને સેના પોતાનું યુદ્ધ બંધ કરીને પોતાની છાવણીમાં ગઈ, અને વિશ્રામ કરવા લાગી. તે જ વખતે મહારથીઓના અધિપતિ **મહાયાન** અને **સુમાય** નામના વિદ્યાધરો તથા તેની સાથે ત્રીજો **સિંહબળ**, આ ત્રણે જણા **શ્રુતશર્માના** પક્ષનો અનાદર કરી **સૂર્યપ્રભની** પાસે આવ્યા. **સુમેરુએ**, **સૂર્યપ્રભ** સાથે તે બન્ને વિદ્યાધરોનો મિલાપ કરાવ્યો. પછી તે વિદ્યાધરો બોલ્યા–"મહારાજ! અમે બન્ને **મહાયાન** અને **સુમાય** નામના વિદ્યાધર છીએ અને આ ત્રીજા વિદ્યાધરનું નામ **સિંહબળ** છે. અમો મહાશ્મશાનના અધિપતિપણાંથી પ્રસિદ્ધ છીએ અને બીજા વિદ્યાધરના રાજાઓ અમારું અપમાન કરી શકતા નથી. અમે ત્રણે જણા એક વખતે સ્મશાનની અંદર આનંદમાં બેઠા હતા–એવામાં **શરભાનના** નામની દિવ્ય પ્રતાપવાળી અને હંમેશાં આનંદમાં રહેનારી યોગિની અમારી પાસે આવી. આ યોગિની સાધારણ નહતી, પણ ઉત્તમ હતી. અમે તે યોગિનીને પ્રણામ કરી નીચે પ્રમાણે પૂછ્યું, "માતાજી! તમે હમણાં ક્યાં હતાં ? અને જ્યાં હતાં ત્યાં તમે નવીન શું દીઠું ? તે કહી બતાવો." એટલે માતાજી યોગિની બોલ્યાં.

## શરભાનના યોગિનીના પરાક્રમની કથા.

હું મારી યોગિનીઓને સાથે લઈ મારા પ્રાણપતિ **મહાકાળનાથનાં** દર્શન કરવા માટે ગઇ હતી. હું તેની પાસે બેઠી હતી, એવામાં મારી સમક્ષ એક વેતાલપતિ, **મહાકાળેશ્વરની** પાસે આવી વિનતિ કરવા લાગ્યો–"મહારાજ! કૃપાદૃષ્ટિ કરો. અમારી સેનાના મુખ્ય સેનાપતિ **આગ્નકને**

વિદ્યાધરોએ મારી નાંખ્યો છે. તેની લાવણ્યમયી પુત્રીનું તેજઃપ્રભે એકદમ હરણુ કર્યું છે, પરંતુ મહારાજ! સિદ્ધોએ કહ્યું છે કે તે પુત્રી વિદ્યાધરના ચક્રવર્તીની સ્ત્રી થવાની છે. માટે મહારાજ, તેજઃપ્રભ તે કન્યાને દુરાગ્રહથી દૂર લઈ જાય નહીં, તેટલામાં તે કન્યાને તેની પાસેથી છોડાવીને અમારા ઉપર અનુગ્રહ કરો.” ઉપર પ્રમાણે વેતાલપતિનાં આર્ત્ત વચન સાંભળી, મહાકાળેશ્વરે અમને આજ્ઞા કરી કે “જાઓ, ઉઠો, તે કન્યાને તેના હાથમાંથી છોડવો. એટલે હું તેની પાસે જઈ પહોંચી અને તરત આકાશમાર્ગે તે કન્યાને જઈ મળી. એટલે તેજઃપ્રભ બોલ્યોઃ “હું શ્રુતશર્માં ચક્રવર્તી માટે આ કન્યાને લઈ જાઉં છું. મેં તેને મારી માયાની શક્તિથી આગળ જતાં અટકાવ્યો અને તેની પાસેથી કન્યા લઇને મારા સ્વામીને અર્પણ કરી, અને શંકરે તે કન્યા પોતાના સેવકને સોંપી દીધી. આ નવી બાબત ઇચ્છા પ્રમાણે મારા જોવામાં આવી છે. હું ત્યારપછી કેટલાએક દિવસ ત્યાં રહી મહાકાળનાથની પ્રણામપૂર્વક રજા માંગીને અહીં આવી છું.

શરભાનના યોગિનીએ આ પ્રમાણે વાર્ત્તા કહી બતાવ્યા પછી અમે તેને નીચે પ્રમાણે પ્રશ્ન કર્યું: ‘માતાજી! તમે સર્વ જાણો છો માટે બોલો,’ “વિદ્યાધરનો ચક્રવર્તી રાજા કોણુ થશે?” એટલે તે બોલીઃ “સૂર્યપ્રભ જ તો.” એટલે અમે બન્ને જણાએ અને આ સિંહબળે કહ્યું : “તમારી વાત ખોટી છે. કારણ કે શ્રુતશર્માંની તરફેણમાં ઇંદ્ર વગેરે દેવતાઓ બદ્ધકટી થઈ રહ્યા છે, તે તમને ખબર નથી?” તે સાંભળી યોગિની બોલીઃ “તમને બન્નેને ખાતરી આવતી ન હોય તો સાંભળો, હું કહું છું કે, હવે થોડા વખતમાં શ્રુતશર્માંને અને સૂર્યપ્રભને યુદ્ધ થશે; તેમાં મનુષ્યના હાથથી તમારી નજર આગળ આ સિંહબળ ઘાયલ થશે. જો એ વાત સત્ય ઠરે તો પછી માનજો કે મારું વચન સત્ય છે,” આટલું બોલી યોગિની ચાલી ગઈ અને તેના કહેલા દિવસો પણુ ચાલ્યા ગયા. આજ મનુષ્યે સિંહબળને ઘાયલ કીધો તે અમે પ્રત્યક્ષ દીઠું. તે ઉપરથી અમને ખરી ખાતરી થઇ છે, અને અમે આપને જ સર્વ વિદ્યાધરના અધિપતિ માની, આપનાં ચરણકમળમાં શરણુ આવ્યા છીએ, અને તમારી આજ્ઞા ઉઠાવવાને તૈયાર છીએ.

સૂર્યપ્રભે ઉપર પ્રમાણે કહેનારા વિદ્યાધરોનાં વચનોને સત્ય માની, મયાસુર અને બીજા સાથે વિચાર કરી, તેઓને યથોચિત સન્માન આપ્યું; અને મહાયાન તથા સુમાય તેના આદરથી ઘણા રાજી થયા. આ વાર્તા શ્રુતશર્માંના સાંભળવામાં આવી, એટલે તેના મનમાં અત્યંત સંતાપ થવા લાગ્યો—તેનું કાળજું કંપવા લાગ્યું. એટલે તેનું હિત કરનારા ઇંદ્ર રાજાએ તેની સાથે સ્નેહ હોવાથી દૂત તરીકે વિશ્વાવસુને તેની પાસે મોકલીને સંદેશો કહેવરાવ્યો કે, “તારે ગભરાવું નહીં, ધીરજ રાખીને આનંદમાં રહે. હું કાલે સવારે સઘળા દેવતાઓની સાથે આવી રણુસંગ્રામના મોખરામાં તને સહાય કરીશ.” આવો સંદેશે મોકલાવી શ્રુતશર્માંને ધીરજ આપી.

આ પક્ષે જે સૂર્યપ્રભ, યુદ્ધના મોખરામાં શત્રુની સેનાનો નાશ જોઇ ઘણો રાજી થયો હતો, જેણે ઘણા શત્રુઓને કતલ કરી નંખાવ્યા હતા, તે સૂર્યપ્રભ ફરીને રાત્રિએ પણુ પોતાની પ્યારીઓનો ત્યાગ કરી, કાર્યભારીઓની સાથે પોતાના નિવાસ મંદિરમાં ગયો.



## તરંગ ૬ ઠો.

### ગુણુશર્માની કથા.

રાત્રિ બરાબર થયા પછી સૂર્યપ્રભ રાણી વગર, પોતાની શય્યા ઉપર પડયો હતો. આ સમયે પણુ તેનું મન રણુસંગ્રામ માટે આતુર હતું. તેણે પોતાના મંત્રી વીતભીતિને કહ્યું, “ ભાઈ, આજે મને કેમે કરી નિદ્રા આવતી નથી, તેથી કોઈ પરાક્રમ બતાવનારી અપૂર્વ વાર્તા કહી બતાવો તો ઠીક, કે જેથી આનંદ થાય.” વીતભીતિ, સૂર્યપ્રભનું આવું વચન સાંભળી બોલ્યોઃ “ મહારાજાધિરાજ! જેવી આપની આજ્ઞા.” આમ કહી નીચે પ્રમાણે વાર્તા કહેવા લાગ્યોઃ

આ દુનિયાના ભૂષણુરૂપ ઉજ્જયિની નામની એક નગરી છે. તેમાં નિર્મળ ગુણુથી શોભીતાં સઘળી જાતનાં રત્નોનું જડિત કામ કરવામાં આવ્યું હતું. આ નગરીમાં મહાસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ગણુવાન્ ઉપર પ્રેમ રાખતો હતો; કળા માત્રમાં પાવરધો હતો અને સૂર્ય અને ચંદ્રમાના જેવો કાંતિમાન્ હતો. તેને અશોકવતી નામની એક રાણી હતી. આ રાણી તેને પ્રાણુ સરખી પ્યારી હતી. આ રાણીનું લાવણ્ય એવું હતું કે, તેના જેવી ત્રણુ ભુવનમાં કોઇપણુ સ્ત્રી નહતી. રાજા તે રાણીની સાથે હંમેશાં રંગવિલાસ કરતો અને રાજ્યકાર્યભાર ચલાવતો. આ નગરમાં ગુણુશર્માં નામનો એક રાજાનો માનીતો બ્રાહ્મણુ વસતો હતો. તે શૂરવીર અને કામદેવ જેવો કાંતિવાળો હતો. તે વેદવિદ્યા પરિપૂર્ણ ભણ્યો હતો, તેમ કળામાં, અસ્ત્ર તથા શસ્ત્ર વિદ્યામાં પણુ પ્રવીણુ હતો. તે અવસ્થામાં તરુણુ હતો અને હંમેશાં રાજાની દઢ નિષ્ઠાથી ચાકરી કર્યા કરતો હતો.

એક દિવસે રાજા, રાણી અને ગુણુશર્માં આનંદભવનમાં બેઠાં હતાં. ત્યાં નૃત્યની વાર્તા નિકળતાં રાજા અને રાણી, પાસે બેઠેલા ગુણુશર્માંને કહેવા લાગ્યાં; “ગુણુશર્માં! તું સર્વ કળામાં કુશળ છે એમાં તો કંઈ શંકા જેવું નથી. અમારે આજ હીંચકા ખાવાની ઇચ્છા હતી, પણુ અહીં હીંદોળો નથી,* પણુ તું જો નાચ કરી જાણુતો હોય તો આજ કૃપા કરીને અમને નાચ કરી બતાવ કે અમારો આત્મા ખુશ થાય.” તે સાંભળી ગુણુશર્માંના મુખ ઉપર મંદ હાસ્ય છવાઈ રહ્યું, અને તે બોલ્યો “ હું નાચવું જાણું છું, પરંતુ નૃત્ય એ એવું છે કે રાજસભામાં તે કરવું ઘટિત કહેવાય નહીં. મૂર્ખાઈ ભર્યું નૃત્ય તે ઘણું હલકું અને હાસ્યપાત્ર છે, ને શાસ્ત્રમાં સામાન્ય રીતે તેની નિંદા કરી છે. તેમાં પણુ રાજા અને રાણીની આગળ નાચવું, અરેરે! શરમ! ધિઃકાર એવા નાચનારને.” ગુણુશર્માંએ આ પ્રમાણે કહી નાચવાની ના પાડી; તોપણુ રાજાએ, રાણીની પ્રેરણાથી ઘણી આતુરતાથી કહ્યુંઃ “મિત્ર, આ નાચવું કઈ રંગમંડપનું નાચવું નથી, કે જેથી કોઇને પણુ શરમ પમાડે. આ તો મિત્રની સભા છે અને તે પોતાની ચતુરાઇ બતાવવા માટે ભેળી મળી છે

*અંગ્રેજીમાં હિંચકાની વાર્તા નથી.

એમ જાણજે. આ વખતે હું તારો રાજા નથી, પરંતુ તું મારો મિત્ર છે, અને સ્વતંત્ર છે. માટે કહું છું કે હું જ્યાં સૂધી તારું નૃત્ય જોઇશ નહીં ત્યાં સૂધી અન્ન પાણી લઇશ નહીં. મિત્ર સમક્ષ કળા કૌશલ્ય દર્શાવવું તેમાં લજ્જા શી છે? નૃત્ય ગમે તેટલું અધમ હોય તોપણ એકાંત ભવનમાં તેનો પ્રયોગ હાસ્યપાત્ર કેમ થાય? માટે મિત્ર, જો તું મને રંજન કરવા ધારતો હોય તો, એક મિત્ર તરીકે નૃત્ય કર." આ પ્રમાણે રાજાએ જ્યારે હઠ પકડી ત્યારે તે બ્રાહ્મણે નાચવું કબૂલ કર્યું. કારણ કે આગ્રહી રાજાનું વચન સેવકો કેમ ઉલ્લંઘન કરી શકે? પછી ગુણશર્માએ પગે ઘુઘરા બાંધી થેઈ થેઈકારનો ઠમકો કરી, નૃત્યના સાજો અંગપર ધરી સર્વ પ્રકારના હાવભાવથી એવું તો કળાકુશળ નૃત્ય કીધું કે રાજા રાણીનાં અંતર પણ આનંદથી તે જ પ્રમાણે નૃત્ય કરવા લાગ્યાં. નાચ કરી રહ્યા પછી રાજાએ એક વીણા વગાડવા માટે આપી કે, તરત ગુણશર્માએ વીણાના સુરની મીલાવટ કરવા માંડી. થોડાક તારપર હાથ ફેરવ્યા પછી રાજાને તેણે કહ્યું: "મહારાજ! આ વીણા સારી નથી, માટે મને બીજી વીણા આપો. વીણાના ઝણકારનાં લક્ષણોપરથી મને જણાય છે કે, આ વીણાની અંદર કુતરાનો વાળ છે." આટલું કહી ગુણશર્માએ ખોળામાંથી વીણાને જમીન ઉપર મૂકી દીધી. રાજાએ તે વીણા ઉપર પાણી રેડીને ભીંજવી, અને તેના ઉપરથી ચામડું ઉખેડી નાંખ્યું તો તેની અંદરથી કુતરાનો વાળ નિકળ્યો. તે જોઈ રાજા તેની સર્વજ્ઞતા ઉપર ઘણો વિસ્મય પામ્યો અને ઘણી પ્રશંસા કરવા લાગ્યો. પછી મહાસેન રાજાએ, બીજી વીણા મંગાવી. તે વીણા આવી એટલે ગુણશર્માએ, સુંદર પ્રવાહવાળી, પોતાના ખળખળાટથી મનુષ્યના કાનને પવિત્ર કરનારી, *ત્રણ માર્ગમાં જનારી ગંગાની પેઠે, ત્રણ ગ્રામમાં વિસ્તાર પામેલી વીણા વગાડી. તેના સપ્તસ્વરથી સર્વના કાનને પવિત્ર પવિત્ર કરી મૂકયા; અને રાજા તથા રાણીને ચિત્રની પેઠે સ્થિર કરી દીધાં. ત્યાર પછી ગુણશર્માએ ક્રમે ક્રમે નૃત્યની સાથે શસ્ત્ર તથા અસ્ત્ર વિદ્યાના ચમત્કારો પણ બતાવ્યા. પછી રાજા બોલ્યો: "તું જો લડવામાં કળાકુશળ હોય તો, મને બતાવ કે શત્રુને તારી પાસે શસ્ત્ર ન છતાં કેમ બાંધી શકાય? બ્રાહ્મણે તે પ્રમાણે કરી બતાવવા માટે ઉત્તરમાં જણાવ્યું–"મહારાજાધિરાજ! આપ હથિયારો લઇ ક્રમવાર મારા ઉપર મારો એટલે હું હમણાં આપને મારી કળાકુશળતા બતાવીશ." પછી રાજા, ગુણશર્મા ઉપર શસ્ત્ર પ્રહાર કરવા લાગ્યો. રાજા જે જે આયુધોનો પ્રહાર કરતો હતો તે સઘળાં હથિયારો ગુણશર્મા વારંવાર તેના હાથમાંથી છીનવી લેતો, પણ તેના શરીરમાં જરા પણ ઘા વાગતો નહીં. ત્યાર પછી રાજાએ આનંદ સહિત યુદ્ધ બંધ કર્યું, ને તે દિવસથી બ્રાહ્મણવર ગુણશર્માને રાજ્યના એક સહાયકર્તા તરીકે માન્યો; અને તેની ઘણી શ્લાઘા કરી તેને સર્વ કરતાં વધારે માન આપવા માંડ્યું.

હવે મહાસેન રાજાની અશોકવતી રાણી, બ્રાહ્મણનું રૂપ ગુણ ને દક્ષતા નિરખી તેના ઉપર મોહિત થઇ પડી. તે રાણીએ મન સાથે વિચાર કર્યો કે, "જો એ ગુણવાન્ પુરુષ સાથે મારે સમાગમ ન થયો તો મારું જીવતર શા કામનું? તેના કરતાં મરવું ઘણું સારું." આવો મનમાં

* અત્રે શ્લેષ છે. ગંગા ત્રણ લોકને પવિત્ર કરે છે, તેમજ સંગિત ત્રણ પ્રકારે આનંદ આપે છે. તેના ત્રણ ભેદ છે: તારા, ઉદરા ને મદરા. તેથી ત્રણ માર્ગમાં શ્લેષ સમાયો છે.



વિચાર થતાં રાણીએ યુક્તિથી રાજાને કહ્યું, "આર્યપુત્ર! આજ મેં ગુણશર્માની વીણા વગાડવામાં ચાલાકી દીઠી છે; તેથી વીણા વગાડવાપર મને પ્રાણ કરતાં પણ વધારે–મુખથી કહ્યો ન જાય તેવો પ્રેમ ઉપજ્યો છે. તો આપ મારા ઉપર કૃપા કરી ગુણશર્માને આજ્ઞા 'કરો, એટલે તે મને તેના જેવી વીણા વગાડતાં શીખવે.' તે સાંભળી રાજાએ ગુણશર્માને કહ્યું, "ગુણશર્મા! તું કોઇ પણ પ્રકારે તારા જેવી જ રીતે રાણીને વીણા વગાડતાં શીખવ." ગુણશર્મા બોલ્યો: "જેમ તમે હુકમ ફરમાવશો તેમ અમે કરીશું, પણ રાજન્! શુભ દિવસે તે કામનો આરંભ કરીશું." આટલું કહી ગુણશર્મા મહાસેનની રજા માંગી પોતાને ઘેર ગયો. પણ તેણે રાણીને કેટલાક દિવસ સૂધી વીણા શીખવવાનું મોકુફ રાખ્યું, કેમકે જ્યારે તેણે રાણી તરફ જોયું હતું ત્યારે તેના મુખપર કામોત્પાદક ફેરફાર જણાયો હતો, ને તેથી તે ભયની શંકા કરતો હતો.

એક દિવસે એવું બન્યું કે, રાજા ભોજન કરતો હતો ત્યારે તેની પાસે જઇને તે બેઠો. એક વેળાએ એક રસોઇઓ શાક ભજીઆં લઇને આવ્યો, તેમાં તિકુડાં હતાં, તે રાજાને પીરસવા લાગ્યો. તે જોઇ ગુણશર્માએ, "હં! હં! ખબરદાર પિરસ્યાં તો!" આમ કહીને રસોઇઆને વાર્યો. ચકિત થએલા રાજાએ પૂછ્યું કે, 'કાં, કેમ નાપાડે છે?" તે સાંભળી સર્વજ્ઞ ગુણશર્મા બોલ્યો: "આ તિકુડાંમાં ઝેર છે, એ મેં તેનાં લક્ષણો ઉપરથી જાણ્યું છે. જ્યારે આ રસોઇઓ તમને તિકુડાં, ભજીઆં, ફુલવડાં તથા કઢી વગેરે મૂકવા આવ્યો હતો ત્યારે તેણે મારા મુખ તરફ જોયું ને પછી ભયથી ધ્રુજ્યો. જોતી વખતે તેનાં નેત્ર ચકળવકળ જણાતાં હતાં. માટે હું કહું છું કે, તેમાં ઝેર છે. જો તેની ખાત્રી કરવી હોય તો આ તિકુડાં હર કોઇને ખાવા આપો, એટલે પ્રત્યક્ષ જણાશે. ખાનારનું ઝેર હું ઉતારી શકીશ." તે સાંભળી રાજાએ તે જ રસોઇઆને તે તિકુડાં ખવરાવ્યાં, એટલે તે રસોઇઓ તે ખાધા પછી મૂર્છા ખાઇને પડ્યો. પછી ગુણશર્માએ મંત્ર ભણીને તેનું ઝેર ઉતારી તેને સજીવન કર્યો. રાજાએ તેને ઝેર નાખવા વિષેની ખરી બાબત પૂછી, એટલે રસોઇઓ કહેવા લાગ્યો, "મહારાજ! આપના વેરી ગૌડદેશના રાજા વિક્રમશકિતએ તમને ઝેર ખવરાવવા માટે મને અહીં મોકલ્યો છે. હું આ ગામમાં આવ્યો, અને પરદેશી તરીકે આપ પાસે જાહેર થઈ આ રસોડામાં દાખલ થયો છું. હું રસોઇના કામમાં ઘણો જ પાવરધો છું. મેં આજ આ તિકુડાં બનાવ્યાં કે જેમાં ઝેર ભરેલું હતું. આપને તે પિરસવા આવ્યો તેવામાં આ બુદ્ધિમાને મારી તરત પરીક્ષા કરી લીધી. હવે પછી આપ જે કરો તે ખરું.' આ પ્રમાણે રસોઇએ ખુલાસો કર્યા પછી રસોઇઆને શિક્ષા કરી, અને પ્રાણદાન દેનારા ગુણશર્માને ખુશી થઇને હજાર ગામ બક્ષીસ આપ્યાં.

બીજે દિવસે રાજાએ રાણીની વારંવારની પ્રેરણાથી ગુણશર્માને ઘણી મહેનતે સમજાવી, રાણીને વીણા શીખવવાનો આરંભ કરાવ્યો. ગુણશર્મા રાણીને હંમેશાં વીણા વગાડતાં શીખવવા જતો; ત્યારે અશોકવતી રાણી તેની સાથે લલિતાભિનય હાસ્યજનક મજાક ઠઠ્ઠા કરતી હતી. આમ ઘણા દિવસ વીતી ગયા, ને રાણી અશોકવતીએ ગુણશર્માને લલચાવવાને હાવભાવથી ઘણા ઘણા પ્રયત્નો કર્યાં, પણ તે સમજ્યો નહીં. પછી એક દિવસે રાણી અને ગુણશર્મા બન્ને એકાંતમાં બેઠાં

હતાં, તે વખતે તે અત્યંત કામાતુર થઈ ગઈ અને પવિત્ર ગુણશર્માને નખોના પ્રહાર કરવા લાગી. ધીરધારી ગુણશર્માએ તેને તેમ કરવાની ના પાડી, એટલે રાણી બોલી: "અયે મદનમૂર્ત્તિ! આ વીણા શીખવાનું તો માત્ર નિમિત્ત છે. તેની મેં માંગણી કરી તેનું કારણ એ જ કે, આપણે એકાંતમાં મળી શકીએ. મને તારા ઉપર અત્યંત પ્રેમ લાગ્યો છે, માટે તું મારી સાથે રંગભોગ રમ." આ રાણીને આમ બોલતી સાંભળી ગુણશર્મા બોલ્યો: "તમારે એવું બોલવું નહીં જોઇએ, કારણ કે તમે મારા રાજાની રાણી છો. મારા જેવો માણસ શું કૃતઘ્ની બની રાજાનો દ્રોહ કરશે? કદી નહીં. માટે તમે આવાં સાહસ કર્મ કરો ના, પણ પવિત્ર કર્મમાં પ્રેમ કરો." ગુણશર્માનું આવું બોલવું સાંભળી, રાણી બોલી: "હું તારી પ્રાર્થના કરું છું, છતાં પણ તું નીરસ બનીને મારો અનાદર શા માટે કરે છે? તારી કળા, ચાતુરી અને આવું અનુપમ રૂપ શું વ્યર્થ કરવાનું છે?" તે સાંભળી ગુણશર્મા પોતાના તરફ જોઈ નિંદા ભર્યું બોલ્યો: "તમે ખરી વાત કહી. તે કળા ને ચાતુરી શા કામનાં કે જે પરસ્ત્રીને ફુસલાવીને પોતાનો યશ મલીન કરે છે, આવું અનુપમ રૂપ શા કામનું કે જે સૌંદય ઇહલોક ને પરલોક બંનોમાં નર્કના ગારામાં નંખાવે છે?" ગુણશર્માનું આવું બોલવું સાંભળી તે રાણી કોપાયમાન થયાનું ડોળ ઘાલી બોલી: "તું જો મારું કહેવું કબૂલ રાખીશ નહીં તો મારું મરણ અવસ્ય થશે; અને હું પ્રથમ તને મારીશ અને ત્યાર પછી અપમાન પામેલી હું પોતે મરીશ." એટલે ગુણશર્મા બોલ્યો: "ભલે તેમ થાઓ. કારણ કે ધર્માચરણ કરતાં મરણ થાય તે સારું ગણાય, પણ અધર્મ કરતાં ક્રોડ કલ્પપર્યંત જીવવું તે હું સારું ગણતો નથી. તેથી કંઇપણ કલંક વગર મરવું તે ઠીક છે, પણ કંઈ કલંકમય થઈ, મારા નામને કાલપ લગાડી, રાજધારાના દોષને અધીન થઈ મરવું તે ઘણું ધિક્કારવા જોગ સમજું છું."

ગુણશર્માનો દૃઢ વિચાર જાણ્યા છતાં પણ રાણી ફરીને બોલી ઉઠી: "તું તારો પોતાનો અને મારો દ્રોહ કર મા. મારું કહેવું કબૂલ કર. તને હું આ વિષયમાં એક વાત કહુ છું તે સાંભળ. રાજાને હું જે વચન કહું તે વચન ઘણું મુશ્કેલ હોય તોપણ તેને તે માન્ય છે. મારા દરેક શબ્દને તે માન આપવા તત્પર છે. માટે હું રાજાને વિનતિ કરી તને ઘણા દેશો અપાવીશ; અને સઘળા સામંતોને તારા નોકર બનાવીશ. તે સર્વ વસ્તુ મળવાથી તું એક ગુણશાળી રાજા બનશે. જ્યારે તારા તાબામાં એ રીતે સઘળો અમલ આવશે ત્યારે તને કોનો ડર છે? તારો પરાભવ કોણ કરશે? માટે મારું કહ્યું માન ને નિઃશંકતાથી મારી સાથે રંગભોગ રમ. જો તેમ કરીશ તો જ ઉપર કહેલું સઘળું બનશે; પણ તેમ કરીશ નહીં તો તારે જીવવું પણ મુશ્કેલ છે." આ પ્રમાણે અશોકવતી રાણી બોલી, તે ઉપરથી ગુણશર્માએ જાણ્યું કે રાણીનું આ બોલવું હઠપૂર્વક છે તે સત્ય કર્યા વગર રહેશે નહીં. તેથી વિચાર કરી, અણી ચૂક્યો સો વરસ જીવે તેમ વખત કાઢી નાંખવા માટે ગુણશર્માએ રાણીને યુક્તિ પુરસ્સર કહ્યું: "પ્રિયે! જો તારો અત્યંત આગ્રહ છે તો હું તારું વચન કેમ ઉલ્લંઘન કરી શકીશ. પરંતુ ગુપ્ત વાર્તા તુરત બાહેર પડી જાય એવા ભયથી એકદમ એ કામ કરવું ઘટિત કહેવાય નહીં. તું થોડા દિવસ ધીરજ ધર, લાગ ફાવે આપણે ચમનદારી કરીશું. રંગભોગની મઝા તમારા સંગે રમવામાં જે સુખ પડશે તે શું આ ત્રણ લોકમાં પણ પડનાર છે કે? અરે શિવ શિવ



કરો! પ્રિયે! મધુરાક્ષી! મારા પર કોપ મા કર. હું તને પુરતાં લાડ લડાવીશ. હું તારી સાથે વિરોધ કરી મારું ભુંડું કરું તેમાં મને શો લાભ?" આ પ્રમાણે તે રાણીને ખોટી ખોટી આશા આપી, ઉપરથી તેનું વચન માન્ય કરી, ઉત્સાહી હૃદયે તેના મહેલમાંથી ગુણશર્મા તુરત બહાર નિકળી પડ્યો.

આ વાત બન્યાને ઘણા દિવસ ગયા પછી મહાસેન રાજાએ કોટ્ટ શહેરમાં રહેલા સોમેશ્વર રાજા ઉપર ઘેરો ઘાલ્યો. આ વાર્તા ગૌડ દેશના રાજા વિક્રમશક્તિના જાણવામાં આવી એટલે તેણે આવીને મહાસેન રાજા ઉપર ઘેરો ઘાલ્યો. આ પ્રમાણે મહાસેન, બન્ને શત્રુની સેનાના મધ્યમાં ફસાઈ પડ્યો. પછી તેણે પોતાની સાથે આવેલા ગુણશર્માની સલાહ પૂછી કે; "આપણે શત્રુને ઘેરીને ઉભા છીએ, એવામાં બીજા શત્રુએ આપણને ઘેરી લીધા છે; અને બન્ને સેનાને એકિ વેળાએ આપણે પુરા પડી શકીએ તેમ નથી; માટે બન્ને સાથે કેમ લડી શકીશું? અને આપણા વીરલ યોધાઓ કયાં સુધી લડ્યા વગર પડી રહેશે? આ સંકટમાં આપણે શું કરવું તે તું કહે." પાસે ઉભેલા ગુણશર્માને જ્યારે રાજાએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે તે બોલ્યો: "મહારાજ, આપ ધીરજ રાખો! હું તેનો ઉપાય કરૂં છું. એ ઉપાયથી આપણે આ સંકટમાંથી અને આ કાર્યમાંથી સહજમાં પાર ઉતરીશું; પછી તે ગમે તેવું અઘરું છે, તોપણ શું થયું?" આ પ્રમાણે રાજાને ધીરજ આપી, તે બ્રાહ્મણ પોતાને શિબિરે ગયો. રાત્રિ થઈ એટલે ગુણશર્માએ પોતાનાં બન્ને નેત્રમાં એક જાતનું અંજન આંજ્યું. આ અંજનમાં ચમત્કાર એ હતો કે જે માણસ તે અંજન આંજે, તેને બીજો માણસ દેખે નહીં. આ પ્રમાણે અંજનના પ્રતાપથી અદૃશ્ય રહીને તે વિક્રમશક્તિની છાવણીમાં ગયો, અને ત્યાં રાજાની પાસે જઈ, તેને નિદ્રામાંથી જગાડીને કહ્યું; "રાજા, જાગૃત થા. હું પ્રભુપાર્ષદ તારી પાસે આવ્યો છું, અને તને જણાવું છું કે તું મહાસેન રાજાની સાથે સલાહ કરી, સત્વર અહીંથી ચાલ્યો જા! તું જો સલાહ કરવાની ઇચ્છા રાખતો ન હોય તો તારી સેનાનો અને તારો અવસ્ય નાશ થશે. તું તેની પાસે સંધિ કરવા માટે તારો દૂત મોકલીશ, તો તે તારું કહેવું કબૂલ કરશે. આ સર્વ કહેવા માટે ભગવાન્ વિષ્ણુએ મને તારી પાસે મોકલ્યો છે; કારણ કે તું તેનો ભક્ત છે અને તે ભક્તવત્સલ છે, માટે તે ભક્તોનું યોગક્ષેમ કર્યા કરે છે." જ્યારે આ પ્રમાણે દેવદૂત ઉર્ફે ગુણશર્માનાં વચન તે રાજાએ સાંભળ્યાં, ત્યારે તેણે વિચાર્યું: "બેશક, આ કહેવું સત્ય છે. એ દેવદૂત જ છે! જો તેમ ન હોય તો જે સ્થાનમાં કોઇનો પણ પ્રવેશ થઈ શકતો નથી, ત્યાં તે પુષ્કળ ચોકી પહેરા છતાં કેમ આવી શકે? વળી એનો આકાર પણ મનુષ્ય જેવો દૃશ્ય નથી, પણ દેવ જેવો જ છે." આ પ્રમાણે મનમાં વિચાર કરી, તે રાજા બોલ્યો: "હું ભાગ્યવંત છું કે દેવતા મને આ પ્રમાણે સંદેશો કહેવરાવે છે. હું દેવની આજ્ઞા પ્રમાણે વર્તીશ." આ પ્રમાણે બોલતા રાજાને, ગુણશર્મા, દેવતાનો વિશ્વાસ બેસારી પેલાં અંજનની મદદથી અદૃશ્ય રહી, ત્યાંથી પસાર થઈ ગયો, અને મહાસેન પાસે જઇને જે પ્રમાણે પોતે કાર્ય કર્યું હતું તે ઇત્થંભૂત કહી સમ્ભળાવ્યું. મહાસેન રાજા પ્રાણનો અને રાજ્યનો બચાવ કરનારા ગુણશર્માની કોટે વળગી પડ્યો. તે તેહેના પર ઘણો પ્રસન્ન થયો. બીજે દિવસે પ્રભાતમાં રાજા વિક્રમશક્તિએ એક દૂત મોકલી, મહાસેન સાથે સંધિ કરી, અને પોતાની સેના

સહિત પોતાનીરાજ્યધાનીમાં ચાલ્યો ગયો. પછી **મહાસેન** રાજા, ગુણશર્માનાં પરાક્રમથી **સોમેશ્વ**રનો પરાજય કરી, તેની પાસેથી હાથી, ઘોડા વગેરે ખંડણી લેઈ, પોતાની રાજધાની ઉજ્જયિનીમાં દાખલ થયો. એક દિવસે ઉજ્જયિનીની બહાર તે રાજા નદીમાં સ્નાન કરવા ગયો હતો ત્યાં ઝૂડના સપાટામાંથી ગુણશર્માએ એજ પ્રમાણે રાજાનું રક્ષણ કર્યું, અને બીજીવાર વનમાં સ... કરડવા માટે ધાયો ત્યારે પણ રાજાને તેણે બચાવ્યો હતો. આ પ્રમાણે ગુણશર્માએ રાજાની બહુવાર રક્ષા કરી હતી.

આમ કેટલાએક દિવસો વિત્યાબાદ, **મહાસેન** રાજા, ગુણશર્માની સહાયથી બળવાન થયો અને પોતાના વેરી **વિક્રમશક્તિ** ઉપર ચઢાઈ કરી. તે વાર્તા **વિક્રમશક્તિ**ના જાણવામાં આવી એટલે તે પણ યુદ્ધ કરવા માટે તેના આવતા **પહેલાં** જ શહેર બહાર નિકળી પડ્યો. ત્યાં બન્નેનું ઘણુંજ ભયંકર યુદ્ધ શરુ થયું. ક્રમવાર દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું, તેમાં તે બન્ને રાજાઓ પરસ્પર રથ વગરના બની ગયા. તેઓ એક બીજા ઉપર ક્રોધ કરી હાથમાં તરવાર લઈ સામસામાં દોડ્યા. **મહાસેન** રાજા ગાભરો બનવાથી, દોડતાં દોડતાં જમીન ઉપર પડી ગયો, એટલે તેના ઉપર **વિક્રમશક્તિ** તરવારનો પ્રહાર કરવા દોડ્યો. એવામાં ગુણશર્માએ, ચક્રવર્તી **વિક્રમશક્તિ**નો તરવારવાળો હાથ કાપી નાખ્યો; અને ફરી તેની છાતિમાં પરિઘ મારી તેને જમીન ઉપર નાંખી દીધો. **મહાસેન** રાજા જમીન ઉપરથી ઉઠીને જુવે છે તો **વિક્રમશક્તિ**ને મરેલો દીઠો, એટલે ઘણો રાજી થયો, અને વારંવાર કહેવા લાગ્યો: "હે બ્રાહ્મણ વીર! હું શું કહું? તેં મારા આ પ્રમાણે પાંચમી વાર પ્રાણ બચાવ્યા છે!!" પછી **મહાસેન** રાજાએ, ગુણશર્માએ મારેલા **વિક્રમશક્તિ**ની સેના અને દેશ પોતાને કબજે કરી લીધો. ગુણશર્માની સહાયતાથી તેણે બીજા રાજાઓને પણ વશ કરી, તેમનાં રાજ્યો પોતાના તાબામાં કરી, ઉજ્જયિનીમાં તે પુરતા ઠાઠમાઠ સાથે પાછો આવ્યો અને ત્યાર પછી સુખમાં રહેવા લાગ્યો.

રાણી અશોકવતી ગુણશર્માં ઉપર અત્યંત આશક બની ગઈ હતી. તે રાત્રિ દિવસ ગુણશર્માને, હઠપૂર્વક પ્રાર્થના કરતી બંધ પડી નહોતી. પરંતુ ગુણશર્માએ કોઈપણ રીતે તે નીચ કામ સ્વીકાર્યું નહીં. સત્પુરુષો મરવું માન્ય કરે છે, પણ નિંદા ભરેલું કામ કરતા નથી. વિનવવાથી કે પ્રેમ બતાવવાથી આ બ્રાહ્મણ કદી પણ સમજશે નહીં, એમ અશોકવતીના મનમાં ખાતરી થઈ, ત્યારે તે તેનાપર વેર ધરી બેઠી. એક દિવસે કૃત્રિમ ઉદાસી બતાવી, રડતું મુખ કરી પોતાના એકાંતભવનમાં તે બેઠી છે, એવામાં **મહાસેન** રાજા ત્યાં આવ્યો. તે જુવે છે તો રાણી ઉદાસીમાં રડતી હતી. તે બોલ્યો: "પ્યારિ! આ શું? તને કોઇએ કોપાવી છે? કહે, તને કોણે દુઃખ આપ્યું છે? જેણે તને દુભવી હશે, તેને હું દેહાંતદંડની શિક્ષા કરીશ." રાજાનું આવું બોલવું સાંભળી, તે રાણી, સ્ત્રીચરિત્ર દાખવતી, રડતાં રડતાં, મહાકઠાવતીએ બોલી: "મહારાજ! સ્વામિનાથ! મારું જેણે અપમાન કર્યું છે તેને શિક્ષા કરી શકાય તેવો તે માણસ નથી; માટે મિથ્યા તેનું નામ બહાર પાડવામાં શું ફળ છે?" રાણીનું આવું કપટયુક્ત બોલવું સાંભળી, રાજાએ આગ્રહથી પૂછ્યું; ત્યારે રાણી યુક્તિસહ બોલી: "આર્યપુત્ર! જો આપને તેનું નામ સાંભળવાનો આગ્રહ



જ છે તો હું કહું છું તે સાંભળો:–ગુણશર્મા, જે દ્રઢ રાજભક્ત હોવાનું ડોળ ઘાલે છે, તે બહુ ઢોંગી ને કપટી છે. **ગૌડ** દેશના રાજા પાસેથી ધન મેળવવા માટે તેની સાથે ઠરાવ કરી, કપટથી તમારો દ્રોહ કરવાની તે ઇચ્છા કરતો હતો. તે નીચ બ્રાહ્મણે પોતાના એક વિશ્વાસુ દૂતને રાજા પાસે પૈસા વગેરે લેવા માટે મોકલ્યો હતો. આ વાર્તા **ગૌડ** રાજાના એક વિશ્વાસુ રસોઈયાના જાણવામાં આવી એટલે તેણે રાજાને કહ્યું કે; 'હું તમારું કામ કરી આપીશ; તમે પૈસાનો શા માટે ખર્ચ કરો; છો.' આમ રાજાને ધૈર્ય આપી, ગુણશર્માના દૂતને કેદ કરાવ્યો ને **વિક્રમશક્તિ**(બીજા)એ તે રસોઈઆને, આપને ઝેર દેવા માટે અહીં મોકલ્યો છે! તે મુર્ખે, ગુણશર્માની ગુપ્ત વાર્તા જાહેર કરી નહીં, પણ ગુપ્ત રાખી; એટલામાં ગુણશર્માનો દૂત તેના કેદખાનામાંથી નાશીને તેની પાસે આવી પહોંચ્યો. તેણે સર્વ વાર્તા ગુણશર્માને કહી, **ગૌડ**રાજાના કૃત્યથી જાણીતો કર્યો. **ગૌડ**ના રાજાનો રસોઇઓ, આપણા રસોડામાં પેઠો હતો તે ગુણશર્માને બતાવ્યો. તે ઉપરથી એ નીચ અને ધૂર્ત બ્રાહ્મણે, ઝેર ખવરાવવા તૈયાર થયેલા રસોઈઆને બતાવી, તમારી પાસે તેને મરાવી નંખાવ્યો. છે. થોડા વખતપર તે રસોઈઆની મા, સ્ત્રી અને નાનો ભાઈ, તેના સમાચાર મેળવવા માટે અત્રે આવ્યાં હતાં, પણ બુદ્ધિશાળી ગુણશર્માને તે વાતની ખબર પડી એટલે તેણે તેની માતા અને સ્ત્રીને પણ મરાવી નાખ્યાં. દૈવયોગે એ વાત તેના નાના ભાઇના જાણવામાં આવી, એટલે તે શરણ મેળવવાની ઇચ્છાથી દોડીને મારા રંગમહેલમાં આવ્યો અને પોતાનું સર્વ વૃત્તાંત મને કહેવા લાગ્યો. એવામાં મારા મહેલમાં, **ગૌડ**રાજાના રસોઇઆનો ભાઈ, ગુણશર્માને જોઈ અને મારે મૂખેથી તેનું નામ સાંભળી, ભયભીત થઈ ગયો, અને તુરત મારી પાસેથી બહાર નિકળી, કોણ જાણે ક્યાં પલાયન કરી ગયો તેનો પત્તો જ નથી. ગુણશર્માં પોતાના ચાકરોએ પ્રથમ બતાવેલા તે માણસને જોઈ, કંઈ વિચારમાં પડ્યો હોય તેમ ઝટ વિલક્ષણ વૃત્તિનો બની ગયો. પછી મને તે વાત જાણવાની ઇચ્છા હોવાથી, મેં તેને એકાંતમાં બોલાવી પૂછ્યું: 'ગુણશર્માં! આજ તારું સ્વરૂપ કંઈ બદલાયું જણાય છે, તેનું શું કારણ?' એટલે તે ગુપ્ત વાર્તા જાહેર ન થાય એવી શંકાથી અને મને પોતાની સ્ત્રી બનાવવાની ઇચ્છાથી તે બોલ્યો: 'રાણીસાહેબા! હું તમારા પ્રેમાગ્નિમાં દગ્ધ બની ગયો છું, માટે તમે મારાપર પ્રસન્ન થઓ; તમારો દાસ મને બનાવો. તમે જો મારું કહેતું કરશો નહીં તો હું મરણ પામીશ. મારી માંગણી સ્વીકારી મને જીવિતદાન આપ.' આ પ્રમાણે એકાંત મહેલમાં મને પુસલાવવા તેણે મારા ચરણમાં પ્રણામ કર્યાં; એટલે હું તેને લાત મારી ગભરાટમાં ત્યાંથી ઉભી થઈ. તે પણ ઉભો થયો, અને બલાત્કારથી, મુજ અબળાને આલિંગન કરવા લાગ્યો. પણ તેજ વખતે મારી ચેટી **પલ્લવિકા** મારી પાસે આવી–તે જો ન આવી હોત તો, ઓ પ્રાણેશ! તમારી આ પવિત્ર દાસીના શા હાલ થાત તે હું કહી શકતી નથી. મારી ચેટીને જોતાંજ, ગુણશર્મા ભયથી બહાર નિકળીને નાશી ગયો. જો **પલ્લવિકા** મારા મહેલમાં આજ આવત નહીં, તો એ પાપી મારું શીયળવ્રત ખંડિત કરત. આજ આ પ્રમાણે વાત બની છે અને તેથી હું ઉદાસિન છું."

આ પ્રમાણે જુઠી—બનાવટી વાર્તા કહી, રાણી બોલતીબંધ પડી અને રડવા લાગી. ખોટું બોલવું અને રડવું એ સ્ત્રીઓનો સ્વભાવ જ છે અને તેમાં વળી દુષ્ટ સ્ત્રી, એટલે પૂછવું જ શું? રાજા

રાણીનું આવું વચન સાંભળી, તત્ક્ષણે ક્રોધાગ્નિમાં બળવા લાગ્યો. જે લોકો સ્ત્રીઓના વચન ઉપર વિશ્વાસ રાખે છે, તે મોટા માણસો હોય છે તોપણ તેમની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થાય છે. **મહાસેન** રાજાને પણ આ પ્રમાણે થયું. પછી તે પોતાની પ્રિય સ્ત્રીને કહેવા લાગ્યોઃ “અરે સુંદરિ! તું ગભરાય છે શા માટે? ધીરજ રાખ. તારો દ્રોહ કરનારાને હું ખરેખર પ્રાણાંત શિક્ષા કરીશ. પરંતુ તેને કોઈ કળાથી મારવો જોઈએ, જેથી આપણો અપયશ થાય નહીં; કારણ કે જગતમાં પ્રસિદ્ધ થયું છે કે તેણે મને પાંચ-વાર જીવિતદાન આપ્યું છે. તેણે તને બલાત્કારથી આલિંગન કર્યું છે, એ વાર્ત્તા લોકમાં પ્રસિદ્ધ કરવી ઠીક નહીં; કેમકે તેમ કરવાથી લોકો તને અપવાદિત કરશે ને કદાચ તારા ચરિત્રપર શંકા કરશે.” રાજાએ આ પ્રમાણે રાણીને કહ્યું એટલે તે રાણી બોલીઃ “જ્યારે મારી સાથે આલિંગન કરવાની વાત ગુપ્ત રાખવા ધારો છો, ત્યારે ગૌડ રાજાની સાથે મિત્રતા કરી, આપ સાથે ઇર્ષ્યા કરવાના ઉદ્યમની વાત પણ શા માટે કહેવી જોઇયે?” આવું બોલવું સાંભળી રાજા **મહાસેને** કહ્યુંઃ “એ પણ ઠીક કહ્યું!” આમ કહી, ગુણશર્માપર વેર લેવાનો વિચાર કરતો તે સ્ત્રીવશ રાજા, પોતાના વિલાસભોવનમાંથી દરબારભોવનમાં ગયો.

સભામાં કેટલાક રાજાઓ, રાજપુત્રો, સામંતો અને મંત્રિઓ–સઘળા, રાજાના દર્શન કરવા આવ્યા હતા. તેઓએ રાજાને પ્રણામ કર્યાં. પણ રાજાએ ક્રોધમાં કોઇને લેખવ્યા નહીં; પણ ગુણશર્માં છે કે નહીં તે માટે સભામાં ચોમેર દૃષ્ટિ કરી. તે ત્યાં હાજર નહોતો, પણ તે એ જ સમયે પોતાને ઘેરથી રાજાનાં દર્શન કરવા સભામંડપમાં આવવા નિકળ્યો હતો. માર્ગમાં આવતાં આવતાં તેને ઘણાં અપશકુનો થયાં. પ્રથમ તો તેની ડાબી બાજુ ઉપર કાગડો બેઠો હતો; કુતરો ડાબી બાજુ તરફથી જમણી બાજુપર ચાલ્યો ગયો, સર્પ જમણી તરફથી ડાબી બાજુ ઉપર ઉતર્યો ને ભુજા અને કાંધ ફરકવા લાગી. આ વખતે ગુણશર્માના મનમાં આવ્યું કે, “મને આ અપશકુનો અવશ્ય અશુભ ફળ દાખવી આપે છે; પરંતુ જે કંઈ અશુભ થવાનું હોય તે સર્વ મને થાઓ, પણ મારા સ્વામિ રાજાને મા થાઓ!” આમ વિચાર કરતો કરતો તે રાજસભામાં દાખલ થયો, ને પુનઃ ઇચ્છ્યું કે મહારાજનું કંઇપણ અનિષ્ટ મા થાઓ! પણ જ્યારે તે **મહાસેનને** પ્રણામ કરીને પોતાની જગાએ બેઠો, ત્યારે રાજાની મુખાકૃતિ કંઈ વિલક્ષણ–અદ્ભુત જણાઈ. પ્રથમ તો રાજાએ રાણીના કહેવાથી આગળની માફક તેને માન આપ્યું નહીં, પણ તેના તરફ કરડી આંખથી જેયું. ગુણશર્માં શંકામાં પડી ગયો. તે વિચાર કરવા લાગ્યો કે, ‘આનું કારણ શું હશે?’ પણ એટલામાં તો રાજા પોતાના સિંહાસન ઉપરથી ઉઠીને ગુણશર્માની પાસે જઈ બેઠો અને અદ્ભુતાશ્ચાર્યમાં ગરકાવ થએલા સભાસદોને કહ્યું; “ગુણશર્માએ મારા પ્રત્યે શું કીધું છે તે સાંભળો.”* એટલે ગુણશર્માં વિનતિ કરવા લાગ્યોઃ “મહારાજાધિરાજ! આપ મારા સ્વામિ ને મહારાજા છો, અને હું આપનો સેવક છું. માટે આપણા બન્નેનો વ્યવહાર સમાન કેમ થાય? આપઆપના ધર્માસન ઉપર

* અંગ્રેજી ભાષાંતર કર્તા લખે છે કે એક બીજી પ્રતમાં એવો લેખ છે કે, ‘ગુણશર્મા સાથે મારે જે કજીઓ છે તે સાંભળો,’ ને તે વાક્યને તે વધારે યોગ્ય ગણે છે.



બિરાજે ને પછી ઇચ્છા પ્રમાણે આજ્ઞા કરો!” આ પ્રમાણે ધીર પ્રકૃતિવાળા ગુણશર્માએ અને બીજા મંત્રીઓએ રાજાને સમજાવ્યો, ત્યારે રાજા પાછો પોતાના આસન ઉપર જઈ બેઠો અને સભાસદોને કહેવા લાગ્યોઃ “તમે જાણો છો કે હવણાં હવણાં મેં કુળપરંપરાથી ચાલ્યા આવતા કાર્ય-ભારીઓને દૂર કરી દીધા છે, અને આ ગુણશર્માને મારા સમાન કીધો છે. પરંતુ તમે સાંભળોઃ એણે મારી સામા જે કૃત્ય કીધાં છે તે. પ્રથમ તો એણે ગૌડાધિપ પાસે દૂતો મોકલી, સંદેશા ચલાવીને મારો રાજદ્રોહ કીધો છે.” આટલું કહી જે ખોટી વાત **અશોકવતી** રાણીએ કહી હતી, તે વાર્ત્તા રાજાએ સભાસદો આગળ વિસ્તારથી કહી બતાવી અને રાણીએ રાજા આગળ પોતાની સાથે બલાત્કારે આલિંગન કરવાની વાર્ત્તા કહી હતી તે વાત પણ રાજાએ સભામાંથી બહારના લોકોને કાઢીને, પોતાના વિશ્વાસુ અને પ્રમાણીક માણસોને કહી. ગુણશર્માં બોલ્યોઃ “મહારાજ! આ જરાએ જરા જુઠું છે! એ આપને કોણે કહ્યું? અને આ ગપાંશ કોણે મારી?” તે સાંભળી રાજા બોલ્યોઃ “ચંડાળ! આ વાર્ત્તા જુઠી હોય તો તિંકુડાંની અંદર ઝેર હતું તે કેમ તારા જાણવામાં આવ્યું?” ગુણશર્માં બોલ્યોઃ “સર્વ બુદ્ધિથી જાણી શકાય છે.” તે સાંભળી તેના ઉપર વેર રાખ-નારા બીજા મંત્રીઓ બોલી ઉઠયાઃ–“એમ કદી પણ બની શકે નહીં; ખાત્રી કર્યા પછી જ સત્ય જણાય.” ગુણશર્માં બોલ્યોઃ “મહારાજ! ત્યારે તો તમારે પણ ખરું શું છે તેનો શોધ કર્યા વગર આમ આરોપ મૂકવો ન જોઇયેઃ જે રાજા વગર વિચારે વર્તે છે તેને નીતિવેત્તાઓ વખાણતા નથી.” પછી ગુણશર્માં વધારે બોલવા જતો હતો, એવામાં એકદમ ક્રોધી રાજા આસન ઉપરથી ઉઠી, દોડીને, “લે આ નિર્લજ!” આમ બોલી, તેની છાતિમાં છરીનો એક ઘા કર્યો! ગુણશર્માએ કરણપ્રયોગથી રાજાની છરીને ચુકાવી દીધી, પણ રાજાના બીજા નોકરો તેના ઉપર પ્રહાર કરવા લાગ્યા; પરંતુ આશ્ચર્યજનક યુદ્ધ કરવામાં પ્રવીણ ગુણશર્માએ, યુદ્ધની ચાલાકીથી તે સર્વની તરવા-રોને સુવાવી દીધી, અને કરણપ્રયોગની યુક્તિથી એક બીજાની ચોટલીઓ સાથે એક બીજાને બાંધી દીધા; અને પછી તે કુશળ બ્રાહ્મણ, રાજાની સભામાંથી એકદમ ઉતાવળો ઉતાવળો બહાર નિકળી પડ્યો. એવામાં બહાર ગયેલા યોધાઓને તેના કલંકની ખબર પડતાં, તેઓ પણ તેની પાછળ દોડ્યા. પણ તે સર્વને ગુણશર્માએ પોતાની યુદ્ધકુશળતાથી મારી નાખ્યાં. પછી પોતાના હાથમાં જે અંજન હતું તે આંખમાં આંજી, અદૃસ્ય બનીને, તત્કાળ તે શહેરની બહાર નિકળી પડ્યો અને દક્ષિણ દેશ તરફ ચાલવા માંડ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં તે વિચાર કરવા લાગ્યો કે; “બેશક, તે મૂર્ખ રાજાને **અશોકવતીએ** જ ઉશ્કેર્યો છે. અરે રે! સ્ત્રીઓ જેના ઉપર આશક થાય છે તે પુરુષો જો તેનો અનાદર કરે છે, તો તેના પ્રત્યે તે સ્ત્રીઓ ઝેર કરતાં પણ વધારે ભયંકર થાય છે. અરે રે! જે રાજા ખરું શું છે ને ખોટું શું છે તેનો વિચાર કરતો નથી, તેવા રાજાની સત્પુરુષો સેવા પણ કરતા નથી.”

આવા વિચારમાંને વિચારમાં ચાલ્યા જતાં, ગુણશર્માં અંતે એક ગામમાં પહોંચ્યો. તે ગામમાં એક વડનું ઝાડ હતું. તેની નિચે એક ઉત્તમ બ્રાહ્મણને બેઠેલો હતો. આ બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ભણાવતો હતો. તેની પાસે જઈ ગુણશર્માએ પ્રણામ કર્યાં. તે બ્રાહ્મણે પણ તેનો આદર-

સત્કાર કરી, આસન આપી પૂછ્યું: “ઓ બ્રાહ્મણ! તું વેદની કેટલી શાખાઓ ભણી જાણે છે, તે કહે.” ગુણશર્માએ તે બ્રાહ્મણને પ્રત્યુત્તર આપ્યો: “બ્રહ્મદેવ! હું બાર શાખા ભણ્યો છું. એ બારમાં સામવેદની બે, ઋગ્વેદની બે, યજુર્વેદની સાત અને અથર્વવેદની એક–એ પ્રમાણે બાર શાખા ભણી જાણું છું.” તે સાંભળી તે બ્રાહ્મણ બોલ્યો: “ત્યારે તો તું દેવતા હોવો જોઇએ.” ગુણશર્માની દિવ્યાકૃતિજ તેનું પ્રતાપીપણું દાખવતી હતી. પછી વડવૃક્ષ નિચે બેઠેલો બ્રાહ્મણ, સરળ થઈ, ફરીથી તેને પૂછવા લાગ્યો: “તમે કિયા દેશમાં રહો છો? તમારા જન્મથી કયો વંશ અલંકૃત થયો છે? આપનું નામ શું છે? તમે જે ભણ્યા છો તે કેમ ભણી શક્યા છો? તમે કયાં અભ્યાસ કર્યો છે? તે કૃપા કરી કહો!” તે સાંભળી ગુણશર્મા બોલ્યો:

## ગુણશર્માના પિતા આદિત્યશર્માની કથા.

ઉજ્જયિની નગરીમાં આદિત્યશર્મા નામનો એક બ્રહ્મપુત્ર રહતો હતો. તેનો પિતા તેને બાળક અવસ્થામાં મૂકીને મરણ પામ્યો હતો, અને તેની માતા તેના પિતાની પાછળ સતી થઈ હતી. આટલા માટે આદિત્યશર્મા ઉજ્જયિનીમાં મામાને ઘેર રહી મોટો થયો હતો અને ત્યાંજ રહી ચાર વેદ, ચૌદ વિદ્યા અને ચોસઠ કળાઓ શિખ્યો હતો. પૂર્ણ વિદ્યા ભણી રહ્યા પછી, તે જપ અને વ્રત કર્યાં કરતો હતો. એ કારણથી તેને એક ભટકતા સંન્યાસી સાથે મિત્રતા બંધાઈ. એક વખત તે સંન્યાસી, પોતાના મિત્ર આદિત્યશર્માને સાથે લઈ, સ્મશાનમાં ગયો અને યક્ષિણીની સિદ્ધિ માટે હોમ કરવા લાગ્યો. એવામાં સુવર્ણના વિમાનમાં બેઠેલી, ઉત્તમ રૂપવતી કન્યાઓથી પરિવૃત્ત અને ઘણી શણગારેલી એક દિવ્ય કન્યા ત્યાં પ્રગટ થઈ, અને મધુરવાણીથી તે મધુરાક્ષિ કન્યા કહેવા લાગી: “ અરે સંન્યાસી ! હું વિદ્યુન્માલા નામની યક્ષિણી છું; અને આ બીજી મારી સાથે આવી છે તે પણ યક્ષિણીઓ છે. માટે તારી ઇચ્છા પ્રમાણે આમાંથી એક યક્ષિણીને તારી પત્નિ તરીકે પ્રસન્ન કરી લે. તેં જે મંત્ર સાધના કરી છે તે મંત્ર સાધનાથી તને આટલું મળ્યું છે! તું મારા મંત્રનું સાધન બરાબર જાણતો નથી, માટે હું તને મળીશ નહીં, તેથી હવે તું વ્યર્થ ક્લેશ કરીશ મા.”આ પ્રમાણે તે યક્ષિણીએ કહ્યું તેને માન્ય રાખી, તે સંન્યાસીએ તે યક્ષિણીઓના પરિવારમાંથી એક યક્ષિણીને પોતાની સ્ત્રી તરીકે પસંદ કીધી, એટલે વિદ્યુન્માલા યક્ષિણી અંતર્ધાન થઈ ગઈ.

હવે જે યક્ષિણી સંન્યાસી પત્નિ થઈ હતી તેને આદિત્યશર્મા પૂછવા લાગ્યો: “સુંદરિ! વિદ્યુન્માલા કરતાં પણ બીજી કોઈ યક્ષિણી ઉત્તમ છે ખરી ?” તે સાંભળી પેલી યક્ષિણીએ ઉત્તર આપ્યું: “અરે સૌંદર્યમસ્ત ! એના કરતાં સૌંદર્યમાં શ્રેષ્ઠ બીજી બે છે: વિદ્યુન્માલા, ચંદ્રલેખા અને સુલોચના. આ ત્રણ, યક્ષિણીઓમાં સૌંદર્યવતી ગણાય છે અને તેઓમાં પણ સુલોચના વધારે ઉત્તમ ગણાય છે.” આટલું કહી તે યક્ષિણી સંન્યાસી સાથે હંમેશાં સમય પ્રમાણે આવવાનું કબુલ કરી, પોતાને ઘેર ચાલી ગઈ, અને સંન્યાસી આદિત્યશર્માને સાથે લઈ પોતાને ઘેર આવ્યો.

જે યક્ષિણી સંન્યાસી ઉપર પ્રસન્ન થઇને વશ થઈ હતી તે, નિયમ પ્રમાણે તેની પાસે નિત્ય આવતી હતી, અને તેની મરજી મુજબ તેને નાના પ્રકારનું રતિસુખ આપતી હતી. એક દિવસે આદિત્યશર્માએ સંન્યાસીદ્વારા યક્ષિણીને પૂછાવ્યું કે; “સુલોચના યક્ષિણીના મંત્રની સાધના કોણ જાણે છે ?” સંન્યા-



સીએ તે પ્રમાણે પુછ્યું, એટલે યક્ષિણી, આદિત્યશર્માની સમક્ષમાંજ નિચે પ્રમાણે બોલી: “દક્ષિણ દિશામાં તુંબવન* નામનો એક મોટો પ્રદેશ છે. ત્યાં વેણા નામની નદીના કિનારા ઉપર વિષ્ણુગુપ્ત નામનો એક બૌદ્ધધર્મી સાધુ રહે છે. એ બૌદ્ધ સાધુ બીજા સાધુઓમાં માનવંતો ગણાય છે. તે સુલોચનાના મંત્રની સાધના સવિસ્તર જાણે છે.” આદિત્યશર્મા યક્ષિણીના મુખથી તે વાર્તા સાંભળી, ઘણી આતુરતાથી સંન્યાસીને સાથે લઈ, ખુશીથી તે પ્રદેશ તરફ ચાલ્યો. તે પ્રદેશમાં ગયા પછી ઘણા શ્રમે શોધ કરી તે સાધુને ખોળી કાઢી, તેની પાસે ગયો. તેણે ત્રણ વર્ષપર્યંત એકનિષ્ટાથી તેની ખૂબ સેવા ચાકરી કરી. અને પોતાના મિત્ર સંન્યાસીને જે યક્ષિણી સિદ્ધ થઈ હતી તે દ્વારા ઉપયોગમાં આવતી દેવતાઈ ઉત્તમ ઉત્તમ વસ્તુઓ મંગાવી, તેનાથી વિષ્ણુગુપ્તને અનેક રીતે પ્રસન્ન કરતો હતો. આ પ્રમાણે સેવા કરવાથી પવિત્ર સાધુ વિષ્ણુગુપ્તે પ્રસન્ન થઈ, આદિત્યશર્માએ માગેલો સુલોચનાનો મંત્ર અને તેનો વિધિ બતાવ્યો. આદિત્યશર્મા સુલોચનાનો મંત્ર મેળવી, નિર્જનસ્થળમાં જઈ, જે પ્રમાણે વિષ્ણુગુપ્તે વિધિ કહી હતી તે પ્રમાણે મંત્ર જપવા માંડ્યો. મંત્ર જપની સંખ્યા પુરી થઈ રહેતાં તેણે સંપૂર્ણ હોમ કરી શાંતિ કરી. જ્યારે હોમમાં બીડુ હોમવાનો સમય થયો, ત્યારે સુલોચના વિમાનમાં બેસીને ત્યાં આવી. તેનું સુંદર સ્વરૂપ એવું હતું કે તે આખા જગતને આશ્ચર્યમાં નાંખી દેતુ હતું. સુંદરી સુલોચના યક્ષિણી, આદિત્યશર્માને કહેવા લાગી: “આવ, આવ, હું તને સિદ્ધ થઈ છું. હવે શું બાકી રહ્યું છે ? જો તારે મહાવીર, સમૃદ્ધિવાળો, સારાં લક્ષણવંત, સર્વ કળા કુશળ, કોઇથી પરાજય પામે નહી એવો પુત્ર મેળવવાની ઇચ્છા હોય તો છ માસ પર્યંત મારા કન્યાપણાને દૂષિત કરવું નહીં, પણ છ માસ પછી મને તારી સ્ત્રી તરીકે ગણવી.” યક્ષિણી સુલોચનાનું આવું બોલવું સાંભળી, આદિત્યશર્માએ તેમ કરવા કબુલાત આપી; એટલે તે યક્ષિણી આદિત્યશર્માને વિમાનમાં બેસારી, અલકાપુરીમાં લઈ ગઈ. આદિત્યશર્મા અલકાપુરીમાં ગયા પછી હંમેશાં પોતાની પાસે રહેલી સુલોચનાને જોયા કરતો અને તેથી પોતાના મનને શાંત કરતો. આપ્રમાણે છમાસ પર્યંત અસિધારા ઉપર લોટવા જેવું ભયંકર બ્રહ્મચર્ય વ્રત પાળી તે કન્યાના કન્યાપણાને દુષિત કર્યું નહીં. એ વૃત્તાંત કુબેરના જાણવામાં આવતા, તે તેના ઉપર પ્રસન્ન થયો અને તેણે પોતે દેવતાઈ રીતિ પ્રમાણે આદિત્યશર્મા સાથે સુલોચનાનાં લગ્ન કર્યાં. તેમનાથી મારો જન્મ થયો છે અને હું આદિત્યશર્માનો પુત્ર છું. મારા પિતાએ સદ્ગુણોને લીધે મારું નામ ગુણશર્મા રાખ્યું છે. હું અલકાપુરીમાંજ યક્ષના અધિપતિ મણિધર પાસેથી ક્રમ પ્રમાણે ચાર વેદ, ચૌદ વિદ્યા અને ચોંસઠ કળાઓ શિખ્યો છું.

એક વખત એવું બન્યું કે કોઈ કામના પ્રસંગે ઇંદ્ર, કુબેરની પાસે આવ્યો. ઇન્દ્રને જોઈ, ત્યાં જે સર્વે બેઠા હતા તે ઉભા થયા, પરંતુ કંઇક નસીબયોગે મારા પિતાનું મન બીજા કામમાં લાગ્યું હતું, તેને લીધે ઉતાવળા ઉભા થઈ શકયા નહીં. તે ઉપરથી ઇન્દ્ર તેમના ઉપર ગુસ્સે થયો ને શાપ દીધો કે, “મૂર્ખ ! તું અહીં રહેવાને પાત્ર નથી, માટે તારા મર્ત્યલોકમાં પાછો જા.” આ શાપ સાંભળી મારીમાતા સુલોચનાએ, ઇન્દ્રના પગમાં પડીને ઘણી વિનતિ કરી, ત્યારે ઇન્દ્ર બોલ્યો:–“જો તારો બહુ આગ્રહ

* અંગ્રેજીમા જાંબુવન નામ છે.

હોય તો, તે પોતે ભલે સ્વર્ગમાં રહે; પણ પુત્ર પિતાનું જ રૂપ કહેવાય છે માટે એનો પુત્ર મર્ત્યલોકમાં જાય, અને મારું વચન મિથ્યા ન થાય." આટલું કહી ઈન્દ્રદેવ બોલતા બંધ પડી ગયા. પછી મારા પિતાએ મને ઉજ્જયિનીમાં મારા કાકાને ઘેર મૂક્યો. જેનું જેવું ભાવિ તેને તેમજ થાય છે.

પછી નશીબયોગે મારે તે શહેરના રાજા સાથે મિત્રતા થઈ. એ પછી આ લોકમાં મારું શું ચરિત્ર થયું છે તે સર્વ તને કહું છું તે સાંભળ. આટલું બોલી અશોકવતીએ જે કૃત્ય કર્યું હતું, ને રાજા તરફથી જે કરવામાં આવ્યું હતું, તે સર્વ આદિથી અંતપર્યંત, યુદ્ધસુધી, સર્વ વાર્તા યથાસ્થિત વર્ણવી બતાવી, અને પછી તે બોલ્યોઃ "મહારાજ ! આટલા માટે હું ત્યાંથી નાસીને દેશાંતરમાં જતો હતો, તેટલામાં અહીં રસ્તામાં તમારાં દર્શન થયાં."

તે સાંભળી પેલો બ્રાહ્મણ, ગુણશર્માને કહેવા લાગ્યોઃ "મહારાજ! જો આ પ્રમાણે છે તો આપના આગમનથી હું નસીબદાર થયો છું. મારું નામ અગ્નિદત્ત છે અને આ ગામ મને દક્ષિણામાં મળ્યું છે, માટે આપ મારે ઘેર આવી ખુશીથી રહો." આટલું કહી, અગ્નિદત્ત, જ્ઞાન સંપત્તિવાળા ગુણશર્માને પોતાને ઘેર લઈ ગયો. તેને ઘેર ગાય, ભેંસ, ઘોડાઓ પુષ્કળ હતા, એટલે કોઈ જાતનું દુઃખ ન હતું. અગ્નિદત્તે, ગુણશર્માને ઉના પાણીથી સ્નાન કરાવ્યું, પછી ચંદન વગેરે ચર્ચાવ્યું, સુંદર વસ્ત્રો પહેરવાને આપ્યાં, ઘરેણાં અર્પણ કર્યાં અને જૂદી જૂદી જાતનાં ભોજનો જમાડીને તેની રુડી રીતે આગતાસ્વાગતા કરી. ભોજન કર્યા પછી બન્ને જણા સાથે બેઠા છે એટલામાં, અગ્નિદત્તે લક્ષણો જોવરાવવાનું મિષ કાઢી, દેવતાઓ પણ જેના સુંદર રૂપપર મોહિત થતા હતા એવી પોતાની સુંદરી નામની કન્યા, ગુણશર્માને બતાવી. ગુણશર્મા તે કન્યાનું અદ્‌ભુત રૂપ જોઈ અગ્નિદત્તને કહેવા લાગ્યોઃ "મહારાજ ! આ કન્યાને સોક્યો ઘણી થશે; કારણ કે આ કન્યાના નાક ઉપર એક તલ છે, અને બીજો તલ છાતી ઉપર છે. એ બન્ને તલનું એ જ ફળ છે, આમ સામુદ્રિક શાસ્ત્ર કહે છે." આ પ્રમાણે ગુણશર્માએ કહ્યું, એટલે અગ્નિદત્તે છાતી ઉપરનું વસ્ત્ર ઉંચું કરવાની પોતાની પુત્રીને આજ્ઞા કરી. તેણે તેમ કર્યું અને અગ્નિદત્તે જોયું તો ગુણશર્માના કહ્યા પ્રમાણે છાતી ઉપર તલ હતો.

પછી અગ્નિદત્ત આશ્ચર્ય પામી ગુણશર્માને કહેવા લાગ્યોઃ—" તમે તો સર્વજ્ઞ છો, પણ આ તલ અમારા સારા ભાગ્યની નિશાની છે; કેમકે સ્ત્રીને ઘણી સોક્યો ત્યારેજ હોય કે જ્યારે તેનો પતિ નસીબદાર હોય. ગરીબ બાપડાને એકનું પેટ ભરવાના સાંસા હોય તો ઘણીને ક્યાંથી પરણે ? પણ એનું કંઈ અકલ્યાણ થશે કે નહિ" ? તે કહો. તે સાંભળી ગુણશર્માએ તેના પ્રશ્નનું ઉત્તર આપ્યુંઃ—"અગ્નિદત્ત, તમે પૂછો છો કે આનું કંઈ અકલ્યાણ થશે કે નહીં ? તેના ઉત્તરમાં જણાવવાનું કે જે આવાં શુભ ચિહ્નવાળાં હોય છે તેનું અકલ્યાણ ક્યાંથી જ થાય ?' આ પ્રમાણે કહ્યા પછી, તે પ્રસંગમાં અગ્નિદત્તે તલ સંબંધી પ્રશ્ન પૂછ્યા એટલે ગુણશર્માએ સ્ત્રી અને પુરુષોના જૂદા જૂદા અવયવોમાં તલ પડવાથી ભિન્ન ભિન્ન જે ફળ થાય છે તે વિષય વિસ્તારથી કહી સંભળાવ્યો.



આ વખતે જેમ કોઈ ઉત્કંઠિત ચકોરાંગના, એક નજરથી ચંદ્રમા તરફ નિહાળીને જોવાની ઇચ્છા કરે છે, તેમ તે સુન્દર કન્યા સુંદરી, ગુણશર્માને જોઈ તેના ઉપર આસક્ત થઈ રહી. પછી અગ્નિદત્ત બ્રાહ્મણે ગુણશર્માને એકાંતમાં કહ્યુંઃ "મહાભાગ ! હું તમને મારી સુન્દરી પરણાવું છું, માટે તમે પરદેશમાં જવું બંધ રાખો, અને અહીં મારે ઘેર ખુશી પ્રમાણે રહો." અગ્નિદત્તનું આવું વચન સાંભળી ગુણશર્માએ કહ્યુંઃ "એ તો બરાબર છે; એમ કરવાથી હું ઘણો સુખી થઈશ. પણ રાજાએ મારું મિથ્યા અપમાન કર્યું છે તેના અફસોસમાં હું બળી મરું છું, માટે મને તે કામ કરવું પસંદ નથી. કારણ કે

"ચંદ્રાદિક ને કામિની, વીણા પંચમ નાદ;
સુખિને સુખિયા તે કરે, દુખિને દુખકર ભ્રાત.

"વળી આ દુનિયામાં જે સ્ત્રી પોતાના અંતઃકરણથી પ્રેમપૂર્વક પતિ ઉપર આસક્ત થાય છે, તે પતિ ઉપર ઉદાસ થતી નથી, તેના ઉપર પ્રેમ રાખે છે; પણ જે પરાધિન કન્યાને તેનો પિતા, અમુક વર સાથે પરણાવે છે, તે અશોકવતીની માફક પતિ ઉપર અપ્રસન્ન રહે છે. વળી ઉજ્જયિની નગરી, આ પ્રદેશથી ઘણી નજીક છે, તેથી કદાચ ત્યાંનો રાજા મારું અહીં રહેવું જાણે તો મને દુઃખ દીધા વગર રહેજ નહીં. માટે, હું તીર્થાટન કરી જન્મથી માંડીને જે પાતક કર્યાં છે તે પાતકમાંથી મુક્ત થઈ, આ શરીરનો ત્યાગ કરી દઈશ અને શાંતિ પામીશ." ગુણશર્માને આમ બોલતો સાંભળી, અગ્નિદત્તે હાસ્ય કરીને કહ્યુંઃ "તમને પણ માન અપમાનમાં આટલો બધો મોહ છે, ત્યારે બીજાઓને હોય તેમાં આશ્ચર્ય શું ? તમારું અંતઃકરણ શુદ્ધ છે, તો તમે અજ્ઞાનના અપમાનથી શા માટે દિલગીર થાઓ છો ? જે મનુષ્ય આકાશમાં કાદવનો પિંડ ફેંકે છે, તે કાદવ ફેંકનારાના મસ્તક ઉપર જ પડે છે. તમારે જાણવું જોઈને કે તે રાજા, પોતાની મૂર્ખાઈનું ફળ થોડા વખતમાં મેળવશે. માણુસ મોહાંધ થયો હોય અને અવિવેકી હોય તેને લક્ષ્મી ઘણા કાળ સેવતી નથી. વળી અશોકવતીને જોઈ તમારું મન સ્ત્રીઓ ઉપરથી ઉતરી ગયું હોય, તો સતીઓને જોઈ તેમના ઉપર શ્રદ્ધા કેમ થતી નથી? એક સ્ત્રી સતી કે અસતી છે તે જાણવાનો આધાર તેના લક્ષણ ઉપર છે; અને તે લક્ષણ તો તમે યથાર્થ જાણો છો. હવે ઉજ્જયિની નગરી, આ ગામની નજીક છે તેનો જો તમને ડર હોય તો હું રહેવા માટે એવું મકાન આપું કે જેથી તમે અહીં રહો છો એમ પણ કોઈ જાણી શકે નહીં. અને તીર્થયાત્રા કરવાની તમારી મરજી હોય તો હું કહું છું કે, જેઓએ વૈદિક કર્મમાં પૂર્ણ સંપત્તિ મેળવી નથી, તેને માટે વિદ્વાનોએ તીર્થયાત્રા કહી છે, પણ જેઓ વેદમાં કહેલા વિધિ પ્રમાણે ક્રીયા કરે છે તેઓને માટે કંઈ કર્મ બાકી રહ્યું નથી. જો તેમ ન હોય તો દેવતા, પિતૃ, અગ્નિ વગેરેને સંતોષ પમાડવાથી, વ્રત કરવાથી અને જપ તપ વગેરે કરવાથી, જે પુણ્ય સંપત્તિ ઘરમાં બેઠાં મળે છે, તે પુણ્ય સંપત્તિ તે કર્મો કર્યા વગર, માર્ગ ઉપર ભટકતાંઓને ક્યાંથી મળી શકે? અર્થાત વૈદિક કર્મ કરનારાને તીર્થયાત્રામાં ભટકયા વગર પણ સર્વ પુણ્ય સંપત્તિ સાંપડે છે. માટે કલેશ ન કરો તોપણ ચાલી શકે. માત્ર જેને વૈદિક કર્મમાં અધિકાર નથી, તેણે જ યાત્રાઓ કરવાની છે. યાત્રાળુ માણુસ હાથનું ઓસીકું રાખતો હોય, જમીન

ઉપર સુતો હોય, ભિક્ષા માંગીને ભોજન કરતો હોય, નિર્વન હોય, આ પ્રમાણે આચારથી મુનિના જેવો થઈ ગયો હોય, તોપણ તે ક્લેશમાંથી મુક્ત થતો નથી. તમે કદી શરીરનો ત્યાગ કરી સુખ મેળવવાની આશા રાખતા હશો તો તે એક ભ્રમ છે. જેઓ આલોકમાં આત્મહત્યા કરે છે, તેઓને પરલોકમાં અહીં કરતાં બમણું દુઃખ ભોગવવું પડે છે. તમે તમારા મનમાં આ બાબતનો વિચાર કરી જુઓ. તમે વિદ્વાન છો, તથાપિ તરુણાવસ્થામાં છો, માટે તમને આ મોહ જ થયો છે. એ મોહ અઘટિત છે. માટે મારું કહેવું અવશ્ય માનો હું તમારે માટે એક સુંદર, કોઈ જાણે નહીં એવું ગુપ્ત ભોયરું કરાવું છું, તેમાં તમે સુંદરી સાથે લગ્ન કરી, અંદર રહી, મરજી પ્રમાણે સુખ ભોગવો."

આ પ્રમાણે અગ્નિદત્તે પ્રયત્નપૂર્વ ગુણશર્માને સમજાવ્યો, એટલે તે તેની વાતને માન્ય કરીને બોલ્યોઃ "મેં આપનું વચન સ્વીકાર્યું છે. કારણ કે કયો માણસ સુંદરીનો ત્યાગ કરી શકે તેમ છે? પરંતુ મેં જ્યાં સુધી તે રાજાપર વેર લીધું નથી, ત્યાં સુધી હું તમારી કન્યાને પરણીશ નહીં. હવણાં હું વ્રત ધારણ કરી કોઈએક દેવની સાધના કરીશ અને તે સાધનાથી સિદ્ધ થયેલાં દેવવડે તે કૃતઘ્ની રાજાને તેના કૃત્યનો બદલો આપીશ." અગ્નિદત્ત ગુણશર્માનું આવું વચન સાંભળી ઘણો રાજી થયો. તેણે તેના બોલવાને ટેકો આપ્યો. ગુણશર્માએ તે રાત્રિએ આનંદથી ત્યાંજ વિશ્રામ કર્યો.

બીજે દિવસે અગ્નિદત્તે ગુણશર્માના સુખને માટે ઘણું જ ગુપ્ત, પાતાળના ઘર જેવું એક ભોયરું ખોદાવ્યું. ત્યાં રહેલા ગુણશર્માએ અગ્નિદત્તને એકાંતમાં પૂછ્યુંઃ "મને કહો કે કયો દેવ પોતાના ભક્તને વરદાન સત્વર આપે છે કે, જેનો વર મેળવવા હું ઉપાસના કરું અને તે માટે મારે કયા મંત્રનો જાપ જપવો?" આ પ્રમાણે ધીરવીર ગુણશર્મા બોલ્યો, એટલે અગ્નિદત્તે તેને કહ્યુંઃ "મને મારા ગુરુએ કાર્તિકસ્વામીનો મંત્ર બતાવ્યો છે. તે મંત્રથી તું તારકાસુરનો નાશ કરનારા કાર્તિકસ્વામીની આરાધના કર. જ્યારે તારકાસુર દેવોને દુઃખ દેવા લાગ્યો, ત્યારે કાર્તિકસ્વામીના જન્મની ઇચ્છા કરનારા દેવોએ, શંકરને મોહિત કરવા માટે, કામદેવને મોકલ્યો હતો. (અને તે વેળાએ શિવના ત્રિજા નેત્રના અગ્નિથી ભસ્મ થયા છતાં તે સંકલ્પ તરિકે પાછો જન્મ્યો હતો.) એ કાર્તિકસ્વામીના જન્મની ઘણી વાતો ચાલે છે, કે તે શંકર પાસેથી, અને પછી અગ્નિ પાસેથી, શરભના વનમાં પડી, જન્મ્યો હતો. ત્યાંથી કૃત્તિકાઓ પાસે આવ્યા. છ કૃત્તિકાઓએ તેમને ધવરાવીને ઉછેર્યો હતો તેથી તેને ષડાનન પણ કહે છે. આ પ્રમાણે કાર્તિકસ્વામીનો વિચિત્ર જન્મ થયો છે. જન્મ સમયે તેનું તેજ ઘણુંજ પ્રતાપી જણાતું હતું, અને તેણે આખા જગતને આનંદ પમાડી, કોઈથી પણ જીતાય નહીં એવા તારકાસુરને મારી નાખ્યો હતો. તે કાર્તિકસ્વામીનો મંત્ર મારી પાસેથી તમે શિખી લ્યો." પછી અગ્નિદત્તે ગુણશર્માને તે મંત્ર શિખવ્યો. ગુણશર્મા વ્રતપૂર્વક નિયમ લઈ, ભોયરામાં બેસી, તે મંત્રથી તારકારિ કાર્તિકસ્વામીની આરાધના કરવા લાગ્યો, અને સુન્દરી કન્યા તેની સેવા કરવા લાગી. થોડા દિવસ પછી ષટમુખવાળા સ્કંદસ્વામી ત્યાં પધાર્યા, અને બોલ્યાઃ "પુત્ર! હું તારા ઉપર પ્રસન્ન થયો છું, માટે જે વર



માંગવો હોય તે વર માંગી લે." તે સાંભળી ગુણશર્મા બોલ્યોઃ "મહારાજ! આપની વર આપવાની ઇચ્છા હોય તો મને એ વર આપો કે મહાસેન રાજાનો પરાજય કરી, તેનું રાજ્ય મેળવું અને સુખી થાઉં!" કાર્તિકસ્વામી બોલ્યાઃ "પુત્ર! તું મહાસેન રાજાનો પરાજય કરીશ, આખી પૃથ્વીનું રાજ્ય મેળવીશ, તારો કોઈ પણ પરાજય કરી શકશે નહીં અને પ્રિયપુત્ર! તારો ભંડાર પણ પૂર્ણ ભર્યો રહેશે." આ પ્રમાણે વરદાન આપી કાર્તિકસ્વામી અંતર્ધાન થઈ ગયા. ગુણશર્માને અખૂટ ભંડાર મળ્યો. પોતાની કીર્તિ પ્રમાણે સમૃદ્ધિ મેળવ્યા પછી, પુણ્યશાળી ગુણશર્મા, પોતાના ઉપર દિન પ્રતિ દિન વધારે પ્રેમ કરનારી અને ભવિષ્યમાં મળનારા પદાર્થની મૂર્તિમતિ સિદ્ધિ જેવી અતિ રૂપવાન સુંદરીને વિધિ પ્રમાણે પરણ્યો. ત્યાર પછી કાર્તિકસ્વામીના વરદાનથી અખૂટ ભંડાર મળ્યો હતો તેના વડે–ઘણા હાથી, ઘોડા, પાયદળ વગેરે મોટી સેનાને એકઠી કરી. ધનને લીધે તથા અપ્રતિમ કળાજ્ઞાનના સદ્‌ગુણવડે વશ કરેલા ઘણા રાજાઓ પણ તેની મદદે આવ્યા. તે સઘળાથી આખી પૃથ્વી ભરાઈ ગઈ. પછી ગુણશર્મા પોતાની સેના અને બીજા રાજાઓની સેનાની સાથે ઉજ્જયિની તરફ ગયો. ત્યાં જઈ શહેરને ઘેરો ઘાલી, અંદર પેઠો અને આખી પ્રજામાં અશોકવતીનું દુષ્ટ ચરિત્ર પ્રસિદ્ધ કરી, યુદ્ધમાં રાજા મહાસેનને હરાવી, તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો; અને પોતે પૃથ્વીપતિ થયો. આ પ્રમાણે ચક્રવર્તી ગુણશર્માએ, સમુદ્રના કિનારાપર્યંત રાજ્ય મેળવી, ઘણા રાજાઓની બીજી કન્યાઓની સાથે પરણી, સુંદરી સહિત ઘણા દિવસ સુધી ઇષ્ટ વૈભવો ભોગવ્યા હતા.

મૂઢબુદ્ધિ મહાસેન રાજા ગુણશર્માને ઓળખી શક્યો નહીં, તે માટે તેને દુઃખ ભોગવવું પડયું, અને શુભમતિ ગુણશર્માએ ધૈર્યની સહાયતાથી ઉત્તમ સમૃદ્ધિ મેળવી. આ પ્રમાણે રાત્રે વિતભીતી મંત્રીના મુખથી મહાવીરચરિત્ર સાંભળી, મહાસંગ્રામસાગર તરવાની ઇચ્છા રાખનારો મહાવીર સૂર્યપ્રભ, અધિક હર્ષમાં આવી, અને વિચારમાંને વિચારમાં નિદ્રાવશ થઈ ગયો.

## તરંગ ૭ મો.

## સૂર્યપ્રભનું વૃત્તાંત.

પ્રભાત થયું એટલે સૂર્યપ્રભ પોતાના મંત્રીઓ અને દાનવ વગેરે સૈન્યને સાથે લઈ, રણભૂમિ ઉપર ગયો. શ્રુતશર્મા પણ વિદ્યાધરોની સેનાને સાથે લઈને રણભૂમિ ઉપર આવ્યો. દેવતાઓ તથા દાનવો પણ સંગ્રામ જોવા માટે આકાશમાં આવી થંભ્યા. બન્ને સેનામાં અર્ધ ચંદ્રાકાર વ્યૂહની રચના થઈ, અને બન્ને સેનામાં યુદ્ધ શરુ થયું. યુદ્ધમાં પીછાંવાળાં બાણો પણ સુસવાટ સમ સમ શબ્દો કરતાં વેગથી દોડીને એક બીજાને કાપવા લાગ્યાં, અને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યાં; મ્યાનમાંથી બહાર નિકળેલી, ઘણી મોટી, લોહીનું પાન કરનારી ચંચળ તરવારો, યમરાજાની જીભ જેવી જણાવા લાગી; શૂરાઓના હર્ષભેર થયેલા મુખકમળ–જેમાં ચક્રો

( ચક્રીઓ ) પડે છે એવું સંગ્રામરૂપ સરોવર, રાજહંસના ક્ષય માટે થતું હોય તેવું જણાવા લાગ્યું. એ સંગ્રામમાં શૂરાઓનાં મસ્તકો કપાઇને ઉચાં ઉડી નિચે પડતા હતા, તે જાણે કાળ, દડાની રમત રમતો ન હોય તેવું જણાતું હતું. રણભૂમિમાં દોડાદોડીથી ઉડતી ધુળ, કપાઈ જતા વીરોના લોહીથી ધોવાઈ જવાથી, સ્વચ્છ બનેલા રણાંગણમાં, ક્રોધમાં આવેલા મહારથીઓનું પરસ્પર દ્વંદ્વયુદ્ધ ચાલ્યું. સૂર્યપ્રભ ને શ્રુતશર્મા, પ્રભાસ ને દામોદર, સિદ્ધાર્થ ને મહોત્પાત, પ્રહસ્ત ને બ્રહ્મગુપ્ત, વીતભીમ ને સંગમ, ચંદ્રગુપ્ત ને પ્રજ્ઞાઢ્ય, પ્રિયંકર ને અક્રમ, સર્વદમન ને અતિબળ, કુંજરકુમાર ને ધુરંધર—એક બીજા સંગે અતુલિત બળથી યુદ્ધ ક્રીડા કરતા હતા. બીજા મહારથીઓ પોતાને યોગ્ય બીજાઓની સાથે જૂદી જૂદી રીતે યુદ્ધ કરવા મચ્યા હતા.

પ્રથમ મહોત્પાતે બાણો મારીને સિદ્ધાર્થનાં બાણોને કાપી નાંખ્યાં અને રથના સારથિઓને તથા ઘોડાઓને છેદી નાંખ્યા, એટલે રથ વગરનો સિદ્ધાર્થ પગપાળો થઈ, હાથમાં લોઢાનો દંડ લઈ, મહોત્પાત તરફ દોડ્યો, અને ગદાવતી તેના રથના અને ઘોડાના ચુરેચુરા કરી નાંખ્યા. ત્યાર પછી પગપાળાઓમાં પગપાળા સિદ્ધાર્થે, મહોત્પાતની સાથે બાહુયુદ્ધ કરી, તેને જમીન ઉપર પટક્યો. પણ જ્યાં સિદ્ધાર્થ મહોત્પાતને મસળી નાખવાની ઇચ્છા કરે છે, એવામાં તેના પિતા ભગે, તે વિદ્યાધરનો બચાવ કર્યો અને તે વિદ્યાધર રણભૂમિમાંથી ઉઠીને નાશી ગયો. પછી પ્રહસ્ત અને બ્રહ્મગુપ્ત બન્ને જણા એક બીજાને પગપાળા કરી, જૂદા જૂદા યુદ્ધકળાના પ્રયોગવડે તરવારથી યુદ્ધ કરવા લાગ્યા. પ્રહસ્તે ક્રમે કરી યુદ્ધકળાના એક પ્રયોગાવડે તરવારવતી બ્રહ્મગુપ્તની ઢાલને કાપી નાંખી અને તેને યુક્તિથી જમીન ઉપર પછાડ્યો. પછી તે જ્યાં તેનું મસ્તક કાપી નાખવાની ઇચ્છા કરે છે, એવામાં તેના પિતા બ્રહ્માએ અદૃશ્ય આવીને તેને મારતાં અટકાવ્યો. ત્યારે દાનવો બોલ્યા: “અરે, ઓ દેવતાઓ, તમે રણસંગ્રામ જોવા માટે આવ્યા છો કે તમારા પુત્રોનું રક્ષણ કરવા આવ્યા છો ? અહાહા!” આટલું બોલી સર્વે દાનવો હસવા લાગ્યા. એવામાં વીતભીતિએ સંક્રમનું ધનુષ કાપી નાખ્યું, તેના સારથિને મારી નાખ્યો અને તેની છાતિમાં પ્રદ્યુમ્નાસ્ત્ર મારી, તેને પણ મારી નાખ્યો. રથ ભાગી જવાથી પગપાળો પ્રજ્ઞાઢ્ય અને પગપાળો ચંદ્રગુપ્ત, પરસ્પર તરવારથી યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધમાં પ્રજ્ઞાઢ્યે, ચંદ્રગુપ્તનું મસ્તક છેદી તેને યમપુરીમાં મોકલી દીધો. પોતાના પુત્રના મરણથી ગુસ્સે થયેલા ચંદ્રમા પોતે ત્યાં આવ્યા, અને પ્રજ્ઞાઢ્ય સાથે યુધ્ધ કરવા લાગ્યા. આ બન્ને જણાનું યુદ્ધ સમાન ચાલ્યું. રથનો નાશ થવાથી પગપાળા થયેલા પ્રિયંકરે એક તરવારના પ્રહારથી પગપાળા અક્રમના બે કટકા કરી નાખ્યા. સર્વદમને રણસંગ્રામમાં અતિબળનું ધનુષ કાપી નાંખી, તેની છાતિમાં અંકુશ ભોંકી મારી નાખ્યો; કુંજરકુમારે લડાઈમાં ચક્ર તથા ગોફણોથી યુદ્ધ કર્યું ને તેનો પ્રતિઉત્તર પણ તેવાજ વેગથી મળ્યો. પણ છેલ્લે શસ્ત્રવડે ધુરંધરના રથને ભાગી નાખ્યો અને ધુરંધરને પગે ચાલતો કર્યો. તુરત વિક્રમશક્તિ તેને માટે નવો રથ લઈ, તેની તરફથી લડવા આવ્યો. તેણે અસ્ત્રશસ્ત્રની કુશળતા બતાવી, કુંજરકુમારનાં અસ્ત્રોનું વારણ કરવા માંડ્યું, ત્યારે કુંજરકુમાર ઘણો ગુસ્સે થયો. તેણે એક મોટી શિલા ઉપાડી, વિક્રમશક્તિના રથ ઉપર નાંખી કે વિક્રમશ-



ક્તિના રથના ચુરેચુરા થઈ ગયા, અને તે ત્યાંથી નાશી ગયો; ત્યારે કુંજરકુમારે તેજ શિલાપાટવતી ધુરંધરના ફુરચેફુરચા ઉરાડી દીધા. સૂર્યપ્રભ, શ્રુતશર્મા સાથે યુદ્ધ કરતો હતો. તે ત્યાંથી છટકી જઈ, યુદ્ધકુશળતાથી વિરોચનના મરણથી વ્યાપેલા ક્રોધને વશ થઈ, તેણે એકજ બાણથી દમને મારી નાખ્યો. દમના મરણથી અશ્વિનીકુમારો યુદ્ધ કરવા માટે આકાશમાંથી પૃથ્વીપર ઉતરી પડ્યા. પણ સુનીથે તેમને આગળ જતા અટકાવ્યા. તેઓ વચ્ચે મોટું યુદ્ધ થયું. સ્થિરબુદ્ધિએ યુદ્ધમાં શક્તિ મારી પરાક્રમને મારી નાખ્યો; અને તેના મરણથી આઠ વસુઓ ગુસ્સે થઈ લડવા આવ્યા અને તેમની સાથે પણ સ્થિરબુદ્ધિએ યુદ્ધ કર્યું. પ્રભાસ જો કે દામોદર સાથે યુદ્ધ કરતો હતો, તોપણ તેણે બીજી પાસા નજર કીધી તો જણાયું કે મર્દને,પ્રભાસના રથને ભાગી નાખી તેને પગપાળો કરી મૂક્યો છે, એટલે દામોદર સાથે યુદ્ધ કુશળતા દર્શાવી, એક બાણથી મર્દનને મારી નાંખ્યો. પ્રકંપન દાનવે યુદ્ધમાં હથીઆરનું યુદ્ધ કરી, તેજઃપ્રભને મારી નાંખ્યો. તેજઃપ્રભના મરણથી અગ્નિદેવ કોપાયમાન થયા અને લડવા દોડ્યા. પ્રકંપને તેની સાથે યુદ્ધ કર્યું. ધૂમકેતુએ સંગ્રામમાં યમદંષ્ટ્રને મારી નાંખ્યો, તે જોઈ યમરાજાએ ગુસ્સે થઈ તેનાપર દંડ ઉગામ્યો એટલે ધૂમકેતુએ તેની સાથે મહાદારુણ યુદ્ધ કીધું. સિંહદંષ્ટ્રે પત્થરની પાટવતી સુરોષણને લોહમય કરી નાખ્યો. તેના મરણથી નિશ્વતિને ગુસ્સો ચડ્યો. તે તેની સાથે લડવા આવ્યો. તેની સાથે પણ સિંહદંષ્ટ્રે સજ્જડ બાથ ભીડી. કાલચક્રે પણ વાયુબળ સાથે યુદ્ધ કરી, ચક્રથી તેના બે કકડા કરી નાખ્યા. આ જોઈ વાયુ, વિપરિત બની ક્રોધાગ્નિથી બળવા લાગ્યો અને લડવાને સામો થયો, એટલે કાળચક્રે તેની સાથે પણ યુદ્ધ કર્યું. મહામાય અને કુબેરદત્તનું પરસ્પર યુદ્ધ ચાલ્યું. એ યુદ્ધમાં કુબેરદત્ત સર્પનું રૂપ ધારણ કરીને આવ્યો, ત્યારે મહામાયે ગરુડનું રૂપ ધારણ કર્યું; કુબેરદત્તે પર્વતનું સ્વરૂપ ધારણ કર્યું કે મહામાયે વજ્રનું રૂપ ધારણ કર્યું; કુબેરદત્તે વૃક્ષનું રૂપ ધારણ કર્યું એટલે મહામાયે અગ્નિનું રૂપ લીધું. આમ એક એક કરતાં અધિક રૂપ ધારણ કરી, તેઓ યુદ્ધ કરવા લાગ્યા. અંતે મહામાયે મોહ કરનારા કુબેરદત્તને મારી નાખ્યો. કુબેરદત્તનું મરણ થયું જાણી કુબેર ગુસ્સે થઈ ગયઃ અને તે પણ મહામાય સાથે યુદ્ધ કરવા આવ્યા. આ પ્રમાણે બીજા દેવતાઓ પણ પોતાના અંશીનું મરણ નિપજવાથી ગુસ્સે થઇને એ લડાઇમાં ઉતરતા હતા. આ સંગ્રામમાં પગલે પગલે ઉંચા કૂદતા દાનવો અને મનુષ્યો, બીજા વિદ્યાધરોને પણ મારતા હતા.

એવામાં પ્રભાસને દામોદર વચ્ચે, સામા સામા હથીઆરોવતી મહા ભયંકર યુદ્ધ ચાલવા માંડ્યું. દ્વંદ્વમાં પ્રભાસે, દામોદરના ધનુષના કટકા કરી નાખ્યા, અને તેના સારથિને મારી નાખ્યો. દામોદરે, તરત બીજું ધનુષ લઈ, રશ્મી સાથે યુદ્ધ કરવા માંડ્યું, એટલે બ્રહ્માએ દામોદરને ધન્યવાદ આપ્યો; ત્યારે ઇંદ્રે બ્રહ્માને પૂછ્યું: “પૂજ્યદેવ ! જે હારી ગયો હતો તેના ઉપર આપ પ્રસન્ન કેમ થયા ?” ત્યારે બ્રહ્મા બોલ્યા: “ઇંદ્ર, જે પ્રભાસ સાથે આ પ્રમાણે દમ લીધા વિના લડે છે તેના ઉપર હું કેમ પ્રસન્ન થાઉં નહીં ? આ દામોદર વિષ્ણુના અંશમાંથી ઉત્પન્ન થયો છે, માટે તે આટલીવાર સુધી પ્રભાસ સામા ટકી શક્યો છે; બીજાની તો ગતિજ નથી. ! દામોદર વગર

બીજો કોઈ પણ **પ્રભાસ** સાથે યુદ્ધ કરી શકે તેમ નથીઃ આ રણસંગ્રામમાં **પ્રભાસ**ની આગળ સઘળા તુચ્છ છે. પૂર્વે જે **નમુચિ** નામનો રાક્ષસ હતો ને જેણે દેવતાઓનો નાશ કર્યો હતો તે, સર્વ રત્નમય **પ્રબળ** નામનો દાનવ જન્મ્યો હતો અને તેજ હમણાં **ભાસ**ને ઘેર **પ્રભાસ**રૂપે જન્મ્યો છે. માટે આ **પ્રભાસ**નો કોઈ પણ પરાજય કરી શકે તેમ નથી. પ્રાચીનકાળમાં **ભાસ** પણ કાળનેમિ નામનો મહા અસુર હતો, તે બીજે જન્મે **હિરણ્યકશિપુ** હતો, ત્યાર પછી કપિંજલ થઇને અવતર્યો હતો અને હમણાં **ભાસ** જન્મ્યો છે. **સુમુંડીક**ને નામે અસુર હતો તે **સૂર્યપ્રભ** જન્મ્યો છે. જે પૂર્વ જન્મમાં **હિરણ્યાક્ષ** હતો, તે હમણાં **સુનીથ**ને નામે જન્મ્યો છે. આ **પ્રહસ્ત** વગેરે જે મોટા મોટા શૂરાઓ છે તે સઘળા દૈત્ય અને દાનવ છે. જે જે દૈત્ય દાનવોને તમે માર્યા છે, તે અસુરો ફરીને જન્મ્યા છે અને એટલા માટેજ **મય** વગેરે તેઓના પક્ષનો આશ્રય કરીને રહ્યા છે. જો આ **બળી** રાજા પણ, પોતાના ઇષ્ટદેવ **શંકર**નો **મહારુદ્ર** કરવાથી, બંધનમાંથી મુક્ત થઈ, **સૂર્યપ્રભ**ની સાથે આ સંગ્રામ જોવા માટે અહિ આવ્યા છે. જ્યાં સુધી તારું રાજ્ય છે ત્યાં સુધી તે પોતાનું વચન પાળવા માટે પાતાળમાં રહેશે; અને તારા રાજ્ય પછી તે ઇંદ્રપદને પામશે. હમણાં આ સઘળા પક્ષને **શંકરે** પોતાની તરફેણમાં લીધા છે, માટે આ વખત તમારો જય થશે નહીં, માટે સલાહ કરો તો ઠીક. લડી મરવાથી કશું ફળ નથી!” આ પ્રમાણે **બ્રહ્મા**, ઇંદ્રને કહેતા હતા એવામાં **પ્રભાસે**, પાશુપતાસ્ત્ર નામનું મહાભયંકર અસ્ત્ર **દામોદર** ઉપર ફેંક્યું. **વિષ્ણુએ** સર્વનો સંહાર કરનારું રુદ્રનું તેજસ્વી અસ્ત્ર જોઈ, પુત્ર ઉપરના પ્રેમથી સુદર્શન ચક્ર, **પ્રભાસ** ઉપર મૂક્યું. બન્ને સમાન અસ્ત્ર પરસ્પર યુદ્ધ કરવા લાગ્યાં.

એ યુદ્ધથી ત્રણભુવનો અણચિંતવ્યા સંહારના ભયથી ખળભળવા લાગ્યાં. **વિષ્ણુ** બોલ્યાઃ “**પ્રભાસ**! તું તારું અસ્ત્ર હરી લે એટલે હું મારું અસ્ત્ર પાછું લઈ લઉં.” **પ્રભાસે** પ્રત્યુત્તર વાળ્યો; “મેં જે અસ્ત્ર મૂક્યું છે, તે અસ્ત્ર વ્યર્થ જનારું નથી, તેથી પાછું ફરશે નહીં; પણ **દામોદર** જો રણસંગ્રામ છોડીને પાછો જાય તો હું મારું અસ્ત્ર આવરી લઉં.” આ પ્રમાણે **પ્રભાસે** કહ્યું, એટલે **વિષ્ણુ** ભગવાન્ બોલ્યા; “તેમ હોય તો તારે પણ મારા ચક્રને માન આપવું; કારણ કે બન્નેનાં અસ્ત્રો સફળ થવાં જોઇએ.” આવું **હરિ**નું વચન સાંભળી, સમયસૂચક **પ્રભાસ** બોલ્યોઃ “બહુસારું, તમારું ચક્ર મારા રથને ભલે ભાગી નાખે.” **હરિએ** તે વાત કબૂલ કરી. પછી **દામોદર** રણભૂમિમાંથી પાછો ગયો, **પ્રભાસે** પોતાનું અસ્ત્ર પાછું સંકેલી લીધું, અને **હરિ**નું ચક્ર તેના રથ ઉપર પડ્યું, એટલે તે રથના કટકે કટકા થઈ ગયા. પછી **પ્રભાસ** બીજા રથમાં બેસી **સૂર્યપ્રભ**ની પાસે ગયો, અને **દામોદર** પણ **શ્રુતશર્મા**ની પાસે ચાલ્યો ગયો.

ત્યાર પછી ઇંદ્રના અંશીપણાને લીધે ગર્વિષ્ટ બનેલા **શ્રુતશર્મા**ની સાથે, **સૂર્યપ્રભ**ને અત્યંત ભયંકર દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. યુદ્ધમાં **શ્રુતશર્મા** પ્રયત્નપૂર્વક જે જે હથીઆરો **સૂર્યપ્રભ** ઉપર ફેંકતો હતો, તે તે આયુધોને **સૂર્યપ્રભ** સામાં અસ્ત્રો મારીને એક ક્ષણમાં હઠાવી દેતો હતો. પછી **શ્રુતશર્માએ** માયાઓ ચલાવવા માંડી. તે જે જે માયાઓ ચલાવતો હતો તે તે માયાની સામા બીજી માયાઓ રચી **સૂર્યપ્રભ** તેનો નાશ કરતો હતો. એથી **શ્રુતશર્મા**ને અત્યંત ક્રોધ વ્યાપ્યો. તેનું કંઈ ન ચાલ્યું



ત્યારે છેલ્લે **બ્રહ્માસ્ત્ર** મૂક્યું. કૃતકૃત્ય થયેલા **સૂર્યપ્રભે** પાશુપતાસ્ત્ર મૂક્યું. ભયંકર પાશુપતાસ્ત્રે બ્રહ્માસ્ત્રના કટકે કટકા કરી નાંખ્યા ને તે અસ્ત્ર વેગથી જ્યાં **શ્રુતશર્મા**નો પરાભવ કરવા જાય છે, એવામાં તો ઇંદ્ર આદિ લોકપાળો ક્રોધિત થઈ ગયા અને પાશુપતાસ્ત્રને ચારે તરફથી વજ્ર વગેરે મારવા લાગ્યા. પરંતુ તે પાશુપતાસ્ત્ર તે સઘળા આયુધોનો પણ પરાજય કરી, **શ્રુતશર્મા**ને મારવાની ઇચ્છાથી, અત્યંત ઝળઝળાટ બળવા લાગ્યું. પછી **સૂર્યપ્રભે** પાશુપતાસ્ત્રની સ્તુતિ કરીને તેને જણાવ્યું કે, તું **શ્રુતશર્મા**ને મારીશ મા, પણ તેને કેદ કરીને મારી પાસે લાવ. એટલે તે અસ્ત્ર **શ્રુતશર્મા**ને કેદ કરવા દોડ્યું. સઘળા દેવતાઓ લડવા માટે તૈયાર થઈ ગયા. દેવતાઓનો પરાજય કરવાની ઇચ્છાથી બીજા પ્રેક્ષક અસુરો પણ લડવા તૈયાર થયા. એ પ્રમાણે સંગ્રામલીલા જોઈ, તત્ક્ષણે **શંકરે** **વીરભદ્ર** નામના પોતાના ગણને દેવતાઓ પાસે મોકલ્યો. તે **શંકર**ની આજ્ઞા પ્રમાણે આવીને આ પ્રમાણે બોલ્યોઃ “તમો સઘળા સંગ્રામ જોવા માટે આવ્યા છો, તો તમો લડો છો શા માટે? તમે મર્યાદાનું ઉલ્લંઘન કરશો તો તેમાંથી બીજુંજ અઘટિત પરિણામ નિપજશે.” તે સાંભળી દેવતાઓ બોલ્યાઃ “આ સંગ્રામમાં અમારા કેટલાએક પુત્રો મરી ગયા છે અને કેટલાએક હવે મરશે; માટે અમે શા માટે યુદ્ધ કરીએ નહીં? પુત્ર ઉપર જે પ્રેમ હોય છે તે પ્રેમ ત્યજી શકાતો નથી, માટે પુત્રોના બચાવ વાસ્તે, શક્તિ પ્રમાણે અવશ્ય તેમના શત્રુઓનો નાશ કરવોજ જોઇએ, માટે તેમાં અમારું અણઘટતું કામ શું છે?” આ પ્રમાણે દેવતાઓએ જવાબ આપ્યો, **વીરભદ્ર** ચાલ્યો ગયો, અને પછી દેવ અને દાનવો વચ્ચે મહાભયંકર યુદ્ધ શરુ થયું.

**સુનીથ**, **અશ્વિનીકુર** સાથે લડવા લાગ્યો; **પ્રજ્ઞાઢ્ય**, **ચન્દ્રમા** સાથે લડવા લાગ્યો; **સ્થિરબુદ્ધિ**, **વસુઓ** સાથે લડવા લાગ્યો; **કાળચક્ર**, **વાયુ** સાથે લડવા લાગ્યો; **પ્રકંપન**, **અગ્નિ** સાથે લડવા લાગ્યો; **સિંહદંષ્ટ્ર**, **નિર્ઋતિ** સાથે લડવા લાગ્યો; **પ્રમથન**, **વરુણ** સાથે લડવા લાગ્યો. **ધૂમ્રકેતુ**, **યમ** સાથે લડવા લાગ્યો; અને **મહામાય** ધનાધિપ **કુબેર** સાથે લડવા લાગ્યો. આ પ્રમાણે અસ્ત્રશસ્ત્રથી દેવતાઓ, દાનવો અને દૈત્યો પરસ્પર લડવા લાગ્યા. છેવટે દેવતાઓ ઉંચી ઉંચી જાતનાં–મોટાં આયુધો વાપરવા લાગ્યા; પણ **શંકરે** હુંકારથી સર્વ મોટાં મોટાં અસ્ત્રનો નાશ કરી નાખ્યો. કોપિત **કુબેર** ગદા ઉગામીને લડવાને તૈયાર થયો, ત્યારે **શંકરે** તેને સમજાવીને બેસાડી દીધો. થોડીવારમાં દેવતાઓ, કે જેનાં હથીઆરો ભાગી ગયાં હતાં તે સર્વે, રણભૂમિમાંથી પલાયન કરી ગયા. પછી ઇંદ્ર પોતે ક્રોધ ધરી **સૂર્યપ્રભ** સાથે યુદ્ધ કરવા આવ્યો, અને તેના ઉપર હજારો બાણ વર્ષાવ્યાં. **સૂર્યપ્રભે** તેનાં સઘળાં અસ્ત્રોને રમતાં રમતાં નાશ કરી દીધા પછી પોતાના કામઠાને કાન સુધી ખેંચી, તે વડે સો તીર ઇંદ્રને માર્યાં. દેવરાજા ઇંદ્રને ઘણો જ ગુસ્સો ચઢ્યો. તેણે વજ્ર ઉપાડ્યું, ત્યારે **શંકરે** હુંકાર કર્યો કે તેનું વજ્ર ભાગી ગયું; અને ઇંદ્ર પરાજય પામી ચાલ્યો ગયો. ત્યાર પછી **નારાયણ** પોતે ક્રોધ કરીને ક્રોડો તીરોનો અને બીજા અસ્ત્રોનો વર્ષાદ કરી, **પ્રભાસ** સાથે યુદ્ધ કરવા આવ્યા. **પ્રભાસ** તેની સામે સ્થિર ઉભો રહીને અસ્ત્રોથી લડવા લાગ્યો. યુદ્ધમાં **સૂર્યપ્રભ**ના રથના કટકે કટકા થઈ ગયા અને તે રથ વગરનો

થયો, એટલે બીજા રથમાં બેસી પ્રથમની માફક જ હરિ સાથે લડવા લાગ્યો. ત્યારે હરિને ગુસ્સો ચઢ્યો અને તેણે બળતું ચક્ર સૂર્યપ્રભ ઉપર છુટું મૂક્યું. પ્રભાસે પણ દિવ્ય તરવારને મંત્રીને હરિ ઉપર મૂકી, જેથી ચક્ર અને તરવાર બન્ને દારુણ યુદ્ધ કરવા લાગ્યાં. શંકરે તર વારને ચક્ર કરતાં જરા નબલી જોઈ એટલે તેણે મોટી ગર્જના કરી, જેથી ચક્ર અને તરવાર બન્ને આકાશમાં અંતર્ધાન થઈ ગયા. પણ એટલામાં તો શ્રુતશર્મા કેદ પકડાયો. સૂર્યપ્રભનો વિજય થયો, અસુરો હર્ષ પામ્યા, દેવતાઓ દિલગીર થઈ ગયા. પછી દેવતાઓ શંકરની સ્તુતિ કરી આરાધના કરવા લાગ્યા, ત્યારે શંકરે તેમના ઉપર પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે; "સૂર્યપ્રભે જે કામ કરવાની પ્રતિજ્ઞા કરી છે, તે કામ શિવાય બીજા કામ માટે વર માગો!" દેવતાઓ બોલ્યાઃ "મહારાજ ! આપે જે કામ કરવાનો નિશ્ચય કર્યો હોય તે કામને કોણ ફેરવી શકે તેમ છે ? પરંતુ મહારાજ ! અમે પણ જે કાર્ય આ શ્રુતશર્માને માટે નિશ્ચય કરી મૂક્યું છે તે કામ પણ સત્ય થવું જોઈએ; પણ અમારા અંશનો નાશ થવો જોઇએ નહીં." આટલું કહી, દેવતાઓ બોલતા બંધ પડી ગયા. પછી શંકરે તેઓને કહ્યુંઃ "તમે સલાહ કરો તો તે બની શકે તેમ છે અને અહીં સંધિનો કરાર આ પ્રમાણે છે. શ્રુતશર્મા તથા તેનાં માણસો સૂર્યપ્રભને પ્રણામ કરે, ત્યાર પછી તમારા બન્નેનું જેમ હિત થશે તેમ અમે કરીશું." એ પ્રમાણે શંકરનું વચન સાંભળી દેવતાઓ- એ તે સ્વીકર્યું, અને શ્રુતશર્માને સૂર્યપ્રભની આગળ નમાવ્યો. ત્યાર પછી દેવતાઓએ અને દાનવોએ પરસ્પર વૈર મૂકી, એક બીજાને આલિંગન કરી, પરસ્પર સલાહ કરી, શાંતિથી વર્તવા માંડ્યું. પછી સર્વ દેવતાઓ અને દાનવોના સાંભળતાં ભગવાન શંકરે, સૂર્યપ્રભને આ પ્રમાણે કહ્યુંઃ "સૂર્યપ્રભ ! તું તારું ચક્રવર્તીપણું દક્ષિણ તરફની અર્ધવેદીમાં ચલાવ; અને ઉત્તર તરફની અર્ધવેદી શ્રુતશર્માને ચક્રવર્તીપણું ચલાવવા આપ. પુત્ર ! થોડા વખતમાં આ કરતાં ચારગણું, કિન્નર વગેરે સઘળા આકાશચારીઓનું ચક્રવર્તીપદ તને મળશે. જ્યારે તને તે અધિક પદવી મળે, ત્યારે તારે દક્ષિણ અર્ધવેદી પણ કુંજરકુમારને અર્પણ કરવી." આટલું કહીને શંકર છેવટે બોલ્યા કે; "આ રણસંગ્રામમાં ઉભય પક્ષના જે શૂરાઓ મરણ પામ્યા છે, તે સર્વે જીવતા થાઓ અને તેમનાં શરીરો ઘા વગરનાં થાઓ." આટલું કહી શંકર અંતર્ધાન થઈ ગયા, અને રણસંગ્રા- મમાં જે મરણ પામ્યા હતા તે સઘળા સુઇને ઊઠ્યા હોય તેમ બેઠા થયા.

અરિમર્દન સૂર્યપ્રભ, શંકરની આજ્ઞા મસ્તકે ચઢાવી, એકાંત અને વિશાળ ભૂમિમાં જઈ, મોટા સિંહાસન ઉપર બેઠો. એવામાં શ્રુતશર્મા ત્યાં આવ્યો. તેને પણ પોતે પોતાના અર્ધ સિંહાસન ઉપર બેસાર્યો. સૂર્યપ્રભના મિત્રો પ્રભાસ વગેરે તથા શ્રુતશર્માના મિત્રો દામોદર વગેરે, સૂર્યપ્રભ તથા શ્રુતશર્માની બાજુએ બેઠા. તે શિવાય સુનીથ, મય વગેરે દાનવો, તથા વિદ્યાધરના રાજાઓ, યથોચિત રાજ્યાસન ઉપર બીરાજ્યા. ત્યાર પછી પાતાળના દૈત્ય દાનવના સઘળા રાજાઓ, પ્રહ્લાદજી વગેરે, ઘણા હર્ષથી ત્યાં આવ્યા. ઇંદ્ર લોકપાલ વગેરેને લઈને તથા ગુરુપુરઃસર પણ ત્યાં આવ્યા. વિદ્યાધર સુમેરુ આવ્યો, સુવાસકુમાર આવ્યો, દનુ વગેરે સઘળી કશ્યપની સ્ત્રીઓ આવી, અને સૂર્યપ્રભની સ્ત્રીઓ પણ ભૂતાસન વિમાનમાં બેસીને ત્યાં



આવી. ત્યાં આવેલાં સઘળાં પરસ્પર પ્રેમ બતાવીને પોતાને યોગ્ય સ્થાને બેસી ગયાં. પછી દનુની સખી સિદ્ધિ, દનુના કહેવાથી આ પ્રમાણે બોલીઃ "હે દેવતાઓ અને દાનવો ! અમારાં દેવી દનુ પૂછે છે કે, આ પ્રેમસમાજમાં આપણે શાંત મનથી જે સુખ મેળવ્યું છે, તે સુખનો તમે કોઇ દિવસ પણ અનુભવ કર્યો હોય તો કહો ! તે આજ્ઞા કરે છે કે, હવે તમારે પરસ્પર વિરોધ કરવો નહીં. કારણ કે તેમાંથી દારુણ દુઃખ મળે છે. હિરણ્યાક્ષ વગેરેએ સ્વર્ગનું રાજ્ય મેળવવા માટે કલહ કર્યો હતો, પણ તે તો મરી ગયા છે. આજે તો ઇંદ્ર જ મોટો રહ્યો છે, માટે તેની સાથે વિરોધ શો કરવો ? હવે પરસ્પર વૈરનો ત્યાગ કરી સુખમાં રહો, જેને લીધે અમને પણ સંતોષ થાય અને ત્રણ લોકનું પણ કલ્યાણ થાય." આ પ્રમાણે ભગવતી દનુનું વાક્ય, સિદ્ધિદ્વારા સાંભળી, ઇંદ્રે બૃહસ્પતિના મુખ તરફ જોયું, ત્યારે તે બોલ્યાઃ–"જો અસુરો દેવતાઓ તરફ વૈરભાવ રાખે નહીં તો આ દેવતાઓને અસુરો પ્રત્યે કંઇપણ વૈર છે જ નહીં." આ પ્રમાણે દેવગુરુ બૃહસ્પતિએ કહ્યું, ત્યારે દાનવનો રાજા મય બોલ્યો–"જો દાનવોના મનમાં વૈરભાવ હોય તો નમુચિ, મરી ગયેલાઓને સજીવન કરનારા ઉચ્ચૈઃશ્રવા અશ્વ ઇંદ્રને શા માટે અર્પણ કરે ? અને પ્રબળ પોતાનું શરીર દેવતાઓને કેમ અર્પણ કરે ? બળી રાજા ત્રણ ભુવન વિષ્ણુને અર્પણ કરી પાતાળમાં કેમ વાસ કરે ? અને અયોદેહ પોતાનું શરીર વિશ્વકર્માને કેમ અર્પણ કરે ? સ્નેહ વગર તે વાત સંભવતી નથી. વધારે તો હું એટલું જ કહું છું કે, દાનવો પણ હંમેશાં સત્કાર કરનારા છે. માટે તેને જો કપટથી દુઃખ દેવામાં આવે નહીં તો તેઓના મનમાં જરા પણ વૈરભાવ રહે નહિ." આ પ્રમાણે મયદાનવે કહ્યું, એટલે સિદ્ધિએ ભાષણ કર્યું. પછી દેવદાનવોએ પરસ્પર કંઠાલિંગન કરી પ્રેમ બાંધ્યો.

## કામચૂડામણિ સાથે થયેલાં લગ્ન.

એ અરસામાં પાર્વતીએ જયા નામની એક પ્રતિહારીને મોકલી. તે ત્યાં આવી. સઘળાએ તેને માન આપ્યું. પછી તે સુમેરુને કહેવા લાગીઃ–"મને દેવી પાર્વતીએ મોકલી છે ને તને કહેવરાવ્યું છે કે અમારી, કામચૂડામણિ દીકરી મારી પરમ ભક્ત છે. તે કન્યાનાં લગ્ન સત્વર સૂર્યપ્રભની સાથે કર." આ પ્રમાણે જયાએ કહ્યું, એટલે સરલ સ્વભાવનો સુમેરુ બોલ્યોઃ–"જો મને દેવી પાર્વતી આ કામ કરવા માટે આજ્ઞા કરતાં હોય તો તેઓએ મારા ઉપર પરમ અનુગ્રહ કર્યો છે એમ હું સમજું છું. કેમકે શંકરે પણ આગળ આ જ બાબત માટે મને આજ્ઞા કરી હતી." આ પ્રમાણે સુમેરુએ જયાને કહ્યું, એટલે જયાએ સૂર્યપ્રભને કહ્યુંઃ "સૂર્યપ્રભ ! તારે કામચૂડામણિને પટ્ટરાણીપદે સ્થાપવી. આ રાણી તને બીજી રાણીઓ કરતાં અધિક પ્યારી થઈ પડશે. એ પ્રમાણે દેવી ગૌરીએ, પ્રેમપૂર્વક તને પણ આજ્ઞા કરી છે." સૂર્યપ્રભે જયાનો સારી પેઠે આદરસત્કાર કર્યો અને જયા એ પ્રમાણે કહીને અદૃશ્ય થઈ ગઈ. સુમેરુએ તે જ દિવસે સત્વર લગ્નનો નિશ્ચય કર્યો. તેણે એક વેદી રચાવી, તેના સ્તંભ અને તેની જમીન રત્નથી જડાવી. રત્નની કાંતિના પૂરથી તે આખી વેદી જાણે અગ્નિથી ભરપૂર હોય તેમ ઝગારા મારતી હતી. પછી સુમેરુએ પોતાની પુત્રી

કામચૂડામણિને બોલાવી. તેનું લાવણ્ય નિહાળી દેવ દાનવોનાં નેત્ર પણ ઠરી ગયાં. તેનું લાવણ્ય ઉમા સમાન હતું, એમ કહેવામાં કંઈ પણ આશ્ચર્ય જેવું નથી. કેમકે **પાર્વતી હિમાલયથી** જન્મ્યાં છે, પણ આ કન્યા તો **સુમેરુથી** જન્મી છે. ***સુમેરુએ** તે કન્યાને જૂદાં જૂદાં વસ્ત્રાલંકાર પહેરાવીને શણગારીને લગ્ન વેદિકા ઉપર બેસારી. પછી અગ્નિની સાક્ષીએ તે કન્યા **સૂર્યપ્રભને** અર્પણ કરી. એટલે **સૂર્યપ્રભ**, જેના હાથમાં દનુએ મંગળ કંકણ બાંધ્યું હતું તેણે **કામચૂડામણિ** કન્યાના કરને ગ્રહણ કર્યો. જ્યારે ચોખા ઉરાડવાનો સમય થયો ત્યારે પ્રથમ ચોખાનો ખોબો ઉરાડયો કે, તે જ વખતે **ભવાનીએ**, **જયાને** દિવ્ય અક્ષયમાલા આપીને મોકલી હતી તે ત્યાં આવી પહોંચી, અને તેણે તે અક્ષયમાળા **કામચૂડામણિને** પહેરાવી દીધી. **સુમેરુએ** અણમોલ રત્નો અર્પણ કર્યાં, અને **ઐરાવતથી** ઉત્પન્ન થયેલો દિવ્ય હાથી કન્યાદાનમાં આપ્યો. બીજીવાર ચોખા ઉરાડતી વખતે **જયાએ** એક રત્નમાળા ભેટ કીધી. આ માળામાં એવો ગુણ હતો કે, જો તે કંઠમાં પડી હોય તો મૃત્યુ, ભુખ, તરસ કોઈ પણ દુઃખ દઈ શકે નહીં; વળી **સુમેરુએ** પાછાં બમણાં રત્નો અર્પણ કર્યાં. અને **ઉચ્ચૈઃશ્રવાથી** જન્મેલો ઉત્તમ અશ્વ દાનમાં દીધો. ત્રીજીવાર ચોખા ઉરાડ્યા, પછી **જયાએ** એકાવળ હાર આપ્યો. આ હાર પહેરવાથી સદાકાળ તરુણાવસ્તા જ રહે, વૃદ્ધાવસ્થા જ આવે નહીં અને **સુમેરુએ** ત્રણ ગણાં રત્નનો ઢગલો દાનમાં અને સર્વ સિદ્ધિ આપનારી એક દિવ્ય ગોળી અર્પણ કરી.

વિવાહ થઈ રહ્યા પછી **સુમેરુએ** ત્યાં આવેલા દેવતાઓને, અસુરોને, વિદ્યાધરોને અને દેવમાતાઓને કહ્યું:—"હું તમને બે હાથ જોડીને કહું છું કે, તમારે સઘળાએ આજ મારે ઘેર ભોજને પધારવું." **સુમેરુની** આ પ્રમાણેની વિનતિ સઘળાએ હજી કબુલ કરી નથી, તેટલામાં તો ત્યાં **નંદી** આવ્યો. સઘળાંએ **શંકરગણને** પ્રણામ કર્યાં. પછી **શંકરગણ નંદીએ** તેઓને જણાવ્યું:—"તમને **શંકર** આજ્ઞા કરે છે કે, તમારે **સુમેરુને** ઘેર ભોજન કરવું, કારણ કે તે મારો એકનિષ્ઠ ભક્ત છે. તમે તેના અન્નનું ભોજન કરશો તો તમને ચિરકાળપર્યંત તૃપ્તિ રહેશે." **નંદીકેશ્વરના** મુખથી **શંકરનાં** વચન સાંભળી સઘળાએ જમવા જવાને તત્પર થયા. પછી ત્યાં **વિનાયક**, **મહાકાળ** અને **વિરભદ્રની** આગેવાની નીચે **શંકરે** મોકલેલા હજારો ગણો આવ્યા. તેમણે ભોજનની સામગ્રી ક્ષણવારમાં તૈયાર કરી દીધી. બેસવા માટે પ્રથમ પંક્તિનું સ્થળ સાફ કરાવ્યું અને તેના ઉપર ક્રમ પ્રમાણે દેવતા, ગંધર્વ, અસુર તથા મનુષ્યોને બેસાડી દીધા. પછી **સુમેરુએ** પોતાની **વિદ્યાથી** ભાતભાતનાં ભોજનો તૈયાર કર્યાં હતાં તે પીરસ્યાં. **શંકરની** આજ્ઞાથી **કામધેનુએ** પણ અનેક ભોજનો તૈયાર કર્યાં હતાં. તે સર્વ ભોજનો પણ **શંકરના** ગણો, જાનૈયાને પીરસવા લાગ્યા. **વીરભદ્ર**, **મહાકાળ** અને **ભૃંગિ** વગેરે, દેવતાઓ અને દાનવોને યથોચિત ભોજનમાં પ્રેમ ઉપજાવવા લાગ્યા. આ વખતે જમનારા લોકોને ખુશ કરવા માટે બીજી તરફ દેવતાઈ સ્ત્રીનો અલૌકિક નાચ થવા લાગ્યો અને તેમાં મધુર સંગીત

* આ વાક્યમાં શ્લેષ ચમત્કૃતિ છે. હિમાલય તો હિમમય છે, પણ મેરુ તો સુવર્ણમય છે–વિશેષ પ્રતાપિ છે એમ જણાવ્યું છે.



ગુંજવા માંડ્યું; તથા ગંધર્વ ચારણો 'જયજય' રૂપી સંતોષના શબ્દો બોલવા લાગ્યા. ભોજન કરી ઉઠ્યા બાદ **નંદીશ્વરે** સર્વને સુગંધી દિવ્ય પુષ્પો, વસ્ત્ર અને આભરણો પહેરામણીમાં આપ્યાં. પછી સઘળા **શંકરના** ગણ, નાયકો, દેવ વિગેરેનું સન્માન કરી, જેમ આવ્યા હતા તેમ પાછા ચાલ્યા ગયા.

સઘળા દેવતાઓ, અસુરો, **દિતિ** વિગેરે તેમની માતાઓ, અને **શ્રુતશર્મા** વગેરે, **સુમેરુની** રજા લઈ પોતપોતાને સ્થાનકે ગયા. **સૂર્યપ્રભ**, પોતાની સ્ત્રી અને મિત્ર તથા તેમની પત્ની સહિત વિમાનમાં બેસી પ્રથમ **સુમેરુના** તપોવન વિષે ગયો. ત્યાંથી તેણે પોતાના ભાઈ **રત્નપ્રભને** અને અન્ય રાજાઓને પોતાનો ઉદય જણાવવા માટે, પોતાના મિત્ર **હર્ષને** તેઓની પાસે મોકલ્યો. સાયંકાળ થયા પછી **સૂર્યપ્રભ** શયન મંદિરમાં ગયો, જ્યાં રત્નજડિત પલંગ ઉપર **કામચૂડામણિ** રાણી તેની રાહ જોતી બેઠી હતી. આ રાણી નવોઢા હતી, માટે તે સહજ શરમાતી હતી, પરંતુ રાજાએ ધીમે ધીમે તે મુગ્ધ નવોઢાને દૃઢ આલિંગન, ચુંબન કરીને અને અધરો તથા કપોળ ઉપર દંતક્ષત કરીને રંજન કરી અને તેની શરમને દૂર મુકાવી દીધી; અને તેની સાથે મુખથી કહી શકાય નહીં એવા ઘણા સુંદર, ચતુર અને મનમોહક, મધુરતાથી ભરેલા નવલ સુરત સમાગમનો સંગ્રામ કરી, અનિર્વાચ્ય રસનો અનુભવ કર્યો—એવો સુરતરસ બીજી રાણીઓ તરફથી તેણે પોતે પૂર્વે મેળવ્યો જ ન હતો. **સૂર્યપ્રભ** તે **કામચૂડામણિ** ઉપર લટ્ટુ બની ગયો, અને તેને કહ્યું: "પ્રિયે! આ વખતે બીજી રાણીઓ મારા અંતઃકરણમાં રમતી નથી પણ તુંને તું જ એક મારા મનમાં રમી રહી છે." આમ બોલી તેને ખુશી કરી દીધી. આ પ્રમાણે રતિ સમાગમ કર્યાં પછી, રાજા પોતાની પ્યારીને આલિંગન કરતો નિદ્રાવશ થઈ ગયો. પ્રિયાના આલિંગનથી તે રાત્રિ અને તે નિદ્રા બન્ને આનંદમાં હળવે હળવે પસાર થઈ ગયાં.

## સૂર્યપ્રભને વિદ્યાધરપદ પ્રાપ્ત થયું.

નિર્મળ અરુણોદયે પ્રભાતનું સુંદર તેજસ્વી મુખ બતાવ્યું **સૂર્યપ્રભ** નિદ્રામાંથી જાગૃત થયો. શયન ગૃહમાંથી નિકળી, અને પોતાની **પ્રથમની** રાણીઓ, જે તેની સાથે હતી તેની પાસે જઈ, તેમને મધુર વચનથી રંજન કીધી. તે રાણીઓ વક્રોક્તિવાળાં મધુર અને નિર્મળ વિનોદનાં વચનો બોલીને, નવવધૂ ઉપર આસક્ત થયેલા રાજાની મશ્કરિયો કરવા લાગી. આવો આનંદ વ્યાપ્યો હતો, એટલામાં તો કંચુકીએ અંદર આવીને જણાવ્યું કે "સુષેણ નામનો વિદ્યાધર આવ્યો છે, અને તે આપને મળવા ઇચ્છે છે." **સૂર્યપ્રભે** તેને અંદર આવવા માટે ફરમાવ્યું કે તે વિદ્યાધર અંદર આવી, વિજયી **સૂર્યપ્રભને** પ્રણામ કરીને વિનતિ કરવા લાગ્યો કે; "મહારાજ! મને **ત્રિકૂટનાથ** વગેરે વિદ્યાધરેશ્વરોએ આપની પાસે મોકલ્યો છે, અને તેઓ મારી મારફતે આપને જણાવે છે કે, 'આજથી ત્રીજે દિવસે, **ઋષભાદ્રિ** પર્વત ઉપર તમારો માંગલિક અભિષેક થવાનો છે, માટે તે વાત તમે સઘળાને જણાવો, અને તેની તૈયારી કરવા માંડો." તે સાંભળી **સૂર્યપ્રભે** તે જ વખતે દૂતને પ્રત્યુત્તર આપ્યો "તું **ત્રિકૂટનાથ** વગેરે વિદ્યાધર રાજાઓની પાસે જઈને મારું કહેતું કહે કે, 'તમે જ તે વિશે આરંભ કરો અને સર્વને જણાવો. અમે તો તૈયાર થઈને ઉભા

જ છીએ; પણ સઘળાને યથોચિત જાણ કરીશું." આ પ્રમાણે સૂર્યપ્રભનો પ્રતિસંદેશો લ સુષેણ રવાના થયો, અને તુરત સૂર્યપ્રભે પોતાના રાજ્યાભિષેક મહોત્સવમાં દેવતાઓને, યાજ્ઞ-વલ્ક્ય આદિ મુનિઓને, રાજાઓને, વિદ્યાધરોને અને અસુરોને નિમંત્રણ કરવા માટે, પ્રભાસ વગેરે પોતાના મિત્રોને જૂદા જૂદા મોકલ્યા.

પછી તે શંકર તથા પાર્વતીને નિમંત્રણ કરવા માટે એકલો કૈલાસ પર્વત તરફ ગયા. થોડીવાર ચાલતાં કૈલાસ નજરે પડ્યો. તે સફેદ વિભૂતિ જેવો શ્વેત રંગનો હતો અને દેવ ર્વે તથા સિદ્ધ પુરુષોને સેવવા લાયક એક શ્રુતશંકર હોય તેના જેવો જણાતો હતો. સૂર્યપ્રભ આ વિશાળ પહાડ ઉપર ધીમે ધીમે ચઢ્યો. આ પર્વત ચઢવામાં ઘણો દોહેલો હતો. તે અર્ધ પર્વત ઉપર ચઢીને આમ તેમ જુવે છે, તો ત્યાં તેણે એક પરવાળાંથી જડિત દ્વાર દીઠું. સૂર્યપ્રભ સિદ્ધિમા હતો, તોપણ તે તેની અંદર પેસવા ગયો, પણ અંદર પેસી શક્યો નહીં; ત્યારે તે શંકરની માનસિક સ્તુતિ કરવા લાગ્યો. સ્તુતિ પૂરી થતાં એક ગજમુખ પુરુષે તેનાં દ્વાર ઉઘાડીને કહ્યું: "એ પુરુષ ! તારા ઉપર ગણપતિ પ્રસન્ન થયા છે, તું અંદર આવ."

તે સાંભળી સૂર્યપ્રભ આશ્ચર્ય પામ્યો, અને અંદર જઈને જુવે છે તો એક તેજસ્વી મોટી શિલા ઉપર ગણપતિને બિરાજમાન દીઠા. તેનું તેજ બાર આદિત્ય જેવું ઝળહળી રહ્યું હતું, તેને એક દંત હતો, મોટું પેટ હતું, ત્રણ નેત્ર હતાં, પરશુ અને મુદ્ગર ચકચકાટ કરતાં હતાં, તેમની આસપાસ જૂદાં જૂદાં પ્રાણીઓના મુખવાળા ગણો વીંટી વળી ઉભા હતા. આ પ્રમાણે શોભા સંયુક્ત વિનાયકનાં દર્શન કરી, સૂર્યપ્રભે તેમના ચરણમાં પ્રણામ કર્યાં. પછી વિઘ્નવિનાશન ગણપતિએ, સૂર્યપ્રભના ઉપર પ્રસન્ન થઈ તેને આવવાનું કારણ પૂછ્યું. સૂર્યપ્રભે કારણ વિદિત કર્યાં પછી પ્રેમમળ ગંભીર વાણીથી ગજાનન બોલ્યા—"અરે સૂર્યપ્રભ ! તું આ માર્ગેથી ઉપર ચઢી જા !" એટલે સૂર્યપ્રભ બતાવેલે માર્ગે, બીજી પાંચ યોજન ઉંચી જમીન ઉપર ચડ્યો. ત્યાં બીજું પદ્મરાગમણિનું બનાવેલું મોટું બારણું તેના જોવામાં આવ્યું. તેમાં તે પ્રવેશ કરવા લાગ્યો, પણ ત્યાં અંદર જઈ શક્યો નહીં. પછી તેણે એકમનથી શંકરના સહસ્ર નામ લઈ, તેની સ્તુતિ કીધી કે કાર્તિકસ્વામીના કહેવાથી પુત્ર વિશાખે બારણું ઉઘાડ્યું; અને સૂર્યપ્રભને અંદર દાખલ કર્યો. સૂર્યપ્રભ અંદર જઈને જુવે છે તો ઝળ-ઝળાટ અગ્નિ જેવા તેજસ્વી કાર્તિકસ્વામીનાં દર્શન થયાં. તેની આસપાસ શાખ, વિશાખ વગેરે તેના પાંચ કુમારો બેઠા હતા. તેમ જ જન્મથી જ સરળ સ્વાભાવના તથા દુષ્ટ ભૂત પ્રેતનો નાશ કરનારા ને વારંવાર તેના ચરણમાં પ્રણામ કરનારા કોટિ ગણરાજો, તેને વીંટીને બેઠા હતા. કાર્તિકસ્વામીએ ઘણા પ્રસન્ન થઈ, સૂર્યપ્રભને આવવાનું કારણ પૂછ્યું, એટલે તેણે તે જણાવ્યું. કાર્તિકસ્વામીએ પણ તેને આગળ ચઢવાનો માર્ગ બતાવ્યો. તે માર્ગે આગળ જતાં રત્નનાં પાંચ બારણાંઓ જોવામાં આવ્યાં. આ બારણાંઓને ભૈરવ, મહાકાળ, વીરભદ્ર, નંદી અને ભૃંગી, એ પાંચ જણાએ રુંધી રાખ્યાં હતાં. તે પાંચ બારણાંને પણ ક્રમવાર શંકર-ગણની સહાયતાથી તે ઓળંઘી ગયો, અને કૈલાસ પર્વત ઉપર ગયો. છેલ્લે આઠમું સ્ફાટિક



મણિનું બારણું આવ્યું. ત્યાં પહોંચ્યા પછી તે શંકરની સ્તુતિ કરવા લાગ્યો, એટલે રુદ્રોમાંથી એક રુદ્ર, સૂર્યપ્રભને આદર સહિત અંદર દાખલ કર્યો. સૂર્યપ્રભ અંદર ગયો અને જુવે છે તો શંક-રનું, સ્વર્ગ કરતાં પણ સુંદર ધામ દૃષ્ટે પડ્યું. આ ધામમાં દિવ્ય સુગંધીદાર પવન ફડફડાટ કરી રહ્યો હતો; હંમેશાં નવપલ્લવ વૃક્ષ, પુષ્પ અને ફળોથી લચી રહ્યાં હતાં; ગંધર્વો અને અપ્સરાઓ થન-થન થેઈ થેઈકાર નૃત્ય કરી રહી હતી. આવા સુંદર ભુવનના એક ભાગમાં સ્ફાટિકમણિના સિંહાસન ઉપર, ત્રિનેત્ર શંકર બિરાજમાન થયા હતા. શંકરની કાંતિ સ્વચ્છ સ્ફાટિકમણિ જેવી હતી; તેણે માથે પીંગળી જટાનો અંબોડો વાળ્યો હતો; મસ્તક ઉપર મનહર તિલકરૂપે અર્દ્ધચંદ્ર ધારણ કર્યો હતો અને પાર્વતી દેવી તેની સમીપમાં બેસી તેની સેવા કરતાં હતાં. ભવ્ય સ્વરૂપી શંકરનાં દર્શન કરી, આનંદથી, શંકર અને પાર્વતીની નજીકમાં જઈ, સૂર્યપ્રભે સાષ્ટાંગ પ્રણામ કર્યાં. ભગવાન્ શંકરે તેનો વાંસો થાબડી ઉઠાડ્યો અને પૂછ્યું: "પુત્ર ! "તું અહીં શા માટે આવ્યો છો?" સૂર્યપ્રભે પ્રત્યુત્તર દીધો: "મહારાજ! મારા અભિષેકનો સમય નજીક આવ્યો છે, માટે આપ તે સમયે મારી સમીપ પધારવાની કૃપા કરો એમ ધારી, વિનતિ કરવા આવ્યો છું." શંકરે કહ્યું: "આટલા જ કામ માટે તારે આટલો બધો કલેશ ને શ્રમ લેવાનું શું કારણ હતું ? પુત્ર! જો તારે મને બોલાવવો હતો તો ત્યાં જ મારું સ્મરણ કરવું હતું." આમ કહીને તે વધુ બોલ્યા: "બહુ સારું, જા, હું તારી પાસે આવીશ." આ પ્રમાણે કહી ભક્તવત્સલ શંકરે પોતાની પાસે, બેઠેલા ગણને બોલાવીને કહ્યું: "અલ્યા ગણ! મોટા ચક્રવર્તીઓનું અભિષેકસ્થાન ઋષભપર્વત છે, માટે આને અભિષેક કરવા માટે ઋષભપર્વત ઉપર લઈ જા." આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી, એટલે તે ગણ શંકરને પ્રદક્ષિણા અને પ્રણામ કરી, સૂર્યપ્રભને પોતાના ખોળામાં બેસારી, ઋષભપર્વત ઉપર મૂકીને, તે જ વખતે પોતાની સિદ્ધિના પ્રતાપથી અદૃશ્ય થઈ ગયો. પછી સૂર્ય-પ્રભના મિત્રો, કામચુડામણિ વગેરે રાણીઓ, વિદ્યાધરના રાજાઓ, ઇંદ્ર વગેરે દેવતાઓ, મય વગેરે અસુરો, મહર્ષિઓ, શ્રુતશર્મા, સુમેરુ, સુવાસકુમાર એ સર્વ, ઋષભપર્વત ઉપર, સૂર્યપ્રભની પાસે આવ્યા. સૂર્યપ્રભે તે સર્વને યથાયોગ્ય માન આપ્યું અને શંકરદર્શન વગેરેનું વૃત્તાંત કહી બતાવ્યું. તેઓએ સૂર્યપ્રભનું કહેલું વૃત્તાંત સાંભળી તેને ધન્યવાદ આપ્યો.

પ્રભાસ વગેરે પોતે સુવર્ણના અને મણિના ઘડામાં નદી, નદ અને સમુદ્ર આદિ તીર્થોનું જળ લઈ આવ્યા, અને તેમાં જૂદી જૂદી ઔષધિ નાંખી અભિષેક જળ તૈયાર કીધું. એવામાં ત્રિપુરારિ શંકર, પાર્વતી સહવર્તમાન ત્યાં પધાર્યાં. દેવ, અસુર, વિદ્યાધર, રાજાઓ અને મહર્ષિઓએ પ્રણામ કર્યાં. સૂર્યપ્રભને વિદ્યાધરના ચક્રવર્તી રાજ્ય સિંહાસન ઉપર બેસાર્યો. ઋષિઓ જૂદાં જૂદાં તીર્થના પવિત્ર જળથી તેને અભિષેક કરવા લાગ્યા અને દેવદાનવોએ સ્વસ્તિવાચનની ગર્જનાથી આકાશ ગજાવી મુક્યું. વ્યવહાર કુશળ મયદાનવે ઘણા હર્ષથી સૂર્યપ્રભને પટો બાંધ્યો અને મુકુટ પહેરાવ્યો કે તુરત આકાશમાં અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને દેવતાનાં દુંદુભિ તથા તુરીઓ ગડગડવા લાગ્યાં. સૂર્યપ્રભને સર્વ ક્રિયા કર્યાં પછી, મહર્ષિઓએ કામચૂડામણિ રાણીને પણ અભિષેક કરી મહારાણીપદે સ્થાપી. પછી દેવ અને અસુરો વિદાય થયા અને સૂર્યપ્રભ ચક્રવર્તીએ,

પોતાના ભાઇઓ, સ્નેહીઓ અને મિત્રોની સાથે રહી અભિષેક નિમિત્ત એક મોટો ઉત્સવ કર્યો. કેટલાક દિવસ વીત્યાબાદ **શંકરના** કહેવાથી પોતાની વેદી–ગાદીનો ઉત્તર તરફનો અર્ધ ભાગ **શ્રુતશર્માને** અર્પણ કર્યો, અને પ્રથમની રાણી છતાં પણ બીજી રાણીઓને પણ પરણી, ઘણા કાળ સુધી મિત્રોની સાથે રહી ચક્રવર્તીની રાજ્ય લક્ષ્મી ભોગવી આ પ્રમાણે સૂર્યપ્રભને મનુષ્ય છતાં પણ **શંકરની** કૃપાના પ્રતાપથી વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય મળ્યું હતું.

વિદ્યાધરમાં શ્રેષ્ઠ **વજ્રપ્રભ** આ પ્રમાણે **વત્સરાજાની** આગળ વાર્તા કરી, **નરવાહનદત્તને** પ્રણામ કરી આકાશમાં ચાલ્યો ગયો. તેના જવા પછી **નરવાહનદત્ત**, વિદ્યાધરના ચક્રવર્તી રાજાની પદવીની વાટ જોતો થકો, પોતાની પટ્ટરાણી **મદનમંચુકા** સહિત, પિતા **વત્સરાજના** ઘરમાં રહી આનંદમાં કલ્લોલ કરતો હતો.

**સૂર્યપ્રભ લંબક સંપૂર્ણ.**

શ્રી

## મહાકવિ શ્રીસોમદેવ ભટ્ટવિરચિત

# કથાસરિત્સાગર.

( ભાષાંતર. )

## नवमलंबक–अलंकारवती.

### તરંગ ૧ લો.

નિશુંભના ભારવડે નમી ગયેલી પૃથ્વી ઉપરના વાંકા વળેલા પહાડો પણ જાણે નૃત્ય કરતા જે વિનાયકને નમન કરતા જણાય છે, તે વિનાયકને અમે નમસ્કાર કરીએ છીએ.

### નરવાહનદત્તની કથા.

**વત્સરાજાનો** પુત્ર **નરવાહનદત્ત**, વિદ્યાધરોના રાજાનાં ચરિત્રો સાંભળતો **કૌશાંબી** નગરીમાં પોતાના પિતાના ઘરમાં આનંદ કલ્લોલ કરતો હતો. એક વખત રાજકુમાર, **ગોમુખની** સાથે સેના લઇને મૃગયા રમવા માટે ગયો. રસ્તામાં સેનાને છોડી દઈ, તે મોટા જંગલમાં ધસ્યો ગયો જતાં જતાં તેની જમણી આંખ ફરકવા લાગી ને તેને શુભ ફળની પ્રાપ્તિ થશે એમ સૂચન થયું. થોડીવારમાં **નરવાહનદત્તે**, દેવતાઈ વીણાના સ્વરસંયુક્ત સંગીતનો ધ્વનિ સાંભળ્યો. તે ગીતના શબ્દાનુસારે રાજકુમાર તે તરફ દોરાયો. થોડે દૂર ગયો એટલે સ્વયંભૂ **શંકરનું** એક મંદિર તેની નજરે પડ્યું. તે જોઈ, ઘોડેથી ઉતરી રાજકુમાર ઘોડાને એક ઝાડે બાંધી તે મંદિરમાં ગયો. દાખલ થતાં તેને **શંકરનાં** દર્શન થયાં અને ઘણી દિવ્ય કન્યાઓથી વિંટાયેલી એક દિવ્ય કુમારિકાને પણ ત્યાં વીણા વગાડતી જોઈ. તે જ સમયે સમુદ્ર જેમ કાંતિપૂરને ઝરનારી ચંદ્રની નિર્મળ મૂર્તિ જોઈ ક્ષોભ પામે છે, તેમ **નરવાહનદત્તનું** મન તે લાવણ્યમયી કન્યાને જોઈ ક્ષોભ પામી ગયું. પેલી કન્યા પણ રસ ભરેલા સ્નિગ્ધ અને મુગ્ધ નેત્રવડે **નરવાહનદત્તને** જોઈ તેના ઉપર પ્રેમમગ્ન બની ગઈ. તે સ્વરના આરોહઅવરોહ વિસરી ગઈ. ત્યાર પછી **વત્સરાજના** પુત્રની સાથે રહેલો **ગોમુખ**, સ્વામીના

મનનો અભિપ્રાય જાણી, તે દિવ્ય કન્યાની સખીને જ્યાં પૂછવાનો વિચાર કરે છે કે' 'આ કન્યા કોની છે; અને તે કોણ છે?, એટલામાં તો, સુવર્ણ જેવી લાલ વર્ણી, તેના જેવી જ સુંદર, એક પ્રૌઢ વિદ્યાધરી આકાશમાંથી નીચે ઉતરી આવી, અને તે કન્યાની પાસે બેઠી. તે કન્યાએ ઉઠીને તે વિદ્યાધરીને પ્રણામ કર્યા. પછી પેલી પ્રૌઢ વિદ્યાધરીએ તે કન્યાને આશીર્વાદ આપી કહ્યું; "પુત્રિ! તું વિઘ્ન વગર વિદ્યાધરના ચક્રવર્તી પતિ સાથે પરણીશ !" આ સાંભળી **નરવાહનદત્ત**, તે વિદ્યાધરીની પાસે જઈ તેને પ્રણામ કરી, ધીમે ધીમે શાંત સ્વભાવવાળી તે વિદ્યાધરીને પૂછવા લાગ્યો–"માતુશ્રી, આ કન્યા કોણ છે? અને તેને તમારી સાથે શો સંબંધ છે તે કહો." તે વિદ્યાધરી તેને કહેવા લાગી, "સાંભળ તને તે કહું છું તે—

## અલંકારવતીનું ચરિત્ર.

**હિ**માચલ ઉપર શ્રી **સુંદરપુર** નામનું એક નગર છે. તેમાં **અલંકારશીલ** નામને એક વિદ્યાધર રાજ કરતો હતો. તે રાજા ઉદાર સ્વભાવનો હતો. તેની પટ્ટરાણીનું નામ **કાંચનપ્રભા** હતું. તે રાણીથી રાજાને એક પુત્ર પેદા થયો હતો. જ્યારે આ પુત્રનો જન્મ થયો ત્યારે **ગૌરી**એ સ્વપ્નમાં આવીને તેને જણાવ્યું હતું કે, 'આ કુમાર ધર્મપરાયણ થશે.' એ ઉપરથી **અલંકારશીલે** તે કુમારનું નામ **ધર્મશીલ** પાડ્યું. જ્યારે જિતેંદ્રિય **ધર્મશીલ**ને યુવરાજની પદવી મળી, ત્યારે તે ધર્મમાં પરાયણ થઈ, પિતાને અને પ્રજાને અધિક રંજન કરવા લાગ્યો. થોડે કાળે રાજા **અલંકારશીલ**ની રાણી **કાંચનપ્રભા** પુનઃ ગર્ભવતી થઈ, અને તેણે એક પુત્રીને જન્મ આપ્યો. આ કન્યાના જન્મ વખતે આકાશવાણી થઈ હતી કે, "આ કન્યા ચક્રવર્તી રાજા **નરવાહનદત્ત**ની સ્ત્રી થશે." કન્યાના પિતાએ તેનું **અલંકારવતી** એવું નામ પાડ્યું, અને તે બાળક કન્યા **ચંદ્ર**માની ચઢતી કળાની માફક દિનપ્રતિદિન વધવા માંડી. કેટલોક કાળ વીત્યા પછી તે પોતાના પિતા પાસેથી વિદ્યા ભણી તરુણાવસ્થામાં આવી. તે ભક્તિ ભાવથી **શંકર**ના મંદિરે મંદિરે ભટકવા લાગી. તેનો ભાઈ **ધર્મશીલ** જે શાંત હતો તે પણ તરુણ થયો. તેણે એક સમે એકાંતમાં પોતાના પિતા **અલંકારશીલ**ને વિનતિ કરી કે; "પતાજી! આ સંસારના વૈભવોપર મને પ્રીતિ નથી, કારણ કે તે ક્ષણભંગુર છે. આ સંસારમાં એવી કોઈ વસ્તુ છે કે જે પરિણામે નીરસ થાય નહી? સર્વ વસ્તુ પરિણ[illegible]ન દુઃખકર થઈ પડે છે, તે વિષયમાં આપે **વ્યાસમુનિ**નું વચન સાંભળ્યું હશે. તે કહે છે કે–"સંગ્રહ [illegible] માત્ર છેવટે નાશ થવાના છે અને ઉન્નત થયેલા સર્વ, પરિણામે પડનારા છે. એટલે ઉદય પામેલાનો અસ્ત [illegible] થશે. જેટલા સંયુક્ત છે તે સઘળા છેવટે વિયોગ પામશે અને જીવવું છે તે પરિણામે મરણ [illegible] માટે છે'. માટે પિતાજી, કોઈ પણ નાશવંત વિષયોમાં વિદ્વાનોને પ્રેમ કેમ થાય? વળી ધનસંગ્રહ [illegible] અને વૈભવો પરલોકમાં સાથે આવતા નથીઃ માત્ર એક ધર્મ જ ખરો બંધુ છે, કે જે એક પગ[illegible]લું પણ પોતાના સંબંધીને છોડતો નથી." પુત્ર **ધર્મશીલ**નું આવું બોલવું સાંભળી, **અલંકારશીલ**[illegible]ના આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને તે બેબાકળો થઈ પુત્રને પૂછવા લાગ્યો;–"ભાઈ! તું હજ[illegible] બાળક છે એટલામાં તારી બુદ્ધિને આ શો ભ્રમ થયો? તથા તરુણાવસ્થા ભોગવ્યા પછી જ સ[illegible] [illegible]ઇચ્છા શાંત થાય છે. શું તારે કોઈ સુંદર સુંદરી સાથે પરણી, ધર્મથી રાજ્ય ચલાવવાનો અને વૈભ[illegible]ેા ભોગવવાનો આ



સમય નથી?" પિતાના આવાં વચન સાંભળી, **ધર્મશીલ** પુનઃ બોલ્યો; "પિતાજી! મનોનિગ્રહ કરવો કે મનોનિગ્રહ ન કરવો, તેમાં કંઈ અવસ્થાકૃત નિયમ નથી. જો કોઈ બાળક ઉપર ઈશ્વરનો અનુગ્રહ થઈ જાય છે, તો તે પણ સંસારથી સત્વર વિરક્ત થાય છે; પરંતુ જો કોઈ નીચ માણસ હોય છે તો તે વૃદ્ધ થયા છતાં પણ સંસારથી વિરક્ત થતો નથી. મને રાજ્ય ઉપર પ્રેમ નથી, સ્ત્રી સાથે લગ્ન કરવામાં પણ પ્રેમ નથી. મારા જીવતરનું એ જ ફળ માનું છું કે, **શિવ**ને પ્રસન્ન કરવા માટે મારે તપ કરવું." આ પ્રમાણે બોલતા પુત્રને તેના પિતા **અલંકારશીલે** બહુ બહુ પ્રકારે સમજાવ્યો, તોપણ તે સમજ્યો નહીં. જ્યારે તેનો દૃઢ નિશ્ચય જાણ્યો ત્યારે તેને પિતા અશ્રુપાત કરતો બોલ્યો–"રે પુત્ર! તું હજી તરુણાવસ્થામાં છે, છતાં માયીક સુખમાંથી તને વૈરાગ્ય વ્યાપ્યો છે, તો હું જે વૃદ્ધ તેને કેમ વૈરાગ્ય વ્યાપતો નથી? આજથી હું પણ વનવાસ કરીશ." આ પ્રમાણે કહી મર્ત્ય લોકમાં જઈ તેણે બ્રાહ્મણોને અને દરિદ્રોને હજારો અને લાખો રત્નો અને અપાર સુવર્ણ દાનમાં આપ્યું અને પછી પોતાના શ્રી **સુન્દરપુર** નગરમાં આવીને **કાંચનપ્રભા** રાણીને કહ્યું; "દેવિ! તારે મારી આજ્ઞા પાળવી હોય તો, આ શહેરમાં રહી તારે આપણી પુત્રી **અલંકારવતી**નું સંરક્ષણ કરવું, અને એક વર્ષ પૂર્ણ થાય ત્યારે આજની તીથિએ, આ કન્યાનું શુભ લગ્ન કરવું. તે દિવસે હું પોતે આવીને **નરવાહનદત્ત**ને આ કન્યા અર્પણ કરીશઃ તે ચક્રવર્તી જમાઈ આપણા નગરનું પાલન કરશે." રાજાએ રાણીને આ પ્રમાણે કહ્યા પછી, પોતાની આજ્ઞા પ્રમાણે વર્તવાને રાણીને સોગન આપ્યા અને રાણી તથા પુત્રીને વિલાપ કરતાં મૂકી, પુત્ર સહિત તે રાજા વનમાં જઈ રહ્યો. અને તેની સદ્ગુણી રાણી **કાંચનપ્રભા** પોતાની પુત્રી સહિત પતિની આજ્ઞાથી શહેરમાં રહી. કેઈ સદ્ગુણી સ્ત્રી પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરે? પછી, જે માતાનો પોતાની પુત્રી **અલંકારવતી**પર ઘણો પ્રેમ હતો તે માતા ને પુત્રી, **શિવ** મંદિરોમાં ભટકવા લાગ્યાં. એક દિવસે **પ્રજ્ઞપ્તિ** (સર્વ જાણ કરનારી) નામની વિદ્યાએ તે કન્યાને કહ્યું; "તું કાશ્મિરમાં આવેલા સ્વયંભૂ ક્ષેત્રમાં જઈ, ત્યાં **શંકર**નું પૂજન કર. પૂજન કર્યા પછી વિઘ્ન વગર સર્વ વિદ્યાધરનો ચક્રવર્તી રાજા **નરવાહનદત્ત** તારો પતિ થશે!" આ પ્રમાણે તે વિદ્યાએ આજ્ઞા આપી એટલે **અલંકારવતી**એ, પોતાની માતા સહિત કાશ્મિર દેશમાં જઈ, **મહાદેવગિરિ**પર આવેલ **નન્દીક્ષેત્ર**, **સુરૈશ્વર્યગિરિ**પર આવેલા **અમરપર્વત**, **વિજય પર્વત**, કપટેશ્વર ક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં જઈ **શંકર**નું પૂજન કર્યું ને તે પછી તે મા અને દીકરી ઘેર આવ્યાં.

હે સુભગ! આજ તે **અલંકારવતી** છે અને હું તેની મા થાઉં છું. મારું નામ **કાંચનપ્રભા** છે. આજે મારી પુત્રી મને કહ્યા વગર એકલી આ **શિવ** મંદિરમાં આવી. **પ્રજ્ઞપ્તિ** વિદ્યાથી એ વાત મારા જાણવામાં આવી, એટલે હું અહીં આવી, છું. તે વિદ્યાના મુખથી જ અહીંનું મારું આગમન પણ મારા જાણવામાં આવ્યું છે. આ મારી કન્યાને દેવતાએ તમને અર્પણ કરેલી છે તો હવે તમે તેનું પાણિગ્રહણ કરો. તેના પિતા **અલંકારશીલે** આ કન્યાના વિવાહનો દિવસ કહ્યો હતો તે શુભ–માંગલિક દિવસ કાલ પ્રભાતનો છે; માટે આજે હે પ્રિય પુત્ર! તું કોશાંબીમાં પાછો જા અને અમે પણ જઈશું; અને કાલે મારા પતિ, **અલંકારવતી**ના પિતા જે રાજા છે તે પોતે આવીને તને આ કન્યા અર્પણ કરશે.

આ પ્રમાણે કાંચનપ્રભા રાણીએ કહ્યું, તે સાંભળી અલંકારવતી અને નરવાહનદત્તની કંઈક જૂદી જ અવસ્થા થઈ રહી. સાયંકાળ પાસે આવવાથી પરસ્પર એક રાત્રિનો જ માત્ર વિયોગ સહન ન કરી શકવાથી, જેમ ચક્રવાકના અને તેની સ્ત્રીના નેત્રમાં અશ્રુઓ ભરાઇ આવે, તેમ નરવાહનદત્ત અને અલંકારવતીનાં નેત્રોમાં અશ્રુઓ આવી ગયાં. કાંચનપ્રભા બન્ને જણાની આવી સ્થિતિ જોઇને "એક રાત્રિના વિયોગમાં તમને બેને આટલી અધીરતા શી છે ? ધીર પુરુષો તો જેની હદ નિશ્ચય કરવામાં ન આવેલી હોય એવા વિરહને પણ લાંબા વખત સૂધી સહન કરે છે. આ વિષય ઉપર રામભદ્ર અને સીતાના વિયોગની કથા કહું છું તે સાંભળો,"–

## રામ સીતાની કથા.

અયોધ્યા નગરીના રાજા દશરથને રામ નામનો એક પુત્ર હતો. તે, ભરત, શત્રુઘ્ન અને લક્ષ્મણ એ ત્રણેમાં વડો હતો. રામ, વિષ્ણુ અંશમાંથી રાવણને મારવા માટે અવતર્યા હતા. તેને સીતા નામની એક ઘણી પ્યારી રાણી હતી. તે જનક રાજાની પુત્રી હતી. રામના પિતા દશરથે, દૈવયોગે, રાજ્યગાદી ભરતને સોંપી, રામને વનમાં મોકલ્યો, ત્યારે સીતા તથા લક્ષ્મણ સહિત તે વનમાં ગયો. વનમાં રાવણ કપટથી રામની પ્રિયા સીતાનું હરણ કરી, લંકાદ્વીપમાં નાશી જવા લાગ્યો, એવામાં રસ્તામાં જટાયુ નામનો પક્ષી તેની સામે થયો. તેને મારી સીતાને તે લંકાપુરીમાં લઈ ગયો. પછી રામ, સીતાના વિયોગથી દુઃખી થતાં, વનમાં તેની શોધ કરવા મંડ્યા. સીતાને શોધતાં શોધતાં પોતાના સમાન દુઃખી સુગ્રીવ તેને મળ્યો. તેને મળી તેના દુશ્મન વાળીનો નાશ કર્યો અને સુગ્રીવને પોતાના પક્ષમાં લીધો. પછી સીતાની ખોળ કરવા માટે હનુમાનને મોકલી, તેની મારફતે લંકામાં સીતા છે એવા સમાચાર જાણ્યા, ત્યારે રામે સમુદ્ર ઉપર પાજ બાંધી તે દ્વારા લંકામાં જઈ રાવણનો નાશ કરી, લંકાનું રાજ્ય વિભીષણને સોંપ્યું, અને સીતાને પાછાં લઈ, વનમાંથી અયોધ્યામાં આવ્યા; અને ભરતે અર્પણ કરેલું અયોધ્યા નગરીનું રાજ્ય ચલાવવા લાગ્યા. તે પછી થોડે કાળે સીતા રાણી ગર્ભવતી થયાં. એક દિવસે રામભદ્ર પોતાની ઇચ્છાથી નગર ચર્ચા જોવા માટે, થોડાંક માણસોની સાથે શહેરમાં ફરે છે તેવામાં તેણે એક પુરુષને દીઠો. તે પુરુષ પોતાની સ્ત્રી પરને ઘેર ગઈ, આમ તેનો અવગુણ દર્શાવી, તે સ્ત્રીનો હાથ ઝાલી તેને ઘરમાંથી બહાર કાઢી મૂકતો હતો. એટલે તેની સ્ત્રી બોલી કે, "સીતા રાણી રાક્ષસના ઘરમાં રહી આવ્યાં, તોપણ રામભદ્રે તેને બાહેર કાઢી મૂક્યાં નથી, અને તું તો તેના કરતાં પણ વધારે મોટો થયો, જે મને ઘરની બહાર અને નાતિની બહાર કાઢે છે." આવાં વચન સાંભળી રાજા રામભદ્ર મનમાં ખેદાતૂર થયા, અને રાજમહેલની અંદર જઈ લોકોના અપવાદનો ડર ખાઈ, સીતાને વનમાં મોકલી દીધાં. જે માણસ યશસ્વી થવાને ઇચ્છે છે, તે માણસ ગમે તેવો દારુણ વિરહ પણ સહન કરે છે; પણ જેને યશની દરકાર નથી તે વિરહ કે કંઈ પણ સહન કરતો નથી.

આ વાક્યાનુસારે રામ, સીતાનો વિયોગ સહન કરવા લાગ્યા. ગર્ભના ભ" લાગ્યાં, સીતા દેવી દૈવયોગે વાલ્મિકી મુનિના આશ્રમમાં જઈ ચડયાં. ત્યાં આશ્ર' પદ્દરાણ



વાલ્મિકીએ, સીતાને ધીરજ આપીને શાંત કર્યાં, અને પોતાના આશ્રમમાં રાખ્યાં. પણ બીજા મુનિઓ સીતાને આશ્રમમાં આવ્યાં જોઈ, પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, "આ સીતામાં અવસ્ય કલંક હશે તે નિર્દોષ નથી, માટે જ રામભદ્રે તેને રાજધાનીમાંથી કાઢી મૂક્યાં હશે. જો તે નિર્દોષ હોત તો રામ તેનો શા માટે ત્યાગ કરત ? શંકિતાનાં દર્શન કરવાથી આપણને પણ અવસ્ય પાતિક લાગશે. મુનિ વાલ્મિકીએ તો દયાને લીધે તેને આશ્રમમાંથી બહાર કાઢી મૂક્યાં નથી, પણ તેનાં દર્શન કરવાથી જે પાતિક લાગશે તે પાતિકને મુનિ તપથી દૂર કરી નાંખશે. ( પણ આપણામાં તેવું પાતિક બાળવાની શક્તિ નથી ) માટે આપણે તો કોઈ બીજા આશ્રમમાં જઈએ." આ વિચાર મુનિ વાલ્મીકિના જાણવામાં આવ્યો કે તે જ વખતે તેમણે મુનિઓને કહ્યું, "બ્રહ્મર્ષિઓ, આ સીતા દેવી અત્યંત પવિત્ર છે, તે મેં ધ્યાનદ્રષ્ટિથી જોયું છે, માટે તમારે તેને માટે શંકા કરવી નહીં." વાલ્મીકિએ આવી ખાતરી આપ્યા છતાં પણ તે મુનિઓને વિશ્વાસ આવ્યો નહીં, ત્યારે સીતા બોલ્યાં; "હે મહા મુનિઓ! મારા સતીપણાને આપની ઇચ્છામાં આવે તે રીતે કસો, અને હું અસતી ઠરું તો ભલે મારું મસ્તક છેદન કરો !" તે સાંભળી મુનિઓના મનમાં દયા ઉપજી અને સર્વ કહેવા લાગ્યા કે; "આ મહાવનમાં ટીટિભીસર નામનું તીર્થ છે. તે તીર્થની ઉત્પત્તિ આ પ્રમાણે કહી છે. કોઈ એક ટીટોડીને તેના પતિએ, બીજા સાથે સંગ કરવાનું મિથ્યા દૂષણ આપ્યું, તે ઉપરથી અનાથ અને સદ્‌ગુણી ટીટોડી રુદન કરવા લાગી અને પૃથ્વી તથા લોકપાલને શરણે ગઈ. લોકપાલોએ તેને શુદ્ધ કરવા માટે ટીટિભીસર નામનું એક તળાવ બનાવ્યું. તે તીર્થમાં રામભદ્રનાં પત્ની સીતા સ્નાન કરીને શુદ્ધ થાય એટલે બસ." આ પ્રમાણે મુનિઓનું કહેવું સાંભળી સીતા તે તળાવ ઉપર જઈ તેના કિનારા ઉપર ઉભાં રહીને બોલ્યાં; "હે પૃથ્વી-માતા, મેં જો રામભદ્ર શિવાય બીજાનું સ્વપ્નામાં પણ ચિંતવન કર્યું ન હોય તો મને આ તળાવને સામે કાંઠે તરી જવા દેજો, પણ પરપુરુષનું મનન યત્કિંચિત્ પણ સ્મરણ કર્યું હોય તો મને પાર પહોંચાડતાં નહિ." આમ કહી સીતા તળાવમાં ઉતર્યાં કે પૃથ્વી દેવી પ્રકટ દર્શન દઈ તેને પોતાના ઉત્સંગમાં બેસારી સામે કિનારે લઈ ગયાં. સર્વ મુનિઓ સાધ્વી સીતાનું આવું પવિત્રપણું જોઈ તેને પ્રણામ કરવા લાગ્યા; અને રામભદ્રે નિરપરાધી સીતાનો ત્યાગ કર્યો, તે માટે તેના ઉપર ગુસ્સે થઈ, રામભદ્રને શાપ દેવા તૈયાર થયા. પણ સીતા, જે પોતાના પતિના કલ્યાણમાં સદા ઉત્સાહી હતાં તે બોલ્યાં; "મુનિઓ ! તમને હું પ્રણામ કરીને કહું છું કે, તમારે મારા આર્યપુત્ર રામભદ્રનું સંકલ્પથી પણ અમંગળ વિચારવું નહીં. હું પાપિણી જ શાપ સહન કરવાને લાયક છું," આ પ્રમાણે સીતાએ ઋષિઓને શાપ દેતા અટકાવ્યા ત્યારે મુનિઓ વિશેષ પ્રસન્ન થયા અને તેને આશીર્વાદ આપ્યો કે; "તમને પુત્રપ્રાપ્તિ થશે." વનમાં વાલ્મીકિના આશ્રમમાં સીતાજી રહ્યાંછે, તેમને દશ મહીના ગયા કેડે એક બાળક જન્મ્યું; તેનું નામ મુનિ વાલ્મીકિએ લવ રાખ્યું. એક વખતે સીતા બાળકને લઈ સ્નાન માટે ગયાં હતાં અને પર્ણકૂટીમાં કોઈ સાધુની સાથે વામાં મુનિ વાલ્મીકિ ત્યાં આવ્યા અને જુવે છે તો પર્ણકૂટી શૂન્ય દીઠી, એટલે

* હાલધ્ લાગ્યા કે, સીતાને તો ટેવ છે કે બાળકને મૂકીને સ્નાને જવું, તો આજે

બાળક ક્યાં ગયો હશે? બેશક તેને કોઈ પણ શિકારી પ્રાણી ઉપાડી ગયું હશે. હાય, હાય! સીતા સ્નાન કરીને આવશે અને પુત્રને દેખશે નહીં તો તે જીવશે નહિ, પણ મરણ પામશે! લાવ, તપોબળથી બીજું બાળક બનાવું" આમ વિચાર કરી લવના જેવો જ, દર્ભમાંથી એક પવિત્ર કુમાર બનાવ્યો; અને મુનિએ તેને ઝુંપડીમાં સુવાડ્યો. એવામાં સીતા દેવી ત્યાં આવ્યાં અને તેણે બીજા બાળકને જોયું એટલે તે મુનિની પાસે ગયાં અને વિનતિ કરવા લાગ્યાં. "મુનિ મહારાજ! મારો પુત્ર મારી પાસે છે અને આ બીજો બાળક ક્યાંથી આવ્યો?" તે સાંભળી મુનિએ જે પ્રમાણે બન્યું હતું તે પ્રમાણે કહી સંભળાવ્યું, અને બોલ્યા; "હે નિષ્પાપ સીતા! આ પુત્ર પણ તારે ત્યાં જ જન્મવાનો હશે માટે આમ બન્યું છે! આ બીજા પુત્રને પણ તું ગ્રહણ કર. આ પુત્રને મેં મારા તપના પ્રતાપથી દર્ભમાંથી બનાવ્યો છે, માટે આનું નામ કુશ પાડ.' સીતાજી તે કુમારને લઈ તેનું પણ પોષણ કરતાં હતાં. મુનિ વાલ્મીકિએ આ બન્ને કુમારને ક્ષત્રિય ધર્મ પ્રમાણે સંસ્કાર કર્યો અને સીતા બન્ને કુમારને સાથે ઉછેરવા લાગી. આ ક્ષત્રિયના કુમારો બાલ્યાવસ્થામાં જ મુનિ પાસેથી દિવ્ય અસ્ત્ર, શસ્ત્ર, રાજવિદ્યા તથા માયિક વિદ્યા શિખ્યા હતા.

એક દિવસે રામભદ્રના કુમાર લવ અને કુશે, આશ્રમના એક મૃગને મારી તેનું માંસ ખાધું અને મુનિ વાલ્મીકિના પૂજનના શિવલિંગને પોતાનું રમકડું કરીને રમવા લાગ્યા. તે જોઈ મુનિના મનમાં અતિશય ખેદ ઊપજ્યો; પણ સીતાએ મુનિની સ્તુતિ કરી એટલે મુનિએ બન્ને કુમારને આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત બતાવ્યું કે,–"આ લવ, કુબેરના માનસરોવરમાં જઇને ત્યાંથી સત્વર સુવર્ણનાં કમળ અને તેના બગીચામાંથી મંદારનાં પુષ્પો લઈ આવે. એ બન્ને ભાઇઓ આ શિવલિંગનું તે કમળ તથા પુષ્પોથી પૂજન કરશે, એટલે તેમનાં પાતકો દૂર થશે." લવ બાળક હતો તોપણ કૈલાસ પર્વત ઉપર જઈ, ત્યાંના યક્ષોને મારી નાંખી કુબેરના તળાળમાંથી સુવર્ણનાં કમળો અને તેના બાગમાંથી મંદારનાં પુષ્પો લઈ આવ્યો. તે આશ્રમ ભણી પાછો આવતો હતો તેવામાં રસ્તામાં થાકી ગયો, તેથી એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા માટે બેઠો. એ વેળાએ રામભદ્રના નરમેધ–મનુષ્ય યજ્ઞમાં સારા લક્ષણવાળો મનુષ્ય જોઇતો હતો, માટે સુલક્ષણ મનુષ્યને ખોળતા ખોળતા લક્ષ્મણ તે માર્ગે આવી ચઢ્યા. તેમણે લવને યોગ્ય લક્ષણવાળો જોઈ, તેની સાથે મોટું યુદ્ધ કરી, મોહનાસ્ત્ર મારી મૂર્છાગત કરી, ક્ષત્રિયના ધર્મ પ્રમાણે તેને બાંધી, અયોધ્યા નગરીમાં લઈ ગયા.

બીજી બાજુએ મુનિના આશ્રમમાં સીતા, લવના આવવાની વાટ જોતાં હતાં અને ઘણો વાર થવાથી ગભરાટમાં પડી ગયાં હતાં, ત્યારે જ્ઞાની મુનિએ ધ્યાન ધરી બનેલી વિગત જોઈ સીતાને સર્વ વૃત્તાંત કહી શાંત કર્યાં અને કુશને કહ્યું; "બેટા કુશ! લક્ષ્મણ લવને બાંધીને અયોધ્યા નગરીમાં લઈ ગયો છે; માટે આ અસ્ત્રો લઇને તું ત્યાં જા અને તેનાથી લક્ષ્મણનો પરાજય કરી, તારા બંધુને છોડાવી લાવ." આમ કહી મુનિએ તેને દિવ્ય આયુધો આપ્યાં. તુરત કુશ, ચારે તરફથી જેમાં જવા માટે અટકાવ કરવામાં આવ્યો હતો એવી અયોધ્યા નગરીમાં ગયો. યજ્ઞ [illegible] ચડાઈ કરી અને નરમેધ યજ્ઞના કાર્યમાં ભંગાણ પાડ્યું. યજ્ઞ કાર્યમાં અટકાવ થતો જોઈ, [illegible]



કરવા માટે આવ્યા. પણ કુશે દિવ્ય શસ્ત્રથી તેનો પરાજય કર્યો. પછી રામભદ્ર, કુશ તરફ [illegible] તે પણ મુનિ વાલ્મીકિના પ્રતાપને લીધે હથીઆરોવડે કુશનો પરાજય કરી શક્યા નહીં. ત્યારે [illegible] કુશને પૂછ્યું; "તારે યુદ્ધ કરવાનું પ્રયોજન શું છે અને તું કોણ છે?" કુશ બોલ્યો: "તમારો ભાઇ લક્ષ્મણ, મારા મોટા ભાઇને બાંધીને અહીં લઈ આવ્યો છે, માટે હું તેને છોડાવવા સારુ અહીં આવ્યો છું. અમારી માતા જાનકી અમને કહે છે કે, તમે બન્ને રામભદ્રના પુત્ર છો. તે ઉપરથી અમે પિતાનું નામ જાણીએ છીએ. અમો–બન્ને ભાઈનાં નામ લવ તથા કુશ છે." આ પ્રમાણે કુશે પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળતાં વાર રામે તરત લવને કેદખાનામાંથી પોતાની પાસે બોલાવ્યો અને બન્ને જણાને પોતાની કોટે વળગાડ્યા અને 'હું જ તે પાપી રામ છું,' આમ પોતાને ધિઃકારનાં વચનો કહેવા લાગ્યા. તે સાંભળી નગરીનાં માણસો એકઠાં મળીને તે બન્ને કુમારો તરફ પ્રેમ નજરથી જોઈ, સીતાનાં વખાણ કરવા લાગ્યા. રામ બન્ને કુમારોને પોતાના રાજમહેલમાં લઈ ગયા અને વાલ્મીકિ મુનિના આશ્રમમાંથી સીતા રાણીને પાછાં બોલાવ્યાં. પછી રાજ્યકાર્યભાર પુત્રને સોંપી સીતાની સાથે તેઓ આનંદમાં રહેવા લાગ્યા.

એ રીતે જે પુરુષો ધીર હોય છે તે ઘણા દિવસ પર્યંત વિયોગ પીડા સહન કરે છે. તમે બન્ને જણાં એક રાત્રિ પણ વિયોગ સહન કરી શકતાં નથી એ આશ્ચર્ય!" આ પ્રમાણે કાંચનપ્રભા પોતાની પુત્રી અલંકારવતીને અને રાજપુત્ર નરવાહનદત્તને સમજાવી, બીજે દિવસે પ્રભાતમાં આવવા માટે કહી, પોતાની પુત્રીને લઈ આકાશમાર્ગે ચાલી ગઈ. નરવાહનદત્ત ઉદાસ થઈ કૌશાંબી નગરી તરફ વળ્યો.

રાત્રિ થઈ એટલે નરવાહનદત્ત પોતાના શયનગૃહમાં ગયો અને સૂતો; પરંતુ તેને નિદ્રા આવી નહીં. ત્યારે ગોમુખ તેને ખુશી કરવા બોલ્યો, "યુવરાજ! તમને પૃથ્વીરૂપ રાજાની કથા કહું છું તે સાંભળવા જેવી છે:

## પૃથ્વીરૂપ રાજા અને રૂપલતા રાણીનું વૃત્તાંત.

પૂર્વે દક્ષિણ દેશમાં પ્રતિષ્ઠાન નામનું* એક નગર હતું. તે શહેરમાં પૃથ્વીરૂપ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો કાંતિમાન્ હતો. એક વખતે તે રાજાની પાસે બુદ્ધ ધર્મના બે સાધુઓ આવ્યા. તેઓ તે રાજાનું અદ્ભુત સ્વરૂપ જોઈ બોલ્યા; "મહારાજ! અમે સમગ્ર ભૂમંડળને જોઈ વળ્યા છીએ, પણ રૂપમાં તમારા જેવો કોઈ નર કે નારી અમારા જોવામાં ક્યાંઈ પણ આવ્યાં નથી. પરંતુ અમે ફરતા ફરતા મુક્તિપુર દ્વીપમાં ગયા હતા. ત્યાંના રાજા રૂપધરની રાણી હેમલતાને એક રૂપલતા નામની કન્યા છે. તે કન્યા તમારા જેવી જ રુપાળી છે, અને તેને યોગ્ય પુરુષ એક આપજ છો. જો તમારા બેનો વિવાહ થાય તો રુડું થાય." આવાં સાધુનાં વાક્ય સાંભળતાંની સાથે જ, કામનાં બાણો તે પૃથ્વીરૂપના કાનદ્વારા કલેજામાં પેસી, રાજાના હૃદયમાં વાગ્યાં અને તે રાજા તે સાધુ ઉપર તુષ્ટમાન બની ગયો. પછી તેણે પોતાના કુમારિદત્ત નામના ઉત્તમ ચિત્રકારને આજ્ઞા કરી કે, તું એક પડદા ઉપર મારી છબી બરાબર આલેખી, તે લઇને, આ બે સાધુની સાથે મુક્તિપુર દ્વીપમાં જા; અને ત્યાંના રાજા રૂપધર તથા તેની પુત્રી રૂપલતાને, કોઈ

* હાલનું પેઠણ.

...યો મારી છબી બતાવ. પછી જોજે કે રૂપલતા મારાપર મોહ પામે છે કે નહીં અને ...રાજા મને પોતાની પુત્રી પરણાવે છે કે નહીં. તેમ તું પણ રૂપલતાની છબી ચિત્રમાં આળેખી અહીં મારી પાસે લાવ." આ પ્રમાણે કહી રાજાએ ચિત્રકાર પાસે પોતાની છબી એક લુગડાપર ઉતરાવી, તે પછી ચિત્રકારને, સાધુઓ સાથે મુક્તિપુર દ્વીપમાં મોકલ્યો. તે બે સાધુ અને ચિત્રકાર ત્યાંથી નિકળ્યા. તે ચાલતાં ચાલતાં સમુદ્રના કિનારા ઉપર, પત્રપૂર નામના નગરમાં આવી પહોંચ્યા. તે શહેરમાંથી તેઓ વહાણમાં બેઠા, અને સમુદ્ર ઉલ્લંઘીને પાંચમે દિવસે મુક્તિપુર પહોંચ્યા. તે શહેરમાં ગયા પછી, પેલા ચિત્રકારે રાજા પૃથ્વીરૂપની છબીવાળો પડદો, શહેરના મુખ્ય બજારમાં લટકાવ્યો, અને સર્વને જણાવ્યું કે મારા જેવો બીજો કોઈપણ ચિત્રકાર ભૂમંડળમાં નથી. રાજા રૂપધરના જાણવામાં તે વાત આવી, એટલે તેણે તે ચિતારાને બોલાવ્યો. ચિતારો રાજાના તેડાવાથી રાજમહેલમાં ગયો ને રાજાને પ્રણામ કરીને બોલ્યો; "મહારાજ! હું ઘણા દેશોમાં ભટક્યો છું; પરંતુ આ ચિત્રપટપર આલેખેલા પુરુષને લાયક મારા જોવામાં કોઈ પણ એવી લાવણ્યમૂર્તિ આવી નથી કે જેની છબી હું ચિતરું. છતાં જો આજ્ઞા હોય તો કૃપા કરીને મને કહો તો દેવ, મનુષ્ય ને અસુરમાંથી કોઈનું પણ હું ચિત્ર ચિતરીશ. કુમારીદત્તની આ બડાસ સાંભળી રાજાએ પોતાના પુત્રી રૂપલતાને બોલાવી, ચિત્રકારની સામે બેસાડી, "આ મારી પુત્રીની છબી મને ચિતરી બતાવ," એવી ફરમાશ કરી. કુમારીદત્ત ચિત્રકારે, લુગડા ઉપર રૂપલતાને તાદૃશ્ય આળેખી, રાજાને બતાવી. રાજા રૂપધર તે છબી જોઈ ઘણો સંતોષ પામ્યો, અને તે ચિત્રકારને વિચક્ષણ જાણી, પુત્રીને યોગ્ય જમાઈ મેળવવાની ઈચ્છાથી પૂછ્યું; "અરે ભાઈ! તું પૃથ્વી ઉપર ભટક્યો છે, માટે કહે ક્યાંઈ પણ મારી પુત્રી જેવી રૂપાળી સ્ત્રી અથવા રૂપાળો પુરુષ તારા જોવામાં આવ્યો છે?" રાજાએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે તે ચિત્રકાર બોલ્યો; "મહારાજ! પ્રતિષ્ઠાપુરમાં પૃથ્વીરૂપ નામનો રાજા મારા જોવામાં આવ્યો છે—તે આ કન્યા જેવો જ રૂપાળો છે; માટે જો આ કન્યાનાં લગ્ન તેની સાથે થાય તો તે જોડું અપૂર્વ થઈ રહે. તે રાજા ખીલતી જુવાનીમાં છે, તોપણ તેને પોતાના જેવી રૂપાળી કન્યા મળી નથી, તેથી તે હજુ કુંવારો રહ્યો છે. રાજાજી! તે રાજાનું રૂપ આંખને લલચાવે તેવું છે. જ્યારે તે રાજાને મેં દીઠો ત્યારે તેના રૂપ ઉપર આશ્ચર્ય પામી મેં તેની છબી સારી રીતે ઉતારી લીધી છે." તે સાંભળી રૂપધર રાજા બોલ્યો; "શું તે રાજાની ચિત્ર–પ્રતિમા તારી પાસે છે?" "હા, આ ચિત્રપટપરની પ્રતિમા તેની જ છે.' એમ કહી ચિત્રકારે તે ચિત્રનો પડદો રાજાને બતાવ્યો. રૂપધર રાજા, પૃથ્વીરૂપનું લાવણ્ય જોઈ આશ્ચર્ય પામી મસ્તક ડોલાવવા લાગ્યો અને બોલ્યો; "આ ચિત્રપટમાં આળખેલો આ રાજા અમારા જોવામાં આવ્યો, માટે અમને ધન્ય છે; અને જે માણસો આ રાજાનાં પ્રત્યક્ષ દર્શન કરે છે તેઓને અમારા નમસ્કાર છે." રાજકન્યા રૂપલતા, પિતાનું આવું વચન સાંભળીને અને ચિત્રમાં રાજાની છબી જોઈને ઘણી ઉત્કંઠિત થઈ ગઈ, અને બીજું કશું તેના જોવામાં કે જાણવામાં આવતું જ ન હોય તેમ તે સર્વ વિસરી જઈ, કામાતુર બની બેભાન જેવી થઈ ગઈ. રાજા રૂપધર પોતાની પુત્રીને પૃથ્વીરૂપપર કામમોહિત જોઈ ચિત્રકાર કુમારીદત્તને કહ્યું, "તારા



ચિત્રમાં કંઈ પણ તકરાર કરવા જેવું નથી. ખરેખર આ પુત્રીને યોગ્ય પૃથ્વીરૂપ રાજા જ છે; માટે આજ તું મારી પુત્રીનો ચિત્રપટ લઈને તેના નગરમાં સત્વર જા, અને રાજાને તે ચિત્રપટ બતાવ અને તેને સર્વ વાર્તા વિદિત કર. જો તે રાજાને આ સુંદર છબી ગમે તો મારી પુત્રી સાથે પરણવા માટે અહીં આવવાનું મારા તરફથી તેને આમંત્રણ કરજે!" આ પ્રમાણે કહી, બે સાધુઓ અને તેમની સાથે રહેલા ચિત્રકારનો ધનથી સત્કાર કર્યો. પછી તે ત્રણ જણા સાથે પોતાના દૂતને વિદાય કર્યો.

તે સાધુઓ, ચિત્રકાર ને રાજદૂત સર્વે વહાણમાં બેસી સમુદ્ર ઉલ્લંઘી પત્રપૂર આવ્યા અને ત્યાંથી પાછા પ્રતિષ્ઠાનપૂરમાં પૃથ્વીરૂપ રાજાની પાસે આવ્યા. રૂપધર રાજાની જે ભેટ હતી તે કુમારીદત્તે પૃથ્વીરૂપને અર્પણ કરી, ને પછી રાજા રૂપધરનો સંદેશો તેને કહી સંભળાવ્યો, અને કહ્યું, "રાજાજી! તમારું કાર્ય જે પ્રમાણે કરવાનું હતું તે પ્રમાણે મેં કર્યું છે!" આ પ્રમાણે જણાવી કુમારીદત્ત ચિતારાએ રાજાને ચિત્રમાં આળખેલી રૂપલતા બતાવી. આ કન્યાના લાવણ્ય સરોવરમાં રાજાની દૃષ્ટિ એવી તો રસમય થઈ ડૂબી ગઈ કે, રાજા તેને બહાર કાઢવાને પણ અશક્ત થઈ પડ્યો. તેના તરફ જ એકીટસે તે, જોવા લાગ્યો અને જેમ ચકોર પક્ષી પ્રેમપૂર્વક ચન્દ્રની સરેહ ચન્નીનું પાન કરે છે, અને તેનાથી કદી પણ તૃપ્ત થતો નથી, તેમ રાજા પણ તેની લાવણ્યસુધાનું પાન કરતો તૃપ્ત થયો નહીં. રૂપવતી કન્યાની છબી જોઈ, રાજા ચિત્રકારને કહેવા લાગ્યો; "મિત્ર ચિત્રકાર! બ્રહ્મા અને તારો હાથ એ બન્ને પૂજવા લાયક છે. કારણ કે બ્રહ્માએ તેને સરજી, છે અને તેં તેને પડદા ઉપર આળેખી છે. હું રૂપધર રાજાનું માગું સ્વીકારું છું અને મુક્તિપુર દ્વીપમાં જઈ તેની કન્યા સાથે પરણવા સજ્જ થાઉં છું." આટલું કહી ચિતારાનો, સાધુઓનો અને મુક્તિપુરથી આવેલા રાજસેવકનો, ધનથી સારી રીતે સત્કાર કર્યો અને પૃથ્વીરૂપ રાજા ચિત્રપટ તરફ એક મનથી જોતો જ રહ્યો.

તે, તે દિવસે પ્રિયાના વિરહથી એટલો આતુર બની ગયો હતો કે, આખો દિવસ બાગબગીચા વગેરે સ્થળોમાં હરી ફરી ગાળી નાંખ્યો. રૂપલતા સાથે લગ્ન કરવાનો નિશ્ચય કરી, બીજે દિવસે મુક્તિપુર તરફ જાન લઈ તે વિદાય થયો. પૃથ્વીરૂપ રાજાએ જાનમાં જૂદી જૂદી જાતના હાથી, ઘોડા, સામંતો, રાજકુમારો, રૂપધરનો દૂત, ચિત્રકાર અને સાધુઓ, તે સઘળાને સાથે લીધા હતા તે પોતે મંગળઘંટ નામના હાથી ઉપર બેસી મુસાફરી કરતો હતો. રસ્તામાં કેટલાએક દિવસ વીત્યા પછી વિંધ્યાચળના ભયાનક જંગલના સીમાડાપર તેની જાન આવી પહોંચી. તે વખતે સાયંકાળ થયો હતો, તેથી ત્યાં જ ઉતારો કર્યો. બીજે દિવસે પૃથ્વીરૂપ રાજા, શત્રુમર્દન નામના હાથી ઉપર ચઢીને વિંધ્યાચળના દુર્ઘટ વનમાં પેઠો. તે આગળ જ્યાં થોડોક ચાલે છે એટલામાં પોતાની આગળ ગયેલું સૈન્ય અકસ્માત્ પાછું પોતા તરફ નાસતું જોયું. એ જોઈ પૃથ્વીરૂપ વિચારમાં પડ્યો અને પૂછવા લાગ્યો કે, 'આ શું છે?' તે જ વખતે હાથી ઉપર બેઠેલો નિર્ભય નામનો રાજકુમાર રાજા પાસે આવી બોલ્યો; "મહારાજ! ભિલ્લ લોકોની મોટી સેના આપણી તરફ ધસી આવે છે. તેણે આપણી સેનાના પચાસેક હાથી, એક હજાર પાળા અને ત્રણસેં ઘોડા મારી નાંખ્યા છે. તેમ આપણી સેનાએ બે હજાર ભિલ્લોને કાપી નાંખ્યા છે. આપણી સેનાનું એક ધડ કપાયલું જોવામાં

આવ્યું છે, ત્યારે તેમની સેનામાં બે ધડ જોવામાં આવ્યાં છે. તે હાનિથી ખીજવાઈ તેઓ આપણી સેના ઉપર તૂટી પડ્યા છે. તેઓ બાણુ અને વજ્રના પ્રહાર કરે છે, તે દુઃખને લીધે આપણી સેનામાં ભંગાણુ પડ્યું છે.” એ વાર્તા સાંભળી **પૃથ્વીરૂપ** રાજા ગુસ્સે થયો અને ભિલ્લની સેના ઉપર દોડી, અર્જુને જેમ કૌરવોનો નાશ કર્યો હતો તેમ એ રાજા, ભિલ્લની સેનાનો નાશ કરવા લાગ્યો. બીજા લડવૈયાઓ પણુ નિર્ભય થઈ બીજા ચોરોને મારવા મંડયા, અને પૃથ્વીરૂપે ભિલ્લ સેનાપતિના મસ્તકમાં એક ભાલો મારી તેનું મસ્તક વિંધી નાંખ્યું. આ વખતે પૃથ્વીરૂપના હાથી **શત્રુમર્દન**ને ઘણાં બાણુ વાગ્યાં હતાં ? તેથી તેના ઘામાંથી લોહી ઝરતું હતું. તે હાથી શરીરે શ્યામ રંગનો હતો, તેથી જાણે અંજનના પહાડમાંથી લાલ રંગની ધાતુઓ ઝરતી હોય તેમ તે શોભતો હતો. ભિલ્લ સેનાપતિના રણુભૂમિમાં પડવા પછી પૃથ્વીરૂપની સેના વિજય મેળવીને સઘળી એકઠી મળી. જે ભિલ્લો લડાઈમાં બચી ગયા હતા તે જેમ ફાવ્યું તેમ દશ દિશાઓમાં નાશી ગયા. રૂપધરનો રાજસેવક રાજાનું આવું અદ્ભુત પરાક્રમ જોઈ તેનાં વખાણુ કરવા લાગ્યો. રાજા પૃથ્વીરૂપે સંગ્રામ બંધ કર્યું, અને બાણો વગેરે અસ્ત્ર શસ્ત્રોથી ઘાયલ થયેલી અને થાકીપાકી પોતાની સેનાને વિશ્રામ આપવા માટે વિંધ્યાટવીના એક તળાવના કિનારા ઉપર રાત્રિ વાસો કર્યો.

બીજે દિવસ પ્રભાત થયું, એટલે વળી રાજાએ પ્રયાણુ કીધું. ધીમે ધીમે ચાલતાં સમુદ્રના કિનારાપર આવેલી **પત્રપુરી**માં તે જઈ પહોંચ્યો. ત્યાં એક દિવસ વિશ્રામ કર્યો. ત્યાંના **ઉદારચરિત** નામના રાજાએ તેનો યથોચિત આદર સત્કાર કર્યો હતો અને તે રાજાએ કેટલાક વહાણો આપ્યાં તેમાં બેસી આઠ દિવસે સમુદ્ર ઉલ્લંઘન કરી તે **મુક્તિપુર** દ્વીપમાં જઈ પહોંચ્યો.

રૂપધર રાજાને પૃથ્વીરૂપના આગમનની ખબર થઈ, એટલે તે ઘણો ખુશી થયો, અને તેની સામો ગયો. પછી બન્ને રાજા એકબીજાની કોટે વળગી, પ્રેમપૂર્વક મળ્યા. **રૂપધર**ની સાથે જાણે નગર સુંદરીઓના નેત્રવડે તેનું પાન થતું હોય તેવા પૃથ્વીરૂપે નગરમાં પ્રવેશ કીધો. સુંદર રૂપવાળો રાજા **રૂપધર** અને તેની રાણી **હેમલતા**, પુત્રીના જેવો જ રૂપાળો જમાઈ મળ્યો તે જોઈ હર્ષમાં નાચવા લાગ્યાં. રાજા રૂપધરે પોતાની સંપત્તિને ઘટિત રીવાજ પ્રમાણે પૃથ્વીરૂપનો સત્કાર કર્યો હતો.

બીજે દિવસે પૃથ્વીરૂપે ઉત્કંઠાસહિત, શુભ મુહૂર્તમાં વેદિકા ઉપર, અગ્નિ સાન્નિધ્ય ઘણા દિવસથી ઉત્કંઠિત **રૂપલતા**નું પાણિગ્રહણુ કર્યું. પરસ્પર રૂપ જોઈ, બન્નેની દૃષ્ટિ પ્રફુલ્લિત થઈ કાનપર્યંત પહોંચી. તે જાણે ‘પ્રથમથી એક બીજાને જાણ્યાં તે બહુ સારું થયું’ એમ કહેવા માટે કાન પાસે ગઈ હોય તેવી જણાતી હતી. બનેનું પાણિગ્રહણ થયા પછી, ચોખા ઉરાડવાનો સમય થયો, એટલે વરવધૂ ચોખા ઉરાડવા લાગ્યાં. તે વખતે રૂપધરે તેઓને એટલાં રત્નો આપ્યાં કે માણુસો તેને રત્નાકરનું માન આપવા લાગ્યાં. પુત્રીનો વિવાહ થઈ રહ્યા બાદ રૂપધરે ચિત્રકારને, સાધુઓને અને બીજાં માણુસોને પુષ્કળ વસ્ત્રો તથા આભરણો પહેરામણીમાં અર્પણુ કરી, સારી રીતે સત્કાર કર્યો. પૃથ્વીરૂપ અને તેના માણુસો તે શહેરમાં રહી, તે દ્વીપમાં ઉત્પન્ન થતા પદાર્થોનો આહાર તથા વિહાર વગેરે કરતા હતા. પ્રિયાને મળવા માટે ઘણા



આતુર થયેલા પૃથ્વીરૂપ રાજાએ, નૃત્ય સંગિત વગેરેમાં આખો દિવસ કાઢી નાંખ્યો. જ્યારે રાત્રિ પડી ત્યારે તે પરમ મોહિની મૂર્તિ રૂપલતાના નિવાસભવનમાં ગયો. આ રંગમહેલમાં રત્નના પલંગો બીછાવી મૂક્યા હતા, જમીનમાં રત્નનું જડતર કામ કરવામાં આવ્યું હતું, રત્નજડિત સ્થંભોથી રંગમહેલના ચારે તરફના વિભાગો ઝળઝળાં કરી રહ્યા હતા ને રત્નના દીવાઓ ઝગારા મારી પ્રકાશી રહ્યા હતા. તરુણુ પૃથ્વીરૂપ રાજા આવા અનુપમ ભવ્ય ભવનમાં દાખલ થઈ, રૂપલતાની સાથે, ઘણા કાળથી પોતાના વિચારોમાં ગોઠવી રાખેલો સુરતોત્સવ, પોતાની ઇચ્છાનુસાર ભોગવવા લાગ્યો. છેવટે સુરતોત્સવના શ્રમથી થાકી નિદ્રાવશ થઈ ગયો. પ્રભાત થયું, એટલે બંદીજન અને માગણુ લોકોએ પ્રાભાતિક મંગળ ગાન કરી પૃથ્વીરૂપને જાગૃત કર્યો, ને રાજા જાગૃત થઈ જેમ સ્વર્ગમાં ઇંદ્ર રહે તેમ **મુક્તિપુરદ્વીપ**માં રહ્યો.

આ પ્રમાણે પૃથ્વીરૂપ રાજાએ સસરાએ અર્પણુ કરેલા નવનવા વૈભવોનો ઉપભોગ કરતો, મુક્તિપુરીમાં રહ્યો. દશ દિવસ આંખના પલકારામાં વીતીગયા. અગ્યારમે દિવસે જોષીઓની સંમતિથી મંગળકર્મ કરી, **રૂપલતા**ને સાથે લઇને તે પોતાની રાજધાનીમાં જવા માટે નિકળ્યો. તેનો સસરો સમુદ્રના કિનારા સૂધી તેને વળાવવા માટે ગયો. સમુદ્રના કિનારાપરથી પૃથ્વીરૂપ રાજા, પોતાની રાણી અને પોતાના અનુચરોની સાથે વહાણમાં બેઠો ને સાત દિવસપર્યંત સમુદ્રનો પ્રવાસ કીધો. આઠમે દિવસે સમુદ્રના બીજા કિનારા ઉપર પોતાની સેના ઉભી હતી તેની મુલાકાત લીધી. અને **પત્રપુરી**ના રાજા **ઉદારચરિત્ર**, ત્યાં આગળથી આવી ઉભો હતો તેની સાથે પણુ ભેટ લીધી તે પછી તેની સાથે **પત્રપુરી**માં ગયો. તે નગરીના રાજાએ પૃથ્વીરૂપની સારી રીતે સેવા ચાકરી કરી અને ઉદારચરિત્રના આગ્રહથી, રાજા પૃથ્વીરૂપે કેટલાએક દિવસો તે નગરીમાં વિશ્રામ કર્યો. પછી પોતાની પ્રિયા રૂપલતાને **જયમંગળ** હાથી ઉપર બેસારીને અને પોતે **કલ્યાણગિરિ** હાથી ઉપર બેસી, કોઈપણુ સ્થળે રોકાયા વગર, પોતાની રાજધાની તરફ ચાલ્યો. ધીમે ધીમે ચાલતાં કેટલેક દિવસે ધ્વજા અને પતાકા જેમાં ફરફરાટ કરી રહી હતી, એવી પોતાની **પ્રતિષ્ઠાનપુરી**માં તે જઈ પહોંચ્યો. શહેરમાં નગરનારીઓ રૂપલતાને જોતાંની સાથે જ આશ્ચર્ય પામી ગઈ અને મટકું માર્યા વગર તેના તરફ એકી ટસે જોવા લાગી. તેને જોતાં જ નારીવર્ગે પોતાની સુંદરતાનો ગર્વ છોડી દીધો. રાજા પૃથ્વીરૂપે પોતાની રાજધાનીમાં દાખલ થયા પછી મહોત્સવ કર્યો અને ચિત્રકારને યથોચિત ગામ અને ધન આપ્યું. તેમ જ સાધુઓને ધન આપીને યથોચિત સત્કાર કર્યો. સામંતોનો, કાર્યભારીઓનો અને રાજકુમારોનો પણુ યથોચિત સત્કાર કર્યો. ત્યાર પછી કૃતકૃત્ય થયેલા પૃથ્વીરૂપ રાજાએ રૂપલતા રાણી સાથે રહી સાંસારિક સુખ ભોગવવામાં દિવસો કહાડવા માંડ્યા.

## નરવાહનદત્ત અને અલંકારવતીનાં લગ્ન.

**નરવાહનદત્ત**ને ખુશી કરવામાં સદા તત્પર મંત્રી **ગોમુખે** આ પ્રમાણે કથા કહી, ફરીથી પ્રિયાને મળવામાં ઉત્કંઠિત **નરવાહનદત્ત**ને કહ્યું;—“ધીર પુરુષો ઘણા દિવસ પર્યંત વિરહ કલેશ ભોગવે છે, ત્યારે હે મહારાજ! આપ એક રાત્રિ પણુ વિરહકલેશ કેમ સહન કરતા નથી ?

કાલે સવારે તો આપ અલંકારવતીને પરણુશો તો આવી અધીરાઈ શી?" આમ ગોમુખ કહે છે, એટલામાં ત્યાં યૌગંધરાયણનો પુત્ર મરુભૂતિ આવ્યો. તેણે સર્વ વાર્તા સાંભળીને કહ્યું:—"ભાઈ ગોમુખ! તને કામની વેદનાનો અનુભવ થયો નથી અને તારી પ્રકૃતિ શાંત છે, માટે તું આમ શાંતિ આપે છે. જ્યાં સૂધી માણસને કામદેવનાં બાણો વાગ્યાં નથી, ત્યાં સૂધી તે ધૈર્ય, વિવેક અને શિયળ ધારણ કરે છે; પરંતુ આ જગતમાં સરસ્વતી, કાર્તિકસ્વામી, જીન ભગવાન, બુદ્ધ દેવ આટલાને જ હું ધન્યવાદ આપું છું, કે તેઓએ વસ્ત્રના છેડામાં લાગેલા તણખલાની માફક કામને તિરસ્કાર કરી તેને દૂર હાંકી મૂક્યો છે. એ શિવાય બીજા તો હવે ઠીક જ છે." આ પ્રમાણે મરુભૂતિ વાર્તા કરવા મંડ્યો, એટલે ગોમુખ ઉદાસીમાં આવી ગયો. તે જોઈ નરવાહનદત્ત, ગોમુખના પક્ષને મજબૂત કરવા માટે બોલ્યો:—"મને ખુશી કરવાની ખાતર ગોમુખ જે બોલ્યો તે યથાર્થ છે. જે સ્નેહી મનુષ્ય હોય છે તે વિરહ દુઃખમાં કંઈક સદુપદેશ આપે છે. મનુષ્ય જ્યારે વિરહાતુર બને છે, ત્યારે તેના મિત્રોએ તેની આશ્વસના કરવી, એ જ તેમનો ધર્મ છે. અને તેમ કરતાં આગળ શું થશે, તે તો કામદેવ જાણે છે." આ પ્રમાણે વાર્તા કરતાં અને પોતાના પરિજન પાસેથી વાર્તાઓ સાંભળતાં નરવાહનદત્તે તે રાત્રિ વિરહાતુરાવસ્થામાં કાઢી નાંખી. પ્રભાત થયું એટલે નરવાહનદત્ત ઉઠ્યો. સંધ્યા વગેરે નિત્ય કર્મ કરી બેઠો હતો એવામાં, આકાશમાંથી કાંચનપ્રભાને ઉતરતી દીઠી. તેની સાથે તેનો પતિ અલંકારશીલ, તેનો પુત્ર ધર્મશીળ અને તેની પુત્રી અલંકારવતી પણ હતાં. એ સઘળાં આકાશમાંથી નીચે ઉતરી નરવાહનદત્તની પાસે આવ્યાં. નરવાહનદત્તે તેઓને યથાયોગ્ય માન આપ્યું અને તેઓએ નરવાહનદત્તને યથાયોગ્ય માન આપ્યું. એટલામાં તો હજારો વિદ્યાધરો, સુવર્ણના અને રત્નના ગાંસડાઓ લઈ આકાશમાંથી ત્યાં ઉતરી પડ્યા. આ વાર્તા વત્સરાજના જાણવામાં આવી, એટલે તે પુત્રની અત્યુન્નતિનું શુભ ચિન્હ ગણી ઘણો પ્રસન્ન થયો અને પોતાની રાણી તથા પોતાના મંત્રીની સાથે તે પણ ત્યાં આવ્યો અને સર્વનો યથોચિત અતિથિ સત્કાર કર્યો. રાજા અલંકારશીલ પ્રણય નમ્ર બની ગયો અને વત્સરાજને કહેવા લાગ્યો:—"મહારાજ! આ અલંકારવતી મારી પુત્રી થાય છે. જ્યારે એનો જન્મ થયો ત્યારે આકાશવાણી થઈ હતી કે, આ કન્યા ભવિષ્યમાં સર્વ વિદ્યાધરના ચક્રવર્તી રાજા નરવાહનદત્તની પત્ની થશે. માટે હું મારી પુત્રી અલંકારવતીનું નરવાહનદત્તને કન્યાદાન કરું છું. આજે જ બન્નેના શુભ લગ્નનો દિવસ છે, માટે હું સર્વની સાથે અહીં આવ્યો છું."

વત્સરાજાએ, વિદ્યાધરેંદ્રનું આવું બોલવું સાંભળી 'મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો,' આમ બોલી તેના બોલવાને ટેકો આપ્યા પછી, વિદ્યાધરના રાજા અલંકારશીલે પોતાની વિદ્યાના પ્રભાવથી, હથેલીમાં પાણી પેદા કરી રંગમહાલયના આંગણામાં છાંટ્યું, એટલે તે ઉપર એક દિવ્ય વસ્ત્રથી ઢાંકેલી સૂવર્ણની વેદી ઉત્પન્ન થઈ, અને જૂદી જૂદી જાતનાં રત્નોથી ભરપૂર કુદરતી માહિરૂ પણ ઉત્પન્ન થયું. ત્યાર પછી કાર્ય સિદ્ધ થયેલા અલંકારશીલે, નરવાહનદત્તને કહ્યું:—"રાજકુમાર, ઉઠો, હવે લગ્નનો સમય થયો છે માટે સ્નાન કરો." રાજપુત્ર નરવાહનદત્ત મંગળસ્નાન કીધા પછી નાના પ્રકારનાં વસ્ત્રાલંકાર પહેરી માહિરામાં વેદી ઉપર બેઠો. પછી અલંકારશીલે



વધૂનો વેશ ધારણ કરનારી કન્યા અલંકારવતીનું પ્રસન્નચિત્તથી કન્યાદાન દીધું, અને પછી અગ્નિમાં લાજાહોમ કરવા માંડ્યો. તે થઈ રહ્યા પછી વિદ્યાધરેંદ્રે અને તેના પુત્રે; મણિના અને સોનાના આભૂષણો, જરીનાં વસ્ત્રો, હજારો ભાર સોનું, રૂપું અને સુંદર દિવ્ય લલનાઓ, કન્યાદાન નિમિત્તે આપી. લગ્નકાર્ય પૂર્ણ થઈ રહ્યા પછી સર્વનો સત્કાર કરી, વત્સરાજની અનુજ્ઞા માંગી, પત્ની અને પુત્રને લઈ, આકાશ માર્ગે જેમ આવ્યો હતો તેમ જ અલંકારશીલ ચાલ્યો ગયો. એ પ્રમાણે વિદ્યાધરોએ પ્રણામ કરીને પોતાના પુત્રની સેવા કરી, તે જોઈને, તથા પુત્રનો અભ્યુદય જોઈને, વત્સેશ પણ ઘણો રાજી થયો; અને તે નિમિત્તે ઘણા દિવસ સૂધી ઉત્સવ કર્યો. નરવાહનદત્ત, જેમ સુકવિ સારા છંદવડે મનોહર, ઓજ, પ્રસાદ ગુણશાળી વાણીને મેળવી તેના ઉપર રસિક થઈને ક્રીડા રહે છે તેમ, સદાચરણથી મનોમોહક, ઉદાર ગુણશાળી અલંકારવતી રાણીને પરણી તેના ઉપર ક્રીડા ક્રીડા થઈ ગયો.

## તરંગ ૨ જો.

## નરવાહનદત્તનું અલંકારશીલને ઘેર જવું.

વત્સરાજનો યુવરાજ કુમાર નરવાહનદત્ત, પરણ્યા પછી નવવધૂ અલંકારવતી સાથે, પિતાના ઘરમાં રહી, પોતાની રાણીની ચેટીનું દિવ્ય નૃત્ય અને ગીત સાંભળી ગમ્મત કરતો અને મધુપાન કરી, પોતાના કાર્યભારીઓની સાથે રહી નિત્ય મોજ મારતો હતો. એક દિવસ અલંકારવતીની માતા—તે નરવાહનદત્તની સાસુ—કાંચનપ્રભા, તેની પાસે આવી, એટલે નરવાહદત્ત તેનું આદરાતિથ્ય કર્યું. પછી તે બોલી;—"રાજકુમાર, તમે અલંકારવતી સહિત અમારી સુંદરપુરીમાં આવી, અમારું ઘર પાવન કરો; અને ઉપવનમાં વિહાર કરો તો અમને ઠીક લાગે." તે સાંભળી રાજકુમાર બોલ્યો; "બહુ સારું, આવીશું. પછી તેણે તે વાર્તા વત્સરાજને જણાવી. પછી રાણીને ,વસંતકને અને મંત્રીને સાથે લઈ—સાસુએ વિદ્યાના પ્રતાપથી એક ઉત્તમ વિમાન ઉત્પન્ન કર્યું હતું, તેમાં બેસીને આકાશ માર્ગે ચાલ્યો. વિમાનમાં બેઠેલો નરવાહદત્ત આકાશમાં ગયા પછી નીચે જોવા લાગ્યો તો પૃથ્વી એક નાનકડા મૃતિકામય ચક્ર—ક્ષુદ્રપર્વત જેવડી અને સમુદ્રો ખાઈ જેવડા માલમ પડવા લાગ્યા. આ સર્વ રચના જોતો જોતો, સાસુ વિગેરેની સાથે ધીમે ધીમે તે હિમાચળ પર્વત ઉપર પહોંચ્યો. આ પર્વત કિન્નરીઓના સુંદર સંગીતથી ગાજી રહ્યો હતો અને સ્વર્ગની સુંદરીઓથી અતિશય સુંદર દેખતો હતો. તરુણ નરવાહનદત્ત તે પર્વત ઉપર ઘણી જાતનાં આશ્ચર્યો જોતો જોતો સુંદરપુરીમાં આવી પહોંચ્યો. આ સુંદરપુરી, હિમાચળ ઉપર હતી, તોપણ રત્નથી જડેલી સુવર્ણની હવેલીઓથી અલંકૃત થયેલી તે નગરી સુમેરુ પર્વતના શિખરની શોભા ધારણ કરતી હતી. નરવાહનદત્ત આકાશમાંથી નીચે આવી વિમાનમાંથી હેઠે ઉતર્યો, અને તેના

સાથેનાં સર્વ વિમાનમાંથી નીચે ઉતર્યા. ત્યાર પછી તેની સાસુએ લોકાચાર પ્રમાણે મંગળ કાર્ય કર્યું. પણ તે પછી **નરવાહનદત્ત અલંકારવતી, વસંતક** તથા મંત્રીસહિત રાજધાનીમાં પેઠો. આખા શહેરમાં ઉત્સવ માટે ધ્વજા પતાકાઓ લટકાવવામાં આવી હતી, તે જાણે પોતાના પતિના દર્શન કરવાથી નૃત્ય કરતી હોય તેમ આમ તેમ ડોલતી જણાતી હતી. કૃતકૃત્ય રાજકુમારે, સ્વર્ગસમાન તે રાજધાનીમાં તે દિવસે રહી સસરાના ઘરમાં, સાસુએ માયાના પ્રતાપથી ઉત્પન્ન કરેલા દિવ્ય વૈભવો ભોગવ્યા. બીજે દિવસે તેની સાસુ **કાંચનપ્રભા** બોલી, "આ શહેરમાં **ઉમાના** પ્રાણપ્રિય શ્રીશંકર બિરાજે છે. જે માણસ તેનાં દર્શન કરે છે, અથવા તો તેને પૂજે છે તે વૈભવ મુક્તિ મેળવે છે. તે શિવાલયની પાસે **અલંકારવતીના** પિતાએ એક સુંદર બગીચો બનાવ્યો છે, અને ત્યાં **ગંગાસર** નામનું, નામ પ્રમાણે ગુણ ધરાવનારું તીર્થ રચાવ્યું છે. માટે આજ ત્યાં તે દેવનું પૂજન કરવા માટે અને તે બગીચામાં રમવા માટે પધારો." સાસુએ કહ્યું, એટલે **નરવાહનદત્ત**, રાણી **અલંકારવતી** અને ચાકરોને સાથે લઇને તે બગીચામાં ગયો. તે બગીચો સુંદર સોનેરી મોટી ડાળોવાળાં, રત્નની શાખાઓવાળાં, મનોહર મુક્તાના ગુચ્છ અને સ્વચ્છ પુષ્પવાળાં, પ્રવાલનાં પાંદડાવાળાં ઝાડોથી અતિ સુંદર શોભતો હતો. રાજકુમાર **નરવાહનદત્તે** તે બગીચામાંના **ગંગાસરમાં** સ્નાન કરી, **શંકરનું** પૂજન કર્યું. પછી **અલંકારવતી** અને નોકરોની સાથે તે, સુવર્ણના કાદવવાળી અને રત્નના પગથીયાવાળી વાવના વનમોહક તટ ઉપર ને કલ્પલતાના મંડપમાં રમતગમત કરતો હતો અને તે તે સ્થળોમાં એ ચિત્તમોહક-ચોરક **મરુભૂતિએ** કહેલાં પરિહાસ વચનો સાંભળી, દિવ્ય મધુપાન કરતો અને સંગીત સાંભળતો હતો. આ પ્રમાણે એક માસ પર્યંત **નરવાહનદત્ત**, ઉદ્યાનભૂમિમાં વિલાસ કરતો રહ્યો. મહિનો વીત્યા પછી તેની સાસુએ પોતાની વિદ્યાના વૈભવથી દેવતાના લાયક વસ્ત્ર અને આભૂષણોથી **નરવાહનદત્તનો**, પોતાની પુત્રીનો અને તેના કાર્યભારીઓનો સત્કાર કર્યો. પછી તે કુમાર પોતાની રાણી, તેની માતા **કાંચનપ્રભા** અને મંત્રીની સાથે, પ્રથમના વિમાનમાં બેસી સહકુટુંબ **કૌશાંબી** નગરીમાં પાછો આવ્યો અને માતા પિતાના મનમાં અપાર આનંદ ઉપજાવ્યો.*

ત્યાર પછી **અલંકારવતીની** માતા **કાંચનપ્રભાએ, વાસવદત્તા** અને **વત્સરાજની** સમક્ષમાં **અલંકારવતીને** કહ્યું:-'અલિ બ્હેન! તારે કોઈ દિવસ પણ ઇર્ષ્યા લાવીને ગુસ્સાથી પતિને અસુખી કરવો નહિ. પ્રાણનાથને દુઃખ દેવાથી તેનો જે વિયોગ થાય છે તે ભયંકર સંતાપ ઉત્પન્ન કરે છે. મેં આગળ ઇર્ષ્યાથી મારા પતિને દુઃખ દીધું હતું, માટે આજ તેના વનમાં ગયા પછી હું પશ્ચાત્તાપ કરીને બળી મરું છું!" આ પ્રમાણે પુત્રીને શિખામણ આપી, **કાંચનપ્રભા** રડતાં રડતાં પોતાની પુત્રી **અલંકારવતીને** ભેટી આકાશમાં ઉડી, પોતાના શહેરમાં ચાલી ગઈ. આ પ્રમાણે તે દિવસ એક બીજાને મળવામાં વીતી ગયો.

### અશોકમાળાની કથા.

બીજે દિવસે સવારમાં **નરવાહનદત્ત** સંધ્યાવંદન વગેરે યોગ્ય કર્મ કરી, પોતાના કાર્યભારી—

* ગુજરાતી પ્રજામાં આને દસેયા ચરવા કહે છે-એટલે દશ દિવસ સુધી સસરાને ઘેર જઈને ખાઈપી મઝા કરવી.



અને **અલંકારવતીની** સાથે બેઠો હતો, એવામાં કોઇએક ભયભીત થયલી પ્રમદા, **અલંકારવતીની** પાસે આવીને બોલી:-"રાણીજી! હું અબલા અત્યંત ભયમાં છું, મારું રક્ષણ કરો! રક્ષણ કરો! એક બ્રાહ્મણ મને મારવા માટે પાછળ આવે છે, ને તે હમણાં બહાર ઉભો છે. તેના ભયથી દોડીને આશ્રયની ઇચ્છાથી હું આપને શરણે આવી છું." **અલંકારવતી** બોલી:-"ડર રાખ મા! તને કોણ મારવાની ઇચ્છા કરે છે અને શા માટે મારે છે, તે વાત મને કહે." આ પ્રમાણે રાણીએ પૂછ્યું એટલે તે સ્ત્રીએ કહ્યું:-

મહારાજ **નરવાહનદત્ત**! આ જ શહેરમાં રહેનારા **બળસેન** નામના ક્ષત્રિયની હું દીકરી છું. મારું નામ **અશોકમાળા** છે. હું આગળ કન્યાવસ્થામાં હતી ત્યારે **હઠશર્મા** નામના ધનાઢ્ય બ્રાહ્મણે મારા રૂપથી મોહિત થઈ, મારા પિતાની પાસે મારું માગું કર્યું. મેં મારા પિતાને કહ્યું:-"પિતાજી! મારા પતિ તરીકે તે રડ્યા કદરૂપાને ભયંકર મુખાને હું ચહાતી નથી. જો તમે મને તેની સાથે પરણાવશો તો હું તેના ઘરમાં રહીશ નહિ." આ વાર્તા **હઠશર્માના** જાણવામાં આવી. મારા પિતાએ મારો અભિપ્રાય જણાવ્યા છતાં તેની સાથે મારો વિવાહ કીધો. મારા પિતાએ મરણના ભયથી ડરીને મને **હઠશર્માં** સાથે પરણાવી તેને ઘેર મોકલી. હું ત્યાંથી નાસીને પાછી મારા બાપને ઘેર આવી. હું તેની સાથે પરણી છું ખરી, તોપણ મારી તે રડ્યાપર જરાપણ પ્રીતિ નથી, છતાં પણ તે બ્રાહ્મણ મને પોતાને ઘેર પાછો આવીને લઈ ગયો. હું તેને ઘેર જઈ તેને પડતો મૂકી, બીજા એક ક્ષત્રિય પુત્રને ત્યાં નાશી ગઈ. ત્યાં **હઠશર્માએ**, લક્ષ્મીના ગર્વથી તેનો પરાભવ કર્યો, એટલે તે ક્ષત્રિયે મારો ત્યાગ કર્યો. મેં એક ત્રીજા ધનવંત ક્ષત્રિય કુમારનો આશ્રય કર્યો. ત્યાંપણ **હઠશર્માએ** રાત્રે જઈ, યુકિતથી તે ક્ષત્રિયનું ઘર બાળી નાંખ્યું-તેણે પણ મને રજા આપી. હું ચોથા ક્ષત્રિયના ઘરમાં ગઈ, એટલે એ બ્રાહ્મણે તેનું પણ ઘર અગ્નિથી બાળી નાંખ્યું, જેથી તેણે પણ મારો ત્યાગ કર્યો. હવે મારે કઈ દિશામાં જવું, તેનો મને વિચાર થઈ પડ્યો છે. હઠશર્મા મને મારવાની ઇચ્છાથી મારી પાછળ પગલે પગલે ફરે છે, એ જાણી ઘેટી જેમ શિયાળથી ડરે, તેમ હું તેનાથી ડરતી હતી અને હમણાં અહીં જ આપના ચાકર બળશાળી રાજકુમાર **વીરશર્મા**, જે શરણે આવેલાનું રક્ષણ કરે છે તેનું દાસીપણું સ્વીકારીને તેને ઘેર રહી છું. દુષ્ટમતિ **હઠશર્મા** તે વાર્તા જાણી મારે માટે નિરાશ થઈ સંતાપ કરવા લાગ્યો અને મારા વિરહથી ઘણો પીડાવાથી હાલમાં તે માત્ર હાડકામય જ થઈગયો છે. આજ હું બહાર નિકળી હતી, એવામાં દૈવેચ્છાથી તેણે મને જોઈ અને મને મારવા માટે મ્યાનમાંથી તરવાર કાઢી મારી પાછળ અહીં દોડ્યો દોડ્યો આવ્યો છે, પણ તેટલામાં રાજકુમાર **વીરશર્મા** મારી રક્ષા કરવા માટે અને તેને કેદ કરવા માટે આવ્યો. પણ હે રાણીજી! મેં **હઠશર્માને** કેદ કરતાં **વીરશર્માને** અટકાવ્યો અને દોડીને હું અહીં આવી, ત્યારે દયાર્દ્ર પ્રતિહારિએ બારણાં ઉઘાડ્યાં, એટલે હું અંદર પેસી ગઈ, હાલ તે બ્રાહ્મણથી નાસી આપને શરણ આવી છું અને એ બહાર ઉભો હશે એમ મને લાગે છે.

આ પ્રમાણે **અશોકમાળા** વાત કરે છે ત્યારે **નરવાહનદત્તે** સીપાઈ મારફતે **હઠશર્માને** પોતાની રુબરુમાં બોલાવી મંગાવ્યો. **હઠશર્મા** હાથમાં તરવાર લઇને ત્યાં આવ્યો. તેનું શરીર કુરૂપ હતું,

તેના શરીરના અવયવો કોપને લીધે ધ્રુજતા હતા અને ક્રોધને લીધે લાલચોળ આંખે અશોકમાળાને તે જોતો હતો. પછી નરવાહનદત્તે પૂછ્યું :–“અલ્યા નીચ બ્રાહ્મણ! તું આ સ્ત્રીને શા માટે મારે છે? તેને માટે બીજાનાં ઘર બાળીને શા માટે પાપકર્મ કરે છે?” જ્યારે તે બ્રાહ્મણે આ પ્રમાણે વચન સાંભળ્યાં ત્યારે તે બોલ્યો: “આ મારી પરણેલી સ્ત્રી છે; તે મને મૂકીને બીજાને ઘેર ગઈ છે, માટે હું તે કેમ સહન કરું?” આ પ્રમાણે તે બ્રાહ્મણે કહ્યું, એટલે શોકાતુર અશોકમાળા બોલી; “અરે, લોકપાલો! તમે આ બાબતમાં સત્ય હોય તે કહો. શું મારી ઇચ્છા ઉપરાંત આ માણસ મને પરાણે પરણી લઈ ગયો નથી? અને મેં શું તેજ ક્ષણે કહ્યું નહોતું કે ‘હું એના ઘરમાં રહીશ નહીં’” આ પ્રમાણે અશોકમાળાએ કહ્યું એટલે આકાશવાણી થઈ કે, આ અશોકમાળા જે બોલે છે તે સત્ય છે, પણ એ કંઈ મનુષ્યની સ્ત્રી નથી. એના સબંધી ખરી હકીકત આ પ્રમાણે છે તે સાંભળો:–

અશોકકર નામનો એક શૂરવીર વિદ્યાધરેશ્વર હતો. તેને એક પણ પુત્ર નહતો. દૈવયોગે માત્ર તેને એક જ કન્યા સાંપડી હતી. તેનું નામ રાજાએ અશોકમાળા પાડયું હતું. તે કન્યા પિતાના ઘરમાં મોટી થઈ અને જ્યારે તે કન્યા તરુણાવસ્થામાં આવી, ત્યારે તેના પિતાએ તેની વિવાહ કરવાની ઇચ્છાથી, તેને અમુક વરને પરણવા માટે બહુ બહુ સમજાવી; પરંતુ તે કન્યાએ અતિશય સુંદરતાના અભિમાનથી, કોઈ પણ વરને પસંદ કર્યો નહીં. છેવટે તેના પિતાએ ગુસ્સે થઇને પોતાની પુત્રીને શાપ આપ્યો કે; “જા, તું મનુષ્ય લોકમાં અવતરશે અને ત્યાં તને કદરૂપો બ્રાહ્મણ બલાત્કારથી પરણશે. પરંતુ તું તેનો ત્યાગ કરી, તેના ડરથી એક પછી એક એમ ત્રણ ભર્તારને પરણજે. પણ ત્યાં એ તે બ્રાહ્મણ તને પજવશે. એ ઉપરથી તું કોઇએક બળવાન્ રાજપુત્રને ત્યાં દાસી થઈ તેનો આશ્રય કરીશ, તોપણ તે બ્રાહ્મણ તારે માટે પ્રયત્ન કર્યાં કરશે, પણ વિરામ પામશે નહીં. એક વખતે તે તને જોશે એટલે મારવાની ઇચ્છાથી તારી પાછળ દોડશે. તું ત્યાંથી પલાયન કરી રાજમહેલમાં પેસી જઇશ અને તે પછી આ શાપમાંથી છૂટીશ.” આ પ્રમાણે પૂર્વે અશોકકર વિદ્યાધરે પોતાની પુત્રી અશોકમાળાને શાપ આપ્યો હતો, તે ઉપરથી તે હવણાં મનુષ્યમાં જન્મી છે તેનું નામ પ્રથમ જે હતું તે જ રહ્યું છે. આજ તેના શાપનો અંત આવ્યો છે, માટે હવણાં તે પોતાની વિદ્યાધરની નગરીમાં અત્રેથી જઈ. પોતાના મૂળ શરીરમાં પ્રવેશ કરશે. પછી પોતાના શાપને યાદ કરી અશોકકરે પૂર્વજન્મમાં જેની સાથે તેને પરણાવી હતી, તે વિદ્યાધરના અધિપતિ, અભિરુચિ નામના પરણેલા પતિ સાથે વિહાર કરશે.” આટલું બોલી આકાશવાણી બંધ થઈ અને તે જ વખતે અશોકમાળા નિર્જીવ બની એકદમ જમીન ઉપર પડી ગઈ. તે જોઈ અલંકારવતીની આંખમાં અશ્રુ આવી ગયાં, તેમ નરવાહનદત્ત અને તેની પડખે બેઠેલા દરબારીઓની આંખમાં પણ અશ્રુઓ આવી ગયાં. પણ પ્રેમમાં આંધળો બનેલો હઠશર્માં, જેણે કષ્ટથી ક્રોધને કબજે કર્યો હતો તે વિલાપ કરવા લાગ્યો. તેવામાં એકાએક હર્ષને લીધે તેનું મુખ પ્રફુલ્લિત થઈ ગયું. તે જોઈ આશ્ચર્યથી સઘળાં તેને પૂછવા લાગ્યાં: “તું હમણાં તો ખેદ કરતો હતો, તેટલામાં તને આમ આનંદ કેમ થયો?” ત્યારે તે બોલ્યો: “મને મારો પૂર્વ જન્મ યાદ આવ્યો છે તેથી આનંદ થયો. હું તમને મારા પૂર્વજન્મની કથા કહું છું તે સાંભળો.”



## સ્થૂલભુજની કથા.

હિમાચળ પર્વત ઉપર મદનપુર નામનું એક ઉત્તમ નગર છે. તે શહેરમાં પ્રલંબભુજ નામનો વિદ્યાધરનો રાજા રાજ્ય કરે છે. મહારાજ! તેને સ્થૂલભુજ નામનો એક પુત્ર જન્મ્યો હતો. તે કુમાર જેમ તરુણાવસ્થામાં આવતો ગયો તેમ તેમ લાવણ્યમાં અપ્રતિમ થતો ગયો. એક સમયે સુરભિવત્સ નામનો વિદ્યાધર રાજા, પોતાની કન્યાને સાથે લઈ તેને ઘેર આવ્યો અને પ્રલંબભુજ રાજાને કહ્યું: “રાજન્! આ સુરભિદત્તા નામની મારી કન્યા તમારા રાજકુમાર સ્થૂલભુજને અર્પણ કરું છું: તે ગુણવાન્ છે, માટે તે મારી પુત્રીને પરણે તો અતિ રુડું!” તે સાંભળી રાજા પ્રલંબભુજે તે વાત સ્વીકારી પોતાના પુત્રને બોલાવ્યો અને તેને સુરભિદત્તા સાથે પરણાવવા વિશેની હકીકત કહી સંભળાવી. પણ રાજપુત્ર સ્થૂલભુજ, રૂપગર્વથી બોલ્યો: “પિતાજી, હું એ કન્યાને પરણીશ નહીં, કારણ કે તે મારા જેવી અતિશય રૂપાળી નથી!” તે સાંભળી તેનો બાપ બોલ્યો:–“ભાઈ, અતિશય રૂપનું શું કામ છે? આ કન્યા ઉત્તમ કુળમાં જન્મેલી છે, માટે સત્કાર લાયક છે. તેના પિતાએ સ્વેચ્છાથી અર્પણ કરી છે અને મેં તારે માટે તેને ગ્રહણ કરી છે, માટે મારું કહ્યું માની તું ના પાડ નહીં.” આ પ્રમાણે પિતાએ વિનય વચન કહ્યું, તોપણ સ્થૂલભુજે પિતાનું કહેવું સ્વીકાર્યું નહીં; ત્યારે તેના પિતાએ ગુસ્સે થઈ પુત્રને શાપ દીધો:–“તને આવો રૂપનો અહંકાર છે માટે તે અવગુણથી તું મનુષ્ય લોકમાં અવતર. ત્યાં તારું મુખ વાકુંચુકું થશે અને તું પોતે કદરૂપો થઇશ અને શાપથી મનુષ્ય લોકમાં જન્મેલી અશોકમાળા નામની સ્ત્રી સાથે બલાત્કારે પરણીશ, તોપણ તે તારો ત્યાગ કરશે; તેને લીધે તું વિરહદુ:ખ ભોગવીશ. તે સ્ત્રી તારો ત્યાગ કરી બીજા ઉપર આશક થશે, તે જોઈ દુ:ખથી તું દુર્બળ થઈ જઈશ અને પ્રેમમાં મોહિત થઈ તે સ્ત્રીને માટે બીજાનાં ઘર બાળવા વગેરે મહા પાતક કરીશ.” આ પ્રમાણે પ્રલંબભુજે શાપ દીધો ત્યારે સદાચરણશાળી સુરભિદત્તા રડવા લાગી, અને પ્રલંબભુજ રાજાના પગમાં પડી, વિનતિ કરવા લાગી: “મહારાજ, મને પણ એ જ પ્રમાણે શાપ આપો, એટલે અમે બન્ને જણાં સાથે મૃત્યુલોકમાં જઈએ, કારણ કે હું અતિ રૂપાળી નથી. મારા અપરાધથી મારા પ્રાણનાથને ક્લેશ થાય તે ઠીક કહેવાય નહી.” આ પ્રમાણે તે બોલી ત્યારે પ્રલંબભુજ ઘણો પ્રસન્ન થયો ને તે સદ્ગુણવતી યૌવનાના કલ્યાણ માટે પોતાના પુત્રના શાપનો આ પ્રમાણે અવધિ કર્યો: “જ્યારે અશોકમાળા શાપમાંથી મુક્ત થશે, ત્યારે જ એ પણ પોતાનો પૂર્વ જન્મ યાદ કરી શાપમાંથી મુક્તિ પામશે; અને પાછો પોતાના વિદ્યાધરના શરીરમાં દાખલ થઈ, પોતાના શાપને યાદ કરતો અભિમાન મુક્ત થઈ, થોડા વખતમાં તારી સાથે લગ્ન કરી, અહીં તારી સાથે સદા સુખમાં રહેશે.” આ પ્રમાણે મારા પિતાએ તે સદાચરણી પ્રમદાને કહ્યું એટલે તેને જરા ધીરજ આવી. તે સ્થૂલભુજ મને જ જાણજો. હું શાપથી અહીં અવતર્યો છું. મેં રૂપનો ગર્વ ધર્યો તે અવગુણને લીધે આવડું મોટું દુ:ખ સહન કર્યું છે. નસીબ જાણ્યા છતાં પણ જેઓ અહંકારી હોય છે, તેઓનું કલ્યાણ ક્યાંથી થાય? આજ મારો શાપ પૂરો થયો છે.” આટલું કહી પોતાનું મનુષ્ય શરીર ત્યાગ કરી, હઠશર્માં વિદ્યાધરનો કુમાર બની ગયો. પછી તેણે પોતાની ક્રૂરતા

જણાય નહિ, એટલા માટે વિદ્યાના પ્રતાપથી કોઈ દેખે નહિ, તેમ અશોકમાળાના શરીરને અને પોતાના શરીરને ઉપાડી ગંગામાં પધરાવી દીધું; અને તે જ વખતે પોતાની વિદ્યાના બળથી ગંગાજળ છાંટી અલંકારવતીના વાસ ભવનને પવિત્ર કર્યું. પછી ભવિષ્યમાં થનારા પોતાના ચક્રવર્તી રાજા નરવાહનદત્તને પ્રણામ કરી, પોતાનું કાર્ય સાધવા માટે આકાશમાં ઉડી ગયો ને તે પોતાના વિદ્યાધર લોકમાં ગયો. આ જોઇને સઘળાં આશ્ચર્ય પામ્યાં.

પછી એ પ્રસંગ ઉપરથી ગોમુખ, અનંગરતિના સંબંધવાળી નીચેની કથા કહેવા લાગ્યો.

## અનંગરતિની કથ..

પ્રાચીન સમયમાં પૃથ્વી ઉપર સૂરપૂર નામનું, નામ પ્રમાણે ગુણ ધરાવનારૂ એક નગર હતું. તે નગરમાં મહાવરાહ નામનો એક અતિશય મદમત્ત રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ગૌરીના આરાધનથી, પોતાની રાણી પદ્મરતિની કુખે અવતરેલી અનંગરતિ નામની એક કન્યા હતી. તે શિવાય તેને બીજું કંઈ સંતાન ન હોતું. કાળ વીત્યા પછી તે કન્યાને જ્યારે યૌવન પ્રાપ્ત થયું, ત્યારે બીજા રાજાઓ તેનું માગું કરવા લાગ્યા. પણ તે કન્યા રૂપગર્વિતા હોવાથી કોઇને પણ પતિ કરવાની ઇચ્છા જણાવતી ન હતી. તેણે ખરી દ્રઢતાથી પોતાના પિતાને કહ્યું કેઃ—"જે માણસ શૂરવીર અભિમને રૂપાળો હોય, અને કોઈ એક કળામાં ઘણી સારી રીતે નિપુણતા ધરાવતો હોય તેને હુ મારૂં શરીર અર્પણ કરીશ."

કન્યાનો આ નિયમ જાણવામાં આવવાથી તેને પરણવાની ઇચ્છાવાળા અને કન્યાએ પસંદ કરેલા ગુણવાળા ચાર શૂરવીર, દક્ષિણ દેશમાંથી તેના નગરમાં આવ્યા. તેઓ રાજાના મહેલના બારણામાં જઇને ઉભા રહ્યા. પ્રતિહારે રાજાને તેમના આવવાની ખબર આપી. તેઓને અંદર લાવવાનો મહારાજા વરાહે હુકમ કીધો. રાજમહેલમાં આવ્યા પછી રાજાએ અનંગરતિની સમક્ષમાં તેઓને પૂછ્યું; "તમારૂં નામ શું છે? તમારૂં કુળ કીયું છે? તમે શો વિદ્યા અભ્યાસ કર્યો છે?" રાજાનું આ વચન સાંભળી ચારમાંથી એક જણ પ્રણામ કરી બોલ્યોઃ—"મહારાજ! મારૂં નામ પંચપટ્ટિક છે; હું શૂદ્ર જાતિનો છું, વણતરનું ઉત્તમ જ્ઞાન ધરાવું છે. હું દરરોજ વસ્ત્રના પાંચ જોટા બનાવું છું, તેમાંથી એક જોટો બ્રાહ્મણને દાનમાં આપું છું, બીજો જોટો પ્રભુના નામપર અર્પણ કરૂં છું; ત્રીજો હું પોતે પહેરૂં છું, ચોથો જોટો જો મારી સ્ત્રી હોય તો તેને આપું છું અને પાંચમો જોટો વેચી તેમાંથી મારી આજીવિકા ચલાવું છું." પછી બીજો બોલ્યોઃ—"મારૂં નામ ભાષાજ્ઞ છે. જાતિનો વૈશ્ય છું અને સઘળાં પશુ પક્ષીના શબ્દને સમજું છું." ત્રીજો બોલ્યો; "મારૂં નામ ખડ્ગધર છે. હું જાતિનો ક્ષત્રિય છું અને હું ખડ્ગ વિદ્યામાં એવો તો કુશળ છું કે, તેમાં મારી તુલના કોઈ કરી શકે તેવો પૃથ્વીમાં નથી." પછી ચોથો બોલ્યોઃ—"મારૂં નામ જીવદત્ત છે; હું બ્રાહ્મણમાં ઉત્તમ જાતિનો છું અને પાર્વતીના પ્રસાદથી તથા વિદ્યાથી મરી ગયેલી સ્ત્રીને સજીવન કરૂં છું."

આ પ્રમાણે સર્વે પોતપોતાનો વૃત્તાંત કહી બતાવ્યો. ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર એ ત્રણે પોત પોતાની કળાઓ રૂપ અને શૌર્યનાં બહુ બહુ રીતે વખાણ કરવા લાગ્યા; અને બ્રાહ્મણે, રૂપ



શિવાય બળ અને કળા વિશે આત્મશ્લાઘા કીધી. મહાવરાહ રાજાએ પોતાના પ્રતિહારને કહ્યુંઃ—"આ સર્વેને હવણાં તું તારે ઘેર લઈ જઈ, ઉતારો આપ." તે સાંભળી પ્રતિહાર 'જેવો હુકમ,' એમ કહી તેઓને પોતાને ઘેર લઈ ગયો. પછી રાજાએ પોતાની કન્યા અનંગરતિને કહ્યું; "પુત્રિ! આ ચાર શૂરવીરોમાં તને કયો પસંદ પડે છે?" તે સાંભળીને તે જ વખતે અનંગરતિએ પિતાને કહ્યુંઃ—"હે તાત! એ ચાર વીરોમાંથી મને કોઈ પણ પસંદ નથી; કારણ કે જે શૂદ્ર છે તે વણકર છે, તેના ગુણોથી મને શું લાભ? બીજો વૈશ્ય છે, તે પક્ષીના શબ્દનો અર્થ જાણે છે તેનાથી શું લાભ? તેમ જ હું ક્ષત્રિયાણી થઈ આ બેને મારૂં શરીર કેમ અર્પણ કરૂં? ત્રીજો ક્ષત્રિય છે તે મારી જાતનો છે, ગુણી છે, પરંતુ તે દરિદ્રી છે. માટે ચાકરી કરી પેટ ભરે છેઃ તેણે પ્રાણને પણ વેચ્યા છે; માટે હું રાજકુમારી થઈ તે સેવકની સ્ત્રી કેમ થાઉં? ચોથો, જીવદત્ત બ્રાહ્મણ છે. તે સજીવન કરી જાણે છે, તોપણ તે કદરૂપો છે, દુષ્ટ કર્મ કરે છે, પાપી છે અને વેદ ભણ્યો નથી એટલે પોતાના અસલ ધર્મથી પતિત થયો છે. હે તાત! તમે વર્ણના અને આશ્રમના ધર્મનું રક્ષણ કર્તા છો, માટે તે બ્રાહ્મણ શિક્ષા કરવા યોગ્ય છે, ત્યારે તમે મને તેની સાથે કેમ પરણાવશો? સમશેર બહાદુર રાજા કરતાં ધર્મશૂર રાજા વધારે વખણાય છે. હજાર સમશેર બહાદૂરોમાં એક ધર્મશૂર નાયક થઈ શકે છે." આ પ્રમાણે બોલતી કન્યાના વચન સાંભળી, તેના અંતઃપુરમાંથી બહાર નિકળી, તે રાજા સ્નાન માટે ચાલ્યો ગયો.

બીજે દિવસે તે ચારે શૂરાઓ દ્વારપાળને ત્યાંથી બહાર નિકળી, કૌતક કારણે શહેરમાં ફરવા લાગ્યા. એવામાં પદ્મકમલ નામનો મદમત્ત હાથી, મદને લીધે સાંકળ તોડી, હસ્તિશાળામાંથી બહાર નિકળી, માણસોને સંહાર કરવા લાગ્યો. તે મન્દોમત્ત હાથી પણ તે શૂરવીરોને જનસમૂહમાં જોઈ તેઓને મારવા માટે દોડયો એટલે તે ચારે જણા ખુલ્લાં શસ્ત્ર લઈ તેની સામે દોડ્યા. પણ ચાર જણામાં ખડ્ગધર જે ક્ષત્રિય હતો તેણે બીજા ત્રણને પાછા વાળ્યા અને પોતે એકલો હાથી સામે ગયો; અને ખડ્ગના એક પ્રહારથી ગર્જના કરતા હાથીની શુંડને, કમળના મૂળની માફક રમત માત્રમાં કાપી નાંખી અને તે હાથીના પગ વચ્ચેથી બહાર નિકળી, શરીરનું લાઘવપણું બતાવી, તેની પીઠ ઉપર બીજો ઘાવ માર્યો; અને ત્રીજા ઘાવમાં તે હાથીના બન્ને પગને કાપી નાંખ્યા, એટલે તે હાથી ચીસ પાડી જમીન ઉપર પડીને મરણ પામ્યો. સર્વ મનુષ્યો તે ક્ષત્રિયનું એવું અદ્ભુત પરાક્રમ જોઈ આશ્ચર્ય પામ્યા અને રાજા મહાવરાહ પણ તે વાર્તા સાંભળી દંગ થઈ ગયો.

બીજે દિવસે તે રાજા હાથી ઉપર ચઢી મૃગયા કરવા માટે વનમાં ગયો. તેની પાછળ ખડ્ગધર વગેરે આ ચાર વીરો પણ ગયા. રાજા અને તેનું સૈન્ય વનમાં જઈ વાઘ, મૃગ અને ડુક્કરોનો શિકાર કરવા લાગ્યા. હાથીઓ ગર્જના કરવા લાગ્યા, તે સાંભળીને વનમાંથી સિંહો દોડ્યા આવ્યા. એક સિંહ ખડ્ગધર તરફ દોડયો, એટલે તેણે સજેલા ખડ્ગના એક ઘાવથી એક સિંહના બે કટકા કરી નાંખ્યા; બીજો સિંહ ધસી આવ્યો તેના બે પગ ડાબા હાથથી પકડી જમીન ઉપર પછાડીને મારી નાંખ્યો. ભાષાજ્ઞે, જીવદત્તે અને પંચપટ્ટિકે દરેક જણે પણ તેવી જ રીતે એકએક સિંહને જમીન ઉપર પછાડીને મારી નાંખ્યા. આ પ્રમાણે મહાવરાહ રાજાના દેખતાં,

પાંઉપ્યાદા તે શૂરવીરોએ સિંહ વાઘ વગેરે ઘણા પશુઓને રમત માત્રમાં મારી નાંખ્યા. તેમના પરાક્રમથી રાજા આશ્ચર્ય પામ્યો. તે બહુ ખુશી થયો. મૃગયા પૂરી થઈ, એટલે તેમની સાથે નગરમાં આવ્યો, અને તે શૂરવીરોને પ્રતિહારને ઘેર વિદાય કર્યાં. રાજા મૃગયા કરવાથી ઘણો થાકી ગયો હતો, છતાં અંતઃપુરમાં ગયો અને તત્ક્ષણે પુત્રી **અનંગરતિને** બોલાવી મૃગયામાં તે વીર પુરુષોનું પરાક્રમ જેવું જોયું હતું તે પ્રમાણે પુત્રીની આગળ એક એક શૂરવીરનું પરાક્રમ કહી બતાવ્યું. **અનંગરતિ** તે સાંભળીને અત્યંત વિસ્મય પામી. પછી રાજાએ પોતાની પુત્રીને કહ્યું:—“બેહેન, પંચપટ્ટિક અને **ભાષાજ્ઞ** એ બે તો જો કે આપણી જાતના નથી અને બ્રાહ્મણ **જીવદત્ત** કદરૂપો અને વિરુદ્ધ કર્મ આચરનારો છે. પરંતુ **ખડ્ગધર** ક્ષત્રિય રૂપાળો છે, બળવાન્ અને પરાક્રમવાળો છે જેણે મોટો હાથી મારી નાંખ્યો છે, તેણે સિંહોના પગ પકડી જમીન ઉપર પછાડીને તેનો લોટ કર્યો છે, અને તે બીજા સિંહોને તરવારથી કાપી નાંખે છે, તેનો દોષ શું છે? તે દરિદ્રી છે, ચાકરી કરે છે, આને તું જો કદી દોષ કહેતી હોય તો હું હવણાં એક ક્ષણમાં એને કેટલાએકનો અધિપતિ બનાવી દઈશ, કે જેથી તે બીજાને સેવા કરવા લાયક થઈ પડશે. માટે બેહેન, જો તને ગમતું હોય તો તે ક્ષત્રિયપુત્ર સાથે પરણ.” આ પ્રમાણે પિતાએ કહ્યું, એટલે અનંગરતિ બોલી; “પિતાજી, જો આપની ઇચ્છા હોય તો તે ચારે વીર પુરુષોને અહીં બોલાવો, અને પછી તમે જોશીને બોલાવી મળતાવિશેક પૂછો. આપણે જાણીએ તો ખરાં કે જોશી શું કહે છે.” આ પ્રમાણે કન્યાએ કહ્યું, એટલે રાજાએ તરત જ તે શૂરવીરોને ત્યાં બોલાવ્યા, રાણીઓને તેડાવી અને તે સર્વની સમક્ષમાં પોતે જોશીને બોલાવી પૂછ્યું; “જોશી મહારાજ ! અનંગરતિના આ ચારમાંથી કેની સાથે મળતાવિશેક આવે છે, અને શુભ લગ્ન ક્યારે આવે છે તે જરા જુવો.” તે સાંભળી ચતુર જોશી બાવાએ તે ચારોનાં જન્મ નક્ષત્ર પૂછ્યાં, અને પછી ઘણીવાર સૂધી ગણતરી કરી રાજાને કહ્યું; “મહારાજ, તમે જો ગુસ્સે ન થાઓ તો હું તે બરાબર જણાવીશ. તમારી પુત્રીના આ ચારમાંથી એકની સાથે પણ મળતા વિશેક આવતા નથી. એ કોઈ વિદ્યાધરની કન્યા છે, તે શાપ થવાથી આ લોકમાં અવતરી છે, માટે તેનાં લગ્ન આ લોકના મનુષ્ય સાથે થશે નહીં. તેને શાપ થયો છે, તે શાપ ત્રણ મહિના પછી દૂર થઈ જશે. માટે આ પુરુષો ત્રણ માસ સૂધી અહીં રહી વાટ જુએ. જો તેટલા વખતમાં આ કન્યા વિદ્યાધર લોકમાં જાય નહીં તો તમારે તેનો વિવાહ બેલાશક કરવો.” જોશી બાવાનું આવું વચન સાંભળી સઘળાએ તે વચન માન્ય રાખ્યું, અને તે શૂરવીરો ત્રણ માસ સૂધી તે નગરમાં રહ્યા.

ત્રણ માસ વીતી ગયા પછી, રાજાએ તે શૂરવીરોને અને જોશીને બોલાવ્યા, તેમ પોતાની પુત્રી અનંગરતિને પણ પોતાની પાસે તેડાવી. રાજા પોતાની પુત્રી તરફ નજર કરે છે તો એકદમ તેના લાવણ્ય ને ફુટડાપણામાં વધારો થતો જોવામાં આવ્યો, અને તે ફેરફાર જોઈ તે અત્યંત રાજી થવા લાગ્યો. પણ પેલા જોશીએ જાણ્યું કે, તે વધારે સ્વરૂપવતી જણાય છે, માટે તે બતાવે છે કે, એનું મૃત્યુ પાસે આવ્યું છે. પછી તે રાજાએ તે જોશી મહારાજને કહ્યું—“જોશી મહારાજ! હવે મને કહો કે, કોની સાથે મળતાવિશેક આવેછે, કેમકે હવે ત્રણ મહીના તો પૂરા થયા છે.”



આ રીતે રાજા જ્યાં જોશીને પૂછે છે ત્યાં તો **અનંગરતિને** પોતાના પૂર્વ જન્મનું સ્મરણ થયું, એટલે તેણે પોતાનું મુખ પોતાની ઓઢણીથી ઢાંકી મનુષ્યનું શરીર તાત્કાળ ત્યાગ કરી દીધું. **અનંગરતિને** ઓઢણીવડે મોઢું ઢાંકતી જોઈ રાજાએ પ્રશ્ન કર્યો, “બહેન! આ આજ મુખ ઉપર લુગડું ઢાંકી કેમ બેઠી છું?” પણ આ પ્રશ્નનું ઉત્તર ન સાંભળ્યાથી જ્યાં તેના મુખ ઉપરથી તેણે લુગડું ઉંચું કર્યું ત્યાં તો કન્યા મરેલી જોવામાં આવી. તેનાં નેત્રો ખુલ્લાં થઈ ગયાં હતાં. તેનું મુખ નિસ્તેજ બની ગયું હતું. મધુર કંઠથી તે બોલતી બંધ પડી હતી, અને ઝાકળથી અત્યંત પીડા પામવાને લીધે, જેમાંથી ભમરાઓ ચાલી ગયા હોય, હંસીના મધુર શબ્દ જેની આસપાસ ન થતા હોય એવી નિસ્તેજ કમલિની જેવી તે દેખાતી હતી. તે રાજા પોતાની પુત્રીની આવી અવસ્થા જોઈ, વજ્રપ્રહારથી પોતાની પાંખ કપાવાથી જેમ પર્વતો બેભાન થઈ મૂર્છા ખાઈ પડે છે, તેમ મૃત્યુથી પોતાની પુત્રીરૂપી પાંખ કપાઈ જવાથી ઘાયલ થઈ બેભાન થઈગયો, અને તુરત જમીન ઉપર મૂર્છા ખાઈ પડયો. રાણી **પદ્મરતિ** પણ આ ખબર સાંભળી દોડતી આવીને આવો દુઃખકર દેખાવ જોઈ, બેભાન થઈ જમીન ઉપર તૂટી પડી, અને તેના શરીર ઉપર પુષ્પનાં ઘરેણાં હતાં તે ચોળાઈ ગયાં. આ વખતે તે રાણી, તોડી નાંખેલી મંજરીથી જેમ હાથણી શોભે છે તેમ, પુષ્પરૂપ આભરણ વગરની થઈ જવાથી તે શોભતી હતી. આ વૃત્તાંત જોઈ રાજાના પરિજનો પણ વિલાપ કરવા લાગ્યા; તેમ પેલા ચાર શૂરવીરો પણ અફસોસ કરવા મંડયા. પણ એક ક્ષણ પછી રાજાને મૂર્છા વળી ભાન આવ્યું, એટલે તેણે જીવદત્તને કહ્યું; “આ વખતે બીજાની શક્તિ ચાલે તેમ નથી. હવે તારો વખત છે. તેં પ્રતિજ્ઞા કરી હતી કે હું મરણ પામેલી સ્ત્રીને સજીવન કરી શકું છું. તો જો તારામાં એ વિદ્યાનું બળ હોય તો તું મારી આ પુત્રીને સજીવન કર. તે સજીવન થશે તો હું તને જ તે કન્યાનું, તું બ્રાહ્મણ છે તો પણ દાન કરીશ.” રાજાનું આવું વચન સાંભળી જીવદત્ત પાણીને મંત્રી, મંત્રેલું જળ તે રાજકન્યાપર છાંટી નીચેની આર્યા ભણવા લાગ્યો.

## आर्या.

अट्टाट्टहासहसिते करंकमालाकुले दुरालोके ।
चामुंडे विकराले साहाय्य मे कुरु त्वरितम् ॥

“અટ્ટાટ્ટ હાસ્ય કરનારી, ખોપરીની માળા ધારણ કરનારી, ભયંકર દૃષ્ટિવાળી, ભયંકર **ચામુંડા** મને આ કામમાં સત્વર સહાય થા.” આ પ્રમાણેની આર્યા બોલી, જીવદત્ત **અનંગરતિને** સજીવન કરવાનો પ્રયત્ન કર્યો, તોપણ તે કન્યા સજીવન થઈ નહીં. ત્યારે તે બ્રાહ્મણ ખેદાતુર બનીને બોલ્યો; “વિંધ્યવાસિની દેવીએ મને વિદ્યા આપી હતી તે પણ આજ નિષ્ફળ ગઈ છે, તો હવે આ પ્રમાણે ઉપહાસ કરવા લાયક આ જીવતરનું શું પ્રયોજન છે?” આમ પ્રશ્ન કરતાં જ જીવદત્ત મોટી તરવારથી જ્યાં પોતાનું મસ્તક કાપવાની તૈયારી કરે છે, એવામાં આકાશવાણી થઈ કે, “અરે જીવદત્ત! તું તેણે કામ મા, પણ મારું વચન સાંભળ. એ **અનંગપ્રભા** નામની એક ઉત્તમ વિદ્યાધરની પુત્રી હતી. સ્ત્રીનું ગાથાના શાપથી આટલા વખત સૂધી મનુષ્ય લોકમાં અવતરી હતી. હવે તે પોતાનું મનુષ્ય

શરીર ત્યાગ કરી, વિદ્યાધર લોકમાં જઈ, પોતાના વિદ્યાધરના શરીરમાં દાખલ થઈ છે. માટે તું વિંધ્ય-વાસિનીની પાસે જઈ, ફરી તેનું આરાધન કર, એટલે તેના પ્રસાદથી તું આ પતિવ્રતા વિદ્યાધરીને મેળવીશ. વળી આ વિદ્યાધરી દિવ્યલોકમાં રહી વૈભવ ભોગવે છે. માટે રાજાને અને તારે તેને માટે અફસોસ કરવાની આવશ્યકતા નથી." આ પ્રમાણે આકાશવાણીએ સત્ય વાતનું સૂચન કીધું ને વિરામ પામી. અને તેનાં વચન સાંભળી રાજાએ અને તેની રાણીએ અફસોસ કરવો છોડી દીધો અને પુત્રીને અગ્નિદાહ વગેરે મરણના સંસ્કારો કર્યા; અને તે શૂરાઓમાંના ત્રણ જેમ આવ્યા હતા તેમ જ પાછા વિદાય થયા.

પણ આશાનાં કીરણ જીવદત્તના હૃદયમાં પ્રકાશતાં હતાં, તેથી તે વિંધ્યાવાસિની પાસે જઈ તપથી તેનું આરાધન કરવા લાગ્યો. ત્યારે વિંધ્યવાસિનીએ સ્વપ્નમાં જીવદત્તને આજ્ઞા કરી કે, "અલ્યા બ્રાહ્મણ, હું તારા ઉપર તુષ્ટમાન થઈ છું, ચાલ ઉઠ, તને કહું છું તે સાંભળ:

## અનંગપ્રભાની કથા

"હિમાચળ ઉપર એક વીરપુર નામનું નગર છે. તે નગરમાં સમર નામનો એક વિદ્યાધરેશ્વર રાજ્ય કરે છે, તેની રાણી અનંગવતીને પેટે અનંગપ્રભા નામની એક કન્યા જન્મી હતી. તે કન્યાએ રૂપ અને તરુણાવસ્થાના અતિશય ગર્વથી જ્યારે કોઈપણ વર સાથે પરણવાની ઇચ્છા કરી નહીં, ત્યારે તેનાં માતા અને પિતા, પુત્રીના અતિ દુરાગ્રહથી ઘણાં ગુસ્સે થયાં અને તેણે પુત્રીને શાપ આપ્યો કે: "તું સ્ત્રી ધર્મ ચૂકી છું, માટે જા મનુષ્ય જાતિમાં અવતાર લે. પણ ત્યાં પણ તું ભર્તારનું સુખ પામીશ નહીં. જ્યારે તું સોળ વર્ષની થઈશ ત્યારે મનુષ્યનું શરીર ત્યાગ કરી, પાછી આ લોકમાં આવીશ, પણ ખડ્ગસિદ્ધે (જીવદત્ત જેને ખડ્ગની સિદ્ધિ થઈ તેણે) મુનિની કન્યા ઉપર અભિલાષા કરી હતી, અને તેને લીધે તેને શાપ થયો હતો અને તે હાલમાં મનુષ્ય જાતિમાં અવ-તર્યો છે. તે અત્યંત કદરૂપો છે અને તેવો કદરૂપો મનુષ્ય તારો પતિ થશે. તે તારી ઇચ્છા ઉપરાંત તને અહિંથી પોતાને ઘેર મનુષ્ય લોકમાં લઈ જશે. ત્યાં જતાં રસ્તામાં તું બીજાપર આસક્ત થશે અને તેથી તને તારા પતિનો વિયોગ થશે. કારણ કે તેણે પૂર્વ જન્મમાં બીજાની આઠ સ્ત્રીઓનું *હરણ કર્યું હતું, માટે તે એક જ જન્મમાં આઠ જન્માં ભોગવવા યોગ્ય વિયોગનું દુઃખ ભોગવશે. અને તું પણ તારી વિદ્યા વિસરી જઈ મનુષ્યમાં રહી આઠ જન્મનું દુઃખ એક જન્મમાં ભોગવીશ. કારણ કે પાપી મનુષ્ય સાથે કરેલો સંબંધ સઘળા સંબંધ કરનારાને સમાન જ પાપ ભાગ અર્પે છે; પરંતુ પાપી ભર્તારની સાથે સ્ત્રીઓ સંબંધ કરે છે, તેમાં સ્ત્રીઓને પતિના પાપનો સરખો ભાગ મળતો નથી. તેં યોગ્ય વરનો દ્વેષ કરી દુરાગ્રહ કર્યો છે, માટે તું તારો જન્મ વિસરી જઈશ, અને ઘણા મનુષ્ય પતિ સાથે સમાગમ કરીશ. તે વિદ્યાધરેશ મદનપ્રભ, તારા સમાન સુંદર હતો અને તેણે

* આઠ પરસ્ત્રીઓનાં હરણ કરવા વિષે કવિ સોમદેવ જે લખે છે તે આઠ પરસ્ત્રી સંબંધી કોઈ પણ કથા મૂળમાં નથી તેમ જ અંબિકા દેવીએ કપિલજટ ઋષિના શાપની જે કથા કહી છે તે તો પૂરા થયા છે. આઠ પરસ્ત્રી હરણની કથા કહી નથી.



તારી માંગણી કરી હતી તે મનુષ્યમાં રાજા અવતરી, છેવટે તારો પતિ થશે. ત્યાર પછી તું શાપમાંથી મુક્ત થઈ, ફરી વિદ્યાધરના લોકમાં આવીશ, અને વિદ્યાધર થયેલા મદનપ્રભ સાથે જ પરણીશ." આ પ્રમાણે માતાપિતાએ શાપ આપવાથી અનંગપ્રભા પૃથ્વી ઉપર અનંગરતિ રૂપે જન્મીને પાછી આજે પોતાના માતાપિતા પાસે ગઈ છે. તારો આગ્રહ છે તો તું તેને વિષે વીરપુર નગરમાં જઈ, જેને સઘળાં આયુધ છે, છતાં કુળવાન પુરુષો જેની રક્ષા કરે છે એવા તેના પિતાને રણસંગ્રામમાં હરાવી તે કન્યાને મેળવી લે. હું તને આ તરવાર આપું છું તે લે. આ તરવાર હાથમાં રાખવાથી તું આકાશમાં ઉડી શકીશ અને તારો કોઈપણ પરાભવ કરી શકશે નહીં."

## અનંગરતિની કથા. ( ચાલુ )

આ પ્રમાણે કહી, દેવી, તેના હાથમાં તરવાર આપી અંતર્ધાન થઈ ગયાં. પછી તે બ્રાહ્મણ જાગ્યો, અને સ્વપ્નમાં દેવીના કહેવા પ્રમાણ પોતાના હાથમાં દૈવી તરવાર દીઠી, એટલે તેનો અંતરાત્મા પ્રસન્ન થયો, અને માતાના પ્રસાદરૂપ અમૃતના પાનથી તેના સંતાપ માત્ર ટળી ગયા. પછી જીવદત્ત અંબિકાને પ્રણામ કરી હાથમાં તરવાર પકડી આકાશમાં ઉડ્યો અને હિમાલયની ચારે તરફ પ્રદક્ષિણા કરી, વીરપુર નગરમાં સમર વિદ્યાધર રાજાની પાસે ગયો. ત્યાં યુદ્ધમાં રાજાનો પરાજય કરી, તેણે અર્પણ કરેલી અનંગપ્રભાને પરણી, કેટલાએક દિવસ પર્યંત તે નગરમાં રહી, દિવ્ય વૈભવ સંપત્તિ ભોગવવા લાગ્યો. ત્યાર પછી તેણે પોતાના સસરા સમર રાજાને અને પોતાની પ્રિયા અનંગપ્રભાને આ પ્રમાણે કહ્યું કે, "મને મર્ત્ય લોકમાં જવાની ઘણી ઉત્કંઠા છે, માટે આપણે બે મનુષ્ય લોકમાં જઈએ. કારણ કે મનુષ્યમાત્રને પોતાની જન્મભૂમિ ઘણી હલકી હોય તોપણ તે ઘણી પ્રિય લાગે છે." જમાઈરાજનું આવું વચન સાંભળી તેના સસરાએ તે કબૂલ કર્યું, પણ ભવિષ્ય જેણે જાણેલું છે તે અનંગપ્રભાએ મહા મુશ્કેલીથી હાં પાડી. પછી જીવદત્ત બ્રાહ્મણ, અનંગપ્રભાને પોતાના ખોળામાં બેસારી તેની સાથે આકાશમાંથી મનુષ્ય લોકમાં ઉતરવા લાગ્યો. રસ્તામાં એક સુંદર પર્વત જોઈ, શ્રાંત થયેલી અનંગપ્રભા બોલી; "પ્રાણનાથ! અહીં થોડો સમય વિશ્રામ કરો તો ઠીક!" 'બહુ સારું પ્રિયે!' એમ કહી તે બ્રાહ્મણ તે પર્વત ઉપર ઉતરી અનંગપ્ર-ભાની સાથે જૂદી જૂદી વિદ્યાના પ્રતાપથી પ્રાપ્ત થયેલા ખાન પાન વગેરે ભોગવવા લાગ્યો. પછી જીવદત્તે દૈવની પ્રેરણાથી પોતાની અનંગપ્રભા પ્રિયાને કહ્યું, "પ્રિયે! તું કંઈક મધુર રાગ ગા." પતિની ઇચ્છા સાંભળી, તેણીએ ભક્તિથી શંકરની સ્તુતિ ગાવા માંડી, એટલે તે મધુર ગીતનો શબ્દ સાંભળતાં એકતાર થયેલો તે બ્રાહ્મણ નિદ્રાવશ થઈ ગયો.

આ અરસામાં મૃગયા કરવા આવેલો હરિવર નામનો રાજા, થાકી જવાથી ત્યાં પાસેના ઝર-ણાનાં પાણી પીવાની ઇચ્છાથી ત્યાં આવી ચઢ્યો. તે અનંગપ્રભાના ગાયનનો શબ્દ સાંભળી જેમ હરિણ મહુવરપર મોહિત થાય તેમ તે ગીત ગાનારીપર મોહિત થઈ રથમાંથી ઉતરીને એકલો પોતે ત્યાં આવ્યો. આ રાજાને મૃગયા માટે નીકળવા આગમચથી પક્ષીઓએ શુભ શુકુન સૂચવ્યા હતાં; તેવામાં વળી તેણે કામદેવની કાંતિ સમાન દિવ્યદેહી અનુપમ યૌવન મસ્ત થયેલી અનંગપ્રભાને દીઠી. આ વખતે તે સ્ત્રીનું ગાયન અને રૂપ, અને ફુટડાઈ ને ચપળતા, અને હાવભાવ અને નેણની ચંચળતા અને મદ

મસ્તતા જોઈ, તેનું મન વિહ્વળ થઈ ગયું; અને કામદેવ પણ પોતાની મરજી માફક બાણોથી તેના મનને ચીરવા લાગ્યો, એટલે તે અત્યંત કામાતુર બની ગયો. અનંગપ્રભા પણ તે કાંતિવાન્ રાજાને જોઈ એકદમ કામદેવના સપાટામાં આવી પડી. અહા! તે કામઘેલી બની ગઈ અને હરિવર વિષે એક ક્ષણ વિચાર કરવા લાગી કે "જેણે પુષ્પબાણ છોડયું છે એવો આ કોણ છે? એ મૂર્તિમંત કામદેવ છે શું? અથવા તો સંગીતથી મારા ઉપર પ્રસન્ન થયેલા શંકરનો આ શું મૂર્તિમાન્ અનુગ્રહ છે?" આ પ્રમાણે મન સાથે વિચાર કરી, કામમોહિત બનેલી તેણે પૂછ્યું; "અયે છેલછબીલા છોગાલા! તમે કોણ છો? અને આ વનમાં આવવાનું શું પ્રયોજન છે તે તો જરા કહો." ત્યારે તે રાજાએ, જે માટે આવ્યો હતો તે સર્વ વર્ણવી બતાવ્યું. પછી રાજાએ તેને પૂછ્યું; "હે કમળનયના સુંદરી! ચિત્તચોરક ચોરટી, હે મધુરાક્ષી, તું કોણ છે, અને અહીં સુતો તે કોણ છે? તે તો મને જરા જણાવ." આ પ્રમાણે પ્રશ્ન કરનારા રાજાને અનંગપ્રભાએ ટુંકામાં કહ્યું કે, "હું વિદ્યાધરી છું અને આ ખડ્ગસિદ્ધ જીવદત્ત જેને માતા તરફથી તરવાર મળી છે તે મારો પતિ છે. હમણાં હું કેવળ તમારાં દર્શન કરવાથી જ તમારા ઉપર પ્રેમરક્ત થઈ છું—માટે આ મારો પતિ જાગે નહી એવામાં ચાલો આપણે ત્વરાથી તમારા નગરમાં ચાલ્યાં જઈએ. હું ત્યાં તમને સર્વ વાર્તા વિસ્તારીને કહી સંભળાવીશ. નેત્રાનંદ! મદનમૂર્તિ પ્રાણ! હું તો તમારાપર વારી જાઉં છું." તેનું આવું બોલવું સાંભળી હરિવર રાજાને ત્રણ લોકનું રાજ્ય મળ્યું હોય તેવો આનંદ થયો અને તેણે તેનું વચન સ્વીકાર્યું. પછી અનંગપ્રભાએ વિચાર કર્યો કે, "હું આ રાજાને મારા ખોળામાં બેસારી સપાટાથી આકાશમાં ઉડીને ચાલી જઈશ." પણ તે જ વખતે પોતાના પતિના દ્રૂષને લીધે, તે પોતાની વિદ્યા વિસરી ગઈ અને એકદમ પિતાનો શાપ યાદ આવવાથી ખેદ કરવા લાગી. તે જોઈ રાજાએ ખેદ કરવાનું કારણ પૂછી તે સ્ત્રીને કહ્યું, "પ્રિયે! અફસોસ કરવાનો આ કંઈ સમય નથી. કારણ કે આ તારો પતિ જાગી ઉઠશે તો પછી 'મનકી મનમેં રહે ગઈ, ઔર હો ગઈ ઔર' તેમ થશે. મારી પ્યારી, તારે હવે આ બાબતનો ખેદ કરવો નહીં, કેમકે આ વાત તો દૈવાધીન છે. કોણ માણસ પોતાના માથાની છાયાનું અને નસીબની ગતિનું ઉલ્લંઘન કરી શકે છે? માટે ચાલ છબીલી! આપણે નાસી જઈએ.' જ્યારે હરિવરરાયે આ પ્રમાણે કહ્યું ત્યારે તે સ્ત્રીએ તે કબૂલ કર્યું. હરિવર તેને પોતાના હાથપર ઉંચકી લઈ, જેમ ભંડાર મળતાં કોઈ આનંદ પામે તેમ આનંદ પામતો એકદમ રથ પાસે ગયો; ત્યાં તેના ચાકરોએ તેને અને અનંગપ્રભાને માન આપ્યું, અને તે રાજા મનના વેગ જેવા વેગવાન્ ઘોડાવાળા પોતાના રથમાં બેસીને ત્વરાથી પ્રિયતમા અનંગપ્રભા સહિત પોતાના શહેરમાં ગયો. અને આખી પ્રજાને આનંદ પમાડી. પછી હરિવર રાજા, પોતાને નામે સ્થપાયલા હરિવર નગરમાં, પ્રાણપ્યારી અનંગપ્રભા સાથે દૈવ વૈભવસુખ ભોગવવા લાગ્યો; અને અનંગપ્રભા શાપને લીધે મૂઢ બની, પોતાની વિદ્યાનો સર્વ પ્રભાવ વિસરી જઈ, રાજા ઉપર આશક બની ત્યાં જ રહી.

### જીવદત્તના શોકની કથા.

હવે અનંગપ્રભા હરિવર રાજાસાથે નાસી ગયા પછી, પર્વત ઉપર જીવદત્ત સુતો હતો તે જાગી



ઉઠયો ને જુવે છે તો તેણે ત્યાં પોતાની સ્ત્રી અનંગપ્રભાને દીઠી નહીં એટલું જ નહીં, પણ પેલી દૈવી તરવારને પણ દીઠી નહીં. તેથી તે ગભરાટમાં પડી ગયો અને વિચાર કરવા લાગ્યો; "હાય હાય! મારી સલુણી મૃગાનેણી અનંગપ્રભા કયાં ગઈ? હાય! રે તે તરવાર પણ ક્યાં ગઈ? શું અનંગપ્રભા તરવાર લઈને નાસી તો નહી ગઈ? રે! પ્રિયા અનંગપ્રભા અને તરવારને કોઈ ઉઠાવી ગયું?" આ પ્રમાણે તર્ક કરતો તે કામાગ્નિથી સખ્ત પીડાવા લાગ્યો. પછી આહારનો ત્યાગ કરી તેણે ત્રણ દિવસ પર્યંત તે પર્વતને ખોળ્યો. ચોથે દિવસે તે તળેટીના વનમાં નીચે ઉતર્યો. દશ દિવસ પર્યંત વનમાં ખોળ કરી, પણ તેણે એક પગલું સરખું પણ ક્યાંઈ દીઠું નહીં. ત્યારે તે વિલપંતો કરૂણાળ સ્વરે બોલ્યો; "ઓ દુષ્ટ દૈવડા! તેં મને ઘણી મહેનતે તરવારની સિદ્ધિ સાથે આ સ્ત્રી આપી હતી, તે બન્ને વસ્તુ પાછી કેમ લઈ લીધી?" આ પ્રમાણે વિલાપ કરતો તે બ્રાહ્મણ ભુખ્યો તરસ્યો ભટકવા લાગ્યો.

ફરતાં ફરતાં એક ગામમાં જીવદત્ત જઈ ચઢયો. ત્યાં એક ધનાઢ્ય બ્રાહ્મણના ઘરમાં તે ગયો. અહીં રૂપસુંદરી પ્રિયદત્તા નામની ભાગ્યશાળી ઘરધણીઆણી જેણે ઘણાં સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં તેણે, તે બ્રાહ્મણને આસન ઉપર બેસારી પોતાની ચાકરડીઓને સત્વર આજ્ઞા કરી—"અરે દાસીઓ, આ જીવદત્તને પગ ધોવા માટે સત્વર પાણી આપો. તેને પોતાની સ્ત્રીના વિયોગને લીધે આજ તેર તેર લાંઘણો થઈ છે." પોતાનું વૃત્તાંત આ પ્રમાણે પ્રિયદત્તાને મોંડે સાંભળી જીવદત્ત આશ્ચર્ય પામ્યો અને અંતઃકરણમાં વિચાર કરવા લાગ્યો કે, "શું આ ગામમાં અનંગપ્રભા આવી હશે? કે આ સ્ત્રી કોઈ યોગિણી છે?" આમ વિચાર કરતાં કરતાં તેણે પગ ધોયા ને તે સ્ત્રીએ ભોજન આપ્યું તે જમ્યો. ભોજન કર્યાં પછી પ્રિયદત્તાને પ્રણામ કરી, ઉત્કંઠિત હૃદયે તેણે પૂછ્યું, "અરે પુણ્યચરિત્ર દેવી! તમે મારી ગુપ્ત વાર્તા કેમ જાણી તે એક કહો, અને બીજું એ પણ કહો કે મારી સ્ત્રી તથા તરવાર કયાં ગયાં?" તે સાંભળી પતિવ્રતા પ્રિયદત્તા બોલી; "અયે બ્રાહ્મણ! પતિ શિવાય અન્ય પુરુષ, સ્વપ્નમાં પણ મને યાદ આવતો નથી. હું બીજા પુરુષોને પુત્ર અને ભાઈ સમાન જાણું છું. મારે ઘેરથી કોઈ દિવસ કોઈ પણ અતિથિ અભ્યાગત નિરાશ થઈને જતો નથી. આ સર્વ પુણ્ય પ્રતાપે મને ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. જ્યારે તું પર્વત પર શયન કરી ગયો હતો ત્યારે મૃગયા કરવા નીકળેલો હરિવર નામનો રાજા, જ્યાં તું સુતો હતો તે માર્ગે, દૈવયોગે આવી પહોંચ્યો. તે તારી સ્ત્રીનું મધુર ગાન સાંભળી ત્યાં આવ્યો, અને લાવણ્યમતી મધુર કંઠવાળી અનંગપ્રભાને જોઈ તેના ઉપર મોહિત થયો, અને તે તેનાપર મોહ પામી. તે રાજા તેને હરિ ગયો છે, ને તે બંને હરિવરપૂરીમાં રહે છે. હવે તે સ્ત્રી તને મળી શકશે નહીં, કારણ કે તે રાજા મહા બળવાન્ છે. તેમ તે વેશ્યા વળી તે રાજાનો પણ ત્યાગ કરીને બીજે જશે. તને દેવીએ અનંગપ્રભા મેળવવા માટે જે તરવાર આપી હતી તે તરવાર પોતાનું કામ કરી, પોતે દેવતાઈ હોવાથી પાછી દેવી આગળ ચાલી ગઈ છે. વળી દેવીએ જ સ્વપ્નમાં અનંગપ્રભાના શાપનું વર્ણન કરતી વખતે તને ભાવી વૃત્તાંત કહ્યું હતું તે તું કેમ વિસરી ગયો? માટે આ નિર્માણ થયેલી બાબતમાં તને વૃથા કાં મોહ થાય છે? વારંવાર અતિશય દુઃખ આપનાર પાપ પરંપરાને છોડી દે. હે ભાઈ! મનુષ્ય થયેલી તે પાપિણી તારી સાથે દ્રોહ કરવાથી પોતાની વિદ્યા વિસરી ગઈ છે અને તે બીજા

સાથે પ્રેમાસક્ત થઈ છે. હવે તારે તેનું શું કામ છે ?" આ પ્રમાણે તે પવિત્ર પ્રમદાએ કહ્યું એટલે જીવદત્તે અનંગપ્રભાની ઇચ્છા મૂકી દીધી, અને તેની ચંચળતાને લીધે પોતે ઉદાસી બની ગયો; અને તે બ્રાહ્મણ સ્ત્રી પ્રતિ બોલ્યો; "માજી ! તમારાં આ સત્ય વચનથી મારો મોહ નાશ પામ્યો છે. પુણ્યશાળી લોકો સાથે સંબંધ કરવાથી કોનું ભલું થતું નથી ? પુણ્ય અને પાપનાં સંબંધથી મારા ઉપર આ દુઃખ આવી પડ્યું છે, માટે હવે હું મત્સર છોડી તે પાપ ધોવા માટે તીર્થમાં જઈશ. હું અનંગપ્રભાને માટે બીજા સાથે વૈર કરું તેમાં મને લાભ શું? કારણ કે જે માણસ ક્રોધને જિતે છે તે આ આખા જગતને જિતે છે." આ પ્રમાણે જ્યાં જીવદત્ત વાત કરે છે એવામાં તાત્કાળ તે ઘરમાં પ્રિયદત્તનો પતિ આવ્યો. તે ઘણો જ ધર્મિષ્ઠ હતો અને તેને અતિથિ બહુ વ્હાલા હતા. તેણે પણ જીવદત્તની પરોણાગત કરીને તેના દુઃખની શાંતિ કરી. પછી તે બ્રાહ્મણ તે રાત્રિ ત્યાં વિશ્રામ લઈને તે સ્ત્રી પુરુષની રજા લઈ તીર્થયાત્રા કરવા બીજે દિવસે ચાલતો થયો.

ત્યાંથી નિકળી પૃથ્વી ઉપર ક્રમે ક્રમે સઘળાં તીર્થમાં તે ફર્યો. રસ્તામાં તેણે અનેક જંગલોનાં કષ્ટો સહન કર્યાં. મૂળ અને ફળનો આહાર કરતો, તીર્થયાત્રા કરી રહ્યા પછી છેવટે તે વિંધ્યવાસિની અંબિકા પાસે પાછો જઈ, આહારનો ત્યાગ કરી, એક દર્ભાસન ઉપર બેસી, તીવ્ર તપ કરવા લાગ્યો. તેના તીવ્ર તપને લીધે મૂર્તિમાન્ અંબિકાદેવી પ્રસન્ન થઈને બોલ્યાં, "બેટા, ઉભો થા. કારણ કે તમે ચાર મારા ગણ છો. એકનું નામ પંચમૂળ, બીજાનું નામ ચતુર્વક્ત, ત્રીજાનું નામ મહોદરમુખ અને ચોથો વિકટાનન નામનો તું છે. એ ચાર ગણમાં તું સર્વથી ઉત્તમ છે.

એક દિવસે તમે ચારે જણા ગંગા નદીના કિનારા ઉપર ફરવા માટે ગયા હતા. ત્યાં તમે ગંગામાં એક મુનિની કન્યાને સ્નાન કરતી દીઠી. તેનું નામ ચાપલેખા હતું અને તે કપિલજટ મુનિની પુત્રી હતી. તમે ચારે તે કન્યાનાં દર્શન કરી મદનાતુર થઈ ગયા અને તે કન્યાની આગળ પ્રાર્થના કરવા લાગ્યા; ત્યારે તે કન્યા બોલી; "હું કન્યા છું, માટે દૂર જાઓ." આમ તે કન્યાએ કહ્યું એટલે તે ત્રણ જણ ચૂપ થઈ ગયા; પરંતુ તેં બલાત્કારથી તે કન્યાનો હાથ પકડ્યો. એટલે તે કન્યાએ ચીસો પાડી કે, "પિતાજી, પિતાજી ! મારી રક્ષા કરો." તે સાંભળી મુનિ કપિલ-
કયુ.જટ, જે પાસે જ હતા તે ક્રોધ ધરી ત્યાં આવ્યા. તે મુનિને જોઈ તેં તે કન્યાને મૂકી દીધી,
પારપણ તે મુનિએ તે જ વખતે તમને શાપ આપ્યો કે, "તમે સર્વ પાપીઓ છો, માટે મનુષ્ય લોકમાં
રાજા મતાર લો." ત્યાર પછી તમે સર્વે તે મુનિ આગળ ક્ષમા માંગી ત્યારેએ તે મુનિએ તમારા શાપનો
સહિત પોર નીચે પ્રમાણે કહી સંભળાવ્યો: "જ્યારે તમે રાજકન્યા અનંગરતિની, અભ્યર્થના કરવા માટે
સ્થપાયલા હેરમાં જશો, અને જ્યારે અનંગરતિ મનુષ્ય લોકમાંથી વિદ્યાધરના લોકમાં પાછી જશે ત્યારે
અનંગપ્રભા ગણનો શાપમાંથી છૂટકો થશે. પણ હે વિકટવદન વિકટાનન ! તું વિદ્યાધરી થયેલી અનં-
બની ત્યાં જ રમેળવીશ, પણ તે સ્ત્રી તારો ત્યાગ કરશે, તેથી તને ઘણો સંતાપ થશે. પછી તું
પર્યંત દુર્ગાદેવીનું આરાધન કરીશ, એટલે શાપમાંથી મુક્ત થઈશ. કારણ તેં ચાપલે-
સ્પર્શ કર્યો છે, માટે તને પરસ્ત્રીને સ્પર્શ કરવા સંબંધી પાતક વધારે લાગ્યું છે. આ
હવે અનંગ- ારા ગણ હતા. તેમને મહર્ષિએ શાપ દીધો હતો, તે ઉપરથી તમે ચાર શૂરવીરો



દક્ષિણ દેશમાં જન્મ્યા હતા. તેમાં પંચપટ્ટિક, ભાષાજ્ઞ અને ખડ્ગધર આ ત્રણ અને ચોથો તું જીવદત્ત–આ પ્રમાણે તમારા ચારેનાં નામ હવાં. તેમાં પહેલા ત્રણહે અનંગરતિ! પોતાના લોકમાં ગયા પછી મારી પાસે આવીને મારી કૃપાથી શાપમાંથી મુક્ત થયા છે અને તેં આજ મારી આરાધના કરી એટલે તારો પણ શાપમાંથી છૂટકારો થયો છે. માટે અગ્નિની ધારણા ગ્રહણ કરી તું તારા મનુષ્ય દેહનો ત્યાગ કર ! અને આઠ જન્મપર્યંત ભોગવવા લાયક પાપને સત્વર બાળી નાંખ." આટલું કહી તેને અગ્નિ સંબંધી ધારણા અર્પણ કરી, દેવી અંતર્ધાન થઈ ગયાં. પછી જીવદત્ત, અગ્નિની આરાધના વડે મનુષ્ય દેહને અને તેનાં પાતકને ભસ્મ કરી શાપમાંથી મુક્ત થઈ લાંબે કાળે પાછો પ્રતાપી ગણ થયો. "જ્યારે પરસ્ત્રી સાથે સંગમ કરવાથી જે પાતક થાય છે તે પાતક દેવતાઓને પણ આટલું દુઃખ આપે છે, ત્યારે બીજાની તો શી વલે ?

## અનંગપ્રભાએ નવનવા પ્રિયતમો કેમ કીધા તે કથા.

એ અરસામાં અનંગપ્રભા હરિવરપૂરીમાં હરિવર રાજાની રાણીઓમાં પટ્ટરાણી પદને પામી; અને રાજા પણ રાજ્યનો સઘળો બોજો સુમંત્ર મંત્રી ઉપર નાંખી, રાત્રિ દિવસ તે રાણીના ઉપર એકાગ્રચિત્ત થઈને તેની પાસે જ રહેવા લાગ્યો. એક દિવસે લબ્ધવર નામનો કોઈ નવો નાટ્યાચાર્ય મધ્ય દેશમાંથી* તે રાજાના નગરમાં આવી, રાજાની પાસે આવ્યો. રાજાએ તેની ગાનમાં અને નૃત્યમાં અપૂર્વ કુશળતા જોઈ તેનો સત્કાર કરી તેને અંતઃપુરની સ્ત્રીઓનો નાટ્યાચાર્ય નીમ્યો. તે હંમેશાં અંતઃપુરની સ્ત્રીઓને નૃત્ય શીખવતો હતો, તેમાં તેણે અનંગપ્રભાને નૃત્ય વિદ્યામાં એટલે લગી પ્રવીણ કીધી કે, તે જ્યારે નૃત્ય કરતી ત્યારે તેની શોક્યો પણ તેના ઉપર અત્યંત પ્રેમમોહિત બની જતી–અર્થાત્ દ્વેષભાવ છોડીને તેનાપર કુરબાન થતી. અનંગપ્રભા, તે નાટ્યાચાર્ય સાથે સહવાસમાં આવવાથી અને નૃત્યનો અભ્યાસ કરવાના પ્રેમથી તેના ઉપર કામમોહિત થઈ અને તે નાટ્યાચાર્ય પણ અનંગપ્રભાના રૂપ અને યૌવનથી કામદેવના પ્રતાપવડે ધીમે ધીમે નવા પ્રકારનું નૃત્ય શિખ્યો. એક દિવસે નાટ્યશાળા શૂની હતી, તે વખતે અનંગપ્રભા, સુરતની ઇચ્છાથી, લજ્જા ત્યાગ કરી નાટ્યાચાર્ય પાસે ગઈ, અને પોતાની ઇચ્છા પૂર્ણ કરવા અતિશય પ્રેમાસક્ત બનેલી તે બોલી, "વલ્લભ ! હું તારા વગર એક ક્ષણ પણ રહી શકતી નથી, અને રાજા હરિવર જો આ વાત જાણશે તો તે સહન કરશે નહીં, પણ આપણને શિક્ષા કરશે. માટે ચાલ, જ્યાં આપણને તે પકડી શકે નહીં એવે ઠેકાણે જઇએ. રાજાએ તારી કળાથી પ્રસન્ન થઈ તને સુવર્ણ, અશ્વ, ઉંટ વગેરે સંપત્તિ આપી છે, અને મારી પાસે અલંકાર વગેરે ઘણી દોલત છે. માટે તે સર્વ માલ ઉપાડી જ્યાં આપણે નિર્ભય રહી શકીએ ત્યાં સત્વર ચાલ." નાટ્યાચાર્યે ઘણી ખુશીથી તેનું વચન માન્ય રાખ્યું, એટલે અનંગપ્રભા પુરુષનો વેશ લઈ પોતાની એક અત્યંત પ્રિય ચાકરડીની સાથે નાટ્યાચાર્યને ઘેર ગઈ. નાટ્યાચાર્યે પણ ઉંટ ઉપર સઘળી માલમતા પ્રથમથી ચઢાવી રાખી હતી, માટે અનંગપ્રભા જતાં વાર જ તેને ઉંટપર બેસાડી પોતે

* મધ્ય દેશ તે સાંપ્રતકાળનું અલ્હાબાદ, આગ્રા, દિલ્લી અને અયોધ્યા.

ઘોડેસ્વાર થઇને ચાલવા માંડયો. અનંગપ્રભાએ પ્રથમ વિદ્યાધરના વૈભવને ત્યાગ કર્યો; ત્યાર પછી રાજ્યપદને તજી દીધું અને હમણાં નટની સમૃદ્ધિનો આશ્રય કર્યો–જગતમાં સ્ત્રીઓનો ચમત્કાર! સ્ત્રીઓના ચંચળ મનને, ધિક્ ધિક્!

પછી અનંગપ્રભા ને નાટયાચાર્ય બંને છેલબટાઉ ઘણે દૂર વિયોગપુર નામના નગરમાં જઇ પહોચ્યાં. તે નગરમાં અનંગપ્રભા નાટ્યાચાર્યની સાથે આનન્દમાં રહેવા લાગી અને નાટ્યાચાર્ય પણ અનુપમ છબીલી મળવાથી પોતાનું લબ્ધવર નામ* સાર્થક માનવા લાગ્યો.

હવે બીજી બાજુએ રાજા તરફ જોઇએ. હરિવરરાયે જ્યારે જાણ્યું કે, તેની અનંગપ્રભા ક્યાંઈ નાસી ગઈ છે, એટલે તે અફસોસથી દેહ ત્યાગ કરવાને તૈયાર થયો. તે સમે સુમંત્ર મંત્રી તેને સમજાવીને કહેવા લાગ્યો; “મહારાજ, સ્ત્રી કોઇની થઇ નથી ને થવાની પણ નથી, એ જ્યારે તમે સમજો છો ત્યારે આ પ્રમાણે કેમ વિચાર કરતા નથી, કે જેણે તરવાર મેળવી વિદ્યાધરની શક્તિ પ્રાપ્ત કરી હતી તેવા પતિનો ત્યાગ કરીને, જે તમને જોતાં વાર જ તમારી સંગે આવી. તે મારી પાસે સ્થિર રેહેશે? ભાગ્યે જ એ સ્ત્રી કોઇ ઉચ્ચ સાથે નિશરી ગઈ હશે. તેને કોઈ ઉચ્ચ વસ્તુની અભિલાષા નહોતી. કેમકે ઘાસની કોઈ સલી ઉત્તમ જાતિની હોય છે, તોપણ જ્યાં તેની નજરે ઘાસ પડે છે, એટલે તે તેનાપર જ પ્રેમ કરે છે. બેશક, તે નાટ્યાચર્ય સાથે નાશી ગઈ છે, કેમકે તે પણ કોઇ સ્થળે તપાસ કરતાં દેખાતો નથી. મે સાંભળ્યું છે કે, આજ પ્રભાતમાં સંગીતશાળામાં તે બન્ને જણાં હતાં. મહારાજ, આપ સ્ત્રીનાં સર્વ લક્ષણ જાણો છો, છતાં પણ આપ તેના ઉપર આટલો આગ્રહ શાનો રાખો છો? સત્ય તો એજ છે કે, સ્ત્રીઓ સંધ્યાકાળની માફક સર્વની સાથે †ક્ષણરાગવાળી હોય છે.” મંત્રીએ રાજાને આમ કહ્યું, એટલે રાજા વિચારમાં પડ્યો અને વિચારવા લાગ્યો કે, “અરેરે! મને સુબુદ્ધિ સુમંત્રે ખરી વાત કહી. આ સંસારમાં માયા કરવી તે પરિણામે નીરસ છે. દરએક ક્ષણે તે બદલાય તેવી છે; અને તેની સાથે કાયમ સંબંધ રહેતો નથી. આ સંસારમાયાની માફક જ નારી પણ પરિણામે નીરસ થઇ પડે છે. ક્ષણે ક્ષણે તે બદલાતી જાય છે અને તેની સાથે કરેલો સંબંધ ક્ષણિક છે. ડાહ્યા પુરુષો નારી કે નદીની માયામાં પડતા નથી. બંને તેમાં પડનારાને ડુબાડી દે છે. જો કે તે બંને ઉત્કંઠિત ને રસમય છે. જે દુઃખમાં દિલગીરી વગરના, વૈભવમાં અભિમાન વગરના, કામને વખતે કાયર ન થતાં શૂરવીર હોય તે માણસોને ધીર જાણવા અને તેઓ જ જગતને જિતે છે.” આ પ્રમાણે વિચાર કરી હરિવર રાજા મંત્રીના વચનથી સંતાપ મૂકી પોતાની અસલ રાણી ઉપર જ સંતોષ રાખી રહ્યો.

અહીંયા અનંગપ્રભા વિયોગપુરમાં કેટલાએક દિવસપર્યંત નાટયાચાર્યની સાથે રહી. ત્યાં દૈવેચ્છાથી નાટયાચાર્યને તે ગામના તરુણ સુદર્શન નામના જુગારી સાથે મિત્રતા થઈ. આ જુગારીએ થોડા વખતમાં અનંગપ્રભાની સન્મુખ નાટયાચાર્યનું સઘળું ધન હરી લીધું. પછી અનંગપ્રભા

* લબ્ધવર એટલે ઈનામ મેળવનાર.

† સ્ત્રી–એક ક્ષણ પ્રેમ રાખે છે. સંધ્યા–એક ક્ષણ લાલ રંગની રહે છે.



તેના દુષ્ટ કામથી ગુસ્સે થઈ હોય તેમ, નિર્ધન નાટ્યાચાર્યને પડતો મૂકી, પેલા સુદર્શનને પતિ કરી તેને આશ્રયે જઈ રહી. પેલો ઘરબાર વગરનો નાટ્યાચાર્ય સ્ત્રી અને ધન વગરનો થઈ ગયો અને તેને વૈરાગ્ય આવ્યો. તેને લીધે તે માથે જટા રાખી તપ કરવા માટે ગંગા તટપર ગયો. પણ નવા નવા ઉપપતિ–પ્રિતમ કરનારી અનંગપ્રભા જુગારી સુદર્શનની સાથે એકમન કરીને રહેવા લાગી. એવામાં એક દિવસે રાત્રે કેટલાએક ચોરોએ સુદર્શનના ઘરમાં પેસી તેનું સઘળું નાણું હરી લીધું. નાણાનો નાશ થવાથી અનંગપ્રભા દુઃખી થવા માંડી અને પશ્ચાત્તાપ કરવા લાગી. તે જોઈ સુદર્શને અનંગપ્રભાને કહ્યું; “પ્રાણપ્યારી, હિરણ્યગુપ્ત નામનો મારો એક મિત્ર છે. તે મહા ધનાઢ્ય છે, માટે ચાલ, આજ આપણે તેની પાસેથી થોડું નાણું કરજે લઈ આવીએ.” આ પ્રમાણે સુદર્શન અનંગપ્રભાને કહી, દૈવને લીધે બુદ્ધિ નાશ થવાથી હિરણ્યગુપ્ત વાણીઆની પાસે તેની સાથે ગયો અને તેની પાસે કરજે પૈસા માગ્યા. તે વાણીઓ સાથે આવેલી અનંગપ્રભાને જોઈ તેના ઉપર પ્રેમઘેલો બની ગયો અને અનંગપ્રભા પણ તે શેઠને જોઈ પ્રેમઘેલી બની ગઈ. આ પ્રમાણે બન્ને જણાં એક બીજા ઉપર પ્રેમાંધ બની ગયાં. પછી તે વણીક શેઠે સુદર્શનને આદર સહિત કહ્યું, “હું તમને કાલ સવારે સોનું આપીશ અને આજ તમે બન્ને જણાં અહીં જ ભોજન કરો.” તે સાંભળી સુદર્શને જોયું તો શેઠનો અને પોતાની પ્રિયાનો કંઈ જુદો જ ભાવ માલમ પડયો. એટલે તે બોલ્યો, “આજ હું કંઈ ભોજન કરવા આવ્યો નથી.” ત્યારે તે શેઠ બોલ્યો, “મિત્ર, તારે કામ હોય તો ભલે તું ઘેર જા, પરંતુ તારી સ્ત્રી મારે ઘેર આજ પહેલ પહેલીજ આવી છે, માટે તે તો આજ અમારે ત્યાં જમશે.” તે શેઠે આમ કહ્યું, એટલે સુદર્શન જો કે લુચ્ચો હતો તોપણ નિરુત્તર થઈ ગયો. અને પછી તે શેઠ અનંગપ્રભાની સાથે વિલાસભવનમાં ગયા. ત્યાં અચાનક પ્રાપ્ત થયેલી મદમાતી ને રંગરાતી તે સ્ત્રી સાથે મધુપાન તથા આહાર વગેરે કરી અત્યંત મોટી મજા કીધી. પણ સુદર્શન જે બહાર બેસી પોતાની સ્ત્રીની બહાર નિકળવાની વાટ જોતો હતો, તેને અનંગપ્રભાએ યાદ પણ કીધો નહીં. ઘણી વાર થયાથી અનંગપ્રભાની પ્રેરણાથી શેઠે સીપાઇઓદ્વારા સુદર્શનને કહ્યું કે, તમારી ધણીઆણી તો ભોજન કરીને હમણાંજ ગયાં. શું તમે તેમને જોયાં નહીં? હજી સૂધી અહીં તમે શું કરવા ઉભા છો? જાઓ ઘેર.” એટલે તે બોલ્યોઃ “તે અહીંથી નિકળી નથી, પણ અંદર છે, માટે હું જઇશ નહીં તેને મોકલો, પછી હું જઇશ.” આ મમતી જવાબ સાંભળી શેઠના સીપાઇઓએ લાતો મારીને. તેને બારણા આગળથી હાંકી કાઢ્યો. સુદર્શન ઘેર જઈ દીલગીરીને લીધે વિચાર કરવા લાગ્યો કે; “શું તે વાણીઓ મારો મિત્ર થઇને મારી સ્ત્રીને ફોસલાવી ગયો? પણ અહા! મને મારા પોતાના પાપનું આવું ફળ મળ્યું છે. કારણ કે મેં બીજાનું જેવું ભુંડું કર્યું હતું તેવું બીજાએ મારું ભુંડું કર્યું. મારું પોતાનું જ કામ કોપને લાયક છે, ત્યારે મારે બીજાના કામ માટે શું કામ કોપ કરવો? જે કામ કરવાથી મારો પરાભવ થયો તે કામને જ કાપી નાંખું કે જેથી ફરીને મારો

પરાભવ થાય નહીં." **આમ** વિચાર કરી તે જુગારી ક્રોધ ત્યાગ કરી બદરીકાશ્રમમાં* જઈ સંસાર-શોકને કાપનારું તપ કરવા લાગ્યો.

હવે **અનંગપ્રભા**, ભ્રમરી જેમ એક પુષ્પમાંથી બીજા પુષ્પમાં રસના લોભથી રમે છે તેમ અધિક રૂપાળા વાણિયાને પ્રિયતમ કરી તેની સાથે ક્રીડા સુખ ભોગવવા લાગી. ધીમે ધીમે પ્રેમ-શાળી ધનાઢ્ય શેઠના પ્રાણ અને ધનની તે ધણીઆણી થઈ બેઠી. એવામાં તે શહેરના રાજા **વીર**બાહુના જાણવામાં આવ્યું કે, શહેરમાં કોઈએક નવયૌવના સુંદરી વાણીઆના ઘરમાં આવી છે, છતાં પણ તેણે ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા માટે તે સ્ત્રીનું હરણ કર્યું નહીં. તે વાણીઓ અનં-ગપ્રભામાં આસક્ત હોવાથી અનહદ દ્રવ્ય ખરચવા લાગ્યો, તેથી દ્રવ્ય થોડું થઈ ગયું, કારણ કે જેના ઘરમાં વેશ્યા રહેતી હોય તેના ઘરમાં કુલીનકાંતાની માફક લક્ષ્મી કલેશ પામે છે.

પછી **હિરણ્યગુપ્ત** વેપાર કરવા માટે ઘણાં વહાણો એકઠાં કરી, **અનંગપ્રભાના** વિયોગથી ડરી તેને સાથે લઈ, **સુવર્ણભૂમિ** નામના દ્વીપમાં જવા માટે નિકળ્યો. માર્ગમાં જતાં **સાગરપુર** નગર આવ્યું. આ શહેર સમુદ્રની નજીકમાં હતું. તે નગરમાં **હિરણ્યગુપ્ત** સમુદ્ર ઉપર પોતાની આજીવિકા ચલાવનાર **સાગરવીર** નામનો મચ્છીમારનો ઉપરી ખારવો મળ્યો. તેની સાથે તે પાતે પોતાની સ્ત્રીને સાથે લઈ એક વહાણમાં બેઠો અને સમુદ્રમાં આગળ ચાલ્યો. તે વાણીઓ **સાગરવીર** સાથે કેટલાક દિવસ સમુદ્રમાં ઉત્કંઠિત હૃદયે જળ પર્યટન કરતો હતો, એવામાં એક દિવસે ચકચકિત છે વિજળીરૂપ નેત્રો જેનાં, એવો ભયંકર, સંહારનો ભય આપ-નાર કાળમેઘ આકાશમાં ચઢી આવ્યો. વર્ષાદની મોટી મોટી ધારાઓથી અને બળવાન્ વાયુથી વહાણ આમ તેમ ડોલવા લાગ્યું, અને સમુદ્રના મોજામાં હમણાં સૌ ડૂબી જશે, એમ જણાયું. વહાણ ભાગવાની તૈયારીપર આવ્યું એટલે વહાણના નાવિકોએ પોતાનો મનોરથ નાશ થતો હોય તેમ 'ઓ ડુબ્યા ! ઓ ડુબ્યા !' કરી કોલાહલ કરી મૂક્યો, અને સ્વાર્થી **હિરણ્યગુપ્ત** વાણીઓ પોતાનો દુપટો કેડ ઉપર બાંધી **અનંગપ્રભાના** મુખ તરફ જોઈ બોલ્યો "અરે પ્યારી! તું આ દુઃખમાં ક્યાં આવી પડી?" એમ કહેતો કહેતો પોતે સમુદ્રમાં કુદી પડ્યો. દૈવયોગે તે વાણીઓ હાથથી તરી એક નાની હોડીને પકડી તેમાં ચઢી બેઠો. પણ પેલા **સાગરવીર** મચ્છીમારે તો દોરીથી નાના પાટીઆંનો તરાપો બાંધ્યો ને તે ઉપર **અનંગપ્રભાનો** હાથ ઝાલીને તેને ચઢાવી અને પોતે પણ તે ઉપર ચઢી. ભયભીત થયેલી **અનંગપ્રભાને** શાંત પાડી બે હાથવતી પાણીને

---

* આર્યોનાં ચાર પવિત્ર ધામમાં બદરિકાશ્રમ એ હિમાલયપર આવેલું અતિ મોટું પવિત્ર વૈષ્ણવોનું મુખ્ય ધામ છે. તેની ૭ તુકો છે, જેની સૌથી ઉંચી તુકનું શિખર દરિયાની સપાટીથી ૨૨૦૦૦ થી ૨૩૪૦૦ ફીટ ઉંચી છે. બદરિનાથ નામનું શહેર શ્રીનગરથી ઇશાન કોણમાં ૫૫ મૈલ દૂર છે. જમણી બાજુએ વિષ્ણુ ગંગા નદી છે, પણ નગરને પાણી પૂરું પાડનારી અલકનંદા છે. બદરિનાથનાં શૃંગો બ્રિટિશ ગરવાળમાં આવેલાં છે. નરનારાયણ ભગવાનનું દેવાલય નગરના સૌથી ઉંચા ભાગમાં આવેલું છે. ને તેની નીચે એક સુંદર તલાવ છે જેમાં ઉના પાણીના ઝરા વહે છે, જ્યાં હજારો યાત્રાળુ સ્નાન કરી પોતાના દેહને પાવન કરે છે. આ દેવાલય ૧૦૨૯૪ ફીટ દરિયાની સપાટીથી ઉંચું છે.



કાપતો કાપતો **સમુદ્રમાં** વધ્યો ગયો. થોડી વારમાં વહાણ ભાગી ગયું, આકાશમાંથી વાદળાં વિખ-રાઈ ગયાં, અને ક્રોધમુક્ત થયેલા સાધુની માફક સમુદ્ર પાછો સ્થિર થઈ ગયો. **હિરણ્યગુપ્ત** વાણીઓ વાયુએ પ્રેરણા કરેલી હોડીમાં બેસી દૈવયોગે પાંચમે દિવસે સમુદ્રના એક કિનારા ઉપર પહોંચ્યો. ત્યાં વહાણ નાંગળી નાંખ્યું અને તે કિનારા ઉપર ઉતરી પડ્યો. પ્રિયાના વિયોગથી અતિ દુઃખિત થયેલો તે વાણીઓ નસીબમાં જે લખ્યું હોય તેનો એક પણ ઉપાય નથી, આ પ્રમાણે માની ધીરે ધીરે પોતાના શહેરમાં ગયો. તે સ્વભાવે ધીર હતો તેથી તેણે ધીરજ રાખી, ફરી ધન મેળવી, આનંદમાં કાળ ગાળવા લાગ્યો.

પણ તરાપા ઉપર બેઠેલી **અનંગપ્રભાને** **સાગરવીર** મચ્છીમારે એક દિવસમાં આશ્ચર્ય સહિત સમુદ્રના કિનારા ઉપર પહોંચાડી દીધી. મચ્છીમારના રાજા **સાગરવીરે** તેને દિલાસો આપ્યો ને પછી તેને **સાગરપુરમાં** પોતાને ઘેર લઈ ગયો. ત્યાં જઈ **અનંગપ્રભાએ** મુખ્ય ધીવરને, રાજા જેવો લક્ષ્મીવંત, શૂરવીર, પ્રાણ બચાવનાર, તરુણાવસ્થાવાળો, કામકુંવર જેવો, અને પોતાની આજ્ઞા પ્રમાણે કામ કરનાર જાણી તેને પોતાનો પ્રિયતમ કર્યો. કારણ કે જે સ્ત્રીએ પોતાના સદ્‌ગુણ તથા યશનો હોમ કીધો છે તે સ્ત્રી ઉંચ નીચ કંઈ જોતી નથી. આ પ્રમાણે **અનંગપ્રભા** તેને ધણી કરી તેના ઘરમાં રહી ને તેણે અર્પણ કરેલી લક્ષ્મીનો ઉપભોગ કરવા લાગી.

એક દિવસે **અનંગપ્રભા** હવેલીની બારીમાં બેઠી હતી, એવામાં તેણે **વિજયશર્મા** નામના એક તરુણ ક્ષત્રિય કુમારને તે રસ્તેથી જતો દીઠો. તેનું રૂપ જોઈ તે સ્ત્રી તેના ઉપર મોહિત થઈ હવેલી ઉપરથી નીચે ઉતરીને તરત જ તેની પાસે જઈને બોલી; "આર્યપુત્ર! તમારાં દર્શન કરવાથી મારું મન તમારા ઉપર આશક થયું છે, માટે આ અભ્યર્થના કરનારી સ્ત્રીનો સત્કાર કરો." તે રજપૂત તે સ્ત્રીનું આવું વચન સાંભળી ઘણો પ્રસન્ન થયો અને આકાશમાંથી જાણે પડેલી હોય તેવી ત્રિભુવનમાં અનુપમ કાંતા **અનંગપ્રભાને** પોતાને ઘેર તેડી ગયો. તેના ગયા પછી **સાગરવીરને** ખબર થઈ કે તેની સ્ત્રી ક્યાંઈ નાશી ગઈ છે, ત્યારે તે પોતાની સર્વ વસ્તુનો ત્યાગ કરી તપ કરી શરીરનો ત્યાગ કરવાની ઇચ્છાથી ગંગા તટ પર ગયો. **સાગરવીરને** આ પ્રમાણે દુઃખ કેમ થાય નહીં! થવું જ જોઈએ; કારણ કે મચ્છીમારપણું ક્યાં અને આવી અનુપમ વિદ્યાધરીની સાથે સમાગમ ક્યાં? પણ સુખને શોધનારી સ્વેચ્છાચારી **અનંગપ્રભાને** કંઈ દુઃખ થયું નહીં. તે તો **વિજયશ-માંની** સાથે તે જ નગરમાં સ્વેચ્છાનુસાર પ્રેમઘેલી થઈ રહી.

પછી એવું બન્યું કે, એક દિવસે **સાગરવર્મા** નામનો તે ગામનો રાજા હાથણી ઉપર બેસીને શહેરમાં ફરવા નિકળ્યો. તે પોતે વસાવેલા **સાગરપૂરને** જોતો જોતો **વિજયશર્માના** ઘર આગળ આવી ચઢ્યો. રાજા આવતો જાણી, તેનાં દર્શન કરવાની ઇચ્છાથી **અનંગપ્રભા** ઝરુખામાં આવી, ને રાજાને જ્યાં જોયો ત્યાં જ તે તેના ઉપર મોહિત થઈ ગઈ અને નિર્લજ્જતાથી તે હાથણીના માવતને કહેવા લાગી, "અલ્યા માવત! હું કોઈ દિવસ હાથી ઉપર બેઠી નથી, માટે મને તેના ઉપર બેસવા દે. હું તેના ઉપર ચઢીને બેસવામાં કેટલું સુખ છે તેની તપાસ કરું." તે માવતે રાજાના મુખ તરફ જોયું, એટલે રાજાએ જોયું તો **અનંગપ્રભાને** દીઠી. આ સ્ત્રી આકાશમાંથી જાણે ચંદ્રની

ચાંદની પડી હોય તેના જેવી જણાતી હતી. ચકોર પક્ષી તૃષિત નેત્રથી જેમ ચાંદનીને નિહાળે છે તેમ રાજા તૃષિત નેત્રથી તેને જોવા લાગ્યો અને તે સ્ત્રીને મેળવવાની આશાથી માવતને કહ્યું, "અલ્યા માવત! હાથણીને તે સ્ત્રીની પાસે લઈ જઈ તેના ઉપર સત્વર તે સ્ત્રીને બેસાર, અને તેની હોંસ પૂરી કર." આ પ્રમાણે રાજાએ કહ્યું એટલે માવત તે જ વખતે તે હવેલીની નીચે હાથણીને લઈ ગયો. અનંગપ્રભા હાથણીને નિકટમાં આવી જોઈ ઝરુખામાંથી રાજા સાગરવર્માના ખોળામાં જઈ પડી. જેને પ્રથમ પતિ કરવાનો ધિક્કાર હતો તે હવે નવનવા પ્રિતમ ખોળે છે, એ બનાવની શી અદ્‌ભુતતા! અફસોસ છે કે તેના પિતાના શાપથી તેનાં ચરિત્રમાં અત્યંત ફેરફાર થઈ ગયો છે. તે ઉપરથી પડી કે તરત નીચે પડવાની બીકથી તે રાજાને ગળે વળગી પડી. રાજા પણ તે સ્ત્રીના આલિંગનરૂપી અમૃતનો અંગમાં સ્પર્શ થયો, તેને લીધે પરમ આનંદ પામ્યો, અને યુક્તિથી પોતાનું શરીર અર્પણ કરનારી અને ચુંબન કરવામાં લાલસા ધરાવનારી તે સ્ત્રીને લઈ ઝટપટ પોતાને મહેલે ગયો. રાજભવનમાં ગયા પછી તે વિદ્યાધરાંગનાએ પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. ત્યાર પછી તે જ વખતે રાજાએ તેને રણવાસમાં દાખલ કરી, મહારાણી પદે સ્થાપી. આ બાજુએ તરુણ ક્ષત્રિય વિજયવર્માના જાણવામાં તે પછી આવ્યું કે, મારી સ્ત્રીને રાજા હરી ગયો છે એટલે તે રાજાના મહેલની બહારના ભાગમાં આવીને રાજાના સીપાઈઓની સાથે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધમાં તેણે પાછો ન હઠતાં પોતાનું શરીર ત્યાગ કરી દીધું; કારણ કે શૂરવીરો સ્ત્રીને માટે થયેલું અપમાન સહન કરતા નથી. તે મરણ પામ્યા પછી જાણે, "આ ધિક્કારપાત્ર સ્ત્રીનું તારે શું પ્રયોજન છે? નંદનવનમાં આવી અમારી સાથે રહે," આમ જાણે વિનવીને સુર સુંદરીએ તેને સ્વર્ગમાં લઈ ગઈ હોય, તેમ તે સ્વર્ગમાં સિધાવ્યો.

નદી જેમ સમુદ્રમાં સ્થિરતા કરીને રહે છે તેમ અનંગપ્રભા સાગરવર્મા સાથે સ્થિર મન કરીને રહી, પણ પછી બીજે ક્યાંઈ ગઈ નહીં. દૈવબળથી અનંગપ્રભા તે ધણીથી પોતાને ધન્ય માનવા લાગી, તેમ રાજા પણ તે સ્ત્રીથી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. કેટલાએક દિવસ વીત્યા બાદ રાજા સાગરવર્માની મહારાણી અનંગપ્રભાએ ગર્ભ ધારણ કરી, દશ મહિના પછી પુત્રને જન્મ આપ્યો. રાજાએ પુત્રના જન્મ નિમિત્ત મહોત્સવ કરી તે પુત્રનું સમુદ્રવર્મા નામ પાડ્યું. તે પુત્ર દિનપ્રતિદિન મોટો થતો ગયો, તેમ તેણે સર્વ ગુણ સંપાદન કીધા. તે તરુણાવસ્થાએ પહોંચ્યો ત્યારે રાજાએ પરાક્રમશાળી કુંવરને યુવરાજની પદવી ઉપર નીમ્યો, અને પુત્રનાં લગ્ન કરવા માટે સમરવર્મા રાજાની કમળાવતી નામની પુત્રીનું હરણ કરી તેની સાથે પુત્રીનાં લગ્ન કર્યાં; અને પુત્રના ગુણોને લીધે તેના અધીન થઈ, રાજાએ પોતાનું રાજ્ય યુવરાજ સમુદ્રવર્માને સોંપ્યું. સમુદ્રવર્મા, જે ક્ષત્રિયના ધર્મમાં નિપુણ હતો અને તેજસ્વી હતો, તે પિતાની પાસેથી રાજ્ય મેળવીને તરત પ્રણામપૂર્વક વિનતિ કરવા લાગ્યો: "પિતાજી, મને ચારે દિશાએ વિજયયાત્રા કરવાની આજ્ઞા આપો. કારણ કે જે પૃથ્વીપતિ રાજા થઈ વિજય કરવાની ઈચ્છા કરતો નથી તે રાજા સ્ત્રીના નપુંસક પતિની માફક નિંદાપાત્ર છે. આ દુનિયામાં બીજા રાજાના દેશનો પરજય કરી પોતાના બાહુબળથી જે લક્ષ્મી મેળવી હોય તે લક્ષ્મી રાજાઓની કીર્તિ વધારે છે, અને તે લક્ષ્મી ધર્મ-



વાળી ગણાય છે. પરંતુ જે રાજાએ બીલાડાની માફક ચંચળવૃત્તિના બની, પોતાની પ્રજાને જ ખાઈ જાય છે, તે ક્ષુદ્ર લોકોનું રાજાપણું તેઓના પરાભવ માટે થઈ પડે છે." આ પ્રમાણે યુવરાજ સમુદ્રવર્માએ કહ્યું, એટલે તેનો પિતા સાગરવર્મા બોલ્યો, "પુત્ર, હજી તારું આ રાજ્ય નવું છે, માટે તું રાજ્યનાં મૂળ ઉંડાં કર. જે રાજા ધર્મથી રાજ્ય ચલાવે છે તેનો યશ અને કીર્ત્તિ વધે છે—વળી પોતાની શક્તિ કેટલી છે તે જાણ્યા વગર રાજાને તાબે કરવા તે ઉચિત નહિ. હે વત્સ! જો કે તું શૂરવીર છે, વળી તારે સેના પણ વધારે છે, તોપણ તારે વિજયનો વિશ્વાસ રાખવો નહીં, કારણ કે રણસંગ્રામમાં વિજયલક્ષ્મી ચંચળવૃત્તિની હોય છે. કોઈ કહી શકતું નથી કે અમુકનો વિજય થશે." આ પ્રમાણે પિતાએ કહ્યું તો પણ તેજસ્વી સમુદ્રવર્મા પ્રયત્નપૂર્વક પિતાની આજ્ઞા માંગી દિગ્વિજયની ઈચ્છાથી નિકળ્યો અને એક પછી એક દિશાઓ જિતી, રાજાઓને પોતાને તાબે કરી તેની પાસેથી હાથી, ઘોડા, સોનું વિગેરે મેળવી પોતાના નગરમાં આવ્યો. તેના માતાપિતા પુત્રને જોઈ પ્રસન્ન થયાં. સમુદ્રવર્માએ નમ્રતાથી જૂદા જૂદા દેશમાંથી મળેલાં રત્નો પિતાના ચરણમાં અર્પણ કર્યાં. પછી પિતાની આજ્ઞા પ્રમાણે મહા કીર્તિવંત સમુદ્રવર્માએ હાથી, ઘોડા, સોનું વગેરેનાં મોટાં મોટાં દાનો બ્રાહ્મણોને આપ્યાં. ત્યાર પછી યાચકોને અને ચાકરોને ધનની બક્ષિસ આપી. તેના રાજ્યમાં કેવળ એક દરિદ્ર શબ્દ અર્થ વગરનો થયો હતો.

રાજા સાગરવર્મા અને તેની રાણી અનંગપ્રભા, પુત્રનું માહાત્મ્ય સાંભળી, પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યાં, અને રાજાએ કેટલાક દિવસ ઉત્સવમાં કાઢ્યા પછી એક દિવસે મંત્રીની સમક્ષમાં પુત્ર સમુદ્રવર્માને કહ્યું, "પુત્ર! આ જન્મમાં મારે જે કરવાનું હતું તે મેં કર્યું; મેં રાજ્યનું સુખ ભોગવ્યું, અને તેં ચક્રવર્તી રાજ્ય મેળવ્યું તે મેં જોયું. હવે મારે બીજું શું મેળવવાનું હતું? હવે જ્યાં સૂધી મારું શરીર ટકશે ત્યાં સૂધી હું તીર્થનો આશ્રય કરીને રહીશ. 'આ શરીર નાશવંત છે, માટે હજી સૂધી તને ઘરમાં રહેવાની ઈચ્છા કેમ રહે છે? આમ જાણે મારી જરાવસ્થા મારા કાનમાં કહેતી હોય તેમ જણાય છે." આ પ્રમાણે પુત્રને જણાવી, પુત્રની ઈચ્છા ન છતાં પણ કૃતકૃત્ય બનેલો રાજા પોતાની સ્ત્રી અનંગપ્રભા સહિત પ્રયાગતીર્થમાં ગયો અને સમુદ્રવર્મા પોતાના પિતાની પાછળ જઈ, પાછો પોતાના શહેરમાં આવી વિધિ પ્રમાણે પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો.

રાજા સાગરવર્માએ પણ પોતાની સ્ત્રી સહિત પ્રયાગમાં તપ કરી શંકરને પ્રસન્ન કર્યાં. એક દિવસે રાત્રિના પાછલા ભાગમાં સ્વપ્નામાં શંકરે રાજાને કહ્યું: "હું તારા ઉપર અને તારી સ્ત્રી ઉપર પ્રસન્ન થયો છું; માટે સાંભળ! તું અને આ અનંગપ્રભા તમે બન્ને જણાં વિદ્યાધર છો. કાલે સવારે શાપનો ક્ષય થઈ ગયા પછી તમે પોતાના લોકમાં જશો." આ પ્રમાણે સ્વપ્નું આવ્યા પછી રાજા અને રાણી જાગ્યાં, અને સ્વપ્નમાં જે પ્રમાણે જોયું હતું તે પ્રમાણે બન્ને જણાં પરસ્પર વાત કરવા લાગ્યાં. પ્રથમ અનંગપ્રભાએ રાજી થઈને કહ્યું, "આર્યપુત્ર, હવણાં મને મારો પૂર્વ જન્મ યાદ આવ્યો છે. હું વિદ્યાધર સમરરાજની પુત્રી છું. મારું નામ અનંગપ્રભા છે અને હું વીરપુર નગરની રહેનારી છું. મને મારા પિતાનો શાપ થયો હતો, તેથી હું મનુષ્ય લોકમાં જન્મી

અને મારી વિદ્યા વિસરી જવાથી પૂર્વ જન્મ વિસરી ગઈ હતી. હવણાં મને મારો પૂર્વ જન્મ યાદ આવ્યો છે." આમ જ્યાં તે બોલે છે એવામાં તેનો પિતા **સમરરાજ** આકાશમાંથી નીચે ઉતરીને તેની પાસે આવ્યો. રાજા **સાગરવર્માએ** તેને નમસ્કાર કર્યાં અને તેની પુત્રી **અનંગપ્રભાએ** પણ પિતાને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કર્યાં. પછી સમરે પોતાની પુત્રીને કહ્યું; "બહેન ! તને જે શાપ થયો હતો તે શાપમાંથી આજ તારો છૂટકો થયો છે. માટે તું તારી વિદ્યાને યાદ કર. કારણ કે તારે આઠ જન્મનું દુઃખ એક જન્મમાં ભોગવવું પડ્યું છે."* આ પ્રમાણે કહી, પુત્રીને પોતાના ખોળામાં બેસારી, ફરી વિદ્યા શીખવી. પછી **સાગરવર્માને સમરે** કહ્યું; "તમે વિદ્યાધરના રાજા છો અને તમારું નામ **મદનપ્રભ** છે. મારું નામ **સમર** છે અને મારી પુત્રીનું નામ **અનંગપ્રભા** છે. જ્યારે આ કન્યાને પરણાવવાનો વિચાર હતો ત્યારે જૂદા જૂદા વિદ્યાધરોએ આ કન્યાની માગણી કરી હતી, પણ આ કન્યા રૂપગર્વમાં એટલી મદાંધ થયેલી હતી કે, તેણે વરોમાંના એકને પણ પસંદ કર્યો નહીં. ત્યાર પછી તું જે એના જેવો કુળવાન્ તથા ગુણવાન્ હતો, તેણે આ કન્યાની માગણી કરી; કેમકે તું તેને પરણવાને અતિ ઉત્કંઠિત હતો; તોપણ આ કન્યાએ વિધિયોગે તને પણ અંગીકાર કર્યો નહીં. એટલે મેં તેને મર્ત્યલોકમાં જવાનો શાપ દીધો. ત્યાર પછી તને એવી ઇચ્છા થઈ કે, આ સ્ત્રી મનુષ્ય લોકમાં મારી સ્ત્રી થાય તો ઠીક. આ પ્રમાણે મનમાં વિચાર કરી વરપ્રદ **શંકરનું** ધ્યાન ધરી, યોગવડે તેં પોતાનું વિદ્યાધર શરીર તજી દીધું અને તું મનુષ્યમાં જન્મ્યો અને છેવટે આ પણ તારી સ્ત્રી થઈ. હવે તમે બન્ને જણાં સાથે વિદ્યાધર લોકમાં આવો." આ પ્રમાણે **સમરે** કહ્યું કે **સાગરવર્માને** પોતાના પૂર્વ જન્મનું સ્મરણ થયું, એટલે તેણે તુરત પોતાનું શરીર પ્રયાગના જળમાં ત્યાગ કરી દીધું અને **મદનપ્રભ** થઈ રહ્યો. અતિશય તેજસ્વી **અનંગપ્રભા** પણ પિતાની પાસેથી વિદ્યા શીખીને એકદમ વિદ્યાધરી થઈ ગઈ. તેનું શરીર તેજ હતું તોપણ જાણે તે બીજી જ હોય તેમ શોભતી હતી. ત્યાર પછી દિવ્યરૂપ ધારી **મદનપ્રભ** અને **અનંગપ્રભા**, પરસ્પર એક બીજાનું અનુપમ શરીર જોઈ અતિશય પ્રેમમાં મગ્ન થયાં અને આનંદમાં આવી ગયાં. પછી તે બન્ને જણાં અને શ્રીમાન્ વિદ્યાધરના રાજા **સમર** તે સર્વે સાથે આકાશમાં ઉડી વિદ્યાધરના પાટનગર **વીરપુરમાં** ગયાં. ત્યાં **સમર** રાજાએ પોતાની પુત્રી **અનંગપ્રભા** **મદનપ્રભને** પરણાવી; અને **મદનપ્રભ** શાપમાંથી મુક્ત થયેલી પ્રેમશાળી પોતાની સ્ત્રીને સાથે લઈ પોતાના નગરમાં વિદાય થયો અને ત્યાં સુખમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

"આ પ્રમાણે દેવતાઓ પણ પોતાના અનીતિના કર્મવિપાકને લીધે શાપ પામીને મનુષ્ય લોકમાં અવતરે છે અને પોતાના કર્મને લાયક ફળ ભોગવી, પૂર્વ જન્મમાં મેળવેલા પુણ્ય કર્મથી ફરી પોતાના લોકમાં જાય છે."

**અલંકારવતી** સહિત રાજા **નરવાહનદત્ત**, **ગોમુખ** મંત્રી પાસેથી એ પ્રમાણે વાર્તા સાંભળી ઘણો રાજી થયો અને તે પછી દિવસનું કર્મ કરવામાં ગુંથાયો.

---

* બુકેશીઓ ડીકેમરનમાં બીજા દિવસની વાર્તા આને જ મળતી છે.



## તરંગ ૩ જો.

## કાર્પટિકની કથા.

બીજે દિવસે **નરવાહનદત્ત**, **અલંકારવતીની** પાસે બેઠો હતો, તેને તેના મિત્ર **મરુભૂતિએ** વિનતિ કરી કે, "મહારાજ, જુઓ જુઓ, આ બીચારા કાર્પટિકને.* તે કેવળ એક ચામડાનો કટકો ઓઢે છે, માથે જટા રાખી છે, શરીરમાં ઘણો દુર્બળ થયો છે અને ધૂળવાળો રહે છે. તે આપના મહેલના દરવાજામાં રાત્રિ કે દિવસ, તાઢ કે તડકાના સમયમાં પણ બેઠો રહે છે, તોપણ હજી સુધી આપ તેના ઉપર કેમ કૃપા કરતા નથી? વખત ઉપર થોડું આપ્યું હોય તો તે પણ ઘણા જેવું થઈ પડે છે, પણ વખત વીતી ગયા પછી ઘણું આપ્યું હોય તોપણ તે નકામું છે. માટે એ જ્યાં સુધી જીવે છે તેટલા સમયમાં આપ તેના ઉપર કરુણા કરો." તે સાંભળી ગોમુખ બોલ્યો કે, "**મરુભૂતિએ** જે કહ્યું છે તે યથાર્થ છે. પરંતુ મહારાજ, તેમાં આપનો જરા પણ દોષ નથી. કારણ કે જ્યાં સુધી આ માણસનાં પાપરૂપ શત્રુનો નાશ થયો નથી ત્યાં સુધી આપ ધન આપવા તૈયાર થાઓ, તોપણ તેને આપી શકશો નહીં. પરંતુ જ્યારે પાતકનો નાશ થાય છે, ત્યારે પ્રયત્નથી વાર્યો હોય તોપણ ઇશ્વર તેને આપે છે જ. માટે, ખરેખર ફળપ્રાપ્તિ કર્માનુસાર છે. મહારાજ ! હું આ વિષયમાં **લક્ષદત્ત** રાજાની અને **લબ્ધદત્ત** કાર્પટિકની એક કથા તમને કહું છું તે સાંભળો.

### લક્ષદત્ત રાજાની અને લબ્ધદત્ત કાર્પટિકની કથા.†

ઘણા પ્રાચીન કાળમાં આ પૃથ્વી ઉપર **લક્ષપુર** નામનું એક નગર હતું. તે નગરમાં **લક્ષદત્ત** નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા પરમ દાનેશ્વરી હતો. તે કોઈપણ યાચકને એક લાખ રૂપીઆથી ઓછા રૂપીઆ આપવાનું તો જાણતો જ નહિ. તે જેની સાથે વાતચિત કરતો તેને પાંચ લાખ રૂપીઆ આપતો, અને જેના ઉપર તે કૃપા કરતો હતો તેનું જડમૂળ દારિદ્રય કાપી નાંખતો હતો. આટલા માટે જ તે રાજાનું **લક્ષદત્ત** આવું નામ પ્રસિદ્ધ થયું હતું. એક પ્રસંગે તે રાજાના રાજમહેલના બારણામાં કોઈ એક કાર્પટિક રાત્રિ દિવસ બેસી રહેતો હતો. એનું નામ **લબ્ધદત્ત** હતું. તે એક ચામડાના કટકારૂપ વસ્ત્રથી પોતાની કેડ ઢાંકી રાખતો હતો. તે શિવાય તેની પાસે કંઈ પણ ન હતું. આ કાર્પટિકે માથે જટા રખાવી હતી અને તે શિયાળામાં કે ઉનાળામાં રાજદ્વાર મૂકીને ત્યાંથી ખસતો નહીં અને રાજા પણ તેને તે પ્રમાણે દરરોજ બેઠેલો જોતો હતો. રાજા દાતા હતો અને કૃપાળુ હતો, તોપણ તેણે તેને કંઈ પણ આપ્યું નહિ. અને કાર્પટિકે આ પ્રમાણે ઘણા દિવસ રાજાના બારણામાં બેસી દુઃખ વેઠ્યું.

---

* કાર્પટિક એટલે કોઈની પાસેથી કંઈ પણ લીધા વગર—ચાકરી કરનાર. મૂળના તરંગ ૮૧ માં એમ જણાવ્યું છે કે, દક્ષિણ દેશનો એક રાજપુત્ર પોતાનાં કપડાં બીજા રાજકુમારો પાસે ફાડી નંખાવીને કાર્પટિક થયો હતો. હું સમજું છું કે કાર્પટિકનો અર્થ દ્રરિદ્રિ, દુઃખિત પરતંત્ર પુરૂષ—જેને ઓઢવા પહેરવા કંઈ નથી તે—પણ ધર્મની કંઈક આસ્થાથી પોતાનો કાળ ધર્મ માર્ગે ગાળનારો.

† બુકેશીઓ ડીકેમરનના ૧૦ મા દિવસની પહેલી વાર્તા આને મળતી જ છે.

એક દિવસે તે રાજા મૃગયા કરવા માટે વનમાં ગયો, તેની પાછળ તે કાર્પટિક હાથમાં એક ધોકો લઈને ગયો. વનમાં રાજા ધનુષ ધારણ કરી વાહન ઉપર બેઠો હતો. તેની સાથે તેની સેના પણ હતી અને રાજા, વાઘ, વરાહ, ને હરિણોને બાણનો વર્ષાદ વરસાવી મારતા હતા. ત્યાં પગપાળા એકલા કાર્પટિકે તે રાજાની નજર આગળ એકલા ધોકાવડે જ ઘણા વરાહો અને હરિણોને મારી નાંખ્યા. રાજા તેનું આવું અપૂર્વ પરાક્રમ જોઇ આશ્ચર્યથી મનમાં વિચાર કરવા લાગ્યા કે—"અત્યંત આશ્ચર્યની વાત છે કે, મારા મહેલના દ્વાર પાસે બેસી રહેનાર આ પુરુષ આવો વીરલો છે." તેની વીરતાની મનમાં આવી પ્રશંસા કર્યાં છતાં તેને રાજાએ કંઈ પણ આપ્યું નહીં. રાજા મૃગયા રમી રહ્યા પછી વિશ્રામ સુખ માટે પાછો નગરમાં આવ્યો, અને પેલો કાર્પટિક પ્રથમની માફક જ પાછો આવી રાજમહેલના મોટા દરવાજાપર બેઠો. એક દિવસે રાજા લક્ષદત્ત પોતાના રાજ્યના સીમાડાના દૂરના ભાગમાં, પોતાના ગોત્રીઓનો વિજય કરવા માટે ગયો હતો, ત્યાં મોટું યુદ્ધ ચાલ્યું. તે યુદ્ધમાં રાજાની સન્મુખમાં કાર્પટિકે કેટલાએક શત્રુઓને ખેરની મજબૂત ડાંગોના સપાટા મારી પરાક્રમ દર્શાવ્યું. છેવટે રાજા પોતાના શત્રુનો પરાજય કરી પાછો પોતાના નગરમાં આવ્યો; પરંતુ તે કાર્પટિકનું પરાક્રમ જોયા છતાં તેને કંઈ પણ આપવાનો વિચાર કર્યો નહીં. આ પ્રમાણે લબ્ધદત્ત કાર્પટિકે ઘણી મુશ્કેલીથી ત્યાં રહીને પાંચ વર્ષ કાઢ્યાં.

છઠ્ઠું વર્ષ બેઠા પછી એક દિવસે તે રાજાએ તેને જોયો. એટલે દૈવયોગે તેને તેની સ્થિતિ જોઈ દયા આવી, ને તે ઉપરથી તે વિચાર કરવા લાગ્યો—"જો કે એ ઘણા દિવસ થયાં આર્ત છે, વળી તે પરાક્રમી છે તેમ તે મારે માટે લડયો પણ છે તો પણ મેં તેને કંઈ પણ આપ્યું નથી, તો શા માટે ગુપ્ત રીતે મારે એને કાંઈ આપીને એ રાંકનાં પાપ નાશ પામ્યાં છે કે નહીં, ને એનાપર દૈવ પ્રસન્ન થયું છે કે નહીં, તે તપાસવું નહીં?"

આ પ્રમાણે વિચાર કરી લક્ષદત્ત પોતાની ઇચ્છાથી ભંડારમાં ગયો અને એક કહોળાના બે કકડા કરી તેમાં રત્નો ભરી, તેને સંપુટ જેવું બનાવ્યું. પછી રાજાએ પોતાના મહેલની આગળ એક મોટી રાજસભા ભરી. તેમાં શહેરના સામંત, મંત્રી વગેરે સઘળા માણસો આવ્યા, તેની સાથે પેલો કાર્પટિક પણ આવ્યો, એટલે રાજાએ પોતે તેને પ્રેમાળ વાણીથી કહ્યું, "અરે વીર કાર્પટિક! અહીં આવ." કાર્પટિક લબ્ધદત્ત રાજાનું નિમંત્રણ સાંભળી ઘણો પ્રસન્ન થઈ રાજાની આગળ આવીને પ્રણામ કરી ઉભો રહ્યો. ત્યાર પછી રાજાએ તે કાર્પટિકને કહ્યું, "અલ્યા કાર્પટિક! સ્વકૃત કંઈ સુભાષિત બોલ." તે સાંભળી તે કાર્પટિક નીચેની આર્યા બોલ્યો—

## आर्या.

पूरयति पूर्णमेषा तरंगिणीसंहतिः समुद्रमिव ।
लक्ष्मीरधनस्य पुनर्लोचनमार्गेपि नायाति ॥

"ઘણી નદીઓ જળથી ભરપૂર સમુદ્રને જળથી પૂરે છે, પરંતુ જે શુષ્ક તળાવ વગેરે છે



તેને જળથી પૂરતી નથી, તેમ જ લક્ષ્મી પણ લક્ષ્મીવંતને પૂર્ણ કરે છે, પરંતુ નિર્ધનનાં દર્શનમાં પણ આવતી નથી."

રાજા તે આર્યા સાંભળી, ફરી તે આર્યા તેની પાસે બોલાવી ઘણો રાજી થયો અને તેને ઉમદા રત્નોથી ભરેલું પેલું કહોળું અર્પણ કર્યું. આ વખતે સભામાં ઉપસ્થિત જે ગૃહસ્થો હતા તે સઘળાને આ ગુપ્ત બાબતની ખબર નહતી તે ઉપરથી તે કહોળું બક્ષિસમાં આપેલું જોઈ ખેદ કરવા લાગ્યા અને પરસ્પર ઇચ્છામાં આવે તેમ બકવા લાગ્યાઃ—"રે કાર્પટિક હીનભાગ્ય છે, કેમકે આપણો રાજા જેનાપર પ્રસન્ન થાય છે તેને ન્યાલ કરી નાંખે છે. પણ મહારાજ પ્રસન્ન થયા ને આ બાપડાને બોલાવી સર્વ સમક્ષ પ્રેમાળ વાણીએ આ એક કહોળું જ આપ્યું! બેશક કલ્પવૃક્ષ સર્વને સુખદાતા છે, પણ હતભાગ્ય પુરુષને તો તે પલાશ* વૃક્ષ જેવું છે.

હવે પેલો કાર્પટિક પેલું રત્નમય કોહોળું લઈ અફસોસ કરતો કરતો રાજસભામાંથી જતો હતો, એવામાં રસ્તામાં રાજબંદી નામનો કોઈ એક બુદ્ધ ભિક્ષુક તેને સામો મળ્યો. તેણે કહોળા તરફ જોયું તો તે ઘણું સારું લાગ્યું. એ ઉપરથી કાર્પટિકને એક સાડી આપીને તેની પાસેથી કહોળાને ખરીદ કરી રાજાની પાસે જઈ તે કોહોળું રાજાને ભેટ તરીકે અર્પણ કર્યું. પોતાનું આપેલું તે ફળ પાછું આણેલું જોઈ રાજાએ બુદ્ધ યતિને પૂછ્યું, "અરે પૂજ્ય સાધુ! આ કહોળું તમને કયાંથી મળ્યું ત્યારે રાજબંદીએ કહોળું આપનારા કાર્પટિકનું નામ જણાવ્યું. તે સાંભળી લક્ષદત્ત રાજા ખેદાતુર થઈ આશ્ચર્ય પામ્યો અને વિચાર્યું, "અફસોસ છે કે, હજી સુધી પણ એ કાર્પટિકનાં પાપ નાશ પામ્યાં નથી." આમ વિચાર કરી તે કહોળું લઈ એક ક્ષણ પછી તે સભામાંથી ઉઠ્યો અને પોતાનું આહ્નિક કર્મ કરવામાં ગુંથાયો અને પેલો કાર્પટિક સાડી વેચી તેના પૈસામાંથી અન્ન જળ લીધાં અને રાજમહેલના બારણા આગળ પ્રથમની માફક આવી બેઠો અને બીજે દિવસે પણ રાજાએ તેવી જ મોટી સભા મેળવી. તેમાં વળી શહેરનાં સઘળાં મનુષ્યો રાજાને મળવા માટે આવ્યાં ને તે જોવા પેલો કાર્પટિક પણ આવ્યો. રાજા કાર્પટિકને જોઈ પ્રથમની માફક ફરી તેને પોતાની પાસે બોલાવી, બેસારી પુનઃ તે જ આર્યા બોલાવી પ્રસન્ન થઈ તે જ સમયે તેને જેમાં ગુપ્ત રત્ન ભર્યાં હતાં તેવું બીજું કહોળું બક્ષીસ કર્યું. તે જોઈ ત્યાં બેઠેલા સઘળા આશ્ચર્ય સહિત પરસ્પર બોલવા લાગ્યા કે, "અરે આ શું? બીજે દિવસે પણ રાજા આને વ્યર્થ પ્રસન્ન થયા. આનું દારિદ્ર્ય પણ મટાડ્યું નહીં." પેલો કાર્પટિક રાજાએ આપેલું કહોળું લઈ નિરાશ થઈ ત્યાંથી નિકળ્યો, ને કહોળું જોતો વિચારવા લાગ્યો કે "અફસોસ છે કે રાજાની પ્રસન્નતા બીજી વેળા પણ ફળદાયી થઈ નહીં," તે આવો વિચાર કરતો જતો હતો એવામાં તે દેશમાં અધિકાર ઉપર નીમેલો એક માણસ રાજાને મળવા માટે સભામંડળમાં જવાની ઇચ્છાથી આવતો હતો તે તેને સામો મળ્યો. તેણે કહોળાને જોઈ કાર્પટિક પાસેથી તે કહોળું માગ્યું, અને શુભશકુન જોનારા તે માણસે તેને બે વસ્ત્ર આપી તે કહોળું ખરીદી, રાજસભામાં આવી રાજાના ચરણમાં પ્રણામ કર્યાં. પછી તે કહોળું પ્રથમ

* પલાશ એટલે ખાખરાનું ઝાડ, ને પલાશ એટલે નિર્દય.

અર્પણ કર્યું, અને ત્યાર પછી પોતાની બીજી સઘળી ભેટ રાજાને અર્પણ કરી. રાજાએ પોતાનું આપેલું કહોળું પીછાણ્યું, ત્યારે તે અધિકારીને પૂછ્યું–"અરે ભાઈ! તને આ ફળ ક્યાંથી મળ્યું." એટલે તેણે કહ્યું કે–"મને તો એક કાર્પટિક પાસેથી મળ્યું છે." તે સાંભળી રાજાના મનમાં વિચાર આવ્યો, "અરે રે! હજી સૂધી પણ લક્ષ્મી તે કાર્પટિકને દર્શન આપતી નથી." આમ અંતઃકરણમાં વિચાર કરીને તે ઘણો જ અફસોસ કરવા લાગ્યો. પછી રાજા તે ફળ લઈ સભામાંથી ઉઠ્યો, અને પેલો કાર્પટિક એ વસ્ત્ર લઈ બજારમાં ગયો. ત્યાં એક સાડીને વેચી તેમાંથી અન્ન જળ વગેરે ખરીદ્યું અને બીજી હતી તેના બે કટકા કરી બે વસ્ત્ર પહેરવા માટે કર્યાં.

વળી ત્રીજે દિવસે પણ તે રાજાએ આખા નગરની સભા મેળવી, એટલે પ્રથમની માફક સઘળાં મનુષ્યો રાજસભામાં ભેગાં થયાં અને ત્યાં પેલો કાર્પટિક પણ આવ્યો. રાજાએ તેને બોલાવી, પુનઃ પ્રથમની પેઠે તેને કહોળું જ આપ્યું. તે જોઇને સઘળાં માણસો અતિ ઘણાં આશ્ચર્ય પામ્યાં. પેલા કાર્પટિકે ત્યાંથી બહાર નિકળતાં રસ્તામાં રાજાની ઉપપત્ની મળી. તેણે રાજાના સત્કારરૂપ તરુની જંગમ લતા જેવી શોભતી રાણીએ, તે કાર્પટિકને બોલાવી આગળથી ફળ આકૃતિવાળું પુષ્પના જેવું સૂવર્ણ ફળ તેના બદલામાં આપ્યું, અને તેની પાસેથી મોટું અને દેખાવડું કહોળું લીધું. પેલો કાર્પટિક તે દિવસે આ પ્રમાણે પેલી રાણીને કહોળું વેચીને ખુશી થવા લાગ્યો. તરત જ પેલી રાણી રાજાની પાસે ગઈ, અને તેણે પ્રેમથી મોટું તથા મનોહર કહોળું રાજાને અર્પણ કર્યું. રાજાએ પણ તેણે કહોળું અર્પણ કર્યું જાણી, પ્રિયાને તે ક્યાંથી મળ્યું તે વિશે પૂછ્યું. એટલે તે બોલી, "મહારાજ! મને એક કાર્પટિકે આપ્યું છે." તે સાંભળી રાજા વિચારમાં પડી ગયો કે, "હજી સૂધી લક્ષ્મી દેવીએ તેની તરફ દૃષ્ટિ કરી નથી. અદ્યાપિપર્યંત તેનાં પાતિક નાશ પામ્યાં નથી, તેથી તે મંદભાગ્યવાળો મારી ભેટ નિષ્ફળ જાણે છે અને હું વારંવાર જે રત્નો આપછું તે રત્નો વારંવાર ફરી ફરીને મારી જ પાસે આવે છે. અફસોસ છે!" આ પ્રમાણે મનમાં વિચાર કરી તે કહોળું લઇ એક ઠેકાણે મૂકી રાખ્યું. પછી સભા વિસર્જન કરી, કહોળું લઇ તે મહેલમાં ગયો અને આહ્નિક કર્મ કરવામાં ગુંથાયો.

પછી ચોથે દિવસે રાજાએ પાછી આગળની માફક સભા ભરી, ને સામન્તો, સચિવ, મંત્રી વગેરેથી સભા ચીકાર ભરાઇ ગઈ. તેમાં તે કાર્પટિક પણ પાછો આવ્યો હતો. તેને રાજાએ સમીપ બોલાવ્યો કે તેણે આશીર્વાદ દીધો. પછી તેને પોતાની આગળ બેસારી પ્રથમની માફક તેની પાસે તે આર્યાં બોલાવી પ્રસન્ન થઈ રાજાએ ફરી તેને કહોળું જ આપ્યું–તે અર્ધું કાર્પટિકના હાથમાં આવ્યું તેથી એકદમ જમીન ઉપર પડી તેના બે કટકા થઈ ગયા. આ કહોળામાં જે ઢાંકણુ હતું તે ભાગી જવાથી તેની અંદરથી મોટી કિંમતનાં રત્નો બહાર નિકળી પડ્યાં, અને સભામન્ડપને દીપાવવા લાગ્યાં. આ રત્નો જોતાંવેંત જ સઘળા સભાસદો બોલ્યા, "અહાહા! આપણે આ ગુપ્ત બાબતથી અજાણ હતા માટે ત્રણ દિવસ વૃથા ભ્રમ થયો, પરંતુ મહારાજનો પ્રસાદ તો આવો છે!!" તે સાંભળી રાજા બોલ્યો–"આનાપર લક્ષ્મી પ્રસન્ન છે કે નથી, તે બાબત નિશ્ચય કરવા આ યુક્તિથી મેં તેની પરીક્ષા કરી હતી. ત્રણ દિવસ પર્યંત તેના પાપનો નાશ થયો ન હતો; પણ તે પાપનો આજ



છૂટકો થયો, તેને લીધે જ હવણાં એને લક્ષ્મીએ દર્શન દીધાં છે." આટલું કહી તે રત્નોની સાથે ગામ, હાથી, ઘોડા અને સુવર્ણ આપી તે કાર્પટિકને મોટો સામન્ત બનાવી દીધો ને નગરજનો ને સભાજનો રાજાનાં વખાણ કરવા લાગ્યા. પછી રાજા સભામન્ડપમાંથી ઉઠી સ્નાન કરવા માટે પોતાને મન્દિરે ગયો અને પેલો કાર્પટિક પણ કૃતાર્થ થઈ પોતાના રહેઠાણ ઉપર ગયો. માટે આ પ્રમાણે જ્યાં સૂધી પાતકનો અન્ત આવે નહીં ત્યાં સૂધી ચાકર હજારો દુઃખ વેઠે તોપણ તેના ઉપર સ્વામીની કૃપા થતી નથી.

મુખ્ય મંત્રી ગોમુખે આ પ્રમાણે વાર્તા કહી ફરી પોતાના રાજા નરવાહનદત્તને કહ્યું, "માટે મહારાજ! બેશક આ કાર્પટિકનાં પાતક હજુ પણ નાશ પામ્યાં નથી, આમ જણાય છે, ને તેથી જ લક્ષ્મીદેવી તેના ઉપર કૃપા કરતાં નથી." ગોમુખનું આવું વચન સાંભળી વત્સેશ્વર નેત્રાનંદન નરવાહનદત્ત બોલ્યો, "અહા! એ સત્ય છે," એમ કહી પોતાના કાર્પટિકને તુરત કેટલાંક ગામો, હાથી, ઘોડા અને અસંખ્ય ભાર સોનું, વસ્ત્ર ને ઘરેણાં આપ્યાં. આ વખતે જ પેલો કૃતકૃત્ય કાર્પટિક પણ રાજા જેવો શ્રીમાન્ બની ગયો; કારણ કે જે રાજા પાસે માણસો સારાં હોય ને કૃતજ્ઞ હોય તે રાજાની સેવા નિષ્ફળ કેમ જાય?

આ પ્રમાણે નરવાહનદત્ત કાર્ય કરતો હતો, એવામાં એક વખતે કોઈ દક્ષિણ દેશવાસી તરુણ બ્રાહ્મણ નરવાહનદત્તની નોકરી કરવા માટે આવ્યો. તેનું નામ પ્રલંબબાહુ હતું અને તે ઘણે જ શૂરવીર હતો. તેણે રાજાની પાસે આવીને વિનતિ કરી, "મહારાજ! હું આપની કીર્તિ સાંભળી આપનાં ચરણનો આશ્રય કરું છું. આપ હાથી, ઘોડા, રથ વગેરેવડે જમીન ઉપર ફરશો ત્યારે હું પદચારી આપની પાછળ જ રહીશ, આપથી છૂટો પડીશ નહીં; પરંતુ આપ આકાશમાં ફરશો ત્યારે હું લાચાર છું, કેમકે આપ ભવિષ્યમાં વિદ્યાધરના ચક્રવર્તી રાજા થવાના છો ને હું ત્યાં આવી શકીશ નહીં. મને પગારમાં તો દરરોજ માત્ર સો સોનામહોર આપજો." આ પ્રમાણે તે અતુલ બળ તેજસ્વી બ્રાહ્મણે કહ્યું, એટલે નરવાહનદત્તે તે બ્રાહ્મણને મોઢે માગ્યો પગાર બાંધી આપ્યો. આ પ્રસંગ ઉપરથી ગોમુખ મંત્રી નરવાહનદત્તને કહેવા લાગ્યો; "મહારાજ! રાજાઓના આવા સેવકો હોય છે, તે વિષે એક વાર્તા સાંભળો.

## વીરવરની કથા.*

વિક્રમપુર નામનું એક મોટું ઉત્તમ શહેર છે. તેમાં ઘણા કાળપર વિક્રમતુંગ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ ન્યાયી રાજાની તરવાર ઘણી તીક્ષ્ણ હતી, પણ તેનો દંડ તીક્ષ્ણ ન હતો. તેને હંમેશાં ધર્મ ઉપર પ્રેમ હતો, પરંતુ સ્ત્રી અને મૃગયા વગેરેમાં પ્રેમ ન હતો. તે રાજાના સમયમાં ધૂળની અંદર કણુની સેળભેળ હતી, પરંતુ બીજા કોઈ કુત્સિત કામમાં કણ પણ નહોતા. ગુણનું તુટવાપણું ધનુષમાંજ હતું, પણ બીજામાં નહોતું. ગોંદરામાં પશુ ચારનારાઓ અવિચારી† હતા.

* રા. રા. રણછોડભાઈ કૃત હિતોપદેશમાં પૃષ્ઠ ૮૬ વીરવર અને શુદ્રકની કથા ૮ મી જોવી.

† અત્ર એક સારો શ્લેષ છે. કણ એટલે પરમાણુ આદિ રજકણ, ને કણ એટલે જરાક. ગુણ એટલે સદ્‌ગુણ ને ગુણ એટલે ધનુષની પણછ. અવિચારી એટલે અન્યાયી, ને અવિચારી એટલે બકરાં ચરાવનાર ભરવાડ.

પણ લોકોમાં અવિચારી ન હતા. એક સમયે એ રાજાના જેવા ચહેરાવાળો **વીરવર** નામનો શૂરવીર બ્રાહ્મણ, જે માળવા દેશમાં જન્મેલો હતો. તે સેવા કરવા માટે **વીક્રમતુંગ** પાસે આવ્યો. તેના કુટુંબમાં ત્રણ માણસો હતાં; **ધર્મવતી** નામની સ્ત્રી, **વીરવતી** નામની કન્યા અને **સત્વર** નામનો કુમાર, અને ચાકરી કરવાની બીજી પણ ત્રણ જ વસ્તુ હતી. કેડમાં કટાર, એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તરવાર. તે **વીરવર** આટલા પરિવારવાળો હતો તોપણ તે રાજા પાસેથી દરરોજ આજીવિકા માટે તેણે પાંચસેં સોનામહોર માંગી. "જોઉં, એનામાં તે એવો શો ઉત્કૃષ્ટ ગુણ છે," એમ વિચારી તેના પરાક્રમની પરીક્ષા માટે તેની માંગણી રાજાએ માન્ય રાખી. અને તે રાજાએ તેની પછાડી પ્રણિધિઓ મૂક્યા, ને જાણવા ઇચ્છયું કે, આ બે હાથવાળો મનુષ્ય આટલી સોનામહોરનું શું કરે છે? રાજા પાસેથી તેને ૫૦૯ સુવર્ણ મુદ્રા મળતી હતી. તેની તે જાતે આ પ્રમાણે વ્યવસ્થા કરતો હતો. દરરોજ ભોજનાદિ માટે સો સોનામહોર પોતાની સ્ત્રીના હાથમાં સોંપતો હતો, સો સોનામહોરમાંથી પુષ્પ ફળ વગેરે ખરીદ કરતો હતો; સો સોના મહોર શિવ વિષ્ણુના પૂજન માટે વાપરતો; અને બાકી બસો સોનામહોર બ્રાહ્મણોને અને ગરીબગુરબાંને દાન દક્ષિણામાં આપતો—આ પ્રમાણે તે દરરોજ પાંચસો સોનામહોર ખર્ચ કરતો. તે દરરોજ પોતાનું નિત્ય કર્મ કરી રાજાના મહેલના દરવાજા ઉપર, પહેલે પહોર, વચલે પહોર અને પાછલે પહોર એમ નિરંતર હાજર રહેતો, તથા ફરી રાત્રિએ પણ ત્યાં જ હાજર રહેતો હતો. આ પ્રમાણે પ્રણિધિઓ હંમેશાં **વીરવર**ની દિનચર્યા રાજાને જણાવતા. તે સાંભળી રાજા ખુશી થઈ દૂતોને રજા આપતો. વીરવર પણ પોતાના સ્નાનાદિ વગેરેના સમય શિવાય, રાત્રી દિવસ શસ્ત્ર ધારણ કરી, રાજમહેલમાં દરવાજા ઉપર ઉભો રહેતો હતો.

કેટલાએક દિવસ ગયા બાદ, શૂરવીરનો પ્રતાપ સહન ન કરવાથી ભયંકર ગર્જના કરી જાણે **વીરવર**નો પરાજય કરવાની ઇચ્છા રાખતો હોય તેમ વર્ષાકાળ આવ્યો. અને મહા પ્રબળ વર્ષાદની જળધારા પડવા લાગી. મુશળધાર વર્ષાદ વર્ષતો હતો, ત્યારે પણ **વીરવર** દરવાજાના બારણામાંથી સ્થંભની માફક ખસ્યો નહીં. રાજા **વિક્રમતુંગ** હંમેશાં મહેલ ઉપરથી તેને જોઇને પાછો મહેલમાં ચાલ્યો જતો હતો. એક સમે રાત્રિએ ચારે તરફ વર્ષાદ વર્ષી રહ્યો હતો, અંધકાર છવાઈ રહ્યું હતું, એવે વખતે રાજાને **વીરવર** ઉભો છે કે નહી, તે જાણવાની ઇચ્છા થઈ. તે ઉપરથી તેણે મહેલ ઉપરથી પૂછ્યું, "અરે મહેલના દ્વાર પર કોણ ચોકી કરે છે?" તે સાંભળી **વીરવરે** જવાબ આપ્યો, "મહારાજ! આપનો સેવક હાજર છે." એ સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે, "બેશક, આ પુરુષ મહાપરાક્રમી છે, અને તે મોટી પદ્વીને લાયક છે. કારણ કે આ પ્રમાણે વરસાદ મુશળધાર વર્ષે છે, તોપણ તે મહેલનો દરવાજો મૂકતો નથી." આ પ્રમાણે રાજા વિચાર કરે છે, એવામાં તેણે દયા આવી તેવી રીતે એક સ્ત્રીને રડતી સાંભળી. તે સાંભળતાં વાર રાજાને શંકા થઈ કે, "મારા રાજ્યમાં કોઈ માણસ દુઃખી નથી તેમ છતાં આ કોણ સ્ત્રી રડે છે?" આમ વિચાર કરી તે વખતે રાજાએ **વીરવર**ને કહ્યું, "અયે **વીરવર**, ઘણા દૂરના ભાગમાં કોઈ એક સ્ત્રી રુદન કરે છે તે સાંભળ. તું ત્યાં જઇને તે સ્ત્રી કોણ છે, અને તેને શું દુઃખ છે, તેની તપાસ કર." તે સાંભળી



**વીરવર** કેડે કટાર ખોશી "જેવી આજ્ઞા" એમ કહી તરવાર ફેરવતો ફેરવતો ઘોર અંધકારમાં ચાલ્યો. વિજળીના ઝબકારા થઈ રહ્યા હતા અને વરસાદ પણ મુશળધાર પડતો હતો. તેથી સ્ત્રીનું રડવું પ્રકટ સાંભળવામાં આવતું નહતું—તેમ જ વર્ષાધારાથી આકાશ અવની એકાકાર થઈ ગયાં હતાં. આવા ભયંકર વર્ષાદમાં પણ **વીરવર** તેની તપાસ કરવા શબ્દના આધારે ચાલ્યો. તે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો, અને તેને દયા આવી, એટલે પોતે પણ મહેલ ઉપરથી નીચે ઉતરી, હાથમાં તરવાર લઈ કોઈ જાણે નહીં તેમ, છાનોમાનો તેની પાછળ પાછળ ગયો.

**વીરવર** રુદનના સ્વરની તરફ જતાં જતાં શહેર બહાર એક તળાવ ઉપર આવી પહોંચ્યો. રાજા પણ તેની પાછળ ગુપ્ત રીતે આવ્યો. વીરવરે ત્યાં જોયું તો એક સ્ત્રીને તળાવને તીરે રડતી દીઠી. "અરે પ્રાણનાથ! હે કૃપાળુ! અયે શૂરવીર! તમે મારો ત્યાગ કરશો ત્યાર પછી હું ક્યાં રહીશ?" આ પ્રમાણે તે સ્ત્રી કરુણાળ સ્વરે રુદન કરતી હતી. **વીરવરે** તે સ્ત્રીની પાસે જઈ… "અયે બાઈ! તું કોણ છે? અને કીયા પતિનો શોક કરે છે?" તે સ્ત્રી બોલી—"દીકરા, તું જાણ કે હું પૃથ્વી છું. હવણાં મારા પ્રાણનાથ રાજા **વિક્રમતુંગ** છે. તે રાજા આજથી ત્રીજે દિવસે અવસ્ય મરણ પામશે. બેટા, તે રાજા જેવો બીજો પતિ ફરીથી મને ક્યાંથી મળે? એટલા માટે હું અત્યંત દુઃખાવસ્થામાં આવીને મારા પોતાના ભાગ્યનો શોક કરું છું. સ્વર્ગમાં રહેતો દેવનો દીકરો **સુપ્રભ** જેમ શુભાશુભ ભાવી જાણતો હતો, તેમ જ હું પણ દિવ્યદ્દષ્ટિથી શુભાશુભ ભાવી જાણી શકું છું. તે **સુપ્રભ**ને દિવ્યદષ્ટિ હતી. તેણે જોયું કે સાત દિવસ પછી મારાં પુણ્યનો ક્ષય થઈ જશે અને ત્યાર પછી હું સૂકરીના ઉદરમાં જન્મ પામીશ. જ્યારે તેણે એમ જાણ્યું, એટલે સૂકરીના પેટમાં રહેવાનું દુઃખ અને પોતાના દેવતાઈ વૈભવો જશે, એ વિશેનો વિચાર કરીને તે અત્યંત દિલગીર થયો ને આક્રંદ કીધું—'અહાહા સ્વર્ગ! અરે આ અપ્સરા! અરે આ નંદનવનના લતામંડપ! એ સર્વ મને હવે કંઈ કામના નથી! હાય હાય! હું ભુંડણીના પેટમાં કેમ રહી શકીશ? અને તે પછી ગારામાં કેમ રહી શકીશ?' આ પ્રમાણે **સુપ્રભ**નો વિલાપ સાંભળી ઇંદ્રે ત્યાં આવીને પૂછ્યું, 'અરે ભાઈ, તું શા માટે શોક કરે છે? એટલે **સુપ્રભે** પોતાના દુઃખનું કારણ તેની આગળ કહ્યું. તે સાંભળી ઇંદ્ર બોલ્યો, "આ દુઃખમાંથી નિકળવાનો એક ઉપાય છે, તે તું સાંભળ. તું ૐ નમઃ શિવાયઃ એ મંત્રનો જપ કરતો કરતો **શંકર**ને શરણે જશે તો તારાં પાપ નાશ પામશે અને તું પુણ્યવંત થઈશ. તે પુણ્યના પ્રભાવથી તું સ્વર્ગમાંથી મર્ત્યલોકમાં જઈશ નહીં અને તારે ભુંડણીના પેટે જન્મવું પડશે નહીં.' એ પ્રમાણે ઇંદ્રે કહ્યું એટલે **સુપ્રભ**, "ઠીક છે, તે… કરીશ," એમ કહી ૐ નમઃ શિવાયઃ જપતો જપતો ગાંડાપેરે **શંકર**ને શરણે ગયો. ૭ દિવસ પર્યંત તેણે તન્મય થઈ **શંકર**નું આરાધન કર્યું, એટલે **શંકર**ની કૃપાથી તે ભુંડણીના ઉદરમાં જન્મ્યો નહીં એટલું જ નહીં, પણ તે સ્વર્ગથી પણ ઉપરના લોકમાં ગયો. સાતમો દિવસ થયો એટલે ઇંદ્ર સ્વર્ગમાં આવીને જુવે છે તો તેણે સ્વર્ગથી ઉપરના લોકમાં ગયો દીઠો. આ પ્રમાણે **સુપ્રભે** જેમ ભાવી દુઃખ જાણી અફસોસ કર્યો હતો, તેમ જ હું પણ રાજાનું પાસે આવતું મરણ જાણીને અફસોસ કરું છું."

આ પ્રમાણે ભૂમિદેવીએ કહ્યું. પછી **વીરવર** તેને કહેવા લાગ્યો; "માતાજી! જેમ **સુપ્રભે** ઇંદ્રના કહેવાથી મૃત્યુનો ઉપાય કર્યો, તેમ જ આ રાજાની રક્ષા કરવાનો જો કંઈ ઉપાય હોય તો તે

અમને કહો." આ પ્રમાણે વીરવરનું કહેવું સાંભળી પૃથ્વીદેવી બોલી,–"આ બાબતમાં એક જ
ઉપાય છે અને તે ઉપાય તારે જ આધીન છે." તે સાંભળતાં જ બળશાળી વીરવર બ્રાહ્મણ હર્ષથી
બોલ્યો–"દેવિ, મને તે ઉપાય સત્વર કહો. તે શું છે ? જો મારા સ્વામીનું કલ્યાણ, મારા પ્રાણ,
મારી સ્ત્રી અને મારા પુત્રથી થતું હોય તો મારો જન્મ સફળ થયેલો હું ગણીશ," આ પ્રમાણે
વીરવર બોલી રહ્યા પછી દેવી પૃથ્વીએ તેને કહ્યું, "આ શહેરમાં રાજમહેલની પાસે જે ચંડિકા દેવી છે,
તે દેવીને તું તારા સત્યવર નામના પુત્રનું બલિદાન આપીશ તો આ રાજા જીવતો રહેશે. તે શિવાય
બીજો કંઈ ઉપાય નથી." પૃથ્વીનું આવું વાકય સાંભળી ધીર વીરવર તે વખતે બોલ્યો, "દેવિ, હું જાઉં
છું; અને હવણાં જ એ પ્રમાણે કરું છું." પછી પૃથ્વીદેવી બોલ્યાં; "તારા જેવા ધણીનું હિત ઇચ્છ-
નાર બીજો કોણ છે ? પુત્ર તારું ! કલ્યાણ થાઓ." એમ કહેતી કહેતી તે અંતર્ધાન થઈ ગઈ.
રાજા જે તેની પાછળ ઉભો હતો તેણે આ સર્વ વાત સાંભળી લીધી.

પછી વીરવર તુરતાતુરત રાત્રિએ જ પોતાના ઘરભણી ગયો; અને રાજા ગુપ્ત રીતે તેની
પાછળ પાછળ ગયો. વીરવરે પોતાના ઘરમાં જઈ ધર્મવતી પત્નીને જગાડી કહ્યું–"પૃથ્વીદેવીના
કહેવાથી રાજાને માટે આપણો પુત્ર દેવી ચંડિકાને અર્પણ કરવો છે." તે સાંભળી તેની સ્ત્રી
બોલી, "ભલે ભલે ! ! એવો દહાડો કયાંથી કે આપણે હાથે રાજાનું કલ્યાણ થાય ! તમે હવણાં જ
પુત્રને જગાડી જેથી, રાજાનું કલ્યાણ થાય તે વાત તેને નિવેદન કરો." પછી વીરવરે સત્વવરને
જગાડી, રાજાને માટે પૃથ્વીએ જે વાત કહી હતી તે આદિથી અંત સુધી–બલિદાન આપવા
પર્યંત–સર્વ વાર્તા પોતાના પુત્રને કહી સંભળાવી. તે સાંભળી નામ પ્રમાણે ગુણ ધરાવનારો સત્વ-
વર બોલ્યો–"પિતાજી, મારા પ્રાણ, રાજાના કાર્યમાં ઉપયોગી થશે તેથી, હું શું પુણ્યશાળી નથી ?
મેં જે અન્ન ખાધું છે, તે અન્ન મારે પણ બરાબર શુદ્ધ કરી આપવું જ જોઈએ. માટે તમે મને
દેવીની પાસે સત્વર લઈ જઈ, રાજાનાં જીવિત માટે દેવીને મારો ભોગ આપો." વીરવરે આ
પ્રમાણે બોલતા પોતાના શૂરવીર પુત્રને ઉત્સાહી હૃદયે આપી કહ્યું–"બેટા, તું ખરેખર મારા જ
વીર્યનો છે. આજે મારો જન્મ સાર્થક થયો છે. રાજા વિક્રમતુંગ, જે વીરવરની પાછળ પાછળ
ગુપ્ત આવ્યો હતો તે બહાર ઉભાં ઉભાં ઘરની અંદરની વાતચિત સાંભળી, સ્વગત બોલ્યો–
"અહાહા ! આ સઘળા સમાન પરાક્રમી જણાય છે." પછી વીરવરે સત્વવરને પોતાની કાંધ
ઉપર બેસાડ્યો અને તેની સ્ત્રી ધર્મવતીએ વીરવતી પુત્રીને કાંધ ઉપર બેસારી. બન્ને જણાં તે
ભયાનક રાત્રિના જ ચંડિકાના દેવળમાં ગયાં. આ બેની પાછળ પાછળ રાજા વિક્રમતુંગ પણ
ચુપચુપ ગયો. દેવના મંદિરમાં પહોંચ્યા પછી વીરવરે પુત્રને કાંધ ઉપરથી નીચે ઉતાર્યો. વીર
સત્વવર જોકે બાળક હતો તોપણ તે ધૈર્યનિધિ હતો, તેથી દેવીને પ્રણામ કરીને વિનતિ કરવા
લાગ્યો–"હે દેવિ, મારી મસ્તકપૂજાથી મહારાજા દીર્ઘાયુષ હો; અને રાજાધિરાજ વિક્રમતુંગ આ
લોકમાં રહી શત્રુવર્જિત પૃથ્વીનું પાલન કરો." આ પ્રમાણે પુત્રે કહ્યુ, ત્યાર પછી વીરવરે "સાબાશ !
મારા પુત્ર ! " એમ કહી મ્યાનમાંથી તરવાર ખેંચી પુત્રનું મસ્તક કાપીને ચંડિકા દેવીને ચઢાવ્યું.
અને બોલ્યો–"માતાજી, રાજાનું કલ્યાણ કરજો." ખરેખર જેઓ ખરા રાજભકતો હોય છે, તે



પુત્રની અથવા તો પોતાની પણ દરકાર રાખતા નથી. આ વખતે આકાશવાણી થઈ કે–"ધનધન
વીરવર ! તેં પુત્રના પ્રાણ આપી, રાજાને જીવિતદાન આપ્યું, તે અતિ રુડું કર્યું." બહાર ઉભેલો
રાજા આ સર્વ જોઈ સાંભળીને ઘણો જ ચકિત થતો હતો. એવામાં વીરવરની પુત્રી વીરવતી,
પોતાના મરી ગયેલા ભાઈના મસ્તકને આલિંગન કરી, ચુંબન લીધું ને કહ્યું "અરે રે ભાઈ !" આ
પ્રમાણે બોલબોલતાં છાતી ફૂટીને મરી ગઈ. વીરવરની સ્ત્રી ધર્મવતી પોતાની પુત્રીને મરી ગઈ
જોઈ અત્યંત શોકતપ્ત થતી, બે હાથ જોડી દીનતાથી વીરવરને કહ્યું–"પ્રિયનાથ, આપણે રાજાનું
શુભ કર્યું. હવે મને આજ્ઞા કરો, એટલે મરણ પામેલા બે છોકરાંને અગ્નિદાહ કરી તે અગ્નિમાં
હું પણ બળી મરું. મારી અણસમજું દીકરી પણ ભાઈના અફસોસથી મરણ પામી, તો હવે બે
બાળક મરણ પામ્યા પછી મારે જીવીને શું કરવું હતું ?" આ પ્રમાણે શોકમાં ડૂબેલી ધર્મવતી
દઢપણે કહેવા લાગી ત્યારે વીરવર બોલ્યો, "અયિ નિર્દોષ પ્યારિ ! હવે એ બાબતમાં હું શું કહું ?
ભલે, તારે ગમે તે કર. તારો પુત્ર મરી ગયો, તેનું તને દુઃખ પડયું છે એ ખરું, ને હવે તારે
સંસારમાં સુખ નથી એ પણ ખરું; પણ હું તારે માટે ચિતા ખડકી રાખું, એટલીવાર
તું ઉભી રહે." આમ કહી દેવીના મંદિર બનાવવા માટે ત્યાં લાકડાંઓ લાવી રાખ્યાં
હતાં, તે લાકડાંઓ ભેગાં કરી ચિતામાં છોકરાંઓને સૂવાડી સળગાવી, તે ચિતાના અગ્નિને
વધારે પ્રજ્વલિત કર્યો. પછી ધર્મવતી પોતાના પતિનાં ચરણમાં પ્રણામ કરી બોલી,
"પ્રાણપતિ ! બીજા જન્મમાં પણ તમે જ મારા પતિ થજો અને આપણા રાજાનું કલ્યાણ
થાઓ." આ પ્રમાણે કહી તે સાધ્વી સ્ત્રી ભડભડ બળતા ચિતાગ્નિમાં, શીતળ જળથી ભરેલા
તલાવમાં જેમ પડે તેમ પડી, દેવીને ત્રીજું બલિદાન આપ્યું. રાજા વિક્રમતુંગ જે ગુપ્ત ઉભો
હતો તે આ સર્વ જોઈ–આ કામનો હું કેવી રીતે બદલો વાળી તેના ઉપકારભારમાંથી મુક્ત
થઈશ–આવા વિચારમાં મૂઢ બની ગયો અને હું કયાં ઉભો છું, તે પણ વિસરી ગયો.

પછી ધીર બુદ્ધિ વીરવર મનમાં વિચારવા લાગ્યો કે, 'મેં રાજાનું કામ યથાર્થ પાર પાડયું,
અને આકાશવાણીએ પણ અનુમોદન આપ્યું. મેં જે રાજાનું અન્ન ખાધું હતું તેનો બદલો,
ભરણ પોષણ કરવા લાયક સર્વ વહાલા કટુંબનો નાશ કરીને વાળી આપ્યો છે. હવે એક
આત્માનું ભરણ પોષણ કરવામાં જીવતર શોભા પામતું નથી, માટે હું પણ મારું શરીર
અંબાદેવીને અર્પણ કરી, અંબાજીનું શા માટે પૂજન કરું નહીં ?" આ પ્રમાણે સત્વગુણી
વીરવરે મનમાં સંકલ્પ કરી, પ્રથમ સ્તોત્રવડે વર આપનારાં ચંડિકા દેવીની સ્તુતિ કરી
કે–"હે મહેશ્વરિ ! આપને જે પ્રણામ કરે છે તેને આપ અભયદાન આપો છો; એવાં હે
માતાજી ! તમને નમસ્કાર કરું છું. હું સંસારરૂપ કાદવમાં પચી ગયો છું અને તમારે શરણે
આવ્યો છું, તેમાંથી તમે મારો ઉદ્ધાર કરો. તમો પ્રાણી માત્રમાં પ્રાણશક્તિ છો, તમારી
શક્તિવડે આખું જગત્ નાના પ્રકારની ક્રિયા કરી શકે છે. તમે જગતના આરંભમાં ઉત્પન્ન
થયાં હતાં ત્યારે શંકરને તમારાં પ્રત્યક્ષ દર્શન થયાં હતાં. તમે જગતને ઉત્પન્ન કરી ઓચિંતા
કોટિ બાળ સૂર્યની પંક્તિ બેઠી હોય તેવા તેજસ્વી, રૂપવાળા, તરવાર, ખેટક, ધનુષ, બાણ,

ત્રશળ વિગેરે ધારણ કરનારા હાથોવતી દિશાના ભાગ ઢંકાઈ જાય તેવે રૂપે તમો પ્રકટ્યાં છો. ત્યાર પછી દેવ **શંકરે** જ આ પ્રમાણે તમારી સ્તુતિ કરી હતી કે–'હે ચંડિ! હે ચામુંડા! હે મંગલા! હે ત્રિપુરા! હે જયા! હે અનંતાશિ! હે શિવા! હે દુર્ગા! હે નારાયણી! હે સરસ્વતી! હે ભદ્રકાળી! હે મહાલક્ષ્મી! હે સિદ્ધિ! હે રુરુ દૈત્યનાશિની! તમને પ્રણામ છે. તમે ગાયત્રી છો, મહાદેવી છો, તમે વિંધ્યવાસિની છો, ઉમા છો, કાત્યાયની છો, તમે કૈલાસ પર્વતમાં વાસ કરો છો, તમને મારા પ્રણામ છે,' ઇત્યાદિ તમારાં નામ લઈ **શંકર** તમારી સ્તુતિ કરવા લાગ્યા. તે સાંભળી કાર્તિકસ્વામી, **વસિષ્ઠ** અને **બ્રહ્મા** વિગેરે દેવતાઓ પણ તમારી સ્તુતિ કરવા લાગ્યા. હે ભગવતિ! દેવતાઓ, ઋષિઓ અને મનુષ્યો તમારું સ્તવન કરી પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્તમ કામનાને પ્રાપ્ત થયા છે અને પ્રાપ્ત થાય છે. માટે હે વરદાયિની, મારા શરીરનું બલિદાન આપને આપી આપનું પૂજન કરું છું. મારા ઉપર પ્રસન્ન થઈ, આપ સ્વીકારો, અને મારા સ્વામીનું કલ્યાણ કરો." આટલું બોલી જ્યાં **વીરવર** પોતાનું મસ્તક છેદવાને તત્પર થાય છે, એવા સમયમાં આકાશમાં અદૃશ્ય શરીરધારી આકાશવાણી થઈ કે, "અયે પુત્ર! તું સાહસકર્મ કર મા. હું તારા આ પરાક્રમથી ઘણી પ્રસન્ન થઈ છું, માટે તું મારી પાસેથી ઇચ્છિત વરદાન માગી લે."* તે સાંભળી **વીરવર** બોલ્યો, "દેવિ! જો તમે પ્રસન્ન થયાં હો તો હું માગું છું કે, મારા રાજા **વિક્રમતુંગ** બીજાં સો વર્ષ પર્યંત જીવતા રહે, અને મારી સ્ત્રી તથા પુત્ર અને પુત્રી જીવતાં થાય." આ પ્રમાણે **વીરવરે** વરદાન માગ્યું, એટલે ફરી આકાશવાણી થઈ કે "તથાસ્તુ"–ને તે જ વખતે **ધર્મવતી**, વીર **સત્વવર** અને **વીરવતી** ત્રણે જણાં સજીવન થઇને ચિતામાંથી ઉઠ્યાં. તેમના શરીરમાં જરા પણ ઘા જેવું જણાતું ન હતું. પછી **વીરવર** ઘણો રાજી થયો અને તેણે પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રીને દેવીના અનુગ્રહની વાર્તા કહી સંભળાવી. પછી તેઓને પોતાને ઘેર મૂકી **વીરવર** પાછો રાજમહેલના બારણામાં જઇને ચોકી કરવા લાગ્યો.

રાજા **વિક્રમતુંગ** આ સર્વ ચમત્કાર જોઈ ઘણો જ હર્ષ ને આશ્ચર્ય પામ્યો. પછી કોઈ જાણે નહી તેમ તે છાનોમાનો પોતાના રાજમહેલમાં જઈ ઉપર ચઢી ગયો અને ઉપર ચઢીને પૂછ્યું, "અરે! ડોઢી ઉપર કોણ ઉભું છે?" તે સાંભળીને તરતનો આવેલો **વીરવર** ડોઢી ઉપર ઉભો હતો તેણે પ્રત્યુત્તર આપ્યો, "મહારાજ, ડોઢી ઉપર હું ઉભો છું. આપની આજ્ઞાથી રુદન કરનારી સ્ત્રીની તપાસ કરવા માટે ગયો હતો, પણ હું તેની પાસે ગયો એવામાં તે, દેવીની માફક જોતજોતામાં ક્યાંઈ અદૃશ્ય થઇને ઉડી ગઈ." રાજા **વિક્રમતુંગે** તેનો સર્વ ચમત્કાર સાંભળ્યો હતો અને પ્રત્યક્ષ જોયો પણ હતો. તે આ સાંભળી ઘણો ખુશી થયો એટલુંજ નહીં પણ આશ્ચર્ય પામ્યો, અને તે પોતે વિચાર કરવા લાગ્યો કે, "શી બલિહારી! પરમ આશ્ચર્ય! અદ્ભુત વાર્ત્તા છે ને આ પુરુષ કોઈ અપૂર્વ સત્વગુણી છે–જેણે આવું ઉત્તમ પ્રશંસાપાત્ર કાર્ય કર્યું. તેને છૂપાવી તે વિશે જરા પણ તે પોતાનાં વખાણ કરતો નથી. હા સમુદ્ર ગંભીર છે, મોટો છે, વિશાળ છે, મહાસત્વ† છે. તે મોટા મોટા તોફાનોમાં

* તરંગ ૭૮ માં જે કથા છે તેનાથી આ જૂદી જ કથા છે.

† મહાસત્વ એટલે ઘણી વસ્તુથી ભરપૂર એમ પણ અર્થ થાય છે, ને કુળવાન, સુશીળ ને ગુણવાન પણ અર્થ થાય છે.



દૃઢ રહે છે, તોપણ એ આની સાથે ક્ષણભર પણ સરખાવા જોગ નથી. જે માણસે એક રાત્રિમાં પોતાની સ્ત્રી અને છોકરાનો નાશ કરી પરોક્ષમાં મારા પ્રાણની રક્ષા કરી, તેનો બદલો હું કેવી રીતે વાળી શકીશ?" આ પ્રમાણે વિચાર કરતા કરતા રાજાએ રાજમહેલ ઉપરથી નીચે ઉતરી અંતઃપુરમાં જઈ, આશ્ચર્યમાંને આશ્ચર્યમાં આખી રાત્રિ ગાળી કાઢી. પ્રભાત થયું અને દરબાર ભરાયો, ત્યાં **વીરવર** પણ આવ્યો. રાજાએ આગલી રાત્રિનું અદ્ભુત ચરિત્ર **વીરવર** સમક્ષ સર્વેને કહી સાંભળાવ્યું. તે સાંભળી સઘળા સભાસદો **વીરવરનાં** વખાણ કરવા લાગ્યા અને પ્રસન્ન મનના રાજાએ ગામ, ગીરાસ, ઘોડા, રત્નો, હાથી, દશ કરોડ સોનામહોર અને સાઠગણી આજીવિકા આપી, **વીરવરના** નામનો અને તેના પુત્રના નામનો તામ્રપટ લખી આપ્યો. આ વખતે તેના ઉપર છત્ર ધરવામાં આવ્યું તેને લીધે, તે તથા તેનું આખું કુટુંબ રાજાના કુટુંબ જેવું બની ગયું અને કૃતકૃત્ય થયું."

આ પ્રમાણે મુખ્ય મંત્રી **ગોમુખે** **નરવાહનદત્તને** વાર્તા કહી. ચાલતી વાર્તાનો ઉપસંહાર કરતાં ફરીને રાજકુમાર **નરવાહનદત્તને** જણાવ્યું કે, "મહારાજ! આ પ્રમાણે કેટલાએક દૃઢ પરાક્રમી સેવકો રાજાઓને પુણ્યયોગે મળી આવે છે. જે સત્વશાળી–પરાક્રમી સેવકો રાજાને માટે પોતાના શરીરની પણ તમા રાખતા નથી–તેનો પણ ત્યાગ કરે છે તે આ લોક તથા પરલોકમાં સારી રીતે યશ પામે છે. મહારાજ! આ હમણાં આવેલા વીર બ્રાહ્મણ **પ્રલંબબાહુનું** પરાક્રમ તથા ગુણ ઘણા ઉમદા જણાય છે, તેના બાહુ પણ ઘણા વિશાળ છે, તેની મુદ્રા ધીર અને દેખાવડી છે અને મને લાગે છે કે તે કીર્તિ મેળવશે" આ પ્રમાણે ઉદાર પરાક્રમી **નરવાહનદત્તે** પોતાના મહા બુદ્ધિશાળી **ગોમુખ** મંત્રી પાસેથી એ પ્રમાણેની કથા સાંભળી ત્યારે તે અંતઃકરણમાં અનુપમ સંતોષ પામ્યો.

## તરંગ ૪ થો.

## નરવાહનદત્તની મૃગયાનું વર્ણન.

આ પ્રમાણે **નરવાહનદત્ત** પોતાના પિતા **વત્સરાજના** રાજભુવનમાં રહી, **ગોમુખ** વગેરે પ્રેમાળ કાર્યભારીઓ જે તેની સમક્ષ રહેતા હતા તેની સાથે અને **અલંકારવતી**, જેનો ઇર્ષ્યાભાવ–નારીગર્વ કુંઠિત થયો હતો તેથી જે પૂર્ણ પ્રેમાળ હતી, તેની સાથે વિહાર કરતો હતો. એક દિવસે રાજકુમાર રથમાં બેઠો, અને તેની પાછળ **ગોમુખ** બેઠો. તે મૃગવાળા એક વનમાં મૃગયા કરવા નિકળ્યો. રથની આગળ વીરાત્મા **પ્રલંબબાહુ** દોડતો હતો અને તેનો પોતાનો અનુયાયીવર્ગ પણ સાથે હતો. તે સર્વે મૃગયા રમવા વનમાં ગયા. રથના ઘોડા ચારે પગે દોડ્યા, તો પણ **પ્રલંબબાહુ** તેના વેગને હઠાવી, તેની આગળનો આગળ રહ્યો.

રાજા **નરવાહનદત્તે**, રથમાં બેઠાં બેઠાં સિંહ, વ્યાઘ્ર વગેરેનો બાણથી સરસ શિકાર કીધો; પણ **પ્રલંબબાહુ** જે પાંઉપ્યાદો હતો તેણે તરવારથી સિંહ વાઘને મારી પાડ્યા. રાજા નરવાહનદત્ત જ્યારે જ્યારે તે વીર બ્રાહ્મણને જોતો ત્યારે ત્યારે બોલતો કે, "કેવું અનુપમ શૌર્ય ને કેવો જંઘાવેગ !" તે આમ વિચાર કરી મનમાં આશ્ચર્ય પામતો હતો.

આ પ્રમાણે મૃગયા કરી જ્યારે તે ઘણો થાકી ગયો ત્યારે પોતે, ગોમુખ તથા સારથિ સહિત રથમાં બેઠો અને **પ્રલંબબાહુને** આગળ કરી તૃષાતુર થવાથી જળ ખોળવા માટે રથને હંકાર્યો. જતાં જતાં ઘણે જ દૂર બીજા મોટા જંગલમાં તે જઈ ચઢ્યો. ત્યાં એક મોટા ભવ્ય મનોહર સરોવરની નજીક તે આવી પહોંચ્યો. તેમાં સુવર્ણનાં ઘણા કમળો ખીલી રહ્યાં હતાં. તેને લીધે તે સરોવર ઘણા સૂર્યના પ્રતિબિંબવાળું, આકાશ જાણે જમીન ઉપર આવ્યું હોય તેમ શોભતું હતું. રાજકુમાર **નરવાહનદત્તે** તે સરોવરના જળમાં સ્નાન કરી, જળપાન કર્યું અને તેનાં માણસોએ પણ નાહી ધોઈ લીધું. ત્યાર પછી **નરવાહનદત્તે** દૂર સરોવરના એક ભાગમાંથી સોનેરી કમળો લેતા ચાર પુરુષોને દીઠા. આ પુરુષોની આકૃતિ દિવ્ય હતી ને તેનાં વસ્ત્રો તથા આભૂષણો દિવ્ય હતાં. તેઓને જોઈ આશ્ચર્યથી **નરવાહનદત્ત** તેઓની પાસે ગયો, એટલે તેઓએ પૂછ્યું કે "તમે કોણ છો ?" ત્યારે **નરવાહનદત્તે** તેઓને પોતાનો વંશ, નામ અને વૃત્તાંત કહ્યાં. પછી **નરવાહનદત્તે** તેઓને પૂછ્યું, એટલે **નરવાહનદત્તનાં** દર્શન કરીને ઘણા પ્રસન્ન થયેલા તેઓ પણ પોતાનું નામ, ઠામ વગેરે જણાવવા લાગ્યા:—"રાજકુમાર ! મહાસમુદ્રમાં સમૃદ્ધિવાળું ને અતિતૈજસ **નારિકેળ** નામનો એક મોટો દ્વીપ છે. તે પોતાની રમણીયતા માટે અતિ પ્રસિદ્ધ છે. તેમાં ચાર પર્વત છે. તેની ભૂમિઓ ઘણી રમણીય અને રસાળ છે. તે પર્વતનાં નામ **મૈનાક**, **વૃષભ**, **ચક્ર** અને **બલાહક** છે. તે ચાર પર્વત ઉપર અમે ચાર જણા રહીએ છીએ. અમારા ચારમાં એકનું નામ **રૂપસિદ્ધિ** છે; તે અનેક જાતનાં રૂપ ધારણ કરવાની શક્તિ ધરાવે છે. બીજાનું નામ **પ્રમાણસિદ્ધિ** છે; જે અતિ ઘણી નાનામાં નાની વસ્તુથી તે અતિ ઘણી મોટામાં મોટી વસ્તુ માપવાની કળા જાણે છે. ત્રીજાનું નામ **જ્ઞાનસિદ્ધિ** છે; તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનું જ્ઞાન ધરાવે છે અને ચોથાનું નામ **દેવસિદ્ધિ** છે; તે પણ સર્વ દેવતાઓને પોતાની મદદે બોલાવવાની વિદ્યામાં નિપુણ છે. અમે ચારે જણા આ સોનાનાં કમળો લઈ હવણાં **શ્વેતદ્વીપમાં** **શ્રીપતિનું** પૂજન કરવા માટે જઈએ છીએ. અમે સર્વ તેના ભક્ત છીએ અને તેના પ્રસાદવડે તે પર્વતો ઉપર અમને રાજ્ય મળ્યું છે અને સિદ્ધિવાળી સંપત્તિઓ પણ મળી છે. માટે હે મિત્ર, તું અમારી સાથે ચાલ. જો તને ગમે તો અમે તને આકાશ માર્ગે શ્વેતદ્વીપમાં લઈ જઈ **શ્રીહરિ** ભગવાનનાં દર્શન કરાવીએ." આ પ્રમાણે દેવકુમારોએ કહ્યું, એટલે **નરવાહનદત્તે**—'જેવી આપની ઇચ્છા' એમ જવાબ દઈ ગોમુખ વગેરેને જ્યાં જળ અને ફળ સ્વતંત્રતાથી મળી શકે એવા વનમાં મૂકી પોતે, ચારમાંના **દેવસિદ્ધિ** નામના દેવપુરુષના ખોળામાં બેસી, આકાશ માર્ગે શ્વેતદ્વીપમાં ગયો. શ્વેતદ્વીપ આવ્યું, એટલે તેઓ આકાશમાંથી નીચે ઉતર્યા ને **શ્રી વિષ્ણુ** ભગવાનનાં દર્શન કર્યાં ને નરવાહનદત્ત ઘણે દૂરથી આવ્યો છે તે બાબત, તે ચાર દેવપુરુષે **શ્રી વિષ્ણુને** કહી તેની પીછાન આપી. **શ્રી** શ્વેતદ્વીપ પતિના વામાંગે



સમુદ્રકન્યા—**લક્ષ્મીજી** બિરાજ્યાં હતાં; પગના છેડા પાસે પૃથ્વીદેવી બિરાજ્યાં હતાં; દેહધારી શંખ ચક્ર, ગદા અને પદ્મ તેની સેવા કરી રહ્યાં હતાં; **નારદ** આદિ મુનિઓ અને ગંધર્વ ભક્તિથી સ્તુતિ કરી રહ્યા હતા; ને દેવતાઓ, સિદ્ધો અને ગંધર્વો પ્રણામ કરતા હતા. મુખ સમીપ ગરુડજી બેઠા હતા; અને પોતે **વિષ્ણુ શેષ** નાગની શય્યાપર પોઢ્યા હતા. જેઓનો સુજન સંગે સમાગમ થાય તેઓની ઉન્નતિ કેમ ન થાય ? આ પ્રમાણે ચાર દેવ કુમારની સહાયતાથી શ્વેતદ્વીપમાં ગયેલા **નરવાહનદત્તે** **વિષ્ણુનાં** દર્શન કર્યાં. ત્યાર પછી દેવકુમારોએ તેની સ્તુતિ કરી. પછી કશ્યપ વગેરેએ સ્તુતિ કીધી. તે પછી **નરવાહનદત્તે** બે હાથ જોડી **શ્રી વિષ્ણુની** સ્તુતિ આ પ્રમાણે કીધી;—"હે ભગવન્! તમને નમસ્કાર હો ! તમે ભક્ત જનના કલ્પતરુ છો. ભક્તના મનની સર્વ કામના પૂર્ણ કરો છો. લક્ષ્મીરૂપ લતાએ તમારા શરીરનું આલિંગન કરેલું છે, તેને લીધે તમે ભક્તજનને ઇષ્ટ વસ્તુ આપનારા છો. હે ઉત્તમ ! મનુષ્યના મનરૂપી માનસ સરોવરમાં વસતા દિવ્ય હંસ ! તમો નિરંતર ઉર્ધ્વારોહણ કરનાર ને નાદને તેજોવહ કરનાર છો, તેવા તમને પ્રણામ કરું છું. તમે સર્વ કરતાં ઉત્કૃષ્ટ છો, તમે સર્વના અંતઃકરણમાં વાસ કરો છો, તમે સત્વ ગુણ કરતાં પણ અધિક છો. છ **રાજ** * ગુણથી પૂર્ણ મૂર્તિમાન્ છો† એવા તમને હું પ્રણામ કરું છું. પ્રણામ છે તેને કે જેના નાભિકમળમાંથી નિરંતર ગંભિરધ્વનિ કરનારા બ્રહ્મા જન્મ્યા છે, જેના વેદગાનમાંથી અનેક ચરણો—શાખાઓ પ્રગટ થઈ છે, તથાપિ તે તો તમારા કમળ ઉપર ષટ્ચરણનું—ભ્રમરનું આચરણ કરે છે. હે વિશ્વંભર ! પૃથ્વી તમારાં ચરણ છે, આકાશ તમારું મસ્તક છે, દિશા કાન છે, સૂર્ય ચંદ્ર નેત્ર છે, બ્રહ્માંડ ઉદર છે, આવી રીતે તમારું પરમાત્મા પુરુષનું અનિવર્ણ્ય સ્વરૂપ વિદ્વાનો વર્ણવે છે. હે નાથ ! અગ્નિ ભડભડાટ બળતો હોય તેમાંથી જેમ ઘણા તણખા ઉડે છે, તેમ તમારા તેજસ્વી સ્વરૂપમાંથી પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે અને જેમ પક્ષીઓ જૂદી જૂદી દિશામાં ચારો કરી, સાયંકાળે ઝાડ ઉપર પોતાના માળામાં આવે છે તેમ પ્રલય આવે ત્યારે ફરી જીવમાત્ર તમારા વિશે જ લય પામે છે. વળી હજારો કિનારા સાથે અથડાવાથી હાલકલોલક થયેલો મહાસાગર જેમ મોજાઓને ઉત્પન્ન કરે છે, તેમ તમે આનંદમાં આવીને પોતાના અંશમાંથી મોટા મોટા ઇંદ્રાદિ રાજાઓને ઉત્પન્ન કરો છો. તમે વિશ્વરૂપ છો છતાં તમો નિરાકાર છો; તમે વિશ્વ માત્ર રચ્યો છો, છતાં ક્રિયા રહિત છો; તમારા ઉપર જગતનો આધાર છે, પરંતુ તમે પોતે નિરાધાર છો; એવો કોણ મનુષ્ય છે કે, જે તમારું સત્ય સ્વરૂપ જાણે છે ? તમે પ્રસાદ દૃષ્ટિથી જેના તરફ જોયું છે તે દેવતાઓ તે તે સમૃદ્ધિ પામ્યા છે. માટે પરમ પ્રભુ પરમાત્મા ! હું તમારે શરણે આવ્યો છું, મારી ઉપર કોમળ દૃષ્ટિ કરી કૃપાળ થાઓ."

આ રીતે **નરવાહનદત્તે** **વિષ્ણુની** સ્તુતિ કરી. પછી **વિષ્ણુએ** પ્રસન્ન નેત્રથી તેના તરફ જોઈ **નારદને** કહ્યું, "હે **નારદ**! પૂર્વે જે ઉત્તમ અપ્સરાઓ ક્ષીરસાગરમાંથી નિકળી હતી, તે મારી

* રાજાના છ ગુણ તે આ છે,—યુદ્ધ, શાંતિ, પ્રયાણ, સૈન્યનિવાસ, સૈન્યના વિભાગ કરવા, ને મોટાનો આશ્રય લેવો.

† માન સરોવરમાં હંસ—મનમાં પરમાત્મા.

ચાર અપ્સરાઓને મેં ઇંદ્રને સોંપી તેને ત્યાં રાખી છે. માટે હે મહામુનિ ! ત્યાં જઈ મારા કહેવાથી તેની પાસેથી તે સર્વ અપ્સરાઓને રથમાં બેસારી મારી પાસે લાવો. આ પ્રમાણે **વિષ્ણુએ** કહ્યું એટલે **નારદ** મુનિ–"જેવી આજ્ઞા" એમ ઉત્તર આપી, **માતલિ** સાથે તે સર્વ અપ્સરાઓને ઇંદ્રની પાસેથી લઈ, **વિષ્ણુની** પાસે આવી પ્રણામ કર્યાં. પછી શ્રી **ભગવાને વત્સરાજના** કુમારને કહ્યું, 'હે **નરવાહનદત્ત** ! તું ભવિષ્યના વિદ્યાધરના ચક્રવર્તી રાજાને હું આ અપ્સરાઓ અર્પણ કરું છું. તું આ સ્ત્રીઓને યોગ્ય પતિ છે અને તે તારે યોગ્ય પત્નીઓ છે; કારણ તું **કામદેવ** છે, ને **શંકરે** તને જન્મ આપ્યો છે." આ સાંભળતાંની જ સાથે **વત્સરાજ** નંદને, **વિષ્ણુએ** આ પ્રમાણે કહ્યું; ત્યારે તેના ચરણમાં પ્રણામ કર્યા, ને તેની કૃપા મેળવી ઘણો પ્રસન્ન થયો. ત્યાર પછી **વિષ્ણુએ માતલિને** કહ્યું, "આ **નરવાહનદત્તને**, જે માર્ગેથી પોતાને ઘેર જવાની મરજી હોય તે માર્ગેથી તેને તથા તેની સાથની અપ્સરાઓને તેને પોતાને ઘેર પહોંચાડી આવો !"

આ પ્રમાણે **ભગવાને** કહ્યું, એટલે **નરવાહનદત્ત વિષ્ણુને** પ્રણામ કરી અપ્સરા સહિત, જેનો સારથિ **માતલિ** હતો એવા રથમાં બેઠો; અને દેવકુમારો પણ **વિષ્ણુની** રજા માંગી તેની સાથે રથમાં બેસી વિદાય થયા. પછી દેવતાઓએ બહુ ઉત્કંઠા ઉપજાવવાથી **નરવાહનદત્ત** પ્રથમ **નારિકેળ** દ્વીપમાં ગયો. આ દ્વીપમાં રૂપસિદ્ધિ વગેરે ચાર દિવ્ય કુમારોએ **નરવાહનદત્તનો** અને ઇંદ્રના સારથિ **માતલિનો** ઘણો આદર સત્કાર કર્યો. **નરવાહનદત્ત**, મૈનાક, વૃષભ વગેરેએ સ્વર્ગ સમાન દેવ કુમારોના નિવાસ પર્વતો ઉપર અપ્સરાઓ સાથે વિહાર કીધો ને ગમત ઉડાવી અને વસંત-માસના બેસવાથી જૂદાં જૂદાં ઝાડો જેમાં ખીલી નિકળ્યાં હતાં એવી તેની ઉપવનની ભૂમિ પૂર્ણ પ્રેમકોડથી વિહારમાં ભોગવી. પછી દેવપુત્રોએ **નરવાહનદત્તને** નીચે પ્રમાણે કહી, પોતાના બગીચાઓમાં કરેલી સીડીઓ બતાવી.–"જો જો **નરવાહનદત્ત** ! આ ઝાડની મંજરીઓ પોતાનો પ્રીતમ વસંત આવ્યો તેને નિહાળતી, પુષ્પરૂપી નેત્ર જેમાં ઉઘડેલાં છે તેવાં સુંદર પુષ્પોવડે શોભે છે. જો જો ! પૂર્ણ ખીલેલા કમળની ઢાલ, જેણે સરોવરને છાઈ દીધું છે, ને જેઓ પોતાની જન્મ ભૂમિપર સૂર્યનાં કિરણો પડતાં અટકાવે છે તે ઢંકાઈ ગયેલું તળાવ જો જો ! જેમ સજ્જન પુરુષો, જે લક્ષ્મીવંત છતાં નીચ મનનો છે તેવા નીચ માણસનો ત્યાગ કરે છે, ને તેની સોબત કરતા નથી, પણ તેનાથી વેગળા રહે છે તેમ સુશોભિત કરેણુ પાસે જઇ તેમાં સુગંધ નથી એમ જાણી તેનો ત્યાગ કરે છે, તેવા ભ્રમરગણને સાંભળ, સાંભળ, કિન્નર સુંદરીનાં ગાયનો, કોયલોના ટૌકાઓ અને ભ્રમરોના ગુંજારવો, જે ઋતુરાજનું મંગળ સંગીત ગાય છે તે." એ રીતે મધુર મિષ્ટ વચનથી દેવકુમારો **નરવાહનદત્તને** પોતાની રમણીય ભૂમિની ખૂબી જણાવી રંજન કરતા હતા ને **નરવાહનદત્ત** તેથી ઘણો જ ખુશી થતો હતો. તે નગરમાં **નરવાહનદત્ત** વસંતોત્સવમાં નગરજનો જે મોહક નાચ કરતા હતા તે જોતો હતો, અને તાળ સહિત ગાયન કરતા હતા તે સાંભળતો હતો, અને પોતે પણ વસંતક્રીડા કરતો દેવતા ભોગવે તેવા વૈભવો તે નગરમાં રહી ભોગવતો હતો. કારણ કે પુણ્યશાળી પુરુષો જ્યાં જાય છે ત્યાં સમૃદ્ધિઓ આગળની આગળ રહે છે.

**નરવાહનદત્ત** ચાર દિવસ તે શહેરમાં આનંદથી રહ્યો. પછી તેણે પોતાના મિત્ર દેવકુમારોને



કહ્યું; "પિતાનાં દર્શન માટે હું ઉત્સુક છું, માટે હું હવે મારી નગરીમાં જઇશ; તેથી તમે પણ મારી નગરીમાં આવી મને કૃતાર્થ કરો, અને મારી પુરીને જુઓ." તે સાંભળી તેઓ બોલ્યા; "અમે તારી નગરીનું અણમોલ રત્ન જે તું તેને જોયો. હવે અમારે વિશેષ શું જોવું છે ? પણ જ્યારે તને વિદ્યાધરની વિદ્યા પ્રાપ્ત થાય ત્યારે અમને ભૂલતો નહીં." આ પ્રમાણે કહી તેઓએ તેને જવાની રજા આપી. એટલે **માતલિએ** ઉત્તમ રથ આણ્યો. એટલે **નરવાહનદત્તે** જણાવ્યું કે, "જ્યાં દિવ્ય સરોવરના કિનારા ઉપર **ગોમુખ** વગેરે મારા મિત્રો બેઠા છે તે માર્ગે થઈ તું મને **કૌશાંબી** નગરીમાં લઈ જા." આમ કહી પોતે અપ્સરાસહિત તે રથમાં બેસી પ્રથમ પેલા સરોવર ઉપર ગયો, અને **ગોમુખ** વગેરેને મળ્યો, અને કહ્યું; "તમે તમારે માર્ગે થઇને આપણા શહેરમાં આવજો, પછી હું તમને ઘેર સર્વ વાર્તા વિદિત કરીશ." આટલું કહી ઇંદ્રના રથમાં બેસીને તે **કૌશાંબી** નગરી તરફ ચાલ્યો. **કૌશાંબી** નજીક આવી, એટલે આકાશમાંથી નીચે ઉતરી **માતલિનો** સત્કાર કરી તેને રજા આપી, ચાર અપ્સરાઓને લઈ તે પોતાના રાજભવનમાં ગયો, અને ત્યાં તે અપ્સરાઓને બેસારી, પિતા **વત્સેશ્વરની** પાસે ગયો. મહારાજ **વત્સરાજ** તેના આવવાથી ઘણા પ્રસન્ન થયા. રાજકુમારે તેમનાં ચરણમાં પ્રણામ કર્યાં, તેમ જ માતા **વાસવદત્તા** તથા **પદ્માવતીનાં** ચરણમાં પણ પ્રણામ કર્યાં. પછી તેનાં દર્શન કરવામાં અતૃપ્ત નેત્રવાળા તેના પિતા તથા માતા વગેરેએ **નરવાહનદત્તનો** ઘણો સત્કાર કર્યો. એવામાં રથમાં બેઠેલો **ગોમુખ**, સારથિ અને **પ્રલંબબાહુ** બ્રાહ્મણની સાથે ત્યાં આવી પહોંચ્યો. આ રીતે સર્વ મંત્રીઓ આવ્યા; પછી **વત્સરાજે નરવાહનત્તદને** વનનું વૃત્તાંત પૂછ્યું , એટલે તેણે પોતાનું અદ્ભૂત ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળી ત્યાં ઉભેલા સઘળા બોલ્યા,–"જે પુણ્યશાળી મનુષ્યપર ઇશ્વર અનુગ્રહ કરવાની ઇચ્છા કરે છે, તેને શુભ મિત્ર સાથે તે સમાગમ કરી આપે છે." ત્યાર પછી **વત્સરાજાએ** પ્રસન્ન થઈ પુત્ર ઉપર **વિષ્ણુએ** કૃપા કરી તે નિમિત્ત ઇશ્વરનો મહોત્સવ કર્યો. ત્યાર પછી **વિષ્ણુના** પ્રસાદથી મળેલી ચાર અપ્સરાને **ગોમુખ** પ્રણામ કરાવવા માટે તેડી લાવ્યો. તેમને **વત્સરાજે** અને તેની રાણીઓએ જોઈ સર્વે પ્રસન્ન થયાં. પછી દાસીદ્વારા તે ચારનાં નામ પૂછ્યાં, એ ઉપરથી તેઓએ જણાવ્યું કે તેમનાં નામ **દેવરૂપા**, **દેવરતિ**, **દેવમાલા** અને **દેવપ્રિયા** છે. **કૌશાંબી** નગરીમાં મહોત્સવ કરવામાં આવ્યો. લાલ રંગની ધ્વજા પતાકાઓ બાંધી દીધી હતી જે ચારે તરફ ઉડતી હતી. તેને લીધે તે નગરી "હું તે કોણ કે મારે ત્યાં વળી આ અપ્સરાઓ વસે ? મને ધન્ય છે! **નરવાહનદત્તે** મને પૃથ્વી ઉપર સ્વર્ગપુરી જેવી બનાવી દીધી છે!" આવો તે ગર્વ ધરતી તે વખતે જાણે સિંદૂરનો શહેરમાં છંટકાવ કરતી હોય તેમ શોભતી હતી. આ પ્રમાણે **નરવાહનદત્ત** માતા પિતાના નેત્રને ઠંડક આપી પોતાની વાટ જોઇને બેસી રહેલી બીજી રાણીઓની પાસે ગયો–તેઓને ચાર દિવસ ચાર વર્ષ જેવડા થઈ પડ્યા હતા, તેને લીધે તે સર્વે દુબળી પડી ગઈ હતી. તેઓ પોતપોતાની વિરહવેદનાને વર્ણન કરી પોતાના પ્રાણેશને રાજી કરવા લાગી. **ગોમુખ**, **નરવાહનદત્તની** સાથે વનમાં પ્રવાસ કરતી વખતે **પ્રલંબબાહુએ** રથના ઘોડાઓની રક્ષા કેવી રીતે કરી, સિંહાદિને કેમ ઠાર કીધા તે સર્વ વૃત્તાંત ને તેની શૌર્યતાનું વર્ણન કરતો હતો. રાજા **નરવાહનદત્ત** એ પ્રમાણે

કાનને રસ ઉપજાવે એવી દુ:ખરહિત વાર્તાઓ સાંભળી, નેત્રને ઠંડક થાય એવાં રાણીઓનાં રૂપને નિહાળતો, કાર્યભારીઓની સાથે વચન વિનોદ, વિલાસ, વગેરે ગમ્મત કરતો, ને મદિરાપાન કરતો સઘળો સમય સુખાનન્દમાં કાઢતો હતો.

એક વખતે **નરવાહનદત્ત** રાજા પોતાના મિત્ર મંડળસહિત **અલંકારવતી**ના અંત:પુરમાં બેઠો હતો, એવામાં તેણે બહાર તુરીનો ઘર્ઘરો અવાજ થતો સાંભળ્યો. તે સાંભળીને રાજાએ પોતાના સેનાપતિ **હરિશિખ**ને પૂછ્યું, "અકસ્માત્ તુરીનો આ મોટો અવાજ ક્યાંથી સંભળાય છે?" તે સાંભળતાંની સાથે **હરિશિખે** બહાર જઈ તેની તપાસ કરી ને એક ક્ષણમાં રાજભવનમાં પાછા આવીને મહારાજ **નરવાહનદત્ત**ને જણાવ્યું–

## રુદ્રદત્ત વાણીઆની કથા.

મહારાજ, આપણી નગરીમાં એક **રુદ્રદત્ત** નામનો વાણીઓ રહે છે. તે અહીંથી સુવર્ણદ્વીપમાં વેપાર કરવા ગયો હતો. તેણે ત્યાં પુષ્કળ ધન એકઠું કર્યું અને પછી તે સમુદ્ર માર્ગે તે ધન સાથે અહીં આવવા નિકળ્યો. એવામાં સમુદ્રમાં તોફાન થવાથી વહાણ ભાગી ગયું અને ડૂબી ગયો, તથા તેની પાસે જે ધન હતું. તે પણ જળમાં ડૂબી ગયું. ડૂબતાં ડૂબતાં તે પોતે એકલોજ તરીને જીવતો બહાર નિકળ્યો. આજ તેને પોતાને ઘેર આવ્યાને છ દિવસ થયા છે. તે સમુદ્રમાંથી જીવતો નિકળી પોતાને ઘેર જેવો ગયો હતો તેવો જ પાછો આવ્યો, ને તેનું સર્વસ્વ સમુદ્રમાં ડુબી ગયું હતું એ ઉપરથી તે કેટલાક દિવસ થયા દુ:ખી થતો હતો; પણ એવામાં દૈવેચ્છાથી તેને તેના પોતાના બગીચામાંથી એક મોટો ભંડાર મળ્યો. આ વાર્તા તેના સગાઓએ જ રાજેશ્વર **વત્સ**ને જણાવી, તેથી આજે તે વાણીઆએ પણ મહારાજની પાસે આવીને વિનતી કરી કહ્યું કે, "મહારાજ ! મને મારા બગીચામાંથી ચાર કરોડ સોના મહોર તથા અસંખ્ય રત્નો મળ્યાં છે. માટે જો આપની આજ્ઞા હોય તો હું તે સર્વ આપને અર્પણ કરું." રાજાએ તેનાં તરફ જોઇને વિચાર કર્યો કે "એને સમુદ્રે તો લુંટી લીધો છે તે એ રાંક થઈ ગયો છે તો જવાદો, તેથી તેઓએ કહ્યું "તને દૈવે દયા પાત્ર કર્યો છે. હવે એવો કોણ બુદ્ધિહિન માણસ છે કે જે તને લુંટશે? માટે જા, તને તારી જમીનમાંથી જે ધન મળ્યું છે તે ધનનો તું યથેચ્છ ઉપભોગ કર." આ પ્રમાણે **વત્સરાજાએ** તે વાણીઆ **રુદ્રદત્ત**ને કહ્યું એટલે તે પોતાના ચાકર નફરો સહિત રાજાના પગમાં પડ્યો અને પ્રસન્ન થતો થતો તુરી વગડાવતો પોતાને ઘેર જાય છે."

આ પ્રમાણે સર્વ હકીકત **હરિશિખે** કહી એટલે **નરવાહનદત્તે** પિતાની ધર્મ બુદ્ધિનાં વખાણ કરી, અત્યંત આશ્ચર્ય પામતાં પોતાના કાર્યભારીઓને કહ્યું, "નસીબ કોઈ સમયે મનુષ્યો પાસેથી ધન હરણ કરી લેછે તેમ તે કોઈ વાર તેને પાછું ધન આપે છે. મનુષ્યને ઉંચા ચઢાવી અને નીચે પાડીને જાણે તેનાથી પોતે ખેલ કરતું ન હોય એવું તે દેખાય છે." તે સાંભળી **ગોમુખ** બોલ્યો, "મહારાજ! નસીબનો ખેલ એવોજ છે. એ વિષયમાં હું **સમુદ્રશૂર**ની એક વાર્તા તમને સંભળાવું છું તે સાંભળો.



## સમુદ્રશૂરની કથા.

પ્રાચીન સમયમાં **હર્ષપુર** નામનું એક મહા તેજસ્વી નગર હતું. તે નગરમાં **હર્ષવર્મા** નામનો રાજા રાજ્ય કરતો હતો. સારા રાજાના પ્રતાપથી પ્રજા માત્ર સુખી હતી. તે નગરમાં **સમુદ્રશૂર** નામનો એક ધનાઢ્ય વાણીઓ રહેતો હતો. તે કુળવાન્, ધાર્મિક, ધીર, વીર અને ઘણી લક્ષ્મીનો સ્વામી હતો. તે એક વખત **સુવર્ણદ્વીપ**માં વેપાર કરવા માટે નિકળ્યો. જ્યારે સમુદ્રનો કિનારો આવ્યો ત્યારે ત્યાંથી તે વહાણમાં બેસીને આગળ વધ્યો. સમુદ્રમાં જતાં જતાં થોડો માર્ગ બાકી રહ્યો ને સુવર્ણદ્વીપ જરા દૂર રહ્યું હતું, એવામાં ભયંકર પવન ફુંકવા લાગ્યો અને મૂશળધાર વર્ષાદ વર્ષવા માંડ્યો. તેને લીધે આખો સમુદ્ર હાલકલોલક થઈ રહ્યો. ઉપરાચાપરી મોજાઓ આવવા લાગ્યાં. તેના મારાને લીધે અને મગર મચ્છોના મારાને લીધે વહાણના કટકે કટકા થઈ ગયા અને તેમાં બેઠેલો **સમુદ્રશૂર** વાણીઓ કેડ બાંધી સમુદ્રમાં કૂદી પડ્યો અને હાથથી પાણી કાપતો અને કંઈકવાર સુધી તરતો તરતો જળમાં વહ્યો, એવામાં કોઈ એક માણસનું મુડદું, પવનના ઝપાટાથી તેના હાથમાં આવી પડ્યું. તે ઘણા દિવસનું મરેલું હોવાથી પાણીમાં ન ડૂબતાં ઉપર તરતું હતું. તેના ઉપર તે વાણીઓ ચઢી બેઠો, અને હાથથી પાણી કાપતો કાપતો, અને દૈવેચ્છાથી પવન અનુકૂલ હોવાથી **સુવર્ણદ્વીપ**ના કિનારા ઉપરજ જઈ પહોંચ્યો. કિનારા નજીક જઈ ઉતરીને તે મુડદાની તરફ નજર કરી તો તેની કેડ ઉપર એક દુપટો બાંધ્યો હતો. તે તેણે છોડ્યો ને જોયું તો ગાંઠ બાંધેલો એક દિવ્ય રત્નથી જડેલો ગળચવો તેમાં હતો. તેને જોતાં તે ઘણો કિમતી જણાયો એટલે તેને લઇ લીધો. પછી સ્નાન કરી જે ધન સમુદ્રમાં ડૂબી ગયું હતું તે ધનને આ કંઠાની આગળ તૃણસમાન ગણી પરમસંતોષ પામ્યો. પછી ત્યાંથી ધીમે ધીમે **કલેશપુર** નામના નગરમાં ગયો. તે શહેરમાં ગયા પછી તે વાણીઓ, તે ગળચવાને હાથમાં રાખી એક દેવમંદિરના ઉપવનમાં પેઠો. પાણીમાં બહુ તરવાથી તે ઘણો થાકી ગયો હતો એટલે કુંજમાંનાં ઝાડની છાયા નીચે વિશ્રામ કરતો હતો, તેવામાં નસીબના રંગ ઢંગ જાણ્યા વગર તે ધીમે ધીમે નિદ્રાવશ થઈ ગયો. તે નિદ્રાવશ હતો તે વખતમાં ત્યાં રાજાના સીપાઇઓ આવી પહોંચ્યા; અને તેના હાથમાં, ઢાંક્યાં વગર ઉઘાડો પડેલો ગળચવો દીઠો. તે જોઈ સીપાઇઓ બોલ્યા કે, "આપણી રાજકન્યા **ચક્રસેના**ના ગળામાંથી જે કંઠો ચોરાયો છે તેજ આ છે. ખરેખર આ જ કોઇ ચોર છે." આ પ્રમાણે પરસ્પર વાત કરી સીપાઇઓએ તે વાણીઆને જગાડ્યો, ને પછી તેને રાજદરબારમાં લઈ ગયા. ત્યાં રાજાએ પોતે તેને પૂછ્યું કે "અલ્યા વાણીઆ, સાચું કહે આ કંઠો તારી પાસે ક્યાંથી આવ્યો ?" આ પ્રશ્ન સાંભળી **સમુદ્રશૂરે** કંઠો જેવી રીતે મળ્યો હતો તે સર્વ વાત-યથાસ્થિત કહી બતાવી. તે કંઠો જોઈ, અને તેનું કહેવું સાંભળી, રાજા બોલ્યો, "બેશક આ ચોર છે. એ જે કંઈ કહે છે તે સર્વ લબાડી છે. જુઓ આ કંઠો ! એમ તે કંઈ એના હાથમાં આવે?" એમ કહી જ્યાં હાથ લાંબો કરી સભાસદોને બતાવવા જાય છે, તેવામાં આકાશમાં એક ગીધ પક્ષી ઉડતું હતું તેણે નીચે કંઠાનો પ્રકાશ જોઈ, સપાટાની સાથે નીચે ઉતરી કંઠાપર ઝડપ મારી એકદમ આકાશમાં પાછું ઉડી ગયું, ને ક્યાં અદૃશ્ય થઈ ગયું તે કોઈ જોઈ શક્યું નહીં. પછી રાજાએ ક્રોધમાં આવીને હુકમ ફરમાવ્યો કે, એ વાણીઆને મારી નાંખો, એટલે તે વાણીઆએ

ઘણી દિલગીરીમાં આવી જઈ રક્ષણ માટે શંકરની પ્રાર્થના કરવા માંડી કે—"મહારાજ! મારે શરણે ધાવો." આ વખતે આકાશવાણી થઈ કે—"હે રાજા ! આ સમુદ્રશૂર નામનો વાણીઓ હર્ષપુરનો રહેવાશી છે. એ ઘણો જ સદ્‌ગુણી છે. એ હર્ષપુરમાંથી તારા દેશમાં વેપાર માટે આવ્યો છે, માટે તેને તું મારીશ મા. કારણ કે એ માણસે તારો કંઠો ચોર્યો નથી. જે માણસે તારો કંઠો ચોર્યો હતો તે માણુસ ચોકીવાળાના ડરથી ભયભીત થઈ શહેરમાંથી નાસીને રાત્રે સમુદ્રમાં પડી મરણ પામ્યો છે. તે મુવેલા ચોરની લાસ એના હાથમાં આવી, ને એ વાણીઆનું વહાણ ભાંગી જવાથી તે સમુદ્રમાં પડ્યો હતો તે તેના ઉપર બેસી સમુદ્ર તરીને આ શહેરના કિનારા ઉપર ઉતર્યો છે. કિનારા ઉપર ઉતરતાં મુડદાંની કેડ ઉપર વસ્ત્ર બાંધેલું તેના જોવામાં આવ્યું; તેની ગાંઠ છોડીને અંદર જોયું તો તેમાંથી આ કંઠો તેને મળ્યો. એણે તારા ઘરમાંથી કંઠો ચોર્યો નથી. માટે હે રાજા! આ સદ્‌ગુણી વાણીઓ જે ચોર નથી તેને સન્માનથી વિદાય કર." આટલું કહી આકાશવાણી બંધ પડી. એ સાંભળી રાજા ઘણો સંતોષ પામ્યો, અને તે વણિક્‌પુત્રને મોતની સજામાંથી મુક્ત કરી, ધન આપી તેનો સારો સત્કાર કર્યો, ને પછી જવા માટે આજ્ઞા આપી. તે વાણીઓ, રાજાની પાસેથી ધન મેળવી, તે ધનમાંથી વાસણો ખરીદ કરી, પોતાના દેશમાં જવાની ઇચ્છાથી ફરી વહાણમાં બેસી, ભયંકર સમુદ્ર ઉલ્લંઘી ગયો અને ખંડના કિનારા આગળ સંગાથ મેળવી ધીમે ધીમે પોતાના દેશ તરફ જવા લાગ્યો.

એક દિવસે સાયંકાળ થયા પછી તે સઘળો સંઘ એક મોટા જંગલમાં જઈ ચઢ્યો. પછી તે સંઘનાં માણસોએ તે રાત્રિએ તે જંગલમાં ઉતારો કર્યો અને રાત્રિ પડતાં સઘળાં સૂઈ ગયાં. એ રાત્રિના એક સમુદ્રશૂર જ પોતાના પ્રારબ્ધનો વિચાર કરતો જાગતો હતો. એવામાં ત્યાં ચોરની અતિ દુર્જય ધાડ આવી તેઓ પર તૂટી પડી, અને ત્યાં જે સૂતા હતા તેઓને મારવા માંડ્યા. સમુદ્રશૂર પોતાનાં વાસણો પડતાં મૂકી, દોડીને કોઈ જાણે નહીં તેમ એક વડવૃક્ષ ઉપર ચઢી ગયો. લુટારાની ધાડ સઘળું ધન લુટીને નાસી ગયા પછી પણ ભયને લીધે ગભરાટમાં પડી ગયલો અને દુઃખી થતો સમુદ્રશૂર તે ઝાડ ઉપરજ આખી રાત્રી બેસી રહ્યો, પણ નીચે ઉતર્યો નહીં. પ્રભાત થયા પછી ઝાડની ટોંચપર તેની નજર પડી. એવામાં દૈવયોગે, ત્યાં પાંદડાંની અંદર પ્રકાશ કરતું દીપક જ્યોત જેવું કંઈક તેના જોવામાં આવ્યું. તેથી તે આશ્ચર્ય પામતો ઝાડપર ચઢ્યો ને જોયું તો ત્યાં એક ગીધપક્ષીનો માળો હતો અને તેની અંદર ઘણાં તેજસ્વી અમૂલ્ય રત્નનાં ઘરેણાં હતાં. તે વાણીઆએ તે સર્વ દાગીનાઓ લઈ લીધા. તેમાં જે કંઠો સુવર્ણદ્વીપમાં મળ્યો હતો, અને જેને ગીધપક્ષી લઈ ગયો હતો તે કંઠો પણ મળી આવ્યો. આ રીતે તેને અપાર ધન મળ્યું, તેથી તે વાણીઓ ઘણો રાજી થયો અને વડ ઉપરથી નીચે ઉતરી માર્ગે પડ્યો. ધીમે ધીમે ચાલતાં તે પોતાના હર્ષપુરમાં પાછો આવી પહોંચ્યો. શહેરમાં આવી સમુદ્રશૂરે બીજા નાણાની દરકાર નહીં કરતાં પોતાની મરજી પ્રમાણે કુટુંબીઓની સાથે દૈવની મહેરબાનીથી મળેલા ધન વડે સુખમાં દિવસ ગુજારવા માંડ્યા.

એ રીતે તે વાણીઓ સમુદ્રમાં ડૂબી ગયો, તેનું ધન નાશ પામ્યું, ત્યાર પછી તે સમુદ્રમાંથી તરીને જીવતો બહાર નિકળ્યો, તેને ગળચવાની પ્રાપ્તિ થઈ, વળી તે ગળચવો પાછો ગયો, અને



તે જ વખતે નિષ્કારણ તેને ચોરની દશામાં જવું પડ્યું, અને વળી તેમાંથી તે છૂટ્યો તો રાજાએ પ્રસન્ન થઈ તેને ધન વગેરેથી સન્માન આપ્યું. ફરી તે સમુદ્રને તરી ઉતર્યો અને માર્ગમાં ચોર મળવાથી જે કંઈ રાજાનું આપેલું હતું તે સર્વ લુટાઇ ગયું, અને છેવટે તેને ઝાડના ઉપરના ભાગમાંથી ધનનો લાભ થયો. આ પ્રમાણે મહારાજ, નસીબનો અજબ ખેલ છે—તેને કોઈ જાણી શકતું નથી. પરંતુ જે પુણ્યશાળી પ્રાણી હોય છે, તે દુઃખ ભોગવ્યા પછી પણ સુખને પામે છે."

આ પ્રમાણે નરવાહનદત્ત, ગોમુખ પાસેથી કથા સાંભળી રાજી થયો અને તેને સત્ય માની મિત્રમંડળમાંથી ઉઠીને સ્નાન વગેરે દિવસનું કર્મ કરવામાં ગુંથાયો.

બીજે દિવસે સભામાં નરવાહનદત્ત બેઠો હતો, એવામાં સમરતુંગ નામનો શૂરવીર રાજપુત્ર, જે તેની બાલ્યાવસ્થાનો સેવક હતો તે, સભામાં આવી વિનતિ કરવા લાગ્યો—"મહારાજ નરવાહનદત્ત! મારા સગોત્રી સંગ્રામવર્ષે, પોતાના વીરજિત વગેરે ચાર પુત્રોની સાથે મળાને મારા દેશને પાયમાલ કરી નાંખ્યો છે. માટે હું ત્યાં જઈ તે પાંચે જણાને કેદ કરી અહીં લઇ આવું છું' આ વાત આપને જાણ થાય, એટલા માટે હું અત્રે આવ્યો છું."

આ પ્રમાણે કહી સમરતુંગ, સંગ્રામવર્ષની સામે ગયો. નરવાહનદત્તે, સમરતુંગ પાસે થોડી સેના છે અને સામા શત્રુ પાસે વધારે સેના છે તેથી સમરતુંગ હારીને આવશે એમ ધારી પોતાની સેના તેની સહાયતા માટે મોકલી. પરંતુ સમરતુંગ અભિમાની હતો, એટલે તેણે મોકલેલી સેનાની સહાય ન લેતાં ત્યાં જઈ તે પાંચે શત્રુનો પોતાના બાહુબળથી પરાજય કરી તેઓને કેદ કરી પોતાની સાથે જ તેઓને પણ લઈ આવ્યો. આ પ્રમાણે વિજય કરીને પોતાનો સેવક સમરતુંગ આવ્યો ત્યારે નરવાહનદત્તે તેનો સત્કાર કરી તેનાં પુષ્કળ વખાણ કર્યાં કે—"આ કેવો ચમત્કાર ! આ પુરુષે વિષયલંપટ બનેલી બળવાન્ પાંચ ઇંદ્રિયોના જેવા ઘણા બળવાન્ અને દેશને દબાવનારા પાંચ શત્રુઓને પોતાને તાબે કરી પુરુષાર્થને સાધ્યો છે." તે સાંભળીને ગોમુખ બોલ્યો, "મહારાજ, તમે આવી કથા સાંભળી ન હોય તો રાજા ચમરવાલની કથા કહું છું, તે સાંભળો.

## રાજા ચમરવાલની કથા.

હસ્તિનાપુર નામનું એક નગર છે. તેમાં ચમરવાલ નામનો એક રાજા રહેતો હતો. તેની પાસે ખજાનાનું ને કિલ્લા વગેરેનું ઘણું જોર હતું. તેની પડોસમાં તેના પાંચ ભાયાતોનાં રાજ્યો હતાં, જેનો વડો સમરબલ હતો. એ સઘળા ભાયાતોએ એક દિવસ એકઠા મળીને એવો વિચાર કર્યો કે, "આ ચમરવાલ રાજા હંમેશાં આપણામાંથી એક એકને હરાવે છે, માટે આપણ સર્વે એક સંપ કરી તેનો પરાજય કરીએ." આ પ્રમાણે તે પાંચ જણાનો એક વિચાર થયો, એટલે તેને જિતવા માટે જવાની ઇચ્છા કરી, છૂપી રીતે જોશીને બોલાવી, પ્રયાણ મુહૂર્ત પૂછ્યું. જોશી બાવા યુદ્ધ માટે શુભ લગ્ન જોવા લાગ્યા, પરંતુ શુભ લગ્ન મળ્યું નહીં, પણ અશુભ લગ્ન જોવામાં આવ્યું, એટલે તે બોલ્યા—"આ વર્ષમાં શુભ લગ્ન નથી. વળી તમે જેવા તેવા લગ્નમાં જશો તો તમારો વિજય થશે નહીં; પણ તેની સમૃદ્ધિ જોઈને યુદ્ધ કરવા માટે આટલો બધો આગ્રહ શું કામ કરો

છો? આ સંસારમાં ભોગ એ મળેલા ધનનું ફળ છે, એટલે મેળવેલ ધનનું ફળ તે માત્ર તેનો ઉપભોગ કરવો તે જ. તમને જે ધન મળ્યું છે તેનો તમે ઉપભોગ કરો છો, તે કરતાં વિશેષ તમારા નસીબમાં નથી. એ બાબતમાં તમે બે વાણીઆઓની કથા ન સાંભળી હોય તો હું તમને કહી સંભળાવું છું તે સાંભળો.

## યશોવર્માની કથા.

પ્રાચીન સમયમાં કૌતુકપુર નામનું એક નગર હતું. તે નગરમાં નામ પ્રમાણે ગુણ ધરાવનાર બહુસુવર્ણ નામનો રાજા રહેતો હતો. તેના સેવકનું નામ યશોવર્મા હતું. તે જાતે ક્ષત્રિય હતો અને ભર જુવાનીમાં હતો. રાજા ઘણો ઉદાર હતો, તોપણ કોઈ દિવસ યશોવર્માને કંઈ પણ આપતો નહીં. યશોવર્મા જ્યારે જ્યારે દરિદ્રાવસ્થાને લીધે રાજા પાસે કંઈ માંગતો ત્યારે ત્યારે રાજા સૂર્ય બતાવીને તેને નીચે પ્રમાણે કહેતો હતો કે–"હું તો તને ધન આપવા માટે ઘણો ખુશી છું, પરંતુ આ સૂર્યનારાયણ તને આપવા માટે ખુશી નથી, માટે બોલ હું શું કરું?" આ જવાબ સાંભળી તે નોકર પીડા પામતો હતો; અને સૂર્યનારાયણ ક્યારે હુકમ કરે કે મને રાજા ઇનામ આપે એવા સમયની વાટ જોતો હતો. એવામાં સૂર્યગ્રહણનો સમય આવ્યો, એટલે રાજા મોટાં મોટાં દાન આપવા લાગ્યો. આ વખતે પેલો હંમેશનો દુર્બલ સેવક પણ રાજાની પાસે ગયો ને વિનતિ કરવા લાગ્યો–"મહારાજ! આપ મને દાન આપવા ઇચ્છો છો, પણ આ સૂર્ય આપવા દેતો નથી, પણ તે સૂર્યને આજ તેના શત્રુ રાહુએ સતાવ્યો છે, માટે મને કંઇક આપો." તે સાંભળી રાજા બહુસુવર્ણ બીજાને દાન આપી હસવા લાગ્યો, અને પછી પોતાના તે સેવકને વસ્ત્ર તથા સુવર્ણ વગેરે પુષ્કળ આપ્યું. વખત વીતતાં રાજાએ આપેલું ધન ખૂટી ગયું, પણ પાછું તેણે રાજાની પાસે જઈ ધન માંગ્યું નહીં. તેવામાં તેની સ્ત્રી મરી ગઈ હતી, અને પોતે એકલો હતો માટે વિંધ્યવાસિની દેવીની પાસે ગયો, અને વિચાર કર્યો કે–"હું નિર્ધન છું, માટે મારું શરીર નાશ પામે અથવા તો રહે તેની મને શી દરકાર છે? હવે તો દેવીની આગળ મારા દેહનો નાશ કરવો અથવા તો ઇચ્છિત વરદાન મેળવવું એજ કાર્ય!" એમ ધારી વિંધ્યવાસિનીની સન્મુખ દર્ભાસન ઉપર બેસી તદાકાર મન થઈ, આહાર વિહારનો ત્યાગ કરી ભયંકર તપ કરવા લાગ્યો. કેટલાએક દિવસ પછી વિંધ્યવાસિની દેવીએ સ્વપ્નમાં તેને આજ્ઞા કરી કે, "હે પુત્ર! હું તારાપર પ્રસન્ન થઈ છું, માટે માંગ માંગ જે માંગે તે આપું. તને અર્થલક્ષ્મી આપું કે ભોગલક્ષ્મી આપું? બોલ શું આપું?" તે સાંભળી યશોવર્મા તે દેવી પ્રત્યે બોલ્યો, "માતાજી! મને અર્થલક્ષ્મી અને ભોગલક્ષ્મી વચ્ચે શું ભેદ છે તેનું યથાર્થ જ્ઞાન નથી." એટલે દેવીએ તેને કહ્યું–"જો એમ હોય તો તારા દેશમાં ભોગવર્મા અને અર્થવર્મા નામના બે વાણીઆ રહે છે, તેમને ત્યાં જઈ બન્નેની લક્ષ્મીને જોઈ આવ, ને તેમાંથી જેની લક્ષ્મી તને પસંદ પડે તેના જેવી લક્ષ્મી માંગ." યશોવર્માએ આ વચન સાંભળ્યું, એટલે તે જાગૃત થયો ને બીજે દિવસે તેણે વ્રતનું પારણું કીધું અને પોતાના કૌતુકપુર તરફ ગયો.

કૌતુકપુરમાં ગયા પછી પ્રથમ તે અર્થવર્માને ઘેર ગયો. અર્થવર્માએ વેપારમાંથી સોનું રૂપું હીરા માણેક રત્ન વગેરે અનર્ગળ દ્રવ્ય મેળવ્યું હતું. તેની અનુપમ સંપત્તિને યશોવર્માએ બરાબર



જોઈ, પછી તે તેની પાસે સભ્યતાની રીતે ગયો. અર્થવર્માએ તેનો યોગ્ય સત્કાર કર્યો અને તેને ભોજન માટે નિમંત્રણ કર્યું. યશોવર્મા, અર્થવર્માની પાસે બેશી પરોણાને ઘટતા ચટણી ચટાકા, મલાઈ પુરી, ઘીમાં તળેલાં માંસનાં ભજીઆં વગેરે જમ્યો. પણ અર્થવર્માએ તો સાથવામાં અર્ધી પળી ઘી નાંખીને તે ખાધો અને થોડો ભાત અને ઘીમાં તળેલાં માંસનાં સહેજસાજ ભજીઆં ખાધાં. આ જોઈ યશોવર્માએ આશ્ચર્ય પામી તેને પૂછ્યું: "સંઘવીજી, શું તમે આટલું જ જમો છો?" ત્યારે તે વાણીઆએ આ પ્રમાણે જવાબ દીધો, "આજ તમારી સાથે જમવા બેઠો હતો માટે તમને સારું લગાડવા માટે મેં તળેલાં માંસનાં ભજીઆં, થોડા ઘીવાળો સાથવો અને થોડો ભાત ખાધો, પરંતુ હંમેશાં તો એક કર્ષ ઘી અને એકલો સાથવો જ જમુંછું. મારો જઠરાગ્નિ મંદ છે, માટે એ કરતાં વધારે મારા પેટમાં પચતું જ નથી." તે સાંભળી યશોવર્મા મનમાં વિચાર કરવા લાગ્યો અને તેની નિષ્ફળ સંપત્તિની અંતઃકરણથી નિંદા કરવા લાગ્યો. થોડી વાર પછી રાત્રિ પડી એટલે અર્થવર્માએ યશોવર્માને માટે ફરી ઉનું દૂધ અને ભાત મંગાવ્યો. યશોવર્માએ ફરી ઇચ્છા પ્રમાણે દૂધ પીધું અને અર્થવર્માએ પણ તે વખતે પીધું, પરંતુ એક પળી પીધું, વધારે પીધું નહીં. ત્યાર બાદ બન્ને જણા સાથે બે ઢોલીયા ઢાળી સૂતા ને ધીમે ધીમે નિદ્રાવશ થઈ ગયા.

અર્ધ રાત્રિ વીત્યા પછી યશોવર્માને એક સ્વપ્નુ આવ્યું–, તેમાં તેણે દંડધારી ચાર ભયંકર પુરુષોને શંકા વગર તેના શયનાગારમાં પ્રવેશ કરતા દીઠા. એ પુરુષો અંદર આવ્યા પછી ગુસ્સો કરીને અર્થવર્મા પ્રત્યે બોલ્યા; "ધિક્ ધિક્! અમે જેટલું તને ખાવાનું કહ્યું હતું, તે કરતાં પણ એક કર્ષ જેટલું વધારે આજ તેં ઘી કેમ ખાધું? ઘીમાં તળેલું માંસ કેમ ખાધું? ભાત પણ કેમ ખાધો? અને એક પળી દૂધ પણ કેમ પીધું?" આ પ્રમાણે તેને ધમકાવી અર્થવર્માના પગ ઝાલી તેને ઘસડ્યો અને ડંડુકાનો માર મારી તેણે જે એક કર્ષ ઘી, દૂધ, માંસ, ભાત વગેરે નિત્યથી વધારે ખાધું હતું તે સર્વ પેલાઓએ તેના ઉદરમાંથી બહાર કઢાવ્યું. યશોવર્માએ ઝબકી જાગીને જોયું તો ત્યાં હાય હાય! અર્થવર્મા પણ જાગી ઉઠયો હતો અને તેના પેટમાં શૂળ આવતી હતી, તેને લીધે તે બરાડા પાડતો હતો. તે સાંભળી તુરત તેના ઘરનાં માણસો ત્યાં આવ્યાં અને તેનું પેટ ચોળવા લાગ્યાં. ત્યાર પછી અર્થવર્માએ જેટલું વધારે ખાધું હતું તેટલું ઓકી કાઢયું ત્યારે તેના પેટમાં શૂળ મારતી નરમ પડી. યશોવર્મા તે જોઈ વિચાર કરવા લાગ્યો: "ધિક્કાર છે આવી લક્ષ્મીને કે જેનો ઉપભોગ આવી રીતે વ્યાધિમાં આવે છે! આવી વ્યર્થ લક્ષ્મી મળવા કરતાં ન મળે તે વધારે સારું." આમ પોતાના મનમાં વિચાર કરતાં તેણે રાત્રિ ગાળી કાઢી.

પ્રભાત થયું એટલે યશોવર્મા અર્થવર્માની પાસેથી રજા માંગી ભોગવર્મા વાણિયાને ઘેર ગયો. તેણે પણ યથોચિત તેનો આદરસત્કાર કર્યો અને તે દિવસે ભોજન કરવા માટે તેને નિમત્રણ કર્યું. યશોવર્માએ તે વાણિયાના ઘરમાં નજર કરી તો કંઇપણ ખાસ ધનસંપત્તિ જોવામાં આવી નહીં; પણ માત્ર તેનું સુંદર ઘર, વસ્ત્રો અને થોડાં ઘરેણાં જોવામાં આવ્યાં ખરાં. પછી યશોવર્મા તેને ત્યાં બેઠો અને ભોગવર્મા પોતાને લાયક વેપાર કરવા માટે બજારમાં ગયો. ત્યાં બીજા પાસેથી વાસણો વેચાતાં લઈ તે જ વખતે બીજાને નફોલઇને તે વેચાતાં આપ્યાં, અને પોતાના પૈસાનો

ખર્ચ કર્યાં વગર જ વચમાંથી કેટલીક નફાની સોના મહોરો લઈ લીધી, અને તે ચાકરના હાથમાં આપી જૂદી જૂદી જમવાની સામગ્રી તથા પણો વગેરે બનાવવામાટે તે પૈસા પોતાની સ્ત્રીની પાસે મોકલાવ્યા. પછી થોડીવારમાં તેનો એક મિત્ર ઈચ્છાભરણ ઉતાવળો ઉતાવળો ત્યાં આવીને બોલ્યો: "ભાઈ, ઉઠો તો, જમવાનું થઈ ગયું છે. અને બીજા મિત્રો પણ આવ્યા છે, ને તમારી વાટ જોતા બેઠા છે. ચાલો ચાલો આપણે જમીએ." ભોગવર્માં બોલ્યો; "હું આજ આવીશ નહીં; કારણ કે મારે ત્યાં પરોણો આવ્યો છે.' એટલે તેનો મિત્ર બોલ્યો: "અહો તેમાં શું? તેમ છે તો શી હરકત છે? તમારો મેમાન તે અમારો મેમાન! માટે તેને પણ તમે સાથે લેતા આવો. તે મેમાન શું અમારો મેમાન નથી? ચાલો, હવે ઝટપટ ઉઠો!" આ પ્રમાણે ઈચ્છાભરણ મિત્ર આગ્રહ કરી ભોગવર્માં અને યશોવર્માં બન્નેને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં ભોગવર્માંએ ને યશોવર્માંએ ઉત્તમ પ્રકારનું ભોજન કર્યું અને મદ્યપાન કરી પોતાને ઘેર આવ્યા. સાયંકાળ થયો એટલે ભોગવર્માંએ યશોવર્માં સહિત ફરી ઘણા સ્વાદવાળું ભોજન કર્યું અને ઉપરથી સરકાનું પાન કર્યું. રાત્રિ થઈ એટલે ભોગવર્માંએ પોતાના ઘરના માણસોને પૂછ્યું: "આજ રાત્રિમાં બરાબર પહોંચી શકે એટલો સરકો છે કે નહીં?" ત્યારે સેવકોએ ઉત્તર આપ્યો કે, "ના, સાહેબ." તે સાંભળ્યા પછી તે વાણીઆએ કહ્યું–"આજ પાછલી રાત્રિએ પાણી કેમ પીવાશે?" એમ બોલી તે શય્યામાં સૂતો અને યશોવર્માં પણ તેની પાસેની એક બીજી શય્યા ઉપર સૂતો.

બન્ને સૂઈ ગયા પછી સ્વપ્નમાં યશોવર્માંએ બે ત્રણ પુરુષોને દિવાનખાનામાં પેસતાં દીઠા અને તેમની પાછળ બીજા પુરુષોને પણ લાકડી સાથે પેસતા દીઠા. તેઓ ગુસ્સો કરીને સેવક પ્રત્યે બોલ્યા કે, "તમે આજ ભોગવર્માંને પાછલી રાત્રે પીવા માટે સરકો કેમ રાખ્યો નહીં? લુચ્ચાઓ, તમે હમણાં સૂધી ક્યાં ગયા હતા?" એમ કહી સેવકોને હાથમાં પકડેલી લાકડીઓવતી મારવા માંડ્યાં, એટલે તે બોલ્યા: "મહારાજ! અમારો આ એક અપરાધ થયો છે, માટે ક્ષમા કરો." ત્યાર પછી પ્રથમ આવેલા અને પાછળથી લાકડીવાળા જે પુરુષો આવ્યા હતા તે સઘળા ત્યાંથી ચાલ્યા ગયા. યશોવર્માં સ્વપ્નમાં આ સર્વ વૃત્તાંત જોઈ જાગ્યો, અને વિચાર કરવા લાગ્યો કે, ભોગવર્માંને લક્ષ્મી કોઈ જાણે નહીં તેમ પ્રાપ્ત થાય છે; અને તેનો તે ઉપભોગ પણ કરી શકેછે, માટે તે લક્ષ્મી ઉત્તમ ગણાય છે. અર્થવર્માંને સંપત્તિ ઘણી છે પણ તે વખાણવા લાયક નથી, કારણ કે તેનો કંઈપણ સુખથી ઉપભોગ થતો નથી." આમ વિચારમાંને વિચારમાં તેણે રાત્રિ ગાળી. પ્રભાત થયું એટલે યશોવર્માં તે શાહુકારની રજા લઈ પુનઃ વિંધ્યવાસિનીનાં ચરણ સમીપ જઈ તપ કરવા બેસી ગયો. ત્યાં બેસી તેણે આગળ માતાજીએ જણાવેલી ભોગશ્રી અને અર્થશ્રીમાંથી, ભોગશ્રી માંગી, જે માતાજીએ તેને આપી. પછી યશોવર્માં ઘેર આવ્યો ને દેવી કૃપાથી પ્રાપ્ત થયેલી ભોગશ્રી મેળવી અણચિંતવી રીતે આવનારી લક્ષ્મીથી સુખમાં દિવસ કાઢવા લાગ્યો.

માટે આ પ્રમાણે થોડી લક્ષ્મી હોય તોપણ તેનો ઉપભોગ થઈ શકતો હોય તો તે લક્ષ્મી ઉત્તમ ગણાય છે; પરંતુ અખૂટ લક્ષ્મી હોય ને ઉપભોગ વર્જિત હોય તો તે લક્ષ્મી નકામી ગણાય છે ને નીચ ગણાય છે. માટે ચમરવાલ રાજાની ઉપભોગ વગરની વ્યર્થ લક્ષ્મી જોઈ શામાટે પશ્ચાત્તાપ



કરો છો? અને તમારી દાન તથા ઉપભોગવળી લક્ષ્મી તરફ કાં જોતા નથી? તમે તેના ઉપર જે ચઢાઈ કરવાનું ધારો છો તે ઠીક નથી; કારણ કે તમારી ચઢાઈ માટે શુભ લગ્ન આવતું નથી, તેમ તમારો જય પણ જણાતો નથી."

આ પ્રમાણે જોશી મહારાજે વાર્તા કહી બતાવી, તોપણ તે પાંચ રાજાઓએ તે વાત ગણકારી નહી, અને જય માટે ગુઢ આશા રાખી ચમરવાલ રાજાની ઉપર ચઢ્યા. ચમરવાલ રાજાએ, તે પાંચ રાજા સીમાડા ઉપર આવ્યા ત્યારે, યુદ્ધે નિકળવાની આગમચ સ્નાન કરી શંકરનું પૂજન કર્યું; અને પછી અડસઠ સ્થાનકોમાં બિરજમાન શંકરનાં પવિત્ર, માંગલિક, પાપટાળક સર્વ મનોરથપૂરક નામવડે એક ચિત્તે સ્તુતિ કરી. એટલે આકાશમાંથી એવી વાણી થઈ કે, "હે રાજા, નિડરતાથી તું યુદ્ધ કર. સંગ્રામમાં શત્રુનો તું પરાજય કરીશ." તે સાંભળી રાજા રાજી થયો અને તૈયાર થઈ પોતાની સૈનાસહિત યુદ્ધ કરવા માટે શત્રુઓ આવે તે પૂર્વે શહેર બહાર આવ્યો. તેના શત્રુ પક્ષના પાંચ રાજાની સૈનામાં ત્રીસ હજાર હાથી, ત્રણ લાખ ઘોડા અને એક કરોડ પાયદળ હતું. અને ચમરવાલની પોતાની સેનામાં વીશ લાખ પાયદળ, દશ હજાર હાથી અને એક લાખ ઘોડા હતા. બન્ને સૈનામાં તુમુલ યુદ્ધ થયું; તેમાં નામ પ્રમાણે ગુણ ધરાવનારો વીર નામનો ચમરવાળનો પ્રતિહાર, યુદ્ધના મોખરામાં ઊભો; અને મહા વરાહ ભગવાન્ જેમ સાગરમાં પેઠા હતા તેમ મહાબળવાન્ ચમરવાલ રાજા તે સમરાંગણમાં દાખલ થયો. પોતાની સૈના નાની હતી, છતાં પણ તેણે શત્રુની મોટી સૈનાનો એવો તો સંહાર કર્યો કે જોત જોતામાં તેણે હાથી ઘોડા પાયદળ વગેરેને કતલ કરી મોટા મોટા ઢગલાઓ કરી દીધા. પછી તે રણસંગ્રામમાં ચમરવાલ રાજાએ દોટ મૂકીને સન્મુખ આવેલા સમરબલ રાજાને શક્તિનો પ્રહાર કરી તેના ગળામાં ફાંસી નાંખી તેને કેદ કરી લીધો. એ જ પ્રમાણે સમરશૂર નામના બીજા રાજાની છાતીમાં બાણનો પ્રહાર કરી પ્રથમની માફક પાશવડે ખેંચી, પાશથી બાંધી લીધો; અને તેનો પ્રતિહાર વીર, ત્રીજા સમરજિત રાજાને કેદ કરી ચમરવાલ રાજાની પાસે લઈ આવ્યો. તેના સૈનાપતિ દેવબળે પ્રતાપચંદ્ર નામના ચોથા રાજાને બાણથી ઘાયલ કરી, કેદ કરીને રાજાને સોંપ્યો. આ પ્રમાણે ચાર રાજા શત્રુના હાથમાં સપડાઈ ગયા તે જોઈ પાંચમો પ્રતાપસેન રાજા ઘણો ક્રોધ કરીને રણસંગ્રામમાં ચમરવાલ રાજાની સામે યુદ્ધ કરવા માટે આવ્યો, અને બાણોનો વર્ષાદ વર્ષાવવા લાગ્યો. રાજા ચમરવાલે પોતાનાં બાણો મારી તેના બાણના કટકા કરી નાંખ્યા અને ત્રણ બાણ મારી પ્રતાપસેનનું કપાળ વિંધી નાંખ્યું. રાજા પ્રતાપસેન બાણના સખત ઘાવ થવાથી ચક્કર ખાઇને મૂર્છાગત થયો. ચમરવાલ રાજાએ તેના ગળામાં ફાંસી નાંખી, કાળ જેમ જીવને ખેંચે છે તેમ તે રાજાને ખેંચીને કેદ કરી લીધો. આ પ્રમાણે પાંચે રાજા કેદ થઈ ગયા. પછી યુદ્ધ કરતાં તેઓની જે સૈના બચી હતી તે ચારે દિશામાં પલાયન કરી ગઈ. રાજા ચમરવાલે આ રાજાઓ પાસેથી અખૂટ સોનું અને રત્ન અને ઘણી રાણીઓ જિતમાં લીધી. જે રાણીઓનું હરણ કર્યું હતું તેમાં પ્રતાપચંદ્ર રાજાની યશોલેખા નામની એક ઉત્તમ ગુણવંતી રાણી હતી, તે ચમરવાલને મળી.

આ પ્રમાણે ચમરવાલ રાજા પોતાનો વિજય કરી શહેરમાં ગયો, અને વીર પ્રતિહારને અને

દેવબળ સેનાપતિને ગામ વગેરેનો પટ્ટો કરી આપી તે ગામ તેઓને બક્ષીસ કર્યાં અને પ્રતાપચંદ્ર રાજાની પટ્ટરાણીને ક્ષત્રીયના ધર્મ પ્રમાણે યુદ્ધ કરીને જિતી હતી, તેટલા માટે તેને રાણી પદે સ્થાપી, રણવાસમાં મોકલી દીધી. તે સ્ત્રી સ્વભાવે ઘણી ચપળ હતી, તોપણ તેણે મનમાં વિચાર કર્યો કે, આ રાજાએ પોતાના બાહુબળથી મને મેળવી છે, માટે હું તેની જ કહેવાઉં. આમ વિચારી તે સ્ત્રીએ પણ રાણી પદ કબૂલ કર્યું. કારણ કે જે લોકો કામમાં અને લોભમાં ફસાય છે તેની ધર્મવાસના વિચિત્ર પ્રકારની હોય છે. કેટલાએક દિવસ વીત્યા કેડે યશોલેખા રાણીએ રાજાને વિનતિ કરી કે–"મહારાજ, તે રાજાઓને છૂટા કરો તો ઠીક !" તે ઉપરથી રાજાએ કેદમાં પૂરેલા પ્રતાપચંદ્ર વગેરે રાજાઓને મુક્ત કર્યા. તેઓ કેદમાંથી મુક્ત થયા પછી રાજા આગળ નમ્ર બની ગયા અને વિનયી થઈ ખંડીઆ રાજા થવાને સ્વીકાર્યું. પછી રાજાએ તેમનો સત્કાર કરી તેઓને સૌ સૌના રાજ્યમાં જવાની રજા આપી. ત્યાર પછી ચમરવાલ રાજાએ શત્રુઓનો પરાજય કરી શત્રુરહિત કરેલું પોતાનું રાજ્ય ઘણા વર્ષ સૂધી ભોગવ્યું; અને ઉત્તમ અપ્સરા કરતાં પણ, શત્રુઓપર જય કરી તેમાંથી મેળવેલી અધિક લાવણ્યમયી વિજય પતાકા હોય તેવી યશોલેખા સાથે નાના પ્રકારના વિહાર કરવા લાગ્યો.

આ ચમરવાલ રાજાની માફક, જે રાજા એકલો હોય, છતાં પણ ધીરજવંત હોય તે, ઉતાવળે ચઢી આવેલા, દ્વેષથી આકુળ વ્યાકુળ થયેલા અને એટલા માટે પોતાના અને પરના પક્ષના સ્વરૂપની દરકાર વગરના અને પોતાનું સાધારણ પરાક્રમ નાશ થવાથી ગર્વરૂપી જેને તાવ આવ્યો છે એવા શત્રુઓનો રણસંગ્રામના મોખરામાં પરાજય કરે છે."

આ પ્રમાણે ગોમુખે વ્યવહાર પૂર્ણ વાર્તા કહી સંભળાવી. તે સાંભળીને નરવાહનદત્તે ગોમુખનાં બહુ વખાણ કર્યાં અને પછી સ્નાન વગેરે દિવસનું આહ્નિક કર્મ કર્યું. પછી રાણીઓની સાથે સંગીતના રસમાં મોહિત થઈ તે રાત્રિ ખૂબ ચમનદારીમાં કાઢી. તેના મધુર સંગીતનો સ્વર આકાશમાં જતો હતો તે જાણે ઘણા 'કાળ પર્યંત પોતાની પ્રિયા સાથે રહો' એમ વર આપતો હોય તેમ સંભળાતો હતો.

## તરંગ ૫ મો.

## મરુભૂતિની કથા.

બીજે દિવસે નરવાહનદત્ત અલંકારવતી રાણીને ઘેર સર્વ કાર્યભારી મંડળની સાંનિધ્યમાં બેઠા હતા, ત્યાં મરુભૂતિનો એક દાસ અંતઃપુરની ચોકી કરનારા છડીદાર સૌવિદલ્લનો સગો ભાઈ નરવાહનદત્તની પાસે આવીને, સર્વ સમક્ષ વિનતિ કરવા લાગ્યો, "મહારાજ, મેં મરુભૂતિની બે વર્ષ પર્યંત ચાકરી કરી છે, તેમાં તેમણે મારું અને મારી સ્ત્રીનું ભોજન અને કપડાં ખર્ચ આપ્યું છે ! પણ દર વર્ષે પચાસ સોનામહોર આપવાનું મને કહ્યું હતું, તે પચાસ સોનામ-



હોર મને તેઓ આપતા નથી. જ્યારે મેં તેમની પાસેથી તે સોનામહોરોની માંગણી કરી ત્યારે તેમણે મને લાત મારી કાઢી મૂક્યો. હવે હું આપના રાજભવન સિંહપોલમાં લાંઘણ કરીને મૃત્યુ પામીશ. અથવા તો આપ મહારાજ આ બાબત ધ્યાનમાં લેશો નહીં, તો હું અગ્નિમાં બળી મરીશ. કારણ કે આપ મારા સ્વામી બેઠા છો, તો અધિક શું કહું ?" આટલું બોલી તે બંધ પડ્યો, એટલે મરુભૂતિ બોલ્યો, "મારે એને સોનામહોરો તો આપવી છે, પરંતુ હમણાં મારી પાસે નથી, માટે દ્રવ્ય મળશે ત્યારે થઈ રહેશે." તે સાંભળી સભામાં જે બેઠા હતા તે સર્વ હસવા લાગ્યા. પછી નરવાહનદત્તે પોતાના મંત્રીને કહ્યું: "અલ્યા મૂર્ખ ! તું શું વિચાર કરેછે ? હું તને ખરું કહુંછું કે, તારી આ ટુંકી બુદ્ધિ મને યશ અપાવશે નહીં. ચાલ ઉઠ અને હું તને આજ્ઞા કરું છું કે, નિર્વિલંબે સો સોનામહોર તેને આપ." મરુભૂતિ રાજાનું આવું વચન સાંભળી મંત્રી શરમાઈ ગયો અને તે જ વખતે સો સોનામહોર લઈ આવીને તે દાસને આપી. ત્યાર પછી ગોમુખ બોલ્યો કે, "મહારાજ, તમારે મરુભૂતિને કંઈ કહેવું નહીં. કારણ કે બ્રહ્માએ રચેલી સૃષ્ટિમાંના મનુષ્યોના સ્વભાવ બહુ વિલક્ષણ હોય છે. જન સ્વભાવની બાબતમાં ચિરદાતા રાજાની અને તેના સેવક પ્રસંગની કથા શું તમે સાંભળી નથી ? જો ન સાંભળી હોય તો કહી સંભળાવું છું:–

## ચિરદાતા રાજાની કથા.

પ્રાચીન કાળમાં ચિરપૂરમાં એક ચિરદાતા નામનો રાજા રાજ્ય કરતો હતો. જો કે એ રાજા પોતે ઘણો જ સત્પુરુષ હતો, છતાં તેની આસપાસના માણસો ઘણાં જ દુષ્ટ હતાં. પ્રસંગ નામનો એક પુરુષ પોતાના બે મિત્ર સહિત એ રાજાની પાસે ગયો અને તેને ત્યાં નોકર રહ્યો. ચાકરી કરતાં કરતાં પાંચ વર્ષ વીતી ગયાં અને નિરંતર શુદ્ધાંતઃકરણથી તે રાજસેવા કરતો હતો, તોપણ ઉત્સવ ઉપર કે ટાંણેટચકે પણ રાજાએ તેને કંઈ બક્ષીશ આપી નહીં. પ્રસંગને તેના બે મિત્રો રાજાની પાસે જવાની હંમેશાં પ્રેરણા કરતા, તોપણ રાજાના દુષ્ટ માણસોને લીધે તેને રાજાની પાસે જઈ વિનતિ કરવાનો એક પણ પ્રસંગ આવ્યો નહીં.

એક દિવસે તે રાજાનો નાનો દીકરો મરણ પામ્યો, તેથી રાજા શોક કરવા લાગ્યો અને સઘળા ચાકર નફર પણ દિલગીર થયેલા રાજાની આસપાસ વીંટાઈ વળ્યા હતા, તેમાં પ્રસંગ પણ બેઠો હતો. તેને તેના મિત્રોએ બોલતાં અટકાવ્યો, છતાં પણ તે દુઃખનો માર્યો રાજાને વિનતિપૂર્વક કહેવા લાગ્યો કેઃ–"હે મહારાજ, અમે ઘણા કાળસૂધી તમારી ચાકરી કરી; પરંતુ તમે અમને ફુટી બદામ પણ આપી નહીં. ખેર, પણ અમે તો તમારા પુત્ર ઉપર આશા રાખીને બેઠા હતા. તે એમ કે તમે અમને કંઈ આપ્યું નહીં તો રહ્યું, પણ તમારો પુત્ર અમને કંઈ આપશે. પરંતુ દૈવે તેને પણ હરી લીધો, ત્યારે હવે અમારું અહીં કંઈ વળે તેમ નથી, માટે મહારાજ ! હવે રામ રામ !" એમ કહી રાજાનાં ચરણમાં પ્રણામ કરી, પ્રસંગ પોતાના મિત્રો સહિત ત્યાંથી ચાલી નિકળ્યો. તે જોઈ રાજાને આશ્ચર્ય લાગ્યું: "અહા ! મારા સેવકો કેટલા દ્રઢ મનના છે કે, જેઓએ મારા પુત્ર ઉપર આટલી આસ્થા બાંધી હતી, માટે મારે તેમનો ત્યાગ કરવો

જોઈએ નહીં." આમ વિચાર કરી તે જ વખતે પ્રસંગ વિગેરેને જતા અટકાવી પાછા બોલાવ્યા; અને એટલું બધું ધન આપ્યું કે, ફરીથી ખર્ચ કરતાં પણ તેઓ નિર્ધન થાય નહીં.

આ પ્રમાણે મહારાજ, મનુષ્યોના સ્વભાવ વિચિત્ર જોવામાં આવે છે. તે રાજા જે વખતે આપવું જોઈએ તે વખતે આપતો ન હતો, પણ તેણે સમય વગર પોતાના સેવકને દિલગીરીને સમયે ઘણું ધન આપ્યું હતું." કથા કહેવામાં નિપુણ ગોમુખ આ પ્રમાણે કથા કહી, નરવાહનદત્તની આજ્ઞા થવાથી નીચે પ્રમાણે બીજી કથા કહેવા લાગ્યો:

## કનકવર્ષ અને મદનસુંદરીની કથા.

પ્રાચીન કાળમાં ગંગા નદીના કિનારા ઉપર કનકપૂર નામનું એક ભવ્ય નગર હતું. ગંગાના પુણ્ય પવિત્ર જલના સ્પર્શવડે આ નગર પવિત્ર થતું હતું; અને રુડા રાજાને લીધે ઘણું રમણીય દેખાતું હતું. *તે નગરમાં કવિની વાણીને †બંધ હતો અને ‡પત્રોમાં છેદ દેખાતો હતો અને સ્ત્રીઓના કેશમાં §ભંગ હતો અને ધાન્યના સંગ્રહમાં ||ખલ હતો. તે નગરીમાં ઘણા વર્ષ ઉપર વાસુકિ નામના સર્પના પુત્ર પ્રિયદર્શનની રાણી રાજકન્યા યશોધરાને પેટે કનકવર્ષ નામનો મહા યશસ્વી કુમાર જન્મ્યો હતો. આ રાજા અશેષના¶ ગુણથી અલંકૃત હતો, છતાં સમગ્ર ભૂમિના ભારને ઉપાડતો હતો—એટલે તે રાજામાં સમગ્ર ગુણ હતા અને સઘળી ભૂમિપર તે રાજ્ય ચલાવતો હતો. એ રાજાને યશ મેળવવાનો લોભ હતો, પણ ધન મેળવવાનો લોભ ન હતો. તેને શત્રુનો ભય ન હતો, પણ પાપનો ભય હતો. તે બીજાની નિંદા કરવામાં મૂર્ખ હતો, પણ શાસ્ત્રમાં મૂર્ખ ન હતો. તે મહાશય રાજાને કોપમાં સંકોચ હતો, પણ કૃપા કરવામાં તો તે ઉદાર હતો. તે ધીર બુદ્ધિ રાજા ધનુષ પકડતી વખતે બદ્ધમુષ્ઠિ રહેતો હતો, પરંતુ દાનમાં બદ્ધમુષ્ઠિ રહેતો ન હતો—એટલે સઘળાને દાન ખુલ્લે હાથે આપતો અને પોતાના રાજ્યનું પાલન કરતો હતો. વળી રાજા એવો તો અનુપમ કાંતિવાળો હતો કે, તેનાં દર્શન માત્રથી સઘળી અંગનાઓ કામવશ થતી હતી.

એક વખતે શરદતુ બેઠી, તે સમયે સખત તાપ પડવા લાગ્યો. હાથીઓ અને ઉન્મત્ત રાજહંસો પોતાનાં કુટુંબ સહિત આનંદમાં આવી ગયા. તેમ જ પ્રજા માત્ર ઉત્સવ કરીને આનંદમાં આવી ગઈ. આ ઉપરથી રાજાના સઘળા ગુણ ધારણ કરનાર એવી શરદતુમાં રાજા વિહાર કરવા માટે પોતાના ચિત્રપ્રાસાદમાં ગયો. તે મહેલમાં કમળના પરાગવાળો મંદ મંદ શીતળ પવન વાતો

* આ વાકયમાં પરિસંખ્યા નામનો અલંકાર છે. કાવ્યપ્રકાશમાં પરિસંખ્યાના ચાર પ્રકાર કહ્યા છે, તેમાંનો ત્રીજો પ્રકાર આ વાકયમાં કહ્યો છે. † બંધ–નિબંધ પ્રબંધ આદિ રચાતા હતા, પણ કેદની શિક્ષા થતી ન હતી, એટલે કોઈ તેવા અપરાધી પણ ન હતા. ‡ પત્રોમાં છેદ–પત્રછેદ નામની ચોસઠ કલામાંની એક કલા છે (જુઓ કળાવિલાસ પૃષ્ઠ ૧૩૮ કળા ૭મી) તેમાં પત્રોનો છેદ હતો, એટલે પત્રપાંદડામાં છેદ હતો અથવા સ્ત્રીના ગંડસ્થળપર પત્રરચના કરવામાં આવતી હતી, તેમાં કોઈક વખતે છેદ થતો હતો, પણ કોઈ અપરાધને ખાતર હસ્તાદિનો છેદ પ્રજામાં જોવામાં આવતો ન હતો.

§ ભંગ–રચના અને ભાંગવું. || ખલ–ખળ–દુર્જન. ¶ આ ઠેકાણે કવિએ વિરોધાભાસ નામનો અલંકાર મૂકયો છે.



હતો. રાજા કનકવર્ષ ચિત્રપ્રાસાદના ચિત્ર તરફ બારીક નજર કરી એક ચિત્રનાં વખાણ કરે છે, એવામાં પ્રતિહારે અંદર દાખલ થઈ રાજાને વિનતિ કરી કે, "મહારાજ! વિદર્ભ* દેશમાંથી એક અપૂર્વ ચિત્રકાર આવ્યો છે. તે જણાવે છે કે, ચિત્રના કામમાં મારા જેવો બીજો કોઈપણ નથી. તે ચિત્રકારનું નામ રોલદેવ છે. મહારાજ, તેણે પોતાની નિપુણતાસૂચક એક પડદો સિંહપોલપર લટકાવ્યો છે ને આ બાબતની ખબર આપી છે" તે સાંભળતી વખતે જ રાજાએ તે ચિત્રકારને તેડી લાવવા માટે હુકમ ફરમાવ્યો, એટલે પ્રતિહાર એક ક્ષણમાં જઈને તે ચિત્રકારને તેડી લાવ્યો. તે ચિત્રકાર રાજમહેલના સમાગમભવનમાં આવ્યો. ત્યાં જોયું તો રાજા કનકવર્ષ એકાંતમાં ચિત્ર જોવાની ગમ્મત ખાતર ઉત્તમ ચિત્ર જોતો, અતિ સૌંદર્યવતી સ્ત્રીના ઉન્નત કુચના મધ્ય ભાગમાં પોતાના શરીરનો ભાર નાંખીને બેઠો હતો અને તે ગમ્મત સહિત હાથ ઉંચો કરી પાનની બીડી લેતો હતો. રાજાએ તે ચિત્રકારને જોઈ તેને માન આપ્યું અને ચિત્રકાર રોલદેવે રાજાને પ્રણામ કરી, મૃદુ વચનથી વિનતિ કીધી કે, "મહારાજ, મેં આપનાં ચરણકમળનાં દર્શન કરવાની ઇચ્છાથી અને મારી કળામાં નિપુણતાના મદથી આ વિજ્ઞપ્તિપટ લટકાવ્યો છે. માટે મારી તે ભૂલ ક્ષમા કરશો. હે પ્રભો, હું ચિત્રમાં કિયું રૂપ આલેખું, તેનો મને હુકમ કરો. એટલે મેં જે ચિત્રકળાનો અભ્યાસ કર્યો છે, તેની મહેનત સફળ થઈ એમ સમજું." આ પ્રમાણે ચિત્રકારે કહ્યું એટલે રાજા બોલ્યો, "અરે ઉસ્તાદજી! તમારી મરજી પ્રમાણે કોઈપણ ચિત્ર કાઢો, કે જે ચિત્ર જોઇ નેત્રમાં હર્ષાશ્રુ આવે. તમારા કળાકૌશલ્યવિષે અમને કાંઈ શંકા છે જ નહીં." આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે સભામાં વિરાજેલા રાજાના પરિજનોએ કહ્યું "ઉસ્તાદજી! રાજાનું જ ચિત્ર આલેખોની. બીજા કદરૂપાને આલેખવાનું શું પ્રયોજન છે?" તે સાંભળી તે ચિત્રકાર પ્રસન્ન થયો અને રાજાને આલેખવા માંડયું. પ્રથમ તેના શરીરના કદને અનુસરી નાકની દાંડી ઉંચી બનાવી; લાંબી અને લાલ રંગની આંખો બનાવી; પહોળું લલાટ બનાવ્યું; તેના કેશ વાંકડા અને કાળા રંગના બનાવ્યા; છાતીનો ભાગ પહોળો કર્યો, દિશાના હસ્તીના દાંત જેવી બે મનોરમ્ય ભુજાઓ આલેખી અને તેમાં બાણ વગેરેના ઘાવનાં ચિહ્ન આલેખ્યાં. પરાક્રમથી પરાજય પામેલા કેસરી સિંહનાં બચ્ચાંઓએ જાણે પોતાની કેડ તેને અર્પણ કરી હોય તેમ કટીનો ભાગ ઘણો જ પાતળો આલેખ્યો. પછી બે સાથળો આલેખી. આ બે સાથળો યૌવનરૂપા મદમત્ત હાથીને કેદ કરવાના બે સ્તંભ હોય તેવી દેખાતી હતી. અને અશોકના કોમળ લાલ રંગના બે પગ બનાવ્યા; જે ઘણા જ ખૂબસુરત દેખાતા હતા. આ પ્રમાણે રાજાના શરીરની જેવી આકૃતિ હતી તે પ્રમાણે તાદૃશ્ય રાજાને તાત્કાળ આલેખ્યો જોઈ, તેજ વખતે ત્યાં બેઠેલા સઘળા તે ચિત્રકારને ધન્યવાદ આપવા લાગ્યા અને બોલ્યા કે, 'અમે આ ચિત્રમાં એકલા રાજાને જોવા ઇચ્છતા નથી. માટે ઉસ્તાદજી! આ ચિત્રેલી ભીત ઉપર જે રાણીઓનાં ચિત્રો આલેખેલાં છે, તેમાંથી આ રાજાના સ્વરૂપને મળતી આવે એવી કોઇ એક રાણી તરફ વિચાર કરી તેને પણ રાજાની પડખે આલેખો, કે જેને જોઈ અમારી દૃષ્ટિને પૂર્ણ આનંદ થાય." તે સાંભળી પેલો ચિત્રકાર ભીંત તરફના ચિત્રને જોઇને બોલ્યો, "આ સઘળી રાણીઓમાં

* અગ્રેજીમાં ઉજ્જયિની છે.

કોઈપણ રાણી રાજાને લાયકની નથી, પણ હું જાણું છું તે પ્રમાણે તો પૃથ્વી ઉપર રાજા જેવી ફુટડી સૌંદર્ય મૂર્તિ સુંદરી એક જ રાજકન્યા છે. તેને માટે હું કહું છું તે સાંભળો:—

"વિદર્ભ દેશમાં **શ્રી**કુંડિન નામનું એક નગર છે. તેમાં દેવશક્તિ નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાને અનંતવતી નામની એક રાણીછે. જે તેને પ્રાણ કરતાં પણ અધિક પ્યારી છે, તે રાણીથી રાજાને **મદન**સુંદરી નામની એક કન્યા અવતરી છે. તે કન્યાના રૂપનું વર્ણન મારા જેવા માણસ એકજિવ્હાવડે કેમ કરી શકે ? પરંતુ હું આટલું કહું છું અને માનુંછું કે, બ્રહ્માએ એ કન્યાને નિર્માણ કરી છે તેવી બીજી કરવાની ઇચ્છા થાય તોપણ તેવી બીજી બનાવવા માટે યુગોના યુગો સૂધી પણ બની શકે તેમ નથી. આ પૃથ્વી ઉપર એક તેજ રાજકન્યા આકૃતિ, રૂપ, લાવણ્ય, વિનય, ફુટડાઇ, અવસ્થા અને કુળ એટલી વસ્તુવડે રાજાના સમાન છે. હું આગળ તેના શહેરમાં રહેતો હતો ત્યારે એક વખતે તે રાજકન્યાએ પોતાની દાસીને મોકલી મને પોતાના વિલાસભવનમાં તેડાવ્યો, રાજકન્યાની પાસે જઈ હું તેને જોઉંછું તો તે રાજકન્યા ઘણી કામાતુરાવસ્થામાં સુતી હતી, તે કન્યાએ શરીરે ચંદન ચર્ચ્યું હતું, કમળની માળા કંઠમાં પહેરી હતી, તે કમળ પત્રની શય્યા ઉપર આમતેમ આળોટતી હતી, તેની સખીઓ કેળના પત્રના પંખાવતી તેને પવન નાંખતી હતી, તેનું શરીર દુર્બળ અને ફીકું પડી ગયું હતું, તેથી કામજ્વરનાં સર્વ લક્ષણ તેના અંગમાં જણાતાં હતાં. હું તે કન્યાને જોતો હતો, તેવામાં તેણે પોતાની આસનાવાસના કરતી સખીઓ પ્રત્યે કહ્યું—"અલિ સખીઓ! તમે મારા શરીર ઉપર ચર્ચેલું ચંદન કાઢી નાંખો, ને કેળના પાત્રાંથી પવન નાખો; જો કે તે મને ઠંડક કરે છે, પરંતુ તેથી મને કંઇપણ સુખ થતું નથી. આ પીટયો પવન તો હું અભાગણીને બાળી નાંખે છે." આ પ્રમાણે કહી પોતાની આશ્વાસના કરવામાં ગુંથાયલી પોતાની સખીઓને તે વારવા લાગી. મેં દૂર ઉભાં ઉભાં આવી દુ:ખાવસ્થામાં આવી પડેલી રાજબાળાને જોઈ, તેના વિશે જૂદા જૂદા વિચાર કરવા લાગ્યો. પછી તે કન્યાને પ્રણામ કરી હું તેની આગળ બેઠો, ત્યારે રાજકન્યા મારા તરફ વળીને બોલી, "ઉસ્તાદજી, આ એક રૂપક મને આ કપડાપર ચીત્રી આપો તો."

આમ કહી તે રાજકુમારીએ હાથમાં કલમ લઈ થરથરતે હાથે, જમીન ઉપર, ધીમે ધીમે, કોઈએક તરુણ અને ઘણો ફુટડો–કામકુંવર જેવો પુરુષ આલેખ્યો અને મને બતાવ્યો, એટલે મેં પણ તેવો જ ફુટડો અને કામકુંવર સમ આલેખ્યો. પછી મહારાજ, મને મનમાં વિચાર આવ્યો કે, "આ સ્ત્રીએ સાક્ષાત્ કામની છબી ચિત્રી, અને મેં પણ તેજ છબી ચિત્રી; પરંતુ રાજકન્યાએ તે પુરુષના હાથમાં પુષ્પનું બાણ આલેખ્યું નથી, તેને લીધે જણાય છે કે તે ખરો કામદેવ નથી, પણ કામના જેવો બીજો કોઈ તરુણ પુરુષ છે. આ કન્યાએ આ પુરુષને ખરેખર કયાંઈ દીઠો હશે અથવા તો તેનેવિષે કયાંઇ પણ સાંભળ્યું હશે, ને તેને લીધે જ આ રાજકન્યાને કામજ્વર આવ્યો જણાય છે. તેથી મારે અહીંથી દૂર નાશી જવું જોઇયે. કારણ કે તેનો પિતા દેવશક્તિ, જે ભયંકર શિક્ષા કરનારો છે તેના જાણવામાં આ બાબત આવશે તો તે ક્ષમા ન કરતાં મારો પ્રાણ લેશે." આવો વિચાર કરી તે રાજકન્યા **મદન**સુંદરીને નમસ્કાર કરી, તેનો આદરસત્કાર મેળવી ત્યાંથી હું તરત નાસત જ બહાર નિકળી પડ્યો.



પણ જ્યારે હું ત્યાં હતો ત્યારે, મહારાજ, મેં તેનાં પરિજન જે પોતાની મેળે પરસ્પર વાત કહેતાં હતાં, તેમના મુખથી એમ સાંભળ્યું હતું કે, તે કન્યા તમારાં રૂપ ગુણ સાંભળી તમારા ઉપર પ્રેમાસકત થઈ છે. તે પરથી હું ગુપ્ત રીતે તે રાજકન્યાની છબી ચિત્રપટમાં ચિતરી જલદી આપની પાસે આવ્યો છું. આપના શરીરનો સર્વ આકાર જોયા પછી મારા મનનો સંદેહ ટળી ગયો છે. હે દેવ! ચિત્રપટમાં તમારું ચિત્ર તે સ્ત્રીએ પોતે હાથથી આલેખ્યું હતું તે ઉપરથી મેં ચિતર્યું હતું. તે કન્યા તમારા જેવી રૂપાળી છે, પરંતુ હું વારંવાર તેને ચિતરવા માટે શક્તિમાન્ નથી, તેથી જો કે તમારા સરખી છે તોપણ તમારી પડખે આલેખીશ નહીં."

તે સાંભળી રાજા બોલ્યો–"શેલદેવ, જો તમારાથી આલેખી શકાય તેમ ન હોય તો તમારી પાસે ચિત્રપટમાં આલેખેલી છે તે બતાવો." ત્યારે તે ચિત્રકારે પોતાની એક પેટીમાંથી એક સુંદરચિત્રપટ બહાર કાઢી, તેમાં આલેખેલી **મદન**સુંદરી રાજાને બતાવી. રાજા કનકવર્ષ પણ તે રાજકન્યાને ચિત્રમાં આલેખેલી જોઈ તેનું અદ્ભુત લાવણ્ય નિહાળી; તરત મદનવશ થઈ ગયો. પછી રાજાએ તે ચિત્રકારને ઘણા પૈસા આપી પોતાની પ્રિયાનો ચિત્રપટ લઈ આનંદભવનમાં ગયો. અને સઘળું કામકાજ છોડી એક તે સ્ત્રીમાં તન્મય બની જઈ, વારંવાર તે છબીને નિહાળવા લાગ્યો, તોપણ તેનાં રૂપ લાવણ્યમાં મોહિત બનેલાં તેનાં નેત્ર તૃપ્ત થયાં નહીં. એ જાણે એમ લાગતુ હતું કે, કામદેવે પોતાના જેવું રૂપ ધારણ કરનાર રાજા ઉપર માત્સર્ય કરતો હોય તેમ કોપી, રાજાની ધીરજનો નાશ કર્યો છે અને તેના અંતઃકરણમાં પ્રવેશ કરી બાણોનો પ્રહાર કરવા માંડ્યો છે. રાજાએ પોતાના રૂપમાં લુબ્ધ થયેલી અબળાને, જે કામબાધા આપી હતી તે કામબાધા આ રાજાને હજાર ઘણી ફાલી ફૂલી રહી.

આ પ્રમાણે ઘણા દિવસ ચાલ્યા ગયા અને તેના વિરહથી રાજાનું શરીર દુબળું અને ફીકું પડી ગયું. તે જોઈ તેના ઇષ્ટ મિત્ર કાર્યભારી લોકોએ રાજાને તેનું કારણ પૂછ્યું, એટલે રાજાએ પોતાના મનનાં દુ:ખની સર્વે વાર્તા કહી સંભળાવી અને પછી કાર્યભારીઓ સાથે એકાંતમાં વિચાર કરી, **મદન**સુંદરીનું માગું કરવા માટે દેવશક્તિ રાજા ઉપર એક દૂતને મોકલ્યો. આ દૂતનું નામ **સંગમસ્વામી** હતું. તે જાતે બ્રાહ્મણ હતો, વળી સત્કુળમાં તે જન્મ્યો હતો. વળી સમય જોઈ વર્તનારો હતો, વળી કામની પરીક્ષા પણ કરી જાણતો હતો અને તે જે બોલતો તે મધુર અને ઉત્તમ પ્રકારનું બોલતો હતો. તે બ્રાહ્મણદૂત **સંગમસ્વામી** ભારે દબદબાવાળા પરિજન સાથે **વિદર્ભ** દેશમાં આવેલાં કુંડિનપુર નગરમાં ગયો અને ત્યાંના રાજા દેવશક્તિની સાથે સારી રીતે મુલાકાત કરી, પોતાના રાજા સારુ તે રાજા પાસે તેની પુત્રીનું માગું કર્યું. ત્યારે દેવશક્તિ બોલ્યો:–"અમારે આ કન્યા બીજાને આપવાનો વિચાર હતો, પરંતુ કનકવર્ષ રાજા કન્યાનું માગું કરે છે, અને વળી તે અમારા લાયક છે, માટે હું મારી કન્યા તે રાજાને આપું છું." આમ કહી, વિચાર કરી દેવશક્તિએ **સંગમસ્વામી**નું વચન કબૂલ રાખ્યું; અને તેણે પોતાની પુત્રી **મદન**સુંદરીનું અનુપમ રૂપ તથા ઉત્તમ નાચ **સંગમસ્વામી**ને બતાવ્યાં. **સંગમસ્વામી** તેનું રૂપ તથા નૃત્ય જોઈ ખુશી થઈ ગયો. પછી રાજાએ કન્યા આપવાનું કબૂલ કરી, દૂતનું સન્માન કરી, તેને જવાની રજા

આપી, અને પોતાના એલચીને કહ્યું કે, "તું જઈ કનકપુર વિવાહ કરવા માટે લગ્નનો નિશ્ચય કરી અહિં સત્વર આવ." આ પ્રમાણે સંદેશો કહી તેનીજ સાથે પ્રતિદૂત મોકલ્યો. સંગમસ્વામી, દેવશક્તિના દૂત સહિત પોતાના શહેરમાં આવ્યો અને રાજાને સિદ્ધ કરેલું કાર્ય નિવેદન કર્યું. તે રાજાએ લગ્ન દિવસ નક્કી કરી, વિદર્ભથી આવેલા દૂતનો સત્કાર કર્યો. તેને ફરી ફરી, પૂછી જોયું કે મદનસુંદરી મને કેટલો ચાહે છે. પછી કોઇથી પણ પરાજય પામે નહી એવા પરાક્રમવાળો રાજા કનકવર્ષ અસીકળા અશ્વપર બેસી, નિઃશંકતાથી કુંડિનપુર ગયો. માર્ગમાં માર્ગ દર્શાવનારા ને આસપાસનાં જંગલોમાંના પ્રાણીઓનો નાશ કરનારા ભિલ્લોને સાથે લીધા ને ઘણાક જીવતા પ્રાણીઓ, જેવા કે સિંહ વગેરે જંગલી પશુઓનો નાશ કીધો. ધીમે ધીમે જતાં તે વિદર્ભ દેશમાં આવેલા કુંડિનનગરમાં જઈ પહોંચ્યો, ત્યારે ત્યાંનો રાજા દેવશક્તિ, તેને માન આપવા માટે તેની સામો આવ્યો. પછી તે રાજા અને સઘળુ સામૈયું નગરમાં ગયું. શહેરમાં અનુપમ રૂપવાન્ રાજાને જોઈ નગર નારીઓનાં નેત્રને ઠંડક વળી. પછી જ્યાં વિવાહ કરવા માટે સર્વ સામગ્રી તૈયાર કરી રાખી હતી એવા રાજભવનમાં રાજા દાખલ થયો; અને તે દિવસે પરિજન સહિત ત્યાં જ મુકામ રાખ્યો; અને રાજા દેવશક્તિએ ઉદારતાથી ન્યાત રીત પ્રમાણે તેનો આદરસત્કાર કર્યો, તેથી તે ઘણો રાજી થયો. બીજે દિવસે દેવશક્તિ રાજાએ પોતાની પુત્રી મદનસુંદરીનાં તેની સાથે લગ્ન કરી રાજ્ય શિવાય સર્વસ્વ રાજાને પહેરામણીમાં આપ્યું.

રાજા કનકવર્ષ સાત દિવસ પર્યંત તેના નગરમાં રહી, આઠમે દિવસે નવી વહુ સહિત પાછો પોતાના શહેરમાં આવ્યો. જગતને આનંદ આપનાર ચંદ્રમા જેમ પોતાની કાંતા કૌમુદી સહિત આવ્યા હોય અને ઉત્સવ વર્તાય એમ જગતને આનંદ આપનારો તે રાજા પોતાની નવી પ્રિયાને શહેરમાં લઈ આવ્યો, તે નિમિત્તે શેહેરમાં ઉત્સવ થઈ રહ્યો. અસંખ્ય રાણીવાળા શ્રી કૃષ્ણને જેમ પ્રાણાધિક પ્રિયા રુકિમણી હતી, તેમ આ રાજાને પણ ઘણી રાણીઓ હતી, તો પણ આ મદનસુંદરી પ્રાણ કરતાં વધારે પ્રિય હતી. તે રાજારાણી સુંદર પાંપણવાળાં નેત્રથી એક બીજાને જોવામાં એવાં તો આતુર બની રહ્યાં હતાં, કે જાણે સુંદર પીંછાંવાળાં કામનાં બાણથી તેઓ વિંધાઈ ગયાં હોય તેમ એક બીજામાં લીન થઈ ગયાં હતાં.

એક વખતે પુષ્પનાં પિંગળા રંગના કેશરારૂપ કેશવાળીથી અલંકૃત મધુમાસરૂપી કેસરી, માનવતી પ્રમદાઓના માનરૂપ માતંગનો નાશ કરવા ડોલતો ડોલતો આવ્યો. વસંતઋતુએ કામ દેવ માટે જેમાં મંજરીઓ આવેલી છે એવા આંબાઓ રૂપ ધનુષ્ય તૈયાર કર્યાં; અને તેનપર ઉપર બેઠેલી શ્યામ રંગની ભ્રમરમંડળીરૂપે દોરી તૈયાર કરી. મલયાચલનો પવન પ્રોષિતા પતિકાઓના અંતઃકરણમાં કામદેવને ઉદ્દીપન કરતો ઉપવનમાં વહેતો હતો અને કામી જનોને કોકિલા મધુર આલાપ કરી કહેતી હતી કે—"નદીમાં ફરીથી પૂર આવે છે, ઝાડમાં ફરી ફૂલ આવે છે, ચંદ્રમાની કળા ફરી વૃદ્ધિ પામે છે, પણ મનુષ્યોનું ગયેલું જોબન ફરી ફરી સાંપડતું નથી. માટે પુરુષો માન અને કલહને ત્યાગ કરી, સ્ત્રી સહિત આ વસંતમાં દીલ બહેલાવો. આવા રમણીય કામોત્પાદક કાળમાં રાજા કનકવર્ષ પોતાની સર્વ રાણીઓ સહિત વસંતોદ્યાનમાં વિહાર કરવા માટે ગયો.



ત્યાં રાજાની રાણીઓએ લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેના આગળ લાલ રંગના આસોપલ્લવ ઝાંખા દેખાતા હતા; અને તેની સ્ત્રી મધુર રાગથી ગીત ગાવા લાગી ત્યારે તેના સ્વર આગળ કોયલનો ધ્વનિ પણ લજ્જિત બની ગયો. રાજા ઘણી રાણીઓની સાથે આવ્યો હતો, તોપણ તેણે * કુસુમાવચય વગેરે વિધિથી રાણી મદનસુંદરી સાથે બાગમાં ઘણીવાર સુધી વિહાર કર્યો. પછી તે સ્નાન કરવા માટે ગોદાવરી નદી ઉપર ગયો અને ત્યાં અંતઃપુરની રમણીઓ સાથે જલક્રીડા કરવા માંડી. તેની રાણીઓએ મુખવડે કમળોનો પરાજય કર્યો, નેત્રવડે શ્યામ કમળોનો પરાજય કર્યો, સ્તનવડે ચક્રવાકનાં જોડાંનો અનાદર કર્યો અને નિતંબોવડે કીનારાના ભાગનો પરાજય કર્યો. પછી તે નદીના અંદરના ભાગને ડોળવા લાગી ત્યારે નદી પણ તરંગરૂપ ભ્રકૂટી ચઢાવી પોતાનો ક્રોધ દર્શાવવા લાગી. આ પ્રમાણે ગોદાવરીમાં જલક્રીડા ચાલી રહી હતી. જલ વિહાર કરતી વખતે સ્ત્રીઓના શરીર ઉપરથી વસ્ત્રો ખસી જતાં હતાં અને તેના શરીર ઉપરથી વસ્ત્રો ઉડી જવાથી તેમના અવયવો ખુલ્લા દેખાતા હતા, જેથી રાજાનું મન વિહ્વળ થઈ જતું હતું. રાજાનું મન તેમના સુંદર અવયવો નિહાળવામાં આમ તેમ આન્દોલન કરતું હતું. વિહાર કરતાં રાજાએ એક રાણીના નવસ્ત્રા થયેલાં સોનાના કળસ જેવાં ઉન્નત સ્તનતટ ઉપર હાથવતી ખૂબ પાણી છાંટયું. તે જોઈ મદનસુંદરીને મનમાં ઇર્ષ્યા થઈ કે, હું આ સુખમાં બાકી રહી ગઈ. તે ઉપરથી તે સામી રાણી ઉપર ગુસ્સે થઈ અને ખેદાતુર બની હોય તેમ—'હવે ક્યાં સુધી નદીને ડોળવી છે,' આમ કહી પાણીમાંથી ઝટપટ બહાર નિકળી, બીજું વસ્ત્ર પહેરી, પોતાના પતિનો અપરાધ પોતાની સખીને કહેતી કહેતી, ક્રોધ કરી પોતાના શોકભવનમાં ચાલી ગઈ.

રાજા કનકવર્ષને તેના મનની ખબર પડવાથી તે પણ જલક્રીડા કરવી પડતી મૂકી, નદીમાંથી બહાર નિકળી, બીજાં વસ્ત્ર પહેરી તે રાણીના રંગમહેલમાં ગયો; અને તે જ્યાં અંદરના ઓરડામાં રાણી હતી ત્યાં જવા લાગ્યો. ત્યાં પાંજરામાં બેઠેલા પોપટોએ પણ ગુસ્સે થઈને રાજાને અંદર જતાં અટકાવ્યો તોપણ તે અંદર ગયો, ને ત્યાં જુવે છે તો રાણીને ઘણી જ ક્રોધની અવસ્થામાં દીઠી. તે રાણી, ઉદાસ મુખકમળ ડાબા હાથમાં મૂકીને, બેઠી બેઠી, સ્વચ્છ મુક્તાફળ જેવાં આંસુ પાડતી હતી, ને ભંગ થતી વાણીના ઉચ્ચારણ ચિહ્નથી તે વિશેષ મોહિત લાગતું હતું. તેની વાણી વળી ડસકાં ખાવાથી તુટક થતી હતી, ને તેવીરીતે બોલતાં તેની સ્વચ્છ દંતપંક્તિ જણાતી, તેથી તે અતિશય શોભતી હતી. આવી રીતે બેઠેલી તે શોક કરતી નીચેનું પ્રાકૃત દ્વિપદી પદ ફરી ફરી ગાતી હતી.

'जइ विरहो ण सहिज्जइ माणो [सुहा वि] परिवज्जणीओ ते।
विरहो हिअअ सहिज्जइ माणो [एव्व].परिवड्ढणीओ ते॥
इअ जाणिऊण णिउणं चिट्ठसु ओलम्बिऊण इक्कदरम्।
उहअतडदिण्णपाओ मज्झणिवडिओ धुवं विणिस्सिहसि॥

* કુસુમ—અવયવ પુષ્પો ચુંટવા વગેરે વિષય કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

અર્થ—"હે હૃદય ! તું જો વિરહ સહન કરી શકતું ન હોય તો સુખેથી માનનો ત્યાગ કરજે. પણ જો તારાથી વિરહ સહન થઈ શકતો હોય તો તારે માનને જ વધારવું ઘટિત છે. આ પ્રમાણે ઉભય પક્ષ તને જણાવ્યા, તેમાં જે પક્ષ તને ગમતો હોય તે એક પક્ષનો આશ્રય કર; પરંતુ તું જો બન્ને પક્ષમાં લોભ રાખી, ઉભય પક્ષના કિનારા ઉપર પગ દઈશ તો કદાચ તે બન્નેમાંથી તું ગબડી પડીશ" આ પ્રમાણે રાજાએ તે રાણીને આવી રીતે માની અવસ્થામાં અશ્રુ પાડતી, પણ અતિ મનોરમ જોઈ, એટલે તે લજ્જાવંતો થતો ડરતો ડરતો રાણી મદનસુંદરીની પાસે આવ્યો, અને અવળું મુખ કરી બેઠેલી પ્રાણવલ્લભાને પ્રેમાલિંગન કરી, પ્રેમાળ તથા આર્જવ વચનોવડે વિનયથી તેને મનાવવાનો આરંભ કરવા લાગ્યો. ત્યાં તો તેના પરિવારે વક્રોક્તિમાં રાજાને તેનો થયેલો અપરાધ જણાવ્યો. એટલે રાજા પોતાનો જે અપરાધ થયો હતો તેને માટે પોતે શોક કરવા લાગ્યો, અને પોતાના *સ્ત્રીનાં ચરણમાં પડ્યો; એટલે પ્રેમઘેલી તે રાણી રાજાની કોટે વળગી પડી, અને રાજાપર થયેલો ગુસ્સો અશ્રુપાતની સાથે ગળી ગયો. રાજા તેના ઉપર પ્રસન્ન થયો અને માન ત્યાગ કરી, પ્રસન્ન થયેલી રાણી સાથે તે આખો દિવસ આનંદમાં ગાળ્યો. અને રાત્રિ પડી એટલે સુરતસમાગમ કરી બંનો નિદ્રાવશ થઈ ગયાં.

એક દિવસે તે રાજાને અકસ્માત્ એક સ્વપ્ન આવ્યું. તેમાં તેણે એક ભયકર નારીને પોતાના ગળામાંથી એકાવલી નામની માલા અને મસ્તક ઉપરથી મુકૂટને ઉતારતાં દીઠી, અને થોડીવાર પછી એક વેતાળને દીઠો. તે વેતાળ અનેક પ્રકારના પ્રાણીના આકારનો હતો. તે રાજાને તે સંગે બાહુયુદ્ધ થયું, તેમાં વેતાળને રાજાએ જમીનપર પછાડી નાંખ્યો. પછી તે વેતાળ ઉભો થઈ પોતાની પીઠ ઉપર રાજાને બેસારી, પક્ષીની માફક આકાશમાં લઈ ગયો, અને ત્યાંથી સમુદ્રમાં નાંખી દીધો હોય એમ તેણે સ્વપ્નમાં જોયું. તે સમુદ્રમાંથી રાજા અતિશ્રમે તરીને કિનારે આવ્યો, અને જોયું તો પ્રથમની માફક પોતાના કંઠમાં એકાવલી હાર અને મસ્તક ઉપર મુકૂટ જોવામાં આવ્યાં. આટલું જોયા પછી કનકવર્ષ રાજા ઝબકી ઉઠ્યો. અને પ્રભાતમાં પોતાના દિવાનખાનામાં જઈને બેઠો. એવામાં હંમેશના પરિચય પ્રમાણે એક ક્ષુદ્ધયતિ ત્યાં આવ્યો, એટલે રાજાએ તેને સ્વપ્નનું ફળ પૂછ્યું. અને તે ક્ષપણકે કહ્યું—"કોઈને પણ અપ્રિય વચન કહેવાની હું ઈચ્છા કરતો નથી, પરંતુ તમે મને પ્રશ્ન કર્યો તો હું તેનો ઉત્તર તમને શા માટે આપું નહીં ? તમે સ્વપ્નમાં જે એકાવલીને હરણ કરતાં દીઠી અને મુકૂટને પણ હરણ કરતાં દીઠો તો તેનું ફળ એ જ કે, તમારે સ્ત્રીપુત્રનો વિયોગ થશે; અને પાછા તમે સમુદ્રમાં પડ્યા હતા, તેમાંથી કિનારા ઉપર આવ્યા તેથી જણાય છે કે તમારે દુઃખને અંતે સ્ત્રી પુત્રનો સમાગમ થશે; અને સુખ પામશો." આ પ્રમાણે સ્વપ્નનું ફળ ક્ષપણકે કહી સંભળાવ્યા પછી રાજા વિચારમાં પડી ગયો, અને પછી બોલ્યો કે, મારે હજી સૂધી પુત્ર નથી, તો વિયોગ શો ? તે તો થાય ત્યાર પછીની વાત છે." આમ જ્યાં ક્ષપણક સાથે વાતચિત થાય છે, એવામાં રામાયણની કથા કરનારા એક વ્યાસજી ત્યાં પધાર્યા અને રાજા તેની કથા સાંભળવા લાગ્યો. કથામાં દશરથે પુત્ર ન થવા માટે જે પશ્ચાત્તાપ

* માનની સીમા એ જ છે કે પતિ પ્રણામ કરે: 'प्रणामान्तो मानः'



કર્યો હતો, તે સર્વ કથા વ્યાસજીએ વર્ણવી બતાવી. તે ઉપરથી રાજાને પણ પુત્રપ્રાપ્તિ માટે ચિંતા થવા માંડી. પછી ક્ષુદ્ધયતિ ચાલ્યો ગયો અને રાજા કનકવર્ષે તે દિવસ વાંઝીઆપણાની દિલગીરીમાં ઉદાસ થઈને કાઢી નાંખ્યો.

રાત્રિએ જ્યારે તે શય્યામાં એકલો સૂતો ત્યારે તેને ચિંતાને લીધે નિદ્રા આવી નહીં. તેથી પોતે એકલો જાગતો પડી રહ્યો. તેવામાં અર્ધ રાત્રિનો સમય થયો, ત્યારે શયનગૃહનાં દ્વાર બંધ કર્યાં હતાં, તોપણ તેણે એક સ્ત્રીને અંદર આવતાં દીઠી. આ સ્ત્રી વિનયવાન્ તથા શાંત સ્વભાવની જણાતી હતી. રાજા તે સ્ત્રીને જોઈ આશ્ચર્ય પામ્યો, તેથી શય્યામાંથી ઉઠી તેને પ્રણામ કર્યાં, એટલે તે સ્ત્રીએ રાજાને આશીર્વાદ દઈ કહ્યું, 'પુત્ર ! હું નાગ રાજા વાસુકિની પુત્રી છું અને તારા પિતાની મોટી બહેન છું. મારું નામ રત્નપ્રભા છે. હું હંમેશાં તારું રક્ષણ કરવા માટે અદૃશ્ય રૂપે તારી પાસેની પાસે જ રહું છું, પરંતુ આજ તને ચિંતાતુર જોઇ, હું તારી આગળ પ્રત્યક્ષ થઈ છું. મારાથી તારું દુઃખ જોઈ શકાતું નથી, માટે મને તારા દુઃખનું કારણ કહે." આ પ્રમાણે નાગકન્યા અને રાજાની ફોઈ રત્નપ્રભાએ કહ્યું, એટલે રાજાએ રત્નપ્રભા ફોઇને કહ્યું—"વહાલાં ફોઇ ! તમે મારા ઉપર આ પ્રમાણે અનુગ્રહ કરો છો, ત્યારે બેશક મને લાગે છે કે, હું ભાગ્યવાન્ છું. મને ઉદાસ થવાનું કારણ વાંઝીઆપણું છે. મજ સમાન દુઃખીને સ્વર્ગની ઈચ્છા ધરાવનારા પ્રાચીન કાળના દશરથ આદિ રાજાઓની ઈચ્છા જેમ પૂર્ણ થઈ હતી તેમ મારી ઈચ્છા પૂર્ણ થાય તેવી કંઈ યુક્તિ હોય તો બતાવો." નાગકન્યા રત્નપ્રભા ભત્રીજાનું એ પ્રમાણે વચન સાંભળીને બોલી, "અહો ! એ જ કે, એમાં આટલી ચિંતા શી ? હું તને એક ઉપાય બતાવું છું તે ઉપાય કર, એટલે તારું કાર્ય સિદ્ધ થશે. તું કાર્તિકસ્વામી પાસે જઈ પુત્ર માટે તેને પ્રસન્ન કર. કાર્તિકસ્વામી પાસે જઈ તેની આરાધના કરવા માંડીશ, તે વખતે વિઘ્ન કરવા માટે તારા મસ્તક ઉપર અતિ દુઃસહ જળની ધાર પડશે, પરંતુ હું તારા શરીરમાં પ્રવેશ કરીશ ને મારા પ્રતાપથી તું જળધારાને પણ સહન કરીશ; અને બીજાં વિઘ્નોનો નાશ કરીને બીજું પણ મનોવાંછિત હું તને મેળવી આપીશ." આટલું કહી નાગકન્યા અંતર્ધાન થઈ ગઈ અને રાજાએ બાકીની રાત્રિ આનંદમાં ગાળી કાઢી. બીજે દિવસે પ્રભાતમાં રાજાએ રાજકાજ મંત્રીને સોંપી, પુત્ર મેળવવાની ઈચ્છાથી કુમાર સ્વામીના ચરણસમીપ ગયો. નાગકન્યાએ તે રાજાના શરીરમાં પ્રવેશ કરી તેને બળ આપ્યું, તેથી દૃઢ થયેલા રાજાએ, કાર્તિકસ્વામીને પ્રસન્ન કરવા માટે તીવ્ર તપ આરંભ્યું. એવામાં રાજાના મસ્તક ઉપર ઉપરાચાપરી વજ્રના જેવી જળની ધારાઓ પડવા માંડી. પણ રાજાએ શરીરમાં અંદર પેઠેલી નાગણીના બળથી તે જળધારાને સહન કરી. ત્યારપછી કાર્તિકસ્વામીએ કનકવર્ષના તપમાં વિઘ્ન કરવા માટે ગણપતિને પ્રેરણા કરી, એટલે તેમણે જળધારામાં ભયંકર અજગરનું ઝેર વર્ષાવાવ માંડ્યું. તેનાથી પણ રાજા ડગ્યો નહીં, ત્યારે દેવતાઓથી પણ ન જિતાય એવા ગણપતિ પોતે આવી તેની છાતીમાં દંતપ્રહાર કરવા મંડ્યા. રાજા કનકવર્ષે, આ દેવ જે પ્રહાર કરે છે તે દુર્જય છે, એમ માની તેના પ્રહારને સહન કરી, તે દેવની સ્તુતિ કરી કે—"હે વિઘ્નવારણ પ્રભુ, તમને નમસ્કાર હો ! તમે સર્વાર્થ સિદ્ધિના એક નિધાનકુંભ જેવા છો, લંબોદર છો અને તમને સર્પનો અલંકાર છે.

હે ગજાનન ! તમારો વિજય થાઓ. તમે ગમ્મત કરતાં કરતાં હાથવતી બ્રહ્માના કમલાસનને હચમચાવી બ્રહ્માને પણ ડોલાવ્યા હતા. હે શંકરપ્રિય ! તમારા ઉપર સર્વ લોકનો આધાર છે, માટે જ્યારે તમે સંતોષ પામતા નથી, ત્યારે સુર, અસુર અને મોટા ઋષિમુનિઓને પણ સિદ્ધિ મળતી નથી. હે પાપનાશક પ્રભુ! મુખ્ય દેવો, તમારી આ પ્રમાણે સ્તુતિ કરે છે—કે તમારું પેટ ઘડા જેવડું મોટું છે, કાન સુપડા જેવડા છે, ગણના ઉપરી છો, મદવડે ઉત્કટ છો, તમારા હાથમાં પાશ છે, અંબરીષ છો, જમ્બક છો અને તમારું આયુધ ત્રિશૂળ છે. આવાં અડસઠ નામો જે તમારા અંગે વસેલાં છે, તે નામોથી તમારી પ્રાર્થના કરી તેઓ રંજન કરે છે. હે પ્રભો ! જે તમારી સ્તુતિ કરે છે અને તમારું સ્મરણ કરે છે, તેને રણભય, રાજભય, કુળભય, દ્યુતભય, ચોરભય, અગ્નિભય અને હિંસક વગેરે પ્રાણીઓનો ભય જતો રહે છે,”

આ પ્રમાણે પ્રશંસાવાળાં સ્તોત્રવડે અને બીજા નાના પ્રકારનાં પદોવડે રાજા કનકવર્ષ વિઘ્નવારણની સ્તુતિ કરવા લાગ્યો, એટલે ગણનાયક બોલ્યા, “પુત્ર! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. હું તને વિઘ્ન કરીશ નહીં. જા તને પુત્ર થશે.” આટલું રાજાને કહી ગણપતિ અંતર્ધાન થઈ ગયા.

ત્યાર પછી કાર્તિકસ્વામીએ જળધારા ઝીલનારા કનકવર્ષને કહ્યું, “હે ધીરવીર! તારા ધૈર્યથી હું પ્રસન્ન થયો છું, માટે જે વર જોઇતો હોય તે વર માગ.” તે સાંભળી પ્રસન્ન થયેલા રાજાએ કાર્તિકસ્વામીને વિનતિ કરી—“હે મહારાજ! મને પુત્ર થાય એવું વરદાન આપો.’ કાર્તિકસ્વામી બોલ્યા—“તને પુત્ર અવતરશે અને તે મારા ગણનો અંશ થશે. તેનું નામ હિરણ્યવર્ષ પાડજે.” આટલું કહી રાજાને વધારે વરદાન આપવાની ઇચ્છાથી મયુર છે વાહન જેને એવા કાર્તિકસ્વામીએ તેને અંદરના મંદિરમાં બોલાવ્યો. રાજા કાર્તિકસ્વામીના મંદિરના અંદરના ભાગમાં જવાને તૈયાર થયો કે, તેના દેહમાંથી નાગકન્યા અદૃશ્ય રૂપે બહાર નિકળી ગઈ; કારણ કે કાર્તિકસ્વામીના મંદિરમાં સ્ત્રીઓ શાપના ડરથી અંદર પ્રવેશ કરી શકતી નથી. પછી રાજા કનકવર્ષ કાર્તિકસ્વામીના મંદિરના ગર્ભાગારમાં પોતાના મનુષ્યતેજસાથે પેઠો. કાર્તિકસ્વામી નાગણી નિકળી જવાથી નિસ્તેજ થયેલા રાજાને જોઇને વિચારમાં પડી ગયા કે, “શું, તે પ્રથમનો રાજા આ નથી ?” તરત તેણે સમાધિ ચઢાવીને જોયું તો જાણવામાં આવ્યું કે, આ રાજાએ નાગણીના બળવડે આવું વિષમવ્રત પાળ્યું હતું, બાકી રાજા પોતે તો નિર્બલ છે. આમ જાણતાંની સાથે જ કાર્તિકસ્વામીએ તેને શાપ દીધો કે—“અરે દુષ્ટ યોગિન્! તેં કપટ કર્યું, તે છતાં તને પુત્ર જન્મશે! પણ તુરત પુત્રનો અને તારી મહારાણીનો તારે વિયોગ થશે.” આવો વજ્રપાત જેવો દારુણ શાપ સાંભળીને રાજા સમજુ હતો તેથી મુઝાયો નહીં, પણ સ્તોત્રોવતી કાર્તિકસ્વામીની સ્તુતિ કરવા લાગ્યો. કાર્તિકસ્વામી તેના સુભાષિતથી ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા, “હે રાજા! હું તારાં સૂક્તસ્તોત્રથી ઘણો જ પ્રસન્ન થયો છું. અને તને જે શાપ આપ્યો છે, તેનો છુટકો પણ પ્રસન્નતાપૂર્વક હું તને કહું છું. તને તારી રાણી અને પુત્રનો એક વર્ષ પર્યંત વિજોગ રહેશે, પણ તને ત્રણ મહા ભયંકર ઘાત જશે ત્યાર પછી તમારો વિજોગ ટળશે અને એક અપમૃત્યુ આવશે. તે પછી તમારો સર્વ જણાનો મિલાપ થશે.” આ પ્રમાણે કહી છ મુખવાળા કાર્તિકસ્વામી બોલતા બંધ પડયા અને તે રાજા કાર્તિકસ્વામીને પ્રણામ કરી તેના પ્રસાદરૂપ અમૃતથી તૃપ્ત થઈ પોતાના નગરમાં પાછો આવ્યો.



ચંદ્રમાથી ચંદ્રિકામાં જેમ અમૃતપ્રવાહનો જન્મ થાય છે, તેમ કનકવર્ષ રાજાથી મદનસુંદરીને પેટે પુત્રની ઉત્પત્તિ થઈ. રાજા અને રાણી વારંવાર પુત્રનું મુખ જોઈ એવાં તો આનંદમાં તણાઈ જવા લાગ્યાં કે, તેમને પોતાના દેહનું પણ ભાન રહ્યું નહીં. પછી રાજાએ તે જ વખતે ઉત્સવ કર્યો અને નાણાનો વર્ષાદ વરસાવી, પૃથ્વી ઉપર પોતાના કનકવર્ષ નામને સફળ કર્યું. પાંચ રાત્રિ ગઈ અને છઠ્ઠી રાત્રિએ પ્રસૂતિગૃહમાં બાળ રક્ષણનો વિધિ કર્યો. પછી ઓચિંતો વર્ષાદ વર્ષવા લાગ્યો. જેના પ્રતિ બેદરકારી રાખવામાં આવી હોય એવા શત્રુઓ પ્રમાદી રાજાના રાજ્ય ઉપર જેમ ચઢી આવે તેમ વૃદ્ધિ પામેલા વર્ષાદથી એકદમ આકાશ ઢંકાઈ ગયું, અને ત્યાર પછી વાયુરૂપ મદમત્ત હાથી ઝાડને પાયમાલ કરતો અને મદની ધારા વર્ષાવતો હોય તેમ વર્ષાદ જળની ધારા વર્ષાવતો આમ તેમ દોડવા લાગ્યો. આ વખતે રાજમહેલના ઓરડાના બારણાને આગળા આગળી દઈ બંધ કરવામાં આવ્યાં હતાં, છતાં પણ તે બારણાં કડાકાભેર ઉઘાડી કોઈ ભયંકર સ્ત્રી, હાથમાં છરી લઈ, તે પ્રસૂતિગૃહમાં દાખલ થઈ. તેણે આવતાંની સાથે જ રાણી મદનસુંદરીનાં પરિજનને મોહિત કર્યાં, અને રાણીના સ્તનને મુખમાં લઇને બાળક પડ્યું હતું તેને ઉપાડીને તે દોડી ગઈ. સોડમાંથી પુત્રને ગુમ થયો જોઈ રાણીએ “હાય! હાય! મારા બાળકને કોઈ રાક્ષસી લઈ જાય છે રે, દોડો! દોડો !” આમ બુમરાણ કરી મૂક્યું, ને પછી ગાઢ અંધારું હતું, છતાં પણ તે સ્ત્રીની પાછળ સૂવાવડી રાણી દોડી. પેલી સ્ત્રી બાળક સહિત તળાવમાં પડી, એટલે રાણી પણ પોતાના બાળકને લેવાની તૃષ્ણાથી તેની પાછળ તે જ તળાવમાં પડી. થોડીવાર પછી વરસાદ બંધ થયો ને વાદળાં વિખરાઈ ગયાં, અને રાત્રિ મટી પ્રભાત પણ થયું. એવામાં રાજાએ જાગતાં પ્રસૂતિગૃહમાં પરિજન રડતાં સાંભળ્યાં. તે સાંભળી રાજા કનકવર્ષ, દોડી પ્રસૂતિગૃહમાં જઇને જુવે છે, તો પુત્ર અને પ્રિયા વગર તે ઘર શૂન્ય જોયું, એટલે તેને મૂર્છા આવી. થોડીવાર પછી શાંતિ વળી, એટલે તે વિલાપ કરવા લાગ્યો: “અરેરે! મારી પ્રિયા! હાય હાય પુત્ર! હા શિશુ!’ આ પ્રમાણે વિલાપ કર્યા પછી એક વર્ષ સુધી વિજોગ થવાનો શાપ થયો છે, તેનું સ્મરણ કરી તે બોલ્યો “અરે શુદ્ધમતિ સ્કંદસ્વામી! તમે મને મંદપુણ્યને જેમ ઝેરની સાથે અમૃત હોય તેવો શાપવાળો વર કેમ આપ્યો? “અરેરે! પ્રાણાધિક પ્રિયા મદનસુંદરી વગર હું એક વર્ષ જે એક વર્ષ હજાર વર્ષ જેવડું થઈ પડશે તે કેમ કાઢીશ?” આ પ્રમાણે રાજાને વિલાપ કરતો સાંભળી, મંત્રીઓ ત્યાં ભેગા થયા અને તેમણે સર્વ હકીકત જાણ્યા પછી રાજાને સમજાવવા માંડ્યો, તોપણ તેને રાણી વગર ધીરજ આવી નહીં અને વિવ્હળ બની ગયો.

વખત વીતતાં બેભાન બનેલો અને પ્રિયાના વિરહાવેશથી કામાતુર થયેલો રાજા શહેરમાંથી બહાર નિકળી, ફરતો ફરતો વિંધ્યાચળના વનમાં ગયો. ત્યાં બાળ મૃગીનાં નેત્રો જોવાથી પોતાની પ્રિયાનાં નેત્રની શોભા નિરખવા લાગ્યો; ચમરી મૃગના કેશ જોવાથી પોતાની સ્ત્રીના કેશની છટાના પાશમાં બંધાઈ ગયો; હાથણીઓની મંદમંદ ગતિ તરફ નજર કરતાં પોતાની ગજગામિનીનું મંદ ગમન યાદ કરવા લાગ્યો—ને તેમ સર્વનો એક પછી એક વિચાર મનમાં ઉત્પન્ન થવાથી તેના શરીરમાં તીવ્ર કામાગ્નિ પ્રકટી નિકળ્યો. રાજા કનકવર્ષ આ પ્રમાણે દુ:ખ સહન કરતો તૃષા

અને તડકાથી અત્યંત ક્લેશ પામી, આમ તેમ ભટકયા કરતો હતો. એક દિવસે એક પહાડના ઝરણુંમાંથી મીઠા જળનું પાન કરી, વિશ્રામ માટે એક ઝાડની તળે જઇને બેઠો હતો. એવામાં વિંધ્યાચળની એક ગુફામાંથી અટ્ટહાસ્ય કરતો હોય તેવી ગર્જના કરતો, યાળવાળો કૃતાંત કાળરૂપ વિકાળ ચાલ ચાલતો એક સિંહ બહાર નિકળી તેના તરફ ધસી આવ્યો. આ જ વખતે કોઈ એક વિદ્યાધરે આકાશમાંથી દોડતા દોડતા આવી તરવારના પ્રહારથી તે સિંહના બે કટકા કરી નાંખ્યા પછી તે વિદ્યાધર કનકવર્ષની સમીપમાં આવી કહેવા લાગ્યો,–"રાજા કનકવર્ષ ! પ્રાણવલ્લભા મદનસુંદરીની વિરહવ્યથાથી પીડિત તું, આવી અવસ્થામાં આ ભયંકર વનમાં કેમ આવ્યો છે?" તે સાંભળી રાજાએ ગઈ ગુજરી યાદ કરી તે વિદ્યાધરને પ્રત્યુત્તર આપ્યો કે–"હું પ્રાણવલ્લભાના વિરહાગ્નિથી પીડા પામું છું, તેની તને ક્યાંથી ખબર પડી ? ભાઈ ! મારી અવસ્થા ઘણી માઠી છે." ત્યારે તે વિદ્યાધર બોલ્યો–"હું પૂર્વજન્મમાં સંન્યાસી થયો હતો ત્યારે તારા નગરમાં રહેતો હતો અને ત્યારે મારું નામ બંધુમિત્ર હતું. હે વીર ! મેં તારી સેવા કરી એક વેળાએ મેં તારી સહાય માંગી હતી ત્યારે તેં મને પ્રેમપૂર્વક સહાય કરી હતી. ત્યાર પછી હું વેતાળનું સાધન કરી વિદ્યાધરની પદવી પામ્યો છું. તે વિદ્યાધરની વિદ્યાના પ્રતાપે તને ઓળખી, તારા કરેલા ઉપકારનો બદલો વાળવા માટે, આ સિંહ તારો નાશ કરવાની ઇચ્છા ધરાવે છે, આમ જાણી હું દોડતો આવ્યો ને મેં તેનો નાશ કર્યો છે. હમણાં વિદ્યાધરના જન્મમાં મારું નામ બંધુપ્રભ પડ્યું છે."

આ પ્રમાણે વિદ્યાધરે કહ્યું, એટલે રાજા કનકવર્ષ તેના ઉપર પ્રસન્ન થયો અને બોલ્યો: "વાહવાહ, મિત્ર ! તેં મારી સાથે જે મિત્રતા જાળવી રાખી છે તે મિત્રતા હું ભૂલીશ નહીં. હવે બોલ, મારે મારાં સ્ત્રી પુત્રનો સમાગમ ક્યારે થશે ?" રાજાનું આ પ્રમાણે પ્રશ્ન સાંભળી વિદ્યાધર બંધુપ્રભ વિદ્યાના પ્રભાવથી ભવિષ્યનો વિચાર કરી તે રાજાને કહેવા લાગ્યો, "રાજા ! દેવી વિંધ્યવાસિનીનાં દર્શન કર્યાં પછી તને સ્ત્રી અને પુત્રનો સમાગમ થશે; માટે તે કામ પાર પાડવા માટે તું તે દેવીની પાસે જા; અને હવે હું મારા લોકમાં જાઉં છું." આ પ્રમાણે કહી તે વિદ્યાધર આકાશમાં ઉડી ગયો; અને રાજા કનકવર્ષ ધીરે ધીરે ધૈર્ય ધરી, દેવી વિંધ્યવાસિનીનાં દર્શન કરવા માટે આગળ ચાલ્યો.

રાજા આગળ જતો હતો, એવામાં માર્ગમાં એક મોટો ભયંકર જગલી હાથી શુંડ લાંબી કરી મસ્તક ધૂમાવતો ધૂમાવતો તેની પાછળ દોડયો. રાજા હાથીને પાછળ આવતો જોઈ જે રસ્તે ખાડા હતા ને રસ્તે દોડયો, એટલે હાથી પણ તે રસ્તે આવ્યો, પરંતુ દોડતાં દોડતાં ખાડામાં પડીને તે હાથી મરણ પામ્યો. રાજા રસ્તામાં ચાલવાની મહેનતથી ઘણો ક્લેશ પામ્યો હતો તેથી ધીમે ધીમે ચાલતાં, આખરે ઉન્નતદંડનાં શ્વેત કમળથી ઠસોઠસ ભરેલા એક મોટા તળાવ ઉપર જઈ ચઢ્યો. ત્યાં જળમાં સ્નાન કરી, કોમળ કમળનો આહાર કર્યો અને પછી જળપાન કરી, ઘણો થાકયો હતો તેથી એક ઝાડની છાયા નીચે એક ક્ષણ વાર સુઈ ગયો. એવામાં ભિલ્લ લોકો મૃગયામાંથી પરવારી તે માર્ગે ચાલ્યા જતા હતા, તેમણે રાજચિહ્નસંપન્ન તે રાજાને સૂતેલો જોઈ દેવીને બળીદાન આપવા માટે તેને યોગ્ય ગણી, તે જ વખતે તે રાજાને કેદ કરી, મુક્તાફળ નામના પોતાના ભિલ્લ રાજાની પાસે લઈ ગયા. પેલો ભિલ્લ



મહારાજા પણ કનકવર્ષને લક્ષણવંત જોઈ તેનું બળિદાન આપવાને માટે વિંધ્યવાસિનીના મંદિરમાં તેને લઈ ગયો. પછી રાજાએ દેવાલયમાં જઈ દેવીનાં દર્શન કરવાની સાથે પ્રણામ કર્યાં; એટલે દેવીના પ્રસાદથી અને કાર્તિકસ્વામીના પ્રસાદથી તે રાજા બંધનમાંથી એકાએક મુક્ત થઈ ગયો. ભિલ્લનો રાજા કનકવર્ષને વગર પ્રયત્ને બંધનમાંથી મુક્ત થયો જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો, ને જાણ્યું કે દેવીનો એના ઉપર અદ્દભુત અનુગ્રહ છે. પછી તેણે રાજાને મારવાનું બંધ રાખી કબજામાંથી મુક્ત કર્યો. આ પ્રમાણે કનકવર્ષ ત્રીજા અપમૃત્યુમાંથી બચી ગયો ને તે સાથે તેના શાપનું વર્ષ પણ પૂર્ણ થયું.

એ જ સમયમાં તેની ફોઈ અને નાગણી રત્નપ્રભા, તેની રાણી મદનસુંદરીને અને તેના પુત્રને લઇને દેવાલયમાં દાખલ થઈ; ને બોલી, "હે રાજા ! કાર્તિકસ્વામીનો તને શાપ થયો, તેના સમાચાર મારા જાણવામાં આવ્યા એટલે હું તારી રાણીને અને તારા બાળકને મારે ઘેર લઈ ગઈ હતી. હે કનકવર્ષ ! હવે તું પાપમાંથી મુક્ત થયો છે, માટે આ તારી સ્ત્રી અને પુત્રને લઈ પૃથ્વીનું રાજ્ય સુખે ભોગવ." આ પ્રમાણે નાગણીએ કહ્યા પછી રાજાએ તેને પ્રમાણ કર્યાં, અને તે નાગણી અંતર્ધાન થઈ ગઈ, અને રાજાએ સ્ત્રી અને પુત્રના સમાગમને સ્વપ્નતુલ્ય જાણ્યું. પછી રાજા રાણીને બલાત્કારથી જે વિયોગવેદના સહન કરવી પડી હતી, તે વેદના પ્રેમાલિંગન કરીને અશ્રુ પાડી દૂર કીધી. પછી ભિલ્લ રાજા મુક્તાફળ કનકવર્ષ રાજાને ઓળખી તેના ચરણમાં પડયો; અને પોતે તેનું જે અપમાન કર્યું હતું તેની ક્ષમા માંગી પોતાના ગામમાં તેને લઈ ગયો અને પોતાને ત્યાં મળી આવે તેવી નૂતન નૂતન સામગ્રીથી રાજાની અને તેની રાણી તથા કુમારની સેવા કીધી.

રાજા કનકવર્ષ તે ભિલ્લના ગામમાં જ રહ્યો અને તેણે પોતાના નગરમાંથી દૂત મારફતે સૈન્ય બોલાવ્યું તથા પોતાના સસરા દેવશક્તિને પણ બોલાવ્યો. સર્વ જણા ત્યાં આવ્યા બાદ રાજા કનકવર્ષ, મદનસુંદરી રાણી અને કાર્તિકસ્વામીએ જેનું નામ હિરણ્યવર્ષ પાડ્યું હતું તે, પોતાના કુમારને હાથણી ઉપર બેસારી, પોતે સર્વ સૈન્ય સહિત ત્યાંથી સસરાના ઘર તરફ ચાલ્યો. કેટલાએક દિવસ રસ્તામાં વીત્યા બાદ વિદર્ભ દેશમાં આવેલા પોતાના સસરાના કુંડિનપુર નગરમાં સર્વે સ્વારી જઇ પહોંચી. ત્યાં પહોંચ્યા પછી સસરા દેવશક્તિએ તે રાજાનો, તેની રાણીનો, પોતાના દોહિત્રનો અને રાજાના પરિવારનો ઘણો રુડો સત્કાર કર્યો. રાજા કનકવર્ષ થોડા દિવસ સુધી પોતાના સસરાના નગરમાં રહ્યો. ત્યારપછી તે પોતાના નગર ભણી આવવા નિકળ્યો, જે થોડે દિવસે પોતાની નગરી કનકપુરીમાં આવી પહોંચ્યો. દમ્પતી ને કુંવરે નગરમાં પ્રવેશ કીધો તે સમયે, નગરનારીઓ ઘણા દિવસથી ઉત્કંઠિત નેત્રવડે જાણે રાજાના મુખચંદ્રનું પાન કરતી હોય તેમ તેને નિરખતી હતી. અને રાજાએ કુમાર અને મદનસુંદરી સાથે પોતાના મહેલમાં પ્રવેશ કીધો. તે વેળા તે જાણે આનંદની શોભા સાથે સ્વરૂપવાન્ ઉત્સવ હોય તેવો શોભતો હતો. રાજધાનીમાં દાખલ થયા પછી પોતાનો અભ્યુદય થયો તે નિમિત્તે રાણી મદનસુંદરીનો અંતઃપુરમાં પટ્ટરાણીની જગા ઉપર અભિષેક કર્યો, અને તેને મુકુટ ધારણ કરાવ્યો; અને પોતાની પ્રજાને વિજય ઉત્સવમાં નવાજી નાંખી. ત્યાર પછી તે રાજા, રાણી અને પુત્ર સાથે હંમેશાં આનંદોત્સવ કરતો હતો અને ચાર દિશામાં

પથરાયેલું પોતાનું રાજ્ય નિષ્કંટક ચલાવવા લાગ્યો. તે પછી કોઈપણ દિવસ તે રાજાએ વિરહ-દુઃખ ભોગવ્યું નહીં."

જ્યારે **નરવાહનદત્ત** રાજકુમારે, પોતાની રાણી **અલંકારવતી** સંગે, મુખ્ય મંત્રી ગોમુખના મુખે આ કથા સાંભળી ત્યારે તે ઘણો જ પ્રસન્ન થયો.

## તરંગ ૬ ઠ્ઠો.

## નરવાહનદત્તની કથા.

પોતાની પ્રાણપ્યારી સંગ બેઠેલો રાજપુત્ર **નરવાહનદત્ત**, **ગોમુખે** કહેલી ઉપલી કથાથી અત્યંત પ્રસન્ન થયો. પણ તેણે જોયું તો **મરુભૂતિ** ઇર્ષાથી બળતો હતો, તેથી તેણે ગોમુખને અભિનંદન વચન કહ્યાં નહીં. પણ **નરવાહનદત્તે** **મરુભૂતિને** પ્રસન્ન કરવાને કહ્યું, "ભાઈ **મરુભૂતિ**! તું પણ શા માટે કંઈ કથા કહેતો નથી?" એટલે **મરુભૂતિએ** કહ્યું, "આપની ઇચ્છા છે તો એક કથા હું પણ કહીશ." આમ કહી, ખુશી થતાં થતાં તેણે એક નવલ કથા આરંભી.

### મહીપાળ નામના બ્રાહ્મણ કુમારની કથા.

પ્રાચીન કાળમાં **દેવકમળપુર** નામનું એક નગર હતું ને તેનો સ્વામી કમળવર્મા નામનો રાજા હતો. તે નગરમાં **ચંદ્રસ્વામી** નામનો એક ઉત્તમ કુલિન બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણને તેના સમાન લજ્જા શીળવાળી બીજી **સરસ્વતી** ને **લક્ષ્મી** જેવી **દેવમતિ** નામની પત્ની હતી. તે બ્રાહ્મણને દેવમતિ સ્ત્રીથી સારા લક્ષણવાળો એક પુત્ર જન્મ્યો હતો. જે પુત્રના જન્મ સમયે નીચે પ્રમાણે આકાશવાણી થઈ હતી કેઃ

> "ચંદ્રસ્વામિ તુજ પુત્રનું, મહીપાળ ધર નામ;
> રાજા થઈ મહિ પાળશે, નિશ્ચે તે સુખ ધામ."

**ચંદ્રસ્વામીએ** પુત્રનો જન્મ થયો તે નિમિત્તે મોટો ઉત્સવ કર્યો; અને દિવ્ય વાણીને અનુસરી પોતાના પુત્રનું નામ **મહીપાળ** પાડ્યું. પછી તે કુમાર દહાડે દહાડે મોટો થવા માંડ્યો અને સર્વ વિદ્યામાં તથા શસ્ત્ર અને અસ્ત્ર વિદ્યામાં યથાર્થ કુશળ થયો. એવામાં **ચંદ્રસ્વામીની** સ્ત્રી **દેવમતિએ** વળી એક કન્યાને જન્મ આપ્યો. આ કન્યાના સર્વ અવયવો સુંદર હતા, તેના ફુટડાપણામાં કંઈ પણ મણા નહોતી અને તેના લાવણ્ય આગળ તિલોત્તમા પણ હારી જતી હતી. તે કન્યાનું નામ **ચંદ્રવતી** પાડ્યું હતું. **મહીપાળ** અને **ચંદ્રવતી** બન્ને જણાં પોતાના પિતાના ઘરમાં ધીમે ધીમે મોટાં થતાં હતાં.

થોડા દહાડા પછી તે દેશમાં વર્ષાદ ન પડવાથી, સૂર્યનાં કિરણોવડે ધાન્ય બળી ગયું અને ચારેમેર દુષ્કાળનો ઉપદ્રવ ચાલુ થયો. તે દુષ્કાળની પીડાથી રાજા પોતાનો સત્ય માર્ગ છાંડી અધર્મવડે પ્રજા પાસેથી નાણાં કઢાવવા લાગ્યો અને ચોરી કરાવવા લાગ્યો. આવા જુલમાટથી તે દેશ



અત્યંત દુઃખી થવા માંડ્યો, ત્યારે દેવમતિએ પોતાના ભર્ત્તા **ચંદ્રસ્વામીને** કહ્યું; "**પ્રાણપતિ**! આપણે અહીં રહીશું ને કદાચ આપણાં બાળકો ભુખથી મરણ પામશે તો શું કરશું? માટે ચાલો, આ નગર છોડીને આપણે મારા બાપને ઘેર જઈએ." તે સાંભળી **ચંદ્રસ્વામીએ** પોતાની સ્ત્રીને કહ્યું કે–"આવા દુષ્કાળમાં મોટા ઘરમાંથી બહાર નિકળીને જવું અને તે ખાલી કરવું, એ તો અતિ ખોટું! પણ હું આ બે બાળક લઈ તારા બાપને ઘેર મૂકી આવું છું. તું અહીં જ રહેજે. હું ઘણો જલદીથી પાછો આવીશ. આ પ્રમાણે સ્વામીએ કહ્યું, એટલે તે બ્રાહ્મણીએ કહ્યું કે "બહુ સારું." પછી **ચંદ્રસ્વામી** તે બ્રાહ્મણીને ઘરમાં મૂકી, પુત્ર **મહિપાળ** ને પુત્રી **ચંદ્રવતીને** લઈ, શહેરમાંથી બહાર નિકળી, સસરાના ઘર તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં ત્રણ દિવસ ગયા પછી તે એક મોટા અરણ્યમાં આવી ચઢ્યો. આ અરણ્યમાં મોટાં મોટાં રેતીનાં મેદાન હતાં, જે સર્વે સૂર્યનાં કિરણોથી ધગધગી રહ્યાં હતાં; આસપાસ ઝાડ પાન ઘણાં થોડાં હતાં; અને જે હતાં તે સૂકાં થઈ ગયાં હતાં. લીલા પાનનું તો ત્યાં નામ ન હતું. આવા ભયંકર ઉજ્જડ પ્રદેશમાં બન્ને બાળક તૃષાતુર થયાં, એટલે તેને એક જગ્યાએ બેસારી ચંદ્રસ્વામી પાણીની શોધ માટે ઘણે દૂર નિકળી ગયો. **સિંહદંષ્ટ્ર** નામનો ભિલ્લનો એક રાજા, ચાકરો સહિત કોઈ કામ માટે ક્યાંઈ ગયો હતો, તે અકસ્માત્ ચંદ્રસ્વામીને સામો મળ્યો. તે ભિલ્લે બ્રાહ્મણને અરણ્યમાં એકલો ફરતો જોઈ પૂછ્યું કે, "તું અહીં કેમ ફરે છે?" ત્યારે તેણે, "પાણી માટે ફરું છું." આમ જણાવ્યું. પછી તે ભિલ્લરાજે પોતાના ચાકરોને સંજ્ઞા કરી કે "આ બ્રાહ્મણને લઈ જઈ પાણીએ પહોંચાડો." તે સાંભળી તેના ત્રણ ચાર ચાકરો, પોતાના રાજાનો અભિપ્રાય સમજી, નિર્દોષ ચંદ્રસ્વામીને કેદ કરી પોતાના નગરમાં લઈ ગયા. પછી **ચંદ્રસ્વામીએ** તેઓદ્વારા જાણ્યું કે, દેવીને પુરુષ બળી આપવા માટે તેને કેદ કરીને લઈ જાય છે, ત્યારે તેણે વગડામાં પોતાનાં બે બાળકોને બેસાર્યાં હતાં, તેને માટે અફસોસ કરવા માંડ્યો. "હે **મહીપાલ**! હે પુત્રી **ચંદ્રવતી**! શા માટે મેં તમને બન્ને નિરાધારને જંગલમાં ત્યાગ કરી સિંહ અને વાઘનાં ભોજન બનાવ્યાં? અરેરે! મને પણ ગોરો અહીં મારી નાંખે છે, અને મારી વાર પણ કોઈ કરતું નથી. હાય દૈવ!" આ પ્રમાણે તે ભયનો માર્યો વિલંપતો હતો, તેટલામાં તેણે આકાશમાં સૂર્યનારાયણને દીઠા; એટલે તે અફસોસ છોડી દઈ ઘણા આનંદમાં આવી ગયો અને બોલ્યો, "વાહરે! આ મારા પ્રભુ સૂર્યનારાયણનો આશ્રય કરું તો કંઈ રક્ષણ થાય ખરું." આમ વિચારી તે બ્રાહ્મણ સૂર્યની સ્તુતિ કરવા લાગ્યો–"હે સૂર્યનારાયણ! તમને નમસ્કાર હો. તમે પરાકાશમાં તથા અપરાકાશમાં વસો છો, તમે તેજ સ્વરૂપ છો, બાહ્ય તથા અંતર ઉભય અંધારાનો નાશ કરો છો, તમે વિષ્ણુ છો, તમે ત્રણ જગતમાં વ્યાપક છો, તમે શિવ છો, કલ્યાણનિધાન છો, નિદ્રાવશ થયેલા જગતને જાગૃત કરો છો, માટે તમે પરમ પ્રજાપતિ છો. રાત્રે અંધારામાં ચંદ્ર અને દીપક પદાર્થને પ્રકાશમાં લાવવા માટે તે બેને વિશે દયાથી જાણે પોતાનું તેજ મૂક્યું હોય તેમ તેજ મૂકીને અદૃશ્ય થાઓ છો; ને કહો છો કે–'આ બે નિસ્તેજ વસ્તુને પ્રકાશવા દ્યો.' હે સૂર્યપ્રભુ! પાછો તમારો ઉદય થાય છે ત્યારે રાક્ષસો પલાયન કરી જાય છે, ચોરનું કંઈ ચાલતું નથી અને ગુણવાન્ પુરુષો આનંદમાં રહે છે. હે ત્રિલોક પ્રદીપ! હું તમારે શરણે આવ્યો છું તો મારા દુઃખ રૂપી અંધકારને દૂર કરી, મારા ઉપર દયા કરો."

ઇત્યાદિ વાક્યોથી ચંદ્રસ્વામીએ પૂર્ણભક્તિભાવથી સૂર્યની સ્તુતિ કરી કે, તુરત આકાશવાણી થઈ: "હે ચંદ્રસ્વામી! હું તારા ઉપર પ્રસન્ન છું. તારો નાશ થશે નહીં અને મારી કૃપાથી તને બી-બાળકનો પાછો મેલાપ થશે." આ પ્રમાણે આકાશવાણીએ કહ્યું એટલે ચંદ્રસ્વામીના મનમાં આસ્થા બેઠી, અને તે ત્યાં સ્વસ્થ ચિત્તે બેઠો. પછી ભિલ્લ લોકોએ તેને સ્નાન કરાવ્યું તથા ભોજન આપ્યું.

હવે આ અરસામાં વનમાં શું થયું તે જુઓ. તે બંને ભાઈ બહેન બેઠાં હતાં, તેમણે પિતાની બહુ વાર સૂધી વાટ જોઈ, પરંતુ પિતા આવ્યા નહીં, તેથી બાળકોનાં મનમાં અશુભ વિચાર આવવા લાગ્યા, ને તે બન્ને જણાં ગભરાટમાં પડયાં અને પિતાના વિયોગથી રડવા લાગ્યાં. એવામાં તે રસ્તે સાર્થધર નામને એક સંઘવી આવી પહોંચ્યો તેણે તે બાળકોની સમીપ જઈ, "તમે અહીંયાં એકલાં ક્યાંથી આવ્યાં?' એવા સમાચાર પૂછ્યા. તે બંને બાળકોએ સર્વે વિતક વાર્ત્તા કહી. તે ઉપરથી સાર્થધરને દયા આવી, ને તેથી વિચાર કરી તે શુભ લક્ષણવાળા વિપ્રકુમારને અને તેની બહેનને પોતાના દેશમાં લઇ ગયો, અને મહીપાલને પોતાના પુત્રસમાન પાળવા લાગ્યો. મહીપાળ પણ તે વાણીઆના ઘરમાં રહી, બાલ્યાવસ્થામાં પણ અગ્નિમાં હોમ દેવા વગેરે કામ કરતો હતો. એક વખતે તારાપુર નિવાસી તારાધર્મ નામના રાજાનો મંત્રી, રાજાના કોઈ કામ માટે તે માર્ગે જતો હતો તે આ સંઘવીને ઘેર આવ્યો. આ મંત્રી ઉંચા કુળનો બ્રાહ્મણ હતો અને તેનું નામ અનંતસ્વામી હતું. પેલો સંઘવી તેનો મિત્ર હતો, માટે તે હાથી, ઘોડા અને પાયદળ સહિત સંઘવીને ઘેર જઈ ઉતર્યો. વાણીઆના ઘરમાં પૂર્ણ કાંતિમાન્ મહીપાળને જપ અને વૈશ્વ-દેવ કરવામાં તત્પર દીઠો, એટલે તેણે તે છોકરાને 'તું કોણ છે,' એમ પૂછ્યું. તે મંત્રીએ તેનું ઇત્થંભૂત વૃત્તાંત જાણ્યું કે તે ભાઈ બહેન તેની જ જાતિનાં છે એટલે પોતે વાંઝીઓ હતો માટે સંઘવી પાસેથી તે ભાઈબહેનને માગી લીધાં. સંઘવીએ બન્ને બાળક તે મંત્રીને સોંપ્યાં અને તેમને લઈ અનતસ્વામી તારાપુર તરફ રવાના થયો. શહેરમાં પહોંચ્યા પછી મંત્રીએ મહીપાળને પોતાનો દત્તકપુત્ર ઠરાવ્યો, તેથી તે પણ બહેન સાથે મંત્રીના વિદ્યા તથા અખૂટ સંપત્તિવાળા સુંદર ભવનમાં રહેવા લાગ્યો.

આ સમયમાં ચંદ્રસ્વામી જેને ભિલ્લ લોકોએ કેદ કરી રાખ્યો હતો ને જે છૂટવા માટે સૂર્યપ્રભુની પ્રાર્થના કરતો હતો તે તરફ નજર કરીએ. કેટલેક દિવસે ભિલ્લનો રાજા સિંહદંષ્ટ્ર પોતાના ગામમાં આવ્યો અને ચદ્રસ્વામીની પાસે જઈ કહ્યું: "અરે બ્રાહ્મણ! સૂર્યદેવે સ્વપ્નમાં આવીને મને એવી આજ્ઞા કરી છે કે, તારે તે બ્રાહ્મણને મારવો નહીં, પણ છૂટો કરી સારો સત્કાર કરવો. માટે ઉઠ, અને તારી મરજી હોય ત્યાં ચાલ્યો જા." આમ કહી તેને છોડી, તેની પૂજા કરી, મોતી કસ્તુરી વગેરે વસ્તુ ભેટ આપી, અને જંગલમાં તેને વળાવવા માટે બીજા ભીલ્લોને સાથે મોકલ્યા. આ પ્રમાણે ચન્દ્રસ્વામી સંકટમાંથી મુક્ત થયા પછી પોતાના પુત્ર તથા બાળક-પુત્રીને જંગલમાં ખોળવા લાગ્યો. પણ તેઓ ક્યાંઇ હાથ લાગ્યાં નહીં ત્યારે વધારે ને વધારે ભટકવા લાગ્યો. ભમતાં ભમતાં તે બ્રાહ્મણ સમુદ્રના કિનારા ઉપર જળપુર નગરમાં જઈ ચઢયો. તે



નગરમાં તે કોઇએક બ્રાહ્મણને ઘેર પરોણો થઇને ઉતર્યો. ત્યાં ભોજન કર્યા પછી પ્રસંગ નિકળતાં ચન્દ્રસ્વામીએ પોતાની કથા કહી બતાવી, એટલે ઘરના માલેકે ચન્દ્રસ્વામીને કહ્યું: "મહારાજ! કેટલાએક દિવસ પહેલાં આ ગામમાં એક કનકવર્મા નામનો વાણીઓ આવ્યો હતો. તેને જંગલમાંથી બ્રાહ્મણ જાતિનાં બે ભાઈ બહેન મળ્યાં હતાં. તે બન્ને સુંદર બાળકને લઈ, તે અહીં થઇને નારિકેળ નામના દ્વીપમાં ગયો છે. તે વાણીઆએ તે છોકરાનું નામ કોઇને જણાવ્યું ન હતું." તે સાંભળી ચન્દ્રસ્વામીએ "તે બે બાળક અવસ્ય મારાં જ છે," આમ વિચાર કરી નારિકેળ દ્વીપમાં જવાનો તેણે દ્રઢ નિશ્ચય કર્યો. પછી તે રાત્રિ જળપુરમાં ગાળી, પ્રભાતમાં નારિકેળ દ્વીપમાં જનારા વિષ્ણુવર્મા નામના વેપારીને શોધી કાઢી તેનો સથવારો કરી તેની સાથે વહાણમાં ચઢી, બાળકો ઉપરના પ્રેમથી સમુદ્ર માર્ગે નારિકેળ દ્વીપમાં ગયો અને ત્યાં વસનારા વાણીઆઓને પૂછ્યું કે, "કનકવર્મા અહીં આવ્યો હતો તે ક્યાં છે! એટલે તેઓએ કહ્યું, "હા, તે આવ્યો હતો ખરો, ને તે કનકવર્માને જંગલમાંથી બે રૂપવાન્ બાળક મળ્યાં પણ હતાં. હવણાં તે બે બાળકને લઈ કટાહદ્વીપમાં ગયો છે." તે સાંભળી તે બ્રાહ્મણ કટાહદ્વીપ જનારા વેપારી દાનવર્મા સાથે સથવારો કરી, નૌકામાં બેસી કટાહદ્વીપમાં ગયો અને ત્યાં પુછપરછ કરતાં સાંભળવામાં આવ્યું કે, કનકવર્મા ત્યાંથી કરદ્વીપમાં ગયો છે. એ રીતે તે બાળકોની પાછળ ઉત્તરોત્તર કર્પૂર, સૂવર્ણ અને સિંહલદ્વીપમાં ગયો. પણ તે જે વણીકને શોધતો હતો તેનો પત્તો લાગ્યો નહીં. છેવટે સિંહ-લદ્વીપમાં તેણે સાંભળ્યું કે, કનકવર્મા તો ત્યાંથી પોતાના દેશ ચિત્રકૂટ ગયો છે. ત્યારે ચન્દ્રસ્વામી એક કોટીશ્વર નામનો વાણીઓ પોતાના ઘરના વહાણમાં બેસી ચિત્રકૂટ જતો હતો, તેની સાથે તેના વહાણમાં બેસી, સમુદ્ર ઓલંઘી ચિત્રકૂટ ગયો. તે શહેરમાં પહોંચ્યા પછી કનકવર્માને તેણે શોધી કાઢયો, અને પોતાનાં છોકરાંની ખોળ કરવામાં જે આટઆટલો ઉત્કંઠિત હતો તે બ્રાહ્મણે, કનકવર્માને પોતાનું સર્વચરિત્ર કહી સંભળાવ્યું. કનકવર્મા, તે બ્રાહ્મણની વાર્તા સાંભળી તેના દુઃખથી જાણીતો થયો, અને તેને જે બે બાળક અરણ્યમાંથી મળ્યાં હતાં તે બન્નેને લાવી તે બ્રાહ્મણને બતાવ્યાં. પણ અફસોસ! તે બ્રાહ્મણની આશાનો ચંદ્ર અસ્ત થયો. ચન્દ્રસ્વામીએ આ બન્ને બાળકને જોયાં તો તે પોતાનાં જણાયાં નહીં, પરંતુ કોઈ બીજાં જ હતાં. આ પ્રમાણે મહેનત નિષ્ફળ જવાથી શોકાર્ત થયેલો તે બ્રાહ્મણ નિરાશ બનીને અશ્રુ ગાળતો વિલાપ કરવા લાગ્યો: "અરેરે! હાય! હાય! હું આટઆટલું ભટકયો, રખડયો, તાઢતડકો વેઠયો, ભુખતરસ વેઠી, તોપણ મને પુત્રનો કે પુત્રીનો મેળાપ થયો જ નહીં. જેમ દુષ્ટ રાજા આશા બતાવી તેને પૂરણ કરતો નથી તેમ દુરાશય પ્રારબ્ધે પણ આશા બતાવીને તે પૂરણ કરી નહીં. પણ દુષ્ટ રાજા જેમ ફોકટ આમ તેમ ઘણે દૂર ગોથાં ખવરાવે છે તેમ આ દુરાશય નસીબે પણ આમતેમ મને ગોથાં ખવાડી ઘણોજ દૂર સૂધી રખડાવી માર્યો!"

આ પ્રમાણે તે બ્રાહ્મણ શોક કરતો હતો, ત્યારે મહા ધનપતિ કનકવર્માએ તેને દિલાસો દઇને સમજાવ્યો. તે સમયે ચન્દ્રસ્વામીએ શોકાર્ત હૃદયે કહ્યું: "ઓ શેઠજી! હું શું કહું. મારાં બાળક વગર મારું મન કહ્યું કરતું નથી. મારા મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક થાય છે, ને હાય!

બાલક ક્યાં ગયાં હશે ? એમ વિચાર થયા કરે છે. મારા જીવને ધૈર્ય કેમ આવે? પણ રે શેઠજી ! હું જાણું છું કે દૈવ મોટું છે, તો હવે હું એક વર્ષપર્યંત ભૂમિ ઉપર ભટકી મારાં બાળકોને શોધી-શ, ને જો તે મળશે નહીં તો પછી ગંગા નદીના કિનારા ઉપર તપ કરી આ શરીરનો ત્યાગ કરીશ." જ્યારે તે બ્રાહ્મણ આ પ્રમાણે બોલ્યો, ત્યારે ત્યાં કોઈએક જ્ઞાની બેઠો હતો, તેં કહ્યું, "**અરે બ્રાહ્મણ** ! જા તને **નારાયણી** દેવીના પ્રસાદથી બન્ને બાળક મળશે જ." તે સાંભળી **ચન્દ્રસ્વામી**ને **સૂર્ય**નો અનુગ્રહ યાદ આવ્યો અને આ નવાં આશાંકુર ફૂટયાં, એટલે પોતે ઘણોજ પ્રસન્ન થયો. પછી **કનકવર્મા**એ તેનો સત્કાર કરી જ્યારે રજા આપી, ત્યારે **ચન્દ્રસ્વામી** તે નગ-રમાંથી નીકળી પડયો.

પછી તે અગ્રહારોમાં, ગામોમાં અને શહેરોમાં પોતાનાં બાળકોની ખોળ કરતો, ભટકતો ભટ-કતો એક દિવસે સાયંકાળે-સૂર્યાસ્ત સમયે ઉંચાં તથા ઘણા ઝાડવાળાં વનમાં જઈ ચઢ્યો. તે વનમાં જ રાત્રિ વાસો કરવા માટે ફળનો આહાર કરી, જળપાન કરી, સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીના ભય-થી ઝાડ ઉપર ચઢીને બેઠો.બાલકોના વિચારમાં રાત્રે તે બ્રાહ્મણને નિદ્રા આવી નહીં, તેથી તે જાગતો હતો. અર્ધરાત્રિનો સમય થયો, એટલે જે ઝાડ ઉપર તે બેઠો હતો તે ઝાડની નીચે દેવીનું એક મોટું મંડળ ભેગું મળ્યું. આ મંડળમાં મુખ્ય દેવી **નારાયણી** હતી. આ દેવીનું મંડળ જૂદા જૂદા પ્રકારનાં પોતાના લાયકનાં બળિદાનો એકઠાં કરી, દેવનાથ **ભૈરવ**ને આપવાની વાટ જોવા લાગ્યું. અને તે દેવીમંડળ **નારાયણી**ને પૂછવા લાગ્યું કે, "આજ **ભૈરવનાથ** હજુ સૂધી કેમ આવ્યા નહીં ? તેણે વાર કેમ લગાડી હશે?" ત્યારે **નારાયણી**દેવી ઉત્તર ન આપતાં હસ્યાં. એટલે બીજી દેવીઓ અતિશય આગ્રહપૂર્વક **નારાયણી**ને પૂછવા લાગી, ત્યારે **નારાયણી** બોલ્યાં; "સાહેલીઓ ! હું જે કહેવાને ધારું છું તે લજ્જા ઉપજાવનાર કથા છે, તો પણ હું તમને સહિયરના સંબંધથી કહું છું તે સાંભળો.

**સુર** નામના નગરમાં **સુરસેન** નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની પુત્રીનું નામ **વિદ્યાધરી** હતું. આ કન્યા અતિશય રૂપવતી, ફુટડી, કામણગારી, મનમોહિની, ચિત્તચોરટી હતી. તે કન્યાના પિતાએ તેના સમાન રૂપવાન્ **વિમળ** રાજાનો કુમાર **પ્રભાકર** છે આમ સાંભળ્યું હતું. તે ઉપરથી તેણે રાજકન્યા, રાજકુમાર **પ્રભાકર**ને દેવાની ઇચ્છા કરી. એવામાં **વિમળ**ના જાણવામાં આવ્યું કે, મારા પુત્રને લાયક **સુરસેન** રાજાની કન્યા છે, તેથી **વિમળરાજે** દૂતદ્વારા પોતાના પુત્ર માટે **સુરસેન**ને ત્યાં તેની પુત્રીનું માગું કર્યું. પછી **સુરસેને** શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે પોતાની ઇચ્છા માફક સંપત્તિ સહિત તે કન્યાનું દાન રાજકુમારને આપ્યું. રાજકુમારે તે કન્યા સાથે લગ્ન કર્યાં, ત્યાર પછી **વિદ્યાધરી** કન્યા પોતાના પ્રાણવલ્લભ જોડે સસરાજીને ઘેર જઈ રહી, ને રાત્રિનો સમય થયો એટલે રતિમંદિરમાં તે પતિની શય્યા ઉપર ગઈ. સતી અતિ આનંદની મતિ કરી ઉત્કંઠિત ગતિએ ત્યાં ગઈ. પ્રાણનાથને પણ પોઢેલા દીઠા, એટલે ચુંબનાદિક વિધિથી, રતિસમાગમ કર્યાં વગર નિદ્રાવશ થયેલા **પ્રભાકર**ને જાગૃત કરવા લાગી તો જણાયું કે, **પ્રભાકર** તો નપુંસક છે. એટલે, "હાય ! હાય ! મારું નખોદ વળ્યું. મને નપુંસક વર કેમ મળ્યો ?" આ પ્રમાણે મન સાથે અફસોસ કરતાં કરતાં રાજકન્યાએ તે રાત્રિ કાઢી નાંખી. પછી બીજે દિવસે તે **વિદ્યાધરી**એ



કામપીડાથી, અકળાઈને, "પિતાજી ! તમે પુરુષનાં લક્ષણ જોયા વગર મને નપુંસક વર જોડે કેમ પરણાવી ?" આ પ્રમાણે કાગળમાં લખી તે કાગળ પિતા ઉપર મોકલ્યો. રાજા **સુરસેન** પોતાની પ્રિય પુત્રીનો કાગળ વાંચી અત્યંત ક્રોધાયમાન થઈ ગયો અને વિચારવા લાગ્યો કે, "મને **વિમળ**-રાજાએ છેતર્યો છે." પછી ક્રોધાવશ થયેલા તે રાજાએ એક કાગળમાં **વિમળરાજાને** લખ્યું કે "તેં કપ-ટથી તારા નપુંસક પુત્ર સાથે મારી કન્યાનાં લગ્ન કરાવ્યાં છે, તેનું ફળ ભોગવજે. હું હવણાં આવીને તારો નાશ કરું છું." આ પ્રમાણે એક લેખ લખી બળથી મદમત્ત થયેલા **સુરસેન** રાજાએ તે પત્રદ્વારા રાજાને સંદેશો મોકલ્યો. રાજા **વિમળ** અને તેના મંત્રીઓ તે પત્રમાં લખેલી બાબત
૫૬ જાણી અત્યંત વિચારમાં પડી ગયા; પરંતુ તે રાજા દુર્જય હતો, તેથી તેનો કોઈપણ ઉપાય સૂઝ્યો નહીં. પછી **પિંગદત્ત** નામના મંત્રીએ, **વિમળરાજાને** કહ્યું-"મહારાજ ! આ વિષયમાં એક ઉપાય છે, માટે અભ્યુદય થવા માટે તે ઉપાય કરો. **સ્થૂલશિરા** નામનો એક યક્ષ છે, તેનો મંત્ર અને આરાધના હું જાણું છું. તે મંત્રનો જપ કરી આરાધના કરવાથી તે યક્ષ મનોગત વર આપે છે. માટે તે મંત્ર ગ્રહણ કરી તેનાથી હવણાં યક્ષનું આરાધન કરો; અને પુત્ર માટે પુરુષપણાંની* માંગણી કરો, એટલે સઘળો કજીઓ શાંત થઈ જશે." આ પ્રમાણે મંત્રીએ કહ્યું, એટલે તે રાજાએ **પિંગદત્ત** પાસેથી **સ્થૂલશિરા**નો મંત્ર ગ્રહણ કરી, પુત્રનાં પુરુષપણાં માટે યક્ષનું આરાધન કર્યું અને તેની પાસેથી પુરુષપણાંની માંગણી કરી. એ ઉપરથી **સ્થૂલશિરા** યક્ષે તેના પુત્ર **પ્રભાકર**ને પુરુષ-પણું આપ્યું, પણ **પ્રભાકર** પુરુષ થયો એટલે યક્ષ નપુંસક થઈ ગયો. પેલી વિદ્યાધરી, પ્રભાકરને પુરુષ થયો જોઈ તે પતિ સાથે રતિ સમાગમ કરી, સૌભાગ્ય સુખ મેળવ્યા પછી, વિચાર કરવા લાગી કે 'બેશક હું મદદોષથી ભ્રાંત થઈ હતી, કેમકે મારા પ્રાણનાથ તો પુરુષ છે, નપુંસક નથી એ માટે મારે મનમાં હવે આડોતેડો વિચાર આણવો નહીં. વળી પિતાને સર્વે વર્તમાન પુનઃ જણાવી, કરું, કે તેથી તેઓ શાંત પડે. આ પ્રમાણે મનમાં વિચાર કરી, તે બાબત પત્રમાં લખી, કાગળ પિતાના ઉપર વળી મોકલાવ્યો, એટલે તેનો પિતા લજ્જા પામીને યુદ્ધની તૈયારી બંધ કરીને ઠંડો પડી ગયો. આ પ્રમાણેનું આ વૃત્તાંત આજ **ભૈરવનાથ**ના જાણવામાં આવ્યું છે તે ઉપરથી તે ગુસ્સે થયેલા **ભૈરવે** આજે જ **સ્થૂલશિરા** ગુહ્યકને બોલાવીને શાપ આપ્યો કે: "અરે મૂર્ખ ! તેં દાન કરી નપુંસકપણું સ્વીકાર્યું, માટે તું જન્મપર્યંત નપુંસક જ રહેજે; અને આ **પ્રભાકર** પુરુષ રહેશે." આ પ્રમાણે શાપ આપવાથી તે ગુહ્યક નપુંસક થઈને દુઃખ ભોગવે છે, અને તે **પ્રભાકર** પુરુષ બની સુખ ભોગવે છે. એ કાર્ય માટે આજ **ભૈરવનાથ**ને આવવામાં જરા વિલંબ થયો છે. પરંતુ તે હવણાં આવશે."

આ રીતે **નારાયણી** દેવી બીજી દેવીઓને કહેતાં હતાં, એટલામાં **ચક્રેશ્વર**નામના **ભૈરવનાથ** ત્યાં પધાર્યા. પ્રથમ સર્વ દેવીઓએ પૂજાના ઉપચારોથી **ભૈરવ**નું પૂજન કર્યું; પછી યોગિણીના મિત્ર **ભૈરવનાથ** ક્ષણવાર તાંડવ નૃત્ય કરતા તેમની સાથે વિહાર કરવા લાગ્યા; આ સર્વે ઝાડ ઉપર

* આ સઘળો ભાગ અંગ્રેજી ભાષાંતરકર્તાએ કાઢી નાંખ્યા છે, પણ અમે કેટલીક રીતના શબ્દો કાઢીને નિર્મળ કરીને તે અત્રે કાયમ રાખ્યો છે.

બેઠેલો ચન્દ્રસ્વામી સારી રીતે જોતો હતો. એટલામાં એવું બન્યું કે, **નારાયણી**ની એક દાસીની ને તેની એક દૃષ્ટિ થઈ. આમ પરસ્પર દર્શન થવાથી **ચન્દ્રસ્વામી** અને **નારાયણી** દેવીની દાસી બન્ને જણાં દૈવબળથી પરસ્પર પ્રેમવશ થઈ ગયાં. દેવી **નારાયણી** ઉત્કંઠિત થયેલાં બન્નો જણાના ભાવને જાણી ગઈ. પછી જ્યારે **ભૈરવ** વિહાર કરી દેવીમંડળ સહિત ત્યાંથી ગયા ત્યારે **નારાયણી** ગુપ્ત રીતે ત્યાં રોકાઈ રહી ને ઝાડ ઉપર બેઠેલા **ચન્દ્રસ્વામી**ને નીચે બોલાવ્યો. તે ઝાડ ઉપરથી નીચે આવી, **નારાયણી** પાસે ગયો અને નમસ્કાર કર્યાં. ત્યારે દેવીએ તે બન્ને જણાંને પ્રશ્ન કર્યો કે, "તમે બન્ને જણાં એક બીજાપર પ્રેમાસક્ત થયાં છો કે નહીં ?" બન્ને જણાંએ વિનતિ કરી કે, "હા દેવી, અમારા મનમાં અનુરાગ ઉત્પન્ન થયો છે ખરો !" એટલે **નારાયણી**એ કોપમુક્ત થઈ, ચંદ્રસ્વામીને કહ્યું,–"હું તમારા સત્ય ભાષણથી પ્રસન્ન થઈ છું. માટે તમને બન્નેને શાપ આપતી નથી, પણ આ દાસી તને આપું છું. મારા આશિષ છે કે, તમે બે સુખમાં રહેજો." તે સાંભળી ચન્દ્રસ્વામી બોલ્યો: "દેવિ ! જો કે ચંચળતા એ મનનો સ્વભાવ છે; તોપણ કાયિક પાપમાંથી આત્માને બચાવવો, એ આપણે ધર્મ છે. તે આમ તેમ ભટકે, પણ તેને અંકુશમાં રાખવું જોઈએ. હું પરસ્ત્રીને અડકતો નથી, માટે મારા મનને હું કબજે રાખીશ ને આ સ્ત્રીનો સ્પર્શ કરીશ નહીં." આ પ્રમાણે ધીર બ્રાહ્મણ બોલ્યો, એટલે દેવીએ તે બ્રાહ્મણને કહ્યું, "હું તારા ઉપર પ્રસન્ન થઈ તને આ પ્રમાણે વર આપું છું કે, તને તારાં બાળક સત્વર મળશે. વળી હું તને ઝેર વગેરેનો નાશ કરનાર એક કમળ આપું છું તે લે. એ કમળ કોઈ પણ દિવસ કરમાશે નહીં." આમ કહી ચન્દ્રસ્વામીને કમળ લગ આપી દાસી સહિત દેવી અંતર્ધાન થઈ ગયાં.

આગ્રહ પૂ તે બ્રાહ્મણ દેવી પાસેથી કમળ મેળવી, બાકીની રાત્રિ ત્યાં ગાળી, પ્રભાત થયા પછી આગળ છું તે લવા માંડ્યો. ચાલતાં ચાલતાં જ્યાં પોતાનો પુત્ર **મહીપાળ** અને પુત્રી **અનંતસ્વામી** બ્રાહ્મણ મંત્રીને હતાં તે **તારાપુર** નગરમાં જઈ પહોંચ્યો. ત્યાં શહેરમાં જઈને તેણે પૂછ્યું કે 'અહીં અતિથિનો વિદ્યાત્કાર કોણ કરે છે ?' એ ઉપરથી તેણે **અનંતસ્વામી**નું નામ સાંભળ્યું, એટલે તે બ્રાહ્મણ મંત્રીના બારણામાં જઈ ભોજનની ઇચ્છા માટે વેદાધ્યયન કરવા મંડ્યો. ત્યારે દ્વારપાલોએ અંદર જઈ મંત્રીને તે વિદિત કર્યું. એટલે મંત્રીની આજ્ઞાથી તે બ્રાહ્મણને અંદર લઈ ગયા. **અનંતસ્વામી**એ તે બ્રાહ્મણને વિદ્વાન્ જાણી, ભોજન માટે નિમંત્રણ કર્યું. ત્યાર પછી ભોજનમાં નોતરાયેલા તે બ્રાહ્મણે પૂછપરછ કરવાથી **અનંતહ્રદ** નામનું એક પવિત્ર તળાવ આ ગામમાં છે, આમ જાણી તે ત્યાં સ્નાન કરવા માટે ગયો. તે સ્નાન કરીને જ્યાં આવે છે ત્યાં તેણે શહેરમાં 'હાય ! હાય ! અહું જ ભુંડું થયું', આવા શબ્દો હૃદયભેદક રીતે સાંભળ્યા. તેપરથી તેમ થવાનું તેણે કારણ પૂછ્યું, એટલે કેટલાક માણસોએ તેને કહ્યું, "આ ગામમાં એક **મહીપાળ** નામનો બ્રાહ્મણનો છોકરો છે. આ છોકરો અને તેની બહેન તે બન્ને બાળક **સાર્થધર** નામના એક સંઘવીને અરણ્યમાંથી મળ્યાં હતાં. ત્યાંથી સંઘવી તે બન્ને છોકરાંને પોતાને ઘેર લઈ આવ્યો હતો. કામ પ્રસંગે તેના ગામમાંથી આવતાં અમારા મંત્રી **અનંતસ્વામી** તેને ઘેર ઉતર્યા હતા. તેણે તે છોકરાંનાં ઉત્તમ લક્ષણો જોઈ સંઘવી પાસેથી તે ભાઈ બહેનને માંગ્યાં, ને તેને શરમાવીને તેમને અહીં લઈ આવ્યા છે. આ મંત્રી વાંઝીઆ છે,



એટલે તેને **મહીપાળ** ઘણો પ્રેમપાત્ર થઈ પડ્યો અને તેથી મંત્રીએ તેને દત્તક લીધો છે. આ સદ્ગુણી છોકરો રાજા **તારાધર્મ**ને અને આખા દેશને તેના સદ્ગુણને લીધે ઘણો પ્રિય થઈ પડ્યો છે. તે છોકરાને આજે કાળો સર્પ કરડ્યો છે, માટે આખા નગરમાં હાહાકાર થઈ રહ્યો છે." તે સાંભળી "એ તો મારો જ પુત્ર', આમ વિચાર કરી, **ચન્દ્રસ્વામી** ઉતાવળો ઉતાવળો મંત્રીને ઘેર આવ્યો. અને ત્યાં જોયું તો તે પુત્રને વિંટીને સઘળાં બેઠાં હતાં. **ચન્દ્રસ્વામી**એ **મહીપાળ**ને જોતાં-વાર જ ઓળખ્યો, ને તે અત્યંત પ્રસન્ન થયો. પછી તેણે પોતાના હાથમાં દેવીએ આપેલું શ્યામ કમળ હતું તે, તે છોકરાના નાક પાસે ધર્યું કે તુરત તે કમળની સુગંધથી તેનું ઝેર ઉતરી ગયું, અને **મહીપાળ** નિદ્રાવશ થયો હોય તેમ આળસ મરડીને બેઠો થયો. આ પ્રમાણે **મહીપાળ** જીવતો ઉઠ્યો તે નિમિત્તે નગરમાં રાજાએ અને પ્રજાએ તે દિવસે ઉત્સવ કર્યો અને **અનંતસ્વામી**એ, પ્રજાએ તથા રાજાએ આ વખતે **ચન્દ્રસ્વામી**ને "આ કોઈ દેવાંશી છે" આમ માની, તેનો ધનવડે સારો સત્કાર કર્યો. પછી પ્રતિષ્ઠા પામેલો **ચન્દ્રસ્વામી** પુત્ર **મહીપાળ**ને અને પુત્રી **ચન્દ્રવતી**ને જોઈ, આનંદમાં આવેલા મંત્રીને ઘેર રહેવા લાગ્યો. હવે ત્રણે એક બીજાને ઓળખ્યા છતાં પણ મૌન ધરી રહ્યાં હતાં. કારણ કે કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છા રાખનારા પંડિત પુરુષો સમય વગર પોતાનું ખરું રૂપ અકાળે દેખાડતા નથી.

આ પ્રમાણે તેઓ ગુપ્ત રહી એક બીજાને ઓળખાવામાં આગળ પડ્યાં નહીં. તે નગરનો રાજા **તારાધર્મ**, **મહીપાળ**ના ગુણથી મનમાં અત્યંત સંતોષ પામ્યો હતો, તેથી તેણે પોતાની **બિંદુમતિ** નામની કન્યાનાં **મહીપાળ** જોડે લગ્ન કર્યાં, અને પોતાને પુત્ર નહતો, માટે પોતાનું અર્ધ રાજ્ય તેને કન્યાદાનમાં આપી, સમગ્ર રાજ્યનો કાર્યભાર તે જ વખતે **મહીપાળ**ને સોંપી દીધો. **મહીપાળે** પણ રાજ્ય મેળવ્યા પછી પોતાના પિતાને જાહેર કરી, પોતાની બહેનને લાયક સ્થાને પરણાવી, પોતે સર્વને સુખ થાય તેમ વર્તવા લાગ્યો.

એક વખતે **ચન્દ્રસ્વામી**એ પોતાની મરજીથી પુત્રને કહ્યું, "પુત્ર ! ચાલો હવે આપણે તારી માતાને લેવા માટે દેશમાં જઇએ. હે પુત્ર ! તારી માતા તારા અને મારા વિરહથી ઘણા દિવસ થયાં દુઃખી છે. તે જાણશે કે, મારા પુત્રને રાજ્ય મળ્યું, પણ તે મને વિસરી કેમ ગયો ? આમ વિચારી ગુસ્સે થઈ જો કદાચ તે શાપ દેશે તો આપણે શું કરીશું ? માતા અને પિતાએ જે છોકરાને શાપ દીધો હોય તે કોઈ દિવસ સુખ પામતો નથી. આ શાપના વિષયમાં એક વાણિયાના છોકરાની એક પ્રાચીન કથા કહું છું તે સાંભળ:–

## વણિક્પુત્ર ચક્રની કથા.

ધવળ નામના નગરમાં ચક્ર નામનો એક વણિક્પુત્ર રહેતો હતો. આ છોકરો પોતાનાં માતાપિતાની મરજી નહીં છતાં વેપાર કરવા માટે સ્વર્ણદ્વીપમાં ગયો. ત્યાં પાંચ વર્ષમાં વેપારમાં પુષ્કળ ધન ઉપાર્જન કરી પોતાના શહેરમાં સમુદ્રમાર્ગે આવવા માટે રત્નો લઈ, નૌકામાં બેસીને નિકળ્યો. આવતાં આવતાં સમુદ્રનો થોડો માર્ગ બાકી રહ્યો, એવામાં વા વંટોળીઓ થયો અને વર્ષાદ વર્ષવા માંડ્યો ને સમુદ્ર ઘોર ગર્જના કરતો ગડગડી ઉઠ્યો. રત્નાકરના મોટા મોજાઓ

ક્રોધથી જાણે એમ કહેતા હોય કે ‘રે કપૂત! તું માતાપિતાનું અપમાન કરીને કેમ આવ્યો? એમ ઘોરગર્જના કરતાં તેના વહાણને ભાંગી નાંખવા તત્પર થયા હોય, તેમ વહાણના ફુરચે ફુરચા કરી નાંખ્યા. એથી વહાણમાં બેસનારાઓમાં કેટલાએક પાણીના મોજામાં ઘસડાઈ ગયા; કેટલાએકને મગરો ગળી ગયા. પણ ચક્રને આયુષ્યના બળથી મોજાઓએ કીનારા ઉપર કાઢી નાંખ્યો. તે વાણીઆનો છોકરો કીનારાપર આવ્યા પછી બેભાન થઈ ગયો અને તેણે સ્વપ્નમાં જેમ દેખાય તેમ એક પુરુષને દીઠો. આ પુરુષનો આકાર ભયંકર તથા શ્યામ વર્ણનો હતો ને તેના હાથમાં એક પાશ હતો. આ પુરુષ પોતાના પાશવતી ચક્રને બાંધી ઘણે દૂર એક સભામાં ઘસડી ગયો. આ સભામાં એક પુરુષ સિંહાસન ઉપર બેઠો હતો. તેણે હુકમ કર્યો કે, “જાઓ, એને લોઢાના બનાવેલા ઘરમાં પુરી દ્યો,” એટલે તે પુરુષે ચક્રને લોહમય કારાગૃહમાં પૂરી દીધો.

ત્યાં ગયા પછી ચક્રે કારાગૃહમાં પીડાતા એક પુરુષને દીઠો. તેના મસ્તક ઉપર હમેશાં ધગધગતું લોઢાનું ચક્ર* ફરતું હતું. ચક્રે તેને પૂછ્યું, “ભાઈ તું કોણ છે? તને કિયાં પાપ કર્મથી આવું દુઃસહ દુઃખ સહેવું પડે છે? અને તું આવા દુઃખમાં કેમ જીવી શકે છે.” એટલે પેલા દુઃખી પુરુષે ઉત્તર આપ્યો; “હું એક વણિક્ પુત્ર છું ને મારું નામ ખડ્ગ છે. એક સમયે મેં માતાપિતાનું વચન માન્યું નહીં તે ઉપરથી તે ગુસ્સે થયાં અને તેઓએ મને શાપ દીધો કે, ‘અરે દુરાચરણી! લોઢાનું લાલચોળ થયેલું ચક્ર માથા ઉપર ફરતું હોય અને તે જેવું દુઃખ આપે તેમ તું અમને બેને દુઃખ આપે છે, માટે તને તેવી જ પીડા થશે.’ આ પ્રમાણે મારાં માતા પિતા કહીને બંધ પડ્યાં એટલે હું રડવા લાગ્યો. ત્યારે તે બોલ્યાં, “ભાઈ, તું રડ મા, તને આવી પીડા એક માસપર્યંત સહેવી પડશે.” તે સાંભળ્યા પછી તે આખો દિવસ અફસોસમાં ગાળી, રાત્રે શય્યા ઉપર હું સુતો અને સ્વપ્નમાં, જેમ તું જુવે છે તેમ મેં એક ભયંકર પુરુષને દીઠો. તે પુરુષે બલાત્કારે મને બાંધ્યો અને આ લોઢાના મકાનમાં લઈ આવી કેદ કર્યો છે, અને મારા મસ્તક ઉપર આ ફરતું લોઢાનું ઉષ્ણ ચક્ર મૂક્યું છે. આ રીતે મને પિતાનો શાપ થયો છે, અને તે શાપને લીધે હું આ દુઃખ ભોગવું છું, પણ મારા પ્રાણ નાશ પામતા નથી. આજ મારા માતાપિતાએ કહેલો માસ પૂર્ણ થયો છે. તોપણ મારો આ દુઃખમાંથી છૂટકો થાતો નથી.” આ પ્રમાણે ખડ્ગે વાત કહી એટલે ચક્રને દયા આવી અને તે બોલ્યો કે, “મેં પણ વેપાર માટે પરદેશમાં ન જવા વિષેનું માતાપિતાનું વચન માન્ય કર્યું નહીં, તે માટે મારા માતા પિતાએ મને શાપ આપ્યો હતો કે ‘તારું ધન નાશ પામશે.’ કર્માધર્માયોગે મેં જે ધન બીજા દ્વીપમાં મેળવ્યું હતું, તે ધન સમુદ્રમાં તણાઈ ગયું છે. મારી ને તારી હકીકત સમાન જ છે, તો હવે મને જીવવાથી શું ફળ છે! માટે ખડ્ગ! તું તારા મસ્તકનું ચક્ર મારા ઉપર મૂક; ને તારો શાપ પૂર્ણ થયો છે, માટે તું જા.” આ પ્રમાણે જ્યાં ખડ્ગ બોલે છે ત્યાં તેણે આકાશવાણી સાંભળી કે, “હે ખડ્ગ! તું ચક્રના દુઃખમાંથી મુક્ત થયો છે, માટે ચક્રના મસ્તક ઉપર તારા મસ્તકનું ચક્ર મૂક.” તે સાંભળી ખડ્ગે તે જ વખતે ચક્રના મસ્તક ઉપર પેલું ચક્ર મૂક્યું. ત્યાર બાદ કોઈ અદૃશ્ય પુરુષ તેને ઉંચકી તેના પિતાને ઘેર મૂકી આવ્યો.

* પંચતંત્રમાં ચક્રધરની વાર્તા છે; પણ તેનો કથાપ્રસંગ જુદો જ છે.



ત્યાર પછી માતાપિતાની આજ્ઞા ઉલ્લંઘન કરનારો ચક્ર તે બંદીખાનામાં રહીને પેલું ચક્ર મસ્તક ઉપર મૂકીને નીચે પ્રમાણે બોલ્યોઃ “પૃથ્વી ઉપર માતાપિતાની આજ્ઞા ભંગ કરનાર બીજા જે પણ પાપીઓ હોય તે પોતાના પાપમાંથી મુક્ત થાઓ! અને તેનું પાપ મારા ઉપર આવો અને તે સઘળાં પાપ નાશ થાય ત્યાં સુધી આ ચક્ર મારા મસ્તક ઉપર ભમો.” આ પ્રમાણે ધૈર્યધારી ચક્ર બોલ્યો એટલે આકાશમાં આવેલા દેવતાઓએ પ્રસન્ન થઈ તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને નીચે પ્રમાણે કહ્યું—“ધન્ય! ધન્ય! હે મહાપરાક્રમી! તારી આ દયાવડે તારું પાપ નાશ થયું છે. જા તને અખૂટ ભંડાર મળશે.” આમ જ્યાં દેવતાઓ કહે છે ત્યાં ચક્રના મસ્તક ઉપરથી એક ક્ષણમાં લોઢાનું ચક્ર અદૃશ્ય થઈ ગયું અને આકાશમાંથી, એક વિદ્યાધર કુમાર ઉતરી આવ્યો; તેણે ઇંદ્રે પ્રસન્ન થઈ મહામૂલ્યવાન્ જે રત્નો મોકલ્યાં હતાં તે ચક્રને આપ્યાં અને પછી ચક્રને પોતાના ખોળામાં બેસારી તેના ગામ ધવલપુરમાં એક ક્ષણમાં પહોંચાડી દીધો અને પોતે જેમ આવ્યો હતો તેમ ચાલ્યો ગયો. પછી તે ચક્રે માતાપિતાની પાસે જઈ પોતાના કુટુંબીઓને પ્રસન્ન કર્યાં અને સર્વ ઇત્થંભૂત કહી સંભળાવી પોતે પછી ધર્મ પ્રમાણે વર્તવા લાગ્યો.

આ પ્રમાણે ચંદ્રસ્વામી મહીપાળને કહી ફરી બોલ્યો; “ભાઈ! માતા પિતાનો દ્વેષ કરવાથી આવું પાપફળ ભોગવવું પડે છે. માતા પિતાની સેવા તે એક કામધેનુ—કલ્પલતા—ચિંતામણિ જેમ ઇચ્છા પૂરે છે તેમ મનોરથ પૂરે છે. એ વિષયમાં બીજી પણ એક કથા છે તે સાંભળ!

## પતિવ્રતા સ્ત્રીની અને ધર્મવ્યાધની કથા.*

પ્રાચીન કાળમાં કોઇએક વનચારી મહંત તપસ્વી મુનિ હતા. તે એક વખતે ઝાડની છાયામાં બેઠા હતા, એવામાં તે ઝાડ ઉપર બેઠેલી એક બગલી તે મુનિના ઉપર ચરકી. મુનિએ ક્રોધ કરી, બગલી† તરફ જોયું, તો જોતાં વાર જ તે બગલી બળીને ભસ્મ થઈ ગઈ. ત્યાર પછી મુનિ પોતાના તપના આવા પ્રતાપથી મિથ્યાભિમાની થઈ ગયા.

પછી એક વખત તે મુનિએ, એક નગરમાં કોઈએક બ્રાહ્મણના ઘરઆગળ બ્રાહ્મણી પાસે ભિક્ષા માંગી. ત્યારે તે પતિવ્રતા બ્રાહ્મણી બોલીઃ “મહારાજ! જરા ધીરજ રાખો. હું મારા પ્રાણપતિની સેવા સમાપ્ત કરી આપને ભિક્ષા આપું છું.” આ પ્રમાણે બ્રાહ્મણને કહ્યું, એટલે મુનિ કોપદૃષ્ટિથી તે બ્રાહ્મણી તરફ જોવા લાગ્યા; ત્યારે તે જોઈ બ્રાહ્મણી મનમાં કિંચિત હસીને બોલીઃ “મહારાજ! હું કંઈ બગલી નથી. અપરાધ ક્ષમા કરો.” તે સાંભળી મુનિ ઘણા આશ્ચર્ય પામ્યા ને ભોઠા પડી ત્યાં બેસી ગયા, અને ‘આ સ્ત્રીને જંગલમાં એકાંતમાં બનેલી વાતની ક્યાંથી ખબર પડી હશે?’ એવો વિચાર કરતા હતા, એવામાં તે પતિવ્રતા, અગ્નિના કાર્યની સામગ્રી આદિ તૈયાર કરી પતિની સેવા કરી, ભિક્ષા લઈ તે મુનિની પાસે દાન આપવા આવી, ત્યારે તે મુનિએ હાથ જોડી તે સતીને કહેવા લાગ્યા; “અયે બાઈ! બગલીનું વૃત્તાંત પરોક્ષ થયું છે, છતાં તે તારા જાણવામાં કેમ આવ્યું? તે આરંભથી કહી બતાવ. ત્યાર પછી હું ભિક્ષા લઈશ.” મુનિનાં આવાં વચન સાંભળી તે પતિવ્રતા સ્ત્રીએ તે ઋષિને કહ્યું, “હું પ્રાણનાથની ભક્તિ વિના બીજો મોટો કોઇપણ ધર્મ સમ-

* અંગ્રેજીમાં કાગડી છે. † આને મળતી કથા મહાભારતમાં છે.

જતી નથી. તે પતિભકિતના પ્રતાપથી મને આવું દિવ્ય જ્ઞાન મળ્યું છે. પણ આ ગામમાં ધર્મવ્યાધ નામનો એક માંસનો વેપારી છે, તેની પાસે જઈ જ્ઞાનનું શ્રવણ કરો, એટલે તમારો અહંકાર દૂર થઈ જશે અને તમારું કલ્યાણ થશે.” આ પ્રમાણે સર્વજ્ઞ પતિવ્રતા બ્રાહ્મણીએ મુનિને કહ્યું, એટલે મુનિ પોતાનો અતિથિ ભાગ લઈ, તેને પ્રણામ કરી ત્યાંથી ધર્મ વ્યાધના ઘર તરફ ચાલી નિકળ્યા.

બીજે દિવસે તે મુનિએ બજારમાં માંસ વેચનારા ધર્મવ્યાધને શોધી કાઢયો તથા તેની પાસે ગયા. ધર્મવ્યાધ તે મુનિને જોતાં વાર જ બોલ્યો, “મહારાજ ! આપને શું તે પતિવ્રતા સ્ત્રીએ અહીં મોકલ્યા છે કે ?” તે સાંભળી મુનિ આભા જ બની ગયા, અને તે ધર્મવ્યાધને કહેવા લાગ્યા: ભાઈ! “તું માંસ વેચવાનો ધંધો કરે છે, છતાં તને આવું જ્ઞાન ક્યાંથી ?” મુનિએ આ પ્રમાણે કહ્યું એટલે ધર્મવ્યાધે તે ઋષિને કહ્યું, “મુનિ ! હું માતા પિતાનો ભક્ત છું, અને માતાપિતા જ મારો પરમ આશ્રય છે. માતા પિતાને સ્નાન કરાવી પછી હું સ્નાન કરું છું, માતાપિતાને જમાડ્યા પછી હું જમું છું, તેના સુતા પછી હું સુવું છું. આ પ્રમાણે ભક્તિ કરવાથી મને આવું પરમોત્તમ જ્ઞાન પ્રાપ્ત થયું છે. તમે મને માંસ વેચવા માટે કહ્યું, તેના ઉત્તરમાં જણાવવાનું કે, હું બીજાએ મૃગ વગેરે માર્યાં હોય તેનું માંસ મારી આજીવિકા ચલાવવા ખાતર સ્વધર્મપરાયણ થઈ વેચું છું–પૈસા મેળવવાના લોભથી વેચતો નથી. હે મુનિ ! હું અને તે પતિવ્રતા સ્ત્રી જ્ઞાનમાં અંતરાય કરનાર અહંકાર કરતાં નથી. તેને લીધે અમારા બેનું જ્ઞાન અવિચ્છિન્ન છે. માટે તમે પણ મુનિવ્રત પાળી, પવિત્ર થવા માટે અહંકારનો ત્યાગ કરી સ્વધર્મ પાળો, એટલે ચૈતન્ય જ્યોતિરૂપ પરમાત્માને પામશો.” આ પ્રમાણે તે ધર્મવ્યાધે મુનિને ઉપદેશ આપ્યા પછી, મુનિ તે પારધિને ઘેર જઈ તેની ધર્મચર્યા જોઈ ઘણો પ્રસન્ન થઈ વનમાં ગયો અને ધર્મવ્યાધના ઉપદેશથી સિદ્ધિને પામ્યો. અને પેલી પતિવ્રતા અને ધર્મવ્યાધ બન્નો પોતાના સ્વધર્માચરણથી સિદ્ધિને પામ્યાં.

## મહિપાળ ને ચંદ્રસ્વામીની કથા ચાલુ.

“આ પ્રમાણે પતિ ઉપર, અને માતા પિતા ઉપર ભક્તિ રાખનારા પુરુષોનો પ્રભાવ છે. માટે ચાલ, આપણે તને મળવા માટે આતુર થયેલી તારી માતાની સભાળ લઈએ.” આ રીતે પિતા ચન્દ્રસ્વામીએ કહ્યું, એટલે મહીપાળે માતાને પ્રસન્ન કરવા માટે સ્વદેશમાં જવાનું કબૂલ કર્યું અને પોતાના ધર્મપિતા અનંગસ્વામીને સ્વભૂમિમાં જવાનાં સઘળાં કારણો જણાવી, રાજ્યનો ભાર ધર્મપિતાને સોંપી, રાત્રિનો સમય થયો એટલે પિતાની સાથે તે ચાલ્યો. ધીમે ધીમે જતાં થોડે દિવસે સ્વદેશમાં પહોંચ્યો અને ત્યાં વસંત જેમ દર્શન આપી કોકિલાને આનંદ આપે છે, એમ પોતે દર્શન આપી પોતાની જનની દેવમતિને આનંદ આપ્યો. તેમ જ સર્વે કુટુંબીઓને ચન્દ્રસ્વામીએ સઘળી કથા કહી સંભળાવી, એટલે તેઓએ મહીપાળને માન આપ્યું.

ત્યાર પછી મહીપાળ, માતા અને પિતાની સાથે કેટલોએક કાળ ત્યાં રહ્યો. હવે અહીં તારાપુરમાં શું થયું તે સાંભળો. મહીપાળની સ્ત્રી અને રાજાની પુત્રી બંધુમતી જે અંતઃપુરમાં સુતી હતી તે પ્રભાત થયા પછી જાગૃત થઈ, ત્યારે તેણે જાણ્યું કે મારો પતિ ક્યાંઈ કહ્યા વગર ચાલ્યો ગયો છે. એટલે તે વિરહવેદનાથી ગાંડી બની ગઈ. તે દોડી દોડી ઉપવનમાં ગઈ, મહેલમાં ગઈ, પરંતુ ક્યાંહી પણ



તેનું મન પ્રસન્ન થયું નહીં. તે નિરંતર રુદન કરતી હતી; ને તેના અશ્રુઓવડે પુષ્પની માળા બમણી થઈ જતી હતી. તે ઇચ્છતી હતી કે મરું તો સારું, પણ આ દુઃખ ન સહેવાય. ટુંકામાં તે સાક્ષાત્ કરુણાની મૂર્તિ થઈ ગઈ. પછી અનંતસ્વામી મંત્રીએ તે રાજકન્યાને સમજાવી કે, “બેટા, તું શોક કર મા. તારો પતિ ગયા પહેલાં મને કહી ગયો છે કે, હું કાંઈ કારણસર જાઉં છું ને સત્વર પાછો આવીશ. તેથી હું ધારું છું કે તે સત્ય શીઘ્ર પાછો આવશે.” આ પ્રમાણે આશાજનક વાક્યોથી તેને સમજાવી એટલે તે રાજકુમારી ઘણી દિલગીરી સાથે પોતાને મહેલે પાછી આવી, જેમ તેમ કરતાં ધીરજ ધરી ત્યાં રહી. પછી તે સ્ત્રી પતિની ખબર મેળવવા માટે પ્રાણનાથના દેશમાંથી જે વિદ્વાન્ બ્રાહ્મણો આવતા, તેઓનો હમેશાં ધનદાનથી સત્કાર કરી, તેમને પતિના કુશળ સમાચાર પૂછતી હતી.

એક વખતે સંગમદત્ત નામનો એક ગરીબ બ્રાહ્મણ દાન માટે બંધુમતિ પાસે આવ્યો, ત્યારે રાજકન્યા તેને પોતાના પતિની ઓળખાણ તથા નામ કહીને તેના સમાચાર પૂછવા લાગી. ત્યારે સંગમદત્ત બોલ્યો; “મારા જોવામાં તો એવો કોઈપણ પુરુષ આવ્યો નથી, તોપણ રાણીજી ! તમારે આ વિષયમાં ઉચ્ચાટ કરવો નહીં. કારણ કે શુભ કર્મ કરવાથી થોડા સમયમાં પ્રિયજન સાથે મેળાપ થાય છે. આ પ્રસંગમાં જે આશ્ચર્ય મારા જોવામાં આવ્યું છે તે હું કહું છું.

## એક પાશુપતની કથા.

હું તીર્થયાત્રા કરતો કરતો એક સમયે હિમાચળ ઉપર આવેલા માનસરોવર ઉપર જઈ ચઢ્યો હતો. આ સરોવરમાં કાચના જેવું એક મણિભવન મારા જાવામાં આવ્યું. તે ભવનમાંથી અકસ્માત્ દિવ્યાંગનાઓ સહિત એક પુરુષ હાથમાં તરવાર લઈ બહાર નિકળ્યો, ને માનસરોવરના કિનારા ઉપર નજીકના એક ઉદ્યાનમાં જઈ પોતાની સ્ત્રીઓની સાથે મદિરાપાનની ગમ્મત ઉડાવી વિહાર કરવા લાગ્યો. હું કોઈ જાણે નહીં તેમ છેટેથી છૂપી રીતે તેની આ સર્વ ક્રીડા જોતો હતો. ત્યાં એવું બન્યું કે, હું જ્યાં ઉભો હતો ત્યાં એક બીજો ઘણો જ કાંતિમાન્ પુરુષ ક્યાંઇથી મારી પાસે આવી ચઢયો. એટલે મેં જે આશ્ચર્ય જોયું હતું તે પ્રમાણે સર્વ તેને કહી સંભળાવ્યું; અને દૂરથી આશ્ચર્ય સહિત મેં સ્ત્રી સહિત પેલા વિહાર કરતા પુરુષને બતાવ્યો. તે પુરુષે તેને જોતાં જ મને પોતાનું વૃત્તાંત જણાવ્યું કે–“ભાઈ ! હું ત્રિભુવન નામના નગરમાં રાજ્ય કરું છું અને મારું નામ ત્રિભુવનેશ છે. કેટલાક વર્ષપર એક પાશુપતે મારા શહેરમાં આવી મારી ઘણા દિવસપર્યંત સેવા કરી, ત્યારે તે પાશુપતને આ પ્રમાણે સેવા કરવાનું મેં કારણ પૂછ્યું. એટલે તેણે પોતે મને કહ્યું, ‘રાજન્ ! માનસરોવર નજીક એક ગુફામાંથી એક દિવ્ય તરવાર મારે મેળવવી છે, તેમાં તું સહાય થા.’ મેં તેને તેના કાર્યમાં સહાયતા આપવાની કબૂલાત આપી. પછી તે પાશુપત એક રાત્રે મારી સાથે એક અરણ્યમાં આવ્યો. ત્યાં તેણે હોમ આદિ કરી એક ગુફા પ્રકટ કરીને મને કહેવા લાગ્યો કે, “હે વીર ! તું પ્રથમ આ ગુફામાં પ્રવેશ કરી તરવાર લઈ બહાર આવ અને મને પણ અંદર પ્રવેશ કરાવ. પણ પ્રથમ આમ કરવા માટે તું મારી સાથે પ્રતિજ્ઞા કર.” આ પ્રમાણે તે પાશુપતે કહ્યું, એટલે હું તે પાશુપતની સાથે તે પ્રમાણે વર્તવાનો ઠરાવ કરી, સત્વર તે ગુફામાં ઘુસ્યો.

ત્યાં થોડે જતાં એક રત્નનું મંદિર મારા જોવામાં આવ્યું. આ રત્નના ભવનમાંથી એક અસુર રાજાની કન્યા બહાર આવી મને અંદર લઈ ગઈ, અને પ્રેમથી તેણે મને એક દિવ્ય તરવાર ભેટ આપી અને બોલી કે, 'આ તરવાર સર્વ સિદ્ધિદાતા છે. આકાશ ગમન કરવું હોય તો તે કાર્ય પણ એ કરાવી શકે છે, માટે એને સાચવજો.' પછી હું તે તરવાર લઈ તે સ્ત્રીની સાથે ત્યાં વૈભવ ભોગવવા લાગ્યો. એવામાં એક દિવસે મને પાશુપતને આપેલું વચન યાદ આવ્યું અને તેથી મારી રાહ જોતા બહાર ઉભેલા પાશુપતને તેડી લાવવાનો શુભ વિચાર ધારણ કરી, વિહારી નારીથી હારીને સ્વારી જાણે પાછી ફરતી હોય તેમ ગુફાના દ્વારપર આવ્યો ને તે અસુરની ગુફામાં પાશુપતને લઈ ગયો. અસુરગુફામાં અમે બંનો દાખલ થયા પછી, હું અસુરની મુખ્યકન્યા અને તેની સખીઓની સાથે રહી વિહાર કરી, પંચઅરિને વિશે લેહલુબ્ધ થઈ ગયો હોઉં તેમ રમણ કરતો હતો, અને પેલો પાશુપત પણ બીજી અસુર કન્યા સાથે રમતો હતો. એક વખતે હું મદિરાપાન કરી, મદાવસ્થામાં પડ્યો હતો, એવામાં તે પાશુપતે મારી પાસે પડેલી તરવાર કપટથી લઈ પોતાના હસ્તક કરી લીધી. જ્યારે તેના હાથમાં તરવાર આવી ત્યારે તેને મહાસિદ્ધિ મળી. પછી તેણે મારો હાથ પકડી મને ગુફાની બહાર કાઢી મૂક્યો. મને જ્યારથી તેણે બહાર કાઢી મૂક્યો ત્યારથી હું રોજ ગુફાના બારણામાં તેને શોધું છું–તે એવા વિચારથી કે કોઈ દિવસ પણ તેને પકડીશ. પરંતુ કમનસીબે આજ બાર વર્ષો વહી ગયાં, પણ મારા જોવામાં તે આવ્યો નહીં. આજે તે શઠ મારા જોવામાં આવ્યો છે, અને એ જેની સાથે વિહાર કરે છે તે મારી સ્ત્રી છે. એને જોતાં મારું કાળજું કુતરે કરડ્યું હોય તેવું કલ્પાંત કરી ક્રોધ ભર્યું મને કહે છે કે, એ કષ્ટ આપનારનો સત્વર પરાજય કર.

હે રાણીજી! આ પ્રમાણે ત્રિભુવનેશ વાત કરતો હતો, એવામાં પેલો પાશુપત મદિરાપાન કરવાથી મદમત્ત થઈ નિદ્રાવશ થઈ ગયો. તે જોઈ તત્ક્ષણે ત્રિભુવન રાજા મારી પાસેથી ત્યાં દોડી ગયો અને તે કપટી પાશુપતનું ચપટીમાં ચપટ કરી દઈ તેની પાસે પડેલી તરવાર લીધી, ને તેના પ્રતાપથી ફરી દિવ્ય પ્રભાવને પામ્યો. પછી ત્રિભુવને પેલા પાશુપતને પાટુ મારીને જાગૃત કર્યો એટલે પાશુપત જાગૃત થઈ તેને શરણે ગયો. ત્રિભુવને તેને માર્યો નહી, પરંતુ તેનું અપમાન કરી કાઢી મૂક્યો; અને પ્રાપ્ત થયેલી સિદ્ધિ સમાન પોતાની સ્ત્રી સાથે તથા તેની સખીઓ સાથે તે અસુરપુરમાં પાછો ગયો. પેલો પાશુપત સિદ્ધિમાંથી ભ્રષ્ટ થઈ પરમ કષ્ટને પામ્યો; કારણ કે કૃતઘ્ની પુરુષો ઘણા દિવસે સિદ્ધિના પ્રતાપથી વસ્તુ મેળવે છે, તોપણ તે વસ્તુ ખરેખર તેની પાસેથી નાશ પામે છે.

"રાણીજી! આ સર્વ હું પ્રત્યક્ષ જોઈ ભટકતો ભટકતો અહીં આવ્યો છું. માટે તમને પણ જેવી રીતે ત્રિભુવનને પોતાની પ્યારીનો પાછો મેળાપ થયો હતો તેમ જ, થોડા વખતમાં પ્રિયતમનો સમાગમ થશે. કારણ કે નીતિ વાક્ય છે કે, જે શુભ કર્મ કરે છે તે માણસ દુઃખ ભોગવતો નથી."

આ પ્રમાણે બ્રાહ્મણે વાર્તા કહી તે સાંભળી અંધુમતીને સંતોષ થયો, અને રાણીએ તે બ્રાહ્મણને ઘણું ધન આપી કૃતાર્થ કર્યો. બીજે દિવસે વળી દૂર દેશનો રહેવાસી કોઇક નવો બ્રાહ્મણ



રાજકન્યાની પાસે આવ્યો, એટલે પતિ મેળાપ કરવામાં ઊત્કંઠાવાળી અંધુમતી પોતાના પ્રાણપતિની ઓળખાણ અને નામ તેને જણાવી તેના સમાચાર પૂછવા લાગી. ત્યારે તે બ્રાહ્મણે તે રાજબાળાને કહ્યું કે 'કુંવરી સાહેબ! મેં તમારા પ્રાણનાથને ક્યાંઈ પણ દીઠા નથી. પરંતુ મારું નામ સુમન છે ને મારામાં નામ પ્રમાણે હું ગુણ ધરાવું છું. આજ તમારે ઘેર અતિથિ તરીકે હું આવ્યો છું, માટે ઘણા દિવસથી તમારા બન્ને વિયોગીનો થોડા વખતમાં મેળાપ થશે અને તમારું બન્નેનું મન પ્રસન્ન થશે, આમ મારું મન તમારા ભવિષ્ય માટે કહે છે. વળી એ વિષયમાં તમને એક કથા કહી બતાવું છું, તે હે રાણિ! તમે સાંભળો!

## નળ દમયંતીની કથા

પૂર્વે નિષધ દેશમાં નળ નામનો એક રાજા હતો. તે એવો તો રૂપાળો ને ફુટડો હતો કે, તેના રૂપ આગળ અપમાન પામીને જ રતિપતિ કામદેવે કોપાયમાન થયેલા ત્રિપુરના વૈરી શંકરના નેત્રાનળમાં પોતાના આત્માને બાળી નાંખ્યો હશે એમ હું માનુંછું. રાજા નળ પરણેલો ન હતો તેથી તે પોતાને યોગ્ય એક સ્ત્રીની ખોળ કરવા લાગ્યો. એવામાં તેણે સાંભળ્યું કે, વિદર્ભ દેશના રાજા ભીમની પુત્રી દમયંતી મારા લાયક છે. તે ભીમરાજાએ પણ પુત્રીના વર માટે પૃથ્વીમાં ખોળ કરતાં જાણ્યું કે, મારી પુત્રીના જેવો રાજાઓમાં યોગ્ય તો એક નળ છે, બીજો કોઈ નથી.

આ વર ખોળવાના અવસરમાં ભીમરાજાની કુંવરી દમયંતી પોતાના નગરમાં એક સરોવર હતું, તેમાં જળક્રીડા કરવા એક દિવસે ગઈ હતી. એવામાં તે સરોવરમાં એક દિવ્યહંસ કુમુદ* અને કમળ† ખાતો હતો, તેને તેણીએ જોયો. રાજકન્યા દમયંતીએ યુક્તિથી પોતાનું ઉત્તરીય વસ્ત્ર તેનાપર નાખી તે હંસને પકડી લીધો. પેલો દિવ્ય હંસ સ્ફુટ વાચાથી તે કન્યાને કહેવા લાગ્યોઃ "રાજપુત્રી! તું મને છોડી દે. છોડી દેશે તો હું તારા પર કંઈ ઉપકાર કરીશ. નિષધ દેશનો નળ નામનો રાજા છે, ને દિવ્ય સ્ત્રીઓ પણ સદ્‌ગુણોથી ગુંથેલા હારની માફક તે નળ રાજાને હૃદયમાં ધારે છે. તે રાજાના સમાન તું સ્ત્રી છે અને તારે યોગ્ય પતિ તે રાજા છે. મને છોડી દેશે તો તમારા બન્નેનો પરસ્પર યોગ્ય સંબંધ કરાવવામાં હું ‡કામદૂત થઇશ." દમયંતીએ તે સાંભળી, આ દિવ્ય હંસ સત્ય બોલનાર છે, આમ ધારી, 'ભલે એમ થાઓ,' આ પ્રમાણે કહી તે હંસને છોડી દીધો.§ પણ નળનું વર્ણન સાંભળતાં કર્ણદ્વારા દમયંતીનું મન મોહિત થવાથી બોલી કેઃ "હે હંસ! સાંભળ, મારે નળ વિના બીજાની સાથે પરણવું જ નથી." પછી તે હંસ સત્વર નિષધ દેશમાં જઈ ઉદ્યાનના તળાવ ઉપર નળ રાજા જળક્રીડામાં તત્પર હતો ત્યાં જઇને બેઠો. નળરાજા મનોરંજક હંસને જોઈ ઘણો આશ્ચર્ય પામ્યો અને રમતમાં પોતાનું ઉત્તરીય વસ્ત્ર તેનાપર નાંખી હંસને પકડી લીધો. ત્યારે તે હંસ મનુષ્ય વાણીથી બોલ્યો, "હે રાજા! હું તારા પર ઉપકાર કરવા માટે અહીં આવ્યો છું, માટે તું મને છોડી દે. હું તને કહુછું તે સાંભળ. વિદર્ભ દેશમાં એક ભીમ નામનો

* રાત્રી વિકાશી. † દિવસ વિકાશી. ‡ સ્ત્રી પુરુષનો સંબંધ કરાવી આપનાર દૂત. § પ્રેમાનંદ કૃત નળાખ્યાનમાં તથા મહાભારતના વનપર્વની નળદમયંતીની કથામાં આથી જુદી રીતે કથા પ્રસંગ છે. તેમાં હંસ પ્રથમ નળને મળ્યો હતો. તથા ત્યાંથી નળનો સંદેશો લઇને દમયંતી પાસે ગયો હતો.

રાજા રહે છે. તેની કન્યાનું નામ દમયંતી છે. તે આ ભૂલોકની તિલોત્તમા છે, ને તેને મેળવવા માટે દેવતાઓ પણ ઇચ્છા કરે છે. મેં તે કન્યાની આગળ તમારા ગુણ ગાયા, તે ઉપરથી તે કન્યાએ તમારા ઉપર પ્રેમ બાંધ્યો છે અને તે મનથી તો તમને જ વરી ચુકી છે, તે જ બાબત હું તમારી આગળ કહેવા માટે આવ્યો છું." આવાં ઉત્તમ *ફળથી ઉજ્વળ હંસનાં વચનથી તથા કામદેવનાં બાણોથી નળ રાજા સારી રીતે વિંધાયો અને હંસને કહેવા લાગ્યો; "હે વિહંગમ મનોરથની સંપત્તિરૂપ મને તે સ્ત્રી વરી, માટે મને ધન્ય છે. હું તેને મારી પ્રાણવલ્લભા કરવા તૈયાર છું., અને તારા ઉપકારના બદલામાં હું તને છોડી મૂકું છું." આમ કહી તેણે હંસને છૂટો કર્યો, એટલે તેણે તે સમાચાર યથાર્થ રીતે દમયંતીને જઈ કહ્યા અને પોતાની મરજી પ્રમાણે ઉડી ગયો.

હવે દમયંતીએ હંસ પાસેથી નળનાં વખાણ ને તેણે આપેલી કબૂલાત જાણી, યુક્તિથી નળ રાજાને વરવા માટે માતાદ્વારા પોતાના પિતાની પાસે સ્વયંવર કરાવવાની માંગણી કરી અને તેના પિતાએ તે વચન કબૂલ કર્યું; અને તેણે સ્વયંવર માટે પૃથ્વી ઉપરના સર્વ રાજાને નિમંત્રણ કરવા માટે દૂતોને મોકલ્યા. સઘળા રાજાઓ ભીમરાજાના દૂતના સમાચાર જાણી વિદર્ભ દેશ પ્રત્યે આવવા લાગ્યા; અને નળરાજા પણ ઘણો ઉત્કંઠિત થઈ રથમાં બેસી નિકળ્યો. એવામાં નારદમુનિની પાસેથી દમયંતીના સ્વયંવરની અને દમયંતીનો નળ ઉપરનો પ્રેમ, તે બન્ને વાર્તા ઇંદ્રાદિક લોકપાળના જાણવામાં આવી, એટલે દેવોમાંના ઇંદ્ર, વાયુ, યમ, અગ્નિ અને વરુણ આ પાંચ જણા પરસ્પર ગુપ્ત વિચાર કરી, નળની જ પાસે ગયા ને રાજા નળ વિદર્ભ દેશ તરફ જે રસ્તે રવાને થયો હતો, ત્યાં માર્ગમાં તેને મળ્યા. રાજા નળ પાંચ લોકપાળને જોઇ, વિનીત થયો. પછી ઇંદ્રાદિ દેવો! બોલ્યા: "હે નળ! તારે અન્તઃપુરમાં જઈ અમારા કહેવા પ્રમાણે દમયંતીને કહેવું કે, 'અમો પાંચમાંથી એકને તું વર; નળ તો માનવી છે તો તેને પરણવાથી શું ફળ થશે? મનુષ્યો મરણાધિન છે, પણ દેવતાઓ અમર છે.' અને અમારી કૃપાથી તું અદૃશ્યરૂપે તેની પાસે જઈ શકીશ." દેવોનું આવું વચન સાંભળી રાજા નળે 'ઠીક છે' એમ કહી, દેવતાની તે આજ્ઞા કબૂલ કરી, કોઈ દેખે નહીં તેમ દમયંતીના અંતઃપુરમાં જઇ, દેવતાનો સંદેશો બરાબર રીતે દમયંતીને કહી સંભળાવ્યો. સતી દમયંતી તેનું વચન સાંભળીને બોલી; "તે દેવતાઓ છે તો ભલે. મારો પ્રાણનાથ તો નળ, નળ ને નળ જ છે, મારે દેવતાનું કંઈ કામ નથી." આ રીતે દમયંતીનું વચન સાંભળી નળરાજાએ પોતાનું નામ ઠામ દમયંતીને જણાવી પાછો જેમ આવ્યો હતો તેમ જ જઈને ઇંદ્રાદિકને સર્વ વૃત્તાંત કહ્યું. એટલે દેવતાઓ બોલ્યા; "હે સત્યવાદિન્! અમે તારા સત્યવાદીપણાથી તારા ઉપર પ્રસન્ન થયા છીએ. તું જ્યારે અમને યાદ કરીશ ત્યારે અમે તારી પાસે આવીશું." આમ કહી, પ્રસન્ન થઇને તેને દેવોએ વરદાનો આપ્યાં.

ત્યાર પછી નળરાજા પ્રસન્ન થતો વિદર્ભ દેશમાં ગયો અને ઇંદ્ર આદિ પાંચે દેવતાઓએ દમયંતીનો છળ કરવાની ઇચ્છાથી નળરાજાનું સ્વરૂપ ધારણ કરી, મનુષ્ય બનીને ભીમરાજાની સભામાં ગયા. ત્યાં સ્વયંવર રચના પૂર્ણ થઈ રહી, ત્યારે પંચદેવ સ્વયંવરમાં જઈ નળરાજાની પાસે

* પરિણામ અગ્રભાગ.



બેઠા. મંડપમાં રાજકન્યા દમયંતીને તેનો ભાઈ ક્રમવાર એક એક રાજા બતાવતો હતો, અને જ્યારે તેણે છ નળ, છાયા રહિત ને મટકુ માર્યાં વગરના સર્વેને જોયા ત્યારે તે વ્યાકુલી થઈ ગઈ, તેમ જ તેનો ભાઈ પણ દિગ્મૂઢ થઈ ઉભો રહ્યો. તે વેળા તે વિચારવા લાગી કે, "નળ રાજાની સાથે પાંચ લોકપાળે ખરેખર મારે માટે આ માયા રચી જણાય છે. પરંતુ આમાં જ છઠ્ઠો એક નળ છે. મારે તેથી હવે બીજી તરફ જવાનું કંઈ પ્રયોજન નથી." સતી દમયંતી આ પ્રમાણે વિચાર કરી જેનું મન એક નળરાજા ઉપરજ આસક્ત હતું, એવી તે સૂર્યનારાયણ તરફ મુખ કરી, નીચે પ્રમાણે બોલી: "હે લોકપાળો! હું સ્વપ્નમાં પણ નળ વગર બીજાનું મનન કરતી ન હોઉં તો, તે સત્ય ભાષણને લીધે તમે તમારા સ્વસ્વરૂપે મને દર્શન દેશો. કન્યા પ્રથમથી જે વરને વરી ચૂકી હોય તે વર વગર બીજા તેને પરપુરુષ ગણાય છે; અને પુરુષોને તે પરસ્ત્રી કહેવાય છે; તો હે દેવો! તમને આ મોહ ક્યાંથી થયો?" દમયંતીનું આવું બોલવું સાંભળી, ઇંદ્ર વગેરે દેવતાઓ પોતપોતાના સ્વરૂપમાં પ્રગટ થયા, અને જે છઠ્ઠો ખરો નળરાજા હતો તે નળના જ રૂપમાં રહ્યો. પછી દમયંતી ઘણી પ્રસન્ન થઈ, અને ઉઘડેલાં કમળ જેવી સુંદર દૃષ્ટિએ જોતી, ખીલેલાં કમળવડે સુંદર જણાતી સ્વયંવરની માળા રાજા નળને કંઠે આરોપી. એટલે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. રાજા ભીમે પછી પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં; અને ઇંદ્ર આદિ દેવો અને જે રાજાઓ વિવાહમાં આવ્યા હતા તેઓનો યોગ્ય આદર સત્કાર કર્યો. તે પછી સર્વે દેવતાઓ અને રાજાઓ જેમ આવ્યા હતા તેમ વિદાય થયા.

પણ ઇંદ્ર આદિ દેવતાઓએ જતાં જતાં માર્ગમાં કલિ અને દ્વાપરને દીઠા. ઇંદ્રાદિકે તેમને જોઈ કહ્યું કે આ બન્ને જણા પણ દમયંતી માટે આવ્યા છે, આમ ધારી તે દેવો બોલ્યા: "અરે દેવો! અમે વિદર્ભ દેશમાંથી જ આવીએ છીએ, તેથી હવે તમારે ત્યાં જવાનું કારણ નથી. સ્વયંવર પૂર્ણ થઈ ગયો અને તેમાં દમયંતી નળરાજાને વરી છે." તે સાંભળતાંની સાથે જ કળિ અને દ્વાપર બન્ને જણા ગુસ્સો કરીને બોલ્યા કે, "દમયંતી તમારા જેવા દેવતાઓનો અનાદર કરી તે મનુષ્ય સાથે પરણી તો હવે અમે તે બન્નેનો અવશ્ય વિરહ કરાવશું." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી ત્યાંથી બન્નો જણા પાછા ગયા. રાજા નળ સાત દિવસ સસરાના ઘરમાં રહી, પોતાનું કાર્ય પૂર્ણ કરી દમયંતીની સાથે નિષધ દેશમાં પાછો ગયો. નળ અને દમયંતી વચ્ચે પાર્વતી તથા શંકરના પ્રેમ કરતાં પણ વધારે પ્રેમ થયો હતો. જો કે પાર્વતી એ શંકરનું અર્ધાંગ હતું, પરંતુ દમયંતી તો નળનો આત્મા જ હતી. કેટલોક વખત વીત્યા પછી દમયંતીને ઇંદ્રસેન નામનો એક પુત્ર થયો; અને તે પછી ઇંદ્રસેના નામની એક કન્યા જન્મી. કળિ હતાશ થયો હતો, તેથી પ્રથમથી જ પોતાની પ્રતિજ્ઞા પાર પાડવા માટે દૃઢ વિચારનો હતો, તેથી તે ઘણા દિવસ થયાં નળનાં છિદ્ર શોધ્યા કરતો હતો, પરંતુ નળ પોતે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વર્તતો હતો, તેથી કળિને તેના આચરણમાં વિક્ષેપ નાંખવાને એક પણ છિદ્ર જડ્યું નહીં.

એક દિવસે નળ રાજાએ મદિરાપાન કર્યું હતું, તેથી સંધ્યા કર્યા વિના તથા પગ ધોયા વિના નિદ્રાવશ થઈ ગયો. કળિ, દિવસરાત્રિ નળનાં છિદ્ર શોધતો હતો તેને આ છિદ્ર હાથ આવ્યું કે તરત

તેણે તેના શરીરની અંદર પ્રવેશ કીધો. શરીરમાં કળિનો પ્રવેશ થયા પછી રાજા નળ કર્મનો અનાદર કરી, પોતાને મનોવાંચ્છિત સ્વચ્છંદી આચરણ કરવા લાગ્યો. રાજા જુગટું રમવા લાગ્યો, દાસીઓ સાથે રતિ સમાગમ કરવા લાગ્યો, જૂઠું બોલવા લાગ્યો, દિવસે નિદ્રા કરવા લાગ્યો, રાત્રિમાં જાગરણ કરવા લાગ્યો, કારણ વગર ક્રોપ કરવા લાગ્યો, અન્યાયથી પ્રજા પાસેથી ધન લુંટવા લાગ્યો, સજ્જનોનું અપમાન કરવા લાગ્યો અને અસત્પુરુષોને આદર આપવા લાગ્યો.

આજ પ્રમાણે નળના ભાઈ પુષ્કરનું છિદ્ર જોઈ પુષ્કરના શરીરમાં દ્વાપરે પ્રવેશ કર્યો, એટલે તેણે પણ પોતાનો ઉત્તમ ધર્મ માર્ગ છોડી દીધો. આ રીતે દ્વાપર ને કળિએ નિષધરાયના અંગમાં પ્રવેશ કરી ધર્મમાં ભંગ કર્યો. પછી એક સમે નળ પોતાના કનિષ્ઠ બંધુ પુષ્કરના મહેલમાં ગયો, ત્યાં તેણે એક શ્વેત બળદ દીઠો. તે ઘણો જ સુંદર હતો અને તેનું નામ દાંત હતું. રાજાએ લોભથી તે બળદ માગ્યો, પણ પુષ્કરે પોતાના વડીલ બાંધવને તે બળદ આપવા ના પાડી. જો કે નળને તે જોઈતો હતો ને માંગ્યો હતો તે છતાં પણ—કેમકે પુષ્કરના અંગમાં દ્વાપરે પ્રવેશ કીધો હતો, તેથી તેનામાંથી વિનયવિવેક નષ્ટ થયા હતા તેથી ના પાડી. પુષ્કરે નળને કહ્યું, “મોટા ભાઈ! તમને જો બળદની ઇચ્છા હોય તો જુગારથી તેને જિતી શીઘ્ર મારી પાસેથી લઈ જાઓ.” તે સાંભળી નળે મૂર્ખતાને લીધે ‘બહુ સારું’ એમ કહી તે માંગણી સ્વીકારી; અને પછી બન્ને ભાઇઓ પરસ્પર જુગાર ખેલવા બેઠા. જુગારમાં નળ રાજાએ હાથી વગેરે હોડમાં મૂક્યા અને પુષ્કરે પેલો બળદ હોડમાં મૂક્યો. આ જુગારમાં પુષ્કરનો વિજય થયો અને નળ વારંવાર હારતો ગયો. નળ રાજાને ઘણો વાર્યો તોપણ કળિના પ્રભાવથી તે મૂર્ખ બની બે ત્રણ દિવસ સૂધી જુગાર રમી, સેના, ભંડાર વગેરે હારી ગયો. આ પ્રમાણે દમયંતીએ પતિની હારના સમાચાર જાણી પોતાનાં બે બાળકને એક સુંદર રથમાં બેસારી પોતાનાં માતા પિતાને ઘેર મોકલાવી દીધાં. ત્યાં તો નળરાજા પોતાનું આખું રાજ્ય હારી બેઠો, અને ઠગારા પુષ્કરે કાશીનો વિજય કરીને નળને કહ્યું કે: “મારું પણ તો આ બળદ છે, અને તું તો તારું સર્વસ્વ પણમાં હારી ગયો છે, તો હવે આ દમયંતીને પ્રતિપણમાં મૂક.” નળરાજા પુષ્કરના વાચારૂપ પવનથી અગ્નિની માફક બળવા લાગ્યો; પણ પોતાનો વખત ન હતો, માટે પોતે અબોલ રહ્યો, તેમ પોતાની પ્રિયાને મૂકી નહીં. ત્યારે પુષ્કરે તેને કહ્યું: “તું જો તારી સ્ત્રીને હોડમાં મૂકે નહીં તો મારા દેશમાંથી તું અને તારી સ્ત્રી બન્ને જણાં ચાલ્યાં જાઓ.” તે સાંભળતાંવેંત જ નળ દમયંતીની સાથે નિષધ દેશમાંથી બહાર નિકળ્યો અને પુષ્કર રાજાના સીપાઇઓએ નળને રાજ્યના સીમાડા સૂધી ખદેડી કાઢ્યો. અફસોસ! જ્યારે કળિએ નળરાજાની પણ આવી અવસ્થા કરી, ત્યારે કીડાના જેવાં બીજાં પ્રાણીઓની અવદશા કરે તેમાં આપણે શું કહેવું? ધિક્કાર હોજો દ્યૂતને! જે દ્વાપર ને કળિનું જીવન છે ને જે આપત્તિમાં નાંખનાર અને સ્નેહ તથા ધર્મ રહિત છે તેવા દ્યૂતને હજારો ધિક્કાર હોજો !

આ રીતે નળને તેના બાંધવે તેના સ્વરાજ્યમાંથી હાંકી કાઢ્યા પછી નળ દમયંતીને સાથે લઈ પરદેશમાં ભટકવા લાગ્યો. જતાં જતાં એક દિવસે એક વનમાં તે જઈ ચડ્યો. ત્યાં ક્ષુધાવડે તે ઘણો જ પીડાવા લાગ્યો. તેની સ્ત્રી દમયંતીનાં કોમળ ચરણ દર્ભકુશથી વિંધાઈ ગયા હતા. તેની



સાથે ફરતાં તે એક તળાવના કિનારા ઉપર વિશ્રામ કરવા બેઠો, ત્યાં તેણે બે હંસને ચરતા દીઠા. નળે ખાવા માટે તે બે હંસને પકડવા સારુ પોતાનું ઉત્તરીય વસ્ત્ર તેપર ફેંક્યું, પણ તે બન્ને હંસ તેના ઉત્તરીય વસ્ત્રને લઈને ઉડી ગયા. આ વખતે આકાશવાણી થઈ કે “હે! રાજા! કળિ અને દ્વાપર હંસનું રૂપ ધરી તારું ઉત્તરીય વસ્ત્ર પણ હરણ કરી ગયા છે.” આ આકાશવાણી નળે સાંભળી ને તે વાણી સાંભળી નળ ઘણો જ ઉદાસ થઈ એક વસ્ત્ર પહેરીને બેઠો, અને યુક્તિથી દમયંતીને તેના પિતાને ઘેર જવા માટે માર્ગ બતાવવા લાગ્યો. “હે પ્યારી! વિદર્ભ દેશમાં તારા પિતાને ઘેર જવાનો આ માર્ગ છે; અંગ દેશમાં જવાનો આ માર્ગ છે; અને આ બીજો માર્ગ કૌશલ દેશમાં જવાનો છે.” તે સાંભળીને તે જ વખતે—“શા માટે આર્યપુત્ર મને આમ માર્ગ બતાવે છે? શું તે મને તજવા માંગે છે?” આમ દમયંતીના મનમાં શંકા થવા માંડી. ત્યાર પછી બન્ને જણાં ફળ મૂળનો આહાર કરી, દિવસના શ્રમિત હતાં તેથી રાત્રે દર્ભાસન ઉપર સૂતાં. દમયંતી માર્ગમાં ચાલવાથી અતિ શ્રમિત થઈ હતી, તેથી તે એકદમ નિદ્રાવશ થઈ ગઈ; પરંતુ ઉદાસ નળ જાગતો હતો. તેને કળિકૃત મોહથી દમયંતીને તજવાની ઇચ્છા થવાથી આસ્તે રહી પોતે ઉઠ્યો: અને એક વસ્ત્ર ભેર નિદ્રાવશ થયેલી દમયંતીના વસ્ત્રમાંથી અર્ધ વસ્ત્ર ફાડી લઈ, તે પેહેરીને દમયંતીનો ત્યાગ કરી ત્યાંથી પોતે ચાલતો થયો.

રાત્રિ પૂરી થઈ ને પ્રભાત થયું, એટલે તુરત દમયંતી જાગી ને જોવા લાગી તો નળને દીઠો નહીં, એટલે તે તેને વનમાં ખોળવા લાગી, તોપણ નળની ભાળ મળી નહિ. એટલે તેણે જાણ્યું કે તે મારો ત્યાગ કરીને ગયો છે. ત્યાર પછી તે આ પ્રમાણે વિલાપ કરવા લાગી: “ઓ! આર્યપુત્ર! તમે ઉદારચિત્ત છો. શત્રુ ઉપર પણ કૃપા રાખો છો! હે મજના પ્રાણ! મને એકલીને જ ચાહનાર છો તો મારા ઉપર શા માટે નિર્દય થયા? તમે એકલા ભયંકર જંગલમાં અડવાણે પગે કેમ ચાલી શકશો? અને તમારો થાક ઉતારવા માટે તમારી સેવા કોણ કરશે? હે પ્રાણાધાર! હે પ્રાણનાથ! હે નેત્રમણિ! હે નિષધનાથ! મહારાજાઓના મસ્તકની માળાઓના પરાગથી રાતાં થયેલાં તમારાં ચરણને માર્ગમાં ધૂળ કેમ મલિન કરશે? રે રે! તમારા શરીરમાં હરિચંદનો ચર્ચવામાં આવતાં તે પણ તમારું કોમળ અંગ સહન કરી શકતું નહીં, તે મધ્યાહ્ન કાળના સૂર્યનો તડકો કેમ સહન કરશે! મારે મારા બાળક પુત્રની શી દરકાર છે? મારી પુત્રીની મને શી ફીકર છે? મારા પંડની મને શી પડી છે? પણ હું જો સતી હોઉં તો દેવતાઓ એક તમારું ને તમારું જ કલ્યાણ કરો.” આ પ્રમાણે એકલી પડેલી દમયંતી નળને માટે અફસોસ કરતી કરતી તે જ વખતે નળે પ્રથમથી બતાવેલા માર્ગે ચાલવા માંડી, અને નદી, પર્વત અને જંગલોને મહા મુશ્કેલીથી તે ઓળંગી ગઈ, પરંતુ કોઈપણ રીતે પતિ ઉપરનો પ્રેમ વિસરી ગઇ નહીં. રસ્તામાં ચાલતાં તેને એક સર્પ કરડવા ધાયો. તેમાંથી એક પારધીએ તેને બચાવી, અને તે તેની સાથે પરણવાનો વિચાર કરવા લાગ્યો, એટલે તરત પ્રતિવ્રતાના તેજે તે પારધીને બાળી ભસ્મ કરી મૂક્યો. પછી દમયંતી આગળ ચાલવા લાગી, એવામાં માર્ગમાં તેને એક સંઘ મળ્યો, તેની સાથે સુબાહુ રાજાના નગરમાં તે ગઇ. ત્યાંના રાજાની કન્યાએ મહેલમાં બેઠાં બેઠાં

દૂરથી તે રાજ કન્યાને દીઠી, એટલે તેના સૌંદર્ય ઉપર પ્રસન્ન થઈ તેને બોલાવી, પોતાની માતાને ભેટ કરી. ત્યાં દમયંતી તે મહાદેવીની પાસે સહચરી તરીકે રહી. જ્યારે મહાદેવીએ તેનો આદર-સત્કાર કરી પૂછ્યું કે, 'બાઈ! તારે શું દુઃખ છે? ત્યારે તેણે માત્ર એટલું જ કહ્યું કે, 'મારા પ્રાણાધાર મને છોડીને ચાલ્યા ગયા છે.'

આ અરસામાં દમયંતીના પિતા **ભીમ**રાજાને **નળ**ના કમભાગ્યના સમાચાર જાણવામાં આવ્યા, એટલે તે બન્ને જણાની શોધ કરવા માટે આપ્ત પુરુષોને ચારે દિશાઓમાં રવાના કર્યા. મોકલેલા જાસૂસોમાં એક **સુષેણ** નામનો **ભીમ**નો મંત્રી હતો. તે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, **સુબાહુ** રાજાની રાજધાનીમાં ગયો. દમયંતી હંમેશાં જે લોકો શહેરમાં આવતા તેમાં પતિની શોધ કર્યા કરતી હતી. એક દિવસે દુઃખી થયેલી દમયંતીએ, પરદેશીનાં ટોળામાં પિતાના મંત્રીને દીઠો અને મંત્રીએ તે દમયંતીને દીઠી. પરસ્પર એક બીજાને ઓળખી સાથે બેસીને એવાં તો જોસથી બન્ને જણાં રડવા લાગ્યાં કે **સુબાહુ**ની રાણીના જાણવામાં તે આવ્યું. તેણે દમયંતીને તથા નવા આવેલા બ્રાહ્મણને બોલાવીને પૂછ્યું તો જણાયું કે આ તો દમયંતી, પોતાની બહેનની દીકરી છે. એટલે રાણીએ પોતાના પતિને સર્વ વાર્તા જણાવી, દમયંતીનું યથાસ્થિત સન્માન કરી તેને રથમાં બેસારી સુષેણ અને સેના સહિત તેના પિતાને ઘેર વળાવી. દમયંતી પોતાના પિતાને ઘેર જઈ બન્ને બાળકોને મળી, અને તેનો પિતા પણ પુત્રીને મળી પ્રસન્ન થયો. પિતાને ઘેર રહી દમયંતી પિતાની આજ્ઞાથી પ્રાણનાથની શોધ કરતી હતી, અને તેના પિતાએ દિવ્ય એવી પાકશાસ્ત્ર તથા રથવિદ્યામાં નિપુણ જમાઈની ખોળ કરવા માટે બીજા પ્રણિધિઓને મોકલ્યા, અને **ભીમ**રાયે તે પ્રણિધિઓને કહ્યું કે જ્યાં **નળ** રાજા છે એવી શંકા થાય ત્યાં તમારે નીચેની આર્યા બોલવી.

**आर्या.**

बालां वने प्रसुप्तां नृशंस संत्यज्य कुमुदिनीकांताम् ।
प्राप्यैवांबरखंडं चंद्राहश्यः क यातोऽसि ॥*

હે ક્રૂર ચંદ્ર! બાળા કુમુદિની કાંતાને વનમાં સુતી મૂકી અંબરના કટકાને મેળવીને ક્યાં અદસ્ય થઈ ગયો છે?

* આમાં આ ચંદ્રાન્યોક્તિથી નળપ્રતિ ઉપાલંભ છે. હે નળ! તું કુમુદિની જેવી મનોહર બાળક લલનાને વનમાં એકલી મૂકી એક વસ્ત્રનો કટકો લઈ ક્યાં અદૃશ્ય થઈ ગયો છે?

૧ ચંદ્રના અર્થમાં કુમુદિની પોતે સ્ત્રી—નળ પક્ષમાં કુમુદિની જેવી દમયંતી.

૨ ચંદ્રના અર્થમાં આકાશ અને નળ પક્ષમાં વસ્ત્ર. આવી પ્રાચીન રીતિ છે કે, જ્યારે વિયોગની સૂચના દેવી હોય છે ત્યારે વસ્ત્રચ્છેદ કરે છે. તેનો અર્થ એ કે, હવે મારે તારી સાથે સંબંધ નથી. કામશાસ્ત્રમાં પંડિતા પદ્મશ્રી કહે છે કે—

छिन्नवस्त्रं तु विच्छेदे सदशग्रन्थि संगमे ।

અર્થ—વિયોગમાં છિન્ન વસ્ત્ર મોકલવું અને સંગમના સંકેતમાં કોર છેડાવાળું વસ્ત્ર મોકલવું. વળી આપણી જે જ્ઞાતિમાં છૂટા છેડા—છેડો ફાડીને આપવો—વગરે રીતિ કરવાની ચાલ છે તે પણ આ જ અભિપ્રાયથી છે. વસ્ત્રના ફટાછેડા કરવા કે વસ્ત્ર ફાડી નાખવું, એટલે એમ કરીને સ્ત્રી અથવા પુરુષે એક બીજાને મૂકી દેવું.



હવે અહીંયાં વનમાં **નળ**રાજા સ્ત્રીનું અર્ધ વસ્ત્ર ધારણ કરી ત્યાંથી ચાલતો થયો. જતાં જતાં ઘણે દૂર ગયો, એવામાં એક સ્થળે દાવાનળને સળગતો દીઠો. તે દાવાનળમાંથી નીચે પ્રમાણે એક વાક્ય **નળ**ના સાંભળવામાં આવ્યુંઃ "અરે ઓ મહાઉદારચિત્ત! હું નિર્બળ, આ દાવાનળમાં બળી મરું નહીં તેમ મને આ અગ્નિની પાસેથી ખસેડ!" આવું કરુણાળ વચન સાંભળી, રાજા **નળ** જ્યાં નજર કરે છે તો ત્યાં દાવાનળની અત્યંત નજીકમાં એક ગુચ્છળું વળીને બેઠેલા સર્પને દીઠો. ભયાનક ખડ્ગ હાથમાં લઈ દાવાનળે તેનું મસ્તક પકડ્યું હોય તેવો, ફણાના મણિની કાંતિની છટાથી તે સર્પ શોભતો હતો. **નળ**રાય તે સર્પની વાણી સાંભળી તેની પાસે ગયો અને દયાથી તેને પોતાની ખાંધપર ઉંચકી, દૂર લઈ ગયો. પણ, **નિષધેશ** તેને મૂકવાની ઈચ્છા કરે છે ત્યારે તે સર્પે તેને કહ્યું; "તું મને અહીંથી બીજાં દશ પગલાં ગણીને આગળ લઈ જા." રાજા **નળ** ત્યાંથી આગળ ચાલ્યો ને પગલાં ગણવા માંડ્યાં કે—"એક, બે, ત્રણ, ચાર પાંચ, છ, સાત—હે સર્પરાજ! સાંભળ—આઠ, નવ, *દશ"—અને એ જ્યાં દશ એમ બોલે છે ત્યાં તે સર્પે વાક્છળથી તેની ખાંધપર રહીને જ, તેના કપાળપર દંશ કીધો. **નળ**રાયના હાથ ટુંકા થઈ ગયા ને શરીર કાળું થઈ ગયું. આ પ્રમાણે પોતાને કદરૂપો થઈ ગયો જોઈ, **નળે** તે સર્પને કાંધ ઉપરથી નીચે ઉતારીને પૂછ્યું; " તું કોણ છે? મેં તારા પ્રત્યે દયા બતાવી તેનો તેં આ શો બદલો આપ્યો?" **નળ**નું આવું વચન સાંભળી, તે સર્પે પ્રત્યુત્તર આપ્યું કે "હે **નળ**! હું **કર્કોટક** નામનો નાગનો રાજા છું. મેં તારા રુડા માટે દંશ કીધો છે, જેનું કારણ આ પ્રમાણે છે. મોટા પુરુષોને કાર્ય સિદ્ધ કરવા માટે ગુપ્ત રહેવું હોય ત્યારે કદ્રૂપાપણું કામ લાગે છે. આ 'અગ્નિશૌચ' નામનાં મારાં બે વસ્ત્ર તું લે. તું જ્યારે આ બે વસ્ત્ર ધારણ કરશે, ત્યારે તું તારા મૂળ સ્વરૂપને પામશે!" આ પ્રમાણે કહી, બે વસ્ત્ર આપી, કર્કોટ ત્યાંથી ચાલ્યો ગયો અને **નળ** તે વનમાંથી બહાર નિકળી, વખત જતાં **કૌશલ** દેશમાં જઈ ચઢ્યો.

**કૌશલાધિપતિ ઋતુપર્ણ**ને ઘેર હ્રસ્વબાહુ એવું નામ ધરી, પાકશાસ્ત્રોનું કામ કરવા **નળ**રાજા નોકરી રહ્યો. નળ, તે રાજગૃહમાં દિવ્ય રસવાળાં ભોજનો બનાવતો હતો તેથી અને રથની વિદ્યાથી પણ પ્રખ્યાત થયો. આ પ્રમાણે **નળ**, હ્રસ્વબાહુ એવું નામ ધારણ કરી, **કૌશલ** દેશમાં રહેતો હતો, એવામાં કોઈક વખતે **વિદર્ભ**રાજાના પ્રણિધિમાંનો એક, **કૌશલ** દેશમાં આવ્યો. તેના સાંભળવામાં આવ્યું કે, આ ગામમાં હ્રસ્વબાહુ નામનો એક નવો રસોઈઓ

* દશ એ શબ્દના બે અર્થ છે, એક તો સંખ્યા અને બીજો આજ્ઞાર્થરૂપે કરડ. दंश दशने એવો ધાતુ છે. તેના લોટના મધ્યમ પુરુષનું એક વચન दश થાય છે. હવે दशના બે અર્થમાં વક્તા નળ રાજાનો અભિપ્રેત અર્થ સંખ્યા હતો, પણ સર્પે તે વાક્નો દંશનો અર્થ લીધો અને તેને દંશ કર્યો. એ વાક્છળ—યુક્તિચ્છળ કહેવાય છે. न्यायदर्शनમાં अ. १ आह्निकर सू. ५३ अविशेषाभिहितार्थे वक्तुरभिप्राया-दर्थान्तरकल्पना वाक्छलम् । અર્થ—વિશેષ અર્થને નહીં કહે તેવા પદનો અર્થ, વક્તાના અભિપ્રાયથી બીજો કરવો, એ વાક્છળ કહેવાય છે.' અહીં દશ પદનો અર્થ સંખ્યા જ થતો નથી, તેથી વક્તાના અભિપ્રાયથી બીજો દશવાનો અર્થ લઈ તેને દંશ કર્યો તે છલથી કહેવાય છે. છલ પ્રયોગથી એટલી રાજાને હાનિ છે, માટે સામાન્ય પદ પ્રયોગ ન કરતાં વિશેષ અર્થાભિધાયી પદ પ્રયોગ કરવાથી છલ થઈ શકે નહીં.

આવ્યો છે. તે નળની માફક દ્યૂતવિદ્યામાં, પાકશાસ્ત્રમાં અને અશ્વવિદ્યામાં કુશળ છે. તે પ્રણિધિએ અનુમાન કીધું કે બેશક તે નળ જ હશે, તેથી તે પ્રણિધિ, રાજાસભામાં જ્યાં નળ બેઠો હતો ત્યાં યુક્તિથી ગયો અને પોતાના સ્વામી ભીમરાજાએ કહેલી આર્યા બોલ્યોઃ—

## आर्या.

बालां वने प्रसुप्तां नृशंस संत्यज्य कुमुदिनीकांताम् ।
प्राप्यैवांबरखंडं चंद्राहश्यः क्व यातोऽसि ॥

"હે ક્રૂર ચન્દ્ર! બાળા કુમુદિની કાંતાને વનમાં સૂતી મૂકી, અમ્બરના કટકાને મેળવીને તું ક્યાં અદૃશ્ય થઈ ગયો છે ?

ઋતુપર્ણની સભામાં વિરાજમાન થયેલા લોકોએ જ્યારે આ પ્રમાણે તે પ્રણિધિનું બોલવું સાંભળ્યું, ત્યારે ધાર્યું કે, આ કોઈ ઉન્મત્ત પુરુષ છે! પણ નળરાય, જે રસોઇઆના પોશાકમાં ગુપ્ત રીતે રહ્યો હતો તે, તેનો મર્મ યથાર્થ સમજી ગયો, અને તેનું પ્રતિઉત્તર આપ્યું કે–

## आर्या.

क्षीणोंबरैकदेशं चंद्रः प्राप्यान्यमंडलं प्रविशन् ।
कुमुदिन्या यदृदृश्यो जातस्तत्का नृशंसता तस्य ॥

"ચન્દ્ર જ્યારે ક્ષીણ થયો, અને બીજાના મણ્ડળમાં પ્રવેશ કરવા લાગ્યો, ત્યારે તે અમ્બરના* એક દેશનો આશ્રય કરી, કુમુદિનીથી અદૃશ્ય થઈ ગયો તેમાં તે ચન્દ્રની ક્રૂરતા શી?†

ભીમરાજાના પ્રણિધિએ નળે આપેલો પ્રત્યુત્તર સાંભળી અનુમાન કીધું કે, બેશક આ રસોઇયાના નૂતનવેશમાં નળરાય જ છે અને એ કોઈ કર્મભાગ્યથી આવી વિરૂપતા પામ્યો છે. આમ વિચાર કરીને તે પ્રણિધિ ત્યાંથી વિદર્ભ દેશમાં ગયો અને રાજા ભીમને, તેની રાણીને અને રાજકુમારી દમયંતીને, જે પ્રમાણે પોતે જોયું હતું તે, તથા સાંભળ્યું હતું તે, સર્વ વિસ્તારથી કહી સંભાળાવ્યું. પછી દમયંતીએ પોતે પોતાના પિતાને જણાવ્યું કે, "પિતાજી! બેશક એ જ મારા પ્રાણપતિ છે, એમાં જરા પણ સંદેહ નથી. તે રસોઈઆના વેશમાં ગુપ્ત રહ્યા છે, માટે એ નળને અહીં તેડાવવામાં, મારા મત પ્રમાણે કંઈ પ્રપંચ રમો અને તે હું તમને બતાવું છું. રાજા ઋતુપર્ણ તરફ એક દૂત મોકલાવી, તે દૂતદ્વારા રાજાને આ પ્રમાણે કહાવો કે, 'મહારાજ ! નળરાય ક્યાંઈ નાશી ગયા છે, મને તેના સમાચાર કંઈપણ મળ્યા નથી, માટે ભીમરાય કાલે પ્રભાતના પુનઃ

* વસ્ત્ર ને આકાશ. † ભાવાર્થ–ચન્દ્ર જ્યારે ક્ષીણ થઈ જાય અને બીજાના મંડળમાં–સૂર્યમંડળમાં જવાને તૈયાર થાય, ત્યારે તે આકાશના એકદેશનો આશ્રય કરી, કુમુદિનીનો ત્યાગ કરે છે ત્યો[illegible] તેનો કશો વાંક નથી. તેમ હું જ્યારે રાજ્યપાટ ઉપરથી ભ્રષ્ટ થઈ ગયો અને જ્યારે એક વસ્ત્રભેર [illegible] રે મેં મારી વલ્લભાનો ત્યાગ કર્યો છે, તેમાં મારી નિર્દયતા શી?



દમયંતીનો સ્વયંવર કરે છે, માટે આજે વિદર્ભ નગરીમાં આપ પધારો!' [illegible] સાંભળી, ઋતુપર્ણ રાજા, મારી વાર્તા જેના સાંભળવામાં આવી છે અને જે રથશા[illegible] આર્યપુત્ર નળની સાથે, એક રાત્રીમાં અહીં બેશક આવશે!" આ પ્રમાણે દમયંતીએ પિતા[illegible] સંકેત કરી, તેજ પ્રમાણે યથેષ્ટ દૂતને કહી, કૌશલ દેશમાં વિદાય કર્યો. તે દૂત ત્યાંથી કૌશલ દેશના રાજા ઋતુપર્ણની પાસે ગયો. તેને ભીમરાયે જેમ સમાચાર કહ્યા હતા તેમજ બરાબર કહ્યું; ઋતુપર્ણ તે સાંભળી ઘણો પ્રસન્ન થયો, અને પાસે બેઠેલા રસોઇઆના રૂપમાં રહેલા નળને પ્રણયથી કહ્યું, "હે હ્રસ્વબાહુ ! તમે કહેતા હતા કે મને રથ હાંકવાનું જ્ઞાન છે; તો જો તમારી શક્તિ હોય તો મને આજ જ વિદર્ભ દેશમાં પહોંચાડો!" તે સાંભળી તરત નળ બોલ્યો; "બહુ સારું, હું હમણાં તમને પહોંચાડી દઉં છું!" આમ કહીને, સભામાંથી નિકળી, ઉત્તમ ઘોડાને ઉત્તમ રથમાં જોડી, તૈયાર થયો. પછી નળરાય, મનમાં વિચાર કરવા લાગ્યો કે; "મને જણાય છે કે દમયંતીએ મને મેળવવા માટે સ્વયંવરની આ ગપ ઉડાડી જણાય છે; બાકી બીજી રીતે તો તે સ્વપ્નમાં પણ પુનર્લગ્નનો વિચાર કરે જ નહીં. ઠીક છે, હાલ તો હું રાજા સાથે જાઉં અને જોઉં તો ખરો કે શું બને છે." આવો વિચાર કરી, તૈયાર કરેલો રથ, રાજા ઋતુપર્ણ પાસે લઈ નળ આવ્યો. રાજા ઋતુપર્ણ રથમાં બેઠો, અને નળ રથની ધરી ઉપર રાસ પરોણો ગ્રહી બેઠો. ગરુડના વેગને હઠાવે તેવો વેગ કરીને ઘોડા હાંકવા લાગ્યો. રથના વેગથી માર્ગમાં ઋતુપર્ણ રાજાનું વસ્ત્ર પડી ગયું. તે લેવા માટે ઋતુપર્ણે નળને માર્ગમાં રથ ઉભો રાખવા માટે કહ્યું. ત્યારે નળ બોલ્યો, "હે ઋતુપર્ણરાજ! તમારું તે વસ્ત્ર કોણ જાણે ક્યાં પડ્યું હશે; કેમકે આ એક ક્ષણમાં જ આપણો રથ ઘણા યોજન દૂર નિકળી ગયો છે." તે સાંભળી ઋતુપર્ણ બોલ્યો; "ઠીક, તે પડ્યું રહેવા દે. પણ તું મને તારું રથશાસ્ત્ર ભણાવ અને હું મારી દ્યૂતવિદ્યા તને શિખવું. એ દ્યૂતવિદ્યા ભણવાથી પાશાઓ આધીન રહે છે ને ગણિત શાસ્ત્રનું જ્ઞાન થાય છે. હવણાં જ હું તે વિદ્યાની તને ખાતરી કરી આપું છું તે જો. આપણી આગળ આ જે વૃક્ષ દેખાય છે તેનાં પાંદડાં અને ફળની ગણતરી કરી હું તને હવણાં ને હવણાં જ તેની સંખ્યા કહું છું તે તું તપાસી જો." આમ કહી ઋતુપર્ણે વૃક્ષનાં પાંદડાં તથા ફળ જેટલાં હતાં તેટલાં જ ગણીને, નળને કહ્યું કે નળે તે ગણી જોયાં તો યથાર્થ નિવડ્યાં. પછી નળે, ઋતુપર્ણને રથ ખેડણ વિદ્યા ભણાવી અને ઋતુપર્ણે નળને દ્યૂત ને ગણિતવિદ્યા ભણાવી.

પછી નળે, આગળ જઈ બીજા વૃક્ષ ઉપર તે વિદ્યાની અજમાયસ કરી; વૃક્ષનાં પાત્રાં વગેરેની બરાબર સંખ્યા મળી રહી. આથી તે પૂર્ણાનંદમાં રમતો હતો, એવામાં તેના શરીરમાંથી એક શ્યામ રંગનો પુરુષ બહાર નિકળ્યો. નળે તેને આશ્ચર્ય થતાં પૂછ્યુંઃ "અલ્યા! તું કોણ છે ?" તે શ્યામ બોલ્યો, "હું કલિ છું. તું દમયંતી રાણી સાથે પરણ્યો હતો તેની ઇર્ષ્યાથી હું તારા શરીરમાં પેઠો હતો, ને તે જ કારણથી, જુગારમાં તારી લક્ષ્મીનો નાશ થયો છે. જ્યારે વનમાં કર્કોટક તને કરડ્યો, ત્યારે તું બળી ગયો નહતો; પણ દૃષ્ટિ કરઃ હું તારા શરીરમાં રહ્યો હતો તે બળી ગયો છું. કોઈ મનુષ્યનું સુખ મિથ્યા કરનારનું કોણ ભલું કરે છે? હે મિત્ર! હું જાઉં છું; કારણ કે મને બીજામાં પ્રવેશ કરવાનો અવકાશ નથી!' આટલું કહી તે જ વખતે કલિ

...ને રાજા નળની ધર્મ ઉપર પુનઃ આસ્થા થઈ અને તે પ્રથમના જેવો ... પછી તેણે રથ પાસે આવી રથારૂઢ થઈ, તે જ દિવસે એકદમ રાજા ઋતુપર્ણને ...દર્ભ દેશમાં પહોંચાડી દીધો, બંને શહેરમાં દાખલ થયા અને રાજમહેલની નજીકમાં ઉતર્યા. દરબારી માણસોએ તેમના આગમનનું કારણ પૂછ્યું, ત્યારે ઋતુપર્ણે સ્વયંવરનું કારણ જણાવ્યું, આ સાંભળી માણસો તેની મશ્કરી કરવા મંડી પડ્યા.

જ્યારે દમયંતીએ રથનો આશ્ચર્યજનક ધ્વનિ સાંભળ્યો, ત્યારે તે મનમાં સમજી ગઈ કે બેશક નળ જ આવ્યો છે. તે મનમાં રાજી થઈ અને નળના આગમનની સંભાવના કરવા લાગી. તરત દમયંતીએ સત્ય વાર્તા જાણવા માટે પોતાની ચેટીને તપાસ કરવા મોકલી. ચેટી સત્યવાર્તા મેળવી પાછી આવી. તેણે પ્રિય સમાગમ કરવામાં ઉત્કંઠિત દમયંતીને કહ્યું: "બહેન બા સાહેબ! મેં જઈને સત્યવાર્તા શોધી કાઢી છે. કૌશલ દેશનો રાજા તમારા સ્વયંવરની મિથ્યા વાર્તા સાંભળી અહીં આવ્યો છે. તેનો હ્રસ્વબાહુ નામનો રસોઇઓ સારથિ થઈ, તે રાજાને અહીં, એક દિવસમાં જ લઈ આવ્યો છે, એવો તે રથખેડણ વિદ્યામાં કુશળ છે. હું તે રસોઇઆને જોવા માટે રાજાના રસોડામાં ગઈ હતી. ત્યાં મેં તેને જોયો. તે કાળા રંગનો અને કદ્રૂપો છે, પરંતુ તેનો પ્રતાપ અનુપમ છે. તેણે ચોખામાં પાણી નાખ્યું નહતું, તોપણ તેમાં પાણી પોતાની મેળે ઉત્પન્ન થયું; કાષ્ઠમાં અગ્નિ મૂક્યો ન હતો, તોપણ તે પોતાની મેળે બળવા લાગ્યાં; અને એક ક્ષણમાં જૂદાં જૂદાં દિવ્ય ભોજનો તૈયાર થઈ ગયાં. આ મોટું આશ્ચર્ય જોઈ હું, આપની પાસે અહીં દોડતી આવી છું." દમયંતી ચેટીના મુખથી એ સર્વ હકીકત સાંભળી વિચાર કરવા લાગી કે, "એ રસોઇયાને વરુણ તથા અગ્નિ અધીન છે, તે રથવિદ્યાનું રહસ્ય જાણે છે; બેશક તે મારા આર્યપુત્ર જ હશે! પરંતુ અફસોસ! મારા વિરહને લીધે કદ્રૂપ થઈ ગયા હશે આમ મને જણાય છે. પણ ફીકર નહિ મારા વિરહથી પીડાતા તે મારા પ્રાણસખા છે કે બીજા કોઈ છે, તેની મારે પરીક્ષા કરવી જોઇએ." આમ મનમાં દૃઢ ઠરાવ કરી, પોતાની દાસીની સાથે, પોતાનાં બે બાળકોને તે રસોઇઆને બતાવવા માટે મોકલ્યાં. રાજા નળ પોતાનાં બે બાળકને ઓળખી, તેને પોતાના ખોળામાં બેસારી, ઘણીવાર સુધી અવિચ્છિન્ન અશ્રુધારા પાડતો રડવા લાગ્યો. ચેટીએ તેનું કારણ પૂછતાં તે બોલ્યો; "આવાં જ મારાં બે બાળકો પોતાના વડવાને ઘેર જઈને રહ્યાં છે, તે યાદ આવવાથી મને દુઃખ ઉપજ્યું છે!" પછી તે ચેટી બન્ને છોકરાંને લઈ દમયંતી પાસે આવી, સર્વ વૃત્તાંત દમયંતીને કહી સંભળાવ્યું, ત્યારે તો બા સાહેબ દમયંતીના મનમાં નળની પૂર્ણ આશા ઉત્પન્ન થઈ.

બીજે દિવસે દમયંતીએ પ્રભાતમાં પોતાની દૂતીને આજ્ઞા કરી કે; "અલિ ચેટી! તું ઋતુપર્ણના રસોઇઆ પાસે જા ને મારા કહેવાથી તેને જણાવ કે, "અમારી બહેન બા સાહેબ કહે છે કે, મેં તમારા જેવો કોઈ બીજો રસોઇયો જાણ્યો નથી, માટે આજ તમારે અમારે ઘેર રાંધવા પધારવું." તે ચેટી, "ઠીક છે" એમ કહી, તે જ વખતે નળની પાસે જઈ આ નમ્ર વિનતિ કહી સંભળાવી. તુરત હ્રસ્વબાહુ રસોઇઓ—નળ, ઋતુપર્ણની રજા લઈ દમયંતીની



પાસે ગયો. ત્યારે દમયંતી બોલી; "મને સત્ય કહો, શું તમે રસોઇયાના રૂપમાં રહેલા નળરાય નથી? હું ચિંતાસાગરમાં ડૂબેલી છું, તેને તમે સુખકર વચન કહી કિનારાપર આણો," કદ્રૂપો નળ તે વચન સાંભળી સ્નેહમાં, હર્ષમાં, દુઃખમાં, તથા લજ્જામાં લીન થઇ ગયો અને તે (એક બીજાને મળતાં) નાચું મુખ કરી ગદ્ગદિત કંઠે, નેત્રમાં અશ્રુ આણતો, સમયોચિત આ પ્રમાણે બોલ્યો:— 'ખરેખર, વજ્ર જેવો કઠિન અને પાપી નળ તે હું જ છું! મૂર્ખતાથી તને દુઃખ આપવામાં અગ્નિ સમાન થનાર નળ તે હું જ છું!" આ પ્રમાણે દમયંતીના પૂછવાથી નળ બોલ્યો, ત્યારે દમયંતીએ પૂછ્યું: "તમે જો નળ છો તો આવા વિરૂપ કેમ થયા?" પછી નળરાયે, કર્કોટકની મિત્રતાથી તે શરીરમાંથી કલિ નિકળ્યો ત્યાં સુધીનું પોતાનું સર્વ ચરિત્ર દમયંતીને વિસ્તારથી કહી સંભળાવ્યું અને તે જ વખતે કર્કોટક નાગે 'અગ્નિશૌચ' નામનાં જે બે વસ્ત્ર આપ્યાં હતાં તે પરિધાન કરી પોતાનું મૂળ સ્વરૂપ ધરી ઉભો રહ્યો. પુનઃ પોતાનું મનોહર રૂપ જેને મળ્યું છે એવા નળ રાજાને જોઈ રાણી દમયંતીનું મુખકમળ પ્રફુલ્લિત થઈ ગયું; અને નેત્રાશ્રુવડે જાણે દુઃખરૂપ દાવાનળમાંથી મુક્ત થઈ, શાંત થઈ ગઈ હોય તેમ અવર્ણ્ય અને અનુપમ હર્ષને પામી. એવામાં વિદર્ભ દેશનો રાજા પણ, એકાએક આનંદમાં આવેલા પુત્રીના પરિજન પાસેથી, નળ આવ્યાના સમાચાર જાણી, ત્યાં પધાર્યા, અને નળને માન આપી તેની યોગ્યતા પ્રમાણે પૂજા કરી, પોતાના નગરને મહોત્સવમય કરી મૂક્યું. અંતઃકરણમાં, હર્ષમય રાજા ભીમે, ઋતુપર્ણનો આદરસત્કાર વગેરે કર્યો, પણ તેના હૃદયમાં હસવું સમાતું નહોતું. પછી રાજા ઋતુપર્ણ નળને માન આપી, કૌશલ દેશમાં પાછો આવ્યો. નિષધનાથ નળરાજાએ કલિના દુરાત્મપણાથી પોતાને જે દુઃખ પડ્યું તે સર્વ સસરાની આગળ જણાવ્યું અને પોતાની પ્રાણવલ્લભા સાથે સુખમાં રહેવા લાગ્યો. થોડા દિવસ ગયા પછી ધર્માત્મા નળ પોતાના સસરાનું સૈન્ય સાથે લઈ નિષધદેશમાં આવ્યો, અને ત્યાં પુષ્કરને, દ્યૂત વિદ્યામાં પરાજય પમાડ્યો. પુષ્કર પોતે સત્યવાદી હતો, તેથી તેના શરીરમાંથી દ્વાપર નિકળી ગયો હતો. તે નમ્ર બન્યો હતો. તેણે રાજ્યના ખરા હક્દાર નળને તેનો ભાગ પાછો આપ્યો અને રાજા નળ, દમયંતીને પુનઃ મેળવી સુખમાં રહી ધર્મરાજ્ય કરવા લાગ્યો.

આ પ્રમાણે સુમન બ્રાહ્મણે તારાપુર નગરમાં કથા કહી, ફરીથી પ્રોષિતભર્તૃકા રાજકન્યા બંધુમતીને કહ્યું; "રાણિજી! જેમ સૂર્ય વગેરે અસ્તનો અનુભવ કરી ઉદયને પામે છે, તેમ મોટા પુરુષો પણ દુઃખ (અસ્ત થઈ) અને સુખ ભોગવે (ઉદય પામે છે). માટે હે નિર્દોષા! તમે પણ થોડા વખતમાં પરદેશ ગયલા તમારા પ્રાણવલ્લભને મળશો. ધીરજ રાખો, ખેદ દૂર કરો અને પતિની કામના પૂર્ણ કરવા માટે ઉત્સાહ ધરો." જ્યારે આ પ્રમાણે તે બ્રાહ્મણે ઘણી યુક્તિવાળાં વાક્યો કહ્યાં, ત્યારે બંધુમતીએ તે સદ્ગુણી બ્રાહ્મણનો પુષ્કળ દ્રવ્ય આપી સત્કાર કર્યો, અને ધૈર્ય ધારી પોતાના પ્રાણનાથની વાટ જોતી, પિતાને ઘેર રહી. એવામાં થોડા દિવસ પછી મહીપાળ, દેશાંતરમાં રહેલી પોતાની માતાને લઈ, પિતા સહિત, સસરાના તારાપુર નગરમાં દાખલ થયો, ત્યારે પૂર્ણિમાનો ચન્દ્રમા જેમ મનુષ્યનાં નેત્રને ઠંડક કરેછે અને સમુદ્રની જળદેવીને પ્રસન્ન કરે છે, તેમ મનુષ્યનાં

નેત્રને ઠંડક આપી અને બંધુમતીને આનંદ પમાડી, માતાપિતા તથા બંધુમતીની સાથે ત્યાં રહ્યો; અને જેને રાજાએ પ્રથમથી રાજ્યની લગામ સોંપી હતી એવો મહીપાળ, રાજા બનીને, ઇચ્છાપૂર્વક વૈભવ ભોગવવા લાગ્યો.”

આ પ્રમાણે પોતાના મંત્રી મરુભૂતિના મુખમાંથી અનુપમ પ્રેમ બતાવનારી હોવાથી મનોરંજક અને આશ્ચર્યજનક કથા સાંભળી, વત્સરાજ કુમાર નરવાહનદત્ત પોતાની રાણી સહિત અત્યંત પ્રસન્ન થયો.

ઇતિ શ્રીમહાકવિ શ્રી સોમદેવભટ્ટ વિરચિત
કથાસરિત્સાગરમાં છઠ્ઠો તરંગ સંપૂર્ણ.

---

અલંકારવતી નામને ૯ મો લંબક સમાપ્ત.

---

ઇતિ પ્રથમ ભાગ સંપૂર્ણ.

NOT TO BE ISSUED
SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.
NOT TO BE ISSUED
SHML
G2592
ग.2592
NOT TO BE ISSUED
7PK
1936
S25
S6K2-1.2
G 2592